**જંબૂદ્વીપની** ઊંડાઈ એક હજાર યોજન તથા ઊંચાઈ નવાણુ હજાર યોજનથી કંઈક અધિક છે. આ પ્રકારે કુલ પરિમાણ એક લાખ યોજનથી કંઈક અધિક બતાવવામાં આવ્યું છે. એવું પ્રતીત થાય છે કે જાણે કે ઊંડાઈનો સંબંધ ભૂગોળ સાથે હોય અને ઊંચાઈનો સંબંધ જ્યોતિષ કે ખગોલ સાથે સ્થાપિત કરવામાં આવ્યો હોય જો **ભૂગોલ** સંબંધી નાપ માટે ૧ યોજન (બરાબર) ૪ કોશ ગણવામાં આવે અને ૧ કોશ ને બે માઈલ ગણવામાં આવે તો ઊંડાઈ ૮૦૦૦ માઈલ પ્રાપ્ત થાય છે જે આજના પૃથ્વીના **આનુમાનિક** રૂપનો વ્યાસ (હોવાનું) પ્રતીત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિલોયપણ્ણત્તિ, ભાગ-૧, મહા.૪. સૂ. ૧૭૮૧ પૃ. ૩૭૫ પર મંદર મહાપર્વતને એક હજાર યોજન ઊંડો, નવાણું હજાર યોજન ઊંચો બતાવવામાં આવ્યો છે. જ્યોતિષ તેમજ ખગોલથી મેરૂ પર્વતનો સંબંધ ગ્રહગમનાદિ સાથે જ છે. પણ જ્યોતિષ તેમજ ખગોલ સંબંધી પ્રમાણ આપી હજી પણ પ્રાચીન વિધિને રહસ્યમય રાખવામાં આવી છે. પુનઃ તિ.પ. તેજ, સૂત્ર ૬, પૃ. ૧૪૩ પર ત્રસનાલીના બહુમધ્ય ભાગમાં ચિત્રા પૃથ્વીના ઉપરના ભાગમાં ૪૫૦૦૦૦૦ યોજન વિસ્તારવાળો અતિગોળ મનુષ્યલોક છે. જેનું બાહલ્ય ૧૦૦૦૦૦ યોજન અને પરિધિ ૧૪૨૩૦૨૪૯ યોજન દર્શાવવામાં આવી છે. આ બધા માપોનો ઉપયોગં થતો રહ્યો હશે.

સૂત્ર ૨૭૧, પૃ. ૧૪૪

કથન, કથંચિત્ શાશ્વત અને કથંચિત્ અશાશ્વત એ જંબૂદ્વીપ છે. જે **સ્યાદ્વાદ** પ્રણાલી પર આધારિત છે અન્ય શબ્દોમાં (કહીએ તો) એ સાપેક્ષ કથન છે. **પર્યાયદૃષ્ટિથી** અશાશ્વત અને **દ્રવ્યદૃષ્ટિથી** શાશ્વત છે.

સૂત્ર ૩૧૮, પૃ. ૧૭૪-૧૭૫

અહીં ૧૦૮ અથવા એકસો આઠમી સંખ્યાવાળા અનેક ચિન્હોનું વિવરણ છે.

કુલ ૧૦૮૦ ધ્વજાઓનું પ્રમાણ બતાવવામાં આવ્યું છે. (એ) **દાશમિક સંકેતના**માં વર્ણિત છે.

સૂત્ર ૩૧૯, પૃ. ૧૭૫

અહીં **યાવત્** શબ્દનો ઉપયોગ છે જે ગણિતમાં પ્રયુક્ત હોય છે.

સૂત્ર ૩૧૯, પૃ. ૧૭૫

અહીં ગણિતીય શબ્દ **બહુમધ્યદેશ ભાગ** છે.

સૂત્ર ૩૧૯, પૃ. ૧૭૫

અહીં ચાર હજારમાં **દાશમિક સંકેતના**નો ઉપયોગ થયો છે.

સૂત્ર ૩૧૯, પૃ. ૧૭૫

આ બધામાં દાશમિક સંકેતનાનો ઉપયોગ થયો છે. જયાં આઠ હજાર, દશ હજાર, બાર હજારનો ઉપયોગ થયો છે.

સૂત્ર ૩૨૨, પૃ. ૧૭૭

અહીં આયામ વિષ્કંભ ૧૨૦૦૦ યોજન લેવામાં આવ્યો છે. **પરિક્ષેપ** ૩૭૯૪૮ યોજનથી કંઈક અધિક છે. સ્પષ્ટ છે કે - ૧૨૦૦૦ × $\sqrt{૧૦}$ અથવા ૧૨૦૦૦ × ૩.૧૬૨૨૭ અથવા ૩૭૯૪૭૨૪થી કંઈક વધુ બતાવવામાં આવ્યો છે.

સૂત્ર ૩૨૩, પૃ. ૧૭૭

પ્રાકાર કોટનું આયામ સહિત મૂળ, મધ્ય તેમજ ઉપરના ભાગનું વર્ણન કરવામાં આવ્યું છે. જે ભૂમિતેય રૂપમાં છે. જે ગોપુચ્છાકારે છે. અહીં યોજન, કોસ ઘટકનો ઉપયોગ થયો છે. આ પ્રકારે આગળના ૩૨૪ લઈને ૩૨૫, ૩૨૬, ૩૨૭ સૂત્ર સુધી એ ઘટકનો ઉપયોગ થયો છે. વળી આ પ્રકારે આગળના સૂત્ર ૩૩૧, ૩૩૨ વગેરેની ગાથાઓમાં એનો ઉપયોગ થયો છે. એના દ્વારા વિભિન્ન આકારવાળી વસ્તુઓના **આયામાદિનું** પ્રમાણ આપવામાં આવ્યું છે.

સૂત્ર ૩૪૦, પૃ. ૧૯૨-૧૯૩

સિદ્ધાયતનની લંબાઈ ૧૨$\frac{૧}{૨}$, **યોજન**, પહોળાઈ ૬$\frac{૧}{૪}$ **યોજન** અને ઊંચાઈ ૯ યોજન આપવામાં આવી છે. એ ઘનાયતન આકારનો છે.

સૂત્ર ૩૫૨, પૃ. ૧૯૫

એ સૂત્રમાં **યાવત્** શબ્દનો ઉપયોગ થયો છે તથા **દાશમિક સંકેતનામાં** એક સો આઠનો અનેક વાર ઉપયોગ થયો છે.

સૂત્ર ૩૬૩, પૃ. ૨૦૦-૨૦૧

એમાં એક હજાર આઠ, એક સો આઠ, વૈક્રિય સમુદ્ઘાત **યાવત્નો** ગણિતીય ઉપયોગ થયો છે.

સૂત્ર ૩૭૩, પૃ. ૨૨૧

આ સૂત્રમાં પર્યાપ્ત તેમજ અપર્યાપ્ત મનુષ્યોના સ્થાન મનુષ્યક્ષેત્રમાં પીસ્તાલીસ લાખ **યોજન** અઢાઈ દ્વીપમાં, પંદર કર્મભૂમિઓમાં, ત્રીસ અકર્મભૂમિઓમાં અને છપ્પન અંતર્દ્વીપોમાં બતાવવામાં આવ્યા છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે લોકના **અસંખ્યાતમા ભાગનો** ઉલ્લેખ છે. સંપૂર્ણ લોકમાં **સમુદ્ઘાતનો** પણ ઉલ્લેખ છે.
સૂત્ર ૩૮૫, પૃ. ૨૨૬

જંબૂદ્વીપના એકસો નેવું ભાગ કર્યા પછી ભરતક્ષેત્રનો વિષ્કંભ ૫૨૬ $\frac{૬}{૧૯}$ **યોજન** થાય છે. આ વિષ્કંભ ૧૦૦૦૦૦ યોજનનો ૧૯૦ વડે ભાગવોથી એ પ્રાપ્ત થઈ જાય છે.
સૂત્ર ૩૮૮, પૃ. ૨૨૭

આ સૂત્રમાં **પલ્યોપમ** સ્થિતિનો ઉલ્લેખ છે. કાળની સમય રાશિ **ઉપમામાનમાં પલ્યોપમના** નામથી પ્રસિદ્ધ છે. એનું પ્રમાણ જ્ઞાત કરવા માટે જુઓ. તિ.પ.ગ.પૃ.૨૧-૨૨ જૈ.લ.પૃ.૬૯૬ વિ.પ્ર. પૃ.૧૨૧ આદિ જૈ.સિ.કો. ભાગ ૩ પૃ.૫૦, ભાગ ૨ પૃ. ૨૧૮. ગો.સા.જી. ભાગ ૧, પૃ. ૨૩૦
સૂત્ર ૩૯૧, પૃ. ૨૨૮

**જીવાની** લંબાઈ ૯૭૪૮ $\frac{૧૨}{૧૯}$ યોજન તથા **ધનુપીઠિકા** ૯૭૬૬ $\frac{૧}{૧૯}$ **યોજનથી** કંઈક વિશેષ અધિક પરિધિવાળી કહેવામાં આવી છે. જુઓ. તિ.પ. ભાગ ૧ પૃ. ૧૬૩. જો સૂત્ર ૩૯૧, પૃ. ૨૨૭ની અનુસાર પહોળાઈ ૨૩૮ $\frac{૩}{૧૯}$ યોજન ગણવાથી અથવા બાણનું માન એ લેવાથી **ધનુષ્યનું** પ્રમાણ નીચે લખેલા સૂત્રથી નીકળે છે.

બાણથી યુક્ત વ્યાસના વર્ગમાંથી વ્યાસના વર્ગને બાદ કરી શેષને (બાકીનાને) બેગણા કરતા જે પ્રાપ્ત થાય છે તે ધનુષનો વર્ગ હોય છે અને એનું વર્ગમૂળ **ધનુષનું** પ્રમાણ હોય છે, જેમકે -

બાણ = ૨૩૮ $\frac{૩}{૧૯}$ યોજન, વ્યાસ = ૧૦૦૦૦૦ યોજન અતઃ ધનુષ =

$$= \sqrt{૨ \left(૧૦૦૦૦૦ + ૨૩૮ \frac{૩}{૧૯}\right)^૨ - (૧૦૦૦૦૦)^૨} = ૯૭૬૬ \frac{૩}{૧૯} \text{ યોજન}$$

**નોંધ** - પ્રકૃત **ગણિતાનુયોગ**માં એનું માન કંઈક વિશેષ અધિક કહેવામાં આવ્યું છે.

બાણ ૨૩૮ $\frac{૩}{૧૯}$ = (૫૨૬ $\frac{૬}{૧૯}$ - ૫૦) ÷ ૨ યોજન થાય છે.

આ પ્રમાણે જીવા કાઢવાનું સૂત્ર છે-

બાણથી રહિત અર્ધવિસ્તારનો વર્ગ કરીને અને વિસ્તારના અર્ધભાગના વર્ગમાંથી ઓછા (બાદ) કરવાથી (જે) અવશિષ્ટ- બાકી રહેલ રાશિ-રકમને ચારથી ગુણવાથી જે રાશિ (મળે) એનું વર્ગમૂળ કાઢવાથી જીવાનું પ્રમાણ પ્રાપ્ત થાય છે-

જેમકે - વિષ્કંભ ૧૦૦૦૦૦ યોજન,

બાણ ૨૩૮ $\frac{૩}{૧૯} = \frac{૪૫૨૫}{૧૯}$ યોજન,

$$\therefore \text{ જીવા } = \sqrt{૪ \left\{\left(\frac{૧૦૦૦૦૦}{૨}\right)^૨ - \left(\frac{૧૦૦૦૦૦}{૨} - \frac{૪૫૨૫}{૧૯}\right)^૨\right\}}$$

= ૯૭૪૮ $\frac{૧૨}{૧૯}$ યોજન દક્ષિણાર્ધ (દક્ષિણ વિજયાર્ધ)ની જીવા પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે જો જીવા આપવામાં આવી હોય તો બાણ પ્રાપ્ત કરવાના પ્રયોજનને જીવાના વર્ગના ચોથા ભાગને અર્ધ વિસ્તારના વર્ગમાંથી બાદ કરીને (જે) શેષ વધે તેનું વર્ગમૂળ કાઢ્યા પછી જે પ્રાપ્ત થાય એને વિસ્તારના અર્ધભાગમાંથી ઓછા કરી નાંખવાથી (જે) શેષ (વધે) તે **બાણનું પ્રમાણ** પ્રાપ્ત થાય છે.

જેમકે-જીવા = ૯૭૪૮-$\frac{૧૨}{૧૯}$ યોજન = $\frac{૧૮૫૨૨૪}{૧૯}$ યોજન,


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસ્તાર ૧૦૦૦૦૦ યોજન,

$$\therefore \text{ બાણ } = \frac{૧૦૦૦૦૦}{૨}$$

$$- \sqrt{\left(\frac{૧૦૦૦૦૦}{૨}\right)^{૨} - \left\{\left(\frac{૧૮૫૨૨૪}{૧૯}\right)^{૨} \times \frac{૧}{૪}\right\}}$$

$$= ૨૩૮\frac{૩}{૧૯} \text{ યોજન,}$$

જુઓ તિ.પ. ભાગ ૧ મહા. ૪, ગાથા ૧૮૦-૧૮૨

સૂત્ર ૩૯૫, પૃ. ૨૨૯

અહીં પ્રમાણ ૧૮૯૨ $\frac{૭}{૧૯} + \frac{૧}{૨}$ યોજન અર્થાત્ ૧૮૯૨$\frac{૩૩}{૩૮}$ યોજન છે.

તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૪માં આ પ્રમાણ ૧૮૯૨$\frac{૧૫}{૩૮}$ આપવામાં આવ્યું છે.

સૂત્ર ૩૯૫, પૃ. ૨૨૯

અહીં પ્રમાણ ૧૪૪૭૧$\frac{૬}{૧૯}$ યોજનથી કંઈક ઓછું બતાવવામાં આવ્યું છે.

તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૧માં આ પ્રમાણ ૧૪૪૭૧$\frac{૫}{૧૯}$ બતાવવામાં આવ્યું છે.

સૂત્ર ૩૯૫, પૃ. ૨૨૯

અહીં પ્રમાણ ૧૪૫૨૮$\frac{૧૧}{૧૯}$ યોજન બતાવવામાં આવ્યું છે.

તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૨માં પણ એજ પ્રમાણ બતાવવામાં આવ્યું છે.

સૂત્ર ૪૦૦, પૃ. ૨૩૦-૨૩૧

અહીં પ્રમાણ ૩૩૬૮૪ $\frac{૪}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે.

તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૭૫માં પણ એજ માન (પ્રમાણે) આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૦૦, પૃ. ૨૩૧

અહીં પ્રમાણ ૩૩૭૬૭$\frac{૭}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે.

તિ.પ. ભાગ ૧/૪ માં એનું પ્રમાણ આપવામાં આવ્યું નથી.

સૂત્ર ૪૦૦, પૃ. ૨૩૧

અહીં પ્રમાણ ૧૫૮૧૧૩$\frac{૧૬}{૧૯}$ યોજનથી કંઈક વધુ બતાવવામાં આવ્યું છે.

તિ.પ. ભાગ ૧/૪ માં આ માન ૧૫૮૧૧૩, કોસ $\frac{૭}{૨}$ આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૨૪, પૃ. ૨૪૦

અહીં પ્રમાણ ૨૧૦૫$\frac{૫}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૨૪, પૃ. ૨૪૦

અહીં પ્રમાણ ૬૭૫૫$\frac{૩}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે.

તિ.પ. ભાગ ૧/૪માં આ માન એજ ૬૭૫૫$\frac{૩}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૪૨૪, પૃ. ૨૪૧

અહીં હેમવત ક્ષેત્રની જીવા તેમજ **ધનુપૃષ્ઠ**નું માપ ક્રમશઃ ૩૭૬૭૪ $\frac{૧૬}{૧૯}$ તેમજ ૩૮૭૪૦ $\frac{૧૦}{૧૯}$ યોજન છે. જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૬૯૯ તેમજ ૧૭૦૦માં મળે છે. તે કાઢવાની વિધિ પૂર્વોક્ત જ છે.

સૂત્ર ૪૨૪, પૃ. ૨૪૧

આ સૂત્રમાં **પલ્યોપમ** શબ્દનો ઉલ્લેખ છે. જે સ્થિતિ દર્શાવનાર છે. આ પ્રમાણે સૂત્ર ૪૨૯, ૪૩૨, ૪૩૭ વગેરેમાં પણ આ પારિભાષિક શબ્દનો પ્રયોગ થયો છે. આ કાળ સમય રાશિનો દ્યોતક છે.

સૂત્ર ૪૩૦, પૃ. ૨૪૨-૨૪૩

અહીં નિષધ પર્વતની દક્ષિણમાં હરિવર્ષ ક્ષેત્રની પહોળાઈ ૮૪૨૧ $\frac{૧}{૧૯}$ યોજન દર્શાવવામાં આવી છે. આ હલ કરવાથી $\frac{૧૬૦૦૦૦}{૧૯}$ યોજન થાય છે. જે. તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૩૯માં આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૩૦, પૃ. ૨૪૩

અહીં હરિવર્ષ ક્ષેત્રની પૂર્વ પશ્ચિમની ભુજા ૧૩૩૬૧ $\frac{૬}{૧૯} \cdot \frac{૧}{૨}$ યોજન લાંબી આપવામાં આવી છે. એજ માન તિ.પ. ભાગ ૧/૪ પૃ. ૩૭૦, ગાથા ૧૭૪૩ માં ૧૩૩૬૧ $\frac{૧૩}{૩૮}$ રૂપમાં આપવામાં આવ્યું છે. અહીં ૧૩૩૬૧ + $\frac{૬}{૧૯}$ + $\frac{૧}{૨\times૧૯}$ લખવાની શૈલીમાં ૧૩૩૬૧ + $\frac{૬}{૧૯}$ + $\frac{૧}{૨\times૧૯}$ અર્થ નીકળે છે. આ શોધનો વિષય છે. જો ૧૯ ભાગના એક ભાગનો ૧/૨ ભાગ લેવામાં આવે તો $\frac{૧}{૩૮}$ થાય છે. જેને $\frac{૬}{૧૯}$ ની સાથે જોડવાથી $\frac{૧૩}{૩૮}$ પ્રાપ્ત થાય છે.

સૂત્ર ૪૩૦, પૃ. ૨૪૩

હરિવર્ષ ક્ષેત્રની **જીવાનું** માન ૭૩૯૦૧ $\frac{૧૭}{૧૯} \cdot \frac{૧}{૨}$ યોજન આપવામાં આવ્યું છે. જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૪૦માં ૭૩૯૦૧ $\frac{૧૭}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૩૦, પૃ. ૨૪૩

હરિવર્ષ ક્ષેત્રની **ધનુપીઠિકા**નું માન ૮૪૦૧૬ $\frac{૪}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે. જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૪૮માં પણ એ જ રૂપમાં આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૩૫, પૃ. ૨૪૪ - ૨૪૫

અહીં દેવકુરૂનો વિષ્કંભ ૧૧૮૪૨ $\frac{૨}{૧૯}$ યોજન બતાવવામાં આવ્યો છે. જે દાશમિક સંકેતનામાં છે. આ માન તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૨૧૪૨માં ૧૧૫૯૨ $\frac{૨}{૧૯}$ આપવામાં આવ્યું છે. આ શોધનો વિષય છે.

સૂત્ર ૪૩૫, પૃ. ૨૪૫

દેવકુરૂની જીવા ઉત્તરમાં ૫૩૦૦૦ યોજન આપવામાં આવી છે. એજ માન તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૨૧૪૦માં આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૩૫, પૃ. ૨૪૫

એનું ધનુપૃષ્ઠ ૬૦૪૧૮ $\frac{૧૨}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે. જે ઉપરોક્ત સૂત્ર દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. આ **દાશમિક સંકેતના**માં છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૪૦૦, પૃ. ૨૪૬-૨૪૭

અહીંનું પ્રમાણ ઉપરોક્ત ગાથાઓ સૂત્ર ૪૩૫ જેવું જ છે.

સૂત્ર ૪૪૧, પૃ. ૪૪૭

અહીં ધનુષ્ય શબ્દનો ઉપયોગ ઉત્તરકુરૂના મનુષ્યોની ઊંચાઈ અંગે થયો છે. અહીં પલ્યોપમના સંખ્યાતમા ભાગમાં કંઈક ઓછા **ત્રણ પલ્યોપમનો** આયુમાં ઉપયોગ થયો છે.

સૂત્ર ૪૫૧, પૃ. ૨૫૫

અહીં દાશમિક સંકેતનામાં ૧૬૫૯૨ $\frac{૨}{૧૯}$ યોજનનું કથન છે.

સૂત્ર ૪૫૬, પૃ. ૨૫૮

ક્ષુદ્ર હિમવાન પર્વત ૧૦૦ યોજન ઊંચો, ૨૫ યોજન ઊંડો, ૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$ યોજન પહોળો (છે) પાર્શ્વ ભૂજા ૫૩૫૦ $\frac{૧૫}{૧૯} + \frac{૧}{૨ \times ૧૯}$ અથવા ૫૩૫૦ $\frac{૩૧}{૩૮}$ યોજન છે. એની ઉત્તરી જીવા ૨૪૯૩૨ $\frac{૧}{૨}$ યોજનથી કંઈક ઓછી કહેવામાં આવી છે. એજ માન તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૬૨૪, ૧૬૨૭માં આપવામાં આવ્યું છે. પરંતુ ગાથા ૧૬૨૬માં ઉત્તરી જીવા ૨૪૯૩૨ $\frac{૪}{૧૯}$ આપવામાં આવી છે.

**નોંધ**-૫૩૫૦ $\frac{૧૫}{૧૯}$ માં $\frac{૧}{૨}$ ઉમેરવાનું કહેવામાં આવ્યું છે. પરંતુ જો $\frac{૧૫}{૧૯}$ માં ૧૯ ભાગોના ભાગનું અડધું $\frac{૧}{૩૮}$ ઉમેરવામાં આવે તો $\frac{૩૧}{૩૮}$ પ્રાપ્ત થાય છે. જે તિ.પ. ની ગાથા સાથે મળે છે અન્યથા નહીં.

એનુ ધનુપૃષ્ઠ દક્ષિણમાં છે જે ૨૫૨૩૦ $\frac{૪}{૧૯}$ યોજન છે. જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૬૨૬માં આ સ્વરૂપમાં આપવામાં આવ્યું છે.

સૂત્ર ૪૫૮, પૃ.૨૬૦-૨૬૧

મહાહિમવાનની ઊંચાઈ ૨૦૦ યોજન, વિસ્તાર ૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$ અથવા $\frac{૮૦૦૦૦}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે. જો તિ.પ ભાગ ૧/૪ ગાથા ૧૭૧૭માં (પણ) આપવામાં આવ્યું છે.

આ પ્રમાણે બાહુ ૯૨૭૬ $\frac{૯}{૧૯} + \frac{૧}{૨}$ આપવામાં આવ્યો છે. તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૨૧માં એનું માન ૯૨૭૬ $\frac{૧૯}{૩૮}$ આપવામાં આવ્યું છે.

પૂર્વોક્ત અર્થ લેવો ઉચિત થશે અર્થાત્ ૯૨૭૬ + $\frac{૯}{૧૯} + \frac{૧}{૨}$ = ૯૨૭૬ $\frac{૩૭}{૩૮}$ થશે.

આ પ્રકારે એ વળી શોધનો વિષય છે.

જો અહીં $\frac{૧}{૨}$ ની જગ્યાએ ૧૯ ભાગોના ભાગ કરીએ તો $\frac{૧}{૩૮}$ યોજન થાય છે. આ પ્રમાણે (કરતા) $\frac{૯}{૧૯} + \frac{૧}{૩૮} = \frac{૧૯}{૩૮}$ થઈ જાય છે.

એની લંબાઈ (જીવા) ૫૩૯૩૧ $\frac{૬}{૧૯}$ થી કંઈક વધુ યોજન આપવામાં આવી છે. તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૧૯માં આનું માન ૫૩૯૩૧ $\frac{૬}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે. આ પણ **શોધ** નો વિષય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એનું ધનુપૃષ્ઠ ૫૭૨૯૩ $\frac{૧૦}{૧૯}$ યોજન આપવામાં આવ્યું છે જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૨૦ સાથે સમાનતા ધરાવે છે.

સૂત્ર ૪૬૦, પૃ.૨૬૦

નિષધ પર્વત ૪૦૦ યોજન ઊંચો અને ૪૦૦ યોજન ઊંડો આપવામાં આવ્યો છે.

એની પહોળાઈ ૧૬૮૪૨ $\frac{૨}{૧૯}$ યોજન છે જે. તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૫૦માં એના જેટલી જ આપવામાં આવી છે.

એની બાહુ ૨૦૧૬૫ $\frac{૨}{૧૯}$ + $\frac{૧}{૨\times૧૯}$ યોજન આપવામાં આવી છે. જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૫૫માં ૨૦૧૬૫ $\frac{૫}{૩૮}$ આપવામાં આવી છે. એ પણ શોધનો વિષય છે.

જો અહીં ૧૯ ભાગોમાંથી એકનો $\frac{૧}{૨}$ ભાગ કરવામાં આવે તો $\frac{૧}{૩૮}$ યોજન થાય છે જેને $\frac{૨}{૧૯}$માં ઉમેરવાથી $\frac{૫}{૩૮}$ થઈ જાય છે. અહીં ભાગનો ભાગ અર્થ લેવો જોઈએ. જેમ સૂર્યપ્રજ્ઞપ્તિમાં કેટલાયે સ્થાનમાં લેવામાં આવ્યો છે જે ટીકાકારોને એક જ હર બની રહેવા માટે ભિન્ન-ભિન્ન તેમજ ભિન્ન ને અડધો ભાગહારમાં જુદો પાડીને લખ્યો છે.

અહીં અર્ધ ભાગ પારિભાષિક શબ્દ ખૂબ મહત્વનો છે અને નવીન શૈલીમાં ભિન્ન લખવાનો ઇતિહાસ જોવા મળે છે.

એની **જીવા** ૯૪૧૫૬ $\frac{૨}{૧૯}$ યોજન જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૫૨ સાથે સમાનતા ધરાવે છે.

એનું ધનુપૃષ્ઠ ૧૨૪૩૪૬ $\frac{૧}{૧૯}$ યોજનનો છે જે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૫૩ સાથે સમાનતા ધરાવે છે.

સૂત્ર ૪૬૯, પૃ.૨૬૫-૨૬૬

મન્દર પર્વત ૯૯૦૦૦ યોજન ઊંચો છે તેમજ ૧૦૦૦ ઊંડો છે. મન્દર પર્વતની મૂળમાં પહોળાઈ ૧૦૦૯૦ $\frac{૧૦}{૧૧}$ યોજન છે. એજ માન તિ.પ. ભાગ ૧/૪માં ગાથા ૧૭૮૧,૧૭૮૨માં આપવામાં આવ્યું છે. એ બધુ દાશમિક સંકેતનામાં છે.

ભૂતલ પર એની પહોળાઈ ૧૦૦૦૦ યોજન અને ઊપરના તલ પર (શિખર પર) એની પહોળાઈ ૧૦૦૦ (પણ) યોજન છે. એજ માન તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૮૩માં આપવામાં આવ્યું છે.

એ બધું **દાશમિક સંકેતનામાં** છે.

મૂળમાં એની **પરિધિ** ૩૧૯૧૦ $\frac{૩}{૧૧}$ યોજન તથા ભૂતલ પર ૩૧૬૨૩ યોજન તથા ઊપરના તલ પર ૩૧૬૨ યોજનથી કંઈક વધુ આપવામાં આવી છે. આ બધા માન **આનુમાનિક** છે તથા π ના વિભિન્ન માનો તે **શોધ**નો વિષય છે.

સૂત્ર ૪૭૧,પૃ.૨૬૭

મન્દરની ચૂલિકાના સંબંધમાં ઊંચાઈ ૪૦ યોજન, મૂળમાં ૧૨ યોજન, ઊપર ૪ યોજન છે. એ માન તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૭૫૫ સાથે સમાનતા ધરાવે છે. પરિધિજ્ઞાત કરવાનું પ્રયોજન **શોધનો વિષય** છે. મૂળમાં માન ૩૭ યોજનથી અધિક, ઊપર બાર યોજનથી કંઈક અધિક બતાવવામાં આવ્યું છે. મંદર પર્વત અંગે વિસ્તૃત **શોધ લેખ માટે** જુઓ - તિ.પ. ગ. પૃ. ૬૩-૬૪

તથા લિશ્ક તેમજ શર્મા 'નોશન ઓફ આબ્લિકિવટી ઓફ એકલિપ્ટિક ઇમ્પલાયડ ઈન દા કાનસેપ્ટ ઓફ માઉંટ મેરુ ઈન જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ" જૈન જર્નલ, કલકતા ૧૯૭૫, પૃ. ૭૯-૯૨.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૪૭૭-૪૮૬. પૃ. ૨૬૯-૨૭૦

આ ગાથાઓમાં **દાશમિક સંકેતના**માં સંખ્યાઓ દ્રષ્ટવ્ય છે.

સૂત્ર ૪૮૭, પૃ. ૨૭૦

જંબૂદ્વીપમાં મેરુ પર્વતથી **અવ્યવહિત** અન્તર ૧૧૨૧ યોજનના અંતરે **જ્યોતિષ ચક્ર**નો પ્રારંભ થાય છે.

સૂત્ર ૪૯૨, પૃ. ૨૭૩

નંદનવન ૫૦૦ યોજન વિસ્તારવાળો છે. તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૮૯માં એજ માન છે.

બહારનો ગિરિવિષ્કંભ ૯૯૫૪ $\frac{૬}{૧૧}$ યોજન છે. તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૯૦માં પણ એજ માન છે.

બહારની પરિધિ ૩૧૪૭૯ યોજનથી કંઈક અધિક છે તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૯૧માં પણ એજ માન છે.

આ પ્રકારે અન્દરનો ગિરિવિષ્કંભ ૮૯૫૪ $\frac{૬}{૧૧}$ યોજન તથા ગિરિ પરિધિ ૨૮૩૧૬ $\frac{૮}{૧૧}$ યોજન, તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૯૨ -૧૯૯૩ના સાથે સમાનતા ધરાવે છે.

અહીં પરિધિ $\pi$ના કયા માનથી કાઢવામાં આવી છે તે **શોધનો** વિષય છે.

સૂત્ર ૪૯૬, પૃ. ૨૭૪

આભ્યંતર ગિરિવિષ્કંભ તેમજ ગિરિ પરિધિનું માન પણ તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૯૮૫, ૧૯૮૬ સાથે ક્રમશઃ મળે છે.

૫૦૦ યોજનનું માપ પણ તિ.પ. ૧/૪ ગાથા ૧૯૮૧થી સાથે સમાન છે.

અહીં બધા માન **દાશમિક સંકેતનામાં** આપવામાં આવ્યા છે.

સૂત્ર ૫૦૫, પૃ. ૨૭૮ - ૨૭૯

આ સૂત્રમાં દાશમિક સંકેતનાથી અતિરિક્ત ભિન્નોનું પણ નિરૂપણ સંકેત આપવામાં આવ્યો છે. જેમકે- **"बावट्ठि जोयणाइं अद्धजोयणं च उद्धउव्वत्तेणं, इक्कतीसं जोयणाइं कोसं च आयाम - विक्खंभेणं"** ભિન્નરૂપે ૬૨ $\frac{૧}{૨}$ તથા ૩૧ $\frac{૧}{૪}$ નું નિરૂપણ કરે છે.

સૂત્ર ૫૦૭, પૃ. ૨૮૦

આ સૂત્રમાં યમકની પહોળાઈ ૧૨૦૦૦ યોજન અને પરિધિ ૩૭૯૪૮ યોજનથી કંઈક વધારે દર્શાવવામાં આવી છે.

સૂત્રાનુસાર, **પરિધિ** કાઢવાનું પ્રયોજન -

$૧૨૦૦૦ \times \sqrt{૧૦} = ૧૨૦૦૦ \times ૩.૧૬૨૨૭$

$\therefore$ પરિધિ = ૩૭૯૪૭.૨૪ યોજન થાય છે. તે માટે ગ્રંથકારે એને ૩૭૯૪૮ યોજનથી કંઈક વધારે દર્શાવેલ છે.

આ માન **દાશમિક સંકેતના**માં છે. તથા પ્રાસાદોની ઊંચાઈ **'एक्कतीसं जोयणाइं कोसं च उद्धं उव्वत्तेणं'** અર્થાત્ ૩૧ $\frac{૧}{૪}$ યોજન તથા આયામ વિષ્કંભ 'साइरेगाइं अद्ध सोलस जोयणाइं' અર્થાત્ ૧૫ $\frac{૧}{૨}$ યોજન દર્શાવવામાં આવ્યા છે.

આ પ્રકારે અન્ય માપ પણ ભિન્ન નિરૂપિત કરવાની એ શૈલીની સાથે દર્શાવવામાં આવી છે.

સૂત્ર ૫૦૮, પૃ. ૨૮૪

જે પર્વત ૧૦૦ યોજન પહોળો છે. એની **પરિધિ** ૩૧૬ યોજનથી વધુ દર્શાવવામાં આવી છે. અહીં ૧૦૦×૩.૧૬૨૨૭ દ્વારા જ એ માન $\pi = \sqrt{૧૦}$ કે ૩.૧૬૨૨૭ લઈને એ કાઢવામાં આવી છે.

એ પ્રમાણે અન્ય પ્રમાણ દ્રષ્ટવ્ય છે.

સૂત્ર ૫૧૩, પૃ. ૨૮૬

અહીં વૈતાઢ્ય પર્વતની બાહુ ૪૮૮ $\frac{૧૬}{૧૯}$ તથા અધ્ધભાગ આપવામાં આવ્યાં છે. આ ૪૮૮ $\frac{૩૩}{૩૮}$ રૂપમાં તિ.પ. ૧/૪ ગાથા ૧૮૯ - ૧૯૦માં પ્રાપ્ત થાય છે. અહીં ૪૮૮+ $\frac{૧૬}{૧૯} + \frac{૧}{૩૮}$ = ૪૮૮ $\frac{૩૩}{૩૮}$ થાય છે. અહીં ૧ યોજનના ૧૯ ભાગ અને એ ભાગમાંથી એક ભાગનો પણ અડધો ભાગનો આશય પ્રતીત થાય છે. આ પ્રમાણે એક **યોજનના ઓગણીસમાં** ભાગનો **અડધો ભાગ** અહીં અભિપ્રેત પ્રતીત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે એનો આયામ ૧૦૭૨૦ $\frac{૧૨}{૧૯}$ યોજન આપવામાં આવ્યો છે. જે.તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૧૮૫માં પણ એજ વિજયાર્દ્ધની જીવા ૧૦૭૨૦ $\frac{૧૧}{૧૯}$ યોજન આપવામાં આવી છે. એનો **ધનુપૃષ્ઠ** ૧૦૭૪૩ $\frac{૧૫}{૧૯}$ આપવામાં આવ્યો છે. જે આ પ્રમાણમાં તિ.પ. ભાગ ૧/૪માં ગાથા ૧૮૬માં આવ્યું છે. આ પ્રકારે એ સૂત્ર **શોધ**નો વિષય પ્રસ્તુત કરે છે.

સૂત્ર ૫૧૬, પૃ. ૨૮૮

અહીં **પલ્યોપમ સ્થિતિ**નો ઉલ્લેખ છે.

સૂત્ર ૫૧૮, પૃ. ૨૯૦

અહીં વૃત્તવૈતાઢ્ય પર્વત **શબ્દાપાતી** નામનો ૧૦૦૦ યોજન આયામ વિષ્કંભ વાળો છે. જેની **પરિધિ** ૩૧૬૨ યોજનથી કંઈક વધુ પરિધિવાળી દર્શાવવામાં આવી છે. સ્પષ્ટ છે કે - ૧૦૦૦×૩.૧૬૨૨૭= ૩૧૬૨.૨૭ પરિધિનું માન $\sqrt{૧૦}$ ને અનુમાનતઃ ૩.૧૬૨૨૭ લઈને વ્યવહૃત કરવાથી ઉકત માન આવે છે. શેષ સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં (આપવામાં) આવી છે.

સૂત્ર ૫૧૯, પૃ. ૨૯૦-૨૯૧

અહીં **પલ્યોપમ સ્થિતિ**નો ઉલ્લેખ છે.

સૂત્ર ૫૨૬, પૃ. ૨૯૬-૨૯૭

અહીં મૂળમાં પહોળાઈ ૮ યોજન છે. પરિધિ ૮×૩.૧૬૨૨૭ = ૨૫.૨૯૮૧૬ યોજન હશે જે અહીં ૨૫ યોજનથી કંઈક અધિક બતાવવામાં આવી છે. એ પ્રકારે અન્ય પ્રમાણ દૃષ્ટવ્ય છે.

સૂત્ર ૫૩૨, પૃ. ૩૦૦

અહીં **અશ્વ સ્કન્ધની સદૃશ અર્ધચંદ્રના આકારનો** ઉલ્લેખ છે જે ભૂમિતેય છે. **'बहुसमतुल्ला - जाव- परिणाहेणं'** ગણિતેય ઉલ્લેખ છે. આ પ્રમાણે આગળનું સૂત્ર ૫૩૨, પૃ. ૩૦૦ દૃષ્ટવ્ય છે.

સૂત્ર ૫૩૫, પૃ. ૩૦૧-૩૦૨

અહીં સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં આપવામાં આવી છે.

સૂત્ર ૪૨૯, પૃ. ૨૬૭

અહીં ગંધમાદન વક્ષસ્કાર પર્વતનો આયામ ૩૦૨૦૯ $\frac{૬}{૧૯}$ યોજન આપવામાં આવ્યો છે; અંતમાં એનું માપ પહોળાઈમાં **આંગળનો અસંખ્યાત**માં ભાગ બતાવવામાં આવ્યો છે. માપ દાશમિક સંકેતનામાં છે. આંગળનો અસંખ્યાતમાં ભાગ પ્રમાણ ભૂમિતેય છે. સાથે જ **ઉપમામાનના** આધાર પર આપેલો જણાય છે.

અહીં કોસ શબ્દનો પણ ઉલ્લેખ છે.

સૂત્ર ૫૫૧, પૃ. ૩૦૯-૩૧૦

અહીં સિધ્ધાયતનકૂટ મૂળમાં ૫૦૦ યોજન પહોળો છે. એની પરિધિ મૂળમાં ૧૫૮૧ યોજનથી કંઈક વધુ દર્શાવવામાં આવી છે. અહીં (પરિધિ) ૫૦૦×૩.૧૬૨૨૭ = ૧૫૮૧.૧૩૫ યોજન પ્રાપ્ત થાય છે. અર્થાત્ અહીં પણ **અનુમાનતઃ** નું માન (માપ) $\sqrt{૧૦}$ અથવા ૩.૧૬૨૨૭ આપવામાં આવ્યું છે. અન્ય પ્રમાણ પણ દૃષ્ટવ્ય છે.

સૂત્ર ૫૮૬, પૃ. ૩૨૨

અહીં સિધ્ધાયતન કૂટ મૂળમાં ૬ યોજન અને ૧ કોસ પહોળો (જણાવ્યો) છે. અર્થાત્ ૬ $\frac{૧}{૪}$ યોજન અથવા ૬.૨૫ છે. જેની **પરિધિ** = ૬.૨૫×૩.૧૬૨૨૭= ૧૯.૭૬૪૧૮૭૫ છે.

આ પ્રમાણે ૨૨ યોજનથી કંઈક ઓછી પરિધિવાળો કહેવામાં આવ્યું છે. આ પ્રમાણે અન્યે આપેલા પ્રમાણ દૃષ્ટવ્ય છે.

સૂત્ર ૫૮૮, પૃ. ૩૨૪

અહીં **અતિસમ** શબ્દ ભૂમિતેય છે. ભૂભાગનો મધ્ય પણ ભૂમિતેય છે, **કોસ** અને **ધનુષ** શબ્દ પણ ગણિતીય છે.

સૂત્ર ૫૮૯, પૃ. ૩૨૫

અહીં **દાશમિક સંકેતના**માં સંખ્યાઓ ઉલ્લેખિત છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૫૯૩, પૃ. ૩૨૬ - ૩૨૭

અહીં **પલ્યોપમ સ્થિતિ**નો ઉલ્લેખ છે. અસંખ્યદ્વીપ સમુદ્રોનો પણ ઉલ્લેખ છે.

સૂત્ર ૫૯૮ - ૫૯૯, પૃ. ૩૩૩ - ૩૩૪

અહીં સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં છે.

સૂત્ર ૬૦૪, પૃ. ૩૩૬ - ૩૩૭

અહીં અનેક પ્રકારના ચિત્રોનો ઉલ્લેખ છે.પ્રતિરૂપ શબ્દ ભૂમિતેય છે.

સૂત્ર ૬૦૫ - ૬૦૬ પૃ. ૩૩૭ - ૩૩૮

અહીં સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં ઉલ્લેખિત છે.

સૂત્ર ૬૦૭, પૃ. ૩૩૮

કુંડની લંબાઈ પહોળાઈ ૨૪૦ યોજન છે. પરિધિ ૭૫૯ યોજન આપવામાં આવી છે. અહીં **પરિધિ** = ૨૪૦×૩.૧૬૨૨૭ = ૭૫૮.૯૪૪૮૦ થાય છે.

આ માનનો અનુમાનિક ૭૫૯ ગણવામાં આવ્યું છે. અર્થાત્ $\sqrt{૧૦}$ ને π રૂપ ગણવામાં આવ્યું છે.

સૂત્ર ૬૦૮, પૃ. ૩૩૮

અહીં કુંડનો આયામ વિષ્કંભ ૪૮૦ યોજન છે. પરિધિ ૧૫૦૦ **યોજનથી** કંઈક ઓછી બતાવવામાં આવી છે.

અહીં પરિધિ = ૪૮૦×૩.૧૬૨૨૭= ૧૫૧૭,૮૮૯૬૦ થવી જોઈએ.

એટલે આ અહીં શોધનો વિષય છે.

સૂત્ર ૬૯૬, પૃ. ૩૯૬

અહીં દ્વીપનો **આયામ વિષ્કંભ** ૮ યોજન છે. એની **પરિધિ** ૨૫ યોજનથી કંઈક વધુ આપવામાં આવી છે. એનાં π નું $\sqrt{૧૦}$ માન ગણવાથી ૨૫.૨૯૮૧૬ **યોજન** પરિધિ પ્રાપ્ત થાય છે. જે ૨૫ થી કંઈક વધુ છે.

એ પ્રમાણે સૂત્ર ૭૦૧, ૭૦૩, ૭૦૬, ૭૦૭ દષ્ટવ્ય છે એ બધામાં π નું માન $\sqrt{૧૦}$ લઈને પરિધિને અનુમાનરૂપથી ઉલ્લેખિત કરવામાં આવ્યું છે.

સૂત્ર ૬૧૬, પૃ. ૩૪૧

આ સૂત્રમાં પલ્યોપમ સ્થિતિનો ઉલ્લેખ છે.

સૂત્ર ૬૧૭, પૃ. ૩૪૨

અહીં **પલ્યોપમ સ્થિતિનો** ઉલ્લેખ છે. એવી રીતે સૂત્ર ૬૧૮માં પણ ઉલ્લેખ છે.

સૂત્ર ૬૨૦, પૃ. ૩૪૩ - ૩૪૪

અહીં સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં છે. યોજન, કોસ, ધનુષ, ગણિતીય શબ્દોનો ઉપયોગ છે. ગવાક્ષકટક (નાલીઓનો સમૂહ) દષ્ટવ્ય છે. **અતિસમ** તથા **સ્તૂપિકા** વિચારણીય છે.

સૂત્ર ૬૨૧, પૃ. ૩૪૪ - ૩૪૫

આ પ્રકારે આ સૂત્રમાં પણ સંખ્યાઓ **દાશમિક સંકેતનામાં** દષ્ટવ્ય છે.

પલ્યોપમ સ્થિતિનો પણ ઉલ્લેખ છે. સૂત્ર ૬૨૪ તેમજ ૬૨૬ માં પણ એ દષ્ટવ્ય છે.

સૂત્ર ૬૩૦ - ૬૩૨, પૃ. ૩૪૮

અહીં **દાશમિક સંકેતનામાં** સંખ્યા નિરૂપણ છે.

સૂત્ર ૬૩૭, પૃ. ૩૫૦ - ૩૫૧

અહીં પરિધિના સંબંધમાં **'तं तिगुणं सविसेसं परिक्खेवेणं'** કહેવામાં આવ્યું છે. જેનાથી જ્ઞાત થાય છે કે- **પરિધિનું** માન અનુમાનરૂપથી અહીં **ત્રણથી કંઈક વધુ** ગણવામાં આવ્યું છે.

અહીં **યોજન, કોસ, ધનુષ**નો ઉપયોગ છે.

લાખને માટે **'सयसहस्स'** જ ઉપયોગમાં લેવામાં આવ્યો છે. સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં જ છે. **'કોડી'** શબ્દનો પણ ઉપયોગ થયો છે.

**'सहस्स'** શબ્દનો ઉપયોગ સૂત્ર ૬૪૫, ૬૪૬, ૬૪૭, ૬૪૮માં પણ થયો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૬૬૦, પૃ. ૩૫૮

એમાં ૧૬૦૫ $\frac{૫}{૧૯}$ ને **'सोलस पंचुत्तरे जोअण सए पंच य एगूणवीसइभाए जोअणस्स"** રૂપે ઉલ્લેખિત કરવામાં આવ્યું છે. અહીં એક હજાર છસો પાંચ ન જણાવી સોળસો વગેરે જણાવ્યું છે. એ પ્રમાણે સૂત્ર ૬૭૦ દ્રષ્ટવ્ય છે. પરંતુ સૂત્ર ૬૭૬, પૃ. ૩૬૨માં ૭૪૨૧ $\frac{૧}{૧૯}$ યોજન ને **'सत्तजोयण सहस्साइं चत्तारि अ एकवीसे जोअणसए एकं च एगूणवीसइभागं जोअणस्स** રૂપમાં ઉલ્લેખિત કરવામાં આવ્યું છે. એ પ્રમાણે **બે વિધિઓ** મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૬૮૫, પૃ. ૩૬૫

ચૌદ હજારને **'चोद्दस सलिला सहस्सेहिं'** દર્શાવવામાં આવ્યું છે.

એ પ્રમાણેની **દાશમિક સંકેતના** કારણે સૂત્ર ૬૮૬, ૬૮૭, ૬૮૯, ૬૯૨, ૬૯૩ દ્રષ્ટવ્ય છે.

સૂત્ર ૭૧૧, પૃ. ૩૭૪ - ૩૭૫

અનેક પ્રકારના વૃક્ષોનું વર્ણન સૂત્ર ૭૧૧, પૃ. ૩૭૯ સુધી આપવામાં આવ્યું છે.

સૂત્ર ૭૧૩, પૃ.૩૮૧

અહીં ચતુર્થદ્વીપનો **આયામ વિષ્કંભ** ૬૦૦ યોજન અને એની પરિધિ ૧૮૯૦ યોજન દર્શાવવામાં આવી છે. $\pi$ નું માન $\sqrt{૧૦}$ કે ૩. ૧૬૨૨૭ ગણવાથી પરિધિ ૬૦૦×૩.૧૬૨૨૭ અથવા ૧૮૯૭.૩૬૨ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે અન્યની પરિધિ **દ્રષ્ટવ્ય** છે.

સૂત્ર ૭૧૭, પૃ. ૩૮૪

અહીં **દાશમિક સંકેતના** દ્રષ્ટવ્ય છે. એ પ્રમાણે સૂત્ર ૭૧૮, ૭૧૯, ૭૨૦ દ્રષ્ટવ્ય છે. લવણ સમુદ્રની પહોળાઈ ૨૦૦૦૦૦ યોજન હોવાને લીધે વૃત્તનો સંપૂર્ણ વિષ્કંભ ૫૦૦૦૦૦ યોજન થઈ જાય છે. એટલે પરિધિ $\sqrt{૧૦}$ માન $\pi$ નો ગણવાથી ૧૫૮૧૧૩૫ પ્રાપ્ત થશે. પરંતુ અહીં ૧૫૮૧૧૩૯ યોજનથી કંઈક વધુ જણાવવામાં આવી છે.

સૂત્ર ૭૨૧, પૃ. ૩૮૫ - ૩૮૬

અહીં વિચારણીય મુદ્દો એ છે કે - "पंचानवे-पंचानवे प्रदेश ના (અંતરે) જવાથી **એક-એક પ્રદેશની ઊંડાઈની વૃધ્ધિ** (થવાનું) કહેવામાં આવ્યું છે." એ પ્રમાણે ' પંચાનવે - પંચાનવે બાલાગ્ર (અંતરે) જવાથી એક એક **બાલાગ્ર** ઊંડાઈની વૃધ્ધિ થવાનું કહેવામાં આવ્યું છે. આ પ્રકારે અન્ય અનેક એની સાથે જોડાયેલ ઘટકો, **લીક્ષા, યવ, યવમધ્ય, અંગુલ, વિતસ્તિ, રત્નિ, કુક્ષિ, ધનુષ, ગાઉ, સો યોજન** તે સંબંધી વૃધ્ધિ (થવાનું) જણાવવામાં આવ્યું છે. જે વિચારણીય છે. એમાં **'યાવત્'** શબ્દનો પણ ઉપયોગ કરવામાં આવ્યું છે. પ્રશ્ન એ છે કે- ૯૫ ઘટકો જવા પછીથી જ વૃધ્ધિનું વર્ણન કેમ આપવામાં આવ્યું છે ?

સૂત્ર ૭૨૨, પૃ. ૩૮૬

અહીં શિખા (ટોચ) ના વિષયમાં દર્શાવવામાં આવ્યું છે કે - લવણ સમુદ્રની બન્ને બાજુ પર પંચાનવે - પંચાનવે પ્રદેશ જવાના (સ્થાને) **સોળ પ્રદેશોની શિખા (ટોચ)** ની વૃધ્ધિ થાય છે.

સૂત્ર ૭૨૩, પૃ. ૩૮૬-૩૮૭

અહીં પણ પંચાનવે હજાર યોજનનો ઉલ્લેખ છે. **દાશમિક સંકેતના**માં સંખ્યાઓ આપવામાં આવી છે. એ પ્રમાણે સૂત્ર ૭૨૩, ૭૨૬, ૭૨૯માં છે. એક એક પ્રદેશની શ્રેણીથી ચઢતા ચઢતા મધ્યમાં **યોજન શત સહસ્ત્ર** વિષ્કંભ કહેવામાં આવ્યો છે. એ પ્રકારે મુખનું મૂળ દસ હજાર યોજન પહોળુ દર્શાવવામાં આવ્યું છે.

અહીં પણ પલ્યોપમ સ્થિતિનો ઉલ્લેખ છે. સૂત્ર ૭૨૩માં અર્ધ્ધ પલ્યોપમનો ઉલ્લેખ છે.

સૂત્ર ૭૨૪, પૃ. ૩૮૯

અહીં 'મુહૂર્ત' નો ઉપયોગ થયો છે. ત્રીસ મુહૂર્ત એક અહોરાત્રિ રૂપ છે.

સૂત્ર ૭૪૫,પૃ. ૩૯૭ - ૩૯૮

અહીં સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં છે. એ પ્રકારે સૂત્ર ૭૪૭, ૭૪૮, ૭૪૯, ૭૫૦, ૭૫૧માં **દાશમિક સંકેતના** નો ઉપયોગ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૭૫૩, પૃ. ૩૯૯

અહીં લવણ સમુદ્રની પહોળાઈ બે લાખ યોજન હોવાને લીધે વૃત્તનો વિષ્કંભ પાંચ લાખ યોજન થાય છે. પરિધિ પણ $\sqrt{10}$ = ૩.૧૬૨૨૭ ગણવાથી ૧૫૮૧૧૩૫ યોજન પ્રાપ્ત થાય છે. પરંતુ સૂત્ર ૭૧૭ થી અલગ એવું અહીં કથન છે કે - પરિધિ ૧૫૮૧૧૩૯ યોજનથી કંઈક ઓછી છે. શેષ સંખ્યાઓ પણ **દાશમિક સંકેતનામાં** છે. પલ્યોપમ સ્થિતિનું પણ કથન છે. સૂત્ર ૭૬૧, ૭૬૩, ૭૬૪, ૭૬૫, ૭૬૬, ૭૬૮, ૭૬૯માં **દાશમિક સંકેતનામાં** સંખ્યાઓ છે તથા મૂળ સૂત્ર ૬૮૭ માં **પલ્યોપમ** સ્થિતિનો ઉલ્લેખ છે.

સૂત્ર ૭૭૫, પૃ. ૪૦૯

અહીં ઘાતકીખંડદ્વીપની પહોળાઈ ૪૦૦૦૦૦ યોજન હોવાના કારણે પરિધિનું માન $\sqrt{10}$ = ૩.૧૬૨૨૭ ગણવાથી કુલ વ્યાસ ૧૩૦૦૦૦૦ માં ગુણાંકાર કરવાથી ૪૧૧૧૯૫૧ યોજન પ્રાપ્ત થાય છે. પરંતુ ગ્રંથમાં ૪૧૧૧૯૬૧ યોજનથી કંઈક ઓછી પરિધિ બતાવવામાં આવી છે.

સૂત્ર ૮૧૦, પૃ. ૪૧૯

અહીં સંખ્યા **દાશમિક સંકેતનામાં** છે. લાખની જગાએ **'सय सहस्स'** નો ઉપયોગ થયો છે. એ પ્રમાણે સૂત્ર ૮૧૧માં પણ છે.

સૂત્ર ૮૧૫, પૃ. ૪૨૧

કાલોદ સમુદ્રનો વિષ્કંભ ૮૦૦૦૦૦ યોજનના ચક્રવાલરૂપ છે. એટલે સૂચી વ્યાસ ૨૯૦૦૦૦૦ યોજન હોય છે. જો $\sqrt{10}$ ને $\pi$ નું માન ૩.૧૬૨૨૭ રૂપ લેવામાં આવેતો **પરિધિ** ૯૧,૭૦,૫૮૩ યોજન પ્રાપ્ત થાય છે. પરંતુ ગ્રંથમાં ૯૧,૭૦,૬૭૫ યોજનથી કંઈક વધુ દર્શાવવામાં આવી છે. આ **શોધ**નો વિષય છે.

સૂત્ર ૮૨૩, પૃ. ૪૨૩

પુષ્કરવરદ્વીપની **ચક્રાકાર પહોળાઈ** ૧૬૦૦૦૦૦ યોજન આપવામાં આવી છે. એટલે બનનાર કુલ વ્યાસ ૬૧૦૦૦૦૦ યોજન પ્રાપ્ત થશે.

તેથી એની **પરિધિ**નું માપ $\pi$ = $\sqrt{10}$ = ૩.૧૬૨૨૭ ગણવાથી પરિધિ = ૬૧૦૦૦૦૦ × ૩.૧૬૨૨૭= ૧૯૨૮૯૮૪૭ યોજન પ્રાપ્ત થાય છે.

પરંતુ ગ્રંથમાં એનું **માન** ૧૯,૨૮,૯૮૯૪ બતાવવામાં આવ્યું છે. એ **શોધ**નો વિષય છે કે - આ માન કેવી રીતે નિકાળવામાં આવ્યું છે ?

સૂત્ર ૮૨૬, પૃ. ૪૨૪

અહીં ૪૮૨૨૪૬૯ ને **દાશમિક સંકેતના**માં ઉલ્લેખિત કરવામાં આવી છે.

સૂત્ર ૮૨૯, પૃ. ૪૨૫

અહીં પલ્યોપમ સ્થિતિનો ઉલ્લેખ છે.

સૂત્ર ૮૩૧, પૃ. ૪૨૫

અહીં માનુષોત્તર પર્વતના વિભિન્ન માન **દાશમિક સંકેતના**માં આવ્યું છે. તિ.પ. ભાગ ૧/૪, ગાથા ૨૭૬૦માં એની આભ્યન્તર સૂચી ૪૫૦૦૦૦૦ યોજન આપવામાં આવી છે. તદનુસાર એની **પરિધિ** ૧૪૨૩૦૨૪૯ યોજન આપવામાં આવી છે. જે એ ગ્રંથમાં આજ પ્રમાણથી આપવામાં આવી છે. પરંતુ ૪૫૦૦૦૦૦×૩.૧૬૨૨૭= ૧૪૨૩૦૩૧૫ યોજન પ્રાપ્ત થાય છે. આ શોધનો વિષય છે. એ પ્રકારે **બાહ્ય સૂચી** તિ.પ. ભાગ ૧/૪ ગાથા ૨૭૫૭માં ૪૫૦૨૦૪૪ યોજન છે. તથા **પરિધિ** ૧૪૨૩૬૭૧૩ (છે) પરંતુ આ ગ્રંથમાં ૧૪૨૩૬૭૧૪ યોજન આપવામાં આવી છે.

એ પ્રકારે અહીં **શોધ**નો વિષય છે. **બાકી**ના માપની તુલના પણ દૃષ્ટવ્ય છે.

સૂત્ર ૮૪૮, પૃ. ૪૩૦

આ ગાથામાં પણ **દાશમિક સંકેતના**માં પુષ્કરવર દ્વીપાર્ધનો વિષ્કંભ તેમજ પરિધિ આપવામાં આવી છે.

સૂત્ર ૮૮૯,પૃ. ૪૪૨

અહીં પરિધિ **દાશમિક સંકેતનામાં** ઉલ્લેખિત છે.

સૂત્ર ૮૯૬, પૃ. ૪૪૪

અહીં પુષ્કરોદ સમુદ્રનો વિષ્કંભ સંખ્યાત સહસ્ત્ર યોજનમાં પરંતુ પરિધિને **સંખ્યાત શતસહસ્ત્ર** યોજનમાં વ્યકત કરવામાં આવી છે. અહીં **સંખ્યાત** શબ્દનો ઉપયોગ મહત્વપૂર્ણ અને **બીજીય** રૂપની તરફની પ્રવૃત્તિનું દ્યોતક છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા શબ્દોનો ઉપયોગ સૂત્ર ૮૯૬, પૃ. ૪૪૪ તથા સૂત્ર ૮૯૭, પૃ. ૪૪૫માં પણ થયો છે. પરંતુ સૂત્ર ૮૯૭માં પહોળાઈ તથા પરિધિ બન્ને ને જ સંખ્યાત શતસહસ્ત્ર દર્શાવવામાં આવ્યા છે. એ પ્રમાણે સૂત્ર ૮૯૮, પૃ. ૪૪૬ સૂત્ર ૯૦૧, પૃ. ૪૪૯; સૂત્ર ૯૦૨, પૃ. ૪૫૦, સૂત્ર ૯૦૩, પૃ. ૪૫૧

સૂત્ર ૯૦૪, પૃ. ૪૫૨ પર છે.

સૂત્ર ૯૦૫ - ૯૦૭, પૃ. ૪૫૩ - ૪૫૪

અહીં પણ નંદીશ્વર દ્વીપની પહોળાઈ અને પરિધિ **સંખ્યેય લાખ** યોજન દર્શાવવામાં આવી છે. શેષ સંખ્યાઓ **દાશમિક સંકેતના**માં છે.

સૂત્ર ૯૧૩, પૃ. ૪૬૦

અહીં ૧૦૦૦૦ યોજન પહોળાઈ તદનુસાર **પરિધિ** ૧૦૦૦૦×૩.૧૬૨૨૭ ગણવાથી ૩૧૬૨૨.૭ યોજન પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં એ ૩૧૬૨૩ યોજન લેવામાં આવી છે.

આ પ્રકારે સંખ્યાત શત સહસ્ત્ર યોજનની **પરિધિ** સૂત્ર ૯૨૧, પૃ. ૪૬૨ તથા સૂત્ર ૯૩૩, પૃ.૪૬૬માં પણ દર્શાવવામાં આવી છે.

સૂત્ર ૯૮૯, પૃ. ૧૩

રત્નપ્રભા પૃથ્વીના **અતિ સમ ભૂમિ ભાગ** માં **૭૯૦ યોજન**ની. ઊંચાઈ પર ઉપરની તરફ ૧૧૦ યોજનના વિસ્તૃત ક્ષેત્રમાં અસંખ્ય જ્યોતિષી સ્થાન તથા ત્રાંસા જ્યોતિષી દેવોના અસંખ્ય શતસહસ્ત્ર વિમાન આવાસ છે.

તિ.પ. ભાગ ૧/૭ ગાથા ૧૦૮માં 'ચિત્રા' પૃથ્વીથી ૭૧૦ **યોજન** ઉપર જઈને આકાશતલમાં ૧૧૦ યોજન માત્ર બાહલ્યમાં તારાઓના નગર છે' એવું કથન છે.

આ અંગે નીચે જણાવેલ લેખ દ્રષ્ટવ્ય છે

એસ. ડી. શર્મા તેમજ એસ.એસ. ત્રિશ્ક, લેટિટ્યૂડ ઓફ દી મૂન એજ ડિટરમિન્ડ ઈન જૈન એસ્ટ્રાનામી, શ્રમણ ભા. ૨૭, ક્ર.૨, ૧૯૭૫, પૃ. ૨૮-૩૫.

આ લેખમાં સૂર્યની ઊંચાઈ ૮૦૦ **યોજન** તથા ચંદ્રની ઊંચાઈ ૮૮૦ યોજન પર વિસ્તૃત વિવેચન કરીને એ **રહસ્ય** તરફ સંકેત આપ્યો છે જે સંભવતઃ આ ગણના અભિપ્રેત હતી.

સૂત્ર ૯૯૩, પૃ. ૧૭

જંબૂદ્વીપમાં તારાઓની સંખ્યા (૧૩૩૯૫૦) $(૧૦)^{૧૪}$ આપવામા આવી છે. એજ **સંખ્યા** તિ.પ. ભાગ ૧/૭ ગાથા ૪૯૪માં ઉલ્લેખિત છે. એ દાશમિક સંકેતનામાં છે.

સૂત્ર ૯૯૪, પૃ. ૧૮

લવણસમુદ્રમાં (૨૬૭૯૦૦) $(૧૦)^{૧૪}$ તારાઓની સંખ્યા આપવામાં આવી છે. જે તિ.પ. ભાગ ૧/૭ ગાથા ૫૯૯માં એ જ રૂપમાં આપેલ છે. અહીં પણ **દાશમિક સંકેત**ના છે. ગ્રહ ઉપર બન્નેમાં સરખા છે. નક્ષત્ર ૧૧૨ છે. જે બન્નેમાં સમાન છે. (અનુવાદ ફરીથી જુઓ)

| સૂત્ર ૯૯૬-૯૯૯ | પૃ. ૧૯-૨૩ |
|---|---|
| **દ્વીપ સમુદ્ર** | **તારાઓની સંખ્યા** |
| **ધાતકીખંડદ્વીપ** | (૮૦૩૭૦૦) $(૧૦)^{૧૪}$ |
| **કાલોદ સમુદ્ર** | (૨૮૧૨૯૫૦) $(૧૦)^{૧૪}$ |
| **પુષ્કરવરદ્વીપ** | (૯૬૪૪૪૦૦) (૧૦)૧૪ |
| **પુષ્કરાર્ધદ્વીપ** (આભ્યંતર) | (૪૮૨૨૨૦૦) $(૧૦)^{૧૪}$ |

ઉપરોક્ત પ્રમાણ તિ. ૫. ભાગ ૧/૭ ગાથા ૬૦૦, ૬૦૧, ૬૦૨માં (પુષ્કરવર દ્વીપ સિવાય) એ રૂપમાં વર્ણિત છે.

સૂત્ર ૧૦૦૦, પૃ. ૨૪

પુષ્કરોદ સમુદ્રમાં સંખ્યેય ચંદ્ર, સંખ્યેય સૂર્ય, સંખ્યેય ગ્રહ, સંખ્યેય નક્ષત્ર, સંખ્યેય કોટાકોટિ તારાગણ રૂપમાં સંખ્યાઓ વર્ણિત છે. **દાશમિક સંકેતના**નો ઉપયોગ તારાગણની સંખ્યાની સાથે કરવામાં આવ્યો છે. આ **ઐતિહાસિક રૂપ**માં મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૦૦૧, પૃ. ૨૪

**મનુષ્ય ક્ષેત્ર**માં ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય, ૧૧૬૧૬ મહાગ્રહ, ૩૬૯૬ નક્ષત્ર (૮૮૪૦૭૦૦) $(૧૦)^{૧૪}$ તારાગણ બતાવવામાં આવ્યા છે. તિ.પ. ભાગ ૧/૭ ગાથા,૬૦૬, ૬૦૭ તેમજ ૬૦૮માં એજ સંખ્યાઓ આપવામાં આવી છે. એ બધી **દાશમિક સંકેતનામાં** આપવામાં આવી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૧૦૦૪, પૃ. ૨૬

અહીં રૂચક દ્વીપમાં અસંખ્ય ચંદ્ર હોવાનું દર્શાવ્યું છે. અસંખ્ય કોટાકોટિ તારાગણ દર્શાવવામાં આવ્યા છે. અહીં પણ **દાશમિક સંકેતનાની** સાથે અસંખ્યનો ઉપયોગ **ઈતિહાસની દૃષ્ટિથી** મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૦૦૬, પૃ. ૨૭

જ્યોતિષ્કોનું અલ્પબહુત્વ (comparability) ઈતિહાસની દૃષ્ટિથી મહત્વપૂર્ણ છે. અહીં **તુલ્ય, અલ્પ, સંખ્યેય** ગણિતીય શબ્દ છે. તથા ચંદ્ર અને સૂર્ય તુલ્ય છે. બધાથી અલ્પ નક્ષત્ર છે. ગ્રહ સંખ્યેય ગુણ છે અને તારા સંખ્યેય ગુણ છે. આ ક્રમાનુસાર અલ્પબહુત્વની શૈલી છે.

સૂત્ર ૧૦૦૭, પૃ. ૨૭

મન્દર પર્વતથી ૧૧૨૧ યોજનના અંતરે **જ્યોતિષ્કગતિ** દર્શાવવામાં આવી છે. એ મહત્વપૂર્ણ તથ્ય છે. અહીંથી જ્યોતિષિઓના ગમનનો પ્રારંભ થાય છે. **આ શોધનો વિષય છે.**

સૂત્ર ૧૦૦૮, પૃ. ૨૮

લોકાન્તથી ૧૧૧૧ યોજનના અંતરે સ્થાને જ્યોતિષ્ક (આવેલા) જણાવવામાં આવ્યા છે. - આ પણ શોધનો વિષય છે.

સૂત્ર ૧૦૦૯, પૃ.૨૮ -

જ્યોતિષીઓની **ભૂભાગથી ઊંચાઈ**નું પ્રમાણ નિમ્નલિખિત રૂપમાં આપવામાં આવ્યું છે. જે મહત્વપૂર્ણ છે. આ ઊંચાઈનો અર્થ રહસ્યમય છે. કેમકે - યોજન ભિન્ન યોજનાઓની અનુસાર વિભિન્ન પ્રકારના આંગળો પર આધારિત, ભૂગોળ, જ્યોતિષ તથા ખગોળ પ્રમાણોને માટે યોજનાબધ્ધ રૂપમાં બાંધવામાં આવ્યા હશે. તેથી એ **ગહન શોધ**નો વિષય છે. તો પણ આના પર શર્મા, ત્રિશ્ક અને જૈનને શોધ લેખાદિ લખ્યા છે જે રહસ્યના એક અંશને પ્રકાશિત કરે છે.

| **જ્યોતિષીનું નામ** | **રત્નપ્રભા પૃથ્વીના અતિસમ ભૂભાગથી ઊંચાઈ** |
|---|---|
| **તારા** (નીચેના) | ૭૯૦ યોજન |
| **ચંદ્ર** | ૮૮૦ યોજન |
| **સૂર્ય** | ૮૦૦ યોજન |
| **તારા** (ઊપરના) | ૯૦૦ યોજન |

તિ. પ. ભાગ ૧/૭ની અનુસાર જ્યોતિષી નિમ્નલિખિત રૂપમાં આપવામાં આવ્યા છે.

| **જ્યોતિષીના નામ** | **ચિત્રા પૃથ્વીથી ઊપરનું માપ** | **ગાથા** |
|---|---|---|
| **ચંદ્ર** | ૮૮૦ યોજન | ૩૬ |
| **સૂર્ય** | ૮૦૦ યોજન | ૬૫ |
| **ગ્રહ** | ૮૮૮ યોજન (બાર યોજન માત્ર બાહલ્ય) | ૮૨ |
| **બુધ** | ૮૮૮ યોજન | ૮૩ |
| **શુક્ર** | ૮૯૧ યોજન | ૮૯ |
| **ગુરૂ** | ૮૯૪ યોજન | ૯૩ |
| **મંગળ** | ૮૯૭ યોજન | ૯૬ |
| **શનિ** | ૯૦૦ યોજન | ૯૯ |
| **અવશિષ્ટ ગ્રહ** | (બુધ અને શનિની અંતરાલ ૮૮૮ થી ૯૦૦ યોજનની વચમાં) | ૧૦૧ |
| **નક્ષત્ર** | ૮૮૪ યોજન | ૧૦૪ |
| **તારા** | ૭૯૦ યોજન (૧૧૦ યોજન માત્ર બાહલ્યમાં ) | ૧૦૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે પૂર્વોક્ત પ્રમાણ **ઐતિહાસિક દૃષ્ટિથી** એના રહસ્યનું ઉદ્‌ઘાટન થવાને કારણે અત્યંત મહત્વપૂર્ણ સિધ્ધ થઈ શકે છે. આ સાથે આધુનિક રૂપમાં એને **સ્થિતિ**ના સંબંધમાં તથા **ગતિશીલતાના** સંબંધમાં સ્વરૂપ સહિત સ્પષ્ટ કરી શકાય છે.

સૂત્ર ૧૦૧૦, પૃ. ૩૨-૩૩

જ્યોતિષિઓનો **આયામ-વિષ્કંભ** પરિધિ તેમજ **બાહલ્ય-**

| **નામ** | **આયામ વિષ્કંભ** | **પરિધિ** | **બાહલ્ય** |
|---|---|---|---|
| **ચંદ્ર** | $\frac{૫૬}{૬૧}$ યોજન | $\frac{૫૬}{૬૧}\times$૩ યોજન | $\frac{૨૮}{૬૧}$ યોજન |
| **સૂર્ય** | $\frac{૪૮}{૬૧}$ યોજન | $\frac{૪૮}{૬૧}\times$૩ યોજન | $\frac{૨૪}{૬૧}$ યોજન |
| **ગ્રહ** | $\frac{૧}{૨}$ યોજન | $\frac{૧}{૨}\times$૩ યોજન | ૧ કોસ |
| **નક્ષત્ર** | ૧ કોસ | ૧$\times$૩ કોસ | $\frac{૧}{૨}$ કોસ |
| **તારા** | $\frac{૧}{૨}$ કોસ | $\frac{૧}{૨}\times$૩ કોસ | ૫૦૦ ધનુષ |

તિલોયપણ્ણતિ ભાગ ૧/૭ માં ઉપલબ્ધ માન આ પ્રકારે છે -

| **નામ** | **આકાર** | **ઉપરિતલનો વિસ્તાર** | **પરિધિ** | **બાહલ્ય** | **ગાથાઓ** |
|---|---|---|---|---|---|
| **ચંદ્ર** | અર્ધ્ધગોલક | $\frac{૫૬}{૬૧}$ યોજન | બે યોજનથી કંઈક વધારે | $\frac{૨૮}{૬૧}$ યોજન | ૩૭,૩૯, ૪૦ |
| **સૂર્ય** | અર્ધ્ધગોલક | $\frac{૪૮}{૬૧}$ યોજન | બે યોજનથી વધારે | $\frac{૨૪}{૬૧}$ યોજન | ૬૬,૬૮,૬૯ |
| **બુધ** | અર્ધ્ધગોલક | $\frac{૧}{૨}$ કોસ | ૧$\frac{૧}{૨}$ કોસથી વધારે | $\frac{૧}{૪}$ કોસ | ૮૪,૮૫ |
| **શુક્ર** | અર્ધ્ધગોલક | ૧કોસ | ૩ કોસથી વધારે | $\frac{૧}{૨}$ કોસ | ૯૦,૯૧, ૯૨ |
| **ગુરૂ** | અર્ધ્ધગોલક | કોસનો ઘણોભાગ | — | | ૯૪,૯૫ |
| **મંગળ** | અર્ધ્ધગોલક | $\frac{૧}{૨}$ કોસ | — | $\frac{૧}{૪}$ કોસ | ૯૭,૯૮ |
| **શનિ** | | $\frac{૧}{૨}$ કોસ | — | | ૧૦૦ |
| **અવશિષ્ટ ગ્રહ** | અર્ધ્ધગોલક | | — | | ૧૦૨ |
| **નક્ષત્ર** | અર્ધ્ધગોલક | ૧ કોસ | — | $\frac{૧}{૨}$ કોસ | ૧૦૫, ૧૦૬ |
| **તારા** | અર્ધ્ધગોલક | ઉત્કૃષ્ટ ૨૦૦૦ ધનુષ | — | | ૧૦૯ |
| | | જઘન્ય ૫૦૦ ધનુષ | — | | ૧૧૦ |
| | | મધ્યમ ૧૫૦૦ ધનુષ | — | | ૧૧૧ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૧૦૧૧, પૃ. ૩૪

આ સૂત્રમાં વિભિન્ન પ્રકારની **ગતિઓ** તથા **બલ**નું વિવરણ છે.

**ગમન-ગતિ**-ઇચ્છાનુસાર, પ્રીતિકર, મન જેવી વેગવતી અમિત.

**ગતિ** - કુટિલ ગતિ, લલિત ગતિ, આકાશ ગતિ, ચક્રવાલ ગતિ, ચપલ ગતિ, ગર્વિત ગતિ, પુલિત (આકાશ) ગતિ, ચંચલ ગતિ.

**બલ** - અમિત

**શિક્ષા-ગતિ** -લંઘન (ઓળંગવું), વલ્ગન (કૂદવું), ધાવન (દોડવું), ધોરણ (ગતિ ચાતુર્ય), ત્રિપદી (ભૂમિ પર ત્રણ પગ મુકવા) જવિની (વેગવતી)

**દાશમિક સંકેતના**માં સંખ્યાઓ ૧૬૦૦૦, ૮૦૦૦, તથા ૨૦૦૦ છે.

સૂત્ર ૧૦૧૨, પૃ. ૪૦

અહીં **અલ્પબહુત્વ** અનંતગુણા રૂપમાં આપવામાં આવ્યું છે.

સૂત્ર ૧૦૧૩, પૃ. ૪૨

અહીં **દાશમિક સંકેતના**નો ઉપયોગ છે.

સૂત્ર ૧૦૧૪, પૃ. ૪૪

સૂર્ય એક મુહૂર્તમાં મંડળના ૧૦૯૮૦૦ ભાગોંથી પરિધિના ૧૮૩૫ ભાગ ગતિ કરે છે.

ચંદ્રમાં એક મુહૂર્તમાં મંડળના ૧૦૯૮૦૦ ભાગમાંથી પરિધિના ૧૮૩૦ ભાગ (જેટલી) **ગતિ** કરે છે.

તિ. પ. ભાગ ૧/૭માં આ ભાગોને **ગયણખંડ** (ગગનખંડ) કહેવામાં આવ્યા છે.

સૂત્ર ૧૦૧૫, પૃ. ૪૫

ગતિ **અલ્પબહુત્વ**માં શીઘ્ર, અલ્પનો ઉપયોગ થયો છે.

સૂત્ર ૧૦૧૬, પૃ. ૪૫-૪૬

ઋધિ **અલ્પબહુત્વ**માં મહા અને અલ્પનો ઉપયોગ થયો છે.

સૂત્ર ૧૦૧૭, પૃ. ૪૬

અહીં ચંદ્ર સૂર્યાદિના સમૂહના અલગ-અલગ સમૂહો માટે પિટક શબ્દનો પણ પ્રયોગ થયો છે. પ્રાકૃતમાં એને **પિડય** કે **પિડગ** કહેવામાં આવ્યા છે. પિટકનો શબ્દાર્થ સન્દૂક, પિટારી (દાબડો કે પેટી ) વગેરે થઈ શકે છે. પ્રત્યેક પિટકમાં બે ચંદ્ર, બે સૂર્ય, ૧૭૬ ગ્રહ, **૫૬** નક્ષત્ર છે. આ પ્રમાણે ૬૬ પિટક ગ્રહો તથા **નક્ષત્રો મનુષ્ય** લોકમાં છે. **પિટક** શબ્દ મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૦૧૮, પૃ. ૪૬

અહીં **પંક્તિઓ** શબ્દ મહત્વપૂર્ણ છે. પ્રત્યેક પંક્તિમાં ૬૬ ચંદ્ર - સૂર્ય છે. એવી ૪ પંક્તિઓ મનુષ્ય લોકમાં છે.

પ્રત્યેક **પંક્તિમાં** ૬૬ ગ્રહ છે. ગ્રહોની ૧૭૬ પંક્તિઓ મનુષ્ય લોકમાં છે.

પ્રત્યેક **પંક્તિમાં** ૬૬ નક્ષત્ર છે. નક્ષત્રોની ૫૬ પંક્તિઓ છે.

સૂત્ર ૧૦૧૯, પૃ. ૪૬

ચંદ્ર, સૂર્ય, ગ્રહોમાં **બધા મંડળ** (વીથીઓ) **અનવસ્થિત** અસ્થિર છે. તે મેરૂની પ્રદક્ષિણા કરે છે. એ 'અનવસ્થિત (શબ્દ) અત્યંત મહત્વપૂર્ણ છે.

નક્ષત્ર અને તારાઓમાં બધા મંડળ **અવસ્થિત** સ્થિર છે અને તે પણ મેરૂની પ્રદક્ષિણા કરે છે.

સૂત્ર ૧૦૨૦, પૃ. ૪૭

અહીં મહત્વપૂર્ણ તથ્ય એ છે કે - ચંદ્ર સૂર્ય કેવલ પોત-પોતાના મંડળો- આભ્યન્તર, બાહ્ય તથા તિર્યક્ક્ષેત્રમાં મંડળ સંક્રમણ કરે છે. પણ મંડળોથી **ઉર્ધ્વ** અને **અધો** ક્ષેત્રમાં **સંક્રમણ** કરતા નથી. એના આ પ્રકારે orbital planes છે. (જે) આધુનિક સંદર્ભમાં તુલના કરવા યોગ્ય છે.

સૂત્ર ૧૦૨૧, પૃ.૪૭

અહીં મનુષ્ય ક્ષેત્રમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા અસ્થિર તથા **મનુષ્ય ક્ષેત્રની** બાહર તે અવસ્થિત (ગતિ - સંચરણ હીન) દર્શાવાવામાં આવ્યાં છે. આ **શોધ**નો વિષય છે તથા આધુનિક સંદર્ભમાં ઉપયુક્ત છે.

સૂત્ર ૧૦૨૨, પૃ. ૪૭

દ્વીપ સમુદ્રોના જ્યોતિષ્કોની સંખ્યા કાઢવા માટેની પ્રારંભિક વિધિ આપવામાં આવી છે. તિ. પ. ૧/૭, પૃ. ૭૬૪ વગેરેમાં સપરિવાર ચંદ્રો લાવવાનું વિધાન (કથન) દૃષ્ટવ્ય છે. અહીં **રજુ (દોરડા) ના અર્દ્ધચ્છેદ** તેમજ અન્ય ગણનાનું અવલંબન કરવામાં આવ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૧૦૨૪, પૃ.૪૮

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, અને નક્ષત્રોના યોગ અંગે નિયમ દર્શાવવામાં આવ્યા છે. આ અંગે ચંદ્ર સૂર્યનો ગ્રહ-નક્ષત્રોથી અથવા વિલોમરૂપેણ પૂર્વ-પશ્ચિમથી કે દક્ષિણ-ઉત્તરથી **યોગયુક્તિ** થાય છે. નક્ષત્ર મંડળના કુલ વિભાગોની સંખ્યા ૧૦૯૮૦૦ છે.

સૂત્ર ૧૦૨૫, પૃ. ૪૯

એક મુહૂર્તમાં **નક્ષત્ર** સૂર્યની અપેક્ષા એ ૫ ભાગ મંડળ વધુ તથા ચંદ્રમાથી ૬૭ ભાગ વધુ ગતિ કરે છે.

| | |
|---|---|
| **નક્ષત્ર** | ૧૮૩૫ ભાગ મંડળના - |
| **સૂર્ય** | ૧૮૩૦ ભાગ મંડળના - |
| **ચંદ્ર** | ૧૭૬૮ ભાગ મંડળના ગતિ કરે છે. |

સૂત્ર ૧૦૨૬, પૃ. ૪૯

સૂર્યપ્રજ્ઞપ્તિના દશમાં પાહુડનો બીજો અન્તર પાહુડ જુઓ.

ચંદ્ર તેમજ નક્ષત્ર યોગમાં અહીં અભિજિત્ નક્ષત્ર સાથેનો **ચંદ્રમાનો યોગકાળ** કાઢવા માટે એ જ્ઞાત છે કે - અભિજિત્ નક્ષત્ર ગગનમંડળના ૬૩૦ ભાગોમાં વ્યાપ્ત છે. ચંદ્ર કરતા નક્ષત્ર (ની) ગતિ ૬૭ મંડળ ભાગ વધુ હોવાથી આ **સાપેક્ષ રાશિ** દ્વારા ૬૩૦ ને ભાગવાથી $\frac{૬૩૦}{૬૭}$ અથવા ૯ મુહૂર્ત તેમજ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત યોગકાળ પ્રાપ્ત થઈ જાય છે. એનો **વિલોમરૂપેણ** પણ સિધ્ધ કરી શકાય છે.

આ પ્રમાણે શ્રવણ નક્ષત્રનો **ગગન મંડળ** (માં) ફેલાવો ૨૦૧૦ ભાગમાં છે. તેથી ચંદ્ર સાથે આ નક્ષત્રનો યોગકાળ $\frac{૨૦૧૦}{૬૭}$ અથવા ૩૦ મુહૂર્ત જેટલો રહેશે.

આ પ્રકારે જે નક્ષત્રોનો ફેલાવો ૧૦૦૫ **ગગનખંડો**માં છે. એનો ચંદ્ર સાથેનો યોગ કાળ $\frac{૧૦૦૫}{૬૭}$ = ૧૫ મુહૂર્ત થશે. વળી જે નક્ષત્રોનો ફેલાવો ૩૦૧૫ મંડળ ભાગ છે. એનો ચંદ્ર સાથેનો યોગ કાળ $\frac{૩૦૧૫}{૬૭}$ = ૪૫ મુહૂર્ત થશે.

આગળની ગાથામાં આ પ્રકારે ચંદ્ર **ગ્રહ યોગકાળ**નો સંખ્યા રહિત ઉલ્લેખ છે.

મૂળ ૧૦૨૮, પૃ. ૫૦

અહીં સૂર્ય **નક્ષત્ર યોગકાળ**નું વિવરણ છે. **અભિજિત્ નક્ષત્ર**નો ફેલાવો ૬૩૦ **ગગનખંડ** હોવાથી તથા **સાપેક્ષગતિ** સૂર્યની ૫ **ગગનખંડ** ઓછી હોવાથી **યોગકાળ** $\frac{૬૩૦}{૫}$ = ૧૨૬ મુહૂર્ત અથવા ૪ અહોરાત્રિ તેમજ ૬ મુહૂર્ત છે.

આ પ્રકારે ૧૦૦૫ ફેલાવાવાળા નક્ષત્રનો સૂર્ય સાથેનો **યોગકાળ** $\frac{૧૦૦૫}{૫}$ = ૨૦૧ મુહૂર્ત અથવા ૬ અહોરાત્રિ ૨૧ મુહૂર્ત થાય છે. જે નક્ષત્રોનો ફેલાવો ૨૦૧૦ ગગનખંડ હશે. એનો સૂર્ય સાથે યોગકાળ $\frac{૨૦૧૦}{૫}$ = ૪૦૨ અથવા ૧૩ અહોરાત્ર ૧૨ મુહૂર્ત થાય છે. એ પ્રમાણે જે નક્ષત્રોનો ફેલાવો ૩૦૧૫ મંડળ ભાગ હોય છે. તે **સૂર્ય સાથે** યોગ $\frac{૩૦૧૫}{૫}$ = ૬૦૩ મુહૂર્ત અથવા ૨૦ અહોરાત્ર તેમજ ૩ મુહૂર્ત સુધી કરે છે.

આગળના સૂત્રમાં **સૂર્ય-ગ્રહ યોગકાળનો** સંખ્યા રહિત ઉલ્લેખ છે.

સૂત્ર ૧૦૩૦, પૃ. ૫૧

એક **અહોરાત્ર**માં ૩૦ **મુહૂર્ત** હોય છે. એક **મુહૂર્ત**માં ચંદ્રનું ગમન (ગતિ) ૧૭૬૮ **ગગનખંડ** થાય છે. ∴ ૩૦ મુહૂર્તમાં ૫૩૦૪૦ **ગગનખંડ** થશે. કુલ મંડળ **ગગનખંડ** ૧૦૯૮૦૦ છે જેના **અર્ધમંડળ** ૫૪૯૦૦ થાય છે. તેથી ચંદ્ર એક અહોરાત્રમાં એક **અર્ધમંડળ**માં ૧૮૬૦ ભાગ ઓછો ચાલે છે અને **અર્ધમંડળ**ના નવસો પંદર ભાગોમાંથી ૩૧ ભાગ ઓછા પર્યંત ચંદ્રનીગતિ બતાવવામાં આવી છે. આ કયા આધારે બતાવવામાં આવી છે- એ શોધનો વિષય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રષ્ટવ્ય છે કે - અનુપાત $\frac{૫૩૦૪૦}{૫૪૯૦૦}$ = ૧ – $\frac{૩૧}{૯૧૫}$ થાય છે. તેથી અનુવાદનો અર્થ ઉક્ત હોવો જોઈએ.

આ પ્રકારે સૂર્ય ગમન ૩૦ મુહૂર્તમાં ૧૮૩૦ × ૩૦ = ૫૪૯૦૦ **ગગનમંડળ ખંડ** અથવા **અર્ધ્ધમંડળ** થાય છે. આ પ્રમાણે નક્ષત્ર ગમન ૩૦ મુહૂર્તમાં ૧૮૩૫×૩૦ = ૫૫૦૫૦ **ગગનખંડ** થાય છે. એક **અહોરાત્ર**માં નક્ષત્ર ૧૫૦ ખંડ વધુ એક **અર્ધ્ધમંડળ** ચાલે છે. અનુપાત અપેક્ષા $\frac{૫૫૦૫૦}{૫૪૯૦૦}$ = ૧ + $\frac{૨}{૭૩૨}$ અર્ધ્ધમંડળ ચાલે છે.

ભિન્નની ઉપરોક્ત પ્રણાલી **ઐતિહાસિક દષ્ટિ**થી અત્યંત મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૦૩૧, પૃ. ૫૧

(૧) ચંદ્રમા પ્રત્યેક મંડળને કેટલા મુહૂર્તમાં પૂર્ણ કરે છે ?

અહીં અનુપાત રૂપમાં ગણના કરાવામાં આવી છે. ચંદ્રમાને ૧૭૬૮ મંડળ ચાલવા માટે ૧૮૩૦×૨ **અહોરાત્ર** લાગે છે. વળી અને જો એક મંડળ સંપૂર્ણ કરવું પડે તો $\frac{૧૮૩૦ × ૨}{૧૭૬૮}$ મુહૂર્ત અર્થાત્ $\frac{૯૧૫}{૪૪૨}$ અથવા ૨ $\frac{૩૧}{૪૪૨}$ અહોરાત્ર લાગશે.

(૨) સૂર્ય પ્રત્યેક મંડળને કેટલા મુહૂર્તમાં પૂર્ણ કરે છે ?

અહીં પણ અનુપાત એ પ્રમાણે થશે. ૧૮૩૦ મંડળ સૂર્ય ૧૮૩૦×૨ અહોરાત્રમાં પૂર્ણ કરે છે. જો ૧મંડળ પૂર્ણ કરવું પડે તો એને $\frac{૧૮૩૦ × ૨}{૧૮૩૦}$ **અહોરાત્ર** અથવા ૨ **અહોરાત્ર** લાગશે.

(૩) બીજી રીતે ૧૭૬૮ ભાગ મંડળ ના ૧ અંતર્મુહૂર્તમાં ∴ ૧ **અહોરાત્રમાં** ૧૭૬૮×૩૦ ભાગ ચંદ્ર ચાલે છે. તેથી ૧૦૯૮૦૦ કે ૧ મંડળના ભાગોને પૂર્ણ કરવામાં ચંદ્રને $\frac{૧૦૯૮૦૦}{૧૭૬૮ × ૩૦}$ = ૨ $\frac{૩૧}{૪૪૨}$ **અહોરાત્ર** (જેટલો સમય) થાય છે.

આ પ્રકારે સૂર્ય સાથે પણ ઘટિત કરવું જોઈએ.

સૂત્ર ૧૦૩૨, પૃ. ૫૨

ચંદ્ર ૧ **યુગમાં કેટલા મંડળ** ચાલે છે ?

૧ યુગમાં **સમ્પૂર્ણ મુહૂર્ત સંખ્યા** ૫૪૯૦૦ થાય છે. ચંદ્ર ૧ મુહૂર્તમાં ૧૭૬૮ ભાગ ગમન (ગતિ) કરે છે.

∴ ૧ યુગમાં ચંદ્ર વડે ચાલેલા ભાગ કુલે -

૫૪૯૦૦×૧૭૬૮ = ૯૭૦૬૩૨૦૦ મંડળ કેમકે - ૧૦૯૮૦૦ ભાગનો એક મંડળ થાય છે.

∴ ૯૭૦૬૩૨૦૦ ભાગોનાં $\frac{૯૭૦૬૩૨૦૦}{૧૦૯૮૦૦}$ મંડળ થાય છે.

અર્થાત્ $\frac{૯૭૦૬૩૨૦૦}{૧૦૯૮૦૦}$ = ૮૮૪ મંડળ

આ પ્રકારે સૂર્ય ૧ યુગમાં કેટલા મંડળ ચાલે છે ?

૧ યુગમાં **સમ્પૂર્ણ મુહૂર્ત સંખ્યા** ૫૪૯૦૦ થાય છે.

સૂર્ય ૧ મુહૂર્તમાં ૧૮૩૦ ભાગ ચાલે છે.

∴ ૧ યુગમાં સૂર્ય દ્વારા ચાલવામાં આવેલા કુલ ભાગ = ૫૪૯૦૦×૧૮૩૦

ફરી ૧૦૯૮૦૦ ભાગોનું એક મંડળ થાય છે.

∴ ૫૪૯૦૦×૧૮૩૦ ભાગોમાં $\frac{૫૪૯૦૦ × ૧૮૩૦}{૧૦૯૮૦૦}$ = ૯૧૫ મંડળ.

આ પ્રકારે **નક્ષત્ર** ૧ યુગમાં કેટલા મંડળ ચાલે છે ?

આ એક યુગમાં સમસ્ત સંખ્યા ૫૪૯૦૦ થાય છે. નક્ષત્ર ૧ મુહૂર્તમાં ૧૮૩૫ ભાગ ચાલે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

∴ નક્ષત્ર ૫૪૯૦૦ મુહૂર્તોમાં ૫૪૯૦૦×૧૮૩૫ ભાગ ચાલે છે. ∴ ૧૦૯૮૦૦ ભાગોનુ એક મંડળ થાય છે.

∴ ૫૪૯૦૦×૧૮૩૫ ભાગોના $\frac{૫૪૯૦૦ \times ૧૮૩૫}{૧૦૯૮૦૦}$ મંડળ

અથવા $\frac{૧૮૩૫}{૨}$ મંડળ કે ૧૮૩૫ અર્ધ્ધમંડળ પૂર્ણ કરે છે.

સૂત્ર ૧૦૩૩, પૃ. ૫૨

ચંદ્ર માસમા ચંદ્ર કેટલા **મંડળ** સુધી ગતિ કરે છે ? અહીં એ (ગણત્રી) કરવા માટે જ્ઞાત થવું જોઈએ કે - એક પંચવર્ષીય યુગમાં ૧૨૪ પર્વ હોય છે. અને ૮૮૪ મંડળ થાય છે. એક ચંદ્રમાસમાં બે પર્વણી થાય છે. એક ચંદ્ર માસમાં $\frac{૮૮૪ \times ૨}{૧૨૪}$ મંડળ થશે અથવા ૧૪ $\frac{૩૨}{૧૨૪}$ મંડળ થશે. ગ્રંથમાં એને પંદરમાં મંડળના ચોથા ભાગ તથા મંડળના ૧૨૪ ભાગોમાંથી ૧ ભાગ તથા પૂર્ણ ચૌદ મંડળ દર્શાવવામાં આવ્યા છે. વાસ્તવમાં ૧૨૪ ભાગોનો ચોથો ભાગ ૩૧ (ભાગ) થાય છે. અને ૧ ભાગ સહિત એ ૧૨૪માંથી કુલ ૩૨ ભાગ થાય છે. અસ્તુ

વળી ચંદ્ર માસમાં સૂર્ય કેટલા **મંડળ** ગતિ કરે છે ? એક યુગમાં સૂર્યના ૯૧૫ મંડળ થાય છે. ચંદ્ર માસમાં ૨ પર્વ હોય છે. આ પ્રકારે ૧૨૪ પર્વોમાં ૯૧૫ સૂર્ય મંડળ હોય છે. એટલે ૨ પર્વોમાં $\frac{૯૧૫ \times ૨}{૧૨૪} = \frac{૧૮૩૦}{૧૨૪} =$ ૧૪ $\frac{૯૪}{૧૨૪}$ મંડલ પ્રાપ્ત થાય છે. અહીં ૯૪=(૧૨૩ × $\frac{૩}{૪}$) +૧ થાય છે. જે ગ્રંથમાં ઉલ્લેખિત છે.

આ પ્રમાણે ચંદ્ર માસમાં નક્ષત્ર કેટલા મંડળ ગતિ કરે છે ? આ નક્ષત્રના ૧ યુગમાં ૧૮૩૫ **અર્ધ્ધમંડળ** હોય છે. અને ચંદ્રમાસમાં ૨ પર્વ હોય છે. એટલે ૧૨૪ પર્વોમાં $\frac{૧૮૩૫}{૨}$ નક્ષત્રોના મંડળ થાય છે. એટલે ૨ પર્વમાં $\frac{૧૮૩૫}{૨} \times \frac{૨}{૧૨૪} = \frac{૧૮૩૫}{૧૨૪} =$ ૧૪ $\frac{૯૯}{૧૨૪}$ મંડળ પ્રાપ્ત થાય છે. અહીં ૯૯ = (૧૨૪×$\frac{૩}{૪}$) +૬ થાય છે. એટલે ગ્રંથમાં ઉલ્લેખિત માન પ્રાપ્ત થાય છે.

સૂત્ર ૧૦૩૪ પૃ. ૫૩

આદિત્યમાસમાં ચંદ્ર કેટલા મંડળ પર્યન્ત ગતિ કરે છે? અહીં એક યુગમાં ૬૦ સૌરમાસ થાય છે. અને ૮૮૪ મંડળ થાય છે. તેથી ૧ સૌર માસમાં $\frac{૮૮૪}{૬૦}$ = ૧૪ $\frac{૧૧}{૧૫}$ મંડળ પ્રાપ્ત થાય છે.

**આદિત્યમાસમાં** સૂર્ય કેટલા મંડળ ચાલે છે ? અહીં એક યુગમાં ૬૦ સૌર માસ થાય છે. અને ૯૧૫ ચંદ્ર મંડળ થાય છે. તેથી ૧ સૌર માસમાં $\frac{૯૧૫}{૬૦}$ = ૧૫ $\frac{૧}{૪}$ મંડળ પ્રાપ્ત થાય છે.

**આદિત્યમાસમાં નક્ષત્ર** કેટલા **મંડળ** ચાલે છે ? અહીં ૧ યુગમાં ૬૦ સૌર માસ અને $\frac{૧૮૩૫}{૨}$ નક્ષત્ર મંડળ થાય છે. તેથી ૧ સૌર માસમાં $\frac{૧૮૩૫}{૨} \times \frac{૧}{૬૦}$ = ૧૫ $\frac{૩૫}{૧૨૦}$ મંડળ પ્રાપ્ત થાય છે. અહીં ગ્રંથમાં ૧૨૦ની જગ્યાએ ૧૨૪ લખવામાં આવ્યુ છે. તે પ્રામાણિક નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૧૦૩૫, પૃ. ૫૩

નક્ષત્ર માસમાં ચંદ્ર કેટલા **મંડળ** ચાલે છે. ૧ યુગમાં ૬૭ નક્ષત્ર માસ અને ૮૮૪ ચંદ્ર મંડળ થાય છે. તે માટે ૧ નક્ષત્ર માસમાં $\frac{૮૮૪}{૬૭}$ = ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ થશે.

સૂત્ર ૧૦૩૫, પૃ. ૫૩

નક્ષત્ર માસમાં સૂર્ય કેટલા મંડળ ચાલે છે ?

અહીં **પંચવર્ષાત્મક** ૧ યુગમાં ૬૭ **નક્ષત્ર માસ** અને ૯૧૫ **સૌર મંડળ** થાય છે. તેથી ૧ નક્ષત્ર માસમાં $\frac{૯૧૫}{૬૭}$ = ૧૩ $\frac{૪૪}{૬૭}$ મંડળ થાય છે.

નક્ષત્રમાસમાં નક્ષત્ર કેટલા મંડળ ચાલે છે ? અહીં ૧ યુગમાં ૬૭ નક્ષત્ર માસ તથા $\frac{૧૮૩૫}{૨}$ નક્ષત્ર મંડળ થાય છે. તેથી ૧ નક્ષત્ર માસમાં $\frac{૧૮૩૫}{૨} \times \frac{૧}{૬૭}$ = ૨૭ $\frac{૨૬}{\frac{૬૭}{૨}}$ અથવા ૧૩ $\frac{૪૬^{\frac{૧}{૨}}}{૬૭}$ મંડળ થાય છે. આ ગ્રંથમાં ૪૬$\frac{૧}{૨}$ ની જગ્યા એ ૪૭$\frac{૧}{૨}$ આપવામાં આવી છે. જે પ્રમાણિક પ્રતીત નથી થતું.

સૂત્ર ૧૦૩૬, પૃ. ૫૩ - ૫૪

**ઋતુમાસમાં** ચંદ્ર કેટલા મંડળ ચાલે છે ? ૧ યુગમાં ૬૧ **ઋતુ કે કર્મ** માસ થાય છે. અને ૮૮૪ ચંદ્ર મંડળ થાય છે. આ માટે ૧ **ઋતુમાસમાં** $\frac{૮૮૪}{૬૧}$ = ૧૪ $\frac{૩૦}{૬૧}$ મંડળ થાય છે.

**ઋતુમાસમાં સૂર્ય** કેટલા **મંડળ** ચાલે છે ? ૧ યુગમાં ૬૧ **ઋતુમાસ** અને ૯૧૫ **સૂર્ય મંડળ** હોય છે. તેથી ૧ **ઋતુમાસમાં** $\frac{૯૧૫}{૬૧}$ = ૧૫ મંડળ થાય છે.

**ઋતુમાસ**માં નક્ષત્ર કેટલા મંડળ ચાલે છે ? ૧ યુગમાં ૬૧ **ઋતુમાસ** અને $\frac{૧૮૩૫}{૨}$ નક્ષત્ર મંડળ હોય છે. તેથી ૧ ઋતુમાસમાં $\frac{૧૮૩૫}{૨} \times \frac{૧}{૬૧}$ = ૧૫ $\frac{૫}{૧૨૨}$ મંડળ થાય છે.

સૂત્ર ૧૦૩૭, પૃ. ૫૪

**અભિવર્ધિતમાસમાં** ચંદ્ર કેટલા મંડળ ચાલે છે. ૧ **અભિવર્ધિત** સવત્સર વાળા યુગમાં ૫૭ માસ ૭ અહોરાત્ર ૧૧ $\frac{૨૩}{૬૨}$ મુહૂર્ત હોય છે. (સૂ. પ્ર. ભાગ ૨, પૃ. ૪૬૦ )

ત્રૈરાશિક માટે આ સંખ્યામાં ૧૫૬ સાથે ગુણાકાર કરવાથી ૧૫૬ યુગમાં ૮૯૨૮ પરિપૂર્ણ અભિવર્ધિત માસ થાય છે. એ અહીં અનુમાનથી જાણવામાં આવ્યું છે.

હવે ૮૯૨૮ અભિવર્ધિત માસથી ૧૫૬ યુગમાં ભાવિ ચંદ્ર મંડળ સંખ્યા ૮૮૪ × ૧૫૬ = ૧૩૭૯૦૪ હોય છે. એટલે ૧ અભિવર્ધિત માસમાં $\frac{૧૩૭૯૦૪}{૮૯૨૮}$ = ૧૫ $\frac{૩૯૮૪}{૮૯૨૮}$ = ૧૫ $\frac{૮૩}{૧૮૬}$ પ્રાપ્ત થાય છે. જે ગ્રંથમાં ૧૫ $\frac{૮૩}{૮૬}$ કહેવામાં આવી છે. આ **શોધ**નો વિષય છે. એને સૂ.પ્ર. ભાગ ૨, પૃ. ૭૭૬માં **"पण्णरस मण्डलाइ तेसीति छलसीय सय भागे मंडलस्स"** ઉધ્ધૃત કરવામાં આવ્યું છે.

એક **અભિવર્ધિતમાસમાં સૂર્ય** કેટલા **મંડળ** ચાલે છે? ૧૫૬ યુગમાં ૮૯૨૮ અભિવર્ધિત માસ ૯૧૫ ×૧૫૬ = ૧૪૨૭૪૦ સૂર્ય મંડળ હોય છે. તેથી ૧ અભિવર્ધિત માસમાં $\frac{૧૪૨૭૪૦}{૮૯૨૮}$ = ૧૫ $\frac{૮૮૨૦}{૮૯૨૮}$ = ૧૫ $\frac{૨૪૫}{૨૪૮}$ (ઉપર નીચે ૩૬નો અંશ અને હરને છેદવાથી)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક **અભિવર્ધિત** માસમાં **નક્ષત્ર** કેટલા **મંડળ** ચાલે છે ? ૧૫૬ યુગમાં ૮૯૨૮ અભિવર્ધિત માસ તથા $\frac{૧૮૩૫}{૨}$ × ૧૫૬ = ૧૪૩૧૬૦ મંડળ નક્ષત્ર ચાલે છે. તેથી ૧ અભિવર્ધિત માસમાં $\frac{૧૪૩૧૩૦}{૮૯૨૮}$ = ૧૬ $\frac{૨૮૨}{૮૯૨૮}$ = ૧૬ $\frac{૪૭}{૧૪૮૮}$ **નક્ષત્ર મંડળ** પ્રાપ્ત થાય છે. (સૂ. પ્ર. ભાગ ૨, પૃ. ૭૭૯ )

સૂત્ર ૧૦૩૯, પૃ. ૫૫

અહીં ગાથામાં વિભિન્ન કાળોમાં **ચંદ્ર ઉદય**ની **દિશાઓ** આપવામાં આવી છે જે **ઐતિહાસિક** દૃષ્ટિથી મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૦૪૧, પૃ. ૫૫ - ૫૬

અહીં ચંદ્રની **વૃધ્ધિ હાનિનું** કારણ એનું **રાહુ** વડે આવૃત (ઢંકાઈ જવું) થઈ જવાનું બતાવવામાં આવ્યું છે. દરરોજ પંદરમાં ભાગને બાસઠિયો ભાગ પણ કહેવામાં આવ્યો છે. અર્થાત્ ૬૨માંથી ૧૫ ભાગ કરવાથી ૪ $\frac{૨}{૧૫}$ ભાગ પ્રતિદિન આચ્છાદિત અથવા અનાવૃત થવો માનવામાં આવશે.

સૂત્ર ૧૦૪૨, પૃ. ૫૬ - ૫૭

શુકલપક્ષમાં ચંદ્ર **રાહુ** દ્વારા ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત અનાવૃત થાય છે. અને કૃષ્ણપક્ષમાં ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત આચ્છાદિત થાય છે.

૬૨ ભાગ અનાવૃત / આચ્છાદન દરરોજ (થતુ) માનવાથી ૯૩૦ કલ્પિત ભાગ થાય છે. એક ભાગ અમાવસ્યાની રાત્રિમાં પણ નિત્ય **રાહુ** વડે અનાવૃત થવાથી કુલ ૯૩૧ કલ્પિત ચંદ્ર ભાગ થાય છે. એ ઐતિહાસિક દૃષ્ટિથી મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૦૪૬, પૃ. ૫૯

જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અવગાહનથી પાંચ ચંદ્ર મંડળ અને લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અવગાહનથી દસ ચંદ્ર મંડળ હોય છે. આ પ્રકારે કુલ ૫૧૦ યોજન અવગાહનથી ૧૫ ચંદ્ર મંડળ કહેવામાં આવ્યા છે. જે ઐતિહાસિક દૃષ્ટિથી મહત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૦૪૭ - ૧૦૫૧, પૃ. ૬૦ - ૬૫

આ ગાથાઓમાં પ્રત્યેક ચંદ્ર મંડળનું યોજનોમાં અંતર, સર્વાભ્યન્તર તેમજ **સર્વબાહ્ય** ચંદ્ર મંડળોનું અંતર, સર્વાભ્યન્તર અને બાહ્ય ચંદ્ર મંડળોના આયામ વિષ્કંભ તથા પરિધિ આપવામાં આવી છે. એમાં દાશમિક સંકેતના $\pi$ નું માન (માપ) મહત્વપૂર્ણ છે.

વળી સર્વાભ્યંતર તેમજ બાહ્ય ચંદ્રમંડળોમાં ચંદ્રની ૧ મુહૂર્તની ગતિ તેમજ પ્રમાણ પણ આપવામાં આવ્યા છે. એ સ્પષ્ટ છે કે **યોજન** અને **મુહૂર્ત** નો અહીં ગણિતીય સંબંધ જોડવામાં આવ્યો છે. મુહૂર્ત ગતિ પણ વધતી-વધતી સર્વબાહ્ય મંડળની તરફ લઈ જવામાં આવી છે. એ માન **માધ્યમાનની** દૃષ્ટિથી અંત્યંત મહત્વપૂર્ણ છે. એ પ્રમાણે મુહૂર્ત ગતિ ઘટતી ઘટતી સર્વાભ્યંતર મંડળની તરફ ગતિ કરે છે. આ પ્રકારે અહીં ત્વરણ (acceleration), મુહૂર્ત-ગતિની હાનિ-વૃધ્ધિની કલ્પના પણ કરવામાં આવી છે.

સૂત્ર ૧૦૫૩, પૃ. ૬૮

સૂર્ય નક્ષત્રો સાથેના યોગોમાં ચંદ્ર યોગ ૧૦ પ્રકારના દર્શાવવામાં આવ્યા છે. જે એક યુગમાં ઘટિત થાય છે. એમાં **છત્રાતિછત્ર યોગ** કદાચિત્ કોઈક દેશમાં થાય છે. કેમકે - તે યોગ નિયત એક રૂપ જ રહે છે. અહીં ચિત્રા નક્ષત્રમાં ઉકત યોગ(નું) અવલોકન કરવા માટે ગણિત આપવામાં આવી છે. **ઐતિહાસિક** દૃષ્ટિથી આ યોગની **શોધ** થવી જોઈએ.

સૂત્ર ૧૦૫૪ પૃ. ૬૮ - ૭૦

આ સૂત્રમાં ૬૨ **પૂર્ણિમાઓ** અંગે ચંદ્ર સૂર્યના મંડળ પ્રદર્શભાગ વિચાર કરવામાં આવ્યો છે.

**પંચવર્ષાત્મક યુગ**માં ૬૨ **પૂર્ણિમાઓ** તેમજ ૬૨ **અમાવસ્યાઓ** આ પ્રકારે કુલ ૧૨૪ સૂર્ય ચંદ્ર(નો) યોગ થાય છે. પ્રથમ પૂર્ણિમાએ ચંદ્ર, ૬૨મી પૂર્ણિમાએ જે પ્રદેશમાં સમાપ્ત કરે છે. એનો **પરવર્તી** મંડળમાં ૧૨૪વિભાગમાંથી ૩૨માં વિભાગને ગ્રહણ કરે છે. જ્યાં ચંદ્ર પ્રથમ પૂર્ણિમાનો યોગ થાય છે. એ પ્રકારે **પરવર્તી** મંડળના ૧૨૪ વિભાગ કરી પુનઃ ૩૨માં ભાગમાં બીજી પૂર્ણિમાનો યોગ થાય છે.

વાસ્તવમાં પૂર્ણિમાયોગ આધુનિક માન્યતાનુસાર સૂર્ય ચંદ્ર સામ સામા પૃથ્વીની વિરુદ્ધ દિશાઓમાં રહે છે. પરંતુ જૈન જ્યોતિષમાં ૧૮૪ મંડળો અંગેનું **ગણિત** બીજા પ્રકારનું છે. ૧૨૪માંથી ૩૨ભાગ પ્રથમ પૂર્ણિમાના થવાથી નીકળી જવાને કારણે ફરીથી ૩૨માં ભાગ પર જવાથી, પાંચ સંવત્સરો વાળું યુગ મધ્યની બીજી પૂર્ણિમાનો પ્રદેશ પ્રાપ્ત થાય છે. જ્યારે ઉકત મંડળના ૧૨૪ ભાગમાંથી આગળના ૩૨ ભાગ લે છે. એ **પાંચ સંવત્સર** ક્રમશઃ **ચંદ્ર,** અભિવર્દ્ધિત **ચંદ્ર** તેમજ **અભિવર્ધિત** નામવાળું છે. હવે **ત્રીજી પૂર્ણિમાના** મંડળના પ્રદેશને જાણવા માટે બીજી પૂર્ણિમાનાં **પરિસમાપક**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનના **પરવર્તી** મંડળને ગ્રહણકરીને એના ૧૨૪ ભાગ કરે છે, એમાં ૬૪ ભાગ નીકળી જવાથી ૩૨ અને આગળ ના ભાગ ૧૨૪માંથી લે છે.

અહીં પ્રશ્ન થાય (છે) કે આ પાંચ સંવત્સરવાળા યુગમાં પ્રથમ વર્ષના અંતની બારમી અષાઢી પૂર્ણિમા ને ચંદ્ર ક્યા પ્રદેશમાં રહીને સમાપ્ત કરે છે. અહીં (એ) જ્ઞાત છે કે - બારમી પૂર્ણિમા ત્રીજી પૂર્ણિમાંથી નવમી હોય છે. અહીં ધ્રુવાંક ૩૨ હોય છે. અને ૯મી પૂર્ણિમાને માટે **ત્રીજી પૂર્ણિમાંવાળા** મંડળના સ્થાનથી ૩૨×૯=૨૮૮ ભાગ આગળ જઈને થાય છે.

**ચોવીસમી** પૂર્ણિમા ગ્રહણ કરવા માટે બારમી પૂર્ણિમા જ્યાં થાય છે. એનાથી ૧૨ વધુ પૂર્ણિમા થાય છે **બારમી** પૂર્ણિમાનો ધ્રુવાંક ૨૮૮ થાય છે, એટલે ૨૪મી પૂર્ણિમાએ ૨૮૮ × ૧૨ = ૩૪૫૬ ભાગ આગળ જતા પ્રાપ્ત કરે છે. આ પ્રકારે ૨૩મી પૂર્ણિમાની સમાપ્તિ સ્થાનથી ૫૨ મંડળને ૧૨૪માં વિભક્ત કરીને એને ૩૪૫૬ ભાગ ગ્રહણ કરીને ૨૪મી પૂર્ણિમાએ ચંદ્ર સમાપ્ત કરે છે.

આ પ્રકારે ૬૨મી પૂર્ણિમાના મંડળ પ્રદેશ જ્ઞાત કરવા માટે ૬૨ ને ૩૨ વડે ગણવાથી ૧૯૮૪ પ્રાપ્ત થાય છે. એને ૧૨૪ દ્વારા વિભક્ત કરવાથી ૧૬ (ની સંખ્યા) પ્રાપ્ત થાય છે. આ મંડળ **પૂર્ણાંક** છે, જેમાં **યુગની અંતિમ પૂર્ણિમા** સમાપ્ત થાય છે. જંબૂદ્વીપમાં **જીવા રૂપરેખાથી પૂર્ણિમા પરિણમનરૂપ મંડળને** ૧૨૪ વડે વિભક્ત કરે છે. ચાર દિશાઓમાં ૩૧-૩૧ ભાગ હોય છે.

એમાં ૨૭ ભાગોને લઈને અલગ રાખી દે છે. પછીથી ૨૮માં ભાગનો ૨૦ ભાગ કરીને એમાંથી ૧૮ ભાગોને પૃથક કરે છે. જેનાથી અહીં ૨ ભાગ બાકી રહે છે. ૩૧માંથી ૨૭ ભાગ નીકળી જવા પર ૪ ભાગ રહે છે. જેનાં ૩ ભાગ ૩૧-૨૮ = ૩ શેષ રહે છે. અને અહીં ૨૦-૧૮ = ૨ ભાગ શેષ રહે છે. અતઃ ૩ શેષ ભાગોમાંથી ચતુર્થ ભાગ ૨ કલા પશ્ચાત સ્થિત અર્થાત્ ૨૯મા ચતુર્ભાગ મંડળને પ્રાપ્ત કર્યા વગર ૨૯મા મંડળના ચતુર્થ ભાગ મંડળમાં ભાગ ૨ કલાથી અધિક પ્રદેશમાં ચંદ્ર ગમન નથી કરતાં એટલે ૬૨મી પૂર્ણિમા સમાપ્ત થાય છે. **આ શોધનો વિષય છે.** એને ચિત્ર દ્વારા તથા સૂર્ય ચંદ્રની મંડળ ગતિ દ્વારા પણ સ્પષ્ટ કરવાં જોઈએ. અહીં ૩૨ને ધ્રુવાંક માનવામાં આવ્યો છે એને Pole-Number કહેવો જોઈએ જો Modulus ના રૂપમાં સ્થિતિની વ્યવસ્થા કરે છે. બાકીની પૂર્ણિમાઓ ૩૨ ગુણનખંડ રૂપ મંડળમાં પ્રગટ થાય છે. ૧૨૪ ભાગ કેમ લેવામાં આવ્યા, કેમકે - ૬૨ + ૬૨ = ૧૨૪ કુલ એ ઘટનાસ્થલ છે. જો મંડળમાં જ પ્રગટ થાય છે.

સૂત્ર ૧૦૫૫, પૃ. ૭૦ - ૭૧

આ પ્રકારે ચંદ્રનો અમાવસ્યાઓમાં યોગની ગણના માટે ધ્રુવાંક પુનઃ ૩૨ છે. અને (૫૨) મંડળના ૧૨૪ વિભાગ કરીને એમાંથી ૩૨-૩૨ ભાગો પર ૬૨મી અમાસ સમાપ્તિ મંડળની આગળના પ્રદેશ પ્રાપ્ત કરવા ૬૨મી અમાસનું મંડળ પ્રદેશ કરવા માટે ૬૨મી પૂર્ણિમા સમાપ્તિ મંડળના ૫૨ મંડળના ૧૬ ભાગો લઈને ૧૨૪ વિભક્ત મંડળથી અલગ રહે છે. અર્ધ્ધ-અર્ધ્ધભાગોમાં પૂર્ણિમા અમાસ થવાનું એનું કારણ છે - ન્યૂન મંડળ પ્રદેશમાં ૬૨મી અમાવાસ્યા સમાપ્ત થાય છે. **આ પણ શોધનો વિષય છે.**

સૂત્ર ૧૦૬૭, પૃ. ૮૦.

દિનમાનની વ્યવસ્થા આ સૂત્રમાં ૧૮ મુહૂર્તથી આરંભી ૧૨ મુહૂર્ત સુધી કરવામાં આવી છે આ કોઈ વિવક્ષિત સ્થાનની ઉત્તરી અક્ષાંશવાળા પ્રદેશમાં જે **અફગાનિસ્તાનના ચિત્રાવલના** સમીપવર્તી હોય ત્યાં થતી રહે છે. જ્યાંથી આ અવલોકન કરવામાં આવ્યું હશે. પ્રશ્ન એ છે કે - શું ચિત્રા પૃથ્વીનું જે વર્ણન કરવામાં આવ્યું છે, તે ઉક્ત અવલોકનકર્તાનું સ્થળ એ જ હતું ? શું **બેવિલન નિવાસીથી** ઓછા અક્ષાંસો (ના પ્રદેશ) માં રહેનાર ભારતીયોએ ઉત્તર અને દક્ષિણ ગોલાર્ધોમાં પોતાના એવા જ અવલોકન કેન્દ્ર બનાવ્યા હતા. આ અંગે શર્મા તેમજ લિશ્કનો નીચે દર્શાવેલ શોધલેખ દષ્ટવ્ય છે :

લેગ્થ ઑફ ડે ઈન જૈન એસ્ટ્રોનામી, સેંટારસ ૧૯૭૮; ભાગ ૨૨, ક્ર.૩, પૃ. ૧૬૫-૧૭૬ એની અનુસાર ઉક્ત સ્થળ **ગાંધાર** હોઈ શકે.

**ભૂમધ્યરેખાવર્તી સ્થળો** પર ૧૫-૧૫ મુહૂર્તનો દિવસ હોય છે, કુલ ૧૮૩ મંડળોમાં પ્રતિ દિવસ ચાલતા એવા $\frac{૬}{૧૮૩}$ મુહૂર્ત અથવા $\frac{૨}{૬૧}$ મુહૂર્તની વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે **દિન હાનિનું** પ્રકરણ છે. આ **માધ્યરૂપ** છે. જુઓ તિ.પ. ભાગ ૨, ગાથા ૨૭૯, ૨૮૦.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્ર ૧૦૬૮, પૃ. ૮૮ - ૯૪

અહીં સૂર્યનું ગમન **સર્વાભ્યન્તર મંડળથી સર્વ બાહ્યાન્તર મંડળ** સુધી તથા એના **વિલોમરૂપ**નું વર્ણન કરવામાં આવ્યું છે. એ સ્પષ્ટ છે કે - છ માસ સુધી સૂર્ય ૧૮૩ મંડળોમાં કોઈ એક દિશામાં ચાલતો અવલોકિત થાય છે અને તે પછી નિશ્ચિત(પણે) એનાથી વિલોમ દિશામાં ગમન કરતો દષ્ટિગત થાય છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે - ઉત્તરી ધ્રુવમાં ૬ મહિના દિવસ અને છ મહિનાની રાત્રિ હોવાનું કહેવામાં આવ્યું છે. અહીં એના બીજા રૂપમાં પ્રકાશને ધ્યાનમાં લઈને કથન કરવામાં આવ્યું છે કે આ પ્રમાણે ૬ માસ સુધી પ્રકાશ સૂર્યના દક્ષિણાયનથી આરંભી ઉત્તરાયણ સુધી આગળ વધતો રહે છે. એ ઉત્તરાર્ધમાં મળે છે. એ પ્રમાણે **વિલોમરૂપેણ** પ્રક્રિયા જોવામાં આવે છે. આ પ્રમાણે ગણિત દ્વારા જૈન સિધ્ધાંતના મર્મને આધુનિક અન્ય ઘટનાઓને સમજવામાં પ્રયુક્ત કરવું જરૂરી છે. જે પ્રતિરૂપ જૈન સિધ્ધાંતમાં નિર્મિત કરવામાં આવ્યું છે એનો આશય વિષય ને સમજાવાનો હતો અને એના દ્વારા હજાર દોઢ હજાર વર્ષો સુધી સમસ્ત જ્યોતિષની ઘટનાઓ સ્પષ્ટ કરવામાં આવતી રહી છે.

અહીં બતાવવામાં આવ્યું છે કે - કયા પ્રકારે ઉક્ત **અવલોકન કેન્દ્ર પર** પ્રતિદિન સૂર્યના ઉલ્લેખિત ગમનને કારણે વર્ષના કયા ભાગમાં કેટલા દિવસ ઘટતો વધતો હતો. અહીં **ઉત્કૃષ્ટ** તેમજ **નિષ્કૃષ્ટ** દિનમાન મુહૂર્ત ૧૮ અને ૧૨ ઉક્ત અવલોકન કેન્દ્રને માટે કરવામાં આવ્યું હતું.

સૂત્ર ૧૦૭૫-૭૬ પૃ. ૧૦૨ - ૧૦૫

સૂર્યના **તાપક્ષેત્રની સંસ્થિતિ** માટે વિભિન્ન પ્રકારની ભૂમિતેય આકારોનું વર્ણન છે.

સૂત્ર ૧૦૭૭-૭૮, પૃ. ૧૦૫ - ૧૦૬

તાપક્ષેત્ર **સંસ્થિતિ**ની પરિધિ તેમજ **તાપક્ષેત્ર** અને અંધકાર ક્ષેત્રના **આયામાદિનું** પ્રરૂપણ આ ગાથાઓમાં કરવામાં આવ્યું છે. એના વિસ્તૃત વર્ણન માટે જુઓ તિ.પ. ભાગ ૨, અધિકાર ૭, ગાથા ૨૯૨-૪૨૦ જ્યાં તાપ તેમજ તમક્ષેત્રોનું વિશદ વર્ણન **સૂત્ર** આપીને આપવામાં આવ્યું છે. આ **ગહન શોધનો વિષય છે.** ઉદાહરણાર્થ : ઈષ્ટ પરિધિ રાશિને ત્રણ ગણી કરીને દશ વડે ભાગાકાર કરવાથી જે ભાજ્ય આવે એટલો સૂર્યનું પ્રથમ પથમાં સ્થિત રહેવાથી એ **આતપ ક્ષેત્રની પરિધિ**નું પ્રમાણ થાય છે.

એને આ ગ્રંથમાં **પરિધિવિશેષ** કહેવામાં આવ્યું છે.

આ **શોધ**થી ભૂગોલ અંગેના અનેક રહસ્ય ઉકેલી શકાય છે. તદનુસાર એનો આશય સમજીને આધુનિક સન્દર્ભમાં નિર્વચન આપવું એ અત્યંત મહત્વપૂર્ણ સિધ્ધ થશે.

સૂત્ર ૧૦૮૫, પૃ. ૧૧૬

આ પ્રકારે સર્વ બાહ્ય પથમાં સ્થિત સૂર્ય માટે તાપક્ષેત્ર નીકાળવા માટે પરિધિમાં બેનો ગુણાકાર કરીને ૧૦ ભાગ આપે છે.

આ સૂત્રમાં **પોરષી છાયાનું** નિરૂપણ પ્રમાણ દ્વારા કરવામાં આવ્યું છે.

સૂર્યને ૫૯ **પોરષી છાયાની** નિષ્પત્તિ કરવાવાળા કહેવામાં આવ્યો છે. એમાં દર્શાવવામાં આવ્યું છે કે - દિવસનો કેટલો ભાગ વીત્યા પછી કેટલી **પોરષી છાયા** રહેશે ? અથવા દિવસનો કેટલો ભાગ બાકી રહેવા પર કેટલી **પોરષી છાયા** રહેશે ? આ પ્રકારે ૫૯ **પોરષી છાયાના** પ્રકારોનો ગણિત દ્વારા દિનમાન નીકાળવામાં પ્રયુક્ત કરવામાં આવી શકે છે. આ સૂત્રમાં ૨૫ પ્રકારની છાયા કહેવામાં આવી છે તથા એમાંથી ગોળ છાયાના પણ આઠ પ્રકાર બતાવવામાં આવ્યા છે.

એ પણ **ગહન શોધનો વિષય** છે એના પર **શર્મા અને લિશ્ક** સૂત્રની રચના કરી છે જે આ પ્રકારે છે.

| **પોરષી ઈકાઈમાં છાયાની લંબાઈ** | **તત્સંબંધી ક્રમિક સમયમાં વીતેલા દિવસનો ભાગ** |
|---|---|
| $\frac{૧}{૨}$ એનું પ્રતીક માનીલો કે પ છે. | $\frac{૧}{૩}$ એનું પ્રતીક માનીલો કે 'द' છે. |
| ૧ | $\frac{૧}{૪}$ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

$$१\frac{१}{२}$$
$$५८\frac{१}{२}$$
$$५९$$

$$\frac{१}{५}$$
$$\frac{१}{११९}$$
$$०$$

ઉપરોક્તથી સ્પષ્ટ છે કે - **પોરષી છાયા સમાન્તર શ્રેણીમાં** છે જ્યાં ચય $\frac{१}{२}$ છે. તે સંબંધિત વિતી ચૂકેલ દિવસનો ભાગ જે ઉલટો કરવામાં આવે તો ૩,૫ ...... પણ **સમાન્તર શ્રેણીરૂપ** થઈ જાય છે (કે) જ્યાં ચય ૧ છે, જ્યાં ઉપાન્તિમ પદ સુધી જાય છે. આ પ્રકારની શ્રેણી ને **હારમોનિક પ્રોગ્રેશન** કહેવામાં આવે છે.

$$द = \frac{१}{२(१+प)} \text{ જ્યારે } \frac{१}{२} < प < ५८\frac{१}{२}$$
$$= ० \quad \text{ જ્યારે } प > ५९$$

द અને प નું માન પૂર્વમાં આપવામાં આવ્યું છે. જો प થી આરંભી $प + \frac{१}{२}$ ની વચ્ચેનો સમય 'स' વીતે તો $स = \frac{१}{२(१+प)} - \frac{१}{२(१+प+\frac{१}{२})}$ દિવસ.

$$= \frac{१}{२(१+प)(३+२प)} \text{ દિવસ થશે.}$$

∴ ગતિ જે **પોરષી છાયા** ને બદલવાનું બતલાવે તો.

એનું માન 'ग' સંકેતમાં 'ग' = $\frac{१}{२} \div स = (१ + प)(३ + २ प)$ પુરુષ પ્રતિદિન થશે.

આ **સૂત્રોથી** અનેક **રહસ્ય જ્ઞાત કરી શકાય છે.** વાસ્તવમાં **પુરુષનો** અર્થ બપોરે શંકુ (આકારની) છાયા આયામ પ્રતીત થાય છે. **પુરુષ** કોઈ (પણ) માનવ દ્વારા પોતાની આંગળીથી માનવની ઊંચાઈ પ્રરૂપિત કરે છે. એ અર્થ **બેબિલન ગોલિકા મૂલ અપિનમાં** પણ લેવામાં આવ્યો છે. એ અવલોકન ક્યા સ્થાન પરથી લેવામાં આવ્યું છે એ જ્ઞાત કરવું મહત્ત્વપૂર્ણ છે.

**મહાવીરાચાર્યના ગણિતસાર સંગ્રહ** ગ્રંથમાં છાયા વ્યવહાર પૃ. ૨૬૯ થી પૃ. ૨૮૧ સુધી આપવામાં આવ્યો છે. એમાંથી કેટલાક નિયમ - સૂત્ર નીચે પ્રમાણે છે -

(૧) વિષુવદ્ભા (અર્થાત્ જ્યારે દિવસ - રાત્રિ સરખા હોય છે તે સમય પડનારી છાયા) વાસ્તવમાં એ દિવસોના મધ્યાન્હ (બપોર)ના સમયે પ્રાપ્ત છાયાના માપોના યોગની અડધી (જેટલી) હોય છે જ્યારે સૂર્ય મેષ રાશિ કે તુલા રાશિમાં પ્રવેશ કરે છે.

(૨) કોઈ વસ્તુ (શંકુ) ની ઊંચાઈના પદોમાં વ્યક્ત છાયાના માપમાં એક જોડવામાં આવે છે અને આ પ્રમાણે પરિણામી યોગ બે ગણો કરવામાં આવે છે. પરિણામી રાશિ દ્વારા પૂર્ણ દિનમાન ભાજિત કરવામાં આવે છે. એ સમજવું જોઈએ કે - સારસંગ્રહ નામનો ગણિતશાસ્ત્રના અનુસાર એ પ્રાપ્ત ફલ પૂર્વાહ્ન અને અપરાહ્નના બાકીના ભાગો (અથવા બપોરની પહેલા દિવસનો વીતેલો ભાગ અને બપોર પછીનો દિવસનો બાકી રહેનારો ભાગ) ને ઉત્પન્ન કરે છે. (અહીં **વિષુવચ્છાયા** થતી નથી)

(૩) દિનમાનના જ્ઞાન માપને, દિવસના વીતેલા અથવા વીતનાર ભાગનું નિરૂપણ કરનાર ભિન્નના અંશ દ્વારા ગુણિત કરીને અને દરેક વડે ભાગવાથી, પૂર્વાહ્ન સંબંધમાં વીતેલી ઘટિકાઓ અને અપરાહ્નના સંબંધમાં વીતનાર ઘટિકાઓ ઉત્પન્ન થાય છે.

(૪) કોઈ સ્તમ્ભની છાયાના માપને સ્તમ્ભની ઊંચાઈ દ્વારા ભાગવાથી **પોરષી છાયા માપ** પ્રાપ્ત થાય છે.

(૫) **વિષુવચ્છાયાવાળા** સ્થાન માટે નિયમ :

શંકુની જ્ઞાત **છાયાના માપમાં** શંકુનું માપ જોડવામાં આવે છે. આ યોગ વિષુવચ્છાયાના માપ દ્વારા હાંસલ કરવામાં આવે છે. પરિણામી અંતરને બે ગુણા કરવામાં આવે છે. જ્યારે શંકુના માપને આ પરિણામી રાશિ દ્વારા ભાગવામાં આવે છે, ત્યારે દશાનુસાર પૂર્વાહ્નમાં દિવસનાં વીતેલો અથવા અપરાહ્નમાં દિવસમાં વીતનારી દિનાંશનું માન (માપ) ઉત્પન્ન થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) શંકુનું માપ દિવસમાં આપવામાં આવેલ ભાગના માપને બે ગણી રાશિ દ્વારા ભાજિત કરવામાં આવે છે. પરિણામી ભાજનફલમાંથી શંકુનું માપ ઘટાડી દેવામાં આવે છે અને એમાં વિષુવચ્છાયાનું માપ જોડવામાં (ઉમેરવામાં) આવે છે. આ દિવસના ઈષ્ટ સમયે (૫૨) છાયાનું માપ ઉત્પન્ન કરે છે.

આ પ્રમાણે અન્ય સૂત્ર પણ આપવામાં આવ્યા છે. જે ઉર્ધ્વાધર **દિવાલ પર આરુઢ છાયા** સાથે સંકળાયેલ છે.

ડૉ. એ. કે. બાગ અનુસાર પુરુષનો અર્થ માનવની એની જ આંગળીઓ વડે માપવામાં આવેલી ઊંચાઈ છે અને બૌધ્ધાયન શુલ્વના અનુસાર ૧૨૦ આંગળ બરાબર એક પુરુષ હોય છે. પાદ અને આંગળનો સંબંધ પૂર્વમાં જ્ઞાત છે.

એક અન્ય મહત્ત્વપૂર્ણ તથ્ય એ છે - કેમકે પૌરુષી પાદાંગુલમાં પ્રતિદિવસ બદલાતી રહે છે. એટલે અવલોકનો દ્વારા વર્ષની ઋતુ કે કોઈપણ ભાગ જ્ઞાત કરી શકાય છે. જુઓ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ૯/૧૭-૧૯.

સૂત્ર ૧૦૮૮ - ૧૧૧૩, પૃ. ૧૧૯ - ૧૬૪

આ સૂત્રોમાં સૂર્યની વિભિન્ન પ્રકારની **ગતિઓનું** વિવરણ **મુહૂર્ત** તેમજ **મંડળો**ના પદોમાં આપવામાં આવેલ છે. જે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. એમાં **યોજન** પણ સંમિલિત છે. એવી અનેક કઠિનાઈઓ છે. જેનાથી વિભિન્ન પ્રકારના જે રહસ્ય સ્ફોટ કરવામાં આવ્યા છે એને પુષ્ટ કરવાનું આવશ્યક છે. ૫૧૦ યોજન જે પ્રથમ અને અંતિમ સૌર્ય મંડળ ની વચ્ચેનું અંતર છે. (જે) **આધુનિક મહત્તમ** ડિક્લિસેશનનું દ્વિગુણિત (બેગણુ) છે. અર્થાત્ ૪૭° છે. તે જ સૂર્ય પથની આબ્લિક્વિટી જે ૨૩.૫° છે. (તેની) સંબંધિત (હોવાનું) પ્રતીત થાય છે.

ઉપરોક્ત **સૂર્યગતિ** જે મુહૂર્ત અને યોજનને વિભિન્ન મંડળોમાં સંબંધિત કરે છે (તે) કોઈપણ સમયની સૂર્યની ગતિશીલતા કાઢવામાં આનુમાનિક રૂપમાં સહાયક સિદ્ધ અવલોકન કર્તાની સ્થિતિ પણ જ્ઞાત કરી શકાય છે.

સૂત્ર ૧૧૧૫, પૃ. ૧૬૫

જે પ્રકારે ચંદ્રની ૬૨ પૂર્ણમાસી સંબંધી એના મંડલના તત્સંબંધી દેશ વિભાગને પૂર્વમાં જ્ઞાત કરવામાં આવ્યા છે તે પ્રમાણે અહીં સૂર્ય અંગે પ્રશ્ન પ્રસ્તુત છે. ત્યાં ૩૨ ધ્રુવાંક હતા પરંતુ અહીં ધ્રુવાંક ૯૪ છે. પૂર્વ પ્રમાણે ૧ યુગના પાંચ સંવત્સર ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર તેમજ અભિવર્ધિત થાય છે. એમાં પહેલી પૂર્ણિમાએ સૂર્ય કયા મંડળ પ્રદેશમાં રહે છે ? સૂર્યના ૧૮૪ મંડળ છે. સૂર્ય યુગનીની અંતિમ ૬૨મી પૂર્ણિમાના પરિસમાપ્તિ સ્થાનથી પરના મંડળના ૧૨૪ વિભાગ કરીને એમાંથી ૯૪ ભાગોને ગ્રહણ કરીને સૂર્ય પ્રથમ યુગની પ્રથમ માસ પૂર્ણબોધક પૂર્ણિમાને યોગ કરે છે આનું કારણ એ છે કે - ૩૦ અહોરાત્રની સમાપ્તિ પર તે સૂર્ય એ મંડળ પ્રદેશમાં ગતિ કરતો રહે છે. એનાથી ન્યૂનાધિક કોઈપણ ભાગમાં નથી દેખાતો. ચંદ્ર માસના અંતમાં પૂર્ણિમા સમાપ્ત થાય છે. જે ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર થાય છે. એટલે સૂર્ય ૩૦મી અહોરાત્રમાં $\frac{૩૨}{૬૨}$ ભાગમાં ૬૨મી પૂર્ણિમાની પરિસમાપ્તિ સ્થાનથી ૧$\frac{૯૪}{૬૪}$ ભાગ ગત થવા પર **પ્રથમ પૂર્ણિમા** સમાપ્ત કરે છે. તે ૩૦ ભાગોમાં એ પ્રદેશને પ્રાપ્ત કર્યા વિના સમાપ્ત નથી કરતો. કારણ એ છે કે - ૧ અહોરાત્ર નો $\frac{૩૦}{૬૨}$ ભાગ સ્થિત રહેવાથી આ પ્રકારના પ્રદેશમાં પ્રવર્તમાન થઈને કદાપિ સમાપ્ત થતો નથી. એટલે નિયમથી ૨૯ અહોરાત્ર પૂર્ણ થવા પર ઉક્ત પૂર્ણિમા સમાપ્ત કરે છે. આગળની **બીજી પૂર્ણિમા** પર તે $\frac{૨ \times ૯૪}{૧૨૪}$ ભાગ ગત થાય છે. ૧૨મી પૂર્ણિમાએ તે **ત્રીજી પૂર્ણિમાથી** ૯૪ × ૯ = ૮૪૬ ભાગોને ૧૨૪ ભાગમાંથી ગ્રહણ કરતો એવો સમાપ્ત કરે છે. અહીં ૯૪ modulus છે અને એ ચક્રને બતાવે છે જે ફરી ફરી ૯૪ના ગુણનફલોમાં પ્રગટ થાય છે. આ પ્રકારે ૨૭મી પૂર્ણિમા માટે ૯૪ × ૨૫ = ૨૩૫૦ ભાગ લેવાનું કહેવામાં આવ્યું છે. જે વાસ્તવમાં ૯૪ × ૨૪ હોવા જોઈએ. (જુઓ સૂ.પ્ર. ભાગ-૨,પૃ. ૨૧૯)

આ પ્રકારે ૬૨મી **પૂર્ણિમા સ્થલ** ૯૪ × ૬૨ = ૫૮૨૮ ભાગ પશ્ચાત થશે. અર્થાત્ એ $\frac{૫૮૨૮}{૧૨૪}$ કે ૪૭ સંપૂર્ણ મંડળ થવા પર પ્રાપ્ત થશે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મંડળ પ્રદેશ** જ્ઞાત કરવા માટે પૂર્વ મંડળના ૧૨૪ના ૪ ભાગ કરવાથી ૩૧ ભાગ પૂર્વ દિશા સંબંધી પ્રાપ્ત થાય છે. એમાંથી ૨૭ ભાગ અલગ રાખવામાં આવે છે. ફરી બાકી રહેલામાંથી ૨૮ ભાગના ૨૦ ખંડ કરી, એ ૨૦ ખંડોમાંથી ૧૮ ખંડ લે છે. સાથે સાથે ત્રણ ભાગોથી અન્યત્ર સ્થાપિત ચતુર્થ ભાગના ૨૦ની ૨ કલાઓ સાથે દક્ષિણમાં રહ્યો એવો **બાહ્યમંડળનો ચતુર્ભાગ મંડળ**ને આ ચતુર્ભાગ મંડળથી પૂર્વમાં સ્થિત થઈને એ જ મંડળના પ્રદેશમાં યુગની ૬૨મી પૂર્ણિમાએ સમાપ્ત કરે છે.

ઉપર્યુક્તની અને બીજી પણ ઊંડી જાણકારી માટે શોધ કરવું જરૂરી છે.

સૂત્ર ૧૧૧૬, પૃ. ૧૬૬ - ૧૬૭

એ સૂત્રમાં પૂર્વોકત સૂત્ર **અનુસાર સૂર્યના** મંડળ પ્રદેશને જ્ઞાત કરવાનું બતાવવામાં આવ્યું છે, જ્યારે પ્રથમ, દ્વિતીયાદિ અમાવાસ્યાઓ થાય છે. અહીં પણ **ધ્રુવાંક** ૯૪ ગણવામાં આવ્યો છે. ૬૨ની આગળ ૩૨ ધ્રુવાંક ગણવાથી ૯૪ ધ્રુવાંક પ્રાપ્ત થાય છે. ફરી ૩૧ની આગળ ૩૨ ધ્રુવાંક પ્રાપ્ત થાય છે. જ્યાં ૬૨નો અડધો ભાગ ૩૧ છે. આ પ્રકારે ૩૧ને ચારુબાજુ ગણવામાં આવે તો ૧૨૪ ભાગ બને છે. આ પ્રમાણે જે ૬૨ અમાવાસ્યા અને ૬૨ પૂર્ણિમાઓનું ઘટના સ્થળ થઈ શકે તે ૧૨૪ બને છે. એનું કારણ એ છે કે પ્રત્યેક મંડળ અને એના પરિવર્તીઓને ૧૨૪માં વિભાજિત કરવામાં આવે છે અને ચંદ્ર કે સૂર્ય ને ક્રમશઃ પૂર્ણિમા કે અમાવસ્યા મંડળ પ્રદેશ કાઢી પસાર કર્યા પછી મંડળના ૩૨ તથા ૯૪ ભાગને પસાર કરવા લાગે છે જે ૧૨૪માંથી આગળ આગળ મંડળ ને લેવામાં આવે છે ત્યારે એ પસાર કરવાથી એક મંડળ સમાપ્ત થઈ જાય.

આ પ્રકારે વિગત ગણનાનુસાર જ ૬૨મી અમાવસ્યાને સૂર્ય પૂર્ણિમા સ્થાનથી આગળ આવેલા મંડળના ૧૨૪ વિભાગ કરીને એમાંથી ૪૭ ભાગ પાછળ રાખીને બાકીના ભાગોમાં સૂર્ય યોગ કરે છે એ પણ પૂર્વની માફક શોધનો વિષય છે.

એક તથ્ય સ્પષ્ટ છે કે - **અવલોકન** કરવામાં આવેલ માન સિધ્ધાંત સાથે સરખાવો જોઈએ. જૈન જ્યોતિષ સિદ્ધાંતને ઘણી ઉંડાઈથી અધ્યયન કરીને આ બધી ગણનાઓને **મંડળમુહૂર્ત યોજન ગતિથી** સિધ્ધ કરવા માટે શોધ કરવી આવશ્યક છે.

સૂત્ર ૧૦૫૭ પૃ. ૫૬૨ - ૫૬૩

અહીં ચંદ્ર સૂર્યના મંડળોના ભૂમિતેય સંસ્થાન આપવામાં આવ્યા છે જે ગણિતીય દૃષ્ટિથી મહત્ત્વપૂર્ણ છે. છત્રાકાર મંડળ ગોલીય ત્રિકોણમિતિની રચના કરે છે. તેથી એના પર શોધ કરવી આવશ્યક છે.

સૂત્ર ૧૧૨૪ - ૧૧૨૫, પૃ. ૧૭૨ - ૧૭૩

અહીં પણ ભૂમિતેય દૃષ્ટિથી ચંદ્ર, સૂર્ય મંડળના સમાંશ તથા પુનઃ કોઈ નવી દૃષ્ટિથી સંસ્થિતિ કહેવામાં આવી છે. જે મહત્ત્વપૂર્ણ છે. એમાં શોધ થવી આવશ્યક છે.

સૂત્ર ૧૧૨૭, પૃ. ૧૭૫ - ૧૭૭

અહીં ચંદ્ર સૂર્યના **અવભાસ ક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર, તાપક્ષેત્ર અને પ્રકાશક્ષેત્રો**ના સંબંધમાં જંબુદ્વીપને જે પાંચ ચક્રભાગ સંસ્થાનોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. એના પર શોધ થવી આવશ્યક છે. આ અંગે પૂર્વોક્ત તિ.પ. ભાગ ૨ ના સાતમા અધિકારમાં તાપક્ષેત્ર, તમક્ષેત્રનો વિષય પણ દૃષ્ટવ્ય છે.

સૂત્ર ૧૧૨૯, પૃ. ૧૭૮

**એક નક્ષત્રમાસ** ૨૭ $\frac{૨૧}{૬૭}$ દિવસનો થાય છે. એમાં ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત હોય છે.

સિધ્ધાન્તતઃ ૧ યુગમાં ચંદ્રની સાથે નક્ષત્ર ૬૭ વાર યોગ કરે છે અને સૂર્યની સાથે પાંચવાર યોગ કરે છે. અભિજિત્ ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત પર્યંત ચંદ્રની સાથે યોગ કરે છે. ૧ યુગમાં ચંદ્ર, ચંદ્ર અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્ધિત રૂપ ચંદ્ર પંચક સંવત્સરમાં ૬૭ નક્ષત્ર માસ હોય છે. એવા યુગમાં ૧૮૩૦ અહોરાત્ર હોય છે. અર્થાત્ ૩૬૬ × ૫ વર્ષ = ૧૮૩૦ અહોરાત્ર થાય છે. આ કારણે ૬૭નો ભાગ ૧૮૩૦માં આપવાથી નક્ષત્રમાસમાં ૨૭ $\frac{૨૧}{૬૭}$ અહોરાત્ર થાય છે. અથવા ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત થાય છે. ૧ યુગમાં **સૂર્યમાસ** ૬૦ થાય છે અને ૧૮૩૦ અહોરાત્ર થાય છે. એટલે ૧ **સૂર્યમાસ**માં $\frac{૧૮૩૦}{૬૦}$ ૩૦ $\frac{૧}{૨}$ અહોરાત્ર થાય છે, ૧ અહોરાત્ર ૩૦ મુહૂર્તનો હોય છે. એથી ૧ **સૂર્યમાસ** = ૯૧૫ મુહૂર્ત. ૧ યુગમાં પાંચ સંવત્સર અને એમાં અભિજિત્ નક્ષત્ર સૂર્યની સાથે ૫ વાર અને ઉત્તરાષાઢા નક્ષત્ર પણ ૫ વાર સૂર્યની સાથે યોગ કરે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ૧ યુગમાં **ચંદ્રમાસ** ૬૨ થાય છે. જે એક માસનું માન $\frac{૧૮૩૦}{૬૨}$ = ૨૯ $\frac{૩૨}{૬૨}$ અહોરાત્ર થાય છે. કેમકે - ૧ યુગમાં ૧૮૩૦ અહોરાત્ર હોય છે. ૧ અહોરાત્ર ૩૦ મુહૂર્તનો હોય છે. એથી એક ચંદ્ર માસ = ૨૯ $\frac{૩૨}{૬૨}$ × ૩૦ = ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્તનો થાય છે.

૧ યુગમાં ૬૧ કર્મમાસ (હોય) છે. ૧ કર્મમાસ $\frac{૧૮૩૦}{૬૧}$ = ૩૦ અહોરાત્રનો હોય છે. ૧ અહોરાત્રમાં ૩૦ મુહૂર્ત હોય છે. એટલે ૧ કર્મમાસમાં ૩૦ × ૩૦ = ૯૦૦ મુહૂર્ત હોય છે.

વ્યવહાર યોગ્ય **માસ** ચાર પ્રકારના હોય છે

| **એક યુગમાં** | **માસ** | **૧ માસમાં મુહૂર્ત** | **૧ વર્ષમાં દિવસ** | **૧ માસમાં અહોરાત્ર** |
|---|---|---|---|---|
| **નક્ષત્ર** | ૬૭ | ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ | ૨૭ $\frac{૨૧}{૬૭}$ |
| **ચંદ્ર** | ૬૨ | ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ | ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ | ૨૯ $\frac{૩૨}{૬૨}$ |
| | | | અભિ.૩૮૩ $\frac{૪૪}{૬૨}$ | |
| **સૂર્ય** | ૬૦ | ૯૧૫ | ૩૬૬ | ૩૦ $\frac{૧}{૨}$ |
| **કર્મ** | ૬૧ | ૯૦૦ | ૩૬૦ | ૩૦ |

સૂત્ર ૧૧૩૦, પૃ. ૧૭૯

**ચન્દ્ર અર્ધ્ધમાસ** અર્થાત્ ૧ પક્ષમાં ચંદ્ર ૧૪ $\frac{૧}{૪}$ મંડળમાં ભ્રમણ કરે છે. તે આ પ્રકારે હોય છે કે ૧ મંડળના ૧૨૪ ભાગ હોય છે. પાંચ વર્ષવાળા યુગમાં ૧૨૪ પર્વ હોય છે તથા ૬૨ માસ હોય છે. ૧ યુગમાં ૧૭૬૮ મંડળ હોય છે. આ પ્રકારે ૧ પર્વમાં $\frac{૧૭૬૮}{૧૨૪}$ મંડળ અથવા ૧૪$\frac{૩૨}{૧૨૪}$ કે ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડળ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે જે ૧૪ $\frac{૧}{૪}$ મંડળ કહ્યા છે. તે યથાર્થતઃ ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડળ છે.

સૂર્ય અર્ધમાસમાં ૧૬ મંડળોમાં ગતિશીલ હોય છે. તથા જ્યારે તે ૧૬મા મંડળમાં ગતિ કરી રહ્યો હોય ત્યારે એ સમયે અન્ય બે **અષ્ટક ભાગોમાં** ચંદ્ર કંઈક **અસામાન્ય ગતિથી** સ્વયં પ્રવેશ કરી ગતિ કરે છે. એ બે અષ્ટકભાગ નીચે પ્રમાણે છે

(૧) **સર્વાભ્યંતર મંડળથી** નિષ્ક્રમણ કરતો એવો ચંદ્ર અમાસના **પ્રથમ અષ્ટક** અર્થાત્ $\frac{૮}{૧૨૪}$ મા ભાગમાં કંઈક **અસામાન્ય ગતિથી** સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

(૨) **સર્વબાહ્ય** મંડળમાં પ્રવેશ કરતો એવો ચંદ્ર પૂર્ણિમાની દ્વિતીય અષ્ટક અર્થાત્ $\frac{૮}{૧૨૪}$ મા ભાગમાં કોઈ **અસામાન્ય** ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

એક અમાસથી પૂર્ણિમા સુધીના ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત હોય છે અને અમાસથી અમાસ સુધી ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત હોય છે. ૧ યુગમાં ૬૨ અમાસ અને ૬૨ પૂર્ણિમા હોવાથી ૧૨૪ વિભાજન કરવામાં આવે છે. આ પ્રમાણે **ચંદ્રમાસ** ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્તનો હોય છે અને એક યુગમાં ૧૨૪ પર્વ આ પ્રમાણે થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સુધી ૧૬ મંડળ સૂર્યના ગમન અંગેના પાઠ છે તે અશુધ્ધ હોય એમ પ્રતીત થાય છે. કેમકે ૧ યુગમાં ચંદ્ર ૧૭૬૮ મંડલ ચાલે છે અને ૧ યુગમાં સૂર્ય અર્ધ્ધમાસ ૧૨૦ થાય છે તથા ૧ યુગમાં સૂર્ય મંડળ ૧૮૩૦ (હોય) છે. આ પ્રકારે ૧ અર્ધ્ધમાસમાં $\frac{૧૮૩૦}{૧૨૦}$ અથવા ૧૫ $\frac{૩૦}{૧૨૦}$ મંડળ (આવે) છે. અર્થાત્ સૂર્ય ૧૬માં મંડલમાં $\frac{૩૦}{૧૨૦}$ ભાગ ઉપર રહે છે. તે સાથે જો ૧૭૬૮માં ૧૨૦નો ભાગ આપવામાં આવે તો ૧૪ $\frac{૮૮}{૧૨૦}$ મંડળ પ્રાપ્ત થાય છે જે અહીં પ્રયુક્ત થયેલા પ્રતીત થતા નથી. એટલે ૧૨૦ના સ્થાને શું લેવામાં આવે એ શોધનો વિષય બને છે.

આ પ્રકારે નક્ષત્રનાં અર્ધમાસમાં ચંદ્ર ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ ચાલે છે. કારણ કે ૧ યુગમાં ચંદ્ર ૧૭૬૮ મંડળ ચાલે છે અને નક્ષત્રના અર્ધ્ધમાસમાં ૧ યુગમાં ૧૩૪ થાય છે ∴ ૧ અર્ધમાસમાં ચંદ્ર $\frac{૧૭૬૮}{૧૩૪}$ = ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ ચાલશે. **ચંદ્ર પ્રથમ અયન**માં જતા એવા **દક્ષિણમાં** ૭ અર્ધમંડળ જઈને **દક્ષિણથી** પ્રવેશ કરી **નૈઋત્યકોણથી** નીકળી **ઈશાનકોણમાં** જઈ ને બીજા, ચોથા, છઠ્ઠા, આઠમા, દસમા, બારમા અને ચૌદમા અર્ધમંડલને સ્પર્શ કરતો ચાલે છે. એ પ્રકારે તે **ઉત્તરાર્ધ ભાગથી** અર્થાત્ ઈશાનકોણથી **પ્રથમ અયનમાં પ્રવેશ કરતો એવો નૈઋત્ય કોણ**માં જતો એવો ત્રીજા, પાંચમા, સાતમા, નવમા, અગિયારમા અને તેરમા મંડળ તથા પંદરમા મંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગને સ્પર્શ કરતો એવો ચાલે છે.

**બીજા ચંદ્રાયણમાં** ચંદ્ર સર્વાભ્યંતર મંડળના પશ્ચિમ ભાગમાંથી નિષ્ક્રમણ કરતો એવો અર્ધ્ધમંડળના $\frac{૫૪}{૬૭}$ ભાગોમાં (ક) જેમાં અન્ય સંચરિત મંડળના ભાગોમાં ચંદ્ર ગતિ કરે છે અને અર્ધ્ધમંડળના $\frac{૧૩}{૬૭}$ ભાગોમાં જેમાં **સ્વયં સંચરિત** મંડળના ભાગોમાં ચંદ્ર ગતિ કરે છે. તે બીજા બે પ્રકારના $\frac{૧૩}{૬૭}$ ભાગ છે, જેમાં ક્રમશઃ ચંદ્ર સર્વાભ્યંતર મંડળના અને સર્વ બાહ્ય મંડળના ઉક્ત ભાગોમાં સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

અહીં દૃષ્ટવ્ય છે કે ૧૨૪ પર્વોમાં ચંદ્રમાના ૧૭૬૮ મંડળ હોય છે એથી એક પર્વમાં $\frac{૧૭૬૮}{૧૨૪}$ અથવા ૧૪ $\frac{૮}{૩૧}$ મંડળ થાય છે. પરંતુ નક્ષત્રના ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ થાય છે અર્થાત્ અહીં અંતર ૧૪ $\frac{૮}{૩૧}$ – ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડળ થાય છે અથવા $(૧૪ - ૧૩) + \left(\frac{૮}{૩૧} - \frac{૧૩}{૬૭}\right) = ૧ + \frac{(૮ \times ૬૭ - ૧૩ \times ૩૧}{૩૧ \times ૬૭)}$

$$= ૧ + \frac{૧૩૩}{૩૧ \times ૬૭} = ૧ + \frac{૧૨૪}{૩૧ \times ૬૭} + \frac{૯}{૩૧ \times ૬૭}$$

$$= ૧ + \frac{૪}{૬૭} + \frac{૯}{૩૧ \times ૬૭} = ૧ + \frac{૪}{૬૭} + \frac{૯}{૨૦૭૭}.$$

એટલું અંતર ૧ અર્ધ ચંદ્રમાસ ગતિનું પ્રમાણ અને ૧ નક્ષત્ર અર્ધ્ધમાસ ગતિથી અધિકરૂપમાં થાય છે. આ પ્રકારે ચંદ્ર, ૧ ચંદ્ર અર્ધ્ધમાસમાં નક્ષત્ર અધ્ધમાસથી સંપૂર્ણ ૧ અર્ધ્ધમંડળ તથા બીજા અર્ધ્ધ મંડળથી $\frac{૪}{૬૭}$ ભાગ તથા $\frac{૯}{૩૧ \times ૬૭}$ માં ભાગ અધિક સંચરણ કરે છે.

નોંધ : **અહીં શોધનો** વિષય આ પ્રમાણે થઈ શકે છે કે અલગ-અલગ ત્રણ પ્રકારે અંતર નીકાળવા માટે (ગણત્રી કરવા માટે) અલગ-અલગ ચંદ્ર ગમન **સંચરણ ચીર્ણરૂપ** વડે **પ્રસ્થાપિત કરી શકાય** છે. અહીં એ પ્રતીત થાય છે કે **અધિચક્ર** (epicycle) સિધ્ધાંતનું પ્રચલન યુનાન તેમજ ભારતમાં એજ અન્તરરૂપો - શુધ્ધત્તર તેમજ શુધ્ધતમરૂપોને કાઢવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હશે. આ પ્રમાણે સૂર્ય ગમનનો અધિચક્ર સિદ્ધાંત પણ પછીથી આવિષ્કૃત થયો હોવો જોઈએ. એવું પ્રતીત થાય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે પ્રથમ ચંદ્રાયણમાં જે દક્ષિણ ભાગમાંથી **આભ્યન્તરાભિમુખ** પ્રવેશ કરતા ચંદ્ર ૭ અર્ધ્ધમંડળોને અને ઉત્તર ભાગમાંથી **આભ્યન્તરાભિમુખ** પ્રવેશ કરતા ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધ્ધ મંડળમાં સંચરણ કરે છે. બીજા ચંદ્રાયણનું મંડળ ક્ષેત્ર પરિમાણ પણ ૧૪$\frac{૧૩}{૬૭}$ અર્ધ્ધમંડળ થાય છે. અહીં $\frac{૫૪}{૬૭}$ મો ભાગ પંદર મંડળ નો બાકી રહી જાય છે.

ફરી અહીં એ સ્મરણમાં રહે કે મંડળ ઉક્ત અલગ-અલગ દિશાઓમાં બને છે. જ્યાંથી ચંદ્રપ્રવેશ કરે છે અથવા નીકળે છે. આ પ્રકારે પ્રથમ અયનમાં ઈશાનકોણથી નીકળીને $\frac{૧૩}{૬૭}$ મંડળ જતો એવો બીજા અયનમાં $\frac{૫૪}{૬૭}$ મંડળ ચાલતો એવો નૈઋત્યકોણના પંદરમાં મંડળ પર જાય છે. એ અન્ય ચંદ્ર મંડળોમાં ચાલે છે. બીજા નક્ષત્ર અર્ધ્ધમાસમાં $\frac{૨૬}{૬૭}$ ભાગ ચંદ્ર **અસામાન્ય ગતિથી** પ્રવેશ કરીને ચાલે છે. ૧ યુગમાં ૬૭ નક્ષત્ર માસ થાય છે અને ૧૭૬૮ ચંદ્ર મંડલ હોય છે.




આથી ૧ નક્ષત્રમાસમાં $\frac{૧૭૬૮}{૬૭} = ૨૬\frac{૨૬}{૬૭}$ મંડળ ચાલે છે. ૧ ચંદ્રની અપેક્ષા એ ૧૪મા મંડળમાં ચંદ્રાયણ થાય છે. બાકી ૧૨ મંડળ અનન્તર મંડળના $\frac{૨૬}{૬૭}$ ભાગ જઈને નક્ષત્ર માસ પૂર્ણ થઈ જાય છે. આ નક્ષત્રમાસના આદિથી ચંદ્ર બાહ્ય મંડળમાં પ્રવેશ કરતો (એવો) ૧૩માં મંડળ (માંથી) નીકળીને ૧૪માં મંડળનાં $\frac{૨૬}{૬૭}$ માં ભાગમાં નક્ષત્ર માસને પૂર્ણ કરે છે. અહીં **બીજી ચંદ્રાયણ** નક્ષત્રમાસની અપેક્ષાએ પૂર્ણ થાય છે.

અહીં સુધી ચંદ્ર અર્ધ્ધ મંડળની અપેક્ષાએ ૨ અર્ધ્ધમંડલ + $\frac{૮}{૬૭}$ અર્ધ્ધમંડળ + $\frac{૧૮}{૬૭ \times ૩૧}$ અર્ધ્ધમંડળ વધુ ચાલી જાય છે. અહીં **તૃતીય ચંદ્રાયણ** ગત ચંદ્ર પશ્ચિમી બાહ્યાનન્તર અર્ધ્ધમંડલના **સ્વસંચરિત** $\frac{૪૧}{૬૭}$ ભાગમાં પ્રવેશ કરતો એવો ગતિ કરે છે. ચંદ્ર $\frac{૧૩}{૬૭}$ પર સંચરિત ભાગોમાં ગતિ કરે છે. એ અર્ધ્ધમંડળમાં **સ્વ-પર-સંચરિત** $\frac{૧૩}{૬૭}$ ભાગ પર પણ તે ગતિ કરે છે. અહીં પશ્ચિમી ભાગને નૈઋત્ય શ્રી અમોલકઋષિજી મ. દ્વારા કહેવામાં આવ્યો છે. એકી મંડળથી બેકી મંડળ સુધી $\frac{૪૧}{૬૭}$ અર્ધ્ધ મંડળ પર ચાલીને અર્ધ્ધમંડળ $\frac{૧૩}{૬૭} + \frac{૧૩}{૬૭} + \frac{૪૧}{૬૭} = \frac{૬૭}{૬૭}$ પૂર્ણ કરે છે. ૧ મંડળના ૬૭ × ૨ = ૧૩૪ ભાગ થાય છે. એના ૬૭ ભાગમાં બે સૂર્ય તેમજ અન્ય ૬૭ ભાગમાં ૨ ચંદ્ર ગમનશીલ છે.

અર્થાત્ એક એક વિભાગ ૩૩ $\frac{૧}{૨}$ નો હોય છે. પરંતુ $\frac{૪૧}{૬૭}$ (વિભાગ) ચાલીને **ઈશાન કોણ**માં આવે છે. એમાંથી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૪ $\frac{૧}{૪}$ ભાગ વાયવ્યકોણમાં સૂર્યનો ક્ષેત્રને સ્પર્શ કરે છે. જે પર-ક્ષેત્ર છે. (આ) સાથે જ ૧૫ $\frac{૩}{૪}$ ક્ષેત્ર **ઈશાન કોણમાં** ચંદ્રનો સ્પર્શ કરે છે. જે સ્વક્ષેત્ર છે. કારણ કે બાકીનું મંડળ સ્વતઃનું છે. આ પ્રકારે ૧૩ ભાગ પર-ક્ષેત્ર ૧૫ $\frac{૩}{૪}$ ભાગ સ્વક્ષેત્ર છે. જે ૧૩ ભાગ સ્વ-પરના કહ્યા એમાં ૩ $\frac{૩}{૪}$ ભાગ સ્વક્ષેત્ર અને ૯ $\frac{૧}{૪}$ ભાગ **અગ્નિકોણમાં** સૂર્યનું પર - ક્ષેત્ર છે. આ વર્ણન **શોધનો** વિષય બનાવી શકાય છે. કેમકે - પાઠાર્થથી એ કાઢી નાંખવો કે કેમ તે વિચારણીય છે. **અહીં મૂળ પાઠમાં ક્ષેત્ર શબ્દ આવ્યો છે.** કારણ એ છે કે એકી મંડળથી નીકળીને બેકી મંડળ પર $\frac{૪૧}{૬૭}$ ભાગ ચાલે છે. ત્યારે **બેકી મંડળનો** પોતાનો નવમો આંક કહ્યો છે. એનાથી પોતાના મંડળ પર ચાલે છે પરંતુ અહીં સ્વ કે પર કહેવાનું કારણ એ છે કે સંપૂર્ણ મંડળ ૧૩ ભાગનું છે. એના ૬૭ ભાગ બે સૂર્યના અને ૬૭ ભાગ બે ચંદ્રના એટલે પ્રત્યેક ભાગ ૩૩ $\frac{૧}{૨}$ નો થયો. પરંતુ $\frac{૪૧}{૬૭}$ ચાલીને નૈઋત્ય કોણના મંડળ પર આવે છે. જેમાં ૪૧ ભાગ **અગ્નિકોણ**ના ક્ષેત્રના સ્પર્શ કરે છે તે **સ્વક્ષેત્ર** જ્ઞાતવ્ય છે. પરંતુ પાઠમાં પર-ક્ષેત્ર કહેવામાં આવ્યું છે અને ૧૩ ભાગ સ્વ અને પરનું કહેવામાં આવ્યું છે. જેમાં ૩ $\frac{૩}{૪}$ ભાગ પોતાના ક્ષેત્રને સ્પર્શ કરે છે અને ૯ 'ભાગ **વાયવ્ય કોણમાં** સૂર્યના ક્ષેત્રને સ્પર્શે એવો થવો જોઈએ. (જુઓ સૂ. પ્ર. ટીકા શ્રી અમોલકઋષિજી મ.) આ **શોધનો** વિષય છે.

**ચંદ્રના ત્રીજા અયન**માં ગયેલો (એવો) પશ્ચિમ ભાગમાં પ્રવેશ કરતો એવો બહારના ૧૫માં મંડળથી ૧૪માં મંડળ પશ્ચિમના અર્ધ્ધમંડળમાં $\frac{૩૪}{૬૭}$ ભાગ અને $\frac{૧૮}{૬૭ \times ૩૧}$ ચૂર્ણિ ભાગ ચંદ્ર પોતાના મંડળ પર કે પરના મંડળ પર ચાલે છે.

અર્થાત્ $\frac{૧૬\frac{૩}{૪}}{૬૭}$ ભાગ **ઈશાન કોણનું સ્વક્ષેત્ર** ચાલીને $\frac{૧૭\frac{૧}{૪}}{૬૭}$ અને $\frac{૧૮}{૬૭ \times ૩૧}$ ચૂર્ણિ ભાગ **અગ્નિકોણ**ના સૂર્યના પર ક્ષેત્ર પર ચાલે છે. આ પ્રકારે બહારથી ૧૪મા **નૈઋત્યકોણના** અર્ધ્ધમંડળ પર ૧ ચંદ્ર માસ સંપૂર્ણ થાય છે. કારણ એ છે કે - ચંદ્ર માસ ૧ યુગમાં ૬૨ હોય છે. અને ચંદ્ર અર્ધ્ધમંડળ ૧૭૬૮ હોય છે.

∴ ૧ માસમાં ચંદ્ર અર્ધ્ધમંડળ $\frac{૧૭૬૮}{૬૨} = ૨૮\ \frac{૩૨}{૬૨}$ અર્ધ્ધમંડળ. જો ૬૭મો ભાગ કરવો હોય તો ૩૨માં ૬૭નો ગુણાકાર પુનઃ ૬૨ × ૬૭નો ભાગ આપે છે. એમાંથી $\frac{૨૧૪૪}{૬૨ \times ૬૭}$ કે $\frac{૩૪}{૬૭}$ પ્રાપ્ત થાય છે અને બાકી ૩૬ રહે છે. એમાં ૩૧નો ભાગ કરવા માટે $\frac{૩૬ \times ૩૧}{૬૨ \times ૬૭ \times ૩૧} = \frac{૧૧૧૬}{૬૨ \times ૬૭ \times ૩૧}$ પ્રાપ્ત થાય છે. એનું માન $\frac{૧૮}{૬૭ \times ૩૧}$ થાય છે.

આ પ્રકારે ૧ ચંદ્ર માસમાં **અર્ધ્ધમંડળ** ૨૮ + $\frac{૩૪}{૬૭}$ + $\frac{૧૮}{૬૭ \times ૩૧}$ થાય છે.

**નોંધ :** એ યાદ રહે કે અહીં **એકમ (ઈકાઈયૉ)** ૬૨, ૬૭ તેમજ ૩૧ના ક્રમશઃ ભાગના ભાગો પર આધારિત સ્થાપિત કરવામાં આવી છે. ૬૨ પર્વ સંખ્યા છે અથવા ૧ યુગના ચંદ્ર માસની સંખ્યા છે. ૧ યુગમાં નક્ષત્ર માસની સંખ્યા ૬૭ છે. ૩૧ ભાગ સંભવત : ૧૨૪ ભાગોને ૪ દિશાઓમાં વહેંચી દેવાથી પ્રત્યેક દિશાને પ્રાપ્ત થયેલ ભાગ છે એને **ચૂર્ણિએ ભાગ** કહે છે. ૧ યુગના ૬૨ ચંદ્ર માસ હોય છે. અહીં **માસ ઈકાઈ** છે જે ચંદ્ર માસની છે.

પુનઃ ૨૮ + $\frac{૩૪}{૬૭}$ + $\frac{૧૮}{૬૭ + ૩૧}$ એટલા અર્ધ્ધ મંડળ ચંદ્ર ૧ માસમાં ચાલે છે. તેથી ૧૪માં મંડળ પર એક અયન સંપૂર્ણ થઈ જાય છે તથા ૨૮ મંડળ પર બે ચંદ્રાયણ સંપૂર્ણ થાય છે. પુનઃ ૩જો અયનમાં પંદરમા મંડળથી પ્રવેશ કરતો એવો ૧૪મા મંડળ પર $\frac{૩૪}{૬૭}$ + $\frac{૧૮}{૬૭ + ૩૧}$ ચાલવાથી ચંદ્રમાસ સંપૂર્ણ થાય છે. એક ચંદ્ર માસમાં ચન્દ્રમાં ૧ નક્ષત્ર કે


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨ અર્ધ્ધમંડળ અને ૩ જો અર્ધ્ધમંડળના $\frac{૮}{૬૭}$ + $\frac{૧૮}{૬૭+૩૧}$ ભાગ ચાલે છે. અહીં **પ્રશ્ન છે** કે એ કયા કયા ક્ષેત્રમાં સંપૂર્ણ કરે છે એ નક્ષત્ર માસ સંપૂર્ણ થાય છે. અથવા ચંદ્ર નીકળતા ૧૪ મા અર્ધ્ધમંડળના $\frac{૨૬}{૬૭}$ ભાગ (માં) આવીને નક્ષત્ર સંપૂર્ણ કરે છે. કેમકે ૧ યુગમાં નક્ષત્ર માસ ૬૭ છે એથી ૧ યુગમાં ૧૭૬૮ અર્ધ્ધમંડળ ચંદ્ર થવાથી ૧ નક્ષત્ર માસમાં ચંદ્ર અર્ધ્ધમંડળની સંખ્યા $\frac{૧૭૬૮}{૬૭}$ = ૨૬ $\frac{૨૬}{૬૭}$ થાય છે. આ પ્રકારે એક નક્ષત્ર માસમાં ૨૬ અર્ધ્ધમંડળ છે. એને તથા ૨૭ મા અર્ધ્ધમંડળમાં $\frac{૨૬}{૬૭}$ ભાગ **ચંદ્ર** ચાલીને **નક્ષત્રમાસ** પૂર્ણ કરે છે.

આ પ્રકારે ૧ અયનના ૧૪ અર્ધ્ધમંડળ નીકળતા જ બીજા અયનના ૧૨ અર્ધ્ધમંડળ + $\frac{૨૬}{૬૭}$ ભાગ ચાલે છે. પરંતુ પહેલા ૧૪મા અર્ધ્ધમંડળ પર $\frac{૨૬}{૬૭}$ ભાગ કહ્યા છે. કારણ કે બીજા અયનનો બીજા અર્ધ્ધમંડળથી પ્રારંભ થાય છે. એથી ૧૩મા અર્ધ્ધમંડળમાં ૧ ઉમેરવાથી ૧૪$\frac{૨૬}{૬૭}$ માં એક નક્ષત્ર માસ સંપૂર્ણ થાય છે. એના પછી ૨ + $\frac{૮}{૬૭}$ + $\frac{૧૮}{૬૭+૩૧}$ અર્ધ્ધમંડળ ચાલીને ચંદ્ર માસ પૂર્ણ થાય છે. પુનઃ $\frac{૧૦૮}{૬૭}$ કે ૧ $\frac{૪૧}{૬૭}$ કે અર્ધ્ધમંડળ પર-ક્ષેત્રથી અને સ્વક્ષેત્રમાં ચાલે છે. કેમકે - **ઈશાન કોણ**માંથી **નીકળતો** એવો ચંદ્ર ૧૪માં અર્ધ્ધ મંડળ પર $\frac{૨૪\frac{૧}{૪}}{૬૭}$ ભાગ **અગ્નિકોણ**માં સૂર્યનાં ક્ષેત્ર (પર) ચાલે છે અને $\frac{૧૬\frac{૩}{૪}}{૬૭}$ ભાગ સ્વક્ષેત્ર (પર) ચાલીને ૧૪મું અર્ધ્ધમંડલ પૂર્ણ કરે છે. એ પછી પંદરમા અર્ધ્ધમંડળ પર ચાલતા $\frac{૧૬\frac{૩}{૪}}{૬૭}$ સ્વક્ષેત્ર અને $\frac{૩૩\frac{૧}{૨}}{૬૭}$ **વાયવ્ય કોણ**માં સૂર્યના ક્ષેત્રમાં ચાલે છે; $\frac{૧૬\frac{૩}{૪}}{૬૭}$ **ઈશાનકોણ**માં ચંદ્રના ક્ષેત્ર પ્રતિ ચાલે છે. પંદરમા અર્ધ્ધમંડળને આ પ્રકારે **ઈશાનકોણમાં** સંપૂર્ણ કરે છે.

આ પ્રકારે **નૈઋત્યકોણથી** નીકળતો એવો ચંદ્ર ૧૪માં અર્ધમંડળ પર $\frac{૨૪\frac{૧}{૪}}{૬૭}$ **વાયવ્ય કોણમાં** સૂર્યક્ષેત્રમાં ચાલીને અને $\frac{૧૬\frac{૩}{૪}}{૬૭}$ ઈશાનકોણમાં પોતાનું ક્ષેત્ર ચાલીને **ઈશાનકોણમાં** ૧૪માં અર્ધમંડળને પૂર્ણ કરે છે. એના પછી ૧૫માં અર્ધમંડળ પર ચાલતા $\frac{૧૬\frac{૩}{૪}}{૬૭}$ ઈશાનકોણમાં સ્વક્ષેત્ર ચાલીને અને $\frac{૩૩\frac{૧}{૨}}{૬૭}$ ભાગ **અગ્નિકોણમાં** પર-ક્ષેત્ર પર ચાલે છે તથા $\frac{૧૬\frac{૩}{૪}}{૬૭}$ ભાગ પર-ક્ષેત્ર પર ચાલીને પંદરમાં અર્ધ્ધમંડળ સંપૂર્ણ કરે છે. ચંદ્ર ૧૪માં અર્ધ્ધમંડળમાં $\frac{૧૩}{૬૭}$ ભાગ પ્રવેશ કરીને પર-ક્ષેત્રમાં ચાલે છે. આ પ્રકારે **નૈઋત્ય કોણમાંથી** નીકળીને **ચંદ્ર નૈઋત્યકોણમાં** $\frac{૧૩}{૬૭}$ ભાગ પર-ક્ષેત્રમાં ચાલે છે અને ઈશાનકોણમાંથી નીકળીને **ઈશાનકોણમાં** $\frac{૧૩}{૬૭}$ ભાગ પર-ક્ષેત્ર પર ચાલે છે. એના પછી $\frac{૪૨}{૬૭}$ ભાગના અડધા $\frac{૨૧}{૬૭}$ તેમજ $\frac{૧૮}{૬૭+૩૧}$ ચાલતો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો ચંદ્ર પોતાના ૧૪માં અર્ધ્ધમંડળ પર જતો એવો પર-ક્ષેત્ર પર ચાલીને ચંદ્રમાસ પૂર્ણ કરે છે. **ઈશાનકોણથી** નીકળતો એવો ચંદ્ર $\frac{3\frac{3}{4}}{67}$ **ઈશાન કોણ**ના ચંદ્રને પર-ક્ષેત્ર ચાલીને $\frac{17\frac{1}{4}}{67} + \frac{18}{67+31}$ અગ્નિકોણમાં સૂર્યનું પરે-ક્ષેત્ર ચાલીને ચંદ્રમાસ પૂર્ણ કરે છે. **નૈઋત્યકોણથી** નીકળેલ ચંદ્ર $\frac{3\frac{3}{4}}{67}$ નૈઋત્યકોણમાં ચંદ્રનો પર-ક્ષેત્રમાં $\frac{17\frac{1}{4}}{67} + \frac{18}{67+31}$ **વાયવ્યકોણ**થી સૂર્યનો પર-ક્ષેત્ર ચાલીને ચંદ્રમાસ પૂર્ણ કરે છે. બીજા સમય $\frac{26}{67}$ જતો એવો ચંદ્ર ૧૪માં મંડળમાં **સ્વયમેવ પ્રવેશ** કરીને ચાલ ચાલીને નક્ષત્ર માસ પૂર્ણ કરે છે.

એ ગમનની ચંદ્ર માસમાં વૃદ્ધિ **અનવસ્થિતરૂપે** કહેવામાં આવી છે.

અહીં શ્રી અમોલક ઋષિજી મ. એ $\frac{18}{67+31}$ એક બે સ્થાનોમાં **ગલત** લખ્યું છે. જેને $\frac{18}{67+31}$ રૂપમાં લેવું જોઈએ.

**કોણનું નિરૂપણ ઐતિહાસિક દૃષ્ટિથી શોધનો વિષય છે** તથા મહત્ત્વપૂર્ણ છે. અહીં ઓ. ન્યુગેવાએરનો ગ્રંથ 'The Exact sciences in Antiquity' Providence 1957 દૃષ્ટવ્ય છે. આ સાથે જ બેબીલોનિયાનો **એસ્ટ્રાનામિકલ ક્યૂનિફોર્મ ટેક્સ્ટ્સ** (Astronomical Qunieform Texts) પણ દૃષ્ટવ્ય છે. જેના પર એનું અનેક વર્ષો પર્યંત કામ ચાલેલ છે.

સૂત્ર ૧૧૩૧, પૃ. ૧૮૩

સર્વ પ્રથમ **ચંદ્ર સાથે નક્ષત્રોનો યોગકાળ** લેવામાં આવ્યો છે. અહીં **દેશ, કાળની બન્ને** સ્થિતિ માપ લઈને ચંદ્રથી એ નક્ષત્રનો યોગ આગળના કાળમાં અન્ય દેશમાં (હોવાનું) લેવામાં આવે છે. જે ચંદ્ર મંડળના જે દેશમાં જે નક્ષત્રથી આજ યોગ કરે છે તે ૨૮ નક્ષત્રોના યોગકાલના $819 + \frac{24}{62} + \frac{66}{62 \times 67}$ મુહૂર્ત કાળ વ્યતીત થવા પર તે ચંદ્ર મંડળ ના અન્ય દેશ (ભાગ)માં અન્ય સદશ નક્ષત્રથી યોગ કરે છે. સમસ્ત નક્ષત્રો સાથે યોગ કરવાને માટે ચંદ્ર અલગ-અલગ વિસ્તારવાળા નક્ષત્રોથી ભિન્ન-ભિન્ન કાળોમાં યોગ કરતો એવો ચક્રવાલને પૂર્ણ કરે છે. ઉપરોક્ત કુલ મુહૂર્ત કાળની ઉત્પત્તિનું કારણ **ગણિત દ્વારા દર્શાવવામાં આવે** છે.

અભિજિત્ નક્ષત્રનું અતિક્રમણ $9 + \frac{24}{62} + \frac{66}{62 \times 67}$ મુહૂર્તમાં -

૧૫ મુહૂર્ત યોગવાળા ૬ નક્ષત્રોનું અતિક્રમણ $15 \times 6 = 90$ મુહૂર્તમાં કરે છે.

૪૫ મુહૂર્ત યોગવાળા ૬ નક્ષત્રોનું અતિક્રમણ $45 \times 6 = 270$ મુહૂર્તમાં કરે છે.

૩૦ મુહૂર્ત યોગવાળા ૧૫ નક્ષત્રોનું અતિક્રમણ $30 \times 15 = 450$ મુહૂર્તમાં કરે છે.

∴ ચક્રવાલમાં સમસ્ત નક્ષત્રોનો ચંદ્રથી યોગ કાળ $= 819 + \frac{24}{62} + \frac{66}{62 \times 67}$ મુહૂર્તમાં કરે છે.

બીજા ચક્રમાં પુનઃ એટલો સમય લાગે છે, એથી ૫૬ નક્ષત્રોનો યોગ કાળ -

$$= 2 \times \left(819 + \frac{24}{62} + \frac{66}{62 \times 67}\right)$$

$$= 1638 + \frac{48}{62} + \frac{132}{62 \times 67}$$

$$= 1638 + \frac{48}{62} + \frac{65+67}{62 \times 67}$$

$$= 1638 + \frac{48}{62} + \frac{65}{62 \times 67} + \frac{67}{62 \times 67}$$

$= 1638 + \frac{49}{62} + \frac{65}{62 \times 67}$ મુહૂર્ત લાગે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નોંધ** : ઉપરોક્ત ભિન્નોની ગણના જ્યાં ૬૨માં ભાગ અને ૬૨નો એક ભાગનો ૬૭મો ભાગ લેવામાં આવે છે, ત્યાં યોગ ઉપરોક્ત પ્રકારે સંપન્ન થશે. એને ક્રમશઃ ૮૧૯ $\left|\frac{૨૪}{૬૨}\right|\frac{૬૬}{૬૭}$ અને ૧૬૩૮ $\left|\frac{૪૯}{૬૨}\right|\frac{૬૫}{૬૭}$ રૂપમાં સંસ્કૃત ટીકા **મુ. ઘાસીલાલજી મ.** એ વ્યક્ત કરી છે.

હવે ૧ **યુગમાં** ૨૮ નક્ષત્રોના ચંદ્ર યોગકાલને અહીં ૫૪૯૦૦ મુહૂર્ત દર્શાવવામાં આવ્યો છે. (આનું) સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે. ૧ યુગમાં ૧૮૩૦ અહોરાત્ર હોય છે. ૧ અહોરાત્રમાં ૩૦ મુહૂર્ત હોય છે. તેથી ૧ યુગમાં ૧૮૩૦ × ૩૦ = ૫૪૯૦૦ મુહૂર્ત થાય છે. ૧ **યુગ પછી** જૈન ગણના અનુસાર એ નક્ષત્ર અને ચંદ્ર પુનઃ એ જ મંડળના ભાગમાં એટલા મુહૂર્ત પછી મળે છે. એ ચક્ર પુનઃ ચાલે છે અને ૨ × (૫૪૯૦૦) = ૧૦૯૮૦૦ મુહૂર્ત વ્યતીત થવા ઉપર ૨ યુગની સમાપ્તિ પર ફરી એ નક્ષત્ર અને ચંદ્રનો **એ મંડળ પ્રવેશ**માં યોગ થાય છે.

● **સૂર્યનક્ષત્ર યોગ :**

**સૂર્ય વિવક્ષિત દિવસમાં** જે નક્ષત્રની સાથે જે મંડળ પ્રદેશમાં યોગ પ્રાપ્ત કરે છે (તે) સ્વમંડળમાં ભ્રમણ કરતો તે જ સૂર્ય ૩૬૬ અહોરાત્ર અતિક્રમણ કરી પુનઃ એ મંડળ પ્રદેશમાં એની સમાન નક્ષત્ર સાથે યોગ કરે છે. દષ્ટવ્ય છે કે એ નક્ષત્રથી યોગ થતો નથી (પણ) અન્ય એને સમાન (હોય એવા) નક્ષત્ર સાથે જ યોગ થાય છે.

**સ્પષ્ટીકરણ આ પ્રકારે છે–**

જ્યાં સુધી ચંદ્રનો પ્રશ્ન છે (ત્યાં સુધી) ચંદ્ર ચક્રવાલ મંડળના પરિભ્રમણ ક્રમમાં, ૧ માસમાં ૨૮ નક્ષત્રોનો ઉપભોગ કરે છે એ નક્ષત્રોને સૂર્ય ૨૮ (૩૬૬) અહોરાત્રમાં ભોગવે છે. **એક સૂર્ય સંવત્સર** ૩૬૬ અહોરાત્રનો થાય છે. પૂર્વોક્ત નિયમાનુસાર અન્ય ૩૬૬ અહોરાત્ર બીજા ૨૮ નક્ષત્રોનો ઉપભોગ કરે છે. તે પછી ફરીથી તે પૂર્વના ૨૮ નક્ષત્રોને એટલી અહોરાત્ર સંખ્યાથી ધીરે-ધીરે ગમન કરીને યોગ કરે છે. પછી ૩૬૬ અહોરાત્રને વ્યતીત કરીને સૂર્ય એ જે મંડળ પ્રદેશમાં એ પ્રકારના બીજા નક્ષત્રની સાથે યોગ કરે છે, એ નક્ષત્રની સાથે નથી કરતો. વિવક્ષિત દિવસમાં જે નક્ષત્રની સાથે રહીને સૂર્ય જે મંડળ પ્રદેશમાં યોગ કરે છે, ત્યારપછી ધીરે-ધીરે સ્વકક્ષામાં ભ્રમણ કરતો તે જ સૂર્ય એ નક્ષત્રની સાથે એ મંડળ પ્રદેશમાં ફરીથી બીજા સૂર્ય સંવત્સરના અંતમાં યોગ પ્રાપ્ત કરે છે. દ્વિતીય ચક્રમાં ૨ (૩૬૬) = ૭૩૨ અહોરાત્રનું પ્રમાણ થાય છે. આ પ્રકારે ૫ વર્ષમાં ૫ × ૩૬૬ = ૧૮૩૦ અહોરાત્ર થાય છે. અહીં **વક્ષ્યમાણ** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ઉપરોક્તને વક્ષ્યમાણ કહેવામાં આવ્યું છે. વક્ષ્યમાણ શબ્દનો અર્થ વ્યાખ્યાન માન થાય છે. પરીક્ષણ દષ્ટિથી પણ એ જોવામાં આવ્યું છે કે એ નક્ષત્રની સાથે યોગ ન થઈને એની સમાન એવા અન્ય નક્ષત્રની સાથે થાય છે. બીજા યુગના અંતમાં તે પ્રમાણ બે ગણું થાય છે. અર્થાત્ ૨ × ૧૮૩૦ = ૩૬૬૦ થાય છે. વગેરે. અહીં કહેવામાં આવ્યું છે કે ૩૬૬૦ અહોરાત્ર બાદ ફરીથી તે સૂર્ય મંડળના એ દેશમાં એ નક્ષત્ર સાથે યોગ કરે છે.

સૂત્ર ૧૧૩૨, પૃ. ૧૮૫

યુગના પાંચ સંવત્સરોની પ્રથમા **પૂર્ણમાસીમાં** ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે. ધનિષ્ઠા નક્ષત્રની સાથે ૩ + $\frac{૧૯}{૬૨}$ + $\frac{૬૫}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રમાણ કાળ યોગ રહેવાથી ચંદ્ર **પ્રથમ પૂર્ણિમા** સંપૂર્ણ કરે છે.

આ સમયે સૂર્ય પૂર્વાફાલ્ગુની નક્ષત્રની સાથે યોગ કરે છે. આ નક્ષત્રના ૨૮ + $\frac{૩૮}{૬૨}$ + $\frac{૩૨}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહ્યા હોય ત્યારે સૂર્ય એ નક્ષત્રની સાથે યોગ કરે છે. આટલા મુહૂર્ત બાકી રહ્યા હોય ત્યારે પ્રથમ પૂર્ણિમા પૂર્ણ થાય છે. **ગણિત સ્પષ્ટીકરણ** - જે નક્ષત્રની સાથે યોગ કરીને ચંદ્રમા પૂર્ણિમા પૂર્ણ કરે છે એ નક્ષત્રને કાઢવા માટે **ધ્રુવરાશિ** બનાવવામાં આવે છે. પાંચ સંવત્સરોના ચંદ્ર માસ ૬૨ થાય છે. પાંચ સંવત્સરોમાં નક્ષત્ર ૬૭વાર ચંદ્રની સાથે યોગ કરે છે. પાંચ સંવત્સરોની ૧૮૩૦ અહોરાત્રિ થાય છે. એને ૬૭ વડે ભાગવાથી ૨૭ દિવસ તથા ૯ + $\frac{૨૪}{૬૨}$ + $\frac{૬૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત થાય છે. જેમ ૬૬ ચૂર્ણિયા ભાગ ૬૭મો છે. એવી રીતે આ માનના ચૂર્ણિભાગ કુલ પ્રાપ્ત કરવા માટે પહેલા મુહૂર્ત બનાવે છે જે ૨૭ × ૩૦ + (૯) = ૮૧૯ મુહૂર્ત થાય છે. એનો ૬૨મો ભાગ બનાવવા માટે એમાં ૬૨નો ગુણાકાર કરીને ૨૪ ઉમેરવામાં આવે છે. – ૮૧૯ × ૬૨ + (૨૪) = ૫૦૮૦૨૦ ભાગ પ્રાપ્ત થાય છે. એમાં ૬૭મો ભાગ બનાવવા માટે ૬૭નો ગુણાકાર કરીને ૬૬ ઉમેરવામાં આવે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૦૮૦૨૦ × ૬૭ + (૬૬) = ૩૪૦૩૮૦૦ કુલ ભાગાપ ભાગ પ્રાપ્ત થાય છે. એને જ એક **નક્ષત્ર માસની ધ્રુવરાશિ** કહેવામાં આવે છે. આ **પ્રથમ ધ્રુવરાશિ** થઈ.

હવે **ચંદ્રમાસની ધ્રુવરાશિ** બનાવે છે. પાંચ સંવત્સરના ૧૮૩૦ દિવસ થાય છે અને એમાં ચંદ્રમાસ ૬૨ હોય છે. ∴ ૬૨ વડે ભાગાકાર કરવામાં આવે તો $\frac{૧૮૩૦}{૬૨}$ = ૨૯ દિવસ તેમજ ૧૫ + $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત થાય છે. એનો કુલ ચૂર્ણિભાગ કરવા માટે પહેલા કુલ મુહૂર્ત બનાવવામાં આવે છે. અને એમાં ૧૫ મુહૂર્ત ઉમેરવામાં આવે છે – ૨૯ × ૩૦ + ૧૫ = ૮૮૫ મુહૂર્ત.

ફરીથી એનો બાસઠમો ભાગ બનાવવા માટે ૬૨ નો ગુણાકાર કરીને એમાં ૩૦ ઉમેરવામાં આવે છે. – ૮૮૫ × ૬૨ + ૩૦ = ૫૪૯૦૦ ભાગ.

ફરીથી એનો સડસઠિઓ ચૂર્ણિ ભાગ બનાવવા માટે ૬૭ વડે ગુણાકાર કરીને ૫૪૯૦૦ × ૬૭ = ૩૬૭૮૩૦૦ ચૂર્ણિએ ભાગ પ્રાપ્ત થાય છે. આ **ચંદ્ર ધ્રુવરાશિ** થઈ એને બીજી ધ્રુવરાશિ કહીશું.

**પ્રથમ પૂર્ણિમા** - હવે જ્ઞાત કરવું છે કે ચંદ્ર કયા નક્ષત્રનો સાથ કરીને પ્રથમ માસ પૂર્ણ કરે છે. એ જાણવા માટે **બીજી ધ્રુવરાશિને** ૧થી ગુણીને પ્રથમ ધ્રુવ રાશિ દ્વારા ભાજિત કરે છે જેમકે:-

(૩૬૭૮૩૦૦ × ૧) ÷ ૩૪૦૩૮૦૦ એનાથી પૂર્ણ સંખ્યા તથા ૬૭ અને ફરીવાર ૬૨ વડે ભાગવાથી મુહૂર્તાદિ પ્રાપ્ત થાય છે – આ વિધિ **ધ્રુવરાશિથી** ઉલટી ચાલે છે.

એમાં એક માસ પૂર્ણ થવામાં ૧ નક્ષત્ર માસ + ૬૬ મુહૂર્ત + $\frac{૫}{૬૨}$ મુહૂર્ત + $\frac{૧}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

**યુગના પ્રારંભથી** જ **ચંદ્રમાની** સાથે **અભિજિત્ નક્ષત્રનો** યોગ થાય છે. તે નક્ષત્ર ૯ મુહૂર્ત + $\frac{૨૪}{૬૨}$ + $\frac{૬૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત સુધી રહે છે. એનાથી આગળનું નક્ષત્ર ૩૦ મુહૂર્ત સુધી રહે છે તેથી ૬૬ + $\frac{૫}{૬૨}$ + $\frac{૧}{૬૨ \times ૬૭}$ મુહૂર્તમાંથી ૩૯ + $\frac{૨૪}{૬૨}$ + $\frac{૬૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત ઘટાડવાથી ૨૬ + $\frac{૪૨}{૬૨}$ + $\frac{૨}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે છે. આ બાકી રહેલા પ્રમાણથી ચંદ્ર ધનિષ્ઠા **નક્ષત્રની સાથે યોગ કરે** છે એને ધનિષ્ઠાના ૩૦ મુહૂર્તમાંથી ઘટાડયા પછી ૩ + $\frac{૧૯}{૬૨}$ + $\frac{૬૫}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે છે. એટલો કાળ ધનિષ્ઠા નક્ષત્રનો પૂર્ણિમા સંપૂર્ણ થયા પછી બાકી રહે છે.

આ પ્રકારે સૂર્યની સાથે નક્ષત્રનો યોગ (થી) પૂર્ણિમા સંપૂર્ણ થાય છે. જેની ગણત્રી કરવાની વિધિ નીચે પ્રમાણે છે

**પાંચ સંવત્સરોમાં** ચંદ્રમાસ ૬૨ (હોય) છે અને સૂર્યની સાથે ૧-૧ નક્ષત્ર પાંચ વાર પરિભ્રમણ કરે છે. પાંચ સંવત્સરના ૧૮૩૦ અહોરાત્ર છે તેથી $\frac{૧૮૩૦}{૫}$ = ૩૬૬ **દિવસોમાં સૂર્ય** સંપૂર્ણ ૨૮ નક્ષત્રો સાથે યોગ કરે છે. એમાં મુહૂર્તનો બાસઠમો ભાગ કરવા માટે ૩૬૬ × ૩૦ × ૬૨ = ૧૦૯૮૦ × ૬૨ = ૬૮૦૭૬૦ એ મુહૂર્ત બાસઠિએ ભાગ આવે. એ ૧ નક્ષત્ર વર્ષ થાય છે. આ વિધિ માટે એ પ્રથમ **ધ્રુવરાશિ** થઈ. ચંદ્ર માસની **ધ્રુવરાશિ** માટે પાંચ સંવત્સરના ૧૮૩૦ દિવસ હોય છે. એને બાસઠથી ભાગવા પર $\frac{૧૮૩૦}{૬૨}$ = ૨૯ દિવસ ૧૫ + $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત થાય છે. એમાં ૨૯ × ૩૦ + ૧૫ = ૮૮૫ **મુહૂર્ત થયા**. એનો બાસઠિઓ ભાગ કરવા માટે ૬૨ થી ગુણીને ૩૦ બાસઠમો ભાગ ઉમેરવામાં આવે છે. અસ્તુ ૮૮૫ × ૬૨ + (૩૦) = ૫૪૯૦૦ મુહૂર્તનો બાસઠમો ભાગ થાય છે. આ ચંદ્ર માસનો ભાગ થયો આને બીજી **ધ્રુવરાશિ** કહે છે.

હવે એ શોધી કાઢવો છે કે **સૂર્ય** કયા **નક્ષત્ર**ની સાથે યોગ કરતો એવો **પ્રથમ ચંદ્ર**માસ સમાપ્ત કરે છે. આ શોધી કાઢવા માટે બીજી ધ્રુવરાશિને ૧ વડે ગુણીને **પ્રથમ ધ્રુવ રાશિ**થી ભાગવામાં આવે છે. આ વિધિ બાસઠમો ભાગ શોધી કાઢવાથી ઉલટી છે. ભાગ નાસ્તિશૂન્ય છે, ત્યારે મુહૂર્ત કરવા માટે ૬૨ વડે ભાગવામાં આવે છે. જેનાથી ૮૮૫ મુહૂર્ત તથા $\frac{૩૦}{૬૨}$ ભાગ થાય છે. હવે **પ્રથમ યુગ** બેસવાનાં સમયે સૂર્યની સાથે પુષ્ય નક્ષત્ર ૧૩૮ મુહૂર્તમાં પૂર્ણ થઈને ૧૩૯માં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુહૂર્તથી ૨૬૪ મુહૂર્તપર્યંત યોગ કરીને નક્ષત્રની સમાપ્તિ થાય છે. તેથી પુષ્ય નક્ષત્રથી ગણત્રી કરે છે. પ્રથમ પૂર્ણમાસ સંપૂર્ણ થતા સૂર્ય ૮૮૫ મુહૂર્ત તેમજ $\frac{૩૦}{૬૨}$ ભાગ મુહૂર્ત સુધી નક્ષત્રની સાથે યોગ કરે છે. ફરી મઘા નક્ષત્ર ૮૬૭ મુહૂર્તમાં સંપૂર્ણ થાય છે. તેથી ૮૮૫ મુહૂર્ત તેમજ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્તમાંથી ૮૬૭ મુહૂર્ત ઘટાડવાથી ૧૮ મુહૂર્ત + $\frac{૩૦}{૬૨}$ પૂર્વાફાલ્ગુની નક્ષત્રની સાથે યોગ કરે છે. આ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર ૪૦૨ મુહૂર્તનો હોય છે. એમાંથી ૧૮ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્તનો ઘટાડો કરવાથી ૩૮૩ $\frac{૩૨}{૬૨}$ પૂર્વાફાલ્ગુની નક્ષત્રના (મુહૂર્ત) બાકી રહે છે. આ સમયે **સૂર્ય પ્રથમ પૂર્ણમાસ** સંપૂર્ણ કરે છે.

સૂર્ય નક્ષત્ર ૩૮૩ $\frac{૩૨}{૬૨}$ મુહૂર્ત બાકી રહે ત્યારે **ચંદ્ર નક્ષત્ર** કેટલું બાકી રહે છે ? એનો બાસઠમો ભાગ ૩૮૩ × ૬૨ + (૩૨) = ૨૩૭૭૮ થાય છે. હવે અનુપાત લેવામાં આવે છે. પૂર્વાફાલ્ગુની નક્ષત્ર ૩૦ મુહૂર્ત સુધી ચંદ્રની સાથે યોગ કરે છે એનાથી એને ૩૦ વડે ગુણવાથી ૨૩૭૭૮ × ૩૦ = ૭૧૩૩૪૦. પૂર્વાફાલ્ગુની નક્ષત્ર ૪૦૨ મુહૂર્ત સુધી સૂર્યની સાથે યોગ કરે છે. એ ૭૧૩૩૪૦ ને ૪૦૨ વડે ભાજિત કરે છે. ત્યારે ૧૭૭૪ $\frac{૧૯૨}{૪૦૨}$ પ્રાપ્ત થાય છે. તેઓ સડસઠમો ભાગ કરવાને ૬૭થી ગુણવામાં આવે છે. જેનાથી ૧૯૨ × ૬૭ = ૧૨૮૬૪ થાય છે. એને ફરી ૪૦૨ વડે ભાગવાથી ૩૨ ભાગ પ્રાપ્ત થાય છે. ૧૭૭૪ના બાસઠમાં ભાગનું મુહૂર્ત બનાવવાથી ૨૮ મુહૂર્ત તથા ૩૮ બાકી રહે છે. એનાથી ચંદ્ર નક્ષત્ર સૂર્યની સાથે ૨૮ + $\frac{૩૮}{૬૨}$ + $\frac{૩૨}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહેવાથી **પ્રથમ પૂર્ણિમા** સંપન્ન થાય છે.

**બીજી પૂર્ણિમા –** ફરી પ્રશ્ન એ છે કે – પાંચ સંવત્સરોમાં **બીજી પૂર્ણિમા** થાય છે ત્યારે ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરશે ? ઉત્તરાભાદ્રપદ નક્ષત્રની સાથે યોગ કરીને બીજી પૂર્ણિમા ૨૭ + $\frac{૧૪}{૬૨}$ + $\frac{૬૪}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે ત્યારે બીજી માસ સંપૂર્ણ થાય છે.

**નોંધ :** દૃષ્ટવ્ય છે કે – સૂ.પ્ર. ટીકા પૂજ્ય શ્રી ઘાસીલાલજી મ., ભાગ ૨ પૃ. ૨૪૪ વગેરે પર **ભિન્ન** દ્વારા જ ઉપરોક્ત પ્રથમ પૂર્ણિમા સંબંધી ગણનાઓ **ધૂલિકર્મ** દ્વારા પ્રસ્તુત કરવામાં આવી છે. પાટી (સ્લેટ) ગણિત અને ધૂલિ (રેતી) પર ગણિતનું ઉચ્ચરૂપ હલ કરવામાં આવતું હતું. કોઈ તખ્તા અથવા ભૂમિ પર રેત પાથરીને ગણિત કરવામાં આવતું હતું. એ ગણિત અરબ દેશ પર્યંત ભારતથી પહોંચ્યું હતું.

અહીં આ ટીકામાં પ્રસ્તુત **બીજી પૂર્ણિમા** અંગેના પ્રશ્નને હલ કરવામાં આવ્યા છે.

પૂર્વ વિધિ કરતા અહીં જુદી વિધિનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જ્યાં ધ્રુવ રાશિ તો એ જ લેવામાં આવી છે, પરંતુ ગણત્રી બીજી વિધિથી કરવામાં આવે છે –

અહીં પણ **ધ્રુવ રાશિ** ૬૬ + $\frac{૫}{૬૨}$ + $\frac{૧}{૬૨ \times ૬૭}$ મુહૂર્તને પ્રમાણ તરીકે લેવામાં આવે છે.

**બીજી પૂર્ણિમા**ની ગણત્રી કરવા માટે એ **ધ્રુવ રાશિ**ને ૨ વડે ગુણવાથી ૧૩૨ + $\frac{૧૦}{૬૨}$ + $\frac{૨}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. એમાંથી પૂર્વ પ્રતિપાદિત યુક્તિથી અભિજિત્ નક્ષત્રનું શોધનક ૯ + $\frac{૨૪}{૬૨}$ + $\frac{૬૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત ઘટાડવામાં આવે તો ૧૨૨ + $\frac{૪૭}{૬૨}$ + $\frac{૩}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. એ હવે જ્ઞાત છે કે – અભિજિત્ પછી ચંદ્રની સાથે શ્રવણ ૩૦ મુહૂર્ત, ધનિષ્ઠા ૩૦ મુહૂર્ત, શતભિષા ૧૫ મુહૂર્ત, પૂર્વાભાદ્રપદ ૩૦ મુહૂર્ત અને ઉત્તરાભાદ્રપદ ૪૫ મુહૂર્ત રહે છે.

એનો યોગ ૧૫૦ મુહૂર્ત થાય છે જેમાંથી ૧૨૨ $\frac{૪૭}{૬૨}$ + $\frac{૩}{૬૨ \times ૬૭}$ ઘટાડવામાં આવે તો ૨૭ $\frac{૧૪}{૬૨}$ + $\frac{૬૪}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહેવા પર ચંદ્ર **બીજી પૂર્ણિમાને** સમાપ્ત કરે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે સૂર્યે **બીજી પૂર્ણિમા** એ કયા નક્ષત્ર સાથે યોગ કરે છે. કાઢવા માટે અહીં પણ **ધ્રુવ રાશિ** ૬૬ + $\frac{૫}{૬૨} + \frac{૧}{૬૨ \times ૬૭}$ છે, જેને બે વડે ગુણવાથી ૧૩૨ + $\frac{૧૦}{૬૨} + \frac{૨}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. આ ગુણિતાંક રૂપ ગુણનફળમાંથી પુષ્ય નક્ષત્રનું શોધનક ૧૯ + $\frac{૪૩}{૬૨} + \frac{૩૩}{૬૨ \times ૬૭}$ ઘટાડવામાં આવે છે.

**નોંધ :** - એ **શોધનક** કેવી રીતે પ્રાપ્ત કરવામાં આવે છે ? પૂર્વ યુગની સમાપ્તિના અવસર પર પુષ્ય નક્ષત્રનો $\frac{૨૩}{૬૭}$ ભાગ સમાપ્ત થઈને $\frac{૪૪}{૬૭}$ ભાગ બાકી રહી જાય છ એનું મુહૂર્ત બનાવવા માટે ૩૦ વડે ગુણવાથી $\frac{૪૪}{૬૭} \times ૩૦ = ૧૯ + \frac{૪૩}{૬૨} + \frac{૩૩}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

એટલે એમાંથી ૧૩૨ + $\frac{૧૦}{૬૨} + \frac{૨}{૬૨ \times ૬૭}$ ઘટાડવાથી ૧૧૨ + $\frac{૨૮}{૬૨} + \frac{૩૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. એમાંથી અતિક્રમિત ૩૦ મુહૂર્ત પુષ્યના ૧૫ મુહૂર્ત, આશ્લેષાના ૩૦ મુહૂર્ત, મઘાના તેમજ ૩૦ મુહૂર્ત, પૂર્વાફાલ્ગુનીના બાદ કરી દેવાથી બાકીના મુહૂર્ત ઉત્તરાફાલ્ગુની સાથેના યોગના રહે છે જે ૭ + $\frac{૩૩}{૬૨} + \frac{૨૧}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત થાય છે.

આ પ્રકારે આગળ-આગળ પૂર્ણિમાઓની ગણત્રી થાય છે.

સૂત્ર ૧૧૩૩, પૃ. ૧૮૭ - ૧૮૮

અહીં પૂર્વોક્તિ વિધિ અનુસાર **ધ્રુવરાશિ** દ્વારા **અમાસોમાં** ચંદ્ર અને સૂર્યની સાથે નક્ષત્રોના યોગનું વિવરણ છે.

સૂત્ર ૧૧૩૪, પૃ. ૧૮૯ - ૧૯૦

અહીં **હેમંતઋતુ** સંબંધી **પાંચ આવૃત્તિમાં** ચંદ્ર સૂર્યનો નક્ષત્ર યોગ પ્રતિપાદિત થયો છે.

જ્યારે હસ્ત નક્ષત્રનો ૫ + $\frac{૫૦}{૬૨} + \frac{૬૦}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે છે ત્યારે ચંદ્ર વર્તમાન થઈને હેમન્ત ઋતુની પ્રથમ આવૃત્તિને પ્રવર્તિત કરે છે.

**ગણિતીય પ્રક્રિયા :**

પૂર્વ ક્રમની અપેક્ષાથી હેમન્ત ઋતુની **પ્રથમ આવૃત્તિ** વાસ્તવમાં બીજી હોય છે. યુગસંબંધી દસ અયનોના પ્રવર્તન અવસરમાં પ્રથમની બન્ને બાજુએ ગણના થાય છે. એટલે એના સ્થાનમાં બે **ધ્રુવાંક** રાખવામાં આવે છે. પૂર્વ કથિત ગાથા અનુસાર ક્રમથી એમાંથી ૧ ઘટાડવાથી ૨-૧ = ૧ પ્રાપ્ત થાય છે. અહીં પૂર્વકથિત **ધ્રુવરાશિ** ૫૭૩ + $\frac{૩૬}{૬૨} + \frac{૬}{૬૨ \times ૬૭}$ થાય છે

**નોંધ :** - ઉપર્યુક્ત **ધ્રુવરાશિને** નીચે પ્રમાણે પ્રાપ્ત કરવામાં આવે છે.

૧ યુગમાં સૂર્યના ૧૦ અયન થાય છે. સૂર્યના ૧૦ અયનથી ચંદ્ર નક્ષત્રના ૬૭ પર્યાય ઉપલબ્ધ થાય છે. એટલે ૧ અયનથી $\frac{૬૭}{૧૦} = ૬\frac{૭}{૧૦}$ પર્યાય પ્રાપ્ત થશે. અહીં ૬ પૂર્ણાંક હોવાથી એને છોડીને એટલી પર્યાયમાં મુહૂર્ત કાઢવા માટે ત્રૈરાશિક કરવામાં આવે છે. અહીં ૧૦ ભાગોમાંથી ૨૭ $\frac{૨૧}{૬૭}$ ભાગ લબ્ધ થાય છે. એટલે ૭ ભાગોથી કેટલા લબ્ધ થશે ?

૨૭ $\frac{૨૧}{૬૭} \times ૭ \div ૧૦ = (૧૮ + \frac{૯}{૧૦}) + (\frac{૨૧}{૬૭} \times \frac{૭}{૧૦})$ દિવસ પ્રાપ્ત થાય છે.

(**વાસ્તવમાં સંક્ષેપમાં** ૨૭ $\frac{૨૧}{૬૭} \times ૭ \div ૧૦ = ૧૨૮૧ \div ૬૭$ થાય છે.)

એના મુહૂર્ત કાઢવા માટે ૩૦ નો ગુણાકાર કરવાથી $(૧૮ + \frac{૯}{૧૦}) \times ૩૦ = ૫૪૦ + ૨૭ = ૫૬૭$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે $\frac{૨૧}{૬૭} \times \frac{૭}{૧૦} \times ૩૦ = \frac{૪૪૧}{૬૭} = ૬\frac{૩૯}{૬૭}$



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એથી ૫૬૭ + ૬ $\frac{૩૯}{૬૭}$ = ૫૭૩ $\frac{૩૯}{૬૭}$ મુહૂર્ત થાય છે.

હવે $\frac{૩૯}{૬૭}$ ભાગના મુહૂર્ત બનાવવા માટે ૩૯ ને ૬૨ વડે ગુણવાથી ૬૭ ભાગ થાય છે.

એટલે $\frac{૩૯}{૬૭}$ × ૬૨ = $\frac{૨૪૧૮}{૬૭}$ = $\frac{૩૬}{૬૨}$ + $\frac{૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. આ પ્રકારે **ધ્રુવરાશિ** ૫૭૩ + $\frac{૩૬}{૬૨}$ + $\frac{૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. આ **સૂર્ય આવૃત્તિ**માં ચંદ્ર નક્ષત્ર યોગ જાણવામાં પ્રયુક્ત કરે છે.

હવે **ધ્રુવ રાશિ**ને ૧ વડે ગુણવાથી એ આ રૂપે રહે છે. હવે એ રાશિમાંથી ૧૯ નક્ષત્ર (અભિજિત્ નક્ષત્રથી આરંભી ઉત્તરાફાલ્ગુની પર્યંત) ના વિસ્તારના ૫૪૯ + $\frac{૨૪}{૬૨}$ + $\frac{૬૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્તને શોધિત કરવાથી (૫૭૩ + $\frac{૩૬}{૬૨}$ + $\frac{૬}{૬૨ \times ૬૭}$) − (૫૪૯ + $\frac{૨૪}{૬૨}$ + $\frac{૬૬}{૬૨ \times ૬૭}$) = ૨૪ + $\frac{૧૧}{૬૨}$ + $\frac{૭}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. પણ આ સંખ્યાથી હસ્ત નક્ષત્ર શુધ્ધ નથી થતું. હસ્ત નક્ષત્ર ૩૦ મુહૂર્તનું હોય છે. એથી ૩૦ − (૨૪ + $\frac{૧૧}{૬૨}$ + $\frac{૭}{૬૨ \times ૬૭}$) = ૫ + $\frac{૫૦}{૬૨}$ + $\frac{૬૦}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત હસ્ત નક્ષત્ર બાકી રહેવાથી લીધે ચંદ્ર વર્તમાનમાં રહીને ઉત્તરાયણ ગતિરૂપ પહેલી **હેમન્ત ઋતુની આવૃત્તિને** પ્રવર્તિત કરે છે.

- **આગળના પ્રશ્નોત્તર :**

  પ્રથમ આવૃત્તિના પ્રવર્તન કાળમાં સૂર્ય ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે રહે છે.

- **ગણિતીય પ્રક્રિયા :**

અહીં ૧૦ અયનમાંથી ૫ સૂર્ય નક્ષત્ર પર્યાય લભ્ય થાય છે. એટલે ૧ અયનમાંથી $\frac{૫}{૧૦}$ = $\frac{૧}{૨}$ પર્યાય લબ્ધ થશે. એ જ્ઞાત છે કે - અભિજિત્ નક્ષત્ર સમાહૃત સ્વરૂપવાળું બધાથી અધોવર્તી રહે છે. એનો સડસઠમો ભાગ ૨૧ થાય છે. એટલે બધાનો યોગ = ૨૦૧ +૬૦૩ + ૧૦૦૫ + ૨૫ = ૧૮૩૦ થયો.

એટલે સડસઠમાં (ભાગ) ૧૮૩૦ થાય છે. ૩૩ $\frac{૧}{૨}$ × ૬ = ૨૦૧, $\frac{૨૦૧}{૨}$ × ૬ = ૬૦૩, ૬૭ × ૧૫ = ૧૦૦૫, અધોવર્તી = ૨૧

આ પ્રકારે સડસઠ ભાગાત્મક નક્ષત્ર પર્યાય ૧૮૩૦ થાય છે. જેનું $\frac{૧}{૨}$ કરવાથી ૯૧૫ પ્રાપ્ત થાય છે. એમાં પાછળના અયનમાં પુષ્ય નક્ષત્રનો સડસઠમો $\frac{૨૦}{૬૭}$ ભાગ વિત્યો છે. અને $\frac{૪૪}{૬૭}$ ભાગ શેષ રહે છે. તેને પણ જોડવાથી $\frac{૨૦}{૬૭}$ = $\frac{૪૪}{૬૭}$ + $\frac{૬૪}{૬૭}$ પ્રાપ્ત થાય છે. હવે $\frac{૯૧૫}{૬૭}$ ને શોધિત કરવાને લીધે $\frac{૯૧૫}{૬૭}$ − $\frac{૪૪}{૬૭}$ = $\frac{૮૭૧}{૬૭}$ = ૧૩ પ્રાપ્ત થાય છે. એટલે ૧૩ થી આશ્લેષાદિ ઉત્તરાષાઢા પર્યંતના નક્ષત્ર શોધિત થાય છે. એનાથી સ્પષ્ટ છે કે - અભિજિત્ નક્ષત્રના પ્રથમ સમયમાં માઘ માસ ભાવિની **પ્રથમ આવૃત્તિ** પ્રવર્તિત થાય છે.

એ પ્રકારે **ધ્રુવરાશિ** દ્વારા અન્ય આવૃત્તિઓની ગણત્રી કરવામાં આવે છે. ગણિત જ્યોતિષ ઇતિહાસના દષ્ટિકોણથી **ધ્રુવરાશિ**નો ઉપયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

સૂત્ર ૧૧૩૫, પૃ. ૧૯૦ - ૧૯૨

આ સૂત્રમાં વાર્ષિકી **આવૃત્તિઓમાં** ચંદ્ર અને સૂર્યનાં નક્ષત્રો સાથેનો યોગકાળ વર્ણિત છે.

**ઉદાહરણાર્થ** – ચંદ્ર અભિજિત્‌ના પ્રથમ સમયમાં અભિજિત્ નક્ષત્ર સાથે યોગ કરે છે. **સૂર્ય પ્રથમ આવૃત્તિમાં પુષ્યના** ૧૯ + $\frac{૪૩}{૬૨}$ + $\frac{૩૩}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે ત્યારે **નક્ષત્ર સાથે યોગ કરે છે.**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રથમ આવૃત્તિ વિષયક ચંદ્ર નક્ષત્ર યોગ :**

અહીં **પ્રથમ આવૃત્તિ** ઈષ્ટ હોવાથી પ્રથમ આવૃત્તિના સ્થાનમાં ૧નો અંક રાખવામાં આવે છે. ગાથાનુસારા (સૂ. જ્ઞ. પ્ર. પૃ. ૫૭૫) રૂપોન કરવાને કારણે ૧ - ૧ = ૦ શૂન્ય પ્રાપ્ત થાય છે. એટલે આગળની ક્રિયા સંભવિત થતી. એટલે અહીં પાશ્ચાત્ય યુગ ભાવિની **આવૃત્તિમાં** જે દશમી **આવૃત્તિની** સંખ્યા ૧૦ રાખીને એમાં **ધ્રુવરાશિ** મુહૂર્ત ૫૭૩ + $\frac{૩૬}{૬૨}$ + $\frac{૬}{૬૨ \times ૬૭}$ વડે ગુણવાથી ૫૭૩૫ + $\frac{૫૦}{૬૨}$ + $\frac{૬૦}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત પ્રાપ્ત થાય છે. એમાંથી અભિજિતાદિ નક્ષત્રના શોધનકને શોધિત કરવા જોઈએ. તે આ પ્રમાણે અભિજિત્ નક્ષત્રથી લઈને ઉત્તરાષાઢા પર્યંત ૨૮ નક્ષત્રોના ૧ પર્યાયનો શોધનક ૮૧૯ + $\frac{૨૪}{૬૨}$ + $\frac{૬૦}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત થાય છે. હવે ૭ પર્યાયનો શોધનક બનાવવા માટે એમાં ૭ ગણા કરવામાં આવે છે. સ્થૂળ રૂપથી કેવળ ૮૧૯ (ગણત્રીમાં) લેવાથી ૮૧૯ × ૭ = ૫૭૩૩ થાય છે. ૫૭૩૫ − ૫૭૩૩ = ૨ મુહૂર્ત અથવા ૧૨૪ બાસઠિયા મુહૂર્ત ભાગ થાય છે. એટલે $\frac{૫૦}{૬૨}$ + $\frac{૧૨૪}{૬૨}$ = $\frac{૧૭૪}{૬૨}$ થાય છે. એ પ્રકારે **૮૧૯ની** પછી બાકી રહેલા $\frac{૨૪}{૬૨}$ ને પણ ૭ ગણા કરવાથી $\frac{૧૬૮}{૬૨}$ ભાગ થાય છે જેને $\frac{૧૭૪}{૬૨}$ માંથી શોધિત કરવાથી $\frac{૧૭૪}{૬૨}$ − $\frac{૧૬૮}{૬૨}$ = $\frac{૬}{૬૨}$ મુહૂર્ત બાકી રહે છે. એનો સડસઠમો ચૂર્ણિ ભાગ $\frac{૬}{૬૨}$ × $\frac{૬૭}{૬૭}$ = $\frac{૪૦૨}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત થાય છે. એને બાકી રહેલ $\frac{૬૦}{૬૨ \times ૬૭}$ માં ઉમેરવાથી કુલ $\frac{૪૦૨}{૬૨ \times ૬૭}$ + $\frac{૬૦}{૬૨ \times ૬૭}$ = $\frac{૪૬૨}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત થાય છે. જેમાંથી હવે ૮૧૯ + $\frac{૨૪}{૬૨}$ બાદ કર્યા પછી બાકી રહેલા $\frac{૬૬}{૬૨ \times ૬૭}$ને ૭ વડે ગુણાકાર કરીને શોધિત કરવામાં આવશે. આ પ્રકારે $\frac{૬૬ \times ૭}{૬૨ \times ૬૭}$ = $\frac{૪૬૨}{૬૨ \times ૬૭}$ આવે છે.

એટલે પૂર્વોક્ત $\frac{૪૬૨}{૬૨ \times ૬૭}$ માંથી $\frac{૪૬૨}{૬૨ \times ૬૭}$ પ્રાપ્ત રાશિ ઘટાડવાથી શૂન્ય (બાકી) રહે છે. એટલે સમગ્ર ઉત્તરાષાઢા નક્ષત્રનો ચંદ્રની સાથે યોગ થવાથી તે પછી અભિજિત્ નક્ષત્રના પ્રથમ સમયમાં યુગની **પ્રથમ આવૃત્તિ** થાય છે. આ પાંચ સંવત્સરોમાં પ્રથમ વર્ષા કાળ ભાવિની શ્રાવણ માસમાં થનારી સૂર્યની દક્ષિણાયન ગતિરૂપ ચંદ્ર **અભિજિત્ નક્ષત્ર**ની સાથે સંપન્ન થાય છે.

**પ્રથમ આવૃત્તિ વિષયક સૂર્ય નક્ષત્ર યોગ :**

પંચ વર્ષાત્મક યુગમાં ૧૦ અયન થાય છે. એમાંથી પાંચ અયન વર્ષાકાળના થાય છે જે દક્ષિણાયન ગતિરૂપ છે. બાકીના પાંચ અયન ઉત્તરાયણ રૂપ હેમંત કાળમાં થાય છે. ૧ સંવત્સરમાં ૨ અયન થાય છે પણ સૂર્ય નક્ષત્ર પર્યાય એક જ થાય છે. એટલે ૫ વર્ષીય યુગમાં સૂર્ય નક્ષત્ર પર્યાય ૫ થાય છે. ૧૦ અયનમાં ૫ પર્યાય થાય છે એટલે ૧ અયનમાં $\frac{૫}{૧૦}$ અથવા $\frac{૧}{૨}$ પર્યાય થાય છે.

અહીં નક્ષત્ર પર્યાય ૧૮૩૦ હોય છે જે સડસઠ રૂપ થાય છે. હવે શતભિષક્ આદિ ૬ નક્ષત્ર અર્દ્ધક્ષેત્રવાળા હોવાથી $\frac{૬૭}{૨}$ અથવા ૩૩ $\frac{૧}{૨}$ વાળા થાય છે. જે $\frac{૬૭}{૨}$ × ૬ = કુલ ૨૦૧ થાય છે. આ પ્રકારે ઉત્તરાભાદ્રપદાદિ ૬ નક્ષત્ર દ્વયર્દ્ધ ક્ષેત્રવાળા હોવાથી પ્રત્યેકનું માન (માપ) ૬૭ + ૩૩ $\frac{૧}{૨}$ અથવા $\frac{૨૦૧}{૨}$ થાય છે. જે $\frac{૨૦૧}{૨}$ × ૬ = કુલ $\frac{૧૨૦૬}{૨}$ = ૬૦૩ થાય છે. હવે **૧૫ નક્ષત્ર** બાકી રહે છે જે સમક્ષેત્રવાળા ૩૦ મુહૂર્ત પ્રમાણના ૬૭ ભાગ રહે છે એટલે તે ૬૭ × ૧૫ = કુલ ૧૦૦૫ થાય છે. અભિજિત્ નક્ષત્ર સમાહૃત સ્વરૂપવાળું બધાથી અધોવર્તિ હોય છે એનો સડસઠમો ભાગ ૨૧ થાય છે. આ બધાનો યોગ (સરવાળો) ૨૦૧ + ૬૦૩ + ૧૦૦૫ + ૨૧ = ૧૮૩૦ થાય છે.

આ પ્રકારે સડસઠમો ભાગ કુલ ૧૮૩૦ ભાવાત્મક પરિપૂર્ણ નક્ષત્ર પર્યાય થાય છે જેના અડધા ૯૧૫ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાંથી અભિજિત્‌ના ૨૧ (ભાગ) ઘટાડવાથી ૯૧૫ - ૨૧ = ૮૯૪ બાકી રહે છે. એને ૬૭થી વિભાજિત કરવાને લીધે $\frac{૮૯૪}{૬૭} = ૧૩ + \frac{૨૩}{૬૭}$ લબ્ધશેષ બાકી રહે છે. એમાંથી ૧૩ દ્વારા પુનર્વસુ પર્યન્તના નક્ષત્ર શુદ્ધ થાય છે. બાકી જે $\frac{૨૩}{૬૭}$ રહે છે એના $\frac{૨૩}{૬૭} \times ૩૦ = \frac{૬૯૦}{૬૭}$ મુહૂર્ત થાય છે જે $૧૦ + \frac{૧૮}{૬૨} + \frac{૩૪}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત થાય છે. એનાથી જ્ઞાત થાય છે કે - પુષ્ય નક્ષત્રનું ઉક્ત મુહૂર્ત સમાપ્ત થવા ૫૨ અથવા $૩૦ - (૧૦ + \frac{૧૮}{૬૨} + \frac{૩૪}{૬૨ \times ૬૭}) = ૧૯ + \frac{૪૨}{૬૨} + \frac{૩૩}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે છે ત્યારે **પ્રથમ શ્રવણ** માસ ભાવિની **આવૃત્તિ** પ્રવર્તિત થાય છે.

આગળની આવૃત્તિઓના નક્ષત્રયોગ **ધ્રુવરાશિ**નો ઉપયોગ કરતા એવા ઉપરોક્ત વિધિથી પ્રાપ્ત કરી લે છે.

**ગણિત જ્યોતિષ ઇતિહાસની** દૃષ્ટિથી એ ગાથાઓ **ધ્રુવરાશિ**ના ઉપયોગ સંબંધી હોવાથી મહત્વપૂર્ણ છે. એમાં જે પારિભાષિક શબ્દ આવ્યા છે તે પણ ભાષા ઇતિહાસની દૃષ્ટિથી જ્યોતિષ સંબંધી ગણવાના - કાળના સૂચક છે.

સૂત્ર ૧૧૬૬, પૃ. ૨૨૯ - ૨૩૫

આ સૂત્રમાં **કુલ, ઉપકુલ** અને **કુલોપકુલ સંજ્ઞક** નક્ષત્રના યોગની સમજણ આપવામાં આવી છે. માસ સમાન નામવાળા નક્ષત્રોની **કુલ** સંખ્યા હોય છે. એ ૧૨ છે. પણ અહીં ૧૩ નક્ષત્ર થાય છે. માસ બોધક **કુલ સંજ્ઞક** નક્ષત્રના સમીપવર્તી હોવાથી ૧૧ નક્ષત્ર **ઉપકુલ સંજ્ઞક** કહેવાય છે. વક્ષ્યમાણ અધોનિર્દિષ્ટ ચાર નક્ષત્ર **કુલોપકુલ સંજ્ઞક** કહેવાય છે. જે **કુલ સંજ્ઞક** તેમજ **ઉપકુલ** સંજ્ઞક નક્ષત્રોની મધ્યમાં કોઈને કોઈ (જગ્યાએ) રહે છે. અભિજિત્‌, શતભિષા, આર્દ્રા અને અનુરાધા. (જુઓ સૂ.જ્ઞ.પ્ર.પૃ. ૭૫૧ આદિ)

યુગની આદિમાં **પ્રથમ શ્રાવિષ્ઠી અમાવસ્યાએ** કયો ચંદ્રના યોગથી યુક્ત નક્ષત્રવાળી થઈને સમાપ્ત થાય છે. એવો પ્રશ્ન હલ કરવા માટે **અવધાર્ય** રાશિ $૬૬ + \frac{૫}{૬૨} + \frac{૧}{૬૨ \times ૬૭}$ નો ઉપયોગ થાય છે.

**અવધાર્ય રાશિ કાઢવાની પ્રક્રિયા :**

૧૨૪ પર્વ સંખ્યાથી ૫ સૂર્ય નક્ષત્રનો પર્યાય લભ્ય થાય છે એટલે ૨ પર્વથી $\frac{૨ \times ૫}{૧૨૪} = \frac{૫}{૬૨}$ રાશિ પ્રાપ્ત થાય છે. આ અંક રાશિના નક્ષત્ર કરવા માટે અંશમાં ૧૮૩૦ વડે ગુણવામાં આવે છે અને હર કે છેદ રાશિમાં ૬૭ વડે ગુણવાને આવે છે.

આ પ્રકારે $\frac{૫ \times ૧૮૩૦}{૬૨ \times ૬૭} = \frac{૯૧૫૦}{૪૧૫૪}$ રાશિપ્રાપ્ત થાય છે. હવે એના મુહૂર્ત બનાવવા માટે અંશને ૩૦ વડે ગુણવાથી એ રાશિ $\frac{૯૧૫૦ \times ૩૦}{૪૧૫૪} = \frac{૨૭૪૫૦૦}{૪૧૫૪}$ મુહૂર્ત અથવા $૬૬ + \frac{૫}{૬૨} + \frac{૧}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત રૂપમાં પ્રાપ્ત થઈ જાય છે જેને **અવધારિત રાશિ** કહેવામાં આવી છે. **ધ્રુવરાશિ અને અવધાર્યરાશિમાં** જે ભેદ છે તે સમજવો જોઈએ. પરન્તુ અહીં તેવો કોઈ ભેદ પ્રતીત થતો નથી.

હવે પ્રશ્નોત્તર માટે પ્રથમ અમાવસ્યાનો અંક ૧ લઈને એને **અવધાર્ય રાશિ** વડે ગુણવામાં આવે છે. હવે પુનર્વસુ નક્ષત્રનો $૨૨ + \frac{૪૬}{૬૨}$ મુહૂર્ત શોધનક હોવાથી એને **અવધાર્ય રાશિમાંથી** ઘટાડવા પછી $૪૩ + \frac{૨૧}{૬૨} + \frac{૧}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે છે. એટલે પુષ્ય નક્ષત્રના ૩૦ મુહૂર્તથી શોધિત થવાને લીધે $૧૩ + \frac{૨૧}{૬૨} + \frac{૧}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે છે. હવે આશ્લેષા નક્ષત્ર દ્વિક્ષેત્રાત્મક હોવાથી ૧૫ મુહૂર્ત પ્રમાણ હોય છે. જેને ઉપરોક્ત રાશિથી શોધિત કરવાથી $૧ + \frac{૪૪}{૬૨} + \frac{૬૬}{૬૨ \times ૬૭}$ મુહૂર્ત બાકી રહે છે. (એટલે) **શ્રાવિષ્ઠી અમાવસ્યા** સમાપ્ત થાય છે.

બીજી અમાવસ્યા પર વિચાર કરવા માટે યુગની આદિથી તે ૧૩મી સંખ્યા થવાથી **અવધાર્ય રાશિને** એના વડે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણીને ફરીથી વિગત- પ્રક્રિયા દ્વારા ચંદ્રનક્ષત્ર યોગ કાઢવામાં આવે છે. ત્રીજી શ્રાવષ્ઠી માટે યુગના આદિથી ૨૫મી સંખ્યા થવાથી **અવધાર્ય રાશિ**ને ૨૫થી ગુણીને ફરીથી તે જ ગણત્રી કરવામાં આવે છે. શું અહીં **અવધાર્ય રાશિ** અને **ધ્રુવરાશિ** એક જેવી પ્રતીત નથી થતી ? એ સ્પષ્ટ થયું નથી.

આ પ્રમાણે ઉપરોક્ત વિધિથી ૧૨ અમાવસ્યાઓમાં ચંદ્રયોગ નક્ષત્ર વિવેચન કરવામાં આવે છે. એ સૂત્રમાં એ અમાવસ્યાઓનો **કુલાદિ નક્ષત્ર** યોગ યોજના દર્શાવવામાં આવી છે.

સૂત્ર ૧૧૬૮, પૃ. ૨૪૦ - ૨૪૨

આ સૂત્રમાં નક્ષત્રોના પૂર્વાદિ ભાગો સાથે **યોગ, ક્ષેત્ર અને કાળ** પ્રમાણ આપવામાં આવ્યું છે. આ યોગ ચંદ્ર અને નક્ષત્રના વિસ્તાર તથા એની **સાપેક્ષ ગતિપર** નિર્ભર છે અને દિવસના પ્રારંભ તેમજ અંત સંબંધી છે. એની ગણના સરળ છે. આ અવલોકન સ્પષ્ટ છે કે - વિભિન્ન સ્થળો માટે ભિન્ન-ભિન્ન હશે.

સૂત્ર ૧૧૭૫, પૃ. ૨૫૦ - ૨૫૪

પૂર્વાચાર્યોએ આઠ ગાથાઓ દ્વારા પૌરૂષીનું પરિમાણ પ્રતિપાદિત કર્યું છે. એનો ભાવાર્થ આ પ્રમાણે છે -
(જુઓ સૂ.જ્ઞ.પ્ર.ભાગ ૧, પૃ. ૯૪૭)

યુગમાં જે પર્વનું જે તિથિમાં પોરષીનું પરિમાણ જાણવા ઈચ્છે તો પહેલા યુગના આદિથી આરંભ કરીને જેટલા પર્વ વીતી ગયા હોય એને લઈને ૧૫ વડે ગુણવામાં આવે. ગુણાકાર કરીને વિવક્ષિત તિથિથી પહેલા જેટલી તિથિઓ વ્યતીત થઈ ગઈ હોય એ તિથિઓને ઉમેરાવામાં આવે. ઉમેરીને ૧૮૬ વડે એનો ભાગ કરે તો આ પ્રકારે ૧ અયનમાં ૧૮૩ મંડળ પરિમાણમાં ચંદ્ર નિષ્પાદિત તિથિઓની સંખ્યા ૧૮૬ થાય છે. એના ભાગ કરવાથી જે ભાગફળ આવે છે તે પોરષીનું પ્રમાણ હોય છે. એમાં જે લબ્ધ વિષમ હોય, જેમકે - ૧, ૩, ૫, ૭, ૯.... હોય તો એનું સમીપસ્થ દક્ષિણાયન સમજવું જોઈએ. જો લબ્ધ સમ હોય, જેમકે - ૨, ૪, ૬, ૮, ૧૦ વગેરે તો એના પર્યન્ત ઉત્તરાયણ સમજવું જોઈએ.

જો ૧૮૬ દ્વારા ભાગવાથી પૂરા ભાગ ન આવે અને શેષ બાકી રહે તો એની વિધિ આ છે- અયન વીતે ઈત્યાદિ જે પર્વ ભાગવાથી કે ભાગના અસમ્ભવપનની દશામાં શેષ રૂપ અયનગત તિથિનો સમૂહ હોય છે. એને ચાર વડે ગુણે છે. ગુણાકાર કરીને પર્વ પાદથી યુગમાં પર્વ સંખ્યાથી (ગ્રન્થાગ્ર ૪૦૦૦) પર્વ ૧૨૪ હોય છે. એના પાદથી અર્થાત્ ચતુર્થાંશથી ૩૧ ભાગ કર્યા પછી જે ભાગફળ આવે એટલા આંગળ અને આંગળના અંશ પૌરૂષીની ક્ષય-વૃદ્ધિ જાણવાં જોઈએ. દક્ષિણાયનમાં પાદ **ધ્રુવરાશિના** ઉપર વૃદ્ધિરૂપથી તથા ઉત્તરાયણમાં પાદ **ધ્રુવરાશિનું** ક્ષયરૂપ જાણવું જોઈએ.

**ગુણાકાર અને ભાગાકાર ઉત્પત્તિ**- જો ૧૮૬ તિથિથી ૨૪ આંગળની ક્ષય કે વૃદ્ધિ પ્રાપ્ત હોય તો ૧ તીથિમાં

$\frac{૨૪}{૧૮૬}$ અથવા $\frac{૪}{૩૧}$ ક્ષય કે વૃદ્ધિ થાય છે. જે લબ્ધફળ છે એટલા આંગળ ક્ષયવૃદ્ધિ થાય છે.

દક્ષિણાયનમાં બે પાદથી ઉપર આંગળોમાં વૃદ્ધિ થાય છે તથા ઉત્તરાયણમાં ૪ પાદથી આંગળોની હાનિ કે ક્ષય થાય છે.

યુગના પ્રથમ સંવત્સરમાં શ્રાવણમાસના કૃષ્ણપક્ષની પ્રતિપદામાં ૨ પાદ પ્રમાણવાળી પોરષી નિશ્ચિત થાય છે. એનો પ્રતિપદાથી આરંભ કરીને પ્રત્યેક તિથિની ક્રમથી યાવત્ પર્યન્ત વધારવામાં આવે છે. યાવત્ સૌરમાસના સાઢાત્રીસ અહોરાત્ર પ્રમાણથી ચંદ્રમાસની અપેક્ષાથી ૩૧ તિથિમાં ૪ આંગળની વૃદ્ધિ થાય છે. કારણકે - ૧ તિથિમાં

$\frac{૪}{૩૧}$ ભાગ હાનિ-વૃદ્ધિ થાય છે.

યુગના પ્રથમ સંવત્સરમાં માઘના કૃષ્ણપક્ષમાં સપ્તમીથી આરંભીને ૪ પાદથી પ્રત્યેક તિથિ $\frac{૪}{૩૧}$ ભાગ ઘટતી એવી ઉત્તરાયણ પર્યંત બે પાદ પોરષી થઈ જાય છે.

**પર્વ-તિથિમાં પોરષી ગણના :**

જો યુગના પ્રારંભથી ૨૫માં પર્વની ૫મી તિથિમાં **પોરષી** પાદ ગણના કાઢવી હોય તો સર્વ પ્રથમ એક બાજુ ૮૪ રાખવામાં આવે છે અને એની નીચે ૫મી તિથિના વિષયમાં પ્રશ્ન થવાથી ૫ રાખવામાં આવે છે. તથા ૮૪ને


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫થી ગુણે છે. આ પ્રકારે ૮૪ × ૧૫ = ૧૨૬૦ થાય છે. જેમાં ઉક્ત ૫ ઉમેરવાથી ૧૨૬૫ થાય છે. અને ૧૮૬ વડે ભાગવાથી $\frac{૧૨૬૫}{૧૮૬} = ૬ + \frac{૧૪૯}{૧૮૬}$ પ્રાપ્ત થાય છે. અહીં ૬ લબ્ધ પૂર્ણ થાય છે. છ અયન પુરા થઈને સાતમું અયન પ્રવર્તે છે. ધ્રુવ ૧૪૯ને ૪ વડે ગુણવામાં આવે છે. ત્યારે ૧૪૯ × ૪ = ૫૯૬ પ્રાપ્ત થાય છે. એને ૩૧ વડે ભાગવાથી ૧૯ + $\frac{૭}{૩૧}$ પ્રાપ્ત થાય છે. ૧૯ આંગળમાંથી ૧૨ આંગળનો ૧ પાદ હોવાના કારણે ૧ પાદ લબ્ધ થઈને ૭ આંગળ શેષ રહે છે. આ પ્રકારે ૬ ઉત્તરાયણ નીકળી ગયેલ હોય અને સાતમું દક્ષિણાયન પ્રવર્તે છે. હવે એ ૧ પાદને ૨ પાદ વાળી **ધ્રુવરાશિ**માં **પ્રક્ષિપ્ત** કરવાથી ૩ પાદ થાય છે તથા ૭ આંગળ થાય છે. હવે $\frac{૭}{૩૧}$ ભાગને યવ બનાવવા માટે ૧ આંગળ = ૮ યવ (ગણત્રીમાં) લઈને ૭ને ૮ વડે ગુણવામાં આવે તો ૭ × ૮ = ૫૬ પ્રાપ્ત થાય છે. એટલે $\frac{૫૬}{૩૧} = ૧ + \frac{૨૫}{૩૧}$ યવ થાય છે. એટલા પ્રમાણની **પોરષી** પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે ઉત્તરાયણની **ધ્રુવરાશિ** ૪ પાદ લઈને સંબંધિત પ્રશ્ન હલ કરે છે.

★★★

## ૨. પ્રાચીન ગણિતનો આધુનિક ગણિતમાં ક્રમશઃ વિકાસ

પ્રાચીન ગણિત વિશ્વની કેટલીક સભ્યતાના કેન્દ્રો પર પોતાના અભિલેખ સુરક્ષિત રહેવાના કારણે પ્રકાશમાં આવ્યું છે. આ કેન્દ્રોમાં ખાસ કરીને બેબિલન, મિશ્ર અને ભારત સુપ્રસિદ્ધ છે.* બીજ, સંખ્યા અને આકૃતિ દ્વારા ગણિતના રૂપમાં વિકાસ હજારો વર્ષો સુધી ચાલ્યો પરંતુ સર્વાધિક ક્રાન્તિ વર્ધમાન મહાવીરના યુગમાં તથા વિગત શતાબ્દીમાં દષ્ટિગત થઈ છે. જેને મહાત્માગાંધી યુગ કહી શકાય છે. અહિંસાનું આંદોલન સર્વવ્યાપી થાય છે અને મહાન્ તીર્થનું પ્રવર્તન કરે છે. તીર્થંકર મહાવીરની ક્રાન્તિ આત્મિક હતી અને મહાત્મા ગાંધીની રાજનૈતિક.

પ્રાચીનકાળમાં નદીઓના કિનારે વિકસિત થયા પ્રાયઃ ૫૦૦૦ વર્ષ પૂર્વનાં વિકસિત સભ્યતાઓવાળા ઉક્ત દેશોમાં જ્યોતિષ તેમજ લૌકિક ગણનાઓ માટે રેખાગણિત, અંકગણિત અને બીજગણિતના આદિમ સ્વરૂપને શોધી કાઢવામાં આવ્યું હશે. કૃષિ અંગેની કાળ ગણના માટે પંચાગને વિકસિત કરવામાં આવ્યો હશે અને ભવન અંગેની રચના માટે યાંત્રિકીને વિકસિત કરવામાં આવ્યો હશે. એમાંથી પ્રયુક્ત ગણિતનો વિકાસ થયો હશે.

ગણિતમાં મુખ્યતઃ પાંચ ધારાઓ ગતિશીલ રહી છે. પ્રાચીનતમ કાળમાં સંખ્યા અને આકૃતિથી કામ ચાલતુ રહ્યું. પછીથી સંખ્યાઓ અને આકૃતિઓ વચ્ચે સંબંધ સ્થાપિત કરવામાં આવ્યો. આ સંબંધોની સહાય વડે અને પૂર્ણાંક સંખ્યાઓ સિવાય ઋણાત્મક, ભિન્નાત્મક અને વર્ગાત્મક, વર્ગમૂળાત્મક સંખ્યાઓને રેખાકૃતિઓ વડે નિરૂપિત કરવામાં આવ્યો. અખંડતા અથવા સંલગ્નતાના પ્રસંગને ગણિતીય વિધિઓ દ્વારા નિરૂપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

આ પ્રમાણે પૂર્ણાંક સંખ્યાઓ સાથે સંબંધિત સમસ્યાઓમાં રૂચિ રાખનારા ગણિતજ્ઞ સંખ્યાસિધ્ધાંત આધુનિક બીજગણિત અને ગણિતીય તર્કની તરફ આગળ વધી ગયા. અપૂર્ણાંક સંખ્યાઓની સમસ્યાઓમાં રુચિ રાખનારા ગણિતજ્ઞ જ્યોમેટ્રી, વિશ્લેષણ - ગણિત અને પ્રયુક્ત ગણિતને ધ્યાનમાં લઈ વિજ્ઞાન તથા યંત્રાદિકલાની તરફ વધુ ઝૂક્યા છે. (રસ લેવા લાગ્યા છે)

ઉપર્યુક્ત ચાર પ્રકારની ધારાઓ સિવાય એક બીજી મહત્ત્વપૂર્ણ ધારા ગતિશીલ થઈ. જ્યોતિષ તેમજ યાંત્રિકીથી આરંભી જીવશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજવિજ્ઞાન આદિમાં જેમાં - જેમાં ઊંડાણમાં જવાની આવશ્યકતા પ્રતીત થઈ ત્યાં-ત્યાં ગણિતનું અવલંબન લેવાવવા માંડ્યું. આ પ્રકારે પ્રાયઃ સત્તરમી સદીના પ્રારંભ પછી કેટલાક વર્ષો બાદ ગણિત તેમજ વિજ્ઞાન અગમ્ય અને અપાર રૂપમાં વિકસિત થવા લાગ્યું. ઉદ્યોગ અને શોધકાર્યમાં પ્રાયઃ અઢારમી સદીના અંત અને ઓગણીસમી સદીના પ્રારંભમાં ક્રાન્તિનો પ્રારંભ થયો. આ ક્રાન્તિથી ગણિતીય ક્ષેત્રમાં જે ગતિ આવી એને ગણિતને અનેક નવા રૂપો આપ્યા. આ પ્રકારે શુદ્ધ ગણિતને વધુ વિસ્તૃત થવાનો અવસર નિત્ય પ્રાપ્ત થવા માંડ્યો. પ્રાચીનકાળમાં થઈ ગયેલા પ્રમુખ (મુખ્ય) ગણિતજ્ઞોને આંગળીના વેઢ પર ગણી શકાય (એટલાજ) છે. પરંતુ વીતેલી બે, ત્રણ તેમજ આધુનિક શતાબ્દીમાં એની સંખ્યામાં વિશેષ વૃદ્ધિ અવલોકિત જોઈ શકાય છે.

* વિસ્તારપૂર્વકના વર્ણન માટે જુઓ મહાવીરાચાર્યનો ગણિતસાર સંગ્રહ, પ્રસ્તાવના, શોલાપુર, ૧૯૬૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજથી પ્રાય: ત્રણસો વર્ષ પૂર્વેના ગણિતને ચિરપ્રતિષ્ઠિત ગણિત કહેવામાં આવે છે. તે આજે પણ પોતાની શક્તિ તેમજ કેન્દ્રિય સ્થિતિ પ્રતિષ્ઠિત કરનાર (રહ્યું) છે. કેલકુલસ અર્થાત્ સૂક્ષ્મતમ પરિવર્તનનું સંકલન અને વિકલન, લિમિટ અર્થાત સીમા, ફંકશન અર્થાત બે વસ્તુઓ આદિના સંબંધોનું ફલન, વિશ્લેષણ ચલન અને અવકલ કલન તેમજ સમીકરણ આજપણ આધુનિક ગણિત પર છવાયેલા છે. જ્યોમેટ્રીમાં ફલન અને સંખ્યાત્મક સંલગ્નતાની ધારણાથી સ્થળ વિજ્ઞાન અને ચલન જ્યોમેટ્રીની ઉત્પત્તિ થઈ છે. એ બન્ને જ આધુનિક ગણિતની સર્વાધિક ક્રિયાશીલ શાખાઓ છે.

આજ પણ આધુનિક ગણિતનો આધાર સંખ્યા જ્યોમેટ્રી અને બીજગણિત છે પરંતુ એનું રૂપ વ્યાપક થઈ ગયું છે. જ્યારે વિજ્ઞાનના સિદ્ધાંતોમાં ગણિતને પ્રવેશ આપવામાં આવ્યો ત્યારે ગણિતીય સિદ્ધાંતોને નવો વળાંક લેવો પડ્યો. હવે સંખ્યાઓ અનંતના ક્ષેત્રમાં પ્રવિષ્ટ કરી અનન્તાત્મક રાશિઓની રચના વિજ્ઞાન સમુન્નત કરી ચુકી છે. જ્યોમેટ્રી પહેલા રેખા તથા સંગીન અને આકાશના બિન્દુઓ સુધી મર્યાદિત હતી. પરંતુ હવે તે બધા સંભાવ્ય કાલ્પનિક આકાશોની વસ્તુ થઈ ગઈ છે. ઉચ્ચ બીજગણિત દ્વારા હવે કોઈપણ વિષય અછૂતો રહ્યો નથી.

પ્રાયિક્તા ગણિતની ઉત્પત્તિ ખેલ-કુદમાં થઈ હતી. પરંતુ આજ એના દ્વારા એ થનાર ઘટનાઓનું જ્ઞાન થઈ જાય છે. જેને પ્રાગુક્તિ પૂર્ણ રૂપથી કરી શકાતી નથી. ઘટનાઓને રાશિઓની અને પ્રાયિક્તાને ક્ષેત્રફળ કે ઘનફળના રૂપમાં જોઈને સમસ્યાઓનેપ્રમાણ સિદ્ધાન્તોના વિષય બનાવી લેવામાં આવે છે. જેને મેજર થ્યોરી કહે છે. વીતેલા ત્રીસ વર્ષોમાં ગણિતજ્ઞોને એવી ઘટનાઓના સિદ્ધાંત પર શોધ કરી છે જે કાળના પ્રવાહમાં લગાતાર પરિવર્તિત થાય છે. ઘટનાઓના આ સિદ્ધાંત કે જેને સ્ટાકેસ્ટિક પ્રક્રમોનો સિદ્ધાંત કહેવામાં આવે છે. પ્રાયિક્તાનો વિષય આજ સૂચના સિદ્ધાંત, કતારો (લાઈનરેખાઓ)નો સિદ્ધાંત, વિસરણનો સિદ્ધાંત અને ગણિતીય સાંખ્યિકી જેવા નવીન વિસ્તૃત ક્ષેત્રોને સ્પર્શ કરે છે.

જ્યારે કોઈ નવી ગણિતીય કલ્પના ઉપયોગી નીવડે છે તો એના આધાર પર એક ઉપરિવ્યુહન ઉદિત થઈ જાય છે. તે પછીમાં ઉક્ત મૌલિક કલ્પના જો ખામીયુક્ત સિદ્ધ થવા માંડે તો ઉપરિવ્યુહનને મટાવ્યા વિના તે કલ્પનાને સુધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. અનન્તાત્મક રાશિઓ અંગે ઘણી એવી સ્થિતિ ઉત્પન્ન થઈ. એના અલ્પબહુત્વના પ્રકરણનું આધુનિક ગણિતમાં આજ પણ નિરૂપણ જોવા મળે છે. રાશિ સિદ્ધાંત અને અનંતોની જન્મદાતા ઓગણીસમી સદીના અંતમાં (થયેલ) જાર્જ કેન્ટર માનવામાં આવે છે. પરંતુ રાશિ સિદ્ધાંતને પુનર્ગઠિત કરનાર વિભિન્ન વિચારધારાઓવાળા વિશ્વવિખ્યાત ગણિતજ્ઞ રસેલ, બ્રોવર અને હિલ્બર્ટ છે. એની વિચારધારાઓ ક્રમશ: તર્ક, અન્ત:પ્રજ્ઞા અને ઔપચારિકતા પર આધારિત છે. આ પ્રકારે ગણિતીય બુનિયાદો પર તીવ્ર કાર્ય થયું છે.

ભૌતિકશાસ્ત્રમાં ગણિતનો સમુહ-સિદ્ધાંત કે ગ્રૂપ-થિયોરી દ્વારા મૂળભૂત કણોનું નિર્દેશન થાય છે. સમૂહ-રૂપાંતરો દ્વારા ભૌતિક જગતની વાસ્તવિકતાઓનો પતો લગાડવામાં આવે છે કે તે ક્યા દ્રવ્ય અને ગુણ છે જે ઘટનાઓના પરિવર્તન (દરમ્યાન)માં અક્ષુણ્ણ, અચર, અપરિવર્તી બની રહે છે. આઈંસ્ટાઈનને સાપેક્ષતાના સિદ્ધાંતને મૂર્તિક કલ્પનાઓના આશરે અમૂર્તિક કલ્પના અને વ્યાપકીકરણ દ્વારા અમરત્વ પ્રદાન કર્યું. આ પ્રકારે જાં-ફાં નાયમાંને હિલબર્ટ આદિના સ્પેક્ટ્રલ સિદ્ધાન્તને વ્યાપક બનાવીને અસીમ ક્ષેત્ર પ્રદાન કર્યું.

જીવવિજ્ઞાનવેત્તા પણ ગણિતનો ઉપયોગ કરે છે પરન્તુ જે જટિલ પ્રણાલિઓનું અધ્યયન કરે છે તે ગણિતીય વિવરણમાં પ્રતિરોધ લાવે છે. જીવ રસાયનમાં ઉષ્માગતિ વિજ્ઞાનના ગણિતીય સમીકરણનો ઉપયોગ થાય છે અને સાંખ્યિકીના ટેકનીક વડે આનુવંશી વિજ્ઞાન અંગે શોધ થઈ છે. ગણક મશીનોમાં આજે કેન્દ્રભૂત ધારણા 'આટોમેટન' સિદ્ધાંતની છે જે મગજની માફક વિચાર કરી શકે છે. ગણક મશીને ત્યાં વધુ ઉપયોગી સિદ્ધ થયા છે જ્યાં ઉચ્ચ ગતિશીલ યાનિ કે મશીનોમાં જટિલ નિર્ણય શીઘ્રાતિશીઘ્ર લેવો પડે છે.

અર્થશાસ્ત્ર જેવા કેટલાક સામાજિક વિજ્ઞાન છે જેનું કાર્ય એવા તત્વોથી ચાલે છે જેને બહુધા સંખ્યાઓ વડે નિરૂપિત કરે છે. સમસ્ત જનસમૂહોના ગણિતીય વિશ્લેષણની સૂચના આપતી એવીતે સંખ્યાઓને સંબંધીત કરનાર ટેકનીક બહાર આવી છે. શિક્ષણ પદ્ધતિઓના વિશ્લેષણ અને પુંજી નિવેશનો પ્રોગ્રામ બનાવવામાં જે કાંઈ સમસ્યા ઉભી થાય છે તે ગણિતેય રૂપથી હલ કરવામાં આવે છે, સમાજશાસ્ત્ર વિષયની શોધના બે ક્ષેત્ર છે. એકતો એ છે કે સમાજની પ્રણાલિઓ ક્યા પ્રકારે કાર્ય કરે છે તથા એના વિભિન્ન અંગોની વચ્ચે શું સંબંધ છે. બીજુ ક્ષેત્ર એના નિયંત્રણ અને નીતિ નિર્ધારણનું છે. આ બન્ને ક્ષેત્રોમાં એક પ્રકારના ગણિતોનો પ્રયોગ થયો છે. અર્થવ્યવસ્થા ગણિત દ્વારા એક એવી પ્રણાલીના રૂપમાં જોઈ શકાય છે જે સૂચનાને નિર્ણયોમાં રૂપાન્તરિત કરી દે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટેક્નોલોજીમાં ગણિતનો સર્વાધિક અગ્રસર પ્રયોગ એવી મશીનોની ડીઝાઈનમાં થાય છે જે પોતેપોતાને નિયંત્રિત કરતુ હોય. એવી જ વિધિઓ જીવિત આર્ગેનિજ્મ અને જનસમૂહોની ક્રિયાવિધિના નિયંત્રણ સાથે સંબંધિત હોય છે. બીજા વિસ્તૃત સિદ્ધાંતોની જેમ નિયંત્રણ સિદ્ધાંત ગણિતીય વૈજ્ઞાનિક અથવા તકનીકી વિધિઓના મિશ્રણને બદલે મનોસ્થિતિનો સિદ્ધાંત છે. નિયંત્રણ સમસ્યાઓ જે ટેક્નોલોજી, અર્થશાસ્ત્ર, ઔષધિ અને રાજનીતિમાં ઉપસ્થિત થાય છે તે મલ્ટીસ્ટેજ ડીસીજન પ્રોસેસ કહેવાય છે. આ બધામાં ગણિતનો ઉપયોગ થયેલો છે.

ગણક મશીનો (કોમ્પ્યુટર્સ) વડે ઉચ્ચ ગતિશીલ અંકગણના દ્વારા ગણિતના પ્રયોગોની આવશ્યકતાની પૂર્તિ થઈ છે. બધાથી મોટા ઈલેક્ટ્રોનિક ગણક મશીનોની સ્મૃતિ-ક્ષમતા પ્રાયઃ એક અબજ શબ્દો કે કેટલાક લાખ વ્યક્તિગત દ્વિચર અંક હોય છે. એવી સ્મૃતિ-દ્રતતા એક માઈક્રો સેંકડ હોય છે. આ ભવિષ્યમાં કઈ ગણા વધી જાય છે. હવે માઈક્રો ઈલેક્ટ્રોનિક પરિપથનો ઉપયોગ થવાને કારણે હજાર ગણી નાના ગણક મશીનો બનવા લાગ્યા છે.

★ ★ ★

## ૩. વૈદિક, જૈન તેમજ બૌદ્ધ સંસ્કૃતિમાં ગણિતનું મહત્વ

ભારતમાં **વૈદિક સંસ્કૃતિ**ના સાથે જ **શ્રમણ સંસ્કૃતિ સ્વતંત્ર** રૂપથી વિકસિત થઈ હોવાનું કહેવાય છે. અનેક સ્થાનો પર વૈદિક ગ્રંથ પુરાણોમાં કંઈક પ્રમાણમાં સમાનતા દર્શાવતું કેટલાક જૈન તીર્થકરોનું વિવરણ પ્રાપ્ત થાય છે.[૧] **વૈદિક, જૈન** તેમજ બૌદ્ધ સંસ્કૃતિઓ ભારતમાં પ્રાયઃ સમાન રૂપમાં પનપતી રહી અને એના સાહિત્યાદિ પર શોધ કરવા અર્થે બિહાર સરકારે ત્રણ શોધ કેન્દ્ર સ્થાપિત કર્યા છે. સંસ્કૃત તેમજ વૈદિક સંસ્કૃતિના અધ્યયન તેમજ અનુસંધાનને માટે મિથિલા વિદ્યાપીઠ, પ્રાકૃત અને જૈન તત્વજ્ઞાન તથા અહિંસા વિષયક સ્નાતકોત્તર અધ્યયન તેમજ અનુસંધાન માટે વૈશાલી વિદ્યાપીઠ તથા પાલિ તેમજ બૌદ્ધ તત્ત્વજ્ઞાનને માટે નવનાલન્દા મહાવિહારની સ્થાપના કરવામાં આવી છે. શાસનનો આ દૃષ્ટિકોણ ઉદાત્ત તેમજ શ્રેયસ્કર માન્ય થયેલો છે.

ગણિત વિજ્ઞાનનું વૈદિક સંસ્કૃતિમાં શું મહત્વ ગણવામાં આવે છે તે અંગે ડૉ. દત્ત તેમજ ડૉ. સિંહે લખ્યું છે.[૨] 'કહેવામાં આવે છે કે પ્રાચીન ભારતવર્ષમાં કોઈ વિજ્ઞાનને ન તો સ્વાધીન અસ્તિત્વ પ્રાપ્ત કર્યું હતું અને ન તો એનું સ્વતંત્ર રૂપમાં વિકાસ થયો હતો. વૈદિક-કાલીન ભારતમાં જે કોઈ વિજ્ઞાન જે કોઈ રૂપે મળે છે એની ઉત્પત્તિ અને વિકાસ કોઈને કોઈ વેદાંગની અન્તર્ગત થયા છે. અને એટલે વૈદિક ક્રિયાઓના સહાયતાર્થ માનવામાં આવે છે. ક્યારે-ક્યારે આ પણ કલ્પના કરી શકાય કે - વૈદિકકાલીન હિન્દુલોક કોઈ વિજ્ઞાનની વિશેષ ઉન્નતિને નિરુત્સાહિત કરતા રહ્યા હતા, આ સમજીને તે એની ચિત્તવૃત્તિને અન્ય માર્ગોની તરફ લઈ જઈને એની બ્રહ્મજ્ઞાનની શોધમાં બાધક સિદ્ધ થઈ શકે છે. વસ્તુતઃ એ ધારણા સર્વથા સત્ય નથી. કદાચિત્ એ સત્ય છે કે - પ્રારંભિક વૈદિક કાળમાં વિજ્ઞાનોનો વિકાસ એટલા માટે થયો કે તે ધર્મમાં સહાયક હતા.

પરંતુ સાધારણતઃ એ જોવામાં આવ્યું છે કે - પ્રત્યેક કાળ અને પ્રત્યેક દેશમાં લોકોનો કોઈ જ્ઞાનવિશેષમાં અનુરાગ હમેશા કોઈ કારણો ને લીધે જ થયો છે. પ્રાચીન હિન્દુઓનો અધિકતર સમય ધર્મકર્મમાં વ્યતીત થતો હતો. એટલે એ અસ્વાભાવિક નથી કે અન્ય વિષયોનું જ્ઞાન એના સહાયતાર્થ વિકાસ પામ્યુ અને એની અન્તર્ગત રાખવામાં આવ્યું. આ દર્શાવવા માટે પર્યાપ્ત પ્રમાણમાં પ્રમાણ(મળે છે) કે સમય મળતા બધા વિજ્ઞાન પોતાના મૂળ ઉદ્દેશ્યનો અતિક્રમણ કરી ગયા અને એનો સ્વતંત્ર રૂપમાં વિકાસ થયો. એમાં સંદેહ નથી કે વૈદિકકાળના ઉત્તરાર્ધમાં એક નવીન ધારા વહી."

**છાંદોગ્ય ઉપનિષદ્**માં પણ **સનત્કુમાર-નારદ** સંવાદમાં નક્ષત્રવિદ્યા અને રાશિ વિદ્યાનો ઉલ્લેખ આવ્યો છે.[૩] કૌટિલ્યના **અર્થશાસ્ત્રમાં** પણ લિપિ અને સંખ્યાનને મહત્વ આપવામાં આવ્યું છે.[૪]

જગદ્ગુરુ સ્વામી ભારતી કૃષ્ણતીર્થને **'Vedic Mathematics**માં વૈદિક સંસ્કૃતિમાં ગણિત મહત્વ ભાવનાને નિમ્નલિખિત શબ્દમાં પ્રસ્તુત કર્યું છે.[૫] The Modern Scienstist has his onw theory and art (technique)

---

૧. જુઓ - ડૉ. હીરાલાલ જૈન, **'ભારતીય સંસ્કૃતિમાં જૈનધર્મનો યોગદાન'** ભોપાલ ૧૯૬૨,પૃ. ૧૧ વગેરે.

૨. જુઓ - ડૉ. બિભૂતિભૂષણદત્ત તેમજ ડૉ. અવધેશ નારાયણ સિંહ **'હિન્દુ ગણિતશાસ્ત્રનો ઈતિહાસ'** ભાગ-૧. લખનઊ, ૧૯૫૬ પૃ. ૨-૩. વેદાંગ જ્યોતિષમાં ઉલ્લેખ છે 'જે પ્રકારે મયૂરોની શિખાઓ તેમજ નાગોની મણીઓ છે એવી જ રીતે વેદાંગશાસ્ત્રોમાં ગણિતનું સ્થાન બધાથી ઊંચુ છે. (શ્લોક-૪)

૩. **છાંદોગ્ય ઉપનિષદ**, ૭.૧, ૨, ૪

૪. **અર્થશાસ્ત્ર :** આર. શામ શાસ્ત્રી દ્વારા સંપાદિત ૧.૫, ૨

૫. **Vedic Mathematics**' Motilal Banarasidas, Delhi 1982, P. 14



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

for producing the result. The old seer scientist had his both also, but different from these now availing. He had his science and technique called **Yajna**, in which **Mantra,** yantra and other factors must co-operate. With mathematical determinateness and precision. For this purpose, he had developed the six auxiliaries of the Vedas in each of which mathematical skill and adroitness, occult or otherwise, play the decisive role. The **sutras** lay down the shortest and surest lines. The correct intonation of the **Mantra**, the correct configuration of the **Yantra** (in the making of The vedi etc. e.g. quadrature of a circle) the correct time or astral conjugation factor, the correct Rhythms etc, all had to be perfected so as to produce the desired result effectively and adequately. Each of these required the calculus of Mathematics."

એસ.એન સેન તેમજ એ.કે. બાગે **'The shulbasutras of Baudhayana, Apastamba, Katyayana and Manava'**માં ગ્રન્થની ભૂમિકામાં **વૈદિક સંસ્કૃતિ**માં ગણિતના મહત્વ દર્શાવ્યું છે.[1] The **Vedangas**, then important group of literature often referred to as the appendages of the **Vedas,** constitute an important source in the history of Science in ancient India. This is evident from such subjects as phonetics (shiksha), ritual (Kalpa) grammar (Vyakarana) etymology (nirukta) Metrics (chhanda) and astronomy (Jyotisha). These branches of study arose within the vedic. Schools themselves as a necessary condition for mastering the **Vedas.** એમણે વળી આગળ લખ્યું છે.[2] "The shulbasutras are of special importance because these deal specifically with rules for the measurements and construction of the various sacrificial fires and altars and consequently involve geometrical propositions and problems relating to rectilinear figures, their combinations and transformations squaring the circle and circling the square as well as arithmetical and algebraic solutions of problems arising out of such measurements and constructions."

**બૌદ્ધ સાહિત્યમાં** પણ અંકગણિત (ગણના, સંખ્યાન) ને મહત્વપૂર્ણ તેમજ શ્રેષ્ઠ કલાના રૂપમાં માન્યતા પ્રાપ્ત છે.[3] એને સિવાય ત્રણ પ્રકારના ગણિતનો ઉલ્લેખ પ્રાચીન **બૌદ્ધ સાહિત્યમાં** મળે છે. જયાં **મુદ્રા ગણિત**, **ગણના ગણિત** તથા **સંખ્યાન ગણિતને દીર્ઘનિકાય** (૧.પૃ.૫૧) **વિનયપિટક** (૪, પૃ. ૭) **દિવ્યાવદાન**[4] તેમજ **મિલિન્દપઝહો**[5] વર્ણવવામાં આવ્યા છે.

**જૈન સાહિત્યની** આધારશિલા ગણિત જ છે. સ્થાનાંગ સૂત્ર ૭૪૭માં વ્યવહૃત ગણિતનું રૂપ નીચે પ્રમાણે છે.

**"परिकम्मं ववहारो रज्जु रासी कलासवन्ने य ।**
**जावत्तावति वग्गो घनो त तह वग्गवग्गो विकप्पो य ॥"**

ગણિતની પ્રશંસા કરતા જગવિખ્યાત ગણિતજ્ઞ **મહાવીરાચાર્યએ,** ગણિતસાર સંગ્રહના પ્રારંભમાં, અધ્યાય ૧, શ્લોક ૯-૧૯માં નીચે પ્રમાણે લખ્યું છે.

"લૌકિક, વૈદિક તથા સામાયિક જે જે વ્યાપાર છે એ બધામાં ગણિતનો ઉપયોગ થાય છે. કામશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગન્ધર્વશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, પાકશાસ્ત્ર આયુર્વેદ, વાસ્તુવિદ્યા આદિમાં, છંદ, અલંકાર, કાવ્ય, તર્ક, વ્યાકરણ ઈત્યાદિમાં તથા કલાઓના સમસ્ત ગુણોમાં ગણિત અત્યંત ઉપયોગી છે. સૂર્ય આદિ ગ્રહોની ગતિ જ્ઞાત કરવામાં, ગ્રહણમાં, ગ્રહોની યુતિમાં, પ્રશ્નમાં, ચંદ્રમાંના પરિલેખમાં સર્વત્ર ગણિત અંગીકૃત છે. દ્વીપો, સમુદ્રો અને પર્વતોની સંખ્યા, વ્યાસ અને પરિધિ લોક,અન્તર્લોક, જયોતિર્લોક સ્વર્ગ અને નરકમાં રહેનાર બધા શ્રેણિબદ્ધ ભવનો, સભા ભવનો તેમજ ગુમ્બઝાકાર મંદિરોના પ્રમાણ તથા અન્ય વિવિધ પ્રમાણ ગણિતની સહાયતાથી જાણી શકાય છે. ત્યાં પ્રાણીઓના આકાર, એમનું આયુષ્ય અને આઠ ગુણ ઈત્યાદિ, યાત્રા આદિ તથા સંહિતા આદિ સાથે સંબંધિત વિષય એ સર્વ ગણિત પર નિર્ભર છે. વધુ કહેવાનું શું પ્રયોજન ? સચરાચર ત્રૈલોકયમાં જે કાંઈ વસ્તુ છે. એનું અસ્તિત્વ ગણિત વિના સંભવિત થઈ શકતું નથી. કૃતાર્થ પૂજ્ય અને જગતના સ્વામી તીર્થંકરોની શિષ્ય પ્રશિષ્યાત્મક પ્રસિદ્ધ ગુરુ પરંપરાથી આવેલ સંખ્યાનરૂપી સમુદ્રમાંથી રત્નની માફક, પાષાણમાંથી કાંચનની માફક તથા શુકિતથી સમુદ્રથી મુક્તાફળની માફક- કાંઈક સાર કાઢીને હું ગણિતસાર સંગ્રહ ગ્રંથને મારી મતિ-શક્તિ અનુસાર કહું છુ જે લઘુ હોવા છતાં પણ અનલ્પાર્થક છે.

---

૧. Indian National Science Academy, New Delhi 1983, Intro, P. 1

૨. એજ પૃ.૧

૩. **વિનય પિટક**, ઓલ્ડનબર્ગ, સં.ભાગ.૪ પૃ. ૭ **મજ્ઝિમનિકાય**, ભાગ-૧, પૃ. ૮૫, ચુલ્લ નિદેશ પૃ. ૧૯૯

૪. સં.ઈ.બી. કાવેલ તથા આર.એ. નીલ કેમ્બ્રિઝ, ૧૮૮૬, પૃ. ૩, ૨૬ અને ૮૮

૫. અનુ. રાઈસ ડેવિડ્સ, ઑક્સફોર્ડ, ૧૮૯૦, પૃ. ૯૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે **અન્તગડદસાઓ, કલ્પસૂત્ર સમવાયાંગ** સૂત્રાદિ ગ્રંથોમાં ગણતરી, રૂપ અને ગણનાનો ઉલ્લખો મળે છે.

જે કાંઈપણ હોય, ગણિતને જૈન સાહિત્યમાં વિશેષ સ્થાન મળવાનું કારણ એનું અલૌકિક ગણિતથી ગૂંથાયેલ કર્મ સંબંધી સાહિત્ય છે. જેમાં ગણિત વગર કાંઈ પણ ગતિ અશક્ય છે. એ ગ્રંથોમાં મુખ્યતઃ **ષટ્ખંડાગમ,ગૌમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસારાદિ** ગ્રંથ તથા એની **ધવલા, જીવતત્વપ્રદીપિકા** તેમજ **સમ્યક્જ્ઞાન ચંદ્રિકાની** ટીકાઓ છે. કર્મની ગણતરી એટલી સરળ નથી જેટલી જ્યોતિષ્કોની ગણતરી. જ્યોતિષ્કોની ગતિની ગણતરીમાં **સૂર્ય પ્રજ્ઞપ્તિ** વગેરે ગ્રંથોમાં અને એની ટીકાઓમાં ગણિતનું મહત્વ દૃષ્ટવ્ય છે.

## ૪. જૈન સંસ્કૃતિમાં લૌકિક તેમજ લોકોત્તર ગણિતના વિભિન્ન આમ્નાયોનો વિકાસ.

**લૌકિક ગણિત**ને બે રૂપોમાં વિભાજિત કરી શકાય છે. એક તો જે શુદ્ધ સૂત્રોને આવિષ્કૃત કરીને ચાલે છે બીજુ એ કે જે શુદ્ધ સૂત્રોનો પ્રયોગ વિભિન્ન પ્રકારની વિદ્યાઓ કે કલાઓમાં કરે છે અને એમાંથી પ્રાપ્ત પરિણામો સાથે પ્રયોગાત્મક અવલોકનની તુલના કરે છે. આ અંગે **આચાર્ય અકલંકની તત્ત્વાર્થસૂત્રની ટીકા** દૃષ્ટવ્ય છે.

**લોકોત્તર ગણિત**ને પ્રયુક્ત ગણિતના રૂપમાં માનવામાં આવી શકે છે. જે સમયે લોકોત્તર પ્રકરણોને જૈન સાહિત્યમાં ગણિત દ્વારા નિરૂપિત કરવામાં આવ્યા. એ સમયે એ આવશ્યક ન હતું કે લૌકિક ગણિતકે જે તે સમય સુધી (**ભગવાન વર્ધમાન મહાવીરના કાળ સુધી**) એટલુ વિકસિત થઈ ગયુ હતુ કે એનો પ્રયોગ લોકોત્તર સમસ્ત પ્રકરણોમાં થઈ શકે. તથ્ય એ હતુ કે કર્મ સિદ્ધાંતના નિરૂપણ માટે જે લોકની સંરચના ગણિતીય રૂપમાં જૈન તીર્થમાં વિકસિત થઈ હતી તેમાં સ્વયં એક ગણિતીય આધાર હતો. જ્યાં શ્વેતાંબર આમ્નાયમાં ગણિત જ્યોતિષ સિદ્ધાંત ને નિરૂપિત કરવા અંગેની વિશેષ ટીકાઓ ઉપલબ્ધ થાય છે. ત્યાં દિગંબર આમ્નાયમાં ગણિત કર્મ સિદ્ધાંતને નિરૂપિત કરવા અંગેની વિશેષ ટીકાઓ ઉપલબ્ધ થાય છે. જ્યાં શ્વેતાંબર આમ્નાયમાં ગણિત-જ્યોતિષ અંગેની ટીકાઓમાં **ધ્રુવરાશિના** ઉપયોગ દ્વારા વિષયને સુલભ બનાવવામાં આવ્યાં છે. ત્યારે **દિગંબર આમ્નાયમાં** ગણિત કર્મસંબંધી ટીકાઓમાં અનેક પ્રકારની રાશિઓને સંદૃષ્ટિઓ દ્વારા વિષયને સુલભ બનાવવામાં આવ્યો છે. આ તથ્ય પ્રમુખતાને લક્ષ્યમાં રાખી દર્શાવવામાં આવ્યા છે. વાસ્તવમાં **માધવચંદ ત્રેવિદ્યની** ત્રિલોકસાર ટીકામાં પણ ગણિત-જ્યોતિષને સુલભ બનાવવામાં આવ્યા છે. આ પ્રકારે એની અન્ય ટીકામાં ગણિત-કર્મને પણ સુલભ બનાવવામાં આવ્યું છે.

દિગંબર આમ્નાયમાં જગત્પ્રસિદ્ધ **મહાવીરાચાર્યની** લૌકિક ગણિત ગ્રંથ **ગણિતસાર સંગ્રહ** ઈસ્વીસનની નવમી સદીની ઉન્નત ગણિતનો પરિચાયક છે. જેમાં નિમ્નલિખિત વિષય પ્રતિપાદિત છે. **સંજ્ઞા અધિકાર** (ક્ષેત્ર પરિભાષા, કાળ પરિભાષા, ધાન્ય પરિભાષા, સ્વર્ણ પરિભાષા, રજત પરિભાષા, લોખંડ પરિભાષા, પરિકર્મ નામાવલિ, શૂન્ય તથા ધનાત્મક તેમજ ઋણાત્મક રાશિ અંગેના નિયમ, સંખ્યા સંજ્ઞા, સ્થાન નામાવલિ ગુણક ગુણનિરૂપણ); **પરિકર્મ વ્યવહાર** (પ્રત્યુત્પન્ન, ભાગહાર, વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ, સંકલિત, વ્યુત્કાલિત) **કલાસવર્ણ વ્યવહાર** (ભિન્ન પ્રત્યુત્પન્ન, ભિન્ન ભાગહાર, ભિન્ન સંબંધીવર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ ભિન્ન સંકલિત, ભિન્ન વ્યુત્કલિત, કલાસવર્ણ, ષડ્જાતિ, ભાગજાતિ, પ્રભાગ અને ભાગાભાગ જાતિ, ભાગાનુબન્ધ જાતિ, ભાગાપવાહ જાતિ, ભાગ-માતૃ જાતિ); **પ્રકીર્ણક વ્યવહાર** (ભાગ અને શેષ જાતિ, મૂળજાતિ, શેષમૂળ જાતિ, દ્વિરગ્ર શેષમૂળ જાતિ, અંશમૂળજાતિ, ભાગ સંવર્ગ જાતિ, ઊનાધિક અંશવર્ગ જાતિ, મૂળ મિશ્રજાતિ, ભિન્ન દશ્યજાતિ) **ત્રૈરાશિક વ્યવહાર** (અનુક્રમ ત્રૈરાશિક, વ્યસ્ત ત્રૈરાશિક, વ્યસ્તપંચરાશિક, સપ્ત રાશિક, નવરાશિક ભાંડ પ્રતિભાંડ, ક્ય - વિક્રય) **મિશ્રક વ્યવહાર** (સંક્રમણ અને વિષમ સંક્રમણ પંચરાશિક વિધિ, વૃદ્ધિ વિધાન, પ્રક્ષેપક, કુટ્ટીકાર, વલ્લિકા કુટ્ટીકાર, વિષમ કુટ્ટીકાર, સકળ કુટ્ટીકાર, સુવર્ણ કુટ્ટીકાર, વિચિત્ર કુટ્ટીકાર, શ્રેઢીબદ્ધ સંકલિત), **ક્ષેત્રગણિત વ્યવહાર,** (વ્યવહારિક ગણિત, સૂક્ષ્મ ગણિત, જન્ય વ્યવહાર, પૈશાચિક વ્યવહાર); **ખાત વ્યવહાર** (સૂક્ષ્મ ગણિત, ચિત્તિ ગણિત, ક્રકચિકા વ્યવહાર); અને **છાયા વ્યવહાર.**

આ ગ્રંથ સંપૂર્ણ ગણિત ગ્રંથ છે જેનો પ્રચાર સંભવતઃ દક્ષિણ ભારતમાં રહ્યો હતો. **મહાવીરચાર્ય** દ્વારા સંભવતઃ નિમ્નલિખિત ચાર કૃતિઓ, રચનામાં આવી હોવાનું માનવામાં આવે છે.[૧] પરંતુ આ વિષય વિવાદાસ્પદ છે.

(૧) **ષટ્ત્રિંશિકા** (સંભવતઃ બીજગણિત ગ્રંથ, કે ટીકા માધવચંદ ત્રેવિદ્યદ્વારા)
(૨) **જ્યોતિષ પટલ** (સંભવતઃ ગ્રહ નક્ષત્રાદિ ગણિત સંબંધી)
(૩) **ક્ષેત્રગણિત**
(૪) **છત્તીસ પૂર્વા ઉત્તર પ્રતિસહ.**

અનુપમ જૈનને ગણિતસાર સંગ્રહ સાથે સંબંધિત ૩૪ પાંડુલિપિઓ (હસ્તપ્રતોનું) વિવરણ આપ્યું છે.[૨]

---

૧. જુઓ, **મહાવીરાચાર્ય**, દ્વારા અનુપમ જૈન તેમજ સુરેશચન્દ્ર અગ્રવાલ હસ્તિનાપુર, ૧૯૮૫, પૃ.૨
૨. જુઓ, એજ, સરિણી પૃ.૮ની સામે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણિતસાર સંગ્રહમાં વિકસિત ગણિત સ્ત્રોતના વિષયમાં સ્વયં મહાવીરાચાર્યનું કથન પુનઃ ઉલ્લેખનીય છે. હું તીર્થને ઉત્પન્ન કરનાર કૃતાર્થ અને જગદીશ્વરોથી પૂજિત (તીર્થંકરો)**ની શિષ્ય પ્રશિષ્યાત્મક પ્રસિદ્ધ ગુરૂપરંપરાથી પ્રાપ્ત સંખ્યા જ્ઞાન મહાસાગરમાંથી એનો કેટલોક સાર એકત્રિત કરી,** એવી રીતે જેવી રીતે સમુદ્રમાંથી રત્ન, પાષાણમયશીલાથી સ્વર્ણ અને શુકતમાંથી મુક્તાફળ પ્રાપ્ત કરવામાં આવે છે અલ્પ હોવા છતાં. પણ અનલ્પ અર્થને ધારણ કરનાર સારસંગ્રહ નામના ગણિત ગ્રંથને પોતાની શક્તિ અનુસાર પ્રકાશિત કરું છે.[1] સ્પષ્ટ છે કે એમાં **લોકોત્તર ગણિતનો કંઈક સાર** એકત્રિત કરવામાં આવ્યો છે. એ પણ સ્પષ્ટ છે કે એમાં **પરિકર્મ વ્યવહાર, કલાસવર્ણ વ્યવહાર,ત્રૈરાશિક વ્યવહાર, ક્ષેત્રગણિત વ્યવહાર, અને છાયા વ્યવહાર, લોકોત્તર વિકસિત ગણિતમાંથી** સારરૂપ (સામગ્રી) લેવામાં આવી છે.

આ પ્રકારે આ ગ્રંથમાં જૈન આચાર્યો દ્વારા પ્રાયઃ ૧૦૦૦ **વર્ષોમાં વિકસિત કરવામાં આવેલ લોકોત્તર ગણિતનું** કંઈક સ્વરૂપ પ્રાપ્ત થાય છે. નવમી સદીમાં **દિગમ્બર આમ્નાયમાં વીરસેનાચાર્ય** દ્વારા કોઈ ગણિત ગ્રંથ 'સિદ્ધ-ભૂ-પદ્ધતિ' ની ટીકા લખી હોય તેવું પ્રમાણિત થાય છે. એ સ્પષ્ટ થાય છે કે **ધવલા** ટીકાકારે **લોકોત્તર ગણિત ગ્રંથ 'સિદ્ધ-ભૂ-પદ્ધતિ'** ને સુલભ બનાવવા માટે ટીકાની રચના કરી હશે. આ ગ્રંથ હાલ ઉપલબ્ધ નથી, ન તો એની ટીકા. જૈન સાહિત્યના બૃહદ ઈતિહાસ ભાગ ૫ માં નિમ્નલિખિત અન્ય જૈન આચાર્યો દ્વારા નિર્મિત ગણિત ગ્રંથોનો પરિચય આપ્યો છે.[2]

વિક્રમ સંવત ૧૩૭૨-૧૩૮૦માં રચિત ગણિતસાર કૌમુદી (પ્રાકૃત)માં રચયિતા **ઠાકુર ફેરૂ** છે. એમાં **ભાસ્કરાચાર્યની 'લીલાવતી'** તેમજ **મહાવીરાચાર્યના** ગણિતસારસંગ્રહનો ઉપયોગ થયો છે. તથાપિ નવીન લોકભાષા શબ્દ તેમજ કંઈક નવીન મૂલ્યવાન પ્રકરણ પણ છે. એમાં વર્ણિત યંત્રો પર શોધ થવી જરૂરી છે.

લગભગ વિક્રમ સંવત ૧૨૬૧માં **પલ્લીવાલ અનન્તપાલ** દ્વારા પાટી ગણિતની રચના કરવામાં આવી.

**યલ્લાચાર્યે** દ્વારા ગણિત સંગ્રહ ગ્રન્થ રચવાનો ઉલ્લેખ છે.

**નેમિચંદ્ર** દ્વારા ક્ષેત્ર ગણિત ગ્રંથ રચનાનો ઉલ્લેખ જિનરત્નકોશ (પૃ. ૯૮)માં મળે છે.

**લોકાંગચ્છીય મુનિ તેજસિંહ** દ્વારા 'ઈષ્ટાંક પંચવિંશતિકા" ૨૬ પદ્યવાળું રચાયેલ છે.

ગણિત સૂત્ર ગ્રંથની રચના કોઈ **દિગમ્બર આચાર્ય** દ્વારા થઈ છે.

**ઉપકેશ ગચ્છીય સિદ્ધ સૂરી**એ શ્રીધરકૃત[3] 'ગણિતસાર' ગ્રંથ પર ટિકા રચી છે.

વિક્રમ સંવત્ ૧૩૩૦માં **શ્રીપતિકૃત 'ગણિત તિલક'** પર **સિંહતિલકસૂરિ** શ્વેતાંબર આચાર્યની ગણિત તિલક-વૃત્તિ ઉપલબ્ધ છે.

**લૌકિક ગણિત જ્યોતિષ** પર જૈનાચાર્યોના અનેક ગ્રંથોનો ઉલ્લેખ છે જે હજી સુધી હિન્દી અનુવાદ સહિત પ્રકાશિત થઈ શક્યા નથી. આ પ્રકારે એના દ્વારા થયેલ વિકસિત ગણિત જ્યોતિષનો ઇતિહાસ અંધકારમાં છે. **લોકોત્તર ગણિત-જ્યોતિષ**નો વિકાસ **સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, જ્યોતિષ કરંડક** પ્રભૃતિ ગ્રંથોની ટીકાઓ આદિથી જ્ઞાત થાય છે. એમાં **ધ્રુવ રાશિ** તથા **પંચવર્ષીય યુગ પદ્ધતિનો** ઉપયોગ ઉત્તરકાલીન યુગપદ્ધતિને વિકસિત કરવામાં ક્યાં સુધી થયો હતો તે **ગહન શોધનો વિષય** છે.

**તિલોયપણ્ણતિ** તેમજ **ત્રિલોકસાર** આદિ ગ્રંથોમાં પણ જ્યોતિષના **લોકોત્તર ગણિતના** રૂપમાં વિકાસ એ પ્રમાણે થયેલો દૃષ્ટિગોચર થાય છે. ગણના વિકાસના સંબંધમાં **નેમિચંદ્ર શાસ્ત્રીને** વિભિન્ન ગ્રંથો તેમજ લેખોમાં[4]

---

૧. **મહાવીરાચાર્ય, ગણિતસાર સંગ્રહ,** શોલાપુર, ૧૯૬૩, પૃ.૩

૨. લેખક પં. અંબાલાલ પ્રે. શાહ, વારાણસી, ૧૯૬૯, પૃ. ૧૬૦-૧૬૬

૩. **શ્રીધરાચાર્ય** અંગે નેમિચંદ્ર શાસ્ત્રી (**ભારતીય જ્યોતિષ**, દિલ્હી, ૧૯૭૦, પૃ. ૧૩૨) ને ઉલ્લેખ કર્યો છે કે - તે પ્રારંભમાં શૈવ હતા. પરંતુ બાદમાં જૈનધર્માનુયાયી થઈ ગયા હતા. એમના ગ્રંથોમાં પાટીગણિત, બીજગણિત, ગણિતગ્રંથ પ્રસિદ્ધ છે. એ લગભગ ઈસ્વીસનની આઠમી સદીમાં થયા હતા. એના વિશદ કાર્યના મૂલ્યાંકન માટે દત્ત તેમજ સિંહનો ગ્રંથ **હિંદુ ગણિતનો ઈતિહાસ** વાંચવો જોઈએ.

૪. (૧) **ભારતીય જ્યોતિષ,** ભારતીય જ્ઞાનપીઠ, દિલ્હી, ૧૯૭૦
(૨) **કેવળજ્ઞાન પ્રશ્ન ચૂડામણિ,** ભારતીય જ્ઞાનપીઠ, દિલ્હી, ૧૯૬૯
(૩) શોધ લેખ : **ભારતીય જ્યોતિષનો પોષક જૈન જ્યોતિષ**, વર્ણી અભિનંદન ગ્રંથ, સાગર, વીર નિ.સં.૨૪૭૬, પૃ. ૪૬૯-૪૮૪
(૪) શોધ લેખ : **જૈન જ્યોતિષ સાહિત્ય -** આચાર્ય ભિક્ષુ સ્મૃતિગ્રંથ, કલકત્તા, ૧૯૬૧, પૃ.૨૧૦-૨૨૧
(૫) શોધ લેખ : **ગ્રીક પૂર્વ જૈન જ્યોતિષ વિચારધારા**, બ્ર. ચંદાબાઈ અભિનંદન ગ્રંથ, આરા, ૧૯૫૪, પૃ. ૪૬૨-૪૬૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચે લખેલ સારરૂપ તથ્ય પ્રસ્તુત છે. જેના **પર શોધ લેખ** (લખાવવા) આવશ્યક છે -

(૧) પ્રતિદિન સૂર્યના ભ્રમણ માર્ગ નિરૂપણ સંબંધી સિદ્ધાંત. એનું વિકસિત રૂપ દૈનિક અહોરાત્રવૃત્તની કલ્પના છે.

(૨) દિનમાનના વિકાસની પ્રણાલી જે **વેદાંગ જ્યોતિષમાં** નથી મળતી.

(૩) અયન-સંબંધી પ્રક્રિયાનો વિકાસ, જેનું વિકસિત સ્વરૂપ દેશાંતર, કાલાન્તર, ભૂજાન્તર, ચરાંતર તેમજ ઉદયાન્તર સંબંધી સિદ્ધાંત છે.

(૪) પર્વોમાં વિષુવાનયન જે પછીથી સંક્રાંતિ અને ક્રાન્તિમાં વિકસિત થયો.

(૫) સંવત્સર અંગેની પ્રક્રિયા જેનો વિકાસ પછીથી સૌરમાસ, ચંદ્રમાસ, સાવનમાસ તેમજ નક્ષત્રમાસ રૂપોમાં થયો.

(૬) ગણિત દ્વારા નક્ષત્ર લગ્ન આનયન પ્રક્રિયાના વિકસિત રૂપ ત્રિશાંશ, નવમાંસ, દ્વાદશાંશ તેમજ હોરાદિ છે.

(૭) કાળગણના પ્રક્રિયાના વિકસિત રૂપ અંશ, કલા, વિકલા વગેરે ક્ષેત્રાંશ સંબંધી ગણના તેમજ ઘટીપલાદિ સંબંધી કાળ ગણના છે.

(૮) ઋતુશેષ પ્રક્રિયા જેનું વિકસિત રૂપ ક્ષયશેષ, અધિમાસ, અધિશેષ આદિ છે.

(૯) સૂર્ય, ચંદ્ર મંડળોના વ્યાસ, પરિધિ આદિનું વિકસિત ગણિત ગ્રહ ગણિત છે.

(૧૦) છાયા દ્વારા સમય નિરૂપણનું વિકસિત રૂપ ઈષ્ટકાળ, ભયાત, ભભોગ તેમજ સર્વભોગ આદિ છે.

(૧૧) રાહુ અને કેતુની વ્યવસ્થાનું વિકસિત રૂપ સૂર્ય તેમજ ચંદ્ર ગ્રહણ અંગેનો સિદ્ધાંત.

(૧૨) ચંદ્ર પ્રજ્ઞપ્તિમાં પ્રતિપાદિત છાયા પરથી દ્યુજ્યા, કુજ્યાના રૂપનો સિદ્ધાંત જ્યોતિષમાં વિકસિત રૂપમાં આવેલા છે. ગ્રહ ગણિતના જે બીજ સૂત્રોનો ઉલ્લેખ આ ગ્રન્થમાં છે તે ગ્રીક જ્યોતિષથી પૂર્વનો છે.

(૧૩) ગ્રહ વીથિઓનું વિકસિત રૂપ પ્રચલિત ભચક્ર માની શકાય છે.

(૧૪) પંચવર્ષાત્મક યુગમાં વ્યતિપાત આનયન પ્રક્રિયા જે જ્યોતિષકરંડક, પૃ. ૨૦૦-૨૦૫માં ઉપલબ્ધ છે. અહી પણ ધ્રુવ રાશિનો ઉપયોગ છે.

(૧૫) ષટ્ખંડાગમની ધવલા ટીકામાં ૧૫ મુહૂર્તોની નામાવલિ પૂર્વાચાર્યો દ્વારા કૃત છે.

(૧૬) કુલોપકુલનું વિભાજન પૂર્ણમાસીએ થનાર નક્ષત્રોના આધાર પર છે. આ સ્વતંત્ર વિષય છે.

(૧૭) જૈનાચાર્યોએ ગણિત જ્યોતિષ સંબંધી વિષયનું પ્રતિપાદન કરવા માટે પાટીગણિત, બીજગણિત, રેખાગણિત ત્રિકોણમિતિ, ગોલીય રેખાગણિત, ચાપીય તેમજ વક્રીય ત્રિકોણમિતિ, પ્રતિભા ગણિત, શ્રૃંગોન્નતિ ગણિત, પંચાંગ નિર્માણ ગણિત, જન્મ પત્ર નિર્માણ ગણિત, ગ્રહયુતિ, ઉદયાસ્ત અંગેનું ગણિત તેમજ યંત્રાદિ સાધન સામગ્રી અંગેનું ગણિત પ્રતિપાદિત કર્યું છે.

(૧૮) ચંદ્ર સ્પષ્ટીકરણ તેમજ મુખ્યતઃ વિંશોત્તરીનું કથન.

**જૈન જ્યોતિષ સાહિત્ય**ના આજ સુધી લગભગ **પાંચસો** ગ્રંથોનો પતો લાગ્યો છે. જેનું વિવરણ વર્ણી અભિનંદન ગ્રંથમાં આપવામાં આવ્યું છે. (શોધલેખ એજ જુઓ) એમાં પ્રાયઃ ૫૬ **ગ્રંથ ગણિત જ્યોતિષ** અંગેના છે. એને ઉપરાંત જૈનેતર ગ્રંથો પર પ્રાયઃ ૨૪ ટીકાઓ જૈનાચાર્યોએ કરી છે.

લોકોત્તર ગણિત અંગેના અનેક શોધ લેખ પ્રકાશિત થયા છે. એમાં જૈનાચાર્યો દ્વારા વિકસિત વિભિન્ન પ્રકારના ગણિત સૂત્રો આદિનું વિશેષ વિવરણ છે. એ લેખ શોધ માટે દૃષ્ટવ્ય છે : કેટલાક મુખ્ય લેખ નીચે પ્રમાણે છે.

(ક) લક્ષ્મીચંદ્ર જૈન, **આગમોમાં ગણિતીય સામગ્રી તથા એનો મૂલ્યાંકન,** તુલસી પ્રજ્ઞા ખંડ ૬, અંક ૯, ૧૯૮૦ પૃ. ૩૫-૬૯

(ખ) લક્ષ્મીચંદ્ર જૈન, **તિલોયપણ્ણતિ ગણિત**, શોલાપુર, ૧૯૫૮, પૃ. ૧-૧૦૫

(ગ) લક્ષ્મીચંદ્ર જૈન, **લોકોત્તર ગણિત વિજ્ઞાન કે શોધપથ,** ભિક્ષુસ્મૃતિ ગ્રંથ, કલકત્તા, ૧૯૬૧, પૃ.૨૨૨-૨૩૧

(ઘ) લક્ષ્મીચંદ્ર જૈન, **આન દા જૈન સ્કૂલ ઓફ મેથેમેટિક્સ,** છોટેલાલ સ્મૃતિગ્રંથ, કલકત્તા, ૧૯૬૭, પૃ. ૨૬૬-૨૯૨

(ચ) એલ.સી. જૈન, **સેટ થ્યોરી ઈન જૈન સ્કૂલ ઓફ મેથેમેટિક્સ,** આઈ.જે.એચ. એસ. કલકત્તા, ભાગ-૮, ક. ૧, ૧૯૭૩ પૃ. ૧-૨૭

(છ) એલ.સી. જૈન, **કાઈનેમિટિક્સ ઓફ દી સન એન્ડ દી મુન ઈન તિલોય પણ્ણતિ,**તુલસીપ્રજ્ઞા, લાડનૂં, ફ. ૧૯૭૫, પૃ. ૬૦-૬૭

(જ) એલ.સી. જૈન, **દી કાઈનેમેટિક મોશન ઓફ એસ્ટ્રેલ રીયલ એન્ડ કાઉંટર વાડીજ ઈન ત્રિલોકસાર,** આઈ. જે. એચ.એસ. કલકત્તા ભાગ-૧૧, ક.૧, ૧૯૭૫, પૃ. ૫૮-૭૪


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ઝ) એલ. સી. જૈન, **આન સરટેન મેથેમેટિક ટાપિક્સ ઓફ દા ધવલ ટેક્ટ્સ,** આઈ.જે એચ. એસ. કલકતા, ભાગ ૧૧. ક્ર. ૨, ૧૯૭૬ પૃ. ૮૫ - ૧૧૧.

(ટ) એલ. સી. જૈન **ડાઈવર્જેંટ સીક્વેન્સેજ લોકેટિંગ ટ્રાસ્ફા ઈનાઈટ, સેટ્સ ઈન ત્રિલોકસાર,** આઈ. જે. એચ. એસ. કલકત્તા ૧૨ ક્ર. ૧, ૧૯૭૭. પૃ. ૫૭-૭૫

(ઠ) એલ.સી. જૈન. **સિસ્ટમ થ્યોરી ઈન જૈન સ્કૂલ ઓફ મેથેમેટિક્સ,** આઈ જે. એચ. એસ. કલકત્તા ભાગ ૧૪, ક્ર.૧, ૧૯૭૯, પૃ. ૩૧-૬૫

(ડ) એલ. સી. જૈન. **આર્યભટ - પ્રથમ એન્ડ યતિવુષભ -એ - સ્ટડી ઈન કલ્પ એન્ડ મેરૂ,** આઈ. જે.એચ. એસ. ભાગ ૧૨, ક્ર. ૨, ૧૯૭૭, પૃ. ૧૩૫-૧૪૯

ઉપરોક્ત શોધલેખોમાં જૈનાચાર્યો દ્વારા વિભિન્ન આમ્નાયોમાં વિકસિત લોકોત્તર ગણિતના સ્વરૂપને દર્શાવીને એની તુલના અન્યત્ર વિકસિત ગણિત સાથે કરવામાં આવી છે.

પ્રારંભમાં વિભૂતિભૂષણ દત્તને અનેક શ્વેતાંબર ગ્રંથોમાંથી લોકોત્તર ગણિતનો વિકાસનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો હતો તથા **હિંદુ ગણિત કે ઈતિહાસમાં** એના યોગદાનને અંકિત કરવામાં આવ્યો હતો. એ પ્રયાસ ૧૯૨૯માં લગભગ પ્રારંભ થયો હતો. એમણે લખ્યું છે, જૈનિઓ દ્વારા ગણિતીય સંસ્કૃતિને ખૂબ મહત્વ આપવામાં આવે છે. એના ધાર્મિક સાહિત્યને સાધારણતઃ ચાર સમૂહમાં વિભાજિત કરવામાં આવ્યાં છે. એને અનુયોગ કહે છે. જેનો અર્થ છે "(જૈન ધર્મના) સિધ્ધાંતનું પ્રકાશન" એમાંથી એક **ગણિતાનુયોગ** છે. અથવા 'ગણિતના સિધ્ધાંતનું પ્રકાશન'. એની જૈન ધર્મમાં આવશ્યકતા થાય છે જૈન પંડિતની પ્રમુખ ઉપલબ્ધિઓથી એક એ છે કે - એને સંખ્યાન (અર્થાત્ સંખ્યાઓનું વિજ્ઞાન અથવા અંકગણિત) તથા જ્યોતિષનું જ્ઞાન હોય.[1] આ શોધ લેખમાં મુખ્યતઃ નીચે લખેલ ગ્રંથો તરફ સંકેત હતો.

(૧) **ભગવતી સૂત્ર** - અભયદેવસૂરિ ટીકા (લ. ૧૦૫૦) **ઉત્તરાધ્યયન સૂત્ર,** અનુ. હરમાં જૈકોબી, ઓકસફર્ડ, ૧૮૯૫

(૨) **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ,** શાંતિચંદ્રગણિટીકા, (ઈ.૧૫૯૫) ભૂમિકા.

(૩) **કલ્પસૂત્ર,** ભદ્રબાહુ, (લ. ૩૫૦ ઈ.પૂ.) અનુ. હ. જૈકોબી.

(૪) અંતગડદસાઓ તેમજ અનુત્તરોવવાઈયદસાઓ, અનુ. બર્નેટ, ૧૯૦૭

આ સમય સુધી,કર્મ સિધ્ધાંતવાળા ગ્રંથ : **કસાયપાહુડ** તેમજ **ષટ્ખંડાગમ,જયધવલા** તથા **ધવલા** ટીકાઓ સહિત પ્રકાશિત નથી થઈ શકયા. જ્યારે ૧૯૩૫માં દત્ત અને સિંહે **'હિન્દુ ગણિતનો ઈતિહાસ'** અંગ્રેજીમાં પ્રકાશિત કરાવ્યો તે પૂર્વની શોધમાં કોઈ નવીન સામગ્રી ઉમેરી શક્યા નથી. તો પણ આ લેખકોને પ્રતીત થયું કે - જૈન આમ્નાયનું ગણિતક્ષેત્ર મુખ્યતઃ સ્થાનાંગ સૂત્ર (સૂત્ર ૭૪૭) માં પ્રાપ્ત એક સૂત્રમાં ઉલ્લેખિત છે, જેના ઉપર શોધ કરવી જોઈએ.

**'परिकम्मं ववहारो रज्जु रासी कलासवण्णे य ।**
**जावत्तावति वग्गो घणो त तह वग्गवग्गो विकप्पो त ॥'**

અહીં **પરિકર્મ** (મૂળભૂત ગણિતની પ્રક્રિયાઓ ) **વ્યવહાર** રજ્જુ (વિશ્વ-લોક માપની ઈકાઈ) **રાશિ** (સેટ) **કલા સવર્ણ** (ભિન્ન સંબંધી કલન) **યાવત્ તાવત્** (સરળ સમીકરણાદિ) **વર્ગ** (વર્ગ સમીકરણાદિ) **ઘન,** (ઘનસમીકરણાદિ), **વર્ગ વર્ગ** (દ્વિવર્ગ સમીકરણાદિ) તેમજ **વિકલ્પ** (ધારાઓ, ક્રમ, સંચય આદિ) અનેક પારિભાષિક શબ્દો સાથે છે. જેમાંથી કેટલાય ગણિતસાર સંગ્રહમાં આવ્યાં છે. દત્તે આ પ્રકારના અન્ય પારિભાષિક ગણિતીય શબ્દ એકત્રિત કર્યા હતા. જે મુખ્યતઃ શ્વેતાંબર આમ્નાયના ગ્રથોમાંથી ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

જ્યારે સિંહે **ધવલા** ટીકાઓ (ભાગ ૩ અને ૪ )[2]નું અધ્યયન કર્યું તો એમણે પ્રથમ એ સિધ્ધ કરવાનો પ્રયાસ કર્યો કે કોઈ પણ ગ્રંથમાં જે સામગ્રી મળી છે. તે પ્રાપ્ત ૩૦૦થી ૪૦૦ વર્ષ પૂર્વની સંરચિત થયેલી હશે. એથી આગળ ની અભ્યુકિત છે. **યદ્યપિ** અનેક જૈન ગણિતજ્ઞોના નામ જ્ઞાત. છે કે - એ ગ્રંથ વિલુપ્ત થઈ ગયા છે. સર્વાધિક પૂર્વના **ભદ્રબાહુ** છે જેમનું દેહાવસાન ૨૭૮ ઈ.પૂ. થયું હતું. કહેવામાં આવે છે કે - એમણે બે જ્યોતિષ ગ્રંથ રચ્યા હતા. **(૧) સૂર્ય પ્રજ્ઞપ્તિ ટીકા, (૨) ભદ્રબાહુ સંહિતા,** આનો ઉલ્લેખ **સૂર્ય પ્રજ્ઞપ્તિની** ટીકામાં **મલયાગિરિ** (લગભગ ૧૧૫૦) દ્વારા ભટ્ટોત્પલ (૯૬૬ઈ) દ્વારા થયો છે. અન્ય જૈન જ્યોતિષીનું નામ સિધ્ધસેન છે જેનો ઉલ્લેખ **વરાહમિહિર** (૫૦૫ઈ.) તથા **ભટ્ટોત્પલ** કર્યો છે. અનેક ગ્રંથોમાં ગણિતીય ઉલ્લેખ અર્ધમાગધી તથા પ્રાકૃતમાં મળે છે. **ધવલામાં** એવા અનેક

---

૧. બુલે. કેલ. મેથ, સો. ૨૭.૨, ૧૯૨૯, પૃ. ૧૧૫-૧૪૫

૨. મેથેમેટિક્સ ઓફ ધવલા, ષડ્. iv, ૧૯૪૨, પૃ. i – xxiv



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્ધરણ પ્રાપ્ત થાય છે. આ ઉધ્ધરણો પર ઉપયુક્તસ્થાન પર વિચાર કરાવામાં આવશે. પરંતુ અહીં એ યાદ રાખવું જોઈએ કે - જૈન વિદ્વાનો દ્વારા લિખિત એવા ગણિતીય ગ્રંથોનું નિઃસંદેહ રૂપમાં અસ્તિત્વ હતું જે હાલ વિલુપ્ત થઈ ગયા છે. **ક્ષેત્ર સમાસ** તથા **કરણ ભાવના** નામનો ગ્રંથ જૈન વિદ્વાનો દ્વારા રચિત થયા પરંતુ હાલમાં તે પણ અપ્રાપ્ય છે જૈન ગણિત ગ્રંથો અંગે અમારૂં જ્ઞાન જે અધુરૂં છે. કંઈક એવું અગણિતીય ગ્રંથોમાંથી પ્રગટ થયું છે. જેમાં **ઉમાસ્વાતિ**નું **તત્ત્વાર્થ ધિગમભાષ્ય, સૂર્ય પ્રજ્ઞપ્તિ, અનુયોગ દ્વાર સૂત્ર, ત્રિલોકપ્રજ્ઞપ્તિ, ત્રિલોકસાર** ઈત્યાદિ સમાવેશ થાય છે. એમાં હવે ધવલાને ઉમેરી શકીએ છીએ.[૧]

**વીરસેનાચાર્યએ ધવલામાં** નીચે લખેલ ગણિતીય અથવા અગણિતીય ગ્રંથોથી ઉધ્ધરણ આપવામાં આવ્યા છે અને કેટલાક ઉધ્ધરણ એવા છે જે ગ્રંથોના કર્તાઓના નામ અજ્ઞાત છે -

કષાય પ્રાભૃત,કાળસૂત્ર, તત્ત્વાર્થ ભાષ્ય, વર્ગણાસૂત્ર, વેદના ક્ષેત્ર વિધાન, સત્કર્મ પ્રાભૃત સમ્મતિ સૂત્ર, અપ્પાબહુગ સૂત્ર, ખુદાબંધસૂત્ર, જીવટ્ઠાણ, તત્ત્વાર્થ સૂત્ર, તિલોયપણ્ણત્તિ , પરિયમ્મ, પિંડિયા, વિયાહપણ્ણત્તિ, વેયણા સૂત્ર, સંતકમ્મ પાહુડ, સંતસૂત્ર, ખેતણિઓગદાર, ગાહાસૂત્ર, (કસાય પાહુડ),જીવસમાસ નિર્યાસુ બંધસુત્તં, દવ્વાણિ ઓગદાર, પંચત્થિ પાહુડ, સંતાણિ ઓગદાર, ઉચ્ચારણ, કાળવિહાણ, કાલાણિ ઓગદાર, નિક્ષેપાચાર્ય, પ્રરૂપિતગાથા.

પ્રદેશ બંધ સૂત્ર, પ્રદેશ વિરચિત અર્થાધિકાર બંધસૂત્ર, મહાકર્મ પ્રકૃતિ પ્રાભૃત, મહાબંધ, કાળ નિર્દેશ સૂત્ર, ચૂર્ણિસૂત્ર, ખંડગ્રંથ, ભાવવિધાન, મૂળતંત્ર, યોનિ પ્રાભૃત, સિધ્ધિવિનિશ્ચય, બાહિર વગ્ગણા,વેયણા સુત્તં, પોત્થિય, કર્મપ્રવાદ, સૂત્ર વિશેષ ઈત્યાદિ.

**નેમિચંદ્ર સિધ્ધાંત ચક્રવર્તીએ ત્રિલોકસારમાં** વૃહદ્વારા **પરિકર્મનો** ઉલ્લેખ કર્યો છે. જે હવે અપ્રાપ્ય છે. આ પ્રકારે **તિલોયપણ્ણત્તિ**માં ગ્રહોમાં ગમન વિવરણનો એ સમય કાળવશ નષ્ટ થવાનું દર્શાવવામાં આવ્યું છે. એવું થઈ શકે છે કે - **પંચવર્ષીય યુગ પધ્ધતિ જેવી હોઈ જ તે અનેક વર્ષીય યુગ પધ્ધતિમાં** બાંધવામાં આવી છે. જો આર્યભટ્ટના કાળથી પ્રગટ થયેલી જોવામાં આવે છે.

**સૂર્ય પ્રજ્ઞપ્તિ ભાગ (૧) માં પુજ્ય ઘાસીલાલજી મ.** એ પૃ. ૮૯માં કેટલીક ગાથાઓ વિલુપ્ત થઈ ગઈ હોવાથી અર્થ સમજવામાં મુશ્કિલનો અનુભવ કર્યો છે.[૨] અહીં શું એપિસાઈકિલના સિધ્ધાંત શોધન માટે ૧૨૪ તથા ૧૪૪ સંખ્યાઓ નો કેવી રીતે ઉપયોગ થયો છે તે અત્યંત મહત્વપૂર્ણ છે.

## : ૫. વૈદિક સંસ્કૃતિમાં ભૂગોલ, જ્યોતિષ તેમજ ખગોલ આદિ અંગેનું ગણિત :

ભારતમાં મુખ્યતઃ બે સંસ્કૃતિઓની ચર્ચા જોવા મળે છે. - **વૈદિક સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિ. વૈદિક સંસ્કૃતિનું** દર્પણ **વેદ** તેમજ **ઉપનિષદ** છે જેમાં આપણે જોવું છે કે એમા ગણિતનું સ્વરૂપ કેવું હતું. એ સાહિત્ય કયારે રચાયું હતું, એના પર પૂર્વીય તેમજ પાશ્ચાત્ય વિદ્વાનોના મત જુદા-જુદા છે. પ્રાચીનતમ ઉપલબ્ધ વેદ, જે સિંહના મત પ્રમાણે ૩૦૦૦ ઈ.સ. પૂર્વે અથવા સંભવતઃ એનાથી વધુ પ્રાચીન છે.[૩] વિશેષ કરીને દેવતાઓના ગુણગાન, વંદના માત્ર છે. ઉચ્ચ સંભ્યતાના ધોતક છે. વેદોની પશ્ચાત્નું **બ્રાહ્મણ સાહિત્ય** (લગભગ ૨૦૦૦-૧૦૦૦ ઈ. સ. પૂર્વે) અંશતઃ ધાર્મિક અને અંશતઃ દાર્શનિક છે. એના ગ્રથોમાંજ **અંકગણિત, ક્ષેત્રગણિત** અને **બીજગણિત** આદિ તથા **ગણિત જ્યોતિષ**નો પ્રારંભ મળે છે. એ પછી બૌધ્ધ તેમજ જૈન સંસ્કૃતિઓનું સાહિત્ય સ્પષ્ટ રૂપથી અહિંસા - ક્રાન્તિનું રૂપ ધારણ કરીને તેમજ નવી ચેતનાનું સ્વરૂપ ધારણ કરી પ્રકાશમાં આવ્યું. એમાં જૈન સંસ્કૃતિમાં ગણિતે અત્યંત સુંદર તેમજ ગંભીર ભૂમિકા ભજવી તથા સૃષ્ટિ રચના, જ્યોતિષ તેમજ કર્મ સિધ્ધાંતની તકને સબલ, પુષ્ટ અને ગંભીર બનાવવાની શ્રેયસ્કર ભૂમિકા બજાવી છે.

ડૉ. એ.કે. બાગે પોતાના ગ્રંથમાં[૪] ગણિતના વિકાસના વ્યવસ્થિત અધ્યયન અર્થે તેને પ્રાચીન ભારતના વૈદિક યુગ (લગભગ ૧૫૦૦ ઈ.સ. પૂર્વથી ૨૦૦૦ ઈ.સ. પૂ.) તથા પશ્ચ-વૈદિકયુગ (લગભગ ૨૦૦ ઈ:સ.પૂર્વીથી ૪૦૦ ઈ.સ.પૂ.) ની અનુવર્તી અવસ્થાઓમાં વિભાજિત કર્યો છે. એમણે વૈદિક યુગમાં ગણિતેય જ્ઞાનના ઉદ્ગમ અંગે વ્યકત કર્યો છે કે - "About two thousand years before the christian era. the Indus valley was invaded by an Aryan race. Following this. an about 1500 B.C. a Crude Civilisation Known as the Vedic Civilisation began to emerge In India.

---

૧. જુઓ, એજ પૃ. iii

૨. શ્રી **સુર્યપ્રજ્ઞપ્તિ,** પ્રથમ ભાગ, અમદાવાદ, ૧૯૮૧

૩. હિન્દુ ગણિતશાસ્ત્રનો ઈતિહાસ ભાગ ૧, લખનઉ,૧૯૫૬, પૃ.૧

૪. Mathematics in Ancient and Medieval India, ચૌખમ્ભા ઓરિયન્ટકિયા, વારાણસી, કોર્સ-૧૬, પૃ.૩ વગેરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈદિક સભ્યતાનો વિકાસ ચાર પ્રક્રમોમાં થયો છે. (૧) **સંહિતા** (ઋક, સામ, યજુર્ તેમજ અથર્વન્) (૨) **બ્રાહ્મણ** (આધ્યાત્મિક તેમજ ધાર્મિક ગ્રંથ) (૩) **આરણ્યક** ( જે બ્રાહ્મણ ગ્રંથોનાં આધિભૌતિકીય પરિશિષ્ટ રૂપ માં હતા.), અને **ઉપનિષદ** (દાર્શનિક ગ્રંથ) તેમજ (૪) **વૈદાંગોનું** અંતિમ પ્રક્રમ.

વૈદિક યુગના **પ્રથમ** ત્રણ પ્રક્રમોમાં જે સાહિત્ય છે. એમાં **ગણિતીય વિચાર** અંગેની સૂચના **અત્પલ્પ** છે. આ પ્રકારે ડો. બાગની અનુસાર **વૈદાંગ સાહિત્ય** જેને સંપૂર્ણ સૂત્ર સાહિત્યના રૂપમાં જાણી શકાય છે. અહીં સૂત્ર શબ્દ ગંભીરતાથી લેવામાં આવ્યો છે. આ **વૈદાંગ સાહિત્ય** ૬ પ્રકારનું છે. (૧) **શિક્ષા** (૨) **કલ્પ** (યજ્ઞાદિ નિયમ) (૩) **વ્યાકરણ** (૪) **નિરૂક્ત**(૫) **છંદ** (૬) **જ્યોતિષ.**

આ સૂત્ર સાહિત્યના આલોચનાત્મક ગણિતેય જ્ઞાનથી એવું માનવું પડે છે કે - એનાથી પણ પૂર્વના યુગમાં ગણિતેય ગ્રંથ હોવા જોઈએ જે વિલુપ્ત થઈ ગયા. સાત **શુલ્બકારઃ આપસ્તમ્બ, કાત્યાયન, માનવ, મૈત્રાયન, વારાહ** તેમજ **હિરણ્યકેશી** વિખ્યાત છે. જેઓ એ વૈદિક બલિ વૈદિઓની રચના અંગેના વિભિન્ન પ્રશ્નો હલ કરી આપ્યા છે.[1] એ રેખાગણિતનું સ્વરૂપ હતું સહુથી **પૂર્વના** બૌધ્ધાયન **શુલ્બકારને** પિથેગોરસના સાધ્યનું પ્રતિજ્ઞાપન કર્યું છે, અહીં $\sqrt{૨}$ નું માન દશમલવના પાંચ અંકો સુધી કાઢવામાં આવ્યું છે. એના પછી જૈન જાતિનો ઉદય ઈ.સ.પૂ. ૫૦૦-૩૦૦ માં લગભગ થાય છે.

**વૈદાંગ જ્યોતિષ**ના ગણિતના સંબંધમાં ત્રણ વારનું સંશોધન (Recensions) જે **આર્ચ જ્યોતિષ, યાજુષ જ્યોતિષ** અને **અથર્વ-જ્યોતિષ** કહેવાય છે. અને એનું ગણિત વૈદિક ગણિતના ઉદ્ગમ રૂપમાં માની શકાય છે. **આધુનિક વિદ્વાન સાધારણતઃ** વેદાંગ **જ્યોતિષને ૨૦૦ ઈ.પૂ. નું માને છે.**[2]

વૈદિક ભારતમાં સંખ્યાઓની ગણત્રી **દસાર્હા પદ્ધતિના** આધાર પર હોવાનું માનવામાં આવે છે, **યજુર્વેદ સંહિતા, તૈત્તરીય સંહિતા, મૈત્રાયણી સંહિતા** આદિમાં દશ, શત, સહસ્ત્ર, અયુત ($૧૦^{૪}$) નિયુત ($૧૦^{૫}$) આદિ સંખ્યા આવેલી છે. એકાદશ, સપ્તવિંશતિ આદિ સંયુક્ત શબ્દો દ્વારા સંખ્યાઓને પ્રરૂપિત કરવામાં આવે છે.[3] એને શુલ્બ સૂત્ર તથા પછીના ગ્રંથોમાં પણ સમજાવવામાં આવતા રહ્યા છે. **આપસ્તમ્બ શુલ્બમાં** ૯૭૨ને **અષ્ટવિંશત્યૂનમ્ સહસ્ત્ર** અર્થાત્ ૧૦૦૦-૨૮ રૂપમાં વ્યક્ત કરવામાં આવ્યા છે.

**તૈત્તરીય સંહિતા** (૭.૨, ૧૨-૧૩)માં વિષમ, સમ સંખ્યાઓનું વિભાજન પ્રગટ થયેલું છે. ભિન્નોનો ઉલ્લેખ અર્ધ્ધ, પાદ, સફ અને કલાના રૂપમાં ક્રમશઃ $\frac{૧}{૨}$, $\frac{૧}{૪}$, $\frac{૧}{૮}$, $\frac{૧}{૧૬}$ ના રૂપમાં વૈદિક સાહિત્યમાં મળે છે.[4] શુલ્બોમાં પણ $\frac{૨}{૫}$, $\frac{૧}{૧૦}$ આદિ ભિન્નાત્મક સંખ્યાઓ મળે છે.[5] આ પ્રકારે શુલ્બકારોને ચાર પરિકર્મ તેમજ ભિન્નનું પ્રારંભિકરૂપ જ્ઞાત હતું. **શતપથ બ્રાહ્મણ,** તૈતરીય બ્રાહ્મણ, **છાંદોગ્ય ઉપનિષદ, વેદાંગ જ્યોતિષ** આદિમાં સંખ્યાઓને દસાર્હા પદ્ધતિ પર આધારિત શબ્દો દ્વારા વ્યક્ત કરી છે.

**વૈદિક હિન્દુઓ**ની પ્રમુખ ધાર્મિક પ્રથા **બલિ** (ની) હતી, જેના માટે ઉપર્યુક્ત સમય કાઢવા માટે જ્યોતિષ વિકસિત થવાનું માનવામાં આવે છે. વૈદિક વેદિયાં મુખ્યતઃ **આહવ્નીય, ગાર્હપત્ય, દક્ષિનાગ્નિ, મહાવેદી, સૌત્રમણિ, પ્રાગ્વંશ, શ્યેનસિત, વક્રપક્ષ, વ્યસ્તપુચ્છ, શ્યેન, કંક, અલજ, પ્રૌગ** આદિ રૂપોમાં વિકસિત કરવામાં આવી હતી. તદનુસાર એની રચના આદિની પૂર્ણ વ્યવસ્થા **શુલ્બકાર** કર્યા કરતા હતા. એના માટે યંત્ર, માપની ઈકાઈયાં તથા ઈંટોની આવશ્યકતા થતી. એમાં **શંકુ, વંશદંડ, રજ્જુ** ઈત્યાદિ યંત્રરૂપમાં તથા **અંગુલ, પદ, અરત્ની વ્યાયામ,** આદિ ઈકાઈયાં થતી. વિભિન્ન વેદિઓના સંસ્થાન **વર્ગ, વૃત્ત, અર્ધ્ધવૃત્ત, સમલમ્બ, ચર્તુભુજ** આયત, પક્ષી, (**વર્ગાકાર** શરીરાદિ રૂપોમાં) **ત્રિભુજ, વિષમકોણ ચતુર્ભૂજ કછુવા** આદિ રૂપોવાળા હતા. છાયા દ્વારા કૃત્તિકા તારાઓની દિશા કાઢવામાં આવતી હતી. આ પ્રકારે **શુલ્બસૂત્રોમાં પિથેગોરસનું સાધ્ય, સમ આકૃતિઓના ગુણ, વૃત્તવર્ગણા, સમકોણ ત્રિભુજની રચના** અને ક્ષેત્રફળોની ગણના થતી હતી.

---

૧. વિશેષ અધ્યયન માટે, જુઓ Sen S.N. and Bag. A.K. **The Shulbasutras.** INSA. New-Delhi.1983

૨. જુઓ બાગ એ.કે. એજ પૃ.૭

૩. **યજુર્વેદ સંહિતા** (૧૭.૨) **તૈત્તરીય સંહિતા** (૪.૪૦, ૧૧.૪) આદિ, **આપસ્તમ્બ શુલ્બ** (૫. ૭)

૪. દત્ત તેમજ સિંહ. **હિન્દુ ગણિતશાસ્ત્રનો ઈતિહાસ**, ભાગ-૧, પૃ.૧૮૫, મોતીલાલ બનારસીદાસ, લાહોર ૧૯૩૫ (અંગ્રેજી)

૫. દત્ત, **બિ.દા સાઈંસ ઓફ શુલ્બ**, કલકત્તા, વિ.વિ.પૃ.૨૧૨, ૧૯૩૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સૂચિ ઈકાઈઓ** એમાં નીચે પ્રમાણે હતી.[1]

૧ અંગુલ = ૨૪ અણુ = ૩૪ તિલ;

૧ ક્ષુદ્રપદ = ૧૦ અંગુલ; ૧ પદ = ૧૫ અંગુલ, ૧ પ્રક્રમ = ૨, પદ = ૩૦ અંગુલ;

૧ અરત્ની = ૨ પ્રદેશ = ૨૪ અંગુલ; ૧ પુરૂષ = ૧ વ્યામ = ૫ અરત્ની = ૧૨૦ અંગુલ;

૧ વ્યાયામ = ૪ અરત્ની = ૯૬ અંગુલ; ૧ પ્રથા = ૧૩ અંગુલ; ૧ બાહુ = ૩૬ અંગુલ

૧ જાનુ = ૩૦ કે ૩૨ અંગુલ; ૧ દૂણ = ૧૦૮ અંગુલ; ૧ અક્ષ = ૧૦૪ અંગુલ

૧ યુગ = ૮૮ અંગુલ, ૧ શમ્યા = ૩૬ અંગુલ; ૧ અંગુલ = $\frac{૩}{૪}$ ઇંચ (અનુમાનતઃ)

એમાં **ક્ષેત્રફળ** અને **ઘનફળ** પણ કાઢવામાં આવે છે. રચનાના સિવાય રૂપાંતરણ સંબંધી નિયમો પણ એમને જ્ઞાત હતા. એમણે જ્યામિતીય પારિભાષિક શબ્દાવલી પણ બનાવી હતી. જેમકે - **અક્ષ** = વિકર્ણ, **અંત** = મિથચ્છેદન બિંદુ, **ભૂમિ** = ક્ષેત્રફળ; **કર્ણ** = કોણ, **કરણી** = રૈખિક આકૃત્તિની ભુજા કે વર્ગમૂળ, **દિકરણી** = વર્ગનું કર્ણ√તથા ૨ ઈત્યાદિ. એમાંથી બીજગણિત સમીકરણ બન્યા.

**શુલ્બસૂત્ર** યુગ પછી ૧૯મી સદી સુધી આ સૂત્રનો કોઈ ઉલ્લેખ મળતો નથી અને તે નિરૂપયુક્ત રહ્યા. એમાં વર્ગ સમીકરણોનું રૂપ કંઈક આ પ્રમાણે હતું. **મહાવેદીના ક્ષેત્રને મ** એક્ક વધારવા માટે અજ્ઞાત ભુજા **ક્ષ** માનવાથી **'ય'**નું માન નિમ્નલિખિત (પ્રમાણે) થયા હતા. અહીં આધાર ૩૦, ભુજા ૨૪, ઊંચાઈ ૩૬ એક્કવાળી મહાવેદી માટે જેનો આકાર સમૃદ્ધિબાહુ સમલંબ ચતુર્ભુજ હતા.

$$૩૬ય \times \frac{(૨૪ય + ૩૦ય}{૨}$$

$$= ૩૬ \times \frac{૨૪ + ૩૦}{૨} + મ$$

$$\text{યા, } ૯૭૨ ય^{૨} = ૯૭૨ + મ$$

$$\text{યા, } ય = \pm \sqrt{૧ + \frac{મ}{૯૭૨}}$$

આ પ્રકારે અનિર્ધારિત સમીકરણ પણ વેદિઓની રચનામાં પ્રયુક્ત થયા હતા જેમકે - $ક^{૨} + ખ^{૨} = ગ^{૨}$ જયાં ત્રણ અથવા બે અજ્ઞાત છે.

સાથે જ અક + બખ + સગ + દઘ = પ

અને ક + ખ + ગ + ઘ = ફ

અહીં ક, ખ, ગ અને ઘ અજ્ઞાત છે.

જયાં સુધી **વેદાંગ જ્યોતિષનું** ગણિત છે. એની પ્રણાલી અને જૈન પ્રણાલીમાં વિશેષ ભેદ છે. જેને પૂર્વમાં દર્શાવવામાં આવ્યો હતો. **ઋગ્વેદ જ્યોતિષના** સંગ્રહકર્તા **લગધ** નામના ઋષિને માનવામાં આવે છે. જેમણે કોઈ સ્વતંત્ર જ્યોતિષગ્રંથને આધારે યજ્ઞની સુવિધા માટે એને સંગ્રહીત કર્યો જે કાબુલની આસપાસ રચાયેલ માનવામાં આવે છે. એમાં ૩૬ કારિકાઓ છે. યજુર્વેદ જ્યોતિષમાં ૪૯ કારિકાઓ છે. અને **અથર્વ જ્યોતિષમાં** ૧૬૨ શ્લોક છે. નેમિચંદ્ર શાસ્ત્રી લખે છે.[2]

"આલોચનાત્મક દષ્ટિથી વેદાંગ જ્યોતિષમાં પ્રતિપાદિત જ્યોતિષ માન્યતાઓ જોવાથી એ જ્ઞાત થશે કે - તે એટલી અવિકસિત અને આદિ (પ્રાથમિક) રૂપમાં છે. જેનાથી એની સમીક્ષા કરવી દુષ્કર છે."

ડૉ. જે. બર્ગેસ 'નોટ્સ ઑન હિંદુ એસ્ટ્રોનોમી' નામના પુસ્તકમાં વેદાંગ જ્યોતિષમાં અયન, નક્ષત્ર ગણવા, લગ્નસાધન આદિ વિષયોની આલોચના કરતા લખ્યું છે કે 'ઈસ્વીસનથી કેટલીક શતાબ્દીપૂર્વ પ્રચલિત ઉક્ત વિષયોના

---

૧. જુઓ, બાગ એ.કે. એજ, પૃ. ૧૧૪

૨. **ભારતીય જ્યોતિષ**, પૃ. ૭૯ - ૮૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધાંત સ્થૂળ છે. આકાશ- નિરીક્ષણની પ્રણાલીનો આવિષ્કાર આ સમય સુધી થયો હોય, એમ પ્રતીત થતું નથી. એ કથન સાથે એટલું યાદ રાખવું જોઈએ કે વેદાંગ જ્યોતિષની રચના યજ્ઞ-યાગાદિના સમય-વિધાન માટે થઈ હતી. જ્યોતિષ-તત્ત્વોના પ્રતિપાદન કરવા માટે નહીં" ફરી એણે લખ્યું છે.[1]

"**ઋક્ જ્યોતિષની** રચના કાળ સુધી ગ્રહ અને રાશિઓનો સ્પષ્ટ વ્યવહાર ન હતો. આ ગ્રંથમાં નક્ષત્રોદય રૂપમાં લગ્નનો ઉલ્લેખ અવશ્ય છે. પણ એનું ફળ આજકાળ જેવું બતાવવામાં આવ્યું નથી. જો ગણિત જ્યોતિષની દૃષ્ટિથી ઋક્ જ્યોતિષની પરખ કરવામાં આવે તો નિષ્ફળતા જ મળે. કેમકે - ગણિત જ્યોતિષની કોઈ મહત્ત્વપૂર્ણ વાત એમાં નથી. ફક્ત એટલું જ કહી શકાય કે - યજ્ઞ-યાગાદિના સમયજ્ઞાન માટે નક્ષત્ર, પર્વ, અયન આદિનું વિધાન બતાવવામાં આવ્યું છે.

આ પ્રકારે **યુજર્વેદ જ્યોતિષ** પ્રાયઃ **ઋક્ જ્યોતિષ** સાથે મળતું આવે છે. વિષયના પ્રતિપાદનમાં કોઈ વિશેષ ભેદ નથી. **અથર્વ જ્યોતિષને** જ્યોતિષનો સ્વતંત્રગ્રંથ કહી શકાય જેમાં ફલિત જ્યોતિષ મુખ્યત્વે છે.

**કલ્પ,સૂત્ર, નિરુક્ત** અને **વ્યાકરણમાં જ્યોતિષ** ચર્ચા મળે છે. **બૌદ્ધાયન** સૂત્રમાં ("મીનમેષયોર્મેષવૃષભયોર્બસન્ત") લખવામાં આવ્યું છે એનાથી એ જ્ઞાત થાય છે કે - સૂત્ર ગ્રંથોના સમયમાં **રાશિઓનો** પ્રચાર ભારતમાં હતો. **નિરુક્ત**માં દિનરાત, પક્ષ, અયનનું વર્ણન છે તથા યુગ પદ્ધતિની **મીમાંસા** પ્રાપ્ત થાય છે. **યાજ્ઞવલ્કય સ્મૃતિ**માં ક્રાન્તિવૃત્તના ૧૨ ભાગોનાં કથનથી મેષાદિ ૧૨ **રાશિઓનું** પ્રમાણ સિદ્ધ થાય છે. આ પ્રકારે **મહાભારતમાં** જ્યોતિષશાસ્ત્રની અનેક ચર્ચાઓ મળે છે.

ઇ.સ. ૧૦૦ લગભગ જે સ્વતંત્ર જ્યોતિષ ગ્રંથ લખવામાં આવ્યા હતા. એની ચર્ચા **વરાહમિહિરએ પંચસિદ્ધાંતિકામાં** કરી છે. આ પાંચ સિદ્ધાંત ક્રમશઃ **પિતામહ, વશિષ્ઠ, રોમક, પૌલિશ અને સૂર્ય છે.** થીબોની **પંચસિદ્ધાંતિકા** ભૂમિકાની અનુસાર **પિતામહ સિદ્ધાંત સૂર્ય પ્રજ્ઞપ્તિની** જેમ પ્રાચીન છે. એને બ્રહ્મગુપ્ત અને ભાસ્કરને આધાર માન્યો છે. એમાં **વસિષ્ઠ સિદ્ધાંત** સંશોધિત તેમજ પરિવર્ધિત રૂપમાં કે - જેમાં કેવળ ૧૨ શ્લોક છે. વર્તમાન **લઘુવશિષ્ઠ સિદ્ધાંત** ૯૪ શ્લોકયુક્ત છે એનું ગણિત પરિમાર્જિત અને વિકસિત છે.

**લાટદેવનું રોમક સિદ્ધાંત** ગ્રીક-સિદ્ધાંતોના આધાર પર બનાવવામાં આવ્યું છે. જેમાં યવનપુરના મધ્યાહ્નકાલીન સિદ્ધ કરવામાં આવેલ **અહર્ગણ** છે. થીબો નથી **માનતો** કે મૂળતઃ એ **શ્રીષેણે** રચ્યું છે. એનું ગણિત સ્થૂળ છે અને તે સંભવતઃ ઇ.સ. ૧૦૦-૨૦૦ માં રચાયું હોય એવી શક્યતા છે. તો પણ એમાં **યુગપદ્ધતિના** નિર્માણની શરૂઆત થઈ હતી એમ કહી શકાય. **સૈદ્ધાંતિક વિવરણ** એમાં નીચે આપેલ રૂપમાં છે.[1] **આર્યામાં ચંદ્રસાધન વિધિ** અશુદ્ધ છે.

| **મહા યુગાન્ત** | ૪૩૨૦૦૦૦ વર્ષોનો; | **યુગાન્ત** (૨૮૫૦ **વર્ષોનો**) |
|---|---|---|
| **નક્ષત્રભ્રમ** | ૧૫૮૨૧૮૫૬૦૦ | ૧૦૪૩૮૦૩ |
| **રવિભ્રમ** | ૪૩૨૦૦૦૦ | ૨૮૫૦ |
| **સાવન દિવસ** | ૧૫૭૭૮૬૫૬૪૦ | ૧૦૪૦૯૫૩ |
| **ચન્દ્રભગણ** | ૫૭૭૫૧૧૫૭૮ $\frac{૧૮}{૧૯}$ | ૩૮૧૦૦ |
| **ચન્દ્રોચ્ચભગણ** | ૪૮૮૨૫૮ $\frac{૧૩૭૦૮}{૫૭૫૮૯}$ | ૩૨૨ $\frac{૨૨૮}{૩૦૩૧}$ |
| **ચંદ્રપાતભગણ** | ૨૩૨૧૬૫ $\frac{૧૦૯૦૮૫}{૧૬૩૧૧૧}$ | ૧૫૩ $\frac{૨૬૮૮૯}{૧૬૩૧૧૧}$ |
| **સૌર માસ** | ૫૧૮૪૦૦૦૦ | ૩૪૨૦૦ |
| **અધિમાસ** | ૧૫૯૧૫૭૮ $\frac{૧૮}{૧૯}$ | ૧૦૫૦ |
| **ચંદ્રમાસ** | ૫૩૪૩૧૫૭૮ $\frac{૧૮}{૧૯}$ | ૩૫૨૫૦ |

૧. એજ પૃ. ૮૮

૨. જુઓ - એજ, પૃ.૧૦૦.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| **તિથિ** | ૧૬૦૨૯૪૭૩૬૮ $\frac{૮}{૧૯}$ | ૧૦૫૭૫૦૦ |
| **તિથિક્ષય** | ૨૫૦૮૧૭૬૮ $\frac{૮}{૧૯}$ | ૧૬૫૪૭ |

થીબોની અનુસાર ઉપરોક્ત ઇ.સ. ૪૦૦ લગભગ રચાયેલ હશે.

**પૌલિશ સિદ્ધાંતનું** ગ્રહ ગણિત પણ અંકો દ્વારા સ્થૂળ રીતિથી ગણવામાં આવ્યું છે. **અલબેરૂની** અનુસાર યુનાની સિદ્ધાંતોથી એની રચના કરવામાં આવી છે પરંતુ કર્બેએ એનું ખંડન કર્યું છે. **સૂર્ય સિદ્ધાંત**માં યુગાદિથી **અહર્ગણ** લાવીને **મધ્યમગ્રહ સિદ્ધ** કરવામાં આવ્યા છે. આ પછી સંસ્કાર આપીને **સ્પષ્ટગ્રહવિધિ** પ્રતિપાદિત કરવામાં આવી છે. ગ્રહગમન પરિધિની અનુસાર સિદ્ધ કરવામાં આવ્યું છે; જેનાથી ગ્રહોની **યોજનાત્મક** અને **કલાત્મક** ગતિઓ પ્રમાણિત થઈ જાય છે. એ ગ્રંથમાં **મધ્યમ, સ્પષ્ટ, ત્રિપ્રશ્ન ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, પરલેખ, ગ્રહયુતિ નક્ષત્રગ્રહયુતિ, ઉદયઅસ્ત, શ્રંગોન્નતિ, પાતઃઅધિકાર** તથા **ભૂગોલ** અધ્યાય આપવામાં આવ્યા છે.

**પંચસિદ્ધાંતો** સિવાય **નારદસંહિતા**, વર્ગ સંહિતા આદિ ગ્રંથ પણ છે. **પારાશર** દ્વારા પણ ફલિત જ્યોતિષનું **બૃહત્પારાશર હોરાશાસ્ત્ર** પ્રસિદ્ધ છે.[1]

## : ૬. બૌદ્ધ સંસ્કૃતિમાં ભૂગોલ, જ્યોતિષ તેમજ ખગોલાદિ અંગેનું ગણિત :

જ્ઞાત થયું છે કે - **વેદાંગ જ્યોતિષ**ના સ્તરપર ગણિતજ્યોતિષ અંગેનો **બૌદ્ધગ્રંથ શાર્દુરકરણ-અવદાન** છે. ગણિત - જ્યોતિષનું એવું વિવરણ ચીની બૌદ્ધ ગ્રંથમાં છે. જેમાં આ ગ્રંથના બે **અનુવાદ** પણ સામિલ છે. એ પછીનો ગ્રંથ તિબ્બતિ તાંત્રિક ગ્રંથ છે જેનું નામ **કાળચક્ર-તંત્ર** (લ. ૧૦મી સદી) અને એની ટીકા **વિમલપ્રભા** છે.

બૌદ્ધ મતાનુસાર લોકવર્ણન આચાર્ય વસુબન્ધુના **અભિધર્મકોશમાં** પ્રાપ્ત થાય છે.[2]

એમાં ઈકાઈઓ યોજન અને કલ્પના વિભાજન રૂપમાં છે.

**ક્ષેત્રમાપ** આ ગ્રંથમાં નીચે પ્રમાણે છે-

| | |
|---|---|
| ૭ પરમાણું = ૧ અણુ, | ૭ અણુ = ૧ લૌહરજ, |
| ૭ લૌહરજ = ૧ જલરજ, | ૭ જલરજ = ૧ શશરજ, |
| ૭ શશરજ = ૧ મેષરજ, | ૭ મેષરજ = ૧ ગોરજ, |
| ૭ ગોરજ = ૧ છિદ્રરજ, | ૭ છિદ્રરજ = ૧ લિક્ષા, |
| ૭ લિક્ષા = ૧ યવ, | ૭ યવ = ૧ આંગળીપર્વ, |
| ૨૪ આંગળીપર્વ = ૧ હસ્ત, | ૪ હસ્ત = ૧ ધનુષ, |
| ૫૦૦ ધનુષ = ૧ કોશ, | ૮ કોશ = ૧ યોજન, |

**કાળમાપ** નીચે પ્રમાણે છે.[3]

૧૨૦ ક્ષણ = ૧ તત્ક્ષણ; ૬૦ તત્ક્ષણ = ૧ લવ; ૩૦ લવ = ૧ મુહૂર્ત; ૬૦ મુહૂર્ત = ૧ અહોરાત્રિ; ૩૦ અહોરાત્રિ = ૧ માસ; ૧૨ માસ + ઊનરાત્ર = ૧ વર્ષ કે સંવત્સર. એની અનુસાર **લોક ધાતુ અનન્ત** છે. (એજ પૃ.૪૧૩)

અહીં કલ્પનો પણ વિચાર કરવામાં આવ્યો છે.[4] (૧) **સંવર્તકલ્પ** (૨) **વિવર્તકલ્પ** (૩) **અન્તરકલ્પ,** એંસી **અંતકલ્પોનો** એક **મહાકલ્પ** થાય છે. એનું વિવરણ થોડું જૈન **ઉત્સર્પિણી અવસર્પિણી કાળાદિ** સાથે સરખાવ્યા જેવું છે.

જ્યાં સુધી સંકેતના દાશમિકના પ્રક્રમોનું વિવરણ છે. તે અંગે બી. એલ. વાનડર વાએર્ડેરનો મત[5] ઉલ્લેખનીય છે. In this manner Buddha continues through = 23 stages According to an arithmetic book koti is a hundred Times One handred thousand ( Sata sata sahassa). so that the Largest number mentioned by Buddha is $10^7$ $10^{46}$ = $10^{53}$ But in most arithmetic. these same Words ayuta and niyuta have Other Values Viz. $10^4$ and $10^5$

---

૧. વિશેષ વિવરણ માટે જુઓ. શંકર બાલકૃષ્ણ દીક્ષિત, **ભારતીય જ્યોતિષ** (અનુ. શિ.ઝારખંડી) લખનઉ. ૧૯૭૫.
૨. **અભિધર્મકોશ**, લેખક આચાર્ય વસુબંધુ. અનુ. આચાર્ય નરેન્દ્રદેવ, પ્ર. હિન્દુસ્તાની અકાદમી, ઈલાહાબાદ, ૧૯૫૮
૩. એજ. ૩, ૮૮-૮૯
૪. એજ. ૩, ૮૯-૧૦૧
૫. **Science Awakening,** હાલેન્ડ, (અ.અનુ.) ૧૯૪૫, પૃ. ૫૨.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

but Buddha has not yet reached the end. This is only the First series he says. Beyond this there are 8 other series.

It is Clear that these numerals were never Used for actual counting or for calculations. They are Pure Fantasies which, like Indian towers were constructed in stages to dazzling heights "

આ પ્રકારે બૌધ્ધ ગ્રંથોમાં મોટી સંખ્યામાં ગણનાદિમાં ઉપયોગ થયો નથી. ઉપરોક્ત અભ્યુક્તિ બૌધ્ધ ગ્રંથ લલિત વિસ્તર (પ્રથમ શતાબ્દી ઈ.સ. પૂ.) માનો ગણિતજ્ઞ **અર્જુન** અને **રાજકુમાર ગૌતમ** ( બોધિસત્વ) ના સંવાદમાં અવતરિત અનેક સંકેતના સ્થાનો સુધી જનારી સંખ્યાઓના સંબંધમાં છે. પરંતુ વાએર્ડેનની અનુસાર તે શબ્દ બીજી સંખ્યાઓ ને પણ દેખાડે છે. કોટિ ગુણોત્તર સંજ્ઞાઓને પછી બિન્દુ, અબ્બુદ, નિરબ્બુદ, અહહ, અબબ, અતત, સોગંધિક, ઉપ્પલ કુમુદ, પુંડરીક, પદ્દુમ, કથાન, મહાકથાન અને અસંખ્ય બને છે- પરંતુ એમના દર્શનાદિમાં કોઈપણ ઉપયોગ ન હોવાથી તે વિશુધ્ધ કલ્પનાઓના રૂપે વાએર્ડેનની દૃષ્ટિમાં છે.

બૌધ્ધો એ **ગણિત જ્યોતિષ** પર અધિક રૂચિ દેખાડી નથી. જેનું કારણ બોસાદિએ નીચે પ્રમાણે દર્શાવ્યું છે.[૧]

The Buddhists did not evince much interest in astronomy due Probably to the degeneration in their time of astronomy into astrology and to the difficulty of distinguishing between the two. We find in their literature the term. nakshatra Pathaka (a reader of stars) which refers both to an astronomer and an astrologer. Buddha referred to astronomy and astrology as low forms of arts (tira cchanavijjia) and advised Buddhist monks to refrain from the study of astronomy. This Opinion. however. was modified later on and the bhikshus dwelling in the woods were advised to learn the elements of astronomy.

ઉપરોકત વિવરણ કેવલ ભારતમાં પ્રાપ્ત બૌધ્ધ સાહિત્ય પર આધારિત છે. બૌધ્ધ સંસ્કૃતિમાં ભારતમાં જે ગણિતનું અંશદાન થયું છે એવું ભારતમાં ઉપલબ્ધ સાહિત્યમાં દૃષ્ટિગત થતું નથી. ભારતની બહારના અન્ય દેશોમાં **બૌધ્ધ સંસ્કૃતિમાં** શું વિકાસ થયો તે કઠિન તો છે પરંતુ જ્ઞાત કરી શકાય છે. આના સંદર્ભમાં નીધમ તેમજ લિંગનો ગ્રંથ દૃષ્ટવ્ય છે.[૨] એમાં મુખ્યતઃ ચીન અંગેનું વિવરણ પ્રાપ્ત થાય છે. બાકી તો આસપાસના દેશો કે જ્યાં બૌધ્ધભિક્ષુ ભારતથી ગયા હતા. સંભવ એ છે કે - દેશવાશીઓ એ બાદમાં ઉત્તરોત્તર વિકાસ કર્યો છે.

### : ૭. જૈન સંસ્કૃતિમાં ભૂગોલ જ્યોતિષ તેમજ ખગોળાદિ અંગેનુ ગણિત :

**જૈન આગમોનું સિંહાવલોકન.**

ડૉ. હીરાલાલ જૈને પારમ્પરિક તેમજ આગમિક જ્ઞાનનું વર્ધમાન મહાવીરથી પૂર્વના અસ્તિત્વનું અવલોકન શ્રમણોની સાંસ્કૃતિક પરંપરામાં કર્યું છે.[૩] પરંપરાની ભાષા કે વિચારોના શબ્દો દ્વારા દ્રવ્યશ્રુત તેમજ ભાવશ્રુત રૂપમાં નિરંતર પ્રચલિત કરી શકાય છે. અનુમાનતઃ **'कथित पूर्व'** પ્રાચીન શ્રમણ પરંપરાનું સાહિત્ય રહ્યું હોવું જોઈએ. આ પરંપરામાં તીર્થંકર **ઋષભનાથ** (વૈદિક ઋષભ ?) **નેમિનાથ** (વૈદિક અરિષ્ટનેમિ) તેમજ **પાર્શ્વનાથ** વિખ્યાત છે. ઈસુથી કંઈક હજાર વર્ષ પહેલા ઉદિત બેબિલનીય, મિશ્ર દેશીય તેમજ ચીની સભ્યતાઓમાં પ્રાપ્ત ગણિતીય સૂત્રોનો પ્રયોગ જૈન સંસ્કૃતિમાં વિકસિત કર્મ સિધ્ધાંત તેમજ વિશ્વ, સંરચના સાથે તુલનીય છે.[૪]

જૈનાગમનાં **ચૌદ** પૂર્વ આગમના બાર અંગોમાં વિભાજિત રૂપમાં છે. જૈનાગમ સાહિત્ય બાર અંગોમાં રચાયેલ છે. એમાં બાર અંગોમાં પાંચ પરિકર્મ **(ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** અને **વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ**) સૂત્ર, પ્રથમાનુંયોગ, **ચૌદ પૂર્વગત** તેમજ **પાંચ ચૂલિકાઓ** છે. જૈન વર્ણમાળામાં ૬૪ અક્ષર હોય છે. જેમાં ૩૩ વ્યંજન, ૨૭ સ્વર અને ૪ સહાયક થાય છે. એનાથી $(૨)^{૬૪}$ સંચય અથવા ૧૮૪, ૪૬, ૭૪, ૪૦, ૭૩, ૭૦,૯૫, ૫૧, ૬૧૫ સંયોગી અક્ષર બને છે. જે સંપૂર્ણ શ્રુત રચના કરે છે. એને જ્યારે મધ્યમ પદના અક્ષરોની સંખ્યા ૧૬,૩૪૮, ૩૦૭, ૮૮૮ થી વિભાજિત કરવામાં આવે છે. તો જૈન આગમના પદોની સંખ્યા ૧૧,૨૮૩, ૫૮,૦૦૫ પ્રાપ્ત થાય છે. બાકી ૮૦,૧૦૮, ૧૭૫, શ્રુતુના એ ભાગના અક્ષરોની સંખ્યા થાય છે. જે અંગોમાં સામિલ નથી. એને અંગબાહ્ય કહે છે. એને ચૌદ પ્રકીર્ણકોમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

---

૧. જુઓ, Bose D.M. sen SN and Subbarayappa. **A Concise History of science in India** New Dilhi 1971. p.60

૨. Needham. J. and ling W **science and civilization in China** Vol .3. Cambridge 1953.

૩. **ભારતીય સંસ્કૃતિમાં જૈનધર્મનો યોગદાન,** ભોપાલ ૧૯૬૨ પૃ. ૫૧.

૪. ગ.સા.સ. ભૂમિકા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે શ્રુત કાંતો **અક્ષરાત્મક** અથવા **અનક્ષરાત્મક** હોય છે. **અનક્ષરાત્મક** શ્રુતના અસંખ્યાત વિભાગ થાય છે. જે અસંખ્યાત લોક ( પ્રદેશ બિન્દુ રાશિ) રૂપ થાય છે.[1]

જ્ઞાત છે કે - **શ્રુત કેવલી** ભદ્રબાહુ (લગભગ ચોથી સદી ઈ. સ. પૂ.) સુધી આગમનું જ્ઞાન શ્રુત રૂપમાં પારંપરિક રૂપમાં આપવામાં આવી રહ્યું હતું અર્થાત્ સાંભળીને યાદ રાખવામાં આવી રહ્યું હતુ.

આ પછી બારવર્ષ સુધી લગાતાર દુશ્કાળ પડયા પછી જૈન સંસ્કૃતિ સાહિત્યને **શ્વેતાંબર** તેમજ **દિગંબર** આમ્નાયમાં ફરી તાજા થવાનો અવસર મળ્યો.

**કતિપય ગણિતીય શબ્દ :**

વિભૂતિભૂષણ દત્તે જૈન આમ્નાયના કેટલાક ગણિતીય શબ્દોને એકત્રિત કરી એને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.[2] એ સમયે સુધી જૈન ગ્રંથોમાં ગુંથવામાં આવેલી ગણિતની યથાસંભવ ભાવના સુધી પહોંચી શકી ન હતી. કેમકે - અનેક ગ્રંથ પ્રકાશમાં આવ્યા ન હતા. હવે આ પારિભાષિક શબ્દોને પુનઃ અવલોકિત કરીને એના ઉપયોગ પર એક નવી દષ્ટિ સંભવિત થઈ શકે છે.

**પરિકર્મ (પ્રા. પરિકમ્મ) :**

કહેવાય છે કે - **કુન્દકુંદાચાર્યે** ( ઈ. ૩ સદી ?) એ પ્રાકૃત ભાષામાં ષટ્ખંડાગમના પ્રાચીન ત્રણ ભાગો પર **પરિકર્મ** નામની ટીકાની બાર હજાર શ્લોકોમાં કુંદકુન્દપુરમાં રચના કરી હતી. **વીરસેનાચાર્ય** દ્વારા પણ **પરિકર્મ** ગ્રંથનો ઉલ્લેખ કેટલાય પ્રસંગોમાં **ધવલા** ટીકામાં આવ્યો છે. **પરિકમ્મનો** અર્થ વિશેષ પ્રકારનું ગણિત પણ થાય છે, અથવા કોઈ પ્રકારની ગણના (સંખ્યાન) પણ થાય છે. ( પરિ=ચારે તરફ, કમ્મ= કર્મ અથવા પ્રક્રિયા)

**મહાવીરાચાર્યએ પરિકર્મ વ્યવહાર** શબ્દનો ઉપયોગ એક ગણિત અધ્યાય માટે કર્યો છે.[3] આ સમયે **પરિકમ્મનો** અર્થ આઠ પ્રકારની ગણિતીય પ્રક્રિયાઓ માટે થતો હતો- **પ્રત્યુત્પન્ન** ( ગુણન), **ભાગહાર, વર્ગ, વર્ગમૂળ, ઘન,ઘનમૂળ, સંકલિત** તથા **વ્યુત્કલિત,** આ પ્રમાણે હિન્દૂ ગણિતની મૂળભૂત પ્રક્રિયાઓ **વર્ગ** તેમજ **ઘન**, **પરિકર્મ**માં સામેલ છે. **ચૂર્ણિમાં પરિકર્મ**નો અર્થ ગણિતની તે મૂળભૂત ક્રિયાઓ જે વિજ્ઞાનના બાકીના અને વાસ્તવિક અધ્યાયોના અધ્યયન માટે વિદ્યાર્થીને કુશળ બનાવી શકે. એમા પરિકર્મ દ્વારા સોળ પ્રક્રિયાઓનું મૂળભૂત રૂપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. **બ્રહ્મગુપ્તે** એને વીસ પ્રક્રિયાઓમાં આપી છે. જે બધી ઉપર્યુક્ત આઠ મૂળભૂત પ્રક્રિયાઓના અન્તર્ગત આવી જાય છે. આ પ્રકારે **પરિકર્મ**ના અર્થનો પ્રયોગ **કરણાનુંયોગ** તેમજ **દ્રવ્યાનુંયોગમાં** થતો હતો, બારમાં અંગ **દષ્ટિવાદ**ના પાંચ વિભાગોમાંથી **પરિકર્મ** પણ એક છે. પંડિત **ટોડરમલે પરિકર્માષ્ટક** ગણિતનું પૂર્ણ વિવરણ **ગોમ્મટસાર જીવકાંડ** ના પૂર્વ પરિચયમાં આપ્યું છે.[4] એમાં શૂન્ય સાથે સંબંધિત **પરિકર્માષ્ટક**ની પ્રક્રિયાઓ પણ છે.

દ્રવ્યના ગુણ વિશેષનું જે પરિણમન કરવામાં આવે છે. એને પણ **પરિકર્મ** કહેવામાં આવે છે. જે ગ્રંથમાં ગણિત વિષયક કરણ સૂત્ર ઉપલબ્ધ થાય છે એને પણ **પરિકર્મ** કહે છે. **ચંદ્ર ગ્રહણ** આદિના નિયત કાળથી પહેલા જ જાણી લેવાને **પરિકર્મ** વિષયક **કાલોપક્રમ** કહેવાય છે. આ પ્રમાણે **પરિકર્મક્ષેત્રોપક્રમ** આદિને પણ પરિભાષિત કરવામાં આવે છે.[5]

**રાશિ (પ્રા. રાસિ)**

ગણિતના ઈતિહાસમાં એ શબ્દ પર ધ્યાન નથી આપવામાં આવ્યું છે. **રાશિ સિધ્ધાંતને** આજનું સેટ થ્યોરી કહી શકીએ છીએ. જે વિશ્વભરમાં ગણિતનો આધારભૂત વિષય છે. રાશિ સિધ્ધાંતનું મહત્વ એટલા માટે વધી ગયું છે કે એનો ઉપયોગ આધુનિક વિજ્ઞાન તેમજ ટેકનીકલ, યાંત્રિકી તેમજ કલા વગેરેમાં થયો છે. જાર્જ કૈંટરએ (૧૮૪૫-૧૯૧૮ ઈ.સ.) આધુનિક **રાશિ સિધ્ધાંતના** મૌલિક જન્મદાતા માનવામાં આવે છે.

ષટ્ખંડાગમમાં રાશિના પર્યાયવાચી શબ્દ સમૂહ, **ઓઘ,પુંજ, વૃન્દ, સમ્પાત, સમુદાય, પિંડ, અવશેષ, અભિન્ન તથા સામાન્ય** છે.[6] **ધવલામાં** આ શબ્દનો અત્યધિક ઉપયોગ થયો છે. **છાંદોગ્ય ઉપનિષદ**માં એક વિજ્ઞાન રાશિ વિદ્યા પણ છે. **રાશિ** શબ્દના ઉપયોગ પછી **ત્રૈરાશિક** તેમજ **પંચરાશિક** વગેરે રૂપમાં ગણિત આવ્યું.

---

૧. **ગો. સા. ક.** શ્લોક ૩૧૬, વગેરે.
૨. બુલે. કેલ મેથ.સો. (૧૯૨૯) ઉલ્લેખિત.
૩. ગ.સા. સં. પૃ. ૯, ૩૫.
૪. **જૈ. સિ. કો.** ભાગ ૨, પૃ. ૨૨૨ - ૨૨૪
૫. જે. લ. ભાગ ૨, પૃ. ૬૭૪ - ૬૭૫.
૬. ષટ્. ૧, ૨, ૧, ૧, પુ. ૩, પૃ. ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અભિધાન રાજેન્દ્ર કોષમાં રાશિનો** પ્રયોગ **સમૂહ, ઓઘ, પુંજ, સામાન્ય વસ્તુઓનો સંગ્રહ, વર્ગ, શાલિ, ધાન્ય રાશિ, જીવાજીવ રાશિ, સંખ્યાન રાશિ** વગેરે રૂપમાં બતાવવામાં આવ્યા છે. **તિલોય પણ્ણતિમાં** પણ, **દોપ્પડિ રાશિયમ્, સલાય રાસિદો, ઉપણ્ણ રાસિમ્, અસંખેજજ રાસિદો, તેઉક્કાઈય રાસિ, ધ્રુવ રાશિ, જોદિસિયે જીવરાસિ, રિણરાસિસ્સ** આદિ વર્ણિત છે. ધ્રુવરાશિનો ગણિતીય ઉપયોગ **સૂર્ય પ્રજ્ઞપ્તિ** પ્રભૃતિ ગ્રંથોમાં તથા **ધવલા** ટીકામાં પણ થયો છે. એ શકય છે કે - **યુગ પધ્ધતિ**નો સિધ્ધાંત જ્યોતિષમાં વિકાસ **ધ્રુવરાશિના** આધારે કરવામાં આવ્યો. ષટ્ખંડાગમમાં પણ નિમ્નલિખિત શબ્દોથી ઉકત રાશિઓ ધ્વનિત થાય છે. **મિચ્છાઈટ્ઠી, અણંત, કોડિ પુધત્તં,અભવ સિધ્ધિયા, સવ્વલોગે, અન્તો મુહુત્તં, વગ્ગણા, ફડ્ડયમ, સમયપબધ્ધ, સાગરોવમાણિ** વગેરે. આ પ્રકારે ઉદ્ગમ સામગ્રીમાં વિશ્વસંરચના તથા દર્શન વિષયક રાશિઓનું ગહન અધ્યયન આવશ્યક છે.

જૈન આગમમાં **અસ્તિત્વવાળી રાશિઓ છે- જીવરાશિ, પુદ્ગલ રાશિ** વગેરે. એવી રાશિઓના પ્રમાણે **રચના રાશિઓ** દ્વારા સમજાવવામાં આવ્યું છે કે - જે **સંખ્યા પ્રમાણ** તેમજ **ઉપમા પ્રમાણ** રૂપમાં થાય છે. **સંખ્યા પ્રમાણ સંખ્યેય અસંખ્યેય** અને **અનંત** રૂપ છે. **ઉપમા પ્રમાણ પલ્ય, સાગર સમય-રાશિઓ રૂપ** તથા **સૂચ્યંગુલ, પ્રતરાંગુલ, ઘનાંગુલ, જગશ્રેણી, જગપ્રતર અને ઘનલોક પ્રદેશ - રાશિઓ** રૂપ છે.આ બે પ્રકારની **રચના - રાશિઓની** વચ્ચેનો સંબંધ આપવામાં આવ્યો છે.[1]

$(\text{Log}_2 \text{ પલ્ય})^2 = (\text{Log}_2 \text{ અંગુલ})$

સર્વાધિક મહત્વપૂર્ણ વિષય રાશિઓનું જઘન્ય (નિષ્કૃષ્ટ) અને ઉત્કૃષ્ટ પ્રમાણોનું છે જે રૂપમાં સર્વ લોકની રચના ગણિત દ્વારા પ્રદર્શિત કરવામાં આવી છે. ઉદાહરણાર્થ -

| **નામ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
|---|---|---|
| દ્રવ્યપ્રમાણ | એક પુદ્ગલ પરમાણુ રાશિ | સમસ્ત દ્રવ્યરાશિ. |
| ક્ષેત્ર પ્રમાણ | એક આકાશ પ્રદેશ રાશિ | અનંતાનંત આકાશ પ્રદેશ રાશિ. |
| કાળ પ્રમાણ | એક કાળ સમય રાશિ | અનંત કાળ - સમય રાશિ. |
| ભાવ પ્રમાણ | અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિની જ્ઞાનપર્યાયની અવિભાગી પ્રતિચ્છેદ રાશિ. | કેવળજ્ઞાન અવિભાગી પ્રતિચ્છેદ રાશિ. |

આ પ્રકારે **પરાવર્તન રાશિઓ, રિક્ત રાશિ**[2], ગુણ સ્થાન માર્ગણા સ્થાનોમાં **જીવરાશિઓ, ચલ, દોલનીય** વગેરે **પરિમિત અપરિમિત** વગેરે **ગુણોના અવિભાગી પ્રતિચ્છેદ રૂપ** વગેરે પ્રકારની રાશિઓ વર્ણિત છે. ઉપરોકતક્ષેત્રે અને કાળ રાશિઓના અન્તર્ગત અનેક રાશિઓ ગર્ભિત છે. આ પ્રકારે દ્રવ્ય અને ભાવ વિષયક રાશિઓ ઉપરોકતની વચ્ચે આવેલી છે.

રાજુ (પ્રા.રજ્જુ)

રજ્જુનો અર્થ 'રસ્સી' (દોરી) છે જેના દ્વારા લોક-માપ ગણવામાં આવે છે. ૭ રાજુ (રજ્જુ)ની **જગ શ્રેણી** થાય છે. **જગશ્રેણી** પ્રદેશ-રાશિ પણ હોય છે. એનો સંબંધ દ્વીપ સમુદ્રોમાં સ્થિત ચંદ્ર બિંબોના સમસ્ત પરિવાર સાથે છે જે મધ્ય લોકાન્તમાં ફેલાયેલા છે. કેંટરના અનુસાર મિશ્ર દેશના પ્રાચીન યંત્રી હરપિદોનાપ્તી, **રજ્જુ દ્વારા પિથેગોરસના સાધ્ય** $(\text{કર્ણ})^2 = (\text{ભૂજા})^2 + (\text{લંબ})^2$ ને પ્રયોગમાં લાવતા હતા. જેમાં ૫:૪:૩નો અનુપાત રહેતો હતો. જેથી સમકોણ બની શકે.

**જૈન તત્વ પ્રકાશમાં પૂજ્યશ્રી અમોલકઋષિજી મ.** દ્વારા રાજુના ઉપમા માનનો (તરીકે) ઉલ્લેખ છે. જેમાં એ કલ્પના

---

૧. તિ.૫. ૧. ૧૩૧ તથા રાશિ ૧. ૧૩૨

૨. **ધવલા**, ૧, ૨, ૨ અને ૩ વળી પણ જુઓ. **ધવલા** (૫૫ પ્ર. ૨૮) ભૂતકાળ (ના) સમય રાશિને મિથ્યા દષ્ટિ જીવરાશિ દ્વારા રિકત કરેલી બતાવવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે - તે એવું અંતર છે કે જેમકે - એક લોંખડ નો ગોળો કે જે ૩૮, ૧૨, ૭૯, ૭૦,૦૦૦ મણનો હોય અને ૬માસ, ૬ દિવસ, ૬ પ્રહર અને ૬ ઘડીમાં તય કરે છે.[1] પરંતુ ગુરૂત્વાકર્ષણનો કયો નિયમ એમાં ઉપયોગ થયો છે તે સ્પષ્ટ નથી. પ્રો. જી. આર.જૈને રજ્જુનું માન આઈંસ્ટાઈન દ્વારા આપેલ દત્ત ન્યાંસથી ૧.૪૫ (૧૦)$^{21}$ માઈલ કાઢવામાં આવ્યું હતું.[2] આ દૂરી આટલી છે જેમાં કોઈ દેવ ૬ માસમાં ૨૦૫૭૧૫૨ યોજન પ્રતિક્ષણ ચાલતા તય કરે છે. (ડેર જૈનિસ્મસ - લે.વામ ગ્લાસ નેપ્પિન) આ લગભગ ૧.૩૦૮ (૧૦)$^{21}$ માઈલ પ્રાપ્ત થાય છે.

**તિલોય પણ્ણત્તિમાં રાજુનું પ્રમાણ** સિધ્ધાન્તતઃ પ્રદેશ અને સમય રાશિઓના આધારે સૂત્ર રૂપ આપવામાં આવ્યો છે. -

(પલ્યોપમનો અર્ધ્ધચ્છેદ)

$$\text{જગશ્રેણી} = \text{૭ રાજુ} = [\text{ઘનાંગુલ}]\left[\frac{(\text{પલ્યોયમનમો અર્ધ્ધરછેદ})}{(\text{અસંખ્યેય})}\right]$$

અહીં **ઘનાંગુલ** નો અર્થ ઘનાંગુલમાં સમાવિષ્ટ પ્રદેશ (પરમાણુ) સંખ્યા છે. આ પ્રકારે **પલ્યોપમ**નો અર્થ પલ્યોપમ કાળ સમય રાશિ છે.[3]

**વિયાહ પણ્ણત્તિ** (પૃ. ૧૮૨, ૩.૧૨, પૃ. ૨૧, ૪.૧૬)માં **યોજનોના પદો**માં લોકનો આયામ આપવામાં આવ્યો છે. પરંતુ સંખ્યા ફરી અસંખ્યેયના કારણે ગૂચવાઈ જાય છે. આ પ્રકારે જૈન સાહિત્યમાં રજ્જુનો ઉપયોગનો અભિપ્રાય શુલ્બ ગ્રંથોથી બિલકુલ ભિન્ન છે. રજ્જુનું માન જૈન સાહિત્યમાં મૂળભૂત રૂપથી પ્રદેશ રાશિ પરક છે.

સર્વ જ્યોતિષ જીવ રાશિનુંમાન **તિલોય પણ્ણત્તિ**(ભાગ-૨ પૃ. ૭૬૪- ૭૬૭) માં કાઢવામાં આવ્યું છે.એ ગણના દ્વારા પ્રાપ્ત કરેલ માન છે જે -

(જગશ્રેણી)$^2$ ÷ (૬૫૫૩૬ પ્રતરાંગુલ) સૂત્ર રૂપમાં **તિલોય પણ્ણત્તિ** (ભાગ ૨, શ્લોક ૧૦.૧૧) માં આપવામાં આવ્યું છે. એમાં રજ્જુનો અર્ધ્ધચ્છેદોનો ઉપયોગ કરીને દ્વીપસમુદ્રોના સમસ્ત જ્યોતિષ દેવરાશિ પ્રાપ્ત કરવામાં આવી છે. એના દ્વારા પણ રજ્જુનું માન સમજાવી શકાય છે.

**કલાસર્વણ (પ્રા. कला सवण्ण)**

**મહાવીરાચાર્યના ગણિતસાર** સંગ્રહ અનુસાર એનો અર્થ ભિન્ન (Fraction) થાય છે. એમાં ભિન્નોની સાથે સંબંધિત ગુણન, ભાગ, વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ, ભિન્નોની શ્રેઢિનું સંકલન તેમજ પ્રહ્રાસન તથા છ પ્રકારના ભિન્ન અને એનું વિસ્તૃત વિવરણ સમાવિષ્ઠ છે.[4] ભિન્નો પર વિભિન્ન પ્રશ્ન પણ હલ કરવામાં આવ્યા છે.

**ષટ્ખંડાગમ**માં અગુરૂલઘુ ગુણને માટે **સંખ્યેય, અસંખ્યેય અને અનંત** ભાગ વૃધ્ધિ, હાનિનું વર્ણન મળે છે.[5] **તિલોય પણ્ણત્તિમાં** ભિન્નોનું લેખન દષ્ટિગત છે. અહીં અંશને હરની ઉપર લખવામાં આવે છે. એને અવહાર રૂપમાં નિરૂપિત કરે છે.[6]

ઉદાહરણાર્થ - એક ભાગ ત્રણ કે $\frac{૧}{૩}$ ને $\frac{૧}{૩}$ લખે છે તથા **"एक्क कला तिविहत्ता"** કહેવામાં આવ્યું છે.[7] **સૂર્ય પ્રજ્ઞપ્તિમાં ચૂર્ણિઆ ભાગનો** પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. અર્થાત્ ભાગનો ભાગ કરવામાં આવ્યા છે.[8] સાથે કલા શબ્દનો પણ ઉપયોગ છે. કલાનો અર્થ ભાગ થાય છે અને **सवण्णे** નો અર્થ સમાન રંગવાળું થાય છે.

**ધવલા** ટીકાઓમાં ભિન્નોની રાશિ સૈધ્ધાંતિક રૂપથી અભિપ્રેત કરવામાં આવી છે.[9] કોઈ રાશિનું અન્ય રાશિ દ્વારા વિભાજન સ્પષ્ટ કરવામાં ભાજિત, ખંડિત, વિરલિત તેમજ અપહૃત વિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અવધેશ નારાયણસિંહએ એ ગ્રંથોમાં [10] કેટલાક એવા સૂત્ર ભિન્ન અંગે પ્રાપ્ત કર્યા જે અન્યત્ર ઉપલબ્ધ નથી. તે એને સંભવતઃ પ્રાપ્ત કોઈ પૂર્વના (પહેલાના) જૈન પ્રાકૃત ગણિત ગ્રંથોમાંથી ઉધ્ધૃત કર્યા હશે. એ પ્રકારે **સૂર્ય પ્રજ્ઞપ્તિ** (જેવા) મુખ્ય ગ્રંથોની ટીકાઓમાં પ્રાકૃતમાં જે અનેક ગણિત સૂત્ર ઉલ્લેખિત કરવામાં આવ્યા છે એના પર શોધ, ખોજ થવી

---

૧. ગણિતાનુયોગ પૃ.૬ વગેરે
૨. Cosmology. Od and New p. 105
૩. તિ.પ. શ્લો. ૧.૧૩૧.
૪. ગ.સા. સં. પૃ.૩૬ -૮૦
૫. **ષટ્**. પૃ. ૫૫, ૬૩૧,૬૫૫, ૭૭૩ વગેરે.
૬. તિ.પ. શ્લોક ૧. ૧૧૮
૭. એજ. શ્લોક ૨, ૧૧૨.
૮. ગણિતાનુંયોગ પૃ. ૨૯૩, ૨૯૪, અન્યત્ર પણ
૯. **ધવલા**, પૃ. ૩. પુ.૩૯ વગેરે
૧૦. એજ. પૃ. ૩. પુ. ૨૭-૪૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યક છે.

**યાવત્ તાવત્ (પ્રા.जावं-तावं)**

આ શબ્દનો ઉપયોગ એ મર્યાદાઓને નિર્દેશિત કરે છે જ્યાં સુધી પ્રમાણોને વિસ્તૃત કરવાના થાય છે. અથવા સરળ સમીકરણની રચના કરાવવાની થાય ત્યારે એનો અર્થ **'જ્યાં સુધી........ત્યાં સુધી'** પણ થાય છે. આ શબ્દ પ્રાકૃત ગ્રંથોમાં બહુજ પ્રયુક્ત થયા છે. **અભયદેવ સૂરિએ** એનો ઉપયોગ ગુણન તથા શ્રેઢિ સંકલનમાં નિર્દિષ્ટ કર્યો છે. એને **'વ્યવહાર'** પણ કહી શકાય છે. આ સંબંધમાં એના દ્વારા n પ્રાકૃત સંખ્યાઓનો યોગ s નીચે (પ્રમાણે) રૂપમાં આપવામાં આવ્યો છેx

$S = \frac{n(nx+n)}{2x}$ જ્યાં × કોઈ વિવક્ષિત **(यदच्छा, वाञ्छा કે -યાવત્ તાવત્)** રાશિ છે. આ પ્રકારે વિભૂતિભૂષણદત્તનું અનુમાન છે કે **यावत् तावत्** શબ્દ કૂટ સ્થિતિ (Rule of False position) સાથે સંબંધિત છે. જેને પ્રત્યેક દેશમાં રેખિક સમીકરણોને સાધવા માટે બીજગણિતના વિકાસની પ્રાથમિક સ્થિતિમાં ઉપયોગમાં લાવવામાં આવ્યા હશે.[૧] બખ્શાળી **હસ્તલિપિમાં** પણ બન્ને શબ્દોનો ઉપયોગ કૂટ સ્થિતિ નિયમ માટે થયો છે.[૨] એવી પણ સમજણ પ્રાપ્ત થઈ છે કે એનો સંબંધ અનિર્ધૃત અથવા અપારિભાષિત ઈકાઈઓની રાશિ સાથે પણ છે. **તિલોય પણ્ણત્તિમાં 'उक्कस्सं संखेज्जं जावं तावं पवेत्तमा'** આ અભિપ્રાયથી જોવા મળે છે કે - સંખ્યા ને સંખ્યાતથી ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રાપ્ત થવા સુધી ગણના કરીને પ્રાપ્ત કરવામાં આવે[૩] કે જે જઘન્ય પરીત અસંખ્યેયથી કેવળ એક ઓછી હોય છે.

**યોજન (પ્રા. जोअण)**

આ શબ્દ એક રેખિકીય માપને પ્રરૂપિત કરે છે.[૪] આ માપનો રાશિ સૈધ્ધાંતિક આધાર છે કેમ કે - એનો સંબંધ અંગુલ પ્રદેશ રાશિ તથા પલ્ય સમય રાશિ સાથે પણ છે. એ એટલા જ રહસ્યપૂર્ણ છે. જેટલો ચીની 'લી' એના સમીપસ્થ સંબંધ **પ્રમાણાંગુલ** સાથે છે, જેના વડે ભૌગોલિક, જ્યોતિષ તથા ખગોળીય અંતરોનું માપ કરવામાં આવે છે. **પ્રમાણાંગુલ સૂચ્યંગુલથી** ૫૦૦ ગણા હોય છે. પરમાણુઓથી સ્કંધ બને છે અને એક યોજનનો આધારીય સંબંધ **સન્નાસન્ન ત્રુટિરેણુ, ત્રસરેણુ, તથા રથરેણુ સ્કંધો** સાથે થાય છે. ક્રમશઃ એનો સંબંધ વાળ, લીખ, જૂં, જવ, અંગુલપાદ, વિતસ્તિ, હાથ, દંડ અને કોસ સાથે થાય છે. આ પ્રકારે ૧ યોજનમાં ૪ કોસ અથવા ૭૬૮૦૦ અંગુલ થાય છે. પ્રમાણાંગુલના આધારે યોજનનું માપ ૪૫૪૫.૪૫ માઈલ પ્રાપ્ત થાય છે અને સૂચ્યંગુલના આધારે એનું માપ ૯ $\frac{૧}{૧૧}$ માઈલ પ્રાપ્ત થાય છે.

જી. આર જૈને યોજનને ૪૦૦૦ માઈલ માનીને લોકોની ત્રિજ્યાની (કાઢવાનો) ગણત્રી કરવાનો પ્રયાસ કર્યો છે.[૫] શ્વેતાંબર આમ્નાયના અનુસાર લાંબા અંતરવાળા યોજન ચાર કોસવાળા સાધારણ યોજનથી ૧૦૦૦ ગુણા કરવામાં આવે છે. પરંતુ દિગંબર આમ્નાયના અનુસાર તે ૪ કોસવાળા સાધારણ યોજનથી ૫૦૦ ગુણા કરવામાં આવે છે. આ પ્રકારે યોજન માપન યોજના 'ચલ રાશિ' રૂપમાં પ્રવૃત્ત થાય છે. અસંખ્યાત યોજનનું એક રજ્જુ થાય છે.

૧ પ્રમાણ યોજન = ૫૦૦ આત્મયોજન = ૧૦૦૦ ઉત્સેધ યોજન થાય છે.

ભૌગોલિક યોજનામાં ૫૧૦ યોજન ને ૪૭° ની સમાન માનવામાં આવે છે. ચાપ ૧° ગોલીય પૃથ્વી પર છાયા માપ દ્વારા ૬૯.૯ માઈલ સ્થાપિત કરવામાં આવે છે. તદનુસાર ૫૧૦ યોજન = ૪૭×૬૯.૯ માઈલ થવાથી ૧ યોજન = ૬.૪ માઈલ સ્થાપિત થાય છે.) જો યોજનને ૧૬૦૦,૦૦૦ હસ્ત આત્મપ્રણાલી સાથે લેવામાં આવે તો તે ૪૫૪૫.૪૫ માઈલ થાય છે. જ્યારે એનો પ્રમાણ પ્રણાલીમાં બદલાવામાં આવે તો તે ૯ $\frac{૧}{૧૧}$ માઈલ થાય છે.

---

૧. બુલે.કેલ મે. સો (૧૯૨૯) પૃ. ૧૨૨
૨. દત્ત (૧૯૨૯) એજ (૨) (ભાગ xxi) પૃ. ૧-૬૦ જુઓ. **લોક પ્રકાશ** ૧,૧૬૫ જ્યા વ્યુત્પન્ન ફળ પ્રાપ્ત કરવામાં આવ્યું છે.
૩. તિ. પ. ભાગ ૧.૪. ૩૦૯
૪. **વિશ્વ પ્રહેલિકા** પૃ. ૧૧૪
૫. Cosmology : old and new પૃ. ૧૧૭ વગેરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લિશ્કે[1] મેરૂના અન્તઃ મંડળને મેરૂ સાથે ૪૯૮૨૦ યોજન લઈને પૃથ્વીનો ૬૬ $\frac{૧^{\circ}}{૨}$ માની છે. એનું માન અનુમાનતઃ ચીની ૫૦૦૦૦ "લી" થાય છે. અહીં ભારતીય અને ચીની **યોજના પ્રણાલી**માં સમાનતા જણાય છે. સૂર્યની ક્રાન્તિનો એક અયનથી બીજા અયનસુધી ૪૭° રૂપે ૫૧૦ યોજન સ્વીકાર કરવો ઉચિત છે. એ સૂર્યની વીથિઓ અંગે અંતઃતમ તેમજ બાહ્યતમ અંતરોનું અંતર છે. પૃથ્વી તલ ને ગોળીય માનવાથી ૧° ચાપનું માપ ૬૯.૯ માઈલ પણ માનવામાં આવે છે, જ્યારે પૃથ્વીની ત્રિજીયા જ્ઞાત હોય તો એ પ્રકારે યોજનનું માપ લગભગ ૬.૪ માઈલ સ્થાપિત કરવામાં આવે છે. આ પ્રયાસથી જૈન ગ્રંથોમાં જ્યોતિષ્કોની વર્ણવેલ ઊંચાઈનું રહસ્ય ખુલવા લાગે છે. આ પ્રકારે ચિત્રા પૃથ્વીથી સૂર્યની ૮૦૦ યોજનની ઊંચાઈનું માપ ૭૭° ૫ પ્રતીત થાય છે. જેને સૂર્ય પથ(eclipter)ની કોઈ સમતલ અથવા અવલોકનકર્તાથી કોણીય અંતર માની શકાય છે. આ પ્રકારે ચંદ્રની ઊંચાઈ ૮૮૦ યોજનોને આ ઈકાઈઓમાં ૭°.૭ અધિક માનીને સૂર્યથી ચંદ્રની એ ઉત્તરી ધ્રુવીય અંતર માનવામાં આવી શકે છે.[2] અન્ય ગ્રહોના અંગે હાલપણ શોધ કરવી વાંછનીય છે.

**પલ્ય (પ્રા. पल्ल)**

સાહિત્યિક રૂપથી **પલ્લનો** અર્થ ખાત કે ખાડો થાય છે. જે અનાજ ભરવાના ઉપયોગમાં આવે છે. એનાથી રાશિનો કાળનું માપ પ્રરૂપિત કરે છે. પલ્ય ત્રણ પ્રકારના હોય છે.[3] **વ્યવહાર, ઉધ્ધાર** તેમજ **અધ્ધા.** એનું પ્રમાણ ગણના અને ગણત્રીની વિધિ દ્વારા કાઢવામાં આવે છે.

**વ્યવહાર પલ્ય** = ૪.૧૩ × $(૧૦)^{૪૬}$ વર્ષ. એને અવિભાગી સમયોમાં બદળી શકાય છે.

**ઉધ્ધાર પલ્ય**= ૪.૧૩ × $(૧૦)^{૪૪}$ × જઘન્ય યુકત અસંખ્યાત × $૧૦^{૭}$ વર્ષ. અહીં જઘન્યયુક્ત અસંખ્યાતનું માન ગણવાની વિધિ દ્વારા પ્રાપ્ત થઈ જાય છે.

**અધ્ધા પલ્ય** = ૪.૧૩× $(૧૦)^{૪૪}$ × (જઘન્ય યુકત અસંખ્યાત)$^{3}$ વર્ષ.

અહીં અજ્ઞાત મધ્યમ સંખ્યાતની અનિર્ધૃતતા સિવાય એ બધીને સમય રાશિમાં બદળી શકાય છે.

જ્યાંરે ઉપરોક્ત $(૧૦)^{૧૪}$ વડે ગુણવાથી સંવાદી સાગરનું માન પ્રાપ્ત થઈ જાય છે. **શ્વેતાંબર તથા દિગંબર** આમ્નાઓમાં તત્સંબંધી અન્તરનું અધ્યયન વિશ્વ પ્રહેલિકામાં ઉપલબ્ધ છે.[4]

આ **ઉપમા માન**ની રાશિ છે જેને રચના-રાશિ કહી શકાય છે. આ પ્રકારે રચિત રાશિના દ્વારા અસ્તિત્વમાં મળ નારી રાશિનુંપ્રમાણ દર્શાવવામાં આવે છે.

**આવનિકા ( પ્રા. आवलिका )**

એનો અર્થ **પંક્તિ** કે **કતાર** (Trail) થાય છે. એ એક ક્રમબધ સમયોની રાશિ હોય છે. જઘન્ય યુકત અસંખ્યાત સમયોની એક **આવલિકા** થાય છે. ૪૪૪૬ $\frac{૨૪૫૮}{૩૭૭૩}$ **આવલિકાઓનું** એક **પ્રાણ** વગેરે માપ બને છે. આ પ્રકારે **મુહૂર્ત, અહોરાત્ર** વગેરે પર્યંત પહોંચે છે. આ રીતે જૈન વિજ્ઞાનમાં સમય માપનો રાશિ-સૈધ્ધાન્તિક આધાર હોય છે જે ફરી ક્ષેત્ર-માપ સાથે સંબંધિત થઈ જાય છે. એનાથી એક સમય ઓછો કરાવાથી ઉત્કૃષ્ટ સંખ્યાત બને છે, જેને મુનિ મહેન્દ્ર કુમાર દ્વારા **શીર્ષ પ્રહેલિકા** પણ કહેવામાં આવી છે.[5] **કાળ, સમય** અને **અધ્ધા** એ બધા એકાર્થવાચી નામ છે. એક પરમાણુનું બીજા પરમાણુને વ્યતિક્રમ કરવામાં જેટલો સમય લાગે છે એને **સમય** કહેવામાં આવે છે. ચૌદ રાજુ આકાશ પ્રદેશોના અતિક્રમણ માત્રકાળથી જે ચૌદ રાજુ અતિક્રમણ કરવામાં સમર્થ પરમાણુ છે, એનું એક પરમાણુ અતિક્રમણ કરવાના કાળને **સમય** કહે છે. એવા અસંખ્યાત સમયોની એક **આવલિ** થાય છે. **તત્પ્રાયોગ્ય** સંખ્યાત આવલિઓથી **ઉશ્વાસ - નિશ્વાસ** નિષ્પન્ન થાય છે.[6]

---

૧. Lishk s.s. sharma S.D. Tirthankar 1. 7-12. 1975 PP. 83-92
૨. લિશ્ક અને શર્મા (૧૯૭૫), (૧૯૭૯)
૩. તિ. પ. શ્લોક ૧.૧૧૬- ૧.૧૨૮
૪. વિ.પ્ર. પૃ. ૨૪૫-૨૫૨. લૉ. પ્ર ૧.૧૬૫ વગેરે, તિ. પ. ૪.૩૧૧ વગેરે.
૫. વિ.પ્ર. પૃ. ૧૧૭, શ્વેતાંબર પરંપરાનુસાર.
૬. ષટ્. ખં. પુ.૪, પૃ. ૩૧૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્દ્ધચ્છેદ (પ્રા. अद्धछेद) :**

એનો શાબ્દિક અર્થ અડધો ભાગ થાય છે. **અડધો ભાગ, અડધા ભાગથી** નિર્મિત સંખ્યાને કોઈ સંખ્યાની **અર્ધ્ધચ્છેદ** સંખ્યા કહેવામાં આવે છે. જ્યોમેટ્રીરૂપમાં કોઈ રેખામાં સ્થિત પ્રદેશ બિન્દુઓની પણ **અર્ધ્ધચ્છેદ** સંખ્યા પ્રાપ્ત કરી શકાય છે. જેમકે - રજ્જુનું અર્ધ્ધચ્છેદ.[૧] ઘન લોકના પણ **અર્ધ્ધચ્છેદાદિ** રાશિનું વિવરણ મળે છે.[૨] આ પ્રકારે અન્ય પારિભાષિક શબ્દ **તિગચ્છેદ** (Trisection) **ચઉક્કાદિચ્છેદ** (Quadri-etc section) વગેરે છે. આ પ્રકારે આ બધાને લાગએરિદ્મ ટૂ દા બેસ ટુ થ્રી ફોર (logarithan to base, two, three, four etc.) કહી શકીએ છીએ. જો $x = ૨^n$ હોય તો $n = \log^x_2$ અર્થાત $૨^n$ નો અર્ધ્ધચ્છેદ n કહેવાય છે અથવા $૨^n$ ને ૨ દ્વારા n વાર છેદી શકાય છે. જાન નેપિયર (૧૫૫૦- ૧૬૧૭ A.D.) અને જો જે. બર્જી (૧૫૫૨-૧૬૩૨ A.D.) દ્વારા આ પધ્ધતિને આવિષ્કૃત કરી એમ માનવામાં આવે છે.

એના સમસ્ત નિયમો માટે ધવલા ગ્રંથ[૩] અને ત્રિલોકસાર[૪] દૃષ્ટવ્ય છે.

કોઈ રાશિની અર્ધ્ધચ્છેદ રાશિની પણ અર્ધ્ધચ્છેદ રાશિ કાઢવામાં આવે તેને **વર્ગશલાકા રાશિ** કહેવામાં આવે છે.[૫]

**વિકલ્પ (પ્રા. वियप्प)**

એનો અર્થ **ગણિતીય કલ્પના** (mathematical abstraction) કરી શકીએ છીએ. અને વધુ વ્યાપક અર્થમાં **સંચયક્રમ સંચય** ગણિત પણ લેવામાં આવે છે. જેને **ભંગ** પણ કહે છે. ટીકાકાર **શીલાંકે** (લ. ૮૬૨ ઈ.પ.) સંચય ક્રમસંચય અંગે ત્રણ નિયમ બતાવ્યા છે.[૬]

એમાંથી બે સંસ્કૃતમાં છે અને એક અર્ધ્ધમાગધીમાં છે. પ્રથમ નિયમ દ્વારા વિશિષ્ટ સંખ્યાની વસ્તુઓના પક્ષાંતરણની કુલ સંખ્યા કાઢવામાં આવે છે. એનો **'ભેદ - સંખ્યા - પરિજ્ઞાનાય'** કહેવાય છે. અથવા એકથી પ્રારંભ કરીને આપવામાં આવેલી પદ સંખ્યા સુધી (પ્રાકૃત) સંખ્યાઓને ગુણવાથી વિકલ્પ ગણિતમાં પરિણામ પ્રગટ થાય છે. એને

lm અથવા ૧, ૨, ૩ ...... (M-2) (M–1) (M) કહે છે. સ્થાનભંગ અને ક્રમભંગ રૂપથી ભંગ બે પ્રકારના થાય છે.[૭] સંચયમ સૂત્ર ક્રમશઃ $Mc_1 = m$, $mc_2 = \frac{M\,(M-1)}{1\cdot 2}$ દ્વારા વ્યક્ત કરી શકાય છે. બાકીનો નિયમ **પ્રસ્તારાનયનોપાય** છે. જેનાથી સમસ્ત ભિન્ન ક્રમ સંચય પ્રાપ્ત થઈ જાય છે.[૮]

**નેમિચંદ્ર સિધ્ધાંત ચક્રવર્તી** (લ. ૧૧મી સદી) એ પણ સંચય વિધિનું વિસ્તૃત વિવેચન આપ્યું છે. - જેમકે - **संखा तह पत्थारो परियट्टण णट्ठ तह समुद्दिट्ठम् । एदे पंच पयारा पमाद समुक्कित्तणे णेय ॥३५॥**[૯]

પ્રસ્તાર રત્નાવલી મુનિ રત્નચંદ્રજી દ્વારા સંપાદિત કરવામાં આવી છે.[૧૦] આ વિધિ દ્વિપદ પ્રમેયના વિકાસમાં નિર્ણાયક રહી છે.[૧૧]

**યતિવૃષભ** દ્વારા ૧૯ વિકલ્પોથી દ્વીપ સમુદ્રોના વિસ્તારનું તેમજ ક્ષેત્રફળનું અલ્પબહુત્વ વિવરણ છે.[૧૨]

**વીરસેનાચાર્યએ અધસ્તન** અને **ઉપરિમ** વિકલ્પ દ્વારા કોઈ પણ રાશિનું વિકલ્પ વિધિ દ્વારા વિશ્લેષણ કર્યું છે. અધસ્તન વિકલ્પ ત્રણ પ્રકારનો છે; **દ્વિરૂપવર્ગધારા, દ્વિરૂપઘન, ધારા** તથા **દ્વિરૂપઘનાયન ધારા.** ઉપરિમ વિકલ્પ પણ ત્રણ પ્રકારના છે - ગૃહીત, **ગૃહીત-ગૃહીત અને ગૃહીત ગુણકાર.** જેમાંથી પ્રત્યેક પ્રકારને પૂર્વ વિકલ્પમાં વિભાજિત કરવામાં આવ્યો છે. એ અત્યંત રહસ્યમય વિવરણ છે.[૧૩]

---

૧. તિ. પ્ર. ભાગ ૨, પૃ. ૭૬૪- ૭૬૭
૨. એજ. પૃ. ૫૯૭- ૬૦૦.
૩. **ધવલા,** ભાગ ૩, પૃ. ૨૦ વગેરે.
૪. **ત્રિ. સા.** ગાથા ૧૦૫- ૧૦૮.
૫. જુઓ **ધવલા,** ભાગ ૩, પૃ. ૨૧-૨૪ તથા પૃ. ૫૬.
૬. જુઓ ભ. સૂ., ૮.૧,શ્લો. ૩૧૪ અને વધુપણ સૂ. કૃ. ટીકાશ્લો. ૨૮, **સમયાધ્યયન** અનુયોગદ્વાર.
૭. વિસ્તૃત વર્ણન માટે જુઓ. કાપડિયા, એચ.આર. **ગણિતતિલક** વડોદરા, ૧૯૩૭ પૃ.xiii
૮. જુઓ, **હેમચંદ્રસૂરિ** (૧૦૮૯ ઈ.સ.) દ્વારા **અનુયોગદ્વાર સૂત્ર** શ્લોક ૯૭ ની ટીકા. હિન્દુ ગણિતીજ્ઞોએ એને આપ્યું નથી.
૯. દત્ત (૧૯૩૫) **મેથેમેટિક્સ ઓફ નેમિચન્દ**, દી જૈન એંટીકવેરી આરા, ૧,૨, ૨૫ - ૪૪. જુઓ. ગો. જી.કા. ગાથા ૩૫ વગેરે
૧૦. **પ્રસ્તાર રત્નાવલી,** બીકાનેર, ૧૯૩૪
૧૧. બાગ, એ.કે. (૧૯૬૬), **બાયનામિયલ થ્યોરમ ઈન એંસિએંટ ઈન્ડિયા.**
૧૨. **તિ.પ.** ગાથા ૫-૨૪૨ વગેરે.
૧૩. **ધવલા,** ભાગ ૩, પૃ. ૪૨-૬૩.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંદષ્ટી (પ્રા. સંવિટ્ઠિ)**

આ શબ્દનો પણ અર્થ પ્રતીક છે. એના માટે **સહનાની** શબ્દનો પણ પ્રયોગ થયો છે. પ્રતીકોના કેટલાક ચિહ્ન **તિલોયપણ્ણતિ, ધવલામાં** આપવામાં આવ્યા છે. પરંતુ એનું સંપૂર્ણ અને અત્યંત બૃહદ રૂપ **ગોમ્મટસાર લબ્ધિસાર ક્ષપણાસાર**ની ટીકાઓમાં ઉપલબ્ધ થાય છે. એને અર્થ સંદષ્ટિ અધિકારો દ્વારા પં. ટોડરમલે પોતાની **સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા** ટીકામાં સ્પષ્ટ કર્યું છે. **અંકસંદષ્ટિ, અર્થસંદષ્ટિ** અને **રૂપસંદષ્ટિઓ** પ્રચલિત રહી છે.**'અર્થ'** થી વસ્તુઓના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પ્રમાણાદિનો બોધ થાય છે. પ્રમાણોની **સંદષ્ટિને જ અર્થ - સંદષ્ટિ** કહેવામાં આવી છે.[1] આ બધામાં ઈકાઈ અવયવ જેવા કે **સમય, પ્રદેશ, અવિભાગી પ્રતિચ્છેદ** વગેરે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. **આચારાંગનિર્યુક્તિ** ગાથા ૫૦ માં નીચે પ્રમાણે ઉલ્લેખ આવ્યો છે.

**"गणियं णिमित्त जुत्ती संविट्ठी अवितहं इमे णाणं । इय एगतमुवगया गुण पच्चाइय इमे अत्था ॥ ५०॥,**

**ઘાતાદિના નિયમ** (laws of Indices)

**અનુયોગદ્વાર સૂત્રમાં** ઘાતોનો ઉપયોગ મોટી સંખ્યાઓને નિરુપિત કરવામાં માટે થયો છે. જેને **સ્થાનમાન પધ્ધતિ**માં પણ દર્શાવવામાં આવ્યા છે. ઉદાહરણાર્થ, કોટિકોટિમાં વીસ સ્થાન માન છે. એને ૨ ના છઠા વર્ગ અને પાંચમાં વર્ગના ગુણાકાર દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. અથવા એને ૨ દ્વારા ૯૬ વાર છેદી શકાય છે.[2] આ સંખ્યાને ૨૪માં સ્થાનની ઉપર અને ૩૨માં સ્થાનની નીચે પણ બતાવવામાં આવ્યા છે.

**ઉત્તરાધ્યયન સૂત્રમાં** કોઈપણ ગણિતીય રાશિની ઘાતોને દર્શાવવાની વિધિ સ્પષ્ટ રીતે આપવામાં આવી છે. કોઈ પણ રાશિની બીજી **ઘાતને વર્ગ** ત્રીજી **ઘાતને ઘન** અને ચોથી **ઘાતને વર્ગ-વર્ગ,** છઠી ઘાતને ઘનવર્ગ અને બારમી ઘાતને ઘન-વર્ગ કહેવામાં આવી છે.[3]

**ષટ્ખંડાગમમાં** ૨ ના ત્રીજો **વર્ગતૃસંવર્ગિત** $(૨૫૬)^{૨૫૬}$ પ્રાયત થાય છે. **ધવલામાં** ઘાતાંકના બધા નિયમો ઉપયોગ કરવામાં આવ્યો છે. કોટિ-કોટિ-કોટિ અને કોટા-કોટિ-કોટિ કોટિનીવચ્ચે સંખ્યા $(૨)^{(૨)^૬}$ અને $(૨)^{(૨)^૫}$ની વચ્ચે આવેલી છે. એ $[(૧૦)^૭]^૩$ અને $[(૧૦)^૭]^૩$ ની વચ્ચે આવેલી છે. **ગોમ્મટસારમાં** એને -

૭૯,૨૨,૮૧૪૬૨,૫૧,૪૨,૬૪,૩૩,૭૫,૯૩,૫૪,૩૯,૫૦,૩૩૬ (ના),રૂપે દર્શાવવામાં આવી છે.[4]

એ મનુષ્યોને નિવાસના ક્ષેત્રફળ જણાવે છે.

**હેમચંદ્રે** (લ. ૧૦૮૯ ઈ.પ.) **યમલ** શબ્દનો ઉપયોગ કર્યો છે. (૧) **આઠ સ્થાનમાનાના** સમુહથી ૧ **યમલપદ** બને છે. જેનાથી **પરિભાષિત** સંખ્યા ૨૪માં સ્થાનથી ઉપર અને ૩૨માં સ્થાનથી નીચે બને છે. (૨) **ત્રિયમલ** પદનો અર્થ છઠો વર્ગ અને **ચતુર્થમકલ** પદનો અર્થ આઠમો વર્ગ થાય છ. એમાંથી જ્ઞાત થાય છે કે - રાશિ છઠા વર્ગ અને આઠમાં વર્ગથી વચ્ચે આવેલી છે. ધવલ ગ્રથોના સમાન્તર વિવરણ કરીને એ સ્પષ્ટ કરી શકાય છે.[5] (આ) સાથે દ્વિતીયવર્ગનો અર્થ $_૬(૨)^૨ = ક^૪$ થાય છે. એ પ્રકારે દ્વિતીય સૂત્રનો અર્થ $ક(^૧/_૨)^{૧/૨} = ક^૧/_૪$ થાય છે.

**સ્થાનમાન પધ્ધતિ** (Place - Value Natation)

સ્થાનને પ્રાકૃતમાં **ઠાણ** કહેવામાં આવે છે. એનો અત્યધિક ઉપયોગ જૈન સાહિત્યમાં થયો છે. એ આકાશમાં કે શ્રેણીમાં વગેરે પ્રકરણોમાં **ક્રમાદિના સૂચક** છે. અનેક જૈન ગ્રથોમાં ગણત્રી કરવાના અનેક સ્થાનોનું વિવરણ છે. **વ્યવહાર સૂત્રમાં** ગણના સ્થાન પદનો ઉપયોગ (થયો) છે. અંકલિપિ અને ગણિત લિપિભ શબ્દ **સમવાયાંગ સૂત્ર** માં છે.[6] વિભિન્ન પ્રકારની લિપિની સૂચિ **શ્યામાર્પ** (લ.૧૫૧ ઈ.સ.) ના **પ્રજ્ઞાપના સૂત્રમાં છે, કાષ્ટકર્મમાં** પ્રયુકત વર્ણમાળાના રૂપો તથા પુસ્તક કર્મમાં પ્રયુકત વર્ણમાળાની વચ્ચે ભેદ પ્રાપ્ત થયો છે.[7] આ પ્રકારે ભારતીય સંખ્યા પધ્ધતિના મૂળ ઉદ્ગમ તથા વિકાસને સુનિશ્ચિતત કરવા મકાટે કેવલ પેલિયોગ્રફિક સાક્ષ્યે નિર્ભર રહેવું યોગ્ય થશે નહિ.

---

૧. અર્થ સંદષ્ટિ અધિકાર ગોમ્મતસાર અને લબ્ધિસાર (क्षयणा सार गर्मित) ની બૃહદ્ ટીકાઓમાં ઉપલબ્ધ છે જે ગાંધી હરિભાઈ દેવકરણ ગ્રંથમાલા, કલકતા ૧૯૧૯માં પ્રકાશિત થઈ હતી.

૨. અ. દ્વ. સૂ.ગા. ૧૪૨

૩. ઉ.સૂ., (૩૦, ૧૦, ૧૧)

૪. ગો. સા. ક. ( અંગ્રજી) પૃ. ૧૦૪

૫. દત્ત (૧૯૨૯)

૬. સમ. સૂત્ર ગાથા ૧૮

૭. પ્ર.સૂત્ર, ગાથા ૩૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સાહિત્યમાં પારિભાષિક શબ્દાવલિમાં ચોથા **સ્થાનમાન**ની ઉપરક સ્વાભાવિક સમૂહન અને પુર્ન સમહૂન છે. પદોમાં દસો, શતો, સહસ્ત્રો અને કોટિઓ આદિનું મહત્વ છે.અંક સ્થાને ૭૯૪ **સ્થાનમાનો**ની સંખ્યા (૮૪,૦૦૦,૦૦૦)[૨૮] નિરૂપિત છે. ૪ જ્યાંક ૮૪,૦૦૦,૦૦૦ ને પૂર્વના **અનુયોગ દ્વારા સૂત્ર**માં દર્શાવવામાં આવ્યા છે. જેને **શીર્ષ પ્રહેલિકા** પણ કહેવામાં આવે છે.[૧]

**ષટ્ખંડાગમમાં સ્થાનમાન પધ્ધતિ** દ્વારા સંખ્યાઓને નિરૂપિત્ કરવામાં આવી છે. ઉદાહરણાર્થ **पएवण्णम्** (ઓપન) **अट्ठोत्तर संदम्** (એકસો આઠ), **कोडि** (કરોડ) ઈત્યાદિપ[૨]

**તિલોયપણ્ણતિમાં અચલાત્મ** અથવા $(૮૪)^{૩૧} \times (૧૦)^{૯૦}$ વપાનિ ૮૪/૩૧/૯૦ રૂપમાં આપવામાં આવી છે.[૩]

**ધવલામાં** એનક પ્રકારની **સંખ્યાઓમાં નિરૂપણનો** ઉલ્લેખ છે. એ સાથે અુમાંશત, સહસ્ત્રકોટિ શબ્દોનો પ્રયોગ છે.[૪] એક પ્રાચીન તે ગ્રંથમાંથી ૬૧,૯૮,૦૮,૪૬,૬૬,૮૧, ને ૬૪,૧૬,૨૦,૦૦,૦૦,૦૦૦, **ધવલકારે** નિમ્ન રૂપમાં પ્રસ્તુત કર્યો છે. **गयण-जय कसाया बएसटि निर्यक बसुबरा वब्वा । चायाल वसुणमाचल पयदृठ चंन्द्रो रिवू कमसो ॥**[૫]

જૈનાચાર્યો દ્વારા આવશ્યકાતાનુ સાર આ વિધિ વિકસિત થઈ હોય અને લાગે છે. કેમકે - આવશ્યકતા આવિષ્કારની માતા છે. આશ્ચર્ય છે કે - જે ઋષિમંડલે એનો આવિષ્કાર કર્યો, એમણે પોતાનું નામ આપ્યું નથી. ધવલામાં જે શૈલિઓ આપવામાં આવી છે. તે સંસ્કૃતક સાહિત્યમાં ઉપલબ્દ નથી.

ઘટાડવા માટે સ્થાનમાન સંકેતના (Place-Values Notation for Subtractin)

એ એક એવું અનુરેખણ છે જે માંથી એ જ્ઞાત્ થાય છે કે - આ પ્રકારે **સ્થાનમાન સંકેતન**ની તરફ જૈનાચાર્ય આગળ વધ્યા હશે. ઘટાડવાને માટે **રિણ** શબ્દ અથવા **રિ** સંકેતનો ઉપયોગ થતો હતો. હસ્તલિપિઓમાં ૦˜⌉ રૂપમાંક (આને) લેવામાં આવ્યું છે. આ પ્રકારે કોઈ રાશિના અસંખ્યાતમાંથી ૧ ઘટાડવા હોય તો આ રૂપમાં ૦-૦˜⌉ લખવામાં આવતા હતા. પરંતુ બાદમાં એ સરળ તેમજ રૂપમાં [૧]ર્વ છપાવવામાં લાગ્યા. અને છાપેલીની **અર્થ સંદષ્ટિથી** જ ઘટાડવા માટે **સ્થાનમાન સંકેતના** સમજાવીશ; અહીં લ લક્ષ છે. જેને ૫, ૪, ૩, દ્વારા ગુણવામાં આવ્યા છે. [૬]

| **રાશિ** | **સંકેતના** |
|---|---|
| લ × ૫ × ૪ × ૩ | લ।૫।૪।૩ |
| લ × ૫ × ૪ × ૩ – ૧લ | ૧ c<br>લ।૫।૪।૩ |
| લ × ૫ × ૪ × ૩ – લ×૫ | ૧ c<br>લ।૫।૪।૩ |
| લ × ૫ × ૪ × ૩ – લ × ૫ × ૪ | ૧ c<br>લ।૫।૪।૩ |
| લ × ૫ × ૪ × ૩ – લ × ૩ | લ૩ c<br>૫।૪।૩ |
| લ × ૫ × ૪ × ૩ – લ × ૪ × ૩ | ૧ c<br>લ।૫।૪।૩ |
| લ × ૫ × ૪ × ૩ – લ × ૫ × ૩ | ૧ c<br>લ।૫।૪।૩ |
| લ × ૫ × ૪ × ૩ – ૨ લ × ૪ × ૩ | ૨ c<br>લ।૫।૪।૩ |
| લ × ૪ × ૩ – ૧૨ | ૧ c<br>લ।૪।૩ |

---

૧. હેમચંદ્ર દ્વારા નિરૂપિત ગાથા, ૧૧૬ ૨. **ષટ્**. ૧.૨.૯., ૧.૨.૧૧ વગેરે
૩. તિ.૫. ગાથા. ૪, ૩૦૮
૪. **ધવલા** ભાગ, ૩. પૃ. ૯૮,૯૯, ગાથા ૫૨, ગાથા ૫૩ પૃ. ૧૦૦
જુઓ, દત્ત (૨૯૩૫) પૃ. ૨૭ વગેરે
૫. **ધવલા** ભાગ ૩. પૃ. ૨૫૫, ૧,૨, ૪૫, ૭૧
૬. **અ.સ.ગો.**પૃ. ૨૦-૨૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર્યુક્તથી તે પ્રકટ છે કે - ઉપરોક્ત વ્યવહાર **તિલોયપણ્ણત્તિમાં** પણ પ્રયુક્ત હોવાના કારણે પર્યાપ્ત પ્રાચીન હોવું જોઈએ.[1] એનો પ્રયોગ **ગોમ્મટસારના જીવ તત્વ પ્રદાપિકા** તથા **કર્ણાટ વૃત્તિ**માં અત્યાધિક થયો છે **રિણ** માટે અનેક ચિહ્ન પ્રચલિત થયા છે, જેમકે ૯, —, --, ο, ⌣ ⌢ ·+ રિ અથવા રિણ હસ્તલિપિઓ માં ο ˜ ˥ ચિન્હોનો પ્રયોગ વિશેષાધિક મળે છે. એમ લાગે છે કે - **બ્રાહ્મીનું** ચિન્હ ∴ જે ઈ ને માટે છે તે ο માં બદલાઈ ગયું છે. ~ ર માટે પ્રયુક્ત થયું છે. ˥ જે નીચે તરફ આવ્યું છે તે ણ માટે હોઈ શકે છે. ધન માટે ધણનો ઉપયોગ પણ થયો છે. એની સાથે ο નથી લાગતું એને માટે કેવળી -અથવા ˥ નો ઉપયોગ કરતા રહ્યા છે.[2] કાકપદ + ચિન્હ ઉપયોગ ઋણ માટે બખ્શાળી હસ્તલિપિમાં પણ થયો છે.[3]

**શ્રેણિ (Series or Progressions)**

**સૂર્ય પ્રજ્ઞપ્તિમાં ધ્રુવરાશિની** સહાયતાથી વિભિન્ન જ્યોતિષ્કોનમી **યુતિ, સંપાત** વગેરેનો કાળ તેમજ અન્ય જ્યોતિષી ગણનાઓ કરવા માટે **શ્રેણિઓની** રચના થઈ હોયમ એમ પ્રતીત થાય છે.[4] **ચંદ્રપ્રજ્ઞપ્તિ** પ્રભૃતિ ગ્રન્થો તથા **તિલોયપણ્ણત્તિ**માં પણ ધ્રુવરાશિનાં ઉપયોગથી **શ્રેણિ** રચના થઈ છે. **જેમાં સમાન્તર અને ગુણોત્તર શ્રેણિઓ** પ્રાપ્ત થાય છે.[5]. **ગોમ્મટસારમાં ધ્રુવભાગદાર** દ્વારા પણ એ પ્રકારની **ગુણોત્તર શ્રેણિઓ** પ્રાપ્ત કરવામાં આવી છે.[6] ચીનમાં પ્રાપ્ત ૭મી સદીથી આ પ્રકારની **રાશિ** જેને **તિંગ** કહેતા હતા. જ્યોતિષી ગણિતમાં ઉપયોગ થયો છે. ત્યાં **ફિંગ** શબ્દનો પણ ઉપયોગ થયો છે. જેને તરનારું અન્તર કહેવામાં આવ્યું છે.[7] અહીં સંભવતઃ બાદમાં **પરિમિત અન્તર - વિધિ**[8] રૂપમાં ન્યૂટન આદિએ વિકસિત કર્યુ.

ઉપર્યુક્તનાં સિવાય **તિલોયપણ્ણત્તિમાં** નિમ્નલિખિત પ્રકારના સૂત્ર પ્રાપ્ત થયા છે.

માની લોકે **શ્રેણિયોગ** યો, **પ્રચય** પ્ર, આદિ આ અને **ગચ્છ** ગ હોય અને **ઈષ્ટસંખ્યા** ઈ હોય તો.[9]

$$\text{યો} = (\text{ગ-ઈ})\ \text{પ્ર} + (\text{ઈ-૧})\ \text{પ્ર} + (\text{આ}\ \text{૨})\ \frac{\text{ગ}}{\text{૨}}$$

**ઈષ્ટ સંખ્યાને** પ્રથમ દ્વિતીય કે અન્ય કોઈ **શ્રેણિ** માની શકાય છે. **સમાન્તર શ્રેણિ** માટે સૂત્ર[10]

$$\text{યો} = \left[\left\{ \left(\frac{\text{ગ - ૧}}{\text{૨}}\right)^{\text{૨}} + \left(\frac{\text{ગ - ૧}}{\text{૨}}\right) \text{પ્ર} + \text{૫} \right]\text{ગ}$$

અહીં ૫ નો સંબંધ પાંચમાં નર્કની સાથે છે.

જ્યારે કોઈ **શ્રેણિ**ની સંખ્યા ઈ હોય તમો **યોગ**નું સામાન્ય સૂત્ર છે.

$$\text{યો} = \frac{\text{ગ}}{\text{૨}}\ [(\text{ગ+ઈ})\ \text{પ્ર}-(\text{ઈ+૧})\ \text{પ્ર+૨આ}]$$

અન્ય સૂત્ર છે.

$$\text{યો} = \left[\left(\frac{\text{ગ - ૧}}{\text{૨}}\right) \text{પ્ર} + \text{આ}\right]\text{ગ}$$

નારકીબિલો અંગે બે સૂત્ર વધુ છે.[11]

$$\text{યો} = \frac{\text{ગ}^{\text{૨}}\text{પ્ર + ૨ગઆ - ગપ્ર}}{\text{૨}}$$

$$\text{યો} = \frac{(\text{ગ}^{\text{૨}} - \text{ગ})\text{પ્ર + ગઆ}}{\text{૨}} + \frac{\text{આ}}{\text{૨}}\ \text{ગ}$$

**ગુણોત્તર શ્રેણિ**નો યોગ કાઢવા માટે[12]

$$\text{યો} = \frac{(\text{વિ})^{\text{ગ}} - \text{૧})\text{આ}}{\text{વિ - ૧}}$$

---

૧. તિ.પ. ભાગ ૨, પૃ. ૬૦૯

૨. જુઓ, હસ્તલિપિ **અ.સ. ગો.** જે મદિરોમાં **ગો. સા. જી.** આદિની સાથે ઉપલબ્ધ છે જેમાં **સમ્યક્ જ્ઞાન ચંદ્રિકા** ટીકા, પં. ટોડરમલ કૃત પણ છે.

૩. દત્ત તેમજ સિંહ (૧૯૩૫) ભા.૧. પૃ. ૧૪-૧૫

૪. સૂ.પ્ર. ભાગ-૨, પૃ. ૬૬-૭૪

૫. તિ.પ. ગાથા ૭, ૧૨૨, ૨૨૨

૬. **ગો.સા.જી.** ભાગ-૨, પૃ. ૬૨૮-૬૪૮

૭. નીધમ તેમજ લિંગ (૧૯૫૯), પૃ. ૪૮, ૪૯, ૧૨૩, ૧૨૪

૮. Method of finite Difference.

૯. તિ.પ.ભાગ ૧, ૨.૬૪

૧૦. એજ, આગળ ગાથાઓ, ૨.૭૦

૧૧. તિ. પ. ભાગ ૧, ૨.૭૪, ૨.૮૧

૧૨. એજ, ૩ - ૮૦ જુઓ. સરસ્વતી (૧૯૬૧-૬૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં વિ,**વિશેષ** છે. જે ગુણાકાર રૂપ પ્રત્યેક આગળ પદને ગુણી આગળ વધે છે.

**અનિર્ધૃત સમીકરણોનો** ઉપયોગ કર્મગ્રંથ માં કોઈ કોઈ જગ્યા થયો છે અહીં **આદિ ધન** ને $ધ_{આ}$ **મધ્યમ ધન** ને $ધ_{મ}$ તથા **ઉત્તર ધનને** $ધ_{ઉ}$ લખવામાં આવશે. બાકીના સંકેત ઉપરોકત લઈને નીચો પ્રમાણેના સૂત્ર પ્રાપ્ત થાય છે. જે કર્મગ્રંથો સાથે સંકળાયેલ છે. અહીં ધ = યો માનવામાં આવશે.

$ધ_{અ} + ધ_{ઉ} = \text{ચો}$ (૧)[૧]

$ધ_{મ} \times ગ = \text{યો}$ (૨)

$\left[\left\{\left(\frac{ગ-૧}{૨}\right) \text{પ્ર}\right\} \times \text{આ}\right] \times ગ = \text{યો}$ (૩)[૨]

$\left(\frac{\text{આ}+૧}{૨}\right) ગ = \text{યો}$ (૪)

$\frac{\text{યો}}{ગ^{૨}} \div \text{સંખ્યેય} = \text{પ્ર}$ (૫)

$\left(\text{યો} - ધ_{\text{આ}}\right) \div \frac{ગ^{૨}-ગ}{૨} \text{પ્ર.}$ (૬)[૩]

$\frac{\text{યો} - ધ_{ઉ}}{ગ} = ગ$ (૭)

$ધ_{ઉ} \frac{ગ-૧}{૨} \text{ગ.પ્ર.}$ (૮)[૪]

આ પ્રકારે અન્ય સ્થળોમાં ઉપરોક્ત તેમજ શેષ સૂત્રોનો પ્રયોગ છે. વિરાદ વિવરણ ને માટે **ગોમ્મટસારાદિની કર્ણાટવૃત્તિ** તેમજ **જીવતત્વ પ્રદીપિકા** ટીકાઓ દૃષ્ટવ્ય છે. ઉપરોકત રકોધનો વિષય છે. જે **શ્વેતામ્બર** આમ્નાયના **કરણાનુયોગ** ગ્રંથોના ગણિતથી તુલના રૂપ થઈ શકાય છે.

**ધારાઓ તેમજ અલ્પબહુત્વ** (sequences and comparability).

વિભિન્ન **રચના રાશિઓ** દ્વારા **અસ્તિત્વશીલ** રાશિઓની સ્થિતિ નિશ્ચયન **ધારાઓ** તેમજ અલ્પબહુત્વ કરે છે. **વ્યાસો, ક્ષેત્રફળો** આદિ વડે ઉત્પન્ન **ધારાઓનું અલ્પબહુત્વ તિલોયપણ્ણત્તિમાં** ઉપલબ્ધ છે.[૫]

**રાશિ સિધ્ધાંતમાં રચના રાશિઓનું** ઘણું મહત્વ છે. કેમકે - એના દ્વારા **અસ્તિત્વશીલ** રાશિઓનું માન બદલવામાં સુવિધા થાય છે. **ધારાઓની** પણ એક જાતની રચના કરવામાં આવે છે અને એમાં ઉત્પન્ન રચના-રાશિઓ દ્વારા **અસ્તિત્વશીલ રાશિઓની** સ્થિતિ સ્પષ્ટ કરે છે. ત્રિલોકસારમાં **બૃહદ્ધારા પરિકર્મમાં** સંકેતમાત્ર ધારાઓ નું વિવરણ લેવામાં આવ્યું છે. પરંતુ એ બુહદધારા પરિકર્મગ્રંથ હાલ ઉપલબ્દ નથી.સંભવતઃ દક્ષિણના શાસ્ર ભંડારોમાં પ્રાપ્ત થઈ શકે છે. એ ધારાઓ **સુકમબધ્ધ** છે અને નિમ્ન રૂપમાં સંક્ષેપમાં વર્ણનીય છે- બધા **કેવળજ્ઞાન રાશિ** સુધી પહોંચે છે. પરંતુ એની રચના ભિનન ભિન્ન પ્રકારે કરવામાં આવે છે. આ પ્રકારે **ત્રિલોકસારમાં** ૧૪ ધારાઓનું વર્ણન છે.[૬] આ અંગેના વિશેષ અધ્યયન માટે લક્ષ્મીચંદ્ર જૈનો શોધલેખ દૃષ્ટવ્ય છે.[૭] અહીં **ગચ્છ** (ગ) **ધારા** (ધા) **કેવળજ્ઞાન અવિભાગ પ્રતિચ્છેદ રાશિ** (કે) તથા **સદસ્યતા** પ્રતીક (∈) (ધારવામાં) આવે તો નીચેના સ્વરૂપમાં ધારાઓનું વર્ણન આપી શકાય.

| **પ્રતીક** | **નામ** | **સામાન્યપદ** |
|---|---|---|
| $ધા_{૧}$ | સર્વધારા | $[૧ + (ગ-૧)^{૧}]$ |
| $ધા_{૨}$ | સમયધારા | $[૨ + (ગ-૧)^{૨}]$ |
| $ધા_{૩}$ | વિષયધારા | $[૧ + (ગ-૧)^{૨}]$ |

૧. **ગો. સા. જી.** ૪૯, ૧૨૧-૧૨૪
૨. **ત્રિ. સા. ગા.** ૧૬૪
૩. **ગો. સા. જી.** ૪૯,૧૨૩
૪. એજ., ૪૯, ૧૨૨/૬
૫. **તિ. પ. ગ.** શ્લોક, ૪.૨૫૨૫-૫.૨૭૭,
૬. **ત્રિ.સા.** ગાથા, ૧૪-૫૨ અને ૫૩
૭. જૈન, એલ. સી. (૧૯૭૭) આઈ.જે.એચ.એસ. ૧૨.૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ધા$_{૪}$ | કૃતિધારા | $ગ^{૨}$ |
| ધા$_{૫}$ | અકૃતિધારા | $(ગ:ગ \in ધા_{૧} - ધા_{૪})$ |
| ધા$_{૬}$ | ઘનધારા | $ગ^{૩}$ |
| ધા$_{૭}$ | અઘનધારા | $(ગ:ગ \in ધા_{૧} - ધ_{૬})$ |
| ધા$_{૮}$ | કૃતિમાતૃકધારા | $(ગ^{૨})^{૧/૨}$ |
| ધા$_{૯}$ | અકૃતિમાતૃકધારા | $[(કે)^{૧/૨} + ગ]$ |
| ધા$_{૧૦}$ | ઘન માતૃક ધારા | $(ગ^{૩})^{૧/૩}$ |
| ધા$_{૧૧}$ | અઘન માતૃક ધારા | $[(ક)^{૧/૩} + ગ]$ |
| ધા$_{૧૨}$ | દ્વિરૂપ વર્ગધારા | $(૨)^{(૨)^{ગ}}$ |
| ધા$_{૧૩}$ | દ્વિરૂપ ઘનધારા | $(૨)^{૩(૨)^{ગ-૧}}$ |
| ધા$_{૧૪}$ | દ્વિરૂપ ઘનાધારા | $(૨)^{(૩)^{૨}(૨)^{ગ-૨}}$ |

અહીં ધા$_{૧}$ નું મહત્ત્વ જોવું જોઈએ. એમાં શામિલ બધા **દ્રવ્ય ગુણ પર્યાયો**નું બધા **કાળના સમયો અને પ્રદેશો** એની **સ્થિતિ** આદિ તથા **ભાવોની** રાશિનું **ક્રમબદ્ધ** સંખ્યામાં નિરૂપણ છે. **સંચયની સ્થિતિઓ** પણ એમાં શામિલ છે. આ પ્રકારે આ ધારા એક **સુક્રમબદ્ધ રાશિ** છે. જે પરિમિત તથા અનન્ત પ્રકારોની **અખંડતાઓ** અથવા **પુદ્‌ગલ પરમાણુઓ** કે **ભાવોની સંરચના રાશિઓમાંથી** થઈને નીકળે છે અને પ્રત્યેક ગૈપ (gap) ને ભરતી એવી નીકળે છે. એમાં અનંતથી મોટા અનન્ત પણ સમાવવામાં આવેલ છે. આ ધારામાં ધા$_{૨}$ થી આરંભી ધા$_{૧૪}$ સુધી બધી **ધારાઓને** સમાવી લેવામાં આવી છે. અહીં અંતિમ પદ **કેવળજ્ઞાન અવિભાગ પ્રતિચ્છેદ રાશિ** છે જે સર્વથી મોટી, ઉત્કૃષ્ટ અનન્તાનન્ત રૂપ છે. જાર્જ કૈંટર તથા અન્ય ગણિતજ્ઞોને એવી સુક્રમબદ્ધી રાશિઓની રચના કરી તથા **સુક્રમબદ્ધી** સાધ્યને સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે.[૧] આ સાધ્યને સમતુલ્ય **વરણનું સ્વયં સિદ્ધ** છે. **સુક્રમબદ્ધી પ્રમેય** પર આધારિત **વ્યાપક, અલ્પબહુત્વનો પ્રમેય** છે. "કોઈપણ બે રાશિઓમાંથી બન્ને સમતુલ્ય હશે અથવા એમાંથી એક બીજાની ઉપરાશિનો સમતુલ્ય (equivalent) હશે. હારટગ્જે સિદ્ધ કર્યું હતું કે- **વ્યાપક અલ્પબહુત્વ પ્રમેય** સ્થાનીય રૂપમાં **સુક્રમબદ્ધી પ્રમેય**ને સમાન છે.[૨]

ધારાઓ ધા$_{૧૨}$, ધા$_{૧૩}$ અને ધા$_{૧૪}$ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કેમકે - એમાંથી એવા પદ સ્પષ્ટ થાય છે. જે **બેની** સંખ્યાત્મક ઘાતોપર ઉત્પન્ન થાય છે. કૈણ્ટરને અનેક પ્રકારના એવા પદ **અલિફ** (Alephs) રૂપમાં **દ્વિરૂપાદિ વર્ગધારાના** આધાર પર ઉત્પન્ન કર્યા હતા. તો પણ એને **અલિયો**ની દિશાબદ્ધ એટલી **ધારાઓ** પ્રાપ્ત ન થઈ શકી અને જૈન ધારા **ગણિતમાં** આ સંબંધમાં શોધ માટે વિશેષ ક્ષેત્ર ઉપલબ્ધ છે.

**અલ્પબહુત્વ** ત્રણ પ્રકારના વર્ણવવામાં આવ્યા છે - **સચિત્ત, અચિત્ત, મિશ્ર.** જે **અલ્પબહુત્વ** જીવો સાથે સંકળાયેલ છે એને **સચિત્ત**, જે બાકીના પ્રકારના દ્રવ્યો સાથે જોડાયેલ છે એને **અચિત્ત** પ્રકારનાં કહેવામાં આવે છે. જ્યારે રાશિઓ જ્ઞાન, દર્શન, યોગ, અનુભાગ આદિ સાથે સંકળાયેલ રહે છે તો અલ્પબહુત્વ **નોઆગમ** પ્રકારનાં થાય છે. આ બધા પ્રકારોના અલ્પબહુત્વનો ત્રણ માર્ગોમાં વ્યવહૃત કરે છે. - **સ્વસ્થાન, પરસ્થાન અને સર્વપરસ્થાન. મિશ્ર** પ્રકારના **અલ્પબહુત્વનું**

૧. જુઓ. જલાટ (૧૯૫૭) એમાં પ્રાયઃ બધા સંબંધીત સંદર્ભ મળે છે.

૨. એજ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક ઉદાહરણ સોળ રાશિગત **અલ્પબહુત્વ** છે.[1] અનન્તગુણા દર્શાવવા માટે 'ખ' સંદષ્ટિનો ઉપયોગ થાય છે.[2] જો સોળ **જીવરાશિ** છે. તો ૧૬ખ **પુદ્ગલ રાશિ** છે. ૧૬ ખરબ કાળની સમય રાશિ છે. અને ૧૬ખ ખરબ સમસ્ત **આકાશ પ્રદેશ રાશિ** હોય છે. **અલ્પબહુત્વ વિધિનો** ઉપયોગ ત્યાં થાય છે. જ્યાં કોઈ રાશિનું સ્થાન નિર્ધારણ અનેક રાશિઓનુ પ્રતિવેશમાં તથા અંતર પર **પરિમિત** અથવા **પારપરિમિત** દશામા કરવાનું હોય છે.[3] **અતીતકાળ** સમય રાશિ (.....૪,૩,૨,૧) માનવાથી એનાંથી **અનાગત કાળ સમય રાશિ** (૧,૨,૩,૪..)ને, જ્યાં **વર્તમાનકાળ** હોય, ત્યાં ૦ અનન્ત ગુણા માનવામાં આવ્યા છે.

**માપિકી (Mensuration)**

**સૂત્રકૃતાંગ**[4]ના અભિમતમાં, 'ગણિતમાં રેખાગણિત કમલ છે... અને શેષ અવર છે.' વાસ્તવમાં જો બીજગણિત **તર્ક** પર આધારિત થાય છે. તો રેખાગણિત **અન્તઃ પ્રજ્ઞા** પર. કરણાનુંયોગ વિષયક ગ્રંથ લોકના રેખાગણિત પર આધારિત તો છે જ, સાથે જ બીજ ગણિતીય સંબંધ પણ.

**તત્ત્વાર્થાધિગમ ભાષ્ય (ઉમાસ્વાતિ)**[5] માં નીચે લખેલ **માપિકી સૂત્ર** ઉપલબ્ધ છે.-

માનીલો કે - **વૃત્તની પરિધિ** "પ" **વ્યાસ** 'વ્યા' **ક્ષેત્રફળ** 'ક્ષે', **ચાપ** 'ચા' **ચાપ-કર્ણ** "ક" **બાણ** 'બ' તેમજ **ત્રિજ્યા** 'ત્રિ' હોય તો.

(૧) $પ = \sqrt{૧૦ (વ્યા)૨}$

(૨) $ક્ષે = \frac{૧}{૪}$ પ.વ્યા.

(૩) $ક = \sqrt{૪ બા (વ્યા-બા)}$

(૪) $બા = \frac{૧}{૨} (વ્યા - \sqrt{વ્યા^{૨}-ક^{૨}})$

(૫) $ચા = \sqrt{૬બા^{૨} + ક^{૨}}$

(૬) $વ્યા = (બા^{૨} + \frac{ક^{૨}}{૪}) \div બા$

(૭) બે સમાન્તર ચાપકર્ણોની વચ્ચે કોઈ વૃત્તની પરિધિના ભાગ સંવાદી ચાપોની વચ્ચેનું અંતર કરતા અડધુ હોય છે.

(૮) $બા = \sqrt{ચા^{૨} - ક^{૨} \div ૬}$

આ બધા સૂત્ર **જંબૂદ્વીપ સમાસમાં** પણ ઉપલબ્ધ છે.૬ એજ સૂત્ર **સૂર્યપ્રજ્ઞપ્તિ, કરણ ભાવના, ઉત્તરાધ્યયન** સૂત્રમાં પણ છે. જ્યાં ગોલના ખંડ સમાન ઈષત્પ્રાગ્ભારાનું વિવરણ પણ મળે છે.

**મહાવીરાચાર્ય** દ્વારા પણ એજ સૂત્રોની પુનરાવૃત્તિ થઈ છે.[7]

(બાદર) $ચા = \sqrt{૫બા^{૨} + ક^{૨}}$

(સૂક્ષ્મ) $ચા = \sqrt{૬બા^{૨} + ક^{૨}}$

સિકન્દરિઆના હેરન (લ. ૨૦૦)[8] એ **પરિધિખંડને અર્દ્ધવૃતથી** ઓછી લઈને નીચે જણાવેલ સૂત્ર શોધી કાઢ્યું છે.

---

૧. **ધવલા,** ભાગ. ૩, પૃ. ૩૦,૩૧

૨. **અ.સ.ગો.**પૃ. ૫ વગેરે

૩. **તત્ત્વા.** ૧,૮,૧૦, પૃઉ ૪૨ઉ

૪. **શ્રુતસ્કન્ધ** અ. ૨, શ્લો. ૧૫૪

૫. **તત્વા. ભા.** (૧૯૦૩)

૬. અ.૩, શ્લો. ૧૧.

૭. ગ.સા.સ. ૭.૪૩, ૭૩ ૧/૨

૮. હીથ, ભાગ-૨, પૃ. ૩૮૧, (૧૯૨૧)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

$\sqrt{૪ \text{ બા}^2 + \text{ક}^2} + \frac{૧}{૨}$ બા અથવા

$\sqrt{૪\text{બા}^2 + \text{ક}^2} + \{\sqrt{૪\text{બા}^2 + \text{ક}^2} - \text{ક}\} \frac{\text{બા}}{\text{ક}}$

ચીની છેન હુઓ (chen Huo) (લ.૧૯૭૫ ઈ.અ.) એ આ સૂત્રને નીચેના રૂપમાં રજૂ કર્યું છે.

$\text{ચા} = \text{ક} + ૨ \frac{\text{બા}^2}{\text{વ્યા}}$

**સૂર્ય પ્રજ્ઞપ્તિ** વગેરે ગ્રંથોમાં $\pi$ નું બાદર માન ૩ તથા સૂક્ષ્મમાન $\pi = \sqrt{૧૦}$ લેવામાં આવ્યું છે. **ધવલામાં** શુદ્ધ રૂપમાં $\pi = \frac{૩૫૫}{૧૧૩}$ છે.[૧] જે નીચે લખેલા રૂપમાં વાચવામાં આવે છે.

$\pi = ૩ + \pi = ૩ + \frac{૧૬}{૧૧૩} + \frac{૧૬}{૧૧૩(\text{વ્યાસ})}$ જો વ્યાસમાં સ્થિત પ્રદેશ રાશિ. અસંખ્યાત હોયતો $\pi$ નું માન $\frac{૩૫૫}{૧૧૩}$ નીકળી આવે છે. આ સૂત્ર ચીનમાં ત્સુ-ચુંગ શિહ (Tsu Chung Ohin) (લ. ૪૭૬ ઈ.સ.) ને જ્ઞાત હતું.૨

**તિલોયપણ્ણત્તિમાં** નીચે લખેલ સૂત્રપ્રાપ્ત થાય છે. ત્યાં **સાંદ્રોના ઘનફળ, લંબત્રિપાર્શ્વોના** રૂપમાં વિભિન્ન પ્રકારનો આધાર લઈને પ્રાપ્ત કરવામાં આવ્યા છે. **વાતવલયાદિમાં** પણ ઘનફળ કાઢવામાં આવ્યું છે. એ રાજુ અને યોજના પદોમાં પ્રાપ્ત છે.[૩]

(૧) $\text{પ} = \sqrt{\text{વ્યા}^2 \times ૧૦}$

(૨) $\text{ક્ષે} = \text{પ} \times \frac{\text{વ્યા}}{૪} = \frac{\text{પ}}{\text{વ્યા}} \cdot \frac{\text{વ્યા}^2}{૪} = \sqrt{૧૦\text{ત્રિ}^2}$

(૩) સમવર્તુલ રંભ (right circular cylinder) નું

ઘનફળ = આધારનું ક્ષેત્રફળ × ઊંચાઈ[૪]

(૪) $(\text{ચતુર્થભાગ ચાપનો ચાપકર્ણ})^2 = \left(\frac{\text{વ્યા}}{૨}\right)^2 \times ૨$

(૫) $[(\text{ચતુર્થ ભાગ પરિધિ ચાપકર્ણ})^2 \times \frac{૫}{૪}]$*

$= [\text{ચતુર્થ ભાગ પરિધિ}]^2 = \sqrt{૧૦} \frac{\text{ત્રિ}}{૨}$

(૬) $\text{ક}^2 = ૪ \left[\left(\frac{\text{વ્યા}}{૨}\right)^2 - \left(\frac{\text{વ્યા}}{૨} - \text{બા}\right)^2\right]$+

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સંગ્રહમાં એને નીચે જણાવેલ રૂપમાં આપવામાં આવ્યા છે.

$\text{ક} = \sqrt{૪ \text{ બા } (\text{વ્યા}-\text{બા})}$

(૭) $\text{ચા}^2 = ૨ [(\text{વ્યા} + \text{બા})^2 - \text{વ્યા}^2]$$

---

૧. **ધવલા,** ભા. ૪, ૧,૩,૩, પૃ.૪૨

૨. **કુલિજ** (૧૯૪૦) પૃ. ૬૧, નીધમ અને લિંગ (૧૯૫૯) મિકાની (૧૯૧૩)

૩. **તિ.પ.ગ,** પૃ.૨૪-૩૯

૪. **તિ.પ.,** ૪.૬, ૪.૯

* **તિ.પ.**૪.૭૦

\+ એજ. ૪.૧૮૦ જ.દ્વી. પ્ર.૨.૨૩; ૬.૯ વગેરે

$ એજ. ૪. ૧૮૧. જ.દ્વી. પ્ર. ૨.૨૪, ૪.૨૯; ૬.૧૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સંગ્રહમાં નિમ્ન રૂપમાં મળે છે.

$$ચ = \sqrt{૬ (બા)^{૨} + ક^{૨}}$$

(૮) ખંડની ઊંચાઈ પ્રાપ્ત કરવા માટે[૧]

$$બા = \frac{વ્યા}{૨} - \left[\frac{વ્યા^{૨}}{૪} - \frac{ક^{૨}}{૪}\right]^{\frac{૧}{૨}}$$

**સન્નિકટતા**ની વ્યવસ્થા માટે અને $\sqrt{૧૦}$નું માન કાઢવા માટે **તિલોયપણ્ણત્તિમાં "खखपदस्सं सस्सपुढं"** પ્રકરણ ડો. આર.સી. ગુપ્તાએ $\sqrt{(૩)^{૨} + ૧}$ રૂપ લઈને પ્રાપ્ત કર્યું છે.[૨] અહીં $\sqrt{N} = \sqrt{a^2 + x} = a + \frac{x}{૨a}$ રૂપમાં રાખવાની જૈન પ્રણાલી રહી છે. આ પ્રકારે $\sqrt{N} = \sqrt{b^2 - y} = b - \frac{y}{૨b}$ રૂપમાં પણ મૂકી શકીએ છીએ. આ પ્રકારે $\pi = \sqrt{૧૦} = \sqrt{(૩)^{૨} + ૧} = ૩ + \frac{૧}{૬} = \frac{૧૯}{૬}$ રૂપમાં જૈન ગ્રંથોમાં પ્રચલિત છે.[3]

શ્વેતાંબર **ચાર પ્રકારના પ્રમાણો**નું બૃહદ્ વર્ણન કાપડિયાએ[૪] **સિંહતિલકસૂરિ કૃત ગણિત તિલક ટીકા**માં કર્યું છે, જે દિગમ્બર ગ્રંથોના માનથી ભિન્ન છે. **સ્થાનાંગ સૂત્રમાં** ૫ પ્રકારના અનન્તોનું વિવરણ આપ્યું છે. **ભગવતી સૂત્રાદિમાં** ત્રયસ્ત્રાદિના આકારની અનેક **જ્યોમેટ્રીય આકૃતિઓ**નું વિવરણ આપ્યું છે. આ પ્રકારે **સૂર્ય પ્રજ્ઞપ્તિમાં** પણ વિવરણ મળે છે. ચાર પ્રકારના પ્રમાણોમાં **દ્રવ્ય પ્રમાણને પ્રદેશ નિષ્પન્ન** અને **વિભાગ નિષ્પિન્ન રૂપ**માં લેવામાં આવ્યો છે. **પ્રદેશનિષ્પન્ન** પ્રમાણ અનંત પ્રકારનું છે અને **વિભાગ નિષ્પન્ન માત્ર** ૫ પ્રકારનું છે. **માન, ઉન્માન, અવમાન, ગણિમા, પ્રતિમાન.** ગણિમાં ૧ થી આરંભી ૧ કરોડ સુધીની સંખ્યા સુધી જઈ શકે છે. **માન** ક્રમશ:**ધાન્યમાન** અને **રસમાન** (એમ બે) પ્રકારના છે. **ક્ષેત્ર પ્રમાણ** બે પ્રકારના છે. **પ્રદેશ નિષ્પન્ન** અને **વિભાગ નિષ્પન્ન. પ્રદેશ નિષ્પન્ન** અસંખ્ય પ્રકારના છે. **વિભાગ નિષ્પન આગળથી** આરંભીને યોજન સુધીના હોઈ શકે.

| | | |
|---|---|---|
| ૬ આંગળ | = | ૧ પાદ (આંગળ ૩ પ્રકારના છે : આત્માંગુળ પ્રમાણાંગુળ અને ઉત્સેધાંગુળ)[૫] |
| ૨ પાદ | = | ૧ વિતસ્તિ |
| ૨ વિતસ્તિ | = | ૧ રત્ની |
| ૨ રત્ની | = | ૧ કુક્ષિ |
| ૨ કુક્ષિ | = | ૧ ધનુષ્ય |
| ૨૦૦૦ ધનુષ્ય | = | ૧ ગવ્યૂતિ |
| ૪ ગવ્યૂતિ | = | ૧ યોજન[૬] |

આ પ્રકારે **કાળ પ્રમાણ** પણ બે પ્રકારના છે. **પ્રદેશ નિષ્પન્ન** તેમજ **વિભાગ નિષ્પન્ન, પ્રદેશ નિષ્પન્ન** અસંખ્ય પ્રકારના છે અને ૧ સમયથી શરૂ કરીને અસંખ્યાત સમય સુધી છે. **વિભાગ નિષ્પન્ન**ના અનેક પ્રકાર છે. (૧) **સમય.**

---

૧. તિ. પ., ૪. ૧૮૨
૨. ગુપ્તા, આર.સી., (૧૯૭૫); તિ.પ.ગ., ૯.૫૫-૫૬, પૃ.૪૯; દત્ત (૧૯૨૯), પૃ.૧૩૨
૩. જૈન. જે.એલ. (૧૯૧૮) પૃ. ૧૫૪-૧૫૫.
૪. કાપડિયા (૧૯૩૭)
૫. **આર્હત દર્શન દીપિકા,** જુઓ. પૃ. ૭૮-૮૦
૬. અનુ. સુ. સુ. ૧૩૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) આવલિકા (૩) મુહૂર્ત (૪) અહોરાત્ર (૫) પક્ષ (૬) માસ (૭) ઋતુ (૮) અયન (૯) સંવત્સર (૧૦) યુગ (૧૧) **પૂર્વાંગ** વગેરે.[1] ઉપર્યુક્તને સમય સાથે નીચે લખેલ સંબંધે જોડવામાં આવ્યા છે :

| | | |
|---|---|---|
| અસંખ્ય સમય | = | ૧ આવલિકા. |
| સંખ્યાત આવલિકા | = | ૧ નિશ્વાસ કે ૧ ઉચ્છ્વાસ. |
| ૧ ઉચ્છ્વાસ + ૧ નિશ્વાસ | = | ૧ પ્રાણ |
| ૭ પ્રાણ | = | ૧ સ્તોક |
| ૭ સ્તોક | = | ૧ લવ |
| ૭૭ લવ | = | ૧ મુહૂર્ત |
| ૩૭૭૩ ઉચ્છ્વાસ | = | ૧ મુહૂર્ત |
| ૩૦ મુહૂર્ત | = | ૧ અહોરાત્ર |
| ૧૫ અહોરાત્ર | = | ૧ પક્ષ |
| ૨ પક્ષ | = | ૧ માસ |
| ૨ માસ | = | ૧ ઋતુ |
| ૩ ઋતુ | = | ૧ અયન. |
| ૨ અયન | = | ૧ સવંત્સર |
| ૫ સવંત્સર | = | ૧ યુગ |
| ૮૪ લાખ વર્ષ | = | ૧ પૂર્વાંગ[2] |

**ભાવ પ્રમાણને** અનેક પ્રકારના દર્શાવવામાં આવ્યા છે. **ષડ્ખંડાગમમાં** ઉપરોક્ત ત્રણ પ્રમાણઃ **દ્રવ્ય પ્રમાણ, ક્ષેત્ર પ્રમાણ તેમજ કાળ પ્રમાણને ભાવ પ્રમાણ** કહેવામાં આવ્યા છે.[3]

## : ૯ ગણિતાનું યોગ-આધુનિક સંદર્ભમાં :

**પ્રસ્તુત પ્રસ્તાવનાના પ્રથમ શીર્ષકમાં ગણિતાનુયોગ** - એક પરિચય આપવામાં આવ્યો છે, જેને આધુનિક સંદર્ભમાં મુકી શકાય છે. મુખ્યતઃ વિષય ગણિત, જ્યોતિષ તેમજલોક સંરચના અંગે છે. જેની તુલના આધુનિક વિજ્ઞાન સાથે કરી શકાય. વાસ્તવમાં કોઈ પણ ઘટનાઓને સિદ્ધાંતરૂપે સમજાવવા કે ફલિત રૂપમાં પરિણામ કાઢવા માટે **પ્રતિરૂપ (મોડલ)** કે **ગણિતીય પ્રતિરૂપ** (મેથેમેટિકલ મોડલ)ની સ્થાપના (રચના) કરવામાં આવે છે. પરીક્ષણો દ્વારા જ પ્રતિરૂપોની સક્ષમતા શુદ્ધતા વગેરેનું પરીક્ષણ થાય છે.

એ સ્પષ્ટ છે કે - ગણિત જ્યોતિષ જૈન સિદ્ધાંત જે ગણિતાનું યોગમાં સંગ્રહીત છે. જૈન પંચાંગ (જ્યોતિષ)ના સ્વરૂપને પ્રસ્તુત કરે છે. એમાં સમય-સમય શોધ કાર્ય રહ્યું, કેમકે - ઔસતન માધ્યમાન પર આધારિત એ પંચાંગ હતું, તેને સમયાનુસાર ધ્રુવ રાશિ આદિ રાશિઓના સમીકરણો દ્વારા પૂર્ણ કરવાં આવતું હશે, એ આવશ્યકતા પર આધારિત છે. એટલે હજી પણ એ સંદર્ભમાં અનેક જૈન જ્યોતિષ ગ્રંથ જે ઉપલબ્ધ છે તથા અનુપલબ્ધ છે. એનો અનુવાદ ગણિતીય ટિપ્પણ સીહત સંશોધન અર્થ તૈયાર કરવું આવશ્યક છે. એ સ્પષ્ટ છે કે - આધુનિક જ્યોતિષનો મોડલ કાપરનિકસના સિદ્ધાંતના આધારે છે. તો પણ આઈસ્ટાઈનનો સાપેક્ષતાનો સિદ્ધાંત એને સૂક્ષ્મતમ તત્વ આપી શકે છે. ન્યૂટનથી કરતા હવે સાપેક્ષતાનો સિદ્ધાંત અત્યધિક સૂક્ષ્મ પરિણામો આપી શકે છે.

એજ હાલ જૈન લોક સંરચનાનો છે. એક **પ્રતિરૂપ** પ્રસ્તુત કરવામાં આવ્યો છે, જેમાં ગણિતીય વસ્તુઓનો ભરવામાં આવી છે. અર્થાત્ વિભિન્ન પ્રકારની રાશિઓ વડે લોકની સંરચનાને ચીતરવામાં આવી છે. જીવરાશિઓથી આરંભી અનેકાઅનેક પ્રકારની રાશિઓનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણ આપીને લોકની વિવિધતાઓ પર વિહંગમ દષ્ટિ કરવામાં આવી છે.

---

૧. કાપડિયા (૧૯૩૭), પૃ. xvii - xx, ભૂમિકા.
૨. અનુ. સુ., સુ. ૧૩૭; **આર્હત દર્શન દીપિકા** (પૃ. ૫૮૭ - ૫૮૮)
૩. **ષડ્ખંડાગમ,** પુ.૩, ૧-૨-૫. **"तिण्णं पि अधिगमो भाव पमाणं"**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત **પ્રતિરૂપોની** ગણત્રી આજના યુગમાં દિવસે-દિવસે વધતી જાય છે. એના નિષ્કર્ષોનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. પરંતુ હવે પણ નીહારિકાઓનું અખિલ લોકની બહારની બાજુ તીવ્રાતિતીવ્ર વેગથી નિષ્કાસન પ્રતિક્ષણ થઈ રહેવાનું જે સપ્તરંગી વિશ્લેષણ થઈ શક્યું છે. એનું સંતોષકારક **પ્રતિરૂપ** (મૉડલ) પ્રાપ્ત નથી થઈ શકતું. જો બ્રહ્માંડ પ્રતિપલએ કારણે વિરલન ને પ્રાપ્ત થઈ રહ્યું છે તો એનું ઘનત્વ પ્રાયઃ સર્વત્ર ઔસતન એક સરખું કેમ છે? શું કોઈ શૂન્યમાં ઉત્પન્ન થતી રહે છે ? એવા અનેક પ્રકારના વિશ્વની સંરચના વિષયક સિદ્ધાંત પ્રતિપાદિત થયા છે. આઈસ્ટાઈન, બૉંડી, હાયલ, જીન્સ, ચંદ્રશેખર પ્રભૃતિ એવા ઘણા વિદ્વાનોએ આજીવન આ અધ્યયનને સમર્પિત કર્યું છે. તે અંગેના **ગણિતીય પ્રારૂપો**નું અધ્યયન અને ગણિતાનુંયોગના વિષય સાથે એની તુલના કરવા માટે અમે સંદર્ભ ગ્રંથાવલીમાં યથોચિત સામગ્રી આપી રહ્યા છીએ.

આ સાથે **ગણિતાનુંયોગ**નો એક બીજો આધુનિક સંદર્ભ છે. તે છે વિજ્ઞાન ઈતિહાસ સંબંધી સંરચનાનો. પ્રથમ અધ્યાયમાં જે સૂત્રોમાં પ્રાપ્ત પ્રકરણ છે એને વિજ્ઞાનનો ઈતિહાસની શોધ કરવા રૂપે પ્રસ્તુત કરવો આવશ્યક છે. આ વિષય સ્વયં પોતે જ અત્યત ગંભીર છે કેમકે - ઉદ્દગમ સંબંધી સમસ્યાઓ, વિશ્વ વિજ્ઞાન ઈતિહાસના સંદર્ભમાં અનેક પ્રકરણોમાં ગૂંચવાયેલી પડી છે. ઉદાહરણાર્થ ક્યા દેશમાં ક્યા કાળમાં ત્યાંની સભ્યતાઓએ ક્યા પ્રકારની ગણિત વિજ્ઞાનની આવશ્યકતા ઉભી થઈ અને એને પોતાની આવશ્યકતાઓ અને સમસ્યાઓની પ્રસ્તુતિને ક્યા રૂપમાં હલ કરી તથા વિદેશોને અંતતઃમાં એનો શું લાભ મળ્યો.

**તીર્થંકર વર્ધમાન મહાવીરનો** યુગ ક્રાન્તિકારી યુગ હતો જ્યારે હિંસાને અહિંસા સામે ટકી રહેવાનું હતું. એ સ્પષ્ટ છે કે - આ બુદ્ધિવાદી યુગમાં વર્ધમાન મહાવીરના તીર્થમાં લોક સંરચનાના આધારે કર્મ સિદ્ધાંતના સૂક્ષ્મતમ ગણિત દ્વારા નિર્મોહને પ્રસ્તુત કરવો પડ્યો હશે. અહિંસાના મૃદુ સ્પર્શમાં આ શુદ્ધ હીરા જેવી કઠોરતા પાંગરી હશે. તે આશ્ચર્ય લાગે છે. પરંતુ આત્માને અનુભૂતિ કરવી પડી હશે. કે કર્મોના વહેંચણી કરી શકાતી નથી. આ પ્રત્યનુભૂતિ જૈન ગણિતની પરાકાષ્ટા પર દષ્ટિગત થાય છે. આજનો વૈજ્ઞાનિક યુગ અતિ બુદ્ધિવાદી છે. એને **ગણિતાનુંયોગ** જેવા ગ્રંથો પર આધારિત કર્મગ્રંથોનું પરીક્ષણ વિધિથી ગણક મશીનો દ્વારા દિગ્દર્શન કરવાનું હવે અપરિહાર્ય બની ગયું છે. એના માટે ત્રણ પ્રકારની ગણક મશીનો આવશ્યક છે. જે ક્રમશઃ સંસ્કૃત, પ્રાકૃત જૈન ગ્રંથો કે અનુવાદ એમાં સંગ્રહાયેલ ગણિત જ્યોતિષ અને સંગ્રહાયેલ કર્મ સિદ્ધાંતને વાસ્તવિકરૂપમાં દિગ્દર્શિત કરી શકે. આશા છે કે - વિશ્વવિદ્યાલયોમાં અથવા જૈન સંસ્થાઓમાં ગણિત પર આધારિત જૈન અધ્યયનનો પ્રારંભ કરવામાં આવશે, જેથી શોધની વાસ્તવિક ભાવનાને સંબળ પ્રાપ્ત થઈ શકે. શોધના વિષયની પસંદગી કરવા માટે **ગણિનાનુંયોગ** જેવા સર્વેક્ષણ ગ્રંથ ઉપયોગી સિદ્ધ થશે.

**- લક્ષ્મીચંદ્ર જૈન.**


**Prof. L.C. Jain**
Hon. Director. DJICR, Hastinapur.
Addl. Hon. Direcotr, A. vidyasagara Research Institute. Jabalpur.
INSA. Research Associate, Physics Deptt. Rai Durgavati University, Jabalpur.
L.M. Enistein Foundation international, Nagpur.
M.G.B., D.C., Ghuvara L.M., J.R.S. LM., A.B.V.P.


# # #



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમણિકા

## ગણિતાનુયોગ ભાગ – ૨

### તિર્યક્ લોક (ખંડ – ૨)


| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| | **વાણવ્યંતર દેવ** | |
| ૯૬૪. | વાણવ્યંતર દેવોના સ્થાન | ૧-૨ |
| ૯૬૫. | 'પિશાચ' વાણવ્યંતર દેવોના સ્થાન | ૩ |
| ૯૬૬. | પિશાચ દેવેન્દ્ર | ૩ |
| ૯૬૭. | દાક્ષિણાત્ય પિશાચ દેવોના સ્થાન | ૩-૪ |
| ૯૬૮. | દાક્ષિણાત્ય પિશાચેન્દ્ર કાળનું વર્ણન | ૪ |
| ૯૬૯. | ઉત્તરીય પિશાચ દેવોના સ્થાન અને એમના ઈન્દ્ર મહાકાળનું વર્ણન | ૪-૫ |
| ૯૭૦. | ભૂતાદિ વાણવ્યંતર દેવોના સોળ ઈન્દ્ર | ૫ |
| ૯૭૧. | વાણવ્યંતર ઈન્દ્રોના નામોની સંગ્રહ ગાથાઓ | ૫ |
| ૯૭૨. | વાણવ્યંતર દેવોના ચૈત્યવૃક્ષ | ૬ |
| ૯૭૩. | ચૈત્યવૃક્ષોની ઊંચાઈ | ૬ |
| ૯૭૪. | અણપન્નિક વાણવ્યંતર દેવોના સ્થાન | ૬-૭ |
| ૯૭૫-૭૬. | અણપન્નિક દેવેન્દ્ર | ૭ |
| ૯૭૭. | અણપર્ણિકાદિ વાણવ્યંતર દેવોના અને એમના સોળ ઈન્દ્રોના નામ | ૭ |
| ૯૭૮. | વાણવ્યંતરેન્દ્રોની અગ્રમહિષીઓ | ૭-૮ |
| ૯૭૯. | વાણવ્યંતરોના નગરોની સંખ્યા અને સ્વરૂપ | ૮-૯ |
| ૯૮૦. | અસંખ્ય વાણવ્યંતરાવાસોનું વિસ્તૃત પ્રરૂપણ | ૯ |
| ૯૮૧. | સુધર્મા સભાની ઊંચાઈ | ૯ |
| ૯૮૨. | અંજણકાંડથી ભૌમેય વિહારો (વચ્ચેનું) અંતર | ૯ |
| ૯૮૩. | વાણવ્યંતરોની પરિષદાઓના દેવ-દેવીઓની સંખ્યા | ૯-૧૦ |
| ૯૮૪. | જૃમ્ભક દેવોનું સ્વરૂપ ભેદ અને સ્થાન | ૧૦-૧૧ |
| | **જ્યોતિષ્ક – નિરૂપણ** | |
| ૯૮૫. | જ્યોતિષ્કોનું ગણિત સર્વજ્ઞ કથિત છે. | ૧૧ |
| ૯૮૬. | જ્યોતિષ્ક દેવોની વર્ણક દ્વાર ગાથાઓ | ૧૧-૧૨ |
| ૯૮૭. | જ્યોતિષ્કોની વિશેષ ગતિથી મનુષ્યોને સુખ દુઃખ | ૧૨ |
| ૯૮૮. | પાંચ પ્રકારના જ્યોતિષ્ક | ૧૩ |
| ૯૮૯. | જ્યોતિષ્ક દેવોના સ્થાન | ૧૩-૧૫ |
| ૯૯૦. | જ્યોતિષ્ક વિમાનોની સંખ્યાદિનું પ્રરૂપણ | ૧૫ |
| ૯૯૧. | ચંદ્ર - સૂર્ય - ગ્રહ - નક્ષત્ર - તારા વિમાનોનું સંસ્થાન (આકાર) | ૧૫-૧૬ |
| ૯૯૨. | સર્વલોકમાં ચંદ્ર - સૂર્યનું પરિમાણ | ૧૬-૧૭ |
| ૯૯૩. | જંબૂદ્વીપમાં જ્યોતિષ્ક દેવ | ૧૭-૧૮ |
| ૯૯૪. | લવણસમુદ્રમાં જ્યોતિષ્ક દેવ | ૧૮-૧૯ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૯૯૫. | લવણસમુદ્રમાં નક્ષત્રો અને ગ્રહોની સંખ્યાનું પ્રરૂપણ | ૧૯ |
| ૯૯૬. | ધાતકીખંડ દ્વીપમાં જ્યોતિષ્ક દેવ | ૧૯-૨૦ |
| ૯૯૭. | કાળોદસમુદ્રમાં જ્યોતિષ્ક દેવ | ૨૦-૨૧ |
| ૯૯૮. | પુષ્કરવર દ્વીપમાં જ્યોતિષ્ક દેવ | ૨૨ |
| ૯૯૯. | આભ્યન્તર પુષ્કરાર્ધમાં જ્યોતિષ્ક દેવ | ૨૩ |
| ૧૦૦૦. | પુષ્કરોદ સમુદ્રમાં જ્યોતિષ્ક દેવ | ૨૪ |
| ૧૦૦૧. | મનુષ્યક્ષેત્રમાં જ્યોતિષ્ક દેવ | ૨૪-૨૫ |
| ૧૦૦૨. | મનુષ્યક્ષેત્રમાં જ્યોતિષ્કોના પ્રરૂપણનો ઉપસંહાર | ૨૫ |
| ૧૦૦૩. | વરૂણવરાદિ દ્વીપ - સમુદ્રોમાં જ્યોતિષ્ક દેવ | ૨૬ |
| ૧૦૦૪. | રૂચકાદિ દ્વીપ - સમુદ્રોમાં જ્યોતિષ્ક દેવ | ૨૬ |
| ૧૦૦૫. | દેવાદિ દ્વીપ - સમુદ્રોમાં જ્યોતિષ્ક દેવ | ૨૭ |
| ૧૦૦૬. | જ્યોતિષ્કોનું અલ્પ - બહુત્વ | ૨૭ |
| ૧૦૦૭. | મંદર પર્વતથી જ્યોતિષ્કોનું અંતર | ૨૭ |
| ૧૦૦૮. | લોકાન્તથી જ્યોતિષ્કોનું અંતર | ૨૮ |
| ૧૦૦૯. | ચંદ્ર-સૂર્ય વગેરેની ભૂમિભાગથી ઊંચાઈ | ૨૮-૩૧ |
| ૧૦૧૦. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા વિમાનોનો આયામ-વિષ્કમ્ભ-પરિધિ અને જાડાઈ | ૩૨-૩૩ |
| ૧૦૧૧. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા વિમાનવાહક દેવોની સંખ્યા અને એમનું વર્ણન | ૩૪-૪૦ |
| ૧૦૧૨. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપ દેવોના કામ-ભોગ | ૪૦-૪૨ |
| ૧૦૧૩. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારાઓની અગ્રમહિષીઓ અને એના દિવ્યભોગ | ૪૨-૪૪ |
| ૧૦૧૪. | એક મુહૂર્તમાં જ્યોતિષ્ક દેવોની ગતિનું પ્રમાણ | ૪૪-૪૫ |
| ૧૦૧૫. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારાઓની ગતિનું પ્રરૂપણ | ૪૫ |
| ૧૦૧૬. | જ્યોતિષ્કોની અલ્પ-મહાઋદ્ધિનું પ્રરૂપણ | ૪૫-૪૬ |
| ૧૦૧૭. | જ્યોતિષ્કોના પિટક | ૪૬ |
| ૧૦૧૮. | જ્યોતિષ્કોની પંક્તિઓ | ૪૬ |
| ૧૦૧૯. | જ્યોતિષ્કોના મંડળ | ૪૬ |
| ૧૦૨૦. | જ્યોતિષ્કોનું મંડળ સંક્રમણ | ૪૭ |
| ૧૦૨૧. | અનવસ્થિત અને અવસ્થિત જ્યોતિષ્ક | ૪૭ |
| ૧૦૨૨. | દ્વીપ-સમુદ્રોની જ્યોતિષ્કોની સંખ્યા જાણવાની વિધિ | ૪૭ |
| ૧૦૨૩. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ અને નક્ષત્રોની ગતિ સમાપન્નત્વ | ૪૮ |
| ૧૦૨૪. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ અને નક્ષત્રોનો યોગ | ૪૮ |
| ૧૦૨૫. | ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્રોની વિશેષ ગતિનું પ્રરૂપણ | ૪૯ |
| ૧૦૨૬. | ચંદ્ર અને નક્ષત્રોના યોગગતિ કાળનું પ્રરૂપણ | ૪૯ |
| ૧૦૨૭. | ચંદ્ર અને ગ્રહોના યોગ (ની) ગતિકાળનું પ્રરૂપણ | ૫૦ |
| ૧૦૨૮. | સૂર્ય અને નક્ષત્રોના યોગ (ની) ગતિકાળનું પ્રરૂપણ | ૫૦ |
| ૧૦૨૯. | સૂર્ય અને ગ્રહોના યોગ (ની) ગતિકાળનું પ્રરૂપણ | ૫૦ |
| ૧૦૩૦. | પ્રત્યેક અહોરાત્રમાં ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રોની મંડળ ગતિ | ૫૧ |
| ૧૦૩૧. | પ્રત્યેક મંડળમાં ચંદ્ર-સૂર્ય અને નક્ષત્રોની અહોરાત્ર ગતિ | ૫૧ |
| ૧૦૩૨. | પ્રત્યેક યુગમાં ચંદ્ર-સૂર્ય-નક્ષત્રોની મંડળ ગતિ | ૫૨ |
| ૧૦૩૩. | ચંદ્રમાસમાં ચંદ્ર-સૂર્ય-નક્ષત્રોની મંડળ ગતિ | ૫૨ |
| ૧૦૩૪. | આદિત્યમાસમાં ચંદ્ર-સૂર્ય નક્ષત્રની મંડળ ગતિ | ૫૩ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૦૩૫. | નક્ષત્રમાસમાં ચંદ્ર-સૂર્ય-નક્ષત્રની મંડળ ગતિ | ૫૩ |
| ૧૦૩૬. | ઋતુમાસમાં ચંદ્ર-સૂર્ય અને નક્ષત્રની મંડળ ગતિ | ૫૩-૫૪ |
| ૧૦૩૭. | અભિવર્ધિત માસમાં ચંદ્ર-સૂર્ય-નક્ષત્રની મંડળ ગતિ | ૫૪ |
| | **ચંદ્ર વર્ણન** | |
| ૧૦૩૮. | શશિ શબ્દના વિશિષ્ટાર્થ | ૫૪-૫૫ |
| ૧૦૩૯. | જંબૂદ્વીપમાં ચંદ્રમાઓના ઉદયાસ્તનું પ્રરૂપણ | ૫૫ |
| ૧૦૪૦. | લવણ સમુદ્ર, ધાતકીખંડ, કાળોદ સમુદ્ર - પુષ્કરાર્ધમાં ચંદ્રમાઓના ઉદયાસ્તનું પ્રરૂપણ | ૫૫ |
| ૧૦૪૧-૪૨. | ચંદ્રની હાનિ-વૃદ્ધિ (ક્ષય-વૃદ્ધિ) | ૫૫-૫૭ |
| ૧૦૪૩. | ચંદ્રિકા અને અંધકારના આધિક્યનું કારણ | ૫૭-૫૯ |
| ૧૦૪૪. | ચંદ્ર મંડળોની સંખ્યા | ૫૯ |
| ૧૦૪૫. | ચંદ્ર મંડળનું પ્રમાણ | ૫૯ |
| ૧૦૪૬. | પંદર ચંદ્ર મંડળોનું અવગાહન ક્ષેત્ર | ૫૯-૬૦ |
| ૧૦૪૭. | પ્રત્યેક ચંદ્ર મંડળનું (પરસ્પરનું) અંતર | ૬૦ |
| ૧૦૪૮. | સર્વઆભ્યન્તર અને સર્વબાહ્ય ચંદ્ર મંડળનું અંતર | ૬૦ |
| ૧૦૪૯. | મંદર પર્વતથી સર્વઆભ્યન્તર અને સર્વબાહ્ય ચંદ્ર મંડળોનું વ્યવધાન રહિત અંતર | ૬૦-૬૨ |
| ૧૦૫૦. | સર્વ આભ્યન્તર અને બાહ્ય ચંદ્ર મંડળોના આયામ-વિષ્કમ્ભ તથા પરિધિ | ૬૩-૬૫ |
| ૧૦૫૧. | સર્વ આભ્યન્તર અને બાહ્ય ચંદ્ર મંડળોમાં ચંદ્રની એક મુહૂર્તની ગતિનું પ્રમાણ | ૬૫-૬૭ |
| ૧૦૫૨. | પ્રત્યેક મુહૂર્તના મંડળ ભાગોમાં ચંદ્રની ગતિનું પ્રરૂપણ | ૬૮. |
| ૧૦૫૩. | યોગોનું ચંદ્રની સાથે યોગ પ્રરૂપણ | ૬૮ |
| ૧૦૫૪. | ચંદ્રનો પૂર્ણિમાઓમાં યોગ | ૬૮-૭૦ |
| ૧૦૫૫. | ચંદ્રનો અમાસોમાં યોગ | ૭૦-૭૧ |
| ૧૦૫૬. | જંબૂદ્વીપમાં ચન્દ્રોના ચંદ્રદ્વીપ | ૭૧-૭૨ |
| ૧૦૫૭. | ચંદ્રદ્વીપોના નામનું કારણ | ૭૨-૭૩ |
| ૧૦૫૮. | ચંદ્રા રાજધાનીઓનું પ્રરૂપણ | ૭૩ |
| ૧૦૫૯. | સૂર્ય-ચંદ્ર અને નક્ષત્રોથી અવિરહિત-વિરહિત તથા સામાન્ય ચંદ્ર મંડળોની સંખ્યા | ૭૩-૭૪ |
| | **સૂર્ય વર્ણન** | |
| ૧૦૬૦. | સૂર્ય શબ્દનો વિશિષ્ટાર્થ | ૭૪ |
| ૧૦૬૧. | સૂર્યનું સ્વરૂપ અન્વયાર્થ-પ્રભા-છાયા અને લેશ્યાઓનું શુભત્વ | ૭૫ |
| ૧૦૬૨. | સૂર્યના ઉદયાસ્તને લઈ અંતર, પ્રકાશ, ક્ષેત્રાદિનું પ્રરૂપણ | ૭૫-૭૭ |
| ૧૦૬૩. | લવણસમુદ્રમાં સૂર્યોદયાદિનું પ્રરૂપણ | ૭૭-૭૮ |
| ૧૦૬૪. | ધાતકીખંડમાં સૂર્યોદયાદિનું પ્રરૂપણ | ૭૮-૭૯ |
| ૧૦૬૫. | કાળોદ સમુદ્રમાં સૂર્યોદયાદિનું પ્રરૂપણ | ૭૯ |
| ૧૦૬૬. | આભ્યન્તર પુષ્કરાર્ધમાં સૂર્યોદયાદિનું પ્રરૂપણ | ૭૯-૮૦ |
| ૧૦૬૭. | સૂર્યની ઉદય વ્યવસ્થા | ૮૦-૮૮ |
| ૧૦૬૮. | સૂર્યના ઓજ (પ્રકાશ)ની સંસ્થિતિ (એક રૂપમાં રહેવાની મર્યાદા) | ૮૮-૯૪ |
| ૧૦૬૯. | સૂર્યથી પ્રકાશિત પર્વત | ૯૫ |
| ૧૦૭૦. | સૂર્યના તેજનો અવરોધ કરનારા પર્વત | ૯૬-૯૯ |
| ૧૦૭૧. | જંબૂદ્વીપમાં સૂર્યની ક્ષેત્ર-ગતિનું પ્રરૂપણ | ૯૯-૧૦૦ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૦૭૨. | જંબૂદ્વીપમાં સૂર્ય વર્તમાન ક્ષેત્રને ઉદ્યોતિત કરે છે. | ૧૦૦ |
| ૧૦૭૩. | જંબૂદ્વીપમાં સૂર્ય વર્તમાન ક્ષેત્રને અવભાસિત કરે છે. | ૧૦૦-૧૦૧ |
| ૧૦૭૪. | જંબૂદ્વીપમાં સૂર્યોનું તાપક્ષેત્ર પ્રમાણ | ૧૦૧-૧૦૨ |
| ૧૦૭૫. | સૂર્યના તાપ-ક્ષેત્રની સંસ્થિતિ | ૧૦૨-૧૦૪ |
| ૧૦૭૬. | તાપક્ષેત્ર સંસ્થિતિની બે બાહાઓ | ૧૦૫ |
| ૧૦૭૭. | તાપક્ષેત્ર સંસ્થિતિની પરિધિ | ૧૦૫-૧૦૬ |
| ૧૦૭૮. | તાપક્ષેત્ર અને અંધકાર ક્ષેત્રના આયામાદિનું પ્રરૂપણ | ૧૦૬-૧૦૮ |
| ૧૦૭૯. | જંબૂદ્વીપમાં સૂર્યના ક્ષેત્રોમાં ક્રિયાનું પ્રરૂપણ | ૧૦૮-૧૦૯ |
| ૧૦૮૦. | જંબૂદ્વીપમાં સૂર્ય દૂર અને સમીપ કેવી રીતે દેખાય છે. | ૧૦૯-૧૧૦ |
| ૧૦૮૧. | સામાન્યતઃ પોરષી છાયાની ઉત્પત્તિ | ૧૧૦-૧૧૧ |
| ૧૦૮૨. | સમયાપેક્ષા પોરષી છાયાનું નિષ્પાદન | ૧૧૧-૧૧૨ |
| ૧૦૮૩. | સ્થિતિની અપેક્ષા પોરષી છાયાનું નિવર્તન | ૧૧૨-૧૧૪ |
| ૧૦૮૪. | પોરષી છાયાનું નિવર્તન | ૧૧૪-૧૧૬ |
| ૧૦૮૫. | પોરષી છાયાનું પ્રમાણ | ૧૧૬-૧૧૮ |
| ૧૦૮૬. | સૂર્ય મંડળોની સંખ્યા | ૧૧૯ |
| ૧૦૮૭. | જંબૂદ્વીપના સૂર્ય મંડળોની સંખ્યા | ૧૧૯ |
| ૧૦૮૮. | લવણ સમુદ્રના સૂર્ય મંડળોની સંખ્યા | ૧૧૯ |
| ૧૦૮૯. | નિષધ અને નીલવંત પર્વત પર સૂર્ય મંડળોની સંખ્યાનું પ્રરૂપણ | ૧૧૯ |
| ૧૦૯૦. | સૂર્યની એક બીજાથી અંતર ગતિ | ૧૧૯-૧૨૩ |
| ૧૦૯૧. | સૂર્યોનું સંચરણ ક્ષેત્ર | ૧૨૩-૧૨૫ |
| ૧૦૯૨. | સર્વ આભ્યન્તર અને બાહ્ય સૂર્ય મંડળોનું વ્યવધાન રહિત અંતર | ૧૨૫ |
| ૧૦૯૩. | સૂર્ય મંડળના આયામ-વિષ્કમ્ભ, પરિધિ અને બાહલ્ય | ૧૨૫ |
| ૧૦૯૪. | સૂર્યના સર્વ મંડળોનું બાહલ્ય, આયામ-વિષ્કમ્ભ અને પરિધિ | ૧૨૫-૧૩૦ |
| ૧૦૯૫. | સર્વ સૂર્ય મંડળોનું બાહલ્ય, અંતર અને માર્ગનું પ્રમાણ | ૧૩૦-૧૩૧ |
| ૧૦૯૬. | સૂર્ય મંડળોનું આયામ-વિષ્કમ્ભ-પરિધિ અને મંડળોના વિષ્કમ્ભની હાનિ-વૃદ્ધિ | ૧૩૧-૧૩૩ |
| ૧૦૯૭. | પ્રત્યેક સૂર્યમંડળ (વચ્ચેનું) અંતર | ૧૩૩ |
| ૧૦૯૮. | મંદર પર્વતથી સૂર્ય મંડળોનું અતર અને મંડળોમાં ગતિની હાનિ-વૃદ્ધિ | ૧૩૩-૧૩૫ |
| ૧૦૯૯. | સર્વ સૂર્ય મંડળોના માર્ગમાં સૂર્યના ગમનાગમનના રાત્રિ દિવસના પ્રમાણ | ૧૩૫ |
| ૧૧૦૦. | સૂર્ય મંડળોમાં સૂર્યની એકવાર અથવા બે વારની ગતિ | ૧૩૫ |
| ૧૧૦૧. | સૂર્યનું એક મંડળથી બીજા મંડળ તરફનું સંક્રમણ | ૧૩૬-૧૩૭ |
| ૧૧૦૨. | પ્રત્યેક અહોરાત્રમાં સૂર્યના એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ ક્ષેત્રની ગતિ | ૧૩૭-૧૪૧ |
| ૧૧૦૩. | સૂર્યની દ્વીપ-સમુદ્રના અવગાહનાન્તર ગતિ | ૧૪૧-૧૪૩ |
| ૧૧૦૪. | સૂર્યોની ત્રાંસી ગતિ | ૧૪૩-૧૪૬ |
| ૧૧૦૫. | સૂર્યની મુહૂર્ત-ગતિનું પ્રમાણ | ૧૪૬-૧૫૩ |
| ૧૧૦૬. | પ્રત્યેક મુહૂર્તમાં સૂર્યની મુહૂર્ત ગતિના પ્રમાણનું પરૂપણ | ૧૫૩ |
| ૧૧૦૭. | પ્રત્યેક મુહૂર્તમાં મંડળના ભાગોમાં ગતિના પ્રમાણનું પ્રરૂપણ | ૧૫૪ |
| ૧૧૦૮. | આદિત્ય સંવત્સરમાં અહોરાત્રનું પ્રમાણ | ૧૫૪-૧૫૮ |
| ૧૧૦૯. | સૂર્યના ગમનાગમનથી વિષમ અહોરાત્રનું પ્રરૂપણ | ૧૫૯ |
| ૧૧૧૦. | સૂર્યની દક્ષિણાર્ધ મંડળ-સંસ્થિતિ | ૧૫૯-૧૬૧ |
| ૧૧૧૧. | સૂર્યની ઉત્તરાર્ધ મંડળ-સંસ્થિતિ | ૧૬૧-૧૬૩ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૧૧૨. | ઉત્તર દિશાના પ્રથમ-દ્વિતીય અને તૃતીય સૂર્ય મંડળના આયામ-વિષ્કમ્ભનું પ્રરૂપણ | ૧૬૩-૧૬૪ |
| ૧૧૧૩-૧૪. | ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં સૂર્ય ગતિની હાનિ વૃદ્ધિનું પ્રરૂપણ | ૧૬૪ |
| ૧૧૧૫. | ઉત્તરાયણગત સૂર્યની મંડળાંતર ગતિનું પ્રરૂપણ | ૧૬૫ |
| ૧૧૧૬. | સૂર્યનો પૂર્ણિમાઓમાં યોગ | ૧૬૫-૧૬૬ |
| ૧૧૧૭. | સૂર્યનો અમાસોમાં યોગ | ૧૬૬-૧૬૭ |


## ચંદ્ર-સૂર્ય વર્ણન


| | | |
|---|---|---|
| ૧૧૧૮. | જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર અને સૂર્ય | ૧૬૭ |
| ૧૧૧૯. | પ્રત્યેક ચંદ્ર-સૂર્યના પરિવારનું પ્રરૂપણ | ૧૬૮ |
| ૧૧૨૦. | ચંદ્ર-સૂર્યની પરિષદાઓ | ૧૬૮-૧૬૯ |
| ૧૧૨૧. | દક્ષિણાર્ધ-ઉત્તરાર્ધ મનુષ્ય ક્ષેત્રમાં જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર-સૂર્ય | ૧૬૯ |
| ૧૧૨૨. | ચંદ્ર અને સૂર્યનો અનુભાવ (સ્વરૂપ) | ૧૬૯-૧૭૦ |
| ૧૧૨૩. | ચંદ્ર અને સૂર્યનું પરસ્પરનું અંતર વગેરેનું પ્રરૂપણ | ૧૭૦ |
| ૧૧૨૪. | ચંદ્ર-સૂર્યના મંડળનો આકાર | ૧૭૦-૧૭૧ |
| ૧૧૨૫. | ચંદ્ર-સૂર્યના મંડળોના સમાંશનું પ્રરૂપણ | ૧૭૨ |
| ૧૧૨૬. | ચંદ્ર-સૂર્યનો આકાર | ૧૭૨-૧૭૪ |
| ૧૧૨૭. | જ્યોત્સ્ના (આતપ-અંધકાર) વગેરેના લક્ષણ | ૧૭૪-૧૭૫ |
| ૧૧૨૮. | ચંદ્ર-સૂર્યોના અવભાસક્ષેત્ર, ઉદ્યોતક્ષેત્ર, તાપક્ષેત્ર અને પ્રકાશક્ષેત્ર | ૧૭૫-૧૭૮ |
| ૧૧૨૯. | ચંદ્ર-સૂર્યોના તાપક્ષેત્રની વૃદ્ધિ હાનિના હેતુનું પ્રરૂપણ | ૧૭૮ |
| ૧૧૩૦. | એક યુગમાં સૂર્ય અને ચંદ્રની ગતિ સંખ્યા | ૧૭૮-૧૭૯ |
| ૧૧૩૧. | ચંદ્ર-સૂર્ય અર્ધમાસમાં ચંદ્ર-સૂર્યની મંડળ ગતિ | ૧૭૯-૧૮૩ |
| ૧૧૩૨. | ચંદ્ર અને સૂર્ય સાથે નક્ષત્રોનો યોગકાળ | ૧૮૩-૧૮૪ |
| ૧૧૩૩. | પૂર્ણિમાઓમાં ચંદ્ર અને સૂર્યનો નક્ષત્રો સાથે યોગ | ૧૮૫-૧૮૭ |
| ૧૧૩૪. | અમાસો (અમાસ) માં ચંદ્ર અને સૂર્યની સાથે નક્ષત્રોનો યોગ | ૧૮૭-૧૮૮ |
| ૧૧૩૫. | હેમંતિ આવૃત્તિઓમાં ચંદ્ર-સૂર્ય સાથે નક્ષત્રોનો યોગકાળ | ૧૮૯-૧૯૦ |
| ૧૧૩૬. | વાર્ષિકી આવૃત્તિઓમાં ચંદ્ર-સૂર્ય સાથે નક્ષત્રોનો યોગકાળ | ૧૯૦-૧૯૨ |
| ૧૧૩૭. | જંબૂદ્વીપના ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૨-૧૯૩ |
| ૧૧૩૮. | લવણ સમુદ્રની અંદરના ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૩ |
| ૧૧૩૯. | લવણસમુદ્રની બહાર (આવેલા) ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૩-૧૯૪ |
| ૧૧૪૦. | ધાતકીખંડ દ્વીપના ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૫ |
| ૧૧૪૧. | કાળોદક સમુદ્રના ચંદ્ર-સૂર્યના દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૫-૧૯૬ |
| ૧૧૪૨. | પુષ્કરવર દ્વીપગત અને બાકીના બધા દ્વીપ-સમુદ્રગત ચંદ્ર-સૂર્યોના ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૬-૧૯૭ |
| ૧૧૪૩. | દેવદ્વીપગત ચંદ્ર-સૂર્યોના ચંદ્ર-સૂર્યદ્વીપોનું પ્રરૂપણ | ૧૯૭ |
| ૧૧૪૪. | દેવોદ સમુદ્રગત ચંદ્ર-સૂર્યોના ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૭ |
| ૧૧૪૫. | સ્વયંભૂરમણ દ્વીપગત ચંદ્ર-સૂર્યોના ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૮ |
| ૧૧૪૬. | સ્વયંભૂરમણ સમુદ્રગત ચંદ્ર-સૂર્યોના ચંદ્ર-સૂર્ય દ્વીપોનું પ્રરૂપણ | ૧૯૯ |


## ગ્રહ વર્ણન


| | | |
|---|---|---|
| ૧૧૪૭. | અઠયાસી મહાગ્રહ | ૧૯૯-૨૦૦ |
| ૧૧૪૮. | આઠ મહાગ્રહોના નામનું પ્રરૂપણ | ૨૦૦ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૧૪૯. | છ તારક ગ્રહોના નામ | ૨૦૦ |
| ૧૧૫૦. | શુક્ર મહાગ્રહની વીથિઓનું પ્રરૂપણ | ૨૦૧ |
| ૧૧૫૧. | શુક્રના ઉદયાસ્તનું પ્રરૂપણ | ૨૦૧ |
| ૧૧૫૨. | રાહુના બે પ્રકાર | ૨૦૧-૨૦૨ |
| ૧૧૫૩. | રાહુના નવ નામ | ૨૦૨ |
| ૧૧૫૪. | રાહુ વિમાનના વર્ણનનું પ્રરૂપણ | ૨૦૨ |
| ૧૧૫૫. | રાહુના કાર્યનું પ્રરૂપણ | ૨૦૨-૨૦૪ |
| ૧૧૫૬. | ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણનું પ્રરૂપણ | ૨૦૪-૨૦૫ |
| | **નક્ષત્ર વર્ણન** | |
| ૧૧૫૭. | નક્ષત્રોની વર્ણક દ્વાર ગાથા | ૨૦૬ |
| ૧૧૫૮. | નક્ષત્રોના નામ | ૨૦૬ |
| ૧૧૫૯. | નક્ષત્રોનું આવલિકાનિપાત અને યોગ | ૨૦૭ |
| ૧૧૬૦. | જંબૂદ્વીપમાં વ્યવહાર યોગ્ય નક્ષત્ર | ૨૦૭ |
| ૧૧૬૧. | નક્ષત્રોનું ગોત્ર | ૨૦૮-૨૧૦ |
| ૧૧૬૨. | નક્ષત્રોના દેવો | ૨૧૧-૨૧૩ |
| ૧૧૬૩. | નક્ષત્રોના સંસ્થાન (આકાર) | ૨૧૪-૨૧૭ |
| ૧૧૬૪. | નક્ષત્રોના તારાઓની સંખ્યા | ૨૧૮-૨૨૩ |
| ૧૧૬૫. | નક્ષત્રોના દ્વાર | ૨૨૪-૨૨૮ |
| ૧૧૬૬. | નક્ષત્રોના કુલ, ઉપકુલ વગેરે | ૨૨૮-૨૨૯ |
| ૧૧૬૭. | બાર પૂર્ણિમાઓમાં કુલાદિ નક્ષત્રોની યોગ સંખ્યા | ૨૨૯-૨૩૫ |
| ૧૧૬૮. | બાર અમાસોમાં કુલાદિ નક્ષત્રોની યોગ સંખ્યા | ૨૩૫-૨૪૦ |
| ૧૧૬૯. | નક્ષત્રોનો પૂર્વાદિભાગો સાથે યોગ-ક્ષેત્ર અને કાળ પ્રમાણ | ૨૪૦-૨૪૨ |
| ૧૧૭૦. | નક્ષત્રોનું આભ્યન્તરાદિ સંચરણ | ૨૪૨ |
| ૧૧૭૧. | નક્ષત્રોનું ચંદ્રની સાથે યોગ | ૨૪૩ |
| ૧૧૭૨. | ચંદ્રના માર્ગમાં યોગ કરનારા નક્ષત્રોની સંખ્યા | ૨૪૩-૨૪૫ |
| ૧૧૭૩. | બાર પૂર્ણિમાઓમાં ચંદ્રની સાથે યોગ કરનારા નક્ષત્રોની સંખ્યા | ૨૪૫-૨૪૭ |
| ૧૧૭૪. | બાર અમાસોમાં નક્ષત્રોના યોગની સંખ્યા | ૨૪૭-૨૪૮ |
| ૧૧૭૫. | બાર પૂર્ણિમાઓ અને અમાસોમાં ચંદ્રની સાથે નક્ષત્રોનો યોગ | ૨૪૮-૨૫૦ |
| ૧૧૭૬. | વર્ષા-હેમંત અને ગ્રીષ્મના દિવસ-રાત્ર (દરમ્યાન) કેટલા નક્ષત્ર પૂર્ણ કરે છે ? | ૨૫૦-૨૫૪ |
| ૧૧૭૭. | નક્ષત્ર મંડળોની સંખ્યા | ૨૫૪ |
| ૧૧૭૮. | આભ્યન્તર અને બાહ્ય નક્ષત્ર મંડળો (વચ્ચેનું) અંતર | ૨૫૪-૨૫૫ |
| ૧૧૭૯. | નક્ષત્ર મંડળો (વચ્ચેનું) અંતર | ૨૫૫ |
| ૧૧૮૦. | નક્ષત્ર મંડળની લંબાઈ, પહોળાઈ, પરિધિ અને જાડાઈ | ૨૫૫ |
| ૧૧૮૧. | મંદર પર્વતથી સર્વાભ્યન્તર અને સર્વબાહ્ય નક્ષત્ર મંડળ વચ્ચેનું અંતર | ૨૫૫ |
| ૧૧૮૨. | સર્વાભ્યન્તર અને સર્વબાહ્ય નક્ષત્ર મંડળોની લંબાઈ-પહોળાઈ અને પરિધિ | ૨૫૬ |
| ૧૧૮૩. | સર્વાભ્યન્તર અને સર્વબાહ્ય મંડળોમાં પ્રત્યેક મુહૂર્તમાં નક્ષત્રની ગતિનું પ્રરૂપણ | ૨૫૬ |
| ૧૧૮૪. | ચંદ્ર મંડળો સાથે મળેલા નક્ષત્ર મંડળ | ૨૫૭ |
| ૧૧૮૫. | ચંદ્ર મંડળમાં કૃત્તિકા નક્ષત્રની ગતિ | ૨૫૭ |
| ૧૧૮૬. | ચંદ્ર મંડળમાં અનુરાધા નક્ષત્રની ગતિ | ૨૫૭ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૧૮૭. | ચંદ્રના પૃષ્ઠ ભાગમાં ગતિ કરનારા નવ નક્ષત્ર | ૨૫૭ |
| ૧૧૮૮. | નક્ષત્રોના મંડળોનું સીમા-વિષ્કમ્ભ | ૨૫૭-૨૫૯ |
| ૧૧૮૯. | નક્ષત્રોના સીમા-વિષ્કમ્ભનો સમાંશ | ૨૫૯ |
| ૧૧૯૦. | પ્રત્યેક મુહૂર્તમાં નક્ષત્ર દ્વારા મંડળના ભાગોમાં ગમન | ૨૫૯ |
| ૧૧૯૧. | નક્ષત્રોનું સ્વરૂપ-પ્રરૂપણ | ૨૬૦-૨૬૩ |
| ૧૧૯૨. | નક્ષત્રોનો ચંદ્રની સાથે યોગકાળ | ૨૬૩-૨૬૫ |
| ૧૧૯૩. | નક્ષત્રોનો સૂર્યની સાથે યોગકાળ | ૨૬૫-૨૬૭ |
| ૧૧૯૪. | નક્ષત્રોનો ચંદ્રની સાથે યોગારંભનો કાળ | ૨૬૭-૨૭૬ |
| ૧૧૯૫. | જ્ઞાનની વૃદ્ધિ કરનારા દસ નક્ષત્ર | ૨૭૬ |
| | **તારા વર્ણન** | |
| ૧૧૯૬. | તારાઓનું અણુત્વ-તુલ્યત્વ | ૨૭૬-૨૭૭ |
| ૧૧૯૭. | તારાઓના અબાધા-અંતરનું પ્રરૂપણ | ૨૭૭ |
| ૧૧૯૮. | તારારૂપોનું ચલિત થવાનું કારણ | ૨૭૭ |
| | **ઊર્ધ્વ લોક** | |
| ૧૧૯૯. | ઊર્ધ્વલોક ક્ષેત્રલોકનું પંદર પ્રકારનું પ્રરૂપણ | ૨૭૮ |
| ૧૨૦૦. | ઊર્ધ્વલોક ક્ષેત્રલોકના સંસ્થાનનું પ્રરૂપણ | ૨૭૮ |
| ૧૨૦૧. | ઊર્ધ્વલોક ક્ષેત્રલોકમાં જીવ તથા અજીવના દેશો અને પ્રદેશોનું પ્રરૂપણ | ૨૭૮ |
| ૧૨૦૨. | ઊર્ધ્વલોક ક્ષેત્રલોકના એક આકાશ-પ્રદેશમાં જીવ તથા અજીવના દેશ અને પ્રદેશોનું પ્રરૂપણ | ૨૭૯-૨૮૦ |
| ૧૨૦૩. | ઊર્ધ્વલોકના આયામ-મધ્યનું પ્રરૂપણ | ૨૮૦ |
| ૧૨૦૪. | ઊર્ધ્વલોક ક્ષેત્રાનુંપૂર્વીનું પ્રરૂપણ | ૨૮૦-૨૮૧ |
| | **વૈમાનિક દેવ** | |
| ૧૨૦૫. | વૈમાનિક દેવોનું સ્થાન | ૨૮૧-૨૮૨ |
| ૧૨૦૬. | વૈમાનિક દેવોનું વર્ણન | ૨૮૨-૨૮૩ |
| ૧૨૦૭. | વૈમાનિક વિમાનોની સંખ્યા આદિનું પ્રરૂપણ | ૨૮૩-૨૮૪ |
| ૧૨૦૮. | સૌધર્મ કલ્પના દેવોના સ્થાન | ૨૮૪-૨૮૫ |
| ૧૨૦૯. | કલ્પોપપન્નક વૈમાનિક દેવોના ઈન્દ્ર | ૨૮૫ |
| ૧૨૧૦. | સૌધર્મેન્દ્ર વર્ણક | ૨૮૬ |
| ૧૨૧૧. | સૌધર્મ કલ્પની સુધર્મા સભામાં જિન અસ્થિઓની અવસ્થિતિ | ૨૮૬ |
| ૧૨૧૨. | ઈશાન કલ્પદેવોના સ્થાન | ૨૮૬-૨૮૭ |
| ૧૨૧૩. | ઈશાનેન્દ્ર વર્ણક | ૨૮૭ |
| ૧૨૧૪. | સનત્કુમાર દેવોના સ્થાન | ૨૮૮ |
| ૧૨૧૫. | સનત્કુમારેન્દ્ર વર્ણક | ૨૮૯ |
| ૧૨૧૬. | માહેન્દ્ર દેવોના સ્થાન | ૨૮૯ |
| ૧૨૧૭. | માહેન્દ્ર વર્ણક | ૨૮૯ |
| ૧૨૧૮. | બ્રહ્મલોક દેવોના સ્થાન | ૨૯૦ |
| ૧૨૧૯. | બ્રહ્મ દેવેન્દ્ર વર્ણક | ૨૯૦ |
| ૧૨૨૦. | લાંતક દેવોના સ્થાન | ૨૯૦-૨૯૧ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૨૨૧. | લાંતક દેવેન્દ્ર વર્ણક | ૨૯૧ |
| ૧૨૨૨. | મહાશુક્ર દેવોના સ્થાન | ૨૯૧-૨૯૨ |
| ૧૨૨૩. | મહાશુક્ર દેવેન્દ્ર વર્ણક | ૨૯૨ |
| ૧૨૨૪. | સહસ્ત્રાર દેવોના સ્થાન | ૨૯૨ |
| ૧૨૨૫. | સહસ્ત્રાર દેવેન્દ્ર વર્ણક | ૨૯૩ |
| ૧૨૨૬. | આનત-પ્રાણત દેવોના સ્થાન | ૨૯૩-૨૯૪ |
| ૧૨૨૭. | પ્રાણત દેવેન્દ્ર વર્ણક | ૨૯૪ |
| ૧૨૨૮. | આરણ-અચ્યુત દેવોના સ્થાન | ૨૯૪-૨૯૫ |
| ૧૨૨૯. | અચ્યુત દેવેન્દ્ર વર્ણક | ૨૯૫ |
| ૧૨૩૦. | બાર દેવલોકોના દેવ વિમાનોની સંગ્રહણી ગાથાઓ | ૨૯૫ |
| ૧૨૩૧. | સામાનિક દેવોની સંગ્રહણી ગાથા | ૨૯૫-૨૯૬ |
| ૧૨૩૨. | ગ્રૈવેયક દેવોના સ્થાન | ૨૯૬-૨૯૮ |
| ૧૨૩૩. | અનુત્તરોપપાતિક દેવોના સ્થાન | ૨૯૮-૨૯૯ |
| ૧૨૩૪. | ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક દેવોના વિમાનોની સંખ્યા | ૨૯૯ |
| ૧૨૩૫. | સૌધર્મ-ઈશાનાદિ કલ્પોની નીચે ગૃહાદિનો અભાવ બલાહકાદિના ભાવનું પ્રરૂપણ | ૨૯૯-૩૦૦ |
| ૧૨૩૬. | લોકાન્તિક દેવ વિમાનોનું પ્રરૂપણ | ૩૦૦-૩૦૨ |
| ૧૨૩૭. | જ્યોતિષ્કથી કલ્પોનું અંતર | ૩૦૨-૩૦૩ |
| ૧૨૩૮. | કલ્પોના સંસ્થાન | ૩૦૩ |
| ૧૨૩૯. | વિમાન પૃથ્વીઓના પ્રતિષ્ઠાન | ૩૦૩-૩૦૪ |
| ૧૨૪૦-૪૧. | વૈમાનિક વિમાનોના આકારાદિ | ૩૦૪-૩૦૫ |
| ૧૨૪૨. | વિમાન પૃથ્વીઓનું બાહલ્ય (અધિકતા) | ૩૦૬ |
| ૧૨૪૩. | વૈમાનિક વિમાનોની મહત્તા | ૩૦૭ |
| ૧૨૪૪. | વૈમાનિક વિમાનોનું ઉપાદાન | ૩૦૭ |
| ૧૨૪૫. | વૈમાનિક વિમાનોના વર્ણ (રંગ) | ૩૦૭-૩૦૮ |
| ૧૨૪૬. | વૈમાનિક વિમાનોની ગંધ | ૩૦૮ |
| ૧૨૪૭. | વૈમાનિક વિમાનોનો સ્પર્શ | ૩૦૮ |
| ૧૨૪૮-૫૦. | વૈમાનિક વિમાનોના આયામ-વિષ્કમ્ભ અને પરિધિ | ૩૦૯ |
| ૧૨૫૧. | વૈમાનિક વિમાનોની પ્રભા | ૩૦૯ |
| ૧૨૫૨. | વૈમાનિક વિમાનોની ઊંચાઈ | ૩૦૯-૩૧૦ |
| ૧૨૫૩. | વૈમાનિક વિમાનોના પ્રકારોની ઊંચાઈ | ૩૧૦ |
| ૧૨૫૪-૫૬. | વૈમાનિક વિમાનોમાં પ્રસ્તટ | ૩૧૧-૩૧૨ |
| ૧૨૫૭. | કેટલાક વિમાન ઊંચા છે અને કેટલા વિમાન નીચા છે. | ૩૧૨ |
| ૧૨૫૮. | પ્રથમ પ્રસ્તટમાં વિમાન | ૩૧૨ |
| ૧૨૫૯. | ઉડુ વિમાનનો આયામ વિષ્કમ્ભ | ૩૧૨ |
| ૧૨૬૦. | વિમાનની બાહામાં ભૌમ (ભવન) | ૩૧૨ |
| ૧૨૬૧-૬૪. | વિમાનાવાસની સંખ્યા | ૩૧૩ |
| ૧૨૬૫. | વિમાનોના પ્રકાર | ૩૧૩ |
| ૧૨૬૬. | પારિયાનિક વિમાન | ૩૧૩ |
| ૧૨૬૭. | પાલકયાન વિમાનોનો આયામ-વિષ્કમ્ભ | ૩૧૪ |
| ૧૨૬૮. | સ્વસ્તિક વગેરે વૈમાનિક દેવ વિમાનોના આયામ-વિષ્કમ્ભ અને વિશાળતાનું પ્રરૂપણ | ૩૧૪-૩૧૫ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૨૬૯. | શક્રના લોકપાલોના વિમાન | ૩૧૫-૩૧૭ |
| ૧૨૭૦. | ઈશાન લોકપાલોના વિમાન | ૩૧૭-૩૧૮ |
| ૧૨૭૧. | શક્રાદિ ઈન્દ્રોના અને સોમાદિ લોકપાલોના ઉત્પાત પર્વત | ૩૧૮ |


## કૃષ્ણરાજીઓનું વર્ણન


| | | |
|---|---|---|
| ૧૨૭૨. | કૃષ્ણરાજીઓની સંખ્યા અને સ્થાનોનું પ્રરૂપણ | ૩૧૮-૩૧૯ |
| ૧૨૭૩. | કૃષ્ણરાજીઓના આયામ-વિષ્કમ્ભનું પ્રરૂપણ | ૩૧૯-૩૨૦ |
| ૧૨૭૪. | કૃષ્ણરાજીઓના પ્રમાણનું પ્રરૂપણ | ૩૨૦ |
| ૧૨૭૫. | કૃષ્ણરાજીઓમાં 'ગૃહ' વગેરેના અભાવનું પ્રરૂપણ | ૩૨૦ |
| ૧૨૭૬. | કૃષ્ણરાજીઓમાં દેવકૃત મેઘ આદિનું અસ્તિત્વ | ૩૨૧ |
| ૧૨૭૭. | કૃષ્ણરાજીઓમાં અપ્કાયિકો આદિના અભાવનું પ્રરૂપણ | ૩૨૧ |
| ૧૨૭૮. | કૃષ્ણરાજીઓમાં ચંદ્ર આદિના અભાવનું પ્રરૂપણ | ૩૨૧ |
| ૧૨૭૯. | કૃષ્ણરાજીઓના વર્ણ (રંગ)નું પ્રરૂપણ | ૩૨૧-૩૨૨ |
| ૧૨૮૦. | કૃષ્ણરાજીઓના નામ | ૩૨૨ |
| ૧૨૮૧. | કૃષ્ણરાજીઓના પરિણામત્વનું પ્રરૂપણ | ૩૨૨ |
| ૧૨૮૨. | કૃષ્ણરાજીઓમાં બધા પ્રાણીઓની પૂર્વોત્પત્તિનું પ્રરૂપણ | ૩૨૨ |


## તમસ્કાય વર્ણન


| | | |
|---|---|---|
| ૧૨૮૩. | તમસ્કાયના સ્વરૂપનું પ્રરૂપણ | ૩૨૩ |
| ૧૨૮૪. | તમસ્કાયની ઉત્પત્તિ અને સમાપ્તિનું પ્રરૂપણ | ૩૨૩ |
| ૧૨૮૫. | તમસ્કાયના આકારનું પ્રરૂપણ | ૩૨૩ |
| ૧૨૮૬. | તમસ્કાયની પહોળાઈ અને પરિધિનું પ્રરૂપણ | ૩૨૪ |
| ૧૨૮૭. | તમસ્કાયની મહાનતાનું પ્રરૂપણ | ૩૨૪ |
| ૧૨૮૮. | તમસ્કાયમાં ઘર, ગામ આદિના અભાવનું પ્રરૂપણ | ૩૨૫ |
| ૧૨૮૯. | ચાર પ્રકારના દેવો દ્વારા તમસ્કાયની રચના | ૩૨૫ |
| ૧૨૯૦. | તમસ્કાયમાં મેઘ આદિનું અસ્તિત્વ અને દેવકૃતત્વનું પ્રરૂપણ | ૩૨૬ |
| ૧૨૯૧. | તમસ્કાયમાં બાદર પૃથ્વીકાય અને તેજસ્કાયના અભાવનો પ્રરૂપણ | ૩૨૬ |
| ૧૨૯૨. | તમસ્કાયમાં ચંદ્ર સૂર્યાદિના અભાવનું પ્રરૂપણ | ૩૨૬ |
| ૧૨૯૩. | તમસ્કાયના વર્ણની પ્રરૂપણા | ૩૨૬-૩૨૭ |
| ૧૨૯૪. | તમસ્કાયના નામ | ૩૨૭ |
| ૧૨૯૫. | તમસ્કાયના પરિણામિત્વનું પ્રરૂપણ | ૩૨૭ |
| ૧૨૯૬. | તમસ્કાયમાં બધા પ્રાણાદિની પૂર્વોત્પત્તિનું પ્રરૂપણ | ૩૨૭ |


## સિદ્ધસ્થાન


| | | |
|---|---|---|
| ૧૨૯૭. | સિદ્ધસ્થાન પરિજ્ઞા | ૩૨૮ |
| ૧૨૯૮. | સિદ્ધસ્થાન | ૩૨૮-૩૨૯ |


## કાળ - લોક


| | | |
|---|---|---|
| ૧૨૯૯. | કાળ સમવતાર | ૩૩૦ |
| ૧૩૦૦. | કાળાનુંપૂર્વીના ભેદ-પ્રભેદ | ૩૩૧ |
| ૧૩૦૧. | નૈગમ-વ્યવહારનયસમ્મત અનૌપનિધિકી કાળાનુંપૂર્વી | ૩૩૧-૩૩૪ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૩૦૨. | સંગ્રહનયસમ્મત અનૌપનિધિકી કાળાનુંપૂર્વી | ૩૩૫ |
| ૧૩૦૩. | ઔપનિધિકી કાળાનુંપૂર્વી | ૩૩૫-૩૩૬ |
| ૧૩૦૪. | કાળના ભેદોનું પ્રરૂપણ | ૩૩૭ |
| ૧૩૦૫. | કાળના ચાર ભેદોનું પ્રરૂપણ | ૩૩૭ |
| ૧૩૦૬. | દિવસ-રાત્રિ પ્રમાણકાળનું પ્રરૂપણ | ૩૩૭-૩૩૮ |
| ૧૩૦૭. | માસાદિ પ્રમાણકાળનું પ્રરૂપણ | ૩૩૮ |
| ૧૩૦૮. | જઘન્ય અને ઉત્કૃષ્ટ પોરષી | ૩૩૮-૩૩૯ |
| ૧૩૦૯. | દિવસ અને રાત્રિએ સમાન પોરષી | ૩૪૦ |
| ૧૩૧૦. | ચૈત્ર અને આસો માસમાં પોરષી છાયાનું પ્રમાણ | ૩૪૦ |
| ૧૩૧૧. | કાર્તિક વદી સાતમે પોરષી છાયાનું પ્રમાણ | ૩૪૦ |
| ૧૩૧૨. | યથાયુર્નિવૃત્તિકાળનું પ્રરૂપણ | ૩૪૦ |
| ૧૩૧૩. | મરણકાળ પ્રરૂપણ | ૩૪૦ |
| ૧૩૧૪. | અધ્ધાકાળનું પ્રરૂપણ | ૩૪૧ |
| ૧૩૧૫. | કાળ પ્રમાણના ભેદ | ૩૪૧ |
| ૧૩૧૬. | ઉદાહરણ સહિત સમયના સ્વરૂપનું પ્રરૂપણ | ૩૪૨-૩૪૩ |
| ૧૩૧૭. | આવલિકા આદિનું પ્રમાણ | ૩૪૩-૩૪૫ |
| ૧૩૧૮. | અવસર્પિણી અને ઉત્સર્પિણીના ભેદોનું પ્રરૂપણ | ૩૪૫ |
| ૧૩૧૯. | કર્મ-અકર્મ ભૂમિઓમાં અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના ભાવ-અભાવનું પ્રરૂપણ | ૩૪૫-૩૪૬ |
| ૧૩૨૦. | અવસર્પિણી- ઉત્સર્પિણીના સુષમ-સુષમાં કાળમાનનું પ્રરૂપણ | ૩૪૬ |
| ૧૩૨૧. | ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળના છ આરાઓના આકારભાવ સ્વરૂપનું પ્રરૂપણ | ૩૪૬-૩૫૭ |
| ૧૩૨૨. | ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી કાળના છ આરાઓના આકારભાવ સ્વરૂપનું પ્રરૂપણ | ૩૫૭-૩૬૧ |
| ૧૩૨૩. | પલ્યોપમ સાગરોપમનું પ્રયોજન | ૩૬૨ |
| ૧૩૨૪. | ગણિત કાળનું પ્રરૂપણ | ૩૬૨-૩૬૩ |
| ૧૩૨૫. | ઔપમિક કાળનું પ્રરૂપણ | ૩૬૩-૩૬૭ |
| ૧૩૨૬. | ઔપમિક કાળના ભેદ-પ્રભેદ | ૩૬૭ |
| ૧૩૨૭. | ઉદ્ધાર પલ્યોપમના ભેદ | ૩૬૭ |
| ૧૩૨૮. | સોદાહરણ વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમના સ્વરૂપનું પ્રરૂપણ | ૩૬૮ |
| ૧૩૨૯. | સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું ઉદાહરણ સહિત સ્વરૂપ પ્રરૂપણ | ૩૬૮-૩૬૯ |
| ૧૩૩૦. | અદ્ધા પલ્યોપમના ભેદ | ૩૬૯ |
| ૧૩૩૧. | વ્યાવહારિક અદ્ધાપલ્યોપમનું સોદાહરણ સ્વરૂપ પ્રરૂપણ | ૩૭૦ |
| ૧૩૩૨. | સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમનું સોદાહરણ સ્વરૂપ પ્રરૂપણ | ૩૭૦-૩૭૧ |
| ૧૩૩૩. | ક્ષેત્રપલ્યોપમનું સ્વરૂપ | ૩૭૧ |
| ૧૩૩૪. | ઉદાહરણ સહિત વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમના સ્વરૂપનું પ્રરૂપણ | ૩૭૧-૩૭૨ |
| ૧૩૩૫. | ઉદાહણ સહિત સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના સ્વરૂપનું પ્રરૂપણ | ૩૭૨-૩૭૩ |
| ૧૩૩૬. | આવલિકા આદિ કાળ ભેદોના સમયોની સંખ્યાનું પ્રરૂપણ | ૩૭૩-૩૭૪ |
| ૧૩૩૭. | શ્વાસોચ્છવાસાદિ કાળ ભેદોની આવલિકા સંખ્યાનું પ્રરૂપણ | ૩૭૫-૩૭૬ |
| ૧૩૩૮. | સ્તોકાદિ કાળ ભેદોમાં શ્વાસોચ્છવાસોની સંખ્યાનું પ્રરૂપણ | ૩૭૬ |
| ૧૩૩૯. | સાગરોપમાદિમાં પલ્યોપમોની સંખ્યાનું પ્રરૂપણ | ૩૭૬-૩૭૭ |
| ૧૩૪૦. | અવસર્પિણી આદિમાં સાગરોપમોની સંખ્યાનું પ્રરૂપણ | ૩૭૭ |
| ૧૩૪૧. | પુદ્ગલ પરાવર્તનમાં અવસર્પિણી અને ઉત્સર્પિણીની સંખ્યાનું પ્રરૂપણ | ૩૭૭ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| સૂત્રાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૩૪૨. | ભૂતકાળમાં પુદ્‌ગલ પરિવર્તનોનું અનન્તત્વ | ૩૭૭ |
| ૧૩૪૩. | ભૂતકાળથી અનાગત કાળનું સમયાધિકત્વ | ૩૭૮ |
| ૧૩૪૪. | ભૂતકાળથી સર્વકાળનું કંઈક વધુ બે ગણાપણું | ૩૭૮ |
| ૧૩૪૫. | અનાગત કાળથી સર્વકાળનું કંઈક ઓછું બેગણાપણું | ૩૭૮ |
| ૧૩૪૬. | પુદ્‌ગલ પરાવર્તના ભેદ | ૩૭૮ |
| ૧૩૪૭. | પરમાણુ પુદ્‌ગલોના અનન્તાનન્ત પુદ્‌ગલ પરાવર્તોનું પ્રરૂપણ | ૩૭૯ |
| ૧૩૪૮. | પુદ્‌ગલ પરાવર્તના સાત ભેદોનું પ્રરૂપણ | ૩૭૯ |
| ૧૩૪૯. | સંવત્સરોની સંખ્યા અને એના લક્ષણ | ૩૭૯ |
| ૧૩૫૦. | પાંચ સંવત્સરોના લક્ષણોની ગાથાઓ | ૩૮૦ |
| ૧૩૫૧. | પાંચ સંવત્સરોનો પ્રારંભ અને પર્યવસાન કાળ તથા એમના સમત્વનું પ્રરૂપણ | ૩૮૦-૩૮૨ |
| ૧૩૫૨. | પાંચ સંવત્સરોનો પ્રારંભકાળ, પર્યવસાન કાળ અને ચંદ્ર-સૂર્યની સાથે નક્ષત્રોના સંયોગ કાળ | ૩૮૨-૩૮૫ |
| ૧૩૫૩. | સૂર્યના આવૃત્તિકરણ કાળનો પ્રરૂપણ | ૩૮૫ |
| ૧૩૫૪. | પાંચ સંવત્સરો અને માસોના અહોરાત્ર તેમજ મુહૂર્તોનું પ્રમાણ | ૩૮૫-૩૮૮ |
| ૧૩૫૫. | નક્ષત્ર સંવત્સરના ભેદ અને એના નામ | ૩૮૯ |
| ૧૩૫૬. | યુગ સંવત્સરના ભેદ અને એનું કાળ પ્રમાણ | ૩૮૯ |
| ૧૩૫૭. | પ્રમાણ સંવત્સરના ભેદ | ૩૮૯ |
| ૧૩૫૮. | લક્ષણ સંવત્સરના ભેદ | ૩૮૯ |
| ૧૩૫૯. | શનૈશ્ચર સંવત્સરના ભેદ | ૩૯૦ |
| ૧૩૬૦. | એક સંવત્સરના માસ | ૩૯૦ |
| ૧૩૬૧. | ઓગણત્રીસ રાત-દિવસવાળા માસોના નામ | ૩૯૦-૩૯૧ |
| ૧૩૬૨. | યુગમાં આદિ સંવત્સર કોણ અને અયન આદિની સંખ્યાનું પ્રરૂપણ | ૩૯૧ |
| ૧૩૬૩. | એક યુગના અહોરાત્ર અને મુહૂર્તનું પ્રમાણ | ૩૯૧-૩૯૨ |
| ૧૩૬૪. | એક યુગમાં પૂર્ણિમાંઓ અને અમાસો | ૩૯૩ |
| ૧૩૬૫. | નક્ષત્ર માસોના અહોરાત્ર | ૩૯૩ |
| ૧૩૬૬. | યામોનું પ્રરૂપણ | ૩૯૩ |
| ૧૩૬૭. | "માસના" મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ (ઘટાડો-વધારો) | ૩૯૪ |
| ૧૩૬૮. | મુહૂર્તોના નામ | ૩૯૪-૩૯૫ |
| ૧૩૬૯. | દિવસ અને રાત્રિઓના નામ | ૩૯૫-૩૯૬ |
| ૧૩૭૦. | અવમ રાત્રિઓની અને અતિરિક્ત રાત્રિઓની સંખ્યા અને એના હેતુ | ૩૯૬-૩૯૭ |
| ૧૩૭૧. | તિથિઓના નામ | ૩૯૭-૩૯૮ |
| ૧૩૭૨. | રજનીકાળની અભિવૃદ્ધિ તિથિનું પ્રરૂપણ | ૩૯૮ |
| ૧૩૭૩. | કરણના ભેદ અને એના ચર-સ્થિરની પ્રરૂપણા | ૩૯૮-૪૦૦ |
| ૧૩૭૪. | ઋતુઓના નામ અને કાળ પ્રમાણ | ૪૦૧ |
| ૧૩૭૫. | જંબૂદ્વીપની ચારે દિશાઓમાં વર્ષા આદિનું પ્રરૂપણ | ૪૦૧-૪૦૩ |
| ૧૩૭૬. | અઢીદ્વીપમાં કાળનો પ્રભાવ | ૪૦૩-૪૦૪ |
| ૧૩૭૭. | લોકમાં રાત્રિ-દિવસ | ૪૦૪-૪૦૫ |
| ૧૩૭૮. | મનુષ્યલોકની મર્યાદા | ૪૦૫-૪૦૬ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગણિતાનુયોગ : સારાંશ

## વાણવ્યન્તરદેવ : સૂત્ર ૯૬૪-૯૮૪ પૃ.૧-૧૧

વાણવ્યન્તર દેવ તિર્યગ્લોકવાસી દેવ છે. એટલે તિર્યગ્લોકના દ્વિપાદિનું વર્ણન કર્યા પછી સ્થાન વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ રત્નપ્રભા પૃથ્વીના સહસ્ત્ર યોજન જાડા રત્નમય કાંડમાંથી ઉપર નીચેથી સો યોજન જવા દઈને વચ્ચેના આઠસો યોજનમાં ત્રાંસા અસંખ્ય લાખ ભૌમેય નગરાવાસ કહેવામાં આવ્યા છે. આ ભૌમેય નગર બહારથી ગોળ અને અંદરથી ચોરસ, રત્નમય અને સ્વચ્છ છે. એમાં પર્યાપ્ત - અપર્યાપ્ત બાણવ્યન્તર દેવોના સ્થાન છે. એ સ્થાન ઉપપાત, સમુદ્ઘાત અને સ્વ-સ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. આ ભૌમેય નગરાવાસોમાં નિમ્ન વાણવ્યન્તર દેવો નિવાસ કરે છે :

૧. પિશાચ, ૨. ભૂત, ૩. યક્ષ, ૪. રાક્ષસ, ૫. કિન્નર, ૬. કિંપુરુષ, ૭. મહોરગ, ૮. ગંધર્વ,

૧. અણપન્નિક, ૨. પણપન્નિક, ૩. ઋષિવાદિક, ૪. ભૂતવાદિત, ૫. કંદિત, ૬. મહાકંદિત, ૭. કુહંડ, ૮. પતંગદેવ.

એ બધા ચંચળ સ્વભાવવાળા, ક્રીડા અને હાસ્યપ્રિય છે તથા ગીત નૃત્ય વગેરેમાં એમની વિશેષ રૂચિ હોય છે. સુંદર વસ્ત્રાભૂષણો વગેરેથી શણગારેળા હોય છે. ઈચ્છાનુસાર રૂપ અને દેહ ધારણ કરી લે છે. કલહ, ક્રીડા, કોલાહલ વગેરે એના પ્રિય (વિષયો) છે. હાથમાં તલવાર મુદ્ગર અને ભાલા વગેરે હોય છે. એ બધા પોતાના ભવનવાસો, સામાનિક દેવો, અગ્રમહિષીઓ, પરિષદાઓ, સેનાઓ, સેનાપતિઓ, આત્મરક્ષક દેવો વગેરે સાથે ભોગ ભોગવામાં સમર્થ હોય છે.

હવે પિશાચાદિ પ્રત્યેક વાણવ્યંતરનું જુદું-જુદું વર્ણન આ પ્રમાણે છે :

પિશાચોના આવાસસ્થાન રત્નપ્રભા પૃથ્વીના સહસ્ત્રયોજન વિસ્તીર્ણ રત્નકાંડની મધ્યમાં આઠસો યોજન ત્રાંસા અસંખ્યાત લાખ કહેવામાં આવ્યા છે. કાળ અને મહાકાળ એ બે એના ઈન્દ્ર છે. તેઓ મહર્ધિક અને મહાદ્યુતિવાળા છે. દિશાની અપેક્ષાએ એના બે ભેદ છે- દક્ષિણદિશાવાસી અને ઉત્તરદિશાવાસી.

દક્ષિણ દિશાવાસી પિશાચેન્દ્રનું નામ કાળ છે. એના ચાર હજાર સામાનિક દેવ, એનાથી ચારગણા (૧૬ હજાર) આત્મરક્ષક દેવ, ચાર અગ્રમહિષીઓ, ત્રણ પરિષદાઓ, સાત સેનાઓ, સાત સેનાપતિ વગેરે છે, જેનું આધિપત્ય કરતા એવો તે સમય પસાર કરે છે.

ઉત્તર દિશાના પિશાચેન્દ્રનું નામ મહાકાળ છે. બાકીનું વર્ણન કાળ જેવું જ છે. એ પ્રમાણે બાકીના ભૂતાદિ વ્યન્તરોના સ્થાન આદિનું વર્ણન જાણવું જોઈએ. એના દક્ષિણ અને ઉત્તરદિશાની અપેક્ષાએ ઈન્દ્રોના નામ આ પ્રમાણે છે :

(૨) ભૂતોના ઇંદ્ર - ૧. સુરુપ, ૨. પ્રતિરુપ,
(૩) યક્ષોના ઇંદ્ર - ૧. પૂર્ણભદ્ર, ૨. મણિભદ્ર
(૪) રાક્ષસોના ઇંદ્ર - ૧. ભીમ ૨. મહાભીમ
(૫) કિન્નરોના ઇંદ્ર - ૧. કિન્નર, ૨. કિંપુરુષ.
(૬) કિંપુરુષોના ઇંદ્ર. ૧. સત્પુરુષ, ૨. મહાપુરુષ.
(૭) મહોરગોના ઇંદ્ર - ૧. અતિકાય, ૨. મહાકાય,
(૮) ગંધર્વોના ઇંદ્ર ૧. ગીતરતિ, ૨. ગીતયશ. એમાં ઈકાઈવાળા (એકીવાળા) દક્ષિણ દિશાની તરફ દહાઈવાળા (બેકીવાળા) ઉત્તર દિશાના ઇંદ્ર છે.

આઠ વાણવ્યન્તરોના ચૈત્યવૃક્ષોના નામ આ પ્રકારે છે. ૧. કદંબ, ૨. વટ, ૩. તુલસી, ૪. કંડક, ૫. અશોક, ૬. ચંપક, ૭. નાગવૃક્ષ, ૮. તિંદુક. આ બધા ચૈત્ય વૃક્ષ આઠ-આઠ યોજન ઊંચા છે.

અણપન્નિક વગેરે આઠ પ્રકારના વાણવ્યંતરોના આવાસ સ્થાન રત્નપ્રભા પૃથ્વીના સહસ્ત્રયોજન જાડા રત્નકાંડના ઉપર નીચે એક-એક સો યોજન જવા દઈને વચ્ચેના આઠસો યોજનમાં છે.

અણપન્નિક વગેરે આઠ વાણવ્યંતરોના દક્ષિણ અને ઉત્તર દિશાના ક્રમાનુસાર ઈંદ્રોના નામ આ પ્રમાણે છે :

૧. અણપન્નિકના ઇંદ્ર - ૧. સન્નિહિત, ૨. સામાન્ય.
૨. પણપન્નિકના ઇંદ્ર - ૧. ધાતા, ૨. વિધાતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. ઋષિવાદિના ઇંદ્ર - ૧. ઋષિ, ૨. ઋષિપાળ.
૪. ભૂતવાદિના ઇંદ્ર - ૧. ઈશ્વર, ૨. મહેશ્વર.
૫. કંદિતના ઇંદ્ર - ૧. સુવત્સ, ૨. વિશાળ.
૬. મહાકંદિતના ઇંદ્ર - ૧. હ્રાસ, ૨. હ્રાસરતિ.
૭. કોહંડના ઇંદ્ર - ૧. શ્વેત, ૨. મહાશ્વેત.
૮. પતંગના ઇંદ્ર - ૧. પતંગ, ૨. પતંગપતિ.

પિશાચેન્દ્ર વગેરે આઠ વ્યન્તરેન્દ્રોની ચાર-ચાર અગ્રમહિષીઓ હોય છે. જેના નામ આ પ્રમાણે છે -

**૧. પિશાચેન્દ્રકાળ** - ૧. કમળા, ૨. કમલપ્રભા, ૩. ઉત્પલા, ૪. સુદર્શના - મહાકાળની અગ્રમહિષીઓના નામ પણ એજ છે.

**૨. ભૂતેન્દ્ર સુરૂપ** - ૧. રૂપવતી, ૨. બહુરૂપા, ૩. સુરૂપા, ૪. સુભંગા - 'પ્રતિરૂપ'ની અગ્રમહિષીઓના નામ પણ એ જ છે.

**૩. યક્ષેન્દ્ર પૂર્ણભદ્ર** - ૧. પુત્રા, ૨. બહુપુત્રિકા, ૩. ઉત્તમા, ૪. તારકા. 'મણિભદ્ર'ની અગ્રમહિષીઓના પણ એજ નામ છે.

**૪. રાક્ષસેન્દ્ર ભીમ** - ૧. પદ્મા, ૨. વસુમતિ, ૩. કનકા, ૪. રત્નપ્રભા - 'મહાભીમ'ની અગ્રમહિષીઓના પણ એજ નામ છે.

**૫. કિન્નરેન્દ્ર કિન્નર** - ૧. અવતંસિકા, ૨. કેતુમતિ, ૩. રતિસેના, ૪. રતિપ્રભા. કિંપુરુષની અગ્રમહિષીઓના પણ એજ નામ છે.

**૬. કિંપુરુષેન્દ્ર સત્પુરુષ** - ૧. રોહિણી, ૨. નવમિકા, ૩. હ્રી, ૪. પુષ્પવતી. આ જ નામ 'મહાપુરુષ'ની અગ્રમહિષીઓના પણ છે.

**૭. મહોરગેન્દ્ર અતિકાય** - ૧. ભુજગા, ૨. ભુજગવતી, ૩. મહાકચ્છા, ૪. સ્ફુટા. આ જ નામ 'મહાકાય' ની અગ્રમહિષીઓના પણ છે.

**૮. ગંધર્વેન્દ્ર ગીતરસ** - ૧. સુઘોષા, ૨. વિમળા, ૩. સુસ્વરા, ૪. સરસ્વતી. 'ગીતયશ'ની અગ્રમહિષીઓના પણ આજ નામ છે.

વાણવ્યંતરોના ભૌમેય નગરાવાસ અસંખ્ય લાખ કહેવામાં આવ્યા છે અને તે રત્નમય છે. દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે. વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. એનો વિસ્તાર સંખ્યાત યોજન પણ છે અને અસંખ્યાત યોજન પણ છે.

વાણવ્યન્તર દેવોની સુધર્મા સભાઓની ઊંચાઈ નવ યોજન છે. રત્નપ્રભા પૃથ્વીના અંજનકાંડથી વાણવ્યન્તર ભૌમેય વિહારોની ઉપરના અંતિમભાગ (સુધી)નું અંતર નવ હજાર નવસો (૯૯૦૦) યોજન છે.

દરેક વ્યન્તરેન્દ્રની ઈસર, ત્રુટિતા અને દઢતા નામની ત્રણ પરિષદાઓ હોય છે. એમાં ઈસા આભ્યન્તર છે. જેમાં આઠ હજાર દેવ અને એક સો દેવીઓ છે. મધ્યમિકા (વચલી) પરિષદ ત્રુટિતા (નામની) છે. એમાં દસ હજાર દેવ અને એકસો દેવીઓ છે. બાહ્ય પરિષદનું (નામ) દઢતા છે. એમાં બાર હજાર દેવ અને એકસો દેવીઓ છે. આ વ્યન્તર દેવોનો સંક્ષિપ્ત પરિચય છે.

જૃંભક નામના દેવોને પણ વ્યન્તરોની જેમ હાસ્ય ક્રીડા વગેરે પ્રિય હોય છે. એમના તુષ્ટ અને રુષ્ટ થવા પર વ્યક્તિને યશ અને અપયશની પ્રાપ્તિ થાય છે.

અન્નાદિના દસ પ્રકારના ભેદ છે. ૧. અન્ન, ૨. પાન, ૩. વસ્ત્ર, ૪. લયણ, ૫. શયન, ૬. પુષ્પ, ૭. ફળ , ૮. પુષ્પ-ફળ, ૯. વિદ્યા, ૧૦. અવ્યક્ત. આ પ્રત્યેકની સાથે જૃમ્ભક શબ્દ લગાડવાથી પૂર્ણ નામ થઈ જાય છે. એના નિવાસસ્થાન દીર્ઘ વૈતાઢ્ય પર્વતો, ચિત્ર-વિચિત્ર, યમક અને કંચન પર્વતો છે.

## જ્યોતિષ્ક નિરુપણ (સામાન્ય) : સૂત્ર ૯૮૫-૧૦૩૭, પૃ. ૧૧-૫૪

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર મનુષ્ય લોકમાં એટલા છે કે-સામાન્ય વ્યક્તિ જેના નામ ગોત્ર નથી ગણી શકતા, ફક્ત સર્વજ્ઞ દ્વારા દર્શાવવા જ શક્ય છે તથા એમની ગતિ વિશેષના (કારણે) મનુષ્યોને સુખ-દુઃખ - પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રોમાં જ્યોતિષ્કોનું વર્ણન આ પ્રકારે કરવામાં આવ્યું છે - ૧. અધઃ મધ્ય અને ઉપરના ક્ષેત્રમાં સ્થિત તારા વિમાન, ૨. ચન્દ્ર પરિવાર, ૩. મેરુથી જ્યોતિષચક્ર (વચ્ચે)નું અંતર, ૪. લોકાન્તથી જ્યોતિષચક્ર (વચ્ચે)નું અંતર, ૫. ભૂતળથી જ્યોતિષચક્ર (વચ્ચે)નું અંતર, ૬. નક્ષત્રોનું ઉર્ધ્વમુખાદિ ચાલવું, ૭. વિમાનોની સંખ્યા, ૮.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવોની સંખ્યા, ૯. ચંદ્ર આદિના વાહક દેવોની સંખ્યા, ૧૦. શીઘ્ર-મંદ ગતિ, ૧૧. ઋદ્ધિ, ૧૨. તારાઓનું પારસ્પરિક અંતર, ૧૩. અગ્રમહિષી, ૧૪. ભોગ સામર્થ્ય, ૧૫. સ્થિતિ અને ૧૬. અલ્પ-બહુત્વ.

જ્યોતિષ્ક દેવોના ૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર, ૫. તારા. આ પાંચ પ્રકાર છે. આ રત્નપ્રભા પૃથ્વીના સમરમણીય ભૂભાગથી સાતસો નેવું યોજનની ઊંચાઈ પર ઉપરની બાજુ એકસો દસ યોજન ત્રાસાં અસંખ્યાત ક્ષેત્રમાં અસંખ્યાત લાખ વિમાનાવાસ હોવાનું કહેવામાં આવ્યું છે. એનું સંસ્થાન અર્ધ કપિત્થ ફળના આકારનું છે. સ્ફટિકરત્નમય છે. વિજય, વૈજયન્તી પતાકાઓ ફરફરતી રહે છે. આ વિમાનોમાં બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનિશ્ચર, રાહુ, કેતુ, બુધ અને મંગળ આદિ જ્યોતિષી દેવ નિવાસ કરે છે. તે તપેલા સુવર્ણ જેવા રંગવાળા છે. સમાન લેશ્યાવાળા છે. પોત-પોતાના મંડળમાં ગતિ કરનારા છે. અને મુકટમાં નામાંકિત ચિન્હો છે. એ વિમાન લોકના અસંખ્યાતમાં ભાગમાં છે. આ બધા જ્યોતિષી દેવ મહાન ઋદ્ધિ, દ્યુતિ આદિવાળા છે. તેઓ પોત-પોતાના વિમાનો, સામાનિક દેવો, સપરિવાર અગ્રમહિષીઓ, પરિષદાઓ, સેનાઓ, સેનાપતિઓ અને આત્મરક્ષક દેવો તેમજ અન્ય હજારો દેવ-દેવીઓ પર આધિપત્ય કરતા એવા સમય પસાર કરે છે. જ્યોતિષ્ક દેવોના અસંખ્યાત લાખ વિમાનાવાસ છે અને સર્વ સ્ફટિકરત્નમય છે. ચંદ્ર વિમાન આદિ અર્ધકપિત્થફળના આકારના છે અને ચારો તરફથી નીકળતા કિરણોથી પ્રભાયુક્ત છે.

લોકમાં ચંદ્ર, સૂર્યના પરિમાણ દર્શાવવા માટે જુદી-જુદી માન્યતાઓએ છે કે - એક, ત્રણ, સાડાત્રણ, સાત, દસ, બાર, બેંતાલીસ, બોંતેર, એકસો બેંતાલીસ, એકસો બોંતેર, બેંતાલીસ હજાર, બોંતેર હજાર ચન્દ્ર અને સૂર્ય પ્રકાશિત વગેરે થાય છે. પણ આગમિક માન્યતા એ છે કે -

**જંબૂદ્વીપમાં** બે ચંદ્ર, બે સૂર્ય, છપ્પન નક્ષત્ર, એક સો છોત્તેર ગ્રહ અને એક લાખ તેંત્રીસ હજાર નવસો પચાસ કોટા-કોટિ તારાગણ છે.

**લવણસમુદ્રમાં** ચાર ચંદ્ર, ચાર સૂર્ય, એકસો બાર નક્ષત્ર, ત્રણસો બાવન ગ્રહ અને બે લાખ સડસઠ હજાર નવસો કોટા-કોટી તારાગણ છે.

**ધાતકીખંડ દ્વીપમાં** બાર ચંદ્ર, બાર સૂર્ય, ત્રણસો છત્રીસ નક્ષત્ર, એક હજાર છપ્પન ગ્રહ, આઠ લાખ ત્રણ હજાર સાતસો કોટા-કોટી તારાગણ છે.

**કાળોદ સમુદ્રમાં** બેંતાલીસ ચંદ્ર, બેંતાલીસ સૂર્ય, અગિયારસો છોંતેર નક્ષત્ર, ત્રણ હજાર છસો છન્નુ ગ્રહ અને અઠ્યાવીસ લાખ બાર હજાર નવસો પચાસ કોટા કોટી તારાગણ છે.

**પુષ્કરવરદ્વીપમાં** એકસો ચુંમાલીસ ચંદ્ર, એકસો ચુંમાલીસ સૂર્ય, ચાર હજાર બત્રીસ નક્ષત્ર, બાર હજાર છસો બોંતેર ગ્રહ અને છન્નુ લાખ ચુંમાલીસ હજાર ચારસો કોટાકોટિ તારાગણ છે.

**આભ્યન્તર પુષ્કરવર દ્વીપાર્ધમાં** બોંતેર ચન્દ્ર, બોંતેર સૂર્ય, છ હજાર ત્રણસો છત્રીસ ગ્રહ, સોળ હજાર બે નક્ષત્ર, અડતાલીસ લાખ બાવીસ હજાર બસો કોટા-કોટિ તારાગણ છે.

**મનુષ્યક્ષેત્ર** (સમયક્ષેત્ર)માં એકસો બત્રીસ ચંદ્ર, એકસો બત્રીસ સૂર્ય, અગિયાર હજાર છસો સોળ ગ્રહ, ત્રણ હજાર છસો છન્નુ નક્ષત્રો અને અઠ્યાસી લાખ ચાલીસ હજાર સાત સો કોટા-કાટિ તારાગણ છે.

આ બધા ગતિશીલ અને કદંબ પુષ્પના આકારનાં છે. મનુષ્યક્ષેત્રની બહાર અસંખ્ય તારાપિંડ દર્શાવવામાં આવ્યા છે.

વચ્ચમાં એક વિશેષ ચર્ચા(એ) છે કે - લવણ સમુદ્રમાં કૃતિકાથી ભરણી પર્યંત ચાર-ચાર નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરે છે. એમાં અગ્નિ આદિ ચાર-ચાર દેવ છે અને અંગારથી ભાવ કેતુ સુધી બધા ગ્રહ ચાલે છે, ચાલતા હતા અને ચાલતા રહેશે.

પુષ્કરોદ સમુદ્રથી આરંભી કુંડલવર ભાસોદ સમુદ્ર પર્યન્ત સંખ્યાત ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને કોટા-કોટિ તારાગણ છે. એના પછી રુચક દ્વીપથી આરંભી સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત અસંખ્ય ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને કોટા-કોટિ તારાગણ છે. એ વર્તમાન, ભૂત, ભવિષ્યની અપેક્ષાએ ત્રણ કાળોમાં પ્રકાશિત અને સુશોભિત બની રહે છે.

ઉપયુક્ત સંખ્યાના પ્રમાણથી એ સ્પષ્ટ થઈ જાય છે કે - ચંદ્ર, સૂર્ય પરસ્પર સરખા છે. સૌથી ઓછા નક્ષત્ર છે. એનાથી ગ્રહ સંખ્યેય ગણા છે એનાથી પણ તારાગણ સંખ્યેય ગણા છે.

મંદર પર્વતથી અગિયારસો એકવીસ યોજનના અંતરે એ જ્યોતિષ્ક ગતિ કરે છે અને લોકાન્તથી અગિયારસો અગિયાર યોજનનું અંતર છે અને આ સમરમણીયભૂભાગથી ઊંચાઈની બાબતમાં અન્યતીર્થકોની પચ્ચીસ માન્યતાઓ છે : પ્રથમથી આરંભી પચ્ચીસમી માન્યતા પર્યંત સૂર્ય એક હજાર યોજન ઊંચો અને ચંદ્ર દોઢ હજાર યોજનના ક્રમથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક હજાર અને પાંચસો યોજનનું અંતર દર્શાવતા (એવા) પચ્ચીસમી માન્યતા અનુસાર સૂર્ય પચ્ચીસ હજાર યોજન ઊંચો અને ચંદ્ર સાડા પચ્ચીસ હજાર યોજન ઊંચો છે. પરંતુ આગમિક મંતવ્ય આ પ્રમાણે છે - આ ભૂભાગથી સાતસો નેવું યોજન પર નીચેનું તારા વિમાન છે. આઠસો યોજન પર સૂર્ય, આઠસો એંસી યોજન પર ચંદ્ર અને નવસો યોજન પર તારા વિમાન સંચાર (ગતિ) કરે છે. આ પ્રમાણે બધું મળીને એકસો દસ યોજનના વિસ્તારમાં તિર્યક્ અસંખ્ય જ્યોતિષ્ક સંચાર (ગતિ) કરે છે.

**ચંદ્ર વિમાનનો** આયામ - વિષ્કંભ એક યોજનના એકસઠ ભાગોમાંથી છપ્પન ભાગ (જેટલો) છે, પરિધિ ત્રણ ગણાથી કંઈક અધિક અને બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અઠ્ઠાવીસ ભાગ જેટલો છે. **સૂર્ય વિમાનનો** આયામ-વિષ્કંભ એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલો છે, પરિધિ એનાથી ત્રણ ગણાથી કંઈક વધુ, બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી ચોવીસ ભાગ (જેટલો) છે. **ગ્રહ વિમાનનો** આયામ-વિષ્કંભ અડધો યોજન (જેટલો) એનાથી ત્રણગણાથી કંઈક વધુ પરિધિ અને એક કોસનો બાહલ્ય છે. **નક્ષત્ર વિમાનનો** આયામ-વિષ્કંભ એક કોશ (જેટલો) એનાથી ત્રણ ગણાથી કંઈક વધુ પરિધિ અને અડધા કોશની મોટાઈ છે. **તારા વિમાનનો** આયામ-વિષ્કંભ અડધો કોસ એનાથી ત્રણ ગણા કરતાં કંઈક વધુ પરિધિ અને બાહલ્ય પાંચસો ધનુષ્યનો કહેવામાં આવ્યો છે.

ચંદ્ર વિમાનના વાહકો સોળ હજાર દેવો છે. એમાં ચાર હજાર સિંહ રૂપધારી દેવ પૂર્વી બાહુનું, ચાર હજાર ગજરૂપધારી દેવ દક્ષિણ બાહુનું, ચાર હજાર વૃષભ (બળદ) રૂપ ધારી દેવ પશ્ચિમ બાહુનું અને ચાર હજાર અશ્વ રૂપધારી દેવ ઉત્તર બાહુનું વહન કરે છે. આ પ્રકારે સૂર્ય વિમાનના વાહક દેવ આઠ હજાર છે. ગ્રહવિમાનના વાહક દેવ આઠ હજાર છે. નક્ષત્ર વિમાનના વાહક દેવ ચાર હજાર છે અને તારા વિમાનના વાહક દેવ બે હજાર છે. અહીં એ દેવોનું ઉપમાની સાથે વિસ્તૃત વર્ણન પણ છે.

સ્વસ્થ મનુષ્યના કામભોગોથી અનેકગણું વિશિષ્ટ સુખ વાણવ્યન્તરોનું છે અને એના સુખથી અનેકગણું અસુરેન્દ્રના સિવાય બાકીના ભવનપતિઓનું છે. એના સુખથી અનંતગણુ સુખ અસુરકુમારોનું છે. એનાથી અનંતગણું વિશિષ્ટતર સુખ ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષ્ક દેવોનું હોય છે. એમના સુખથી અનંતગણું વિશિષ્ટતર સુખ ચંદ્ર સૂર્યનું છે. આ સ્થાન પર સોળ શ્રૃંગારયુક્ત એક યુવતીનું પણ ઉદાહરણ આપવામાં આવ્યું છે.

જ્યોતિષ્કેન્દ્ર ચંદ્રની ચાર અગ્રમહિષીઓ છે. જેમકે - ૧. ચન્દ્રપ્રભા, ૨. દોષ્ણાભા, ૩. અર્ચિમાળી, ૪. પ્રભંકરા. પ્રત્યેક દેવીનું ચાર-ચાર હજાર દેવીઓનો પરિવાર છે. ચાર હજાર દેવીઓની વિકુર્વણા કરવામાં સમર્થ છે. આ પ્રમાણે બધી મળીને ચન્દ્રનું સોળ હજાર દેવીઓનું અંતઃપુર છે. ચંદ્ર પોતાના ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભાના માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રની ડબ્બીઓમાં રાખેલ જિન ભગવાનની અસ્થિઓના પૂજ્ય હોવાથી ચંદ્રસિંહાસન પર અગ્રમહિષીઓ સાથે કામભોગ કરી શકતો નથી. અથવા તે ચંદ્ર ચંદ્રસિંહાસન પર ચાર હજાર સામાનિક દેવો, સોળહજાર આત્મરક્ષકદેવો વગેરેથી ઘેરાયેલ તેમજ નૃત્ય ગીત વગેરેના કારણે કેવળ પરિચર્યાની બુદ્ધિથી અગ્રમહિષીઓની સાથે દિવ્ય ભોગ ભોગવવા માટે સમર્થ છે. પરંતુ મૈથુનની ઈચ્છા રહેતી નથી. સૂર્યની પણ ચાર અગ્રમહિષીઓ છે. ૧. સૂર્યપ્રભા, ૨. આતયાભા, ૩. અર્ચિમાળી, ૪. પ્રભંકરા. બાકીનું વર્ણન ચંદ્રના જેવું જ છે. પરંતુ વિમાન અને સિંહાસનના નામ ક્રમશઃ સૂર્યાવતંસક અને સૂર્ય સિંહાસન છે. ગ્રહાદિની ચાર-ચાર અગ્રમહિષીઓના નામ. ૧. વિજયા, ૨. વૈજયંતી, ૩. જયન્તિ, ૪. અપરાજિતા છે.

એક મુહૂર્તમાં ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર પોતાના ઉપસંક્રમિત મંડળના એક લાખ અઠાવનસો ભાગ કરીને ચંદ્ર એ મંડળ ની પરિધિના સત્તરસો અડસઠ ભાગ, સૂર્ય અઢારસો ત્રીસભાગ, નક્ષત્ર અઢારસો પાંત્રીસ ભાગ પર્યંત ગતિ કરે છે. એટલે ચંદ્રથી સૂર્ય, સૂર્યથી ગ્રહ, ગ્રહથી નક્ષત્ર અને નક્ષત્રથી તારા શીઘ્ર ગતિવાળા છે. અર્થાત્ ચંદ્રની ગતિ સૌથી ધીમી અને તારાઓની ગતિ બધાથી ઝડપી છે અને ઋદ્ધિની અપેક્ષાએ બધાથી મહાઋદ્ધિવાળો ચંદ્ર એનાથી અલ્પ ઋદ્ધિવાળો સૂર્ય, સૂર્યથી અલ્પ ઋદ્ધિવાળા ગ્રહ, ગ્રહથી અલ્પઋદ્ધિવાળા નક્ષત્ર અને નક્ષત્રોથી અલ્પ ઋદ્ધિવાળા તારાગણ છે.

મનુષ્યલોકમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્રોના છાસઠ- છાસઠ પિટક (આવેલા) છે અને પ્રત્યેક પિટકોમાં બે ચંદ્ર, બે સૂર્ય, એકસો છોંતેર ગ્રહ, છપ્પન નક્ષત્ર થાય છે અને ચંદ્ર-સૂર્યની ચાર-ચાર પંક્તિઓ છે અને પ્રત્યેક પંક્તિમાં છાસઠ-છાસઠ ચંદ્ર અને સૂર્ય થાય છે. ગ્રહોની એકસો છોંતેર પંક્તિઓ હોય છે અને પ્રત્યેકમાં છાસઠ-છાસઠ - ગ્રહ થાય છે. નક્ષત્રોની છપ્પન પંક્તિઓ છે અને પ્રત્યેકમાં છપ્પન- છપ્પન નક્ષત્ર થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્ર, સૂર્ય અને ગ્રહોના બધા મંડળ અનવસ્થિત (અશાશ્વત) છે અને નક્ષત્ર તેમજ તારાઓના મંડળ અવસ્થિત (શાશ્વત) છે અને તે બધા મેરુની પ્રદક્ષિણા કરનારા છે તથા ચંદ્ર-સૂર્ય પોત-પોતાના મંડળોમાં આભ્યન્તર બાહ્ય અને તિર્યક્ ક્ષેત્રમાં મંડળ સંક્રમણ કરે છે. ઊર્ધ્વ અને અધો ક્ષેત્રોમાં સંક્રમણ કરતા નથી. મનુષ્ય ક્ષેત્રવર્તી ચંદ્ર સૂર્ય વગેરે અનવસ્થિત છે અને મનુષ્યક્ષેત્રના બાહરના ચંદ્રાદિ અવસ્થિત છે. એ ગતિ તેમજ સંચરણ નથી કરતા.

જંબૂદ્વીપમાં બે, લવણસમુદ્રમાં ચાર અને ધાતકી ખંડદ્વીપમાં લવણસમુદ્રથી ત્રણગણા અર્થાત્ બાર-બાર ચંદ્ર-સૂર્ય છે અને એની આગળના દ્વીપ સમુદ્રોમાં ચંદ્ર-સૂર્યની સંખ્યા જાણવા માટે એ નિયમ છે કે - પૂર્વથી ત્રણગણા કરીને પૂર્વમાં જેટલી ચંદ્ર-સૂર્યની સંખ્યા બતાવવામાં આવી હોય એ સર્વ એમાં જોડી દેવી જોઈએ. ત્યારેએ દ્વીપ કે સમુદ્રના ચંદ્ર-સૂર્યની સંખ્યા સાત થઈ જાય છે.

એક ચંદ્રના ગતિયુક્ત થવાની (સાથે) બીજો અને બીજા ગતિયુક્ત થવાની (સાથે) પહેલા પણ ગતિયુક્ત થાય છે. આ પ્રમાણે સૂર્ય વગેરે અંગે સમજવું જોઈએ. ચંદ્રાદિની યોગયુક્તતા અંગે પણ આ જ નિયમ છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્ર પૂર્વ-પશ્ચિમ કે દક્ષિણ-ઉત્તર સાથે (ગ્રહ, નક્ષત્રોથી) યોગ-યુક્ત થાય છે. મંડળના એક લાખ અઠ્ઠાણુંસો વિભાગ નક્ષત્રોનાં ક્ષેત્ર પરિભાગ છે.

ચંદ્રની ગતિયુક્તતામાં સૂર્ય ગતિયુક્ત થવાથી એનું પરિમાણ બાસઠ ભાગ વિશેષ અને નક્ષત્રો ગતિયુક્ત થવાથી એનું પરિમાણ સડસઠ ભાગ વિશેષ થાય છે. સૂર્યની ગતિયુક્તતામાં નક્ષત્ર ગતિયુક્ત થવાને (કારણે) એનું પરિમાણ પાંચ ભાગ વિશેષ થાય છે.

ચંદ્રની ગતિયુક્તતામાં પૂર્વી ભાગથી ગતિયુક્ત થઈને અભિજિત્ નક્ષત્ર નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠ ભાગોમાંથી સત્તાવીસ ભાગ પર્યંત ચંદ્રની સાથે યોગ કરે છે. તે પછી પરિભ્રમણ કરીને યોગમુક્ત થઈ જાય છે. શ્રવણ નક્ષત્ર પણ ચંદ્રની સાથે ત્રીસ મુહૂર્ત સુધી પરિભ્રમણ કરીને યોગમુક્ત થાય છે. એ પ્રમાણે અભિલાપો સાથે પંદર મુહૂર્ત, ત્રીસ મુહૂર્ત, પીસ્તાલીસ મુહૂર્ત પર્યંત યોગના માટે ઉત્તરાષાઢા નક્ષત્ર સુધી જાણવું જોઈએ.

ચંદ્ર ગતિયુક્ત થવા પર પૂર્વી ભાગથી ગ્રહ ચંદ્રની સાથે યોગ કરીને પરિભ્રમણ કરે છે અને પછી યોગમુક્ત થઈ યોગરહિત થઈ જાય છે. તથા સૂર્ય અને નક્ષત્રોના યોગના માટે એ નિયમ છે કે - સૂર્ય ગતિયુક્ત થાય છે, ત્યારે અભિજિત્ નક્ષત્ર પૂર્વી ભાગથી ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત યોગ કરીને પરિભ્રમણ કરે છે. પછી યોગનો ત્યાગ કરીને યોગ રહિત થઈ જાય છે. આ પ્રમાણે છ અહોરાત્ર એકવીસ મુહૂર્ત, તેર અહોરાત્ર બાર મુહૂર્ત અને વીસ અહોરાત્ર ત્રણ મુહૂર્ત બધા નક્ષત્રોનો સૂર્યની સાથે યોગ જાણવું જોઈએ. આ પ્રમાણે સૂર્ય અને ગ્રહના યોગ અંગે પણ જાણવું જોઈએ.

પ્રત્યેક અહોરાત્રમાં ચંદ્ર એક અર્ધ્ધમંડળ અને અર્ધ્ધમંડળના પંદરસો નવ ભાગોમાંથી એકત્રીસ ભાગ ઓછા પર્યંત ગતિ કરે છે, સૂર્ય એક અર્ધ્ધમંડળ અને નક્ષત્ર એક અર્ધ્ધમંડળ તથા અર્ધ્ધમંડળના સાતસો બત્રીસ ભાગોમાંથી બે ભાગ વધુ (જેટલી) ગતિ કરે છે તથા પ્રત્યેક મંડળને ચંદ્ર બે અહોરાત્ર અને એક અહોરાત્રના ચાર ચુંમાલીસ ભાગોમાંથી છેદન કરીને એકત્રીસ ભાગ અધિક પાર કરે છે. સૂર્ય બે અહોરાત્રમાં અને નક્ષત્ર બે અહોરાત્ર તથા એક અહોરાત્રના ત્રણસો સડસઠ ભાગોમાંથી બે ભાગ ઓછામાં પ્રત્યેક મંડળને પાર કરે છે.

પ્રત્યેક યુગમાં ચંદ્ર-આઠસો ચોર્યાસી મંડળ, સૂર્ય પંદરસો નવ મંડળ અને નક્ષત્ર અઢારસો પાંત્રીસ અર્ધ્ધમંડળ ગતિ કરે છે. ત્યાર પછી ચંદ્રમાસ, આદિત્યમાસ, નક્ષત્ર માસ, ઋતુમાસ અને અભિવર્દ્ધિત માસનું પણ અહીં વર્ણન છે.

૧. ચંદ્રમાસમાં **ચન્દ્ર**-ચૌદ મંડળ અને પંદરમા મંડળના ચોથાભાગ તથા એકસો ચોવીસ ભાગોમાંથી એકભાગ, **સૂર્ય-** ચૌદમંડળપૂર્ણ અને પંદરમા મંડળમાંથી ચારભાગ ઓછા તથા એકસો ચોવીસ ભાગોમાંથી એકસો ભાગ, **નક્ષત્ર** - ચૌદ મંડળપૂર્ણ પંદરમા મંડળના ચાર ભાગ ઓછા તથા એકસો ચોવીસ ભાગોમાંથી છ ભાગ સુધી ગતિ કરે છે.

૨. આદિત્ય માસમાં **ચંદ્ર** - ચૌદ મંડળપૂર્ણ અને પંદરમા મંડળના અગિયાર ભાગ **સૂર્ય-** પંદર મંડળ પૂર્ણ અને સોળમા મંડળનો ચોથો ભાગ, **નક્ષત્ર** - પંદર મંડળ પૂર્ણ અને સોળમાં મંડળનો ચોથો ભાગ તથા સોળમાં મંડળના એકસો ચોવીસ ભાગોમાંથી પાંત્રીસ ભાગ સુધી ગતિ કરે છે.

૩. નક્ષત્ર માસમાં **ચંદ્ર** - તેર મંડળ અને એક મંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગ. **સૂર્ય-** તેર મંડળ અને એક મંડળના સડસઠ ભાગોમાંથી ચુંમાલીસ ભાગ. નક્ષત્ર-તેર મંડળ અને એક મંડળના સડસઠ ભાગોમાંથી સાડા સુડતાલીસ ભાગ સુધી ગતિ કરે છે.

૪. ઋતુ માસમાં **ચંદ્ર** - ચૌદ મંડળ પૂર્ણ અને મંડળના એકસઠ ભાગોમાંથી ત્રીસભાગ. **સૂર્ય-** પંદર મંડળ પૂર્ણ. **નક્ષત્ર** - પંદર મંડળ પૂર્ણ અને સોળમાં મંડળના એકસો બાવીસ ભાગોમાંથી પાંચ ભાગ સુધી ગતિ કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. અભિવર્ધિત માસમાં **ચંદ્ર** - પંદર મંડળ પૂર્ણ સોળમાં મંડળના છયાસી ભાગોમાંથી ત્રયાસી ભાગ, **સૂર્ય** - સોળ મંડળ પૂર્ણ અને સત્તરમા મંડળના બસો અડતાલીસ ભાગોમાંથી ત્રણ ભાગ ઓછા **નક્ષત્ર** - સોળ મંડળ પૂર્ણ અને સત્તરમાં મંડળના ચૌદસો અઠયાસી ભાગોમાંથી સુડતાલીસ ભાગ અધિક સુધી ગતિ કરે છે.

## ચંદ્ર વર્ણન : સૂત્ર ૧૦૩૮-૧૦૫૯ પૃ. ૫૪-૭૪

ચંદ્રનું એક નામ શશિ છે, જેનું તાત્પર્ય એ છે કે- ચંદ્રનામૃગાંક વિમાનમાં મનોહર દેવ-દેવીઓ, મનોજ્ઞ આસન-શયન-સ્તંભ, ભાંડ-પાત્ર આદિ ઉપકરણ છે અને ચંદ્ર પોતે સૌમ્ય, કાન્ત, સુભગ પ્રિયદર્શન તેમજ સુરુપ છે.

જંબૂદ્વીપમાં ચંદ્રના ઉદયાસ્તની દિશાઓ અંગે દર્શાવવામાં આવ્યું છે કે - જંબૂદ્વીપમાં ચંદ્ર ઈશાનકોણમાં ઉદય થઈને અગ્નિકોણમાં અસ્ત થાય છે. અગ્નિકોણમાં ઉદય થઈને નૈઋત્યકોણમાં અસ્ત થાય છે. નૈઋત્યકોણમાં અસ્ત થઈને વાયવ્યકોણમાં અસ્ત થાય છે તથા વાયવ્યકોણમાં ઉદય થઈને ઈશાનકોણમાં અસ્ત થાય છે. લવણ સમુદ્રથી પુષ્કરાર્ધદ્વીપ પર્યન્ત ઉદયાસ્તનું નિરુપણ જંબૂદ્વીપની સમાન છે.

ચંદ્રની હાનિ-વૃદ્ધિનું કારણ એ છે કે - રાહુનું કૃષ્ણ વિમાન ચંદ્ર વિમાનને સ્પર્શ કર્યા વિના ચાર આંગળ નીચે ચાલે છે. શુકલ પક્ષમાં પ્રતિદિન ચંદ્રનો બાંસઠમો ભાગ રાહુથી અનાવૃત થતો એવો આગળ વધે છે અને કૃષ્ણ પક્ષમાં બાસઠમાં ભાગ આવૃત થતો એવો ઘટે છે.

પંદર દિવસ ચંદ્રના પંદર ભાગ એટલે રાહુના પંદર ભાગોથી અનાવૃત અને પંદર દિવસ ચંદ્રના પંદર ભાગ એટલે રાહુના પંદર ભાગોથી આવૃત થાય છે.

એ આ પ્રકારે સમજવું જોઈએ કે - આઠસો પંચાસી મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ત્રીસભાગ સુધી ચંદ્રની હાનિ-વૃદ્ધિ થાય છે.

શુકલ પક્ષથી કૃષ્ણ પક્ષની તરફ જતો એવો ચંદ્ર ચારસો બેંતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાંસઠ ભાગોમાંથી છેંતાલીસ ભાગ આચ્છાદિત અને કૃષ્ણ પક્ષથી શુકલ પક્ષ તરફ જતો એવો ચંદ્ર એજ પ્રમાણે અનાચ્છાદિત રહે છે. બાકીનું વર્ણન ચંદ્રની જેવું પ્રતિલોમ ક્રમથી સમજવું જોઈએ કે - પંદરના અંતિમ સમયમાં ચંદ્ર રાહુથી સર્વથા વિરક્ત અને બાકીના દિવસોમાં રક્ત-વિરક્ત રહે છે.

શુકલપક્ષમાં ચંદ્રિકાની અધિકતા અને કૃષ્ણપક્ષમાં અંધકારની અધિકતાનું કારણે ચંદ્રની વૃદ્ધિ-હાનિમાં ગર્ભિત છે. ચંદ્રિકા તેમજ અંધકાર પરિમિત અસંખ્ય દર્શાવ્યા છે.

ચંદ્રમંડળ પંદર છે અને પ્રત્યેક મંડળનો આયામ-વિષ્કંભ એક યોજનના એકસઠ ભાગોમાંથી છપ્પન ભાગ જેટલો છે. પરિધિ ત્રણગણાથી કંઈક વધુ તથા બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અઠ્ઠાવીસ ભાગ જેટલો છે.

જંબૂદ્વીપમાં એકસો એંસી યોજન અવગાહન કર્યા પછી પાંચ ચંદ્ર મંડળ છે. તથા લવણસમુદ્રમાં એકસો ત્રીસ યોજન અવગાહન કર્યા પછી દસ ચંદ્રમંડળ છે. બન્નેના કુલ પંદર ચંદ્રમંડળ છે. એક ચંદ્રમંડળથી બીજા ચંદ્રમંડળ સુધીનું અંતર પાંત્રીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી ત્રીસભાગ અને એક યોજનના સાત ભાગોમાંથી ચાર ચૂર્ણિકા ભાગ (જેટલું) છે તથા સર્વ આભ્યન્તર ચંદ્રમંડળથી સર્વ બાહ્ય ચંદ્રમંડળ પાંચસો દસ યોજનની અંતરે છે અને મંદર પર્વતથી સર્વ આભ્યન્તર ચંદ્રમંડળ ચુંમાલીસ હજાર આઠસો વીસ યોજન દૂર છે. સર્વાભ્યન્તર ચદ્રમંડળ થી અનન્તર ચંદ્ર મંડળ ચુંમાલીસ હજાર આઠસો છપ્પન યોજન તથા એકસઠ ભાગોમાંથી પચ્ચીસ ભાગ તથા એક યોજનના સાત ભાગોમાંથી ચાર ચૂર્ણિકા ભાગ (જેટલું) દૂર છે.

સર્વાભ્યન્તર ચંદ્ર મંડળથી તૃતીય ચંદ્રમંડળ ચુંમાલીસ હજાર આઠસો બાણું યોજન તથા એકસઠ ભાગોમાંથી એકાવન ભાગ અને એક યોજનના સાત ભાગોમાંથી એક ચૂર્ણિકા ભાગ (જેટલું) દૂર છે. આ પ્રમાણે નિષ્ક્રમણ કરતો ચંદ્ર આગળ વધતો એવો છત્રીસ-છત્રીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પચ્ચીસ ભાગ તથા એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી ચાર લઘુત્તમ ભાગની વૃદ્ધિ કરતો એવો ગતિ કરે છે. સર્વ બાહ્ય ચંદ્રમંડળ મંદર પર્વતથી પીસ્તાલીસ હજાર ત્રણસો ત્રીસ યોજનની અંતરે છે.

સર્વ બાહ્ય ચંદ્ર મંડળથી અનન્તર ચંદ્ર મંડળ પીસ્તાલીસ હજાર બસો ત્રાણું યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ તથા સાત ભાગોમાંથી ત્રણ ચૂર્ણિકા ભાગ (જેટલું) દૂર છે.

સર્વ બાહ્ય ચંદ્ર મંડળથી ત્રીજો ચંદ્ર મંડળ પીસ્તાલીસ હજાર બસો સત્તાવન યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી નવ ભાગ તથા સાત ભાગોમાંથી છ ચૂર્ણિકા ભાગ (જેટલું) દૂર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે ક્રમથી છત્રીસ-છત્રીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પચ્ચીસ ભાગ તથા સાત ભાગોમાંથી ચાર ચૂર્ણિકા ભાગ (જેટલા) અંતરે પ્રત્યેક ચંદ્ર મંડળમાં હાનિ કરતો-કરતો સર્વાભ્યન્તર ચંદ્રમંડળની તરફ આગળ વધે છે.

સર્વાભ્યન્તર ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ નવાણું હજાર છસો ચાલીસ યોજન તથા પરિધિ ત્રણ લાખ પંદર હજાર નેવ્યાસી યોજનથી કંઈક અધિક છે.

આભ્યન્તરાનન્તર ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ નવાણું હજાર સાતસો બાર યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી એકાવન ભાગ તથા સાત ભાગોમાંથી એક ચૂર્ણિકા ભાગ (જેટલો) છે અને પરિધિ ત્રણ લાખ ઓગણીસ હજારથી કંઈક અધિક છે. આભ્યન્તર તૃતીય ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ નવાણું હજાર સાતસો પંચાસી યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી એકતાલીસ ભાગ તથા સાત ભાગોમાંથી બે ચૂર્ણિકા ભાગ (જેટલો) છે. અને પરિધિ ત્રણ લાખ પંદર હજાર પાંચસો ઓગણપચાસથી કંઈક અધિક છે. આ પ્રમાણે નિષ્ક્રમણ કરતો (એવો) ચંદ્ર એક ચંદ્ર મંડળથી બીજા ચંદ્રમંડળની તરફ આગળ વધતો એવો બોંતેર બોંતેર યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી એકાવન ભાગ અને એક ભાગના સાત ભાગોમાંથી એક ચૂર્ણિકા ભાગ જેટલા વિષ્કંભમાં તથા પરિધિમાં બસો ત્રીસ યોજનની વૃદ્ધિ કરતો (એવો) સર્વ બાહ્ય મંડળની તરફ ગતિ કરે છે.

સર્વ બાહ્ય ચંદ્ર મંડળનો આયામ-વિષ્કંભ એક લાખ છસો સાઈઠ યોજન અને પરિધિ ત્રણ લાખ અઢાર હજાર ત્રણ સો પંદર યોજન છે. બાહ્યાનન્તર ચંદ્રમડળનો આયામ વિષ્કંભ એક લાખ પાંચસો સત્યાસી યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી નવ ભાગ તથા સાત ભાગોમાંથી છ ચૂર્ણિકા ભાગ (જેટલી) છે અને પરિધિ ત્રણ લાખ અઢાર હજાર પંચાસી યોજન છે.

બાહ્ય તૃતીય ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ એક લાખ પાંચસો દસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી ઓગણીસ ભાગ તથા સાત ભાગોમાંથી પાંચ ચૂર્ણિકા ભાગ (જેટલો) છે અને પરિધિ ત્રણ લાખ સત્તર હજાર આઠસો પંચાવન યોજન છે.

આ પ્રકારે એક ચંદ્રમંડળથી બીજા ચંદ્રમંડળની તરફ આગળ વધતા (એવા) બોંતેર-બોંતેર યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી એકાવન ભાગ અને એક ભાગના સાત ભાગોમાંથી એક ચૂર્ણિકા ભાગ જેટલા વિષ્કંભમાં તથા પરિધિમાં બસો ત્રીસ યોજનની વૃદ્ધિ કરતો એવો સર્વાભ્યન્તર મંડળની તરફ ગતિ કરે છે.

ચંદ્ર સર્વાભ્યન્તર મંડળમાં પહોંચીને જ્યારે ગતિ કરે છે ત્યારે પ્રત્યેક મુહૂર્તમાં પાંચ હજાર તોંતેર યોજન અને સિતોત્તેરસો ચુંમાલીસ ભાગ જેટલું ક્ષેત્ર પાર કરે છે. આ સમયે સુડતાલીસ હજાર બસો ત્રેસઠ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી એકવીસ ભાગ જેટલા અંતરથી અહીં રહેલા મનુષ્યને ચંદ્ર દેખાય છે.

આભ્યન્તરાન્તર મંડળમાં પાંચ હજાર સત્તર યોજન અને છત્રીસ સો ચુંમોત્તેર ભાગ જેટલું ક્ષેત્રને પાર કરે છે. આભ્યન્તર તૃતીય મંડળમાં પાંચ હજાર એંસી યોજન અને તેર હજાર ત્રણસો ઓગણીસ ભાગ જેટલું ક્ષેત્રને પાર કરે છે. તથા આ ક્રમેથી નિષ્ક્રમણ કરતા ચંદ્ર મંડળથી મંડળાન્તરમાં પહોંચતો (એવો) પ્રત્યેક મંડળમાં ત્રણ-ત્રણ યોજન તથા છન્નુંસો પંચાવન ભાગ (જેટલા) ક્ષેત્રની મુહૂર્ત ગતિ વધારતો- વધારતો સર્વબાહ્ય મંડળની તરફ આગળ વધતો ગતિ કરે છે અને સર્વ બાહ્ય મંડળમાં પહોંચીને જ્યારે ગતિ કરે છે ત્યારે એક મુહૂર્તમાં પાંચ હજાર એકસો પચ્ચીસ યોજન અને અગણોતેર સો નેવું ભાગ જેટલું ક્ષેત્રને પાર કરે છે. આ સમયે એકત્રીસ હજાર આઠસો એકત્રીસ યોજનના અંતરથી અહીં રહેલા મનુષ્યને ચંદ્ર દેખાય છે. બાહ્યાનન્તર મંડળમાં પાંચ હજાર એકસો એકવીસ યોજન અને અગિયાર સો સાઈઠ ભાગ જેટલું ક્ષેત્રને પાર કરે છે. બાહ્ય તૃતીય મંડળમાં પાંચ હજાર એકસો અઢાર યોજન અને ચૌદસો પાંચ ભાગ જેટલું ક્ષેત્રને પાર કરે છે. એવા ક્રમથી નિષ્ક્રમણ કરતો (એવું) ચંદ્ર મંડળાનન્તરમાં પહોંચતો એવો પ્રત્યેક મુહૂર્ત મંડળમાં ત્રણ-ત્રણ યોજન તથા છન્નું સો પચાસ જેટલી મુહૂર્ત ગતિને ઘટાડતો-ઘટાડતો સર્વ આભ્યન્તર મંડળની તરફ આગળ વધતો એવો ગતિ કરે છે.

અહિંયા મંડળની પરિધિને તેર હજાર સાતસો પચ્ચીસનો ભાગ આપવાથી ચંદ્રની એક મુહૂર્તની ગતિનું પ્રમાણ સર્વત્ર દર્શાવવામાં આવી છે.

ચંદ્ર પ્રત્યેક મુહૂર્તમાં જે-જે મંડળો પર આરુઢ થઈને ગતિ કરે છે તે-તે મંડળોની એક લાખ અઠ્ઠાણું સો યોજન પરિધિના સત્તરસો 'અડસઠ ભાગ પર ચાલે છે.

વૃષભાનુયોગ વગેરે દસ પ્રકારનાં યોગ છે. એમાં જ્યારે ચન્દ્ર છત્રાતિછત્ર યોગ કરે છે ત્યારે ચિત્રા નક્ષત્ર સાથે યોગ કરે છે. છત્રાતિછત્ર અર્થાત્ ઉપર ચંદ્ર, મધ્યમાં નક્ષત્ર અને સૂર્ય (હોય) છે. અહીં એનું વિસ્તૃત વર્ણન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલો, બીજો, ત્રીજો વગેરે પૂર્ણિમા સ્થાનોથી આગળના મંડળોમાં એકસો ચોવીસ-એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી પ્રત્યેક મંડળના બત્રીસ વિભાગોને લઈને તે-તે વિભાગોમાં તે-તે પૂર્ણિમાઓ (સાથે) ચંદ્ર યોગ કરે છે. ફરી અભિલાપથી અમાવસ્યાઓમાં પણ યોગ કહેવો જોઈએ. પાંચ સંવત્સરોમાં બાસઠ પૂર્ણિમાએ તેમજ બાસઠ અમાવસ્યાઓ છે.

જંબૂદ્વીપના ચંદ્રોના ચંદ્ર દ્વીપ મંદર પર્વતની પૂર્વમાં લવણસમુદ્રમાં બાર હજાર યોજન જવાના (સ્થાને) છે. એ ચંદ્ર દ્વીપના અંતિમ ભાગમાં સાડા નેવ્યાસી યોજન તથા એક યોજનના પંચાણું ભાગોમાંથી ચાલીસ ભાગ જેટલું અને લવણસમુદ્રના અંતિમ ભાગથી બે કોસ જળથી ઊંચો છે. બાર હજાર યોજન લાંબો-પહોળો છે. પદ્મવરવેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. એની અંદર સમતલ ભૂમિભાગ છે અને જ્યોતિષી દેવ રહે છે. ત્યાં બાસઠ યોજન ઊંચા પ્રાસાદાવંતસક છે. બે યોજન લાંબી-પહોળી મણિપીઠિકા છે. સ્થાને-સ્થાને વાવડીઓ છે. એમાં ચંદ્રવર્ણી કમળ છે. ચાર હજાર સામાનિક દેવો વગેરે પર આધિપત્ય કરવાને કારણે ત્યાં જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર રહે છે. ચંદ્ર દ્વીપ શાશ્વત છે. ચંદ્ર દ્વીપોની પૂર્વમાં ત્રાંસા અસંખ્યાત દ્વીપોને પાર કર્યા પછી અન્ય જંબૂદ્વીપમાં બાર હજાર યોજન જવા પર ચંદ્રોની ચંદ્રા નામની રાજધાનીઓ છે.

ચંદ્રમંડળોમાં કેટલાક મંડળ સદા નક્ષત્રોથી અવિરહિત અને કેટલાક વિરહિત રહે છે. કેટલાક એવા છે કે-જે ચંદ્ર, સૂર્ય, નક્ષત્રોથી સામાન્ય રહે છે. કેટલાક સદા સૂર્યોથી વિરહિત રહે છે. પંદર ચંદ્ર મંડળોમાંથી પહેલો, ત્રીજો, છઠ્ઠો, સાતમુ, આઠમુ, દસમુ, અગિયારમુ, પંદરમુ આ આઠ સદા નક્ષત્રો સાથે અવિરહિત રહે છે. બીજુ, ચોથુ, પાંચમુ, નવમુ, બારમુ, તેરમુ, ચૌદમુ એ સાત નક્ષત્રો સાથે વિરહિત રહે છે. ચંદ્ર, સૂર્ય, નક્ષત્રની સાથે સામાન્ય રહેનાર મંડળ પહેલુ, બીજુ, અગિયારમુ અને પંદરમુ છે અને સૂર્ય સાથે વિરહિત રહેનારા ચંદ્રમંડળ છઠ્ઠુ, સાતમુ, આઠમુ, નવમુ અને દસમું છે.

## સૂર્ય વર્ણન : સૂત્ર ૧૦૬૦-૧૧૧૭ પૃ.૭૪-૧૬૭

સૂર્યની મહિમા અવર્ણનીય છે. સૂર્યનો એક પર્યાયવાચી 'આદિત્ય' શબ્દ છે એનો મતલબ એ છે કે-તે સમય, આવલિકા, ઉત્સર્પિણી, અવસર્પિણી કાળ વગેરેનું કારણ છે. એટલે સૂર્યનું સ્વરૂપ અન્વયાર્થ, છાયા, પ્રભા અને લેશ્યાને શુભ માનવામાં આવી છે.

સૂર્ય ઉદય અને અસ્તના સમયે સમાન અવકાશાન્તરથી નૈત્ર સ્પર્શિત, તેજસ્વી, પ્રકાશિત થાય છે. એ વિશેષ છે કે - સૂર્ય સ્પૃષ્ટ, અવગાઢ, અનંતરાવગાઢ, સૂક્ષ્મ, સ્થૂળ પદાર્થોને ઊર્ધ્વ, અધઃ, તિર્યક્ ક્ષેત્રને અને એના આદિ મધ્ય અને અંતિમ ભાગને પ્રકાશિત કરે છે. સ્વવિષય આદિને આનુપૂર્વીક્રમથી તથા છએ દિશાઓને પ્રકાશિત કરે છે. એ પ્રમાણે તેજસ્વી વગેરે માટે પણ જાણવું જોઈએ.

લવણ સમુદ્રમાં સૂર્ય ઈશાનકોણમાં ઉદય પામી અગ્નિકોણમાં અસ્ત પામે છે. એવી રીતે અગ્નિકોણ આદિના ક્રમથી ઉત્તરવર્તીકોણમાં ઉદય અસ્ત થવાનું જાણવું જોઈએ. અંતિમ ઉદયઅસ્તનું કથન આ પ્રકારે છે કે - વાયવ્યકોણમાં ઉદય પામી ઈશાનકોણમાં અસ્ત થાય છે. ધાતકીખંડ દ્વીપ, કાળોદ સમુદ્ર, આભ્યન્તર પુષ્કરાર્ધમાં સૂર્યના ઉદય-અસ્તનો ક્રમ પણ એવા પ્રકારે છે.

જંબૂદ્વીપથી પુષ્કરાર્ધ દ્વીપ સુધી જ્યારે દક્ષિણાર્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે. અને પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય છે. પૂર્વ-પશ્ચિમમાં દિવસ થાય ત્યારે દક્ષિણ-ઉત્તરમાં રાત્રિ હોય છે.

સૂર્યની ઉદયાવસ્થા અંગે માન્યતા ભેદ છે. એક માન્યતામાં મંદર પર્વતથી પૂર્વ-પશ્ચિમમાં સદા પંદર મુહૂર્તનો દિવસ હોય છે અને પંદર મુહૂર્તની રાત્રિ હોય છે. ત્યાં રાત-દિવસ અવસ્થિત (વિદ્યમાન) કહેવામાં આવ્યા છે. એક માન્યતામાં રાત-દિવસ અનવસ્થિત કહેવામાં આવ્યા છે અને એક માન્યતામાં રાત-દિવસ વ્યુચ્છિન્ન (અલગ) કહેવામાં આવ્યા છે પરંતુ યથાર્થ સત્ય ઉપર જે સંકેત કરવામાં આવ્યો છે તે જાણવો જોઈએ કે-પૂર્વવર્તીકોણમાં ઉદય થઈને અનન્તરવર્તીકોણમાં અસ્ત થાય છે અને દક્ષિણમાં દિવસ હોય તો ઉત્તરમાં પણ દિવસ હોય છે તથા પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય છે. પૂર્વ-પશ્ચિમમાં દિવસ થાય ત્યારે દક્ષિણ-ઉત્તરમાં રાત્રિ થાય છે. ઉત્કૃષ્ટ દિવસ કે-રાત્રિ અઢાર મુહૂર્તની અને જઘન્ય દિવસ કે - રાત્રિ બાર મુહૂર્તની હોય છે. આ પ્રકારે બધુ મળીને દિવસ રાત્રિના ત્રીસ મુહૂર્ત થાય છે. દિનમાનમાં હાનિ થાય તો રાત્રિમાનમાં વૃદ્ધિ અને રાત્રિમાનમાં હાનિ થાય તો દિનમાનમાં વૃદ્ધિ થઈ જાય છે. જેમકે - જ્યારે અઢાર મુહૂર્તથી ઓછો દિવસ હોય છે ત્યારે બાર મુહૂર્તથી કંઈક અધિકની રાત્રિ હોય છે. જ્યારે સત્તર મુહૂર્તથી કંઈક ઓછો દિવસ હોય છે ત્યારે તેર મુહૂર્તથી કંઈક અધિકની રાત્રિ હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે સોળ મુહૂર્તથી ઓછો દિવસ હોય છે ત્યારે ચૌદ મુહૂર્તથી કંઈક અધિક રાત્રિ હોય છે. જ્યારે પંદર મુહૂર્તથી કંઈક ઓછો દિવસ હોય છે ત્યારે પંદર મુહૂર્તથી કંઈક અધિકની રાત્રિ હોય છે. જ્યારે ચૌદ મુહૂર્તથી ઓછો દિવસ હોય છે ત્યારે સોળ મુહૂર્તથી કંઈક વધુની રાત્રિ હોય છે. જ્યારે તેર મુહૂર્તથી કંઈક ઓછો દિવસ હોય છે ત્યારે સત્તર મુહૂર્તથી કંઈક વધુની રાત્રિ હોય છે. જ્યારે જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે.

સૂર્યનો પ્રકાશ એક રૂપ રહે છે તે અંગે પચ્ચીસ માન્યતાઓ છે કે - પ્રતિક્ષણ અન્ય ઉત્પન્ન અને અન્ય વિલીન થાય છે. એ ક્રમમાં આગળ વધતા વધતા મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સોવર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ વગેરેથી લઈને અંતિમ માન્યતા પ્રત્યેક ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવી જોઈએ. પરંતુ યથાર્થ એ છે કે-ત્રીસ-ત્રીસ મુહૂર્ત પર્યંત સૂર્યનો પ્રકાશ અવસ્થિત રહે છે. પછી અનવસ્થિત થઈ જાય છે. છ માસ પ્રકાશ વધતો રહે છે અને છ માસ ઘટતો રહે છે. એનું કારણ મંડળથી મંડળાન્તરમાં આગમન અને નિષ્ક્રમણ છે. છ માસ સર્વાભ્યન્તર મંડળથી સર્વ બાહ્ય મંડળની તરફ ગમન કરે છે અને છ માસ સર્વ બાહ્ય મંડળથી સર્વ આભ્યન્તર મંડળની તરફ આગમન કરે છે.

સૂર્ય વડે પ્રકાશિત પર્વતને માટે વીસ વીસ માન્યતાઓ છે કે - મંદર પર્વત **-યાવત્-** પર્વતરાજ પ્રકાશિત થાય છે. સિદ્ધાંત પણ એજ કહે છે કે - મંદર પર્વત પણ પ્રકાશિત થાય છે. પર્વતરાજ પણ પ્રકાશિત થાય છે કેમકે - એ મેરુ પર્વતનું અપર નામ છે. સ્પૃષ્ટ, સૂક્ષ્મ અને મંદર પર્વતની ચારેબાજુના ઉપરના ભાગના પુદ્ગલ પણ પ્રકાશિત થાય છે. અને એજ સૂર્યના પ્રકાશને અવરુદ્ધ કરે છે.

જંબૂદ્વીપમાં સૂર્ય વર્તમાન ક્ષેત્રમાં ગતિ કરે છે. એનો સ્પર્શ કરીને ગતિ કરે છે અને છયે દિશાઓમાં ચાલે છે. અતીત, અનાગત તેમજ અસ્પૃષ્ટ ક્ષેત્રમાં તથા કોઈ એક દિશામાં નથી ચાલતો. એ પ્રકારે ઉદ્યોતિત, અવભાસિત વગેરેના માટે પણ જાણવું જોઈએ. ઉપરની તરફ તાપક્ષેત્ર એકસો યોજન, નીચેની તરફ અઢારસો યોજન અને ત્રાંસા સુડતાલીસ હજાર બસો ત્રેસઠ યોજન અને એક યોજનના સાઈઠ ભાગોમાંથી એકવીસ ભાગ જેટલું છે. આ તાપક્ષેત્રની સંસ્થિતિ અંગે સોળ માન્યતાઓ છે. જેમકે - ઘરનો આકાર, ગૃહાપણ, પ્રાસાદ, ગોપુર, પ્રેક્ષાગૃહ, વલભી, હર્મ્યતલ, બાલાગ્રપોતિકા, જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, ઉદ્યાન, નિર્યાણ, બે નિષધ, સેચનક, સેચનક પૃષ્ઠ (બાજપક્ષીનો પૃષ્ઠ ભાગ) જેવી સંસ્થતિ (સ્થિરતા) કહેવામાં આવી છે પરંતુ યથાર્થ એ છે કે - ઉપરની બાજુ મુખ કરેલ કલંબુના પુષ્પ જેવી તાપક્ષેત્રની સંસ્થિતિ છે. જે અંદરથી સંકુચિત, વૃત્ત, અંકમુખ-પદ્માસન સ્થિત પુરુષાકાર છે અને બહારથી વિસ્તૃત, પહોળી, લાંબી- પહોળી અને સ્વસ્તિક-અગ્રભાગાકાર છે. તાપક્ષેત્રનાં બન્ને પડખામાં સર્વ આભ્યન્તર અને સર્વબાહ્ય એ બન્ને બાહાઓ પીસ્તાલીસ-પીસ્તાલીસ હજાર યોજન લાંબી અવસ્થિત છે. સર્વાભ્યન્તર બાહાની પરિધિ લવણસમુદ્રની સમીપ નવ હજાર ચારસો છયાસી યોજન અને એક યોજનના દસ ભાગોમાંથી નવ ભાગ જેટલી છે અને સર્વ બાહ્ય બાહાની પરિધિ લવણસમુદ્ર નજીક ચોરાણું હજાર આઠસો અડસઠ યોજન અને એક યોજનના દસ ભાગોમાંથી ચાર ભાગ જેટલી છે.

સૂર્યના તાપક્ષેત્રનો આયામ અઠ્ઠોત્તેર હજાર ત્રણસો તેંત્રીસ યોજન અને એક યોજનના ત્રણ ભાગોમાંથી એક ભાગ જેટલો છે. અંધકારની સંસ્થિતિ ઉપરની બાજુ મુખ કરેલ નલીની પુષ્પ જેવી હોય છે. એના સર્વાભ્યન્તર બાહુની પરિધિ મેરુ પર્વતની પાસે છ હજાર ત્રણસો ચોવીસ યોજન અને એક યોજનના દસ ભાગોમાંથી છ ભાગ જેટલી હોય છે અને સર્વ બાહ્ય બાહુની પરિધિ લવણ સમુદ્રની પાસે ત્રેસઠ હજાર બસો પીસ્તાલીસ યોજન અને એક યોજનના દસ ભાગોમાંથી છ ભાગ જેટલી છે. અંધકારનો આયામ અને તાપક્ષેત્રની સંસ્થિતિ પણ આ પ્રમાણે જાણવી જોઈએ. સૂર્ય વર્તમાન ક્ષેત્ર, સ્પૃષ્ટ ક્ષેત્ર તથા છયે દિશાઓમાં ક્રિયા કરે છે અને લેશ્યા તેજના પ્રતિઘાતને કારણે ઉદય અને અસ્તના સમયે સૂર્ય દૂર દેખાય છે તેમજ લેશ્યાના અભિલાપથી મધ્યાહનમાં સમીપ દેખાય છે.

સૂર્ય જે સ્થિતિમાં પોરષી છાયા કરે છે એ અંગે ત્રણ માન્યતાઓ છે - (૧) સૂર્યના તેજ સાથે જેટલા પુદ્ગલોનો સ્પર્શ થાય છે એટલે તે તપે છે અને તપ્યા બાદ બાહ્ય પુદ્ગલો તપાવે છે. (૨) સૂર્યના તેજ સાથે જેટલા પુદ્ગલોનો સ્પર્શ થાય છે તે પુદ્ગલ તપતા નથી અને તે વિના તપેલા પુદ્ગલ સમીપવર્તી બાહ્ય પુદ્ગલોને પણ તપાવતા નથી. (૩) સૂર્યના તેજ સાથે જેટલા પુદ્ગલનો સ્પર્શ થાય છે એમાંથી કેટલાક જ પુદ્ગલ તપે છે અને કેટલાક જ નથી તપતા. તપેલા એવા પુદ્ગલ સમીપનાં કેટલાક જ બાહ્ય પુદ્ગલોને તપાવે છે અને કેટલાકને નથી તપાવતા. પરંતુ આગમિક માન્યતા એ છે કે - ચંદ્ર-સૂર્ય દેવના વિમાનોમાંથી લેશ્યાઓ નીકળે છે અને સન્મુખવર્તી દિશાઓને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપાવે છે. આ લેશ્યાઓના અંતરમાંથી નીકળતી એવી અન્ય લેશ્યાઓ સંમૂર્છિત થાય છે અને તે સંમૂર્છિત સમાન લેશ્યાઓ અન્ય બાહ્ય પુદ્ગલોને તપાવે છે. એ સૂર્યથી ઉત્પન્ન તાપક્ષેત્ર અને ચંદ્રથી ઉત્પન્ન પ્રકાશ ક્ષેત્ર છે.

સમયાપેક્ષા પોરષી છાયાની નિષ્પત્તિની પચ્ચીસ માન્યતાઓ છે એમાંથી પહેલી માન્યતા એ છે કે - સૂર્ય પ્રતિ સમય પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે અને અંતિમ પચ્ચીસમી માન્યતા એ છે કે - સૂર્ય પ્રત્યેક ઉત્સર્પિણી-અવસર્પિણીમાં પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે. પરંતુ સૈદ્ધાંતિક માન્યતા એ છે કે - ૧. સૂર્યની ઊંચાઈ અને લેશ્યાની અપેક્ષાએ પોરષી છાયાનું કથન છે. ૨. સૂર્યની ઊંચાઈ અને છાયાની અપેક્ષાએ લેશ્યાનું કથન છે.

સૂર્યની લેશ્યા અને પોરષી છાયાની અપેક્ષાએ ઊંચાઈનું કથન છે. સૂર્ય જે સ્થિતિમાં પોરષી છાયાનું નિવર્તન કરે છે એ અંગે બે માન્યતાઓ છે - ૧. એક એવો દિવસ છે જેમાં સૂર્ય ચાર પોરષી છાયા કરીને નિવર્તન કરે છે. ૨. એક એવો દિવસ છે જેમાં સૂર્ય બે પોરષી છાયાનું નિવર્તન કરે છે. આ માન્યતાવાળાનો એવો અભિપ્રાય છે કે- જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ થાય છે. એ દિવસે સૂર્ય ચાર પોરષી છાયાનું નિવર્તન (પાછુ ફેકવું) કરે છે. જ્યારે સૂર્ય બાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે આ દિવસે સૂર્ય બે પોરષી છાયાનું નિવર્તન કરે છે. બીજી માન્યતા એ છે કે - ૧. એક એવો દિવસ છે કે જે દિવસે સૂર્ય બે પોરષી છાયાનું નિવર્તન કરે છે. ૨. એક એવો દિવસ છે કે જે દિવસે સૂર્ય કોઈ પ્રકારની છાયાનું નિવર્તન નથી કરતો. એમનો અભિપ્રાય એ છે કે - જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે જ્યારે સૂર્ય બાહ્ય મંડળ ને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. એ દિવસે સૂર્ય કોઈ પણ પ્રકારની પોરષી છાયાનું નિવર્તન નથી કરતો.

સૂર્ય કયા સ્થાનમાં કેટલી પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે ? આ અંગે છન્નું માન્યતાના ભેદ છે કે - કોઈ સ્થાન પર એક પોરષી છાયા **યાવત્** છન્નું પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે, પરંતુ સૈદ્ધાંતિક માન્યતા એ છે કે ઓગણસાઈઠથી કંઈક અધિક પોરષી છાયાની નિષ્પતિ કરે છે અને દિવસના ચાર ભાગ વીત્યા પછી અને ચાર ભાગ બાકી રહે ત્યારે પોરષી છાયા થાય છે અને અડધી પોરષી દિવસના ત્રીજો ભાગ વીત્યા પછી અથવા ત્રણ ભાગ બાકી રહે ત્યારે થાય છે. એવા જ પ્રકારે દોઢ, બે વગેરેથી લઈને સાડા ઓગણસાઈઠ પોરષી છાયા સુધી જાણવું જોઈએ અને ઓગણસાઈઠ પોરષી છાયા કરતા કંઈક અધિક દિવસનો કોઈ ભાગ ન વીત્યા પછી અથવા બાકી ન રહેવાથી થાય છે. અહીં સ્તંભ છાયા વગેરે પચ્ચીસ પ્રકારની છાયા પણ દર્શાવવામાં આવી છે. એમાં ગોળ છાયા આઠ પ્રકારની છે.

જંબૂદ્વીપમાં એક સો એંસી યોજન ઊંડા ઉતર્યા (પછી) પાંસઠ સૂર્ય મંડળ છે જેમાં ત્રેસઠ સૂર્યમંડળ નિષધ અને નીલવંત પર્વત પર છે તથા લવણસમુદ્રમાં ત્રણસો યોજન ઊંડા ઉતર્યા (પછી) એકસો ઓગણીસ સૂર્યમંડળ છે એ બધા મળીને એકસો ચોર્યાસી સૂર્યમંડળ છે.

સૂર્ય એક મંડળથી બીજા મંડળમાં કેટલા અંતરથી ગતિ કરે છે એ અંગે છ માન્યતાઓ છે. પરંતુ સૈદ્ધાંતિક માન્યતા આ પ્રમાણે છે - ભારતીય અને ઐરાવતીય સૂર્ય પ્રત્યેક મંડળમાં પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલું અંતર એકબીજાથી વધારતા કે ઘટાડતા એવા ગતિ કરે છે અને બન્ને સૂર્યોમાંથી પ્રત્યેક સૂર્ય ત્રીસ-ત્રીસ મુહૂર્તમાં એક-એક અર્ધમંડળ પર તથા સાઈઠ- સાઈઠ મુહૂર્તમાં એક-એક સૂર્ય મંડળ પર ચાલે છે.

જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ લાંબી જીવા વડે મંડળના એકસો ચોવીસ ભાગ કરીને મંડળના દક્ષિણ-પૂર્વી તથા ઉત્તર-પૂર્વી ભાગ (એકત્રીસ ભાગોમાં) રહેલ ભરત ક્ષેત્રીય સૂર્ય પોતાના ચીર્ણ બાવનમાં મંડળો પર તથા ઉત્તર-પશ્ચિમી અને દક્ષિણ-પશ્ચિમી ચતુર્થ ભાગમાં રહેલ એવો એકાવનમાં મંડળો પર ચાલે છે. આ પ્રકારે ઐરાવત ક્ષેત્રીય સૂર્યના માટે પણ જાણવું જોઈએ.

સર્વ આભ્યન્તર સૂર્ય મંડળથી સર્વ બાહ્ય સૂર્ય મંડળ (વચ્ચેનું) અંતર પાંચસો દસ યોજન છે તથા પ્રત્યેક સૂર્યમંડળ નો આયામ વિષ્કંભ એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલો છે. પરિધિ ત્રણગણા કરતા કંઈક અધિક છે અને મંડળનું બાહલ્ય (મોટાઈ) એક યોજનના એકસઠ ભાગોમાંથી ચોવીસ ભાગ જેટલો છે.

સર્વ મંડળોનો બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ (જેટલો) તથા આયામ વિષ્કંભ અને પરિધિ અચોક્કસ છે. બધા મંડળોનો અંતરનો વિષ્કંભ બે યોજનનો છે અને એકસો ત્યાસી મંડળોના પાંચસો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસ યોજન જેટલો લાંબો માર્ગ છે. સર્વાભ્યન્તર મંડળથી સર્વબાહ્ય મંડળની અને એક મંડળથી બીજા મંડળ પર ઉપસંક્રમણ કરતો સૂર્ય પ્રત્યેક મંડળમાં પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગોની વૃદ્ધિ અને પરિધિમાં અઢાર-અઢાર યોજનની વૃદ્ધિ કરતો એવો સર્વ બાહ્ય મંડળ પર ઉપસંક્રાન્ત થઈને ગતિ કરે છે અને બાહ્યમંડળથી સર્વાભ્યન્તર મંડળની બાજુ પ્રવેશ કરી સૂર્ય મંડળથી મંડળાન્તર સંક્રમણમાં પાંચ-પાંચ યોજનની હાનિ કરતા સર્વાભ્યન્તર મંડળની તરફ ગતિ કરે છે. એક સૂર્ય મંડળથી બીજા સૂર્ય મંડળનું વ્યવધાન રહિત અંતર બે યોજનનું છે. મંદર પર્વતથી સર્વાભ્યન્તર સૂર્ય મંડળનું અંતર ચુંમાલીસ હજાર આઠસો વીસ યોજન સર્વાભ્યન્તરાનન્તરનું ચુંમાલીસ હજાર આઠસો બાવીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ તથા આભ્યન્તર તૃતીય મંડળનું ચુંમાલીસ હજાર આઠસો પચ્ચીસ યોજન છે. સર્વ બાહ્ય સૂર્ય મંડળ પીસ્તાલીસ હજાર ત્રણસો ત્રીસ યોજન, સર્વબાહ્યાનન્તર પીસ્તાલીસ હજાર ત્રણસો સત્તાવીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી તેર ભાગ, બાહ્ય તૃતીય મંડળનો પીસ્તાલીસ હજાર ત્રણસો ચોવીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી છવીસ ભાગ (જેટલો) છે. સર્વાભ્યન્તર મંડળથી નીકળેલ સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર સંક્રમણ કરતો (એવો) બે બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગોની વૃદ્ધિ કરતો (એવો) સર્વબાહ્ય મંડળ પર ઉપસંક્રાન્ત થઈને ગતિ કરે છે તથા સર્વ બાહ્યથી સર્વાભ્યન્તરની તરફ આવે ત્યારે સૂર્ય એટલાજ ક્ષેત્ર પરિમાણમાં હાનિ કરતો ગતિ કરે છે. સર્વાભ્યન્તરથી સર્વબાહ્ય અને સર્વબાહ્યથી સર્વાભ્યન્તર મંડળ સુધી ગમનાગમન કરવામાં સૂર્યને ત્રણસો છાસઠ પૂર્ણ દિવસ રાત્રિ લાગે છે. નિષ્ક્રમણ અને પ્રવેશ કરતા સૂર્ય એકસો બ્યાસી મંડળો પર બે વાર તથા સર્વબાહ્ય તેમજ સર્વાભ્યન્તર મંડળ પર એક વાર ગતિ કરે છે. કુલ એકસો ચોર્યાસી મંડળોમાં ગતિ કરે છે તથા કર્ણકલાથી મંડળથી મંડલાન્તર જતો એવો મંડળને છોડે છે.

સૂર્ય પ્રત્યેક અહોરાત્રમાં એક મંડળથી બીજા મંડળમાં પહોંચવા (અંગે) અલગ-અલગ સાત માન્યતાઓ છે પરંતુ સૈદ્ધાંતિક માન્યતાનુસાર સૂર્ય એક અહોરાત્રમાં બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલા ભાગને પાર કરી પહોંચે છે એ આદિત્ય સંવત્સર છે.

સૂર્યની દ્વીપ સમુદ્રની અવગાહનાનન્તર ગતિના વિષયમાં સાત માન્યતાઓ છે. પરંતુ યથાર્થ એ છે કે - જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે ત્યારે એકસો એંસી યોજન જંબૂદ્વીપને અવગાહન કરીને ગતિ કરે છે. એ સમયે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે તથા જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે ત્રણસો ત્રીસ યોજન લવણ સમુદ્રને અવગાહન કરીને ગતિ કરે છે. આ સમય ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

સૂર્યની ત્રાંસી ગતિ અંગે આઠ માન્યતાઓ છે. પરંતુ સૈદ્ધાંતિક માન્યતા એ છે કે - દક્ષિણ-પૂર્વી અને ઉત્તર-પશ્ચિમી મંડળના ચતુર્થ ભાગોમાંથી એ સમરમણીય ભૂભાગથી આઠસો યોજન પર પ્રાતઃકાળમાં બે સૂર્યનો ઉદય થાય છે ત્યારે દક્ષિણ-ઉત્તરના વિભાગને પ્રકાશિત કરે છે અને પૂર્વ-પશ્ચિમી વિભાગમાં રાત્રિ કરે છે. પૂર્વી-પશ્ચિમી વિભાગમાં પ્રકાશ અને દક્ષિણ-ઉત્તરી વિભાગમાં રાત્રિ કરે છે.

સૂર્યની મુહૂર્ત ગતિ માટે ચાર માન્યતા ભેદ છે, પરંતુ સૈદ્ધાંતિક માન્યતાનુસાર પ્રત્યેક મુહૂર્તમાં સૂર્ય પાંચ-પાંચ યોજનથી કંઈક વધુ ક્ષેત્રને પાર કરે છે. પ્રત્યેક મંડળમાં સૂર્ય સાઈઠ મુહૂર્ત પૂરા કરે છે અને સૂર્ય જે મંડળ પર આરુઢ થઈને ગતિ કરે છે. એ મંડળની પરિધિના એક લાખ અઠ્ઠાણુંસો ભાગોમાંથી અઢારસો પાંત્રીસ ભાગ ચાલે છે.

આદિત્ય સંવત્સરના પ્રથમ છ માસમાં એકવાર અઢાર મુહૂર્તની રાત્રિ અને બાર મુહૂર્તનો દિવસ હોય છે. બીજા છ માસમાં એકવાર અઢાર મુહૂર્તનો દિવસ અને બાર મુહૂર્તની રાત્રિ થાય છે. આ પ્રકારે એકવાર બાર મુહૂર્તનો દિવસ અને બાર મુહૂર્તની રાત્રિ હોય છે. એના કારણે સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યન્તર મંડળની તરફ સૂર્યનો પ્રવેશ તથા સર્વાભ્યન્તર મંડળથી સર્વબાહ્ય મંડળની તરફ નિષ્ક્રમણ કરે છે. ત્રાણુંમા મંડળોમાં રહેલો એવો સૂર્ય આભ્યન્તર અને બાહ્ય મંડળની તરફ જતો એવો સમાન અહોરાત્રને વિષમ કરી દે છે.

સૂર્યની અર્ધમંડળોની પરિભ્રમણ વ્યવસ્થા બે પ્રકારની છે - દક્ષિણાર્ધ મંડળ સંસ્થિતિ, ઉત્તરાર્ધ મંડળ સંસ્થિતિ. ઉત્તરાર્ધમાં દિનમાનમાં અને દક્ષિણાર્ધમાં રાત્રિમાનમાં વૃદ્ધિ થાય છે. ઉત્તર દિશાના પહેલા, બીજા, ત્રીજા સૂર્ય મંડળનો આયામ - વિષ્કંભ નવાણું હજારથી કંઈક વધુ યોજનનો હોય છે.

ઉત્તરાયણગત સૂર્ય ચોવીસ આંગળવાળી પોરષી કરીને કર્ક સંક્રાતિના દિવસે સર્વાભ્યન્તર મંડળથી બીજા મંડળ માં જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ સંવત્સરોમાં સૂર્ય પહેલી-બાસઠમી પૂર્ણિમામાં, બીજી-પહેલી પૂર્ણિમામાં, ત્રીજી-બીજી પૂર્ણિમામાં મંડળના એક સો ચોવીસ વિભાગ કરીને એમાંથી ચોરાણુંમા ભાગ લઈને યોગ કરે છે. બારમી પૂર્ણિમા ત્રીજી પૂર્ણિમામાં એક મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને એમાં (ચારથી લઈ અગિયારમી પૂર્ણિમાના ભાગાન્તરોને ગ્રહણ કરે) આઠસો સુડતાલીસ ભાગ લઈને યોગ કરે છે. આ પ્રકારે એ-એ પૂર્ણિમાઓમાં સૂર્ય યોગ કરતા એવા બાસઠમી પૂર્ણિમાએ પૂર્વનાં મંડળને ચાર ભાગોમાંથી સત્તાવીસ ભાગ લઈને અઠ્ઠાવીસ ભાગના વીસ ભાગ કરીને એમાંથી અઢાર ભાગ લઈને દક્ષિણ મંડળના ચાર ભાગ કર્યા વિના ત્રીજા ભાગમાં બે-બે કલાઓથી સૂર્ય અંતિમ બાસઠમી પૂર્ણિમાનો યોગ કરે છે.

આ પ્રકારે અમાસ માટે પણ જાણવું જોઈએ. બાસઠમી અમાસમાં થોડું અંતર છે. તે મંડળના એક સો ચોવીસ વિભાગ કરીને એમાંથી સુડતાલીસ ભાગ પાછળ રાખીને બાકીના ભાગોમાં યોગ કરે છે.

## ચંદ્ર-સૂર્ય વર્ણન : સૂત્ર ૧૧૧૮ – ૧૧૪૬ પૃ.૧૬૭-૧૯૯

બે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર-સૂર્ય છે જે પોતાના લાખો જ્યોતિષ્ક દેવો, ચાર હજાર સામાનિક દેવો, ચાર સપરિવાર અગ્રમહિષીઓ, ત્રણ પરિષદાઓ, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો વગેરેનું આધિપત્ય કરતો એવો સમય વીતાવે છે.

પ્રત્યેક ચંદ્ર-સૂર્યનો અઠ્ઠાસી મહાગ્રહ, અઠ્ઠાવીસ નક્ષત્ર અને છાસઠ હજાર નવસો પંચોત્તેર કોટા-કોટિ તારાગણનો પરિવાર છે તથા તુમ્બા, ત્રુટિકા અને પર્વ એ ત્રણ પરિષદાઓના નામ છે. એ પ્રકારે સામાનિક દેવો અને અગ્રમહિષિઓની પરિષદાઓ છે.

દક્ષિણાર્ધ-ઉત્તરાર્ધ મનુષ્ય ક્ષેત્રમાં છાસઠ ચંદ્ર પ્રભાસિત થયા, થાય છે અને થશે. આ પ્રકારે એ ક્ષેત્રમાં છાસઠ સૂર્ય તપ્યા, તપે છે અને તપશે. ચંદ્ર-સૂર્ય અંગે બે માન્યતાઓ છે- ૧. એક માન્યતાનુસાર એ જીવ નથી, એ અજીવ છે. ઘનીભૂત નથી, છિદ્રોવાળા છે. સ્થૂળ શરીર નથી માત્ર કલેવર છે. એની નીચે સ્થૂળ ઘનવાયું છે જે કારણે વિદ્યુત ઉત્પન્ન થાય છે. તેમજ ગર્જના થાય છે. ૨. એક માન્યતાનુસાર ચંદ્ર-સૂર્ય જીવ છે. ઘનીભૂત છે. એનાથી વિદ્યુત ઉત્પન્ન થાય છે. પરાક્રમ છે. પરંતુ સૈદ્ધાંતિક માન્યતાનુસાર એ ચંદ્ર-સૂર્ય મહર્દ્ધિક, દ્યુતિ, બળ, યશ, સંપન્ન સુખી દેવ છે. શ્રેષ્ઠ માળો આભૂષણ ધારણ કરનારા છે. એના મંડળની સંસ્થિતિ છત્રાકાર રૂપ છે તથા સૂર્ય-ચંદ્રની સમચતુરસ્ર સંસ્થિતિ છે. ચંદ્ર-સૂર્ય મંડળોના આકાર અંગે આઠ અને ચંદ્ર-સૂર્ય અંગે સોળ માન્યતાઓ દર્શાવવામાં આવી છે. ચંદ્ર-સૂર્ય મંડળનો સમાંસ એક યોજનના એકસઠ ભાગોમાંથી પીસ્તાલીસ ભાગ થાય છે. માનુષોત્તર પર્વતની બહાર ચંદ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું અંતર પચાસ-પચાસ હજાર યોજનનું તથા સૂર્યથી સૂર્યનું અને ચંદ્રથી ચંદ્રનું અંતર એક લાખ યોજનનું છે અને આ બન્નેનો પ્રકાશ પરસ્પર અંતરિત થવાથી એની પ્રભા સોહામણી લાગે છે.

ચંદ્રની લેશ્યા જ્યોત્સના છે અને બન્ને સમાનાર્થક છે. એ પ્રકારે સૂર્યની લેશ્યા આતપ છે અને બન્નેનો અર્થ એક જ છે. છાયા અંધકારનું રૂપ છે અને બન્ને એકાર્થક છે.

ચંદ્ર સૂત્ર કેટલા ક્ષેત્રને પ્રકાશિત વગેરે કરે છે એ અંગે બાર માન્યતાઓ છે- કોઈ એક, ત્રણ, સાડા ત્રણ, સાત, દસ, બાર, બેંતાલીસ, બોંતેર, એકસો બેંતાલીસ, એકસો બોંતેર, બેંતાલીસ હજાર અને કોઈ બોંતેર હજાર દ્વીપ સમુદ્રને પ્રકાશિત માને છે પરંતુ આગમિક માન્યતાનુસાર જ્યારે ભરત અને ઐરાવતના સૂર્ય સર્વાભ્યન્તર મંડળ ને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે જંબૂદ્વીપના પાંચ ચક્રભાગોમાંથી ત્રણને તથા ઉક્ત ત્રણ ભાગોમાંથી એક-એક સૂર્ય દોઢ-દોઢ ભાગને પ્રકાશિત વગેરે કરે છે. ત્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે. જ્યારે સર્વબાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એક સૂર્ય પાંચ ચક્રોમાંથી એક ચક્ર ભાગને અવભાસિત કરે છે એ સમયે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. સર્વ બાહ્ય મંડળથી આભ્યન્તર મંડળમાં પ્રવેશ કરતા એવા સૂર્ય-ચંદ્રનું તાપક્ષેત્ર પ્રતિ દિવસ વધે છે અને સર્વાભ્યન્તર મંડળથી બાહ્ય મંડળ જતા સૂર્ય-ચંદ્રનું તાપક્ષેત્ર ઘટે છે.

પ્રત્યેક યુગમાં ચંદ્રની સાથે અભિજિતાદિ ઉત્તરાષાઢા પર્યંત અઠ્ઠાવીસ નક્ષત્ર સડસઠ વાર અને સૂર્યની સાથે પાંચ વાર યોગ કરે છે.

ચંદ્ર પ્રત્યેક ચંદ્ર અર્ધમાસમાં ચૌદ મંડળ અને મંડળના એકસો ચોવીસ ભાગોમાંથી ચોથા ભાગનો એક ભાગ તથા સૂર્ય અર્ધમાસમાં સોળ મંડળોમાં તથા સોળમા મંડળમાં ગતિ કરવાના સમયે અન્ય બે આઠ ભાગોમાં જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિમાં સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે. અહીં પહેલા, બીજા અને ત્રીજા ચંદ્રાયણોનું વર્ણન આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે છે. (૧) પ્રથમ અયન ગત ચંદ્ર જે સાત અર્ધમંડળોમાં પ્રવેશ કરે છે એના નામ ૧. બીજુ, ૨. ચોથું, ૩. છઠ્ઠું, ૪. આઠમુ, ૫. દશમુ, ૬. બારમુ અને ૭. ચૌદમુ છે તથા ઉત્તર ભાગથી પ્રવેશ કરતા છ અર્ધમંડળના નામ આ છે ૧. ત્રીજુ, ૨. પાંચમુ, ૩. સાતમુ અને ૪. નવમુ, ૫. અગિયારમુ, ૬. તેરમુ અને પંદરમા મંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગ સુધી પ્રવેશ કરીને ગતિ કરે છે. આ પહેલું ચંદ્રાયણ છે.

(૨) નક્ષત્ર અર્ધમાસ ચંદ્ર અર્ધમાસ નથી અને ચંદ્ર અર્ધમાસ નક્ષત્ર અર્ધમાસ નથી. એક અર્ધમંડળથી બીજા અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી ચાર ભાગ અને સડસઠમા ભાગના એકવીસ ભાગોમાંથી નવ ભાગ નક્ષત્ર અર્ધમાસથી ચંદ્ર અર્ધમાસમાં ચંદ્ર અધિક ચાલે છે.

૨. બીજો અયનગત ચંદ્ર સર્વાભ્યન્તર મંડળના પૂર્વ ભાગ તેમજ પશ્ચિમ ભાગમાંથી નિષ્ક્રમણ કરીને અન્ય સંચરિત અર્ધ મંડળના સડસઠ ભાગોમાંથી ચોપન ભાગ તથા સ્વસંચરિત તેર ભાગોમાં ગતિ કરે છે. સર્વાભ્યન્તર અને સર્વબાહ્ય મંડળમાં પણ ચંદ્ર તેર ભાગ (સુધી) ગતિ કરે છે. એ બીજુ ચંદ્રાયણ છે.

૩. નક્ષત્ર માસ ચંદ્ર માસ નથી અને ચંદ્રમાસ નક્ષત્ર માસ નથી. નક્ષત્ર માસથી ચંદ્ર માસમાં બે અર્ધમંડળ અને અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી આઠભાગ અને સડસઠમાં ભાગના એકત્રીસ ભાગોમાંથી અઢાર ભાગ જેટલી અધિક ગતિ કરે છે.

૪. ત્રીજા અયનગત ચંદ્ર પૂર્વી તથા પશ્ચિમી ભાગથી પ્રવેશ કરીને સર્વાભ્યન્તર તેમજ સર્વ બાહ્ય મંડળની પૂર્વી-પશ્ચિમી અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી સ્વસંચરિત એકતાલીસ ભાગોમાં તથા પર-સંચરિત તેર ભાગોમાં ચંદ્ર પ્રવેશ કરીને ગતિ કરે છે. તે ચંદ્ર પશ્ચિમી ભાગથી પ્રવેશ કરીને બાહ્ય ચતુર્થ પશ્ચિમી અર્ધમંડળના અર્ધ સડસઠ ભાગ તથા સડસઠમા ભાગને એકત્રીસ ભાગોમાં વિભાજિત કરીને ચંદ્ર સ્વ પર-સંચરિત અઢાર ભાગોમાં ગતિ કરે છે.

એ પ્રકારે ચંદ્રમાસમાં ચંદ્ર પર-સંચરિત ચોપન ભાગોમાં તથા સ્વસંચરિત તેર ભાગોમાં અને બે લઘુતમ તેર ભાગોમાં પ્રવેશ કરીને ગતિ કરે છે. સ્વ-પર સંચરિત એકત્રીસ ભાગ તથા બે તેર ભાગોના સડસઠ ભાગોમાંથી આઠ ભાગ અને સડસઠમા ભાગને એકત્રીસ ભાગોમાં વિભક્ત કરીને એના અઢાર ભાગોમાં ચંદ્ર પ્રવેશ કરીને ગતિ કરે છે, અન્ય બે તેર ભાગોમાં સ્વયં કથંચિત્ અસામાન્ય સ્વરૂપમાં પ્રવેશ કરીને ગતિ કરે છે.

અઠ્ઠાવીસ નક્ષત્રોની અપેક્ષાએ ચંદ્ર મંડળના જે દેશમાં જે નક્ષત્ર સાથે આજ યોગ કરે છે તે આઠસો ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ચોવીસ ભાગ અને બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી બાસઠ ચૂર્ણિકા ભાગ વીત્યા પછી પુનઃ તે ચંદ્રમંડળના અન્ય દેશમાં અન્ય સદૃશ નક્ષત્ર સાથે યોગ કરે છે.

છપ્પન નક્ષત્રોની અપેક્ષા સોળસો અડત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ઓગણપચાસ ભાગ અને બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી પાંસઠ ચૂર્ણિકા ભાગ વીત્યા પછી એ મંડળનાં અન્ય સદૃશ નક્ષત્રની સાથે યોગ કરે છે.

અઠ્ઠાવીસ નક્ષત્રોની અપેક્ષા એક યુગ અર્થાત્ ચોપન હજાર નવસો મુહૂર્ત વીત્યા પછી એ ચંદ્રમંડળ એના સદૃશ નક્ષત્રના સાથે યોગ કરે છે અને બે યુગ અર્થાત્ એક લાખ નવ હજાર આઠસો મુહૂર્ત વીત્યા પછી ફરીથી એજ ચંદ્રમંડળ એજ દેશમાં એજ નક્ષત્રની સાથે યોગ કરે છે. સૂર્ય જે નક્ષત્રની સાથે આજે યોગ કરે છે તે ત્રણસો છાસઠ અહોરાત્ર બાદ આઠસો ત્રીસ અહોરાત્ર બાદ અને છત્રીસો સાઈઠ અહોરાત્ર બાદ ફરીથી મંડળના એજ દેશમાં અન્ય એવા જ નક્ષત્ર સાથે યોગ કરે છે.

પાંચ સંવત્સરોની પહેલી પૂર્ણિમાએ ચન્દ્ર ધનિષ્ઠા સાથે, બીજીએ ઉત્તરાભાદ્રપદ સાથે, ત્રીજીએ અશ્વિની સાથે, બારમીએ પૂર્વાષાઢા સાથે અને અંતિમ બાસઠમીએ ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગ કરે છે અને સૂર્ય પહેલીએ પૂર્વાફાલ્ગુની સાથે, બીજીએ ઉત્તરાફાલ્ગુની સાથે, ત્રીજીએ ચિત્રા સાથે, બારમીએ પુનર્વસુ નક્ષત્ર સાથે અને બાસઠમીએ પુષ્ય નક્ષત્ર સાથે યોગ કરે છે.

અમાસોમાં પહેલીએ ચંદ્ર અને સૂર્ય આશ્લેષા સાથે, બીજીએ ઉત્તરા ફાલ્ગુની સાથે, ત્રીજીએ હસ્ત સાથે, બારમીએ આર્દ્રા સાથે અને અંતિમ બાસઠમીએ પુનર્વસુ સાથે યોગ કરે છે.

પ્રથમ હેમંતિ આવૃત્તિમાં ચંદ્ર હસ્ત નક્ષત્ર સાથે બીજીએ શતભિષક્ સાથે, ત્રીજીએ પુષ્ય સાથે, ચોથીએ મૂળ સાથે, પાંચમીએ કૃત્તિકા નક્ષત્ર સાથે તથા સૂર્ય પાંચેય હેમંતિ આવૃત્તિમાં ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે યોગ કરે છે.

વાર્ષિકી પહેલી આવૃત્તિમાં ચંદ્ર અભિજિત્ નક્ષત્ર સાથે બીજીએ મૃગશિર સાથે, ત્રીજીએ વિશાખા સાથે, ચોથીએ રેવતી સાથે અને પાંચમીએ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર સાથે તથા સૂર્ય પાંચેય આવૃત્તિમાં પુષ્ય નક્ષત્ર સાથે યોગ કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપના ચંદ્ર સૂર્યના વર્ણનમાંથી ચંદ્રદ્વીપનું વર્ણન ચંદ્ર પ્રકરણમાં કરવામાં આવ્યું છે અને સૂર્ય દ્વીપનું વર્ણન આ પ્રમાણે છે -

જંબૂદ્વીપના મેરુ પર્વતથી પશ્ચિમી લવણસમુદ્રમાં બાર હજાર યોજન જવા પછી સૂર્યદ્વીપ છે. એની ઊંચાઈ આયામ-વિષ્કંભ, વેદિકા, વનખંડ, ભૂમિભાગ. દેવી-દેવતાનું ઉઠવા-બેસવાનું, પ્રાસાદાવતંસક, મણિપીઠિકા વગેરેનું વર્ણન ચંદ્રદ્વીપ સમાન જાણવું જોઈએ. સૂર્યદ્વીપ એટલા માટે કહેવાય છે કે એની વાપિકાઓમાં સૂર્યના વર્ણ અને આકૃતિવાળા કમલ છે. એની રાજધાની પશ્ચિમમાં અન્ય જંબૂદ્વીપમાં છે. અહીં સૂર્ય નામનો દેવ રહે છે.

આભ્યન્તરવર્તી લવણ સમુદ્રનો ચંદ્રદ્વીપ જંબૂદ્વીપના મંદર પર્વતથી પૂર્વી લવણ સમુદ્રમાં બાર હજાર યોજન જવા પછી આવેલો છે. એનું બાકીનું વર્ણન જંબૂદ્વીપના ચંદ્રદ્વીપ સમાન છે. રાજધાની અન્ય લવણસમુદ્રમાં છે. એવા પ્રકારે લવણ સમુદ્રના અંદરના સૂર્યદ્વીપોનું વર્ણન જાણવું જોઈએ.

બાહ્યવર્તી લવણસમુદ્રનો ચંદ્રદ્વીપ લવણસમુદ્રની પૂર્વી વેદિકાના અંતિમ ભાગથી લવણસમુદ્રના પશ્ચિમમાં બાર હજાર યોજન જવા પછી આવેલો છે. એનો આયામ-વિષ્કંભ અને પરિધિ ગૌતમદ્વીપની સમાન (બાર હજાર યોજન લાંબો- પહોળો અને સાડત્રીસ હજાર નવસો અડતાલીસથી કંઈક વધુ યોજનની પરિધિ) છે. એ ચંદ્રદ્વીપ ધાતકીખંડ દ્વીપના અંતિમ ભાગથી સાડા અઠ્યાસી યોજન અને એક યોજનના પંચાણું ભાગોમાંથી ચાલીસ ભાગ જેટલો જલાન્તથી ઊંચો છે અને લવણસમુદ્રના અંતિમ ભાગના જલાન્તથી બે કોસ ઊંચો છે. આ દ્વીપોની પદ્મવરવેદિકા વગેરેનું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. એની રાજધાનીઓ પૂર્વ દિશામાં ત્રાંસા અસંખ્ય દ્વીપ સમુદ્રોની પછી અન્ય લવણસમુદ્રમાં છે. બાહ્યવર્તી લવણસમુદ્રનો સૂર્યદ્વીપ પશ્ચિમ વેદિકાના અંતિમ ભાગથી લવણસમુદ્રના પૂર્વમાં બાર હજાર યોજન જવા પછી આવેલો છે. એના આયામ-વિષ્કંભ વગેરેનું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. એની રાજધાની પશ્ચિમમાં ત્રાંસા અસંખ્યદ્વીપ સમુદ્રોની બાદ અન્ય લવણસમુદ્રમાં છે.

ધાતકીખંડ દ્વીપ, કાળોદ સમુદ્ર, પુષ્કરવરદ્વીપ, પુષ્કરોદ સમુદ્ર, દેવદ્વીપ, દેવોદ સમુદ્ર, સ્વયંભૂરમણદ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્રના ચંદ્ર-સૂર્યદ્વીપોનું વર્ણન પૂર્વની અનુસાર છે. ચંદ્રદ્વીપ પૂર્વી વેદિકાથી અને સૂર્યદ્વીપ પશ્ચિમી વેદિકાથી સમુદ્રમાં બાર હજાર યોજન જવા પછી આવેલો છે.

ચંદ્ર સૂર્ય દ્વીપોની રાજધાનીઓ દ્વીપોમાં અને સમુદ્રની રાજધાનીઓ સમુદ્રમાં છે. કેટલીક રાજધાનીઓ આભ્યન્તર પાર્શ્વમાં અને કેટલીક જ બાહ્ય પાર્શ્વમાં છે.

## ગ્રહવર્ણન : સૂત્ર ૧૧૪૭-૧૧૫૬ પૃ. ૧૯૯-૨૦૫

અંગારક (મંગળ) વગેરે ભાવકેતુ પર્યંત અઠ્ઠાસી મહાગ્રહ છે. એમા પ્રમુખ આઠ ગ્રહોના નામ આ પ્રમાણે છે - ૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. શુક્ર, ૪. બુધ, ૫. બૃહસ્પતિ, ૬. મંગળ, ૭. શનૈશ્વર અને (રાહુ), ૮. કેતુ. આ આઠમાંથી સૂર્ય-ચંદ્રના સિવાય બાકીના છ તારાગ્રહ કહેવાય છે.

શુક્રને મહાગ્રહ (રૂપે) માનવામાં આવ્યો છે. એની અશ્વવીથિ વગેરે નવ વીથિઓ છે. શુક્ર મહાગ્રહ પશ્ચિમ દિશામાં ઉદય થઈને ઓગણીસ નક્ષત્રોની સાથે ગતિ કરીને પશ્ચિમ દિશામાં જ અસ્ત પામે છે.

રાહુ પણ શુક્રની જેમ મહાગ્રહ માનવામાં આવ્યો છે. એના સંઘાટક વગેરે નવ નામ દર્શાવવામાં આવ્યા છે.

રાહુના બે પ્રકાર છે. (૧) ધ્રુવ રાહુ (૨) પર્વ રાહુ. ધ્રુવ રાહુ કૃષ્ણ પક્ષની એકમથી અમાસ પર્યંત પોતાના પંદર ભાગોમાંથી એક (પછી) એક ભાગને વધારતો એવો ચંદ્રના પંદરમા ભાગના પ્રકાશને ઢાંકી દે છે. પંદરમા ભાગના અંતિમ સમયમાં ચંદ્ર ધ્રુવ રાહુથી પૂર્ણપણે ઢંકાયેલો રહે છે અને બાકીના સમયે (દરમ્યાન) ઢંકાયેલો અને ઉઘાડો રહે છે. શુકલ પક્ષમાં કૃષ્ણપક્ષ કરતા ઉલ્ટો ક્રમ સમજવો જોઈએ, અર્થાત્ એક (પછી) એક ભાગ ઉઘાડો થતો જાય છે. પંદરમા દિવસના (પૂર્ણિમા) અંતિમ સમયમાં પૂર્ણપણે ઉઘાડો રહે છે. બાકીના સમયોમાં કંઈક ઢંકાયેલો અને કંઈક ઉઘાડો રહે છે.

પર્વ રાહુ ઓછામાં ઓછા છ માસ પછી ચંદ્ર સૂર્યને ઢાંકી દે છે અને વધુમાં વધુ બેંતાલીસ માસ પછી ચંદ્રને અને અડતાલીસ સંવત્સર પછી સૂર્યને ઢાંકી દે છે.

રાહુના વિમાન કૃષ્ણ વગેરે પાંચ રંગના હોય છે. કૃષ્ણવર્ણી - પક્ષીના જેવા રંગના, નીલવર્ણી- તુંબડા જેવા, લાલવર્ણી - મંજિષ્ઠ જેવા, પીતવર્ણી- હલધર જેવા, શ્વેતવર્ણી - ભસ્મના ઢગલા જેવા રંગના છે.

રાહુના કાર્ય અંગે બે માન્યતાઓ છે - રાહુને દેવ માનનારાઓ (કહે છે કે) ચંદ્ર અને સૂર્યને ગ્રહણ કરે છે અને તે નીચે (જણાવેલ) પ્રકારે ગ્રહણ કરે છે. (૧) ઉપરથી નીચે અને નીચેથી ઉપર (તરફ) ગ્રહણ કરી (પછીથી)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુક્ત કરે છે. (૨) પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વમાં ગ્રહણ કરી (પછીથી) મુક્ત કરે છે. (૩) જમણીથી ડાબી બાજુ ગ્રહણ કરીને (પછીથી) મુક્ત કરે છે. ઉપર-નીચે, જમણી-ડાબી બાજુથી ગ્રહણ કરવાના (એવા) ચાર-ચાર વિકલ્પો જાણવા જોઈએ. આમ બધા મળીને આઠ વિકલ્પો છે.

રાહુને દેવ ન માનનારાઓ એવું માને છે કે - સંઘાટક વગેરે પંદર કૃષ્ણવર્ણીય (કાળા રંગના) પુદ્‌ગલ છે તે જ્યારે ચંદ્ર અને સૂર્યના પ્રકાશ સાથે અનુબદ્ધ (જોડાઈને) ગતિ કરે છે ત્યારે લોકમાં કહેવાય છે કે - રાહુએ ચંદ્ર અને સૂર્યને ગ્રહણ કરી લીધા છે પરંતુ સૈદ્ધાંતિક માન્યતાનુસાર રાહુ દેવ મહર્ધિક, મહાદ્યુતિ વગેરેથી સંપન્ન જ્યોતિષ્ક દેવ છે.

રાહુ પોતાના ગમન દ્વારા પૂર્વથી પશ્ચિમમાં, પશ્ચિમથી પૂર્વમાં, દક્ષિણથી ઉત્તરમાં, ઉત્તરથી દક્ષિણમાં અવર-જવર કરે છે. ત્યારે ચંદ્ર-સૂર્ય અને રાહુ પરસ્પર વિપરીત દિશામાં આવતાં જતાં દેખાય છે. એને જ ચંદ્ર ગ્રહણ કે સૂર્ય ગ્રહણ કહેવાય છે.

## નક્ષત્ર વર્ણન : સૂત્ર ૧૧૫૭ થી ૧૧૯૫ પૃ. ૨૦૬ – ૨૭૬

નક્ષત્રોની સાથે મનુષ્યોના જીવનનો સંબંધ સંકળાયેલો છે. એટલા માટે વિસ્તારથી વર્ણન કરવા માટે મુખ્ય દ્વારના નામ આ પ્રમાણે છે ૧. યોગ (ચંદ્રની સાથે નક્ષત્રોનો યોગ), ૨. દેવતા, ૩. તારા પરિમાણ, ૪. ગોત્ર, ૫. સંસ્થાન, ૬. ચંદ્ર-રવિયોગ, ૭. કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર નામ, ૮. પૂર્ણિમા-અમાસની સંખ્યા, ૯. સન્નિપાત, ૧૦. નેતા. (માસ સમાપક-સમાપ્તિ કરનાર નક્ષત્ર નામ.)

નક્ષત્ર અઠ્ઠાવીસ છે. એમાં પ્રથમ નક્ષત્રનું નામ છે અભિજિત્ અને અઠ્ઠાવીસમા નક્ષત્રનું નામ છે ઉત્તરાષાઢા. આ નક્ષત્રોનો ચંદ્ર-સૂર્યની સાથે પંક્તિરૂપ ક્રમ માટે કોઈ કૃત્તિકાથી ભરણી પર્યન્તનો, કોઈ મઘાથી આશ્લેષા પર્યંતનો, કોઈ ધનિષ્ઠાથી શ્રવણ પર્યન્તનો, કોઈ અશ્વિનીથી રેવતી પર્યંતનો અને કોઈ ભરણીથી અશ્વિની પર્યંતનો (હોવાનો) માને છે. પણ આગમિક માન્યતા અભિજિત્‌થી ઉત્તરાષાઢા સુધીની છે. જંબૂદ્વીપમાં અભિજિત્ સિવાય સત્તાવીશ નક્ષત્રોનો ઉપયોગ લોકવ્યવહારમાં કરવામાં આવે છે.

અભિજિત્‌થી આરંભીને ઉત્તરાષાઢા પર્યંત અઠ્ઠાવીસ નક્ષત્રોના મૌદ્‌ગલાયન વગેરે ૨૮ ગોત્ર છે. પરંતુ એમના નામોમાં ભિન્નતા છે. એવી રીતે ૨૮ નક્ષત્રોના બ્રહ્મા વગેરે ૨૮ દેવતાઓના નામ પણ બતાવવામાં આવ્યા છે. એમાં પણ ભિન્નતા છે. દરેક નક્ષત્રોનો જુદો-જુદો આકાર દર્શાવવામાં આવ્યો છે. જેવા કે ૧. અભિજિત્-ગૌશૃંગ, ૨. શ્રવણ - કાવડ ૩. ધનિષ્ઠા - પક્ષીનું પાંજરું, ૪. શતભિષક્ - પુષ્પોનો ગુચ્છ, ૫-૬. પૂર્વા અને ઉત્તરાભાદ્રપદ - અર્ધવાપી, ૭. રેવતી - નૌકા, ૮. અશ્વિની - અશ્વકંધ, ૯. ભરણી - ભગ, ૧૦. કૃતિકા - રાખનું ઘર, ૧૧. રોહિણી - ગાડાની ધુરી, ૧૨ મૃગશીર્ષ - મૃગનું મસ્તક, ૧૩. આર્દ્રા - લોહીનું ટપકું, ૧૪. પુનર્વસુ - તુલા, ૧૫. પુષ્ય - વર્ધમાન, ૧૬. આશ્લેષા - ધજા, ૧૭. મઘા - પ્રાકાર, ૧૮-૧૯. - પૂર્વા અને ઉત્તરાફાલ્ગુની - અર્ધપલંગ, ૨૦. હસ્ત - હાથ, ૨૧. ચિત્રા - ફુલેલું મોં, ૨૨ - સ્વાતી - ખીલ, ૨૩. વિશાખા - ડોરી, ૨૪ અનુરાધા - એકાવલી હાર, ૨૫. જ્યેષ્ઠા - હાથીદાંત ૨૬. મૂળ - વીંછીની પૂંછડી, ૨૭. પૂર્વાષાઢા - હાથીની ચાલ, ૨૮. ઉત્તરાષાઢા - બેઠેલો સિંહ.

નક્ષત્રોના તારાઓની સંખ્યા નીચે દર્શાવવામાં આવી છે- ૧. અભિજિત્‌ના ત્રણ, ૨. શ્રવણના ત્રણ, ૩. ધનિષ્ઠાના પાંચ, ૪. શતભિષક્‌ના સાત, ૫. પૂર્વાભાદ્રપદના બે, ૬. ઉત્તરાભાદ્રપદના બે, ૭. રેવતીના બત્રીસ, ૮. અશ્વિનીના ત્રણ, ૯. ભરણીના ત્રણ, ૧૦. કૃત્તિકાના છ, ૧૧. રોહિણીના પાંચ, ૧૨. મૃગશીર્ષના ત્રણ, ૧૩. આર્દ્રાનો એક, ૧૪. પુનર્વસુના પાંચ, ૧૫. પુષ્યના ત્રણ, ૧૬. આશ્લેષાના છ, ૧૭. મઘાના સાત, ૧૮. પૂર્વાફાલ્ગુનીના બે, ૧૯. ઉત્તરા ફાલ્ગુનીના બે, ૨૦. હસ્તના પાંચ, ૨૧. ચિત્રાનો એક, ૨૨. સ્વાતીનો એક, ૨૩. વિશાખાના પાંચ, ૨૪. અનુરાધાના પાંચ, ૨૫. જ્યેષ્ઠાનો એક, ૨૬. પૂર્વાષાઢાના ચાર, ૨૭. ઉત્તરાષાઢાના ચાર તારા દર્શાવવામાં આવ્યા છે.

નક્ષત્રોના દિશા દ્વારોને માટે મતાન્તર છે. પરંતુ આગમિક માન્યતા આ પ્રમાણે છે -

(૧) અભિજિત્ શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક્, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી નક્ષત્ર પૂર્વ દિશાના દ્વારવાળા છે.

(૨) અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ દક્ષિણ દિશાના દ્વારવાળા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા નક્ષત્ર પશ્ચિમ દિશાના દ્વારવાળા છે.

(૪) સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા નક્ષત્ર ઉત્તર દિશાના દ્વારવાળા છે.

કુલ, ઉપકુલ, કુલોપકુલના ભેદ વડે નક્ષત્રો ત્રણ પ્રકારના છે. કુલ સંજ્ઞક નક્ષત્રો બાર છે. જેમકે - ૧. ધનિષ્ઠા, ૨. ઉત્તરાભાદ્રપદ, ૩. અશ્વિની, ૪. કૃત્તિકા, ૫. મૃગશિર, ૬. પુષ્ય, ૭. મઘા, ૮. ઉત્તરાફાલ્ગુની, ૯. ચિત્રા, ૧૦. વિશાખા, ૧૧. મૂળ, ૧૨. ઉત્તરાષાઢા.

ઉપકુલ સંજ્ઞક નક્ષત્ર પણ બાર પ્રકારના છે- ૧. શ્રવણ, ૨. પૂર્વાભાદ્રપદ, ૩. રેવતી, ૪. ભરણી, ૫. રોહિણી, ૬. પુનર્વસુ, ૭. આશ્લેષા, ૮. પૂર્વા ફાલ્ગુની, ૯. હસ્ત, ૧૦. સ્વાતિ, ૧૧. જ્યેષ્ઠા, ૧૨. પૂર્વાષાઢા.

આ સિવાયના બાકી રહેલા ચાર નક્ષત્ર કુલોપકુલ સંજ્ઞક છે. ૧. અભિજિત્, ૨. શતભિષક્, ૩. આર્દ્રા, ૪. અનુરાધા.

ઉપર્યુક્ત કુલાદિ સંજ્ઞક નક્ષત્રોનો શ્રાવણી અને આષાઢી પૂર્ણિમા પર્યંત બાર પૂર્ણિમાઓએ ચંદ્રની સાથે યોગ થાય છે. કુલ, ઉપકુલ, કુલોપકુલ સંજ્ઞક નક્ષત્રોમાંથી કોઈ એકની સાથે યોગ થવાથી તે પૂર્ણિમાએ એજ નક્ષત્રની સાથે યુક્ત કહેવાય છે. એવી રીતે બાર અમાસ માટે પણ કુલ, ઉપકુલ અને કુલોપકુલ સંજ્ઞક નક્ષત્ર જાણવા જોઈએ. કેટલાક નક્ષત્ર દિવસના પ્રારંભમાં સમક્ષેત્રમાં ત્રીસ મુહૂર્ત સુધી, કેટલાક નક્ષત્ર દિવસના અંતિમ ભાગમાં સમક્ષેત્રમાં ત્રીસ મુહૂર્ત સુધી, કેટલાક નક્ષત્ર રાત્રિના પ્રારંભમાં અડધા ક્ષેત્રમાં પંદર મુહૂર્ત સુધી, કેટલાક નક્ષત્ર પ્રથમ દિવસના પ્રારંભથી બીજા દિવસની સાયંકાળ (સંધ્યા) સુધી દોઢ ક્ષેત્રમાં પીસ્તાળીસ મુહૂર્ત સુધી યોગ કરે છે.

જંબૂદ્વીપમાં અભિજિત્ નક્ષત્ર સર્વાભ્યન્તર મંડળમાં, મૂળ નક્ષત્ર સર્વ બાહ્યમંડળમાં, સ્વાતિ નક્ષત્ર સર્વોપરિ અને ભરણી નક્ષત્ર બધાની નીચે ગતિ કરે છે.

અભિજિત્ નક્ષત્ર સિવાય બાકી રહેલા નક્ષત્ર સવારે અને સાંજે બન્ને બાજુથી આકાશમાં પ્રવેશ કરીને ચંદ્ર સાથે યોગ કરતા નથી. પરંતુ અભિજિત્ નક્ષત્ર ચુંમાળીસમી અમાસે સવારના સમયે ચંદ્રની સાથે યોગ કરે છે, પૂર્ણિમાએ નથી કરતો.

નક્ષત્રોની ચંદ્રની સાથે યોગ કરવાની સ્થિતિ વિચિત્ર છે. કેટલાક નક્ષત્ર ચંદ્રની સાથે સદા દક્ષિણ ભાગમાં, કેટલાક ઉત્તર ભાગમાં યોગ કરે છે. કેટલાક દક્ષિણ ભાગમાં પણ અને ઉત્તર ભાગમાં પણ પ્રમર્દ યોગ કરે છે. કેટલાક દક્ષિણ ભાગમાં પણ પ્રમર્દ યોગ કરે છે અને જે સદા પમર્દ યોગ કરે છે તે એક માત્ર જ્યેષ્ઠા નક્ષત્ર છે.

બાર પૂર્ણિમાઓ (અંગે) કહેવામાં આવ્યું છે એમાં શ્રાવણ પૂર્ણિમાએ ત્રણ, ભાદરવા (પૂર્ણિમાએ) ત્રણ, આસો (પૂર્ણિમાએ) બે, કાર્તિક (પૂર્ણિમાએ) બે, માર્ગશીર્ષ (પૂર્ણિમા) એ બે, પોષ (પૂર્ણિમા) એ ત્રણ, માઘ (પૂર્ણિમા) એ બે, ફાગણ (પૂર્ણિમા) એ બે, ચૈત્ર (પૂર્ણિમા) એ બે, વૈશાખ (પૂર્ણિમા) એ બે, જ્યેષ્ઠ (પૂર્ણિમા) એ ત્રણ, અષાઢ (પૂર્ણિમા) એ બે નક્ષત્ર ચંદ્ર સાથે યોગ કરે છે. એવી રીતે બાર અમાસે યોગ કરનારા નક્ષત્રોની સંખ્યા શ્રાવણી અમાસે બે વગેરે ક્રમશઃ (ક્રમાનુસાર) બે, બે, બે, ત્રણ, બે, ત્રણ, બે, બે, બે, બે, ત્રણ નક્ષત્ર સમજવા જોઈએ. પૂર્ણિમાઓ અને અમાસોમાં ચદ્રની સાથે નક્ષત્રોનો સન્નિપાત (નામનો) યોગ થાય છે.

વર્ષાઋતુના પ્રથમ મહિનાને પૂર્ણ કરનાર ચાર નક્ષત્ર (આ પ્રમાણે) છે– ઉત્તરાષાઢા, અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા. આ માસના અંતિમ દિવસે બે પગ અને ચાર આંગળની પોરષી થાય છે. બીજા મહિનાને ધનિષ્ઠા, શતભિષક્, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર પૂર્ણ કરે છે. અંતિમ દિવસે બે પગ અને આઠ આંગળની પોરષી થાય છે. ત્રીજા મહિનાને ઉત્તરાષાઢા, રેવતી અને અશ્વિની નક્ષત્ર પૂર્ણ કરે છે તથા રેખાસ્થ ત્રણ પગની પોરષી થાય છે. ચોથા મહિનાને અશ્વિની, ભરણી અને કૃત્તિકા આ ત્રણ નક્ષત્ર પૂર્ણ કરે છે અને પોરષી ત્રણ પગ અને ચાર આંગળની થાય છે.

હેમંત ઋતુના પ્રથમ માસને કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ નક્ષત્ર પૂર્ણ કરે છે. પોરષી અંતિમ દિવસે ત્રણ પગ અને આઠ આંગળની થાય છે. બીજા માસને મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ અને પુષ્યનક્ષત્ર પૂર્ણ કરે છે તથા અંતિમ દિવસે પોરષી રેખાસ્થ ચાર પગની થાય છે. ત્રીજા માસને પુષ્ય, આશ્લેષા, મઘા નક્ષત્ર પૂર્ણ કરે છે. અંતિમ દિવસ ત્રણ પગ આઠ આંગળની પોરષી થાય છે. ચોથા માસને મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પૂર્ણ કરે છે. અંતિમ દિવસ પોરષી પ્રમાણ ત્રણ પગ ચાર આંગળ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રીષ્મ ઋતુના પ્રથમ મહિનાને ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા નક્ષત્ર પૂર્ણ કરે છે. માસના અંતિમ દિવસે રેખાસ્થ ત્રણ પગની પોરષી થાય છે. બીજા મહિનાને ચિત્રા, સ્વાતિ અને વિશાખા નક્ષત્ર પૂર્ણ કરે છે. માસના અંતિમ દિવસે બે પગ અને આઠ આંગળની પોરષી થાય છે. ત્રીજા મહિનાને વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા નક્ષત્ર પૂર્ણ કરે છે. માસના અંતિમ દિવસે પોરષી બે પગ અને ચાર આંગળની થાય છે. ચોથા મહિનાને જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા નક્ષત્ર પૂર્ણ કરે છે. માસના અંતિમ દિવસે રેખાસ્થ બે પગની પોરષી થાય છે.

નક્ષત્ર મંડળ આઠ છે. એમાંથી જંબૂદ્વીપમાં એક સો એંસી યોજન ઊંડા ઉતરવાને (સ્થાને) બે અને લવણ સમુદ્રમાં ત્રણ સો ત્રીસ યોજન ઉંડા ઉતરવાના (સ્થાને) છ મંડળ આવેલા છે. સર્વાભ્યન્તર મંડળથી સર્વબાહ્યમંડળ વચ્ચેનું અંતર પાંચસો દસ યોજનનું છે અને એકબીજાના મંડળ વચ્ચેનું અંતર બે યોજનનું છે. પ્રત્યેક મંડળનો આયામ - વિષ્કંભ એક ગાઉ છે અને પરિધિ ત્રણ ગણાથી કંઈક અધિક છે અને બાહલ્ય અડધો ગાઉ છે.

જંબૂદ્વીપના મંદર પર્વતથી સર્વાભ્યન્તર નક્ષત્ર મંડળ વચ્ચેનું અંતર ચુંમાલીસ હજાર આઠસો ચોવીસ યોજન અને સર્વબાહ્ય મંડળનું અંતર પીસ્તાલીસ હજાર આઠસો ત્રીસ યોજન છે.

સર્વાભ્યન્તર મંડળનો આયામ-વિષ્કંભ નવ્વાણું હજાર છસો ચાલીસ યોજન તથા પરિધિ ત્રણ લાખ પંદર હજાર નવાસી યોજનથી કંઈક અધિક છે અને સર્વબાહ્ય નક્ષત્ર મંડળનો આયામ - વિષ્કંભ એક લાખ છસો સાઈઠ યોજન તથા પરિધિ ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર યોજન છે.

સર્વાભ્યંતર મંડળ પર સંક્રમણ કરીને નક્ષત્ર ગતિ કરે છે તથા પ્રત્યેક મુહૂર્તમાં પાંચ હજાર બસો પાંસઠ યોજન અને મંડળના એકવીસ હજાર નવસો સાઈઠ ભાગોમાંથી અઢાર હજાર બસો ત્રેસઠ ભાગ જેટલું ચાલે છે અને સર્વબાહ્ય મંડળ પર સંક્રમણ કરીને ગતિ કરે છે ત્યારે પ્રત્યેક મુહૂર્તમાં પાંચ હજાર ત્રણસો ઓગણીસ યોજન અને મંડળના એકવીસ હજાર નવસો સાઈઠ ભાગોમાંથી સોળ હજાર ત્રણસો પાંસઠ ભાગ જેટલું ચાલે છે. પ્રત્યેક મુહૂર્તમાં નક્ષત્ર જે-જે મંડળો પર સંક્રમણ કરે છે તે-તે મંડળોની પરિધિના એક લાખ અઠ્ઠાણુંમાં ભાગોમાંથી આઠસો પાંત્રીસ ભાગ ચાલે છે.

પહેલા, ત્રીજા, છઠ્ઠા, સાતમા, આઠમા, દશમા, અગિયારમાં, પંદરમાં ચંદ્ર મંડળની સાથે પહેલા, બીજા વગેરે ક્રમાનુસાર નક્ષત્ર મંડળ (સાથે) મળેલા છે. કૃતિકા નક્ષત્ર ચંદ્રના સર્વ બાહ્ય મંડળથી દસમા મંડળમાં ભ્રમણ કરે છે. અનુરાધા નક્ષત્ર ચંદ્રના સર્વાભ્યન્તર મંડળથી દસમા મંડળમાં ભ્રમણ કરે છે. અભિજિત્ વગેરે નવ નક્ષત્ર ચંદ્રના પાછળના ભાગમાં ગતિ કરે છે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે અને અઠ્ઠાવીસ નક્ષત્ર છે. પ્રત્યેક ચંદ્ર-સૂર્યનો અઠ્ઠાવીસ-અઠ્ઠાવીસ નક્ષત્રોનો પરિવાર છે. આમ બધા મળીને છપ્પન નક્ષત્રો થાય છે. આ છપ્પન નક્ષત્રોમાં નક્ષત્રોનો સીમા વિષ્કંભ કેટલો છે એ અંગે દર્શાવવામાં આવ્યું છે કે - બે અભિજિત્ નક્ષત્રોનો છસોત્રીસ યોજન, બે શતભિષક્ વગેરે બાર નક્ષત્રોનો એક હજાર પાંચસો યોજન, બે શ્રવણ આદિ ત્રીસ નક્ષત્રોનો બે હજાર દસ યોજન અને બે ઉત્તરાભાદ્રપદ વગેરે બાર નક્ષત્રોનો ત્રણ હજાર પંદર યોજન તથા બધામાં એક યોજનના સડસઠ ભાગોમાંથી ત્રીસ ભાગ જેટલો સીમા વિષ્કંભ છે. જે છપ્પન નક્ષત્રો છે તેઓ ચંદ્ર, સૂર્ય સાથે યોગ કરતા હતા. કરે છે અને કરતા રહેશે. કેટલાક નક્ષત્રો નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠ ભાગોમાંથી સત્તાવીસ ભાગ, કેટલાક પંદર મુહૂર્ત, કેટલાક ત્રીસ મુહૂર્ત અને કેટલાક પીસ્તાળીસ મુહૂર્ત ચંદ્રની સાથે યોગ કરે છે.

સૂર્યની સાથે કેટલાક નક્ષત્ર ચાર અહોરાત્ર છ મુહૂર્ત, કેટલાક નક્ષત્ર છ અહોરાત્ર એકવીસ મુહૂર્ત, કેટલાક નક્ષત્ર તેર અહોરાત્ર બાર મુહૂર્ત અને કેટલાક નક્ષત્ર વીસ અહોરાત્ર ત્રણ મુહૂર્ત યોગ કરે છે. નક્ષત્ર ચંદ્રની સાથે યોગમાંથી મુક્ત થઈને પોતાના ઉત્તરવર્તી નક્ષત્રને ચંદ્ર સોંપે છે.

અઠ્ઠાવીસ નક્ષત્રોની અપેક્ષાએ પણ ઉપરોક્ત કથનાનુસાર ચંદ્ર-સૂર્યના નક્ષત્ર યોગ કરે છે. એનું વિસ્તૃત વર્ણન છે.

નક્ષત્રોનો ચંદ્રની સાથેના યોગનો પ્રારંભ કયા પ્રકારે થાય છે એનું વિસ્તારથી વર્ણન છે. જેમકે – અભિજિત્ અને શ્રવણ એ બન્ને નક્ષત્રો સંધ્યા સમયે ચંદ્રની સાથે યોગનો પ્રારંભ કરે છે. તે પછી ઓગણપચાસથી કંઈક વધુ મુહૂર્ત સૂર્યની સાથે સમક્ષેત્રમાં યોગયુક્ત રહે છે. પછી બીજા દિવસની સાંજે યોગમુક્ત થઈ ધનિષ્ઠા નક્ષત્રમાં મળી જાય છે. આ પ્રકારે ઓછા વધતા મુહૂર્તોમાં નક્ષત્ર ચંદ્ર સાથે યોગનો પ્રારંભ કરે છે.

જ્ઞાન વૃદ્ધિ કરનારા દસ નક્ષત્ર છે. ૧. મૃગશિર, ૨. આર્દ્રા, ૩. પુષ્ય, ૪. પૂર્વાષાઢા, ૫. પૂર્વાફાલ્ગુની, ૬. ઉત્તરાફાલ્ગુની, ૭. મૂળ, ૮. આશ્લેષા, ૯. હસ્ત, ૧૦. ચિત્રા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તારા-વર્ણન : સૂત્ર ૧૧૯૬-૧૧૯૮ પૃ. ૨૭૬-૨૭૭

સમક્ષેત્રમાં રહેનાર તથા ઉપર રહેવાવાળા તારા હીન પણ છે અને તુલ્ય પણ છે. એમનું કારણ એ છે કે- જે દેવોના (પૂર્વભવના) વ્રત, તપાદિ હીન કે તુલ્ય છે. તે અનુસાર (દ્યુતિ, વૈભવ આદિની) હીનાધિકતા છે.

જંબૂદ્વીપમાં એક તારાથી બીજા તારાનું વ્યવધાનવાળું જઘન્ય અંતર બસો છાસઠ યોજન અને ઉત્કૃષ્ટ અંતર બાર હજાર બસો છેંતાળીસ યોજનનું છે. અવ્યવધાન અંતર જઘન્ય પાંચસો ધનુષ્ય અને ઉત્કૃષ્ટ અડધા યોજનનું છે.

વૈક્રિય રૂપ, પરિચારણા અને એક સ્થાનથી બીજા સ્થાનમાં સંક્રમણ કરવાને કારણે તારા ચલિત થાય છે.

## ઊર્ધ્વલોક-ક્ષેત્રલોક વર્ણન : સૂત્ર ૧૧૯૯ થી ૧૨૯૮ પૃ. ૨૭૮-૩૨૯

ઊર્ધ્વલોક ક્ષેત્રલોકના પંદર પ્રકાર છે. સૌધર્માદિ અચ્યુત પર્યન્ત બાર કલ્પ, તેરમું ગ્રૈવેયક વિમાન, ચૌદમું અનુત્તર વિમાન અને પંદરમું ઈષત્પ્રાગ ભારા પૃથ્વી (સિધ્ધ ક્ષેત્ર) એમનો આકાર અધોમુખ મૃદંગાકાર છે. ઊર્ધ્વલોકમાં જીવ-અજીવ અને એના દેશ-પ્રદેશ છે. જીવ એકન્દ્રિયથી આરંભી અનિન્દ્રિય પર્યંત છે. એ પ્રકારે જીવ દેશો અને જીવ પ્રદેશોનું પણ સદ્ભાવ છે. રૂપી અજીવ તો ૧. સ્કંધ, ૨. સ્કન્ધ દેશ, ૩. સ્કન્ધ પ્રદેશ અને ૪. પરમાણુ પુદ્ગલ. આ ચારેય પ્રકારોનો સદ્ભાવ છે. પણ અરૂપી જીવના છ પ્રકારો છે - ધર્માસ્તિકાયના દેશ, પ્રદેશો, અધર્માસ્તિકાયના દેશ, પ્રદેશો અને આકાશાસ્તિકાયનો દેશ-પ્રદેશોના સદ્ભાવ છે. અધ્ધા સમય તેમજ સંપૂર્ણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના સદ્ભાવ નથી. આ પ્રકારે એક આકાશ પ્રદેશની અપેક્ષાએ પણ સદ્ભાવ બતાવવામાં આવ્યો છે.

ઊર્ધ્વલોકના આયામ-મધ્યભાગ સનત્કુમાર - માહેન્દ્રકલ્પની ઉપર તેમજ બ્રહ્મલોક કલ્પમાં રિષ્ટ વિમાન પ્રસ્તટમાં છે.

ક્ષેત્રાનુપૂર્વીની અપેક્ષાએ ઊર્ધ્વલોક ક્ષેત્રાનુપૂર્વીના, પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી આ ત્રણ ભેદ કરવામાં આવ્યા છે. સૌધર્માદિ પંદર પ્રકારોની અનુલોમ, પ્રતિલોમના ક્રમથી ગણના પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી છે. આદિમાં એક-એક કરીને એકોત્તર વૃદ્ધિ દ્વારા નિર્મિત પંદર પર્યન્તની શ્રેણીમાં પરસ્પર ગુણીને પ્રાપ્ત રાશિમાંથી એ આદિ અને અંતના બે ભાગોને ઓછા કરવાથી બાકી (રહેલો) ભંગ ઊર્ધ્વલોક ક્ષેત્રાનુપૂર્વી છે.

એ ઊર્ધ્વલોક ક્ષેત્રલોક વૈમાનિક દેવોના આવાસ સ્થાન છે. એટલે પર્યાપ્ત-અપર્યાપ્ત વૈમાનિક દેવોના સ્થાન આ રત્નપ્રભા પૃથ્વી પર સમરમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્રમા આદિ જ્યોતિષ્ક વિમાનોથી પણ સેંકડો, હજારો, લાખો અને કોટા-કોટિ યોજને ઉપર જવાના (સ્થાન પર) ૧. સૌધર્મ, ૨. ઈશાન, ૩. સનત્કુમાર, ૪. માહેન્દ્ર, ૫. બ્રહ્મલોક, ૬. લાંતક, ૭. મહાશુક્ર, ૮. સહસ્ત્રાર, ૯. આનત, ૧૦. પ્રાણત, ૧૧. આરણ, ૧૨. અચ્યુત. (૧૨ કલ્પ) ૧. ગ્રૈવેયક ૨. અનુત્તર કલ્પાતીત વિમાનો બધાં મળીને ચોર્યાસી લાખ સત્તાણું હજાર તેવીસ વિમાન છે. એ વિમાન રત્નમય, સ્વચ્છ અને મનોહર છે તથા ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનની અપેક્ષાથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

આ વિમાનોમાં રહેનારા દેવોના બે પ્રકાર છે ૧. કલ્પોપપન્ન, ૨. કલ્પાતીત. કલ્પોપપન્ન (૧૨ સ્વર્ગલોકના) દેવોના પરિચયને માટે એમના મુકટોમાં નીચે પ્રમાણે ચિન્હ છે. જેમકે - ૧. સૌધર્મ - મૃગ, ૨. ઈશાન - ભેંસ, ૩. સનત્કુમાર - વરાહ, ૪. માહેન્દ્ર-સિંહ, ૫. બ્રહ્મલોક - બકરો, ૬. લાંતક - દેડકો, ૭. મહાશુક્ર - ઘોડો, ૮. સહસ્ત્રાર - હાથી, ૯. આનત- સાપ, ૧૦. પ્રાણત - તલવાર, ૧૧. આરણ - બળદ, ૧૨. અચ્યુત - મૃગ વગેરે.

આ ચિન્હોનો ઉલ્લેખ કરીને એના સૌંદર્ય, દ્યુતિ, ક્રાન્તિ, વસ્ત્ર, આભૂષણ વગેરેનું વર્ણન કરે છે. તે વૈમાનિક દેવ દિવ્ય વર્ણ વગેરેથી દશે દિશાઓને ઉજ્જવળ કરતા એવા પોત-પોતાના હજારો આત્મરક્ષક દેવો તથા અન્ય દેવ-દેવીઓનો આધિપત્ય કરતા એવા દિવ્ય ભોગોને - ભોગવતા એવા સમય પસાર કરે છે.

કલ્પોપપન્ન વિમાનવાળા દેવોમાં ઈન્દ્ર, સામાનિક વગેરે ભેદોની કલ્પના કરવામાં આવી છે. એમાં ઈન્દ્ર પ્રધાન છે. એટલા માટે સૌધર્માદિ કલ્પનામાનુસાર ઈન્દ્રોના નામ છે. પણ એટલું અંતર છે કે - આનત અને પ્રાણત કલ્પના ઈન્દ્રનું નામ પ્રાણત અને આરણ (છે) અને અચ્યુત કલ્પના ઈન્દ્રનું નામ અચ્યુત છે. કલ્પ બાર છે પરંતુ અંતિમ બે યુગલોનાં એક-એક ઈન્દ્ર હોવાથી ઈન્દ્ર દશ જ છે.

સામાન્ય રૂપમાં કલ્પોપપન્ન વિમાનો અને એમાં રહેનારા દેવોનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. વિમાનોના વર્ણનની એ વિશેષતા છે કે - પ્રત્યેક કલ્પની મધ્યમાં પાંચ અવતંસક વિમાન છે. એમાંથી ચાર તો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર દિશાઓમાં ભિન્ન-ભિન્ન નામવાળા છે અને મધ્યવર્તી પાંચમું વિમાનાવતંસકનું નામ કલ્પનામાનુસાર છે. જેમકે- સૌધર્મકલ્પના વિમાનાવતંસકનું નામ સૌધર્માવતંસક છે. ઈન્દ્રોના વર્ણનમાં એમની દ્યુતિ આદિનો સંકેત કરવા સાથે સાથે સામાનિક દેવો અને આત્મરક્ષક દેવોની સંખ્યાનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

સૌધર્મથી લઈને અચ્યુત કલ્પપર્યન્ત ક્રમશઃ વિમાનાવાસની સંખ્યા આ પ્રમાણે છે- ૧. બત્રીસ લાખ, ૨. અઠ્ઠાવીસ લાખ, ૩. બાર લાખ, ૪. આઠ લાખ, ૫. ચાર લાખ, ૬. પચાસ હજાર, ૭. ચાલીસ હજાર, ૮. છઃ હજાર, ૯-૧૦. ચારસો, ૧૧-૧૨ ત્રણસો. બન્ને યુગલોમાં મળીને સાતસો વિમાનાવાસ છે.

સામાનિક દેવોની સંખ્યા આ પ્રકારે છે - ૧. ચોર્યાસી હજાર, ૨. એંસી હજાર, ૩. બોંતેર હજાર, ૪. સીત્તેર હજાર, ૫. સાઈઠ હજાર, ૬. પચાસ હજાર, ૭. ચાલીસ હજાર, ૮. ત્રીસ હજાર, ૯-૧૦ વીસ હજાર, ૧૧-૧૨ દસ હજાર તથા પ્રત્યેક દેવેન્દ્રના સામાનિક દેવોથી ચાર ગણા આત્મરક્ષક દેવોની સંખ્યા છે.

એના ઉપરાંત પ્રત્યેક ઈન્દ્રના ત્રાયસ્ત્રિંસક દેવ, લોકપાળ, ત્રણ પરિષદાઓ, સાત સેનાઓ અને એના સાત સેનાપતિઓ હોય છે. સૌધર્મ અને ઈશાનકલ્પના સિવાય બાકીના કલ્પોમાં દેવીઓ નથી હોતી.

સૌધર્મ કલ્પની સુધર્મા સભામાં માણવક ચૈત્ય સ્તંભના મધ્યવર્તી પાંત્રીસ યોજનમાં વજ્રમય ગોળ વર્તુળાકાર ડબ્બીઓમાં જિનેન્દ્ર દેવોની અસ્થિઓ સુરક્ષિત રાખવામાં આવેલી છે.

કલ્પોપપન્ન વૈમાનિક દેવોનું આ સંક્ષિપ્ત વર્ણન છે. હવે કલ્પાતીત વૈમાનિક દેવોનું વર્ણન કરવામાં આવે છે.

કલ્પાતીત વિમાનો અને દેવોના બે પ્રકાર છે - ૧. ગ્રૈવેયક ૨. અનુત્તર. ગ્રૈવેયકવાસ સ્થાનોના અવસ્થાન માટે દર્શાવવામાં આવ્યું છે કે - આરણ અચ્યુત વિમાનોની ઉપર હજારો, લાખો, અનેક કોટા કોટિ યોજન દૂર જવા પછી અધસ્તન ગ્રૈવેયક ત્રિકના એકસો અગિયાર વિમાન આવેલા છે. જે પૂર્વ પશ્ચિમમાં લાંબા અને ઉત્તર દક્ષિણમાં પહોળા છે. એ પરિપૂર્ણ ચંદ્રની સમાન સંસ્થાનવાળા છે. એમાં પર્યાપ્ત - અપર્યાપ્ત અધસ્તન ગ્રૈવેયક દેવોના સ્થાન છે.

એમાં રહેનારા બધા દેવ સમાન ઋધ્ધિ, દ્યુતિ, યશ, બલ, પ્રભાવ, સુખ સંપન્ન હોવાની સાથે પ્રેષ્ય પુરોહિત આદિ ભેદોથી રહિત અને સમાન ઐશ્વર્યવાળા હોવાથી અહમિન્દ્ર કહેવામાં આવ્યા છે.

અધસ્તન ગ્રૈવેયક ત્રિકની ઊપર અનેક કોટા-કોટિ યોજન દૂર ગયા પછી સમાન દિશાઓ વિદિશાઓમાં મધ્યમ ગૈવેયક ત્રિકના એકસો સાત વિમાન છે. મધ્યમ ગ્રૈવેયક ત્રિકના ઉપર અનેક કોટા-કોટિ યોજન દૂર ગયા પછી સમાન દિશાઓ અને વિદિશાઓમાં ઉપરિમ ગ્રૈવેયક ત્રિકના સો વિમાન છે.

ગ્રૈવેયક ત્રિક વિમાનોની ઉપર અનેક હજાર, લાખ, કોટા-કોટિ યોજન દૂર ગયા પછી ચારેય દિશાઓમાં એક એક અને એમનાં મધ્યમાં એક આ પ્રકારે કુલ પાંચ વિમાન છે. જેનાં નામ - ૧. વિજય, ૨. વૈજયન્ત, ૩. જયન્ત, ૪. અપરાજિત અને ૫. સર્વાર્થસિધ્ધ છે. એમાં પર્યાપ્ત-અપર્યાપ્ત અનુત્તરોપપાતિક દેવોના સ્થાન છે. એમાં રહેનારા દેવ સમાન ઋધ્ધિ આદિવાળા છે અને અહમિન્દ્ર કહેવાય છે.

એ સૌધર્માદિ કલ્પોની નીચે ગ્રહાદિ નથી. પરંતુ મહામેઘ આદિનો સદ્ભાવ છે.

કલ્પવાસી દેવોમાં લોકાન્તિક નામવાળા વિશેષ પ્રકારના દેવ છે. કૃષ્ણરાજીઓમાં આઠ અવકાશોની વચ્ચે આઠ લોકાન્તિક વિમાન આવેલા છે - ૧. અર્ચી, ૨. અર્ચિમાળી, ૩. વૈરોચન, ૪. પ્રભંકર, ૫. ચન્દ્રાભ, ૬. સૂર્યાભ, ૭. શુક્રાભ, ૮. સુપ્રતિષ્ટાભ અને એમના વચ્ચે આવેલ વિમાનનું નામ છે - ૯. રિષ્ટાભ. એ લોકાન્તિક વિમાન વાયુ પર પ્રતિષ્ઠિત છે તથા બાહલ્ય, ઉચ્ચત્ત બ્રહ્મલોક કલ્પની સમાન છે અને લોકાન્તના અંતર અસંખ્ય હજાર યોજનનું છે.

આ અર્ચી આદિ આઠ લોકાન્તિક વિમાનોમાંથી વિષમ સંખ્યાવાળા વિમાન ઈશાનથી પ્રારંભ કરીને વિદિશાઓમાં તથા સમક્રમ સંખ્યાવાળા વિમાન પૂર્વથી આરંભ કરીને દિશાઓમાં સ્થિર થયેલ છે.

અર્ચી આદિ વિમાનોમાં રહેનારા દેવોના નામ આ પ્રમાણે છે - (૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વહ્ની (૪) વરુણ (૫) ગર્દતોય (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) આગ્નેય (મરુત) તથા નવમા રિષ્ટ વિમાનવાસી દેવનું નામ પણ રિષ્ટ છે.

એ સારસ્વત આદિ આઠ દેવોના ચાર યુગલ થયા. પ્રથમ દેવયુગલમાં સાતસો દેવ પરિવાર, બીજા દેવ યુગલમાં ચૌદ હજાર, ત્રીજા દેવ યુગલમાં સાત હજાર અને બાકીના દેવોમાં નવસો દેવ પરિવાર છે.

જ્યોતિષ્ક વિમાનોથી સૌધર્મ - ઈશાન કલ્પોની વચ્ચે અવ્યવહિત અંતર અસંખ્ય યોજનનું છે. એ પ્રમાણે સૌધર્મ - ઈશાનથી સનત્કુમાર - માહેન્દ્રનું, સનત્કુમાર માહેન્દ્રથી બ્રહ્મલોકનું અને લાંતક વગેરે અનુત્તર વિમાનોનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતર પણ અસંખ્ય યોજનનું છે. પરંતુ અનુત્તર વિમાનોથી ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીનું અવ્યવહિત (બાધારહિત) અંતર કેવળ બાર યોજનનો છે.

સામાન્યતઃ ઊર્ધ્વલોકનું સંસ્થાન ઊર્ધ્વમુખી મૃદંગાકાર છે. પરંતુ સૌધર્મ આદિ કલ્પોમાંથી સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર આ અધસ્તન ચાર કલ્પોનો આકાર (સંસ્થાન) અર્ધચંદ્રાકાર છે. મધ્યના ચાર કલ્પો - બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર અને સહસ્રારનો આકાર (સંસ્થાન) પૂર્ણ-ચંદ્રાકાર છે અને ઉપરના આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પ અર્ધ ચંદ્રાકારના આકારે (સંસ્થાન)વાળા છે.

કલ્પ વિમાન પૃથ્વીની અવસ્થિતિ ક્રમશઃ આ પ્રમાણે છે- સૌધર્મ - ઈશાન કલ્પમાં વિમાનોની પૃથ્વી ઘનોદધિ પર પ્રતિષ્ઠિત છે. સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક ઘનવાત પર પ્રતિષ્ઠિત છે, લાંતક, મહાશુક્ર, સહસ્ત્રાર તદુભય (ઘનોદધિ-ઘનવાત) પર પ્રતિષ્ઠિત છે. આનતાદિ અચ્યુત પર્યન્ત ચાર વિમાનોની પૃથ્વીઓ અવકાશાન્તર પર પ્રતિષ્ઠિત છે. આ પ્રકારે ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોની પૃથ્વીઓ અવકાશાન્તર પર પ્રતિષ્ઠિત છે.

વૈમાનિક વિમાનોના આકાર ત્રણ પ્રકારના છે - ૧. વૃત્ત, ૨. ત્રિકોણ, ૩. ચતુષ્કોણ. વૃત્ત વિમાન ચારે બાજુથી પ્રાકાર વડે ઘેરાયેલા અને દ્વારવાળા છે. ત્રિકોણ વિમાન બે બાજુથી ઘેરાયેલા એક બાજુ વેદિકા અને ત્રણ દ્વારવાળા છે. ચતુષ્કોણ વિમાન અખાડાના આકારવાળા ચારે બાજુએથી વેદિકાઓ વડે ઘેરાયેલી છે અને ચાર દ્વારવાળા છે. આવલિકા પ્રવિષ્ટ વિમાન વૃત્તાદિ ત્રણ પ્રકારના છે અને આવલિકા બાહ્ય વિમાનોનાં આકાર અનેક પ્રકારના છે. આ પ્રમાણે ગ્રૈવેયક વિમાન સુધી જાણવો. અનુત્તરોપપાતિક વિમાન વૃત્ત અને ત્રિકોણ છે. આ વિમાનોની પૃથ્વીઓના બાહલ્ય આ પ્રમાણે છે–

(૧-૨) સૌધર્મ-ઈશાનકલ્પમાં સત્તાવીશ સો યોજનનો, (૩-૪) સનત્કુમાર-માહેન્દ્રમાં છવીસો યોજનનો, (૫-૬) બ્રહ્મલોક - લાંતક કલ્પમાં પચ્ચીસો યોજનનો, (૭-૮) મહાશુક્ર - સહસ્ત્રારમાં ચોવીસો યોજનનો, (૯-૧૨) આનત આદિ અચ્યુત પર્યન્ત ચાર કલ્પોમાં ત્રેવીસો યોજનનો, (૧૩) ગ્રૈવેયકોમાં બાવીસો યોજનનો, (૧૪) અનુત્તરો-પપાતિકમાં એકવીસો યોજનનો બાહલ્ય છે.

આ વિમાન એટલા વિશાળ છે કે - ત્રણ ચપટી વગાડી એ એટલા સમયમાં એકવીસ વાર જંબૂદ્વીપની પરિક્રમા કરનાર કોઈ ઋધ્ધિશાળી દેવ છ માસ સુધી પોતાની તીવ્રતમ ગતિથી ચાલે તો કોઈની પાર જઈ શકે છે અને કોઈની પાર જઈ શકતો નથી.

સૌધર્મ આદિ વૈમાનિક દેવોના વિમાન રત્નમય છે. જીવ અને પુદ્ગલ ઉત્પન્ન થાય છે. ચય-ઉપચયને પ્રાપ્ત થાય છે. દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત અને સ્પર્શ આદિની અપેક્ષાએ અશાશ્વત છે.

આ વૈમાનિક વિમાનોમાંથી સૌધર્મ - ઈશાન કલ્પના વિમાન કૃષ્ણાદિ શુક્લ પર્યન્ત પાંચ વર્ણના છે. સનત્કુમાર-માહેન્દ્ર નીલાદિ શુક્લ પર્યંત ચાર વર્ણના, બ્રહ્મલોક-લાંતક કલ્પના લોહિત આદિ શુક્લ પર્યન્ત ત્રણ વર્ણના, મહાશુક્ર અને સહસ્ત્રાર કલ્પ હારિદ્ર (લીલો રંગ) અને શુક્લ વર્ણના છે. એના સિવાય આનતથી લઈ અનુત્તર વિમાન પર્યંત બધા શુક્લ (સફેદ) વર્ણના છે.

આ વિમાનોની ગંધ કોષ્ઠ પુટ **યાવત્** એનાથી પણ અધિક ઈષ્ટગંધવાળા, સ્પર્શ મૃગ ચર્મ (ચામડા) રૂ આદિથી મૃદુતર છે તથા પ્રભા પ્રકાશ અને ઉદ્યોત (તેજ)થી યુક્ત છે. આયામ-વિષ્કંભ અને પરિધિની અપેક્ષા સંખ્યાત યોજન વિસ્તૃત અને અસંખ્યાત યોજન વિસ્તૃત છે. સંખ્યાત યોજન વિસ્તારવાળા જંબૂદ્વીપ પ્રમાણ છે. અસંખ્યાત યોજન વિસ્તારવાળા આયામ-વિષ્કંભ અને પરિધિથી અસંખ્યાત સો યોજનવાળા છે.

સૌધર્માવતંસક વિમાનોની લંબાઈ-પહોળાઈ સાડા તેર લાખ યોજનની અને સર્વાર્થસિધ્ધ મહાવિમાનની એક લાખ યોજનની છે. ઊંચાઈની અપેક્ષાએ સૌધર્મ-ઈશાન કલ્પના વિમાન પાંચસો યોજન, સનત્કુમાર માહેન્દ્ર છસો યોજન, બ્રહ્મલોક - લાંતક સાતસો યોજન, મહાશુક્ર - સહસ્ત્રાર આઠસો યોજન, આનતાદિ અચ્યુત પર્યંત ચાર વિમાન કલ્પો નવસો યોજન, ગ્રૈવેયક વિમાન દસસો યોજન તથા અનુત્તર વિમાન અગિયારસો યોજન ઊંચા હોય છે તથા વૈમાનિક દેવ વિમાનોના પ્રાકારોની ઊંચાઈ ત્રણસો- ત્રણસો યોજનની છે.

સૌધર્મ - ઈશાન કલ્પમાં તેર, બ્રહ્મલોક કલ્પમાં છ, ગ્રૈવેયક વિમાનોમાં નવ વિમાન પ્રસ્તટ છે. વૈમાનિકોના કુલ બાંસઠ વિમાન પ્રસ્તટ છે. સૌધર્મ - ઈશાન કલ્પના પ્રથમ પ્રસ્તટની પ્રથમ આવલિકા અને પ્રત્યેક દિશામાં પણ બાંસઠ વિમાન છે. ઉડૂ વિમાન પીસ્તાળીસ લાખ યોજન લાંબો-પહોળો છે. સૌધર્માવતંસક વિમાનની પ્રત્યેક દિશામાં પાંસઠ-પાંસઠ ભૌમનગર છે. સૌધર્મ - સનત્કુમાર અને બ્રહ્મલોક વિમાનોનો કુલ યોગ બાવન લાખ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌધર્મ - ઈશાન વિમાનોનો કુલ યોગ સાઈઠ લાખ છે. સૌધર્મ - ઈશાન બ્રહ્મલોક વિમાનોનો કુલ યોગ ચોસઠ લાખ છે. આરણ અચ્યુત પ્રત્યેકમાં એકસો પચાસ વિમાન છે.

વૈમાનિક દેવોના વિમાન ત્રણ પ્રકારના છે - (૧) અવસ્થિત (શાશ્વત) (૨) વિકુર્વિત (વિકુર્વણા દ્વારા નિર્મિત) (૩) પારિયાનિક (આમ તેમ લઈ જનાર). એમાં પારિયાનિક વિમાન કલ્પોપપન્ન વૈમાનિક ઈન્દ્રોના હોય છે. આ દસ કલ્પ ઈન્દ્રાધિષ્ટિત હોય છે. જેમકે - (૧-૮) સૌધર્મ- **યાવત્** - સહસ્ત્રાર (૯) પ્રાણત (૧૦) અચ્યુત. એમના ઈન્દ્રોના નામ આ પ્રમાણે છે ૧. શક્ર, ૨. ઈશાન, ૩. સનત્કુમાર, ૪. માહેન્દ્ર, ૫. બ્રહ્મ, ૬. લાંતક, ૭, મહાશુક્ર, ૮. સહસ્ત્રાર, ૯. પ્રાણત અને ૧૦. અચ્યુત. એના પારિયાનિક વિમાનોના નામ - (૧) પાલક (૨) પુષ્પક (૩) સોમનસ (૪) શ્રીવત્સ (૫) નંદિકાવર્ત (૬) કામક્રમ (૭) પ્રીતિમન (૮) મનોરમ (૯) વિમલવર (૧૦) સર્વતોભદ્ર. એમાંથી પાલક પારિયાનિક વિમાન એક લાખ યોજન લાંબુ - પહોળું છે. સ્વસ્તિક, સ્વસ્તિકાવર્ત આદિ વિશેષ નામવાળા વિમાનોની લંબાઈ-પહોળાઈ ઉપમા દ્વારા દર્શાવવામાં આવી છે. એના સૂર્ય ઉદયાસ્ત ક્ષેત્ર પ્રમાણ અવકાશાન્તરવાળા લાંબામાં લાંબા ડગલા ભરનાર મહર્ધિક દેવ પણ કેટલાક વિમાનોની પાર પહોંચી શકે છે અને કેટલાકની પાર પહોંચી શકતો નથી. અર્ચિ આદિ વિમાન, કામ આદિ વિમાન, વિજય-વૈજયન્ત આદિ વિમાનોની લંબાઈ-પહોળાઈ પણ ઉપરોક્ત પ્રમાણે છે.

આ પ્રકારે કલ્પવાસી અને કલ્પાતીત ઊર્ધ્વલોકના વૈમાનિક દેવોનો ટૂંકમાં વર્ણન કરી હવે લોકપાલ દેવોનાં વર્ણન કરીએ છીએ.

શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્રના લોકપાલ દેવો સાથે આ તિર્યગ્લોકનો વિશેષ સંબંધ છે. એટલે એનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. શક્રના ચાર લોકપાલો છે. એમનાં નામ (૧) સોમ, (૨) યમ, (૩) વરૂણ, (૪) વૈશ્રમણ છે અને એના વિમાનોના નામ (૧) સન્ધ્યપ્રભ (૨) વરસિધ્ધ (૩) સતંજલ (૪) વલ્ગુ છે. સોમ લોકપાલનું સંધ્યપ્રભ વિમાન સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક મહાવિમાનથી અસંખ્ય યોજન પૂર્વમાં છે. તે સાડા બાર હજાર યોજન લાંબુ - પહોળું અને અડતાળીસ લાખ બાવન હજાર આઠસો અડતાળીસથી કંઈક વધુ પરિધિવાળું છે. યમ લોકપાલનું વરસિધ્ધ વિમાન દક્ષિણ દિશામાં, વરુણ લોકપાલનું સતંજલ વિમાન પશ્ચિમમાં અને વૈશ્રમણ લોકપાલનું વલ્ગુ વિમાન ઉત્તર દિશામાં છે. એમના આયામ - વિષ્કંભ - પરિધિ સંધ્યપ્રભ વિમાનની સમાન છે.

ઈશાનેન્દ્રના લોકપાલોના નામ - (૧) સોમ (૨) યમ (૩) વૈશ્રમણ (૪) વરૂણ છે અને વિમાનોના નામ (૧) સુમન (૨) સર્વતોભદ્ર (૩) વલ્ગુ તથા (૪) સુવલ્ગુ છે. આ વિમાન ઈશાનાવતંસક મહાવિમાનથી ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અસંખ્યાત હજાર યોજન આગળ જવા પર છે. બાકીનું વર્ણન શક્રના લોકપાલોના જેવું છે. સુમન વિમાન જંબૂદ્વીપના મંદર પર્વતની ઉત્તરમાં રત્નપ્રભા પૃથ્વીની ઉપર છે ત્યાં અંકાવતંસક વગેરે ચાર અવતંસક દર્શાવ્યા છે એની વચ્ચે ઈશાનાવતંસક છે. એની પૂર્વમાં અસંખ્ય હજાર યોજન ત્રાંસા જવાના (સ્થાને) સાડા બાર હજાર યોજન લાંબુ - પહોળુ આ વિમાન છે. એ પ્રમાણે અર્ચિનિકા આદિ વિમાન જાણવા જોઈએ.

બધા ઈન્દ્રો અને લોકપાલોના ઉત્પાત પર્વત દસ હજાર યોજન ઊંચા, દસ હજાર ગાઉ ભૂમિમાં ઊંડા અને મૂળમાં દસ હજાર યોજન વિષ્કંભવાળા છે.

લોકાન્તિક દેવોના વર્ણન સાથે સંબંધિત હોવાને કારણે સંક્ષેપમાં પહેલા કૃષ્ણરાજીનું અને પછી તમસ્કાયનું વર્ણન કર્યું છે.

કૃષ્ણરાજિઓમાં આઠ લોકાન્તિક દેવ વિમાન છે. કૃષ્ણરાજિઓ આઠ છે — પૂર્વમાં બે, પશ્ચિમમાં બે, દક્ષિણમાં બે અને ઉત્તરમાં બે. એ કૃષ્ણરાજિઓ અખાડાની સમાન સમચોરસ છે. પૂર્વ પશ્ચિમની બે બાહ્ય કૃષ્ણરાજિઓ ષટ્કોણ છે તથા ઉત્તર-દક્ષિણની બે બાહ્ય કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે. પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણની બધી આભ્યન્તર કૃષ્ણરાજીઓ ચોરસ છે. એના ઉપરાંત પૂર્વની અંદરની કૃષ્ણરાજી દક્ષિણની બાહ્ય કૃષ્ણરા સાથે, દક્ષિણની અંદરની કૃષ્ણરાજી પશ્ચિમની બાહ્ય કૃષ્ણરાજી સાથે, પશ્ચિમની અંદરની કૃષ્ણરાજી ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજીની સાથે અને ઉત્તરની અંદરની કૃષ્ણરાજી પૂર્વની બાહ્ય કૃષ્ણરાજી સાથે સ્પર્શાયેલ છે. એનો વર્ણ અત્યન્ત કૃષ્ણ છે. આઠ કૃષ્ણરાજિઓના નામ આ પ્રમાણે છે - (૧) કૃષ્ણરાજી (૨) મેઘરાજી (૩) મઘા (૪) માઘવતી (૫) વાતપરિઘા (૬) વાતપરિક્ષોભા (૭) દેવપરિઘા અને (૮) દેવ પરિશોભા.

આ કૃષ્ણરાજિઓ સનત્કુમાર, માહેન્દ્રકલ્પની ઉપર તથા બ્રહ્મલોક કલ્પના રિષ્ટ વિમાન પ્રસ્તટની નીચે આવેલી છે. એનો આયામ-વિષ્કંભ અને પરિધિ અસંખ્ય હજાર યોજનનો છે. એનો વિસ્તાર એટલો છે કે - ત્રણ ચપટી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બજાવવામાં આવે એટલા સમયમાં કોઈ મહર્ધિક દેવ જંબૂદ્વીપની એકવીસવાર પરિક્રમા કરે એટલી તીવ્ર ગતિથી ચાલે તો પણ તે દેવ એ ગતિથી ઉત્કૃષ્ટ પંદર દિવસ સુધી ચાલે તો કેટલીક કૃષ્ણરાજિને પાર કરી શકે છે અને કેટલીક કૃષ્ણરાજીને પાર કરી શકતા નથી.

કૃષ્ણરાજિઓમાં ઘર, દુકાન, બાદર અપ્કાય, અગ્નિકાય, વનસ્પતિકાય, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિનો તો અભાવ છે. પરંતુ દેવકૃત મેઘ વગેરેનું અસ્તિત્વ હોય છે. એ કૃષ્ણરાજિઓ પૃથ્વી, જીવ અને પુદ્ગલનું પરિણામ છે.

કૃષ્ણરાજી અને તમસ્કાયમાં વર્ણની સમાનતા હોવા છતાં પણ ઘણી બધી ભિન્નતા છે. તમસ્કાય પૃથ્વીરૂપ નહીં પણ જલરૂપ છે અને પૃથ્વીરૂપ ન હોવાનું કારણ એ છે કે - પૃથ્વીકાય કોઈ એક શુભ દેશને પ્રકાશિત કરે છે અને કોઈ એક દેશને પ્રકાશિત નથી કરતી એટલે એ જલ પરિણામ છે તથા જીવ પરિણામ તેમજ પુદ્ગલ પરિણામ તો છે પરંતુ પૃથ્વી પરિણામ નથી.

તમસ્કાયની ઉત્પત્તિ જંબૂદ્વીપની બહાર ત્રાંસા અસંખ્ય દ્વીપ સમુદ્રોની પછી અરુણવર દ્વીપની બાહ્ય વેદિકાના અંતિમભાગથી અરુણોદય સમુદ્રમાં બેંતાળીસ હજાર યોજન ઊંડા ઉતરયા (પછી) એક પ્રદેશ શ્રેણિમાં થાય છે અને સત્તરસો એકવીસ યોજન ઉપર જવા પછી ત્રાંસી ફેલાતી ફેલાતી સૌધર્મ આદિ ચાર કલ્પોને આવૃત્ત (ઢાંકતી) એવી બ્રહ્મલોક કલ્પના રિષ્ટ વિમાન પ્રસ્તટમાં સમાપ્ત થાય છે. આ પ્રકારે સંસ્થાન નીચે તો શકોરાના મૂળ જેવો અને ઉપરથી મરઘાના પીંજરા જેવો થાય છે. સંખ્યાત યોજન વિસ્તારવાળીની પહોળાઈ સંખ્યાત હજાર યોજન, અસંખ્યાત યોજનવાળીની પહોળાઈ અસંખ્યાત હજાર યોજન છે અને પરિધિ બન્નેની અસંખ્યાત હજાર યોજન છે તથા એ એટલી વિશાળ છે કે - ત્રણ ચપટી વગાડવામાં આવે જેટલી વારમાં જંબૂદ્વીપની એકવીસ વાર પરિક્રમા કરનાર ઋધ્ધિશાળી દેવ ઉત્કૃષ્ટ ગતિથી છ માસ સુધી ચાલે તો પણ તે કેટલાક ભાગને જ પાર કરી શકે છે.

તમસ્કાયમાં ઘર, દુકાન, ગામ **યાવત્** સન્નિવેશ આદિ નથી.

ઈશાનેન્દ્ર તમસ્કાયિક દેવો દ્વારા તમસ્કાયની રચના કરાવે છે તથા અસુરકુમાર રતિક્રીડા, શત્રુને દગો કરવો અને ચોરાયેલી એવી વસ્તુઓને છુપાવવા માટે તમસ્કાયની રચના કરે છે.

તમસ્કાયમાં બાદર પૃથ્વીકાય, તેજસ્કાય, ચન્દ્ર સૂર્યાદિનો અભાવ છે. પરંતુ બાદર મેઘ સંસ્વેદિત થાય છે. મેઘ વરસે છે, એમને દેવ, અસુર અને નાગ કહે છે.

તમસ્કાયનો વર્ણ (રંગ) અત્યધિક રોમાંચક, ભયાનક, ત્રાસદાયક કૃષ્ણ હોય છે. જેથી એની કૃષ્ણતાને જોઈને મોટા- મોટા દેવ પણ સ્તંભિત થઈ જાય છે. એટલે તમસ્કાયના તેર પર્યાયવાચી નામ કહેવામાં આવ્યા છે. જેમકે - (૧) તમ (૨) તમસ્કાય (૩) અંધકાર (૪) મહાંધકાર (૫) લોકાંધકાર (૬) લોકતમિસ્ત્રા (૭) દેવાંધકાર (૮) દેવતમિસ્ત્રા (૯) દેવારન્ય (૧૦) દેવવ્યૂહ (૧૧) દેવપરિઘા (૧૨) દેવપ્રતિક્ષોભ અને (૧૩) અરૂણોદય સમુદ્ર તમસ્કાય પૃથ્વીનું પરિણામ નથી પરંતુ જલ, જીવ અને પુદ્ગલનું પરિણામ છે.

તમસ્કાયમાં બાદર પૃથ્વીકાય અને બાદર અગ્નિકાય રૂપને સિવાય બધા પ્રાણી, ભૂત, જીવ, સત્વ અનન્તબાર પૃથ્વીકાય **યાવત્** ત્રસકાયમાં ઉત્પન્ન થયેલા છે.

આ ઊર્ધ્વલોક ક્ષેત્રલોકના વૈમાનિક દેવોનું નિરૂપણ છે. હવે સિધ્ધોના અવસ્થાન ક્ષેત્ર ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીનું નિરૂપણ કરે છે.

સિધ્ધ સ્થાન આ રત્નપ્રભા પૃથ્વીની નીચે નથી અને નથી સૌધર્માદિ વૈમાનિક વિમાનોને નીચે પરંતુ સૌ ધર્માદિથી લઈ અનુત્તર પર્યંતના વિમાનોથી સેંકડો, હજારો, લાખો અને કોટા-કોટિ યોજન ઉપર જવાના (સ્થાને) વિજયાદિ અનુત્તર વિમાનોની સર્વોપરિ સ્તુપિકાના અગ્રભાગથી બાર યોજન ઉપર ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છે. એના બાર પર્યાયવાચી નામ છે. તે પીસ્તાળીસ લાખ યોજન લાંબી-પહોળી છે અને એક કરોડ બેંતાળીસ લાખ ત્રીસ હજાર બસો ઓગણપચાસ યોજનથી કંઈક વધુ એની પરિધિ છે. આ પૃથ્વીના મધ્યભાગમાં આઠ યોજનનું ક્ષેત્ર આઠ યોજન જાડું છે જે એક-એક પ્રદેશ ક્ષીણ થતા-થતા, ઘટતા- ઘટતા, પોતાના અંતિમ ભાગોમાં માખીની પાંખથી પણ અત્યાધિક પાતળી આંગળના અસંખ્યાતમા ભાગ જેટલી જાડી રહી જાય છે. આ શ્વેત વર્ણની જ છે. એમાં લોકાન્ત એક યોજન ઉપર છે અને આ યોજન ઉપર એક ગાઉના છઠ્ઠા ભાગમાં સર્વ સાંસારિક બંધનોથી વિનિર્યુક્ત થઈ સિધ્ધ ભગવાન સાદિ-અપર્યવસિત કાળ માટે સ્થિત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કાળ-લોક : સૂત્ર ૧૨૯૯-૧૩૭૮ પૃ. ૩૩૦-૪૦૬

કાળ લોકના વર્ણનનો પ્રારંભ કાળ સમવતારથી કરવામાં આવ્યો છે કે- આત્મા અને ઉભયના ભેદથી કાળ સમવતાર બે પ્રકારના છે. સમય કાળ ગણનાનો આદ્ય એકમ છે અને એના પછી આવલિકા વગેરે પુદ્ગલ પરાવર્ત, અતીત, અનાગત સર્વકાળનો સ્થાન છે. સમય તો આત્મ સ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે. પરંતુ આવલિકા આદિ ઉભય સ્વરૂપથી પણ સમવતરિત થાય છે અને આત્મભાવમાં પણ સમવતરિત થાય છે. સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણી, પુદ્ગલ પરાવર્તન, અતીત, અનાગતકાળ પર્યંત કહીને અંતમાં દર્શાવવામાં આવ્યું છે કે - સર્વકાળ ઉભય સ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે.

તત્પશ્ચાત્ કાળાનુપૂર્વીનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. ઔપનિધિકી અને અનૌપનિધિકીના ભેદથી કાળાનુપૂર્વી બે પ્રકારની છે. એમાં અનૌપનિધિકી, કાળાનુપૂર્વી નૈગમ વ્યવહાર નયસમ્મત અને સંગ્રહનય સમ્મતના ભેદથી બે પ્રકારની છે. નૈગમવ્યવહાર નયસમ્મત પણ અર્થપદ પ્રરુપણતા, ભંગસમુત્કીર્તનતા ભંગોપદર્શનતા સમવતાર અને અનુગમના ભેદથી પાંચ પ્રકારની છે. આ પાંચોના લક્ષણ, પરસ્પરનો સંબંધ તેમજ ઉપયોગિતાનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

અનાનુપૂર્વી અને અવક્તવ્ય દ્રવ્યોના વર્ણન માટે સંકેત કરવામાં આવ્યો છે કે - નૈગમ-વ્યવહાર નય સમ્મત ક્ષેત્રોનુંપૂર્વીની જેમ કહેવું જોઈએ તથા એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષા જઘન્ય સ્થિતિ ત્રણ સમયની છે, ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાત કાળની છે અને અનેકની અપેક્ષા સર્વકાલિક છે. અનાનુપૂર્વી એક દ્રવ્યની અપેક્ષા અજઘન્ય-અનુત્કૃષ્ટ એક સમય અને અનેકની અપેક્ષા સર્વકાળ તથા અવકતવ્ય છે, એક દ્રવ્યની અપેક્ષા અજઘન્ય-અનુત્કૃષ્ટ બે સમય તથા અનેકની અપેક્ષા સર્વકાળની સ્થિતિ છે. આનુપૂર્વીનો એક દ્રવ્યની અપેક્ષાએ અન્તર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ બે સમય, અનાનુપૂર્વીનો એક દ્રવ્યની અપેક્ષાએ અંતર જઘન્ય બે સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ, અવક્તવ્યનો એક દ્રવ્યની અપેક્ષાએ અંતર એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ છે. વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

સંક્ષેપમાં એ નૈગમ-વ્યવહાર નય સમ્મત અનૌપનિધિકી કાળાનુપુર્વીનું વર્ણન છે અને સંગ્રહ નય સમ્મત અનૌપનિધિકી કાળાનુપૂર્વીના પાંચ ભેદ નૈગમ-વ્યવહાર નય સમ્મતની જેવો છે. આ પાંચેનું વર્ણન સંગ્રહ નય સમ્મત ક્ષેત્રાનુપૂર્વીની સમાન છે.

ઔપનિધિકી કાળાનુપૂર્વીના ત્રણ ભેદ છે-(૧) પૂર્વાનુપૂર્વી (૨) પશ્ચાનુપૂર્વી (૩) અનાનુપૂર્વી. એક સમયની સ્થિતિવાળા **યાવત્** અસંખ્યાત સમયની સ્થિતિવાળા અથવા સમય આવલિકા **યાવત્** સર્વકાળ. આ પ્રકારે અનુલોમ ગણના પૂર્વાનુપૂર્વી કહેવાય છે. એનાથી પ્રતિલોમ ગણનાને પશ્ચાનુપૂર્વી કહે છે અને એકથી પ્રારંભ કરી એકોત્તર વૃદ્ધિ કરીને સર્વકાળ પર્યંતની શ્રેણી સ્થાપિત કરી પરસ્પર ગુણાકાર વડે નિષ્પન્ન રાશિમાંથી આદિ અને અંતિમના બે ભાગોને ઓછા કરીને બાકી રહેલા ભંગ અનાનુપૂર્વી કહેવાય છે.

કાળના મુખ્ય ત્રણ પ્રકાર છે- (૧) અતીત, (૨) વર્તમાન, (૩) અનાગત. એવા જ પ્રકારે સમયથી લઈ અવસપિર્ણી પર્યંત કાળના ત્રણ-ત્રણ પ્રકાર જાણવા જોઈએ. અથવા પ્રમાણકાળ, યથાયુર્નિવૃત્તિકાળ, મરણકાળ અને અધ્ધાકાળ ના ભેદથી કાળના ચાર ભેદ પણ થાય છે. એમાંથી પ્રમાણકાળ દિવસ પ્રમાણકાળ અને રાત્રિ પ્રમાણકાળના ભેદથી બે પ્રકારના હોય છે. ચાર પોરષીનો દિવસ અને ચાર પોરષીની રાત્રિ હોય છે. દિવસ કે રાત્રિની જઘન્ય પોરષી ત્રણ મુહૂર્તની અને ઉત્કૃષ્ટ પોરષી સાડા ચાર મુહૂર્તની થઈ શકે છે.

અષાઢમાં બે પાદ પ્રમાણ, પોષમાં ચારપાદ પ્રમાણ અને આસોમાં ત્રણ પાદ પ્રમાણે પોરષી થાય છે. સાત દિવસ રાત્રિમાં એક આંગળ, પક્ષમાં બે આંગળ, માસમાં ચાર આંગળની હાનિ-વૃદ્ધિ થાય છે. કાર્તિક પૂર્ણિમા અને ફાગણ પૂર્ણિમાના દિવસે સૂર્ય ચાલીસ આંગળ પ્રમાણ પોરષી છાયા કરીને ગતિ કરે છે.

જ્યારે દિવસ અને રાત્રિની સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પોરષી થાય છે. ત્યારે એક મુહૂર્તના એકસો બાવીસ ભાગ જેટલી ઘટતી-ઘટતી દિવસ અને રાત્રિમાં ત્રણ મુહૂર્તની પોરષી થાય છે. એ પ્રમાણે જઘન્ય ત્રણ મુહૂર્તની પોરષી થવા પર એક મુહૂર્તના એકસો બાવીસમા ભાગ જેટલી વધતી- વધતી સાડાચાર મુહૂર્તની પોરષી થાય છે. જ્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ થાય છે. ત્યારે ઉત્કૃષ્ટ સાડાચાર મુહૂર્ત દિવસની પોરષી અને ત્રણ મુહૂર્તની જઘન્ય રાત્રિની પોરષી થાય છે. રાત્રિ જ્યારે અઢાર મુહૂર્તની અને દિવસ બાર મુહૂર્તનો હોય છે. ત્યારે રાત્રિની સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પોરષી થાય છે અને દિવસની ત્રણ મુહૂર્તની જઘન્ય પોરષી થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આષાઢી પૂર્ણિમાએ અઢાર મુહૂર્તનો ઉત્કૃષ્ટ દિવસ અને બાર મુહૂર્તની જઘન્ય રાત્રિ થાય છે અને પોષ પૂર્ણિમાએ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ તેમજ જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે તથા ચૈત્રી પૂર્ણિમા અને આસોની પૂર્ણિમાએ દિવસ- રાત્રિ સમાન હોય છે અર્થાત્ પંદર મુહૂર્તનો દિવસ અને પંદર મુહૂર્તની રાત્રિ થાય છે. ત્યારે એક મુહૂર્તના ચૌથા ભાગ એમાંથી ચાર મુહૂર્ત ઓછા જેટલી દિવસ-રાત્રિની પોરષી થાય છે.

ચૈત્ર અને આસો માસમાં સૂર્ય એકવાર છત્રીસ આંગળની અને કાર્તિક કૃષ્ણા સપ્તમીના દિવસે સૂર્ય સાડત્રીસ આંગળની પોરષી છાયા કરતો એવો ગતિ કરે છે. આ પ્રમાણકાળનું વર્ણન છે.

જે કોઈ નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવે જે પ્રકારનું આયુષ્ય બાંધ્યું હોય, એના એવા રૂપમાં ભોગવવાને 'યથાયુર્નિવૃત્તિકાળ' કહે છે. જીવનો શરીરથી વિયોગ 'મરણકાળ' છે. સમય, આવલિકા **યાવત્** ઉત્સર્પિણી આદિ રૂપ કાળને 'અદ્ધાકાળ' કહેવામાં આવે છે.

જે કાળના બે ભાગ નથી થતા તે 'સમય' કહેવાય છે. અસંખ્ય સમયને સંમિલિત કરવાથી જે કાળ આવે છે તે 'આવલિકા' (કહેવાય) છે અને સંખ્યેય આવલિકાઓના એક 'શ્વાસોશ્વાસ' થાય છે.

(અદ્ધા) કાળ બે પ્રકારના છે-પ્રદેશ નિષ્પન્ન, વિભાગ નિષ્પન્ન. એક સમયની સ્થિતિવાળા **યાવત્** અસંખ્ય સમયની સ્થિતિવાળા (પરમાણું કે સ્કંધ) પ્રદેશ નિષ્પન્ન કહેવાય છે. અને સમય આવલિકા મુહૂર્ત **યાવત્** પરાવર્તન એ કાળ વિભાગોથી નિષ્પન્નને 'વિભાગ નિષ્પન્ન' કહેવામાં આવે છે.

સમય કાળનો બધાથી સૂક્ષ્મતમ અંશ છે એ અહીં એક ઉદાહરણ દ્વારા સમજાવવામાં આવ્યું છે અને આવલિકા આદિ ઉત્તરવર્તી કાળ ગણનાની આદ્ય એકમો છે. આવલિકા અસંખ્યાત સમયની હોય છે. આવલિકાના અનન્તર કાળગણનાની સૂચક સંખ્યાઓ શ્વાસોશ્વાસ (પ્રાણ), સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સોવર્ષ, સહસ્ત્ર વર્ષ, લાખવર્ષ, પૂર્વાંગ **યાવત્** શીર્ષ પ્રહેલિકા છે. પ્રાણથી લઈ લાખ વર્ષ સુધીની કાળ ગણના પ્રાયઃ સર્વજ્ઞાત છે. એના પછી પૂર્વાંગથી લઈ શીર્ષપહેલિકા પર્યંતની સંખ્યા પૂર્વથી ઉત્તરની સંખ્યા ચોર્યાસીલાખ-ચોર્યાસીલાખ ગણી છે. શીર્ષ પ્રહેલિકા પર્યન્ત ગણિતનો વિષય છે.

અવસર્પિણી, ઉત્સર્પિણીકાળ ઔપમિક કાળનું રૂપ છે. જેની કાળ ગણના સાગરોપમો દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે. એ અવસર્પિણી, ઉત્સર્પિણી ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારની છે.

ત્રીસ અકર્મભૂમિઓમાં અવસર્પિણી, ઉત્સર્પિણીકાળ થતો નથી એક માત્ર અવસ્થિત કાળ હોય છે. એ પ્રમાણે પાંચ મહાવિદેહ માટે પણ સમજવું જોઈએ. ભરત, ઐરાવત ક્ષેત્રોમાં ઉત્સર્પિણી અવસર્પિણી કાળ હોય છે. અવસર્પિણી ઉત્સર્પિણી કાળ છ આરામાં વિભાજિત છે. અવસર્પિણીકાળના આરાઓ સુષમ-સુષમા **યાવત્** દુષમ-દુષમા રૂપ છે. ઉત્સર્પિણી કાળના આરાઓ દુષમ-દુષમાથી આરંભ થઈ સુષમ-સુષમા રૂપ છે.

ભરત ઐરાવત ક્ષેત્રમાં ઉત્સર્પિણી અવસર્પિણીના સુષમ-સુષમા આરાઓનું કાળમાન ચાર ક્રોડાક્રોડી સાગરોપમ હતું, છે અને રહેશે. એ કાળમાન ધાતકીખંડ અને પુષ્કરાર્ધ માટે પણ સમજવું જોઈએ.

(૧) અવસર્પિણી કાળના પ્રથમ આરાનું નામ **'સુષમ-સુષમા'** છે. ત્યાંનો ભૂમિભાગ અતિ સમ તેમજ રમણીય હતો. ત્યાં દસ પ્રકારના કલ્પવૃક્ષ કહેવામાં આવ્યા છે. ત્યાંના મનુષ્યનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે. એની ઉંચાઈ ત્રણ કોશ છે. તે વજ્રઋષભનારાચ સંહનનવાળા છે તેમજ ચોરસ આકારના છે. એની પાંસળીઓ બસો છપ્પન (હોય) છે. ત્રણ દિવસ પછી આહારની ઈચ્છા થતી હોય છે. આયુષ્ય ત્રણ પલ્યોપમ (જેટલું) હોય છે. ભોગ્ય આયુષ્યના છ માસ બાકી રહ્યા હોય ત્યારે પરભવનો આયુષ્ય બાંધે છે. મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. યુગલિક સંતાનનું પચાસ દિવસ સુધી પાલન-પોષણ કરે છે.

(૨) પ્રથમ આરો પૂર્ણ થયા પછી **'સુષમા'** નામનો, બીજા આરાનો આરંભ થાય છે. આ સમયમાં પ્રાકૃતિક પદાર્થો તેમજ મનુષ્યોના આચાર-વિચાર આદિની રીતિ નીતિ પ્રાયઃ પ્રથમ આરા જેવી જ છે. પરંતુ એમાં કેટલોક ફેરફાર થઈ જાય છે. જેમકે- ચાર હજાર ધનુષ પ્રમાણ શરીરની અવગાહના (ઊંચાઈ) થાય છે. એકસો અઠ્ઠાવીસ પાંસળીઓ હોય છે. બે દિવસ પછી ભોજનની ઈચ્છા થાય છે. પોતાની યુગલિક સંતાનનું ચોસઠ દિવસ પાલન-પોષણ કરે છે. બે પલ્યોપમનું આયુષ્ય હોય છે.

(૩) બીજો આરો વીત્યા પછી **'સુષમ-દુષમા'** નામનો ત્રીજા આરાનો પ્રારંભ થાય છે. એ સમયમાં પદાર્થોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયોમાં તથા મનુષ્યોનું ઉત્થાન બલ-વીર્ય, પુરુષાકાર-પરાક્રમના પર્યાયોમાં ક્રમશઃ અનન્તગણી હાનિ થતી જાય છે. મનુષ્યોના શરીરની ઊંચાઈ બે હજાર ધનુષ્ય થઈ જાય છે. શરીરમાં પાંસઠ પાંસળીઓ હોય છે. આયુષ્ય એક પલ્યોપમનું હોય છે. એક દિવસ પછી આહારની ઈચ્છા થાય છે. પોતાના યુગલિક સંતાનનું અગણ્યાશી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસ પાલન-પોષણ કરે છે અને મૃત્યુ પામીને મનુષ્ય-તિર્યંચ દેવ-નારક ગતિઓમાં પોત-પોતાના આચાર-વિચાર અનુસાર જન્મ લે છે અને કોઈ સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય છે. ત્રીજા આરાના અંતિમ સમયમાં પંદર કુલકર થાય છે.

(૪) ત્રીજો આરો વીત્યા પછી **"દુષમ-સુષમા"** નામનો ચોથા આરાનો પ્રારંભ થાય છે. આ કાળમાં પ્રાકૃતિક પદાર્થોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યાયોમાં અનંતગણી હાનિ થતી જાય છે. મનુષ્યોના શારીરિક સંસ્થાન સમચતુરસ્ર (ચોરસ)થી લઈ હુંડક પર્યંત છ પ્રકારના હોય છે. મનુષ્યનો આયુષ્ય પૂર્ણ કરી નારકાદિ ચારે ગતિઓમાં ઉત્પન્ન થાય છે અને કોઈ-કોઈ સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય છે. શરીરની અવગાહના (ઊંચાઈ) અનેક ધનુષ્ય પ્રમાણ થાય છે. આયુષ્ય જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીનું થાય છે. એના છેવટના ત્રિભાગમાં (૧) અર્હત્‌વંશ (૨) ચક્રવર્તિ વંશ અને (૩) દશારવંશ. આ ત્રણે વંશોની ઉત્પત્તિ થાય છે તથા ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ અને ૯ વાસુદેવ ઉત્પન્ન થાય છે.

(૫) ચોથો આરો વીત્યા પછી એકવીસ હજાર વર્ષ પ્રમાણવાળો **'દુષમા'** નામનો પાંચમા આરાનો પ્રારંભ થાય છે. એમાં પ્રાકૃતિક પદાર્થો અને મનુષ્યોના આચાર-વિચારમાં ક્રમશઃ અનન્તગુણો હ્રાસ થઈ જાય છે. અહીંના મનુષ્યોના શરીર છ પ્રકારના સંસ્થાનવાળા હોય છે. અવગાહના અનેક હાથની હોય છે. આયુ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સો વર્ષથી કંઈક વધુ હોય છે. આયુષ્ય પૂર્ણ કરીને નારકાદિ ચારે ગતિઓમાંથી કોઈ એકમાં ઉત્પન્ન થાય છે. કોઈ સિદ્ધ-બુદ્ધ-મુક્ત પણ હોય છે. આ આરાના અંતિમ ત્રીજા ભાગમાં ગણ-ધર્મ, પાસંડ ધર્મ, રાજધર્મ (બાદર) અગ્નિ અને ધર્માચરણ વિચ્છિન્ન (જુદા) થઈ જાય છે.

(૬) પાંચમો આરો વીત્યા પછી એકવીસ હજાર વર્ષવાળા **'દુષમા-દુષમા'** નામનો છઠ્ઠા આરાનો આરંભ થાય છે. એમાં પદાર્થોના વર્ણાદિ પર્યાયોમાં અનન્તગણી હાનિ થાય છે. એ કાળમાં દુઃખથી પીડિત મનુષ્યોમાં હાહાકાર મચી જાય છે. ભયંકર સંવર્તક વાયુ પ્રકોપિત થઈ જાય છે. દિશાઓમાં ધૂળ આદિ ઊડવાથી અંધકાર છવાઈ જાય છે. ચંદ્ર અધિક શીતલ અને સૂર્ય અધિક ઉષ્ણ થઈ જાય છે. અરસ-વિરસ- ક્ષાર આદિ નામવાળા મેઘોની વર્ષા થવાથી પૃથ્વી અત્યંત રૂક્ષ-નીરસ થઈ જાય છે. ગંગા, સિંધુ નદીઓ સિવાય સરોવર આદિ અન્ય જલ સ્થાનોનું નામ બાકી રહી જાય છે. ગ્રામ-નગરોમાં વિવિધ વાનસ્પતિક વૃક્ષોનો અભાવ થઈ જાય છે. મનુષ્યોના રૂપ-રંગ-ગંધ-સ્પર્શ વગેરે અનિષ્ટ, અકાંત, અપ્રિય અમનોજ્ઞ થઈ જાય છે. મનુષ્યોની ઉત્કૃષ્ટ શરીરની અવગાહના એક રત્ની હાથની હોય છે તથા પુરુષની ઉત્કૃષ્ટ આયુ વીસ વર્ષ અને સ્ત્રીનું સોળ વર્ષનું હોય છે. પુત્ર-પૌત્ર આદિની વિપુલતા થઈ જાય છે. તે ગંગા-સિંધુ નદીઓના કિનારે કે વૈતાઢ્ય પર્વતના બિલોમાં રહે છે. બિલોની સંખ્યા ૭૨ છે. મનુષ્યોના ભોજન વ્યવસ્થાની સ્થિતિ આ પ્રમાણે છે - ગંગા-સિન્ધુ નદીઓમાં રથની પૈંડાની નાભિ ડૂબે એટલુ પાણી હોય છે, જે માછલી આદિ જલચર જીવોથી વ્યાપ્ત રહે છે. માછલીઓ આદિને પકડીને પ્રાતઃકાળે રેતીમાં એને દબાવી દેવામાં આવે છે. જે સૂર્યના તીવ્ર પ્રકાશથી પાકી જાય છે, સાંજે (રેતીમાંથી) કાઢીને ખાવામાં આવે છે. એવી રીતે સાંજે રેતીમાં માછલીને દબાવી દેવામાં આવે છે જે ચંદ્રની શીતલતાથી પાકી જાય છે. આવી વૃત્તિ એકવીસ હજાર વર્ષ પર્યંત રહે છે. મનુષ્યોના આચાર-વિચાર શુન્ય થઈ જાય છે. આવી સ્થિતિમાં મરી નરકોમાં ઉત્પન્ન થાય છે. આ દસ કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળા અવસર્પિણીના છયે આરાનું વર્ણન છે.

અવસર્પિણી કાળનો છઠ્ઠો આરો પૂર્ણ થયા પછી ઉત્સર્પિણીકાળનો પ્રારંભ થાય છે. એ પણ છ આરામાં વિભક્ત છે. આરાઓના નામ- કાળપ્રમાણ સહિત અવસર્પિણીની સમાન પ્રતિલોમ જાણવા જોઈએ. જેમકે- (૧) દુષમા-દુષમા, (૨) દુષમા, (૩) દુષમા-સુષમા, (૪) સુષમા-દુષમા, (૫) સુષમા, (૬) સુષમા-સુષમા.

૧. અવસર્પિણીકાળનો છઠ્ઠો આરો પૂર્ણ થયા પછી શ્રાવણ માસના કૃષ્ણપક્ષની એકમે બાલવકર્ણમાં ચંદ્રની સાથે અભિજિત્ નક્ષત્રનો યોગ થવા (પછી) ઉત્સર્પિણી કાળનો પ્રથમ આરો **'દુષમા-દુષમા'**નો પ્રારંભ થાય છે. પ્રારંભમાં તો પ્રકૃતિ આદિ અને મનુષ્યોની સ્થિતિ અવસર્પિણી કાળના છઠ્ઠા આરાની જેવી જ હોય છે. પરંતુ ઉત્તરોતર ક્રમશઃ અનન્ત પર્યાયોની પરિવૃદ્ધિ થઈ જાય છે.

૨. આ પ્રથમ આરો વીત્યા પછી એકવીસ હજાર વર્ષ પ્રમાણ વાળો **'દુષમા'** નામનો બીજા આરાનો પ્રારંભ થાય છે. પુષ્કર સંવર્તક ખીર, ઘૃત, અમૃત આદિ નામવાળા મેઘોની વર્ષા થવાથી પૃથ્વી સરસ અને પદાર્થોના વર્ણ આદિમાં વૃદ્ધિ થતી જાય છે. મનુષ્યોમાં ધર્માચરણ કરવાની વૃત્તિમાં વધારો થાય છે. અત્યાર સુધી જે નિકૃષ્ટ જીવન વીતાવ્યું હતું. એની નિંદા ગર્હા આદિ કરીને ધર્માનુમોદિત જીવન વીતાવવાને માટે અગ્રસર થાય છે. અહીંના મનુષ્યોના શરીરનું સંસ્થાન છ પ્રકારનું હોય છે. ઊંચાઈ અનેક હાથની હોય છે. આયુષ્ય જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સો વર્ષથી કંઈક વધુ હોય છે. આયુષ્ય પૂર્ણ કરીને નરકાદિ ચારેય ગતિમાં ઉત્પન્ન થાય છે. પરંતુ સિદ્ધ થતા નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. આ બીજો આરો વીત્યા પછી બેંતાલીસ હજાર ઓછા એક કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળો ત્રીજા **'દુષમા-સુષમા'** નામના આરાનો પ્રારંભ થાય છે. અહીંના મનુષ્ય પોતાના આચાર-વિચાર અનુસાર જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વ કોડીનું આયુષ્ય ભોગવીને ચારે ગતિઓમાં જન્મ લે છે અને કોઈ-કોઈ સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય છે. આ કાળ માં તીર્થંકર વંશ, ચક્રવર્તી વંશ, દશાર વંશ ઉત્પન્ન થાય છે અને ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ ઉત્પન્ન થાય છે.

૪. આ ત્રીજો આરો વીત્યા પછી બે કોડાકોડી સાગરોપમનો **'સુષમા-દુષમા'** નામનો ચોથા આરાનો આરંભ થાય છે. પદાર્થોના વર્ણાદિ પર્યાયોમાં અનન્ત ગણી વૃદ્ધિ થતી જાય છે. આ કાળ પહેલા, બીજા તેમજ ત્રીજા ત્રિભાગોમાં વિભક્ત છે. આ કાળના પ્રથમ ત્રિભાગમાં સુમતિ આદિ ૠષભ પર્યંત પંદર કુલકરોની ઉત્પત્તિ થાય છે અને રાજધર્મ, ગણધર્મ, પાખંડધર્મ, અગ્નિધર્મ, ધર્માચરણ વ્યુચ્છિન્ન થઈ જશે એવી અન્ય આચાર્યોની માન્યતા છે. મધ્યમ અને અંતિમ ત્રિભાગનું વર્ણન અવસર્પિણીના પ્રથમ અને મધ્યમ ત્રિભાગના જેવું જ સમજવું જોઈએ.

૫-૬. પાંચમા ત્રણ કોડાકોડી સાગરોપમ કાળનો **'સુષમા'** આરો તેમજ છઠ્ઠા ચાર કોડાકોડી સાગરોપમ કાળ ના **'સુષમ-સુષમા'** આરાનું વર્ણન અવસર્પિણી કાળના બીજા, પહેલા આરાની સમાન સમજવું જોઈએ.

એક સાગરોપમનું કાળ પ્રમાણ પલ્યોપમ કાળ પ્રમાણ દ્વારા દર્શાવતા કહેવામાં આવ્યું છે કે - એમાં મનુષ્ય, તિર્યંચ, દેવ, નારકોની આયુષ્યનું પ્રમાણ જ્ઞાત કરવામાં આવે છે. ઉપર્યુક્ત કથનનો ફલિતાર્થ એ પણ થઈ શકે છે કે - કાળ બે પ્રકારનો છે. (૧) ગણિતકાળ (૨) ઉપમાકાળ. ગણિતકાળ સમયથી લઈ શીર્ષ પ્રહેલિકા પર્યંત છે જેનું વર્ણન પૂર્વમાં કરવામાં આવ્યું છે.

ઔપમિક કાળ બે પ્રકારના છે - પલ્યોપમ, સાગરોપમ. પલ્યોપમના સ્વરૂપને સમજવાનો આદ્ય એકમ પરમાણું છે. અનન્તર ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાનાક્રમથી ઉત્તરોત્તર ગણના કરતા-કરતા દંડ, ધનુષ્ય, ગાઉ યોજનની ગણના કરીને એક યોજન લાંબો-પહોળો-ઊંડો અને કંઈક વધુ ત્રણ ગણી પરિધિવાળો પલ્ય (ખાડો) એક દિવસથી લઈ ઉત્કૃષ્ટ સાત દિવસ સુધી એને બાલાગ્ર છેડાઓ વડે એવો ઠાસોઠાસ ભરવામા આવે કે - જેને અગ્નિ, જલ, વાયુ આદિ કંઈપણ હાનિ પહોંચાડી શકે નહીં. પણ એ પલ્યમાંથી સો-સો વર્ષ પછી એક બાલાગ્ર કાઢવામાં આવે, જેટલા સમયમાં તે પલ્ય સર્વથા ખાલી થઈ જાય એટલો કાળ પલ્યોપમ કહેવાય છે. એવા પ્રમાણવાળા દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. અહીં આરાનું સંક્ષિપ્તમાં પુનઃવિવરણ દર્શાવવામાં આવે છે. ચાર કોટાકોટિ સાગરોપમનો અવસર્પિણી કાળનો પ્રથમ સુષમા-સુષમા આરો હોય છે. ત્રણ કોટાકોટિ સાગરોપમ (જેટલો) બીજો સુષમા આરો, બે કોટાકોટિ સાગરોપમ (જેટલો) ત્રીજો સુષમ-દુષમ આરો, બેંતાલીસ હજાર વર્ષ ઓછા એક સાગરોપમ (જેટલો) ચોથો દુષમ-સુષમા આરો, એકવીસ હજાર વર્ષનો પાંચમો દુષમા આરો અને એકવીસ હજાર વર્ષનો છઠ્ઠો દુષમ-દુષમા આરો હોય છે. ઉત્સર્પિણી કાળના આરાઓની ગણના અવસર્પિણી કાળના પ્રતિલોમ ક્રમ તેમજ એમના કાળમાન અનુસાર કહેવા જોઈએ. અર્થાત્ પ્રથમથી લઈને છઠ્ઠા આરા સુધીના નામ. (૧) દુષમ-દુષમા, (૨) દુષમા, (૩) દુષમ-સુષમા, (૪) સુષમ-દુષમા, (૫) સુષમા, (૬) સુષમ-સુષમા અને એમનું કાળ પ્રમાણ ક્રમશઃ એકવીસ હજાર વર્ષ, એકવીસ હજાર વર્ષ, બેંતાલીસ હજાર વર્ષ ઓછા એક કોટાકોટિ સાગરોપમ, બે કોટાકોટિ સાગરોપમ, ત્રણ કોટાકોટિ સાગરોપમ તથા ચાર કોટાકોટિ સાગરોપમ. આ પ્રકારે દસ કોટાકોટિ સાગરોપમનો એક અવસર્પિણી અને દસ કોટાકોટિ સાગરોપમનો એક ઉત્સર્પિણીનો કાળ પ્રમાણ છે. બન્નેનો મળીને વીસ કોટાકોટિ સાગરોપમ કાળ પ્રમાણ હોય છે.

પલ્યોપમના ત્રણ ભેદ છે- ૧. ઉદ્ધાર પલ્યોપમ, ૨. અદ્ધાપલ્યોપમ, ૩. ક્ષેત્રપલ્યોપમ. આ ત્રણે ભેદ સૂક્ષ્મ અને વ્યાવહારિક (એવા) બે પ્રકારના હોય છે. વ્યાવહારિક ભેદ સૂક્ષ્મભેદનું વર્ણન કરવા માટે ભૂમિકા રૂપ છે. દસ કોટાકોટિ વ્યાવહારિકઉદ્ધાર આદિ ત્રણે પલ્યોપમોનું એ-એ નામ વાળું એક સાગરોપમ હોય છે. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ-સાગરોપમ વડે દ્વીપ સમુદ્રોનું પરિમાણ જાણી શકાય છે. સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને સાગરોપમથી નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવોના આયુષ્ય માપવામાં આવે છે.

ક્ષેત્ર પલ્યોપમ બે પ્રકારના છે - ૧. સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ, ૨. વ્યાવહારિક ક્ષેત્ર પલ્યોપમ.

એક યોજન લાંબો-પહોળો અને એક યોજન ઊંચો તથા ત્રણ ગણાથી કંઈક વધુ પરિધિવાળો પલ્ય હોય એને એક દિવસથી લઈ સાત દિવસ સુધી ઉગેલા બાલાગ્રોથી એવી રીતે ભરવામાં આવે કે - અગ્નિ, જલ આદિ દ્વારા એમાં કોઈપણ પ્રકારની વિકૃતિ ન આવે, પછીથી આ બાલાગ્રો વડે સ્પર્શિત ક્ષેત્ર જેટલા સમયમાં અપહરણ કરતા-કરતા નિશ્ચેષ્ટ નિર્લેપ થઈ જાય તે વ્યાવહારિક ક્ષેત્ર પલ્યોપમનો પ્રમાણ છે. દસ કોડાકોડી વ્યાવહારિક ક્ષેત્ર પલ્યોપમનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વ્યાવહારિક ક્ષેત્ર સાગરોપમ થાય છે. આ ક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમથી કોઈ પ્રયોજન સિદ્ધ નથી થતું. માત્ર સ્વરૂપની પ્રરૂપણા છે. સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના પલ્યનો આયામ- વિષ્કંભ તેમજ પરિધિ પૂર્વવત્ છે. એને એક દિવસથી લઈ સાત દિવસ સુધી ઉગેલા બાલાગ્રો વડે ઠાસોઠાસ ભરવામાં આવે અને અસંખ્યાત ખંડ કરવામાં આવે તો સૂક્ષ્મપનક જીવની શરીર અવગાહનાથી અસંખ્યાત ગુણા છે અને દૃષ્ટિના વિષયભૂત પદાર્થોની અપેક્ષા અસંખ્યાત ભાગ પ્રમાણ છે. આ પલ્યના બાલાગ્ર ખંડો વડે જે આકાશ પ્રદેશ સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ થાય છે. એમાંથી પ્રતિ સમય એક-એક આકાશ પ્રદેશને અપહાર કરવામાં આવે જેટલા સમયમાં સર્વાત્મના નિર્લેપ થઈ જાય એટલા કાળ ને સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ કહે છે. દસ કોડાકોડી સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમનો એક સૂક્ષ્મક્ષેત્ર સાગરોપમ થાય છે. આ સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમ દ્વારા દૃષ્ટિવાદમાં વર્ણિત દ્રવ્યોની ગણના કરવામાં આવે છે.

આવલિકાથી લઈને અવસર્પિણી, ઉત્સર્પિણી પર્યંત જેટલા પણ કાળના ભેદ છે. એમાં સમયોની સંખ્યા અસંખ્યાત છે અને પુદ્ગલ પરાવર્તન, અતીત, અનાગત અને સર્વદ્ધામાં અનન્ત છે.

શ્વાસોશ્વાસથી લઈને શીર્ષ પ્રહેલિકા પર્યંત સંખ્યાત આવલિકાઓ છે. પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણીમાં અસંખ્યાત, પુદ્ગલ પરાવર્તનથી સર્વદ્ધામાં અનંત આવલિકાઓ થાય છે. પરંતુ બહુત્વ વિવક્ષામાં શ્વાસોશ્વાસથી લઈને શીર્ષ પ્રહેલિકા પર્યન્ત સ્યાત્ સંખ્યાત, સ્યાત્ અસંખ્યાત અને સ્યાત્ અનંત આવલિકાઓ હોય છે. પલ્યોપમોથી લઈને ઉત્સર્પિણીઓ સુધી સ્યાત્ અસંખ્યાત અનંત હોય છે. પુદ્ગલ પરાવર્તનમાં અનંત હોય છે.

સ્તોકાદિ કાળ ભેદોમાં પુદ્ગલ પરાવર્તન પર્યંત એકવચન, બહુવચનની અપેક્ષાએ શ્વાસોશ્વાસોની સંખ્યા આવલિકાઓની સમાન જાણવી જોઈએ **યાવત્** શીર્ષપ્રહેલિકાઓને માટે પણ એવું જ કહેવું જોઈએ.

એકત્વ વિવક્ષાથી સાગરોપમમાં પલ્યોપમ સંખ્યાત હોય છે. પુદ્ગલ પરાવર્તનમાં અનંત પલ્યોપમ હોય છે. બહુત્વ વિવક્ષાથી સાગરોપમો, અવસર્પિણીઓ, ઉત્સર્પિણીઓમાં સંખ્યાત, અસંખ્યાત અને અનંત પલ્યોપમ હોય છે. પુદ્ગલ પરાવર્તનોમાં અનંત હોય છે. અવસર્પિણી, ઉત્સર્પિણીમાં સાગરોપમનું કથન પલ્યોપમની સમાન છે.

પુદ્ગલ પરાવર્તનમાં અવસર્પિણી ઉત્સર્પિણી અનંત હોય છે. આ પ્રકારે સર્વકાળ માટે પણ જાણવું જોઈએ. અતીત, અનાગત અને સર્વકાળમાં પુદ્ગલ પરાવર્તન અનંત છે. અતીતકાળથી અનાગતકાળ તેમજ સર્વકાળ તથા અનાગત કાળથી સર્વકાળ સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત નથી. અતીતકાળથી અનાગતકાળ એક સમય અધિક છે અને અનાગતકાળથી અતીતકાળ એક સમય ઓછો છે. અતીતકાળથી સર્વકાળ કંઈક અધિક અને સર્વકાળથી અતીતકાળ કંઈક ઓછો છે. અનાગતકાળથી સર્વકાળ બેગણાથી કંઈક ઓછો છે અને સર્વકાળથી અનાગતકાળ કંઈક વધુ છે.

પુદ્ગલ પરાવર્તન ત્રણ પ્રકારના છે. ૧. અતીત પુદ્ગલ પરાવર્ત, ૨. વર્તમાન પુદ્ગલ પરાવર્ત, ૩. અનાગત પુદ્ગલ પરાવર્ત. પરમાણુ પુદ્ગલોના સંયોગ વિયોગથી અનન્તાનન્ત પુદ્ગલ પરાવર્ત બને છે. એ પુદ્ગલ પરાવર્ત ૧. ઔદારિક, ૨. વૈક્રિય, ૩. તેજસ્, ૪. કાર્મણ, ૫. મન, ૬. વચન અને ૭. શ્વાસોશ્વાસના નામથી સાત છે.

સંવત્સર પાંચ છે - ૧. નક્ષત્ર સંવત્સર, ૨. યુગ સંવત્સર, ૩. પ્રમાણ સંવત્સર, ૪. લક્ષણ સંવત્સર, ૫. શનૈશ્ચર સંવત્સર,

(૧) જેમાં બધા નક્ષત્ર યોગ કરે છે. બધી ઋતુઓ પરિણમિત થાય છે. વધુ ગરમી અને ઠંડક થતી નથી પરંતુ વર્ષા વધુ થાય છે તે નક્ષત્ર સંવત્સર (કહેવાય) છે.

(૨) જે સંવત્સરની બધી પૂર્ણિમાઓમાં ચંદ્ર વિશમચારી નક્ષત્રો સાથે યોગ કરે, કડવા પાણીની વર્ષા વધુ હોય તે ચંદ્ર સંવત્સર (કહેવાય) છે.

(૩) જે સંવત્સરમાં જેવી વનસ્પતિને અંકુરિત થવાની જે ઋતુ હોય તે ન થાય પણ અન્ય ઋતુમાં અંકુરિત થાય, ફળ આદિ આવે, વર્ષા પર્યાપ્ત (પુરતા પ્રમાણમાં) ન થાય એને ઋતુ (કર્મ) સંવત્સર કહેવામાં આવે છે.

(૪) જે સંવત્સરમાં આદિત્ય પૃથ્વી, પુષ્પ-પત્રોને રસ આપે છે તથા અલ્પ વર્ષામાં ધાન્ય પર્યાપ્ત થાય છે તે આદિત્ય સંવત્સર (કહેવાય) છે.

(૫) જે સંવત્સરમાં સૂર્યના તેજથી તપ્ત ક્ષણ-લવ દિવસ થવાથી સમગ્ર પૃથ્વી વર્ષાના જલથી તૃપ્ત થઈ જાય છે તેમજ બધી ઋતુઓ યથા સમય પરિણમિત થાય છે તે અભિવર્ધિત સંવત્સર (કહેવાય) છે.

સાઈઠ આદિત્યમાસ અને બાસઠ ચંદ્રમાસ હોય છે. એમાં છ વડે ગુણીને બાર વડે ભાગવાથી ત્રીસ આદિત્ય સંવત્સર અને એકવીસ ચંદ્ર સંવત્સર બાકી રહે છે. ત્યારે આદિત્ય અને ચંદ્ર સંવત્સરોનો સમાન પ્રારંભ અને પર્યવસાનકાળ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાઈઠ આદિત્ય માસ, એકસઠ ઋતુમાસ, બાસઠ ચંદ્ર માસ, સડસઠ નક્ષત્ર માસ અને બાર વડે ગુણીને બારથી ભાગવાથી સાઈઠ આદિત્ય, એકસઠ ઋતુ, બાસઠ ચંદ્ર અને સડસઠ નક્ષત્ર સંવત્સર બાકી રહે છે. ત્યારે એટલા સંવત્સર પછી આદિત્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સરોનો સમાન પ્રારંભ અને સમાન પર્યવસાન કાળ થાય છે.

સત્તાવન માસ, સાત અહોરાત્ર, અગિયાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી તેવીસ જેટલા અભિવર્ધિત માસ, સાઈઠ આદિત્ય માસ, એકસઠ ઋતુમાસ, બાસઠ ચંદ્રમાસ, સડસઠ નક્ષત્ર માસ એટલા કાળને એક સો છપ્પન વડે ગુણી બાર વડે ભાગવાથી સાતસો ચુમાલીસ અભિવર્ધિત, સાતસો એંસી આદિત્ય, સાતસો ત્રાણું, ઋતુઓ, આઠસો છ ચંદ્ર અને આઠસો એકોત્તર નક્ષત્ર સંવત્સર બાકી રહે છે. એટલા સંવત્સરો પછી અભિવર્ધિત આદિ નક્ષત્ર સંવત્સર પર્યન્ત પાંચે સંવત્સરોનો સમાન પ્રારંભ અને સમાન પર્યવસાન કાળ થાય છે.

માન્યતા ભેદથી ચંદ્ર સંવત્સર ત્રણસો ચોપન અહોરાત્ર અને એક અહોરાત્રના બાસઠ ભાગોમાંથી બાર ભાગ અથવા ત્રણસો ચોપન અહોરાત્ર અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી પાંચ ભાગ જેટલો હોય છે.

સંવત્સરોના પ્રારંભ અને પર્યવસાન કાળમાં ચંદ્ર-સૂર્યની સાથે નક્ષત્રો માટે દર્શાવવામાં આવ્યું છે કે - પ્રથમ પાંચમા અભિવર્ધિત સંવત્સરના પર્યવસાન કાળ પછી અંતર રહિત પ્રથમ સમયમાં પ્રથમ ચંદ્ર સંવત્સરનો પ્રારંભકાળ છે અને બીજા સંવત્સરનો પ્રારંભકાળ તથા પ્રથમ ચંદ્ર સંવત્સરનો અંતરરહિત અંતિમ સમય પર્યવસાન કાળ છે. આ સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે અને સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ કરે છે.

પ્રથમ ચંદ્ર સંવત્સરના કાળ બાદ અંતર રહિત પ્રથમ સમય બીજા ચંદ્ર સંવત્સરનો આરંભકાળ (હોય) છે અને ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો આરંભકાળ એનો પર્યવસાન કાળ છે. આ સમયે ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્રની સાથે અને સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ કરે છે.

બીજા ચંદ્ર સંવત્સરનો પર્યવસાન કાળ ત્રીજા અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ છે અને ચતુર્થ ચંદ્ર સંવત્સરનો પ્રારંભકાળ એનો પર્યવસાન કાળ છે. આ સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે અને સૂર્ય પુનર્વસુ નક્ષત્ર સાથે યોગ કરે છે.

ચતુર્થ ચંદ્ર સંવત્સરનો પ્રારંભકાળ તૃતીય અભિવર્ધિત સંવત્સરનો પર્યવસાન કાળ છે. અને (આનો) પર્યવસાનકાળ પાંચમા અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ છે. એ સમય ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે અને સૂર્ય પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ કરે છે તથા હેમન્ત ઋતુના એકોત્તર દિવસ રાત વીત્યા પછી સૂર્ય સર્વ બાહ્ય મંડળ સાથે આભ્યન્તર મંડળની તરફ આવૃત્તિ કરે છે.

ચતુર્થ ચંદ્ર સંવત્સરનો પર્યવસાન કાળ પંચમ અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ છે અને પ્રથમ સંવત્સરનો પ્રારંભકાળ એનો પર્યવસાનકાળ છે. આ સમયે ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે અને સૂર્ય પુષ્ય નક્ષત્રની સાથે યોગ કરે છે.

નક્ષત્ર સંવત્સરના નક્ષત્ર માસના સત્તાવીશ અહોરાત્ર અને એક અહોરાત્રના સડસઠ ભાગોમાંથી એકવીસ ભાગ (જેટલા) હોય છે અને સંવત્સરમાં ત્રણસો સત્તાવીશ અહોરાત્ર અને એક અહોરાત્રના સડસઠ ભાગોમાંથી એકાવન ભાગ (હોય) છે. નક્ષત્ર માસમાં આઠસો ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના સડસઠ ભાગોમાંથી સત્તાવીસ ભાગ (જેટલો) હોય છે અને સંવત્સરમાં પણ નવ હજાર આઠસો બત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠ ભાગોમાંથી છપ્પન ભાગ હોય છે.

બીજા ચંદ્ર સંવત્સરનો ચંદ્રમાસ ઓગણત્રીસ અહોરાત્ર અને એક અહોરાત્રના બાસઠ ભાગોમાંથી બત્રીસ ભાગનો તથા સંવત્સર ત્રણસો ચોપન અહોરાત્ર અને એક અહોરાત્રના બાસઠ ભાગોમાંથી બાર ભાગ (જેટલો) હોય છે અને માસમાં મુહૂર્ત આઠસો પચાસ અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી તેત્રીસ ભાગ તથા સંવત્સરમાં દસ હજાર છસો પચ્ચીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી પચાસ ભાગ હોય છે.

ઋતુ સંવત્સરના ઋતુમાસમાં ત્રીસ અહોરાત્ર અને સંવત્સરમાં ત્રણસો સાઈઠ અહોરાત્ર હોય છે. માસમાં નવસો મુહૂર્ત તથા સંવત્સરમાં દસ હજાર આઠસો મુહૂર્ત હોય છે.

આદિત્ય સંવત્સરના આદિત્ય માસમાં ત્રીસ અહોરાત્ર અને એક અહોરાત્રનો અડધો ભાગ હોય છે અને સંવત્સરમાં ત્રણસો છાસઠ અહોરાત્ર હોય છે. માસમાં મુહૂર્ત નવસો પંદર તથા સંવત્સરમાં દસ હજાર નવસો એંસી મુહૂર્ત હોય છે.

અભિવર્ધિત સંવત્સરના અભિવર્ધિત માસમાં એકત્રીસ અહોરાત્ર ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તર ભાગ હોય છે. સંવત્સરમાં ત્રણસો ત્યાંસી અહોરાત્ર ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગોમાંથી અઢાર ભાગ હોય છે તથા માસમાં મુહૂર્ત નવસો ઓગણસાઈઠ અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તર ભાગ હોય છે. સંવત્સરમાં અગિયાર હજાર પાંચસો અગિયાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી અઢાર ભાગ હોય છે.

યુગ સંવત્સરના ૧. ચંદ્ર, ૨. ચંદ્ર, ૩. અભિવર્ધિત, ૪. ચન્દ્ર, ૫. અભિવર્ધિતએ પાંચ ભેદ છે. એના બન્ને અભિવર્ધિતોમાં છવીસ-છવીસ પર્વ તથા બાકીના ત્રણમાં ચોવીસ-ચોવીસ પર્વ હોય છે. બધા મળીને પાંચ સંવત્સરમાં એકસો ચોવીસ પર્વ હોય છે.

પ્રમાણ સંવત્સરના પાંચ ભેદ છે - ૧. નક્ષત્ર, ૨. ચંદ્ર, ૩. ઋતુ, ૪. આદિત્ય, ૫. અભિવર્ધિત. એજ પ્રકારે લક્ષણ સંવત્સરના ભેદ અને અનેક નામ છે. શનેશ્ચર સંવત્સર અઠ્ઠાવીસ પ્રકારના છે અને નામ અભિજિત્, શ્રવણ આદિથી લઈને ઉત્તરાષાઢા પર્યંત નક્ષત્રોના નામો અનુસાર અઠ્ઠાવીસ નામ જાણવા જોઈએ.

સંવત્સરના માસોના નામ લૌકિક અને લોકોત્તરના ભેદથી બે પ્રકારના છે. લૌકિક નામ શ્રાવણ, ભાદ્રપદ આદિ અષાઢ સુધી બાર છે અને લોકોત્તર નામ આ પ્રમાણે છે- ૧. અભિનંદન, ૨. સુપ્રતિષ્ઠ, ૩. વિજય, ૪. પ્રીતિવર્ધન ૫. શ્રેયાંસ, ૬. શિવ, ૭. શિશિર, ૮. હિમવાન્, ૯. વસંત, ૧૦. કુસુમ સંભવ, ૧૧. નિદાઘ, ૧૨. વનવિરોધી.

અષાઢ, ભાદ્રપદ, કાર્તિક, પોષ, ફાલ્ગુન અને વૈશાખ એ છ માસ ઓગણત્રીસ- ઓગણત્રીસ દિવસ-રાત્રિના હોય છે.

સંવત્સરોમાં ચંદ્ર, અયનોમાં દક્ષિણાયન, ઋતુઓમાં પાવસ, મહિનાઓમાં શ્રાવણ, પક્ષોમાં કૃષ્ણ, દિવસ-રાત્રિમાં દિવસ, મુહૂર્તોમાં રુદ્ર, કરણોમાં બાલવ, નક્ષત્રોમાં અભિજિત્ પ્રથમ છે તથા પંચ સંવત્સરિક યુગમાં અયન દસ, ઋતુઓ ત્રીસ, માસ સાઈઠ, પક્ષ એકસોવીસ, અહોરાત્ર અઢારસોત્રીસ અને મુહૂર્ત ચોપન હજાર નવસો હોય છે.

અપૂર્ણ યુગના સત્તરસો એકાવન અહોરાત્ર ઓગણત્રીસ મુહૂર્ત, એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તાવન ભાગ અને બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી પંચાવન લઘુતમ ભાગ હોય છે. આડત્રીસ અહોરાત્ર દસ મુહૂર્ત, એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ચારભાગ તથા બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી બાર લઘુતમ ભાગ પ્રક્ષિપ્ત કરવાથી પૂર્ણતા પ્રાપ્ત યુગના અહોરાત્ર થાય છે. જેનું પ્રમાણ અઢારસો ત્રીસ અહોરાત્ર થાય છે.

અપૂર્ણ યુગમાં ત્રેપન હજાર સાતસો ઓગણપચાસ મુહૂર્ત, એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તાવન ભાગ અને બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી મુહૂર્તના પંચાવન લઘુતમ ભાગ અને પરિપૂર્ણ યુગમાં ચોપન હજાર નવસો મુહૂર્ત હોય છે.

પરિપૂર્ણ યુગમાં ચોત્રીસ લાખ અડતાલીસ સો બાસઠ મુહૂર્તનો બાસઠમો ભાગ હોય છે.

એક યુગમાં બાસઠ અમાસો રાહુ વડે પૂર્ણ રક્ત છે અને બાસઠ પૂર્ણિમાઓ રાહુથી વિરક્ત છે. અમાસથી પૂર્ણિમા અને પૂર્ણિમાથી અમાસ સુધી ચારસો બેંતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી છેંતાલીસ ભાગ જેટલો સમય થાય છે. તથા અમાસથી અમાસ અને પૂર્ણિમાથી પૂર્ણિમા સુધી આઠસો પંચાસી મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ત્રીસ ભાગ જેટલો સમય હોય છે.

એક યુગમાં એક સો ચોવીસ પર્વ (હોય) છે. જે પૂર્ણ રૂપમાં રક્ત-વિરક્ત છે.

નક્ષત્ર માસ સત્તાવીસ અહોરાત્રનો હોય છે અને મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ આઠસો ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના સાઈઠ ભાગોમાંથી સત્તાવીસ ભાગ જેટલી થાય છે. યામ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. પ્રથમ યામ, મધ્યમ યામ અને પશ્ચિમ યામ.

પ્રત્યેક દિવસ-રાત્રિ ત્રીસ મુહૂર્ત પ્રમાણ છે. રુદ્ર, શ્રેયાન્, મિત્ર આદિથી લઈને રાક્ષસ પર્યન્ત એના ત્રીસ નામો છે.

પ્રત્યેક પક્ષમાં પંદર દિવસ હોય છે. જેના લૌકિક નામ એકમ દિવસ, દ્વિતીયા દિવસ ઈત્યાદિ પંદરસ (પૂર્ણિમા) દિવસ છે અને લોકોત્તર નામ પૂર્વાંગ, સિદ્ધ, મનોરમથી લઈને ઉપશમ સુધી પંદર છે. એવી રીતે રાત્રિઓ પણ પંદર છે. લૌકિક નામ પ્રતિપદા રાત્રિ **યાવત્** પંદરમી (અમાસ) રાત્રિ છે તથા ઉત્તમા, સુનક્ષત્રા આદિ દેવાનંદા પર્યન્ત એ લોકોત્તર નામ છે. એ રાત્રિઓમાં તૃતીય પર્વે, સપ્તમ પર્વે, અગિયારમા પર્વે, પંદરમા પર્વે, ઓગણીસમા પર્વે, અવમ રાત્રિઓ (ક્ષય તિથિઓ) અને ચતુર્થ પર્વે, અષ્ટમ પર્વે, બારમા પર્વે, સોળમા પર્વે, વીસમા પર્વે અને ચોવીસમા પર્વે અતિરિક્ત રાત્રિઓ (વૃદ્ધિ-તિથિઓ) હોય છે. એ વિશેષ છે કે - અતિરિક્ત રાત્રિઓ આદિત્ય માસોમાં અને અવમ રાત્રિઓ ચંદ્ર માસોમાં થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યેક પક્ષમાં પંદર દિવસ તિથિ અને પંદર રાત્રિ તિથિ હોય છે. દિવસ તિથિઓના નામ આ પ્રમાણે છે- ૧. નંદા, ૨. ભદ્રા, ૩. જયા, ૪. તુચ્છા, ૫. પૂર્ણા. તે પછી ૬ થી ૧૦ અને ૧૧ થી ૧૫ સુધીની તિથિઓના નામ એજ પ્રમાણે જાણવા જોઈએ.

રાત્રિ તિથિઓના નામ - ૧. ઉગ્રવતી, ૨. ભોગવતી, ૩. યશવતી, ૪. સર્વસિદ્ધા, ૫. શુભનામા અને અનન્તર એના ક્રમ નામોવાળી પાંચ અને ફરીથી એના ક્રમ નામોવાળી પાંચ તિથિઓ છે. બધી મળીને પંદર હોય છે.

સૂર્ય શ્રાવણ સુદ સાતમના દિવસે સત્તાવીસ આંગળની પોરષી છાયા કરીને દિવસ ક્ષેત્રની તરફ આવતો એવો અને રજની ક્ષેત્ર તરફ આગળ વધતો એવો સંચરણ કરે છે. તે રજનીકાળની અભિવૃદ્ધિ તિથિ છે.

કરણ અગિયાર છે - ૧. બવ, ૨. બાલવ, ૩. કોલવ, ૪. સ્ત્રી વિલોચન, ૫. ગરાદિ, ૬. વણિજ, ૭. વિષ્ટી, ૮. શકુની, ૯. ચતુષ્પાદ, ૧૦. નાગ, ૧૧. કિસ્તુઘ્ન. એમાંથી પ્રારંભના સાત કરણ ચર અને અંતના ચાર કરણ સ્થિર છે. શુકલપક્ષ અને કૃષ્ણપક્ષની તિથિઓ અને દિવસ- રાત્રિમાં બન્ને પ્રકારના કરણ હોય છે.

ઋતુઓ છ છે - ૧. પાવસ, ૨. વર્ષા, ૩. શરદ, ૪. હેમન્ત, ૫. વસન્ત, ૬. ગ્રીષ્મ. એ પ્રત્યેક ઋતુઓ બે-બે માસની હોય છે અને અહોરાત્રની અપેક્ષા ઓગણસાઈઠ- ઓગણસાઈઠથી કંઈક અધિક અહોરાત્રની હોય છે. તથા ઋતુ સંવત્સર ત્રણસો ચોપન દિવસનો હોય છે.

જંબૂદ્વીપમાં મન્દર પર્વતથી દક્ષિણાર્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ સમય હોય છે અને પૂર્વ-પશ્ચિમમાં અનન્તર બીજા સમયમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે.

મંદર પર્વતની પૂર્વમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે ત્યારે પશ્ચિમમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે. અને ઉત્તર-દક્ષિણમાં અનન્તર બીજા સમયમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે. આ પ્રકારે આવલિકા વગેરેથી ઉત્સર્પિણી પર્યંત જાણવું જોઈએ.

જંબૂદ્વીપ તથા ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરવર દ્વીપાર્ધના દેવકુરુ અને ઉત્તરકુરુના મનુષ્ય સદૈવ સુષમ- સુષમા કાળનો અનુભવ કરે છે.

જંબૂદ્વીપ તથા ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના હરિવર્ષ અને રમ્યક્‌વર્ષ ક્ષેત્રના મનુષ્ય સદૈવ સુષમકાળનો અનુભવ કરે છે.

જંબૂદ્વીપ તથા ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરવરાર્ધ દ્વીપના પૂર્વાર્ધ તેમજ પશ્ચિમાર્ધના હૈમવત અને હૈરણ્યવત ક્ષેત્રના મનુષ્ય સદૈવ સુષમ-દુષમ કાળનો અનુભવ કરે છે.

જંબૂદ્વીપ અને ધાતકીખંડ દ્વીપ તેમજ પુષ્કરવરાર્ધ દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહ ક્ષેત્રોના મનુષ્ય સદા દુષમ-સુષમ કાળનો અનુભવ કરે છે.

જંબૂદ્વીપના ભરત અને ઐરાવત આ બન્ને ક્ષેત્રોના મનુષ્ય છયે પ્રકારના કાળનો અનુભવ કરે છે. આ પ્રકારે ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના ક્ષેત્રને માટે જાણવું જોઈએ.

આ અસંખ્ય પ્રદેશી લોકમાં અનંત રાત્રિ-દિવસ ઉત્પન્ન થયેલા છે, થાય છે અને થશે તેમજ પરિમિત રાત્રિ-દિવસ ઉત્પન્ન થયેલા છે, થાય છે અને થશે. આ પ્રકારે નષ્ટ માટે પણ જાણવું જોઈએ.

એનું કારણ એ છે કે- લોક શાશ્વત, અનાદિ, અનંત, પરિમિત તથા અલોક વડે ઘેરાયેલ છે. એ નીચે વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપરમાં ઊર્ધ્વ મૃદંગાકાર છે. એમાં અનંત જીવ સમૂહ ઉત્પન્ન થઈ-થઈને વિલીન થાય છે. એ લોક ભૂત, ઉત્પન્ન, વિગત અને પરિણત છે. અજીવોના પરિણમન ધર્મથી નિશ્ચિત થાય છે અને જે પ્રમાણ દ્વારા જાણી શકાય તે લોક છે એટલે અસંખ્ય લોકમાં અનંત રાત્રિ-દિવસ ઉત્પન્ન થયા આદિનું 'કથન' કર્યું છે.

(મનુષ્ય) લોકનું રૂપ કેવું છે ! એના સમાધાન માટે કહેવામાં આવ્યું છે -

જ્યાં માનુષોત્તર પર્વત, વર્ષ (ક્ષેત્ર), વર્ષધર પર્વત, ગૃહ, ગૃહ પંક્તિ, ગામ **યાવત્** રાજધાનીઓ છે ત્યાં સુધી એ મનુષ્યલોક છે. મનુષ્યલોક અન્તરનો દ્યોતક એ ક્ષેત્ર વિશેષ છે.

પ્રકારાન્તરથી મનુષ્યલોક એને જાણવો જોઈએ. જેમાં અર્હત્, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ - શ્રમણીઓ, શ્રાવક-શ્રાવિકાઓ, પ્રકૃતિભદ્ર અને વિનીત મનુષ્ય છે.

આ ઉપરાંત સમય, આવલિકા, આનપ્રાણ આદિથી લઈને પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણી આદિ કાળ વિભાગ પ્રચલિત હોય તે લોક કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સુધી બાદર વિદ્યુત, બાદર સ્તનિત શબ્દ હોય, ઔદારિક વાદળ ઉત્પન્ન થાય છે અને વર્ષા કરે છે. ખાન, નદી, કૂપ (કૂવો) આદિ છે. ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્ર સૂર્ય પરિષદ, પ્રતિચંદ્ર, પ્રતિસૂર્ય, ઈન્દ્ર, ધનુષ્ય, જલ, મત્સ્ય કપિહસિત (કપિ) (વાંદરા)ના હાસ્યસમાન મેઘગર્જના) ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાઓનું અભિગમન-નિર્ગમન, વૃદ્ધિ- નિર્વૃદ્ધિ-અપરિવર્તિત સંસ્થાન- સંસ્થિતિ (હોય) છે. ત્યાં સુધી લોક છે. અર્થાત્ (મનુષ્ય) લોકની મર્યાદા છે.

## અલોક પ્રજ્ઞપ્તિ : સૂત્ર ૧૩૭૯ – ૧૩૮૯ પૃ. ૪૦૭–૪૦૯

સામાન્યથી અલોક એક છે અને દ્રવ્યથી અલોકમાં જીવ, અજીવ અને જીવાજીવ દ્રવ્ય નથી પરંતુ અજીવનો એક દેશ છે. અગુરુલઘુ છે. અનન્ત અગુરુલઘુ ગુણોથી યુક્ત છે. અનંત ભાગ ઓછું પૂર્ણ આકાશ છે. કાળથી અલોક નિત્ય, ત્રિકાળ સ્થાયી છે. ભાવથી અલોક અરૂપી છે. વર્ણાદિ પર્યાયો નથી **યાવત્** ન અગુરૂલઘુ પર્યાયો છે.

અલોકનું સંસ્થાન (આકાર) પોલા ગોળા જેવો છે. અલોકાકાશમાં જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવ દેશ, અજીવ પ્રદેશ નથી, પરંતુ એક અજીવ દ્રવ્ય દેશ છે. અગુરુલઘુ છે.

અલોકની વિશાળતાને માટે ઉપમા દ્વારા આ પ્રમાણે જાણવું જોઈએ કે - જંબૂદ્વીપના મંદર પર્વતની ચૂલિકાને ચારે બાજુથી ઘેરીને દસ મહર્ધિક મહાસુખી દેવ ઊભા હોય અને નીચે આઠ દિક્કુમારીઓ આઠ બાલિપિંડ લઈને માનુષોત્તર પર્વતની ચારે દિશાઓ અને ચાર વિદિશાઓમાં બહારની તરફ મુખ રાખીને ઊભી હોય અને પોતપોતાનો બાલિપિંડ ફેંકે. આ દસેય દેવોમાંથી એક-એક ચાર દિશાઓમાં ચાર વિદિશાઓમાં અને ઉપર નીચે જાય.

એ સમયે એક લાખ વર્ષની આયુષ્યવાળો બાળક ઉત્પન્ન થાય. બાલકના માતા-પિતાનું મૃત્યુ થઈ ગયુ, તે અને તેમની સાત પેઢી સમાપ્ત થઈ ગઈ પરંતુ તે દેવો અલોકનો અંત પામી શક્યો નહી. એ દેવો દ્વારા ગત અલોક અધિક નહી પરંતુ અગત અલોક વધુ છે. અગત અલોકથી ગત અલોક અનન્ત ગુણો અધિક છે અને ગત અલોક અગત અલોકનો અનન્તમો ભાગ છે.

અલોક ફક્ત આકાશાસ્તિકાયના દેશ અને પ્રદેશોથી સ્પૃષ્ટ છે. અન્ય કોઈથી સ્પૃષ્ટ નથી અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીનો અવ્યવહિત અન્તર દેશોન યોજનનું છે.

## લોકાલોક પ્રજ્ઞપ્તિ – સાર સંક્ષેપ : સૂત્ર ૧૩૯૦ થી ૧૩૯૯ પૃ. ૪૧૦–૪૧૬

લોકના બાહર જીવ અને પુદ્ગલોનું ગમન ન કરવાના કારણે અને અલોકમાં દેવ વડે હાથ આદિ પ્રસારી ન સકવાના કારણે ગતિના અભાવથી, ગતિ સહાયક ધર્માસ્તિકાયના અભાવથી, રુક્ષતા થવાથી અને લોક સ્વભાવ જ એવા હોવાથી જીવાદિનું લોક બહાર ગમન નથી થતું અને પુદ્ગલોના સહયોગથી જીવો અને અજીવોની ગતિ થાય છે પરંતુ અલોકમાં ન જીવ છે અને ન અજીવ છે. એટલે દેવ અલોકમાં હાથ આદિ પ્રસારવા માટે અસમર્થ છે.

આકાશાસ્તિકાયના બે ભેદ છે – લોકાકાશ અને અલોકાકાશ. લોકાકાશમાં જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવ દેશ, અજીવ પ્રદેશ છે. જીવ દેશ અને પ્રદેશ એકેન્દ્રિયથી લઈ અનિન્દ્રિય પર્યન્ત છે. રૂપી અજીવ તો સ્કન્ધ, સ્કન્ધ દેશ, સ્કન્ધ પ્રદેશ અને પરમાણુ પુદ્ગલ એ ચારેય છે અને અરૂપી અજીવમાં ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય પ્રદેશ એ પ્રકારે અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય પ્રદેશ તથા અદ્ધા સમય આ બધાનો સમુદાય જ લોક છે.

આ લોક નિશ્ચિતરૂપથી અનેક અચરિમ, ચરિમ છે. ચરિમાન્ત પ્રદેશ અને અચરિમાંત પ્રદેશ છે અને અલોક નિશ્ચિત રૂપથી અચરિમ છે, અનેક અચરિમ છે, ચરિમાંત પ્રદેશ છે, અચરિમાંત પ્રદેશ છે. લોક, અલોક અને લોકાળોકના ચરિમાદિ પદોમાં દ્રવ્ય, પ્રદેશ અને દ્રવ્યપ્રદેશ આ ત્રણ અપેક્ષાએ અલ્પ-બહુત્વ છે.

રોહા અણગારના પ્રશ્નોનું સમાધાન કરતા એવું ભગવાને બતાવ્યું છે - આ લોક અલોક પહેલા પણ છે અને પાછળથી પણ છે. એ અનાનુપૂર્વી છે. શાશ્વત છે. એવા પ્રકારે લોકાન્ત, અલોકાન્ત, લોકાન્ત અને સપ્તમ અવકાશાન્તરથી લઈને કાળ પર્યંતની શાશ્વતત્તા માટે જાણવું જોઈએ.

## માપ નિરુપણ – સારાંશ : સૂત્ર ૧૪૦૦ થી ૧૪૧૦ પૃ. ૪૧૭–૪૨૮

માપનો સંબંધ ક્ષેત્ર સાથે છે, એટલે ક્ષેત્રના આધારે પણ માપના પ્રકારોનું વર્ણન કરવામાં આવે છે. ક્ષેત્ર પ્રમાણ બે પ્રકારના હોય છે. પ્રદેશ નિષ્પન્ન અને વિભાગ નિષ્પન્ન. એક પ્રદેશાવગાઢ, બે પ્રવેશાવગાઢ **યાવત્** અસંખ્યાત પ્રદેશાવગાઢ પ્રદેશ નિષ્પન્નક્ષેત્ર પ્રમાણે છે તથા વિભાગ નિષ્પન્ન અનેક પ્રકારના છે. જેમકે- આંગળ, વિતસ્તિ રત્નિ, કુક્ષી, ધનુષ્ય, ગાઊ, યોજન, શ્રેણી, પ્રતર, લોક અલોક.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાં માપનું આદ્ય એકમ આંગળ છે. બદ્ધ આત્માંગુલ, ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ ભેદે ત્રણ પ્રકારના છે. એમાં જે કાળે જે મનુષ્ય ઉત્પન્ન થાય છે તેની પોતાની આંગળી આત્માંગુલ કહેવાય છે. સ્વયં બાર આંગળી પ્રમાણનું એક મુખ. નવ મુખ પ્રમાણનો એક પુરુષ હોય છે. ઉત્તમ પુરુષ ૧૦ આંગળ પ્રમાણ, અધમપુરુષ ૯૬ આંગળ પ્રમાણ અને મધ્યમ પુરુષ ૧૦૪ આંગળ પ્રમાણ ઊંચાં હોય છે. માન- ઉન્માન પ્રમાણથીયુક્ત, શંખ સ્વસ્તિક વગેરે લક્ષણ, તેલ વગેરે અનાજ (ચીજ) ગંભીરતા આદિ ગુણોથી યુક્ત હોય તે ઉત્તમ પુરુષ છે. આ આંગળના પ્રમાણથી છઃ આંગળનો પાદ; બે પાદ (બરાબર) એક વિતસ્તિ. બે વિતસ્તિ (બરાબર) એક રત્નિ, બે રત્નિ (બરાબર) એક કુક્ષી. બે કુક્ષી (બરાબર) એક દંડ, ધનુષ્ય, યુગ, નાલિકા, અક્ષ, મુસલ (બધા સમાર્થદર્શક) થાય છે. બે હજાર ધનુષ્યનો એક ગવ્યુત અને ચાર ગવ્યુત (ગાઉ)નો એક યોજન થાય છે.

આ આત્માંગુલથી પોત-પોતાના સમયના કૂવા, તળાવ (સરોવર) વાવડી, આરામ (બગીચા) ઉદ્યાન, પથ, (માર્ગ) દ્વાર, રથ, યાન આસન વગેરેના માપ કરવામાં આવતા હતા.

આ આત્માંગુલ ૧. સચ્યંગુલ, ૨. પ્રતરાંગુલ, ૩. ઘનાંગુલ એમ ત્રણ પ્રકારના છે. એક આંગળ લાંબી તથા એક પ્રદેશ પ્રમાણ જાડી પ્રદેશ શ્રેણી સચ્યંગુલ કહેવાય છે. સચ્યંગુલને સચ્યંગુલ વડે ગુણવાથી પ્રતરાંગુલ બને છે. પ્રતરને સચ્યંગુલ વડે ગુણવાથી ઘનાંગુલ બને છે.

પરમાણુ, ત્રણરેણુ, રથરેણુ, બાલાગ્ર, લિક્ષા, યૂકા, યવ આ બધા ઉત્સેધાંગુલ છે. આ બધા ઉત્તરોત્તર ક્રમશઃ આઠ ગણા છે. એમાં પરમાણુ પ્રધાન એકમ છે. એટલે એનું વિસ્તારથી વર્ણન કરીએ છીએ.

પરમાણુ સૂક્ષ્મ અને વ્યાવહારિકના ભેદે બે પ્રકારના છે. પરંતુ સૂક્ષ્મ અવ્યાચેય હોવાથી વ્યાવહારિક પરમાણુનો પરિચય આપીએ છીએ કે એ પરમાણુ સુતીક્ષ્ણ શસ્ત્ર વડે કાપી શકાતા નથી. અગ્નિ એને બાળી શકતો નથી. ઉદકાવર્તમાં અવગાહિત થતા નથી. પુષ્કલ સંવર્તક મહામેઘની વચ્ચેવચ (મધ્યમાંથી) નીકળી શકે છે. વગેરે આ બધા પ્રમાણોમાં આદિ પ્રમાણ છે. એ અનન્તાનન્ત વ્યાવહારિક પરમાણુઓના સંયોગથી એક ઉતશલક્ષણશક્ષ્ણિકા બને છે અને ઉત્તરોત્તર ઊર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ વગેરે બને છે. આ પ્રત્યેક ઉત્તરોત્તર ક્રમશઃ આઠ-આઠ ગણા છે. લિક્ષા આદિનો આ પૂર્વે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આઠ લિક્ષાની એક યુકા, આઠ યુકાનો એક યવમધ્ય અને આઠ યવમધ્યનો એક ઉત્સેધાંગુલ થાય છે. એની અનન્તર પાદ, વિતસ્તિ વગેરેનું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ. એના દ્વારા નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોના શરીરની અવગાહના માપવામાં આવે છે.

ઉત્સેધાંગુલ પણ સૂચ્યંગુલ, પ્રતરાંગુલ અને ઘનાંગુલના ભેદથી ત્રણ પ્રકારના છે. એના લક્ષણ આત્માંગુલના ભેદ પ્રમાણે જ જાણવા જોઈએ.

પ્રમાણાંગુલનું લક્ષણ આ પ્રકારે જાણવું જોઈએ. એક ચક્રવર્તીનું કાકિણી રત્ન સોનીની એરણ જેવું હોય છે. એનુ છહ તલ બાર કોટિ તેમજ આઠ કર્ણિકાઓ (જેટલું) હોય છે. એની એક કોટિ ઉત્સેધાંગુલની પહોળાઈ હોય છે. આ ઉત્સેધાંગુલ શ્રમણ ભગવાન મહાવીરના અર્ધાંગુલ (પ્રમાણ) છે અને આ અર્ધાંગુલથી હજાર ગણો એક પ્રમાણાંગુલ હોય છે. એ પછી પાદ વગેરેનું માપ પૂર્વવત્ જાણવું જોઈએ.

આ પ્રમાણાંગુલ દ્વારા પૃથ્વીના કાંડો, પાતાળ કલશો, ભવનપતિ દેવોના ભવનો, નારકો, સોધમાદિ તુલ્યો, વિમાનો, પર્વત, વિજય, ક્ષેત્ર, દ્વીપ સમુદ્ર આદિના આયામ-વિષ્કંભ- ઉચ્ચત્વ-ઉદ્વેધ (અવગાહન) પરિધિ વગેરેનું માપ કરી શકાય છે. પ્રમાણાંગુલના ત્રણ ભેદ છે ૧. શ્રેણી અંગુલ, ૨. પ્રતરાંગુલ અને ૩. ઘનાંગુલ. અસંખ્યાત કોટા-કોટિ યોજનની એક શ્રેણી થાય છે. શ્રેણીને શ્રેણી વડે ગુણવાથી પ્રતર અને પ્રતરને શ્રેણી વડે ગુણવાથી ઘન થાય છે. આ ત્રણે અંગુળોમાં સૌથી ઓછું અંગુળ, પ્રત્યાંગુલ અસંખ્યાતગણા અને એનાથી ઘનાંગુલ અસંખ્યાતગુણા છે.

હવે ગણનાનુપૂર્વીના સંબંધમાં બતાવવામાં આવ્યું છે કે- એકથી આરંભી દસ કોટિ શત પર્યન્ત અનુલોમ ક્રમથી ગણવાનું (તે) પૂર્વાનુપૂર્વી છે. પ્રતિલોમ ક્રમથી દસ કોટિ શતથી આરંભી એક પર્યન્ત ગણવાનું પશ્ચાનુપૂર્વી છે. તથા એકમ લઈને એકોતર વૃદ્ધિપૂર્વક દસ અબજ સુધી સ્થાપિત કરીને પરસ્પર ગુણાકાર કર્યા પછી પ્રગટ રાશિ (રકમ)માંથી આદિ અને અંતના બે રૂપોને ઓછા કરવાથી બાકી રહેલી સંખ્યા અનાનુપૂર્વી કહેવાય છે.

સંખ્યાતાદિ ગણના સંખ્યા છે પરંતુ એનો પ્રારંભ બે થી થાય છે. એકને ગણનામાં ગ્રહણ (સામેલ) કરવામાં આવતો નથી, એટલે ગણના સંખ્યાના ત્રણ ભેદ છે. ૧. સંખ્યાત, ૨. અસંખ્યાત, ૩. અનન્ત. સંખ્યાતના ત્રણ ભેદ છે- જઘન્ય, ઉત્કૃષ્ટ અજઘન્યાનુત્કૃષ્ટ, બે એ જઘન્ય સંખ્યાત છે. એના પછી ઉત્કૃષ્ટની પૂર્વે અજઘન્યાનુત્કૃષ્ટ સંખ્યાત કહેવાય છે. ઉત્કૃષ્ટ સંખ્યાતનું સ્વરૂપ આ પ્રકારે છે એક લાખ યોજન લાંબો- પહોળો, ત્રણ લાખ સોળ હજાર બસો સતાવીશ યોજન ત્રણ કોશ એકસો અઠ્ઠાવીસ ધનુષ અને સાડા તેર આંગળથી કંઈક વધુ પરિધિવાળો એક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પલ્ય (ખાડો) છે. એને સરસવના દાણા વડે ભરવામાં આવે અને પછીથી અનુક્રમે એક દાણો દ્વીપમાં અને એક દાણો સમુદ્રમાં નાંખવામાં આવે. આ પ્રકારે જેટલા દ્વીપ સમુદ્રથી સ્પૃષ્ટ થઈ જાય એટલા ક્ષેત્રનો એક અનવસ્થિત પલ્ય (ખાડો)કલ્પિત કરીને એમાં સરસવના દાણા ભરવામાં આવે તદન્તર અનુક્રમથી દ્વીપ સમુદ્રમાં નાંખવામાં આવે. એ પૂર્ણ થયા પછી એક દાણો શલાકા પલ્યમાં નાખવામાં આવે. આ પ્રકારે શલાકારૂપ પલ્યમાં ભરવામાં આવેલા સરસવના દાણા વડે અકલ્પનીય દ્વીપ સમુદ્રમાં ભરવામાં આવે અને ભરતા ભરતા એક દાણો પણ ન સમાય તે ઉત્કૃષ્ટ સંખ્યાત (કહેવાય) છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની મધ્યવર્તી સંખ્યા અજઘન્યાનુત્કૃષ્ટ (કહેવાય) છે.

અસંખ્યાતના ત્રણ ભેદ છે. ૧. પરીતાસંખ્યાત, ૨. યુક્તાસંખ્યાત, ૩. અસંખ્યાતાસંખ્યાત. આ ત્રણે અસંખ્યાતોના જઘન્ય, ઉત્કૃષ્ટ અને જઘન્યાનુત્કૃષ્ટ એવા ત્રણ-ત્રણ ભેદ છે.

અનન્તના પણ ત્રણ ભેદ છે- ૧. પરીતાનન્ત, ૨. યુક્તાનન્ત, ૩. અનન્તાનન્ત. પરીતાનન્ત અને યુક્તાનન્તના પણ ત્રણ ત્રણ ભેદ છે. જઘન્ય, ઉત્કૃષ્ટ અજઘન્યાનૃત્કૃષ્ટ. પરંતુ અનન્તાનન્તના બે ભેદ છે. જઘન્ય, અજઘન્યાનુત્કૃષ્ટ. અહીં એનું વિસ્તારપૂર્વક વર્ણન છે.

અસંખ્યાત અને અનન્તના ભેદોના લક્ષણ આ પ્રમાણે છે. ઉત્કૃષ્ટ સંખ્યાતમાં એક ભેળવવાથી જઘન્ય પરીતાસંખ્યાત થાય છે. ઉત્કૃષ્ટ પરિતાસંખ્યાત સ્થાન પ્રાપ્ત કર્યા વિના પૂર્વે સુધીના સ્થાન અજઘન્યાનુત્કૃષ્ટ પરીતાસંખ્યાત છે. અને જઘન્ય પરિતાસંખ્યાત રાશિને જઘન્ય પરિતાસંખ્યાત રાશિ વડે પરસ્પર અભ્યાસ ગણીને એમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ પરિતાસંખ્યાત થાય છે. અથવા એક ન્યૂન (ઓછા) જઘન્ય યુક્તાસંખ્યાત ઉત્કૃષ્ટ પરીતાસંખ્યાતનું પ્રમાણ છે.

જઘન્ય પરિતાસંખ્યાત રાશિનું જઘન્ય પરીતાસંખ્યાત સાથે અન્યોન્યાભ્યાસ કરવાથી પરિપૂર્ણ સંખ્યા જઘન્ય યુક્તાસંખ્યાતનું પ્રમાણ છે અથવા ઉત્કૃષ્ટ પરિતાસંખ્યાતમાંથી એકનો પ્રક્ષેપ (ઉમેરો) કરવાથી જઘન્યયુક્તા સંખ્યાત થાય છે. આવલિકાનું પ્રમાણ જઘન્યયુક્તા સંખ્યાત જેટલું જાણવું જોઈએ.

જઘન્યથી ઉપર અને ઉત્કૃષ્ટયુક્ત સંખ્યાતની પૂર્વ પર્યન્ત મધ્યમયુક્તા સંખ્યાતનું પ્રમાણ છે. તથા જઘન્ય યુક્તાસંખ્યાત રાશિને આવલિકાના સમય વડે પરસ્પર અભ્યાસરૂપ ગુણીને પ્રાપ્ત પ્રમાણમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટયુક્તા સંખ્યાત થાય છે અને પરિપૂર્ણ સંખ્યા જઘન્ય અસંખ્યાતાસંખ્યાત છે. જઘન્ય અસંખ્યાતાસંખ્યાત રાશિને એજ જઘન્ય અસંખ્યાતાસંખ્યાત વડે અન્યોન્ય અભ્યાસ ગુણીને પ્રાપ્ત (થતી) રાશિમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાત થાય છે. જઘન્યથી ઉપર અને ઉત્કૃષ્ટ પૂર્વ સુધીની સંખ્યા મધ્યમ અસંખ્યાતાસંખ્યાત (હોય) છે.

જઘન્ય અસંખ્યાતાસંખ્યાત રાશિને એ પ્રમાણે રાશિ વડે પરસ્પર અભ્યાસરૂપ ગુણાકાર કર્યા પછી પ્રાપ્ત પરિપૂર્ણ રાશિ જઘન્ય પરીતાનન્ત છે અથવા ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાતમાં એકનો પ્રક્ષેપ (ઉમેરો) કરવાથી જઘન્ય પરિતાનન્ત બને છે. જઘન્ય પરીતાનન્ત રાશિને એજ પ્રમાણ રાશિ વડે અભ્યાસરૂપ ગુણાકાર કરીને એમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ પરીતાનન્તનું પ્રમાણ થાય છે અને જઘન્ય તેમજ ઉત્કૃષ્ટની વચ્ચેની રાશિ (સંખ્યા) અજઘન્યાનુત્કૃષ્ટ પરીતાનન્ત છે.

જઘન્ય પરીતાનન્તની રાશિને એ રાશિ વડે અભ્યાસરૂપ ગુણવાથી પ્રાપ્તપૂર્ણ સંખ્યા અથવા ઉત્કૃષ્ટ પરીતાનન્તમાંથી એક ઓછા કરવાથી જઘન્ય યુક્તાનન્ત થાય છે. એના વડે અભવસિદ્ધિક જીવોની સંખ્યા જાણી શકાય છે. જઘન્ય યુક્તાનન્ત રાશિની સાથે રાશિને પરસ્પર અભ્યાસરૂપ ગુણાકાર કરવાથી પ્રાપ્ત સંખ્યામાંથી એક ઓછા કરવાથી અથવા જઘન્ય અનતાનંતમાંથી એક ન્યૂન (ઓછો) કરવાથી ઉત્કૃષ્ટ યુક્તાનન્તની સંખ્યા થાય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની સંખ્યા અજઘન્યાનુત્કૃષ્ટ યુક્તાનન્ત છે.

જઘન્ય યુક્તાનન્તની સાથે અભવ્ય જીવોને પરસ્પર અભ્યાસરૂપ ગુણવાથી પ્રાપ્ત પૂર્ણ સંખ્યા અથવા ઉત્કૃષ્ટ યુક્તાનન્તમાં એક પ્રક્ષેપ કરવાથી જઘન્ય અનન્તાનન્ત પ્રમાણ થાય છે. તે પછી બધા સ્થાન અજઘન્યાનુઉત્કૃષ્ટ અનન્તાનન્તના થાય છે.

ગણંના સંખ્યાનુ આ સંક્ષેપમાં વર્ણન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧

# તિર્યક્ લોક વર્ણન

સૂત્ર : ૯૬૪ થી ૧૧૯૮
પાના નં. ૧ થી ૨૭૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગણિતાનુયોગ ભાગ-૨

## वाणमंतरा देवा-

## વાણવ્યંતર દેવ-

**वाणमंतर देवठाणाइं-**

**सुत्तं -**

९६४. प. १. कहि णं भंते ! वाणमंतराणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?

२. कहि णं भंते ! वाणमंतरा देवा परिवसंति?

उ. १. गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्स बाहल्लस्स,

उवरिं एगं जोयणसयं ओगाहित्ता,

हेट्ठा वि एगं जोयणसयं वज्जेत्ता,

मज्झे अट्ठसु जोयणसएसु,[१] एत्थ णं वाणमंतराणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्जणगरावाससयसहस्साभवंतीतिमक्खायं।

ते णं भोमेज्जा णगरा बाहिं वट्टा, अंतो चउरंसा-**जाव**-पडागमालाउलाभिरामा, सव्वरयणामया अच्छा-**जाव**-पडिरूवा[२]- एत्थ णं वाणमंतराणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता।

२. तिसु वि लोगस्स असंखेज्जइभागे-तत्थ णं बहवे वाणमंतरा देवा परिवसंति, तं जहा- १. पिसाया, २. भूया, ३. जक्खा, ४. रक्खया, ५. किन्नरा, ६. किंपुरिसा, ७. भुयगवइणो य महाकाया, ८. गंधव्वगणा य निउणगंधव्वगीतरइणो,[३]

**વાણવ્યંતર દેવોનાં સ્થાન :**

**સૂત્ર -**

(૪) કેટલા નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે ?

(૫) કેટલા કોટાકોટી તારાગણ સુશોભિત થતા હતા, સુશોભિત થાય છે અને સુશોભિત થશે ?

ઉ. પુષ્કરવરદ્વીપમાં -

(૧) એકસો ચુંમાલીસ ચંદ્ર પ્રકાશ આપતા હતા, પ્રકાશ આપે છે અને પ્રકાશ આપશે.

(૨) એકસો ચુંમાલીસ સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે.

(૩) બાર હજાર છસો બોંત્તેર મહાગ્રહ ગતિ કરતા હતા, ગતિ કરે છે અને ગતિ કરશે.

(૪) ચાર હજાર બત્તીસ નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે.

(૫) છન્નુ લાખ ચુંમાલીસ હજાર ચારસો કોટાકોટી તારાગણ સુશોભિત થતા હતા, સુશોભિત થાય છે અને સુશોભિત થશે.

**ગાથાર્થ :** પુષ્કરવરદ્વીપમાં એકસો ચુંમાલીસ ચંદ્ર, એકસો ચુંમાલીસ સૂર્ય પ્રકાશ કરતા વિચરે છે. ચાર હજાર બત્તીસ નક્ષત્ર, બાર હજાર છસો બોત્તેર મહાગ્રહ (તથા) છન્નુ લાખ ચુંમાલીસ હજાર ચારસો કોટાકોટી તારાગણ છે.

---

१. (क) चंद पा. १९, सु. १००    (ख) जीवा. पडि. ३, उ. २, सु. १८०
(ग) भग. स. ९, उ. २, सु. ४

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

**अब्भंतरपुक्खरद्धे जोइसिय देवा -**

९९९. प. ता अब्भिंतर पुक्खरद्धे णं -

(१) केवइया चंदा पभासेंसु वा, पभासिंति वा, पभासिस्संति वा ?

(२) केवइया सूरा तवेंसु वा, तवेंति वा, तविस्संति वा ?

(३) केवइया गहा चारं चरिंसु वा, चरंति वा, चरिस्संति वा ?

(४) केवइया णक्खत्ता जोगं जोएंसु वा, जोएंति वा, जोइस्संति वा ?

(५) केवइया तारागण कोडिकोडीओ सोभं सोभेंसु वा, सोभंति वा, सोभिस्संति वा ?

उ. अब्भिंतर पुक्खरद्धे णं-

(१) बावत्तरिं चंदा पभासेंसु वा, पभासिंति वा पभासिस्संति वा,

(२) बावत्तरिं सूरिया तवेंसु वा, तवेंति वा, तविस्संति वा,

(३) छ महग्गहसहस्सा तिन्निसए य छत्तीसा चारं चरेंसु वा, चरंति वा, चरिस्संति वा,

(४) दोण्णि सोला णक्खत्तसहस्सा जोगं जोएंसु वा, जोएंति वा, जोइस्संति वा,

(५) अडयालीसं सयसहस्सा, बावीसं च सहस्सा दोण्णि य सया तारागणकोडिकोडीणं सोभं सोभेंसु वा, सोभंति वा सोभिस्संति वा,

**गाहाओ-** बावत्तरिं च चंदा, बावत्तरिमेव दिणकरादित्ता।
पुक्खरवरदीवड्ढे, चरंति एए पभासेंता ॥
तिण्णि सया छत्तीसा, छच्च सहस्सा महग्गहाणं तु।
णक्खत्ताणं तु भवे, सोलाइं दुवे सहस्साइं ।
अडयालसयसहस्सा, बावीसं खलु भवे सहस्साइं।
दो य सय पुक्खरद्धे तारागण कोडिकोडीणं[1] ॥

-सूरिय. पा. १९, सु. १००

**આભ્યન્તર પુષ્કરાર્ધમાં જ્યોતિષ્કદેવ :**

૯૯૯. પ્ર. આભ્યન્તર પુષ્કરાર્ધમાં-

(૧) કેટલા ચંદ્ર પ્રકાશિત થતા હતા, પ્રકાશિત થાય છે અને પ્રકાશિત થશે ?

(૨) કેટલા સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે ?

(૩) કેટલા ગ્રહ ગતિ કરતા હતા, ગતિ કરે છે અને ગતિ કરશે ?

(૪) કેટલા નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે ?

(૫) કેટલા કોટાકોટી તારાગણ સુશોભિત થતા હતા, સુશોભિત થાય છે અને સુશોભિત થશે ?

ઉ. આભ્યન્તર પુષ્કરાર્ધમાં-

(૧) બોંત્તેર ચંદ્ર પ્રકાશિત કરતા હતા, પ્રકાશિત થાય છે અને પ્રકાશિત કરશે.

(૨) બોંત્તેર સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે.

(૩) છ હજાર ત્રણસો છત્રીસ મહાગ્રહ ગતિ કરતા હતા, ગતિ કરે છે અને ગતિ કરશે.

(૪) સોળ હજાર બે નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે.

(૫) અડતાલીસ લાખ, બાવીસ હજાર, બસો કોટાકોટી તારાગણ સુશોભિત કરતા હતા, સુશોભિત કરે છે અને સુશોભિત કરશે.

**ગાથાર્થ :** પુષ્કરવરદ્વીપાર્ધમાં બોંતેર ચંદ્ર, બોંત્તેર સૂર્ય પ્રકાશ કરતા વિચરે છે. છ હજાર ત્રણસો છત્રીસ મહાગ્રહ, સોળ હજાર બે નક્ષત્ર, અડતાલીસ લાખ બાવીસ હજાર બસો કોટાકોટી તારાગણ છે.

१. (क) चंद पा. १९, सु. १०० (ख) जीवा. पडि. ३, उ. २, सु. १७६
(ग) भग. स. ९, उ. २, सु. ५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पुक्खरोद समुद्दे जोइसिया देवा-**

१०००. प. ता पुक्खरोदे णं समुद्दे-

(१) केवइया चंदा पभासिंसु वा, पभासिंति वा, पभासिस्संति वा ?

(२) केवइया सूरा तविंसु वा, तविंति वा, तविस्संति वा ?

(३) केवइया गहा चारं चरिंसु वा, चारं चरंति वा, चारं चरिस्संति वा ?

(४) केवइया णक्खत्ता जोगं जोएंसु वा, जोगं जोएंति वा, जोगं जोइस्संति वा ?

(५) केवइया तारागण कोडिकोडिणं, सोभं सोभिंसु वा, सोभंति वा, सोभिस्संति वा ?

उ. पुक्खरोदे णं समुद्दे -

(१) संखेज्जा चंदा पभासिंसु वा, पभासिंति वा, पभासिस्संति वा,

(२) संखेज्जा सूरा तविंसु वा, तविंति वा, तविस्संति वा,

(३) संखेज्जा गहा चारं चरिंसु वा, चारं चरंति वा, चारं चरिस्संति वा,

(४) संखेज्जा णक्खत्ता जोगं जोएंसु वा, जोगं जोएंति वा, जोगं जोइस्संति वा,

(५) संखेज्जा तारागण कोडिकोडिणं सोभं सोभिंसु वा, सोभं सोभंति वा, सोभं सोभिस्संति वा[१]॥

-सूरिय. पा. १९, सु. १००

**પુષ્કરોદ સમુદ્રમાં જ્યોતિષ્કદેવ :**

૧૦૦૦. પ્ર. પુષ્કરોદ સમુદ્રમાં-

(૧) કેટલા ચંદ્ર પ્રકાશિત થતા હતા. પ્રકાશિત થાય છે અને પ્રકાશિત થશે ?

(૨) કેટલા સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે ?

(૩) કેટલા ગ્રહ ગતિ યુક્ત રહ્યા હતા, ગતિયુક્ત રહે છે અને ગતિયુક્ત રહેશે ?

(૪) કેટલા નક્ષત્ર (ચંદ્ર કે સૂર્ય) ની સાથે યોગ કરતા હતા. યોગ કરે છે અને યોગ કરશે ?

(૫) કેટલા કોટાકોટી તારાગણ સુશોભિત થયા હતા, સુશોભિત થાય છે અને સુશોભિત થશે.

ઉ. પુષ્કરોદ સમુદ્રમાં-

(૧) સંખ્યેય ચંદ્ર પ્રકાશિત થયા હતા. પ્રકાશિત થાય છે અને પ્રકાશિત થશે.

(૨) સંખ્યેય સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે.

(૩) સંખ્યેય ગ્રહ ગતિ કરતા હતા, ગતિ કરે છે અને ગતિ કરશે.

(૪) સંખ્યેય નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે. અને યોગ કરશે.

(૫) સંખ્યેય કોટાકોટી તારાગણ સુશોભિત રહેતા હતા સુશોભિત રહે છે અને સુશોભિત રહેશે.

**समयखेत्ते जोइसिय देवा-**

१००१. प. ता समयखेत्तेणं -

(१) केवइया चंदा पभासेंसु वा, पभासंति वा, पभासिस्संति वा ?

(२) केवइया सूरा तवेंसु वा, तवंति वा, तविस्संति वा ?

(३) केवइया गहा चारं चरिंसु वा, चरंति वा, चरिस्संति वा ?

(४) केवइया णक्खत्ता जोगं जोइंसु वा, जोइंति वा, जोइस्संति वा ?

**મનુષ્યક્ષેત્રમાં જ્યોતિષ્ક દેવ :**

૧૦૦૧. પ્ર. મનુષ્ય ક્ષેત્રમાં-

(૧) કેટલા ચંદ્ર પ્રકાશિત થતા હતા, પ્રકાશિત થાય છે અને પ્રકાશિત થશે ?

(૨) કેટલા સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે ?

(૩) કેટલા ગ્રહ ગતિ કરતા હતા, ગતિ કરે છે અને ગતિ કરશે ?

(૪) કેટલા નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે ?

---

१. (क) जीवा. पडि. ३, उ. २, सु. १८० (ख) चंद. पा. १९, सु. १०१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५) केवइया तारागण कोडिकोडीओ सोभं सोभेंसु वा, सोभंति वा, सोभिस्संति वा ?

उ. समयखेत्ते -

(१) ता बत्तीसं चंदसयं पभासेंसु वा, पभासंति वा, पभासिस्संति वा,

(२) ता बत्तीसं सूरसयं तवेंसु वा, तवेंति वा, तविस्संति वा,

(३) ता एक्कारस सहस्सा छच्च सोलस महग्गहसया चारं चरिंसु वा, चरंति वा, चरिस्संति वा,

(४) ता तिण्णि सहस्सा छच्च छण्णउया णक्खत्तसया जोगं जोएंसु वा, जोएंति वा, जोइस्संति वा,

(५) ता अट्ठासीइं सयसहस्साइं चत्तालीसं च सहस्सा सत्त य सया तारागण कोडिकोडीणं सोभं सोभेंसु वा, सोभंति वा, सोभिस्संति वा,

**गाहाओ-** बत्तीसं चंदसयं, बत्तीसं चेव सूरियाणं सयं।
सयलं माणुसलोयं चरंति एए पभासेंता ॥
एक्कारस य सहस्सा, छप्पिय सोला महग्गहाणं तु ।
छच्च सया छण्णउया णक्खत्ता तिण्णि य सहस्सा ॥
अट्ठासीइ चत्ताइं सय सहस्साइं मणुयलोगंमि।
सत्त य सया अणूणा, तारागणकोडाकोडीणं[१] ॥

-सूरिय. पा. १९, सु. १००

(૫) કેટલા કોટાકોટિ તારાગણ સુશોભિત થતા હતા, સુશોભિત થાય છે અને સુશોભિત થશે ?

ઉ. મનુષ્ય ક્ષેત્રમાં-

(૧) એકસો બત્રીસ ચંદ્ર પ્રકાશિત થતા હતા. પ્રકાશિત થાય છે અને પ્રકાશિત થશે.

(૨) એકસો બત્રીસ સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે.

(૩) અગિયાર હજાર છસો સોલ મહાગ્રહ ગતિ કરતા હતા, ગતિ કરે છે અને ગતિ કરશે.

(૪) ત્રણ હજાર છસો છન્નુ નક્ષત્ર યોગ કરતા હતા, યોગ કરે છે અને યોગ કરશે.

(૫) અઠ્ઠાસી લાખ, ચાલીસ હજાર, સાતસો કોટાકોટી તારાગણ સુશોભિત થતા હતા, સુશોભિત થાય છે અને સુશોભિત થશે.

**ગાથાર્થ :** મનુષ્યક્ષેત્રમાં (સમય ક્ષેત્રમાં) એકસો બત્રીસ ચંદ્ર, એકસો બત્રીસ સૂર્ય પ્રકાશ કરતા વિચરે છે. અગ્યાર હજાર છસો સોળ મહાગ્રહ, ત્રણ હજાર છસો છન્નુ નક્ષત્ર અને અઠ્ઠાસી લાખ ચાલીસ હજાર સાતસો કોટાકોટી તારાગણ છે.

**मणुयखेत्ते जोइसियाणं परूवणस्स उवसंहारो-**

१००२. एसो तारापिंडो सव्वसमासेणं मणुयलोगम्मि ।
बहिया पुण ताराओ जिणेहिं भणिया असंखेज्जा ॥१॥
एवइयं तारग्गं जं भणिया माणुसम्मि लोगम्मि ।
चारं कलुंबयापुप्फसंठिय जोइसं चरइ[२] ॥२॥

-जीवा. पडि. ३, सु. १७७

**મનુષ્યક્ષેત્રમાં જ્યોતિષ્કોના પ્રરૂપણનો ઉપસંહાર :**

૧૦૦૨. આ પ્રમાણે મનુષ્ય લોકમાં (સમયક્ષેત્રમાં) તારાપિંડ પૂર્વોક્ત સંખ્યા પ્રમાણે છે.

મનુષ્ય લોકની બહાર તારાપિંડોનું પ્રમાણ જિનેશ્વર દેવોએ અસંખ્યાત કહ્યા છે. મનુષ્યલોકમાં જે પૂર્વોક્ત તારાગણોનું પ્રમાણ કહેવામાં આવ્યું છે તે ગતિસ્થાનવાળા હોવાથી ગતિશીલ અને કદમ્બના ફૂલના આકાર જેવા (આકારના) છે.

---

१. (क) चंद पा. १९, सु. १०० (ख) जीवा. पडि. ३, उ. २, सु. १७७ (ग) भग. स. ९, उ. २, सु. ४

२. सूरिय. पा. १९, सु. १००

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वरूणवराइसु दीव-समुद्देसु जोइसिया देवा-**

१००३. **एवं एएणं अभिलावेणं -**

१. वरूणवरे दीवे,[1] २. वरूणोदे समुद्दे,
१. खीरवरे दीवे, २. खीरोदे समुद्दे,
१. घयवरे दीवे, २. घयोदे समुद्दे,
१. खोयवरे दीवे, २. खोयोदे समुद्दे,[2]
१. नंदीसरवरे दीवे, २. नंदीसरे समुद्दे,
१. अरूणे दीवे, २. अरूणोदे समुद्दे,
१. अरूणवरे दीवे, २. अरूणवरोदे समुद्दे,
१. अरूणवरोभासे दीवे, २. अरूणवरभासोदेसमुद्दे,[3]
१. कुण्डले दीवे, २. कुण्डलोदे समुद्दे,
१. कुण्डलवरे दीवे, २. कुण्डलवरोदं समुद्दे,
१. कुण्डलवरोभासे दीवे, २. कुण्डलवरभासोदेसमुद्दे[4]।

**सव्वेसिं जोइसाइं पुक्खरोदसागरसरिसाइं।**

-सूरिय. पा.१९, सु. १०१

**रूयगाइसु दीव-समुद्देसु जोइसिया देवा-**

१००४. प. ता रूयगे णं दीवे-केवइया चंदा पभासेंसु वा-**जाव**-असंखेज्जाओ तारागण कोडिकोडीओ सोभं सोभिस्संति वा ?

उ. ता रूयगे णं दीवे असंखेज्जा चंदा पभासेंसु वा-**जाव**- असंखेज्जाओ तारागण कोडाकोडीओ सोभं सोभिस्संति वा.

**एवं रूयगोदे समुद्दे,**

१. रूयगवरे दीवे, २. रूयगवरोदे समुद्दे,
१. रूयगवरोभासे दीवे, २. रूयगवरभासोदे समुद्दे[5]।

**एवं तिपडोयारा दीव- समुद्दा णायव्वा,-जाव-**

१. सूरे दीवे, २. सूरोदे समुद्दे,
१. सूरवरे दीवे, २. सूरवरोदे समुद्दे,
१. सूरवरोभासे दीवे, २. सूरवरभासोदे समुद्दे,

**सव्वेसिं जोइसाइं रूयगवर दीव-सरिसाइं[6]।**

-सूरिय. पा. १९, सु. १०१

**વરૂણવરાદિ દ્વીપ-સમુદ્રોમાં જ્યોતિષ્કદેવ :**

૧૦૦૩. **આ રીતે આ અભિલાપથી (કથનથી)**

(૧) વરૂણવરદ્વીપ, (૨) વરૂણોદ સમુદ્ર,
(૧) ક્ષીરવર દ્વીપ, (૨) ક્ષીરોદ સમુદ્ર,
(૧) ઘૃતવર દ્વીપ, (૨) ઘૃતોદ સમુદ્ર,
(૧) ક્ષોતવર દ્વીપ, (૨) ક્ષોતોદ સમુદ્ર,
(૧) નંદીશ્વરવર દ્વીપ, (૨) નંદીશ્વર સમુદ્ર,
(૧) અરુણદ્વીપ, (૨) અરુણોદ સમુદ્ર,
(૧) અરુણવર દ્વીપ, (૨) અરુણવરોદ સમુદ્ર,
(૧) અરુણવરોભાસ દ્વીપ, (૨) અરુણવરભાસોદ સમુદ્ર,
(૧) કુંડલ દ્વીપ, (૨) કુંડલોદ સમુદ્ર,
(૧) કુંડલવર દ્વીપ, (૨) કુંડલવરોદ સમુદ્ર,
(૧) કુંડલવરોભાસ દ્વીપ, (૨) કુંડલવરભાસોદસમુદ્ર.

**આ બધાના જ્યોતિષ્ક દેવ પુષ્કરોદ સાગરની સમાન છે.**

**રૂચકાદિદ્વીપ - સમુદ્રોમાં જ્યોતિષ્ક દેવ :**

૧૦૦૪. પ્ર. રૂચકદ્વીપમાં કેટલા ચંદ્ર પ્રકાશિત થતા હતા **-યાવત્-** કેટલા કોટાકોટી તારાગણ સુશોભિત થશે ?

ઉ. રૂચકદ્વીપમાં અસંખ્ય ચંદ્ર પ્રકાશિત થતા હતા- **યાવત્-** અસંખ્ય કોટાકોટી તારાગણ સુશોભિત થશે.

**આ પ્રમાણે રૂચકોદ સમુદ્ર અંગે પણ જાણવું જોઈએ.**

(૧) રૂચકવર દ્વીપ, (૨) રૂચકવરોદ સમુદ્ર,
(૧) રૂચકવરોભાસદ્વીપ, (૨) રૂચકવરભાસોદસમુદ્ર.

**આ રીતે ત્રણ-ત્રણ દ્વીપ-સમુદ્ર જાણવા જોઈએ -યાવત્ -**

(૧) સૂરદ્વીપ, (૨) સૂરોદસમુદ્ર,
(૧) સૂરવરદ્વીપ, (૨) સૂરવરોદસમુદ્ર,
(૧) સૂરવરોભાસદ્વીપ. (૨) સૂરવરભાસોદસમુદ્ર.

**એ બધાના જ્યોતિષ્ક દેવ રૂચક દ્વીપ જેવા છે.**

---

१. जीवा. पडि. ३, उ. २, सु. १८०
२. जीवा. पडि. ३, उ. २, सु. १९२
३-४. (क) जीवा. पडि. ३, उ. २, सु. १८५ (ख) चंद. पा. १९, सु. १०१
५. जीवा. पडि. ३, उ. २, सु. १८५
६. चंद. पा. १९, सु. १०१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**देवाइसु दीव-समुद्देसु जोइसिया देवा-**

१००५. प. ता देवे णं दीवे केवइया चंदा पभासेंसु वा-**जाव**-केवइया तारागण कोडिकोडीओ सोभं सोभिस्संति वा ?

उ. ता देवे णं दीवे असंखेज्जा चंदा पभासेंसु वा-**जाव**-असंखेज्जाओ तारागणकोडिकोडीओ सोभं सोभिस्संति वा।

**एवं देवोदे समुद्दे -**

१. णागे दीवे, २. णागोदे समुद्दे,

१. जक्खे दीवे, २. जक्खोदे समुद्दे,

१. भूए दीवे, २. भूओदे समुद्दे,

१. सयंभुरमणे दीवे, २. सयंभुरमणे समुद्दे[1]।

**सव्वेसिं जोइसाइं देवदीव सरिसाइं।**[2]

-सूरिय.पा. १९, सु. १००

**દેવાદિ દ્વીપ-સમુદ્રોમાં જ્યોતિષ્ક દેવ :**

૧૦૦૫. પ્ર. દેવ દ્વીપમાં કેટલા ચંદ્ર પ્રભાસિત થતા હતા - **યાવત્**- કેટલા કોટાકોટિ તારાગણ સુશોભિત થશે ?

ઉ. દેવ દ્વીપમાં અસંખ્ય ચંદ્ર પ્રભાસિત થતા હતા -**યાવત્**- અસંખ્ય કોટાકોટી તારાગણ સુશોભિત થશે.

**આ રીતે દેવોદ સમુદ્ર માટે પણ જાણવું જોઈએ.**

(૧) નાગદ્વીપ, (૨) નાગોદ સમુદ્ર,

(૧) યક્ષદ્વીપ, (૨) યક્ષોદ સમુદ્ર,

(૧) ભૂતદ્વીપ, (૨) ભૂતોદ સમુદ્ર,

(૧) સ્વયંભૂરમણ દ્વીપ. (૨) સ્વયંભૂરમણ સમુદ્ર.

**બધા જ્યોતિષ્ક દેવ દેવદ્વીપની સમાન છે.**

**जोइसियाणं अप्प-बहुत्तं-**

१००६. प. ता एएसि णं चंदिम-सूरिय-गह-नक्खत्त ताराणं कयरे कयरेहिंतो अप्पा वा, बहुया वा, तुल्ला वा विसेसाहिया वा ?

उ. ता चंदा य, सूरा य एएणं दोवि तुल्ला,

सव्वत्थोवा णक्खत्ता,

संखिज्जगुणा गहा,

संखिज्जगुणा तारा[3]।

-सूरिय. पा. १८, सु. ९९

**જ્યોતિષ્કોનું અલ્પ-બહુત્વ :**

૧૦૦૬. પ્ર. એ ચંદ્ર - સૂર્ય - ગ્રહ- નક્ષત્ર અને તારાઓમાં કોણ કોનાથી અલ્પ છે, બહુ છે, તુલ્ય છે અને વિશેષાધિક છે ?

ઉ. ચંદ્ર અને સૂર્ય એ બે સમાન છે.

બધાથી અલ્પ નક્ષત્ર છે,

ગ્રહ સંખ્યેય ગુણા છે,

તારા સંખ્યેય ગુણા છે.

**मंदरपव्वयाओ जोइसियाणं अंतरं-**

१००७. प. मंदरस्स णं भंते ! पव्वयस्स केवइयाए अबाहाए जोइसं चारं चरइ ?

उ. गोयमा ! इक्कारसहिं इक्कवीसेहिं जोअणसएहिं अबाहाए जोइसं चार चरइ[4]।

-जंबु. वक्ख.७, सु. १९८

**મંદર પર્વતથી જ્યોતિષ્કોનું અંતર :**

૧૦૦૭. પ્ર. હે ભગવન્ ! મંદરપર્વતથી કેટલા અંતરે જ્યોતિષ્ક ગતિ કરે છે ?

ઉ. હે ગૌતમ ! અગિયાર સો એકવીસ યોજનના અંતરે જ્યોતિષ્ક ગતિ કરે છે.

---

१. जीवा. पडि. ३, उ. २, सु. १८५ २. चंद. पा. १९, सु. १०१

३. (क) जम्बु. वक्ख. ७, सु. २०७ (ख) चंद. पा. १८, सु. ९९

(ग) जीवा. पडि. ३, उ. २, सु. २०६

४. (क) जम्बुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स एक्कारसहिं एक्कवीसेहिं जोयणसएहिं अबाहाए जोइसे चारं चरति।

-सम. ११, सु.३

(બાકી ટિપ્પણ પા.નં. ૨૮ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**लोगंताओ जोइसियाणं अन्तरं-**

१००८. प. लोगंताओ णं भंते ! केवइआए अबाहाए जोइसे पण्णत्ते ?

उ. गोयमा ! एक्कारस एक्कारसेहिं जोयणसएहिं अबाहाए जोइसे पण्णत्ते[1] ।

-जंबु. वक्ख. ७, सु. १९८

**લોકાન્તથી જ્યોતિષ્કોનું અંતર :**

૧૦૦૮. પ્ર. હે ભગવન્ ! લોકાન્તથી કેટલા અંતરે જ્યોતિષ્ક કહેવામાં આવ્યા છે?

ઉ. હે ગૌતમ ! લોકાન્તથી અગીયારસો અગીયાર યોજનના અંતરે જ્યોતિષ્ક કહેવામાં આવ્યા છે.

**चंदाइच्चाइणं भूमिभागाओ उड्ढत्तं-**

१००९. प. ता कहं ते उच्चत्ते आहितेति वदेज्जा ?

उ. तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तिओ पण्णत्ताओ, तं जहा-

१. तत्थेगे एवमाहंसु-

ता एगं जोयणसहस्सं सूरे उड्ढं उच्चत्तेणं दिवड्ढं चंदे, एगे एवमाहंसु,

२. एगे पुण एवमाहंसु-

**ચંદ્ર-સૂર્ય વગેરેની ભૂમિ ભાગથી ઊંચાઈ :**

૧૦૦૯. પ્ર. ચંદ્ર-સૂર્ય- વગેરેની ભૂમિભાગથી કેટલી ઊંચાઈ કહેવામાં આવી છે તે કહો ?

ઉ. આ અંગે આ પચીસ પ્રતિપત્તીઓ (માન્યતાઓ) કહેવામાં આવી છે, જેમકે -

(૧) એમાં કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે-

સૂર્ય એક હજાર યોજન ઉપરની બાજુએ ઊંચાઈ પર(આવેલો)છે. ચંદ્ર દોઢ હજાર યોજન ઊંચો છે.

(૨) કેટલાક પર-તીર્થિકોએ એમ કહ્યું છે -

---

(ક્રમશઃ પા.નં. ૨૭થી ચાલુ)

(ख) प. ता मंदरस्स पव्वयस्स केवतियं अबाधाए जोइसे चारं चरइ ?

उ. ता एक्कारस एक्कवीसे जोयणसते अबाधाए जोइसे चारं चरति । - सूरिय. पा. १८, सु. ९२

(ग) प. जम्बुदीवे ण भंते ! दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमिल्लाओ चरिमंताओ केवइयं अबाहाए जोइसं चारं चरति ?

उ. गोयमा ! एक्कारसहिं एक्कवीसेहिं जोयणसएहिं अबाहाए जोइसं चारं चरति, एवं दक्खिणिल्लाओ, पच्चत्थिमिल्लाओ, उत्तरिल्लाओ, चरिमंताओ एक्कारसहिं जोयणसएहिं अबाहाए जोइसं चारं चरति ।

-जीवा. पडि. ३,उ. २, सु. १९२

(घ) આ પ્રશ્નોત્તર સૂત્રમાં જ્યોતિષ્કોનું અંતર કહેવામાં આવ્યું છે. તે જંબૂદ્વીપનાં મધ્ય ભાગમાં આવેલ મંદર (મેરૂ) પર્વતની અપેક્ષા જ કહેવામાં આવેલ છે. આ રીતે ધાતકીખંડ અને પુષ્કાર્ધ દ્વીપના બાકી ચાર મન્દર પર્વતોથી પણ એટલા જ અન્તરે જ્યોતિષ્ક વિમાન છે.

१. (क) लोगंताओ णं एक्कारसहिं एक्कारेहिं जोयणसएहिं अबाहाए जोइसे पण्णत्ते। - सम. ११, सु. २

(ख) जीवा. प. ३, उ. २, सु. १९२ ।

(ग) प. ता लोगंताओ णं केवइयं अबाहाए जोइसे पण्णत्ते ?

उ. ता एक्कारस एक्कारे जोयणसए अबाहाए जोइसे पण्णत्ते । - सूरिय. पा. १८, सु. ९२

(घ) લોકાન્તમાં અગિયારસો અગિયાર યોજનના અંતરે જે જ્યોતિષ્ક છે, તે સ્થિર જ્યોતિષ્ક છે. કેમકે - આ પ્રશ્નોત્તરના સૂત્રમાં જ્યોતિષ્કની ગતિનું કથન નથી. મનુષ્ય ક્ષેત્રના અંતિમ ભાગથી અર્થાત્ મનુષ્ય ક્ષેત્રની બહાર લોકાન્ત પર્યંત સ્થિર જ્યોતિષ્ક છે. મનુષ્ય ક્ષેત્રની બહાર લોકાન્ત પર્યંતનું ક્ષેત્ર અસંખ્ય યોજન વિસ્તૃત છે. એમાં અસંખ્ય સ્થિર જ્યોતિષ્ક દેવ છે.

गाहाओ - अंतो मणुस्सखेत्ते, हवंति चारोवगा य उववण्णा ।
पंचविहा जोइसिया, चंदासूरागहगणा य ॥
तेण परं जे सेसा, चंदाइच्च-गह-तार-नक्खत्ता ।
नत्थि गई न वि चारो, अवट्ठिया ते मुणेयव्वा ॥ - जीवा. प. ३, उ. २, सु. १७७ गा. २१-२२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




विशेष वर्णन माटे जुओ : सूत्र १००९ पृष्ठ २८




वर्णन जुओ : सूत्र ९८९ पृष्ठ १३ पर



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ता दो जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अड्ढाइज्जाइं चंदे, एगे एवमाहंसु-

સૂર્ય બે હજાર યોજન ઊંચો છે, ચંદ્ર અઢી હજાર યોજન ઊંચો છે.

३. एगे पुण एवमाहंसु-

(૩) કેટલાક પરતીર્થિકોએ એમ કહ્યું છે -

ता तिन्नि जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धुट्ठाइं चंदे, एगे एवमाहंसु-

સૂર્ય ત્રણ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા ત્રણ હજાર યોજન ઊંચો છે.

४. एगे पुण एवमाहंसु-

(૪) કેટલાક પરતીર્થિકોએ એમ કહ્યું છે-

ता चत्तारि जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धपंचमाइं चंदे, एगे एवमाहंसु,

સૂર્ય ચાર હજાર યોજન ઊંચો છે. ચંદ્ર સાડા ચાર હજાર યોજન ઊંચો છે.

५. एगे पुण एवमाहंसु-

(૫) કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે-

ता पंच जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धछट्ठाइं चंदे, एगे एवमाहंसु,

સૂર્ય પાંચ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા પાંચ હજાર યોજન ઊંચો છે.

६. एगे पुण एवमाहंसु-

(૬) કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે-

ता छ जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धसत्तमाइं चंदे, एगे एवमाहंसु,

સૂર્ય છ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા છ હજાર યોજન ઊંચો છે.

७. एगे पुण एवमाहंसु-

(૭) કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે -

ता सत्त जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं अद्धट्ठमाइं चंदे, एगे एवमाहंसु,

સૂર્ય સાત હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા સાત હજાર યોજન ઊંચો છે.

८. एगे पुण एवमाहंसु-

(૮) કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે -

ता अट्ठ जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं अद्धनवमाइं चंदे, एगे एवमाहंसु,

સૂર્ય આઠ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા આઠ હજાર યોજન ઊંચો છે.

९. एगे पुण एवमाहंसु-

(૯) કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે-

ता नव जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धदसमाइं चंदे एगे एवमाहंसु,

સૂર્ય નવ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા નવ હજાર યોજન ઊંચો છે.

१०. एगे पुण एवमाहंसु-

(૧૦) કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે-

ता दस जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धएक्कारस चंदे, एगे एवमाहंसु,

સૂર્ય દશ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડાદશ હજાર યોજન ઊંચો છે.

११. एगे पुण एवमाहंसु-

(૧૧) કેટલાક પરતીર્થિકોએ એવું કહ્યું છે-

ता एक्कारस जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धबारस चंदे, एगे एवमाहंसु,

સૂર્ય અગિયાર હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા અગિયાર હજાર યોજન ઊંચો છે.

**एए णं अभिलावेणं णेयव्वं -**

**નીચે લખેલ અભિલાપ (કથન) અનુસાર પચ્ચીસમી પ્રતિપત્તિ (માન્યતા) પર્યંત જાણવું.**

१२. बारस सूरे, अद्धतेरस चंदे,

(૧૨) સૂર્ય બાર હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા બાર હજાર યોજન ઊંચો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३. तेरस सूरे, अद्धचोद्दस चंदे,

(૧૩) સૂર્ય તેર હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા તેર હજાર યોજન ઊંચો છે.

१४. चोद्दस सूरे, अद्धपण्णरस चंदे,

(૧૪) સૂર્ય ચૌદ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા ચૌદ હજાર યોજન ઊંચો છે.

१५. पण्णरस सूरे, अद्धसोलस चंदे,

(૧૫) સૂર્ય પંદર હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા પંદર હજાર યોજન ઊંચો છે.

१६. सोलस सूरे, अद्धसत्तरस चंदे,

(૧૬) સૂર્ય સોળ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા સોળ હજાર યોજન ઊંચો છે.

१७. सत्तरस सूरे, अद्धअट्ठारस चंदे,

(૧૭) સૂર્ય સત્તર હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા સત્તર હજાર યોજન ઊંચો છે.

१८. अट्ठारस सूरे, अद्धएकोणवीसं चंदे,

(૧૮) સૂર્ય અઢાર હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા અઢાર યોજન ઊંચો છે.

१९. एकोणवीसं सूरे, अद्धवीसं चंदे,

(૧૯) સૂર્ય ઓગણીસ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા ઓગણીસ હજાર યોજન ઊંચો છે.

२०. वीसं सूरे, अद्धएक्कवीसं चन्दे,

(૨૦) સૂર્ય વીસ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા વીસ હજાર યોજન ઊંચો છે.

२१. एक्वीसं सूरे, अद्धबावीसं चन्दे,

(૨૧) સૂર્ય એકવીસ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા એકવીસ હજાર યોજન ઊંચો છે.

२२. बावीसं सूरे, अद्धतेवीसं चन्दे,

(૨૨) સૂર્ય બાવીસ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા બાવીસ હજાર યોજન ઊંચો છે.

२३. तेवीसं सूरे, अद्धचउवीसं चन्दे,

(૨૩) સૂર્ય તેવીસ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા તેવીસ હજાર યોજન ઊંચો છે.

२४. चउवीसं सूरे, अद्धपणवीसं चन्दे,

(૨૪) સૂર્ય ચોવીસ હજાર યોજન ઊંચો છે., ચંદ્ર સાડા ચોવીસ હજાર યોજન ઊંચો છે.

२५. एगे पुण एवमाहंसु-
ता पणवीसं जोयणसहस्साइं सूरे उड्ढं उच्चत्तेणं, अद्धछव्वीसं चन्दे, एगे एवमाहंसु,

(૨૫) સૂર્ય પચ્ચીસ હજાર યોજન ઊંચો છે, ચંદ્ર સાડા પચ્ચીસ હજાર યોજન ઊંચો છે.

**वयं पुण एवं वयामो-**

ता इमीसे णं रयणप्पभापुढवीए बहुसम-रमणिज्जाओ भूमिभागाओ, सत्तणउइ जोयणसए उड्ढं उप्पइत्ता हिट्ठिल्ले ताराविमाणे चारं चरति,

अट्ठ जोयणसते उड्ढं उप्पइत्ता सूरविमाणे चारं चरति, अट्ठअसीए जोयणसए उड्ढं उप्पइत्ता चंदविमाणे चारं चरति।[1]

णवजोयणससताइं उड्ढं उप्पइत्ता उवरिं ताराविमाणे चारं चरति[2]

**પરન્તુ અમે આ પ્રમાણે કહીએ છીએ-**

આ રત્નપ્રભા પૃથ્વીના અતિ સમ-રમણીય ભૂભાગથી સાતસો નેવું યોજન ઉપર-નીચે તારા વિમાન ચાલે છે અર્થાત્ ગતિ કરે છે.

આઠસો યોજન પર સૂર્ય વિમાન ચાલે છે. આઠસો એંસી યોજન પર ચંદ્ર વિમાન ચાલે છે.

નવસો યોજન ઉપર તારા વિમાન સંચાર કરે છે.

---

१. ठाणं. अ. ८, सु. ६५५

२. (क) भग. श. १४, उ.८, सु.५ (ख) ठाणं अ. ९, सु. ६७० (ग) सम. ९, सु. ७ (घ) सम. ११२, सु. ५

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

हेट्ठिल्लाओ ताराविमाणाओ दसजोयणाइं उड्ढं उप्पइत्ता सूरविमाणा चारं चरंति।

નીચેના તારા વિમાનથી દસ યોજન ઉપર સૂર્ય વિમાન વિચરણ કરે છે.

नउतिं जोयणाइं उड्ढं उप्पइत्ता चंदविमाणा चारं चरति।

નેવું યોજન ઉપર ચંદ્રનું વિમાન ચાલે છે.

दसोत्तरं जोयणसतं उड्ढं उप्पइत्ता उवरिल्ले तारारूवे चारं चरति।

એકસો દશ યોજન ઉપર તારા વિમાન વિચરણ કરે છે.

सूरविमाणाओ असीतिं जोयणाइं उड्ढं उप्पइत्ता चंदविमाणे चारं चरति।

સૂર્ય વિમાનથી એંસી યોજન ઉપર જવા પર ચંદ્ર વિમાન વિચરે છે.

जोयणसतं उड्ढं उप्पइत्ता उवरिल्ले तारारूवे चारं चरति।

એકસો યોજન ઉપર તારા (વિમાન) વિચરણ કરે છે.

ता चंदविमाणाओ णं वीसं जोयणाइं उड्ढं उप्पइत्ता। उवरिल्ले तारारूवे चारं चरति।

ચંદ્ર વિમાનથી વીસ યોજન ઊંચાઈ ઉપર તારા (વિમાન) વિચરણ કરે છે.

एवामेव सपुव्वावरेणं दसुत्तर जोयणसतं बाहल्ले तिरियमसंखेज्जे जोतिसविसए जोतिसं चारं चरति। आहितेति वदेज्जा[१]। -सूरिय. पा. १८, सु. ८९

આ પ્રમાણે બધા મળીને એકસો દશ યોજનના વિસ્તારમાં ત્રાંસા અસંખ્ય જયોતિષ્ક મનુષ્યલોકમાં વિચરણ કરે છે એવું કહેવામાં આવ્યું છે.

---

१. (क) चंद पा. १८, सु. ८९।
(ख) प. क इमी से णं भंते ! रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ केवइयं अबाहाए सव्वहेट्ठिल्ले तारारूवे चारं चरति ?
ख केवइयं अबाहाए सूरविमाणे चरति ?
ग केवइयं अबाहाए चंदविमाणे चारं चरति ?
घ केवइयं अबाहाए सव्वउवरिल्ले तारारूवे चारं चरति ?
उ. क गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ सत्तहिं णउएहिं जोयणसएहिं अबाहाए जोइसं सव्वहेट्ठिल्ले तारारूवे चारं चरति,
ख. अट्ठहिं जोयणसएहिं अबाहाए सूरविमाणे चारं चरति,
ग अट्ठहिं असीएहिं जोयणसएहिं अबाहाए चंदविमाणे चारं चरति,
घ नवहिं जोयणसएहिं अबाहाए सव्वउवरिल्ले तारारूवे चारं चरति।
प. क सव्वहेट्ठिमिल्लाओ णं भंते ! तारारूवाओ केवइयं अबाहाए सूरविमाणे चारं चरइ ?
ख केवइयं अबाहाए चंदविमाणे चारं चरइ ?
ग केवइयं अबाहाए सव्वउवरिल्ले तारारूवे चारं चरइ ?
उ. क गोयमा ! सव्वहेट्ठिल्लाओ णं तारारूवाओ दसहिं जोयणेहिं अबाहाए सूरविमाणे चारं चरइ,
ख णउइए जोयणेहिं अबाहाए चंदविमाणे चारं चरइ,
ग दसुत्तरे जोयणसए अबाहाए सव्वोवरिल्ले तारारूवे चारं चरइ,
प. क सूरविमाणाओ णं भंते ! केवइयं अबाहाए चंदविमाणे चारं चरइ ?
ख केवइयं सव्वउवरिल्ले तारारूवे चारं चरइ ?
उ. क गोयमा ! सूरविमाणाओ णं असीए जोयणेहिं चंदविमाणे चारं चरइ।
ख जोयणसए अबाहाए सव्वोवरिल्ले तारारूवे चारं चरइ। -जीवा. पडि. ३, उ. २, सु. १९२

(બાકી ટિપ્પણ પા.નં. ૩૨ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चन्द-सूर-गह-णक्खत्त-ताराविमाणाणं आयाम-विक्खंभ परिक्खेव-बाहल्लाइं-**

१०१०. प. ता चन्दविमाणे णं-

केवइयं आयाम-विक्खभे णं,

केवइयं परिक्खेवे णं,

केवइयं बाहल्ले णं पण्णत्ते ?

उ. ता छप्पण्णं एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभे णं,

तं तिगुणं सविसेसं परिक्खेवे णं,

अट्ठावीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं पण्णत्ते[१]।

प. ता सूरविमाणे णं केवइयं आयाम-विक्खभे णं ?

केवइयं परिक्खेवेणं ?

केवइयं बाहल्ले णं पण्णत्ते ?

उ. ता अडयालीसं एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभे णं,

तं तिगुणं सविसेसं परिक्खेवे णं,

चउव्वीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं पण्णत्ते[२]।

**ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા વિમાનોનો આયામ-વિષ્કંભ-પરિધિ અને જાડાઈ :**

૧૦૧૦. પ્ર. ચંદ્ર વિમાનનો -

આયામ-વિષ્કંભ કેટલો છે?

પરિધિ કેટલી છે?

જાડાઈ કેટલી છે? કહો

ઉ. એક યોજનના એકસઠ ભાગોમાંથી છપ્પન ભાગ જેટલો આયામ વિષ્કંભ છે.

એનાથી ત્રણગણાથી કંઈક વધારે પરિધિ છે.

એક યોજનના એકસઠ ભાગોમાંથી અઠ્ઠાવીસ ભાગ જેટલી જાડાઈ કહેવામાં આવી છે.

પ્ર. સૂર્ય વિમાનનો આયામ-વિષ્કંભ કેટલો છે ?

પરિધિ કેટલી છે?

જાડાઈ કેટલી છે? કહો.

ઉ. એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલો આયામ-વિષ્કંભ છે.

એનાથી ત્રણગણાથી કંઈક વધારે પરિધિ છે.

એક યોજનના એકસઠ ભાગોમાંથી ચોવીસ ભાગ જેટલી જાડાઈ કહેવામાં આવી છે.

---

(પા.નં. ૩૧થી આગળ)

(ग) प. धरणितलाओ णं भंते ! उड्ढं उप्पइत्ता केवइआए अबाहाए हेट्ठिल्ले जोइसे चारं चरइ ?

उ. गोयमा ! सत्तहिं णउएहिं जोयणसएहिं जोइसे चारं चरइ,

**एवं सूरविमाणे अट्ठहिं सएहिं, चंदविमाणे अट्ठहिं असीएहिं, उवरिल्ले तारारूवे नवहिं जोयणसएहिं चारं चरइ।**

प. जोइसस्स णं भंते ! हेट्ठिल्लाओ केवइयाए अबाहाए सूरविमाणे चारं चरइ ?

उ. गोयमा ! दसहिं जोयणेहिं चारं चरइ,

एवं चंदविमाणे णउइए जोयणेहिं चारं चरइ, उवरिल्ले ताराख्वे दसुत्तरे जोयणसए चारं चरइ,

सूरविमाणाओ चंदविमाणे असीईए जोयणेहिं चारं चरइ,

सूरविमाणाओ जोयणसए उवरिल्ले ताराख्वे चारं चरइ,

चंदविमाणाओ वीसाए जोयणेहिं उवरिल्ले णं ताराख्वे चारं चरइ,　　- जंबू. वक्ख. ७, सु. १९८

(घ) जीवा. पडि. ३, उ. २, सु. १९२

१. (क) जम्बू. वक्ख. ७, सु. १७८।

(ख) चंदमंडले णं एगसट्ठिविभाग-विभाइए समंसे पण्णत्ते।　　- सम. ६१, सु. ३

આ સૂત્રથી સ્પષ્ટ છે કે - ચંદ્રવિમાન અને ચંદ્રમંડળ એક જ છે.

२. (क) सम. ६१, सु. ४　　(ख) सम. १३, सु. ८

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

प. ता गहविमाणे णं केवइयं आयाम-विक्खंभे णं ?
केवइयं परिक्खेवे णं ?
केवइयं बाहल्ले णं पण्णत्ते ?

उ. ता अद्धजोयणं आयाम-विक्खंभे णं,
तं तिगुणं सविसेसं परिक्खेवे णं,
कोसं बाहल्ले णं पण्णत्ते,

प. ता णक्खत्तविमाणे णं केवइयं आयाम-विक्खंभे णं ?
केवइयं परिक्खेवेणं ?
केवइयं बाहल्ले णं पण्णत्ते ?

उ. ता कोसं आयाम-विक्खंभे णं,
तं तिगुणं सविसेसं परिक्खेवे णं,
अद्धकोसं बाहल्ले णं पण्णत्ते,

प. ता ताराविमाणे णं केवइयं आयाम-विक्खंभेणं ?
केवइयं परिक्खेवे णं ?
केवइयं बाहल्ले णं पण्णत्ते ?

उ. ता अद्धकोसं आयाम-विक्खंभेणं
तं तिगुणं सविसेसं परिक्खेवेणं,
पंचधणुसयाइं बाहल्ले णं पण्णत्ते।[1]

-सूरिय. पा. १८, सु. ९४

પ્ર. ગ્રહવિમાનનો આયામ-વિષ્કંભ કેટલો છે?
પરિધિ કેટલી છે?
જાડાઈ કેટલી કહી છે? કહો.

ઉ. અડધા યોજનનો આયામ-વિષ્કંભ છે.
એનાથી ત્રણ ગણીથી વધારે પરિધિ છે.
એક કોસની જાડાઈ કહેવામાં આવી છે.

પ્ર. નક્ષત્ર વિમાનનો આયામ-વિષ્કંભ કેટલો છે?
પરિધિ કેટલી છે?
જાડાઈ કેટલી છે ? કહો.

ઉ. એક કોસનો આયામ-વિષ્કંભ છે.
એનાથી ત્રણ ગણીથી કંઈક વધારે પરિધિ છે.
અડધા કોશની જાડાઈ કહેવામાં આવી છે.

પ્ર. તારા વિમાનનો આયામ-વિષ્કંભ કેટલો છે?
પરિધિ કેટલી છે?
જાડાઈ કેટલી છે? કહો.

ઉ. અડધો કોશનો આયામ-વિષ્કંભ છે.
એનાથી ત્રણગણાથી કંઈક વધારે પરિધિ છે.
પાંચસો ધનુષ્યની જાડાઈ કહેવામાં આવી છે.

---

१. (क) प. चंदविमाणे णं भंते ! केवइयं आयाम-विक्खंभेणं ? केवइयं बाहल्ले णं ?
उ. गाहाओ-
छप्पण्णं खलु भाए-विच्छिण्णं चंदमडलं होइ।
अट्ठावीसं भाए बाहल्लं तस्स बोद्धव्वं ॥१॥
अडयालीसं भाए, वित्थिण्ण सूरमंडलं होइ।
चउवीसं खलु भाए, बाहल्लं तस्स बोद्धव्वं ॥२॥
दो कोसे अगहाणं, णक्खत्ताणं तहवइ तस्सद्ध।
तस्सद्ध ताराणं, तसद्धं चेव बाहल्ले ॥३॥ - जम्बु. वक्ख. ७, सु. १९९
"एकस्य प्रमाणांगुलं योजनस्यैकषष्टी भागीकृतस्य षट्पंचाशता भागै: समुदिते यावत्प्रमाणं भवति, तावत्प्रमाणोऽस्य विस्तारः"
"वृत्त वस्तुनः सद्दशायाम-विष्कम्भात्"
परिक्षेपस्तु स्वयमभ्यूह्य : वृत्तस्य स्त्रिगुणः परिधिरिति प्रसिद्धे :
એ સ્પષ્ટીકરણ જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિના વૃત્તિકારે ઉપર લિખિત સૂત્રનો આપ્યો છે.
(ख) जीवा.प.३, उ.२, सु. १९७ (ग) चंद. पा. १८, सु. ९४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चंद्र-सूर-गह-णक्खत्त-तारा-विमाण-वाहगदेवाणं संखा तेसिं वण्णओ य -**

१०११. प. चंदविमाणे णं भंते ! कति देवसाहस्सीओ परिवहंति ?

उ. गोयमा ! सोलसदेवसाहस्सीओ परिवहंतीति।

चंदविमाणस्स णं पुरत्थिमेणं सेआणं सुभगाणं सुप्पभाणंसंखतल विमल-निम्मल-दधिधण - गोखीरफेण-रययणिगरप्पगासाणं, थिर-लट्ठ-पउट्ठ-पीवर-सुसिलिट्ठ-विसिट्ठतिक्ख-दाढाविडंबिअ **मुहाणं,**

रत्तुप्पलपत्त-मउय-सूमाल-**तालु-जीहाणं,**

महुगुलिअ-**पिंगलक्खाणं,**

पीवरवरोरू-पडिपुण्ण-विउल-**खंधाणं,**

मिउविसय-सुहुम-लक्खणपसत्थ-**वरवण्ण-केसरसडोवसोहिआ णं,**

ऊसिय-सुनमिय-सुजाय-अप्फोडिअ-**लंगूलाणं,**

वइरामय-**णक्खाणं,**

वइरामय-**दाढाणं,**

वइरामय-**दंताणं,**

तवणिज्ज-**जीहाणं,**

तवणिज्ज-**तालुआणं,**

तवणिज्ज-**जोत्तगसुजोइयाणं,**

कामगमाणं, पीइगमाणं, मणोगमाणं, मणोरमाणं, अमिअ-**गईणं,**

अमिअ-बल-वीरिअ-पुरिसक्कार-परक्कमाणं, महया अप्फोडिअ - सीहणाय - बोल-कलकल-रवेणं, महुरेणं, मणहरेणं, पुरेंता अंबरं दिसाओ य सोभयंता चत्तारि देवसाहस्सीओ सीहरूवधारीणं पुरित्थिमिल्लं बाहं वहंति,

**ચંદ્ર-સુર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા વિમાનવાહક દેવોની સંખ્યા અને એમનું વર્ણન :**

१०११. પ્ર. હે ભગવન્ ! ચંદ્ર વિમાનને કેટલા હજાર દેવો ઉઠાવે છે ?

ઉ. હે ગૌતમ ! સોળ હજાર દેવો ઉપાડે છે.-

ચંદ્ર વિમાનની પૂર્વમાં સફેદ સુભગ સુપ્રભ, શંખતલની સમાન વિમલ, નિર્મલ-દહીપિંડ ગાયના દૂધના ફીણ, તેમજ ચાંદીના સમુદ્રની સમાન પ્રકાશમાન, દઢ, કાંત, કઠોર ગોળ પુષ્ટ છિદ્રરહિત તીક્ષ્ણ દાઢોથી યુક્ત ખુલ્લા **મોઢાવાળા,**

રક્તકમલપત્રની સમાન અતિ કોમલ **તાલુ અને જિહ્વાવાળા,**

ગાઢ મધુ-પિંડના જેવી **પીળી આંખોવાળા,**

સ્થૂલ તેમજ વિશાળ **જાંઘાવાળા,** પરિપૂર્ણ-વિશાળ **સ્કંધવાળા,**

કોમલ લાંબા પાતળા પ્રશસ્ત લક્ષણયુક્ત **શ્રેષ્ઠ વર્ણવાળા,** સ્કન્ધ પર ફેલાયેલા **કેસર સટાઓવાળા,**

ઉપર ઉઠેલા કેટલાક ઝૂકેલા સુગઠિત તેમજ ભૂમિ પર પછાડવામાં આવતા સુશોભિત **પૂછડાંવાળા,**

વજ્રમય **નખોવાળા,**

વજ્રમય **દાઢાઓવાળા,**

વજ્રમય **દાંતોવાળા,**

તપ્ત સ્વર્ણ સમાન **જીભવાળા,**

તપ્ત સ્વર્ણ સમાન **તાળુવાળા,**

તપ્ત સ્વર્ણથી નિર્મિત **જોતર-મુખની દોરીથી સદાયુક્ત રહેનાર.**

સ્વેચ્છાએ ગમન કરનારા, પ્રીતિકર ગતિવાળા, મનની સમાન વેગવતી ગતિવાળા, મનોહર અમિત (તીવ્ર) **ગતિવાળા.**

અમિત (અપરિમિત) **બળ,** વીર્ય, પૌરુષ તેમજ પરાક્રમવાળા, ઉચ્ચ સ્વરમાં કરવામાં આવેલ સિંહનાદના ધ્વનિ તેમજ મધુર મનોહર કલકલરવથી આકાશને આપૂરિત કરનારા તેમજ દિશાઓને સુશોભિત કરનારા સિંહરૂપધારી ચાર હજાર દેવ પૂર્વ બાજુએથી ઉપાડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चंदविमाणस्स णं दाहिणे णं सेआणं सुभगाणं सुप्पभाणं संखतल -विमल-निम्मल-दधिघन गोखीरफेण - रययणिगरप्पगासाणं,**

ચંદ્ર વિમાનની દક્ષિણમાં સફેદ સુભગ, સુપ્રભ શંખ તલની સમાન વિમલ નિર્મલ દહીના પિંડ, ગાયના દૂધના ફીણ તથા ચાંદીના સમુદ્રના જેવા પ્રકાશમાન.

वइरामय **कुम्भजुअल** सुट्ठिअ-पीवर-वरवइर **सोंड** वट्टिअ-दित्त-सुरत्त-पउमप्पगासाणं, अब्भुण्णय-**मुहाणं,**

વજ્રમય **કુંભયુગલ (ગંડસ્થળ)** વાળા, સુસ્થિત શ્રેષ્ઠ પૃષ્ઠ વજ્રમય ગોળ **સૂંઢથી** દેદીપ્યમાન, રક્તકમલ જેવા ઉન્નત **મુખવાળા.**

तवणिज्जविसाल **कण्णग** चंचलचलंत-विमलुज्जलाणं,

તપ્ત સ્વર્ણ સદૃશ વિશાળ-ચંચલ-ચલાયમાન વિમલ-ઉજ્જવલ **કર્ણવાળા.**

महुवण्ण-भिसंत-णिद्ध-पत्तल-निम्मल-तिवण्णमणिरयण **लोअणाणं,**

મધુ જેવા રંગથી દેદીપ્યમાન- સ્નિગ્ધ- પીળા ભ્રમરથી યુક્ત તેમજ ત્રણ વર્ણના મણિરત્નમય નિર્મલ **લોચનવાળા.**

अब्भुग्गय-मउल-मल्लिआ-धवल-सरिस-संठिअ- णिव्वणदढ-कसिण-फालियामय-सुजाय-**दंतमुसलो** व सोभिआणं,

ઉન્નત-કલિકાઓ તથા ચમેલી-પુષ્પ-સદૃશ શ્વેત, એક સમાન સુન્દર આકારવાળા, વ્રણરહિત દઢ સર્વ રીતે સ્ફટિકમય, સુંદર **દંતમૂશળવાળા.**

कंचणकोसीपविट्ठ-**दंतग्ग**-विमल मणिरयण-रूइल पेरंत चित्तरूवग-विराइआणं,

વિમલમણિ- રત્નમય-સુંદર- વિચિત્ર - ચિત્ર-વિચિત્ર સ્વર્ણમય કોશમાં પ્રવિશિષ્ટ **દન્તાગ્રવાળા.**

तवणिज्ज-**विसालतिलग**-प्पमुह-परिमंडिआणं, नानामणि-रयण-मुद्ध-गेविज्ज-बद्ध-गलय-**वरभूसणाणं,**

તપેલા સ્વર્ણ જેવા રંગના **વિશાળ તિલકાદિથી** પરિમંડિત, વિવિધ પ્રકારના મણિ-રત્ન-જડિત ગળામાં આભૂષણ પહેરેલા છે એવી **ડોકવાળા.**

वेरूलिअ-विचित्त-दण्ड-निम्मल-वइरामय-तिक्ख- लट्ठ **अंकुस**-कुम्भजुयलंतरोडिआणं,

વૈડૂર્યમય વિચિત્રદંડ તેમજ નિર્મલ વજ્રમય તીક્ષ્ણ ચમકદાર **અંકુશયુક્ત કુંભયુગલવાળા.**

तवणिज्ज-सुबद्ध-कच्छ-दप्पिअ-बलुद्धराणं,

તપાવેલા સ્વર્ણમયી દોરડાથી બાંધેલ કેડ, વક્ષસ્થળ તેમજ પેટના ભાગવાળા,

विमलघणमण्डल-वइरामय-लालाललिय-तालणाणं,

નિર્મલ નિવિડઘન મંડળ વજ્રમય, લાલાને પછાડવાથી ઉત્પન્ન કર્ણમય ધ્વનિયુક્ત,

णाणामणिरयण-**घंट** पासग-रजतामय-बद्ध-रज्जु-लंबिअ-**घंटाजुअल**-महुरसरमणहराणं,

વિવિધ રત્નમય-પાર્શ્વવર્તી (આજુબાજુની) ઘંટડીઓ તેમજ રત્નમય દોરડાથી બાંધેલ તેમજ લટકતા એવા **ઘંટયુગલના** મધુર સ્વરથી મનોહર,

अल्लीणपमाणजुत्त-वट्टिअ-सुजाय-लक्खण-पसत्थ- रमणिज्ज-वालगत-परिपुंछणाणं,

સંલગ્ન, પ્રમાણયુક્ત ગોળ- સુંદર- પ્રશસ્ત લક્ષણ તેમજ રમણીયવાળથી યુક્ત એવા **પૂંછડાઓથી** પોતાના શરીરને લૂછવાવાળા,

उवचिअ-पडिपुण्ण-**कुम्मचलण**-लहुविक्कमाणं,

ઉપચિત માંસલ **કાચબાના જેવા પગોથી** યુક્ત ધીમીગતિવાળા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| अंकमय-**णक्खाणं,** | અંકરત્નમય **નખોવાળા,** |
| तवणिज्ज-**जीहाणं,** | તપ્ત સ્વર્ણવર્ણ જેવી **જીભવાળા,** |
| तवणिज्ज-**तालुआणं,** | તપ્ત સ્વર્ણવર્ણ જેવા **તાલુવાળા,** |
| तवणिज्ज-**जोत्तग**-सुजोइआणं, | તપ્ત સ્વર્ણ વર્ણ જેવા **જોતરથી** યુક્ત. |
| कामगमाणं, पीइगमाणं, मणोगमाणं, मणोरमाणं, अमिअगईणं, | ઈચ્છાનુસાર ચાલનારા, પ્રીતિકર ચાલવાળા, મનની(ગતિ)જેવી વેગવતી ગતિવાળા, મનોરમ, મનોહર અમિત (બળવાન) ગતિવાળા. |
| अमिअबलवीरिय-पुरिसक्कारपरक्कमाणं, | અમિત બળવાળા વીર્ય- પુરુષાર્થ તેમજ પરાક્રમવાળા. |
| **महया** गम्भीर-गुलगुलाइत-रवेणं, महुरेणं, **मणहरेणं पूरेंता,** | અતિગંભીર ગુલગુલાયિત, મધુર અને મનોહર શબ્દોથી ભરપૂર. |
| अम्बरंदिसाओअसोभयंता **चत्तारिदेवसाहस्सीओ** गयरूवधारीणं देवाणं दक्खिणिल्लं बाहं परिवहंतीत्ति, | આકાશ તેમજ દિશાઓને ભરી દેતા સુશોભિત કરતા ચાર હજાર ગજરૂપધારી દેવ દક્ષિણ બાજુથી ઉપાડે છે. |
| **चन्दविमाणस्स पच्चत्थिमे णं,** | ચંદ્રવિમાનની પશ્ચિમમાં, |
| सेआणं सुभगाणं सुप्पभणं चल-चवल-**ककुह** सालीणं, | શ્વેત સુભગ સુપ્રભ ચંચલ કકુદથી સુશોભિત, |
| घण-निचिअ-सुबद्ध-लक्खणुण्णय-ईसिआणय-**वसभोट्ठाणं,** | સઘન પુષ્ટ-સુબદ્ધ સુલક્ષણયુક્ત કંઈક ઝૂકેલા **શ્રેષ્ઠ હોઠવાળા.** |
| चंकमिअ-ललिअ-पुलिअ-चल-चवल-गव्विअगईणं, | કુટિલગતિ- લલિતગતિ- પુલિતગતિ- ચક્રવાલ ગતિ- ચંચલગતિ તેમજ ગર્વિલી ગતિવાળા |
| सन्नतपासाणं संगतपासाणं सुजाय**पासाणं,** | સુન્નત અને સંગત પડખાવાળા, સુરચિત **પડખાવાળા.** |
| पीवर-वट्टिअ-सुसंठिअ-**कडीणं,** | પુષ્ઠ ગોલ તેમજ સુસ્થિત **કમ્મરવાળા.** |
| ओलंब-पलंब-लक्खणपमाणजुत्त-रमणिज्ज-वाल **गण्डाणं,** | લટકતા એવા લાંબા ઉત્તમ લક્ષણ તેમજ પ્રમાણયુક્ત- રમણીય **પૂછડાનાવાળવાળા.** |
| **समखुरं-वालिधाणाणं,** | **સમાન ખરી અને સમાન પૂંછ**ડાવાળા. |
| समलिहिअ-**सिंगतिक्खग्गसंगयाणं,** | એક સરખા અલિખિત તેમજ તીક્ષ્ણ **શૃંગ-શીંગ**ડાવાળા. |
| तणु-सहुम-सुजाय-णिद्ध-**लोमच्छविधराणं,** | પાતળી-સૂક્ષ્મ-સુંદર તેમજ સ્નિગ્ધ **રોમરાજીથી** સુશોભિત. |
| उवचिअ-मंसल-विसाल-पडिपुण्ण-**खंधपएस-सुन्दराणं,** | પુષ્ટ-માંસલ-વિશાલ-પરિપૂર્ણ તેમજ સુંદર **સ્કંધ પ્રદેશવાળા,** |
| वेरुलिअ-भिसंत-**कडक्ख**-सुनिरिक्खणाणं, | વૈડૂર્યમણિ જેવા ચમકીલા કટાક્ષપૂર્ણ **નેત્રો** વડે નિરીક્ષણ કરનારા, |

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

| | |
|---|---|
| जुत्तपमाण, पहाण-लक्खण-पसत्थ-रमणिज्ज-गग्गरगल्लेसोभिआणं, | પ્રધાન પ્રમાણયુક્ત વિશિષ્ટ પ્રશસ્ત લક્ષણયુક્ત અને રમણીય ગર્ગરો (ગળાનું એક આભૂષણ)થી સુશોભિત **ગળાવાળા.** |
| घरघरग-सुसद्द-बद्ध-**कंठ**-परिमण्डिआणं, | મધુર ધ્વનિવાળી ઘુંઘરુમાળાઓથી પરિમંડિત **કંઠવાળા.** |
| णाणामणि-कणग-रयण-घटिआ-वेगच्छिग-सुकय**मालियाणं,** | વિવિધ પ્રકારના મણિરત્નો તેમજ સુવર્ણથી રચવામાં આવેલી ઘંટડીઓની **માળા ધારણ** કરનારા, |
| वरघंटा-गलय-मालुज्जल-सिरिधराणं, | શ્રેષ્ઠ ઘણ્ટાઓ વડે ચમકીલી સુશોભિત ગલમાળાઓ ધારણ કરવાવાળા |
| पउमुप्पल-सगल-सुरभि-मालाविभूसिआणं, | બધા પ્રકારની સુગંધિત કમલ-પુષ્પમાળાઓથી વિભૂષિત. |
| वइर **खुराणं,** | વજ્રમય **ખરીવાળા,** |
| विविहवि**क्खुराणं,** | (એ પ્રમાણે) વિવિધ **ખરીવાળા,** |
| फालियामय **दंताणं,** | સ્ફટિકમય (જેવા) **દાંતોવાળા,** |
| तवणिज्ज-**जीहाणं,** | તપ્ત સુવર્ણ જેવી (લાલ) **જીભવાળા,** |
| तवणिज्ज-**तालुआणं,** | તપ્ત સુવર્ણ જેવા (લાલ) **તાલુવાળા,** |
| तवणिज्ज-**जोत्तगसुजोइयाणं,** | તપ્ત સુવર્ણ જેવા **જોતરથી જોતરાયેલા.** |
| कामगमाणं, पीइगमाणं, मणोगमाणं, मणोरमाणं, अमिअगईणं, | સ્વેચ્છાએ ચાલનારા, પ્રીતિકર ગતિવાળા. મનની સમાન ચંચલ ગતિવાળા, મનોરમ મનોહર અમિત (ત્વરિત) ગતિવાળા. |
| अमिय-बल-वीरिअ-पुरिसक्कारपरक्कमाणं, | અમિત બળ-વીર્ય-પુરુષાર્થ તેમજ પરાક્રમવાળા, |
| महयागज्जिअगम्भीर-**रवेणं,** महुरेणं, मणहरेणं, पूरेंता अंबरं दिसाओ य सोभयन्ता चत्तारि देवसाहस्सीओ वसहरूवधारीणं देवाणं पच्चत्थिमिल्लं बाहं परिवहंति त्ति[1]। | મહાન્ ગંભીર **ગર્જનાના** મધુર મનોહર શબ્દો વડે આકાશને તેમજ (ચારેય) દિશાઓને ભરી દેતા તેમજ સુશોભિત કરતા એવા ચાર હજાર વૃષભ રૂપધારી દેવો પશ્ચિમી બાજુથી ઉપાડે છે. |

१. (क) प. ता चंदविमाणे णं कति देवसाहस्सीओ परिवहंति ?
उ. सोलस देवसाहस्सीओ परिवहंति, तं जहा-
पुरत्थिमेणं सीहरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति।
दाहिणेणं गयरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति।
पच्चत्थिमेणं वसभरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति।
उत्तरेणं तुरगरूवधारीणं चत्तारि देवसाहस्सीओ परिवहंति।
**एवं सूरविमाणं पि।**
प. ता गहविमाणे णं कति देवसाहस्सीओ परिवहंति ?
उ. ता अट्ठ देवसाहस्सीओ परिवहंति तं जहा-
पुरत्थिमे णं सीहरूवधारीणं देवाणं दो देवसाहस्सीओ परिवहंति।
**एवं-जाव**-उत्तरे णं तुरगरूवधारिणं देवाणं दो देवसाहस्सीओ परिवहंति। (બાકી ટિપ્પણ પા.નં. ૩૮ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| चंदविममाणस्स उत्तरे णं, | ચંદ્રવિમાનની ઉત્તરમાં, |
| सेआणं सुभगाणं सुप्पभाणं तरमल्लिहायणाणं, | સફેદ, સુભગ-સુપ્રભ યૌવનવાળા, |
| हरिमेल-मउल-मल्लि**अच्छणाणं,** | હરિમેલક વનસ્પતિની કળીઓ તથા ચમેલીના પુષ્પ સમાન શ્વેત **નેત્રવાળા,** |
| चचुच्चिअ-ललिअ पुलिअ-चल-चवल-**चंचलगईणं,** | કુટિલગતિ-લલિતગતિ-પુલિત(આકાશ)ગતિ-ચક્રવાલગતિ-ચપલગતિ તથા **ચંચલગતિવાળા.** |
| लंघण-वग्गण धावण-धोरण-तिवइ-जइण-**सिक्खिअगईणं,** | ઓંગળવાની, કૂદવાની, દોડવાની, ધોરણ (ગતિ-ચાતુર્ય)ની ત્રિપદી (ભૂમિપર ત્રણ પગ ટેકવાની) તથા વેગવતી ગતિના **શિક્ષણથી શિક્ષિત.** |

(પા.નં. ૩૭ થી ચાલુ ટિપ્પણ)

प. ता णक्खत्तविमाणे णं कति देवसाहस्सीओ परिवहंति ?

उ. ता चत्तारि देवसाहस्सीओ परिवहंति, तं जहा-
पुरत्थिमे णं सीहरूवधारीणं देवाणं एक्का देवसाहस्सी परिवहंति।
**एवं-जाव**-उत्तरे णं तुरगरूवधारीणं देवाणं एक्का देवसाहस्सी परिवहंति।

प. ता ताराविमाणे णं कति देवसाहस्सीओ परिवहंति ?

उ. ता दो देवसाहस्सीओ परिवहंति, तं जहा-
पुरत्थिमे णं सीहरूवधारीणं देवाणं पंच देवसया परिवहंति।
**एवं-जाव**-उत्तरे णं तुरगरूवधारीणं देवाणं पंच देवसया परिवहंति। -सूरिय. पा. १८, सु. ९४

(ख) चंद. पा. १८, सु. ९४

(ग) प. चंदविमाणे णं भंते ! कति देवसाहस्सीओ परिवहंति ?

उ. गोयमा ! चंदविमाणस्स णं पुरत्थिमे णं सेयाणं सुभगाणं सुप्पभाणं संखतल-विमल-निम्मल-दधिघण-गोखीरफेण-रययणिगरप्पगासाणं, थिरलट्ठ-वट्ट-पीवर-सुविलिट्ठ-सुविसिट्ठ तिक्खदाढाविडंबितमुहाणं, रत्तुप्पलपत्त-मउय-सुकुमाल तालुजीहाणं, विसाल-पीवरोरु-पडिपुण्ण-विउलखंधाणं, मिउविसय-पसत्थ सुहुम-लक्खण वित्थिण्ण केसरसडोवसोभिताणं, चंकमित-ललिय-पुलित-धवल-गव्वितगणीणं, उस्सिय-सुणिम्मिय-सुजाय-अप्फोडिय-णंगूलाणं, वइरामय-णक्खाणं, वइरामय-दंताणं, वइरामय-दाढाणं, तवणिज्ज-जीहाणं, तवणिज्ज-तालुयाणं, तवणिज्ज-जोत्तगसुजोइयाणं, कामगमाणं, पीतिगमाणं-मणोगमाणं, मणोरमाणं, मणोहराणं, अमियगतीणं, अमिय-बल- वीरिय-पुरिसक्कार-परक्कमाणं, महया अप्फोडिय-सीहनादीयबोलकल-कल-रवेणं, महुरेणं, मणहरेण य पूरिंता अंबरं दिसाओ य सोभयंता चत्तारि देवसाहस्सीओ सीहरूवधारीणं, देवाणं पुरित्थिमिल्लं बाहं परिवहंति।

कोष्ठकान्तर्गतपाठ : (महुगुलियपिंगलक्खाणं) (पउट्ठ) पसत्थसत्थ-वेरुलियभिसंत-कक्कड-नहाणं)

चंदविमाणस्स णं दक्खिणे णं, सुभगाणं,सुप्पमाणं संखतल-विमल निम्मल -दधिघण-गोखीरफेण-रयणिगरप्पगासाणं, वइरामय- कुम्भजुयल-सुट्ठिय-पीवर-वरवइर-सोंडवट्टिय-दित्त-सुरत्त-पउमप्पकासाणं,अब्भुण्णयगुणाणं, तवणिज्ज-विसाल-चंचल-चलंत-चवल- कण्ण-विमलुज्जलाणं मधुवण्ण-भिसंतणिद्ध-पिंगल-पत्तल-तिवण्ण-मणि-रयण-लोयणाणं, अब्भुग्गय-मउल-मल्लियाणं, धवल-सरिस-संठित-णिव्वण-दढ-कसिण-फालियामय-सुजाय-दंत-मुसलोवसोभियाणं, कंचण-कोसी-पविट्ठ-दंतग्ग-विमल-मणि- रयण-रूइर-पेरंत-चितरूवग-विरायिताणं, तवणिज्ज-विसाल-तिलग-पमुहपरिमंडिताणं, णाणा-मणि-रयण-मुद्ध गेवेज्ज-बद्ध गलयवरभूसणाणं, वेरुलिय-विचित्त-दंड-णिम्मल-वइरामय-तिक्ख-लट्ठ अंकुस-कुम्भ-जुयलंतरोदियाणं, तवणिज्ज-सुबद्ध-कच्छ-दप्पिय-बलुद्धराणं, जंबूणय-विमल-घण-मंडल-वइरामय- लालाललियताल-णाणामणि रयण-घण्ट-पासग-रयतामय- रज्जू-बद्धलंबित-घंटाजुयल-महुर-सर-मणहराणं, अल्लीण- पमाणजुत्त-वट्ठिय-सुजात-लक्खण-पसत्थ-तवणिज्ज-बालगत्त-परिपुच्छणाणं, उयविय-पडिपुण्ण-कुम्मचलण-लहुविक्कमाणं, अंकामय-णक्खाणं, तवणिज्ज-तालुयाणं, तवणिज्ज-जीहाणं, तवणिज्ज-जोत्तगसुजोतियाणं, कामकमाणं, पीति-कमाणं, मणोगमाणं, मणोरमाणं, मणोहराणं, अमियगतीणं, अमिय-बलवीरिय-पुरिसकारपरक्कमाणं, महया गम्भीरगुल-गुलाइय-रवेणं, महुरेणं, मणहरेणं, पूरेंता अंबरं दिसाओ य सोभयंता चत्तारि देवसाहस्सीओ गयरूवधारीणं दक्खिणिल्लं बाहं परिवहंति। (બાકી ટિપ્પણ પા.નં. ૩૯ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ललंत-लाम गललाय-वरभूसणाणं, | જેના ગળામાં, શ્રેષ્ઠ આભૂષણ લટકી રહ્યા છે. |
| सन्नयपासाणं, संगत-पासाणं, सुजाय**पासाणं,** | સારી રીતે નત-નમ્ર સંગત તેમજ સુંદર **પડખાવાળા** |
| पीवर-वट्टिअ-सुसंठिअ-**कडीणं,** | પુષ્ટ-ગોળ સુસંસ્થિત **કમરવાળા,** |
| ओलम्ब-पलम्ब-लक्खण-पमाण-जुत्त-रमणिज्जवाल- **पुंच्छाणं,** | લટકતી એવી લાંબી લક્ષણ તેમજ પ્રમાણયુક્ત રમણીય **કેશોના પૂછડાવાળા** |
| तणु-सुहुम-सुजाय-णिद्ध-**लोमच्छविहराणं,** | પાતળી-સૂક્ષ્મ-સુંદર-સ્નિગ્ધ શ્યામ **રોમાવલીથી** શોભિત, |
| मिउ-विसय-सुहुम-लक्खण-पसत्थ-विच्छिण्णं **केसरवालि**-हराणं, | કોમલ-વિશાળ-બારીક-પ્રશસ્ત- લક્ષણયુક્ત વિસ્તૃત-**યાલ** (ગર્દનનાવાળ) વાળા, |
| ललंत-थासग-ललाड-वरभूसणाणं, | જેના લલાટ પર દર્પણાકાર શ્રેષ્ઠ આભૂષણ બાંધેલા છે એવા, |
| मुहमण्डल-ओचूलग-चामर-थासग-परिमण्डिअ-**कडीणं,** | મુખ મંડળ (મોં પર પહેરવાનું આભૂષણ), લાંબા ચામર તથા દર્પણાકાર આભૂષણથી સજાવેલ **કટિ** (કમર) વાળા, |

(પા.નં. ૩૮ થી આગળ)

कोष्ठान्तर्गतपाठ : अब्भुण्णयगुणा (मुहा) णं।

चंदविमाणस्स णं पच्चत्थिमे णं सेयाणं, सुभगाणं, सुप्पभाणं चंकमिय-ललिय-पुलित--चल-चवल-ककुदसालीणं, सण्णयपासाणं, संगयपासाणं, सुजायपासाणं, मियमाइत-पीण-रइतपासाणं, झस-विहग-सुजाल-कुच्छीणं, पसत्थ-णिद्ध-मधु-गुलित-भिसंत-पिंगलक्खाणं, विसाल-पीवरोरू-पडिपुण्ण-विपुल-खंधाणं, वट्ट-पडिपुण्ण-विपुल-कवोल-कलिताणं, घणणिचित-सुबद्ध-लक्खणुण्णत-ईसि-आणय-वसभोट्ठाणं, चंकमित-ललित-पुलिय-चक्कवाल-चवल-गव्वितगतीणं, पीवरोरूवट्टि-सुसंठित-कडीणं, ओलंब-पलंब-लक्खण-पमाणजुत्त-पसत्थ-रमणिज्ज-वालगंडाणं, समखुरधारीणं, समलिहित-तिक्खग्गसिंगाणं, तणुं-सुहुम-सुजात-णिद्ध-लोमच्छविधराणं, उवचित-मंसल-विसाल-परिपुण्ण-खुद्द-पमुह-पुण्डराणं, वेरुलिय-भिसंत-कडक्ख-सुणिरिक्खिणाणं, जुत्तप्पमाणप्पधाण-लक्खण-पसत्थ-रमणिज्ज-गग्गर-गल-सोभिताणं, घग्घरग-सुबद्ध कण्ठ-परिमंडियाणं, णाणामणि-कणग-रयण-घण्ट-वेयच्छग सुकय-रतियमालियाणं, वरघंटा-गलगलिय-सोभंत-सस्सिरीयाणं, पउमुप्पल-भसल-सुरभि मालाविभूसिताणं, वइरखुराणं, विविध-विखुराणं, फालियामय-दंताणं, तवणिज्ज-जीहाणं, तवणिज्ज-तालुयाणं तवणिज्ज-जोत्तग-सुजोतियाणं, कामगामाणं, पीतिगामाणं, मणोगमाणं, मणोरमाणं, मणोहराणं, अमितगतीणं, अमियबलवीरिय-पुरिसक्कारपरक्कमाणं, महया गम्भीर गज्जिय-रवेणं मधुरेणं मणहरेण य पूरेंता अंबरं दिसाओ य सोभयंता चतारि देवसाहस्सीओ वसभरूवधारीणं देवाणं पच्चत्थिमिल्लं बाहं परिवहंति।

कोष्टकान्तर्गतपाठ : (खंधयएससुन्दराणं)

चंदविमाणस्स णं उत्तरे णं सेयाणं, सुभगाणं, सुप्पभाणं, जच्चाणंतर-मलिहायणाणं, हरिमेलामदुलमल्लियच्छाणं, घण-णिचित-सुबद्ध-लक्खणुण्णताचंकमिय-ललिय-पुलिय-चल-चवल चंचलगतीणं, लंघण-वग्गण-धावण-धारण-तिवई-जईण-सिक्खितगईणं, ललंतलामगलाय-वरभूसणाणं, सण्यपासाणं,संगतपासाणं सुजायपासाणं, मितमाइत-पीण-रइयपासाणं, झस-विहग-सुजातकुच्छीणं. पीण-पीवर-वट्टित-सुसंठितकडीणं, ओलम्ब-पलम्ब-लक्खण-पमाणजुत्त-पसत्थ-रमणिज्ज-वालगंडाणं, तणु-सुहुम-सुजाय-णिद्ध-लोमच्छविधराणं, मिउविसय-पसत्थ-सुहुम- लक्खण-विकिण्ण-केसर वालिधराणं, ललिय-सविलास-गतिलाड-वरभूसणाणं, मुहमंडगोचूल-चमर-थासग-परिमंडिय-कडीणं, तवणिज्ज-खुराणं, तवणिज्ज जीहाणं, तवणिज्ज-तालुयाणं, तवणिज्ज-जोत्तगसुजोतियाणं, कामगमाणं, पीतिगमाणं, मणोगमाणं, मणोरमाणं, मणोहराणं अमितगतीणं, अमिय-बल-वीरिय-पुरिसक्कार-परक्कमाणं, महयाहयहेसिय-किलकिलाइय-रवेणं, महुरेणं मणहरेण य पूरेंता अम्बरं दिसाओ य सोभयंता चत्तारि देवासाहस्सीओ हयरूवधारीणं उत्तरिल्लं बाहं परिवहंति।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तवणिज्ज-**खुराणं,** — તપેલા સુવર્ણ જેવી **ખરીવાળા,**

तवणिज्ज-**जीहाणं,** — તપેલા સુર્વણ જેવી **જીભવાળા,**

तवणिज्ज-**तालुआणं,** — તપેલા સુર્વણ જેવા **તાલુવાળા,**

तवणिज्ज-**जोत्तगसुजोइयाणं,** — તપેલા સુર્વણ જેવા **જોતરથી જોતરાયેલા,**

कामगमाणं-**जाव**-मणोरमाणं, अमिअगईणं, — સ્વેચ્છા પૂર્વક ગતિ કરનારા-**યાવત્**-મનોરમ અમિત ગતિવાળા.

अमिअ-बल-वीरिअ-पुरिसक्कारपरक्कमाणं, — અમિત-બળ-વીર્ય- પૌરુષ તેમજ પરાક્રમવાળા,

महया हयहेसिअ किलकिलाइय-रवेणं मणहरेणं पूरेंता अम्बरं दिसाओ य सोभयन्ता चत्तारि देवसाहस्सीओ हयरूवधारीणं देवाणं उत्तरिल्लं बाहं परिवहंति, — મહાન્ હણહણાટ તથા મનોહર કલકલ ધ્વનિ વડે આકાશને ભરી દેતા એવા તેમજ (ચાર) દિશાઓને સુશોભિત કરતા એવા ચાર હજાર અશ્વ રૂપધારીદેવ ઉત્તરની બાજુને ઉપાડે છે.

**गाहाओ-** — **ગાથાર્થ-**

सोलसदेवसहस्सा, हवंति चंदेसु चेव सूरेसु ।
अट्ठेव सहस्साइं एक्केक्कंमि गहविमाणे ॥

ચંદ્ર અને સૂર્યના વિમાનોનું વહન સોળ-સોળ હજાર દેવ કરે છે. દરેક ગ્રહ-વિમાનનું વહન આઠ-આઠ હજાર દેવ કરે છે.

चत्तारि सहस्साइं, णक्खत्तंमि अ हवंति इक्किक्के।
दो चेव सहस्साइं, तारारूवेक्कमेक्कंमि ॥

પ્રત્યેક નક્ષત્ર-વિમાનનું વહન ચાર-ચાર હજાર દેવ કરે છે. પ્રત્યેક તારા વિમાનનું વહન બે-બે હજાર દેવ કરે છે

**एवं सूरविमाणाणं-जाव-तारारूव विमाणाणं**[1] **णवरं**-एस देवसंघाएत्ति ।

-जंबु. वक्ख. ७, सु. २००

**એ રીતે સૂર્ય વિમાનોનું-યાવત્-તારા વિમાનનું વહન કરે છે. વિશેષમાં** - તે દેવસંઘાત છે.

**चन्द-सूर-गह-णक्खत्त-तारारूवाईणं देवाणं कामभोगा-** — **ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપ દેવોના કામ-ભોગ :**

१०१२. प. चंदिम-सूरिया णं भंते ! जोइसिंदा जोइसरायाणो केरिसए कामभोगे पच्चणुभवमाणा विहरंति ?

૧૦૧૨. પ્ર હે ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર સૂર્ય કયા પ્રકારે કામ- ભોગનો અનુભવ કરતા વિહરે છે ?

उ. गोयमा ! से जहानामए केइ पुरिसे पढम् जोव्वणुट्ठाण बलत्थे पढमजोव्वणुट्ठाणबलत्थाए भारियाए सद्धिं अचिरवत्तविवाहकज्जे ।

ઉ. હે ગૌતમ ! જે રીતે યુવાવસ્થાના પ્રાથમિક ઉત્થાનવાળો બળવાન કોઈ પુરુષને યુવાવસ્થાની પ્રાથમિક ઉત્થાનવાળી બળવાન કોઈ ભાર્યા સાથે વિવાહ થયાને કેટલોક જ સમય થયો હોય.

---

१ प. एवं सूरविमाणस्स वि पुच्छा ?
उ. गोयमा ! सोलसदेवसाहस्सीओ परिवहंति पुव्वकमेणं ।
प. एवं गहविमाणस्स वि पुच्छा ?
उ. गोयमा ! अट्ठदेवसाहस्सीओ परिवहंति, पुव्वकमेणं ।
दो देवाणं साहस्सीओ पुरत्थिमिल्लं बाहं परिवहंति ।
दो देवाणं साहस्सीओ दक्खिणिल्लं बाहं परिवहंति ।
दो देवाणं साहस्सीओ पच्चत्थिल्लिं बाहं परिवहंति ।
दो देवाणं साहस्सीओ हयरूवधारिणं उत्तरिल्लं बाहं परिवहंति ।

(બાકી ટિપ્પણ પા.નં. ૪૧ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अत्थगवेसणाए सोलसवासविप्पवासिए, से णं तओ लद्धट्ठे कयकज्जे अणहसमग्गे पुणरवि नियग गिहं हव्वमागए ।

તે ધન કમાવા માટે સોળ વર્ષ પર્યન્તના પ્રવાસમાં ધન કમાવાનું કાર્ય પૂર્ણ કરીને નિર્વિઘ્ને જલદીથી ઘરે આવેલો હોય.

ण्हाए कयबलिकम्मे कयकोउयमंगल-पायच्छित्ते सव्वालंकार विभूसिए,

સ્નાન, બલિકર્મ, કૌતુક, મંગલ તેમજ પ્રાયશ્ચિત્ત કરીને સઘળાં અલંકારોથી વિભૂષિત થયેલો હોય.

मणुण्णं थालिपागसुद्धं अट्ठारसवंजणाकुलं भोयणं भुत्ते समाणे तंसि तारिसगंसि वासघरंसि **वण्णओ महब्बले** (भग.स. ११,उ. ११)-**जाव**-सयणोवयारकलिए ताए तारिसियाए भारियाए सिंगारागार चारू वेसाए-**जाव**-कलियाए अणुरत्ताए अविरत्ताए मणाणुकूलाए सद्धिं इट्ठे सद्दे फरिसे रसे रूवे गंधे पंचविहे माणुस्सए कामभोगे पच्चणुभवमाणे विहरेज्जा ।

મનોજ્ઞ થાળીમાં પકાવવામાં આવેલ શુદ્ધ અઢાર પ્રકારની વાનગીઓ (વ્યંજનો)થી યુક્ત ભોજનનો ભોગ કરીને **મહાબલના ઉદ્દેશકમાં વર્ણિત-યાવત્**-શયનો પચાર યુક્ત વાસગૃહમાં શ્રૃંગાર તેમજ મનોહર વેષયુક્ત-**યાવત્**-લલિત કલાયુક્ત, અનુરક્ત, અત્યન્ત રાગયુક્ત મનને અનુકૂળ એ ભાર્યાની સાથે ઈષ્ટ શબ્દ, સ્પર્શ રસ, રૂપ, ગંધ-આ પાંચ પ્રકારના કામ-ભોગ ભોગવતો રહે છે (તેમ).

प. से णं गोयमा ! पुरिसे विओसमणकालसमयंसि केरिसयं सायासोक्खं पच्चणुभवमाणे विहरइ ?

પ્ર. હે ગૌતમ ! તે વેદ ઉપશમન કાળમાં કેવી રીતે સુખનો અનુભવ કરતો વિહરણ કરે છે ?

उ. "ओरालं समणाउसो !" तस्स णं गोयमा ! पुरिसस्स कामभोएहिंतो वाणमंतराणं देवाणं एत्तो अणंतगुण-विसिट्ठतरा चेव कामभोगा । वाणमंतराणं देवाणं कामभोगेहिंतो असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं अणंतगुणविसिट्ठतरा चेव कामभोगा ।

ઉ. હે આયુષ્યમાન્ શ્રમણ ! ગૌતમ ! એ પુરુષના ઉદાર કામ-ભોગથી વાણવ્યન્તર દેવોના કામ-ભોગ અનંતગુણ વિશિષ્ટતર છે. વાણવ્યન્તર દેવોના કામ-ભોગથી અસુરેન્દ્ર સિવાય બાકીના ભુવનવાસી દેવોના કામ-ભોગ અનંતગુણ વિશિષ્ટતર છે.

---

(પા.નં. ૪૦થી આગળ)

प. एवं णक्खत्तविमाणस्स वि पुच्छा ?

उ. गोयमा ! चत्तारि देवसाहस्सीओ परिवहंति ।

सीहरूवधारीणं देवाणं पंचदेवसया पुरत्थिमिल्लं बाहं परिवहंति । **एवं चउदिसिं पि** । -जीवा. प. ३, उ. २, सु. १९८

અહીં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના ૧૬૬માં સૂત્રમાં અને ટિપ્પણમાં આપવામાં આવેલ જીવાભિગમના ૧૯૮માં સૂત્રમાં ચંદ્રવિમાનનું વહન કરનારા દેવોનું વર્ણન છે, એમાં સિંહ, ગજ, વૃષભ અને અશ્વરૂપધારી દેવોના વર્ણક છે, એ વર્ણક સૂત્રોમાં લોકપ્રસિદ્ધ પૂર્વાદિ ચાર દિશાઓનું કથન નથી. પરંતુ ચંદ્રવિમાનના સન્મુખ ભાગને પૂર્વ, પૃષ્ઠભાગને પશ્ચિમ, જમણા ભાગને દક્ષિણ અને ડાબા ભાગને ઉત્તર માનવામાં આવ્યા છે.

આ વર્ણક સૂત્રો અંગે ટીકાકાર આચાર્યનો અભિપ્રાય આ પ્રમાણે છે -

"एषु च चतुर्ष्वपि विमानबाहा-बाहक-सिंहादिवर्णकसूत्रषु कियन्तिपदानि प्रस्तुतोपांगसूत्रादर्शगतपाठानुसारीण्यपि श्री जीवाभिगमोपांगसूत्रादर्शनापाठानुसारेण व्याख्यातानि, न च तत्र वाचनाभेदात् पाठभेद : सम्भवतीतिवाच्यम् । यतः श्रीमलयगिरीपादे "जीवभिगमवृत्तावेव" क्वचित् सिंहादीनां वर्णनं दृश्यते तद्बहुषु पुस्तकेषु न दृष्टिमित्युपेक्षितं, अवश्यं चेत्तद् व्याख्यानेन प्रयोजनं तर्हि जम्बूद्वीप टीका परिभावनीया, तत्र सविस्तरं तद् व्याख्यानस्य कृतत्वादित्यतिदेशविषयीकृतत्वेन द्वयो : सूत्रयोः सदृशपाठकत्वमेव सम्भाव्यत, इति ।

यत्तु जीवाभिगमपाठदृष्टान्यपि- "मिअ-माइअ-पीण रइअपाससाण" मित्यादि पदानि न व्याख्यातानि तत् प्रस्तुतसूत्रे सर्वथा अदृष्टत्वात्, यानि च पदानि प्रस्तुतसूत्रादर्शपाठे दृष्टानि तान्येव जीवाभिगमपाठानुसारेणसंगत-पाठीकृत्य व्याख्यातानीत्यर्थः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं कामभोगेहिंतो असुरकुमाराणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतरा चेव कामभोगा।

असुरकुमाराणं देवाणं कामभोगेहिंतो गहगण-नक्खत्त-तारारूवाणं जोइसियाणं देवाणं एत्तो अणंतगुणविसिट्ठतरा चेव कामभोगा।

गहगण-नक्खत्त-तारारूवाणं देवाणं कामभोगेहिंतो चंदिमसूरियाणं जोइसिंदाणं जोइसराईणं एत्तो अणंतगुणविसिट्ठतरा चेव कामभोगा।

चंदिम-सूरियाणं गोयमा! जोइसिंदा जोइसरायाणो एरिसे कामभोगे पच्चणुभवमाणा विहरंति।[1]

सेवं भंते! सेवं भंते! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं-**जाव**-विहरइ।

-भग. स. १२, उ. ६, सु. ८

અસુરેન્દ્ર સિવાય ભવનવાસી દેવોના કામ-ભોગથી અસુરકુમાર દેવોના કામ-ભોગ અનંતગુણ વિશિષ્ટતર છે.

અસુરકુમાર દેવોના કામભોગથી ગ્રહગણ, નક્ષત્ર તારારૂપ જ્યોતિષી દેવોના કામ-ભોગ અનંતગુણ વિશિષ્ટતર છે.

ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ રાજ દેવોના કામ-ભોગોથી સૂર્ય-ચંદ્રના કામ-ભોગ અનંત ગુણ વિશિષ્ટતર છે.

હે ગૌતમ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર-સૂર્ય આ રીતે કામ-ભોગ કરતા વિહરે છે.

એમના કામ-ભોગનું સુખ આ રીતે છે ભગવાન્ ગૌતમ અને શ્રમણ ભગવાન્ મહાવીર **-યાવત્**-વિહરે છે.

**चंद-सूर गह-णक्खत्त-ताराणं अग्गमहिसीओ दिव्वभोगाइं य-**

**ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારાઓની અગ્રમહિષીઓ અને એના દિવ્યભોગ :**

१०१३. प. चंदस्स णं भंते! जोइसिंदस्स जोइसरन्नो कति अग्गमहिसीओ पण्णत्ताओ?

उ. गोयमा! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा- (१) चंदप्पभा, (२) दोसिणाभा, (३) अच्चिमाली, (४) पभंकरा।[2]

एत्थ णं एगमेगाए देवीए चत्तारि चत्तारि देविसाहस्सीओ परिवारो य।

पभूणं ततो एगमेगा देवी अण्णाइं चत्तारि-चत्तारि देविसहस्साइं परिवारं विउव्वित्तए।

एवामेव सपुव्वारेणं सोलस देवसाहस्सीओ पण्णत्ताओ से तं तुडिए।

प. पभू णं भंते! चंदे जोइसिंदे जोइसराया चंदवडिंसए विमाणे सभाए सुहम्माए चंदंसि सीहासणंसि तुडिएण सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए?

૧૦૧૩. પ્ર. હે ભગવન્! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ કહેવામાં આવી છે?

ઉ. હે ગૌતમ! ચાર અગ્રમહિષીઓ કહેવામાં આવી છે. જેમકે- (૧) ચંદ્રપ્રભા (૨) દોઃષ્નાભા (૩) અર્ચિમાલી (૪) પ્રભંકરા.

આ પ્રત્યેક દેવીનો ચાર-ચાર હજાર દેવીઓનો પરિવાર છે.

આ પ્રત્યેક દેવીઓ અન્ય ચાર-ચાર હજાર દેવીઓના પરિવારની વિકુર્વણા કરવામાં સમર્થ છે.

આ પ્રમાણે બધી મળીને સોળ હજાર દેવીઓ કહેવામાં આવી છે. આ ચંદ્ર દેવના અંતઃપુર (નું કથન) છે.

પ્ર. હે ભગવન્! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રવતસંક વિમાનની સુધર્મા સભામાં ચંદ્ર સિંહાસન પર અગ્રમહિષીઓ સાથે દિવ્યભોગ ભોગવતા વિહરવામાં સમર્થ છે?

---

१. (क) सूरिय. पा. २०, सु. १०५ (ख) चंद. पा. २०, सु. १०५

२. (क) ठाणं. अ. ४, उ. १, सु. २७३ (ख) सूरिय. पा. २०, सु. १०५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. णो तिणट्ठे समट्ठे।

प. से केणट्ठे णं भंते ! एवं वुच्चइ- "नो पभू चन्दे जोइसिंदे जोइसराया चंदवडिंसए विमाणे सभाए सुहम्माए चंदंसि सीहासणंसि तुडिएण सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ?

उ. गोयमा ! चंदस्स जोइसिंदस्स जोइसरण्णो चंद वडेंसए विमाणे सभाए सुहम्माए माणवगंसि चेइयखंभंसि वइरामएसु गोलवट्टसमुग्गएसु बहुयाओ जिणसकहाओ सण्णिक्खित्ताओ चिट्ठन्ति।

जाओ णं चंदस्स जोइसिंदस्स जोइसरण्णो अण्णेसिं च बहुणं जोइसियाणं देवाण य देवीण य अच्चणिज्जाओ-**जाव**-पज्जुवासणिज्जाओ।

तासिं पणिहाए नो पभू चंदे जोइसिंदे जोइसराया चंदवडिंसए सभाए सुहम्माए चंदंसि सीहासणंसि तुडिएण सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए।

से एएणट्ठे णं गोयमा ! नो पभू चन्दे जोइसिंदे जोइसराया चन्दवडेंसए विमाणे सभाए सुहम्माए सीहासणंसि तुडिएण दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए।

अदुत्तरं च णं गोयमा ! पभू चन्दे जोइसिंदे जोइसराया चन्दवडेंसए विमाणे सभाए सुहम्माए चंदंसि सीहासणंति चउहिं सामाणिय साहस्सीहिं-**जाव**-सोलसहिं आयरक्खदे-वसाहस्सीहिं अन्नेहिं च बहूहिं जोइसिएहिं देवेहिं देवीहि य सद्धिं संपरिवुडे महयाहय-**जाव**-रवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए।

केवलं परियार तुडिएण सद्धिं भोगभोगाइं बुद्धीए, नो चेव णं मेहुणवत्तियं।

प. सूरस्स णं भंते ! जोइसिंदस्स जोइसरण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ ?

ઉ. એમ કરવામાં સમર્થ નથી.

પ્ર. હે ભગવન્ ! કયા કારણે એવું કહેવામાં આવે છે કે- જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં ચંદ્ર સિંહાસન પર અગ્રમહિષીઓની સાથે દિવ્ય-ભોગ ભોગવતા વિહરવામાં સમર્થ નથી ?

ઉ. હે ગૌતમ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં માણવક ચૈત્યસ્તંભમાં વજ્રમય ગોળ વૃત્તાકાર સમુદ્ગકોમાં (ડબીઓમાં) અનેક જીનેન્દ્ર દેવોના હાડકાઓ રાખવામાં આવ્યા છે.

આ જીનેન્દ્ર દેવોના હાડકાઓ જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર અને અન્ય અનેક જ્યોતિષી દેવ-દેવીઓ માટે અર્ચનીય (પૂજવા લાયક) **-યાવત્-** પર્યુપાસનીય છે.

આ રાખવામાં આવેલ જીનેન્દ્ર દેવોના હાડકાઓ ને કારણે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં ચંદ્ર સિંહાસન પર અગ્રમહિષીઓની સાથે દિવ્યભોગ ભોગવવામાં સમર્થ થતા નથી.

હે ગૌતમ ! આ કારણથી જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રવતંસક વિમાનની સુધર્મા સભામાં ચંદ્ર સિંહાસન પર અગ્રમહિષીઓની સાથે દિવ્યભોગ ભોગવતા વિહરવામાં સમર્થ નથી.

અથવા હે ગૌતમ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનની સુધર્મા સભામાં ચંદ્ર સિંહાસન પર ચાર હજાર સામાનિક દેવોથી **-યાવત્-**સોળ હજાર આત્મરક્ષક દેવોથી અને અન્ય અનેક જ્યોતિષી દેવ-દેવીઓથી ઘેરાયેલા એવા જોર-જોરથી વગાડવામાં આવતા-**યાવત્-** નૃત્ય, ગીત, વાદ્ય વગેરેની ધ્વનિથી દિવ્યભોગ ભોગવવતા વિહરવામાં સમર્થ છે.

કેવળ પરિચર્યાની બુદ્ધિથી અગ્રમહિષીઓની સાથે ભોગ ભોગવવાને સમર્થ છે, મૈથુનની બુદ્ધિથી નહીં.

પ્ર. હે ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ સૂર્યની કેટલી અગ્રમહિષીઓ કહેવામાં આવી છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा- (१) सूरप्पभा, (२) आयवाभा, (३) अच्चिमाली, (४) पभंकरा।[1]

**एवं अवसेसं जहा चंदस्स।**

**णवरं-**सूरिवडिंसए विमाणे सूरंसिसीहासणंसि।

**तहेव।**[2]

**सव्वेसिं पि गहाईणं चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ,** तं जहा- (१) विजया, (२) वैजयन्ती, (३) जयन्ती, (४) अपराजिया।

**तेसिंपि तहेव।**[3]

-जीवा. प. ३, उ. २, सु. २०२-२०४

ઉ. હે ગૌતમ ! ચાર અગ્રમહિષીઓ કહેવામાં આવી છે, જેમકે - (૧) સૂર્યપ્રભા, (૨) આતપાભા, (૩) અર્ચિમાલી, (૪) પ્રભંકરા.

**બાકીનું બધુ કથન (વર્ણન) ચંદ્ર જેવું છે.**

**વિશેષમાં** - સૂર્યાવતંસક વિમાન, સૂર્યસિંહાસન **પૂર્વવત્ કહેવું જોઈએ.**

**બધા ગ્રહાદિની ચાર-ચાર અગ્રમહિષીઓ કહેવામાં આવી છે.** જેમકે- (૧) વિજયા, (૨) વૈજયંતી, (૩) જયંતી, (૪) અપરાજિતા.

**એમનું સમગ્ર વર્ણન એ પ્રમાણે (પૂર્વવત્) છે.**

**एगमुहुत्ते जोतिसिय देवाणं गइप्पमाणं-**

१०१४. प. ता एगमेगे णं मुहुत्ते णं चन्दे केवइयाइं भागसयाइं गच्छइ ?

उ. ता जं जं मंडलं उवसंकमित्ता चारं चरइ तस्स तस्स मंडल-परिक्खेवस्स सत्तरस अडसट्ठिं भागसए गच्छइ, मंडलं सयसहस्से णं अट्ठाणउइ सएहिं छेत्ता छेत्ता,

प. ता एगमेगे णं मुहुत्ते णं सूरिए केवइयाए भागसयाइं गच्छइ ?

उ. ता जं जं मंडलं उवसंकमित्ता चारं चरइ, तस्स तस्स मंडल-परिक्खेवस्स अट्ठारस तीसे भागसए गच्छइ, मंडलं सयसहस्से णं अट्ठाणउई सएहिं छेत्ता छेत्ता।[4]

**એક મુહૂર્તમાં જ્યોતિષ્ક દેવોની ગતિનું પ્રમાણ :**

૧૦૧૪. પ્ર. એક મુહૂર્તમાં ચંદ્ર મંડળના કેટલાસો ભાગ ગતિ કરે છે ?

ઉ. જે-જે મંડળનું ઉપસંક્રમણ કરીને ચંદ્ર ગતિ કરે છે. તે તે મંડળના એક લાખ અઠાણું સો ભાગ કરીને તે તે મંડળની પરિધિના સત્તરસો અડસઠ ભાગ પર્યંત ગતિ કરે છે.

પ્ર. એક મુહૂર્તમાં સૂર્ય મંડળના કેટલા સો ભાગ ગતિ કરે છે ?

ઉ. જે જે મંડળનું ઉપસંક્રમણ કરીને સૂર્ય ગતિ કરે છે. તે તે મંડળના એક લાખ અઠાણું સો ભાગ કરીને એ મંડળની પરિધિના અઢારસો ત્રીસ ભાગ પર્યંત (સૂર્ય) ગતિ કરે છે.

---

१. ठाणं अ. ४, उ. १, सु. २७३ માં "દોસિણાભા" નામ છે.

२. (क) सूरिय. पा. १८, सु. ९७ (ख) चंद, पा. १८, सु. ९७
(ग) भग. श. १२, उ. ६, सु. ६-७ (घ) भग. श. १०, उ. ५, सु. २७-२८

३. जम्बु. वक्ख. ७, सु. २०४

४. ગ્રહોની ગતિનું નિરૂપણ મૂળ પાઠમાં નથી.
ગ્રહોની ગતિના સંબંધમાં ટીકાકારનું સ્પષ્ટીકરણ – "ग्रहास्तु वक्रानुवक्रादिगति भावतोऽनियतगति प्रस्थानास्तो न तेषामुक्त प्रकारेण गतिप्रमाण प्ररूपणा कृता उक्तं च गाहाओ -

"चंदेहिं सिग्घयरा, सूरा सूरेहिं होंति णक्खत्ता।
अणिययगइपत्थाणा, हंवति सेसा गहा सव्वे ॥१॥
अट्ठारस पणतीसे, भागसए गच्छइ मुहुत्ते णं।
नक्खत्तं चंदो पुण, सत्तरससए उ अडसट्ठे ॥२॥
अट्ठारस भागसए, तीसे गच्छइ खीमुहुत्तेण।
नक्खत्तसीमछेदो, सो चेव इहं पि णायव्वो ॥३॥

- सूरिय. पा. १५, सु. ८३, टीका

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. ता एगमेगे णं मुहुत्ते णं णक्खत्ते केवइयाइं भागसयाइं गच्छइ ?

उ. ता जं जं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तस्स तस्स मण्डल-परिक्खेवस्स अट्ठारस पणतीसे भागसए गच्छइ, मण्डलं सयसहस्से णं अट्ठाणउई सएहिं छेत्ता छेत्ता।[१]

-सूरिय. पा. १५, सु. ८३

પ્ર. એક મુહૂર્તમાં નક્ષત્ર મંડળના કેટલા ભાગ ગતિ કરે છે ?

ઉ. જે જે મંડળનું ઉપસંક્રમણ કરીને નક્ષત્ર ગતિ કરે છે. તે તે મંડળના એક લાખ અઠાણું સો ભાગ કરીને તે તે મંડળની પરિધિના અઢારસો પાંત્રીસ ભાગ પર્યન્ત ગતિ કરે છે.

**चन्द-सूर -गह-णक्खत्त-ताराणं गइपरूवणं-**

१०१५. प. ता कहं ते सिग्घगई ? आहिए त्ति वएज्जा।

उ. ता एएसि णं चंदिम-सूरिय-गहगण-णक्खत्त-तारारूवाणं-

चंदेहिं तो सूरे सिग्घगई,

सूरेहिं तो गहा सिग्घगई,

गहेहिं तो णक्खत्ता सिग्घगई,

णक्खत्तेहिं तो तारा सिग्घगई,

सव्वप्पगई चन्दा,

सव्वसिग्घगई तारा।[२]

-सूरिय. पा. १५, सु. ८३

**ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારાઓની ગતિનું પ્રરૂપણ :**

૧૦૧૫. પ્ર. (ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારાઓમાં કોનાથી) કોની શીઘ્ર ગતિ છે ? કહો.

ઉ. એ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓમાંથી-

ચંદ્ર કરતાં સૂર્ય શીઘ્ર ગતિવાળા છે.

સૂર્ય કરતાં ગ્રહ શીઘ્ર ગતિવાળા છે.

ગ્રહો કરતાં નક્ષત્રો શીઘ્ર ગતિવાળા છે.

નક્ષત્રો કરતાં તારાઓ શીઘ્ર ગતિવાળા છે.

સૌથી અલ્પ ગતિ ચંદ્રમાઓની છે.

સૌથી શીઘ્ર ગતિવાળા તારાઓ છે.

**जोइसियाणं अप्पमहिड्ढि परूवणं -**

१०१६. प. ता एएसि णं चंदिम-सूरिम-गह-णक्खत्त-तारारूवाणं कयरे कयरेहिंतो अप्पड्ढिया वा महिड्ढिया वा ?

उ. ता ताराहिंतो महिड्ढिया णक्खत्ता,

णक्खत्तेहिंतो महिड्ढिया गहा।

**જ્યોતિષ્કોની અલ્પ-મહાઋધ્ધિનું પ્રરૂપણ :**

૧૦૧૬. પ્ર. આ ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારાઓમાં કોન કોનાથી અલ્પ કે મહાઋદ્ધિવાળા છે ?

ઉ. તારાઓ કરતાં નક્ષત્ર, મહર્ધિક છે. (મોટી ઋદ્ધિવાળા છે.)

નક્ષત્રો કરતાં ગ્રહો મહર્ધિક છે.

---

१. (क) તારાઓની ગતિ બધાથી વધારે છે. એવું મૂળપાઠમાં કહ્યું છે. પરંતુ ગતિના પ્રમાણમાં કહ્યું નથી, ટીકાકારે પણ આ સંબંધમાં કંઈ નથી કહ્યું.

(ख) चंद. पा. १५, सु. ८३

२. (क) प. ता एएसि णं चंदिम-सूरिया-गह-णक्खत्त-तारारूवाणं कयरे कयरेहिंतो सिग्घगई वा, मंदगई वा ?

उ. ता चंदेहिंतो सूरा सिग्घगई, सूरेहिंतो गहा सिग्घगई,
गहेहिंतो णक्खत्ता सिग्घगई, णक्खत्तेहिंतो तारा सिग्घगई, - सूरिय. पा. १८, सु. ९५

(ख) जीवा. पडि. ३, उ. २, सु. १९५

(ग) चंद पा. १५, सु. ८३

(घ) जम्बु. वक्ख. ७, सु. २०१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गहेहिंतो महिड्ढिया सूरा,
सूरेहिंतो महिड्ढिया चन्दा,
सव्वप्पड्ढिया तारा,
सव्वमहिड्ढिया चन्दा।[1]

-सूरिय. पा. १८, सु. ९५

ગ્રહો કરતા સૂર્ય મહર્ધિક છે.
સૂર્યથી ચંદ્ર મહર્ધિક છે.
સૌથી થોડી ઋધ્ધિવાળા તારા છે.
સૌથી મહાઋધ્ધિવાળા ચંદ્ર છે.

**जोइसियाणं पिडगाइं-**

१०१७. छावट्ठिं पिंडगाइं, चंदाइच्चाणं मणुयलोगंमि।
दो चन्दा दो सूरा, य हुंति एक्केकए पिंडए॥
छावट्ठिं पिडगाइं, महागहा णं मणुयलोगंमि।
छावत्तरं गहसयं, होइ एक्केकए पिंडए॥
छावट्ठिं पिडगाइं णक्खत्ताणं तु मणुयलोगंमि।
छप्पण्णं णक्खत्ता हुंति एक्केकए पिंडए॥[2]

-सूरिय. पा. १९, सु. १००

**જ્યોતિષ્કોના પિટક :**

૧૦૧૭. મનુષ્ય લોકમાં સૂર્ય-ચંદ્રના છાસઠ પિટક છે અને પ્રત્યેક પિટકમાં બે ચંદ્ર બે સૂર્ય છે.
મનુષ્યલોકમાં મહાગ્રહોના છાસઠ પિટક છે અને પ્રત્યેક પિટકમાં એકસો છોત્તેર ગ્રહ છે.
મનુષ્યલોકમાં નક્ષત્રોનાં છાસઠ પિટક છે અને પ્રત્યેક પિટકમાં છપ્પન નક્ષત્ર છે.

**जोइसाणं पंतीओ-**

१०१८. चत्तारि य पंतीओ, चंदाइच्चाणं मणुयलोगंमि।
छावट्ठिं छावट्ठिं च, हवइ एक्केक्किया पंती॥
छावत्तरं गहाणं पंतिसयं हवंति मणुयलोगंमि।
छावट्ठिं छावट्ठिं हवइ एक्केक्किया पंती॥
छप्पन्नं पंतीओ, णक्खत्ताणं तु मणुयलोगंमि।
छावट्ठिं छावट्ठिं हवइ एक्केक्किया पंती॥[3]

सूरिय. पा. १९, सु. १००

**જ્યોતિષ્કોની પંકિતઓ :**

૧૦૧૮. ચંદ્ર-સૂર્યની ચાર પંકિતઓ મનુષ્ય લોકમાં છે અને પ્રત્યેક પંકિતમાં છાસઠ-છાસઠ ચંદ્ર-સૂર્ય છે.
ગ્રહોની એકસો છોત્તેર પંકિતઓ મનુષ્ય લોકમાં છે અને પ્રત્યેક પંકિતમાં છાસઠ-છાસઠ ગ્રહ છે.
નક્ષત્રોની છપ્પન પંકિતઓ મનુષ્ય લોકમાં છે. અને પ્રત્યેક પંકિતમાં છપ્પન-છપ્પન નક્ષત્ર છે.

**जोइसियाणं मंडला-**

१०१९. ते मेरूमणुचरन्ता, पदाहिणावत्त मंडला सव्वे।
अणवट्ठिय जोगेहिं चन्दा सूरा गहगणाय॥
णक्खत्त-तारगाणं, अवट्ठिया मण्डला मुणेयव्वा॥
ते वि य पदाहिणावत्तमेव मेरूं अणुचरन्ति।[4]

-सूरिय. पा. १९, सु. १००

**જ્યાતિષ્કોના મંડળ :**

૧૦૧૯. ચંદ્ર-સૂર્ય અને ગ્રહોના બધા મંડળ અનવસ્થિત (અશાશ્વત) છે અને તે મેરુની પ્રદક્ષિણા કરનારા છે.
નક્ષત્ર અને તારાઓના બધા મંડળ અવસ્થિત (શાશ્વત) છે અને તે મેરુની પ્રદક્ષિણા કરનારા છે.

---

१. (क) जंबु. वक्ख. ७, सु. २०२ (ख) चन्द. पा. १८, सु. ९५ (ग) जीवा. पडि. ३, सु. २००
२. (क) जीवा. पडि. ३, उ. २, सु. १७७ (ख) चन्द. पा. १९, सु. १००
३. (क) जीवा. पडि. ३, उ. २, सु. १७७ (ख) चन्द पा. १९, सु. १००
४. चन्द. पा. १९, सु. १००

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

**जोइसियाणं मंडलसंकमणं-**

१०२०. रयणिकर-दिणकराणं, उद्धं च अहेवसंकमो नत्थि ।
मण्डलसंकमणं पुण सब्भंतर-बाहिरं तिरिए ॥[1]
-सूरिय. पा. १९, सु. १००

**जयोतिष्कोनुं मंडળ संक्रमण :**

૧૦૨૦. ચંદ્ર અને સૂર્ય પોત-પોતાના મંડળોમાં આભ્યન્તર, બાહ્ય તથા ત્રાંસા ક્ષેત્રમાં મંડળ સંક્રમણ કરે છે. પરંતુ ઉર્ધ્વ અને અધો (નીચેના) ક્ષેત્રમાં સંક્રમણ કરતા નથી.

**अणवट्ठिया अवट्ठिया वा जोइसिया-**

१०२१. अंतोमणुस्स खेत्ते, हवंति चारोवगा उ उववण्णा ।
पंचविहा जोइसिया, चन्दा सूरा गहगणा य ॥
तेण परं जे सेसा, चंदाइच्च-गह-तार-णक्खत्ता ।
णत्थि गई णवि चारो, अवट्ठिया ते मुणेयव्वा ॥[2]
-सूरिय. पा. १९, सु. १००

**અનવસ્થિત અને અવસ્થિત જ્યોતિષ્ક :**

૧૦૨૧. મનુષ્ય ક્ષેત્રમાં ઉત્પન્ન તેમજ સંચરણ કરનારા (ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારા) એ પાંચ પ્રકારના જ્યોતિષ્કદેવ અનવસ્થિત (અશાશ્વત) છે એ સિવાય મનુષ્યક્ષેત્રની બહાર જે ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર અને તારા છે તે બધા ગતિ કરતા નથી અને સંચરણ કરતા નથી. એટલે એને અવસ્થિત (શાશ્વત) જાણવાં જોઈએ

**दीवसमुद्देसु जोइसियाणं संखाजाणण-विही-**

१०२२. दो दो जंबुद्दीवे ससि-दुगुणिया भवे लवणे ।
लावणिगा य तिगुणिया ससि सूरा-धायइसंडे ॥[3]

धायइसंडप्पभिई उद्दिट्ठ तिगुणिया भवे चन्दा ।
आइल्ल चन्दसहिया, अणंताराणंतरे खेत्ते ॥

रिक्खग्गह तारग्गं, दीवसमुद्दे जहिच्छसे नाउं ।
तस्स ससीहिं गुणियं, रिक्खग्गह-तारागाणं तु ॥[4]
-जीवा.पा. ३, उ.२, सु. १७७

**દ્વીપ-સમુદ્રોની જ્યોતિષ્કોની સંખ્યા જાણવાની વિધિ :**

૧૦૨૨. જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે એ એનાથી બે ગણા લવણસમુદ્રમાં છે અર્થાત્ ચાર ચંદ્ર, ચાર સૂર્ય છે અને લવણસમુદ્રથી ત્રણ ગણા ધાતકીખંડમાં (બાર ચંદ્ર અને બાર સૂર્ય) છે.

(જેમકે- ધાતકીખંડના બાર ચંદ્ર બાર સૂર્યને ત્રણ ગણા કરતા છત્રીસ થયા એમાં જંબૂદ્વીપ અને લવણસમુદ્રની ચંદ્ર સંખ્યા છ ઉમેરતા કાલોદ સમુદ્રમાં બેત્તાલીસ ચંદ્ર અને બેંતાલીસ સૂર્ય હોય છે.)

બેંતાલીસ ને ત્રણ ગણા કરીએ એટલે એકસો છવીસ થયા. એમાં જંબૂદ્વીપ, લવણસમુદ્ર અને ધાતકીખંડની ચંદ્ર સંખ્યા અઢાર ઉમેરતા પુષ્કરવરદ્વીપમાં એકસો ચાલીસ ચંદ્ર અને એકસો ચાલીસ સૂર્ય હોય છે.

દ્વીપ અને સમુદ્રના નક્ષત્ર, ગ્રહ અને તારાઓની સંખ્યા જો જાણવી હોયતો એની સંખ્યાને ચંદ્ર સંખ્યા વડે ગુણવાથી નક્ષત્ર ગ્રહ અને તારાઓની સંખ્યા જાણી શકાશે.

**ઉદાહરણ -** એક ચંદ્રના પરિવારમાં અઠ્ઠાવીસ નક્ષત્ર હોય છે અને લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર છે. અઠ્ઠાવીસને ચાર વડે ગુણતા એકસો બાર નક્ષત્ર લવણ સમુદ્રમાં છે. એ પ્રમાણે એક ચંદ્રના ગ્રહો અને તારાઓની સંખ્યાને ચાર વડે ગુણતા લવણ સમુદ્રમાં ગ્રહો અને તારાઓની સંખ્યા જાણી શકાય છે. એવી રીતે સર્વત્ર ગુણાકાર કરવો.

---

१. चंद. पा. १९, सु. १००
२. (क) जीवा. पडि. ३, उ. २, सु. १७७ (ख) चन्द. पा. १९, सु. १००
३. गाहा - दो चन्दा इह दीवे, चत्तारिय सागरे लवणतीए ।
धायइंसडे दीवे, बारस चंदा य सूरा ॥
- जीवा. प. ३, उ. २, सु. १७७
- सूरिय पा. १९, सु. १००
४. (क) सूरिय. पा. १९, सु. १०० (ख) चन्द. पा. १९, सु. १००

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चंद-सूर-गह-णक्खत्ताणं गइसमावण्णत्तं-**

१०२३. ता जया णं इमे चन्दे गइसमावण्णए भवइ,
तया णं इयरेऽवि चन्दे गइसमावण्णए भवइ,
जया णं इयरे चन्दे गइसमावण्णए भवइ,
तया णं इमेऽवि चन्दे गइसमावण्णए भवइ,
ता जया णं इमे सूरिए गइसमावण्णए भवइ,
तया णं इयरेऽवि सूरिए गइसमावण्णए भवइ,
ता जया णं इयरे सूरिए गइसमावण्णए भवइ,
तया णं इमे वि सूरिए गइसमावण्णए भवइ,
**एवं गहे वि, णक्खत्ते वि,**[1]

-सूरिय.पा. १०,सु. ७०

**ચંદ્ર-સૂર્ય-ગ્રહ અને નક્ષત્રોની ગતિ સમાપન્નત્વ :**

૧૦૨૩. જ્યારે આ ચંદ્ર ગતિ સમાપન્ન (યુક્ત) થાય છે.
ત્યારે અન્ય ચંદ્ર પણ ગતિ યુક્ત થાય છે.
જ્યારે અન્ય ચંદ્ર ગતિ યુક્ત થાય છે.
ત્યારે આ ચંદ્ર પણ ગતિ યુક્ત થાય છે.
જ્યારે આ સૂર્ય ગતિ યુક્ત થાય છે.
ત્યારે અન્ય સૂર્ય પણ ગતિ યુક્ત થાય છે.
જ્યારે અન્ય સૂર્ય ગતિ યુક્ત થાય છે.
ત્યારે આ સૂર્ય પણ ગતિ યુક્ત થાય છે.
**એ પ્રમાણે ગ્રહ અને નક્ષત્ર પણ ગતિ યુક્ત થાય છે.**

**चन्द-सूर-गहणक्खत्ताणं जोगो-**

१०२४. ता जया णं इमे चन्दे जुत्ते जोगे णं भवइ,
तया णं इयरेऽवि चन्दे जुत्ते जोगे णं भवइ,
ता जया णं इयरे चन्दे जुत्ते जोगे णं भवइ,
तया णं इमेऽवि चन्दे जुत्ते जोगे णं भवइ,
**एवं सूरेऽवि गहेऽवि णक्खत्तेऽवि,**
सया वि चन्दा जुत्ता जोगेहिं,
सया वि सूरा जुत्ता जोगेहिं,
सया वि गहा जुत्ता जोगेहिं,
सया वि णक्खत्ता जुत्ता जोगेहिं,
दुहओऽवि चन्दा जुत्ता जोगेहिं,
दुहओऽवि सूरा जुत्ता जोगेहिं,
दुहओऽवि गहा जुत्ता जोगेहिं,
दुहओऽवि णक्खत्ता जुत्ता जोगेहिं,
मंडलं सयसहस्सेणं अट्ठाणउईए सएहिं छेत्ता इच्चेसं णक्खत्ते खेत्तपरिभागे।[2]
णक्खत्तविजए पाहुडे, तिबेमि।

-सूरिय. पा. १०, सु. ७०

**ચંદ્ર-સૂર્ય-ગ્રહ અને નક્ષત્રોનો યોગ :**

૧૦૨૪. જ્યારે આ ચંદ્ર યોગ યુક્ત થાય છે.
ત્યારે અન્ય ચંદ્ર પણ યોગ યુક્ત થાય છે.
જ્યારે અન્ય ચંદ્ર યોગ યુક્ત થાય છે.
ત્યારે આ ચંદ્ર પણ યોગ યુક્ત થાય છે.
**આ પ્રકારે સૂર્ય-ગ્રહ અને નક્ષત્ર પણ યોગ યુક્ત થાય છે.**
ચંદ્ર (ગ્રહ-નક્ષત્રોથી) સદા યોગ યુક્ત થાય છે.
સૂર્ય (ગ્રહ-નક્ષત્રોથી) સદા યોગ યુક્ત થાય છે.
ગ્રહ (ચંદ્ર-સૂર્યથી) સદા યોગયુક્ત થાય છે.
નક્ષત્ર (ચંદ્ર-સૂર્યથી) સદા યોગયુક્ત થાય છે.
ચંદ્ર પૂર્વ-પશ્ચિમમાં કે દક્ષિણ-ઉત્તરમાં (ગ્રહ-નક્ષત્રોથી) યોગયુક્ત થાય છે.
સૂર્ય પૂર્વ-પશ્ચિમમાં કે દક્ષિણ-ઉત્તરમાં (ગ્રહ-નક્ષત્રોથી) યોગ યુક્ત થાય છે.
ગ્રહ પૂર્વ-પશ્ચિમમાં કે દક્ષિણ-ઉત્તરમાં (ચંદ્ર-સૂર્યથી) યોગયુક્ત થાય છે.
નક્ષત્ર પૂર્વ પશ્ચિમમાં કે દક્ષિણ-ઉત્તરમાં (ચંદ્ર-સૂર્યથી) યોગયુક્ત થાય છે.
મંડળના એક લાખ અઠ્ઠાણું સો વિભાગ નક્ષત્રોના ક્ષેત્રનું પરિભાગ છે.
આ નક્ષત્ર વિજય (સ્વરૂપ) પ્રાભૃત છે.
(જ્ઞાનીઓના કહેવા પ્રમાણે) હું એવું કહું છું.

१. चन्द. पा. १०, सु. ७०
२. चन्द. पा. १५, सु. ८४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चन्द-सूर-गहणक्खत्ताणं विसेसगइ परूवणं-**

१०२५. प. ता जया णं चंदं गइसमावण्णं सूरे गइसमावण्णे भवइ, से णं गइमायाए केवइयं विसेसेइ ?

उ. बासट्ठिभागे विसेसेइ।

प. ता जया णं चंदं गइसमावण्णं, णक्खत्ते गइसमावण्णे भवइ, से णं गइमायाए केवइयं विसेसेइ ?

उ. ता सत्तट्ठिं भागे विसेसेइ।

प. ता जया णं सूरं गइसमावण्णं णक्खत्ते गइसमावण्णे भवइ, से णं गइमायाए केवइयं विसेसेइ ?

उ. ता पंच भागे विसेसेइ।[1]

-सूरिय. पा. १५, सु. ८४

**ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્રોની વિશેષ ગતિનું પ્રરૂપણ :**

૧૦૨૫. પ્ર. જ્યારે ચંદ્ર ગતિયુક્ત થાય છે. ત્યારે સૂર્યગતિ યુક્ત થાય (ત્યારે) એની ગતિનું પરિમાણ કેટલું વિશેષ થાય છે?

ઉ. બાસઠ ભાગ વિશેષ થાય છે.

પ્ર. જ્યારે ચંદ્ર ગતિયુક્ત થાય છે ત્યારે નક્ષત્રો ગતિયુક્ત થાય (ત્યારે) એની ગતિનું પરિમાણ કેટલું વિશેષ થાય છે ?

ઉ. સડસઠ ભાગ વિશેષ થાય છે.

પ્ર. જ્યારે સૂર્ય ગતિયુક્ત થાય છે ત્યારે નક્ષત્રો ગતિયુક્ત થાય (ત્યારે) એની ગતિનું પરિમાણ કેટલું વિશેષ થાય છે ?

ઉ. પાંચ ભાગ વિશેષ થાય છે.

**चन्दस्स-णक्खत्ताण य जोगगइ काल परूवणं-**

१०२६. १. ता जया णं चन्दे गइसमावण्णं अभिई णक्खत्ते णं गइसमावण्णे पुरत्थिमाए समासाएइ पुरत्थिमाए भागाए समासाइत्ता णवमुहुत्ते सत्तवीसं च सत्त-सट्ठिभागे मुहुत्तस्स चंदेणं सद्धिं जोगं जाएत्ता जोगं अणुपरियट्टइ, जोगं अणुपरियट्टित्ता जोगं विप्पजहइ विगयजोगी या वि भवइ।

२. ता जया णं चंदं गइसमावण्णं सवणे णक्खत्ते गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, पुरत्थिमाए भागाए समासाइत्ता तीसं मुहुत्ते चंदेणं सद्धिं जोगं जोएइ, जोगं जोएत्ता जोगं अणुपरियट्टइ जोगं अणुपरियट्टित्ता जोगं विप्पजहइ विगयजोगी या वि भवइ।

३-२८. **एवं एएणं अभिलावेणं णेयव्वं, पण्णरसमुहुत्ताइं, तीसइमुहुत्ताइं, पणयालीस-मुहुत्ताइं भाणियव्वाइं-जाव-उत्तरासाढा।**[2]

-सूरिय. पा. १५, सु. ८४

**ચંદ્ર અને નક્ષત્રોના યોગગતિ કાળનું પ્રરૂપણ :**

૧૦૨૬. (૧) જ્યારે ચંદ્ર ગતિયુક્ત થાય છે ત્યારે પૂર્વના ભાગથી ગતિયુક્ત (થઈને) અભિજિત્ નક્ષત્ર નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠ ભાગોમાંથી સત્તાવીસ ભાગપર્યંત ચંદ્ર સાથે યોગ કરે છે. યોગ કરીને પરિભ્રમણ કરે છે, પૂર્વના ભાગથી પરિભ્રમણ કરીને યોગને છોડી દે છે અને યોગરહિત થઈને યોગ મુક્ત થઈ જાય છે.

(૨) જ્યારે ચંદ્ર ગતિયુક્ત થાય છે ત્યારે પૂર્વના ભાગથી ગતિયુક્ત (થઈને) શ્રવણ નક્ષત્ર ત્રીસ મુહૂર્ત પર્યન્ત ચંદ્રની સાથે પરિભ્રમણ કરે છે, પૂર્વના ભાગથી પરિભ્રમણ કરીને યોગને છોડી દે છે અને યોગ રહિત થઈને યોગ મુક્ત થઈ જાય છે.

(૩-૨૮) **આ પ્રમાણેના એ અભિલાપોથી પંદર મુહૂર્ત, ત્રીસ મુહૂર્ત અને પીસ્તાલીસ મુહૂર્ત પર્યંતના સાત નક્ષત્રોનો યોગ જાણવો જોઈએ - યાવત્-ઉત્તરાષાઢા નક્ષત્ર પર્યંત ચંદ્રનો નક્ષત્રની સાથે યોગ કહેવો જોઈએ.**

---

१-२. चन्द. पा. १५, सु. ८४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चंदस्स गहाण य जोग-गइकाल परूवणं -**

१०२७. ता जया णं चंदं गइसमावण्णं गहे गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, पुरत्थिमाए भागाए समासाइत्ता चंदेणं सद्धिं जोगं जोएइ, जोगं जोएत्ता जोगं अणुपरियट्टइ, जोगं अणुपरियट्टित्ता जोगं विप्पजहइ, विगयजोगी या वि भवइ।[1]

-सूरिय. पा. १५, सु. ८४

**ચંદ્ર અને ગ્રહોના યોગ (ની) ગતિકાળનું પ્રરૂપણ :**

૧૦૨૭. જ્યારે ચંદ્ર ગતિયુક્ત થાય છે ત્યારે પૂર્વના ભાગમાંથી ગ્રહ ચંદ્રની સાથે યોગ કરે છે. યોગ કરીને પરિભ્રમણ કરેછે. પરિભ્રમણ કરીને યોગ છોડી દે છે અને યોગ રહિત થઈને યોગ મુક્ત બની જાય છે.

**सूरस्स-णक्खत्ताण य जोग-गइकाल परूवणं-**

१०२८. १. ता जया णं सूरं गइसमावण्णं अभिईणक्खत्ते गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, पुरत्थिमाए भागाए समासाइत्ता, चत्तारि अहोरत्ते छच्च मुहुत्ते सूरेण सद्धिं जोगं जोएइ, जोगं जोएत्ता, जोगं अणुपरियट्टइ, जोगं अणुपरियट्टित्ता जोगं विप्पजहइ, विगयजोगी या वि भवइ,

२-२७. **एवं छ अहोरत्ता एक्कवीसं मुहुत्ता य, तेरस अहोरत्ता बारस मुहुत्ता य, बीसं अहोरत्ता तिण्णि मुहुत्ता य सव्वे भाणियव्वा जाव-**

२८. ता जया णं सूरं गइसमावण्णं उत्तरासाढा णक्खत्ते गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, पुरत्थिमाए भागाए समासाइत्ता वीसं अहोरत्ते तिण्णि च मुहुत्ते सूरेण सद्धिं जोगं जोएइ, जोगं जोएत्ता जोगं अणुपरियट्टइ, जोगं अणुपरियट्टित्ता जोगं विप्पजहइ, विगयजोगी या वि भवइ।[2]

-सूरिय. पा. १५, सु. ८४

**સૂર્ય અને નક્ષત્રોના યોગ (ની) ગતિકાળનું પ્રરૂપણ :**

૧૦૨૮. (૧) જ્યારે સૂર્ય ગતિયુક્ત થાય છે ત્યારે પૂર્વના ભાગથી અભિજિત્ નક્ષત્ર ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત પર્યંત સૂર્યની સાથે યોગ કરે છે. યોગ કરીને પરિભ્રમણ કરે છે. પરિભ્રમણ કરીને યોગ છોડી દે છે અને યોગ-મુક્ત થઈને યોગરહિત થઈ જાય છે.

(૨-૨૭) **આ રીતે છ અહોરાત્ર એકવીસ મુહૂર્ત, તેર અહોરાત્ર બાર મુહૂર્ત અને વીસ અહોરાત્ર ત્રણ મુહૂર્ત બધા નક્ષત્રોનો ક્રમશ: સૂર્યની સાથે યોગ (થવાનું) કહેવું જોઈએ-યાવત્-**

(૨૮) જ્યારે સૂર્ય ગતિયુક્ત થાય છે ત્યારે પૂર્વના ભાગમાંથી ઉત્તરાષાઢા નક્ષત્ર વીસ અહોરાત્ર ત્રણ મુહૂર્ત પર્યન્ત સૂર્યની સાથે યોગ કરે છે. યોગ કરીને પરિભ્રમણ કરે છે. પરિભ્રમણ કરીને યોગ છોડી દે છે અને યોગમુક્ત થઈને યોગરહિત થઈ જાય છે.

**सूरस्स गहाण य जोग-गइकाल परूवणं -**

१०२९. ता जया णं सूरं गइसमावण्णं गहे गइसमावण्णे पुरत्थिमाए भागाए समासाएइ, पुरत्थिमाए भागाए समासाइत्ता सूरेण सद्धिं जोगं जोएइ, जोगं जोएत्ता जोगं अणुपरियट्टइ, जोगं अणुपरियट्टित्ता जोगं विप्पजहइ विगयजोगी या वि भवइ।[3]

-सूरिय. पा. १५, सु. ८४

**સૂર્ય અને ગ્રહોના યોગ(ની) ગતિકાળનું પ્રરૂપણ :**

૧૦૨૯. જ્યારે સૂર્ય ગતિયુક્ત થાય છે ત્યારે પૂર્વનાભાગમાંથી ગ્રહ સૂર્ય સાથે યોગ કરે છે. યોગ કરીને પરિભ્રમણ કરે છે. પરિભ્રમણ કરીને યોગ છોડી દે છે અને યોગમુક્ત થઈને યોગરહિત થઈ જાય છે.

---

१-२-३. चन्द. पा. १५, सु. ८४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एगमेगे अहोरत्ते चन्द-सूर-णक्खत्ताणं मंडल चारं-**

१०३०. १. प. ता एगमेगे णं अहोरत्ते णं चंदे कइ मंडलाइं चरइ ?

उ. ता एगं अद्धमंडलंचरइ एक्कतीसेहिं भागेहिं ऊणणवहिं पण्णरसेहिं सएहिं अद्धमंडलं छेत्ता।

२. प. ता एगमेगे णं अहोरत्ते णं सूरे कइ मंडलाइं चरइ ?

उ. ता एगं अद्धमंडलं चरइ।

३. प. ता एगमेगे णं अहोरत्ते णं णक्खत्ते कइ मंडलाइं चरइ ?

उ. ता एगं अद्धमंडलं चरइ, दोहिं भागेहिं अहियं सत्तहिं बत्तीसेहिं सएहिं अद्धमंडलं छेत्ता।[1]

-सूरिय.पा. १५, सु. ८६

**પ્રત્યેક અહોરાત્રમાં ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રોની મંડળ ગતિ :**

૧૦૩૦. (૧) પ્ર. પ્રત્યેક અહોરાત્રમાં ચંદ્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. એક અર્ધમંડળ અને અર્ધમંડળના પંદરસો નવ ભાગોમાંથી એકત્રીસભાગ ઓછા પર્યંત ચંદ્ર ગતિ કરે છે.

(૨) પ્ર. પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. એક અર્ધમંડળ પર્યંત ગતિ કરે છે.

(૩) પ્ર. પ્રત્યેક અહોરાત્રમાં નક્ષત્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. એક અર્ધમંડળ અને અર્ધમંડળના સાત સો બત્રીસ ભાગોમાંથી છેદન કરીને બે ભાગ અધિક નક્ષત્ર ગતિ કરે છે.

**एगमेगे मंडले चन्द-सूर णक्खत्ताणं अहोरत्त चारं -**

१०३१. १. प. ता एगमेगं मंडलं चंदे कतिहिं अहोरत्तेहिं चरइ ?

उ. ता दोहिं अहोरत्तेहिं चरइ एक्कतीसेहिं भाएहिं अहिएहिं चउहिं चोयालेहिं सएहिं राइदिएहिं छेत्ता।

२. प. ता एगमेगं मंडलं सूरे कतिहिं अहोरत्तेहिं चरइ ?

उ. ता दोहिंअहोरत्तेहिं चरइ।

३. प. ता एगमेगं मंडलं णक्खत्ते कतिहिं अहोरत्तेहिं चरइ ?

उ. ता दोहिं अहोरत्तेहिं चरइ, दोहिं भागेहिं ऊणेहिं तिहिं सत्तसट्ठेहिं सएहिं राइदिएहिं छेत्ता।[2]

-सूरिय. पा. १५, सु. ८६

**પ્રત્યેક મંડળમાં ચંદ્ર- સૂર્ય અને નક્ષત્રોની અહોરાત્ર ગતિ :**

૧૦૩૧. (૧) પ્ર. પ્રત્યેક મંડળને ચંદ્ર કેટલા અહોરાત્રમાં પાર કરે છે ?

ઉ. બે અહોરાત્ર અને એક અહોરાત્રને ચારસો ચુંમાલીસ ભાગોમાં વિભાજિત કરીને(એમાંથી)એકત્રીસ ભાગ(જેટલા) વધારે ભાગમાં ચંદ્ર પ્રત્યેક મંડળને પાર કરે છે.

(૨) પ્ર. પ્રત્યેક મંડળને સૂર્ય કેટલા અહોરાત્રમાં પાર કરે છે ?

ઉ. બે અહોરાત્રમાં પ્રત્યેક મંડળને સૂર્ય પાર કરે છે.

(૩) પ્ર. પ્રત્યેક મંડળને નક્ષત્ર કેટલા અહોરાત્રમાં પાર કરે છે ?

ઉ. બેઅહોરાત્ર અને એક અહોરાત્રને ત્રણસો સડસઠ ભાગોમાં વિભાજિત કરીને (એમાંથી) બે ભાગ ઓછા (જેટલામાં) પ્રત્યેક મંડળને નક્ષત્ર પાર કરે છે.

---

१-२. चन्द. पा. १५, सु. ८६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एगमेगे जुगे चन्द-सूर-णक्खत्ताणं मंडल चारं-**

१०३२. १. प. ता जुगे णं चन्दे कइ मंडलाइं चरइ ?

उ. ता अट्ठचुल्लसीए मंडलसए चरइ।

२. प. ता जुगे णं सूरे कइ मंडलाइं चरइ ?

उ. ता णव-पण्णरस मंडलसए चरइ।

३. प. ता जुगे णं णक्खत्ते कइ मंडलाइं चरइ ?

उ. ता अट्ठारस पणतीसे दुभागमंडलसए चरइ।[1]

इच्चेसा मुहुत्तगई रिक्ख-उडुमास-राइंदिय-जुग मंडल पविभत्ति सिग्घगई वत्थु, आहिए त्तिबेमि।

-सूरिय. पा. १५, सु. ८६

**પ્રત્યેક યુગમાં ચંદ્ર-સૂર્ય-નક્ષત્રોની મંડળ ગતિ**

૧૦૩૨. (૧) પ્ર. પ્રત્યેક યુગમાં ચંદ્ર કેટલા મંડળગતિ કરે છે ?

ઉ. આઠસો ચોરાશી મંડળ ગતિ કરે છે.

(૨) પ્ર. પ્રત્યેક યુગમાં સૂર્ય કેટલા મંડળગતિ કરે છે ?

ઉ. પંદરસો નવ મંડળ ગતિ કરે છે.

(૩) પ્ર. પ્રત્યેક યુગમાં નક્ષત્ર કેટલા મંડળ ગતિ કરે છે ?

ઉ. અઢારસો પાંત્રીસ અર્ધમંડળ નક્ષત્ર ગતિ કરે છે.

આ મુહૂર્તગતિ નક્ષત્ર-ઋતુમાસ અહોરાત્ર યુગમંડળ વગેરેની શીઘ્ર ગતિનું અધ્યયન કહ્યું-એવું હું કહું છું.

**चन्दमासे चन्दस्स सूरस्स णक्खत्तस्स य मण्डल चारं-**

१०३३. १. प. ता चंदे णं मासे णं चन्दे कइ मंडलाइं चरइ ?

उ. चोद्दस चउभागाइं मंडलाइं चरइ। एगं च चउवीससयं भागं मंडलस्स।

२. प. ता चंदे णं मासे णं सूरे कइ मंडलाइं चरइ ?

उ. ता पण्णरस चउभागूणाइं मंडलाइं चरइ, एगं च चउवीससयभागं मंडलस्स।

३. प. ता चन्दे णं मासे णं णक्खत्ते कइ मंडलाइं चरइ ?

उ. ता पण्णरस चउभागूणाइं मंडलाइं चरइ, छच्च चउवीससयभागे मंडलस्स।[2]

-सूरिय. पा. १५, सु. ८५

**ચંદ્રમાસમાં ચંદ્ર-સૂર્ય અને નક્ષત્રની મંડળગતિ :**

૧૦૩૩. (૧) પ્ર. ચંદ્રમાસમાં ચંદ્ર કેટલા મંડળગતિ કરે છે ?

ઉ. ચૌદમંડળ અને પંદરમાં મંડળનો ચોથોભાગ તથા મંડળના એકસો ચોવીસ ભાગોમાંથી એક ભાગ પર્યંત ગતિ કરે છે.

(૨) પ્ર. ચંદ્ર માસમાં સૂર્ય કેટલા મંડળ ગતિ કરે છે ?

ઉ. ચૌદ મંડળ પૂર્ણ, પંદરમાં મંડળનો ચોથો ભાગથી ઓછો અને પંદરમાં મંડળના એકસો ચોવીસ ભાગોમાંથી એક ભાગ પર્યન્ત સૂર્ય ગતિ કરે છે.

(૩) પ્ર. ચંદ્રમાસમાં નક્ષત્ર કેટલા મંડળ ગતિ કરે છે ?

ઉ. ચૌદ મંડળપૂર્ણ, પંદરમાં મંડળનો ચોથો ભાગ ઓછો અને પંદરમાં મંડળના એકસો ચોવીસ ભાગોમાંથી છ ભાગ પર્યંત નક્ષત્ર ગતિ કરે છે.

---

१. चन्द. पा. १५, सु. ८६ २. चन्द. पा. १५, सु. ८७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आइच्चमासे चंदस्स, सूरस्स णक्खत्तस्स य मण्डल चारं -**

१०३४. १. प. ता आइच्चे णं मासे णं चन्दे कइ मंडलाइं चरइ ?

उ. ता चोद्दस मंडलाइं चरइ, एक्कारस भागे मंडलस्स।

२. प. ता आइच्चे णं मासे णं सूरे कइ मंडलाइं चरइ ?

उ. ता पण्णरस चउभागाहिगाइं मंडलाइं चरइ।

३. प. ता आइच्चे णं मासे णं णक्खत्ते कइ मंडलाइं चरइ ?

उ. ता पण्णरस चउभागाहिगाइं मंडलाइं चरइ पंचतीसं च चउवीससयभागे मंडलाइं चरइ।[1]

- सूरिय. पा. १५, सु. ८५

**આદિત્ય માસમાં ચંદ્ર-સૂર્ય નક્ષત્રની મંડળગતિ :**

૧૦૩૪. (૧) પ્ર. આદિત્યમાસમાં ચંદ્ર કેટલા મંડળ પર્યન્ત ગતિ કરે છે ?

ઉ. ચૌદ મંડળ પૂર્ણ અને પંદરમાં મંડળના અગિયાર ભાગ પર્યંત ચંદ્ર ગતિ કરે છે.

(૨) પ્ર. આદિત્યમાસમાં સૂર્ય કેટલા મંડળ પર્યન્ત ગતિ કરે છે ?

ઉ. પંદરમંડળ પૂર્ણ અને સોળમાં મંડળના ચોથો ભાગ વધુ સૂર્ય ગતિ કરે છે.

(૩) પ્ર. આદિત્ય માસમાં નક્ષત્ર કેટલા મંડળ પર્યન્ત ગતિ કરે છે ?

ઉ. પંદર મંડળ પૂર્ણ અને સોળમાં મંડળના ચોથાભાગ વધારે (જેટલો) અને સોળમાં મંડળના એકસો ચોવીસ ભાગોમાંથી પાંત્રીસ ભાગ પર્યંત ગતિ કરે છે.

**णक्खत्तमासे चंदस्स, सूरस्स, णक्खत्तस्स य मण्डल चारं -**

१०३५. १. प. ता णक्खत्ते णं मासे णं चन्दे कइ मंडलाइं चरइ ?

उ. ता तेरस मंडलाइं चरइ। तेरस य सत्तट्ठिभागे मंडलस्स।

२. प. ता णक्खत्ते णं मासे णं सूरे कइ मंडलाइं चरइ ?

उ. ता तेरस मंडलाइं चरइ, चोत्तालीसं च सत्तट्ठिभागे मंडलस्स।

३. प. ता णक्खत्ते णं मासे णं णक्खत्ते कइ मंडलाइं चरइ ?

उ. ता तेरस मंडलाइं चरइ, अद्ध सेतालीसं च सत्तट्ठिभागे मंडलस्स।[2]

-सूरिय. पा. १५, सु. ८५

**નક્ષત્રમાસમાં ચંદ્ર- સૂર્ય-નક્ષત્રની મંડળ ગતિ :**

૧૦૩૫. (૧) પ્ર. નક્ષત્રમાસમાં ચંદ્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. તેર મંડળ અને એક મંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગ પર્યંત ગતિ કરે છે.

(૨) પ્ર. નક્ષત્રમાસમાં સૂર્ય કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. તેર મંડળ અને એક મંડળના સડસઠ ભાગોમાંથી ચુંમાલીસ ભાગ પર્યંત ગતિ કરે છે.

(૩) પ્ર. નક્ષત્રમાસમાં નક્ષત્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. તેર મંડળ અને એક મંડળના સડસઠ ભાગોમાંથી સાડા સુડતાલીસ ભાગ પર્યંત ગતિ કરે છે.

**उडुमासे चंदस्स सूरस्स णक्खत्तस्स य मण्डल चारं-**

१०३६. १. प. ता उडुणा मासे णं चन्दे कइ मंडलाइं चरइ ?

**ઋતુમાસમાં ચંદ્ર-સૂર્ય અને નક્ષત્રની મંડળ ગતિ :**

૧૦૩૬. (૧) પ્ર. ઋતુમાસમાં ચંદ્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

---

१-२. चन्द. पा. १५, सु. ८५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. ता चोद्दस मंडलाइं चरइ, तीसं च एगट्ठिभागे मंडलस्स।

२. प. ता उडुणा मासे णं सूरे कइ मंडलाइं चरइ ?

उ. ता पण्णरस मंडलाइं चरइ।

३. प. ता उडुणा मासे णं णक्खत्ते कइ मंडलाइं चरइ ?

उ. ता पण्णरस मंडलाइं चरइ, पंच य बावीससय भागे मंडलस्स।[1]

-सूरिय. पा. १५, सु. ८५

ઉ. ચૌદ મંડળ પૂર્ણ અને મંડળના એકસઠ ભાગોમાંથી ત્રીસ ભાગ પર્યંત ચંદ્ર ગતિ કરે છે.

(૨) પ્ર. ઋતુમાસમાં સૂર્ય કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. પંદર મંડળ પૂર્ણ પર્યન્ત સૂર્ય ગતિ કરે છે.

(૩) પ્ર. ઋતુમાસમાં નક્ષત્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. પંદર મંડળ પૂર્ણ અને સોળમાં મંડળના એકસો બાવીસ ભાગોમાંથી પાંચભાગ પર્યંત નક્ષત્ર ગતિ કરે છે.

**अभिवड्ढियमासे चंदस्स सूरस्स णक्खत्तस्स य मंडल चारं-**

१०३७. १. प. ता अभिवड्ढिए णं मासे णं चन्दे कइ मंडलाइं चरइ ?

उ. ता पण्णरस मंडलाइं चरइ, तेसीइं छलसीयभागे मंडलस्स।

२. प. ता अभिवड्ढिए णं मासे णं सूरे कइ मंडलाइं चरइ ?

उ. ता सोलस मंडलाइं चरइ, तिहिं भागेहिं ऊणगाइं दोहिं अडयालेहिं सएहिं मंडलं छित्ता।

३. प. ता अभिवड्ढिए णं मासे णं णक्खत्ते कइ मंडलाइं चरइ ?

उ. ता सोलसमंडलाइं चरइ, सेयालीसएहिं भागेहिं अहियाहिं चोद्दसहिं अट्ठासीएहिं मंडलं छेत्ता।[2]

सूरिय. पा. १५, सु. ८५

**અભિવર્ધિત માસમાં ચંદ્ર-સૂર્ય-નક્ષત્રની મંડળ ગતિ :**

૧૦૩૭. (૧) પ્ર. અભિવર્ધિતમાસમાં ચંદ્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. પંદર મંડળપૂર્ણ અને મંડળના છયાસી ભાગોમાંથી ત્યાસી ભાગ પર્યંત ગતિ કરેછે.

(૨) પ્ર. અભિવર્ધિત માસમાં સૂર્ય કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. સોળ મંડળ પૂર્ણ અને મંડળના બસો અડતાલીસ ભાગોમાંથી ત્રણ ભાગ ઓછા (જેટલી) સૂર્ય ગતિ કરે છે.

(૩) પ્ર. અભિવર્ધિત માસમાં નક્ષત્ર કેટલા મંડળ પર્યંત ગતિ કરે છે ?

ઉ. સોળ મંડળ પૂર્ણ અને મંડળના ચૌદસો અઠયાસી ભાગોમાંથી સુડતાલીસ ભાગ વધારે પર્યંત નક્ષત્ર ગતિ કરે છે.

## : ચંદ્ર વર્ણન :

**ससी सद्दस्स विसिट्ठऽत्थं -**

१०३८. प. से केणट्ठे णं भंते ! एवं वुच्चइ - चन्दे ससी चन्दे ससी ?

उ. गोयमा ! चन्दस्स णं जोइसिंदस्स जोइसरण्णो मियंके विमाणे, कंता देवा, कंताओ देवीओ, कंताइं आसण-सयण-खंभ-भंडमत्तोवगरणाइं।

**શશિ શબ્દના વિશિષ્ટાર્થ :**

૧૦૩૮. પ્ર. હે ભગવન્ ! ચંદ્રને 'શશી' કયા અભિપ્રાય ને કારણે કહેવામાં આવે છે ?

ઉ. હે ગૌતમ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રના મૃગાંક વિમાનમાં મનોહર દેવ, મનોહર દેવીઓ તથા મનોજ્ઞ આસન-શયન-સ્તંભ ભાંડ-પાત્ર વગેરે ઉપકરણ છે.

१-२. चंद. पा. १५, सु. ८५

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

अप्पणा वि य णं चन्दे जोतिसिंदे जोतिसराया सोमे कंते सुभए पियदंसणे सुरूवे ।

से तेणट्ठे णं गोयमा ! एवं वुच्चइ - "चन्दे ससी चन्दे ससी ।"[१]

-भग.स. १२, उ. ६, सु. ४

જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર સ્વયં પણ સૌમ્ય, કાંત, સુભગ પ્રિયદર્શન અને સુરૂપ છે.

હે ગૌતમ ! આ કારણથી ચંદ્રને 'શશી' કહેવામાં આવે છે.

**जंबुद्दीवे चंद उदयऽत्थमण-परूवणा -**

१०३९. प. जंबुद्दीवे णं भंते ! दीवे चंदिमा -

(क) उदीण-पादीणमुग्गच्छ पादीणं-दाहिणमागच्छंति ?

(ख) पादीणं-दाहिणमुग्गच्छ दाहिण-पादीणमागच्छंति ?

(ग) दाहिण-पादीणमुग्गच्छ पादीण-उदीणमागच्छंति ?

(घ) पादीणं-उदीणमुग्गच्छ उदीणं-पादीणमागच्छंति ?

उ. (क-घ) हंता, गोयमा ! जबुदीवे णं दीवे चंदिमा उदीणं-पादीणमुग्गच्छ पादीणं-दाहिणमागच्छंति, **जाव**-पादीणं-उदीणमुग्गच्छ उदीण-पादीण-मागच्छंति ।[२]

-भग. स.५, उ. १०, सु. १

**જંબૂદ્વીપમાં ચંદ્રમાઓના ઉદયાસ્તનું પ્રરૂપણ :**

૧૦૩૯. પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં ચંદ્ર-

(ક) ઈશાન કોણમાં ઉદયપામી અગ્નિ કોણમાં અસ્ત પામે છે ?

(ખ) અગ્નિકોણમાં ઉદયપામી નૈઋત્ય કોણમાં અસ્ત પામે છે ?

(ગ) નૈઋત્ય કોણમાં ઉદયપામી વાવવ્ય કોણમાં અસ્ત પામે છે ?

(ઘ) વાવવ્ય કોણમાં ઉદયપામી ઈશાન કોણમાં અસ્ત પામે છે ?

ઉ. (ક-ઘ) હા, ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં ચંદ્ર ઈશાન કોણમાં ઉદય પામી અગ્નિ કોણ માં અસ્ત પામે છે -**યાવત્**-વાવવ્ય કોણમાં ઉદય પામી ઈશાન કોણમાં અસ્ત થાય છે

**लवणसमुद्द-धायइसंड-कालोयसमुद्द-पुक्खरद्धेसु-चंद उदयऽत्थ-ममण- परूवणा -**

१०४०. **"जच्चेव जंबुद्दीवस्स वत्तवया भणिया, सच्चेव सव्वा लवणसमुद्दपभिइ पुक्खरद्धपज्जवसाणा वि भाणियव्वा।"**

-भग. स. ५, उ. १०

**લવણસમુદ્ર ધાતકીખંડ, કાલોદસમુદ્ર-પુષ્કરાર્ધમાં ચંદ્રમાઓના ઉદયાસ્તનું પ્રરૂપણ :**

૧૦૪૦. **"જે જંબૂદ્વીપ અંગે કહેવામાં આવ્યું છે તેજ લવણસમુદ્રથી (આરંભી) પુષ્કરાર્ધદ્વીપ પર્યંત કહેવું જોઈએ."**

**चंदस्स परिवुड्ढि-परिहाणी-**

१०४१. केणइ वड्ढइ चन्दो ? परिहाणीकेण हुन्ति चन्दस्स ?

कालो वा जोण्हो वा, केणऽणुभावेण चन्दस्स ?

किण्हं राहु विमाणं, णिच्चं चंदेण होइ अविरहियं ।
चउरंगुलमसंपत्तं, हिच्चा चन्दस्स तं चरइ ॥

**ચંદ્રની હાનિ-વૃદ્ધિ (ક્ષય-વૃદ્ધિ) :**

૧૦૪૧. પ્ર. ચંદ્રનો ક્ષય (હાનિ) કયા નિમિત્તે થાય છે ? ચંદ્રની વૃદ્ધિ કયા નિમિતે થાય છે ? ચંદ્રનો પ્રભાસકાળ કયા નિમિતે વધે-ઘટે છે ? અને ચંદ્રની જ્યોત્સ્ના કયા નિમિત્તે ઘટે-વધે છે ?

ઉ. રાહુનું કૃષ્ણ વિમાન ચંદ્ર વિમાનને સ્પર્શ કર્યા વિના ચાર આંગળ છોડીને નીચે નિત્ય નિરન્તર ગતિ કરે છે.

---

१. (क) सूरिय. पा.२०, सु. १०४ (ख) चन्द.पा. २०, सु. १०५

२. (क) जम्बू. वक्ख. ७, सु. १८३ (ख-ग) सूरिय. पा. ८, सु. २९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बावट्ठिं-बावट्ठिं दिवसे दिवसे तु सुक्कपक्खस्स ।
जं परिवड्ढइ चन्दो, खवेइ तं चेव कालेणं ॥[१]

શુક્લ પક્ષમાં ચંદ્રનો પ્રતિદિન બાંસઠમો ભાગ (રાહુથી અનાવૃત થઈને) વધતો જાય છે અને કૃષ્ણ પક્ષમાં ચંદ્રનો બાંસઠમો ભાગ (રાહુથી આવૃત થઈને) ઘટતો જાય છે.

पण्णरसइ भागेण य चन्दे, पण्णरसमेव तं वरइ ।
पण्णरसइ भागेण य, पुणो वि तं चेवऽवक्कमइ ॥[२]

પંદર દિવસ ચંદ્રના પંદર ભાગ ક્રમશઃ રાહુના પંદર ભાગોથી અનાવૃત થતા રહે છે. પંદર દિવસ ચંદ્રનો પંદર ભાગ ક્રમશઃ રાહુના પંદર ભાગોથી આવૃત થતા રહે છે.

एवं वड्ढइ चन्दो, परिहाणी एवं होइ चन्दस्स ।[३]
कालो वा जोण्हो वा, एवंऽणुभावेण चन्दस्स ॥[४]
-सूरिय. पा. १९, सु. १००

આ પ્રમાણે ચંદ્રની વૃદ્ધિ અને એજ રીતે ક્ષય થાય છે. અને એ કારણે ચંદ્રનો પ્રભાસ કાળ તેમજ જ્યોત્સ્નામાં વૃદ્ધિ-ક્ષય થતી રહે છે.

१०४२. प. ता कहं ते चंदमसो वड्ढोऽवड्ढी ? आहिए त्ति वएज्जा,

उ. ता अट्ठ पंचासीते मुहुत्तसते तीसं बावट्ठिभागे मुहुत्तस्स ।

૧૦૪૨. પ્ર. ચંદ્રની વૃદ્ધિ-ક્ષય કેવી રીતે થાય છે ? કહો

ઉ. આઠસો પંચાશી મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ત્રીસ ભાગ સુધી ચંદ્રની વૃદ્ધિ-ક્ષય થતી રહે છે.

---

१. (क) सम. स. ६२, सु. ३

(ख) "बावट्ठि" मित्यादि, इह द्वाषष्टिभागीकृतस्यचन्द्रविमानस्य द्वौ भागावुपरितनावपाकृत्य शेषस्य पंचदशभागे हृते ये चत्वारो भागा लभ्यन्ते, ते द्वाषष्टिशब्देनोव्यन्ते, "अवयवे समुदायोपचारात्" एतच्चव्याख्यानम् ।
अस्या एव गाथाया व्याख्याने जीवाभिगम चूर्णि -
"चन्द्रविमानं द्वाषष्टिभागी क्रियते, ततः पंचदशभिर्भागो ह्रियते, तत्र चत्वारो भागा द्वाषष्टिभागानां पंचदशभागेन लभ्यन्ते शेषौ द्वौ भागौ, एतावद् दिने-दिने शुक्लपक्षस्य राहुणा मुच्यते"
"यत् समवायांग सूत्रे उक्तम्" -सुक्कपक्खस्स दिवसे-दिवसे चन्दो बावट्ठिं भागे परिवड्ढइ, त्ति तद्येवमेव व्याख्येयम् ।
"शुक्लपक्षस्य दिवसे दिवसे द्वाषष्टिभागसत्कान् चतुरश्चतुरो भागान् परिवर्द्धति"
"काले-कृष्णपक्षे दिवसे-दिवसे तानेव द्वाषष्टिभागसत्कान् चतुरश्चतुरोभागान् क्षपयति, परिहापयति ।"

२. "पण्णरस" इत्यादि..................
कृष्ण पक्षे प्रतिपद् आरभ्यालीयेन पंचदशेन भागेन प्रतिदिवसमेकेकं पंचदशभागमुपरितनभागादारभ्यावृणोति ।
शुक्लपक्षे तु प्रतिपद् आरम्भ तेनैव क्रमेण प्रतिदिवसमेकैकं पंच दशभागं प्रकटीकरोति ।
तेन जगति चन्दमंडल वृद्धि-हानि प्रतिभासेते,
स्वरूपतः पुनश्चन्द्रमण्डलावस्थितमेव ।

३. " एवं वड्ढइ" इत्यादि,
एवं-राहुविमानेन प्रतिदिवसं क्रमेणानावरणतो वर्द्धते, वर्द्धमानः प्रतिभासते चन्द्रःएव राहुविमानेन प्रतिदिवसं क्रमेणावरणकरणतः प्रतिहानिः प्रतिभासो भवति चन्द्रस्य विषये ।
"एतेनैनानुभावेन कारणेन एक : पक्ष :कालः कृष्णो भवति,
यत्र चन्द्रस्य परिहानिः प्रतिभासते ।
एकस्तु ज्योत्स्नः शुक्लो यव चन्द्रविषयो वृद्धिप्रतिभासः "

४. (क) जीवा प. ३, उ. २, सु. १७७ (ख) चन्द. पा. १९, सु. १००

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ता दोसिणापक्खाओ णं अंधगारपक्खं अयमाणे चंदे चत्तारि बायाले मुहुत्तसए छत्तालीसं च बावट्ठिभागे मुहुत्तस्स जाइं चन्दे रज्जइ,[१] तं जहा- पढमाए पढमं भागं, बितियाए बितियं भागं-जाव-पण्णरसीए पण्णरसमं भागं ।

चरिमसमए चंदे रत्ते भवइ। अवसेसे समए चंदे रत्ते य विरत्ते य भवइ। इयण्णं अमावासा, एत्थ णं पढमे पव्वे अमावासे ता अंधगार पक्खो ।

ता णं दोसिणापक्खं अयमाणे चंदे चत्तारे बायाले मुहुत्तसए छत्तालीसं च बावट्ठिभागा मुहुत्तस्स जाइं चंदे विरज्जइ,

तं जहा - पढमाए पढमं भागं, बितियाए बितियं भागं -जाव-पण्णरसीए पण्णरसमं भागं,

चरिमसमए चंदे विरत्ते भवइ,

अवसेसे समए रत्ते य विरत्ते य भवइ ।

इयण्णं पुण्णमासिणी एत्थ णं दोच्चे पव्वे पुण्णमासिणी, ता दोसिणा पक्खो ।[२]

-सूरिय. पा. १३,सु. ७६

શુકલપક્ષથી કૃષ્ણપક્ષની તરફ જતાં ચંદ્ર ચારસો બેત્તાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી છેતાલીસ ભાગ સુધી રાહુ રક્ત (આચ્છાદિત) રહે છે, જેમકે-પ્રતિપદા (એકમ) એ એક ભાગ, દ્વિતીયા (બીજે) એ બે ભાગ -યાવત્-પંદરમીએ પંદર ભાગ.

પંદરમીના અંતિમ સમયમાં ચંદ્ર રાહુથી પૂર્ણ રક્ત (આચ્છાદિત) રહે છે, અવશેષ સમયોમાં ચન્દ્ર રાહુથી રક્ત કે વિરક્ત પણ રહે છે. આ અમાવસ્યા (અમાસ) છે. એ પ્રથમ પર્વ અમાવસ્યા (અમાસ) નું છે. આ કૃષ્ણપક્ષ છે.

કૃષ્ણપક્ષથી શુકલપક્ષમાં જતો ચંદ્ર ચારસો બેંતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાંસઠ ભાગોમાંથી છેતાલીસ ભાગ સુધી રાહુ વિરકત (અનાચ્છાદિત) રહે છે.

જેમકે-પ્રતિપદા (એકમ) એ એક ભાગ, દ્વિતીયા (બીજે) એ બે ભાગ -યાવત્-પંદરમી એ પંદર ભાગ

પંદરમીના (દિવસે) અંતિમ સમયે ચંદ્ર રાહુથી સર્વથા વિરક્ત રહે છે.

અવશેષ સમયોમાં રક્ત અને વિરકત પણ રહે છે.

આ પૂર્ણમાસી (પૂર્ણિમા) છે તે બીજુ પર્વ પૂર્ણમાસીનું છે. આ શુકલપક્ષ છે.

**दोसिणा अंधयारस्स य बहुत्त कारणं-**

१०४३. (क) १. प. ता कता ते दोसिणाबहू आहितेति वदेज्जा ?

उ. ता दोसिणापक्खे णं दोसिणा बहू आहितेति वदेज्जा,

२. प. ता कहं ते दोसिणापक्खे णं दोसिणा बहू आहितेति वदेज्जा ?

उ. ता अंधकारपक्खाओ णं दोसिणा बहू आहितेति वदेज्जा,

३. प. ता कहं ते अंधकारपक्खाओ णं दोसिणापक्खे दोसिणा बहू आहितेति वदेज्जा ?

**ચંદ્રિકા અને અંધકારના આધિક્યનું કારણ :**

૧૦૪૩. (ક) (૧) પ્ર. ચંદ્રિકા કયારે વધારે (હોવાનું) કહેવામાં આવ્યું છે ?

ઉ. શુકલપક્ષમાં ચંદ્રિકા વધારે (હોવાનું) કહેવામાં આવ્યુ છે.

(૨) પ્ર. શુકલપક્ષમાં ચંદ્રિકા વધુ (હોવાનું) કેમ કહેવામાં આવ્યું છે ?

ઉ. અંધકાર પક્ષથી (શુકલપક્ષની) ચંદ્રિકા વધુ કહેવામાં આવ્યું છે.

(૩) પ્ર. અંધકારપક્ષથી શુકલપક્ષમાં ચંદ્રિકા વધુ કેમ કહેવામાં આવ્યું છે ?

---

१. सम. ६२, सु. ३

२. (क) चन्द्र. पा. १३, सु. ७९ (ख) जीवा. पडि. ३, उ.२, सु. १७७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. ता अंधकारपक्खाओ णं दोसिणापक्खं अयमाणे चन्दे चत्तारि बायाले मुहुत्तसते छत्तालीसं च बावट्ठिभागे मुहुत्तस्स जाइं चन्दे विरज्जति, तं जहा -पढमाए पढमं भागं, बितियाए बितियं भागं-**जाव**-पण्णरसीए पण्णरसं भागं,

**एवं खलु अंधकारपक्खाओ णं दोसिणापक्खे दोसिणा बहू आहितात्ति वदेज्जा,**

उ. અંધકાર પક્ષમાંથી શુકલપક્ષમાં આવતો ચંદ્ર ચારસો બેંતાલીસ મુહૂર્ત એન એક મુહૂર્તના બાંસઠ ભાગોમાંથી છેતાલીસ ભાગ જેટલા સમય સુધી નિત્યરાહુ વડે અનાવૃત રહે છે. જેમકે- પ્રતિપદા (એકમ) એ એક ભાગ, દ્વિતીયા એ (બીજે) બે ભાગ-**યાવત્**-પંદરમી (પૂર્ણિમા) એ પંદર ભાગ.

**આ રીતે અંધકાર પક્ષથી શુકલપક્ષમાં ચંદ્રિકા વધુ રહે છે.**

४. प. ता केवतिया णं दोसिणापक्खे दोसिणा बहू आहितात्ति वदेज्जा ?

उ. ता परित्ता असंखेज्जा भागा,

(૪) પ્ર. શુકલપક્ષમાં ચંદ્રિકા કેટલી વધુ કહેવામાં આવી છે ?

ઉ. પરિમિત અસંખ્ય ભાગ (કહી) છે.

(ख) १. प. ता कता ते अंधकारे बहू आहितेति वदेज्जा ?

उ. ता अंधकारपक्खे णं अंधकारे बहू आहितेति वदेज्जा,

(ખ)(૧) પ્ર. અંધકાર ક્યારે વધુ કહેવામાં આવ્યો છે ?

ઉ. અંધકાર કૃષ્ણપક્ષમાં વધુ કહેવામાં આવ્યો છે.

२. प. ता कहं ते अंधकारपक्खे णं अंधकारे बहू आहितेति वदेज्जा ?

उ. ता दोसिणापक्खाओ अंधकारपक्खे णं अंधकारे बहू आहितेति वदेज्जा,

(૨) પ્ર. અંધકાર પક્ષમાં અંધકાર વધુ કેમ કહેવામાં આવ્યો છે ?

ઉ. શુકલપક્ષથી કૃષ્ણપક્ષમાં અંધકાર વધુ કહેવામાં આવ્યો છે.

३. प. ता कहं ते दोसिणापक्खाओ अंधकारपक्खेणं अंधकारे बहू आहितेति वदेज्जा ?

(૩) પ્ર. શુકલપક્ષથી અંધકાર પક્ષમાં અંધકાર વધુ કેમ કહેવામાં આવ્યો છે ?

उ. ता दोसिणापक्खाओ णं अंधकारपक्खं अयमाणे चंदे चत्तारि बायाले मुहुत्तसते छत्तालीसं च बावट्ठिभागे मुहुत्तस्स जाइं चन्दे रज्जति, तं जहा -पढमाए पढमं भागं बितियाए बितियं भागं -जाव-पण्णरसं भागं,

**एवं खलु दोसिणापक्खाओ णं अंधकारपक्खे अंधकारे बहू आहितेति वदेज्जा,**

ઉ. શુકલપક્ષથી કૃષ્ણપક્ષમાં આવતા ચંદ્ર ચારસો બેંતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાંસઠ ભાગોમાંથી છેતાલીસ ભાગો જેટલા સમય સુધી નિત્યરાહુ વડે આવૃત થતો રહે છે. જેમકે-પ્રતિપદાએ (એકમ) એક ભાગ, દ્વિતીયાએ (બીજે) બે ભાગ-**યાવત્**-પંદરમી (અમાવસ્યા) એ પંદર ભાગ.

**આ રીતે શુકલપક્ષથી અંધકારપક્ષમાં અંધકાર વધુ કહેવામાં આવ્યો છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. प. ता केवतिए णं अंधकारपक्खे अंधकारे बहू आहितेति वदेज्जा ?

उ. परित्ते असंखेज्ज भागे।[१]

-सूरिय. पा. १४, सु. ८२

(૪) પ્ર. અંધકાર પક્ષમાં અંધકાર કેટલો વધુ કહેવામાં આવ્યો છે?

ઉ. પરિમિત અસંખ્ય ભાગ (કહેવામાં આવ્યો) છે.

**चंदमण्डल संखा-**

१०४४. प. ता कति ते चंदमंडला पण्णत्ता ?

उ. ता पण्णरस चंदमंडला पण्णत्ता।[२]

-सूरिय. पा. १०, पाहु. ११, सु. ४५

**ચંદ્રમંડળોની સંખ્યા :**

૧૦૪૪. પ્ર. ચંદ્રમંડળ કેટલા કહેવામાં આવ્યા છે ?

ઉ. પંદર ચંદ્રમંડળ કહેવામાં આવ્યા છે.

**चंदमंडलस्स पमाणं-**

१०४५. प. चंदमंडले णं भंते !

केवइयं आयाम-विक्खंभेणं ?

केवइयं परिक्खेवेणं ?

केवइयं बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! छप्पन्नं एगसट्ठिभाए जोअणस्स आयाम-विक्खंभेणं।

तं तिगुणं सविसेसं परिक्खेवेणं।

अट्ठावीसं च एगसट्ठिभाए जोयणस्स बाहल्लेणं पण्णत्ते।[३] -जंबु. वक्ख. ७, सु. १७८

**ચંદ્રમંડળનું પ્રમાણ :**

૧૦૪૫. પ્ર. હે ભગવન્ ! ચંદ્રમંડળનો -

આયામ-વિષ્કંભ કેટલો કહેવામાં આવ્યો છે ?

પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

અને બાહલ્ય (જાડાઈ) કેટલો કહેવામાં આવ્યો છે ?

ઉ. હે ગૌતમ ! એક યોજનના એકસઠ ભાગોમાંથી છપ્પન ભાગ જેટલો આયામ-વિષ્કંભ કહેવામાં આવ્યો છે.

એનાથી ત્રણગણાથી કંઈક અધિક પરિધિ કહેવામાં આવી છે.

એક યોજનના એકસઠ ભાગોમાંથી અઠ્ઠાવીસ ભાગ જેટલો બાહલ્ય (જાડાઈ) કહેવામાં આવ્યો છે.

**पण्णरस-चंदमंडलाणं ओगाहणखेत्तं -**

१०४६. प. जंबुद्दीवे णं भंते ! दीवे केवइयं ओगाहित्ता केवइया चंदमंडला पण्णत्ता ?

उ. गोयमा ! जंबुद्दीवे णं दीवे असीयं जोयणसयं ओगाहित्ता एत्थ णं पंच चंदमंडला पण्णत्ता।

प. लवणे णं भंते ! समुद्दे केवइयं ओगाहित्ता केवइया चंदमंडला पण्णत्ता ?

उ. गोयमा ! लवणे णं समुद्दे तिण्णि तीसाइं जोयणसयाइं ओगाहित्ता एत्थ णं दस चंदमंडला पण्णत्ता।

**પંદર ચંદ્રમંડળોનુંઅવગાહન ક્ષેત્ર :**

૧૦૪૬. પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં કેટલું અવગાહન (ઓળંગવા) કરવા પર કેટલા ચંદ્રમંડળ કહેવામાં આવ્યા છે ?

ઉ. હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં એકસો એંસી યોજન અવગાહન કરવા પર પાંચ ચંદ્રમંડળ કહેવામાં આવ્યા છે.

પ્ર. હે ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલું અવગાહન કરવા પર કેટલા ચંદ્રમંડળ કહેવામાં આવ્યા છે ?

ઉ. હે ગૌતમ ! લવણ સમુદ્રમાં ત્રણસો ત્રીસ યોજન અવગાહન કરવા પર દસ ચંદ્ર મંડળ કહેવામાં આવ્યા છે.

---

૧. (क) चंद पा. १४, सु. ८२

(ખ) "સૂર્યપ્રજ્ઞપ્તિ" પ્રાભૃત ૧૩, સૂત્ર ૭૯ અને સૂર્યપ્રજ્ઞપ્તિ પ્રાભૃત ૧૪, સૂત્ર ૮૨ : આ બન્ને સૂત્રોનો ફલિતાર્થ સમાન છે. ફેર એટલો છે કે સૂત્ર ૭૯માં 'ચંદ્રની ક્ષય-વૃદ્ધિ'નું કથન છે. સૂત્ર ૮૨માં 'ચંદ્રિકા અને અંધકારની અધિકતા'નું કથન છે. પરંતુ ચંદ્રની ક્ષય-વૃદ્ધિથી ચંદ્રિકા તેમજ અંધકારની અધિકતા થાય છે.

૨. (क) जम्बू. वक्ख. ७, सु. १४२ (ख) चंद. पा. १०, पाहु. ११, सु. ४५

૩. આ સૂત્રથી સ્પષ્ટ થાય છે કે- ચંદ્ર વિમાન અને ચંદ્ર મંડળ એક જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवामेव सपुव्वावरेणं जंबुद्दीवे लवणे व पन्नरस चंदमंडला भवंतीतिमक्खायं।

-जंबु. वक्ख. ७, सु. १७५

આ રીતે પૂર્વાપર (આગળ પાછળના) મળીને જંબૂદ્વીપ અને લવણસમુદ્રમાં પંદર ચંદ્રમંડળ કહેવામાં આવ્યા છે.

**पत्तेयं चंदमण्डलस्स अंतरं -**

१०४७. प. चंदमंडलस्स णं भंते ! चंदमंडलस्स केवइआए अबाहाए अंतरे पण्णत्ते ?

उ. गोयमा ! पणतीसं जोयणाइं तीसं च एगसट्ठिभाए जोयणस्स एगसट्ठिभागं च सत्तहा छेत्ता। चत्तारि चुण्णिआभाए चंदमंडलस्स-चंदमंडलस्स अबाहाए अंतरे पण्णत्ते।

- जंबु. वक्ख. ७, सु. १७७

**પ્રત્યેક ચંદ્રમંડળનું (પરસ્પરનું) અંતર :**

૧૦૪૭. પ્ર. હે ભગવન્ ! એક ચંદ્રમંડળનું બીજા ચંદ્રમંડળ વચ્ચેનું વ્યવધાન (બાધા) રહિત કેટલું અંતર કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! પાંત્રીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી ત્રીસભાગ અને એકસઠ ભાગોમાં વિભકત એક યોજનના સાત ભાગોમાંથી ચાર ચૂર્ણિકા ભાગ જેટલું એક ચંદ્રમંડળથી બીજા ચંદ્રમંડળનું વ્યવધાન રહિત (બાધારહિત) અંતર કહેવામાં આવ્યું છે.

**सव्वब्भंतर -बाहिर-चंदमण्डलाणं अन्तरं-**

१०४८. प. सव्वब्भंतराओ णं भंते ! चंदमंडलाओ णं केवइआए अबाहाए सव्वबाहिरे चंदमंडले पण्णत्ते ?

उ. गोयमा ! पंचदसुत्तरे जोयणसए अबाहाए सव्वबाहिरए चंदमंडले पण्णत्ते।[1]

-जंबु. वक्ख. ७, सु.१७६

**સર્વઆભ્યંતર અને સર્વબાહ્ય ચંદ્રમંડળનું અંતર :**

૧૦૪૮. પ્ર. હે ભગવન્ ! સર્વ આભ્યન્તર ચંદ્રમંડળથી સર્વબાહ્ય ચંદ્રમંડળ વ્યવધાન રહિત (બાધારહિત) કેટલા અંતરે (આવેલા) કહેવામાં આવ્યા છે ?

ઉ. હે ગૌતમ ! સર્વ આભ્યન્તરથી સર્વબાહ્ય ચંદ્ર મંડળ વ્યવધાન રહિત (બાધારહિત) પાંચસો દસ યોજનના અંતરે (આવેલા) કહેવામાં આવ્યા છે.

**मंदरपव्वयाओ सव्वब्भंतर-बाहिर-चन्दमण्डलाणं अबाहा अन्तरे-**

१०४९. १. प. जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वब्भंतरे चंदमंडले पण्णत्ते ?

उ. गोयमा ! चोआलीसं जोयणसहस्साइं अट्ठ य वीसे जोयणसए अबाहाए सव्वब्भंतरे चंदमंडले पण्णत्ते।

२. प. जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वब्भंतराणंतरे चंदमंडले पण्णत्ते ?

**મંદર પર્વતથી સર્વ આભ્યન્તર અને સર્વબાહ્ય ચંદ્રમંડળોનું વ્યવધાન રહિત અંતર :**

૧૦૪૯. (૧) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતથી વ્યવધાન રહિત કેટલા અંતરે સર્વ આભ્યન્તર ચંદ્રમંડળ કહેવામાં આવ્યા છે ?

ઉ. હે ગૌતમ ! મંદર પર્વતથી વ્યવધાન રહિત ચુંમાલીસ હજાર આઠસો વીસ યોજનના અંતરે સર્વ આભ્યન્તર ચંદ્રમંડળ (આવેલા) કહેવામાં આવ્યા છે.

(૨) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતથી બાધા રહિત કેટલા અંતરે સર્વ આભ્યન્તર ચંદ્રમંડળથી "અનન્તર ચંદ્રમંડળ" (આવેલા) કહેવામાં આવ્યું છે ?

---

૧. જંબૂ. વક્ષ. ૭, સુ. ૧૪૨ની અનુસાર જંબૂદ્વીપમાં એકસો એંસી યોજન અવગાહન કરવા (ના સ્થાન) પર પાંચ ચંદ્રમંડળ છે અને લવણ સમુદ્રમાં ત્રણસો ત્રીસ યોજન અવગાહન કરવા (ના સ્થાન) પર દસ ચંદ્રમંડળ છે. એટલે એકસો એંસી અને ત્રણસો ત્રીસ. આ બન્ને સંખ્યા ભેગી કરવાથી પાંચસો દસ યોજન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! चोआलीसं जोयणसहस्साइं अट्ठ य छप्पण्णे जोयणसए पणवीसं च एगसट्ठिभाए जोयणस्स । एगट्ठिभागं च सत्तहा छेत्ता चत्तारि चुण्णिआभाए अबाहाए अब्भंतराणंतरे[१] चंदमंडले पण्णत्ते ।

ઉ. હે ગૌતમ ! (મંદર પર્વતથી બાધા રહિત) ચુંમાલીસ હજાર આઠસો છપ્પન યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પચ્ચીસ ભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી ચાર ચૂર્ણિકા ભાગ જેટલા અંતરે સર્વ આભ્યન્તર ચંદ્રમંડળથી 'અનન્તર ચંદ્રમંડળ' (આવેલા) કહેવામાં આવ્યા છે.

३. प. जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए अब्भंतर तच्चे चंदमंडले पण्णत्ते ?

(૩) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતમાં બાધા રહિત કેટલા અંતરે સર્વ આભ્યન્તર ચંદ્રમંડળથી તૃતીય (ત્રીજું) ચંદ્રમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

उ. गोयमा ! चोआलीसं जोयणसहस्साइं अट्ठ य बाणउए जोयणसए एगावण्णं च एगसट्ठिभाए जोयणस्स । एगट्ठिभागं च सत्तहा छेत्ता एगं चुण्णिआ भागं अबाहाए अब्भंतर तच्चे चंदमंडले पण्णत्ते ।

ઉ. હે ગૌતમ ! મંદર પર્વતથી બાધા રહિત ચુંમાલીસ હજાર આઠસો બાણું યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી એકાવન ભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી એક ચૂર્ણિકા ભાગ જેટલા અંતર પર આભ્યન્તર ચંદ્રમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે.

एवं खलु एएणं उवाएणं णिक्खममाणे चंदे तयाणंतराओमंडलाओ तयाणंतरं मंडलसंकममाणे संकममाणे छत्तीसं छत्तीसं जोयणाइं पणवीसं च एगसट्ठिभाए जोयणस्स । एगट्ठिभागं च सत्तहा छेत्ता चत्तारि चुण्णिआभाए एगमेगे मंडले अबाहाए वुड्ढिं अभिवड्ढेमाणे-अभिवड्ढेमाणे सव्वबाहिरं चंदमण्डलं उवसंकमित्ता चारं चरइ ।

આ રીતે આ ક્રમે નિષ્ક્રમણ કરતો એવો ચંદ્ર એક ચંદ્રમંડળથી અનન્તર ચંદ્રમંડળ ની તરફ આગળ વધતો વધતો બાધા રહિત છત્રીસ-છત્રીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પચ્ચીસભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી ચાર ચૂર્ણિકા ભાગ જેટલા અંતરે પ્રત્યેક ચંદ્રમંડળમાં વૃદ્ધિ કરતો-કરતો સર્વ બાહ્ય ચંદ્રમંડળની બાજુ વધતો એવો ગતિ કરે છે.

१. प. जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वबाहिरे चंदमण्डले पण्णत्ते ?

(૧) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતથી બાધારહિત કેટલા અંતરે સર્વ બાહ્ય ચંદ્રમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

उ. गोयमा ! पणयालीसं जोयणसहस्साइं तिण्णि अ तीसे जोयणसए अबाहाए सव्वबाहिरए चंदमण्डले पण्णत्ते ।

ઉ. હે ગૌતમ ! મંદર પર્વતથી બાધારહિત પીસ્તાલીસ હજાર ત્રણસો ત્રીસ યોજનના અંતર પર સર્વ બાહ્ય ચંદ્રમંડળ (આવેલું) છે.

---

૧. આભ્યંતરાનન્તર- આભ્યંતરની પછીનો બીજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. प. जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए बाहिराणंतरे चंदमण्डले पण्णत्ते?

उ. गोयमा ! पणयालीसं जोयणसहस्साइं दोण्णि य तेणउए जोयणसए पणतीसं च एगसट्ठिभाए जोयणस्स एगट्ठिभागं च सत्तहा छेत्ता तिण्णि चुण्णिया भाए अबाहाए बाहिराणंतरे चंदमण्डले पण्णत्ते।

३. प. जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए बाहिरतच्चे चंदमण्डले पण्णत्ते?

उ. गोयमा ! पणयालीसं जोयणसहस्साइं दोण्णि अ सत्तावण्णे जोयणसए णव य एगसट्ठिभाए जोयणस्स एगट्ठिभागं च सत्तहा छेत्ता छ चुण्णिआभाए अबाहाए बाहिरतच्चे चंदमण्डले पण्णत्ते।

एवं खलु एएणं उवाएणं पविसमाणे चंदे तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं संकममाणे संकममाणे छत्तीसं-छत्तीसं जोयणाइं पणवीसं च एगसट्ठिभाए जोयणस्स एगट्ठिभागं च सत्तहा छेत्ता चत्तारि चुण्णिआभाए एगमेगे मण्डले अबाहाए वुड्ढिं निवुड्ढेमाणे निवुड्ढेमाणे सव्वब्भंतरं मण्डल उवसंकमित्ता चारं चरइ।[1]

-जंबु. वक्ख. ७, सु. १७२

(२) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી બાધારહિત કેટલા અંતર પર સર્વબાહ્ય ચંદ્રમંડળથી અનન્તર ચન્દ્રમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! મંદર પર્વતથી બાધા રહિત પીસ્તાલીસ હજાર બસો ત્રાણું યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ તથા એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી ત્રણ ચૂર્ણિકા ભાગ જેટલા અંતર પર સર્વ બાહ્ય ચંદ્રમંડળથી અનન્તર ચંદ્રમંડળ કહેવામાં આવ્યું છે.

(૩) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતથી બાધારહિત કેટલા અંતર પર સર્વ બાહ્ય ચંદ્રમંડળથી તૃતીય (ત્રીજું) ચંદ્રમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! મંદર પર્વતથી બાધારહિત પીસ્તાલીસ હજાર બસો સત્તાવન યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી નવ ભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી છ ચૂર્ણિકા ભાગ જેટલા અંતરે સર્વ બાહ્ય ચંદ્રમંડળથી તૃતીય ચંદ્રમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે.

આ પ્રમાણે આ ક્રમથી પ્રવેશ કરતો એવો ચંદ્ર એક ચંદ્રમંડળથી અનન્તર ચંદ્રમંડળ તરફ વધતો વધતો બાધારહિત છત્રીસ-છત્રીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પચ્ચીસ ભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી ચાર ચૂર્ણિકા ભાગ જેટલો અંતર પર પ્રત્યેક ચંદ્રમંડળમાં હાનિ (ક્ષય) કરતો-કરતો સર્વ આભ્યન્તર ચંદ્રમંડળની તરફ આગળ વધતો ગતિ કરે છે.

---

१. પ્રસ્તુત સૂત્રના બધા પ્રશ્નોમાં "जंबुद्दीवे-दीवे" એવો મૂળ પાઠ છે. એના સ્થાને "जंबुद्दीवे णं भंते ! दीवे" એવો પાઠ હોવો ઉચિત છે, કેમકે - બધા ઉત્તરોમાં 'गोयमा !' પાઠનો પ્રયોગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सव्वब्भंतर-बाहिर चंदमण्डलाणं आयाम-विक्खंभो परिक्खेवो य-**

१०५०. १. प. (क) सव्वब्भंतरे णं भंते! चंदमण्डले केवइयं आयाम-विक्खंभेणं ?

(ख) केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. (क) गोयमा ! सव्वब्भंतरे णं चंदमण्डले णवणउइं जोयणसहस्साइं छच्चचत्ताले जोयणसए आयाम विक्खंभेणं ।

(ख) तिण्णि अ जोयणसयसहस्साइं पण्णरस जोयणसहस्साइं अउणाणउतिं च जोयणाइं किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते।

२. प. (क) अब्भंतराणंतरे णं भंते ! चंदमण्डले केवइयं आयाम-विक्खंभेणं ?

(ख) केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. (क) गोयमा ! अब्भंतराणंतरे णं चंदमण्डले णवणउइं जोयणसहस्साइं सत्त य बारसुत्तरे जोयणसए एगावण्णं च एगसट्ठिभागे जोयणस्स एगट्ठिभागं च सत्तहा छेत्ता एगं चुण्णिआभागं आयाम-विक्खंभेणं ।

(ख) तिण्णि अ जोयणसयसहस्साइं तिण्णि अ एगूणवीसे जोयणसए किंचिविसेसाहिए परिक्खेवेणं पण्णत्ते ।

३. प. (क) अब्भंतरतच्चे णं भंते ! चंदमण्डले केवइयं आयाम-विक्खंभेणं ?

(ख) केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. (क) गोयमा ! अब्भंतरच्चे णं चंदमण्डले णवणउइं जोयणसहस्साइं सत्त य पंचासीए जोयणसए इगतालीसं च एगसट्ठिभाए जोयणस्स एगट्ठिभागं च सत्तहा छेत्ता दोण्णि अ चुण्णियाभाए आयाम-विक्खंभेणं ।

**સર્વ આભ્યન્તર અને બાહ્ય ચંદ્રમંડળોના આયામ-વિષ્કંભ તથા પરિધિ :**

૧૦૫૦. (૧) પ્ર. (ક) હે ભગવન્ ! સર્વ આભ્યન્તર ચંદ્રમંડળનો કેટલો આયામ-વિષ્કંભ છે ?

(ખ) અને કેટલી પરિધિ કહેવામાં આવી છે ?

ઉ. (ક) હે ગૌતમ ! સર્વ આભ્યન્તર ચંદ્ર મંડળનો આયામ-વિષ્કંભ નવાણું હજાર છસો ચાલીસ યોજનનો છે.

(ખ) ત્રણ લાખ પંદર હજાર નેવ્યાસી યોજનથી કંઈક વધારેની પરિધિ કહેવામાં આવી છે.

(૨) પ્ર. (ક) હે ભગવન્ ! આભ્યન્તરાન્તર ચંદ્રમંડળનો કેટલો આયામ-વિષ્કંભ છે ?

(ખ) અને કેટલી પરિધિ કહેવામાં આવી છે ?

ઉ. (ક) હે ગૌતમ ! આભ્યન્તરાન્તર ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ નવાણું હજાર સાતસો બાર યોજન અને એક યોજન એકસઠ ભાગોમાંથી એકાવન ભાગ તથા એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી એક ચૂર્ણિકા ભાગ જેટલો છે.

(ખ) ત્રણ લાખ ત્રણસો ઓગણીસ યોજનથી કંઈક વધારેની પરિધિ કહેવામાં આવી છે.

(૩) પ્ર. (ક) હે ભગવન્ ! આભ્યન્તર તૃતીય (ત્રીજું) ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ કેટલો છે ?

(ખ) અને કેટલી પરિધિ કહેવામાં આવી છે ?

ઉ. (ક) હે ગૌતમ ! આભ્યન્તર તૃતીય (ત્રીજું) ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ નવાણું હજાર સાતસો પંચાસી યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી એક્તાલીસ ભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી બે ચૂર્ણિકા ભાગ જેટલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ख) तिण्णि अ जोयणसयसहस्साइं पण्णरस जोयणसहस्साइं पंच य इगुणापण्णे जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते।

(ખ) ત્રણ લાખ પંદર હજાર પાંચસો ઓગણપચાસ યોજનથી કંઈક વધારે પરિધિ કહેવામાં આવી છે.

एवं खलु एएणं उवाएणं णिक्खममाणे चन्दे तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं संकममाणे संकममाणे बावत्तरिं-बावत्तरिं जोयणाइं एगावण्णं च एगसट्ठिभाए जोयणस्स। एगट्ठिभागं च सत्तहा छेत्ता एगं च चुण्णिआभागं एगमेगे मण्डले विक्खंभवुड्ढिं अभिवड्ढेमाणे-अभिवड्ढेमाणे दो दो तीसाइं जोयणसयाइं परिरयवुड्ढिं अभिवड्ढेमाणे अभिवड्ढेमाणे सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ।

આ પ્રમાણે આ ક્રમે નિષ્ક્રમણ કરતો એવો ચંદ્ર એક ચંદ્રમંડળથી બીજા ચંદ્રમંડળની તરફ વધતો-વધતો બોંતેર-બોંતેર યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી એકાવન ભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી એક ચૂર્ણિકા ભાગ જેટલા વિષ્કંભની વૃદ્ધિને પ્રત્યેક મંડળમાં વધારતો-વધારતો બસો ત્રીસ યોજન પરિધિની વૃદ્ધિ કરતો-કરતો સર્વ બાહ્યમંડળની તરફ ગતિ કરે છે.

१. प. (क) सव्वबाहिरए णं भंते ! चंदमण्डले केवइयं आयाम-विक्खंभेणं ?

(ख) केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. (क) गोयमा ! सव्वबाहिरए णं चंदमण्डले एगं जोयणसहस्सं छच्चसट्ठे जोयणसए आयाम- विक्खंभेणं।

(ख) तिण्णि अ जोयणसयसहस्साइं अट्ठारससहस्साइं तिण्णि अ पण्णरसुत्तरे जोयणसए परिक्खेवेणं पण्णत्ते।

(૧) પ્ર. (ક) હે ભગવન્ ! સર્વ બાહ્ય ચંદ્રમંડળનો કેટલો આયામ-વિષ્કંભ છે ?

(ખ) કેટલી પરિધિ કહેવામાં આવી છે ?

ઉ. (ક) હે ગૌતમ ! સર્વ બાહ્ય ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ એક લાખ છસો સાઈઠ યોજનનો છે.

(ખ) ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર યોજનની પરિધિ કહેવામાં આવી છે.

२. प. (क) बाहिराणंतरे णं भंते ! चंदमण्डले केवइयं आयाम-विक्खंभेणं ?

(ख) केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. (क) गोयमा ! बाहिराणंतरे णं चंदमण्डले एगं जोयणसयससहस्सं पंच सत्तासीए जोयणसए णव य एगसट्ठिभाए जोयणस्स एगट्ठिभागं च सत्तहा छेत्ता छ चुण्णिआभाए आयाम विक्खंभेणं।

(૨) પ્ર. (ક) હે ભગવન્ ! બાહ્યાન્તર ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ કેટલો છે ?

(ખ) અને પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

ઉ. (ક) હે ગૌતમ ! બાહ્યાન્તર ચંદ્રમંડળનો આયામ-વિષ્કંભ એક લાખ પાંચસો સત્યાસી યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી નવભાગ અને એકસઠ ભાગોમાં વિભક્ત એક યોજનના સાત ભાગોમાંથી છ ચૂર્ણિકા ભાગ જેટલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ख) तिण्ण अ जोयणसयसहस्साइं अट्ठारससहस्साइं पंचासीइं च जोयणाइं परिक्खेवेणं पण्णत्ते।

प. ता तीसे णं परिक्खेवविसेसे कओ ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं मंदरस्स पव्वयस्स परिक्खेवेणं तं परिक्खेवं दोहिं गुणेत्ता, दसहिं छित्ता दसहिं भागे हीरमाणे, एस णं परिक्खेवविसेसे-आहिए त्ति वएज्जा।

तीसे णं सव्वबाहिरिया बाहा लवणसमुद्दं तेणं तेवट्ठिं जोयणसहस्साइं दोण्णि य पणयाले जोयणसए छच्च य दस भागे जोयणस्स परिक्खेवेणं, आहिए त्ति वएज्जा।

प. ता से णं परिक्खेवविसेसे कओ ? आहिए त्ति वएज्जा,

उ. ता जे णं जंबुद्दीवस्स दीवस्स परिक्खेवे, तं परिक्खेवं दोहिं गुणेत्ता दसहिं छेत्ता दसहिं भागेहिं हीरमाणे एसणं परिक्खेवविसेसे, आहिए त्ति वएज्जा।

प. ता जे णं अंधकारे केवइयं आयामेणं ? आहिए त्ति वएज्जा।

उ. ता अट्ठत्तरिं जोयणसहस्साइं तिण्णि य तेत्तीसे जोयणसए जोयणतिभागं च आयामेणं, आहिए त्ति वएज्जा।

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसेणं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ।

प. ता जया णं सूरिए सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं किं संठिया तावखेत्तसंठिई आहिए त्ति वएज्जा।

उ. ता उद्धीमुह-कलंबुया पुप्फसंठिया तावक्खेत्त-संठिई आहिए त्ति वएज्जा।

**एवं जं अब्भिंतरमंडले अंधकारसंठिईए पमाणं तं बाहिरमंडले तावक्खेत्तसंठिईए जं तहिं तावक्खेत्तसंठिईए तं बाहिर मंडले अंधकारसंठिईए भाणियव्वं -जाव-**

એની સર્વાભ્યન્તર બાહા મંદરપર્વતની સમીપ છ હજાર ત્રણસો ચોવીસ યોજન અને એક યોજનના દસ ભગોમાંથી છ ભાગ જેટલી (૬૩૨૪/૬/૧૦) પરિધિવાળી છે.

પ્ર. એની આ પરિધિ વિશેષનું પ્રમાણ કેવા પ્રકારનું છે ? કહો

ઉ. મંદર પર્વતની પૂર્વોક્ત પરિધિને બેથી ગુણાકરી ને એને દસના ભાગવડે ભાગે અને દસના ભાગ દીધા હોવાથી એ પરિધિ વિશેષનું પ્રમાણ ઉપલબ્ધ થાય છે.

એની સર્વ બાહ્ય બાહા લવણસમુદ્રની સમીપ ત્રેસઠ હજાર બસો પીસ્તાલીસ યોજન અને એક યોજનના દસ ભાગોમાંથી છ ભાગ (૬૩૨૪૫ ૬/૧૦) જેટલી પરિધિવાળી છે.

પ્ર. એની આ પરિધિ વિશેષનું પ્રમાણ કેવા પ્રકારનું છે ? કહો

ઉ. જંબૂદ્વીપ નામના દ્વીપની પૂર્વોક્ત પરિધિ ને બે ગણીકરો, દસ વડે ભાગો અને દસવડે ભાગવાથી એ પરિધિ વિશેષનું પ્રમાણ ઉપલબ્ધ થાય છે.

પ્ર. એ અંધકાર (સૂર્યથી અપ્રકાશિત રહેલક્ષેત્ર)નો આયામ કેટલો છે ? કહો

ઉ. એનો આયામ અઠ્ઠોત્તર હજાર ત્રણસો તેત્રીસ યોજન અને એક યોજનના ત્રણ ભાગમાંથી એક ભાગ(૭૮૩૩૩/૧/૩) જેટલો છે.

એ સમયે સૂર્ય પરમ ઉત્કર્ષ થવાને (કારણે) ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

પ્ર. જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળને લક્ષ્ય કરીને ગતિ કરે છે ત્યારે સૂર્યના એ તાપક્ષેત્રનો આકાર કેવા પ્રકારનો હોય છે ? કહો

ઉ. એનો અકાર ઉપર તરફ જેનું મુખ છે એવા કલંબુક પુષ્પ જેવો હોય છે.

**જે પ્રમાણે આભ્યન્તર મંડળમાં અંધકારની સંસ્થિતિ (આકાર)નું પ્રમાણ છે તેજ બાહ્ય મંડળમાં તાપ ક્ષેત્રના આકારનું પ્રમાણ છે અને આભ્યન્તર મંડળમાં જે તાપક્ષેત્રના આકારનું પ્રમાણ છે તેજ બાહ્ય મંડળમાં અંધકારના આકારનું પ્રમાણ કહેવું જોઈએ -યાવત્-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तया णं उत्तमकट्ठपत्ता उक्कोसेणं अट्ठारस मुहुत्ता राई भवति, जहण्णिए दुवालस मुहुत्ते दिवसे भवइ[1]।

- सूरिय. पा. ४, सु. २५

એ સમયે સૂર્ય પરમ ઉત્કર્ષ હોવાથી ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

**जंबुद्दीवे सूरियाणं खेत्तं किरिया परूवणं-**

१०७९. प. (क) जंबुद्दीवे णं भंते ! दीवे सूरिया - किं तीए खेत्ते किरिया कज्जइ ?

(ख) पडुप्पन्ने खेत्ते किरिया कज्जइ ?

(ग) अणागए खेत्ते किरिया कज्जइ ?

उ. (क) गोयमा ! नो तीए खेत्ते किरिया कज्जइ,

(ख) पडुप्पन्ने खेत्ते किरिया कज्जइ,

(ग) नो अणागए खेत्ते किरिया कज्जइ।

प. सा भंते ! किं पुट्ठा किरिया कज्जति, अपुट्ठा किरिया कज्जति ?

उ. गोयमा ! पुट्ठा किरिया कज्जति, नो अपुट्ठा किरिया कज्जति **-जाव -**[2]।

प. सा भंते ! किं एगदिसिं किरिया कज्जति, छद्दिसिं किरिया कज्जइ ?

**જંબૂદ્વીપમાં સૂર્યના ક્ષેત્રોમાં ક્રિયાનું પ્રરૂપણ :**

૧૦૭૯. પ્ર. (ક) હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય શું ભૂતકાળ (ના) ક્ષેત્રમાં ક્રિયા કરે છે ?

(ખ) વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે ?

(ગ) કે અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરે છે ?

ઉ. (ક) હે ગૌતમ ! તે ભૂતકાળ (ના) ક્ષેત્રમાં ક્રિયા કરતો નથી.

(ખ) વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરે છે.

(ગ) અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરતો નથી.

પ્ર. હે ભગવન્ ! તે સ્પૃષ્ટ ક્રિયા કરે છે કે અસ્પૃષ્ટ ક્રિયા કરે છે ?

ઉ. હે ગૌતમ ! તે સ્પૃષ્ટ ક્રિયા કરે છે, અસ્પૃષ્ટ ક્રિયા કરતો નથી **- યાવત્ -**

પ્ર. હે ભગવન્ ! શું તે એક દિશામાં ક્રિયા કરે છે કે છયે દિશાઓમાં ક્રિયા કરે છે ?

---

१. (क) जम्बु. वक्ख. ७. सु. १६८    (ख) चन्द. पा. ४, सु. २५

२. **यावत्**-पद से संग्रहित सूत्र-

प. से णं भंते ! किं ओगाढा किरिया कज्जइ ? अणोगाढा किरिया कज्जइ ?

उ. गोयमा ! ओगाढा किरिया कज्जइ, नो अणोगाढा किरिया कज्जइ।

प. से णं भंते ! किं अणंतरोगाढा किरिया कज्जइ ? परंपरोगाढा किरिया कज्जइ ?

उ. गोयमा ! अणंतरोगाढा किरिया कज्जइ, नो परंपरोगाढा किरिया कज्जइ।

प. सा णं भंते ! किं अणु किरिया कज्जइ ? बायरा किरिया कज्जइ ?

उ. गोयमा ! अणु वि किरिया कज्जइ, बायरा वि किरिया कज्जइ।

प. सा णं भंते ! किं उड्ढं किरिया कज्जइ ? अहे किरिया कज्जइ ? तिरियं किरिया कज्जइ ?

उ. गोयमा ! उड्ढं वि किरिया कज्जइ, अहे वि किरिया कज्जइ, तिरियं वि किरिया कज्जइ।

प. सा णं भंते ! किं आइं किरिया कज्जइ ? मज्झे किरिया कज्जइ ? पज्जवसाणे किरिया कज्जइ ?

उ. गोयमा ! आइं वि किरिया कज्जइ, मज्झे वि किरिया कज्जइ, पज्जवसाणे वि किरिया कज्जइ।

प. सा णं भंते ! किं सविसया किरिया कज्जइ ? अविसया किरिया कज्जइ ?

उ. गोयमा ! सविसया किरिया कज्जइ, नो अविसया किरिया कज्जइ।

प. सा णं भंते ! किं आणुपुव्विं किरिया कज्जइ ? अणाणुपुव्विं किरिया कज्जइ ?

उ. गोयमा ! आणुपुव्विं किरिया कज्जइ, नो अणाणुपुव्विं किरिया कज्जइ।

प. सा णं भंते ! किं एगदिसिं किरिया कज्जइ **-जाव-** छद्दिसिं किरिया कज्जइ ?

उ. गोयमा ! नो एगदिसिं किरिया कज्जइ, नियमा छद्दिसिं किरिया कज्जइ। -जम्बु. वक्ख. ७, सु. १३८ની ટીકાથી

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

उ. गोयमा ! नो एगदिसिं किरिया कज्जति, नियमा छद्दिसिं किरिया कज्जइ[1]।

-भग. स.८, उ.८, सु. ४३, ४४

ઉ. હે ગૌતમ ! તે એક દિશામાં ક્રિયા નથી કરતો પણ તે નિયમિત રૂપથી છયે દિશાઓમાં ક્રિયા કરે છે.

**जंबुद्दीवे सूरिया कहं दूरे समीवे दीसंति ? -**

**જંબૂદ્વીપમાં સૂર્ય દૂર અને સમીપ કેવી રીતે દેખાય છે ?**

१०८०. प. (क) जंबुद्दीवे णं भंते ! दीवे सूरिया[2] उग्गमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति ?

(ख) मज्झंतियमुहुत्तंसि मूले य, दूरे य दीसंति ?

(ग) अत्थमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति ?

उ. (क-ग) हंता, गोयमा ! जंबुद्दीवे णं दीवे सूरिया उग्गमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति-**जाव**-अत्थमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति,

प. जंबुद्दीवे णं भंते ! दीवे सूरिया- उग्गमणमुहुत्तंसि य, मज्झंतियमुहुत्तंसि य, अत्थमणमुहुत्तंसि य सव्वत्थ समा उच्चत्ते णं ?

उ. हंता, गोयमा ! जंबुद्दीवे णं दीवे सूरिया- उग्गमणमुहुत्तंसि य, मज्झंतियमुहुत्तंसि य, अत्थमणमुहुत्तंसि य सव्वत्थ समा उच्चत्तेणं।

प. जइ णं भंते ! जंबुद्दीवे दीवे सूरिया उग्गमणमुहुत्तंसि य, मज्झंतियमुहुत्तंसि य, अत्थमणमुहुत्तंसि य सव्वत्थ समा उच्चत्तेणं,

से के णं खाइ अट्ठे णं भंते ! एवं वुच्चइ - "जंबुद्दीवे णं दीवे सूरिया उग्गमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति - **जाव**- अत्थमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति ?"

उ. (क) गोयमा ! लेस्सापडिघाएणं उग्गमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति।

(ख) लेस्साभितावेणं मज्झंतियमुहुत्तंसि मूले य, दूरे य, दीसंति।

૧૦૮૦. પ્ર. (ક) હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉદયના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે ?

(ખ) મધ્યાહ્નના સમયે (સૂર્ય) સમીપમાં હોવા છતાં પણ દૂર દેખાય છે ?

(ગ) અસ્ત થવાના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે ?

ઉ. (ક-ગ) હા, ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉધ્યના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે **-યાવત્-** અસ્ત થવાના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે.

પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉદયના સમયે, મધ્યાહ્નના (સમયે) અને અસ્તના (સમયે) અર્થાત્ સર્વત્ર સમાન ઉંચો રહે છે ?

ઉ. હા, ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉદયના સમયે, મધ્યાહ્નના સમયે અને અસ્તના સમયે અર્થાત્ સર્વત્ર સમાન ઉંચો રહે છે.

પ્ર. હે ભગવન્ ! જો જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉદયના સમયે, મધ્યાહ્નના સમયે અને અસ્તના સમયે અર્થાત્ સર્વત્ર સમાન ઉંચો રહે છે તો-

હે ભગવન્ ! કયા કારણે એવું કહેવામાં આવે છે કે -"જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉદયના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે **-યાવત્-** અસ્ત થવાના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે ?"

ઉ. (ક) હે ગૌતમ ! લેશ્યા-તેજના પ્રતિઘાતથી અર્થાત્ પાછા ફેંકવાથી ઉદયના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે.

(ખ) લેશ્યાના અભિતાપથી મધ્યાહ્નના સમયે સમીપ હોવા છતાં પણ દૂર દેખાય છે.

१. जम्बु. वक्ख. ७, सु. १७१

૨. જમ્બૂદ્વીપમાં બે ચન્દ્ર અને બે સૂર્ય છે, એ અપેક્ષાથી અહીં બહુવચનનો પ્રયોગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ग) लेस्सापडिघाएणं अत्थमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति ।

से तेणट्ठे णं गोयमा ! एवं वुच्चइ - 'जंबुद्दीवे णं दीवे सूरिया उग्गमणमुहुत्तंसि दूरे य मूले य दीसंति **- जाव-** अत्थमणमुहुत्तंसि दूरे य, मूले य दीसंति[1]।"

- भग. स. ८, उ. ८, सु. ३५-३७

(ગ) લેશ્યાના પ્રતિઘાતથી અસ્ત હોવાના સમયે દૂર હોવા છતાં પણ સમીપ દેખાય છે.

આ કારણે ગૌતમ ! એવું કહેવામાં આવે છે કે - 'જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઉદયના સમયે દૂર હોવા છતાં પણ સમીપમાં દેખાય છે **-યાવત્-** અસ્ત હોવાના સમયે દૂર હોવા છતાં પણ સમીપ દેખાય છે.'

**सामण्णेण पोरिसिच्छाय-निव्वत्तणं-**

१०८१. प. ता कइकट्ठे ते सूरिए पोरिसीच्छायं णिव्वत्ते त्ति ? आहिए त्ति वएज्जा ।

उ. तत्थ खलु इमाओ तिण्णि पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा -

१. तत्थेगे एवमाहंसु-

ता जे णं पोग्गला सूरियस्स लेसं फुसंति, ते णं पोग्गला संतप्पंति, ते णं पोग्गला संतप्पमाणा तदणंतराइं बाहिराइं पोग्गलाइं संतावेंतीति,

एस णं से समिए तावक्खेत्ते एगे एवमाहंसु,

२. एगे पुण एवमाहंसु-

ता जे णं पोग्गला सूरियस्स लेसं फुसंति, ते णं पोग्गलानो संतप्पंति, ते णं पोग्गला असंतप्पमाणा तदणंतराइं बाहिराइं पोग्गलाइं णो संतावेंतीति,

एस णं से समिए तावक्खेत्ते एगे एवमाहंसु-

३. एगे पुण एवमाहंसु -

ता जे णं पोग्गला सूरियस्स लेसं फुसंति, ते णं, पोग्गला अत्थेगइया संतप्पंति, अत्थेगइया नो संतप्पंति,

तत्थ अत्थेगइया संतप्पमाणा तदणंतराइं बाहिराइं पोग्गलाइं अत्थेगयाइं संतावेंति, अत्थेगयाइं नो संतावेंतीति ।

**સામાન્યતઃ પોરષી છાયાની ઉત્પત્તિ :**

૧૦૮૧. પ્ર. સૂર્ય કેવી સ્થિતિમાં પોરષી છાયાને ઉત્પન્ન કરે છે ? કહો.

ઉ. આ સંબંધમાં ત્રણ અન્ય માન્યતાઓ કહેવામાં આવી છે. જેમકે -

(૧) એમાંથી એક માન્યતાવાળા આ પ્રમાણે કહે છે -

સૂર્યના તેજથી જેટલા પુદ્ગલનો સ્પર્શ થાય છે તે પુદ્ગલ તપે છે અને તે પુદ્ગલ તપ્યા પછી તેઓ બાહ્ય પુદ્ગલોને તપાવે છે.

તે (સૂર્ય વડે) ઉત્પન્ન તાપ ક્ષેત્ર છે.

(૨) એક (અન્ય) માન્યતાવાળા વળી એમ પણ કહે છે -

સૂર્યના તેજથી જેટલા પુદ્ગલનો સ્પર્શ થાય છે. તે પુદ્ગલ તપતા નથી, તપેલા એવા તે પુદ્ગલ સમીપના બાહ્ય પુદ્ગલોને પણ તપાવતા નથી.

તે (સૂર્યથી) ઉત્પન્ન તાપ ક્ષેત્ર છે.

(૩) એક (અન્ય) માન્યતાવાળા વળી આ પ્રમાણે પણ કહે છે -

સૂર્યના તેજથી જેટલા પુદ્ગલનો સ્પર્શ થાય છે એમાંથી કેટલાક પુદ્ગલ તપે છે અને કેટલાક પુદ્ગલ તપતા નથી.

એમાંથી તપેલા એવા કેટલાક પુદ્ગલ સમીપના કેટલાક બાહ્ય પુદ્ગલોને તપાવે છે અને કેટલાક ને તપાવતા નથી.

१. जम्बु. वक्ख. ७, सु. १३६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एस णं से समिए तावक्खेत्ते, एगे एवमाहंसु,

वयं पुण एवं वयामो-

ता जाओ इमाओ चंदिम-सूरियाणं देवाणं विमाणेहिंतो लेसाओ बहित्ता उच्छूढा अभिणिसट्ठाओ संतावेंति,

एयासि णं लेसाणं अंतरेसु अण्णयरीओ छिण्णलेसाओ संमुच्छंति, तए णं ताओ छिण्णलेस्साओ संमुच्छियाओ समाणीओ तदणंतराइं बाहिराइं पोग्गलाइं संतावेंतीति, एस णं से समिए तावक्खेत्ते [1]।

-सूरिय. पा.९, सु. ३०

તે (સૂર્યથી) ઉત્પન્ન તાપ ક્ષેત્ર છે.

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ -

એ જે ચંદ્ર-સૂર્ય દેવોના વિમાન છે એમાંથી લેશ્યાઓ બહાર નીકળે છે અને સન્મુખ (રહેલી) દિશાઓને તપાવે છે.

આ લેશ્યાઓના અંતરોમાંથી નીકળતી એવી અન્ય લેશ્યાઓ સંમૂચ્છિંત થાય છે. તે નીકળેલી સંમૂચ્છિંત સમાન લેશ્યાઓ તે પછી બાહ્ય પુદ્ગલોને તપાવે છે. એ સૂર્યથી ઉત્પન્ન તાપ ક્ષેત્ર છે. (તે ચંદ્રથી ઉત્પન્ન પ્રકાશ ક્ષેત્ર છે.)

**समयावेक्खया पोरिसिच्छाय-निवत्तणं-**

१०८२. प. ता कइकट्ठे ते सूरिए पोरिसिच्छायं णिव्वत्तेत्ति ? आहिए त्ति वएज्जा,

उ. तत्थ खलु इमाओ पणवीसं पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु,

१. ता अणुसमयमेव सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ, आहिए त्ति वएज्जा, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु-

२. ता अणुमुहुत्तमेव सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ, आहिए त्ति वएज्जा,

३-२४. **जाओ चेव ओयसंठिईए पडिवत्तीओ एएणं अभिलावेणं णेयव्वाओ -जाव-** [2]

एगे पुण एवमाहंसु-

२५. ता अणुउस्सप्पिणि-ओसप्पिणिमेव सूरिए पोरिसिच्छायं णिव्वत्तेइ, आहिए त्ति वएज्जा, एगे एवमाहंसु,

वयं पुण एवं वयामो-

**સમયાપેક્ષા પોરષી -છાયાનું નિષ્પાદન :**

૧૦૮૨. પ્ર. સૂર્ય કેટલા સમયમાં 'પોરષી-છાયા'ની નિષ્પત્તિ કરે છે ? કહો

ઉ. આ અંગે આ પચ્ચીસ માન્યતાઓ કહેવામાં આવી છે, જેમકે -

એમાંથી એક (માન્યતાવાળાઓ) આ પ્રમાણે કહે છે -

(૧) સૂર્ય પ્રત્યેક સમયમાં પોરષી-છાયાની નિષ્પત્તિ કરે છે.

એક (અન્ય માન્યતાવાળાઓ) વળી આ પ્રમાણે કહે છે -

(૨) સૂર્ય પ્રત્યેક મુહૂર્તમાં પોરષી-છાયાની નિષ્પત્તિ કરે છે.

(૩-૨૪) **ઓજસંસ્થિતિની જેટલી (પચ્ચીસ) પ્રતિપત્તિઓ કહેવામાં આવી છે. એટલી જ આ અભિલાપોથી જાણવી જોઈએ -યાવત્-**

એક (અન્ય માન્યતાવાળાઓ) વળી આ પ્રમાણે કહે છે -

(૨૫) સૂર્ય પ્રત્યેક ઉત્સર્પિણી-અવસર્પિણીમાં 'પોરષી-છાયા'ની નિષ્પત્તિ કરે છે.

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ -

१. चंद. पा. ९, सु. ३०    २. सूरिय. पा. ६, सु. २७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. ता सूरियस्स णं-
उच्चत्तं च लेसं च, पडुच्च छायुद्देसे,

२. उच्चत्तं च, छायं च पडुच्च लेसुद्देसे,

३. लेस्सं च छायं च पडुच्च उच्चतोद्देसे[1]।

- सूरिय. पा. ९, सु. ३१

(૧) સૂર્યની ઉંચાઈ અને લેશ્યા (પ્રકાશ)ની અપેક્ષા એ છાયા (પોરષી-છાયા)નું કથન છે.

(૨) સૂર્યની ઉંચાઈ અને છાયા (પોરષી-છાયા)ની અપેક્ષા એ લેશ્યા (પ્રકાશ)નું કથન છે

(૩) સૂર્યની લેશ્યા (પ્રકાશ) અને છાયા (પોરષી છાયા) ની અપેક્ષા (કરીને) ઉંચાઈનું કથન છે.

**ठिईविक्खया पोरिसिच्छाय-निव्वत्तणं -**

१०८३. प. ता कइकट्ठे ते सूरिए पोरिसीच्छायं णिव्वत्ते त्ति ? आहिए त्ति वएज्जा ?[2]

उ. तत्थ खलु इमाओ दुवे पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

१. (क) ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए चउपोरिसिच्छायं निव्वत्तेइ,

(ख) अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दु-पोरिसिच्छायं निव्वत्तेइ, एगे एवमाहंसु-

एगे पुण एवमाहंसु-

२. (क) ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए-दु-पोरिसिच्छायं निव्वत्तेइ,

(ख) अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए नो किंचि पोरिसिच्छायं निव्वत्तेइ,

तत्थ जे ते एवमाहंसु,

१. (क) ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए चउ-पोरिसिच्छायं निव्वत्तेइ,

**સ્થિતિની અપેક્ષા પોરષી છાયાનું નિવર્તન :**

૧૦૮૩. પ્ર. સૂર્ય કેવી સ્થિતિમાં પોરષી-છાયા ઉત્પન્ન કરે છે ? કહો

ઉ. આ અંગે આ બે પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહેવામાં આવે છે, જેમકે-

એમાંથી એક (માન્યતાવાળાઓ) આ પ્રમાણે કહે છે -

(૧) (ક) એક એવો દિવસ છે - જે (દિવસ)માં સૂર્ય ચાર પોરષી-છાયાનું નિવર્તન (નિષ્પાદન) કરે છે.

(ખ) એક એવો (દિવસ) છે - જે (દિવસ)માં સૂર્ય બે પોરષી છાયાનું નિવર્તન (નિષ્પાદન) કરે છે.

એક (અન્ય માન્યતાવાળાઓ) આ પ્રમાણે કહે છે.

(૨) (ક) અકે એવો (દિવસ) છે - જે (દિવસ)માં સૂર્ય બે પોરષી-છાયાનું નિવર્તન (નિષ્પાદન) કરે છે.

(ખ) એક એવો દિવસ છે -જે (દિવસ)માં સૂર્ય કોઈ પણ પ્રકારની છાયાનું નિવર્તન (નિષ્પાદન) કરતો નથી.

એમાંથી જે આ પ્રમાણે કહે છે -

(૧) (ક) એક એવો દિવસ છે - જે (દિવસ)માં સૂર્ય ચાર પોરષી -છાયાનું નિવર્તન (નિષ્પાદન) કરે છે.

---

१. चंद. पा. ९, सु. ३१

૨. સૂર્ય પ્રજ્ઞપ્તિની સંકલન શૈલીની અનુસાર અહીં પ્રશ્ન સૂત્ર હોવું જોઈએ, પરંતુ અહીં પ્રશ્નસૂત્ર આ.સ. આદિ કોઈ (પણ) પ્રતિમાં નથી. એટલે આ પ્રશ્નસૂત્ર છૂટુ પડી ગયું હશે, એમ માનવું ઉચિત છે.

સૂર્યપ્રજ્ઞપ્તિના ટીકાકાર પણ અહીં પ્રશ્નસૂત્ર હોવા કે ન હોવા અંગે સર્વથા મૌન છે, પાઠ પૂર્તિ માટે પ્રશ્નસૂત્રની સંકલના કરી છે.

વળી જો કોઈ પ્રતમાં પ્રશ્નસૂત્ર અન્ય (બીજુ) હોયતો સ્વાધ્યાયશીલ આગમજ્ઞએ અમને સૂચિત કરવાની કૃપા કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ख) अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दु-पोरिसिच्छायं निव्वत्तेइ,
(ते एवमाहंसु,[१])

(ખ) એક એવો દિવસ છે - જે (દિવસ)માં સૂર્ય બે પોરષી છાયાનું નિવર્તન (નિષ્પાદન) કરે છે.
(તેઓ પોતાની માન્યતાઓની સિદ્ધિ આ પ્રકારે કરે છે.)

१. (क) ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसिए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ,

तंसि च णं दिवसंसि सूरिए चउ-पोरिसिच्छायं निव्वत्तेइ, तं जहा-

उग्गमण-मुहुत्तंसि य, अत्थमण-मुहुत्तंसि य,

लेसं अभिवड्ढेमाणे नो चेव णं निव्वुड्ढेमाणे।

(ख) ता जया णं सूरिए सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालस-मुहुत्ता दिवसे भवइ,

तंसि च णं दिवसंसि सूरिए दु-पोरिसिच्छायं निव्वत्तेइ, तं जहा-

उग्गमण-मुहुत्तंसि य, अत्थमण-मुहुत्तंसि य,

लेसं अभिवड्ढेमाणे, नो चेव णं निव्वुड्ढेमाणे,

तत्थ णं जे ते एवमाहंसु-

(૧) (ક) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

આ દિવસે સૂર્ય ચાર પોરષી-છાયાનું નિવર્તન કરે છે, જેમકે -

ઉદ્ગમન મુહૂર્તમાં અને અસ્તમન મુહૂર્તમાં લેશ્યા (પ્રકાશ) ને વધારતો એવો હોય છે, ઘટાડતો (એવો) નથી હોતો.

(ખ) જ્યારે સૂર્ય બાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે એ સમયે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

આ દિવસે સૂર્ય બે પોરષીનું નિવર્તન કરે છે, જેમકે -

ઉદ્ગમન મુહૂર્તમાં અને અસ્તમન મુહૂર્તમાં.

લેશ્યા (પ્રકાશ)ને વધારતો એવો હોય છે, ઘટાડતો એવો નથી હોતો.

એમાંથી જે આ પ્રમાણે કહે છે -

२. (क) ता अत्थि णं से दिवसे जंसि णं दिवसंसि सूरिए दु-पोरिसिच्छायं निव्वत्तेइ,

(ख) अत्थि णं से दिवसे-जंसि णं दिवसंसि सूरिए नो किंचि पोरिसिच्छायं निव्वत्तेइ,

(ते एवमाहंसु,[२])

(क) ता जया णं सूरिए सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसिए अट्ठारस-मुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालस-मुहुत्ता राई भवइ,

तंसि च णं दिवसंसि सूरिए दु-पोरिसिच्छायं निव्वत्तेइ, तं जहा -

उग्गमण-मुहुत्तंसि य, अत्थमण-मुहुत्तंसि य,

(૨) (ક) એક એવો દિવસ છે, જે (દિવસ) માં સૂર્ય બે પોરષી છાયાનું નિવર્તન (નિષ્પાદન) કરે છે.

(ખ) એક એવો દિવસ છે, જે (દિવસ) માં સૂર્ય કોઈ પ્રકારની છાયાનું નિવર્તન કરતો નથી.

(તેઓ પોતાની માન્યતાઓ આ પ્રકારે સિદ્ધ કરે છે.)

(ક) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

એ દિવસે સૂર્ય બે પોરષી છાયાનું નિવર્તન કરે છે. જેમકે -

ઉદ્ગમન મુહૂર્તમાં અને અસ્તમન મુહૂર્તમાં.

૧-૨. આ પંક્તિ સંપાદકે આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लेसं अभिवड्ढेमाणे, नो चेव णं निव्वुड्ढेमाणे,

(ख)ता जया णं सूरिए सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारस-मुहुत्ता राई भवइ, जहण्णिया दुवालस-मुहुत्ते दिवसे भवइ,

तंसि च णं दिवसंसि सूरिए नो किंचि पोरिसिच्छायं निव्वत्तेइ, तं जहा -

उग्गमण-मुहुत्तंसि य, अत्थमण-मुहुत्तंसि य,

नो चेव णं लेसं अभिवड्ढेमाणे वा, निव्वुड्ढेमाणे वा [1]।

- सूरिय. पा.९, सु. ३१

લેશ્યા (પ્રકાશ) ને એવો વધારતો હોય છે, ઘટાડતો એવો હોતો નથી.

(ખ) જ્યારે સૂર્ય સર્વ બાહ્યમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

એ દિવસે સૂર્ય કોઈ પ્રકારની પોરષી છાયાનું નિવર્તન નથી કરતો, જેમકે -

ઉદ્‌ગમન મુહૂર્તમાં અને અસ્તમન મુહૂર્તમાં.

ન લેશ્યા (પ્રકાશ) ને વધારતો (કે) નતો ઘટાડતો.

**पोरिसिच्छाय-निव्वत्तणं-**

१०८४. प. ता कइकट्ठे ते सूरिए पोरिसिच्छायं निव्वत्तेइ त्ति? आहिए त्ति वएज्जा,

उ. तत्थ इमाओ छण्णउइ पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा -

तत्थेगे एवमाहंसु-

१. ता अत्थि णं से देसे-जंसि णं देसंसि सूरिए एग-पोरिसीयं छायं निव्वत्तेइ, [2] एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु-

२. ता अत्थि णं से देसे-जंसि णं देसंसि सूरिए दु-पोरिसीयं छायं निव्वत्तेइ, एगे एवमाहंसु,

३-९५. **एवं एएणं अभिलावेणं णेयव्वं-जाव-**

एगे पुण एवमाहंसु-

**પોરષી છાયાનું નિવર્તન :**

१०८४. પ્ર. સૂર્ય કયા સ્થાનમાં કેટલી પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે ? કહો

ઉ. આ અંગે આ છન્નું (૯૬) પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહેવામાં આવી છે, જેમકે -

એમાંથી એક (માન્યતાવાળાઓ) આ પ્રમાણે કહે છે -

(१) એક એવો દેશ (સ્થાન) છે - જે દેશમાં સૂર્ય એક પોરષી-છાયાની નિષ્પત્તિ કરે છે.

એક (અન્ય માન્યતાવાળાઓ) વળી આ પ્રમાણે કહે છે -

(२) એક એવો દેશ છે - જે દેશમાં સૂર્ય બે પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે.

(૩-૯૫) **આ પ્રમાણે એ અભિલાપથી જાણવા જોઈએ -યાવત્ -**

એક (અન્ય માન્યતાવાળાઓ) વળી આ પ્રમાણે કહે છે -

---

१. (क) એની અંદર અહીં સ્વમત સૂચક 'वयं पुण एवं वयामो' એ વાક્ય નથી અને સ્વમતનું પણ કથન નથી.
"तदेवं परतीर्थिक प्रतिपत्तिद्वयं श्रुत्वा भगवान् गौतम ! स्वमतं पृच्छति, ता कइ कट्ठमित्यादि" - सूर्य. टीका
ટીકાકારનું એ કથન સૂર્યપ્રજ્ઞપ્તિની સંકલન શૈલીને અનુરૂપ નથી. કેમકે - પ્રતિપત્તિઓના કથનની અનન્તરે 'वयं पुण एवं वयामो' આ વાક્યથી સર્વત્ર સ્વમતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(ख) चन्द. पा. ९, सु. ३१

२. तत्र तेषा षण्णवते परतीर्थिकानां मध्ये, एके एवमाहुः 'ता इति पूर्ववत् अस्ति सदेशो, यस्मिन् देशे सूर्यः आगतः सन् एक पौरूषी-एक पुरूष प्रमाणां (पुरूष ग्रहणमुपलक्षणं सर्वस्योपि प्रकाश्यवस्तुनः स्व प्रमाणां) छाया निवर्तयति। - सूर्य. टीका

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९६. ता अत्थि णं से देसे-जंसि णं देसंसि सूरिए छण्णउइपोरिसीयं छायं निव्वत्तेइ, एगे एवमाहंसु।

(૯૬) એક એવો દેશ છે - જે દેશમાં સૂર્ય છન્નુ પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે.

तत्थ जे ते एवमाहंसु-

એમાંથી જે આ પ્રમાણે કહે છે -

१. ता अत्थि णं से देसे-जंसि णं देसंसि सूरिए एगपोरिसीयं छायं निव्वत्तेइ त्ति।

(૧) એક એવો દેશ છે - જે દેશમાં એક સૂર્ય એક પોરષી-છાયાની નિષ્પત્તિ કરે છે.

ते एवमाहंसु -

તેઓ પોતાની માન્યતાઓ આ પ્રકારે સિદ્ધ કરે છે -

ता सूरियस्स णं सव्वहेट्ठिमाओ सूर-प्पडिहीओ बहित्ता अभिणिसट्ठाहिं लेसाहिं ताडिज्जमाणीहिं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जावइयं सूरिए उड्ढं उच्चत्तेणं, एवइयाए एगाए अद्धाए, एगेणं छायाणुमाण-प्पमाणेणं उमाए, तत्थ से सूरिए एगपोरिसीयं छायं निव्वत्तेइ त्ति।

આ રત્નપ્રભા પૃથ્વીના અધિક સમ- રમણીય ભૂભાગથી સૂર્ય જેટલો ઉંચો (હોય) છે તેટલો જ એક માર્ગમાં સૂર્યના બધાથી નીચેના નિવેશથી નીકળેલા કિરણોથી સ્પર્શાયેલ પદાર્થની છાયા જ્યાં અનુમાન પ્રમાણથી વિભક્ત કરવામાં આવે છે ત્યાં સૂર્ય (એક પુરૂષ પ્રમાણ) પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે.

तत्थ जे ते एवमाहंसु-

એમાંથી જેઓ આ પ્રમાણે કહે છે -

२. ता अत्थि णं से देसे - जंसि णं देसंसि सूरिए दु-पोरिसीयं छायं निव्वत्तेइ 'त्ति'।

(૨) એક એવો દેશ છે - જે દેશમાં સૂર્ય બે પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે.

ते एवमाहंसु -

તે પોતાની માન્યતાઓ આ પ્રકારે સિદ્ધ કરે છે -

ता सूरियस्स णं सव्वहेट्ठिमाओ सूर-प्पडिहीओ बहित्ता अभिणिसट्ठाहिं लेसाहिं ताडिज्जमाणीहिं, इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जावइयं सूरिए उड्ढं उच्चत्तेणं, एवइयाइं दोहिं अद्धाहिं, दोहिं छायाणुमाण-प्पमाणेहिं उमाए, एत्थ णं से सूरिए दुपोरिसीयं छायं निव्वत्तेइ त्ति,

આ રત્નપ્રભા પૃથ્વીના અધિક સમ-રમણીય ભૂભાગથી સૂર્ય જેટલો ઉંચો (હોય) છે એટલા જ બે માર્ગમાં સૂર્યના સહુથી નીચેના નિવેશથી નીકળતા હોય(એવા) કિરણોથી સ્પર્શિત પદાર્થની છાયા જ્યાં અનુમાન પ્રમાણથી બેભાગમાં વિભક્ત કરવામાં આવે છે ત્યાં સૂર્ય બે (પુરૂષ પ્રમાણ) પોરષી છાયાની નિષ્પતિ કરે છે.

३-९५. **एवं एएणं अभिलावेणं णेयव्वं -जाव-**

(૩-૯૫) **એ પ્રમાણે એ અભિલાપથી જાણવું જોઈએ -યાવત્-**

तत्थ जे ते एवमाहंसु-

આમાંથી કોઈ આ પ્રમાણે કહે છે -

९६. "ता अत्थि णं से देसे - जंसि णं देसंसि सूरिए छण्णउइं पोरिसीयं छायं निव्वत्तेइत्ति"

(૯૬) એક એવો દેશ છે - જે દેશમાં સૂર્ય છન્નું પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે.

ते एवमाहंसु -

તેઓ પોતાની માન્યતાઓને આ પ્રકારે સિદ્ધ કરે છે -

ता सूरियस्स णं सव्वहेट्ठिमाओ सूर-प्पडिहीओ बहित्ता अभिणिसट्ठाहिं लेसाहिं ताडिज्जमाणीहिं, इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ जावइयं सूरिए उड्ढं उच्चत्तेणं,

આ રત્નપ્રભા પૃથ્વીના અધિક સમ-રમણીય ભૂ-ભાગથી સૂર્ય જેટલો ઉંચો (હોય છે.) એટલા છન્નું માર્ગોમાં સૂર્યના સહુથી નીચા નિવેશથી નીકળેલા કિરણોથી સ્પર્શિત પદાર્થની છાયા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवइयाइं छण्णउईए छायाणुमाणप्पमाणेहिं उमाए, एत्थ णं से सूरिए छण्णउइंपोरिसीयं छायं निव्वत्तेइ त्ति।

વયં पुण एवं वयामो-

ता साइरेग-अउणट्ठि-पोरिसीणं सूरिए पोरिसिच्छायं निव्वत्तेइ त्ति।

- सूरिय. पा. ९, सु. ३१

જ્યાં અનુમાન પ્રમાણથી છન્નું ભાગોમાં વિભક્ત કરવામાં આવે છે ત્યાં સૂર્ય છન્નું (પુરૂષ પ્રમાણ) પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે.

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ-

સૂર્ય કંઈક અધિક ઓગણસાઈઠ (૫૯) પોરષી છાયાની નિષ્પત્તિ કરે છે.

**पोरिसिच्छाय-प्पमाणं-**

१०८५. (क) प. ता अवड्ढ-पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

उ. ता ति-भागे गए वा, सेसे वा।

(ख) प. ता पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

उ. ता चउब्भागे गए वा, सेसे वा[1]।

(ग) प. ता दिवड्ढ-पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

उ. ता पंचभागे गए वा, सेसे वा।

(घ) प. ता बि-पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

**પોરષી છાયાનું પ્રમાણ :**

१०८५. (ક) પ્ર. અપાર્ધ પોરષી 'અડધી પોરષી' (અર્થાત્ પુરૂષની અડધી છાયા તથા બધા પ્રકાશ્ય પદાર્થોની અડધી છાયા) દિવસનો કેટલો ભાગ વીત્યા પછી અથવા કેટલો ભાગ બાકી રહ્યો હોય ત્યારે થાય છે ?

ઉ. દિવસના ત્રણ ભાગ વીત્યા પછી અથવા દિવસના ત્રણ ભાગ બાકી રહે (ત્યારે) 'અડધી પોરષી' થાય છે.

(ખ) પ્ર. પોરષી (અર્થાત્ -પુરૂષની સ્વપ્રમાણ છાયા તથા બધા પ્રકાશ્ય પદાર્થોની સ્વપ્રમાણ છાયા) દિવસનો કેટલો ભાગ વીત્યા પછી અથવા કેટલો ભાગ બાકી રહ્યો હોય ત્યારે થાય છે ?

ઉ. દિવસના ચારભાગ વીત્યા પછી અથવા દિવસના ચાર ભાગ બાકી રહ્યા (હોય) ત્યારે 'પોરષી- છાયા' થાય છે.

(ગ) પ્ર. દોઢ-પોરષી છાયા દિવસનો કેટલો ભાગ વીત્યા પછી અથવા કેટલો ભાગ બાકી રહ્યો (હોય) ત્યારે થાય છે ?

ઉ. દિવસના પાંચ ભાગ વીત્યા પછી તથા દિવસના પાંચ ભાગ બાકી રહ્યા હોય ત્યારે 'દોઢ પોરષી- છાયા' થાય છે.

(ઘ) પ્ર. બે પોરષી-છાયા દિવસનો કેટલો ભાગ વીત્યા પછી અથવા કેટલો ભાગ બાકી રહ્યો હોય ત્યારે થાય છે ?

---

१. પોરષીની પરિભાષા-

"पुरिसत्ति, संकू, पुरिस-सरीरं वा, ततो पुरिसे निप्फन्ना पोरिसी, एवं सव्वस्स वत्थुणो यदा स्वप्रमाणा छाया भवति, तदा हवइ, एवं पोरिसि-प्रमाणं उत्तरायणस्स अंते, दक्खिणायणस्स आईए इक्कं दिणं भवइ, अतोपरं अद्ध-एगसट्ठिभागा अंगुलस्स दक्खिणायणे वड्ढंति, उत्तरायणे हस्संति, एवं मंडले मंडले अन्नापोरिसी"।

આ પોરષીની પરિભાષા સૂર્ય પ્રજ્ઞપ્તિની ટીકામાં નન્દિચૂર્ણીમાંથી ઉદ્ધૃત કરેલો છે. ચૂર્ણીની પરિભાષા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃત હોય છે. એટલે અંકિત ચૂર્ણીપાઠ અશુદ્ધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. छब्भाग गए वा, सेसे वा।

ઉ. દિવસના છ ભાગ વીત્યા પછી તથા દિવસના છ ભાગ બાકી રહ્યા હોય ત્યારે 'બે પોરષી-છાયા' થાય છે.

प. ता अड्ढाइज्ज-पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

પ્ર. 'અઢાઈ-પોરષી-છાયા' દિવસનો કેટલો ભાગ વીત્યા પછી અથવા કેટલો ભાગ બાકી રહ્યો હોય ત્યારે થાય છે ?

उ. ता सत्तभाग गए वा, सेसे वा।

ઉ. દિવસના સાત ભાગ વીત્યા પછી તથા દિવસ ના સાત ભાગ બાકી રહ્યા હોય (ત્યારે) 'અઢાઈ-પોરષી-છાયા' થાય છે.

**एवं अवड्ढपोरिसिं छोढुं छोढुं पुच्छा**[1]

**આ પ્રમાણે 'અર્ધ પોરષી' અંગે મેળવી-મેળવીને પ્રશ્નસૂત્ર કહો.**

**दिवसभागं छोढुं छोढुं वागरणं**[2]**-जाव- ...**

**દિવસભાગ મેળવી-મેળવીને ઉત્તરસૂત્ર કહો-યાવત્-**

प. ता अद्धा अउणसट्ठि-पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

પ્ર. 'અર્ધ-ઓગણસાઈઠ-પોરષી-છાયા' દિવસનો કેટલો ભાગ વીત્યા પછી અથવા દિવસનો કેટલો ભાગ બાકી રહ્યો હોય (ત્યારે) થાય છે ?

उ. ता एगूणवीस-सयभागे गए वा, सेसे वा।

ઉ. એક દિવસના એકસો ઓગણીસ ભાગ વીત્યા હોય તથા દિવસના એકસો ઓગણીસ ભાગ બાકી રહ્યા (હોય) ત્યારે 'અર્ધ ઓગણસાઈઠ પોરષી-છાયા' થાય છે.

प. ता अउणसट्ठि पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

પ્ર. 'ઓગણસાઈઠ પોરષી છાયા' દિવસના કેટલા ભાગ વીત્યા પછી અથવા કેટલા ભાગ બાકી રહ્યા હોય (ત્યારે) થાય છે ?

उ. बावीससहस्सभागे गए वा, सेसे वा।

ઉ. દિવસના બાવીસ હજાર ભાગ વીત્યા પછી અથવા દિવસના બાવીસ હજાર ભાગ બાકી રહ્યા હોય ત્યારે 'ઓગણસાઈઠ પુરૂષપ્રમાણની છાયા' થાય છે.

प. ता साइरेग-अउणसट्ठि-पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

પ્ર. 'કેટલીક વધુ ઓગણસાઈઠ પોરષી-છાયા' દિવસના કેટલો ભાગ વીત્યા પછી અથવા કેટલો ભાગ બાકી રહ્યો હોય (ત્યારે) થાય છે ?

उ. ता नत्थि किंचि गए वा, सेसे वा,[3]

ઉ. દિવસના કોઈપણ ભાગ વીત્યા પછી કે બાકી રહ્યો હોય ત્યારે 'કંઈક અધિક ઓગણસાઈઠ પોરષી છાયા' થતી નથી.

---

१. एवमित्यादि-एवमुक्तेन प्रकारेण "अर्द्धपौरूषी" अर्द्धपुरूष प्रमाणां छायां क्षिप्त्वा पृच्छा, पृच्छा सूत्रं द्रष्टव्यं। -सूर्य. टीका.

२. दिवसभागं ति, पूर्व-पूर्वसूत्रापेक्षया एकैकमधिकं दिवसभागं क्षिप्त्वा क्षिप्त्वा व्याकरणं, उत्तरसूत्रं ज्ञातव्यं। - सूर्य. टीका.

३. અહીં અંકિત પ્રશ્નોત્તર અહીં આપેલ સંક્ષિપ્ત વાચનાની સૂચનાનુસાર સંશોધિત છે. સૂર્ય પ્રજ્ઞપ્તિની "૧ અ. સ. ૧૨, શા.સ. ૧૨, અ. સુ. ૧૪ હ.પ્ર" આ ચારેયપ્રતમાં આપેલ પ્રશ્નોત્તર અહીં આપવામાં આવેલી સંક્ષિપ્ત વાચનાની સૂચનાથી કેટલા વિપરીત છે ? તેનો નિર્ણય પાઠક સ્વયં કરે.

प. " ता अद्ध अउणसट्ठिं पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

उ. ता एगूणवीससयभागे गए वा, सेसे वा।

प. ता अउणसट्ठिं पोरिसी णं छाया दिवसस्स किं गए वा, सेसे वा ?

उ. ता बावीस - सहस्स - भागे गए वा, सेसे वा।

प. साइरेग-अउणसट्ठिं-पोरिसी णं छाया दिवस्स किं गए वा, सेसे वा ?

उ. ता नत्थि किंचि गए वा, सेसे वा।

(બાકી ટિપ્પણ પા.નં. ૧૧૮ ઉપર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ खलु इमा पणवीसविहा छाया पण्णत्ता, तं जहा-

१. खंभ-छाया, २. रज्जु-छाया, ३. पागार-छाया, ४. पासाय-छाया, ५. उग्गम-छाया, ६. उच्चत्त-छाया, ७. अणुलोम-छाया, ८. पडिलोम-छाया, ९. आरंभिया-छाया, १०. उवहया-छाया, ११. सभा-छाया, १२. पडिहया-छाया, १३. खील-छाया, १४. पक्ख-छाया, १५. पुरओ-उदया-छाया, १६. पुरिम कंठ-भागुवगया-छाया, १७. पच्छिम-कंठ-भागुवगया-छाया, १८. छायाणुवाइणी-छाया, १९. किट्ठाणु-वाइणी-छाया, २०. छाय-छाया, २१. विकप्प-छाया, २२. वेहास-छाया, २३. कड-छाया, २४. गोल-छाया, २५. पिट्ठओदग्गा-छाया।

तत्थ णं गोल-छाया अट्ठविहा पण्णत्ता, तं जहा -

१. गोल-छाया, २. अवड्ढ-गोल-छाया, ३. गाढ-गोल-छाया, ४. अवड्ढ-गाढ-गोल-छाया, ५. गोलावलि-छाया, ६. अवड्ढ-गोलावलि-छाया, ७. गोलपुंज-छाया, ८. अवड्ढ-गोल-पुंज-छाया।[1]

-सूरिय. पा. ९, सु. ३१

આ પચ્ચીસ પ્રકારની છાયા કહેવામાં આવી છે. જેમકે-

(૧) સ્તમ્ભછાયા, (૨) રજ્જુછાયા, (૩) પ્રાકાર છાયા, (૪) પ્રાસાદ છાયા, (૫) ઉદ્ગમ-છાયા, (૬) ઉચ્ચત્વ (ઊંચાઈની) છાયા, (૭) અનુલોમ છાયા, (૮) પ્રતિલોમ-છાયા, (૯) આરંભિકા છાયા, (૧૦) ઉપહતા છાયા, (૧૧) સભા છાયા, (૧૨) પ્રતિહતા છાયા, (૧૩) કીલછાયા, (૧૪) પક્ષ છાયા, (૧૫) પૂર્વોદયછાયા, (૧૬) પૂર્વકંઠભાગ-ઉપગતાછાયા, (૧૭) પશ્ચિમ કંઠભાગ-ઉપગતાછાયા, (૧૮) છાયાનુવાદિની છાયા, (૧૯) કૃત્યાનુવાદિની છાયા, (૨૦) છાય-છાયા, (૨૧) વિકલ્પછાયા, (૨૨) વિહાનય છાયા, (૨૩) કટ છાયા, (૨૪) ગોળ છાયા, (૨૫) પૃષ્ઠતોદગા છાયા.

એમાં ગોળ છાયા આઠ પ્રકારની કહેવામાં આવી છે. જેમકે -

(૧) ગોળ-છાયા (૨) અપાર્ધ ગોળ છાયા (૩) ગાઢ-ગોળ છાયા (૪) અપાર્ધ-ગાઢગોળ છાયા (૫) ગોળવાળી છાયા (૬) અપાર્ધ ગોળવાળી છાયા (૭) ગોળપુંજ છાયા (૮) અપાર્ધ ગોળપુંજ છાયા.

---

(ટિપ્પણ પા.નં. ૧૧૭થી આગળ)

(ક) અહીં આ પ્રશ્નોત્તરમાં વ્યતિક્રમ થઈ ગયો લાગે છે, સર્વપ્રથમ સાડા ઓગણસાઈઠ પોરષી છાયાના પ્રશ્નોત્તર છે. બીજા પ્રશ્નોત્તર ઓગણસાઈઠ પોરષી છાયાના છે. તૃતીય પશ્નોત્તર કંઈક અધિક ઓગણસાઈઠ છાયાના છે.

(ખ) અહીં પ્રશ્નોને અનુરૂપ ઉત્તર નથી. પ્રથમ પ્રશ્નોત્તરમાં-સાડા ઓગણસાઈઠ પોરષી છાયા એક સો ઓગણીસ ભાગથી નિષ્પન્ન થાય છે. એવું માન્યું છે. પરંતુ સંક્ષિપ્ત વાચના પાઠની સૂચનાનુસાર એકસો વીસ દિવસ ભાગથી નિષ્પન્ન થાય છે. બીજા પ્રશ્નોત્તરમાં-ઓગણસાઈઠ પોરષી છાયાની નિષ્પતિ એક હજાર બાવીસ દિવસ (ના) ભાગમાં થાય છે- એમ માનવામાં આવ્યું છે. પરંતુ એ માનવું સર્વથા અસંગત છે. કેમકે- સંક્ષિપ્ત વાચનાના સૂચન પાઠની ટીકામાં એક-એક દિવસ ભાગ વધારવાનું સૂચન છે.

ત્રીજા પ્રશ્નોત્તરમાં - પ્રશ્ન જ અસંગત છે કેમકે- સંક્ષિપ્ત વાચનાના સૂચન પાઠમાં અર્ધ પોરષી છાયા અંગે પ્રશ્ન હોય તો અહીં કહેવામાં આવેલ ઉત્તર સૂત્ર યથાર્થ યોગ્ય છે.

૧. (ક) પ્રસ્તુત સૂત્રમાં છાયાના પચ્ચીસ પ્રકાર તેમજ ગોળ છાયાના આઠ પ્રકારનું કથન છે. 'तत्थेत्यादि तत्र-तासां पंचविंशति - छायानां मध्ये खल्वियं गोल-छाया अष्ट विद्या प्रज्ञप्ता। સૂર્ય પ્રજ્ઞપ્તિની ટીકાના આ કથનથી પ્રતીત થાય છે કે- છાયાના પચ્ચીસ પ્રકારોમાં 'ગોળ-છાયા' નું નામ હતુ અને એના આઠ પ્રકાર જુદા હતા. પરંતુ સૂર્ય પ્રજ્ઞપ્તિ ની' ૧ આ. સ. ૧૨, શા. સ. ૧૩, અ. સુ. ૧ આ ત્રણ પ્રતિઓમાં છાયાના ફક્ત સત્તર નામ જ છે અને ગોળ -છાયાના આઠ નામ છે. આ પ્રકારે પૂરા પચ્ચીસ (પ્રકાર) માનવામાં આવ્યા છે. સત્તર નામોમાં ગોળ-છાયાનું નામ નથી. તો પણ 'तत्थेत्यादि' પાઠ સાથે મેળવણી કરીને પચ્ચીસ નામ (પ્રકાર) માનવું આશ્ચર્યજનક છે.

એક 'હ.પ્ર.' પ્રતિમાં છાયાના પચ્ચીસ નામ તથા ગોળ-છાયાના આઠ નામ છે. જે મૂળ પાઠ પ્રમાણે છે.

(ખ) ચંદ. પા. ૯, સુ. ૩૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सूरमंडलाणं संखा -**

१०८६. प. कइ णं भंते ! सूरमंडला पण्णत्ता ?

उ. गोयमा ! एगे चउरासीए मंडलसए पण्णत्ते।

- जंबु. वक्ख. ७, सु. १६०

**જંબૂદ્વીપના સૂર્યમંડળોની સંખ્યા :**

**सूर्यमंडળोनी संख्या :**

૧૦૮૬. પ્ર. હે ભગવન્ ! સૂર્યમંડળ કેટલા કહેવામાં આવ્યા છે ?

ઉ. હે ગૌતમ ! એક સો ચોરાસી સૂર્યમંડળ કહેવામાં આવ્યા છે.

**जंबुद्दीवे सूरमंडलाणं संखा-**

१०८७. प. जंबुद्दीवे णं भंते ! दीवे केवइयं ओगाहित्ता केवइया सूरमंडला पण्णत्ता ?

उ. गोयमा ! जंबुद्दीवे णं दीवे असीअं जोयणसयं ओगाहित्ता एत्थ णं पण्णट्ठी सूरमंडला पण्णत्ता[1]।

-जंबु. वक्ख. ७, सु. १६०

**જંબૂદ્વીપના સૂર્યમંડળોની સંખ્યા :**

૧૦૮૭. પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં કેટલા (યોજન) અવગાહન કર્યા પછી કેટલા સૂર્યમંડળ (આવેલા) કહેવામાં આવ્યા છે ?

ઉ. હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં એકસો એંસી યોજન (જેટલું) અવગાહન કર્યા પછી પાંસઠ સૂર્યમંડળ (આવેલા) કહેવામાં આવ્યા છે.

**लवणसमुद्दे सूरमंडलाणं संखा-**

१०८८. प. लवणे णं भंते ! समुद्दे केवइअं ओगाहित्ता केवइआ सूरमंडला पण्णत्ता ?

उ. गोयमा ! लवणे णं समुद्दे तिण्णि तीसे जोयणसए ओगाहित्ता एत्थ णं एगूणवीसे सूरमंडलसए पण्णत्ते।

एवामेव सपुव्वावरेणं जंबुद्दीवे णं दीवे लवणे णं समुद्दे एगे चउरासीए मंडलसए भवंतीति मक्खायंति[2]।

- जंबु. वक्ख. ७, सु. १६०

**લવણસમુદ્રના સૂર્ય-મંડળોની સંખ્યા :**

૧૦૮૮. પ્ર. હે ભગવન્ ! લવણસમુદ્રમાં કેટલા (યોજન) અવગાહન કર્યા પછી કેટલા સૂર્યમંડળ (આવેલા) કહેવામાં આવ્યા છે ?

ઉ. હે ગૌતમ ! લવણસમુદ્રમાં ત્રણસો ત્રીસ યોજન અવગાહન કર્યા પછી ઓગણીસ સૂર્ય મંડળ (આવેલા) કહેવામાં આવ્યા છે.

આવી રીતે જંબૂદ્વીપ નામના દ્વીપના અને લવણ સમુદ્રના પૂર્વાપરના મળીને એકસો ચોર્યાસી સૂર્યમંડળ થાય છે. એમ કહેવામાં આવ્યું છે.

**निसढ-नीलवंतेसु सूरमंडल संखा परूवणं -**

१०८९. णिसढे णं पव्वए तेवट्ठिं सूरोदया पण्णत्ता।

**एवं नीलवंते वि।** - सम. ६३, सु. ३-४

**નિષધ અને નીલવંત પર્વત પર સૂર્યમંડળોની સંખ્યાનું પ્રરુપણ :**

૧૦૮૯. નિષધ પર્વત પર ત્રેસઠ સૂર્યમંડળ કહેવામાં આવ્યા છે.

**આ પ્રમાણે નીલવંત પર્વત પર પણ (ત્રેસઠ સૂર્યમંડળ) છે.**

**सूरियाणं अण्णमण्णस्स अन्तर-चारं-**

१०९०. प. ता केवइयं एए दुवे सूरिया अण्णमण्णस्स अन्तरं कट्टु चारं चरंति ? आहिए त्ति वएज्जा,

उ. तत्थ खलु इमाओ छ पडिवत्तीओ पण्णत्ताओ,

तं जहा-

तत्थ एगे एवमाहंसु-

**સૂર્યની એક બીજાથી અંતર ગતિ :**

૧૦૯૦. પ્ર. એ બન્ને (ભારતીય અને ઐરાવતીય) સૂર્ય એક બીજાથી કેટલા અંતરે ગતિ કરે છે ?

ઉ. આ અંગે આ છ પ્રતિપત્તીઓ (માન્યતાઓ) કહેવામાં આવી છે.

જેમકે -

એમાંથી એક માન્યતાવાળાઓ આ પ્રમાણે કહે છે-

---

१. जम्बूद्दीवे णं दीवे पणसट्ठिं सूरमंडला पण्णत्ता।

૨. જંબૂદ્વીપમાં પાંસઠ સૂર્યમંડળ અને લવણ સમુદ્રમાં એકસો ઓગણીસ સૂર્યમંડળ આ બન્ને સંખ્યાઓને સંયુક્ત કરવા માટે એકસો ચોર્યાસી સૂર્યમંડળ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. ता एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति, आहितेति वएज्जा, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु -

२. ता एगं जोयणसहस्सं एगं च चोत्तीसं जोयणसयं अण्णमण्णस्स अंतरं कट्टु सूरिया चारं चरंति, आहितेति वएज्जा, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु -

३. ता एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं अण्णमण्णस्स अन्तरं कट्टु सूरिया चारं चरंति, आहितेति वएज्जा, एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु-

४-१. ता एगं दीवे, एगं समुद्दे अण्णमण्णस्स अन्तरं कट्टु सूरिया चारं चरंति, आहितेति वएज्जा, एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु-

५-२. ता दो दीवे, दो समुद्दे अण्णमण्णस्स अन्तरं कट्टु सूरिया चारं चरंति, आहितेति वएज्जा, एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु-

६-३. ता तिण्णि दीवे, तिण्णि समुद्दे, अण्णमण्णस्स अन्तरं कट्टु सूरिया चारं चरंति, आहितेति वएज्जा, एगे एवमाहंसु।

वयं पुण एवं वयामो-

ता पंच-पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले अण्णमण्णस्स अन्तरं अभिवड्ढेमाणा वा, निवड्ढेमाणा वा सूरिया चारं चरंति, आहितेति वएज्जा।

प. तत्थ णं को हेउ ? आहितेति वएज्जा,

उ. ता अयं णं जंबुद्दीवे दीवे सव्वदीव-समुद्दाणं सव्वब्भंतराए सव्वखुड्डागे वट्टे-**जाव**-जोयणसय-सहस्समायामविक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं सोलस सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसए, तिण्णि कोसे अट्ठावीसं च धणुसयं, तेरस य अंगुलाइं अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवे णं पण्णत्ते,

(૧) ભારતીય સૂર્ય અને ઐરાવતીય સૂર્ય પરસ્પર એક હજાર એકસો તેત્રીસ યોજન ના અંતરે (રહી) ગતિ કરે છે.

એક (અન્ય મતવાળા) વળી એવું પણ કહે છે-

(૨) ભારતીય સૂર્ય અને ઐરાવતીય સૂર્ય પરસ્પર એક હજાર એકસો ચોત્રીસ યોજનના અંતરે (રહી) ગતિ કરે છે.

એક (અન્ય મતવાળા) વળી એવું પણ કહે છે-

(૩) ભારતીય સૂર્ય અને ઐરાવતીય સૂર્ય પરસ્પર એક હજાર એકસો પાંત્રીસ યોજનના અંતરે (રહી) ગતિ કરે છે.

એક (અન્ય મતવાળા) વળી એવું પણ કહે છે -

(૪-૧) ભારતીય સૂર્ય અને ઐરાવતીય સૂર્ય પરસ્પર એક દ્વીપ અને એક સમુદ્રનાં અંતરે (રહી) ગતિ કરે છે.

એક (અન્ય મતવાળા) વળી એવું પણ કહે છે -

(૫-૨) ભારતીય સૂર્ય અને ઐરાવતીય સૂર્ય પરસ્પર બે દ્વીપ અને બે સમુદ્રના (જેટલા) અંતરે (રહી) ગતિ કરે છે.

એક (અન્ય મતવાળા) વળી એવું પણ કહે છે -

(૬-૩) ભારતીય સૂર્ય અને ઐરાવતીય સૂર્ય પરસ્પર ત્રણ દ્વીપ અને ત્રણ સમુદ્ર (જેટલા) અંતરે (રહી) ગતિ કરે છે.

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ -

પ્રત્યેક મંડળમાં આ બન્ને સૂર્ય પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલું અંતરે એકબીજાથી વધારતા અથવા ઘટાડતા એવા ગતિ કરે છે.

પ્ર. આ (ઉપર કહેલ) માન્યતા (ની સિદ્ધિ) અંગે શું કારણ છે ? કહો

ઉ. એ જંબૂદ્વીપ (નામનો) દ્વીપ બધા દ્વીપ-સમુદ્રોની મધ્યમાં છે, સહુથી નાનો છે, વૃત્તાકાર છે-**યાવત્**-એક લાખ યોજન લાંબો-પહોળો છે તથા ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીસ યોજન ત્રણ કોશ એક સો અઠ્ઠાવીસ ધનુષ તેર આંગળ અને અડધા આંગળ થી કંઈક વધુ પરિધિવાળો કહેવામાં આવ્યો છે.

१. ता जया णं एते दुवे सूरिया सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरंति तया णं णवणउइं जोयणसहस्साइं, छच्च चत्ताले जोयणसए अण्णमण्णस्स अन्तरं कट्टु चारं चरंति आहितेति वएज्जा।

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ।

२. ते निक्खममाणा सूरिया णवं संवच्छरं अयमाणा पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंति।

ता जया णं एते दुवे सूरिया अब्भिंतराणंतरं मण्डलं उवसंकमित्ता चारं चरंति, तया णं णवणउइं जोयण-सहस्साइं छच्च पणयाले जोयणसए पणतीसं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अन्तरं कट्टु चारं चरंति आहितेति वएज्जा।

तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, दोहिं एगट्ठिभाग मुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ, दोहिं एगट्ठिभाग मुहुत्तेहिं अहिया,

३. ते निक्खममाणा सूरिया दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरंति।

ता जया णं एते दुवे सूरिया अब्भिंतरं तच्चं मण्डलं उवसंकमित्ता चारं चरंति, तया णं णवणउइं जोयणसहस्साइं छच्च इक्कावण्णे, जोयणसए नव य एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अन्तरं कट्टु चारं चरंति, आहितेति वदेज्जा।

तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ चउहिं एगट्ठिमुहुत्तेहिं ऊणे दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।

(૧) જ્યારે એ બન્ને સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે નવાણું હજાર છસો ચાલીસ યોજનનું પરસ્પર અંતર રાખીને ગતિ કરે છે.

ત્યારે પરમ ઉત્કર્ષને પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

(૨) (સર્વાભ્યન્તર મંડળથી) નીકળતા એવા તે બન્ને સૂર્ય નવા સંવત્સરના દક્ષિણાયનનો પ્રારંભ કરતા એવા પ્રથમ અહોરાત્રમાં આભ્યન્તરા-નન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

જ્યારે એ બન્ને સૂર્ય આભ્યન્તરાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે તેઓ નવાણું હજાર છસો પીસ્તાલીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલું અંતર રાખીને ગતિ કરે છે.

ત્યારે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ ઓછા (જેટલો) અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ વધુ (જેટલી) બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

(૩) (આભ્યન્તરાનન્તર મંડળમાંથી) નીકળતા એવા તેઓ બન્ને સૂર્ય બીજી અહોરાત્રમાં આભ્યન્તર ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

જ્યારે એ બન્ને સૂર્ય આભ્યન્તર ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે તેઓ નવાણું હજાર છસો એકાવન યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી નવ ભાગ જેટલું પરસ્પર અંતર રાખીને ગતિ કરે છે.

ત્યારે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ ઓછા (જેટલા) અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ વધુ (જેટલી) બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं खलु एएणं उवाएणं निक्खममाणा एते दुवे सूरिया तयाणंतराओ मंडलाओ तयाणंतरं मण्डलं संकममाणा-संकममाणा पंच पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मण्डले अण्णमण्णस्स अंतरं अभिवड्ढेमाणा-अभिवड्ढेमाणा सव्व बाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरंति।

આ પ્રકારે આ ક્રમથી નીકળતા એવા તે બન્ને સૂર્ય તદનન્તર મંડળથી તદનન્તર મંડળની તરફ સંક્રમણ કરતા-કરતા પ્રત્યેક મંડળમાં પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલું અંતર પરસ્પર વધારતો-વધારતો સર્વ બાહ્ય મંડળની તરફ આગળ ગતિ કરે છે.

१. ता जया णं एते दुवे सूरिया सव्व बाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरंति, तया णं एगं जोयणसयसहस्सं छच्च सट्ठे जोयणसए अण्णमण्णस्स अन्तरं कट्टु चारं चरंति।

(૧) જ્યારે એ બન્ને સૂર્ય સર્વ બાહ્ય મંડળની તરફ આગળ વધતો ગતિ કરે છે ત્યારે એક લાખ છસો સાઈઠ યોજન જેટલું પરસ્પર અંતર રાખીને ગતિ કરે છે.

तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ।

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બારમુહૂર્ત જેટલો દિવસ હોય છે.

एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे।

તે પ્રથમ છ માસ (દક્ષિણાયનના) (હોય) છે. એ પ્રથમ છ માસનો અંત (હોય) છે.

२. ते पविसमाणा सूरिया दोच्चं छम्मासं अयमाणा पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मण्डलं उवसंकमित्ता चारं चरंति।

(૨) (સર્વ બાહ્ય મંડળની) તરફથી પ્રવેશ કરતા બન્ને સૂર્ય બીજા છ માસમાં ઉત્તરાયણ (નો) પ્રારંભ કરતા એવા પ્રથમ અહોરાત્રમાં બાહ્યાન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

ता जया णं एते दुवे सूरिया बाहिराणंतरं मण्डलं उवसंकमित्ता चारं चरंति, तया णं एगं जोयणसयसहस्सं छच्च चउप्पण्णे जोयणसए छत्तीसं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अन्तरं कट्टु चारं चरन्ति,

જ્યારે એ બન્ને સૂર્ય બાહ્યાન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી છત્રીસભાગ જેટલું પરસ્પર અંતર રાખીને ગતિ કરે છે.

तया णं अट्ठारसमुहुत्ता राई भवइ, दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ, दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए।

ત્યારે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ ઓછી (જેટલી) અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ વધુ (જેટલો) બાર મુહૂર્તનો દિવસ હોય છે.

३. ते पविसमाणा सूरिया दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मण्डलं उवसंकमित्ता चारं चरन्ति।

(૩) (બાહ્યાનન્તર મંડળની તરફથી) પ્રવેશ કરતા એવા તે બન્ને સૂર્ય બીજી અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

ता जया णं एते दुवे सूरिया बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरन्ति, तया णं एगं जोयणसयसहस्सं छच्च अडयाले जोयणसए बावण्णं च एगट्ठिभागे जोयणस्स अण्णमण्णस्स अन्तरं कट्टु चारं चरन्ति।

જ્યારે એ બન્ને સૂર્ય બાહ્ય ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે એક લાખ છસો અડતાલીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી બાવન ભાગ જેટલું પરસ્પર અંતર રાખીને ગતિ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तया णं अट्ठारसमुहुत्ता राई भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए।

त्यारे એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ જેટલી ઓછી અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ (જેટલો) વધુ બારમુહૂર્તના દિવસ હોય છે.

एवं खलु एएणं उवाएणं पविसमाणा एते दुवे सूरिया तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं संकममाणा-संकममाणा पंच पंच जोयणाइं पणतीसे च एगट्ठिभागे जोयणस्स एगमेगे मण्डले अण्णमण्णस्स अन्तरं निवड्ढेमाणा-निवड्ढेमाणा सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरन्ति।

આ પ્રકારે આ ક્રમેથી પ્રવેશ કરતા એવા તે બન્ને સૂર્ય તદનન્તર મંડળથી તદનન્તરમંડળની તરફ સંક્રમણ કરતા-કરતા પ્રત્યેક મંડળમાં પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલું અંતર પરસ્પરથી ઘટાડતા-ઘટાડતા સર્વ આભ્યન્તર મંડળની તરફ આગળ વધતા ગતિ કરે છે.

ता जया णं एते दुवे सूरिया सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरन्ति, तया णं णवणउइं जोयणसहस्साइं छच्च चत्ताले जोयणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरन्ति।

જ્યારે એ બન્ને સૂર્ય બધા આભ્યન્તર મંડળની તરફ આગળ વધતા ગતિ કરે છે ત્યારે નવાણું હજાર છસો ચાલીસ યોજન જેટલું પરસ્પર અંતરે રહીને ગતિ કરે છે.

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ।

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

एस णं दोच्चे छम्मासे एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे।

એ બીજા છ માસ (ઉત્તરાયણના) છે, તે બીજા છ માસનો અંત છે.

एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे।[१]

- सूरिय. पा. १, पाहु. ४, सु. १५

એ આદિત્ય સંવત્સર છે, એ આદિત્ય સંવત્સરનો અંત છે.

**सूरियाणं संचरण खेतं-** / **સૂર્યોનું સંચરણક્ષેત્ર :**

१०९१. प. ता किं ते चिण्णं पडिचरति? आहितेति वदेज्जा

૧૦૯૧. પ્ર. કયો સૂર્ય (પોતે કે અન્યે) ચાલેલા ક્ષેત્રમાં ફરી-ફરી ચાલે છે ? કહો

उ. तत्थ खलु इमे दुवे सूरिया पण्णत्ता, तं जहा- भारहे चेव सूरिए, एरवए चेव सूरिए।

ता एए णं दुवे सूरिया पत्तेयं पत्तेयं - तीसाए तीसाए मुहुत्तेहिं एगमेगं अद्धमण्डलं चारं चरइ, सट्ठीए सट्ठीए मुहुत्तेहिं एगमेगं मण्डलं संघाययंति,

ઉ. આ (જંબૂદ્વીપ) માં એ બે સૂર્ય કહેવામાં આવ્યા છે જેમકે- ભરતક્ષેત્રનો સૂર્ય અને ઐરવત ક્ષેત્રનો સૂર્ય.

આ બન્ને સૂર્યોમાંથી પ્રત્યેક સૂર્ય ત્રીસ-ત્રીસ મુહૂર્તમાં એક-એક અર્ધમંડળ પર ચાલે છે અને સાઈઠ-સાઈઠ મુહૂર્તમાં એક-એક પૂર્ણ મંડળ પર ચાલે છે.

प. ता निक्खममाणा खलु एते दुवे सूरिया अण्णमण्णस्स चिण्णं पडिचरन्ति, पविसमाणा खलु एते दुवे सूरिया अण्णमण्णस्स चिण्णं पडिचरन्ति तं सयमेगं चोयालं,

પ્ર. (સર્વ આભ્યન્તર મંડળથી) નીકળતા એવા તે બન્ને સૂર્ય એક-બીજાના ચાલેલા ક્ષેત્રમાં ચાલે છે. (સર્વ બાહ્ય મંડળમાંથી) પ્રવેશ કરતા એવા તે બન્ને સૂર્ય એક બીજાના ચાલેલા ક્ષેત્રમાં ચાલે છે. એ ચીર્ણ (ચાલેલા) ક્ષેત્ર મંડળોના એકસો ચુંમાલીસ ભાગોમાં વિભક્ત છે.

तत्थ णं को हेउ, त्ति वदेज्जा ?

એમાં કયો હેતું (કારણ) છે ? કહો

---

१. चंद. पा. १, सु. १५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. ता अयण्णं जंबुद्दीवे दीवे सव्व दीव-समुद्दाणं सव्वब्भंतराए सव्व खुड्डागे वट्टे-**जाव**-जोयणसयसहस्समायामविक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं, सोलस सहस्साइं, दोन्नि य सत्तावीसे जोयणसए, तिण्णि कोसे अट्ठावीसं च धणुसयं, तेरस य अंगुलाइं, अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवे णं पण्णत्ते,

तत्थ णं अयं भारहए चेव सूरिए जंबुद्दीवस्स दीवस्स पाईण-पडीणाययाए उदीण-दाहिणाययाए जीवाए मंडलं चउवीसएणं सएणं छेत्ता - दाहिण-पुरत्थिमिल्लंसि चउब्भागमंडलंसि बाणउतिय सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ,

उत्तर-पच्चत्थिमिल्लंसि चउब्भागमंडलंसि एक्काणइयं सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ,

तत्थ णं अयं भारहे सूरिए एरवयस्स सूरियस्स जंबुद्दीवस्स दीवस्स पाईण-पडीणाययाए उदीण-दाहिणाययाए जीवाए मण्डलं चउवीसए णं सएणं छेत्ता-उत्तर-पुरत्थिमिल्लंसि चउब्भाग- मंडलंसि बाणउइय सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ, दाहिण- पच्चत्थिमिल्लंसि चउब्भागमंडलंसि एक्काणउइयं सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ,

तत्थ णं अयं एरवए चेव सूरिए जंबुद्दीवस्स दीवस्स पाईण-पडीणाययाए उदीण-दाहिणाययाए जीवाए मंडलं चउवीसएणं सएणं छेत्ता-उत्तर-पुरत्थिमिल्लंसि चउब्भागमंडलंसि बाणउइयं सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ,

दाहिण-पुरत्थिमिल्लंसि चउब्भागमंडलंसि एक्काणउइय सूरियमयाइं जाइं सूरिए अप्पणा चेव चिण्णाइं पडिचरइ,

तत्थ णं अयं एरवए सूरिए भारहस्स सूरियस्स जंबुद्दीवस्स दीवस्स पाईण-पडीणाययाए उदीण-दाहिणाययाए जीवाए मण्डलं चउवीसएणं सएणं छेत्ता - दाहिणपच्चत्थिमिल्लंसि चउब्भागमंडलंसि बाणउइय सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ,

ઉ. આ જંબૂદ્વીપ નામનો દ્વીપ સર્વદ્વીપ-સમુદ્રોની મધ્યમાંછે. સહુથી નાનો છે. વૃત્તાકાર છે-**યાવત્**-એક લાખ યોજન લાંબો-પહોળો અને ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીસ યોજન ત્રણકોશ એકસો અઠ્ઠાવીસ ધનુષ્ય તેર આંગળ તથા અડધા આંગળથી કંઈક વધુ પરિધિવાળો કેહવામાં આવ્યો છે.

એ જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણની લાંબી જીવાથી મંડળના એકસો ચોવીસ ભાગ કરીને દક્ષિણ-પૂર્વી ચોથા ભાગમાં અર્થાત્ એકત્રીસ ભાગોમાં રહેલો એવો એ ભરતક્ષેત્રનો સૂર્ય બાવન સૂર્ય મંડળોમાં સ્વયંના ચીર્ણ (ચાલેલા મંડળો ૫૨) ચાલે છે.

મંડળની ઉત્તર-પશ્ચિમ ચતુર્થ ભાગમાં રહેલો એવો આ ભરતક્ષેત્રનો સૂર્ય એકાવન મંડળોમાં સ્વયંના ચીર્ણ (ચાલેલા) મંડળો ૫૨ ચાલે છે.

આ જંબૂદ્વીપ-દ્વીપમાં પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણની લાંબી જીવાથી મંડળના એકસો ચોવીસ ભાગ કરીને મંડળના ઉત્તર-પૂર્વી ચોથા ભાગમાં રહેલો એવો ભરતક્ષેત્રનો સૂર્ય અન્યે ચાલેલા એવા બાવન મંડળોમાં ચાલે છે. મંડળના દક્ષિણ-પશ્ચિમી ચોથાભાગમાં રહેલો એવો એ ભરતક્ષેત્રનો સૂર્ય ૫૨ (અન્ય) ના ચાલેલા એકાવન મંડળોમાં ચાલે છે.

આ જંબૂદ્વીપ દ્વીપના પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાથી મંડળના એકસો ચોવીસ ભાગ કરીને મંડળના ઉત્તર-પૂર્વી ચોથા ભાગમાં રહેલો એ ઐરાવત ક્ષેત્રનો સૂર્ય બાવન મંડળોમાં સ્વયંના ચીર્ણ (ચાલેલા) મંડળો ૫૨ ચાલે છે.

મંડળના દક્ષિણ-પૂર્વી ચોથાભાગમાં રહેલો એવો આ ભરતક્ષેત્રનો સૂર્ય એકાવન મંડળોમાં સ્વયં ચાલેલા એવા મંડળોમાં ચાલે છે.

એ જંબૂદ્વીપ દ્વીપમાં પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાથી મંડળના એકસો ચોવીસ ભાગ કરીને મંડળના દક્ષિણ-પશ્ચિમી ચતુર્થ ભાગમાં રહેલો એવો ઐરાવત ક્ષેત્રનો સૂર્ય અન્યના ચાલેલા બાવન મંડળોમાં ચાલે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उत्तर-पुरत्थिमिल्लंसि चउब्भागमंडलंसि एक्काणउइय सूरियमयाइं जाइं सूरिए परस्स चेव चिण्णाइं पडिचरइ।

मंડળના ઉત્તર-પૂર્વી ચોથા ભાગમાં રહેલો એવો ઐરાવત ક્ષેત્રનો સૂર્ય અન્યે ચાલેલા એવા એકાવન મંડળોમાં ગતિ કરે છે.

ता निक्खममाणा खलु एए दुवे सूरिया णो अण्णमण्णस्स चिण्णं पडिचरन्ति।

(સર્વ આભ્યન્તર મંડળમાંથી) નીકળેલા એ બન્ને સૂર્ય એકબીજાના ચાલેલા મંડળોમાં ચાલતા નથી.

पविसमाणा खलु एए दुवे सूरिया अण्णमण्णस्स चिण्णं पडिचरन्ति सयमेगं चोयालं।[1]

- सूरिय. पा. १, पाहु. ३, सु. १४

(સર્વ બાહ્ય મંડળમાંથી) પ્રવેશ કરતા એવા એ બન્ને સૂર્ય એક બીજાના ચાલેલા મંડળોમાં ચાલે છે. આ ચીર્ણ ક્ષેત્ર મંડળોના એકસો ચુંમાલીસ ભાગોમાં વિભાજિત છે.

**सव्वब्भंतर-बाहिर-सूरमण्डलाणं अबाहा अन्तरं-**

**સર્વ આભ્યન્તર અને બાહ્ય સૂર્ય મંડળોનું વ્યવધાન રહિત અંતર :**

१०९२. प. सव्वब्भंतराओ णं भंते ! सूरमंडलाओ केवइआए अबाहाए सव्वबाहिरए सूरमण्डले पण्णत्ते ?

उ. गोयमा ! सव्वब्भंतराओ सूरमंडलाओ पंचदसुत्तरे जोयणसए अबाहाए सव्व बाहिरए सूरमण्डले पण्णत्ते। - जंबु. वक्ख. ७, सु. १६१

૧૦૯૨. પ્ર. હે ભગવન્ ! સર્વ આભ્યન્તર સૂર્ય મંડળથી સર્વબાહ્ય સૂર્યમંડળ વ્યવધાન રહિત કેટલા અંતરે (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! સર્વ આભ્યન્તર સૂર્ય મંડળથી સર્વ બાહ્ય સૂર્ય મંડળ વ્યવધાન રહિત પાંચસો દસ યોજનના અંતરે કહેવામાં આવેલ છે.

**सूरमंडलस्स आयाम-विक्खंभ-बाहल्लं -**

**સૂર્ય મંડળના આયામ-વિષ્કમ્ભ, પરિધિ અને બાહલ્ય :**

१०९३. प. सूरमंडले णं भंते ! केवइयं आयाम-विक्खंभेणं ? केवइयं परिक्खेवेणं ? केवइयं बाहल्लेणं ?

उ. गोयमा ! अडयालीसं एगसट्ठिभाए जोयणस्स आयामविक्खंभेणं[2] तं तिगुणं सविसेसं परिक्खेवेणं, चउवीसं एगसट्ठिभाए जोयणस्स बाहल्लेणं पण्णत्ते।

- जंबु. वक्ख. ७, सु. १६३

૧૦૯૩. પ્ર. ભંતે ! સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ કેટલો છે ? પરિધિ કેટલી છે ? બાહ્ય (જાડાઈ) કેટલી છે ?

ઉ. હે ગૌતમ ! સૂર્ય મંડળ એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ (૪૮/૬૧) ભાગ જેટલું લાંબુ-પહોળું છે. એનાથી ત્રણ ગણા કરતા કંઈક વધુ એની પરિધિ છે અને એક યોજનના એકસઠ ભાગોમાંથી ચોવીસ ભાગ(૨૪/૬૧)જેટલું બાહ્ય(જાડાઈ)કહેવામાં આવ્યું છે.

**सूरस्स सव्वमंडलाणं बाहल्लं आयाम-विक्खंभ-परिक्खेवं च-**

**સૂર્યના સર્વ મંડળોનું બાહલ્ય, આયામ-વિષ્કમ્ભ અને પરિધિ :**

१०९४. प. ता सव्वा वि णं मंडलवया - केवइयं बाहल्ले णं ? केवइयं आयाम-विक्खंभे णं ? केवइयं परिक्खेवे णं ? आहितेति वदेज्जा,

૧૦૯૪. પ્ર. (સૂર્યના) સર્વ મંડળોનું બાહલ્ય કેટલું છે ? આયામ-વિષ્કમ્ભ કેટલો છે ? પરિધિ કેટલી છે ? કહો.

---

१. चन्द. पा. १, सु. १४

२. (क) सम. ४८, सु. ३

(ख) सूरमंडलं जोयणेणं तेरसेहिं एगसट्ठिभागेहिं जोयणस्स ऊणं पण्णत्ते। - सम. १३, सु. ८

સમવાય ૪૮માં જે આયામ-વિષ્કંભ અને પરિધિ આવી છે એમાં અને સમ. ૧૩ના આ સૂત્રમાં અંતર છે જે અન્વેષણીય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. तत्थ खलु इमा तिण्णि पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

१. ता सव्वा वि णं मण्डलवया जोयणं बाहल्ले णं, एगं जोयणसहस्सं एगं तेत्तीसं जोयणसयं आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसहस्साइं तिण्णि य णवणउई जोयणसए परिक्खेवे णं पण्णत्ता, एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु-

२. ता सव्वा वि णं मण्डलवया जोयणं बाहल्ले णं, एगं जोयणसहस्सं एगं च चउत्तीसं जोयणसयं आयामविक्खंभे णं, तिण्णि जोयणसहस्साइं चत्तारि विउत्तराइं जोयणसयाइं परिक्खेवे णं पण्णत्ता, एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु -

३. ता सव्वा वि णं मण्डलवया जोयणं बाहल्ले णं, एगं जोयणसहस्सं एगं च पणतीसं जोयणसयं आयाम-विक्खंभेणं, तिण्णि जोयणसहस्साइं चत्तारि पंचुत्तराइं जोयणसयाइं परिक्खेवेणं पण्णत्ता- एगे एवमाहंसु।

वयं पुण एवं वयामो-

ता सव्वा वि णं मण्डलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं,

अणियया आयाम-विक्खंभ-परिक्खेवे णं, आहितेति वदेज्जा,

प. तत्थ णं कोहेऊ? त्ति वदेज्जा,

उ. ता अयं णं जंबुद्दीवे दीवे सव्व दीव-समुद्दाणं सव्वब्भंतराए सव्व खुड्डागे वट्टे-जाव-जोयणस-हस्समायामविक्खंभे णं, तिण्णि जोयणस-यसहस्साइं, सोलस सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसए, तिण्णि कोसे, अट्ठावीसं च धणुसयं, तेरस य अंगुलाइं, अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवे णं पण्णत्ते,

ઉ. આ અંગે આ ત્રણ પ્રતિપત્તિઓ માન્યતાઓ કહેવામાં આવી છે, જેમકે-

એમાંથી એક મતવાળાઓ આમ કહે છે -

(૧) (સૂર્યના) બધા મંડળોનું બાહલ્ય એક યોજનનું છે. એક હજાર એક સો તેત્રીસ (૧૧૩૩) યોજનનો આયામ-વિષ્કમ્ભ છે. ત્રણ હજાર ત્રણસો નવાણું (૩૩૯૯) યોજનની પરિધિ કહેવામાં આવી છે.

એક (અન્ય મતવાળાઓ) વળી એવું કહે છે -

(૨) (સૂર્યના) બધા મંડળોનું બાહલ્ય એક યોજનનું છે. એક હજાર એકસો ચોંત્રીસ (૧૧૩૪) યોજનનો આયામ- વિષ્કંભ છે, ત્રણ હજાર ચારસો બે (૩૪૦૨) યોજનની પરિધિ કહેવામાં આવી છે.

એક (અન્ય મતવાળાઓ) વળી આમ કહે છે -

(૩) (સૂર્યના) બધા મંડળોનું બાહલ્ય એક યોજનનું છે. એકહજાર એકસો પાંત્રીસ (૧૧૩૫) યોજનનો આયામ વિષ્કમ્ભ છે, ત્રણ હજાર ચારસો પાંચ (૩૪૦૫) યોજનની પરિધિ કહેવામાં આવી છે.

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ -

(સૂર્યના) બધા મંડળોનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલો છે.

આયામ-વિષ્કમ્ભ અને પરિધિ અનિયત - અચોક્કસ કહેવામાં આવી છે.

પ્ર. આ પ્રમાણે કહેવાનું શું કારણ છે?

ઉ. આ જંબૂદ્વીપ નામનો દ્વીપ બધા દ્વીપ-સમુદ્રોની મધ્યમાં છે. સહુથી નાનો છે, વૃત્તાકાર છે **-યાવત્-** એક હજાર યોજનનો આયામ-વિષ્કંભ છે. ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીસ યોજન, ત્રણ કોશ એકસો અઠ્ઠાવીસ ધનુષ, તેર આંગળ તથા અડધા આંગળથી કંઈક વધુ એની પરિધિ કહેવામાં આવી છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

१. ता जया णं सूरिए सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मण्डलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं, णवणउइ जोयणसहस्साइं छच्च चत्ताले जोयणसयाइं आयाम-विक्खंभे णं,

तिण्णि जोयणसय सहस्साइं पण्णरस जोयण-सहस्साइं एगूणणउई जोयणाइं किंचि विसेसाहिए परिक्खेवे णं,[१]

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ,

२. से निक्खम्ममाणे सूरिए णवं सवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ।

ता जया णं सूरिए अब्भिंतराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं।

णवणउई जोयणसहस्साइं छच्च पणयाले जोयणसए पणतीसं च एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभे णं।

तिण्णि जोयणसयसहस्साइं पण्णरस जोयणसहस्साइं एगं चउत्तरं जोयणसयं किंचि विसेसूणं परिक्खेवे णं।

तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।

(૧) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલો (હોય) છે અને નવાણું હજાર છસો ચાલીસ (૯૯,૬૪૦) યોજનનો આયામ-વિષ્કમ્ભ છે.

ત્રણ લાખ પંદર હજાર નેવ્યાસી યોજન (૩,૧૫૦૮૯)થી કંઈક વધુ એની પરિધિ કહેવામાં આવી છે.

આ સમયે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને ન્યૂનતમ બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

(૨) (સર્વાભ્યન્તર મંડળથી) નીકળેલ સૂર્ય નવા સંવત્સરના દક્ષિણાયનનો પ્રારંભ કરતો એવો પ્રથમ અહોરાત્રમાં આભ્યન્તરાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

જ્યારે સૂર્ય આભ્યન્તરાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલું (હોય) છે.

નવાણું હજાર છસો પીસ્તાલીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પીસ્તાલીસ ભાગ (૯૯૬૪૫ $^{૧}/_{૪૫}$) જેટલો આયામ-વિષ્કમ્ભ (હોય) છે.

ત્રણ લાખ પંદર હજાર એક સો ચાર (૩,૧૫,૧૦૪) યોજનથી કંઈક ઓછી પરિધિ કહેવામાં આવી છે.

આ સમયે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ ઓછા જેટલો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ વધુ બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

---

૧. સૂર્ય પ્રજ્ઞપ્તિ અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના સૂત્રોમાં સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ કહેવામાં આવ્યો છે પણ સમવાયાંગ સૂત્રમાં કેવળ વિષ્કંભ જ કહેવામાં આવ્યો છે. એનું સમાધાન એ છે કે વૃત્તાકારનો આયામ-વિષ્કમ્ભ સદા સમાન હોય છે, સૂર્યમંડળ વૃત્તાકાર છે એટલે કેવલ વિષ્કમ્ભ સમજી લેવું જોઈએ. સૂર્ય પ્રજ્ઞપ્તિમાં સૂર્ય મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલો કહેવામાં આવ્યું છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં સૂર્ય મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી ચોવીસ ભાગ જેટલું કહેવામાં આવ્યું છે. આ બે પ્રકારના બાહલ્ય પ્રમાણોમાંથી કયો વાસ્તવિક છે તે શોધનો વિષય છે.
સૂર્ય પ્રજ્ઞપ્તિમાં સૂર્યમંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ બાહ્યાભ્યન્તર મંડળોની અપેક્ષા અનિયત કહેવામાં આવી છે. પરંતુ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ અનિયત નથી કહેવામાં આવી.
જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જે સૂર્યમંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ કહ્યા છે તે આભ્યન્તર કે બાહ્ય મંડળોની અપેક્ષાએ કહ્યા છે, કેમકે - સૂર્ય પ્રજ્ઞપ્તિમાં કહેલ બાહ્યાભ્યન્તર મંડળોના આયામ-વિષ્કમ્ભ પ્રમાણોમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ કથિત આયામ-વિષ્કમ્ભ અને પરિધિનું પ્રમાણ મળતું નથી :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. से निक्खम्ममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ।

ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं।

णवणउइ जोयणसहस्साइं छच्च एकावन्ने जोयणसए णव य एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभे णं।

तिण्णि जोयणसयसहस्साइं पण्णरस जोयणसहस्साइं एगं च पणवीसं जोयणसयं परिक्खेवे णं पण्णत्ते।

तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।

एवं खलु एएणं उवाएणं निक्खम्ममाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे पंच-पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले विक्खंभवुड्ढिं अभिवड्ढेमाणे-अभिवड्ढेमाणे अट्ठारस-अट्ठारस जोयणाइं परिरयवुड्ढिं अभिवड्ढेमाणे अभिवड्ढेमाणे सव्वबाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ।

४. ता जया णं सूरिए सव्व बाहिरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं।

एगं च जोयणसयसहस्सं छच्चसट्ठे जोयणसए आयाम विक्खंभे णं।

तिण्णि जोयणसयसहस्साइं अट्ठारससहस्साइं तिण्णि य पण्णरसुत्तरे जोयणसए परिक्खेवेणं।

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ,

(૩) (આભ્યન્તરાનન્તર મંડળમાંથી) નીકળેલ તે સૂર્ય બીજા અહોરાત્રમાં આભ્યન્તર ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

જ્યારે સૂર્ય આભ્યન્તર ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલું હોય છે.

નવાણું હજાર છસો એકાવન યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી નવભાગ (૯૯,૬૫૧, $^{9}/_{61}$) જેટલો આયામ- વિષ્કમ્ભ (હોય) છે.

ત્રણ લાખ પંદર હજાર એકસો પચ્ચીસ (૩,૧૫,૧૨૫) યોજનની પરિધિ (હોવાનું) કહેવામાં આવ્યું છે.

આ સમયે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ ઓછા અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ વધુ બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

આ પ્રકારે આ ક્રમે નીકળેલો સૂર્ય તદનન્તર મંડળથી તદન્તર મંડળની તરફ સંક્રમણ કરતો-કરતો પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલી વિષ્કમ્ભની વૃદ્ધિ પ્રત્યેક મંડળમાં વધારતો-વધારતો અને અઢાર-અઢાર યોજનની પરિધિની વૃદ્ધિ વધારતો-વધારતો સર્વ બાહ્યમંડળની તરફ આગળ વધતો ગતિ કરે છે.

(૪) જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલું હોય છે.

એક લાખ છસો સાઈઠ (૧૦૦૬૬૦) યોજન જેટલો આયામ-વિષ્કમ્ભ (હોય) છે.

ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર (૩,૧૮,૩૧૫) યોજનની પરિધિ કહેવામાં આવી છે.

આ સમયે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एस णं पढमे छम्मासे एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे।

१. से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ।

ता जया णं सूरिए बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं।

एगं जोयणसयसहस्सं छच्च चउप्पणे जोयणसए छव्वीसं च एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभे णं।

तिण्णि जोयणसयसहस्साइं अट्ठारस सहस्साइं दोण्णि य सत्ताणउए जोयणसए परिक्खेवे णं पण्णत्ते।

तया णं अट्ठारसमुहुत्ता राई भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए।

२. से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ।

ता जया णं सूरिए बाहिरं तच्चं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं।

एगं जोयणसयसहस्सं छच्च अडयाले जोयणसए बावण्णं च एगट्ठिभागे जोयणस्स आयाम-विक्खंभे णं।

तिण्णि जोयणसयसहस्साइं अट्ठारससहस्साइं दोण्णि य एगूणासीए जोयणसए परिक्खेवे णं पण्णत्ते।

तया णं अट्ठारसमुहुत्ता राई भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए।

एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मंडलाओ तयाणंतरं मंडलं संकममाणे-संकममाणे पंच-पंच जोयणाइं पणतीसं

એ પ્રથમ છ માસ (દક્ષિણાયનના) છે. એ છ માસ નો અંત (હોય) છે.

(૧) (સર્વ બાહ્ય મંડળથી) પ્રવેશ કરતો એવો તે સૂર્ય બીજા છ માસમાં ઉત્તરાયણનો પ્રારંભ કરતો એવો પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનન્તર મંડળને પ્રાપ્ત કરતો એવો ગતિ કરે છે.

જ્યારે સૂર્ય બાહ્યાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરેછે ત્યારે મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલું હોય છે.

એક લાખ છસો ચોપન યોજન અને એક યોજન એકસઠ ભાગોમાંથી છવીસ ભાગ (૧,૦૦,૬૫૪ ૧/૨૬) જેટલો મંડળનો આયામ-વિષ્કમ્ભ (હોય) છે.

ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાવન (૩,૧૮,૨૫૭) યોજનની પરિધિ (કહેવામાં) આવી છે.

એ સમયે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ ઓછા અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એક મુહૂર્ત એકસઠ ભાગોમાંથી બે ભાગ વધુ બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

(૨) (બાહ્યાનન્તર મંડળથી) પ્રવેશ કરતો એવો તે સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલું હોય છે.

એક લાખ છસો અડતાલીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી બાવન ભાગ (૧,૦૦,૬૪૮ ૧/૫૨)જેટલો આયામ-વિષ્કમ્ભ (હોય) છે.

ત્રણ લાખ અઢાર હજાર બસો ઓગણાએંસી (૩,૧૮,૨૭૯) યોજનની પરિધિ કહેવામાં આવી છે.

એ સમયે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ ઓછી અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ વધુ બાર મુહૂર્તનો દિવસ હોય છે.

આ પ્રમાણે આ ક્રમે પ્રવેશ કરતો એવો તે સૂર્ય તદનન્તર મંડળથી તદનન્તર મંડળમાં સંક્રમણ કરતો-કરતો પ્રત્યેક મંડળમાં પાંચ-પાંચ યોજન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च एगट्ठिभागे जोयणस्स एगमेगे मंडले विक्खंभवुड्ढि निवुड्ढेमाणे-निवुड्ढेमाणे अट्ठारस अट्ठारस जोयणाइं परिरयवुड्ढि निवुड्ढेमाणे-निवुड्ढेमाणे सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ ।

અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલી વિષ્કમ્ભ વૃદ્ધિ તથા અઢાર- અઢાર યોજનની પરિધિ-વૃદ્ધિને ઘટાડતો-ઘટાડતો સર્વ આભ્યન્તર મંડળની તરફ આગળ વધતો એવો ગતિ કરે છે.

३. ता जया णं सूरिए सव्वब्भंतरं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं सा मंडलवया अडयालीसं एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं ।

(૩) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે મંડળનું બાહલ્ય એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલો (હોય) છે.

णवणउइं जोयणसयसहस्साइं छच्च चत्ताले जोयणसए आयाम-विक्खंभे णं ।

નવાણું હજાર છસો ચાલીસ (૯૯,૬૪૦) યોજનનો આયામ-વિષ્કમ્ભ હોય છે.

तिण्णि जोयणसयसहस्साइं पण्णरससहस्साइं एगूणणउइं च जोयणाइं किंचि विसेसाहिए परिक्खेवे णं पण्णत्ते ।

ત્રણ લાખ પંદર હજાર નેવ્યાસી (૩,૧૫,૦૮૯) યોજનથી કંઈક વધુની પરિધિ કહેવામાં આવી છે.

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।

આ સમયે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे ।

એ બીજા છ માસ (ઉત્તરાયણના) છે. તે બીજા છ માસનો અંત છે.

एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।[1]

એ આદિત્ય સંવત્સર છે. એ આદિત્ય સંવત્સરનો અંત છે.

- सूरिय. पा. १, पाहु. ८, सु. २०

**सव्व सूरमंडलाणं बाहल्लं अन्तरं अद्धापमाणं च-**

**સર્વ સૂર્ય મંડળોનું બાહલ્ય, અંતર અને માર્ગનું પ્રમાણ :**

१०९५. ता सव्वा वि णं मंडलवया अडयालीसं च एगट्ठिभागे जोयणस्स बाहल्ले णं ।[2]

सव्वा वि णं मण्डलंतरिया दो जोयणाइं विक्खंभे णं, एस णं अद्धा तेसीय सयपडुप्पण्णे पंचदसुत्तरे जोयणसए आहिए त्ति वएज्जा ।

૧૦૯૫. બધા મંડળોનું બાહલ્ય (જાડાઈ) એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલું હોય છે.

બધા મંડળોના અંતરનો વિષ્કમ્ભ બે યોજનનો છે આ વિદ્યમાન એકસો ત્ર્યાંસી (મંડળો) ના (ગુણાકારથી[3]) પાંચસો દસ યોજન (જેટલો લાંબો) માર્ગ કહેવામાં આવ્યો છે.

---

૧. चन्द. पा. १, सु. २०. २. सम. ४८, सु. ३

૩. ગણિતની પ્રક્રિયા :

એક સો ત્ર્યાંસી મંડળ છે અને પ્રત્યેક મંડળનું અંતર બે યોજનનું એટલે એકસો ત્ર્યાસીને બે વડે ગુણતા ત્રણસો છાસઠ યોજન થાય.

એક યોજનના એકસઠ ભાગોમાંથી અહીં અડતાલીસ ભાગ ગ્રાહ્ય છે એટલે અડતાલીસને એકસો ત્ર્યાસી (મંડળની સંખ્યા)થી ગુણતા આઠ હજાર સાતસો ચોરાસી ભાગ થાય અને એકસઠનો ભાગ આપવાથી એકસો ચુંમાલીસ યોજન થાય.

ત્રણસો છાસઠ યોજન અને એકસો ચુંમાલીસ યોજનનો સરવાળો કરતા પાંચસો દસ યોજન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. ता अब्भिंतराओ मण्डलवयाओ बाहिरं मण्डलवयं बाहिराओ वा मंडलवयाओ अब्भिंतरं मण्डलवयं, एस णं अद्धा केवइयं आहिए त्ति वदेज्जा ?

उ. ता पंचदसुत्तरे जोयणसए आहिए त्ति वएज्जा,

प. अब्भिंतराए मण्डलवयाए बाहिरा मंडलवयाओ अब्भिंतर मण्डलवया एस णं अद्धा केवइयं आहिए त्ति वएज्जा ?

उ. ता पंचदसुत्तरे जोयणसए अडयालीसं च एगट्ठिभागे जोयणस्स अहिया,

प. ता अब्भिंतराओ मण्डलवयाओ बाहिरमण्डलवया बाहिराओ मण्डलवयाओ अब्भिंतर मण्डलवया- एस णं अद्धा केवइयं आहिए त्ति वदेज्जा ?

उ. ता पंचनवुत्तरे जोयणसए तेरस य एगट्ठिभागे जोयणस्स आहिए त्ति वदेज्जा,

प. अब्भिंतराओ मण्डलवयाओ बाहिरा मण्डलवया, बाहिराए मण्डलवयाए अब्भिंतर मण्डलवया - एस णं अद्धा केवइया आहिए त्ति वदेज्जा ?

उ. ता पंचदसुत्तरे जोयणसए, आहिए त्ति वदेज्जा।[1]

- सूरिय. पा. १, पाहु.८, सु. २०

પ્ર. આભ્યન્તર મંડળથી બાહ્યમંડળ અને બાહ્યમંડળ થી આભ્યન્તર મંડળ (પર્યંત) કેટલો (લાંબો) માર્ગ છે ? કહો.

ઉ. પાંચસો દસ યોજન (જેટલો લાંબો માર્ગ) છે.

પ્ર. આભ્યન્તર મંડળ પદથી બાહ્યમંડળપદ અને બાહ્યમંડળ પદથી આભ્યન્તર મંડળ પદનો માર્ગ કેટલો લાંબો છે ? કહો.

ઉ. પાંચસો દસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ વધુ (જેટલો) (લાંબો માર્ગ) છે.

પ્ર. આભ્યન્તર મંડળ પદથી બાહ્યમંડળ પદ અને બાહ્યમંડળ પદથી આભ્યન્તર મંડળપદ -એનો માર્ગ કેટલો (લાંબો) છે ? કહો.

ઉ. પાંચ સો નવ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી તેર ભાગ જેટલો (લાંબો) માર્ગ છે.

પ્ર. આભ્યન્તર મંડળ પદથી બાહ્ય મંડળ પદ અને બાહ્ય મંડળ પદથી આભ્યન્તર મંડળપદનો કેટલો (લાંબો) માર્ગ છે ? કહો.

ઉ. પાંચ સો દસ યોજન જેટલો (લાંબો માર્ગ) છે.

**सूरमण्डलाणं आयाम-विक्खंभ-परिक्खेवं मण्डलाणं विक्खंभ वुड्ढिं हाणिं च -**

१०९६. १. प. जंबुद्दीवे दीवे सव्वब्भंतरे णं भंते ! सूर मण्डले केवइयं आयाम-विक्खंभे णं, केवइयं परिक्खेवे णं पण्णत्ते ?

उ. गोयमा ! णवणउइं जोयणसहस्साइं छच्च चत्ताले जोयणसए आयाम-विक्खंभेणं, तिण्णि य जोयणसयसहस्साइं, पण्णरस य जोयणसहस्साइं एगूणणउइं च जोयणाइं किंचि विसेसाहियं परिक्खेवेणं पण्णत्ते।

२. प. अब्भिंतराणंतरे णं भंते ! सूरमण्डले केवइयं आयाम-विक्खंभेणं, केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

**સૂર્ય મંડળોનું આયામ-વિષ્કમ્ભ-પરિધિ અને મંડળોના વિષ્કમ્ભની હાનિ-વૃદ્ધિ :**

૧૦૯૬. (૧) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં સર્વાભ્યન્તર સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

ઉ. હે ગૌતમ ! નવાણું હજાર છસો ચાલીસ યોજનનો આયામ-વિષ્કમ્ભ અને ત્રણ લાખ પંદર હજાર નેવ્યાસી યોજનથી કંઈક વધુની પરિધિ કહેવામાં આવી છે.

(૨) પ્ર. હે ભગવન્ ! આભ્યન્તરાનન્તર (બીજા) સૂર્યમંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

१. चंद. पा. १, सु. २०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! णवणउइं जोयणसहस्साइं छच्च पणयाले जोयणसए पणतीसं च एगसट्ठिभाए जोयणस्स आयाम-विक्खंभेणं, तिण्णि य जोयणसयसहस्साइं एगं सत्तुत्तरं जोयणसयं परिक्खेवेणं पण्णत्ते।

३. प. अब्भिंतर तच्चे णं भंते ! सूरमण्डले केवइयं आयाम विक्खंभेणं, केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. गोयमा ! णवणउइं जोयणसहस्साइं छच्च एकावण्णे जोयणसए णव य एगसट्ठिभाए जोयणस्स आयामविक्खंभेणं, तिण्णि य जोयणसयसहस्साइं पण्णरस जोयण सहस्साइं एगं च पणवीसं जोयणसयं परिक्खेवेणं पण्णत्ते।

एवं खलु एएणं उवाएणं णिक्खममाणे सूरिए तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं उवसंकममाणे उवसंकममाणे पंच पंच जोयणाइं पणतीसं च एगसट्ठिभाए जोयणस्स एगमेगे मण्डले विक्खंभवुड्ढिं अभिवड्ढेमाणे-अभिवड्ढेमाणे अट्ठारस अट्ठारस जोयणाइं परिरयवुड्ढिं अभिवुड्ढेमाणे अभिवुड्ढेमाणे सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ।

४. प. सव्व बाहिरएणं भंते ! सूरमण्डले केवइयं आयाम विक्खंभेणं, केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. गोयमा ! एगं जोयणसयसहस्सं छच्च सट्ठे जोयणसए आयाम-विक्खंभेणं, तिण्णि य जोयणसयसहस्साइं अट्ठारस य सहस्साइं तिण्णि य पण्णरसुत्तरे जोयणसए परिक्खेवेणं पण्णत्ते।

५. प. बाहिराणंतरे णं भंते ! सूरमण्डले केवइयं आयाम विक्खंभेणं, केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

ઉ. હે ગૌતમ ! નવાણું હજાર છસો પીસ્તાલીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલો આયામ-વિષ્કમ્ભ તથા ત્રણ લાખ પંદર હજાર એકસો સાત યોજનની પરિધિ કહેવામાં આવી છે.

(૩) પ્ર. હે ભગવન્ ! આભ્યન્તર ત્રીજા સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

ઉ. હે ગૌતમ ! નવાણું હજાર છસો એકાવન યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી નવ ભાગ જેટલો આયામ-વિષ્કમ્ભ અને ત્રણ લાખ પંદર હજાર એકસો પચ્ચીસ યોજનની પરિધિ કહેવામાં આવી છે.

આ પ્રકારે આ ક્રમે નીકળતો એવો સૂર્ય એકના પછી બીજા મંડળ પર ઉપસંક્રમણ કરતો-કરતો પ્રત્યેક મંડળમાં પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલી વિષ્કમ્ભમાં વૃદ્ધિ કરતો-કરતો અને પરિધિમાં અઢાર-અઢાર યોજનની વૃદ્ધિ કરતો-કરતો સર્વબાહ્ય મંડળ પર ઉપસંક્રાન્ત થઈને ગતિ કરે છે.

(૪) પ્ર. હે ભગવન્ ! સર્વબાહ્ય સૂર્યમંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

ઉ. હે ગૌતમ ! એક લાખ છસો સાઈઠ યોજનનો આયામ- વિષ્કમ્ભ અને ત્રણ લાખ અઢાર હજાર ત્રણસો પંદર યોજનની પરિધિ કહેવામાં આવી છે.

(૫) પ્ર. હે ભગવન્ ! બાહ્યાનન્તર (બાહારથી બીજા) સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! एगं जोयणसयसहस्सं छच्चं चउप्पण्णे जोयणसए छव्वीसं च एगसट्ठिभाए जोयणस्स आयाम-विक्खंभेणं। तिण्णि य जोयणसयसहस्साइं अट्ठारस य सहस्साइं दोण्णि य सत्ताणउए जोयणसए परिक्खेवेणं पण्णत्ते।

६. प. बाहिर तच्चे णं भंते ! सूरमण्डले केवइयं आयाम-विक्खंभेणं, केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. गोयमा ! एगं जोयणसयसहस्सं छच्च अडयाले जोयणसए बावण्णं च एगसट्ठिभाए जोयणस्स आयाम-विक्खंभेणं। तिण्णि य जोयणसयसहस्साइं अट्ठारससहस्साइं दोण्णि य अउणासीए जोयणसए परिक्खेवेणं पण्णत्ते।

एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं संकममाणे संकममाणे पंच पंच जोयणाइं पणतीसं च एगसट्ठिभाए जोयणस्स एगमेगे मण्डले विक्खंभवुड्ढिं णिव्वुड्ढेमाणे णिवुड्ढेमाणे अट्ठारस-अट्ठारस जोयणाइं परिरयवुड्ढिं णिव्वुड्ढेमाणे णिव्वुड्ढेमाणे सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ।

- जंबु. वक्ख. ७, सु. १६५

ઉ. હે ગૌતમ ! એક લાખ છસો ચોપન યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી છવીસ ભાગ જેટલો આયામ-વિષ્કમ્ભ અને ત્રણ લાખ અઢાર હજાર બસો સત્તાણું યોજનની પરિધિ કહેવામાં આવી છે.

(૬) પ્ર. હે ભગવન્ ! બાહ્ય તૃતીય સૂર્યમંડળનો આયામ-વિષ્કમ્ભ અને પરિધિ કેટલી કહેવામાં આવી છે ?

ઉ. હે ગૌતમ ! એક લાખ છસો અડતાલીસ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી બાવન ભાગ જેટલો આયામ-વિષ્કમ્ભ અને ત્રણ લાખ અઢાર હજાર બસો ઓગણાએંસી યોજનની પરિધિ કહેવામાં આવી છે.

આ પ્રકારે એ ક્રમે પ્રવેશ કરતો એવો તે સૂર્ય એકપછી બીજા મંડળ પર સંક્રમણ કરતો-કરતો પ્રત્યેક મંડળમાં પાંચ-પાંચ યોજન તથા એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલી વિષ્કમ્ભ વૃદ્ધિ તથા અઢાર-અઢાર યોજનની પરિધિ વૃદ્ધિને ઘટાડતો-ઘટાડતો સર્વાભ્યન્તર મંડળ પર ઉપસંક્રાન્ત થઈને ગતિ કરે છે.

**पत्तेय सूरमण्डलस्स अन्तरं -**

१०९७. प. सूरमण्डलस्स णं भंते ! सूरमण्डलस्स य केवइयं अबाहाए अन्तरे पण्णत्ते ?

उ. गोयमा ! सूरमण्डलस्स-सूरमण्डलस्स य दो जोयणाइं अबाहाए अन्तरे पण्णत्ते।

- जंबु. वक्ख. ७, सु. १६२

**પ્રત્યેક સૂર્યમંડળ (વચ્ચેનું) અંતર :**

૧૦૯૭. પ્ર. હે ભગવન્ ! એક સૂર્યમંડળથી બીજા સૂર્યમંડળનું વ્યવધાન રહિત અંતર કેટલું કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! એક સૂર્ય મંડળથી બીજા સૂર્યમંડળનું વ્યવધાન રહિત અંતર બે યોજનનું કહેવામાં આવ્યું છે.

**मन्दरपव्वयाओ सूरियमण्डलाणमंतरं मण्डलेसु गईए हाणि-वुड्ढी य-**

१०९८. १. प. जंबुद्दीवे णं भंते ! दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वब्भंतरे सूरमण्डले पण्णत्ते ?

उ. गोयमा ! चोआलीसं जोयणसहस्साइं अट्ठ य वीसे जोयणसए अबाहाए सव्वब्भंतरे सूरमण्डले पण्णत्ते।

**મંદર પર્વતથી સૂર્યમંડળોનું અંતર અને મંડળોમાં ગતિની હાનિ-વૃદ્ધિ :**

૧૦૯૮. (૧) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મંદર પર્વતથી કેટલા વ્યવહિત અંતરે સર્વાભ્યન્તર સૂર્ય મંડળ આવેલું કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! સર્વાભ્યન્તર સૂર્યમંડળ ચુંમાલીસ હજાર આઠસો વીસ યોજનના અંતરે આવેલું કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. प. जंबुद्दीवे णं भंते ! दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वब्भंतराणंतरे सूरमण्डले पण्णत्ते ?

उ. गोयमा ! चोआलीसं जोयणसहस्साइं अट्ठ य बावीसे जोयणसए अडयालीसं च एगसट्ठिभागे जोयणस्स अबाहाए सव्वब्भंतराणंतरे सूरमण्डले पण्णत्ते।

(૨) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મંદર પર્વતથી કેટલા વ્યવહિત અંતરે સર્વાભ્યન્તરાનન્તર સૂર્યમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! સર્વાભ્યન્તરાનન્તર સૂર્યમંડળ ચુંમાલીસ હજાર આઠસો બાવીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલા અંતરે આવેલું કહેવામાં આવ્યું છે.

३. प. जंबुद्दीवे णं भंते ! दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए अब्भंतर तच्चे सूरमण्डले पण्णत्ते ?

उ. गोयमा ! चोआलीसं जोयणसहस्साइं अट्ठ य पणवीसे जोयणसए पणतीसं एगसट्ठिभागे जोयणस्स अबाहाए अब्भंतर तच्चे सूरमण्डले पण्णत्ते।

एवं खलु एएणं उवाएणं णिक्खम्ममाणे सूरिए तयाणंतरं मण्डलं संकममाणे संकममाणे दो दो जोयणाइं अडयालीसं च एगसट्ठिभागे जोयणस्स अबाहाए वुड्ढिं अभिवड्ढेमाणे अभिवड्ढेमाणे सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ त्ति।

(૩) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મંદર પર્વતથી કેટલા વ્યવહિત અંતરે આભ્યન્તર તૃતીય સૂર્યમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! આભ્યન્તર તૃતીય સૂર્યમંડળ ચુંમાલીસ હજાર આઠસો પચ્ચીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલા અંતરે આવેલું કહેવામાં આવ્યું છે.

આ ક્રમે નીકળેલો સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર સંક્રમણ કરતો-કરતો પ્રત્યેક મંડળના અંતરમાં બે-બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગની વૃદ્ધિ કરતો-કરતો સર્વબાહ્ય મંડળ પર ઉપસંક્રાન્ત થઈને ગતિ કરે છે.

४. प. जंबुद्दीवे णं भंते ! दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्वबाहिरे सूरमण्डले पण्णत्ते ?

उ. गोयमा ! पणयालीसं जोयणसहस्साइं तिण्णि य तीसे जोयणसए अबाहाए सव्वबाहिरे सूरमंडले पण्णत्ते।

(૪) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મંદર પર્વતથી કેટલા વ્યવહિત અંતરે સર્વબાહ્ય સૂર્યમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! સર્વબાહ્ય સૂર્યમંડળ પીસ્તાલીસ હજાર ત્રણસો ત્રીસ યોજનના અંતરે આવેલું કહેવામાં આવ્યું છે.

५. प. जंबुद्दीवे णं भंते ! दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए सव्व बाहिराणंतरे सूरमण्डले पण्णत्ते ?

उ. गोयमा ! पणयालीसं जोयणसहस्साइं तिण्णि य सत्तावीसे जोयणसए तेरस य एगसट्ठिभागे जोयणस्स अबाहाए सव्व बाहिराणंतरे सूरमण्डले पण्णत्ते।

(૫) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મંદર પર્વતથી કેટલા વ્યવહિત અંતરે સર્વબાહ્યાનન્તર સૂર્યમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! સર્વબાહ્યાનન્તર સૂર્યમંડળ પીસ્તાલીસ હજાર ત્રણસો સત્તાવીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી તેર ભાગ જેટલા અંતરે (આવેલું) કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. प. जंबुद्दीवे णं भंते ! दीवे मंदरस्स पव्वयस्स केवइयाए अबाहाए बाहिर तच्चे सूरमण्डले पण्णत्ते ?

उ. गोयमा ! पणयालीसं जोयणसहस्साइं तिण्णि य चउवीसे जोयणसए छव्वीसं च एगसट्ठिभागे जोयणस्स अबाहाए बाहिर तच्चे सूरमण्डले पण्णत्ते ।

एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं संकममाणे संकममाणे दो दो जोयणाइं अडयालीसं च एगसट्ठिभाए जोयणस्स एगमेगे मण्डले अबाहाए वुड्ढिं णिव्वुड्ढेमाणे णिव्वुड्ढेमाणे सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ ।

- जंबु. वक्ख. ७, सु. १६४

(૬) પ્ર. હે ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના મંદર પર્વતથી કેટલા વ્યવહિત અંતરે બાહ્ય તૃતીય સૂર્યમંડળ (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. હે ગૌતમ ! બાહ્ય તૃતીય સૂર્યમંડળ પીસ્તાલીસ હજાર ત્રણસો ચોવીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી છવીસ ભાગ જેટલા અંતરે આવેલું કહેવામાં આવ્યું છે.

આ ક્રમથી પ્રવેશ કરતો એવો સૂર્ય પ્રત્યેક મંડળ પર સંક્રમણ કરતો-કરતો પ્રત્યેક મંડળની દૂરીમાં બે-બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલી વૃદ્ધિ ઓછી કરતો-કરતો સર્વાભ્યન્તર મંડળ પર ઉપસંક્રાન્ત થઈને ગતિ કરે છે.

**सव्व सूरमण्डलमग्गे सूरस्स गमणागमण-राइंदियप्पमाणं -**

१०९९. प. ता जया णं सूरिए सव्वब्भंतराओ मण्डलाओ सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, सव्व बाहिराओ मण्डलाओ सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, एस णं अद्धा केवइयं राइंदियग्गे णं आहितेत्ति वदेज्जा ?

उ. ता तिण्णि छावट्ठे राइंदियसए राइंदियग्गे णं आहितेति वदेज्जा ।[1]

- सूरिय. पा. १, पाहु. १, सु. ९

**સર્વ સૂર્યમંડળોના માર્ગમાં સૂર્યના ગમનાગમનના રાત્રિ દિવસના પ્રમાણ :**

૧૦૯૯. પ્ર. સૂર્ય જ્યારે સર્વ આભ્યન્તર મંડળથી સર્વ બાહ્યમંડળની તરફ તથા સર્વ બાહ્ય મંડળથી સર્વ આભ્યન્તર મંડળની તરફ ગતિ કરે છે ત્યારે તે સૂર્ય મંડળનો માર્ગ કેટલા રાત-દિવસોમાં પાર કરે છે ? કહો.

ઉ. તે (આ) માર્ગ ત્રણસો છાસઠ રાત્રિ દિવસમાં પાર કરે છે - એવું કહેવામાં આવ્યું છે.

**सूरमण्डलेसु सूरस्स सइं दुक्खुत्तो वा चारं -**

११००. प. ता एताए अद्धाए सूरिए कति मण्डलाइं चरइ ?

उ. ता चुलसीयं मंडलसयं चरइ ।

बासीइ मण्डलसयं दुक्खुत्तो चरइ, तं जहा - णिक्खममाणे चेव, पवेसमाणे चेव ।[2]

दुवे य खलु मण्डलाइं सइं चरइ, तं जहा - सव्वब्भंतरं चेव मण्डलं, सव्वबाहिरं चेव मण्डलं ।[3]

- सूरिय. पा. १ पाहु. १, सु. १०

**સૂર્યમંડળોમાં સૂર્યની એકવાર અથવા બે વારની ગતિ :**

૧૧૦૦. પ્ર. આ સૂર્યમંડળોના માર્ગમાં સૂર્ય કેટલા મંડળોમાં ગતિ કરે છે ?

ઉ. સૂર્ય એકસો ચોર્યાસી મંડળોમાં ગતિ કરે છે.

એકસો બ્યાંસી મંડળોમાં સૂર્ય બે વાર ગતિ કરે છે. જેમકે- નિષ્ક્રમણ કરતો એવો અને પ્રવેશ કરતો એવો.

બે મંડળોમાં સૂર્ય એકવાર ગતિ કરે છે. જેમકે- સર્વ આભ્યંતર મંડળમાં અને સર્વ બાહ્ય મંડળમાં.

१. चन्द. पा. १, सु. ९  २. सम. ८२, सु. १  ३. चन्द. पा. १, सु. १०

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

**सूरस्स मण्डलाओ मण्डलांतर-संकमणं -**

११०१. प. ता कहं ते मण्डलाओ मण्डलं संकममाणे संकममाणे सूरिए चारं चरइ ? आहिए त्ति वएज्जा,

उ. तत्थ खलु इमाओ दुवे पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

१. ता मण्डलाओ मण्डलं संकममाणे संकममाणे सूरिए भेयघाएणं संकामइ, एगे एवमाहंसु।

एगे पुण एवमाहंसु-

२. ता मण्डलाओ मण्डलं संकममाणे संकममाणे सूरिए कण्णकलं निव्वेढेइ ,एगे एवमाहंसु

तत्थ णं जे ते एवमाहंसु-

१. ता मण्डलाओ मण्डलं संकममाणे संकममाणे सूरिए भेयघाएणं संकामइ।[1]

तेसि णं अयं दोसे -

ता जेणंतरेणं मण्डलाओ मण्डलं संकममाणे संकममाणे भेयघाएणं संकामइ - एवइयं च णं अद्धं पुरओ न गच्छइ, पुरओ पुरओ अगच्छमाणे मण्डलकालं परिहवेइ। तेसि णं अयं दोसे।

तत्थ णं जे ते एवमाहंसु-

२. ता मण्डलाओ मण्डलं संकममाणे सूरिए कण्णकलं निव्वेढेइ,[2]

**સૂર્યનું એક મંડળથી બીજા મંડળ તરફનું સંક્રમણ-**

૧૧૦૧. પ્ર. સૂર્ય એક મંડળથી બીજા મંડળની તરફ સંક્રમણ કરતો-કરતો કયા પ્રકારે ગતિ કરે છે ? કહો.

ઉ. આ સંબંધમાં બે પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહેવામાં આવી છે. જેમકે-

એમાંથી એક (માન્યતાવાળા) આવું કહે છે -

(૧) સૂર્ય એક મંડળથી બીજા મંડળની તરફ સંક્રમણ કરતો-કરતો ભેદઘાતથી સંક્રમણ કરે છે.

એક (અન્ય માન્યતાઓવાળા) વળી એવું પણ કહે છે -

(૨) સૂર્ય એક મંડળથી બીજા મંડળની તરફ સંક્રમણ કરતો-કરતો કર્ણકલાથી મંડલને છોડે છે.

એમાંથી જે આ પ્રમાણે કહે છે -

(૧) સૂર્ય એક મંડળથી અન્ય મંડળની તરફ સંક્રમણ કરતો-કરતો (બે મંડળોના અંતરાલમાં) ભેદઘાત (ગમન)થી સંક્રમણ કરે છે.

એમની આ માન્યતામાં એ દોષ છે -

સૂર્ય એક મંડળથી અન્ય મંડળની તરફ સંક્રમણ કરતો-કરતો ભેદ(બે મંડળોના અંતરાલમાં)ઘાત (ગમન કરી)થી જેટલા સમયમાં સંક્રમણ કરે છે. એટલા સમય સુધી તે આગળ (અન્ય મંડળોમાં) નથી જતો. આ પ્રકારે આગળ-આગળ (અન્ય-અન્ય મંડળોમાં) ન જવાથી મંડળોમાં ગતિ કરવાનો કાળ સમાપ્ત થઈ જાય છે. (એટલે સર્વવિહિત દિન-રાતનો નિશ્ચિત પ્રમાણ ભંગ થઈ જાય છે)

એમાંથી જે આ પ્રમાણે કહે છે-

(૨) એક મંડળથી અન્ય મંડળની તરફ સંક્રમણ કરતો-કરતો કર્ણ (મંડળના પ્રારંભથી બીજા મંડળના પ્રારંભ સુધી) એક-એક કલાથી મંડળને છોડે છે.

---

१. मंडलादपरमण्डलं संक्रामन् संक्रमितुमिच्छन् सूर्यो भेदघातेन संक्रामति भेदो मंडलस्य मंडलस्यापान्तरालं तत्र घातो-गमनं, एतच्चप्रागेवोक्तं, तेन संक्रामति।
किमुक्तं भवति ? विवक्षिते मंडले सूर्येणापूरिते सति तदनन्तरमपान्तरालगमनेन द्वितीयं मंडलं संक्रामति संक्रम्य च तस्मिन् मंडले चारं चरति। -सूर्य. टीका

२. मंडलान्मंडलं संक्रामन् संक्रमितुमिच्छन् सूर्यस्तदधिकृत मंडलं प्रथमक्षणादूर्ध्वमारभ्य कर्ण-कलं निर्वेष्टयति मुँचति।
इयमत्र भावना- "भारत ऐरावतो वा सूर्य : स्व स्व स्थाने उद्गत : सन् अपरमंडलगतं कर्ण प्रथमकोटिभागरूपं लक्ष्यीकृत्य शनैः शनैरधिकृतं मंडलं तथा कयाचनापि कलया मुञ्चन् चारं चरति" येन तस्मिन्नहोरात्रेऽतिक्रान्ते सति अपरानन्तरमंडलस्यारम्भे वर्तते इति। कर्णकलामिति च क्रियाविशेषणं द्रष्टव्यं, तच्चैवं भावनीय "कर्ण-अपरमंडलगतप्रथमकोटिभागरूपं लक्ष्यीकृत्याधिकृतमंडलं प्रथमक्षणादूर्ध्व क्षणे-क्षणे कलयाऽतिक्रान्तं यथा भवति तथा निर्वेष्टयतीति। -सूर्य. टीका

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेसि णं अयं विसेसे -

ता जेणंतरेणं मण्डलाओ मण्डलं संकममाणे सूरिए कण्णकलं निव्वेढेइ एवइयं च णं अद्धं पुरओ गच्छइ ।

पुरओ गच्छमाणे मण्डलकालं न परिहवेइ, तेसि णं अयं विसेसे ।

तत्थ णं जे ते एवमाहंसु-

मण्डलाओ मण्डलं संकममाणे सूरिए कण्णकलं निव्वेढेइ एएणं एएणं णेयव्वं, णो चेव णं इयरेणं ।[1]

- सूरिय. पा. २, पाहु. २, सु. २२

એમની માન્યતામાં આ વિશેષતા છે -

એક મંડળથી બીજા મંડળની તરફ સંક્રમણ કરતો એવો સૂર્ય જેટલા સમયમાં કર્ણ (મંડળના પ્રારંભથી બીજા મંડળના પ્રારંભ પર્યંત એક-એક) કલા (સમયનો વિભાગ)થી મંડળને છોડે છે એટલા સમયમાં આગળ (અન્ય મંડળ પર્યંત) તે પહોંચી જાય છે.

આ (અન્ય મંડળ પર્યંત) જવામાં મંડળની ગતિ કરવાનો કાળ સમાપ્ત નથી થતો (એટલે સર્વવિદિત દિવસ રાતનો નિશ્ચિત પ્રમાણ ભંગ થતો નથી)

એમાંથી જેઓ આ પ્રમાણે કહે છે -

"સૂર્ય એક મંડળથી બીજા મંડળની તરફ સંક્રમણ કરતો એવો કર્ણ-કલાથી મંડળ છોડે છે" આ અભિપ્રાય અનુસાર જ અમારું મંતવ્ય જાણવું જોઈએ અન્ય મંતવ્ય અનુસાર નહીં.

**सूरस्स एगमेगे राइंदिए मण्डलाओ मण्डलसंकमणखेत्त चारं -**

**પ્રત્યેક અહોરાત્રમાં સૂર્યના એક મંડળથી બીજા મંડળમાં સંક્રમણ ક્ષેત્રની ગતિ :**

११०२. प. ता केवइयं ते एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ ? आहितेति वदेज्जा ।

उ. तत्थ खलु इमाओ सत्त पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

१. ता दो जोयणाइं अद्धदुचत्तालीसे तेसीइं सयभागेजोयणस्स एगमेगेणं, राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु -

२. ता अड्ढाइज्जाइं जोयणाइं एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

३. ता तिभागूणाइं तिन्नि जोयणाइं एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

૧૧૦૨. પ્ર. પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં કેટલા ક્ષેત્રને પાર કરે છે ? કહો.

ઉ. આ અંગે સાત પ્રતિપત્તિઓ (માન્યતાઓ મતાન્તર) કહેવામાં આવી છે, જેમકે-

(૧) એમાંથી એક (માન્યતાવાળા) આવું કહ્યું છે-

પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં બે યોજન અને એક યોજનના એકસો ત્ર્યાંસી ભાગોમાંથી સાડા એકતાળીસ ભાગ જેટલા ક્ષેત્રને પાર કરે છે.

એક (અન્ય મત ધરાવનાર) વળી એવું પણ કહે છે-

(૨) પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં અઢી યોજન જેટલા ક્ષેત્રને પાર કરે છે.

એક (અન્ય મત ધરાવનાર) વળી એવું પણ કહે છે-

(૩) પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં (એક યોજનના એકસો ત્ર્યાંસી ભાગોમાંથી) ત્રણ ભાગ ઓછા ત્રણ યોજન જેટલા ક્ષેત્રને પાર કરે છે.

१. चन्द. पा. २, सु. २२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगे पुण एवमाहंसु -

४. ता तिण्णि जोयणाइं अद्धसीतालीसं च तेसीइसयभागे जोयणस्स एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

५. ता अद्धुट्ठाइं जोयणाइं एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

६. ता चउब्भागूणाइं चत्तारि जोयणाइं एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

७. ता चत्तारि जोयणाइं अद्ध बावण्णं च तेसीइसयभागे जोयणस्स एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

वयं पुण एवं वयामो -

ता दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगं मण्डलं एगमेगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता चारं चरइ ।

प. तत्थ णं को हेउ ? इति वदेज्जा,

उ. ता अयं णं जंबुद्दीवे दीवे सव्व दीव-समुद्दाणं सव्वब्भंतराए सव्वखुड्डागे वट्टे-जाव-जोयणसयसहस्समायामविक्खंभेणं, तिण्णि जोयणसयसहस्साइं, सोलससहस्साइं, दोण्णि य सत्तावीसे जोयणसए, तिण्णि कोसे, अट्ठावीसं च धणुसयं तेरस य अंगुलाइं, अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते ।

१. ता जया णं सूरिए सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।

એક(અન્યમત ધરાવનાર)વળી આમ પણ કહેછે-

(૪) પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં ત્રણ યોજન અને એક યોજનના એકસો ત્ર્યાંસી ભાગોમાંથી સાડા છેંતાલીસ ભાગ જેટલા ક્ષેત્રને પાર કરે છે.

એક(અન્યમત ધરાવનાર)વળી આમ પણ કહેછે-

(૫) પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં સાડાત્રણ યોજન જેટલા ક્ષેત્રને પાર કરે છે.

એક(અન્યમત ધરાવનાર)વળી આમ પણ કહેછે-

(૬) પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં (એક યોજનના એકસો ત્ર્યાંસી ભાગોમાંથી) ચારભાગ ઓછું ચાર યોજન જેટલા ક્ષેત્રને પાર કરે છે.

એક (અન્ય મત ધરાવનાર) વળી આમ પણ કહે છે -

(૭) પ્રત્યેક અહોરાત્રમાં સૂર્ય એક મંડળથી બીજા મંડળ પર્યંત પહોંચવામાં ચાર યોજન અને એક યોજનના એકસો ત્ર્યાંસી ભાગોમાંથી સાડા એકાવન ભાગ જેટલા ક્ષેત્રને પાર કરે છે.

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ-

સૂર્ય એક અહોરાત્રમાં બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલા ભાગને પાર કરીને એક મંડળથી બીજા મંડળ પર પહોંચે છે.

પ્ર. આ કથન અંગે શું કારણ છે ?

ઉ. આ જંબૂદ્વીપ દ્વીપ બધા દ્વીપ-સમુદ્રોના મધ્યમાં છે. બધાથી નાનો છે. વૃત્તાકાર છે -**યાવત્**- એક લાખ યોજન લાંબો-પહોળો છે અને ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીસ યોજન ત્રણ કોશ એકસો અઠ્ઠાવીસ ધનુષ્ય તેર આંગળ તથા અડધા આંગળથી કંઈક અધિક પરિધિવાળો કહેવામાં આવ્યો છે.

(૧) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે પરમ ઉત્કર્ષને પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. से निक्खममाणे सूरिए णवं संवच्छरं अयमाणे पढमंसि अहोरत्तंसि अब्भिंतराणंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ।

(૨) (સર્વ આભ્યન્તર મંડળમાંથી) નીકળતો એવો સૂર્ય નવા સંવત્સરના દક્ષિણાયનનો પ્રારંભ કરતો એવો પ્રથમ અહોરાત્રમાં આભ્યન્તરાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

ता जया णं सूरिए अब्भिंतराणंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगे णं राइंदिए णं विकंपइत्ता विकंपइत्ता चारं चरइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ, दोहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।

જ્યારે સૂર્ય આભ્યન્તરાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એક અહોરાત્રમાં બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલા ક્ષેત્રને પાર કરે છે. ત્યારે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બેભાગ ઓછા અઢાર મુહૂર્તનો દિવસ હોય છે તથા એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

३. से निक्खममाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि अब्भिंतरं तच्चं मण्डलं उवसंकमित्ता चारं चरइ,

(૩)(આભ્યન્તરાનન્તર મંડળમાંથી)નીકળતો એવો તે સૂર્ય બીજા અહોરાત્રમાં આભ્યન્તર તૃતીય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

ता जया णं सूरिए अब्भिंतरं तच्चं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं पंच जोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स दोहिं राइंदिएहिं विकंपइत्ता चारं चरइ, तया णं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, चउहिं एगट्ठिभाग मुहुत्तेहिं ऊणे, दुवालसमुहुत्ता राई भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिया।

જ્યારે સૂર્ય આભ્યન્તર તૃતીય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે પાંચ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ જેટલા ક્ષેત્રને બે અહોરાત્રમાં પાર કરે છે. ત્યારે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ ઓછો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને એકસઠ ભાગોમાંથી ચાર ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

एवं खलु एएणं उवाएणं निक्खम्ममाणे सूरिए तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं संकममाणे संकममाणे दो दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगं मण्डलं एगमेगे णं राइंदिएहिं विकंपमाणे विकंपमाणे सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ,

આ પ્રકારે આ ક્રમથી નીકળતો એવો સૂર્ય તદનન્તર મંડળથી તદનન્તર મંડળને સંક્રમણ કરતો -કરતો પ્રત્યેક અહોરાત્રમાં બે-બે યોજન અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલા ક્ષેત્રને પાર કરતો-કરતો સર્વ બાહ્યમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

ता जया णं सूरिए सव्वब्भंतराओ मण्डलाओ सव्व बाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं सव्वब्भंतरं मण्डलं पणिहाय एगे णं तेसीए णं राइंदियसए णं पंचदसुत्तरजोयणसए विकंपइत्ता विकंपइत्ता चारं चरइ।

જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળથી સર્વબાહ્ય મંડળ પર્યંત ઉપસંક્રમણ કરીને ગતિ કરે છે. ત્યારે સર્વાભ્યન્તર મંડળને છોડીને એકસો ત્યાંસી અહોરાત્રમાં પાંચસો દસ યોજન જેટલા ક્ષેત્રને પાર કરીને ગતિ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ,

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

एस णं पढमे छम्मासे, एस णं पढमस्स छम्मासस्स पज्जवसाणे ।

આ પ્રથમ છ માસ (દક્ષિણાયનના) હોય છે. એ પ્રથમ છ માસનો અંત છે.

१. से पविसमाणे सूरिए दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ,

(૧)(સર્વ બાહ્ય મંડળથી સર્વ આભ્યન્તર મંડળની તરફ) પ્રવેશ કરતો એવો તે સૂર્ય બીજા છ માસના ઉત્તરાયણનો પ્રારંભ કરીને પ્રથમ અહોરાત્રમાં બાહ્યાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

ता जया णं सूरिए बाहिराणंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं दो दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगे णं राइंदिए णं विकंपइत्ता चारं चरइ ।

જ્યારે સૂર્ય બાહ્યાનન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એક અહોરાત્રમાં બે-બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલા ક્ષેત્રને પાર કરે છે.

तया णं अट्ठारसमुहुत्ता राई भवइ, दोहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ, दोहिं एगट्ठिभाग मुहुत्तेहिं अहिए ।

ત્યારે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ ઓછી અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ વધુ બાર મુહૂર્તનો દિવસ હોય છે.

२. से पविसमाणे सूरिए दोच्चंसि अहोरत्तंसि बाहिरं तच्चं मण्डलं उवसंकमित्ता चारं चरइ, ता जया णं सूरिए बाहिरं तच्चं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं पंचजोयणाइं पणतीसं च एगट्ठिभागे जोयणस्स दोहिं राइंदिएहिं विकंपइत्ता विकंपइत्ता चारं चरइ,

(૨)(બાહ્યાનન્તર મંડળથી બાહ્ય તૃતીય મંડળની તરફ) પ્રવેશ કરતો એવો તે સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય તૃતીય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે બે અહોરાત્રમાં પાંચ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસભાગ જેટલા ક્ષેત્રને પાર કરે છે.

तया णं अट्ठारसमुहुत्ता राई भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं ऊणा, दुवालसमुहुत्ते दिवसे भवइ, चउहिं एगट्ठिभागमुहुत्तेहिं अहिए ।

ત્યારે એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ ઓછા અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને એક મુહૂર્તના એકસઠ ભાગોમાંથી ચાર ભાગ વધુ બાર મુહૂર્તનો દિવસ હોય છે.

एवं खलु एएणं उवाएणं पविसमाणे सूरिए तयाणंतराओ मण्डलाओ तयाणंतरं मण्डलं संकममाणे संकममाणे दो दो जोयणाइं अडयालीसं च एगट्ठिभागे जोयणस्स एगमेगं मण्डलं एगमेगे णं राइंदिए णं विकंपमाणे विकंपमाणे सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ,

આ પ્રકારે આ ક્રમે પ્રવેશ કરતો એવો સૂર્ય તદનન્તર મંડળથી તદનન્તર મંડળને સંક્રમણ કરતો-કરતો પ્રત્યેક અહોરાત્રમાં પ્રત્યેક મંડળના બે-બે યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ જેટલા ક્ષેત્રને પાર કરતો એવો સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

ता जया णं सूरिए सव्वबाहिराओ मण्डलाओ सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं सव्वबाहिरं मण्डलं पणिहाय एगे णं तेसीए णं राइंदियसए णं पंचदसुत्तरे जोयणसए विकंपइत्ता चारं चरइ,

જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળથી સર્વ આભ્યન્તર મંડળની તરફ લક્ષ્ય કરીને ગતિ કરે છે ત્યારે સર્વબાહ્ય મંડળની અવધિથી એકસો ત્ર્યાંસી અહોરાત્રમાં પાંચસો દસ યોજન જેટલા ક્ષેત્રને પાર કરી સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ,

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

एस णं दोच्चे छम्मासे, एस णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे ।

એ બીજા છ માસ (ઉત્તરાયણના) છે. એ બીજા છ માસનો અંત છે.

एस णं आइच्चे संवच्छरे, एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे ।[१]

- सूरिय. पा. १, पाहु . ८, सु. १८

આ આદિત્ય સંવત્સર છે. આ આદિત્ય સંવત્સરનો અંત છે.

**सूरस्स दीव-समुद्द-ओगाहणाणंतरं चारं-**

**સૂર્યની દ્વીપ-સમુદ્રના અવગાહનાન્તર ગતિ :**

११०३. प. ता केवइयं ते दीवं वा, समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ ? आहिते ति वदेज्जा,

उ. तत्थ खलु इमाओ पंच पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

१. ता एगं जोयण-सहस्सं एगं च तेत्तीसं जोयणसयं, दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

२. ता एगं जोयण-सहस्सं, एगं च चउत्तीसं जोयणसयं, दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

३. ता एगं जोयण-सहस्सं, एगं च पणतीसं जोयणसयं दीवं वा समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

४. ता अवड्ढं दीवं वा, समुद्दं वा, ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु,

एगे पुण एवमाहंसु-

५. ता नो किंचि दीवं वा, समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ, एगे एवमाहंसु,

तत्थ जे ते एवमाहंसु-

१. ता एगं जोयणसहस्सं एगं च तेत्तीसं जोयणसयं, दीवं वा समुद्दं वा, ओगाहित्ता सूरिए चारं चरइ,

૧૧૦૩. પ્ર. કેટલા દ્વીપ-સમુદ્રને અવગાહન (ઓળંગીને) સૂર્ય ગતિ કરે છે ? કહો.

ઉ. આ અંગે એ પાંચ પ્રતિપત્તિઓ (મતાન્તર) કહેવામાં આવી છે. જેમકે -

એમાંથી એક (મત વાળા) આ પ્રમાણે કહે છે-

(૧) એક હજાર એકસો તેંત્રીસ યોજન (વિસ્તૃત) દ્વીપકે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે

એક અન્ય (મત વાળાઓ) વળી એમ પણ કહે છે.

(૨) એક હજાર એકસો ચોત્રીસ યોજન (વિસ્તૃત) દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે.

એક (અન્ય મત વાળાઓ) વળી એમ પણ કહે છે-

(૩) એક હજાર એકસો પાંત્રીસ યોજન (વિસ્તૃત) દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે.

એક (અન્ય મત વાળાઓ) વળી આમ પણ કહે છે-

(૪) અડધા દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે.

એક (અન્ય મતવાળાઓ) વળી આમ પણ કહે છે-

(૫) કોઈપણ દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ નથી કરતો.

એમાંથી જેમણે આ પ્રમાણે કહ્યું છે -

(૧) એક હજાર એકસો તેંત્રીસ યોજન (વિસ્તૃત) દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે.

---

१. चन्द. पा. १, सु. १८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते एवमाहंसु -

એમણે આ પ્રમાણે કહ્યું છે -

(क) ता जया णं सूरिए सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं जंबुद्दीवं दीवं एगं जोयणसहस्सं, एगं च तेत्तीसं जोयणसयं ओगाहित्ता सूरिए चारं चरइ।

(ક) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એક હજાર એકસો તેત્રીસ યોજન જંબૂદ્વીપનું અવગાહન કરીને ગતિ કરે છે.

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालस मुहुत्ता राई भवइ,

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

(ख) ता जया णं सूरिए सव्व बाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं लवणसमुद्दं एगं जोयणसहस्सं, एगं च तेत्तीसं जोयणसयं ओगाहित्ता सूरिए चारं चरइ।

(ખ) જ્યારે સૂર્ય સર્વ બાહ્યમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એક હજાર એકસો તેત્રીસ યોજન લવણસમુદ્રનું અવગાહન કરીને ગતિ કરે છે.

तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ,

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

२. **एवं चउत्तीसे वि जोयणसयं,**

**(૨) આ પ્રકારે એક હજાર એકસો ચોત્રીસ યોજન અવગાહિત દ્વીપ-સમુદ્ર પછી સૂર્યની ગતિ તથા દિવસ રાત્રિનું પ્રમાણ કહેવું જોઈએ.**

३. **पणतीसे वि एवं चेव भाणियव्वं,**

**(૩) આ પ્રમાણે એક હજાર એકસો પાંત્રીસ યોજન અવગાહિત દ્વીપ-સમુદ્ર પછી સૂર્યની ગતિ તથા દિવસ-રાત્રિનું પ્રમાણ કહેવું જોઈએ.**

तत्थ णं जे ते एवमाहंसु-

એમાંથી જેમણે આ પ્રમાણે કહ્યું છે-

४. ता अवड्ढं दीवं वा, समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ,

(૪) અડધા દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે.

ते एवमाहंसु -

એમણે આ પ્રમાણે કહ્યું છે -

ता जया णं सूरिए सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं अवड्ढं जंबुद्दीवं दीवं ओगाहित्ता सूरिए चारं चरइ,

જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે અડધા જંબૂદ્વીપદ્વીપનું અવગાહન કરીને ગતિ કરે છે.

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ,

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

**एवं सव्व बाहिरे मंडले वि,**

**આ પ્રકારે સર્વબાહ્ય મંડળ (અંગે) પણ કહેવું જોઈએ.**

**णवरं**- "अवड्ढं लवणसमुद्दं" तया णं "राइंदिय" **तहेव।**[1]

**વિશેષમાં**-અડધા લવણ સમુદ્ર પછી સૂર્યની ગતિ તથા દિવસ રાત્રિના પ્રમાણ (અંગે) પણ **આ પ્રકારે કહેવું જોઈએ.**

तत्थ णं जे ते एवमाहंसु-

એમાંથી જેમણે આ પ્રમાણે કહ્યું છે-

૧. ઉપર અંકિત સૂત્ર (૧૮)ની સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. ता नो किंचि दीवं वा, समुद्दं वा ओगाहित्ता चारं चरइ।

(૫) કોઈ દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને (ઓળંગીને) સૂર્ય ગતિ નથી કરતો.

ते एवमाहंसु-

એમણે આ પ્રમાણે કહ્યું છે -

ता जया णं सूरिए सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं नो किंचि दीवं वा, समुद्दं वा ओगाहित्ता सूरिए चारं चरइ।

જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે કોઈપણ દ્વીપ કે સમુદ્રનું અવગાહન કરીને ગતિ નથી કરતો.

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ।

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

**एवं सव्व बाहिरे मंडले वि -**

**આ પ્રકારે સર્વ બાહ્ય મંડલ (અંગે) પણ કહેવો જોઈએ.**

**णवरं** - "नो किंचि लवणसमुद्दं ओगाहित्ता सूरिए चारं चरइ, **राइंदियं तहेव।**[1]"

**વિશેષમાં** - "લવણ સમુદ્રનું અવગાહન કરીને સૂર્ય ગતિ નથી કરતો **રાત્રિ અને દિવસના પ્રમાણ (અંગે) આ પ્રમાણે કહેવું (જોઈએ).**"

वयं पुण एवं वयामो -

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ -

(क) ता जया णं सूरिए सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं जंबुद्दीवं दीवं असीयं जोयणसयं ओगाहित्ता सूरिए चारं चरइ।[2]

(ક) જ્યારે સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે એકસો એંસી યોજન જંબૂદ્વીપદ્વીપનું અવગાહન કરીને ગતિ કરે છે.

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ।

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

(ख) ता जया णं सूरिए सव्व बाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरइ, तया णं लवणसमुद्दं तिण्णि तीसे जोयणसए ओगाहित्ता सूरिए चारं चरइ।

(ખ) જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે. ત્યારે ત્રણસો ત્રીસ યોજન લવણ સમુદ્રનું અવગાહન કરીને ગતિ કરે છે.

तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णिए दुवालसमुहुत्ते दिवसे भवइ, (गाहाओ भाणियव्वाओ)[3]

ત્યારે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. (ગાથાઓ કહેવી જોઈએ).

- सूरिय. पा. १, पाहु. ५, सु. १६-१७

**सूराणं तेरिच्छगई-**

**સૂર્યોની ત્રાંસી ગતિ :**

११०४. प. ता कहं ते तेरिच्छगई ? आहिए त्ति वएज्जा।

उ. तत्थ खलु इमाओ अट्ठ पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

૧૧૦૪. પ્ર. (સૂર્યોની) ત્રાંસી ગતિ કેટલી કહી છે ? કહો.

ઉ. આ અંગે આ આઠ પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહેવામાં આવી છે. જેમકે-

એમાંથી એક (માન્યતાવાળાઓ) એ આવું કહ્યું છે-

---

१. ઉપર અંકિત સૂત્ર (૧૮)ની સમાન છે.

२. सम. ८०, सु. ७

३° (ક) ગાથાઓ અપ્રાપ્ય છે. (ख) चन्द. पा. १, सु. १६-१७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. ता पुरत्थिमाओ लोयंताओ पाओ मरीची आगासंसि उट्ठेइ, से णं इमं लोयं तिरियं करेइ, करित्ता पच्चत्थिमंसि लोयंतंसि सायंमि आगासंसि विद्धंसइ, एगे एवमाहंसु।[1]

(૧) પૂર્વી લોકાન્તથી કિરણ-સમૂહ આકાશમાં ઉઠે છે તે એ તિર્યક્ લોકને (પ્રકાશિત) કરે છે અને પ્રકાશિત કરીને પશ્ચિમી લોકાન્તમાં સાંજના સમયે આકાશમાં વિલીન થાય છે.

एगे पुण एवमाहंसु-

એક(અન્ય માન્યતાવાળાઓ)એ વળી આવું કહ્યું છે-

२. ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आगासंसि उट्ठेइ, से णं इमं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आगासंसि विद्धंसइ, एगे एवमाहंसु।

(૨) પૂર્વી લોકાન્તથી પ્રાતઃ કાળે સૂર્ય આકાશમાં ઉદય પામે છે તે એ તિર્યક્ લોકને (પ્રકાશિત) કરે છે અને પ્રકાશિત કરીને પશ્ચિમી લોકાન્તમાં સાંજના સમયે તેજ સૂર્ય આકાશમાં વિલીન થઈ જાય છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય માન્યતાવાળાઓ) એ વળી આવું કહ્યું છે-

३. ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आगासंसि उट्ठेइ, से णं इमं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आगासं अणुपविसइ अणुपविसित्ता अहे पडियागच्छइ पडियागच्छित्ता पुणरवि अवरभू-पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आगासंसि उट्ठेइ, एगे एवमाहंसु।

(૩) પૂર્વી લોકાન્તથી પ્રાતઃ કાળે સૂર્ય આકાશમાં ઉદય પામે છે.તે એ તિર્યક્ લોકને (પ્રકાશિત) કરે છે. પ્રકાશિત કરીને પશ્ચિમી લોકાન્તમાં સાંજના સમયે સૂર્ય આકાશમાં પ્રવેશ કરે છે. આકાશમાં પ્રવેશ કરીને નીચે ચાલ્યો જાય છે, નીચે જઈને ફરીથી તે બીજા ભૂ(લોક)ના પૂર્વી લોકાન્તથી આકાશમાં (તેજ) સૂર્ય ઉદય પામે છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય માન્યતાવાળાઓ) એ વળી આવું કહ્યું છે-

४. ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए पुढविकायंसि उट्ठेइ, से णं इमं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए पुढविकायंसि विद्धंसइ, एगे एवमाहंसु।

(૪) પૂર્વી લોકાન્તથી પ્રાતઃ કાળે સૂર્ય પૃથ્વીમાંથી નીકળીને ઉદય પામે છે, તે એ તિર્યક્ લોકને (પ્રકાશિત) કરે છે. પ્રકાશિત કરીને પશ્ચિમી લોકાન્તમાં સાંજના સમયે સૂર્ય પૃથ્વીકાયમાં વિલીન થઈ જાય છે.

एगे पुण एवमाहंसु -

એક (અન્ય માન્યતાવાળાઓ) એ વળી આવું કહ્યું છે-

५. ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए पुढविओ उट्ठेइ, से णं इमं तिरियं लोयं करेइ, करित्ता पचत्थिमंसि लोयंतंसि सायं सूरिए पुढविकायं अणुपविसइ अणुपविसित्ता अहे पडियागच्छइ पडियागच्छित्ता पुणरवि अवरभू-पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए पुढविओ उट्ठेइ, एगे एवमाहंसु।

(૫) પૂર્વી લોકાન્તથી પ્રાતઃ કાળે સૂર્ય પૃથ્વીમાંથી નીકળીને ઉદય પામે છે, તે આ તિર્યક્ લોકને (પ્રકાશિત) કરે છે, પ્રકાશિત કરીને પશ્ચિમી લોકાન્તમાં સાંજના સમયે સૂર્ય પૃથ્વીમાં પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને નીચે ચાલ્યો જાય છે. નીચે જઈને ફરીથી બીજા ભૂલોકમાં પૂર્વી લોકાન્તથી પ્રાતઃ કાળે સૂર્ય પૃથ્વીમાંથી નીકળીને ઉદય પામે છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય માન્તાવાળાઓ) એ વળી આવું કહ્યું છે-

६. ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आउकायंसि उट्ठेइ, से णं इमं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आउकायंसि विद्धंसइ, एगे एवमाहंसु।

(૬) પૂર્વી લોકાન્તથી પ્રાતઃ કાળે સૂર્ય આકાશમાં અપ્કાય (જલ)થી ઉદય પામે છે. તે આ તિર્યક્ લોકને (પ્રકાશિત) કરે છે, પ્રકાશિત કરીને પશ્ચિમી લોકાન્તમાં સંધ્યા સમયે સૂર્ય અપ્કાય (જલ) માં વિલીન થઈ જાય છે.

---

૧. એમની માન્યતાનુસાર સૂર્ય કિરણ-સમૂહ જ છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

एगे पुण एवमाहंसु-

એક (અન્ય માન્યતાવાળાઓ) એ વળી આવું કહ્યું છે -

७. ता पुरत्थिमाओ लोयंताओ पाओ सूरिए आउओ उट्ठेइ, से णं इमं लोयं तिरियं करेइ करित्ता पच्चत्थिमंसि लोयंतंसि सायं सूरिए आउकायंसि पविसइ, पविसित्ता अहे पडियागच्छइ पडियागच्छित्ता पुणरवि अवरभू-पुरत्थिमाओ लोयन्ताओ पाओ सूरिए आउओ उट्ठेइ, एगे एवमाहंसु।

(૭) પૂર્વી લોકાન્તમાં પ્રાતઃકાળે સૂર્ય (સમુદ્રના) જલમાંથી નીકળીને ઉદય પામે છે, તે એ તિર્યક્ લોકને પ્રકાશિત કરે છે, પ્રકાશિત કરીને પશ્ચિમી લોકાન્તમાં સંધ્યા સમયે (સમુદ્રના) જલમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને નીચે ચાલ્યો જાય છે, નીચે જઈને (ફરીથીબીજા ભૂલોકમાં) પૂર્વી લોકાન્તથી પ્રાતઃકાળે સૂર્ય (સમુદ્રના) જલમાંથી નીકળીને ઉદય પામે છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય માન્યતાવાળાઓ) એ વળી આવું કહ્યું છે -

८. ता पुरत्थिमाओ लोयन्ताओ बहूइं जोयणाइं बहूइं जोयणसयाइं बहूइं जोयणसहस्साइं उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं पाओ सूरिए आगासंसि उट्ठेइ, से णं इमं दाहिणड्ढं लोयं तिरियं करेइ करित्ता उत्तरड्ढलोयं तमेव राओ, से णं इमं उत्तरड्ढलोयं तिरियं करेइ करित्ता दाहिणड्ढ लोयं तमेव राओ, से णं इमाइं दाहिण-उत्तरड्ढ लोयाइं तिरियं करेइ करित्ता पुरत्थिमाओ लोयन्ताओ बहूइं जोयणाइं, बहूइं जोयणसयाइं, बहूइं जोयणसहस्साइं उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं पाओ सूरिए आगासंसि उट्ठेइ, एगे एवमाहंसु।

(૮) પૂર્વી લોકાન્તથી અનેક યોજન, અનેક શત યોજન અને અનેક સહસ્ત્ર યોજન ઉપર દૂર-દૂર ચાલીને ત્યાં પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદય પામે છે, તે એ દક્ષિણાર્ધ તિર્યક્ લોકને પ્રકાશિત કરે છે, પ્રકાશિત કરીને ઉત્તરાર્ધ તિર્યક્ લોકમાં રાત્રિ કરે છે. તેજ એ ઉત્તરાર્ધ તિર્યક્ લોકને પ્રકાશિત કરે છે, પ્રકાશિત કરીને દક્ષિણાર્ધ-તિર્યક્-લોકમાં રાત્રિ કરે છે. આ પ્રમાણે દક્ષિણાર્ધ-ઉત્તરાર્ધ તિર્યક્-લોકોને પ્રકાશિત કરે છે, પ્રકાશિત કરીને પૂર્વી લોકાન્તથી અનેક યોજન, અનેક શત યોજન અને અનેક સહસ્ત્ર યોજન ઉપર દૂર-દૂર ચાલીને ત્યાં પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદય પામે છે.

वयं पुण एवं वयामो-

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ -

ता जंबुद्दीवस्स दीवस्स पाईण- पडीणाययाए-उदीण-दाहिणाययाए जीवाए मण्डलं चउव्वीसेणं सएणं छेत्ता दाहिण- पुरत्थिमंसि उत्तर-पच्चत्थिमंसि य चउब्भागमण्डलंसि इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ अट्ठजोयणसयाइं उड्ढं उप्पइत्ता एत्थ णं पाओ दुवे सूरिया आगासाओ उत्तिट्ठन्ति,

જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ-પશ્ચિમી અને ઉત્તર-દક્ષિણી લાંબી જીવાથી મંડળોમાં એક સો ચોવીસ વિભાગ કરીને દક્ષિણ-પૂર્વી અને ઉત્તર-પશ્ચિમી મંડળના ચોથા ભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના અતિ સમ-રમણીય ભૂભાગથી આઠસો યોજન ઉપરની તરફ જઈને ત્યાં પ્રાતઃકાળે બે સૂર્ય આકાશમાં ઉદય પામે છે.

ते णं इमाइं दाहिणुत्तराइं जंबुद्दीव-भागाइं तिरियं करेंति, करेतित्ता पुरत्थिम-पच्चत्थिमाइं जंबुद्दीव-भागाइं तामेव राओ,

તે સૂર્ય તિર્યક્લોકમાં જંબૂદ્વીપના દક્ષિણ-ઉત્તરના વિભાગોને પ્રકાશિત કરે છે, પ્રકાશિત કરીને જંબૂદ્વીપના પૂર્વી-પશ્ચિમી વિભાગોમાં રાત્રિ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणं इमाइं पुरत्थिम-पच्चत्थिमाइं जंबुद्दीवभागाइं तिरियं करेंति, करेंतित्ता दाहिणुत्तराइं जंबुद्दीव भागाइं तामेव राओ।

તે સૂર્ય તિર્યક્ લોકમાં જંબૂદ્વીપના પૂર્વ-પશ્ચિમી વિભાગોને પ્રકાશિત કરે છે. પ્રકાશિત કરીને જંબૂદ્વીપના દક્ષિણ-ઉત્તરી વિભાગોમાં રાત્રિ કરે છે.

ते णं इमाइं दाहिणुत्तराइं पुरत्थिम-पच्चत्थिमाइं जंबुद्दीव भागाइं तिरियं करेंति, करेंतित्ता जंबुद्दीवस्स दीवस्स पाईण-पडीणायययाए-उदीण-दाहिणाययाए जीवाए मण्डलं चउव्वीसेणं सएणं छेत्ता दाहिण- पुरत्थिमंसि उत्तर-पच्चत्थिमंसि य चउब्भाग- मण्डलंसि इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ अट्ठ जोयणसयाइं उड्ढं उप्पइत्ता-एत्थ णं पाओ दुवे सूरिया आगासंसि उत्तिट्ठन्ति।[1]

- सूरिय. पा. २, पाहु. १, सु. २१

दोच्चे सूरियमण्डले नवनउइ--जोयण-सहस्साइं साहियाइं आयाम-विक्खंभेणं पण्णत्ते।

तइए सूरियमण्डले नवनउइ-जोयण-सहस्साइं साहियाइं आयाम-विक्खंभेणं पण्णत्ते।

-सम. ९९, सु. ४-६

બીજા સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ નવાણું હજાર યોજનથી કંઈક વધુ કહેવામાં આવ્યો છે.

અને ત્રીજા સૂર્ય મંડળનો આયામ-વિષ્કમ્ભ પણ નવાણું હજાર યોજનથી કંઈક વધુ કહેવામાં આવ્યો છે.

**उत्तरायणे दक्खिणायणे य सूरस्सगइए हाणी-वुड्ढी परूवणं -**

**ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં સૂર્ય ગતિની હાનિ-વૃદ્ધિનું પ્રરૂપણ :**

१११३. उत्तरायणनियट्टे णं सूरिए पढमाओ मण्डलाओ एगूणचत्तालीसइमे मण्डले अट्ठत्तरिं एगसट्ठिभाए दिवसखेत्तस्स निवुड्ढेत्ता रयणिखेत्तस्स अभिनिवुड्ढेत्ता णं चारं चरइ,

**एवं दक्खिणायणनियट्टे वि।**

-सम. ७८, सु. ३-४

૧૧૧૩. ઉત્તરાયણથી પાછો ફરતો સૂર્ય પ્રથમ મંડળથી ઓગણચાલીસમાં મંડળ પર્યંત એક મુહૂર્તના અઠ્ઠોત્તેર ભાગોમાંથી એકસઠ ભાગ જેટલા દિવસની હાનિ તથા રાત્રિની વૃદ્ધિ કરતો ગતિ કરે છે.

**આ પ્રમાણે દક્ષિણાયનથી પાછો ફરતો (સૂર્ય) પણ ગતિ કરે છે.**

१११४. बाहिराओ उत्तराओ णं कट्ठाओ सूरिए पढमं छम्मासं अयमाणे चोवालीसइमे मण्डलगते अट्ठासीइ एगसट्ठिभागे मुहुत्तस्स दिवसखेत्तस्स निवुड्ढेत्ता रयणिखेत्तस्स अभिनिवुड्ढेत्ता सूरिए चारं चरइ।

दक्खिणकट्ठाओ णं सूरिए दोच्चं छम्मासं अयमाणे चोवालीसइमे मण्डलगते अट्ठासीइ एगसट्ठिभागे मुहुत्तस्स रयणिखेत्तस्स निवुड्ढेत्ता दिवसखेत्तस्स अभिवुड्ढित्ता णं सूरिए चारं चरइ।

-सम. ८८, सु. ६

૧૧૧૪. બાહ્ય મંડળાત્મક ઉત્તર દિશાથી પ્રથમ છ માસમાં (દક્ષિણાયન તરફ) ગતિ કરતો સૂર્ય જ્યારે ચુંમાલીસમાં મંડળમાં આવે છે ત્યારે એક મુહૂર્તના અઠ્યાસી ભાગોમાંથી એકસઠ ભાગ જેટલા દિવસની હાનિ તથા રાત્રિની વૃદ્ધિ કરતો ગતિ કરે છે.

દક્ષિણ દિશાના બીજા છ માસમાં (ઉત્તરાયનની તરફ) ગતિ કરતો એવો સૂર્ય જ્યારે ચુંમાલીસમાં મંડળ માં આવે છે ત્યારે એક મુહૂર્તના અઠ્યાસી ભાગોમાંથી એકસઠ ભાગ જેટલી રાત્રિની હાનિ તથા દિવસની વૃદ્ધિ કરતો ગતિ કરે છે.

★ उत्तराओ णं कट्ठाओ सूरिए पढमं छम्मासं अयमाणे एगूणपन्नासइमे मण्डलगते अट्ठाणउइ एगसट्ठिभागे मुहुत्तस्स दिवसखेत्तस्स रयणिखेत्तस्स अभिवुड्ढित्ता णं सूरिए चारं चरइ।

दक्खिणाओ णं कट्ठाओ सूरिए दोच्चं छम्मासं अयमाणे एगूणपन्नासइमे मण्डलगते अट्ठाणउइ एगसट्ठिभाए मुहुत्तस्स रयणिखित्तस्स निवुड्ढेत्ता दिवस खेत्तस्स अभिवुड्ढित्ता णं सूरिए चारं चरइ।

-सम. ९८, सु. ५-६

★ પ્રથમ છ માસમાં ઉત્તર દિશાથી (દક્ષિણ દિશાની તરફ) ગતિ કરતો સૂર્ય જ્યારે ઓગણપચ્ચાસમાં મંડળમાં આવે છે ત્યારે એક મુહૂર્તના અઠ્ઠાણું ભાગોમાંથી એકસઠ ભાગ જેટલા દિવસની હાનિ અને રાત્રિની વૃદ્ધિ કરતો ગતિ કરે છે.

બીજા છ માસમાં દક્ષિણ દિશાથી (ઉત્તર દિશાની તરફ) ગતિ કરતો એવો સૂર્ય જ્યારે ઓગણપચ્ચાસમાં મંડળમાં આવે છે ત્યારે એક મુહૂર્તના અઠ્ઠાણું ભાગોમાંથી એકસઠ ભાગ જેટલી રાત્રિની હાનિ તથા દિવસની વૃદ્ધિ કરતો ગતિ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उत्तरायणगय सूरस्स मंडलांतर गई परूवणं-**

१११५. उत्तरायणगए णं सूरिए चउवीसंगुलियं पोरिसिछायं णिव्वत्तइत्ता णं णियट्टइत्ति।

-सम. सम. २४, सु. ५

**सूरस्स पुण्णिमासिणिसु जोगो-**

१११६. १. प्र. ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे चरिमं बावट्ठिं पुण्णिमासिणिं जोएइ, ताए पुण्णिमासिणिठाणाए मण्डलं चउव्वीसेणं सएणं छेत्ता चउणवइं भागे उवाइणावेत्ता एत्थ णं से सूरिए पढमं पुण्णिमासिणिं जोएइ।

२. प. ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे पढमं पुण्णिमासिणिं जोएइ, ताए पुण्णिमा सिणिठाणाए मण्डलं चउव्वीसे णं सएणं छेत्ता चउणवइं भागे उवाइणावेत्ता एत्थ णं से सूरिए दोच्चं पुण्णिमासिणिं जोएइ,

३. प. ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे दोच्चं पुण्णिमासिणिं जोएइ, ताए पुण्णिमासिणिठाणाए मण्डलं चउव्वीसे णं सएणं छेत्ता चउणवइं भागे उवाइणावेत्ता एत्थ णं से सूरिए तच्चं पुण्णिमासिणिं जोएइ,

४. प. ता एएसि णं पंचण्हं संवच्छराणं दुवालसं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे तच्चं पुण्णिमासिणिं जोएइ, ताए पुण्णिमासिणिठाणाए मण्डलं चउव्वीसेणं सएणं छेत्ता अट्ठछत्ताले भागसए[1] उवाइणावेत्ता, एत्थ णं से सूरिए दुवालसमं पुण्णिमासिणिं जोएइ,

**ઉત્તરાયણગત સૂર્યની મંડળાંતર ગતિનું પ્રરૂપણ :**

૧૧૧૫. ઉત્તરાયણમાં ગયેલો સૂર્ય ચોવીસ આંગળાવાળી પોરષી છાયા કરીને (કર્કસંક્રાંતિના દિવસે સર્વાભ્યન્તર મંડળથી) બીજા મંડળમાં જાય છે.

**સૂર્યનો પૂર્ણિમાઓમાં યોગ :**

૧૧૧૬. (૧) પ્ર. એ પાંચ સંવત્સરોની પ્રથમ પૂર્ણમાસીએ સૂર્ય મંડળના ક્યા દેશ-વિભાગમાં યોગ કરે છે ?

ઉ. સૂર્ય અન્તિમ બાસઠમી પૂર્ણમાસીએ મંડળના જે દેશ-વિભાગમાં યોગ કરે છે એ પૂર્ણિમા સ્થાનથી આગળ આવેલા મંડળથી એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી ચોરાણું ભાગ લઈને એમાં સૂર્ય પ્રથમ પૂર્ણમાસીનો યોગ કરે છે.

(૨) પ્ર. આ પાંચ સંવત્સરોની બીજી પૂર્ણમાસીએ સૂર્યમંડળના કયા દેશ-વિભાગમાં યોગ કરે છે ?

ઉ. સૂર્ય પ્રથમ પૂર્ણિમાસીએ મંડળના જે દેશ-વિભાગમાં યોગ કરે છે એ પૂર્ણિમા સ્થાનથી આગળ આવેલા મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી ચોરાણું ભાગ લઈને સૂર્ય બીજી પૂર્ણમાસીનો યોગ કરે છે.

(૩) પ્ર. આ પાંચ સંવત્સરોની ત્રીજી પૂર્ણમાસીએ સૂર્યમંડળના કયા દેશ-વિભાગમાં યોગ કરે છે ?

ઉ. સૂર્ય બીજી પૂર્ણમાસીએ મંડળના જે દેશ-વિભાગમાં યોગ કરે છે તે પૂર્ણિમા સ્થાનથી આગળ આવેલા મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી ચોરાણું ભાગ લઈને એમાં સૂર્ય ત્રીજી પૂર્ણિમાસીનો યોગ કરે છે.

(૪) પ્ર. આ પાંચ સંવત્સરોની બારમી પૂર્ણમાસીએ સૂર્યમંડળના કયા દેશ-વિભાગમાં યોગ કરે છે?

ઉ. સૂર્ય ત્રીજા પૂર્ણમાસીએ મંડળના જે દેશ-વિભાગમાં યોગ કરે છે એ પૂર્ણિમા સ્થાનથી આગળ આવેલા મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી આઠસો છેતાલીસ ભાગ લઈને એમાં ક્રમશઃ યોગ કરતો એવો સૂર્ય બારમી પૂર્ણમાસીનો યોગ કર છે.

---

१. "अट्ठछत्ताले भागसए" त्ति, तृतीयस्या पौर्णमास्याः परतो द्वादशी किलपौर्णमासी नवमी, ततश्चतुर्नवतिर्नवमिर्गुण्यते, जातान्यष्टी शतानि षट् चत्वारिंशदधिकानि।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं खलु एएणं उवाएणं ताए ताए पुण्णिमासिणि ठाणाए मण्डलं चउव्वीसेणं सएणं छेत्ता चउणवइ चउणवइ भागे उवाइणावेत्ता,[1] तंसि णं देसंसि तं तं पुण्णिमासिणिं सूरे जोएइ।

५. प. ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमं बावट्ठिं पुण्णिमासिणिं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंबुद्दीवस्स णं दीवस्स पाईण-पडिणायययाए उदीण दाहिणाययाए जीवाए मण्डलं चउव्वीसे णं सए णं छेत्ता पुरत्थिमिल्लंसि चउब्भागमण्डलं सत्तावीसं भागे उवाइणावेत्ता अट्ठावीसइ भागं वीसहा छेत्ता अट्ठारसभागे उवाइणावेत्ता तिहिं भागेहिं दोहि य कलाहिं दाहिणिल्लं चउब्भागमण्डलं असंपत्ते, एत्थ णं सूरिए चरिमं बावट्ठिं पुण्णिमासिणिं जोएइ।[2]

-सूरिय. पा. १०, पाहु. २२, सु. ६४

આ પ્રકારે આ ક્રમે એ-એ પૂર્ણમાસી સ્થાનોથી આગળ આવેલા મંડળોના એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી પ્રત્યેક મંડળના ચોરાણું ભાગ લઈને એ-એ વિભાગોમાં તે-તે પૂર્ણિમાઓ એ સૂર્ય યોગ કરે છે.

(૫) પ્ર. આ પાંચ સંવત્સરોની અંતિમ બાસઠમી પૂર્ણિમાએ સૂર્ય મંડળના કયા દેશ-વિભાગમાં યોગ કરે છે ?

ઉ. આ જંબૂદ્વીપ નામના દ્વીપના ઈશાન તેમજ નૈઋત્યકોણ સ્થિત લાંબી જીવામાં મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને પૂર્વના મંડળના ચાર ભાગોમાંથી સત્તાવીશ ભાગ લઈને અઠ્ઠાવીસમાં ભાગના વીસ ભાગ કરીને એમાંથી અઢાર ભાગ લઈને દક્ષિણના મંડળના ચાર ભાગોને પ્રાપ્ત કર્યા વગર ત્રણ ભાગોમાં બે-બે કલાઓથી સૂર્ય અંતિમ બાસઠમી પૂર્ણિમામાં યોગ કરે છે.

**सूरस्स अमावासासु जोगो -**

११११७. प. ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमं अमावासं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे चरिमं बावट्ठिं अमावासं जोएइ, ताए अमावासठाणाए मण्डलं चउव्वीसे णं सए णं छेत्ता चउणउइभागे उवाइणावेत्ता, एत्थ णं सूरे पढमं अमावासं जोएइ।

**एवं जेणेव अभिलावेणं सूरियस्स पुण्णिमासिणीओ तेवेण अभिलावेणं अमावासाओ भणियव्वाओ, तं जहा-बिइया, तइया, दुवालसंमी।**[3]

**સૂર્યનો અમાવસ્યા (અમાસ)માં યોગ :**

૧૧૧૭. પ્ર. આ પાંચ સંવત્સરોની પ્રથમ અમાવસ્યા-(અમાસે) સૂર્યમંડળ કયા દેશ-વિભાગમાં યોગ કરે છે ?

ઉ. સૂર્ય અંતિમ બાસઠમી અમાવસ્યાએ મંડળના જે દેશમાં યોગ કરે છે તે મંડળમાં એ અમાવસ્યા સ્થાનથી આગળ આવેલા મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી ચોરાણું વિભાગ લઈને એમાં સૂર્ય પ્રથમ અમાવસ્યાએ યોગ કરે છે.

**આ પ્રકારે જે અભિલાપથી સૂર્યનો પૂર્ણિમાઓમાં યોગ (થવાનું) કહ્યું છે એજ અભિલાપથી અમાવસ્યાઓ (અંગેપણ) કહેવું જોઈએ; જેમકે- બીજી, ત્રીજી અને બારમી અમાવસ્યામાં.**

---

१. पाश्चात्ययुग चरम द्वाषष्टितम पौर्णमासी-परिसमाप्तिनिबन्धतात् स्थानात् परतो मंडलस्य चतुर्विंशत्यधिकरात्रि प्रविभक्तस्य सत्कानां चतुर्नवति चतुर्नवति भागानामतिक्रमे तस्याः तस्याः पौर्णमास्याः परिसमाप्तिः, ततकचतुर्नवति द्विषष्ट्या गुण्येते, जातान्यष्टा पंचाशत्सतानि अष्टाविंशत्यधिकानि, तेषां चतुर्विंशत्यधिकेन शतेन भागो ह्रियते लब्धाः सप्तचत्वारिंशत्सकलमंडलपरावर्ताः। - टीका

२. चन्द. पा. १०, सु. ६४

३. एवमित्यादि एवमुक्तेनप्रकारेण तेनैवाभिलापेन सूर्यस्य पौर्णमास्य उक्तास्तेनैवाभिलापेनामावास्या अपि वक्तव्याः तद्यथा-द्वितीया, तृतीया, द्वादशी च ताश्चैवम्।

प. एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चं अमावासं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे पढमं अमावासं जोएइ, ताओ अमावासट्ठाणाओ मंडलं चउवीसेणं सएणं छेत्ता चउणउइ भागे उवाइणावेत्ता, एत्थ णं सूरे दोच्चं अमावासं जोएइ। (બાકી ટિપ્પણ પા.નં. ૧૬૭ ઉપર)

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

एवं खलु एएणं उवाएणं ताए ताए अमावासट्ठाणाए मण्डलं चउव्वीसे णं सएणं छेत्ता, चउणउइं चउणउइं भागे उवाइणावेत्ता तंसि तंसि देसंसि तं तं अमावासं सूरिए जोएइ।

प. ता एएसि णं पंचण्हं संवच्छराणं चरिमं बावट्ठिं अमावासं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे चरिमं बावट्ठिं अमावासं जोएइ, ताए पुण्णिमासिणिठाणाए मण्डलं चउव्वीसे णं सएणं छेत्ता सत्तालीसं भागे ओसक्कावइत्ता, एत्थ णं से सूरिए चरिमं बावट्ठिं अमावासं जोएइ।[1]

-सूरिय. पा. १०, पाहु. २२, सु. ६६

આ પ્રકારે આ ક્રમે એ-એ અમાવસ્યાઓમાં આગળવાળા પ્રત્યેક મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી ચોરાણું-ચોરાણું વિભાગ લઈને તે-તે વિભાગોમાં એ-એ અમાવસ્યાએ સૂર્ય યોગ કરે છે.

પ્ર. આ પાંચ સંવત્સરોની અંતિમ બાસઠમા અમાવસ્યાએ સૂર્યમંડળના કયા દેશ-વિભાગમાં યોગ કરે છે ?

ઉ. સૂર્ય અંતિમ બાસઠમી અમાવસ્યાએ મંડળના જે દેશમાં યોગ કરે છે તે પૂર્ણિમા સ્થાનથી આગળ આવેલા મંડળના એકસો ચોવીસ વિભાગ કરીને એમાંથી સુડતાલીસ ભાગ પાછળ રાખીને બાકીના ભાગોમાં સૂર્ય અંતિમ બાસઠમી અમાવસ્યાએ યોગ કરે છે.

## : चन्द - सूर वण्णओ :

## : ચંદ્ર-સૂર્ય વર્ણન :

**जोइसिन्दा चंद-सूरिया-**

१११८. चंदिम-सुरिया य तत्थ दुवे जोइसिंदा जोइसियरायाणो परिवंसति[2] महिड्ढिया **-जाव-** पभासेमाणा,
ते णं तत्थ साणं साणं जोइसिय विमाणावाससय-सहस्साणं,
चउण्हं सामाणियसाहस्सीणं,
चउण्हं अग्गमहिसीणं सपरिवाराणं,
तिण्हं परिसाणं,
सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं,
सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं,
अण्णेसिं च बहूणं जोइसियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं **-जाव-** विहरंति।

-पण्ण. प. २, सु. १९५ (२)

**જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર અને સૂર્ય :**

૧૧૧૮. અહીં બે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર અને સૂર્ય રહે છે. તે મહર્ધિક **-યાવત્-** દેદિપ્યમાન છે.
તેઓ ત્યાં પોત-પોતાના જ્યોતિષક વિમાનવાસી લાખો દેવોનું,
ચાર હજાર સામાનિક દેવોનું,
ચાર હજાર સપરિવાર અગ્રમહિષીઓનું,
ત્રણ પરિષદાઓનું,
સાત સેનાઓનું, સાત સેનાધિપતિઓનું,
સોળ હજાર આત્મરક્ષક દેવોનું,
અને અન્ય અનેક જ્યોતિષક દેવ-દેવીઓનું આધિપત્ય અગ્રસ્વામિત્વ કરતો એવો **-યાવત્-** વિહરણ કરે છે.

---

(પા.નં. ૧૬૬થી આગળ)

प. ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चं अमावासं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि दोच्चं अमावासं जोएइ, ताओ अमावासट्ठाणाओ मंडलं चउव्वीसे णं सएणं छेत्ता चउणउइ भागे उवाइणावेत्ता एत्थणं सूरे तच्चं अमावासं जोएइ।

प. ता एएसि णं पंचण्हं संवच्छराणं दुवालसमं सूरे कंसि देसंसि जोएइ ?

उ. ता जंसि णं देसंसि सूरे तच्चं अमावासं जोएइ, ताओ अमावासट्ठाणाओ मंडलं चउव्वीसे णं सएणं छेत्ता अट्ठ छत्ताले भागसए उवाइणावेत्ता, एत्थ णं से सूरे दुवालसमं अमावासं जोएइ।

१. चन्द. पा. १०, सु. ६६

२. (क) ठाणं अ. २, उ. ३, सु. १०५ (ख) भग. स. ३, उ. ८, सु. ८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एगमेगस्स चंदिम-सूरियस्स परिवार परूवणं-**

११११. प. एगमेगस्स णं भंते ! चदिम-सूरियस्स,[1]
केवइया महग्गहा परिवारो ?[2]
केवइया णक्खत्ता परिवारो ?
केवइया तारागण कोडाकोडी परिवारो ?
उ. गोयमा ! अट्ठासीइ महग्गहा परिवारो,
अट्ठावीसं णक्खत्ता परिवारो,
छावट्ठिसहस्साइं णवसया पण्णत्तरा तारागण कोडाकोडीओ पण्णत्ताओ ।[3]

-जीवा. पडि. ३, उ. २, सु. १९४

**પ્રત્યેક ચંદ્ર-સૂર્યના પરિવારનું પ્રરૂપણ :**

૧૧૧૯. પ્ર. ભગવન્ ! પ્રત્યેક ચંદ્ર-સૂર્યના -
મહાગ્રહોનો પરિવાર કેટલો છે ?
નક્ષત્રોનો પરિવાર કેટલો છે ?
કોટાકોટી તારાઓનો પરિવાર કેટલો છે ?
ઉ. ગૌતમ ! અઠયાસી મહાગ્રહોનો પરિવાર છે.
અઠ્ઠાવીસ નક્ષત્રોનો પરિવાર છે.
છાસઠ હજાર નવસો પંચોત્તેર કોટાકોટી તારાઓનો પરિવાર કહેવામાં આવ્યો છે.

**चन्दस्स सूरस्स य परिसाओ-**

११२०. चंदस्स णं जोइसिंदस्स जोयसरण्णो तओ परिसाओ पण्णत्ताओ,

**ચંદ્ર-સૂર્યની પરિષદાઓ :**

૧૧૨૦. જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્રની ત્રણ પરિષદાઓ કહેવામાં આવી છે.

---

१. "एगमेगस्स णं चन्दिम-सूरियस्स" -जीवा. सूत्र १९४ માં આટલો ગદ્ય અંશ આપીને ગાથાઓ આપી છે.
गाहाए- अट्ठासीतिं च गहा, अट्ठावीसं च होइ णक्खत्ता ।
एगससी परिवारो, एत्तो ताराण वोच्छामि ॥
छावट्ठि सहस्साइं, णव चेव सयाइं पंचसयराइं ।
एगससी परिवारो, तारागण कोडि कोडीणं ॥ जीवा. सूत्र १७७માં પણ આ બન્ને ગાથાઓ છે.

२. एगमेगस्स णं चन्दिम-सूरियस्स अट्ठासीइ अट्ठासीइ महग्गहा परिवारो पण्णत्तो । - सम. ८८, सु. १

३. (क) प. एगमेगस्स णं भंते ! चन्दस्स केवइआ महग्गहा परिवारो ? केवइआ णक्खत्ता परिवारो ? केवइआ तारागण कोडा कोडीओ पण्णत्ताओ ?
उ. गोयमा ! अट्ठासीइ महग्गहा परिवारो, अट्ठावीसं णक्खत्ता परिवारो, छावट्ठिसहस्साइं णवसया पण्णत्तरा तारागण कोडाकोडीओ पण्णत्ताओ । - जंबु. वक्ख. ७, सु. १६३
(ख) प. ता एगमेगस्स णं चन्दस्स देवस्स केवइया गहा परिवारो पण्णत्तो ? केवइया णक्खत्ता परिवारो पण्णत्तो ? केवइया तारा परिवारो पण्णत्तो ?
उ. ता एगमेगस्स णं चंदस्स देवस्स अट्ठासीति गहा परिवारो पण्णत्तो, अट्ठावीसं णक्खत्ता परिवारो पण्णत्तो ।
गाहा-छावट्ठिसहस्साइं णव चेव सयाइं पंचसयराइं ।
एगससि परिवारो, तारागण कोडाकोडी णं परिवारो पण्णत्तो ॥ -सूरिय. पा. १८, सु. ९१
(ग) चन्द. पा. १८, सु. ९१
સૂર્ય પ્રજ્ઞપ્તિના સો (૧૦૦) માં સૂત્રમાં પણ એક ચંદ્રના પરિવારની સૂચક બે ગાથાઓ જીવાભિગમ જેવી જ છે.
સૂત્ર-સંકલનની વિવિધ શૈલીઓ તુલનાત્મક અધ્યયનના યોગ્ય છે.
ચંદ્ર-સૂર્યના ગ્રહ પરિવારનું સૂચન કરનાર સમવાયાંગનું સૂત્ર છે. આ સૂત્રના એક અંશને જીવાભિગમના સંકલનકર્તાએ ઉદ્ધૃત કરીને ચંદ્ર પરિવારની સૂચના કરનારી બે ગાથાઓ ઉદ્ધૃત કરી છે.
જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિમાં ગ્રહ, નક્ષત્ર, તારા, ચંદ્રના પરિવારમાં (હોવાનું) માનવામાં આવ્યો છે. તે સર્વે પ્રકારે યોગ્ય છે. જીવાભિગમ અને સમવાયાંગમાં ગ્રહ, નક્ષત્ર અને તારાઓને ચંદ્ર-સૂર્યનો સંયુક્ત પરિવાર માનવામાં આવ્યો છે. પરંતુ ગ્રહ, નક્ષત્ર અને તારાઓના ઈન્દ્ર (સ્વામી) ચંદ્ર જ છે.
સૂર્ય તો એનો ઔપચારિક ઈન્દ્ર છે. એટલે ગ્રહ, નક્ષત્ર, તારા, ચન્દ્રનો જ પરિવાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं जहा-१. तुम्बा, २. तुडिया, ३. पव्वा।

**एवं सामाणिय अग्गमहिसीणं।**

**एवं सूरस्स वि।**[1] -ठाणं. अ. ३, उ. २, सु. १६२

જેમકે- (૧) તુમ્બા, (૨) તુટિકા, (૩) પર્વા.

**આ પ્રકારે સામાનિક દેવોની તથા અગ્રમહિષીઓની પરિષદાઓ છે.**

**આ પ્રકારે સૂર્યની પણ પરિષદાઓ છે.**

**दाहिणड्ढे-उत्तरड्ढे माणुस्सखेत्ते जोइसिंदा चंदसूरिया-**

११२१. दाहिणड्ढ माणुस्सखेत्ता णं छावट्ठिं चन्दा पभासिंसु वा, पभासंति वा, पभासिस्संति वा, छावट्ठिं सूरिया तवइंसु वा, तवइंति वा, तवइस्संति वा।

उत्तरड्ढमाणुस्सखेत्ता णं छावट्ठिं चन्दा पभासिंसु वा, पभासंति वा, पभासिस्संति वा, छावट्ठिं सूरिया तवइंसु वा, तवइंति वा, तवइस्संति वा।

-सम. ६६, सु. १-४

**દક્ષિણાર્ધ-ઉત્તરાર્ધ મનુષ્ય ક્ષેત્રમાં જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર-સૂર્ય :**

૧૧૨૧. દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્રમાં છાસઠ ચંદ્ર પ્રભાસિત થયેલા છે, પ્રભાસિત થાય છે અને પ્રભાસિત થશે તેમજ છાસઠ સૂર્ય તપેલા છે, તપે છે અને તપશે.

ઉત્તરાર્ધ મનુષ્યક્ષેત્રમાં છાસઠ ચંદ્ર પ્રભાસિત થયેલા છે, પ્રભાસિત થાય છે અને પ્રભાસિત થશે તેમજ છાસઠ સૂર્ય તપેલા છે, તપે છે અને તપશે.

**चंदिम-सूरियाणं अणुभावो (सरूवं)-**

११२२. प. ता कहं ते अणुभावे ? आहिए त्ति वएज्जा,

उ. ता तत्थ खलु इमाओ दो पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

१. ता चंदिम-सूरिया णं - नो जीवा, अजीवा, नो घणा, झुसिरा,

नो बादरबोंदिधरा कलेवरा,

नत्थि णं तेसिं -१. उट्ठाणे इ वा, २. कम्मेइ वा, ३. बलेइ वा, ४. वीरिएइ वा, ५. पुरिसक्कार-परक्कमेइ वा,

नो विज्जुलवंति, नो असणिं लवंति, नो थणियं लवंति,

अहे य णं बादरे वाउकाए संमुच्छइ, संमुच्छित्ता विज्जुं पि लवंति, असिणं पि लवंति, थणियं पि लवंति " एगे एवमाहंसु"

**ચંદ્ર અને સૂર્યનો અનુભાવ (સ્વરૂપ) :**

૧૧૨૨. પ્ર. (ચંદ્ર અને સૂર્યનો) અનુભાવ (વિશેષ સ્વરૂપ) કેવું છે ? કહો.

ઉ. આ અંગે આ બે પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહેવામાં આવી છે, જેમકે-

એમાંથી એક માન્યતાવાળા આ પ્રકારે કહે છે-

(૧) ચંદ્ર અને સૂર્ય જીવ નથી, અજીવ છે. ઘની ભૂત નથી, છિદ્રોવાળા છે.

સ્થૂળ (સજીવ, સુવ્યકત, અવયવયુકત) શરીરવાળા નથી, કેવળ કલેવર છે.

એમાં ૧. ઉત્થાન, ૨. કર્મ, ૩. બળ, ૪. વીર્ય અને ૫. પુરૂષાકાર-પરાક્રમ નથી.

ન તો તેઓ વિદ્યુત ઉત્પન્ન કરે છે, ન તેઓ કડકડ (અવાજ) કરે છે. ન તેઓ ગર્જના કરે છે.

એમની નીચે સ્થૂળ ઘનવાયુ ઉત્પન્ન થાય છે. એનાથી વિદ્યુત ઉત્પન્ન થાય છે, કડકડ ભયંકર અવાજ (શબ્દ) થાય છે, ગર્જના પણ થાય છે.

---

१. प. सूरस्स णं भंते ! जोइसिंदस्स जोइसरण्णो कति परिसाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि परिसाओ पण्णत्ताओ, तं जहा-(१) तुम्बा, (२) तुडिया, (३) पेच्चा,

(१) अब्भिंतरिया तुम्बा, (२) मज्झिमिया तुडिया, (३) बाहिरिया पेच्चा.......... **चन्दस्स वि एवं चेव।**

-जीवा. प. ३, उ. १, सु. १२२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगे पुण एवमाहंसु-

२. ता चंदिम-सूरिया णं - जीवा, नो अजीवा,

घणा, नो झुसिरा,

बादरबोंदिधरा, नो कलेवरा,

अत्थि णं तेसिं १. उट्ठाणेइ वा, २. कम्मेइ वा, ३. बलेइ वा, ४. वीरिएइ वा, ५. पुरिसक्कारपरक्कमेइ वा,

ते विज्जुं पि लवंति, असणिं पि लवंति, थणियं पि लवंति, "एगे एवमाहंसु"

वयं पुण एवं वयामो-

ता चंदिम-सूरिया णं देवाणं महिड्ढिया, महज्जुइया, महब्बला, महाजसा, महासोक्खा, महाणुभागा वरवत्थधरा, वरमल्लधरा, वराभरणधरा अवोच्छित्तिणयट्टयाए अन्ने चयंति, अन्ने उववज्जंति ।[१]

- सूरिय. पा. २०, सु. १२०

એક (અન્ય) માન્યતાવાળાઓ વળી આ પ્રમાણે કહે છે -

(૨) ચંદ્ર- સૂર્ય જીવ છે, અજીવ નથી.

ઘન (સ્થૂળ) છે, છિદ્રોવાળા નથી.

સ્થૂળ (સજીવ, સુવ્યક્ત, અવયવયુક્ત) શરીરવાળા છે, કલેવર નથી.

એમાં ૧. ઉત્થાન, ૨. કર્મ, ૩. બળ, ૪. વીર્ય અને ૫. પુરૂષાકાર-પરાક્રમ છે.

તેઓ વિદ્યુત ઉત્પન્ન કરે છે. કડકડ કરે છે. ગર્જના કરે છે.

અમે પણ આ પ્રમાણે કહીએ છીએ-

ચંદ્ર-સૂર્ય દેવ મહર્ધિક છે, મહાદ્યુતિવાળા છે મહાબળવાળા છે. મહાયશવાળા છે. અત્યધિક સુખી છે. મોટા ભાગ્યશાળી છે. શ્રેષ્ઠ વસ્ત્રધારણ કરનારા છે. શ્રેષ્ઠ માળાઓ ધારણ કરનારા છે. શ્રેષ્ઠ આભૂષણ ધારણ કરનારા છે, દ્રવ્યર્થિક નયથી બીજે ચ્યવન કરે છે. (દેહચ્યુત થાય છે) અને અન્ય (બીજે) ઉત્પન્ન થાય છે.

**चंद सूराणं परोप्परं अंतराई परूवणं-**

११२३. चंदाओ सूरस्स य सूरा, चंदस्स अंतरं होइ ।

पन्नास सहस्साइं तु, जोयणाणं अणूणाइं ॥२७॥

सूरस्स य सूरस्स य, ससिणे ससिणो य अंतर होइ ।
बहियाओ मणुस्सनगस्स, जोयणाणं सयसहस्सं ॥२८॥

सूरंतरिया चंदा, चंदतरिया य दिणयरा दित्ता ।

चित्तंतरलेसागा, सुहलेसा मंदलेसा य[२] ॥२९॥

-जीवा. पडि. ३, सु. १७७

**ચંદ્ર અને સૂર્યનું પરસ્પરનું અંતર વગેરેનું પ્રરૂપણ :**

૧૧૨૩. માનુષોત્તર પર્વતની બાહર ચંદ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું અંતર પચાસ-પચાસ હજાર યોજનનું છે.

તથા માનુષોત્તર પર્વતની બાહર સૂર્યથી સૂર્યનું અને ચંદ્રથી ચંદ્રનું અંતર એકલાખ યોજનનું છે.

ચંદ્રનો પ્રકાશ સૂર્યથી અને સૂર્યનો પ્રકાશ ચંદ્રથી આતરવામાં આવે છે. એટલે પરસ્પર પ્રકાશ આંતરવામાં હોવાથી ચંદ્ર સૂર્યની પ્રભા શોભાયમાન અને સુખરૂપ લાગે છે.

**चंद सूर मण्डलसंठिई-**

११२४. प. ता कहं ते मंडलं-संठिई ? आहितेति वदेज्जा,

उ. तत्थ खलु इमाओ अट्ठ पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

तत्थेगे एवमाहंसु-

१. ता सव्वावि णं मण्डलवता समचउरंस-संठाण संठिया पण्णत्ता, एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

**ચંદ્ર-સૂર્યના મંડળનો આકાર :**

૧૧૨૪. પ્ર. (ચંદ્ર-સૂર્ય) મંડળોની સંસ્થિતિ કેવી છે ? કહો.

ઉ. આ અંગે એ આઠ પ્રતિપત્તિઓ (માન્યતાઓ) કહેવામાં આવી છે, જેમકે-

એમાંથી એક મતવાળા આમ કહે છે-

(૧) (ચંદ્ર-સૂર્યના) બધા મંડળ સમચતુષ્કોણ-સંસ્થાને (આકારે) રહેલા છે.

એક (અન્ય મતવાળાઓ) વળી આમ કહે છે-

१. चन्द. पा. २०, सु. १०२

२. सूरिय. पा. १९, सु. १००

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. ता सव्वा वि णं मण्डलावता विसमचउरंस-संठाण संठिया पण्णत्ता, एगे एवमाहंसु।

(૨) (ચંદ્ર-સૂર્યના) બધા મંડળ વિષમચતુરસ્ત્ર આકારે રહેલા છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય મતવાળાઓ) વળી આમ પણ કહે છે-

३. ता सव्वा वि णं मण्डलावता समचउक्कोण संठिया पण्णत्ता, एगे एवमाहंसु।

(૩) (ચંદ્ર-સૂર્યના) બધા મંડળ સમચતુષ્કોણ રૂપે આવેલા છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય મતવાળાઓ) વળી આવું પણ કહે છે-

४. ता सव्वा वि णं मण्डलावता विसमचउक्को-णसंठिया पण्णत्ता, एगे एवमाहंसु।

(૪) ચંદ્ર-સૂર્યના બધા મંડળ વિષમ ચતુષ્કોણ રૂપે રહેલા છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય મતવાળાઓ) વળી આમ પણ કહે છે-

५. ता सव्वा वि णं मण्डलावता समचक्कवाल-संठिया पण्णत्ता, एगे एवमाहंसु।

(૫) (ચંદ્ર-સૂર્યના) બધા મંડળ સમચક્રવાલ રૂપમાં રહેલ છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય મતવાળાઓ) વળી આમ પણ કહે છે-

६. ता सव्वा वि णं मण्डलावता विसमचक्कवाल संठिया पण्णत्ता, एगे एवमाहंसु।

(૬) (ચંદ્ર-સૂર્યના) બધા મંડળ વિષમચક્રવાલ રૂપમાં રહેલ છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય મતવાળઓ) વળી આમ પણ કહે છે-

७. ता सव्वा वि णं मण्डलावता चक्कद्धचक्कवाल-संठिया पण्णत्ता, एगे एवमाहंसु।

(૭) (ચંદ્ર-સૂર્યના) બધા મંડળ અર્ધચક્રના ચક્રવાલના રૂપમાં રહેલા છે.

एगे पुण एवमाहंसु-

એક (અન્ય મતવાળાઓ) વળી આમ પણ કહે છે-

८. ता सव्वा वि णं मण्डलावता छत्तागारसंठिया पण्णत्ता, एगे एवमाहंसु।

(૮) (ચંદ્ર-સૂર્યના) બધા મંડળ છત્રાકારના રૂપે રહેલા છે.

तत्थ जे ते एवमाहंसु-

એમાંથી કેટલાકે આમ પણ કહ્યું છે-

ता सव्वा वि णं मण्डलावता छत्तागारसंठिया पण्णत्ता, एएणं णएणं णायव्वं, णो चेव णं इयरेहिं।[१]

(ચંદ્ર-સૂર્યના) બધા મંડળ છત્રાકાર રૂપમાં રહેલા છે. કેવળ આ કથન નયયુક્ત છે અન્ય માન્યતાઓ માન્ય નથી (કેમકે ઉપર ઉઠાવવામાં આવેલ અર્ધકપિત્થ ના આકાર જેવા ચંદ્ર-સૂર્યના બધા મંડળ-વિમાન છે. અર્ધ-કપિત્થ અને છત્રના આકારમાં સામ્ય છે.)

**पाहुडगाहाओ भाणियव्वाओ।**[२]

**અહીં પ્રાભૃત ગાથાઓ કહેવી જોઈએ.**

-सूरिय. पा. १, पाहु. ७, सु. १९

१. चन्द. पा. १, सु. १९

૨. આ ગાથાઓ ઉપલબ્ધ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चन्द-सूर मण्डलाणं समंस-परूवणं-**

११२५. चंद मण्डले णं एगसट्ठि विभाग विभाइए समंसे पण्णत्ते।

**एवं सूरस्स वि।** -सम. ६१, सु. ३-४

**चंदिम-सूरियसंठिई -**

११२६. प. ता कहं ते सेआते[1] संठिई[2] आहिताति वदेज्जा ?

उ. तत्थ खलु इमा दुविहा संठिती पण्णत्ता, तं जहा-

१. चंदिम-सूरियसंठिती य, २. तावक्खेत्तसंठिती य,

प. ता कहं ते चंदिम-सूरियसंठिती आहिताति वदेज्जा ?

उ. तत्थ खलु इमाओ सोलस पडिवत्तीओ पण्णत्ताओ, तं जहा-

१. तत्थेगे एवमाहंसु-

ता समचउरंससंठिया चंदिम-सूरयसंठिती पण्णत्ता, एगे एवमाहंसु।

२. एगे पुण एवमाहंसु-

ता विसम चउरंससंठियाचंदिम-सूरियसंठिती पण्णत्ता, एगे एवमाहंसु।

३. एगे पुण एवमाहंसु-

ता सम चउक्कोणसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु।

४. एगे पुण एवमाहंसु-

ता विसमचउक्कोणसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु।

**ચંદ્ર-સૂર્ય મંડળોના સમાંશનું પ્રરૂપણ :**

૧૧૨૫. ચંદ્ર મંડળનું સમાંશ એક યોજનના એકસઠ વિભાગ કરવા પર (પીસ્તાલીસ વિભાજિત હોવાનું) કહેવામાં આવ્યું છે.

**આ પ્રમાણે સૂર્ય-મંડળનો સમાંશ પણ જાણવો જોઈએ.**

**ચંદ્ર-સૂર્યનો આકાર :**

૧૧૨૬. પ્ર. શ્વેતતાનો આકાર કેવા પ્રકારનો કહેવામાં આવ્યો છે ?

ઉ. આ સંસ્થિતિ (આકાર) બે પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-

(૧) ચન્દ્ર-સૂર્યની સંસ્થિતિ, (૨) તાપક્ષેત્રની સંસ્થિતિ.

પ્ર. ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કેવા પ્રકારની કહેવામાં આવી છે ?

ઉ. આ વિષયમાં સોળ માન્યતાઓ કહેવામાં આવી છે, જેમકે -

(૧) એમાંથી એક માન્યતાવાળા આ પ્રમાણે કહે છે -

ચંદ્ર-સૂર્ય નો સમચતુસ્ત્રકોણ આકાર છે.

(૨) એક (અન્ય) માન્યતાવાળા વળી આપણ કહે છે -

ચંદ્ર-સૂર્યનો વિષમસમચતુસ્ત્ર આકાર છે.

(૩) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ચંદ્ર-સૂર્યનો સમચતુષ્કોણ આકાર છે.

(૪) એક (અન્ય) માન્યતાવાળા વળી આ પ્રમાણે કહે છે -

ચંદ્ર-સૂર્યનો વિષમચતુષ્કોણ આકાર છે.

---

૧. વૃત્તિકારે 'શ્વેતતા'ની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે -
"इह श्वेतता चन्द्र-सूर्य विमानानामपि विद्यते, तत्कृततापक्षेत्रस्य च, ततः श्वेततायोगादुभयमपि श्वेतताशब्देनोच्यते।

૨. ચંદ્ર-સૂર્ય વિમાનોના આકાર અન્ય સ્થળે કહેવામાં આવ્યા છે. એટલે ચંદ્ર-સૂર્ય વિમાનોની સંસ્થિતિ અંગે પ્રશ્નકર્તાના અભિપ્રાયનું સ્પષ્ટીકરણ વૃત્તિકાર આ પ્રમાણે આપ્યું છે - 'इह चन्द्र-सूर्यविमानानां संस्थानरूपा संस्थिति प्रागेवाभिहिता तत इह चन्द्र-सूर्य विमान-संस्थितिश्चतुर्णामपि अवस्थानरूपा पृष्टा द्रष्टव्या"

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

५. एगे पुण एवमाहंसु-

(૫) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે -

ता सम चक्कवालसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો સમચક્રાકાર આકાર છે.

६. एगे पुण एवमाहंसु-

(૬) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता विसम चक्कवालसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો વિષમચક્રાકાર આકાર છે.

७. एगे पुण एवमाहंसु -

(૭) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે -

ता चक्कद्धचक्कवालसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો અર્ધ ચક્રાકાર આકાર છે.

८. एगे पुण एवमाहंसु-

(૮) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता छत्तागारसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો છત્રાકાર આકાર છે.

९. एगे पुण एवमाहंसु-

(૯) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता गेहसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો ગૃહાકાર આકાર છે.

१०. एगे पुण एवमाहंसु-

(૧૦) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता गेहावणसंठिया चंदिम-सूरिय संठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો ગૃહાપણ (ઘર-દુકાન સાથે હોય) જેવો આકાર છે.

११. एगे पुण एवमाहंसु-

(૧૧) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે -

ता पासायसंठिया चंदिम-सूरियसंठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો પ્રાસાદાકાર આકાર છે.

१२. एगे पुण एवमाहंसु-

(૧૨) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता गोपुरसंठिया चंदिम-सूरियसंठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો ગોપુરાકાર (જેવો) આકાર છે.

१३. एगे पुण एवमाहंसु-

(૧૩) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता पेच्छाघरसंठिया चंदिम-सूरियसंठिती पण्णत्ता, एगे एवमाहंसु ।

ચંદ્ર-સૂર્યનો પ્રેક્ષાગૃહાકાર (જેવો) આકાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१४. एगे पुण एवमाहंसु-

(૧૪) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता वलभीसंठिया चंदिम-सूरियसंठिती पण्णत्ता, एगे एवमाहंसु।

ચંદ્ર-સૂર્યનો વલ્લભી (ઘરના છાપરા) જેવો આકાર છે.

१५. एगे पुण एवमाहंसु-

(૧૫) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता हम्मियतलसंठिया चंदिम-सूरियसंठिती पण्णत्ता, एगे एवमाहंसु।

ચંદ્ર-સૂર્યનો હર્મ્યતલ (તલઘર) ક્રીડાગૃહ જેવો જેવો આકાર છે.

१६. एगे पुण एवमाहंसु-

(૧૬) એક (અન્ય) માન્યતાવાળા વળી આમ પણ કહે છે-

ता वालग्गपोतिया संठिया[1] चंदिम-सूरियसंठिती पण्णत्ता, एगे एवमाहंसु।

ચંદ્ર-સૂર્યનો બાલાગ્રપોતિકાકાર (આકાશ ગંગામાં આવેલ ક્રીડાગૃહ માટેનો નાનો મહેલ) આકાર છે.

तत्थ जे ते एवमाहंसु -

એમાંથી જે કોઈ આમ કહે છે -

तासमचउरंस-संठिया चंदिम-सूरियसंठिती पण्णत्ता, एएणं णएणं णेयव्वं; णो चेव णं इयरेहिं[2]।

-सूरिय. पा. ४, सु. २५

"ચંદ્ર-સૂર્યનો સમચતુસ્ત્ર આકાર છે" આ કથન નયયુક્ત છે એટલે માન્ય છે. અન્ય માન્યતાઓ માન્ય નથી.

**दोसिणाइया णं लक्खणा-**

**જ્યોત્સ્ના (આતપ-અંધકાર) વગેરેના લક્ષણ :**

११२७. १. प. ता कहं ते दोसिणा लक्खणा? आहिए त्ति वएज्जा,

उ. ता चंदलेसाई य दोसिणाई य,

२. प. दोसिणाई य चंदलेसाई य के अट्ठे किं लक्खणे?

उ. ता एगट्ठे एग लक्खणे,

૧૧૨૭. (૧) પ્ર. જ્યોત્સ્નાનું શું લક્ષણ છે ? કહો

ઉ. ચંદ્રની લેશ્યા એની (ઓજ) જ્યોત્સના છે.

(૨) પ્ર. જ્યોત્સના અને ચંદ્રલેશ્યાનો શું અર્થ થાય છે અને શું લક્ષણ છે ?

ઉ. એ બન્નેનો અર્થ એક જ છે અને લક્ષણ પણ બન્નેના એક જ છે.

---

१. बालाग्रपोतिका शब्दो देशीशब्दत्वादाकाशतडागमध्ये व्यवस्थितंक्रीडास्थानं लघुप्रासादम्। - सूर्य. वृत्ति

२. (ક) પરતીર્થિકોની આ સોળ પ્રતિપ્રતિઓ (માન્યતાઓ) માંથી કેવળ એક પ્રતિપત્તિ સૂત્રાકારની માન્યતાનુસારની છે. આ વિષયમાં વૃત્તિકારનું કથન એ છે કે -

"तत्थे इत्यादि-तत्र तेषां षोडषानां परतीर्थिकानां मध्ये ये ते वादिन एवमाहु - "समचतुरस्रसंस्थिता चन्द्रसूर्यसंस्थितिःप्रज्ञप्ता इति, एतेन नयेन नेतव्यं, ऐतेनाभिप्रायेणाऽस्मन्मतेऽपि चन्द्र-सूर्यसंस्थितिरवधार्येति भावः, तथाहि "इह सर्वेऽपि कालविशेषाः सुषम-सुषमादयो युगमूलाः युगस्य चादौ श्रावणे मासि बहुलपक्षप्रतिपदिप्रातरूदयसमये एकसूर्यो दक्षिणपूर्वस्यां दिशि वर्तते, तद्द्वितीयस्त्वपरोत्तरस्यां, चन्द्रमा अपि तत्समये एको दक्षिणापरस्यां दिशि वर्तते, द्वितीय उत्तरपूर्वस्यामत एतेषु युगस्यादौ चन्द्र-सूर्याः समचतुरस्रसंस्थिति वर्तन्ते, यत्वत्र मण्डलकृतं वैषम्यं यथा सूर्यो सर्वाभ्यन्तरमण्डले वर्तते, चन्द्रमसौ सर्वबाह्य-इति तदल्पमितिकृत्वा न विवक्ष्यते, तदेवं यतःसकलकालविशेषाणां सुषमा-सुषमादिरूपाणामादिभूतस्य युगस्यादौ समचतुरस्रसंस्थितासूर्य-चन्द्रमसो भवन्ति, ततस्तेषां संस्थितिः समचतुरस्रसंस्थानेनोपवर्णिता, अन्यथा वा यथासम्प्रदायं समचतुरस्रसंस्थितिःपरिभावनीयेति नो चेव णं इयरेहिं ति-नो चेव नैव इतरैः- शेषैर्नयैश्चन्द्र-सूर्यसंस्थितिर्ज्ञातव्या, तेषां मिथ्यारूपत्वात्, तदेवमुक्ता चन्द्र-सूर्यसंस्थितिः।

(ख) चन्द. पा. ४, सु. २५

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

१. प. ता कहं ते सूरलेस्सा लक्खणे ? आहिए त्ति वएज्जा,

उ. ता सूरलेस्साई य आयवेई य ।

२. प. ता सूरलेस्साई य, आयवेई य के अट्ठे किं लक्खणे ?

उ. ता एगट्ठे, एगलक्खणे ।

१. प. ता कहं ते छाया लक्खणे ? आहिए त्ति वएज्जा ।

उ. ता छायाई य, अंधकाराई य ।

२. प. ता छायाई य, अंधकाराई य के अट्ठे किं लक्खणे ?

उ. ता एगट्ठे, एगलक्खणे ।[1]

-सूरिय. पा. १६, सु. ८७

(૧) પ્ર. સૂર્ય-લેશ્યાનું શું લક્ષણ છે ? કહો

ઉ. સૂર્યની લેશ્યા (એ) જ આતપ છે.

(૨) પ્ર. સૂર્ય-લેશ્યા અને આતપનો શું અર્થ છે અને શું લક્ષણ છે ?

ઉ. બન્નેનો અર્થ એક જ છે અને એક જ લક્ષણ થાય છે.

(૧) પ્ર. છાયાનું શું લક્ષણ છે ? કહો.

ઉ. છાયા (એ) જ અંધકાર છે.

(૨) પ્ર. છાયા અને અંધકારનો શું અર્થ છે અને શું લક્ષણ છે ?

ઉ. આ બન્નેનો અર્થ એક જ છે અને એક જ લક્ષણ થાય છે.

**चंदिम-सूरियाणं ओभासखेत्तं उज्जोयखेत्तं तावखेत्तं पगासखेत्तं च -**

१२२८. प. ता केवइयं खेत्तं चंदिम-सूरिया ओभासेंति, उज्जोवेंति, तवेंति, पगासेंति ? आहिएत्ति वएज्जा,

उ. तत्थ खलु इमाओ बारसपडिवत्तीओ पण्णत्ताओ, तं जहा -

तत्थेगे एवमाहंसु -

१. ता एगं दीवं एगं समुद्दं चंदिम-सूरिया ओभासेंति उज्जोवेंति, तवेंति, पगासेंति[2] एगे एवमाहंसु-

एगे पुण एवमाहंसु-

२. ता तिण्णि दीवे, तिण्णि समुद्दे चंदिम-सूरिया ओभासेंति-**जाव**-पगासेंति एगे एवमाहंसु ।

एगे पुण एवमाहंसु-

३. ता अद्ध चउत्थे दीवे, अद्ध चउत्थे समुद्दे चंदिम-सूरिया ओभासेंति-**जाव**-पगासेंति एगे एवमाहंसु ।

**ચંદ્ર-સૂર્યોનાં અવભાસ ક્ષેત્ર, ઉદ્યોતક્ષેત્ર, તાપક્ષેત્ર અને પ્રકાશક્ષેત્ર :**

૧૧૨૮. પ્ર. ચંદ્ર અને સૂર્ય કેટલા ક્ષેત્રને અવભાસિત કરે છે. ઉદ્યોતિત કરે છે, તપાવે છે તથા પ્રકાશિત કરે છે ? કહો

ઉ. આ અંગે બાર પ્રતિપત્તિઓ (માન્યતાઓ કહેવામાં આવી છે, જેમકે -

એમાંથી એક (માન્યતાવાળાઓ) એ આમ કહ્યું છે -

(૧) ચંદ્ર અને સૂર્ય એક દ્વીપ તથા એક સમુદ્રને અવભાસિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તપાવે છે અને પ્રકાશિત કરે છે.

એક (મતવાળાઓ) એ વળી આમ પણ કહ્યું છે-

(૨) ચંદ્ર અને સૂર્ય ત્રણ દ્વીપ તથા ત્રણ સમુદ્રોને અવભાસિત કરે છે **- યાવત્ -** પ્રકાશિત કરે છે.

એક (મતવાળાઓ) એ વળી આમ પણ કહ્યું છે-

(૩) ચંદ્ર અને સૂર્ય સાડા ત્રણ દ્વીપ તથા સાડા ત્રણ સમુદ્રોને અવભાસિત કરે છે **- યાવત્ -** પ્રકાશિત કરે છે.

---

१. चंद. पा. १६, सु. ८७

२. अवभासयन्ति, तत्रावभासो ज्ञानस्यापि व्यवह्रीते अतस्तद्व्यवच्छेदार्थमाह उद्योतयन्ति, स चोद्योतो यद्यपि लोके भेदेन प्रसिद्धो यथा सूर्यगत आतप इति, चन्द्रगतःप्रकाश इति, तथाप्यातपशब्दश्चन्द्रप्रभायामपि वर्तते, यदुक्तम् चन्द्रिका कौमुदी ज्योत्स्ना, तथा चन्द्रातपः स्मृतः इति, प्रकाशशब्दःसूर्यप्रभायामपि, एतश्च प्रायोबहूनां सुप्रतीतं, तत एतदर्थ प्रतिपत्यर्थमुभयसाधारणं भूयोऽप्येकार्थकद्वयमाह तापयन्ति प्रकाशयन्ति आख्याता इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) વળી આમપણ કહ્યું છે-

४. ता सत्तदीवे, सत्तसमुद्दे चंदिम-सूरिया ओभासेंति **-जाव-** पगासेंति, एगे एवमाहंसु ।

(૪) ચંદ્ર અને સૂર્ય સાત દ્વીપો તથા સાત સમુદ્રોને અવભાસિત કરે છે **- યાવત્ -** પ્રકાશિત કરે છે.

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) વળી આમ પણ કહ્યું છે-

५. ता दसदीवे, दससमुद्दे, चंदिम-सूरिया ओभासेंति **-जाव-**पगासेंति, एगे एवमाहंसु ।

(૫) ચંદ્ર અને સૂર્ય દસ દ્વીપ તથા દસ સમુદ્રોને અવભાસિત કરે છે **- યાવત્-** પ્રકાશિત કરે છે-

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) વળી આમ પણ કહ્યું છે-

६. ता बारसदीवे, बारससमुद्दे चंदिम-सूरिया ओभासेंति**- जाव-**पगासेंति, एगे एवमाहंसु ।

(૬) ચંદ્ર અને સૂર્ય બાર દ્વીપ તથા બાર સમુદ્રોને અવભાસિત કરે છે **- યાવત્ -** પ્રકાશિત કરે છે-

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) વળી આમ પણ કહ્યું છે-

७. ता बायालीसं दीवे, बायालीसं समुद्दे चंदिम-सूरिया ओभासेंति**-जाव-**पगासेंति, एगे एवमाहंसु ।

(૭) ચંદ્ર અને સૂર્ય બેત્તાલીસ દ્વીપ તથા બેતાલીસ સમુદ્રોને અવભાસિત કરે છે **- યાવત્ -** પ્રકાશિત કરે છે-

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) વળી આમ પણ કહ્યું છે.

८. ता बावत्तरिं दीवे, बावत्तरिं समुद्दे चंदिम-सूरिया ओभासेंति**-जाव-**पगासेंति, एगे एवमाहंसु ।

(૮) ચંદ્ર અને સૂર્ય બોત્તેર દ્વીપ અને બોત્તેર સમુદ્રોને અવભાસિત કરે છે **- યાવત્ -** પ્રકાશિત કરે છે-

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) ફરી એમ પણ કહ્યું છે-

९. ता बायालीसं दीवसयं, बायालीसं समुद्दसयं चंदिम-सूरिया ओभासेंति**-जाव-**पगासेंति, एगे एवमाहंसु ।

(૯) ચંદ્ર અને સૂર્ય એકસો બેત્તાલીસ દ્વીપ તથા એકસો બેત્તાલીસ સમુદ્રોને અવભાસિત કરે છે - **યાવત્** - પ્રકાશિત કરે છે.

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) વળી આમ પણ કહ્યું છે.

१०. ता बावत्तरिं दीवसयं, बावत्तरिं समुद्दसयं चंदिम-सूरिया ओभासेंति**-जाव-**पगासेंति, एगे एवमाहंसु ।

(૧૦) ચંદ્ર અને સૂર્ય એકસો બોત્તેર દ્વીપ તથા એકસો બોત્તેર સમુદ્રોને અવભાસિત કરે છે - **યાવત્** - પ્રકાશિત કરે છે.

एगे पुण एवमाहंसु-

એક (મતવાળાઓએ) વળી આમ પણ કહ્યું છે.

११. ता बायालीसं दीवसहस्सं, बायालीसं समुद्दसहस्सं चंदिम-सूरिया ओभासेंति **-जाव-** पगासेंति, एगे एवमाहंसु ।

(૧૧) ચંદ્ર અને સૂર્ય બેત્તાલીસ હજાર દ્વીપ તથા બેત્તાલીસ હજાર સમુદ્રોને અવભાસિત કરે છે **-યાવત્-** પ્રકાશિત કરે છે -

एगे पुण एवमाहंसु-

એક (અન્ય) (મતવાળાઓએ) વળી આમ પણ કહ્યું છે-

१२. ता बावत्तरं दीवसहस्सं, बावत्तरं समुद्दसहस्सं चंदिम-सूरिया ओभासेंति**-जाव-**पगासेंति, एगे एवमाहंसु ।

(૧૨) ચંદ્ર અને સૂર્ય બોત્તેર હજાર દ્વીપ તથા બોત્તેર હજાર સમુદ્રોને અવભાસિત કરે છે. **-યાવત્-** પ્રકાશિત કરે છે.

वयं पुण एवं वयामो -

અમે વળી આ પ્રમાણે કહીએ છીએ -

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

ता अयण्णं जंबुद्दीवे दीवे सव्व दीव-समुद्दाणं सव्वब्भंतराए सव्वखुड्डागेवट्टे-**जाव**-जोयणसहस्स-मायामविक्खंभे णं, तिण्णि जोयणसयसहस्साइं, सोलस सहस्साइं, दोण्णि य सत्तावीसे जोयणसए, तिण्णि कोसे, अट्ठावीसं च धणुसयं, तेरस य अंगुलाइं अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवे णं पण्णत्ते ।

આ જંબૂદ્વીપ નામનો દ્વીપ બધા દ્વીપ સમુદ્રોની અંદર (વચમાં) આવેલો છે. બધાથી નાનો છે, વૃત્તાકાર છે - **યાવત્** - એક લાખ યોજન લાંબો-પહોળો છે, ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીશ યોજન, ત્રણ કોશ એક સો અઠ્ઠાવીસ ધનુષ તેર આંગળ અને અડધા આંગળથી કંઈક વધુ એની પરિધિ કહેવામાં આવી છે.

से णं एगाए जगईए सव्वाओ समंता संपरिक्खित्ते, साणं जगई अट्ठ-जोयणाइं उड्ढं उच्चत्ते णं पण्णत्ता,

એ જંબૂદ્વીપ ચારે બાજુથી એક જગતીથી ઘેરાયેલા છે, તે જગતી આઠ યોજન ઊંચી કહેવામાં આવી છે.

**एवं जहा जंबुद्दीवपण्णत्तीए-जाव-[1] एवामेव सपुव्वावरेणं जंबुद्दीवे दीवे चोद्दस सलिलासय-सहस्सा छप्पण्णं च सलिलासहस्सा भवंतीति-मक्खायं,**

**જે પ્રમાણે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહેવામાં આવ્યું છે. તે પ્રમાણે પૂર્વાપરની મેળવીએ તો જંબૂદ્વીપદ્વીપમાં ચૌદ લાખ છપ્પન હજાર નદીઓ છે એવું કહેવામાં આવ્યું છે.**

जंबुद्दीवे णं दीवे पंच चक्कभागसंठिया, आहियात्ति वएज्जा,

જંબૂદ્વીપ નામનો દ્વીપ પાંચ ચક્ર ભાગ સંસ્થાન વાળું કહેવામાં આવ્યું છે.

प. ता कहं णं जंबुद्दीवे दीवे पंच चक्कभागसंठिए ? आहिए त्ति वएज्जा ।

પ્ર. જંબૂદ્વીપ નામના દ્વીપમાં પાંચ ચક્ર ભાગ ક્યા-ક્યા છે ? કહો.

उ. ता जया णं एए दुवे सूरिया सव्वब्भंतरं मण्डलं उवसंकमित्ता चारं चरन्ति,तया णं जंबुद्दीवस्स दीवस्स तिण्णि पंच चक्कभागे ओभासेंति-**जाव**-पगासेंति, तं जहा-

ઉ. જ્યારે એ બન્ને (એક ભરત અને એક ઐરવત)નો સૂર્ય સર્વાભ્યન્તર મંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના પાંચ ચક્રભાગોમાંથી ત્રણ ચક્ર ભાગોને અવભાસિત કરે છે - **યાવત્**- પ્રકાશિત કરે છે, જેમકે-

ता एगे वि सूरिए एगं दिवड्ढं पंच चक्कभागं ओभासेइ-**जाव**-पगासेइ ।

એક સૂર્ય (ભરતનો) પાંચ ચક્રભાગોમાંથી (પૂર્વોક્ત ત્રણ ભાગનો અડધો) દોઢ ભાગને અવભાસિત કરે છે- **યાવત્**- પ્રકાશિત કરે છે,

ता एगे वि सूरिए एगं दिवड्ढं पंच चक्कभागं ओभासेइ-**जाव**-पगासेइ ।

એક સૂર્ય (ઐરાવતનો) પાંચ ચક્ર ભાગોમાંથી (પૂર્વોક્ત ત્રણ ભાગનો અડધો) દોઢ ભાગને અવભાસિત કરે છે - **યાવત્**- પ્રકાશિત કરે છે.

तया णं उत्तमकट्ठपत्ते उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहण्णिया दुवालसमुहुत्ता राई भवइ ।

આ સમયે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ હોય છે.

ता जया णं एए दुवे सूरिया सव्वबाहिरं मण्डलं उवसंकमित्ता चारं चरंति, तया णं जंबुद्दीवस्स दीवस्स दोण्णि पंच चक्कभागे ओभासेंति -**जाव**-पगासेंति,

જ્યારે એ બન્ને સૂર્ય સર્વ બાહ્યમંડળને પ્રાપ્ત કરીને ગતિ કરે છે ત્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના પાંચ ચક્રભાગોમાંથી બે ચક્રભાગોને અવભાસિત કરે છે -**યાવત્**- પ્રકાશિત કરે છે.

---

१. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિના પ્રથમ વક્ષસ્કાર સૂત્રાંક ૪થી છઠ્ઠા વક્ષસ્કાર સૂત્રાંક ૧૨૫ પર્યન્તના બધા સૂત્રોનો મૂળપાઠ અહીં સમજવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ता एगे वि सूरिए एगं पंच चक्कवालभागं ओभासेइ **-जाव-**पगासेइ।

એક સૂર્ય (ભરત નો) પાંચ ચક્ર ભાગોમાંથી (પૂર્વોક્ત ત્રણના પછી છે. બાકી રહેલા બેમાંથી) એક ચક્રભાગને અવભાસિત કરે છે - **યાવત્** - પ્રકાશિત કરે છે.

ता एगे वि सूरिए एगं पंच चक्कवालभागं ओभासेइ **-जाव-**पगासेइ,

એક સૂર્ય (ઐરાવતનો) પાંચ ચક્ર ભાગોમાંથી (પૂર્વોક્ત બે માંથી બાકી રહેલા) એક ચક્રભાગને અવભાસિત કરે છે -**યાવત્** -પ્રકાશિત કરે છે.

तया णं उत्तमकट्ठपत्ता उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहण्णए दुवालसमुहुत्ते दिवसे भवइ।[१]

-सूरिय. पा. ३, सु. २४

આ સમયે પરમ ઉત્કર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે.

**चंदसूराणं तावक्खेत्तस्स वुड्ढि हाणी हेऊ परूवणं-**

१.१२९. तेसिं पविसंताणं तावक्खेत्तं तु वड्ढए नियमा।
तेणेव कमेण पुणो परिहायई निक्खमंताणं॥१४॥

-जीवा. पडि. ३, सु. १७७ (३)

**ચંદ્ર- સૂર્યોના તાપક્ષેત્રની વૃદ્ધિ હાનિના હેતુનું પ્રરૂપણ :**

૧૧૨૯. સર્વ બાહ્યમંડળથી આભ્યન્તર મંડળમાં પ્રવેશ કરતો એવો સૂર્ય અને ચંદ્રમાનું તાપક્ષેત્ર પ્રતિ દિવસ નિયમતઃ આયાતની અપેક્ષાએ વધતુ જાય છે અને જે ક્રમેથી તે વધે છે એજ ક્રમેથી સર્વાભ્યન્તર મંડળથી બહાર નીકળનારા સૂર્ય અને ચંદ્રમાનું તાપક્ષેત્ર ક્રમશ : ઘટતું જાય છે.

**एगे जुगे आदिच्च-चन्द चार संखा-**

११३०. प. ता कहं ते चारा ? आहिए त्ति वएज्जा।

उ. तत्थ खलु इमा दुविहा चारा पण्णत्ता, तं जहा-
१. आदिच्चचारा य, २. चंदचारा य।

प. (क) ता कहं ते चंदचारा ? आहिएत्ति वएज्जा।

उ. ता पंच संवच्छरिए णं जुगे।

१. अभीई णक्खत्ते सत्तसट्ठिचारे चंदेण सद्धिं जोगं जोएइ,

२. सवणे णक्खत्ते सत्तसट्ठिचारे चंदेण सद्धिं जोगं जोएइ, **एवं - जाव**

३-२८. उत्तरासाढा णक्खत्ते सत्तसट्ठिचारे चंदेण सद्धिं जोगं जोएइ,

प. (ख) ता कहं ते आइच्च चारा ? आहिए त्ति वएज्जा,

उ. ता पंचसंवच्छरिए णं जुगे।

**એક યુગમાં સૂર્ય અને ચંદ્રની ગતિ સંખ્યા :**

૧૧૩૦. પ્ર. (એક યુગમાં સૂર્ય-ચંદની) ગતિ કેટલી વાર થાય છે ? કહો.

ઉ. એ બે પ્રકારની ગતિ કહેવામાં આવી છે. જેમકે- (૧) સૂર્યની ગતિ, (૨) ચંદ્રની ગતિ.

પ્ર. (ક) (એક યુગમાં) ચંદ્રની ગતિ કેટલીવાર થાય છે ? કહો.

ઉ. પાંચ સંવત્સરનો એક યુગ થાય છે. (એવા એક યુગમાં)

(૧) અભિજિત્ નક્ષત્ર સડસઠ (૬૭) વાર ચંદ્રની સાથે યોગ કરે છે.

(૨) શ્રવણ નક્ષત્ર સડસઠ (૬૭) વાર ચંદ્રની સાથે યોગ કરે છે. **-આ પ્રકારે -યાવત્-**

(૩-૨૮) ઉત્તરાષાઢા નક્ષત્ર સડસઠ (૬૭) વાર ચંદ્રની સાથે યોગ કરે છે.

પ્ર. (એક યુગમાં) સૂર્યની ગતિ કેટલીવાર થાય છે ? કહો.

ઉ. પાંચ સંવત્સરનો એક યુગ હોય છે. (એવા એક યુગમાં)

१. चन्द. पा. ३, सु. २४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. अभीई णक्खत्ते पंचचारे सूरेण सद्धिं जोगं जोएइ **एवं -जाव**

२-२८. उत्तरासाढा णक्खत्ते पंचचारे सूरेण सद्धिं जोगं जोएइ।[1]

-सुरिय. पा. १०, पाहु. १८, सु. ५२

(૧) અભિજિત્ નક્ષત્ર પાંચ વાર સૂર્યની સાથે યોગ કરે છે. **આ પ્રમાણે -યાવત્-**

(૨-૨૮) ઉત્તરાષાઢા નક્ષત્ર પાંચ વાર સૂર્યની સાથે યોગ કરે છે.

**चन्दाइच्च अद्धमासे चन्दाइच्चाणं मण्डलचारं-**

११३१. १. प. ता चंदेणं अद्धमासेणं चंदे कइ मण्डलाइं चरइ ?

उ. ता चउद्दस चउब्भागमण्डलाइं चरइ एगं च चउवीस-सयभागं मण्डलस्स।

२. प. ता आइच्चेणं अद्धमासेणं चंदे कइ मण्डलाइं चरइ ?

उ. ता सोलस मण्डलाइं चरइ, सोलसमण्डलाचारी तया अवराइं खलु दुवे अट्ठकाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ।

३. प. कयराइं खलु दुवे अट्ठगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ ?

उ. इमाइं खलु ते दुवे अट्ठगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ, तं जहा -

१. निक्खम्ममाणे चेव अमावासंतेणं।

२. पविसमाणे चेव पुण्णिमासिंतेणं,

एयाइं खलु दुवे अट्ठगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ,

**पढमं चंदायणं -**

**ચંદ્ર-સૂર્ય અર્ધમાસમાં ચંદ્ર -સૂર્યની મંડળ ગતિ :**

૧૧૩૧. (૧) પ્ર. ચંદ્ર અર્ધમાસમાં ચંદ્ર કેટલા મંડળોમાં ગતિ કરે છે ?

ઉ. ચૌદ મંડળ અને (પંદરમાં) મંડળના એકસો ચોવીસ ભાગોમાંથી ચોથો ભાગ (અર્થાત્ એકત્રીસ ભાગ) અને એક ભાગમાં ગતિ કરે છે.

(૨) પ્ર. સૂર્ય અર્ધમાસમાં ચંદ્ર કેટલા મંડળોમાં ગતિ કરે છે ?

ઉ. સોળ મંડળોમાં ગતિ કરે છે અને સોળમાં મંડળમાં ગતિ કરવાના સમયે અન્ય બે આઠ ભાગોમાં કે જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

(૩) પ્ર. એ બે આઠ ભાગ કયા છે કે જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે ?

ઉ. એ બે આઠ ભાગ (એ) છે કે જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે, જેમકે -

(૧) સર્વાભ્યન્તર મંડળથી નિષ્ક્રમણ કરતો એવો ચંદ્ર અમાવસ્યાના પ્રથમ અષ્ટકમાં કોઈ અસાધારણ ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

(૨) સર્વ બાહ્યમંડળમાં પ્રવેશ કરતો એવો ચંદ્ર પૂર્ણિમાના દ્વિતીય અષ્ટકમાં કોઈ અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

એ બે આઠ ભાગ છે જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિથી પ્રવેશ કરીને ગતિ કરે છે.

**પ્રથમ ચંદ્રાયણ :**

१. चन्द. पा. १०, सु. ५२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ता पढमायण गए चंदे दाहिणाए भागाए पविसमाणे सत्त अद्धमण्डलाइं जाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ,

१. प. कयराइं खलु ताइं सत्त अद्धमण्डलाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ ?

उ. इमाइं खलु ताइं सत्तअद्धमण्डलाइं जाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ, तं जहा-

१. बिइए अद्धमण्डले, २. चउत्थे अद्धमण्डले, ३. छट्ठे अद्धमण्डले, ४. अट्ठमे अद्धमण्डले, ५. दसमे अद्धमण्डले, ६. बारसमे अद्धमण्डले, ७. चउदसमे अद्धमण्डले।

एयाइं खलु ताइं सत्त अद्धमण्डलाइं जाइं चंदे दाहिणाए भागाए पविसमाणे चारं चरइ,

ता पढमायणगए चंदे उत्तराए भागाए पविसमाणे छ अद्धमण्डलाइं तेरस य सत्तट्ठिभागाइं अद्धमण्डलस्स जाइं चंदे उत्तराए भागाए पविसमाणे चारं चरइ,

२. प. कयराइं खलु ताइं छ अद्धमण्डलाइं तेरस य सत्तट्ठिभागाइं अद्धमण्डलस्स जाइं चंदे उत्तराइं भागाए पविसमाणे चारं चरइ ?

उ. इमाइं खलु ताइं छ अद्धमण्डलाइं तेरस य सत्तट्ठिभागाइं अद्धमण्डलस्स जाइं चंदे उत्तराए भागाए पविसमाणे चारं चरइ, तं जहा-

१. तईए अद्धमण्डले, २. पंचमे अद्धमण्डले, ३. सत्तमे अद्धमण्डले, ४. नवमे अद्धमण्डले, ५. एक्कारसमे अद्धमण्डले, ६. तेरसमे अद्धमण्डले।

पण्णरस मण्डलस्स तेरस सत्तट्ठिभागाइं।

एयाइं खलु ताइं छ अद्धमण्डलाइं तेरस य सत्तट्ठिभागाइं अद्धमण्डलस्स जाइं चन्दे उत्तराए भागाए पविसमाणे चारं चरइ,

एयावया य पढमे चंदायणे समत्ते भवइ,

પ્રથમ અયન ગત ચંદ્ર દક્ષિણ ભાગમાંથી પ્રવેશ કરતો એવો સાત અર્ધમંડળોમાં (કે) જેમાં ચંદ્ર દક્ષિણભાગથી પ્રવેશ કરતો એવો ગતિ કરે છે.

(૧) પ્ર. એ સાત અર્ધમંડળ કયા છે કે જેમાં ચંદ્ર દક્ષિણભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે ?

ઉ. એ તે સાત અર્ધમંડળ છે કે જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરીને ગતિ કરે છે, જેમકે-

(૧) બીજું અર્ધમંડળ, (૨) ચોથું અર્ધમંડળ, (૩) છઠ્ઠું અર્ધમંડળ, (૪) આઠમું અર્ધમંડળ, (૫) દસમું અર્ધમંડળ, (૬) બારમું અર્ધમંડળ, (૭) ચૌદમું અર્ધમંડળ.

એ સાત અર્ધમંડળ છે. જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરીને ગતિ કરે છે.

પ્રથમ અયનગત ચંદ્ર ઉત્તર ભાગમાં પ્રવેશ કરતો એવો છ અર્ધમંડળ અને અર્ધ મંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગ છે. (કે) જેમાં ચંદ્ર ઉત્તર ભાગથી પ્રવેશ કરતો એવો ગતિ કરે છે.

(૨) પ્ર. તે કયા છ અર્ધમંડળ અને અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગ છે (કે) જેમાં ચંદ્ર ઉત્તર ભાગથી પ્રવેશ કરતો એવો ગતિ કરે છે ?

ઉ. તે એ છ અર્ધમંડળ અને અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગો (એ) છે (કે) જેમાં ચંદ્ર ઉત્તર ભાગથી પ્રવેશ કરતો એવો ગતિ કરે છે, જેમકે -

(૧) ત્રીજું અર્ધમંડળ, (૨) પાંચમું અર્ધમંડળ, (૩) સાતમું અર્ધમંડળ, (૪) નવમું અર્ધમંડળ, (૫) અગિયારમું અર્ધમંડળ અને (૬) તેરમું અર્ધમંડળ.

પંદરમાં મંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગ.

તે એ છ માસ અર્ધમંડળ અને અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી તેર ભાગ છે. (કે) જેમાં ચંદ્ર ઉત્તરથી પ્રવેશ કરતો એવો ગતિ કરે છે.

એ પ્રથમ ચંદ્રાયણ સમાપ્ત થયું.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

**दोच्चे चंदायणे-**

ता णक्खत्ते अद्धमासे नो चंदे अद्धमासे,

चंदे अद्धमासे नो णक्खत्ते अद्धमासे,

१. प. ता णक्खत्ताओ अद्धमासाओ ते चंदे चंदेण अद्धमासे णं किमधियं चरइ ?

उ. ता एगं अद्धमण्डलं चरइ, चत्तारि य सत्तट्ठिभागाइं अद्धमण्डलस्स सत्तट्ठिभागं एगत्तीसाए छेत्ता णव भागाइं,

ता दोच्चायणगए चंदे पुरच्छिमाए भागाए णिक्खममाणे सत्त चउप्पण्णाइं जाइं चंदे परस्स चिन्नं पडिचरइ, सत्त तेरसगाइं जाइं चंदे अप्पणा चिण्णं चरइ,

ता दोच्चायणगए चंदे पच्चत्थिमाए भागाए णिक्खममाणे छ चउप्पण्णाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ, छ तेरसगाइं चंदे अप्पणो चिण्णं पडिचरइ।

अवरगाइं खलु दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ।

२. प. कयराइं खलु ताइं दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ।

उ. इमाइं खलु ताइं दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ, तं जहा-

१. सव्वब्भंतरे चेव मण्डले,

२. सव्वबाहिरे चेव मण्डले,

एयाणि खलु ताणि दुवे तेरसगाइं जाइं चंदे केणइ असामण्णगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ।

**દ્વિતીય ચંદ્રાયણ :**

નક્ષત્ર અર્ધમાસ, ચંદ્ર અર્ધમાસ નથી અને ચંદ્ર અર્ધમાસ, નક્ષત્ર અર્ધમાસ નથી.

(૧) પ્ર. નક્ષત્ર અર્ધમાસથી ચંદ્ર અર્ધમાસમાં ચંદ્ર કેટલો અધિક ચાલે છે ?

ઉ. એક અર્ધમંડળ તથા દ્વિતીય અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી ચાર ભાગ અને સડસઠમાં ભાગને એકવીસ ભાગોમાં વિભક્ત કરી એમાંથી નવભાગ (જેટલો) વધુ ચાલે છે.

દ્વિતીય અયનગત ચંદ્ર સર્વાભ્યન્તર મંડળના પૂર્વભાગથી નિષ્ક્રમણ કરતો એવો (અર્ધમંડળના) સડસઠ ભાગોમાંથી ચોપન ભાગોમાં અર્થાત્ અન્ય સંચરિત મંડળના ભાગોમાં ચંદ્ર ગતિ કરે છે અને (અર્ધમંડળના) સડસઠ ભાગોમાંથી તેર ભાગોમાં ચંદ્ર (પોતાના) સંચરિત મંડળના ભાગોમાં ગતિ કરે છે.

દ્વિતીય અયનગત ચંદ્ર સર્વાભ્યન્તર મંડળના પશ્ચિમ ભાગથી નિષ્ક્રમણ કરતો એવો (અર્ધમંડળના) સડસઠ ભાગોમાંથી ચોપન ભાગોમાં (અન્ય સંચરિત મંડળના ભાગોમાં) ચંદ્ર ગતિ કરે છે. (અને અર્ધમંડળના) સડસઠ ભાગોમાંથી તેર ભાગોમાં (સ્વયં સંચરિત મંડળના ભાગોમાં) ચંદ્ર ગતિ કરે છે.

બે બીજા તેર ભાગ છે, જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

(૨) પ્ર. એ કયા બે બીજા તેર ભાગ છે કે જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે ?

ઉ. તે બે બીજા તેર ભાગો છે (કે) જેમાં ચંદ્ર અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે, જેમકે -

સર્વ આભ્યન્તર મંડળના (સડસઠ ભાગોમાંથી તેર ભાગ)

સર્વ બાહ્ય મંડળના (સડસઠ ભાગોમાંથી તેર ભાગ)

એ તે બીજા તેર ભાગ છે. જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય ગતિથી સ્વયં પ્રવેશ કરીને ગતિ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एयावया दोच्चे चंदायणे समत्ते भवइ।

**तच्चे चंदायणे -**

ता णक्खत्ते मासे नो चंदे मासे,

चंदे मासे नो णक्खत्ते मासे,

प. ता णक्खत्ताए मासाए चंदे चंदेणं मासे णं किमधियं चरइ ?

उ. ता दो अद्धमण्डलाइं चरइ अट्ठ य सत्तट्ठि भागाइं अद्धमण्डलस्स, सत्तट्ठिभागं च एक्कत्तीसधा छेत्ता अट्ठारस भागाइं,

ता तच्चायणगए चंदे पच्चत्थिमाए भागाए पविसमाणे बाहिराणंतरस्स पच्चत्थिमिल्लस्स अद्धमण्डलस्स इगयालीसं सत्तट्ठिभागाइं जाइं चंदे अप्पणो चिन्नं पडिचरइ,

तेरस सत्तट्ठिभागाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ,

तेरस सत्तट्ठिभागाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ,

एयावया बाहिराणंतरे पच्चत्थिमिल्ले अद्धमण्डले समत्ते भवइ,

तच्चायणगए चंदे पुरत्थिमाए भागाए पविसमाणे बाहिरतच्चस्स पुरत्थिमिल्लस्स अद्धमण्डलस्स इगयालीसं सत्तट्ठिभागाइं जाइं चंदे अप्पणो चिण्णं पडिचरइ।

तेरस सत्तट्ठिभागाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ,

तेरस सत्तट्ठिभागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ।

एयावया बाहिरतच्चे पुरत्थिमिल्ले अद्धमण्डले समत्ते भवइ।

એ બીજુ ચંદ્રાયણ સમાપ્ત થયું.

**તૃતીય ચંદ્રાયણ :**

જે નક્ષત્ર માસ છે, તે ચંદ્રમાસ નથી અને

જે ચંદ્ર માસ છે, તે નક્ષત્ર માસ નથી.

પ્ર. નક્ષત્ર માસથી ચંદ્રમાસમાં ચંદ્ર કેટલી વધુ ગતિ કરે છે ?

ઉ. બે અર્ધમંડળ તથા અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી આઠ ભાગ અને સડસઠમાં ભાગના એકત્રીસ ભાગોમાંથી અઢાર ભાગ (જેટલા) અધિક ગતિ કરે છે.

તૃતીય અયનગત ચંદ્ર પશ્ચિમ ભાગથી પ્રવેશ કરતો એવો બાહ્યાન્તર પશ્ચિમી અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી સ્વસંચરિત એકતાલીસ ભાગોમાં ચંદ્ર પ્રવેશ કરીને ગતિ કરે છે.

એ અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી પર સંચરિત તેર ભાગોમાં (કે) જેમાં ચંદ્ર (બાહ્યાન્તર મંડળના પશ્ચિમી ભાગથી પ્રવેશ કરતો એવો) ગતિ કરે છે.

એ અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી સ્વ-પર સંચરિત તેર ભાગોમાં (કે) જેમાં ચંદ્ર (બાહ્યાન્તર મંડળથી પશ્ચિમી ભાગમાં પ્રવેશ કરતો એવો) ગતિ કરે છે.

એ બાહ્યાન્તર (બાહ્યમંડળથી બીજુ) પશ્ચિમી અર્ધમંડળ સમાપ્ત થયું.

તૃતીય અયનગત ચંદ્ર બાહ્ય તૃતીય પૂર્વ અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી સ્વસંચરિત એકતાલીસ ભાગોમાં (કે) જેમાં ચંદ્ર પૂર્વી ભાગમાંથી પ્રવેશ કરીને ગતિ કરે છે.

એ પૂર્વી તૃતીય અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી પર-સંચરિત તેર ભાગોમાં (કે) જેમાં ચંદ્ર પૂર્વી ભાગથી પ્રવેશ કરતો એવો ગતિ કરે છે.

એ પૂર્વી તૃતીય અર્ધમંડળના સડસઠ ભાગોમાંથી સ્વ-પર સંચરિત તેર ભાગોમાં (કે) જેમાં ચંદ્ર પૂર્વી ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે.

એ બાહ્ય તૃતીય પૂર્વી અર્ધમંડળ સમાપ્ત થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ता तच्चायणगए चंदे पच्चत्थिमाए भागाए पविसमाणे बाहिर चउत्थस्स पच्चत्थिमिल्लस्स अद्धमण्डलस्स अद्धसत्तट्ठिभागाइं, सत्तट्ठि-भागं च एक्कतीसधा छेत्ता अट्ठारस भागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ,

તૃતીય અયનગત ચંદ્ર પશ્ચિમી ભાગથી પ્રવેશ કરતો એવો બાહ્ય ચતુર્થ પશ્ચિમી અર્ધમંડળના અર્ધ સડસઠ ભાગ તથા સડસઠમાં ભાગને એકત્રીસ ભાગોમાં વિભક્ત કરી ચંદ્ર સ્વ-પર સંચરિત અઢાર ભાગોમાં ગતિ કરે છે.

एयावया बाहिरचउत्थ पच्चत्थिमिल्ले अद्धमण्डले समत्ते भवइ।

આ બાહ્ય ચતુર્થ પશ્ચિમી અર્ધમંડળ સમાપ્ત થયું.

एवं खलु चंदेणं मासेणं चंदे तेरस चउप्पण्णागाइं दुवे तेरसगाइं जाइं चंदे परस्स चिण्णं पडिचरइ।

એ પ્રકારે ચંદ્ર માસમાં ચંદ્ર પર-સંચરિત ચોપન ભાગોમાં સ્વ-સંચરિત તેર ભાગોમાં તથા બે તેર ભાગોમાં જેમાં ચંદ્ર પ્રવેશ કરીને ગતિ કરે છે.

तेरस तेरसगाइं जाइं चंदे अप्पणो चिण्णाइं पडिचरइ।

બધા સ્વ-સંચરિત તેર-તેર ભાગોમાં જેમાં ચંદ્ર પ્રવેશ કરીને ગતિ કરે છે.

दुवे इगयालीसगाइं, दुवे तेरसगाइं, अट्ठ सत्तट्ठिभागाइं सत्तट्ठिभागं च एक्कतीसधा छेत्ता अट्ठारसभागाइं जाइं चंदे अप्पणो परस्स य चिण्णं पडिचरइ,

સ્વ-પર સંચરિત બે એકતાલીસ ભાગ તથા બે તેર ભાગના સડસઠ ભાગોમાંથી આઠ ભાગ તેમજ સડસઠમાં ભાગના એકત્રીસ ભાગોમાં વિભક્ત કરી એના અઢાર ભાગમાં ચંદ્ર પ્રવેશ કરીને ગતિ કરે છે.

अवराइं खलु दुवे तेरसगाइं जाइं चंदे केणइ अस्सामन्नगाइं सयमेव पविट्ठित्ता-पविट्ठित्ता चारं चरइ,

અન્ય બે તેર ભાગોમાં, જેમાં ચંદ્ર સ્વયં કોઈ અસામાન્ય રૂપમાં પ્રવેશ કરીને ગતિ કરે છે.

इच्चेसो चंदमासो अभिगमण-णिक्खमण-वुड्ढि-णिव्वुड्ढि-अवट्ठियअणवट्ठिय-संठाण-संठिई-विउव्वणगिड्ढिपत्ते रूवी चंदे देवे चंदे देवे, आहिए त्ति वएज्जा।[१]

-सूरिय. पा. १३, सु. ८१

એ ચંદ્રમાસ છે અને પ્રવેશ - નિષ્ક્રમણ, હાનિ-વૃદ્ધિ, અવસ્થિત-અનવસ્થિત, સંસ્થાન-સંસ્થિતિ, વિકુર્વણા, કામ-ભોગોમાં આસક્ત ચંદ્રદેવ દશ્યમાન ચંદ્રદેવ છે એમ કહેવામાં આવ્યુ છે.

**चंदेण य सूरेण य णक्खत्ताणं जोगकालं-**

**ચંદ્ર અને સૂર્ય સાથે નક્ષત્રોનો યોગકાળ :**

११३२. १. (क) ता जे णं अज्ज णक्खत्ते णं चंदे जोगं जोएइ, जंसि देसंसि से णं इमाइं अट्ठ एगूणवीसाइं मुहुत्तसयाइं चउवीसं च बावट्ठिभागा मुहुत्तस्स, बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता, बावट्ठि चुण्णियाभागे उवाइणावेत्ता पुणरवि से चंदे अण्णेणं सरिसएणं चेव णक्खत्तेणं जोगं जोएइ, अण्णंसि देसंसि।

૧૧૩૨. (૧) (ક) જે ચંદ્રમંડળના જે દેશમાં જે નક્ષત્ર સાથે આજ યોગ કરે છે, તે (અઠ્ઠાવીસ નક્ષત્રોના યોગ કાળના) આઠ સો ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ચોવીસ ભાગ અને બાસઠમાં ભાગના સડસઠ ભાગોમાંથી બાસઠ ચૂર્ણિકા ભાગ (વીત્યા પછી) ફરી તેજ ચંદ્ર મંડળના અન્ય દેશમાં અન્ય સદશ નક્ષત્રથી યોગ કરે છે.

१. चन्द. पा. १३, सु. ८१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ख) ता जे णं अज्ज णक्खत्तेणं चंदे जोगं जोएइ, जंसि देसंसि से णं इमाइं सोलस अट्ठतीसं मुहुत्तसयाइं अउणापण्णं च बावट्ठि भागा मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता, पण्णट्ठिं चुण्णियाभागे उवाइणावेत्ता, पुणरवि से णं चंदे ते णं चेव णक्खत्ते णं जोगं जोएइ, अण्णंसि देसंसि।

(ખ) જે ચંદ્ર મંડળના જે દેશમાં જે નક્ષત્ર સાથે આજે યોગ કરે છે તે (છપ્પન્ન નક્ષત્રોના યોગ કાળને) સોળસો અડત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ઓગણપચાસ ભાગ તથા બાસઠમાભાગના સડસઠ ભાગોમાંથી પાંસઠ ચૂર્ણિકા ભાગ (વીત્યા પછી) ફરીથી તેજ ચંદ્ર મંડળના અન્ય સદશ નક્ષત્ર સાથે યોગ કરે છે.

(ग) ता जे णं अज्ज णक्खत्तेणं चंदे जोगं जोएइ, जंसि देसंसि से णं इमाइं चउपण्णं मुहुत्त सहस्साइं णव य मुहुत्त सयाइं उवाइणावेत्ता पुणरवि से चंदे अण्णेणं तारिसएणं णक्खत्तेणं जोगं जोएइ, तंसि देसंसि।

(ગ) જેચંદ્રમંડળના જે દેશમાં જે નક્ષત્ર સાથે આજે યોગકરેછે, તે (અઠ્ઠાવીસ નક્ષત્રોથી એકયુગના યોગકાળના) ચોપન હજાર નવસો મુહૂર્ત (વીત્યા પછી) ફરી તેજ ચંદ્ર મંડળના એ દેશમાં અન્ય એવા જ નક્ષત્રથી યોગ કરે છે.

(घ) ता जे णं अज्ज णक्खत्तेणं चंदे जोगं जोएइ, जंसि देसंसि से णं इमाइं एगलक्खं नव य सहस्सं अट्ठ य मुहुत्तसए उवाइणावेत्ता पुणरवि से चंदे ते णं चेव णक्खत्ते णं जोगं जोएइ, तंसि देसंसि।

(ઘ) જે ચંદ્રમંડળના જે દેશમાં જે નક્ષત્ર સાથે આજે યોગ કરે છે, તે (અઠ્ઠાવીસ નક્ષત્રોથી બે યુગના યોગકાળના) એક લાખ નવ હજાર આઠસો મુહૂર્ત (વીત્યા પછી) ફરી એજ ચંદ્ર મંડળના એ દેશમાં એ નક્ષત્ર સાથે યોગ કરે છે.

२. (क) ता जे णं अज्ज णक्खत्तेणं सूरे जोगं जोएइ, जंसि देसंसि से णं इमाइं तिण्णि छावट्ठाइं राइंदियसयाइं उवाइणावेत्ता पुणरवि से सूरिए अण्णे णं तारिसएणं चेव णक्खत्तेणं जोगं जोएइ, तंसि देसंसि।

તે વિમાન સર્વ રત્નમય સ્વચ્છ **-યાવત્-** પ્રતિરૂપ છે.

એ વિમાનોના મધ્યભાગમાં પાંચ અવતંસક આવેલા કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) અશોકાવતંસક, (૨) સપ્તપર્ણાવતંસક, (૩) ચંપકાવતંસક, (૪) ચૂતાવતંસક, અને મધ્યમાં (૫) સનત્કુમારાવતંસક.

એ અવતંસક સર્વરત્નમય સ્વચ્છ **-યાવત્-** પ્રતિરૂપ છે.

અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત સનત્કુમાર દેવોના સ્થાન આવેલા કહેવામાં આવ્યા છે.

એ ત્રણે (૧. ઉપપાત, ૨. સમુદ્ઘાત અને ૩. સ્વસ્થાન)ની અપેક્ષાએ લોકના અસંખ્યાતમાં ભાગમાં સ્થિત છે.

ત્યાં અનેક સનત્કુમાર દેવ રહે છે, તે મહર્દ્ધિક **-યાવત્-** દેદીપ્યમાન છે.

**વિશેષ (માં)-** અગ્રમહિષિઓ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सणंकुमारेन्द वण्णओ--**

१२१५. सणंकुमारे यऽत्थ देविंदे देवराया परिवसइ। अरयंबर वत्थधरे, **सेसं जहा सक्कस्स।**

से णं तत्थ बारसण्हं विमाणावाससयसहस्साणं बावत्तरीए सामाणिय साहस्सीणं, **सेसं जहा सक्कस्स, अग्गमहिसी वज्जं।**

**णवरं-** चउण्हं बावत्तरीणं आयरक्खदेव साहस्सीणं-**जाव-**विहरइ।

-- पण्ण. प. २, सु. १९९/२

**सनत्कुमारेन्द्र वर्णक :**

૧૨૧૫. અહીં દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર રહે છે. તે રજરહિત વસ્ત્રધારી છે. **બાકીનું વર્ણન 'શક્ર' જેવું છે.**

એ બાર લાખ વિમાનોના બોત્તેર હજાર સામાનિક દેવોના સ્વામી છે ત્યાં **બાકીનું વર્ણન 'શક્ર' જેવું છે. અગ્રમહિષીઓ નથી.**

**વિશેષ-**બોત્તેર હજારના ચાર ગણા અર્થાત્ બે લાખ અઠ્ઠાવીસ હજાર આત્મરક્ષક દેવ **-યાવત્-** ત્યાં રહે છે.

**माहिंदाणं देवाणं ठाणाइं---**

१२१६. प. कहि णं भंते! माहिंदाणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता?

प. कहि णं भंते! माहिंदग देवा परिवसंति?

उ. गोयमा! ईसाणस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं-**जाव-**बहुगीओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं **माहिंदे नामं कप्पे पण्णत्ते।**

पाईण-पडीणायए **एवं जहेव सणंकुमारे।**

**णवरं-** अट्ठविमाणावास सयसहस्सा।[1]

**वडेंसया जहा ईसाणे।**

**णवरं-** मज्झे यऽत्थ माहिंदवडेंसए।

**एवं सेसं जहा सणंकुमारग देवाणं-जाव-विहरंति।**[2]

--- पण्ण. प. २, सु. २००/१

**માહેન્દ્ર દેવોના સ્થાન :**

૧૨૧૬. પ્ર. ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત માહેન્દ્ર દેવોના સ્થાન ક્યાં (આવેલા) કહેવામાં આવ્યા છે?

પ્ર. ભગવન્! માહેન્દ્ર દેવ ક્યાં રહે છે?

ઉ. ગૌતમ! ઈશાનકલ્પની ઉપર સમાન દિશામાં અને સમાન વિદિશામાં અનેક યોજન **-યાવત્-** અનેક કરોડાકરોડી યોજન ઉપર દૂર જવાના (સ્થાનો) પર માહેન્દ્ર નામનો કલ્પ (આવેલો) કહેવામાં આવ્યો છે.

તે પૂર્વ-પશ્ચિમમાં લાંબો છે. **બાકીનું વર્ણન સનત્કુમાર જેવું છે.**

**વિશેષ-**ત્યાં આઠ લાખ વિમાન (આવેલા) છે.

**અવતંસક ઈશાનકલ્પ જેવા છે.**

**વિશેષ -** અહીં મધ્યમાં માહેન્દ્રવતંસક છે.

**બાકીનું વર્ણન સનત્કુમાર દેવો જેવું છે -યાવત્- ત્યાં રહે છે.**

**माहेंद वण्णओ--**

१२१७. माहिंदे यऽत्थ देविंदे देवराया परिवसइ। अरयंबरवत्थधरे, **एवं जहा सणंकुमारे-जाव-विहरइ।**

**णवरं-**अट्ठण्हं विमाणावाससयसहस्साणं सत्तरीए सामाणिय साहस्सीणं चउण्हं सत्तरीणं आयरक्खदेव साहस्सीणं-**जाव-**विहरइ।[3]

-- पण्ण. प. २, सु. २००/२

**માહેન્દ્ર વર્ણક :**

૧૨૧૭. અહીં દેવેન્દ્ર દેવરાજ માહેન્દ્ર રહે છે. તે રજરહિત વસ્ત્રધારી છે. **બાકીનું (વર્ણન) સનત્કુમાર જેવું છે -યાવત્ - ત્યાં રહે છે.**

**વિશેષ -** આઠ લાખ વિમાનોના સત્તર હજાર સામાનિક દેવો (પર) તેમજ સત્તર હજારના ચારગણા અર્થાત્ બે લાખ એંસી હજાર આત્મરક્ષક દેવો (પર) આધિપત્ય કરતા એવા **-યાવત્-** રહે છે.

१. सम. सम. १३१ २-३. जीवा. पडि. ३, सु. १९९ (ई)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बंभलोग देवाणं ठाणाइं--**

१२१८. प. कहि णं भंते ! बंभलोग देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?

प. कहि णं भंते ! बंभलोग देवा परिवसंति ?

उ. गोयमा ! सणंकुमार माहिंदाणं कप्पाणं उप्पिं सपक्खि सपडिदिसिं बहूइं जोयणाइं **जाव**-बहुगीओ जोयण कोडा-कोडीओ उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं बंभलोए णामं कप्पे पण्णत्ते।

पाईण पडीणायए उदीण दाहिण वित्थिण्णे पडिपुण्ण चंदसंठाण संठिए अच्चिमाली भासरासिप्पभे।

**अवसेसं जहा सणंकुमाराणं।**

**णवरं** - चत्तारि विमाणावास सयसहस्सा।[1]

**वडेंसगा जहा सोहम्मवडेंसगा।**

**णवरं** - मज्झे यऽत्थ बंभलोएवडेंसए।

**एत्थ णं बंभलोगाणं देवाणं ठाणा पण्णत्ता।**

**सेसं तहेव-जाव-विहरंति।**

-- पण्ण. प. २, सु. २०१/१

**બ્રહ્મલોક દેવોના સ્થાન :**

૧૨૧૮. પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત બ્રહ્મલોક દેવોના સ્થાન કયાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! બ્રહ્મલોકના દેવ કયા રહે છે ?

ઉ. ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પની ઉપર સમાન દિશામાં અને સમાન વિદિશામાં અનેક યોજન **-યાવત્-** અનેક કરોડાકરોડી યોજન ઉપર દૂર જવા પર બ્રહ્મલોક નામનો કલ્પ (આવેલો ) કહેવામાં આવ્યો છે.

(તે) પૂર્વ-પશ્ચિમમાં લાંબો, ઉત્તર-દક્ષિણમાં પહોળો, પ્રતિપૂર્ણ ચંદ્ર જેવા આકારથી સ્થિત સૂર્ય જેવી કાંતિ સમૂહથી સમ્પન્ન છે.

**બાકીનું (વર્ણન) સનત્કુમાર જેવું છે.**

**વિશેષ**-એમાં ચાર લાખ વિમાન છે.

**અવતંસક-સૌધર્મ કલ્પના અવતંસકોની સમાન છે.**

**વિશેષ**-એની મધ્યમાં બ્રહ્મલોકાવતંસક છે.

એમાં બ્રહ્મલોક દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

**બાકીનું (વર્ણન) પૂર્વવત્ છે-યાવત્-ત્યાં રહે છે.**

**बंभदेविंदवण्णओ--**

१२१९. बंभे यऽत्थ देविंदे देवराया परिवसइ।

अरयम्बर वत्थधरे, **एवं जहा सणंकुमारे-जाव-विहरइ।**

**णवरं**-चउण्हं विमाणावाससयसहस्साणं सट्ठीए सामाणियसाहस्सीणं चउण्हं सट्ठीणं आयरक्खदेवसाहस्सीणं-**जाव**-विहरइ।

-- पण्ण. प. २, सु. २०१/२

**બ્રહ્મ દેવેન્દ્ર વર્ણન :**

૧૨૧૯. ત્યાં દેવેન્દ્ર દેવરાજ બ્રહ્મ રહે છે.

તે રજરહિત વસ્ત્રધારી છે. **બાકીનું કથન સનત્કુમારેન્દ્ર જેવો છે -યાવત્- ત્યાં રહે છે.**

**વિશેષ** -ચાર લાખ વિમાન, સાઈઠ હજાર સામાનિક દેવ એનાથી ચારગણા અર્થાત્ બે લાખ ચાલીસ હજાર આત્મરક્ષક દેવ છે **-યાવત્-** ત્યાં રહે છે.

**लंतगदेवाणं ठाणाइं--**

१२२०. प. कहि णं भंते ! लंतग देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?

**લાન્તક દેવોના સ્થાન :**

૧૨૨૦. પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત લાન્તક દેવોના સ્થાન કયાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

१. सोहम्मीसाणेसु बंभलोए य तीसु कप्पेसु चउसट्ठिं विमाणावास सयसहस्सा पण्णत्ता। - सम. ६४, सु. ५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. कहि णं भंते ! लंतग देवा परिवसंति ?

उ. गोयमा ! बंभलोगस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं- **जाव**-बहुगीओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं लंतग णामे कप्पे पण्णत्ते।

पाईण-पडीणायए **जहा बंभलोए।**

**णवरं-** पण्णासं विमाणावास सहस्सा भवंतीति मक्खायं।[1]

**वडेंसगा जहा ईसाणवडेंसगा।**

**णवरं-** मज्झे यऽत्थ लंतगवडेंसए।

एत्थ णं लंतग देवाणं ठाणा पण्णत्ता।

**सेसं तहेव-जाव-विहरंति।**

-- पण्ण. प. २, सु. २०२/१

પ્ર. ભગવન્ ! લાન્તક દેવ કયા રહે છે ?

ઉ. ગૌતમ ! બ્રહ્મલોક કલ્પની ઉપર સમાન દિશા અને વિદિશામાં અનેક યોજન **-યાવત્-** અનેક કરોડાકરોડી યોજન ઉપર દૂર જવાના (સ્થાનો) પર લાન્તક નામનો કલ્પ (આવેલો) કહેવામાં આવ્યો છે.

(તે) પૂર્વ-પશ્ચિમમાં લાંબો **વગેરે વર્ણન બ્રહ્મલોક જેવું છે.**

**વિશેષ -** પચાસ હજાર વિમાન હોવાનું કહેવામાં આવ્યુ છે.

**અવતંસક ઈશાન કલ્પના અવતંસકોની જેવા છે.**

**વિશેષ -** અહીં મધ્યમાં લાન્તકાવતંસક છે.

અહીં લાન્તક દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

**બાકીનું વર્ણન પૂર્વવત્ -યાવત્- ત્યાં રહે છે.**

**लंतग देवेन्द वण्णओ--**

१२२१. लंतए यऽत्थ देविंदे देवराया परिवसइ। **जहा सणंकुमारे।**

**णवरं-**पण्णासाए विमाणावाससहस्साणं, पण्णासाए सामाणिय साहस्सीणं, चउण्हं य पण्णासाणं आयरक्खदेवसाहस्सीणं **-जाव-** विहरइ।

--- पण्ण. प. २, सु. २०२/२

**લાન્તક દેવેન્દ્ર વર્ણક :**

૧૨૨૧. અહીં દેવેન્દ્ર દેવરાજ લાન્તક રહે છે. **બાકીનું વર્ણન સનત્કુમાર જેવું જાણવું જોઈએ.**

**વિશેષ-**પચાસ હજાર વિમાનોના પચાસ હજાર સામાનિક દેવોના તેમજ એના ચારગણા અર્થાત્ બે લાખ આત્મરક્ષક દેવોના સ્વામી **-યાવત્-** ત્યાં રહે છે.

**महासुक्काणं देवाणं ठाणाइं--**

१२२२. प. कहि णं भंते ! महासुक्काणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?

प. कहि णं भंते ! महासुक्का देवा परिवसंति ?

उ. गोयमा ! लंतयस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणसयाइं-**जाव**-बहुगीओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं महासुक्के णामं कप्पे पण्णत्ते।

पाईण-पडीणायए **जहा बंभलोए।**

**મહાશુક્ર દેવોના સ્થાન :**

૧૨૨૨. પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત મહાશુક્ર દેવોના સ્થાન કયાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! મહાશુક્ર દેવ કયાં રહે છે ?

ઉ. ગૌતમ ! લાન્તક કલ્પની ઉપર સમાન દિશામાં અને સમાન વિદિશામાં અનેક સો યોજન **-યાવત્-** અનેક કરોડાકરોડી યોજન ઉપર દૂર જવાના (સ્થાન) પર મહાશુક્ર કલ્પ (આવેલો) કહેવામાં આવ્યો છે.

(તે) પૂર્વ-પશ્ચિમમાં લાંબો છે. **વગેરે વર્ણન બ્રહ્મલોક જેવું છે.**

१. सम. ५०, सु. ५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णवरं**- चत्तालीसं विमाणावाससहस्सा भवंतीति मक्खायं।[१]

**वडेंसगा जहा सोहम्मवडेंसगा।**

**णवरं**- मज्झे यऽत्थ महासुक्कवडेंसए।

एत्थ णं महासुक्क देवाणं ठाणा पण्णत्ता।

**सेसं तहेव-जाव-विहरंति।**

-- पण्ण. प. २, सु. २०३/१

**વિશેષ** - એમાં ચાલીસ હજાર વિમાનાવાસ (આવેલા) કહેવામાં આવ્યા છે.

**અવતંસક-સૌધર્મ કલ્પના અવતંસકોની જેવા (સમાન) છે.**

**વિશેષ** - અહીં મધ્યમાં મહાશુક્રાવતંસક છે.

અહીં મહાશુક્ર દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

**બાકીનું વર્ણન પૂર્વવત્ સમજવું -યાવત્- ત્યાં રહે છે.**

**महासुक्कदेवेन्द वण्णओ--**

१२२३. महासुक्के यऽत्थ देविंदे देवराया परिवसइ।

**जहा सणंकुमारे।**

**णवरं**-- चत्तालीसाए विमाणावाससहस्साणं,

चत्तालीसाए सामाणिय साहस्सीणं,

चउण्हं य चत्तालीसाणं आयरक्खदेव साहस्सीणं-**जाव**-विहरइ।

-- पण्ण. प. २, सु. २०३/२

**મહાશુક્ર દેવેન્દ્ર વર્ણક :**

૧૨૨૩. અહીં દેવેન્દ્ર દેવરાજ મહાશુક્ર રહે છે.

**બાકીનું વર્ણન સનત્કુમાર જેવું છે.**

**વિશેષ** - ચાલીસ હજાર વિમાનાવાસોનું,

ચાલીસ હજાર સામાનિક દેવોનું,

એનાથી ચારગણા અર્થાત્ એક લાખ સાઈઠ હજાર આત્મરક્ષક દેવોનું **-યાવત્** - આધિપત્ય કરતા એવો રહે છે.

**सहस्सार देवाणं ठाणाइं--**

१२२४. प. कहि णं भंते! सहस्सार देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता?

प. कहि णं भंते! सहस्सार देवा परिवसंति?

उ. गोयमा! महासुक्कस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं-**जाव**- बहुगीओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं सहस्सारे णामं कप्पे पण्णत्ते।

पाईण-पडीणायए **जहा बंभलोए।**

**णवरं**- छव्विमाणावास सहस्सा भवंतीति-मक्खायं।[२]

**वडेंसगा जहा ईसाणस्स।**

**णवरं**-मज्झे यऽत्थ सहस्सार वडेंसए।

एत्थ णं सहस्सार देवाणं ठाणा पण्णत्ता।

**सेसं तहेव-जाव-विहरंति।**

-- पण्ण. प. २, सु. २०४/१

**સહસ્રાર દેવોના સ્થાન :**

૧૨૨૪. પ્ર. ભગવન્! પર્યાપ્ત અને અપર્યાપ્ત સહસ્રાર દેવોના સ્થાન કયાં આવેલા કહેવામાં આવ્યા છે.

પ્ર. ભગવન્! સહસ્રાર દેવ કયાં રહે છે?

ઉ. ગૌતમ! મહાશુક્ર કલ્પની ઉપર સમાન દિશામાં સમાન વિદિશામાં અનેક યોજન **-યાવત્-** અનેક કરોડાકરોડ યોજન ઉપર દૂર જવાને (સ્થાને) સહસ્રાર નામનું કલ્પ આવેલું કહેવામાં આવ્યું છે.

તે પૂર્વ-પશ્ચિમમાં લાંબો છે **વગેરે વર્ણન બ્રહ્મલોક જેવું છે.**

**વિશેષ** - અહીં છ હજાર વિમાનાવાસ આવેલા કહેવામાં આવ્યા છે.

**અવતંસક - ઈશાનકલ્પના અવતંસક જેવા છે.**

**વિશેષ** - અહીં મધ્યમાં સહસ્રારાવતંસક છે.

અહીં સહસ્રાર દેવોના સ્થાન આવેલા કહેવામાં આવ્યા છે.

**બાકીનું વર્ણન પૂર્વવત્ છે -યાવત્- ત્યાં રહે છે.**

---

१. सम. ४०, सु. ८

२. सम. ११९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सहस्सार देवेन्द वण्णओ--**

१२२५. सहस्सारे यऽत्थ देविंदे देवराया परिवसइ।

**जहा सणंकुमारे।**

**णवरं** - छण्हं विमाणावास सहस्साणं,

तीसाए सामाणिय साहस्सीणं,

चउण्हं य तीसाए आयरक्खदेवसाहस्सीणं- **जाव**- विहरइ। -- पण्ण. प. २, सु. २०४/२

**सहस्त्रार દેવેન્દ્ર વર્ણક :**

૧૨૨૫. અહીં દેવેન્દ્ર દેવરાજ સહસ્ત્રાર રહે છે.

**બાકીનું વર્ણન સનત્કુમાર જેવું છે.**

**વિશેષમાં** - છ હજાર વિમાનાવાસોનું.

ત્રીસ હજાર સામાનિક દેવોનું.

એનાથી ચારગણા અર્થાત્ એક લાખ વીસ હજાર આત્મરક્ષક દેવોનું **-યાવત્-** આધિપત્ય કરતો એવો રહે છે.

**आणय-पाणय देवाणं ठाणाइं--**

१२२६. प. कहि णं भंते ! आणय-पाणयाणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?

प. कहि णं भंते ! आणय-पाणय देवा परिवसंति ?

उ. गोयमा ! सहस्सारस्स कप्पस्स उप्पिं सपक्खि सपडिदिसिं बहूइं जोयणाइं-**जाव**-बहुगीओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं आणय-पाणय नामेणं दुवे कप्पा पण्णत्ता।

पाईण-पडीणाययया उदीण दाहिण वित्थिण्णा अद्धचंद संठाण संठिया अच्चिमाली भासरासिप्पभा।

**सेसं जहा सणंकुमारे-जाव-पडिरूवा।**

तत्थ णं आणय-पाणय देवाणं चत्तारि विमाणावाससया भवंतीति मक्खायं [1] **-जाव**- पडिरूवा।

**वडिंसगा जहा सोहम्मे।**

**णवरं**-मज्झे पाणयवडेंसए।

ते णं वडेंसगा सव्वरयणामया अच्छा-**जाव**- पडिरूवा।

एत्थ णं आणय-पाणय देवाणं पज्जत्ताऽप- ज्जत्ताणं ठाणा पण्णत्ता।

तिसु वि लोगस्स असंखेज्जइभागे।

**આનત -પ્રાણત દેવોના સ્થાન :**

૧૨૨૬. પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત આનત-પ્રાણત દેવોના સ્થાન ક્યાં આવેલા કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! આનત-પ્રાણત દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! સહસ્ત્રાર કલ્પની ઉપર સમાન દિશામાં સમાન વિદિશામાં અનેક યોજન- **યાવત્** - અનેક કરોડાકરોડ યોજન ઉપર દૂર જવાના (સ્થાને) આનત -પ્રાણત નામના બે કલ્પ (આવેલા) કહેવામાં આવ્યા છે.

તે પૂર્વ-પશ્ચિમમાં લાંબા, ઉત્તર-દક્ષિણમાં પહોળા, અર્ધચંદ્રના આકાર વડે સ્થિત સૂર્યના કિરણ સમૂહ જેવી પ્રભાવાળા છે.

**બાકીનું (વર્ણન) સનત્કુમાર કલ્પ જેવું છે. -યાવત્ - પ્રતિરૂપ છે.**

ત્યાં આનત -પ્રાણત દેવોના ચારસો વિમાન આવેલા કહેવામાં આવ્યા છે **-યાવત્-** તે પ્રતિરૂપ છે.

**અવતંસક - સૌધર્મ કલ્પ જેવા છે.**

**વિશેષમાં** - મધ્યમાં પ્રાણત અવતંસક છે.

તે અવતંસક સર્વ રત્નમય સ્વચ્છ **-યાવત્-** પ્રતિરૂપ છે.

અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત આનત- પ્રાણત દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

તે ત્રણે (૧. ઉપપાત, ૨. સમુદ્દ્ઘાત, ૩. અને સ્વસ્થાન)ની અપેક્ષાથી લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે.

---

१. सम. १०६, सु. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ णं बहवे आणय-पाणय देवा परिवसंति, **महिड्ढीया-जाव-**पभासेमाणा।

ते णं तत्थ साणं साणं विमाणावाससयाणं-**जाव**-विहरंति।

--- पण्ण. प. २, सु. २०५/१

**पाणय देवेन्द वण्णओ--**

१२२७. पाणए यऽत्थ देविंदे देवराया परिवसइ--

**जहा सणंकुमारे।**

**णवरं** - चउण्हं विमाणावाससयाणं,

वीसाए सामाणियसाहस्सीणं,[1]

असीईए आयरक्खदेवसाहस्सीणं-**जाव**-विहरइ।

-- पण्ण. प. २, सु. २०५/२

**आरणऽच्चुयाणं देवाणं ठाणाइं--**

१२२८. प. कहि णं भंते ! आरणऽच्चुयाणं देवाणं **पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?**

प. कहि णं भंते ! आरणऽच्चुया देवा परिवसंति ?

उ. गोयमा ! आणय-पाणय कप्पाणं उप्पिं सपक्खिं सपडिदिसिं एत्थ णं आरणऽच्चुया णामं दुवे कप्पा पण्णत्ता।

पाईण-पडीणायया उदीण-दाहिणवित्थिण्णा अद्ध चंद संठाण संठिया अच्चिमाली भासरासि वण्णाभा असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयाम-विक्खंभेणं असंखेज्जाओ जोयण कोडाकोडीओ परिक्खेवेणं सव्व रयणामया अच्छा-**जाव**-पडिरूवा।

ते णं विमाणा अच्छा-**जाव**-पडिरूवा।

तेसि णं विमाणाणं बहुमज्झ देसभाए पंच वडेंसगा पण्णत्ता, तं जहा--

१. अंकवडेंसए, २. फलिहवडेंसए, ३. रयणवडेंसए, ४. जायरूववडेंसए, ५. मज्झेयऽत्थ अच्चुयवडेंसए।

ते णं वडेंसया सव्व रयणामया अच्छा-**जाव**-पडिरूवा।

ત્યાં અનેક આનત - પ્રાણત દેવ રહે છે, તે મહર્ધિક - **યાવત્** - દેદીપ્યમાન છે.

તે ત્યાં પોત-પોતાના વિમાનાવાસો પર આધિપત્ય કરતા -**યાવત્** - સ્થિત છે.

**પ્રાણત દેવેન્દ્ર વર્ણક :**

૧૨૨૭. અહીં દેવેન્દ્ર દેવરાજ પ્રાણત રહે છે.

**બાકી વર્ણન સનત્કુમાર જેવું છે.**

**વિશેષમાં** - ચારસો વિમાનાવાસોનું,

વીસ હજાર આત્મ-રક્ષક દેવોનું,

એંસી હજાર સામાનિક દેવોનું આધિપત્ય કરતો એવો - **યાવત્**- રહે છે.

આરણ - **અચ્યુત દેવોના સ્થાન :**

૧૨૨૮. પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત આરણ અને અચ્યુત દેવોના સ્થાન ક્યાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! આરણ-અચ્યુત દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! આનત - પ્રાણત કલ્પોની ઉપર સમાન દિશામાં, સમાન વિદિશામાં આરણ-અચ્યુત નામના બે કલ્પ (આવેલા) કહેવામાં આવ્યા છે.

તે પૂર્વ-પશ્ચિમમાં લાંબા, ઉત્તર - દક્ષિણમાં પહોળા, અર્ધચંદ્રનો આકાર ધરાવતા સૂર્યના કિરણોના સમૂહ જેવી પ્રભાવાળા અસંખ્ય કરોડાકરોડ યોજન લાંબા-પહોળા અને અસંખ્ય કોટાકોટી યોજનની પરિધિવાળા સર્વરત્નમય સ્વચ્છ -**યાવત્**- પ્રતિરૂપ છે.

તે દેવવિમાન સ્વચ્છ -**યાવત્**- પ્રતિરૂપ છે.

આ વિમાનોના મધ્યભાગમાં પાંચ અવતંસક (આવેલા) કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) અંકાવતંસક, (૨) સ્ફટિકાવતંસક, (૩) રત્નાવતંસક, (૪) જાતરૂપાવતંસક, (૫) અને મધ્યમાં અચ્યુતાવતંસક.

તે અવતંસક સર્વ રત્નમય સ્વચ્છ -**યાવત્** - પ્રતિરૂપ છે.

१. सम. सम. २०, सु. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एत्थ णं आरणऽच्चुयाणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता।

અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત આરણ અને અચ્યુત દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

तिसु वि लोगस्स असंखेज्जइ भागे।

તે ત્રણે (૧. ઉપપાત, ૨. સમુદ્દ્ઘાત અને ૩. સ્વસ્થાન)ની અપેક્ષાથી લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે.

तत्थ णं बहवे आरणऽच्चुया देवा परिवसंति।
-- पण्ण. प. २, सु. २०६/१

ત્યાં અનેક આરણ અને અચ્યુત દેવ રહે છે.

**अच्चुयदेवेंद वण्णओ--**

१२२९. अच्चुए यऽत्थ देविंदे देवराया परिवसइ। **जहा पाणए-जाव-विहरइ।**

**णवरं-** तिण्हं विमाणावासयाणं,[1]

दसण्हं सामाणियसाहस्सीणं,

चत्तालीसाए आयरक्खदेवसाहस्सीणं आहेवच्चं **-जाव-** विहरइ। - पण्ण. प. २, सु. २०६/२

**અચ્યુત દેવેન્દ્ર વર્ણક :**

૧૨૨૯. અહીં દેવેન્દ્ર દેવરાજ 'અચ્યુત' રહે છે. **-યાવત્- પ્રાણત દેવેન્દ્ર જેવું વર્ણન છે.**

**વિશેષ-** ત્રણસો વિમાનવાસીઓનું,

દસહજાર સામાનિક દેવોનું,

ચાલીસ હજાર આત્મ - રક્ષક દેવોનું આધિપત્ય કરતો એવો **- યાવત્ -** રહે છે.

**दुवालस देवलोगाणं देवविमाणाणं संगहणी गाहाओ--**

१२३०. १. बत्तीसं,
२. अट्ठवीसा,
३. बारस,
४. अट्ठ,
५. चउरो सयसहस्सा
६. पण्णा,
७. चत्तालीसा,
८. छच्चसहस्सा सहस्सारे ॥१॥
९. आणय, १०. पाणयकप्पे चत्तारिसया,
११. आरण, १२. अच्चुए तिन्नि।
सत्तविमाणसयाइं[2] चउसु वि एएसु कप्पेसु ॥२॥
- पण्ण. प. २, सु. २०६/३

**બાર દેવ લોકોના દેવ વિમાનોની સંગ્રહણી ગાથાઓ :**

૧૨૩૦. (૧) સૌધર્મકલ્પમાં બત્રીસ લાખ વિમાન.
(૨) ઈશાન કલ્પમાં અઠ્ઠાવીસ લાખ વિમાન.
(૩) સનત્કુમાર કલ્પમાં બાર લાખ વિમાન.
(૪) માહેન્દ્રકલ્પમાં આઠ લાખ વિમાન.
(૫) બ્રહ્મલોક કલ્પમાં ચાર લાખ વિમાન.
(૬) લાન્તકકલ્પમાં પચાસ હજાર વિમાન.
(૭) મહાશુક્રકલ્પમાં ચાલીસ હજાર વિમાન.
(૮) સહસ્ત્રારકલ્પમાં છ હજાર વિમાન.
(૯) આનત, (૧૦) પ્રાણત કલ્પોમાં ચારસો વિમાન.
(૧૧) આરણ, (૧૨) અચ્યુત કલ્પોમાં ત્રણસો વિમાન.
(આ પ્રકારે) આનત આદિ ચાર કલ્પોમાં સાતસો વિમાન છે.

**सामाणिय संगहणी गाहा-**

१२३१. १. चउरासीइ,
२. असीई,
३. बावत्तरि,

**સામાનિક દેવોની સંગ્રહણી ગાથા :**

૧૨૩૧. (૧) સૌધર્મેન્દ્રના ચોર્યાસી હજાર સામાનિક દેવ.
(૨) ઈશાનેન્દ્રના એંસીહજાર સામાનિક દેવ.
(૩) સનત્કુમારેન્દ્રના બોત્તેર હજાર સામાનિક દેવ.

---

१. सम. १०१, सु. १-२

२. (क) सम. सु. १४९ (ख) सम. सु. १५० (६)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. सत्तरी य,

५. सट्ठी य,

६. पण्णा,

७. चत्तालीसा ।

८. तीसा,

९-१०. वीसा,

११-१२. दससहस्सा ॥

एए चेव आयरक्खा चउगुणा ।

-- पण्ण. प. २, सु. २०६/२

(૪) માહેન્દ્રના સત્તર હજાર સામાનિક દેવ.

(૫) બ્રહ્મદેવેન્દ્રના સાઈઠ હજાર સામાનિક દેવ.

(૬) લાન્તક દેવેન્દ્રના પચાસ હજાર સામાનિક દેવ.

(૭) મહાશુક્ર દેવેન્દ્રના ચાલીસ હજાર સામાનિક દેવ.

(૮) સહસ્ત્રારેન્દ્રના ત્રીસ હજાર સામાનિક દેવ.

(૯-૧૦) આનત-પ્રાણતેન્દ્રના વીસ હજાર સામાનિક દેવ.

(૧૧-૧૨) આરણ-અચ્યુતેન્દ્રના દસ હજાર સામાનિક દેવ.

પ્રત્યેક દેવેન્દ્રના સામાનિક દેવોથી ચારગણા આત્મ-રક્ષક દેવ છે.

**गेवेज्जगदेवाणं ठाणाइं--**

१३३२. प. कहि णं भंते ! हेट्ठिमगेवेज्जग देवाणं पज्जत्ताऽ-पज्जत्ताणं ठाणा पण्णत्ता ?

प. कहि णं भंते ! हेट्ठिम गेवेज्जग देवा परिवसंति ?

उ. गोयमा ! आरणऽच्चुयाणं कप्पाणं उप्पिं बहुइं जोयणाइं-**जाव**-बहुगीओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं हेट्ठिम गेवेज्जगाणं देवाणं तओ गेवेज्जग विमाण पत्थडा पण्णत्ता ।

पाईण-पडीणायया उदीण-दाहिण वित्थिण्णा, पडिपुण्ण चंदसंठाण संठिया अच्चिमाली भासरासिवण्णाभा, **सेसं जहा बंभलोगे-जाव-पडिरूवा** ।

तत्थ णं हेट्ठि गेविज्जगाणं देवाणं एकारसुत्तरे विमाणावाससए भवंतीतिमक्खायं ।[1]

ते णं विमाणा सव्वरयणामया अच्छा-**जाव**-पडिरूवा ।

तत्थ णं हेट्ठिम गेविज्जगाणं देवाणं पज्जत्ताऽ-पज्जत्ताणं ठाणा पण्णत्ता,

**ગ્રૈવેયક દેવોના સ્થાન :**

૧૩૩૨.પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત અધસ્તન ગ્રૈવેયક દેવોના સ્થાન ક્યાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! અધસ્તન-ગ્રૈવેયક દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! આરણ-અચ્યુત કલ્પોની ઉપર અનેક યોજન-**યાવત્**-અનેક કરોડાકરોડ યોજન ઉપર દૂર જવાને (સ્થાને) અધસ્તન ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ (આવેલા) કહેવામાં આવ્યા છે.

તે પૂર્વ-પશ્ચિમમાં લાંબા, ઉત્તર - દક્ષિણમાં પહોળા છે. પ્રતિપૂર્ણ ચંદ્રના આકારથી સૂર્યના કિરણ સમૂહ જેવા પ્રભાવાળા છે. **બાકીનું વર્ણન બ્રહ્મલોક જેવું છે -યાવત્ - પ્રતિરૂપ છે.**

ત્યાં અધસ્તન ગ્રૈવેયક દેવોના એકસો અગિયાર વિમાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

તે વિમાન સર્વ રત્નમય સ્વચ્છ - **યાવત્** - પ્રતિરૂપ છે.

એમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત અધસ્તન ગ્રૈવેયક દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

१. सम. ११, सु. ७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिसु वि लोगस्स असंखेज्जइभागे।

એ ત્રણે ((૧) ઉપપાત (૨) સમુદ્ઘાત અને (૩) સ્વસ્થાન)ની અપેક્ષાથી લોકના અસંખ્યાતમાં ભાગમાં સ્થિત છે.

तत्थ णं बहवे हेट्ठिमगेवेज्जगा देवा परिवसंति।

ત્યાં અનેક અધસ્તન ગ્રૈવેયક દેવ રહે છે.

सव्वे समिड्ढीया सव्वे समज्जुतीया सव्वे समजसा, सव्वे समबला सव्वे समाणुभावा महासोक्खा अणिंदा.

બધા સમાન ઋધ્ધિવાળા, સમાન દ્યુતિવાળા, સમાન યશવાળા, સમાન બલવાળા, સમાન પ્રભાવાળા અને મહાસુખી છે. એમનો ઈન્દ્ર નથી.

अप्पेसा अपुरोहिया अहमिंदा णामं ते देवगणा पण्णत्ता, समाणाउसो !

એમનો પ્રેષ્ય દેવ નથી. એમનો પુરોહિત દેવ નથી. હે આયુષ્યમન્ શ્રમણ ! તે દેવગણ અહમિન્દ્ર કહેવાય છે.

प. कहि णं भंते ! मज्झिमगाणं गेवेज्जगदेवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત મધ્યમ ગ્રૈવેયક દેવોના સ્થાન કયાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

प. कहि णं भंते ! मज्झिमगेवेज्जगा देवा परिवसंति ?

પ્ર. ભગવન્ ! મધ્યમ ગ્રૈવેયક દેવ કયાં રહે છે ?

उ. गोयमा ! हेट्ठिमगेवेज्जगाणं उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं-**जाव**-बहुगीओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं मज्झिमगेवेज्जगदेवाणं तओ गेविज्जगविमाणपत्थडा पण्णत्ता।

ઉ. ગૌતમ ! અધસ્તન ગ્રૈવેયકોની ઉપર સમાન દિશામાં સમાન વિદિશામાં અનેક યોજન **-યાવત્-**અનેક કરોડાકરોડ યોજન ઉપર દૂર જવાને (સ્થાને) મધ્યમ ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ (આવેલા) કહેવામાં આવ્યા છે.

पाईण-पडीणायया **जहा हेट्ठिमगेवेज्जगाणं।**

તે પૂર્વ-પશ્ચિમમાં લાંબા, ઉત્તર-દક્ષિણમાં પહોળા **અધસ્તન ગ્રૈવેયકોની જેવા છે.**

**णवरं-** सत्तुत्तरे विमाणावाससए भवंतीति-मक्खायं।

**વિશેષમાં-**એકસો સાત વિમાનાવાસ (આવેલા) કહેવામાં આવ્યા છે.

ते णं विमाणा सव्वरयणामया अच्छा-**जाव**-पडिरूवा।

તે વિમાન સર્વ રત્નમય સ્વચ્છ - **યાવત્** - પ્રતિરૂપ છે.

एत्थ णं मज्झिमगेवेज्जगाणं देवाणं पज्जत्ताऽ-पज्जत्ताणं ठाणा पण्णत्ता।

એમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત ગ્રૈવયેક દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

तिसु वि लोगस्स असंखेज्जइभागे।

એ ત્રણે ((૧) ઉપપાત (૨) સમુદ્ઘાત અને (૩) સ્વસ્થાન)ની અપેક્ષાથી લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે.

उ. तत्थ णं बहवे मज्झिमगेवेज्जगा देवा परिवसंति।

ઉ. એમાં અનેક મધ્યમ ગ્રૈવેયક દેવ રહે છે.

**सव्वे समिड्ढीया-जाव-**अहमिंदा णामं ते देवगणा पण्णत्ता, समणाउसो !

તે બધા સમાન ઋધ્ધિવાળા છે- **યાવત્** - હે આયુષ્યમાન્ શ્રમણ ! તે દેવ અહમિન્દ્ર દેવ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. **कहि णं भंते ! उवरिमगेवेज्जगदेवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?**

प. **कहि णं भंते ! उवरिमगेवेज्जगदेवाणं परिवसंति ?**

उ. गोयमा ! **मज्झिमगेवेज्जगदेवाणं उप्पिं बहूइं जोयणाइं-जाव-**बहुगीओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं उवरिमगेवेज्जगाणं देवाणं तओ गेवेज्जगविमाणपत्थडा पण्णत्ता ।

पाईण-पडीणायया **जहा हेट्ठिमगेवेज्जगाणं** ।

**णवरं-**एगे विमाणावाससए भवंतीति मक्खायं ।

**सेसं तहेव भाणियव्वं-जाव-**अहमिंदा णामं ते देवगणा पण्णत्ता समणाउसो !

-- पण्ण. प. २, सु. २०७-२०९

પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત ઉપરિતન ગ્રૈવેયક દેવોના સ્થાન ક્યાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! ઉપરિતન ગ્રૈવેયક દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! મધ્યમ ગ્રૈવેયકોની ઉપર અનેક યોજન **- યાવત્ -** અનેક કરોડાકરોડ યોજન દૂર (અંતરે) જવા પર ઉપરિતન ગ્રૈવેયકોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ (આવેલા) કહેવામાં આવ્યા છે.

(તે) પૂર્વ - પશ્ચિમમાં લાંબા **- યાવત્ - અધસ્તન ગ્રૈવેયકો જેવા છે.**

**વિશેષમાં** - એકસો વિમાનાવાસ કહેવામાં આવ્યા છે.

**બાકીનું બધુ વર્ણન પૂર્વવત્ કરવું જોઈએ -યાવત્-** હે આયુષ્યમાન્ શ્રમણ ! તે દેવગણ અહમિન્દ્ર કહેવાય છે.

## अनुत्तरोववाइयाणं देवाणं ठाणाइं--

१२३३. प. **कहि णं भंते ! अणुत्तरोववाइयाणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ?**

प. **कहि णं भंते ! अणुत्तरोववाइया देवा परिवसंति ?**

उ. **गोयमा ! गेविज्जगविमाणाणं उप्पिं बहूइं जोयणाइं-जाव-बहुगीओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता, एत्थ णं नीरया-जाव-विसुद्धा पंचदिसिं पंच अणुत्तरा महइमहालया विमाणा पण्णत्ता,** तं जहा-

१. विजए, २. वेजयंते,
३. जयंते, ४. अपराजिए,
५. सव्वट्ठसिद्धे ।[1]

ते णं विमाणा सव्वरयणामया अच्छा-**जाव-**पडिरूवा ।

एत्थ णं **अणुत्तरोववाइयाणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता,**

## અનુત્તરોપપાતિક દેવોના સ્થાન :

૧૨૩૩. પ્ર. ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત અનુત્તરોપપાતિક દેવોના સ્થાન ક્યાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! ગ્રૈવેયક વિમાનોની ઉપર અનેક યોજન **- યાવત્ -** અનેક કરોડાકરોડ યોજન ઉપર દૂર (અંતરે) જવા પર રજરહિત **-યાવત્-** વિશુદ્ધ પાંચ દિશાઓમાં પાંચ અનુત્તર મહાવિમાન (આવેલા) કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) વિજય, (૨) વૈજયન્ત,
(૩) જયન્ત, (૪) અપરાજિત,
(૫) સર્વાર્થસિદ્ધ.

તે વિમાન સર્વ રત્નમય સ્વચ્છ **-યાવત્-** પ્રતિરૂપ છે.

એમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત અનુત્તરોપપાતિક દેવોના સ્થાન (આવેલા) કહેવામાં આવ્યા છે.

---

१. ठाणं. अ. ५, सु. ३, सु. ४५१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिसु वि लोगस्स असंखेज्जइ भागे।

એ ત્રણે ((૧) ઉપપાત (૨) સમુદ્ઘાત અને (૩) સ્વસ્થાન)ની અપેક્ષાએ તે લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે.

उ. तत्थ णं बहवे अणुत्तरोववाइया देवा परिवसंति।

सव्वे समिड्ढीया-जाव-अहमिंदा णामं ते देवगणा पण्णत्ता समणाउसो!

- पण्ण. प. २, सु. २१०

ઉ. એમાં અનેક અનુત્તરોપપાતિક દેવ રહે છે.

એ સર્વ સમાન ઋદ્ધિવાળા છે -યાવત્- હે આયુષ્યમાન્ શ્રમણ ! તે દેવગણ અહમિન્દ્ર કહેવાય છે.

**गेवेज्जग-अणुत्तरोववाइय देवाण य विमाणा णं संखा -**

**ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક દેવોના વિમાનોની સંખ્યા.**

१२३४. एक्कारसुत्तरं हेट्ठिमेसु,

सत्तुत्तरं च मज्झिमए।

सयमेगे उवरिमए,

पंचेव अणुत्तरविमाणा ॥[1]

-- पण्ण. प. २, सु. २१०

૧૨૩૪. અધસ્તન ગ્રૈવેયકોના એકસો અગિયાર વિમાન.

મધ્યમ ગ્રૈવેયકોના એકસો સાત વિમાન.

ઉપરિતન ગ્રૈવેયકોના સો વિમાન.

અનુત્તરોપપાતિક દેવોના પાંચ વિમાન. (કહેવામાં આવ્યા છે.)

**सोहम्मीसाणाई कप्पाणं अहे गेहाईणं अभावं बलाहयाईण भाव य परूवणं-**

**સૌધર્મ-ઈશાનાદિ કલ્પોની નીચે ગૃહાદિનો અભાવ બલાહકાદિના ભાવનું પ્રરૂપણ :**

१२३५. प. अत्थि णं भंते ! सोहम्मीसाणाणं कप्पाणं अहे गेहा इ वा, गेहावणा इ वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. अत्थि णं भंते ! सोहम्मीसाणाणं कप्पाणं अहे उराला बलाहया ?

उ. हंता, गोयमा ! अत्थि।

देवो पकरेइ, असुरो वि पकरेइ, नो नागो पकरेइ।

**एवं थणियसद्दे वि।**

प. अत्थि णं भंते ! सोहम्मीसाणाणं कप्पाणं अहे बायरे पुढविकाइए, बायरे अगणिकाए ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे, नऽन्नत्थ विग्गहगइ-समावन्नएणं।

प. अत्थि णं भंते ! चंदिम-सूरिय-गहगण-नक्खत्त-तारारूवा ?

૧૨૩૫. પ્ર. ભગવન્ ! શું સૌધર્મ અને ઈશાન કલ્પોની નીચે ગૃહ કે ગૃહાપણ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થિત નથી.

પ્ર. ભગવન્ ! શું સૌધર્મ અને ઈશાન દેવલોકોની નીચે ઉદાર બલાહક (મહામેઘ) છે ?

હા, ગૌતમ ! (ત્યાં મહામેઘ) છે.

(સૌધર્મ અને ઈશાન દેવલોકની નીચે વાદળોને છવાવવાનું, મેઘનો ઘેરાવો અને વરસાદ વરસાવો વગેરે) દેવ કરે છે, અસુર પણ કરે છે પરંતુ નાગકુમાર કરતા નથી.

**આ પ્રકારે ત્યાં સ્તનિત શબ્દ માટે પણ કહેવું જોઈએ.**

પ્ર. ભગવન્ ! શું સૌધર્મ અને ઈશાન દેવલોકની નીચે બાદર પૃથ્વિકાયિક અને બાદર અગ્નિકાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થિત નથી. એ નિષેધ વિગ્રહગતિ સમાપન્નક જીવો સિવાયના બીજા જીવો માટે પણ સમજવો જોઈએ.

પ્ર. ભગવન્ ! શું ત્યાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ છે ?

---

१. (क) विया. स. १, उ. ५, सु. ५ (ख) विया. स. ६, उ. ६, सु. १-२

(ग) विया. स. १२, उ. ७, सु. ४ (घ) सम. सु. १४६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થિત નથી.

प. अत्थि णं भंते ! गामाइ वा -जाव- सण्णिवेसाइ वा ?

પ્ર. ભગવન્ ! શું ત્યાં ગ્રામ -યાવત્- સન્નિવેશ છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થિત નથી.

प. अत्थि णं भंते ! चंदाभा इ वा, सूराभा इ वा ?

પ્ર. ભગવન્ ! શું ત્યાં ચન્દ્ર પ્રભા અને સૂર્ય પ્રભા છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

**एवं सणंकुमार माहिंदेसु,**

**આ પ્રકારે સનત્કુમાર અને માહેન્દ્ર દેવો અંગે પણ કથન કરવું જોઈએ.**

**णवरं**-देवो एगो पकरेइ ।

**વિશેષ** - ત્યાં (આ બધુ) માત્ર દેવ જ કરે છે.

**एवं बंभलोए वि ।**

**આ પ્રમાણે બ્રહ્મલોક (પંચમ દેવલોક) અંગે પણ કહેવું જોઈએ.**

**एवं बंभलोगस्स उवरिं सव्वेहिं देवो पकरेइ ।**

**આ પ્રમાણે બ્રહ્મલોકની ઉપરના બધા દેવલોકો અંગે પૂર્વોક્ત કથન કરવું જોઈએ અને (આ બધું) માત્ર દેવ જ કરે છે.**

**पुच्छियव्वे य बायरे आउकाए, बायरे तेउकाए, बायरे वणस्सइकाइए ।**

**આ પ્રકારે બાદર અપ્કાય, બાદર અગ્નિકાય અને બાદર વનસ્પતિકાય અંગે પ્રશ્નો કરીને કહેવું જોઈએ તથા -**

**अन्नं तं चेव ।**

**પૂર્વવત્ સમગ્ર કથન કરવું જોઈએ.**

**गाहा** - तमुकाए कप्पपणए अगणी पुढवी य,
अगणि पुढवीसु ।
आऊ तेउ वणस्सइ,
कप्पुवरिम कण्हराईसु ॥

- विया. स. ६, उ. ८, सु. १५-२६

**ગાથાર્થ** : તમસ્કાય અને પાંચ દેવલોકોમાં અગ્નિકાય અને પૃથ્વીકાય અંગે તેમજ રત્નપ્રભા આદિ નરકપૃથ્વીઓમાં અગ્નિકાયના સંબંધમાં પાંચમાં દેવલોકની ઉપરના બધા સ્થાનોમાં તથા કૃષ્ણરાજીઓમાંથી અપ્કાય, તેજસ્કાય અને વનસ્પતિકાય અંગે (પણ) પ્રશ્ન કરવો જોઈએ.

**लोगंतिय देवविमाणाणं परूवणं--**

**લોકાન્તિક દેવ વિમાનોનું પ્રરૂપણ :**

१२३६. एएसिणं अट्ठण्हं कण्हराईणं अट्ठसु ओवासंतरेसु अट्ठलोगंतिया विमाणा पण्णत्ता, तं जहा-

१. अच्ची, २. अच्चिमाली,
३. वइरोयणे, ४. पभंकरे,
५. चंदाभे, ६. सूराभे,
७. सुक्काभे, ८. सुपतिट्ठाभे,
९. मज्झेरिट्ठाभे ।

૧૨૩૬. (એ) આઠ કૃષ્ણરાજીઓના આઠ અવકાશોની વચ્ચે આઠ લોકાન્તિક વિમાન (આવેલા) કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) અર્ચી, (૨) અર્ચિમાળી,
(૩) વૈરોચન, (૪) પ્રભંકર,
(૫) ચંદ્રાભ, (૬) સૂર્યાભ,
(૭) શુક્રામ, (૮) સુપ્રતિષ્ઠાભ,
(૯) મધ્યમાં રિષ્ટાભ.

प. कहि णं भंते ! अच्ची विमाणे पण्णत्ते ?

પ્ર. ભગવન્ ! અર્ચી વિમાન કયાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

उ. गोयमा ! उत्तर-पुरत्थिमेणं ।

ઉ. ગૌતમ ! ઉત્તરપૂર્વ (ઈશાન ખૂણા) માં આવેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. कहि णं भंते ! अच्चिमाली विमाणे पण्णत्ते ?

उ. गोयमा ! पुरत्थिमेणं।

**एवं परिवाडीए नेयव्वं-जाव-**

प. कहि णं भंते ! रिट्ठे विमाणे पण्णत्ते ?

उ. गोयमा ! बहुमज्झ देसभागे।

एएसु णं अट्ठसु लोगंतियविमाणेसु अट्ठविहा लोगंतिया देवा परिवसंति, तं जहा--

संगहणी गाहा--

१-२. सारस्सयमाइच्चा,

३. वण्ही, ४. वरूणा य, ५. गद्दतोया य।

६. तुसिया, ७. अव्वाबाहा,

८. अगिच्चा चेव, ९. रिट्ठा य॥

प. कहि णं भंते ! सारस्सया देवा परिवसंति ?

उ. गोयमा ! अच्चिम्मि विमाणे परिवसंति।

प. कहि णं भंते ! आदिच्चा देवा परिवसंति ?

उ. गोयमा ! अच्चिमालिम्मि विमाणे परिवसंति।

**एवं णेयव्वं जहाणुपुव्वीए-जाव-**

प. कहि णं भंते ! रिट्ठा देवा परिवसंति ?

उ. गोयमा ! रिट्ठम्मि विमाणे।

प. सारस्सयमादिच्चाणं भंते ! देवाणं कति देवा कति देवसया पण्णत्ता ?

उ. गोयमा ! सत्त देवा सत्त देवसया परिवारो पण्णत्तो।

वण्ही-वरूणाणं देवाणं चउद्दस देवसहस्सा परिवारो पण्णत्तो।

गद्दतोय-तुसियाणं देवाणं सत्त देवा सत्तदेवसहस्सा परिवारो पण्णत्तो।[1]

अवसेसाणं णव देवा नव देवसया परिवारो पण्णत्तो।[2]

संगहणी गाहा--

પ્ર. ભગવન્ ! અર્ચિમાળી વિમાન ક્યાં આવેલા છે ?

ઉ. ગૌતમ ! પૂર્વદિશામાં (આવેલા) છે.

**આ પરિપાટીથી (બાકીના વિમાનોની અવસ્થા) જાણવી જોઈએ - યાવત્ -**

પ્ર. ભગવન્ ! રિષ્ટ વિમાન ક્યાં આવેલા છે ?

ઉ. ગૌતમ ! તે (કૃષ્ણરાજીઓની) વચ્ચે આવેલા છે.

એ આઠ લોકાન્તિક વિમાનોમાં આઠ પ્રકારના લોકાન્તિક દેવ રહે છે. જેમકે -

સંગ્રહણી ગાથા -

(૧) સારસ્વત, (૨) આદિત્ય,

(૩) વન્હી, (૪) વરૂણ, (૫) ગર્દતોય,

(૬) તુષિત, (૭) અવ્યાબાધ,

(૮) આગ્નેય (મરૂત), (૯) રિષ્ટ.

પ્ર. ભગવન્ ! સારસ્વત દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! અર્ચિ વિમાનમાં રહે છે.

પ્ર. ભગવન્ ! આદિત્ય દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! અર્ચિમાળી વિમાનમાં રહે છે.

**આ પ્રકારે યથાનુક્રમથી જાણવું જોઈએ - યાવત્ -**

પ્ર. ભગવન્ ! રિષ્ટ દેવ ક્યાં રહે છે ?

ઉ. ગૌતમ ! રિષ્ટ વિમાનમાં રહે છે.

પ્ર. ભગવન્ ! સારસ્વત અને આદિત્ય દેવ કેટલા સો દેવ કહેવામાં આવ્યા છે. ?

ઉ. ગૌતમ ! સાત દેવ અને સાત સો દેવ પરિવાર કહેવામાં આવ્યા છે.

વન્હી અને વરૂણ દેવોના ચૌદ દેવ તથા ચૌદ હજાર દેવ પરિવાર કહેવામાં આવ્યા છે.

ગર્દતોય અને તુષિત દેવોના સાત દેવ તથા સાત હજાર દેવ પરિવાર કહેવામાં આવ્યા છે.

અવશેષ દેવોના નવ દેવ તથા નવસો દેવ પરિવાર કહેવામાં આવ્યા છે.

સંગ્રહણી ગાથા -

१. गद्दतोय तुसियाणं देवाणं सतसत्तरिं देव सहस्स परिवारा पण्णत्ता। - सम. सम. ७७, सु. ३

२. ठाणं. अ. ९, सु. ६८४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पढमजुगलम्मि सत्तउसयाणि, बीयम्मि चोद्दस सहस्सा।

ततिए सत्त सहस्सा, नव चेव सयाणि सेसेसु॥

प्रथम देव युगलमां सातसो, द्वितीय देव युगलमां चौद हजार, तृतीय देव युगलमां सात हजार तथा बाकीना देव युगलोमां नवसो देव परिवार रहे छे.

प. लोगंतिय विमाणा णं भंते! किंपइट्ठिया पण्णत्ता?

उ. गोयमा! वाउपइट्ठिया पण्णत्ता।

પ્ર. ભગવન્! લોકાન્તિક વિમાન કઈ (વસ્તુ) પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે?

ઉ. ગૌતમ! વાયુ પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે.

**"विमाणाणं पइट्ठाणं बाहल्लुच्चत्तमेव" बंभलोय वत्तव्वया नेयव्वा-जाव-**

**વિમાનોનો આધાર-જાડાઇ અને ઊંચાઈ બ્રહ્મલોકની સમાન કહેવામાં આવી છે -યાવત્ -**

प. लोयंतिय विमाणेसु णं भंते! सव्वे पाणा भूया जीवा सत्ता पुढविकाइयत्ताए-**जाव**-वणस्सइकाइयत्ताए देवत्ताए उववण्णपुव्वा?

उ. गोयमा! असइं अदुवा अणंतखुत्तो, नो चेव णं देवत्ताए।

પ્ર. ભગવન્! લોકાન્તિક વિમાનોમાં બધા પ્રાણી, ભૂત, જીવ અને સત્વ કયા પૃથ્વીકાય- **યાવત્** - વનસ્પતિકાય અથવા દેવકાય રૂપમાં પહેલા (વેહલા) ઉત્પન્ન થયા છે?

ઉ. ગૌતમ! અનેકવાર; અનંતવાર ઉત્પન્ન થયા છે, પરંતુ લોકાન્તિક વિમાનોમાં દેવ રૂપમાં ઉત્પન્ન થયા નથી.

प. लोगंतिय विमाणेहिं णं भंते! केवइयं अबाहाए लोगंते पण्णत्ते?

उ. गोयमा! असंखेज्जाइं जोयणसहस्साइं अबाहाए लोगंते पण्णत्ते।[1]

-- भग. स. ६, उ. ५, सु. ३२-४१/४३

પ્ર. ભગવન્! લોકાન્તિક વિમાનોથી લોકાન્ત કેટલા અંતરે (આવેલા) કહેવામાં આવ્યા છે?

ઉ. ગૌતમ! અસંખ્ય હજાર યોજનના અંતરે (આવેલા) કહેવામાં આવ્યા છે.

**जोइसाओ कप्पाणं अन्तरं--**

**જ્યોતિષ્કથી કલ્પોનું અંતર :**

१२३७. प. जोइसस्स णं भन्ते! सोहम्मीसाणाण य कप्पाणं केवइयं अबाहाए अंतरे पण्णत्ते?

उ. गोयमा! असंखेज्जाइं जोयणाइं-**जाव**-अंतरे पण्णत्ते।

१२३७. પ્ર. ભગવન્! જ્યોતિષ્ક અને સૌધર્મેશાન કલ્પોની મધ્યમાં અવ્યવહિત અંતર કેટલું છે?

ઉ. ગૌતમ! અસંખ્ય યોજનનું -**યાવત્** - અંતર કહેવામાં આવ્યું છે.

**एवं सोहम्मीसाणाणं सणंकुमार-माहिंदाण य।**

**એ પ્રમાણે સૌધર્મેશાન અને સનત્કુમાર - માહેન્દ્ર (વચ્ચેનુ) અંતર છે.**

**एवं सणंकुमार-माहिंदाणं बंभलोगस्स य।**

**એ પ્રમાણે સનત્કુમાર-માહેન્દ્ર અને બ્રહ્મલોક (વચ્ચેનું) અંતર છે.**

**एवं बंभलोगस्स लंतगस्स य।**

**એ પ્રમાણે બ્રહ્મલોક અને લાન્તક (વચ્ચેનું) અંતર છે.**

**एवं लंतगस्स महासुक्कस्स य।**

**એ પ્રમાણે લાન્તક અને મહાશુક્ર (વચ્ચેનું) અંતર છે.**

**एवं महासुक्कस्स सहस्सारस्स य।**

**એ પ્રમાણે મહાશુક્ર અને સહસ્રાર (વચ્ચેનું) અંતર છે.**

---

१. भग. स. ६, उ. ५, सु. ४२ दव्वाणुओगे दट्ठव्वं।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एवं सहस्सारस्स आणय-पाणयाण य कप्पाणं।**

**એ પ્રમાણે સહસ્ત્રાર અને આણત-પ્રાણતકલ્પો (વચ્ચેનું) અંતર છે.**

**एवं आणय-पाणयाणं आरणऽच्चुयाण य कप्पाणं।**

**એ પ્રમાણે આણત-પ્રાણત અને આરણ-અચ્યુતકલ્પો (વચ્ચેનું) અંતર છે.**

**एवं आरणऽच्चुयाणं गेवेज्ज विमाणाण य।**

**એ પ્રમાણે આરણ-અચ્યુત અને ગ્રૈવેયકવિમાનો (વચ્ચેનું) અંતર છે.**

**एवं गेवेज्ज विमाणाणं अणुत्तरविमाणाण य।**

**એ પ્રમાણે ગ્રૈવેયકવિમાન અને અનુત્તર વિમાનો (વચ્ચેનું) અંતર છે.**

प. अणुत्तर विमाणाणं भन्ते ! ईसिपब्भाराए य पुढवीए केवइए अबाहाए अंतरे पण्णत्ते ?

પ્ર. ભગવન્ ! અનુત્તરવિમાનો અને ઈષત્-પ્રાગ્ભારા પૃથ્વીની મધ્યમાં અવ્યવહિત કેટલું અંતર છે ?

उ. गोयमा ! दुवालस जोयण अबाहाए अंतरे पण्णत्ते।

-- भग. स.१४, उ.८, सु. ६-१६

ઉ. ગૌતમ ! બાર યોજનનું અવ્યવહિત અંતર કહેવામાં આવ્યું છે.

### कप्पाणं संठाणं--

### કલ્પોનો સંસ્થાન :

१२३८. हेट्ठिल्ला चत्तारि कप्पा अद्धचंदसंठाणसंठिया पण्णत्ता, तं जहा- १. सोहम्मे, २. ईसाणे, ३. सणंकुमारे, ४. माहिंदे।

मज्झिल्ला चत्तारि कप्पा पडिपुण्णचंदसंठाणसंठिया पण्णत्ता, तं जहा- १. बंभलोगे, २. लंतए, ३. महासुक्के, ४. सहस्सारे।

उवरिल्ला चत्तारि कप्पा अद्धचंदसंठाणसंठिया पण्णत्ता, तं जहा- १. आणए, २. पाणए, ३. आरणे, ४. अच्चुए।

-- ठाणं. ४, उ.४, सु. ३८३

૧૨૩૮. નીચેના ચાર કલ્પ અર્ધ ચન્દ્રકાર છે, જેમકે -
(૧) સૌધર્મ, (૨) ઈશાન,
(૩) સનત્કુમાર અને (૪) માહેન્દ્ર.

વચલા ચાર કલ્પ પૂર્ણ ચંદ્રાકાર છે, જેમકે -
(૧) બ્રહ્મલોક, (૨) લાંતક,
(૩) મહાશુક્ર અને (૪) સહસ્ત્રાર.

ઉપરના ચાર કલ્પ અર્ધચંદ્રકાર છે, જેમકે-
(૧) આનત, (૨) પ્રાણત,
(૩) આરણ અને (૪) અચ્યુત.

### विमाणपुढवीणं पइट्ठाणाइं-

### વિમાન પૃથ્વીઓના પ્રતિષ્ઠાન :

१२३९. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणपुढवी किं पइट्ठिया पण्णत्ता ?

૧૨૩૯. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાનોની પૃથ્વી શેના પર પ્રતિષ્ઠિત છે ?

उ. गोयमा ! घणोदहिपइट्ठिया पण्णत्ता।

ઉ. ગૌતમ ! ઘનોદધિ પર પ્રતિષ્ઠિત કહેવામાં આવી છે.

प. सणंकुमार-माहिंदेसु णं भंते ! कप्पेसु विमाण पुढवी किं पइट्ठिया पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં વિમાનોની પૃથ્વી શેના પર પ્રતિષ્ઠિત કહેવામાં આવી છે ?

उ. गोयमा ! घणवायपइट्ठिया पण्णत्ता।

ઉ. ગૌતમ ! ઘનવાત પર પ્રતિષ્ઠિત કહેવામાં આવી છે.

प. बंभलोए णं भंते ! कप्पे विमाण पुढवी किं पइट्ठिया पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! બ્રહ્મલોક કલ્પમાં વિમાનોની પૃથ્વી શેના પર પ્રતિષ્ઠિત છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! घणवायपइट्ठिया पण्णत्ता।

પ. લંતએ णं भंते ! कप्पे विमाणपुढवी किं पइट्ठिया पण्णत्ता ?

उ. गोयमा ! तदुभयपइट्ठिया पण्णत्ता।

**महासुक्क-सहस्सारेसु वि तदुभय पइट्ठिया पण्णत्ता।**

प. आणय-**जाव**-अच्चुए णं भंते ! कप्पेसु विमाण पुढवीं किं पइट्ठिया पण्णत्ता ?

उ. गोयमा ! ओवासंतर पइट्ठिया पण्णत्ता।

प. गेविज्जगेसु णं भंते ! विमाणपुढवीं किं पइट्ठिया पण्णत्ता ?

उ. गोयमा ! ओवासंतर पइट्ठिया पण्णत्ता।

प. अणुत्तरोववाइएसु णं भंते ! विमाणपुढवीं किं पइट्ठिया पण्णत्ता ?

उ. गोयमा ! ओवासंतरपइट्ठिया पण्णत्ता।[1]

-- जीवा. पडि. ३, उ. १, सु. २००

ઉ. ગૌતમ ! ઘનવાત પર પ્રતિષ્ઠિત કહેવામાં આવી છે.

પ્ર. ભગવન્ ! લાન્તક કલ્પમાં વિમાનોની પૃથ્વી શેના પર પ્રતિષ્ઠિત કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! ઘનોદધિ અને ઘનવાત પર પ્રતિષ્ઠિત કહેવામાં આવી છે.

**મહાશુક્ર અને સહસ્ત્રારકલ્પમાં પણ વિમાન પૃથ્વી ઘનોદધિ અને ઘનવાત પર પ્રતિષ્ઠિત કહેવામાં આવી છે.**

પ્ર. ભગવન્ ! આનત-**યાવત**-અચ્યુત કલ્પોમાં વિમાન પૃથ્વીઓ શાના પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! અવકાશાન્તર પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! ગ્રૈવેયકોમાં વિમાનોની પૃથ્વીઓ શાના પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! અવકાશાન્તર પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! અનુત્તરોપપાતિકોમાં વિમાનોની પૃથ્વીઓ શાના પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે?

ઉ. ગૌતમ ! અવકાશાન્તર પર પ્રતિષ્ઠિત (હોવાનું) કહેવામાં આવ્યું છે.

**वेमाणिय विमाणाणं संठाणाइं-**

१२४०. ति संठिया विमाणा पण्णत्ता, तं जहा--

(१) वट्टा, (२) तंसा, (३) चउरंसा।

**વૈમાનિક વિમાનોના આકારાદિ :**

૧૨૪૦. વિમાન ત્રણ આકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) વૃત=ગોળ, (૨) ત્રિકોણ, (૩) ચતુષ્કોણ.

---

१. तिपइट्ठिया विमाणा पण्णत्ता, तं जहा-

(१) घणोदहिपइट्ठिया, (२) घणवायपइट्ठिया, (३) ओवासंतरपइट्ठिया।

- ठाणं. अ. ३, उ. ३, सु. १८६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) तत्थ णं जे ते वट्टा विमाणा, ते णं पुक्खरकण्णिया संठाणसंठिया, सव्वओ समंता पागारपरिक्खित्ता। एग दुवारा पण्णत्ता।

(२) तत्थ णं जे ते तंसा विमाणा ते णं सिंघाडगसंठाण संठिया। दुहओ पागार परिक्खित्ता। एगओ वेइआ परिक्खित्ता। तिदुवारा पण्णत्ता।

(३) तत्थ णं जे ते चउरंसा विमाणा। ते णं अक्खाडग संठाण संठिया। सव्वओ समंता वेइया परिक्खित्ता। चउ दुवारा पण्णत्ता।

-- ठाणं. अ. ३, उ. ३, सु. १८६

(૧) એમાંથી જે ગોળ વિમાન છે, તે પુષ્કર કર્ણિકાના આકારે સ્થિત છે. ચારેબાજુથી પ્રાકાર (કિલ્લા) થી ઘેરાયેલ છે (અને) એક દ્વારવાળું કહેવામાં આવ્યું છે.

(૨) એમાંથી જે ત્રિકોણ વિમાન છે, તે સંઘાડાના આકારે સ્થિત છે. બન્નેબાજુ પ્રાકારથી ઘેરાયેલ છે. એકબાજુ વેદિકાવાળું છે (અને) એના ત્રણ દ્વાર કહેવામાં આવ્યા છે.

(૩) એમાંથી જે ચતુષ્કોણ વિમાન છે, તે અખાડાના આકારે સ્થિત છે. ચારેબાજુએ વેદિકાથી ઘેરાયેલ છે. એના ચાર દ્વાર કહેવામાં આવ્યા છે.

१२४१. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणा किं संठिया पण्णत्ता ?

उ. गोयमा ! विमाणा दुविहा पण्णत्ता, तं जहा--

१. आवलियापविट्ठा, २. आवलियाबाहिरा य।

तत्थ णं जे से आवलियापविट्ठा ते तिविहा पण्णत्ता, तं जहा--

१. वट्टा, २. तंसा, ३. चउरंसा य।

तत्थ णं जे से आवलिया बाहिरा ते णं णाणासंठिया पण्णत्ता।

**एवं-जाव-गेवेज्ज विमाणा।**

अणुत्तरोववाइया विमाणा दुविहा पण्णत्ता, तं जहा-

१. वट्टा य, २. तंसा य।

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१ (अ)

૧૨૪૧. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન ક્યા આકારના (હોવાનું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! વિમાન બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. આવલિકા પ્રવિષ્ટ અને ૨. આવલિકાબાહ્ય.

એમાંથી જે આવલિકાપ્રવિષ્ટ છે, તે ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) વૃત-ગોળાકાર, (૨) ત્ર્યસ્ત્ર-ત્રિકોણ, (૩) ચતુસ્ત્ર-ચોરસ.

એમાંથી જે આવલિકાબાહ્ય છે તે વિવિધ આકારના કહેવામાં આવ્યા છે.

**આ પ્રમાણે ગ્રૈવેયક વિમાન પર્યન્ત જાણવું જોઈએ.**

અનુત્તરોપપાતિક વિમાન બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) ગોળાકાર આકારવાળા અને (૨) ત્રિકોણ આકારવાળા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विमाणपुढवीणं बाहल्लं-**

१२४२. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणपुढवी केवइयं बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! सत्तवीसं जोयण सयाइं बाहल्लेणं पण्णत्ता।[1]

प. सणंकुमार-माहिंदेसु णं भंते ! कप्पेसु विमाण पुढवी केवइयं बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! छव्वीसं जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता।

प. बंभ-लंतएसु णं भंते ! कप्पेसु विमाणपुढवी केवइयं बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! पणवीसं जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता।

प. महासुक्क-सहस्सारेसु णं भंते ! कप्पेसु विमाण पुढवी केवइयं बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! चउवीसं जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता।

प. आणय-**जाव**-अच्चुएसु णं भंते ! कप्पेसु विमाण पुढवी केवइयं बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! तेवीसं जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता।

प. गेवेज्जगेसु णं भंते ! विमाणपुढवी केवइयं बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! बावीसं जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता।

प. अणुत्तरोववाइएसु णं भंते ! विमाणपुढवी केवइया बाहल्लेणं पण्णत्ता ?

उ. गोयमा ! एक्कवीसं जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता।

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१ (आ)

**વિમાન પૃથ્વીઓનું બાહલ્ય (અધિકતા) :**

૧૨૪૨. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન પૃથ્વીઓનું બાહલ્ય કેટલું કહેવામાં આવ્યું છે?

ઉ. ગૌતમ ! સત્તાવીસ સો યોજનનું બાહલ્ય કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં વિમાન પૃથ્વીઓનું બાહલ્ય કેટલું કહેવામાં આવ્યું છે?

ઉ. ગૌતમ ! છવીસ સો યોજનનું બાહલ્ય કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! બ્રહ્મલોક અને લાંતકકલ્પમાં વિમાન પૃથ્વીઓનું બાહલ્ય કેટલું કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! પચ્ચીસ સો યોજનનું બાહલ્ય કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! મહાશુક્ર અને સહસ્ત્રાર કલ્પમાં વિમાન પૃથ્વીઓનું બાહલ્ય કેટલું કહેવામાં આવ્યું છે?

ઉ. ગૌતમ ! ચોવીસ સો યોજનનું બાહલ્ય કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! આનત-**યાવત્**- અચ્યુત કલ્પોમાં વિમાન પૃથ્વીઓનું બાહલ્ય કેટલું કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! તેવીસસો યોજનનું બાહલ્ય કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! ગ્રૈવેયકોમાં વિમાન પૃથ્વીઓનું બાહલ્ય કેટલું કહેવામાં આવ્યું છે?

ઉ. ગૌતમ ! બાવીસ સો યોજનનું બાહલ્ય કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! અનુત્તરોપપાતિકોમાં વિમાન પૃથ્વીઓનું બાહલ્ય કેટલું કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! એકવીસ સો યોજનનું બાહલ્ય કહેવામાં આવ્યું છે.

---

१. सम. २७, सु. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वेमाणिय विमाणाणं महालियत्तं-**

१२४३. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणा के महालिया पण्णत्ता ?

उ. गोयमा ! अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीव समुद्दाणं मज्झे, **सो चेव गमो-जाव-छम्मासे अत्थेगइया वीइवएज्जा, अत्थेगइया विमाणा नो वीईवएज्जा।**

**एवं-जाव-अणुत्तरोववाइया विमाणा।**

**अत्थेगइयं विमाणं वीईवएज्जा, अत्थेगइयं विमाणं नो वीईवएज्जा।**

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१ (इ)

**वैमानिक विमानोनी महत्ता :**

૧૨૪૩. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન કેટલા મોટા કહેવામાં આવ્યા છે?

ઉ. ગૌતમ ! આ જંબૂદ્વીપ નામના દ્વીપ સર્વ દ્વીપ-સમુદ્રોની વચમાં છે. **બાકીનું તેજ પ્રમાણે (પૂર્વવત્)સમજવું. -યાવત્-(દેવ શીઘ્ર ગતિથી) છ માસ ચાલ્યો જાય તો કેટલાક વિમાનોને પાર કરી શકે છે અને કેટલાક વિમાનો -યાવત્- પાર કરી શકે નહી.**

**આ પ્રમાણે -યાવત્- અનુત્તરોપપાતિક વિમાન પર્યન્ત કહેવું જોઈએ.**

**(શીઘ્ર ગતિવાળો દેવ છ માસ ચાલવા છતાં પણ) કોઈ વિમાનની પાર જઈ શકે છે અને કોઈ વિમાનની પાર ન જઈ શકે છે.**

**वेमाणिय विमाणाणं उप्पादाणं-**

१२४४. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणा किं मया पण्णत्ता ?

उ. गोयमा ! सव्वरयणामया पण्णत्ता।

तत्थ णं बहवे जीवा य, पोग्गला य, वक्कमंति विउक्कमंति, चयंति, उवचयंति।

सासया णं ते विमाणा दव्वट्ठयाए।

**जाव**-फासपज्जवेहिं असासया।

**एवं-जाव-अणुत्तरोववाइया विमाणा।**

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१ (ई)

**વૈમાનિક વિમાનોનું ઉપાદાન :**

૧૨૪૪. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન શેનાથી બનેલા કહેવામાં આવ્યા છે?

ઉ. ગૌતમ ! સર્વરત્નમય કહેવામાં આવ્યા છે.

એમાં અનેક જીવ અને પુદ્ગલ જાય છે. ઉત્પન્ન થાય છે, ચય તેમજ ઉપચયને પ્રાપ્ત કરે છે.

તે વિમાન દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે.

**-યાવત્-**સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે.

**એ પ્રકારે- યાવત્- અનુત્તરોપપાતિક વિમાન પર્યન્ત કહેવું જોઈએ.**

**वेमाणिय विमाणाणं वण्णाइं---**

१२४५. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणा कतिवण्णा पण्णत्ता ?

उ. गोयमा ! पंचवण्णा पण्णत्ता, तं जहा--

१. किण्हा, २. नीला,

३. लोहिया, ४. हालिद्दा,

५. सुक्किल्ला।

सणंकुमार-माहिंदेसु कप्पेसु विमाणा चउवण्णा पण्णत्ता, तं जहा--

**વૈમાનિક વિમાનોના વર્ણ (રંગ) :**

૧૨૪૫. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન કેટલા વર્ણના (હોવાનું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! પાંચ વર્ણવાળા કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. કૃષ્ણ, ૨. નીલ,

૩. લોહિત-રક્ત, ૪. હાલિદ્ર-પીળા,

અને ૫. શુક્લ - સફેદ.

સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં વિમાન ચાર વર્ણના કહેવામાં આવ્યા છે, જેમકે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नीला-**जाव**-सुक्किल्ला।[1]

नील -**यावत्**- शुक्ल.

बंभलोय-लंतएसु कप्पेसु विमाणा तिवण्णा पण्णत्ता, तं जहा--

બ્રહ્મલોક અને લાંતક કલ્પમાં વિમાન ત્રણવર્ણવાળા કહેવામાં આવ્યા છે, જેમકે-

लोहिया-**जाव**-सुक्किल्ला।[2]

લોહિત - **યાવત્** - શુક્લ.

महासुक्क-सहस्सारेसु कप्पेसु विमाणा दुवण्णा पण्णत्ता, तं जहा--

મહાશુક્ર અને સહસ્ત્રારકલ્પમાં વિમાન બે વર્ણવાળા કહેવામાં આવ્યા છે, જેમકે -

१. हालिद्दा य, २. सुक्किल्ला य।[3]

(૧) હાલિદ્ર અને (૨) શુક્લ.

आणय-**जाव**-अच्चुएसु कप्पेसु विमाणा सुक्किल्ला पण्णत्ता।

આનત - **યાવત્** - અચ્યુતકલ્પમાં વિમાન સફેદ વર્ણના (હોવાનું) કહેવામાં આવ્યું છે.

गेवेज्ज विमाणा सुक्किल्ला पण्णत्ता।

ગ્રૈવેયક વિમાન સફેદ વર્ણવાળા કહેવામાં આવ્યા છે.

अणुत्तरोववाइयविमाणा परमसुक्किल्ला पण्णत्ता।

અનુત્તરોપપાતિક વિમાન પરમ સફેદ વર્ણવાળા કહેવામાં આવ્યા છે.

--- जीवा, पडि. ३, उ. १, सु. २०१

**वेमाणियविमाणाणं गंधा-**

**વૈમાનિક વિમાનોની ગંધ :**

१२४६. प. सोहम्मीसाणेसु णं भंते! कप्पेसु विमाणा केरिसया गंधे णं पण्णत्ता?

१२४६. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાનકલ્પમાં વિમાન કયા પ્રકારની ગંધવાળા કહેવામાં આવ્યા છે ?

उ. गोयमा! से जहा नामए कोट्ठपुडाण वा-**जाव**-एत्तो इट्ठतराए गंधेणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! જે પ્રમાણે કોષ્ટપુટ - **યાવત્** - એમાં પણ અધિક ઈષ્ટ ગંધવાળા કહેવામાં આવ્યા છે.

**एवं-जाव-एत्तो इट्ठतरागा चेव-जाव-अणुत्तरविमाणा।**

**આ પ્રમાણે - યાવત્ - એમાં પણ અધિક ઈષ્ટ ગંધવાળા - યાવત્ - અનુત્તર વિમાન પર્યન્ત કહેવામાં આવ્યા છે.**

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१

**वेमाणिय विमाणाणं फासाइं-**

**વૈમાનિક વિમાનોનો સ્પર્શ :**

१२४७. प. सोहम्मीसाणेसु णं भंते! कप्पेसु विमाणा केरिसया फासेणं पण्णत्ता?

१२४७. પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાનકલ્પમાં વિમાન કેવા સ્પર્શવાળા કહેવામાં આવ્યા છે ?

उ. गोयमा! से जहा नामए आइणे इ वा, रूए इ वा, **सव्वे फासा भाणियव्वा।**

ઉ. ગૌતમ ! જેવા આજનિક - મૃગચર્મ હોય, રૂ હોય **બધા એવા સ્પર્શ વાળા કહેવા જોઈએ.**

**एवं-जाव-अणुत्तरोववाइय विमाणा।**

**આ પ્રકારે - યાવત્ - અનુત્તર વિમાનોનો સ્પર્શ છે.**

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१

---

१. ठाणं. अ. ४, उ. ४, सु. ३७५

२. ठाण. अ. ३, उ. १, सु. १५९ (અંતર છે.)

३. ठाणं. अ. २, सु. ३, सु. १०४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वेमाणिय विमाणाणं आयाम-विक्खंभ परिक्खेवो य-**

१२४८. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणा केवइयं आयाम-विक्खंभेणं केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. गोयमा ! विमाणा दुविहा पण्णत्ता, तं जहा-

१. संखेज्जवित्थडा य,

२. असंखेज्जवित्थडा य।

**जहा णरगा तहा-जाव-अणुत्तरोववाइया, संखेज्जवित्थडा य असंखेज्जवित्थडा य।**

तत्थ णं जे से संखेज्जवित्थडे से जंबुदीवप्पमाणे असंखेज्जवित्थडा असंखेज्जाइं जोयणसयाइं आयाम-विक्खंभेणं परिक्खेवेणं पण्णत्ता।

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१

१२४९. सोहम्मवडिंसगे णं विमाणे णं अद्धतेरस जोयणसयसहस्साइं आयाम-विक्खंभेणं पण्णत्ते।

- सम. १३, सु. ३

१२५०. सव्वट्ठसिद्धे महाविमाणे एगं जोयणसयसहस्सं आयाम-विक्खंभेणं पण्णत्ते।

- सम. स. १, सु. २२

**वेमाणिय विमाणाणं पभा-**

१२५१. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणा केरिसआ पभाए पण्णत्ता ?

उ. गोयमा ! णिच्चालोया, णिच्चुज्जोआ सयं पभाए पण्णत्ता।

**एवं-जाव-अणुत्तरोववाइया विमाणा णिच्चालोआ णिच्चुज्जोया सयं पभाए पण्णत्ता।**

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१

**वेमाणिय विमाणाणं उच्चत्तं--**

१२५२. प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु विमाणा केवइयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ?

**વૈમાનિક વિમાનોના આયામ - વિષ્કમ્ભ અને પરિધિ :**

૧૨૪૮.પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન કેટલા આયામ-વિષ્કમ્ભ અને પરિધિવાળા કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! વિમાન બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) સંખ્યેય યોજન વિસ્તૃત,

(૨) અસંખ્યેય યોજન વિસ્તૃત.

**નરકોના જેવા અનુત્તરોપપાતિક પર્યન્ત સંખ્યાત યોજન વિસ્તારવાળા અને અસંખ્યાત યોજન વિસ્તારવાળા છે.**

એમાં જે સંખ્યાત યોજન વિસ્તારવાળા છે તે જંબૂદ્વીપ જેટલા પ્રમાણવાળા છે અને અસંખ્યાત યોજન વિસ્તારવાળા આયામ- વિષ્કમ્ભ અને પરિધિથી અસંખ્યાત સો યોજનના કહેવામાં આવ્યા છે.

૧૨૪૯. સૌધર્માવતંસક વિમાનનો આયામ - વિષ્કમ્ભ સાડા તેર લાખ યોજનનો છે.

૧૨૫૦. સર્વાર્થસિદ્ધ મહાવિમાન એક લાખ યોજન લાંબુ પહોળું કહેવામાં આવ્યું છે.

**વૈમાનિક વિમાનોની પ્રભા :**

૧૨૫૧.પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં વિમાન પ્રભા કેવી કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! તે વિમાન પોતાની પ્રભાથી નિત્ય આલોકવાળા, નિત્ય ઉદ્યોતવાળા કહેવામાં આવ્યા છે.

**આ પ્રમાણે -યાવત્- અનુત્તરોપપાતિક વિમાન પણ પોતાની પ્રભાથી નિત્ય (સદા) આલોકવાળા, નિત્ય ઉદ્યોતવાળા કહેવામાં આવ્યા છે.**

**વૈમાનિક વિમાનોની ઊંચાઈ :**

૧૨૫૨.પ્ર. ભગવન્ ! સૌધર્મ અને ઈશાનકલ્પમાં વિમાન કેટલા ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! पंच जोयण सयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।[१]

ઉ. ગૌતમ ! પાંચસો યોજન ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે.

प. सणंकुमार-माहिंदेसु णं भन्ते ! कप्पेसु विमाणा केवइयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં વિમાન કેટલા ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે ?

उ. गोयमा ! छ जोयण सयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।[२]

ઉ. ગૌતમ ! છસો યોજન ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે.

प. बंभ-लंतएसु णं भन्ते ! कप्पेसु विमाणा केवइयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! બ્રહ્મલોક અને લાંતકકલ્પમાં વિમાન કેટલા ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે ?

उ. गोयमा ! सत्त जोयण सयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।[३]

ઉ. ગૌતમ ! સાતસો યોજન ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે.

प. महासुक्क-सहस्सारेसु णं भन्ते ! कप्पेसु विमाणा केवइयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં વિમાન કેટલા ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે ?

उ. गोयमा ! अट्ठ जोयण सयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।[४]

ઉ. ગૌતમ ! આઠસો યોજન ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે.

प. आणय-**जाव**-अच्चुएसु णं भन्ते ! कप्पेसु विमाणा केवइयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! આનત-**યાવત્**-અચ્યુત કલ્પોમાં વિમાન કેટલા ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે ?

उ. गोयमा ! नव जोयण सयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।[५]

ઉ. ગૌતમ ! નવસો યોજન ઊંચે (આવેલા) કહેવામાં આવ્યા છે.

प. गेविज्ज विमाणाणं भन्ते ! केवइयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! ગ્રૈવેયક વિમાનોની ઊંચાઈ કેટલી કહેવામાં આવી છે ?

उ. गोयमा ! दस जोयण सयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।[६]

ઉ. ગૌતમ ! દસ સો (એક હજાર) યોજનની ઊંચાઈ કહેવામાં આવી છે.

प. अणुत्तर विमाणाणं भन्ते ! केवइयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ?

પ્ર. ભગવન્ ! અનુત્તર વિમાનોની ઊંચાઈ કેટલી કહેવામાં આવી છે ?

उ. गोयमा ! एक्कारस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।

-- जीवा. पडि. ३, उ. १, सु. २०१

ઉ. ગૌતમ ! અગિયારસો યોજનની ઊંચાઈ કહેવામાં આવી છે.

**वेमाणिय विमाण पागाराणं उच्चत्तं-**

**વૈમાનિક વિમાનોના પ્રાકારોની ઊંચાઈ :**

१२५३. वेमाणियाणं देवाणं विमाणपागारा तिण्णि तिण्णि जोयण सयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।

-- सम. १०४, सु. ३,

૧૨૫૩. વૈમાનિક દેવોના વિમાનોના પ્રાકારોની ઊંચાઈ ત્રણ-ત્રણસો યોજનની કહેવામાં આવી છે.

---

१. ठाणं अ. ५, उ. ३, सु. ४६९ - सम. १०८, सु. ८
२. ठाणं अ. ६, सु. ५३२ - सम. १०९, सु. १
३. ठाणं अ. ७, सु. ५७८ - सम. ११०, सु. १
४. ठाणं अ. ८, सु. ६५० - सम. १११, सु. १
५. ठाणं अ. ९, सु. ६९५ - सम. ११२, सु. १
६. ठाणं अ. १०, सु. ७७५ - सम. ११३, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वेमाणिय विमाणेसु पत्थडा--**

१२५४. सोहम्मीसाणेसु कप्पेसु तेरस विमाणपत्थडा पण्णत्ता। -- सम. १३, सु. २

बंभलोए णं कप्पे छ विमाण पत्थडा पण्णत्ता, तं जहा--

१. अरए, २. विरए,
३. नीरए, ४. निम्मले,
५. वितिमिरे, ६. विसुद्धे।

-- ठाणं. अ. ६, सु. ५१६

१२५५. णव गेवेज्ज विमाणपत्थडा पण्णत्ता, तं जहा--

१. हेट्ठिम-हेट्ठिम गेवेज्ज विमाणपत्थडे,
२. हेट्ठिम-मज्झिम गेवेज्ज विमाणपत्थडे,
३. हेट्ठिम-उवरिम गेवेज्ज विमाणपत्थडे,
४. मज्झिम-हेट्ठिम गेवेज्ज विमाणपत्थडे,
५. मज्झिम-मज्झिम गेवेज्ज विमाणपत्थडे,
६. मज्झिम-उवरिम गेवेज्ज विमाणपत्थडे,
७. उवरिम-हेट्ठिम गेवेज्ज विमाणपत्थडे,
८. उवरिम-मज्झिम गेवेज्ज विमाणपत्थडे,
९. उवरिम- उवरिम गेवेज्ज विमाणपत्थडे।[1]

एएसि णं णवण्हं गेवेज्ज विमाणपत्थडाणं नव नाम - धेज्जा पण्णत्ता, तं जहा-

१. भद्दे, २. सुभद्दे,
३. सुजाए, ४. सोमणसे,
५. पियदरिसणे। ६. सुदंसणे,
७. अमोहे य, ८. सुप्पबद्धे,
९. जसोधरे॥

-- ठाणं. अ. ९, सु. ६८५

**વૈમાનિક વિમાનોમાં પ્રસ્તટ :**

૧૨૫૪. સૌધર્મ અને ઈશાનકલ્પમાં તેર વિમાન પ્રસ્તટ કહેવામાં આવ્યા છે.

બ્રહ્મલોક કલ્પમાં છ વિમાન પ્રસ્તટ કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) અરજ, (૨) વિરજ,
(૩) નીરજ, (૪) નિર્મલ,
(૫) વિતિમિર, (૬) અને વિશુદ્ધ.

૧૨૫૫. ગ્રૈવેયક વિમાનોના નવ પ્રસ્તટ કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) અધસ્તન - અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૨) અધસ્તન - મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૩) અધસ્તન - ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૪) મધ્યમ - અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૫) મધ્યમ-મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૬) મધ્યમ-ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૭) ઉપરિતન - અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૮) ઉપરિતન - મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.
(૯) ઉપરિતન- ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ.

આ નવ વિમાન પ્રસ્તટોના નવ નામ કહેવામાં આવ્યા છે. તે આ પ્રમાણે છે -

(૧) ભદ્ર, (૨) સુભદ્ર,
(૩) સુજાત, (૪) સૌમનસ,
(૫) પ્રિયદર્શન, (૬) સુદર્શન,
(૭) અમોઘ, (૮) સુપ્રબુદ્ધ,
(૯) યશોધર.

---

१. तओ गेवेज्ज विमाण पत्थडा पण्णत्ता, तं जहा -
१. हेट्ठिम गेवेज्ज विमाणपत्थडे। २. मज्झिम-गेवेज्ज विमाण पत्थडे। ३. उवरिम-गेवेज्ज विमाणपत्थडे।
हेट्ठिम गेवेज्ज विमाणपत्थडे तिविहे पण्णत्ते, तं जहा -
१. हेट्ठिम मज्झिम गेवेज्ज विमाणपत्थडे। २. हेट्ठिम मज्झिम गेवेज्ज विमाणपत्थडे। ३.हेट्ठिम उवरिम गेवेज्ज विमाणपत्थडे।
मज्झिम गेवेज्ज विमाणपत्थडे तिविहे पण्णत्ते, तं जहा-
१. मज्झिम हेट्ठिम गेवेज्ज विमाणपत्थडे। २. मज्झिम-मज्झिम गेवेज्ज विमाणपत्थडे। ३. मज्झिम उवरिम गेवेज्ज विमाणपत्थडे।
उवरिम गेवेज्ज विमाणपत्थडे तिविहे पण्णत्ते, तं जहा-
१. उवरिम हेट्ठिम गेवेज्ज विमाण पत्थडे। २. उवरिम मज्झिम गेवेज्ज विमाणपत्थडे। ३. उवरिम-उवरिम गेवेज्ज विमाणपत्थडे।
- ठाणं. अ. ३, उ. ४, सु. २३२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२५६. सव्वे वेमाणियाणं बासट्ठि विमाण पत्थडा पण्णत्ता ।[1]

-- सम. ६२, सु. ५

૧૨૫૬. બધા વૈમાનિકોના બાસઠ વિમાન-પ્રસ્તટ કહેવામાં આવ્યા છે.

**विमाणा ईसिं उण्णयरा ईसिं निण्णयरा-**

१२५७. प. सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो विमाणेहिंतो ईसाणस्स देविंदस्स देवरण्णो विमाणा ईसिं उच्चयरा चेव, ईसिं उण्णयरा चेव ?

ईसाणस्स वा देविंदस्स देवरण्णो विमाणेहिंतो ईसिं नीययरा चेव, ईसिं निण्णयरा चेव ?

उ. गोयमा ! **सक्कस्स ईसाणस्स य तं चेव सव्वं नेयव्वं ।**

प. से केणट्ठे णं भंते ! एवं वुच्चइ- सक्कस्स -जाव- विमाणा निण्णयरा चेव ?

उ. गोयमा ! से जहा नामए करतले सिया देसे उच्चे, देसे उन्नये, देसे णीए, देसे णिण्णे ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- सक्कस्स -जाव- निण्णयरा चेव ।

- भग. स. ३, उ. १, सु. ५५

**કેટલાક વિમાન ઊંચા છે અને કેટલાક વિમાન નીચા છે :**

૧૨૫૭. પ્ર. ભન્તે ! દેવેન્દ્ર દેવરાજ શક્રના વિમાનથી દેવેન્દ્ર દેવરાજ ઈશાનનો વિમાન કેટલો ઉચ્ચતર છે અને કેટલો ઉન્નતર છે ?

દેવેન્દ્ર દેવરાજ ઈશાનના વિમાનથી દેવેન્દ્ર દેવરાજ શક્રનું વિમાન કેટલો નીચતર છે અને કેટલો નિમ્નતર છે ?

ઉ. ગૌતમ ! **શક્ર અને ઈશાનનો વિમાન આ પ્રમાણે પ્રશ્નસૂત્રાનુસાર છે.**

પ્ર. ભન્તે ! એ કેવી રીતે કહી શકાય છે કે શક્રનો **-યાવત્-** વિમાન કેટલોક નિમ્નતર છે ?

ઉ. ગૌતમ ! જે પ્રમાણે કરતલનો કેટલોક ભાગ ઊંચો અને કેટલોક ભાગ ઉન્નત હોય છે તથા કેટલોક ભાગ નીચો અને કેટલોક ભાગ નિમ્નતર (હોય) છે.

એટલે હે ગૌતમ ! એવું કહી શકાય છે કે - શક્ર નો **-યાવત્-** વિમાન નિમ્નતર છે.

**पढमे पत्थडे विमाणा-**

१२५८. सोहम्मीसाणेसु कप्पेसु पढमे पत्थडे पढमावलियाए एगमेगाए दिसाए बासट्ठिं विमाणा पण्णत्ता ।

- सम. ६२, सु. ४

**પ્રથમ પ્રસ્તટમાં વિમાન :**

૧૨૫૮. સૌધર્મ અને ઈશાન કલ્પના પ્રથમ પ્રસ્તટની પ્રથમ આવલિકા તેમજ પ્રત્યેક દિશામાં બાંસઠ-બાંસઠ વિમાન કહેવામાં આવ્યા છે.

**उडुविमाणस्स आयाम विक्खंभो -**

१२५९. उडुविमाणे णं पणयालीसं जोयणसयसहस्साइं आयाम-विक्खंभेणं पण्णत्ते ।

-- सम. ४५, सु. ३

**ઉડુ વિમાનનો આયામ-વિષ્કમ્ભ :**

૧૨૫૯. ઉડુ વિમાન પીસ્તાલીસ લાખ યોજન આયામ-વિષ્કંભ વાળો કહેવામાં આવ્યો છે.

**विमाणस्स बाहाए भोमा-**

१२६०. सोहम्म-वडिंसयस्स णं विमाणस्स एगमेगाए बाहाए पणसट्ठिं पणसट्ठिं भोमा पण्णत्ता ।

-- सम. ६५, सु. ३

**વિમાનની બાહામાં ભૌમ (ભવન) :**

૧૨૬૦. સૌધર્માવતંસક વિમાનની પ્રત્યેક બાહામાં પાંસઠ-પાંસઠ ભૌમ (ભવન) કહેવામાં આવ્યા છે.

---

૧. સૌધર્મ ઈશાનમાં તેર, સનત્કુમાર-માહેન્દ્રમાં બાર, બ્રહ્મલોકમાં છ, લાન્તકમાં પાંચ, મહાશુક્રમાં ચાર, સહસ્ત્રારમાં ચાર, આનત-પ્રાણતમાં ચાર, આરણ-અચ્યુતમાં ચાર, ગ્રૈવેયકમાં નવ, અનુત્તરોપપાતિકમાં એક - આમ બાસઠ વિમાન પ્રસ્તટ થયા.

- આવ. નિ. ગાથા ૨૬૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विमाणावास संखा-**

१२६१. सोहम्म-सणंकुमार-माहिंदेसु तिसु कप्पेसु बावन्नं विमाणावास सयसहस्सा पण्णत्ता ।

-- सम. स. ५२, सु. ५

१२६२. सोहम्मीसाणेसु दोसु कप्पेसु सट्ठिं विमाणावास सयसहस्सा पण्णत्ता ।

-- सम. स. ६०, सु. ६

१२६३. सोहम्मीसाणेसु बंभलोए य तिसु कप्पेसु चउसट्ठिं विमाणावास सयसहस्सा पण्णत्ता ।

-- सम. स. ६४, सु. ५

१२६४. आरणे कप्पे दिवड्ढं विमाणावास सयं पण्णत्तं ।

**एवं अच्चुए वि ।** -- सम. स. १०१, सु. २

**विमाणप्पगारा-**

१२६५. तिविहा विमाणा पण्णत्ता, तं जहा--

(१) अवट्ठिया ।

(२) वेउव्विया ।

(३) परियाणिया ।

-- ठाणं. अ. ३, उ. ३, सु. १८६

**परियाणिया विमाणा-**

१२६६. दसकप्पा इंदाहिट्ठिया पण्णत्ता, तं जहा--

१-८ सोहम्मे **-जाव-** सहस्सारे, ९ पाणए, १० अच्चुए ।

एएसु णं दससु कप्पेसु दस इंदा पण्णत्ता, तं जहा-

| | |
|---|---|
| (१) सक्के, | (२) ईसाणे, |
| (३) सणंकुमारे, | (४) माहिंदे, |
| (५) बंभे, | (६) लंतए, |
| (७) महासुक्के, | (८) सहस्सारे, |
| (९) पाणए, | (१०) अच्चुए । |

एएसि णं दसण्हं इंदाणं दस परियाणिया विमाणा पण्णत्ता, तं जहा-

| | |
|---|---|
| (१) पालए, | (२) पुप्फए, |
| (३) सोमणसे, | (४) सिरिवच्छे, |
| (५) णंदियावत्ते, | (६) कामकमे, |
| (७) पीतिमणे, | (८) मणोरमे, |
| (९) विमलवरे, | (१०) सव्वतोभद्दे ।[१] |

-- ठाणं. अ. १०, सु. ७६९

**વિમાનાવાસની સંખ્યા :**

૧૨૬૧. સૌધર્મ - સનત્કુમાર અને માહેન્દ્ર આ ત્રણે કલ્પોમાં (સંયુક્ત - બધા મળીને) બાવન લાખ વિમાનાવાસ કહેવામાં આવ્યા છે.

૧૨૬૨. સૌધર્મ અને ઈશાનકલ્પમાં (બધા મળીને) સાઈઠ લાખ વિમાનાવાસ કહેવામાં આવ્યા છે.

૧૨૬૩. સૌધર્મ - ઈશાન અને બ્રહ્મલોક આ ત્રણે કલ્પોમાં (બધા મળીને ) ચોસઠ લાખ વિમાનાવાસ કહેવામાં આવ્યા છે.

૧૨૬૪. આરણ કલ્પમાં દોઢસો વિમાનાવાસ કહેવામાં આવ્યા છે. **આજ પ્રમાણે અચ્યુતકલ્પમાં પણ છે.**

**વિમાનોના પ્રકાર :**

૧૨૬૫. વિમાન ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) અવસ્થિત = શાશ્વત,

(૨) વિકુર્વીત = વિકુર્વણા દ્વારા નિષ્પન્ન,

(૩) પારિયાનિક = આવવા-જવાના માટે નિષ્પન્ન.

**પારિયાનિક વિમાન :**

૧૨૬૬. દસકલ્પ ઈન્દ્રાધિષ્ઠિત કહેવામાં આવ્યા છે, જેમકે-

૧-૮ સૌધર્મ **-યાવત્-** સહસ્ત્રાર, ૯ પ્રાણત, ૧૦ અચ્યુત.

આ દસ કલ્પોમાં દસ ઈન્દ્ર કહેવામાં આવ્યા છે, જેમકે -

| | |
|---|---|
| (૧) શક્ર, | (૨) ઈશાન, |
| (૩) સનત્કુમાર, | (૪) માહેન્દ્ર, |
| (૫) બ્રહ્મ, | (૬) લાન્તક, |
| (૭) મહાશુક્ર, | (૮) સહસ્ત્રાર, |
| (૯) પ્રાણત, | (૧૦) અચ્યુત. |

આ દસ ઈન્દ્રોના દસ પારિયાનિક વિમાન કહેવામાં આવ્યા છે, જેમકે -

| | |
|---|---|
| (૧) પાલક, | (૨) પુષ્પક, |
| (૩) સોમનસ, | (૪) શ્રીવત્સ, |
| (૫) નંદિકાવર્ત, | (૬) કામક્રમ, |
| (૭) પ્રીતિમન, | (૮) મનોરમ, |
| (૯) વિમલવર, | (૧૦) સર્વતોભદ્ર. |

१. ठाणं. अ. ८, सु. ६४४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परियाणिय विमाणाणं आयाम-विक्खंभं-**

१२६७. पालए याणविमाणे एगं जोयणसयसहस्सं आयाम-विक्खंभेणं पण्णत्ते।

- सम. स. १, सु. २१

**પાલકયાન વિમાનોનો આયામ- વિષ્કંભ :**

૧૨૬૭. પાલકયાન વિમાન એક લાખ યોજનનો લાંબો-પહોળો કહેવામાં આવ્યો છે.

**सोत्थियाइ वेमाणिय देव विमाणाणं आयाम-विक्खंभ महालयत्त य परूवणं-**

१२६८. प. अत्थि णं भंते ! विमाणाइं सोत्थियाणि, सोत्थियावत्ताइं, सोत्थियपभाइं, सोत्थियकन्ताइं, सोत्थियवन्नाइं, सोत्थियलेसाइं, सोत्थियज्झयाइं, सोत्थियसिंगाराइं, सोत्थियकूडाइं, सोत्थिय-सिट्ठाइं सोत्थियउत्तरवडिंसगाइं ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. ते णं भंते ! विमाणा केमहालया पण्णत्ता ?

उ. गोयमा ! जावइए णं सूरिए उदेइ जावइएणं य सूरिए अत्थमइ एवइया तिण्णोवासंतराइं अत्थेगइयस्स देवस्स एक्के विक्कमे सिया। से णं देवे ताए उक्किट्ठाए तुरियाए **-जाव-** दिव्वाए देवगइए वीइवयमाणे वीइवयमाणे **-जाव-** एगाहं वा दुयाहं वा उक्कोसेणं छम्मासा वीइवएज्जा, अत्थेगइया विमाणं वीइवएज्जा, अत्थेगइया विमाणं नो वीइवएज्जा, एमहालया णं गोयमा ! ते विमाणा पण्णत्ता।

प. अत्थि णं भंते ! विमाणाइं अच्चीणि अच्चिरावत्ताइं **तहेव -जाव-** अच्चुत्तरवडिंसगाइं ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. ते णं भंते ! विमाणा केमहालया पण्णत्ता ?

उ. गोयमा ! **एवं जहा सोत्थियाईणि।**

**णवरं**-एवइयाइं पंच उवासंतराइं अत्थेगइयस्स देवस्स एगे विक्कमे सिया।

**सेसं तं चेव।**

प. अत्थि णं भंते ! विमाणाइं कामाइं कामावत्ताइं **-जाव-** कामुत्तरवडिंसगाइं ?

**સ્વસ્તિક વગેરે વૈમાનિક દેવ વિમાનોના આયામ- વિષ્કંભ અને વિશાળતાનું પ્રરૂપણ :**

૧૨૬૮. પ્ર. ભગવન્ ! શું સ્વસ્તિક, સ્વસ્તિકાવર્ત સ્વસ્તિકપ્રભ, સ્વસ્તિકકાન્ત, સ્વસ્તિકવર્ણ, સ્વસ્તિકલેશ્ય, સ્વસ્તિકધ્વજ, સ્વસ્તિકશ્રૃંગાર, સ્વસ્તિકકૂટ, સ્વસ્તિકશિષ્ટ અને સ્વસ્તિક-રાવતંસક નામ વાળા વિમાન છે ?

ઉ. હા, ગૌતમ ! છે.

પ્ર. ભગવન્ ! તે વિમાન કેટલા મોટા હોવાનું કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! જેટલા અંતરે સૂર્ય ઉદિત થતો કે અસ્ત થતો દેખાય છે, (એટલો એક અવકાશાન્તર છે) એવા ત્રણ અવકાશાન્તર પ્રમાણ ક્ષેત્ર કોઈ દેવનો એક વિક્રમ (પદન્યાસ) છે અને તે દેવ એ ઉત્કૃષ્ટ, ત્વરિત-**યાવત્-** દિવ્ય દેવગતિથી ચાલ્યો એવો **-યાવત્-** એક દિવસ, બે દિવસ, ઉત્કૃષ્ટ છ માસ સુધી ચાલ્યો જાય તો કોઈ વિમાનને પાર પામી શકે છે અને કોઈ વિમાનને પાર પામી શકતો નથી. હે ગૌતમ ! એટલા મોટા તે વિમાન હોવાનું કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! શું અર્ચિ, અર્ચિરાવર્ત **-યાવત્-** અર્ચિરૂત્તરાવતંસક નામવાળા વિમાન છે ?

ઉ. હા, ગૌતમ ! છે.

પ્ર. ભગવન્ ! તે વિમાન કેટલા મોટા હોવાનું કહેવામાં આવ્યુ છે ?

ઉ. ગૌતમ ! **જેવું કથન સ્વસ્તિક આદિ વિમાનો અંગે કરવામાં આવ્યું છે. (એવું અહીં પણ કરવું જોઈએ.)**

**વિશેષ** - અહીં પાંચ અવકાશાન્તર પ્રમાણ-ક્ષેત્ર કોઈ એક દેવનો એક પદન્યાસ (એક વિક્રમ) કહેવું જોઈએ.

**બાકીનું સર્વકથન પૂર્વવત્ છે.**

પ્ર. ભગવન્ ! શું કામ, કામાવર્ત **-યાવત્-** કામોત્તરાવતંસક નામવાળા વિમાન છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. हंता, अत्थि।

प. ते णं भंते ! विमाणा केमहालया पण्णत्ता ?

उ. गोयमा ! **जहा सोत्थियाईणि।**

**णवरं -** सत्त उवासंतराइं विक्कमे।

**सेसं तहेव।**

प. अत्थि णं भंते ! विमाणाइं विजयाइं वेजयंताइं जयंताइं अपराजियाइं ?

उ. हंता, अत्थि।

प. ते णं भंते ! विमाणा केमहालया पण्णत्ता ?

उ. गोयमा ! जावइए सूरिए उदेह एवइयाइं नव ओवासंतराइं,

**सेसं तं चेव -जाव-** नो चेव णं ते विमाणे वीइवएज्जा एमहालयाणं विमाणा पण्णत्ता, समणाउसो !

- जीवा. पडि. ३, सु. ९९

ઉ. હા, ગૌતમ ! છે.

પ્ર. ભગવન્ ! તે વિમાન કેટલા મોટા હોવાનું કહેવામાં આવ્યુ છે ?

ઉ. ગૌતમ ! **જેવું કથન સ્વસ્તિકાદિ વિમાનોનું કરવામાં આવ્યું છે. (એવું જ અહીં કરવું જોઈએ.)**

**વિશેષ-** અહીં એવા સાત અવકાશાન્તર પ્રમાણ-ક્ષેત્ર કોઈ દેવનો વિક્રમ (પદન્યાસ) કહેવો જોઈએ.

**બાકીનું બધુ કથન પૂર્વવત્ છે.**

પ્ર. ભગવન્ ! શું વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામના વિમાન છે ?

ઉ. હા, ગૌતમ ! છે.

પ્ર. ભગવન્ ! તે વિમાન કેટલા મોટા કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! જેટલા અંતરથી સૂર્ય દેખાય છે ઈત્યાદિ એક અવકાશાન્તરની માફક નવ અવકાશાન્તર પ્રમાણ-ક્ષેત્ર કોઈએક દેવનો એક પદન્યાસ કહેવો જોઈએ.

**બાકીનું કથન પૂર્વવત્ -યાવત્-** કોઈપણ વિમાનોને પાર પહોંચી શકતા નથી, હે આયુષ્યમાન્ શ્રમણ ! એટલા મોટા વિમાન કહેવામાં આવ્યા છે.

**सक्कस्स लोगपालाणं विमाणा-**

१२६९. प. सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो कति लोगपाला पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि लोगपाला पण्णत्ता, तं जहा-

(१) सोमे, (२) जमे,

(३) वरूणे, (४) वेसमणे।

प. एएसि णं भंते ! चउण्हं लोगपालाणं कति विमाणा पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि विमाणा पण्णत्ता, तं जहा-

(१) संझप्पभे, (२) वरसिट्ठे,

(३) सतंजले, (४) वग्गू।

**શક્રના લોકપાલોના વિમાન :**

૧૨૬૯. પ્ર. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના કેટલા લોકપાલ કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! ચાર લોકપાલ કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) સોમ, (૨) યમ,

(૩) વરૂણ, (૪) વૈશ્રમણ.

પ્ર. ભગવન્ ! આ ચાર લોકપાલોના કેટલા વિમાન કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! ચાર વિમાન કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) સન્ધ્યપ્રભ, (૨) વરશ્રેષ્ઠ,

(૩) સતંજલ, (૪) વલ્ગુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) प. कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो सोमस्स लोगपालस्स संझप्पभे नामं महाविमाणे पण्णत्ते ?

उ. गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमर-मणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-गहगण-नक्खत्त-तारा-रूवाणं बहूइं जोयणाइं -जाव- पंच वडेंसया पण्णत्ता, तं जहा-

(१) असोयवडेंसए, (२) सत्तवण्ण वडेंसए,
(३) चंपय वडेंसए, (४) चूयवडेंसए,
(५) मज्झे सोहम्म वडेंसए।

तस्स णं सोहम्म वडेंसयस्स महाविमाणस्स पुरत्थिमेणं सोहम्मे कप्पे असंखेज्जाइं जोयणाइं वीइवइत्ता; एत्थ णं सक्कस्स देविंदस्स देवरण्णो सोमस्स लोगपालस्स संझप्पभे नामं महाविमाणे पण्णत्ते।

अद्धतेरस जोयण सहस्साइं आयाम-विक्खंभेणं, अडयालीसं जोयण सय सहस्साइं, बावण्णं च सहस्साइं अट्ठ य अडयाले जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते।

(२) प. कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो जमस्स लोगपालस्स वरसिट्ठे नामं महाविमाणे पण्णत्ते ?

उ. गोयमा ! सोहम्मवडेंसयस्स महाविमाणस्स दाहिणेणं सोहम्मे कप्पे असंखेज्जाइं जोयणसहस्साइं वीइवइत्ता एत्थ णं सक्कस्स देविंदस्स देवरण्णो जमस्स लोकपालस्स वरसिट्ठे नामं महाविमाणे पण्णत्ते। अद्धतेरस जोयण सहस्साइं। **जहा सोमस्स विमाणं तहा -जाव- अभिसेओ।**

**रायहाणी तहेव -जाव- पासायपंतीओ।**

(३) प. कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो वरूणस्स लोगपालस्स सयंजले नामं महाविमाणे पण्णत्ते ?

उ. गोयमा ! तस्स णं सोहम्म वडेंसयस्स महाविमाणस्स पच्चत्थिमेणं सोहम्मेकप्पे असंखेज्जाइं जोयण सहस्साइं वीइवइत्ता एत्थ णं सक्कस्स देविंदस्स देवरण्णो वरूणस्स लोगपालस्स सयंजले नामं महाविमाणे पण्णत्ते।

(૧) પ્ર. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલનું સન્ધ્યપ્રભ નામનું મહા વિમાન કયાં કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતથી દક્ષિણમાં આ રત્નપ્રભા પૃથ્વીના સમભૂમિ ભાગથી ઉપર ચંદ્ર-સૂર્ય-ગ્રહગણ-નક્ષત્ર-તારાઓથી અનેક યોજન પર **-યાવત્-** પાંચ અવતંસક કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) અશોક અવતંસક, (૨) સપ્તપર્ણ અવતંસક,
(૩) ચંપક અવતંસક, (૪) ચૂત અવતંસક.
(૫) મધ્યમ સૌધર્મ અવતંસક.

આ સૌધર્માવતંસક મહાવિમાનના પૂર્વથી સૌધર્મકલ્પમાં અસંખ્ય યોજન જવા પર દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ લોકપાલનું સન્ધ્યપ્રભ નામનું મહાવિમાન (આવેલું) કહેવામાં આવ્યું છે.

તે સાડા બાર હજાર યોજન લાંબો-પહોળો છે અડતાલીસ લાખ બાવન હજાર આઠસો અડતાલીસ યોજનથી કંઈક વધુ એની પરિધિ કહેવામાં આવી છે.

(૨) પ્ર. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના યમલોકપાલનું વરશ્રેષ્ઠ નામનું મહાવિમાન કયાં (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાનના દક્ષિણથી સૌધર્મકલ્પમાં અસંખ્ય હજાર યોજન જવાના અંતરે દેવેન્દ્ર દેવરાજ શક્રના યમ લોક-પાલનું વરશ્રેષ્ઠ નામનું મહાવિમાન (આવેલું) કહેવામાં આવ્યું છે. તે સાડાબાર હજાર યોજન લાંબો-પહોળો છે. **સોમ લોકપાલના વિમાન જેવા યમ લોકપાલનું વિમાન -યાવત્- અભિષેક પર્યન્ત જાણવું જોઈએ.**

**રાજધાની પણ પ્રાસાદ પંક્તિઓ પર્યન્ત એક પ્રકારની છે.**

(૩) પ્ર. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના વરૂણ લોકપાલનું સતંજલ નામનું મહાવિમાન કયાં (આવેલો) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! આ સૌધર્માવતંસક મહાવિમાનના પશ્ચિમથી સૌધર્મ કલ્પમાં અસંખ્ય હજાર યોજન જવા પર દેવેન્દ્ર દેવરાજ શક્રના વરુણ લોકપાલનું સતંજલ નામનું મહાવિમાન કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जहा सोमस्स तहा विमाण-रायहाणीओ भाणियव्वा -जाव- पासाय वडेंसया।** णवरं नाम नाणत्तं।

(४) प. कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो वेसमणस्स लोगपालस्स वग्गूणामं महाविमाणे पण्णत्ते ?

उ. गोयमा ! तस्स णं सोहम्म वडेंसयस्स महाविमाणस्स उत्तरेणं । **जहा सोमस्स विमाण-रायहाणि वत्तव्वया तहा नेयव्वा- जाव- पासायवडेंसया।**

-- भग. स. ३, उ. ७, सु. २-७ (१)

**જેવું સોમ લોકપાલના વિમાન અને રાજધાનીનો કથન છે તેવું જ પ્રાસાદાવતંસક પર્યન્ત જાણવું જોઈએ. વિશેષમાં**-નામ ભિન્ન છે.

(૪) પ્ર. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના વૈશ્રમણ લોકપાલનું વલ્ગુનામનું મહાવિમાન ક્યાં (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાનની ઉત્તરમાં **જે પ્રમાણે સોમના મહાવિમાનનું અને રાજધાનીનું કથન છે એ પ્રમાણે પ્રાસાદપંક્તિઓ પર્યંત જાણવું જાઈએ.**

**ईसाण-लोगपालाणां विमाणा -**

१२७०. प. ईसाणस्स णं भंते ! देविंदस्स देवरण्णो कति लोगपाला पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि लोगपाला पण्णत्ता, तं जहा-

(१) सोमे, (२) जमे,
(३) वेसमणे, (४) वरूणे।

प. एएसि णं भंते ! लोगपालाणं कति विमाणा पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि विमाणा पण्णत्ता, तं जहा-

(१) सुमणे, (२) सव्वओभद्दे,
(३) वग्गू, (४) सुवग्गू।

प. कहि णं भंते ! ईसाणस्स देविंदस्स देवरण्णो सोमस्स लोगपालस्स सुमणे नामं महाविमाणे पण्णत्ते ?

उ. गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए **-जाव-** ईसाणे णामं कप्पे पण्णत्ते।

तत्थ णं **-जाव-** पंच वडेंसया पण्णत्ता, तं जहा-

(१) अंकवडेंसए, (२) फलिहवडेंसए,
(३) रयणवडेंसए, (४) जायरूववडेंसए,
(५) मज्झेयऽत्थ ईसाणवडेंसए।

**ઈશાન લોકપાલોના વિમાન :**

૧૨૭૦. પ્ર. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના કેટલા લોકપાલ કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! ચાર લોકપાલ કહેવામાં આવ્યા છે. તે આ પ્રમાણે છે -

(૧) સોમ, (૨) યમ,
(૩) વૈશ્રમણ, (૪) વરૂણ.

પ્ર. ભગવન્ ! આ લોકપાલોના કેટલા વિમાન (હોવાનું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! ચાર વિમાન (હોવાનું) કહેવામાં આવ્યું છે, તે આ પ્રમાણે છે.

(૧) સુમન, (૨) સર્વતોભદ્ર,
(૩) વલ્ગુ, (૪) સુવલ્ગુ.

પ્ર. ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના સોમ લોકપાલનું સુમન નામનું મહાવિમાન ક્યાં (આવેલું) કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં મંદર પર્વતના ઉત્તરમાં આ રત્નપ્રભા પૃથ્વીના સમતલથી (ઉપર)**-યાવત્-**ઈશાન નામનું કલ્પ(દેવલોક) કહેવામાં આવ્યું છે.

આ કલ્પમાં **-યાવત્-**પાંચ અવતંસક (હોવાનું) કહેવામાં આવ્યું છે, તે આ પ્રમાણે છે -

(૧) અંકાવતંસક, (૨) સ્ફટિકાવતંસક,
(૩) રત્નાવતંસક, (૪) જાતરૂપાવતંસક, અને
(૫) આ ચારની મધ્યમાં ઈશાનવતંસક.

तस्स णं ईसाणवडेंसयस्स महाविमाणस्स पुरत्थिमेणं तिरियमसंखेज्जाइं जोयण सहस्साइं वीइवइत्ता एत्थ णं ईसाणस्स देविंदस्स देवरण्णो सोमस्स लोगपालस्स सुमणे णामं महाविमाणे पण्णत्ते। अद्ध तेरस जोयण सय सहस्साइं।

**सेसं जहा सक्कस्स वत्तव्वया तईअसये। तहा ईसाणस्स वि-जाव-अच्चाणिया समत्ता।**

**चउण्ह वि लोगपालाणं विमाणे-विमाणे उद्देसओ।**

**चउसु वि विमाणेसु चत्तारि उद्देसा अपरिसेसा।**

**नवरं** - ठितीए नाणत्तं -

**आइ दुय ति भागूणा पलिया, धणयस्स होंति दो चेव।**

**दो सतिभागा वरूणे, पलियमहावच्चदेवाणं॥१॥**

-- भग. स. ४, उ. १-४, सु. १-५

આ ઈશાનવતંસક મહાવિમાનથી પૂર્વમાં ત્રાંસા અસંખ્ય હજાર યોજન આગળ જવા પર દેવેન્દ્ર દેવરાજ ઈશાનના સોમ લોકપાલનું સુમન નામનું વિમાન (આવેલું) કહેવામાં આવ્યું છે. એની લંબાઈ-પહોળાઈ સાડા બાર હજાર યોજન છે.

**બાકી બધુ વર્ણન ત્રીજા શતકમાં કથિત શક્રની સમાન છે. અહીં ઈશાનેન્દ્ર લોકાન્તમાં અર્ચનિકા સમાપ્ત પર્યંત કહેવી જોઈએ.**

**ચારેય લોકાપાલોમાંથી પ્રત્યેક વિમાનનો કથન જ્યાં પૂર્ણ થાય ત્યાં એક-એક ઉદ્દેશક સમજવો જોઈએ.**

**ચારે વિમાનોના ચારે ઉદ્દેશક પૂર્ણ સમજવા જોઈએ.**

**વિશેષ** - સ્થિતિમાં અંતર છે.

**આદિના બે (સોમ-યમ)ની સ્થિતિ ત્રિભાગ ન્યૂન એક પલ્યોપમની ધનદ-વૈશ્રમણની સ્થિતિ બે પલ્યોપમ અને વરુણની સ્થિતિ ત્રિભાગ સહિત બે પલ્યોપમ તેમજ અપત્ય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે.**

**सक्काईणं इंदाणं सोमाईणं लोगपालाणं उप्पायपव्वया-**

१२७१. सक्कस्स णं देविंदस्स देवरण्णो सक्कप्पभे उप्पायपव्वए दस जोयण सहस्साइं उड्ढं उच्चत्तेणं, दस गाउय सहस्साइं उव्वेहेणं, मूले दस जोयण सहस्साइं विक्खंभेणं पण्णत्ते।

**सक्कस्स णं देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो जहा सक्कस्स तहा सव्वेसिं लोगपालाणं, सव्वेसिं इंदाणं-जाव-अच्चुय त्ति, सव्वेसिं पमाणमेगं।**

-- ठाणं. अ. १०, सु. ७२७

**શક્રાદિ ઈન્દ્રોના અને સોમાદિ લોકપાલોના ઉત્પાત પર્વત :**

૧૨૭૧. દેવેન્દ્ર દેવરાજ શક્રનો શક્ર પ્રભ નામનો ઉત્પાત પર્વત દસ હજાર યોજન ઊંચો, દસ હજાર ગાઉ ભૂમિમાં દટાયેલો અને મૂળમાં દશ હજાર યોજન વિષ્કંભવાળો કહેવામાં આવ્યો છે.

**દેવેન્દ્ર દેવરાજ શક્રના સોમ નામનું લોકપાલ મહારાજનો ઉત્પાત પર્વત શક્રેન્દ્ર જેવો છે. બધા લોકપાલોના અને અચ્યુત પર્યન્ત બધા ઈન્દ્રોના ઉત્પાત પર્વત પણ એવા જ છે. બધાના પ્રમાણ સમાન છે.**

## कण्हराई-वण्णओ

**कण्हराईणं संखा ठाणाइ य परूवणं--**

१२७२. प. कति णं भंते! कण्हराईओ पण्णत्ताओ?

उ. गोयमा! अट्ठ कण्हराईओ पण्णत्ताओ, तं जहा--

पुरत्थिमेणं दो, पच्चत्थिमेणं दो,

दाहिणेणं दो, उत्तरेणं दो।

प. कहि णं भंते! एयाओ अट्ठ कण्हराईओ पण्णत्ताओ?

उ. गोयमा! उप्पिं सणंकुमार-माहिंदाणं कप्पाणं हेट्ठिं बंभलोगे कप्पे रिट्ठे विमाणपत्थडे -

## કૃષ્ણરાજીઓનું વર્ણન

**કૃષ્ણરાજીઓની સંખ્યા અને સ્થાનોનું પ્રરૂપણ :**

૧૨૭૨. પ્ર. ભગવન્! કૃષ્ણરાજીઓ કેટલી (હોવાનું) કહેવામાં આવી છે?

ઉ. ગૌતમ! કૃષ્ણરાજીઓ આઠ કહેવામાં આવી છે, જેમકે -

પૂર્વમાં બે, પશ્ચિમમાં બે,

દક્ષિણમાં બે, ઉત્તરમાં બે.

પ્ર. ભગવન્! એ આઠ કૃષ્ણરાજીઓ કયાં (આવેલી) કહેવામાં આવી છે?

ઉ. ગૌતમ! સનત્કુમાર અને માહેન્દ્રકુમાર કલ્પની ઉપર અને બ્રહ્મલોક કલ્પ રિષ્ટ વિમાનપ્રસ્તટની નીચે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एत्थ णं अक्खाडग-समचउरंस संठाणसंठियाओ अट्ठ कण्हराईओ पण्णत्ताओ, तं जहा-

१. पुरत्थिमब्भंतरा कण्हराई दाहिणबाहिरं कण्हराइं पुट्ठा।

२. दाहिणमब्भंतरा कण्हराई पच्चत्थिम- बाहिरं कण्हराइं पुट्ठा।

३. पच्चत्थिमब्भंतरा कण्हराई उत्तरबाहिरं कण्हराइं पुट्ठा।

४. उत्तरऽब्भंतरा कण्हराई पुरत्थिमबाहिरं पुट्ठा।

दो पुरत्थिम-पच्चत्थिमाओ बाहिराओ कण्हराईओ छलंसाओ।

दो उत्तर- दाहिणाओ बाहिराओ कण्हराईओ तंसाओ।

दो पुरत्थिम-पच्चत्थिमाओ अब्भिंतराओ कण्हराईओ चउरंसाओ।

दो उत्तर-दाहिणाओ अब्भिंतराओ कण्हराईओ चउरंसाओ।

संगहणी गाहा--

पुव्वावरा छलंसा, तंसा पुण दाहिणुत्तरा बज्झा।
अब्भंतर चउरंसा, सव्वा वि य कण्हराईओ ॥[1]

-- भग. स. ६, उ. ५, सु. १७-१८

અખાડેની જેમ સમચોરસ આકારવાળી એ આઠ કૃષ્ણરાજીઓ કહેવામાં આવી છે, જેમકે -

૧. પૂર્વની અંદર (આવેલી) કૃષ્ણરાજી દક્ષિણની બહાર (આવેલી) કૃષ્ણરાજીઓથી સ્પર્શાયેલી છે.

૨. દક્ષિણની અંદર (આવેલી) કૃષ્ણરાજી પશ્ચિમની બહાર (આવેલી) કૃષ્ણરાજીથી સ્પર્શાયેલી છે.

૩. પશ્ચિમની અંદર (આવેલી) કૃષ્ણરાજી ઉત્તરની બહાર (આવેલી) કૃષ્ણરાજીથી સ્પર્શાયેલી છે.

૪. ઉત્તરની અંદર (આવેલી) કૃષ્ણરાજી પૂર્વની બહાર (આવેલી) કૃષ્ણરાજીથી સ્પર્શાયેલી છે.

પૂર્વ-પશ્ચિમની બે બાહ્ય કૃષ્ણરાજીઓ ષટ્કોણ છે.

ઉત્તર - દક્ષિણની બે બાહ્ય કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે.

પૂર્વ-પશ્ચિમની બે આભ્યન્તર કષ્ણરાજીઓ ચતુષ્કોણ છે.

ઉત્તર-દક્ષિણની બે આભ્યન્તર કૃષ્ણરાજીઓ ચતુષ્કોણ છે.

સંગ્રહણી ગાથાર્થ :

પૂર્વ-પશ્ચિમ ની બધી બાહ્ય કૃષ્ણરાજીઓ ષટ્કોણ છે. ઉત્તર - દક્ષિણની બધી બાહ્ય કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે. પૂર્વ-પશ્ચિમની બધી આભ્યન્તર કૃષ્ણરાજીઓ ચતુષ્કોણ છે. ઉત્તર-દક્ષિણની બધી આભ્યન્તર કૃષ્ણરાજીઓ ચતુષ્કોણ છે.

**कण्हराईणं आयाम-विक्खंभ-परूवणं--**

१२७३. प. कण्हराईओ णं भंते !
केवइयं आयामेणं ?
केवइयं विक्खंभेणं ?
केवइयं परिक्खेवेणं पण्णत्ताओ ?

**કૃષ્ણરાજીઓના આયામ-વિષ્કમ્ભનું પ્રરૂપણ :**

૧૨૭૩. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓની
લંબાઈ કેટલી છે ?
પહોળાઈ કેટલી છે ?
અને પરિધિ કેટલી છે ?

१. ठाणं. अ. ८, सु. ६२४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. **गोयमा ! असंखेज्जाइं जोयण सहस्साइं आयामेणं।**

**असंखेज्जाइं जोयणसहस्साइं विक्खंभेणं।**

**असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं पण्णत्ताओ।**

**-- भग. स. ६, उ. ५, सु. १९**

**कण्हराईणं पमाण-परूवणं-**

१२७४. प. **कण्हराईओ णं भंते ! के महालियाओ पण्णत्ताओ ?**

उ. गोयमा ! अयं णं जंबुद्दीवे दीवे-**जाव**- परिक्खेवेणं पण्णत्ते।

**देवे णं महिड्ढीए-जाव-**महाणुभागे "इणामेव-इणामेव" त्ति कट्टु केवलकप्पं जंबुद्दीवं दीवं तिहिं अच्छरानिवाएहिं तिसत्तखुत्तो अणुपरियट्टित्ताणं हव्वमागच्छिज्जा।

से णं देवे ताए उक्किट्ठाए तुरियाए-**जाव**- देवगईए वीईवयमाणे वीईवयमाणे एकाहं वा दुयाहं वा तियाहं वा उक्कोसेणं अद्धमासं वीईवएज्जा।

अत्थेगइयं कण्हराइं वीईवएज्जा।

अत्थेगइयं कण्हराइं नो वीईवएज्जा।

एमहालियाओ णं गोयमा ! कण्हराईओ पण्णत्ताओ।

-- भग. स. ६, उ. ५, सु. २०

**कण्हराईसु गेहाईणं अभाव-परूवणं-**

१२७५. प. अत्थि णं भंते ! कण्हराईसु गेहा इ वा गेहावणा इ वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. अत्थि णं भंते ! कण्हराईसु गामाई वा-**जाव**- सन्निवेसा इ वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

-- भग. स. ६, उ. ५, सु. २१-२२

ઉ. **ગૌતમ ! લંબાઈ અસંખ્ય હજાર યોજનની કહેવામાં આવી છે.**

પહોળાઈ અસંખ્ય હજાર યોજનની કહેવામાં આવી છે.

પરિધિ અસંખ્ય હજાર યોજનની કહેવામાં આવી છે.

**કૃષ્ણરાજીઓના પ્રમાણનું પ્રરૂપણ :**

૧૨૭૪. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓ કેટલી મોટી કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! આ જંબૂદ્વીપ દ્વીપ-**યાવત્**-પરિધિવાળો કહેવામાં આવ્યો છે.

ત્યાં કોઈ મહાઋદ્ધિવાળો **-યાવત્-** મહાભાગ્યશાળી દેવ 'એ આવ્યો, 'એ આવ્યો, કેહતો એવા ત્રણ ચપટીઓ વગાડમાં આવે જેટલા સમયમાં આખા જંબૂદ્વીપની એકવીસવાર પરિક્રમાં કરીને ઝડપથી આવી જાય.

તે દેવ તે ઉત્કૃષ્ટ ઝડપથી **-યાવત્-** દેવ ગતિથી જતા એવો એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, ઉત્કૃષ્ટ પંદર દિવસ નિરન્તર ચાલે તો -

કોઈ એક કૃષ્ણરાજીને પાર કરી શકે અને કોઈ એક કૃષ્ણરાજીને પાર કરી શકતો નથી.

હે ગૌતમ ! આટલી મોટી કૃષ્ણરાજી કહેવામાં આવી છે.

**કૃષ્ણરાજીઓમાં 'ગૃહ' વગેરેના અભાવનું પ્રરૂપણ :**

૧૨૭૫. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓમાં ઘર અથવા દુકાનો છે ?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓમાં ગ્રામ **-યાવત્-** સન્નિવેશ આદિ છે ?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कण्हराईसु ओराल देवकारियत्तं बलाहयाईणं अत्थित्तं-**

१२७६. प. अत्थि णं भंते ! कण्हराईसु ओराला बलाहया १. संसेयंति, २. सम्मुच्छंति, ३. वासं वासंति ?

उ. हंता गोयमा ! अत्थि ।

प. तं भंते ! किं देवो पकरेइ, असुरो पकरेइ, नागो पकरेइ ?

उ. गोयमा ! देवो पकरेइ, नो असुरो नागो य ।

प. अत्थि णं कण्हराईसु बादरे थणियसद्दे ? बादरे विज्जुए ?

उ. हंता, गोयमा ! अत्थि ।

प. तं भंते ! किं देवो पकरेइ, असुरो पकरेइ, नागो पकरेइ ?

उ. गोयमा ! देवो पकरेइ, नो असुरो नागो य ।

-- भग. स. ६, उ. ५, सु. २३-२४

**કૃષ્ણરાજીઓમાં દેવકૃત મેઘ આદિનું અસ્તિત્વ :**

૧૨૭૬. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓમાં જે વિશાળ મેઘ- ૧. સંસ્વેદિત થાય છે ? ૨. ઉત્પન્ન થાય છે ? ૩. વરસે છે?

ઉ. હા ગૌતમ ! થાય છે.

પ્ર. ભગવન્ ! શું એને દેવ (ઉત્પન્ન) કરે છે? અસુર કરે છે? કે નાગ કરે છે?

ઉ. ગૌતમ ! દેવ કરે છે, અસુર અને નાગ કરતા નથી.

પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓમાં બાદર ગર્જનાનો શબ્દ છે? કે બાદર વિદ્યુત છે?

ઉ. હા ગૌતમ ! (બન્ને) છે.

પ્ર. ભગવન્ ! શું એમને દેવ કરે છે? અસુર કરે છે? કે નાગ કરે છે?

ઉ. ગૌતમ ! દેવ કરે છે, અસુર અને નાગ કરતા નથી.

**कण्हराईसु बादर आउकाइयाईणं अभाव-परूवणं-**

१२७७. प. अत्थि णं भंते ! कण्हराईसु बादरे आउकाए, बादरे अगणिकाए,बादरे वणप्फइकाए ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे, नन्नत्थ विग्गहगइ समावन्नएणं ।

- भग. स. ६, उ. ५, सु. २५

**કૃષ્ણરાજીઓમાં અપ્કાયિકો આદિના અભાવનું પ્રરૂપણ :**

૧૨૭૭. પ્ર. ભગવન્ ! શું કૃષ્ણરાજીઓમાં બાદર અપ્કાય (જલ) છે ? બાદર અગ્નિકાય છે? અને બાદર વનસ્પતિકાય છે?

ઉ. ગૌતમ ! વિગ્રહ ગતિ પ્રાપ્ત જીવો સિવાય. એ અર્થ સમર્થ નથી.

**कण्हराईसु चंदाईणं अभाव-परूवणं-**

१२७८. प. अत्थि णं भंते ! कण्हराईसु चंदिम-सूरिय-गहगण-णक्खत्त तारारूवा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

प. अत्थि णं भंते ! कण्हराईसु चंदाभा इ वा, सूरियाभा इ वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

-- भग. स. ६, उ. ५, सु. २६-२७

**કૃષ્ણરાજીઓમાં ચંદ્ર આદિના અભાવનું પ્રરૂપણ :**

૧૨૭૮. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓમાં ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર કે તારા છે?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓમાં ચંદ્ર સૂર્યની આભા છે?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

**कण्हराईणं वण्ण परूवणं-**

१२७९. प. कण्हराईओ णं भंते ! केरिसियाओ वण्णेणं पण्णत्ते ?

**કૃષ્ણરાજીઓના વર્ણ (રંગ) નું પ્રરૂપણ :**

૧૨૭૯. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓ કેવા રંગની કહેવામાં આવી છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा! कालाओ-**जाव**-परमकिण्हाओ वण्णेणं पण्णत्ताओ. देवे वि णं अत्थेगइए जे णं तप्पढमयाए पासित्ता णं खंभाएज्जा, अहे णं अभिसमागच्छेज्जा तओ पच्छा सीहं सीहं तुरियं तुरियं खिप्पामेव वीईवएज्जा।

-- भग. स. ६, उ. ५, सु. २८

ઉ. ગૌતમ ! કૃષ્ણ-**યાવત્**- ઉત્કૃષ્ટ કૃષ્ણ રંગની કહેવામાં આવી છે. કોઈ-કોઈ દેવ તો એને જોઈને પહેલાતો સ્થંભિત થઈ જાય છે અને પછી એમાં જવા ઈચ્છે છે તો જલદી-જલદી ઘણા વેગથી એને પાર કરે છે.

**कण्हराईणं णामधेज्जाणि-**

१२८०. प. कण्हराईणं कति नामधेज्जा पण्णत्ता ?

उ. गोयमा ! अट्ठनामधेज्जा पण्णत्ता, तं जहा--

१. कण्हराई इ वा, २. मेहरा इ वा,

३. मघा इ वा, ४. माघवई इ वा,

५. वातफलिहे इ वा, ६. वातपलिक्खोभे इ वा,

७. देवफलिहे इ वा, ८. देवपलिक्खोभे इ वा।[1]

-- भग. स. ६, उ. ५, सु. २९

**કૃષ્ણરાજીઓના નામ :**

૧૨૮૦. પ્ર. કૃષ્ણરાજીઓના કેટલા નામ કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! આઠ નામ કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) કૃષ્ણરાજી, (૨) મેઘરાજી,

(૩) મઘા, (૪) માઘવતી,

(૫) વાતપરિઘા, (૬) વાત પરિક્ષોભા,

(૭) દેવપરિઘા, (૮) દેવ પરિક્ષોભા.

**कण्हराईणं परिणामत्त-परूवणं-**

१२८१. प. कण्हराईओ णं भंते ! किं पुढविपरिणामाओ, आउपरिणामाओ जीवपरिणामाओ, पुग्गलपरिणामाओ ?

उ. गोयमा ! पुढविपरिणामाओ,

नो आउपरिणामाओ,

जीवपरिणामाओ वि, पुग्गलपरिणामाओ वि।

-- भग. स. ६, उ. ५, सु ३०

**કૃષ્ણરાજીઓના પરિણામત્વનું પ્રરૂપણ :**

૧૨૮૧. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓ શું પૃથ્વીના પરિણામ છે ? અપ્ (જલ) પરિણામ છે? જીવનું પરિણામ છે ? કે પુદ્‌ગલનું પરિણામ છે ?

ઉ. ગૌતમ ! પૃથ્વીનું પરિણામ છે,

અપ્ (જળ)નું પરિણામ નથી.

જીવનું પરિણામ પણ છે અને પુદ્‌ગલનું પરિણામ પણ છે.

**कण्हराईसु सव्वेसिं पाणाईणं उववन्नपुव्वत्त-परूवणं-**

१२८२. प. कण्हराईसु णं भंते! सव्वे पाणा भूया जीवा सत्ता उववन्नपुव्वा ?

उ. हंता, गोयमा ! असइं अदुवा अणंतखुत्तो नो चेव णं बादर आउकाइयत्ताए, बादर अगणिकाइयत्ताए, बादर वणस्सइ काइयत्ताए वा।

-- भग. स. ६, उ. ५, सु. ३१

**કૃષ્ણરાજીઓમાં બધા પ્રાણીઓની પૂર્વોત્પત્તિનું પ્રરૂપણ :**

૧૨૮૨. પ્ર. ભગવન્ ! કૃષ્ણરાજીઓમાં શું બધા પ્રાણી, ભૂત, જીવ અને સત્વ પૂર્વોત્પન્ન છે?

ઉ. હા, ગૌતમ ! અનેકવાર અને અનન્તવાર ઉત્પન્ન થયા છે. પરંતુ બાદર જલ, બાદર અગ્નિ કે બાદર વનસ્પતિ રૂપમાં ઉત્પન્ન થયા નથી.

---

१. ठाणं. अ. ८, सु. ६२४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तमुक्काय वण्णओ

### तमुक्कायसरूव-परूवणं-

१२८३. प. किमियं भंते ! तमुक्काए त्ति पवुच्चइ ?
किं पुढवी तमुक्काए त्ति पवुच्चइ ?
आउ तमुक्काए त्ति पवुच्चइ ?

उ. गोयमा ! नो पुढवी तमुक्काए त्ति पवुच्चइ।
आउ तमुक्काए त्ति पवुच्चइ।

प. से केणट्ठे णं भंते ! एवं वुच्चइ "आउ तमुक्काए ति पवुच्चइ ?"

उ. गोयमा ! पुढविकाए णं अत्थेगइए सुभे देसं पकासेइ, अत्थेगइए देसं नो पकासेइ।
से तेणट्ठेणं गोयमा ! एवं पवुच्चइ- नो पुढवी तमुक्काए त्ति पवुच्चइ, आउ तमुक्काए त्ति पवुच्चइ। - भग. स. ६, उ. ५, सु. १

### तमुक्कायस्स समुट्ठाण-सन्निट्ठिए य परूवणं-

१२८४. प. तमुक्काए णं भंते ! कहिं समुट्ठिए ?

प. कहिं सन्निट्ठिए ?

उ. गोयमा ! जंबुद्दीवस्स दीवस्स बहिया तिरियमसंखेज्जे दीव समुद्दे वीइवइत्ता अरूणवरस्स दीवस्स बाहिरिल्लाओ वेइयंताओ अरूणोदयं समुद्दं बायालीसं जोयण सहस्साणि ओगाहित्ता उवरिल्लाओ जलंताओ एगपएसियाए सेढीए, एत्थ णं तमुक्काए समुट्ठिए।

उ. सत्तरस एक्कवीसे जोयणसए उड्ढं उप्पइत्ता तओ पच्छा तिरियं पवित्थरमाणे-पवित्थरमाणे सोहम्मीसाण सणंकुमार-माहिंदे चत्तारि वि कप्पे आवरित्ताणं[1] उड्ढं पि य णं-जाव-बंभलोगे कप्पे रिट्ठविमाणपत्थडं संपत्ते, एत्थ णं तमुक्काए सन्निट्ठिए। - भग. स. ६, उ. ५, सु. २

### तमुक्कायस्स संठाण-परूवणं-

१२८५. प. तमुक्काए णं भंते ! किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! अहे मल्लगमूलसंठिए।
उप्पिं कुक्कुडग पंजरगसंठिए पण्णत्ते।
-- भग. स. ६, उ. ५, सु. ३

## તમસ્કાય વર્ણન

### તમસ્કાયના સ્વરૂપનું પ્રરૂપણ :

૧૨૮૩. પ્ર. ભગવન્ ! તમસ્કાયનું સ્વરૂપ કેવું છે?
તમસ્કાય શું પૃથ્વી રૂપ છે?
તમસ્કાય શું જલ રૂપ છે?

ઉ. ગૌતમ ! તમસ્કાય પૃથ્વીરૂપ નથી,
તમસ્કાય જલરૂપ છે.

પ્ર. ભગવન્ ! કેવા કારણથી એમ કહેવાય છે કે- 'તમસ્કાય જલરૂપ છે ?'

ઉ. ગૌતમ ! પૃથ્વીકાય કોઈ એક શુભ દેશને પ્રકાશિત કરે છે અને કોઈ એક દેશને પ્રકાશિત કરતી નથી.
હે ગૌતમ ! આ કારણથી એમ કહેવાય છે કે - તમસ્કાય પૃથ્વીકાય રૂપ નથી. તમસ્કાય અપ્કાય (જલ) રૂપ છે.

### તમસ્કાયની ઉત્પત્તિ અને સમાપ્તિનું પ્રરૂપણ :

૧૨૮૪. પ્ર. ભગવન્ ! તમસ્કાય ક્યા ઉત્પન્ન થાય છે?

પ્ર. ક્યા સમાપ્ત થાય છે ?

ઉ. ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપની બહાર અસંખ્ય દ્વીપ સમુદ્રના પછી અરૂણવરદ્વીપની બહારની વેદિકાના અંતિમ ભાગથી અરૂણોદય સમુદ્રમાં બેંતાલીસ હજાર યોજન અવગાહન કરવાથી ઊપરની ઓર એક પ્રદેશી શ્રેણીમાં તમસ્કાય ઉત્પન્ન થાય છે.

ઉ. સત્તરસો એકવીસ હજાર યોજન ઉપર જવાના (અંતરે) ત્રાસ ફેલાતી-ફેલાતી ૧. સૌધર્મ, ૨. ઈશાન, ૩. સનત્કુમાર, ૪. અને માહેન્દ્ર. એ ચાર કલ્પોને આવૃત કરતી એવી ઉપરમાં- **યાવત્-** બ્રહ્મલોક કલ્પના રિષ્ટ વિમાનના પ્રસ્તટમાં તમસ્કાય સમાપ્ત થાય છે.

### તમસ્કાયના આકારનું પ્રરૂપણ :

૧૨૮૫. પ્ર. ભગવન્ ! તમસ્કાયનો આકાર કેવો કહેવામાં આવ્યો છે?

ઉ. ગૌતમ ! નીચે સકોરાના મૂળ જેવા આકારવાળી છે અને ઉપર કૂકડાના પિંજરા જેવા આકારવાળી છે.

---

१. तमुक्काए णं चत्तारि कप्पे आवरित्ता चिट्ठइ, तं जहा- १-२. सोहम्ममीसाणाणं, ३. सणंकुमारं, ४. माहिन्दं। - ठाणं. अ. ४, उ. २, सु. २९१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तमुक्कायस्स विक्खंभ-परिक्खेव परूवणं-**

१२८६. प. तमुक्काए णं भंते ! केवइयं विक्खंभेणं ?

प. केवइयं परिक्खेवेणं पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. संखेज्जवित्थडे य,

२. असंखेज्जवित्थडे य।

तत्थ णं जे से संखेज्जवित्थडे से णं संखेज्जाइं जोयणसहस्साइं विक्खंभेणं।

असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं पण्णत्ते।

तत्थ णं जे से असंखेज्जवित्थडे से असंखेज्जाइं जोयणसहस्साइं विक्खंभेणं।

असंखेज्जाइं जोयणसहस्साइं परिक्खेवेणं पण्णत्ते।

-- भग. स. ६, उ. ५, सु. ४

**તમસ્કાયની પહોળાઈ અને પરિધિનું પ્રરૂપણ :**

૧૨૮૬. પ્ર. ભગવન્ ! તમસ્કાયની પહોળાઈ કેટલી છે ?

પ્ર. તમસ્કાયની પરિધિ કેટલી છે?

ઉ. ગૌતમ ! તમસ્કાય બે પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-

(૧) સંખ્યાત યોજનની વિસ્તારવાળી,

(૨) અસંખ્યાત યોજનની વિસ્તારવાળી,

એમાં સંખ્યાત યોજન વિસ્તારવાળીની પહોળાઈ સંખ્યાત હજાર યોજનની કહેવામાં આવી છે.

અને પરિધિ પણ અસંખ્ય હજાર યોજનની કહેવામાં આવી છે.

અસંખ્યાત યોજનના વિસ્તારવાળીની પહોળાઈ અસંખ્યાત હજાર યોજનની કહેવામાં આવી છે.

અને પરિધિ પણ અસંખ્ય હજાર યોજનની કહેવામાં આવી છે.

**तमुक्कायस्स महालयत्त-परूवणं-**

१२८७. प. तमुक्काए णं भंते ! के महालए पण्णत्ते ?

उ. गोयमा ! अयं णं जंबुद्दीवे दीवे-**जाव**-परिक्खेवेणं पण्णत्ते।

देव णं महिड्ढीए-**जाव**-महाणुभागे "इणामेव-इणामेव" त्ति कट्टु केवल कप्पं जंबुद्दीवं तिर्हि अच्छरानिवाएहिं तिसत्तखुत्तो अणुपरियट्टित्ताणं हव्वमागच्छिज्जा।

से णं देवे ताए उक्किट्ठाए तुरियाए-**जाव**-देवगईए वीईवयमाणे वीईवयमाणे एकाहं वा, दुयाहं वा, तियाहं वा, उक्कोसेणं छम्मासे वीईवएज्जा अत्थेगइए तमुक्कायं वीईवएज्जा अत्थेगइए तमुक्कायं नो वीईवएज्जा।

ए महालए णं गोयमा ! तमुक्काए पण्णत्ते।

-- भग. स. ६, उ. ५, सु. ५

**તમસ્કાયની મહાનતાનું પ્રરૂપણ :**

૧૨૮૭. પ્ર. ભગવન્ ! તમસ્કાય કેટલી મોટી કહેવામાં આવી છે?

ઉ. ગૌતમ ! એ જંબૂદ્વીપ દ્વીપ-**યાવત્** - પરિધિવાળો કહેવામાં આવ્યો છે.

ત્યાં કોઈ મહાૠદ્ધિવાળો-**યાવત્**- મહાભાગ્યશાળી દેવ 'હમણા આવ્યો, હમણા આવ્યો' એમ કહેતો એવો ત્રણ ચપટીઓ બજાવતો જેટલા સમયમાં આખા જંબૂદ્વીપની એકવીસવાર પરિક્રમા કરીને જલ્દીથી આવી જાય છે.

તે દેવ એ ઉત્કૃષ્ટ ત્વરિત -**યાવત્**-દેવગતિથી ચાલતા-ચાલતા એક માસ, બે-માસ, ત્રણ માસ, ઉત્કૃષ્ટ છ માસ ચાલવા (પછી) તમસ્કાયનો કેટલોક ભાગ પાર કરી લે છે અને કેટલોક ભાગ પાર કરી શકતો નથી.

હે ગૌતમ ! તમસ્કાય આટલી મોટી કહેવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तमुक्काए गिहगामाइ अभाव परूवणं-**

१२८८. प. अत्थि णं भंते ! तमुक्काए गेहा इ वा, गेहावणा इ वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

प. अत्थि णं भंते ! तमुक्काए गामा इ वा-**जाव**-सन्निवेसा इ वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

-- भग. स. ६, उ. ५, सु. ६-७

**चउव्विहेहिं देवेहिं तमुक्काय पकुव्वणं-**

१२८९. प. जाहे णं भंते ! ईसाणे देविंदे देवराया तमुक्कायं काउकामे भवइ, से कहमियाणिं पकरेइ ?

उ. गोयमा ! ताहे चेव णं ईसाणे देविंदे देवराया अब्भिंतर परिसए देवे सद्दावेइ ।

तए णं ते अब्भिंतर परिसया देवा सद्दाविया समाणा **एवं जहेव सक्कस्स जाव -**

तए णं ते आभिओगिया देवा सद्दाविया समाणा तमुक्काइए देवे सद्दावेंति ।

तए णं ते तमुक्काइया देवा सद्दाविया समाणा तमुक्काइयं पकरेंति ।

एवं खलु गोयमा ! ईसाणे देविंदे देवराया तमुक्कायं पकरेइ ।

प. अत्थि णं भंते ! असुरकुमारा वि देवा तमुक्कायं पकरेंति ?

उ. हंता, गोयमा ! अत्थि ।

प. किं पत्तियं णं भंते ! असुरकुमारा देवा तमुक्कायं पकरेंति ?

उ. गोयमा ! (१) किड्डा रतिपत्तियं वा ।
(२) पडिणीय विमोहणट्ठयाए वा ।
(३) गुत्ति सारक्खण हेउं वा ।
(४) अप्पणो वा सरीर पच्छायणट्ठयाए वा ।

एवं खलु गोयमा ! असुरकुमारा वि देवा तमुक्कायं पकरेंति ।

**एवं जाव वेमाणिया ।**

-- भग. स. १४, उ. २, सु. १४-२७

**તમસ્કાયમાં ઘર ગામ આદિના અભાવનું પ્રરૂપણ :**

૧૨૮૮. પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં ઘર કે દુકાન છે?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં ગામ-**યાવત્**-સન્નિવેશ આદિ છે?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

**ચાર પ્રકારના દેવો દ્વારા તમસ્કાયની રચના :**

૧૨૮૯. પ્ર. ભન્તે ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્ર જ્યારે તમસ્કાયની રચના કરવા ચાહે છે ત્યારે તે ક્યા પ્રકારે કરે છે?

ઉ. ગૌતમ ! ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્ર આભ્યન્તર પરિષદના દેવોને બોલાવે છે.

ત્યારે તે આભ્યન્તર પરિષદના દેવ **બોલાવેલ શક્રના સમાન-યાવત્-**

અભિયોગિક દેવોને બોલાવીને તેમને દ્વારા તમસ્કાયિક દેવોને બોલાવે છે.

ત્યારે તે બોલાવેલ તમસ્કાયિક દેવ તમસ્કાયની રચના કરે છે.

આ પ્રકારે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્ર તમસ્કાયની રચના કરાવે છે.

પ્ર. ભન્તે ! શું અસુરકુમાર દેવ પણ તમસ્કાયની રચના કરે છે?

ઉ. હા ગૌતમ ! અસુરકુમાર દેવ પણ તમસ્કાયની રચના કરે છે.

પ્ર. ભન્તે ! અસુરકુમાર દેવ શામાટે તમસ્કાયની રચના કરે છે?

ઉ. ગૌતમ ! (૧) રતિક્રીડાને માટે, (૨) શત્રુને છેતરવા માટે, (૩) બીજા દેવોની ચોરાયલી વસ્તુઓ છુપાવવા માટે, (૪) પોતાને છુપાવવા માટે.

આ પ્રકારે હે ગૌતમ ! અસુરકુમાર દેવ પણ તમસ્કાયની રચના કરે છે.

**આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तमुक्काए बलाहयाईणं अत्थित्तं देवाइकारियत्तं च परूवणं-**

१२९०. प. अत्थि णं भंते ! तमुक्काए ओराला बलाहया संसेयंति, सम्मुच्छंति; वासं वासंति ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. तं भंते ! किं देवो पकरेति ? असुरो पकरेति ? नागो पकरेति ?

उ. गोयमा ! देवो वि पकरेति, असुरो वि पकरेति, नागो वि पकरेति।

प. अत्थि णं भंते ! तमुक्काए बादरे थणियसद्दे बादरे विज्जुए ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. तं भंते ! किं देवो पकरेति, असुरो पकरेति, नागो पकरेति ?

उ. गोयमा ! तिण्णि वि पकरेंति।

-- भग. स. ६, उ. ५, सु. ९

**તમસ્કાયમાં મેઘ આદિનું અસ્તિત્વ અને દેવકૃતત્વનું પ્રરૂપણ :**

૧૨૯૦. પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં બાદર મેઘ સંસ્વેદિત થાય છે, સમ્મુર્છિત થાય છે કે વર્ષા વરસે છે?

ઉ. હા, ગૌતમ ! થાય છે.

પ્ર. ભગવન્ ! શું મેઘ આદિ દેવ (ઉત્પન્ન) કરે છે? અસુર કરે છે? કે નાગ કરે છે?

ઉ. ગૌતમ ! દેવ પણ કરે છે, અસુર પણ કરે છે, નાગ પણ કરે છે.

પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં બાદર ગર્જનાનો શબ્દ છે ? કે બાદર વિદ્યુત છે?

ઉ. હા, ગૌતમ ! (બન્ને) છે.

પ્ર. ભગવન્ ! આ ગર્જના અને વિદ્યુત શું દેવ કરે છે? અસુર કરે છે? કે નાગ કરે છે?

ઉ. ગૌતમ ! ત્રણેય કરે છે.

**तमुक्काए बादरपुढविकाय अगणिकायाणं अभाव-परूवणं-**

१२९१. प. अत्थि णं भंते ! तमुक्काए बादरे पुढविकाए, बादरे अगणिकाए ?

उ. गोयमा ! नो तिणट्ठे समट्ठे। नन्नत्थ विग्गहगति समावन्नाएणं।

-- भग. स. ६, उ. ५, सु. १०

**તમસ્કાયમાં બાદર પૃથ્વીકાય અને તેજસ્કાયના અભાવનો પ્રરૂપણ :**

૧૨૯૧. પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં બાદર પૃથ્વીકાય છે કે બાદર અગ્નિકાય છે?

ઉ. ગૌતમ ! વિગ્રહ-ગતિ પ્રાપ્ત જીવો સિવાય. એ અર્થ સમર્થ નથી.

**तमुक्काए चंद-सूरियाईणं अभाव-परूवणं--**

१२९२. प. अत्थि णं भंते ! तमुक्काए चंदिम-सूरिय-गहगण-णक्खत्त-तारारूवा ?

उ. गोयमा ! नो तिणट्ठे समट्ठे।

पलिपस्सतो पुण अत्थि।

प. अत्थि णं भंते ! तमुक्काए चंदाभा इ वा, सूराभा इ वा ?

उ. गोयमा ! नो तिणट्ठे समट्ठे, कादूसणिया पुण सा।

-- भग. ६, उ. ५, सु. ११-१२

**તમસ્કાયમાં ચંદ્ર સૂર્યાદિના અભાવનું પ્રરૂપણ :**

૧૨૯૨. પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર કે તારા છે?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

પણ પાર્શ્વ ભાગમાં છે.

પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં ચંદ્ર, સૂર્યની આભા છે ?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પરંતુ એની પ્રભા દૂષિત કરનારી છે.

**तमुक्काय वण्ण-परूवणा-**

१२९३. प. तमुक्काए णं भंते ! केरिसए वण्णेणं पण्णत्ते ?

उ. गोयमा ! काले कालोभासे गंभीरलोम हरिस जणणे भीमे उत्तासणए परमकिण्हे वण्णेणं पण्णत्ते।

**તમસ્કાયના વર્ણની પ્રરૂપણા :**

૧૨૯૩. પ્ર. ભગવન્ ! તમસ્કાયનો વર્ણ કેવો કહેવામાં આવ્યો છે?

ઉ. ગૌતમ ! કૃષ્ણ, કૃષ્ણાભાસ, અત્યધિક રોમાંચક, ભયાનક, ત્રાસદાયક, ઉત્કૃષ્ટ કૃષ્ણવર્ણનો કહેવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

देवे वि णं अत्थिगइए जे णं तप्पढमयाए पासित्ताए णं खंभाएज्जा अहे णं अभिसमागच्छेज्जा, तओ पच्छा सीहं सीहं तुरियं तुरियं खिप्पामेव वीईवएज्जा।

-- भग. स. ६, उ. ५, सु. १३

કોઈ-કોઈ દેવ તો એને જોઈને પહેલા તો સ્તંભિત થઈ જાય છે અને પછી કોઈપણ એને પાર કરવા ઈચ્છે તો અતિશીઘ્ર ત્વરિત ગતિથી પાર કરે છે.

**तमुक्कायस्स नामधेज्जाणि-**

१२९४. प. तमुक्कायस्स णं भंते ! कति नामधेज्जा पण्णत्ता ?

उ. गोयमा ! तेरस नामधेज्जा पण्णत्ता, तं जहा-

१. तमे इ वा, २. तमुक्काए इ वा, ३. अंधकारे इ वा, ४. महंधकारे इ वा, ५. लोगंधकारे इ वा, ६. लोगतमिस्से इ वा, ७. देवंधकारे इ वा, ८. देवतमिस्से इ वा, ९. देवारण्णे इ वा, १०. देववूहे इ वा, ११. देवफलिहे इ वा, १२. देवपडिक्खोभे इ वा, १३. अरूणोदए इ वा समुद्दे।[1]

-- भग. स. ३, उ. ५, सु. २४

**તમસ્કાયના નામ :**

૧૨૯૪. પ્ર. ભગવન્ ! તમસ્કાયના કેટલા નામ કહેવામાં આવ્યા છે?

ઉ. ગૌતમ ! તેર નામ કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. તમ, ૨. તમસ્કાય, ૩. અંધકાર, ૪. મહાંધકાર, ૫. લોકાંધકાર, ૬. લોકતમિસ્ત્રા, ૭. દેવાંધકાર, ૮. દેવતમિસ્ત્રા, ૯. દેવારણ્ય, ૧૦. દેવવ્યૂહ, ૧૧. દેવપરિઘા, ૧૨. દેવપ્રતિક્ષોભા, ૧૩. અરૂણોદક સમુદ્ર.

**तमुक्कायस्स परिणामत्त-परूवणं-**

१२९५. प. तमुक्काए णं भंते ! किं पुढविपरिणामे, आउपरिणामे, जीवपरिणामे, पुग्गलपरिणामे ?

उ. गोयमा ! नो पुढविपरिणामे।

आउपरिणामे वि, जीवपरिणामे वि, पुग्गलपरिणामे वि।

-- भग. स. ६, उ. ५, सु. ५१

**તમસ્કાયના પરિણામિત્વનું પ્રરૂપણ :**

૧૨૯૫. પ્ર. ભગવન્ ! તમસ્કાય શું ૧. પૃથ્વીનું પરિણામ છે. ૨. અપ્ (જલ) નું પરિણામ છે, ૩. જીવનું પરિણામ છે, ૪. કે પુદ્‌ગલોનું પરિણામ છે?

ઉ. ગૌતમ ! પૃથ્વીનું પરિણામ નથી.

જલનું પરિણામ છે. જીવનો પરિણામ છે અને પુદ્‌ગલનું પરિણામ છે.

**तमुक्काए सव्वेसिं पाणाईणं उववन्नपुव्वत्त-परूवणं-**

१२९६. प. तमुक्काए णं भंते ! सव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे सत्ता पुढविकाइयत्ताए **-जाव-** तसकाइयत्ताए उववन्नपुव्वा ?

उ. हंता, गोयमा ! असइं अदुवा अणंतखुत्तो, णो चेव णं बादर पुढविकाइयत्ताए वा, बादर अगणिकाइयत्ताए वा।

-- भग. स. ६, उ. ५, सु. १५

**તમસ્કાયમાં બધી પ્રાણાદિની પૂર્વોત્પત્તિનું પ્રરૂપણ :**

૧૨૯૬. પ્ર. ભગવન્ ! તમસ્કાયમાં શું બધા પ્રાણી, બધા ભૂત, બધા જીવ, બધા સત્વ પૃથ્વીકાય રૂપમાં **-યાવત્-** ત્રસકાય રૂપમાં પૂર્વમાં ઉત્પન્ન થયેલા છે ?

ઉ. હા ગૌતમ ! વારંવાર અથવા અનન્તવાર ઉત્પન્ન થયેલા છે. પરંતુ બાદર પૃથ્વીકાય અને બાદર અગ્નિકાય રૂપમાં ઉત્પન્ન થયા નથી.

---

१. तमुक्कायस्स णं चत्तारि णामधेज्जा पण्णत्ता, तं जहा- (१) तमे इ वा, (२) तमुक्काए इ वा, (३) अंधगारे इ वा, (४) महंधगारे इ वा।
(२) तमुक्कायस्स णं चत्तारि णामधेज्जा पण्णत्ता, तं जहा- (१) लोगंधगारे इ वा, (२) लोग तमसे इ वा, (३) देवंधगारे इ वा, (४) देवतमसे इ वा।
(३) तमुक्कायस्स णं चत्तारि णामधेज्जा पण्णत्ता, तं जहा- (१) वातफलिहे इ वा, (२) वातफलिह खोभे इ वा, (३) देवरण्णे इ वा, (४) देववूहे इ वा।
- ठाणं अ. ४, उ. २, सु. २९१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सिद्धट्ठाण

**सिद्धट्ठाण परिण्णा-**

१२९७. प. अत्थि णं भंते ! इमीसे रयणप्पभाए पुढवीए अहे सिद्धा परिवसंति ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

**एवं जाव सत्तमाए ।**

प. अत्थि णं भंते ! सोहमस्स कप्पस्स अहे सिद्धा परिवसंति ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

**एवं ईसाणस्स -जाव- अच्चुयस्स गेविज्ज विमाणाणं अणुत्तर विमाणाणं ।**

प. अत्थि णं भन्ते ! ईसीपब्भाराए पुढवीए अहे सिद्धा परिवसंति ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

प. से कहिं खाइ णं भन्ते ! सिद्धा परिवसंति ?

उ. गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए बहुसम रमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-ग्गह-णक्खत्त-ताराभवणाओ । बहूइं जोयण सयाइं, बहूइं जोयण सहस्साइं, बहूइं जोयण सयसहस्साइं, बहुगीओ जोयण कोडीओ, बहुगीओ जोयण कोडा कोडीओ उड्ढतरं उप्पइत्ता ।

सोहम्मीसाण- सणंकुमार-माहिंद-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुए, तिण्णि अ अट्ठारे गेविज्ज विमाणा-वाससए वीइवइत्ता ।

विजय-वेजयंत-जयंत-अपराजिय-सव्वट्ठ-सिद्धस्स य महाविमाणस्स सव्व उवरिल्लाओ थूभियग्गाओ दुवालस जोयणाइं अबाहाए, एत्थ णं ईसीपब्भाराए णामं पुढवी पण्णत्ता ।

-- उव. सु. ४३

**सिद्ध ठाणाइं -**

१२९८. प. कहि णं भन्ते ! सिद्धाणं ठाणा पण्णत्ता ?

प. कहि णं भन्ते ! सिद्धा परिवसंति ?

उ. गोयमा ! सव्वट्ठसिद्धस्स महाविमाणस्स उवरिल्लाओ थूभियग्गाओ दुवालस जोयणे उड्ढं अबाहाए[1] एत्थ णं ईसीपब्भाराए णामं पुढवी पण्णत्ता ।

## સિદ્ધસ્થાન

**સિદ્ધસ્થાન પરિજ્ઞા :**

૧૨૯૭. પ્ર. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની નીચે કયા સિદ્ધ રહે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

**આ પ્રમાણે સાતમા નરક પર્યન્ત જાણવું.**

પ્ર. ભગવન્ ! આ સૌધર્મકલ્પની નીચે કયા શું સિદ્ધ રહે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

**આ પ્રમાણે ઈશાન -યાવત્- અચ્યુત ગ્રૈવેયક વિમાન અને અનુત્તર વિમાન પર્યન્ત જાણવું.**

પ્ર. ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીની નીચે કયા શું સિદ્ધ રહે છે ?

ઉ. ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

પ્ર. ભગવન્ ! તે સિદ્ધ કયાં રહે છે ?

ઉ. ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના સમ રમણીય ભૂભાગથી ઉપર ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા ભવનથી અનેક સો યોજન અનેક હજાર યોજન, અનેક લાખ યોજન, અનેક ક્રોડ યોજન, અને અનેક ક્રોડાક્રોડ યોજન જવા પર -

સૌધર્મ - ઈશાન -સનત્કુમાર - માહેન્દ્ર - લાન્તક-મહાશુક્ર-સહસ્ત્રાર - આણત - પ્રાણત - આરણ-અચ્યુત (વગેરે) ત્રણ સો અઢાર ગ્રૈવેયક વિમાનાવાસોથી આગળ -

વિજય-વૈજયન્ત - જયન્ત - અપરાજિત અને સર્વાર્થસિદ્ધ મહાવિમાનથી સર્વોપરિ સ્તૂપિકાના અગ્રભાગથી બાર યોજન અવ્યવહિત અંતર પર ઈષત્ પ્રાગ્ભારા નામની પૃથ્વી (આવેલી) કહેવામાં આવી છે.

**સિદ્ધસ્થાન :**

૧૨૯૮. પ્ર. ભગવન્ ! સિદ્ધોના સ્થાન કયાં (આવેલા) કહેવામાં આવ્યા છે ?

પ્ર. ભગવન્ ! સિદ્ધ કયાં રહે છે ?

ઉ. ગૌતમ ! સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ઉપરની સ્તૂપિકાથી બાર યોજન ઉપર અન્તર રહિત ઈષત્પ્રાગ્ભારા નામની પૃથ્વી કહેવામાં આવી છે.

---

१. सम. सम. १२, सु. ९-१०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पणयालीसं जोयणसहस्साणि आयाम-विक्खंभेणं एगा जोयण कोडी, बायालीसं च सयसहस्साइं, तीसं च सहस्साइं, दोण्णि य अउणापण्णे जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ता।[१]

તે પીસ્તાલીસ લાખ યોજન લાંબી-પહોળી અને એક કરોડ, બેંતાલીસ લાખ, ત્રીસ હજાર, બસો ઓગણપચાસ યોજનથી કંઈક વધુ પરિધિવાળી કહેવામાં આવી છે.

ईसीपब्भाराए णं पुढवीए बहुमज्झदेसभाए अट्ठजोयणिए खेत्ते अट्ठजोयणाइं बाहल्लेणं पण्णत्ता,[२] ततो अणंतरं च णं मायाए मायाए पएसपरिहाणीए परिहायमाणी परिहायमाणी सव्वेसु चरिमंतेसु मक्खियपत्ताओ तणुययरी अंगुलस्स असंखेज्जइभागं बाहल्लेणं पण्णत्ता।[३]

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના મધ્યભાગમાં આઠ યોજનનું ક્ષેત્ર આઠ યોજન જાડો કહેવામાં આવ્યો છે. એ પછી એક-એક પ્રદેશ ઓછા કરતા-કરતા બધા અન્તિમ ભાગોમાં માખીની પાંખોથી પણ અત્યધિક પાતળી આંગળીના અસંખ્યાતમાં ભાગ જેટલી જાડી કહેવામાં આવી છે.

ईसिपब्भाराए णं पुढवीए दुवालस नामधेज्जा पण्णत्ता, तं जहा--

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બાર નામ કહેવામાં આવ્યા, જેમકે -

१. ईसी इ वा, २. ईसीपब्भारा इ वा, ३. तणू इ वा, ४. तणुतणू इ वा, ५. सिद्धी इ वा, ६. सिद्धालए इ वा, ७. मुत्ती इ वा, ८. मुत्तालए इ वा, ९. लोयग्गे इ वा, १०. लोयग्गाथूभिया इ वा, ११. लोयग्ग पडिबुज्झणा इ वा, १२. सव्वपाण-भूत-जीव-सत्तसुहावहा इ वा।

(૧) ઈષત્, (૨) ઈષત્પ્રાગ્ભારા,
(૩) તન્વી, (૪) તનુતન્વી,
(૫) સિદ્ધિ, (૬) સિધ્ધાલય,
(૭) મુક્તિ, (૮) મુક્તાલય,
(૯) લોકાગ્ર, (૧૦) લોકાગ્રસ્તૂપિકા,
(૧૧) લોકાગ્ર પ્રતિબોધની,
(૧૨) સર્વપ્રાણ-ભૂત-જીવ-સત્વ સુખાવહા.

ईसीपब्भारा णं पुढवी सेया संखदलविमल-सोत्थिय-मुणाल-दगरय-तुसार-गोक्खीर-हारवण्णा, उत्ताणयच्छत्त संठाणसंठिया सव्वज्जुणसुवण्णमयी अच्छा-जाव-पडिरूवा ।

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી વિમલ શંખદળ, સ્વસ્તિક, મૃણાલ, દકરજ = જલના ઝાગ, તુષાર = હિમકણ, ગોક્ષીર = ગાયનું દૂધ હાર જેવા શ્વેત વર્ણવાળી છે. ઉંધા છત્ર જેવા આકારવાળી, સર્વાર્જુન સ્વર્ણમયી સ્વચ્છ **-યાવત્-** પ્રતિરૂપ છે.

ईसीपब्भाराए णं सीयाए जोयणंमि लोयंतो।[४]

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી લોકાન્ત એક યોજન ઉપર છે.

तस्स णं जोयणस्स जे से उवरिल्ले गाउए तस्स णं गाउयस्स जे से उवरिल्ले छब्भागे एत्थ णं सिद्धा भगवंतो सादीया अपज्जवसिया अणेग जाइ-मरण-जोणि संसार कलंकलीभाव-पुणब्भव-गब्भवासवसही पवंचसमतिक्कंता सासयमणागयद्धं कालं चिट्ठंति।[५]

-- पण्ण. प. २, सु. २११

આ યોજનની જે ઉપરની ગાઉ છે. તે ગાઉના છઠ્ઠા ઉપરી ભાગમાં સાદિ અપર્યવસિત જન્મ-જરા-મરણ, યોનિ, સંસારના કલેશ, પુનર્જન્મ અને ગર્ભવાસ- વસતિના પ્રપંચોથી રહિત સિદ્ધ ભગવન્ત શાશ્વત ભવિષ્યકાળ પર્યન્ત સ્થિત છે.

## ઉર્ધ્વલોકનું વર્ણન સમાપ્ત

१. सम. सम. ४५, सु. ४ २. ठाणं. अ. ८, सु. ६४८ ३. उत्त. अ. ३६, गा. ५७-५९
४. उत्त. अ. ३६, गा. ६०-६९ ५. उववाई सु. ४३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 3

# કાળ લોક વર્ણન

સૂત્ર : ૧૨૯૯ થી ૧૩૭૮
પાના નં. ૩૩૦ થી ૪૦૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# काल-लोक

**काल समोयारे--**

१२९९. प. से किं तं कालसमोयारे ?

उ. कालसमोयारे दुविहे पण्णत्ते, तं जहा--

(१) आयसमोयारे य, (२) तदुभयसमोयारे य। समए आयसमोयारेणं आयभावे समोयरइ।

तदुभय समोयारेणं आवलियाए समोयरइ आयभावे य,

**एवं आणापाणु-जाव-पलिओवमे।**

सागरोवमे आयसमोयारेणं आयभावे समोयरइ।

तदुभय समोयारेणं ओसप्पिणि उस्सप्पिणीसु समोयरइ आयभावे य।

ओसप्पिणि उस्सप्पिणीओ आयसमोयारेणं आयभावे समोयरंति।

तदुभयसमोयारेणं पोग्गलपरियट्टे समोयरंति आयभावे य।

पोग्गलपरियट्टे आयसमोयारेणं आयभावे समोयरइ।

तदुभय समोयारेणं तीतद्धा-अणागतद्धासु समोयरइ आयभावे य।

तीतद्धा-अणागतद्धाओ आयभावे समोयरंति।

तदुभय समोयारेणं सव्वद्धाए समोदारंति आयभावे य।

से तं काल समोयारे।

-- अणु. सु. ५३. (२)

# કાળ-લોક

**કાળ સમવતાર :**

૧૨૯૯. પ્ર. કાળ સમવતાર કેટલા પ્રકારના છે ?

ઉ. કાળ સમવતાર બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧)આત્મ-સમવતાર,(૨)તદુભયસમવતાર. સમય-આત્મસ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે.

આવલિકા - ઉભય સ્વરૂપથી સમવતરિત થાય છે અને આત્મભાવથી પણ સમવતરિત થાય છે.

**આ પ્રમાણે આન-પ્રાણ- યાવત્ - પલ્યોપમ પર્યન્ત સમવતરિત થાય છે.**

સાગરોપમ આત્મસ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે.

અવસર્પિણી અને ઉત્સર્પિણી ઉભય સ્વરૂપથી સમવતરિત થાય છે અને આત્મભાવમાં પણ સમવતરિત થાય છે.

અવસર્પિણિઓ અને ઉત્સર્પિણિઓ આત્મસ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે.

પુદ્ગલ પરિવર્તનમાં (અવસર્પિણિઓ - ઉત્સર્પિણિઓ)ઉભય સ્વરૂપમાં અવતરિત થાય છે અને આત્મભાવમાં પણ અવતરિત થાય છે.

પુદ્ગલ પરિવર્તન આત્મસ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે.

અતીત અને અનાગત ઉભય સ્વરૂપથી સમવતરિત થાય છે અને આત્મભાવમાં પણ સમવતરિત થાય છે.

અતીત અને અનાગત આત્મસ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે.

સર્વકાળ-ઉભય સ્વરૂપથી આત્મભાવમાં સમવતરિત થાય છે.

આ કાળ સમવતાર સમાપ્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कालाणुपुव्विस्स भेयप्पभेया-**

१३००. प. से किं तं कालाणुपुव्वी ?

उ. कालाणुपुव्वी दुविहा पण्णत्ता, तं जहा-

१. ओवणिहिया य, २. अणोवणिहिया य।

तत्थ णं जा सा ओवणिहिया सा ठप्पा।

तत्थ णं जा सा अणोवणिहिया सा दुविहा पण्णत्ता, तं जहा-

१. णेगम-ववहाराणं, २. संगहस्स य।

- अणु. सु. १८०-१८२

**णेगम-ववहारनय सम्मया अणोवणिहिया कालाणुपुव्वी-**

१३०१. प. से किं तं णेगम-ववहाराणं अणोवणिहिया कालाणुपुव्वी ?

उ. णेगम-ववहाराणं अणोवणिहिया कालाणुपुव्वी-पंचविहा पण्णत्ता, तं जहा-

१. अट्ठपयपरूवणया, २. भंगसमुक्कित्तणया, ३. भंगोवदंसणया, ४. समोयारे, ५. अणुगमे।

प. से किं तं णेगम-ववहाराणं अट्ठपयपरूवणया ?

उ. णेगम-ववहाराणं अट्ठपयपरूवणया-

तिसमयट्ठिईए आणुपुव्वी,
-जाव- दससमयट्ठिईए आणुपुव्वी,

संखेज्जसमयट्ठिईए आणुपुव्वी,

असंखेज्जसमयट्ठिईए आणुपुव्वी,

एगसमयट्ठिईए अणाणुपुव्वी,

दुसमयट्ठिईए अवत्तव्वए,

तिसमयट्ठिईयाओ आणुपुव्वीओ -जाव- असंखेज्जसमयट्ठिईयाओ आणुपुव्वीओ।

एगसमयट्ठिईयाओ अणाणुपुव्वीओ,

दुसमयट्ठिईयाइं अवत्तव्वयाइं।

से तं णेगम-ववहाराणं अट्ठपयपरूवणया।

**કાળાનુપૂર્વીના ભેદ-પ્રભેદ :**

૧૩૦૦. પ્ર. કાળાનુપૂર્વીનું શું સ્વરૂપ છે ?

ઉ. કાળાનુપૂર્વી બે પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-

(૧) ઔપનિધિકી, (૨) અનૌપનિધિકી.

એમાંથી ઔપનિધિકી કાળાનુપૂર્વી અવિવેચનીય છે.

અનૌપનિધિકી કાળાનુપૂર્વી બે પ્રકારની કહેવામાં આવી છે, જેમકે -

૧. નૈગમ-વ્યવહારનયસમ્મત, ૨. સંગ્રહનય સમ્મત.

**નૈગમ-વ્યવહારનયસમ્મત અનૌપનિધિ કાળાનુપૂર્વી :**

૧૩૦૧. પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત અનૌપનિધિકી કાળાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉ. નૈગમ-વ્યવહારનયસમ્મત અનૌપનિધિકી કાળાનુપૂર્વી પાંચ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-

(૧) અર્થપદપ્રરૂપણતા, (૨) ભંગસમુત્કીર્તનતા, (૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર, (૫) અનુગમ.

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થ પદપ્રરૂપણતાનું સ્વરૂપ કેવું છે ?

ઉ. નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદપ્રરૂપણતાનું સ્વરૂપ આ પ્રમાણે છે -

ત્રણ સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે. **-યાવત્-** દસ સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે.

સંખ્યાત સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે.

અસંખ્યાત સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે.

એક સમયની સ્થિતિવાળા દ્રવ્ય અનાનુપૂર્વી છે.

બે સમયની સ્થિતિવાળા દ્રવ્ય અવકતવ્ય છે.

ત્રણ સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે. **-યાવત્-** અસંખ્યાત સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે.

એક સમયની સ્થિતિવાળા દ્રવ્ય અનાનુપૂર્વી છે.

બે સમયની સ્થિતિવાળા દ્રવ્ય અવ્યક્તવ્ય છે.

આ નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદપ્રરૂપણતાનું સ્વરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. एयाए णं णेगम-ववहाराणं अट्ठपयपरूवणयाए किं पओयणं ?

उ. एयाए णं णेगम-ववहाराणं अट्ठपयपरूवणयाए भंगसमुक्कित्तणया कज्जइ।

प. से किं तं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणया ?

उ. णेगम-ववहाराणं भंगसमुक्कित्तणया-

अत्थि आणुपुव्वी, अत्थि अणाणुपुव्वी, अत्थि अवत्तव्वए।

**एवं दव्वाणुपुव्वीगमेणं कालाणुपुव्वीए वि ते चेव छव्वीसं भंगा भाणियव्वा।**

से तं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणया।

प. एयाए णं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणयाए किं पओयणं ?

उ. एयाए णं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणयाए भंगोवदंसणया कज्जइ।

प. से किं तं णेगम-ववहाराणं भंगोवदंसणया ?

उ. णेगम-ववहाराणं भंगोवदंसणया-

१. तिसमयट्ठिईए आणुपुव्वी,

२. एगसमयट्ठिईए अणाणुपुव्वी,

३. दुसमयट्ठिईए अवत्तव्वए,

४. तिसमयट्ठिईयाओ आणुपुव्वीओ,

५. एगसमयट्ठिईयाओ अणाणुपुव्वीओ,

६. दुसमयट्ठिईयाइं अवत्तव्वयाइं।

**एवं दव्वाणुपुव्वीगमेणं ते चेव छव्वीसं भंगा भाणियव्वा।**

से तं णेगम-ववहाराणं भंगोवदंसणया।

प. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं कहिं समोयरंति ?

પ્ર. આ નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરૂપણનું શું પ્રયોજન છે ?

ઉ. આ નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરૂપણ દ્વારા ભંગ સમુત્કીર્તનતા કરવામાં આવે છે.

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગ સમુત્કીર્તનતાનું કેવું સ્વરૂપ છે ?

ઉ. નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગ સમુત્કીર્તનતાનું સ્વરૂપ આ પ્રમાણે છે -

આનુપૂર્વી છે, અનાનુપૂર્વી છે, અવક્તવ્ય છે.

**આ પ્રકારે દ્રવ્યાનુપૂર્વીવત્ કાળાનુપૂર્વીના પણ છવ્વીસ (૨૬) ભંગ જાણવા જોઈએ.**

આ નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગ સમુત્કીર્તનતાનું સ્વરૂપ છે.

પ્ર. એ નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગસમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે ?

ઉ. એ નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગસમુત્કીર્તનતાથી ભંગોપદર્શનતા કરવામાં આવે છે.

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગોપદર્શનતાનું સ્વરૂપ કેવું છે ?

ઉ. નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગોપદર્શનતાનું સ્વરૂપ આ પ્રમાણે છે -

૧. ત્રણ સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે.

૨. એક સમયની સ્થિતિવાળા દ્રવ્ય અનાનુપૂર્વી છે.

૩. બે સમયની સ્થિતિવાળા દ્રવ્ય અવક્તવ્ય છે.

૪. ત્રણ સમયની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે.

૫. એક સમયની સ્થિતિવાળા દ્રવ્ય અનાનુપૂર્વી છે.

૬. બે સમયની સ્થિતિવાળા દ્રવ્ય અવક્તવ્ય છે.

**આ પ્રમાણે દ્રવ્યાનુપૂર્વીની સમાન અહીં પણ છવ્વીસ ભંગ જાણવા જોઈએ.**

એ નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગોપદર્શનતાનું સ્વરૂપ છે.

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત આનુપૂર્વી દ્રવ્યોનો ક્યાં સમવતાર થાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. तिण्णि वि सट्ठाणे-सट्ठाणे समोयरंति त्ति भाणियव्वं।

से तं समोयारे।

प. से किं तं अणुगमे?

उ. अणुगमे-णवविहे पण्णत्ते, तं जहा-

१. संतपयपरूवणया, २. दव्वपमाणं,
३. च खेत्त, ४. फुसणा य,
५. कालो, ६. य अंतर,
७. भाग, ८. भाव,
९. अप्पाबहुं चेव।

प. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि?

उ. नियमा तिण्णि वि अत्थि।

प. णेगम-ववहाराणं आणुपुव्विदव्वाइं किं संखेज्जाइं असंखेज्जाइं अणंताइं?

उ. तिण्णि वि नो संखेज्जाइं, असंखेज्जाइं, नो अणंताइं।

प. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं लोगस्स किं संखेज्जइभागे होज्जा, असंखेज्जइभागे होज्जा, संखेज्जेसु वा भागेसु होज्जा, असंखेज्जेसु वा भागेसु होज्जा, सव्वलोए होज्जा?

उ. एगदव्वं पडुच्च लोगस्स संखेज्जइभागे वा होज्जा, असंखेज्जइभागे वा होज्जा, संखेज्जेसु वा भागेसु होज्जा, असंखेज्जेसु वा भागेसु होज्जा, देसूणे वा लोए होज्जा।

नाणादव्वाइं पडुच्च नियमा सव्वलोए होज्जा।

**एवं अणाणुपुव्वी अवत्तव्वयदव्वाणि भाणियव्वाणि जहा णेगम ववहाराणं खेत्ताणुपुव्वीए।**

**एवं फुसणा वि भाणियव्वा।**

प. १. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं कालओ केवचिरं होइ?

उ. एगं दव्वं पडुच्च-जहण्णेणं तिण्णि समया, उक्कोसेणं असंखेज्जं कालं।

ઉ. ત્રણે સ્વ-સ્વસ્થાનમાં સમવતરિત જાણવા જોઈએ.

આ સમવતારનું સ્વરૂપ છે.

પ્ર. અનુગમનું સ્વરૂપ કેવું છે.

ઉ. અનુગમ નવ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. સતપદપ્રરૂપણતા, ૨. દ્રવ્યપ્રમાણ,
૩. ક્ષેત્ર, ૪. સ્પર્શના,
૫. કાળ, ૬. અંતર,
૭. ભાગ, ૮. ભાવ,
૯. અલ્પબહુત્વ.

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત આનુપૂર્વી દ્રવ્ય છે કે નથી?

ઉ. નિયમત : એ ત્રણે દ્રવ્ય છે.

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત આનુપૂર્વી આદિ દ્રવ્ય સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ત્રણે દ્રવ્ય સંખ્યાત અને અનંત નથી, પરંતુ અસંખ્યાત છે.

પ્ર. નૈગમ અને વ્યવહારનયસમ્મત આનુપૂર્વી દ્રવ્ય કયા લોકના સંખ્યાતમાં ભાગમાં, અસંખ્યાતમાં ભાગમાં, સંખ્યાતમાં ભાગોમાં, અસંખ્યાતમાં ભાગોમાં કે સંપૂર્ણ લોકમાં રહે છે?

ઉ. એક દ્રવ્યની અપેક્ષાએ લોકના સંખ્યાતમાં ભાગમાં, અસંખ્યાતમાં ભાગમાં, સંખ્યાતમાં ભાગોમાં, અસંખ્યાતમાં ભાગોમાં કે દેશૂણ (કંઈક ઓછા) લોકમાં રહે છે.

અનેક દ્રવ્યોની અપેક્ષાએ નિશ્ચિત રૂપે સંપૂર્ણ લોકમાં રહે છે.

**જે પ્રકાર નૈગમ અને વ્યવહારનયની અપેક્ષાએ ક્ષેત્રાનુપૂર્વીનું કથન છે, એ પ્રમાણે અનાનુપૂર્વી અને અવક્તવ્ય દ્રવ્યો અંગે પણ કહેવું જોઈએ.**

**આ પ્રમાણે સ્પર્શના અંગેપણ જાણવું જોઈએ.**

પ્ર.૧. નૈગમ-વ્યવહારનયસમ્મત આનુપૂર્વી દ્રવ્ય કેટલા સમય સુધી ટકે છે?

ઉ. એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ ત્રણ સમયની અને ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાત કાળની છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नाणादव्वाइं पडुच्च सव्वद्धा।

अनेક આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ સ્થિતિ સર્વકાલિક છે.

प.२.णेगम-ववहाराणं अणाणुपुव्वीदव्वाइं कालओ केवचिरं होइ ?

પ્ર.૨.નૈગમ-વ્યવહારનયસમ્મત અનાનુપૂર્વી દ્રવ્ય કેટલા સમય સુધી ટકે છે ?

उ. एगदव्वं पडुच्च-अजहण्णमणुक्कोसेणं एक्कं समयं, नाणादव्वाइं पडुच्च सव्वद्धा।

ઉ. એક દ્રવ્યની અપેક્ષા તો નિમ્નતમ અને અનુત્કૃષ્ટ સ્થિતિ એક સમયની તથા અનેક દ્રવ્યોની અપેક્ષા સર્વકાલિક છે.

प.३.णेगम-ववहाराणं अवत्तव्वयदव्वाइं कालओ केवचिरं होइ ?

પ્ર.૩.નૈગમ-વ્યવહારનયસમ્મત અવક્તવ્ય દ્રવ્ય કેટલો સમય ટકે છે ?

उ. एगं दव्वं पडुच्च अजहण्णमणुक्कोसेणं दो समया, नाणादव्वाइं पडुच्च सव्वद्धा।

ઉ. એક દ્રવ્યની અપેક્ષાએ અજઘન્ય - અનુત્કૃષ્ટ સ્થિતિ બે સમયની છે અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ સર્વકાલિક છે.

प.१.णेगम-ववहाराणं आणुपुव्विदव्वाणमंतरं कालओ केवचिरं होइ ?

પ્ર.૧.નૈગમ-વ્યવહારનયસમ્મત આનુપૂર્વી દ્રવ્યોનું અંતર કેટલા સમયનું હોય છે ?

उ. एगं दव्वं पडुच्च-जहण्णेणं एगं समयं, उक्कोसेणं दो समया,

नाणादव्वाइं पडुच्च नत्थि अंतरं।

ઉ. એક દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ અંતર બે સમયનું હોય છે.

પરંતુ અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

प.२.णेगम-ववहाराणं अणाणुपुव्विदव्वाणमंतरं कालओ केवचिरं होइ ?

પ્ર.૨.નૈગમ-વ્યવહારનયસમ્મત અનાનુપૂર્વી દ્રવ્યોનું અંતર કેટલા સમયનું હોય છે ?

उ. एगं दव्वं पडुच्च-जहण्णेणं दो समया, उक्कोसेणं असंखेज्जं कालं,

नाणादव्वाइं पडुच्च णत्थि अंतरं।

ઉ. એક દ્રવ્યની અપેક્ષા જઘન્ય બે સમયનું અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળનું હોય છે.

અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

प.३.णेगम-ववहाराणं अवत्तव्वगदव्वाणं अंतरं कालओ केवचिरं होइ ?

પ્ર.૩. નૈગમ- વ્યવહારનયસમ્મત અવક્તવ્ય દ્રવ્યોનું અંતર કેટલા સમયનું હોય છે ?

उ. एगं दव्वं पडुच्च-जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं,

नाणादव्वाइं पडुच्च-णत्थि अंतरं।

ઉ. એક દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાત કાળનું હોય છે.

અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

प. णेगम-ववहाराणं आणुपुव्विदव्वाइं सेसदव्वाणं कइभागे होज्जा ?

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત આનુપૂર્વી દ્રવ્ય બાકીના દ્રવ્યોના કેટલા ભાગ પ્રમાણ છે ?

उ. **जहेव खेत्ताणुपुव्वीए।**

**भावो वि तहेव अप्पाबहुं पि तहेव नेयव्वं।**

ઉ. **અત્રે ક્ષેત્રાનુપૂર્વી જેવું જ કથન સમજવું જોઈએ.**

**ભાવદ્વાર અને અલ્પબહુત્વનું પણ કથન ક્ષેત્રાનુપૂર્વી જેવું જ સમજવું જોઈએ.**

से तं अणुगमे।

से तं णेगम-ववहाराणं अणोवणिहिया कालाणुपुव्वी। - अणु. सु. १८३-१९८

આ અનુગમનું સ્વરૂપ છે.

આ નૈગમ-વ્યવહારનયસમ્મત અનૌપનિધિકી કાળાનુપૂર્વી છે.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

**संगहणयसम्मय अणोवणिहिया कालाणुपुव्वी-**

१३०२. प. से किं तं संगहस्स अणोवणिहिया कालाणुपुव्वी ?

उ. संगहस्स अणोवणिहिया कालाणुपुव्वी-पंचविहा पण्णत्ता, तं जहा-

१. अट्ठपयपरूवणया, २. भंगसमुक्कित्तणया, ३. भंगोवदंसणया, ४. समोयारे, ५. अणुगमे।

प. से किं तं संगहस्स अट्ठपयपरूवणया ?

उ. **संगहस्स अट्ठपयपरूवणयाइं पंच वि दाराइं संगहस्स खेत्ताणुपुव्वीए गमेण भाणियव्वाणि।**

**णवरं** - ठिईअभिलावो।

से तं संगहस्स अणोवणिहिया कालाणुपुव्वी।

से तं अणोवणिहिया कालाणुपुव्वी।

- अणु. सु. १९९-२००

**संग्रहनयसम्मत अनौपनिधिकी काळानुपूर्वी :**

१३०२. प्र. संग्रहनयसम्मत अनौपनिधिकी काळानुपूर्वीनुं शुं स्वरूप छे ?

ઉ. સંગ્રહનયસમ્મત અનૌપનિધિકી કાળાનુપૂર્વી પાંચ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે -

(૧) અર્થપદપ્રરૂપણતા, (૨) ભંગસમુત્કીર્તનતા, (૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર, (૫) અનુગમ.

પ્ર. સંગ્રહનયસમ્મત અર્થપદપ્રરૂપણતાનું શું સ્વરૂપ છે?

ઉ. **સંગ્રહનયસમ્મત અર્થપદપ્રરૂપણતા વગેરે એ પાંચે (દ્વારો)નું કથન સંગ્રહનયસમ્મત ક્ષેત્રાનુપૂર્વીની સમાન જાણવું જોઈએ.**

**વિશેષ-** પ્રદેશાવગાઢના બદલે સ્થિતિ કહેવી જોઈએ.

આ સંગ્રહનયસમ્મત અનૌપનિધિકી કાળાનુપૂર્વી છે.

આ અનૌપનિધિકી કાળાનુપૂર્વી છે.

**ओवणिहिया कालाणुपुव्वी-**

१३०३. प. से किं तं ओवणिहिया कालाणुपुव्वी ?

उ. ओवणिहिया कालाणुपुव्वी-तिविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वाणुपुव्वी, २. पच्छाणुपुव्वी, ३. अणाणुपुव्वी।

प. से किं तं पुव्वाणुपुव्वी ?

उ. पुव्वाणुपुव्वी-एगसमयठिईए, दुसमयठिईए, तिसमयठिईए **-जाव-** दससमयठिईए **-जाव-** संखेज्जसमयठिईए, असंखेज्जसमयठिईए।

से तं पुव्वाणुपुव्वी।

प. से किं तं पच्छाणुपुव्वी ?

उ. पच्छाणुपुव्वी-असंखेज्जसमयठिईए **-जाव-** एक्कसमयठिईए।

से तं पच्छाणुपुव्वी।

प. से किं तं अणाणुपुव्वी ?

**ઔપનિધિકી કાળાનુપૂર્વી :**

૧૩૦૩. પ્ર. ઔપનિધિકી કાળાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉ. ઔપનિધિકી કાળાનુપૂર્વી ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે -

૧. પૂર્વાનુપૂર્વી, ૨. પશ્ચાનુપૂર્વી ૩. અનાનુપૂર્વી.

પ્ર. પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉ. પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે - એક સમયની સ્થિતિવાળી, બે સમયની સ્થિતિવાળી, ત્રણ સમયની સ્થિતિવાળી **-યાવત્-** દશ સમયની સ્થિતિવાળી **-યાવત્-** સંખ્યાત સમયની સ્થિતિવાળી, અસંખ્યાત સમયની સ્થિતિવાળી.

આ અનુક્રમે કથન કરવું તે પૂર્વાનુપૂર્વી છે.

પ્ર. પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉ. પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારે છે - અસંખ્યાત સ્થિતિવાળી **-યાવત્-** એક સમયની સ્થિતિવાળી દ્રવ્યોનું.

આ પ્રકારે વિપરીત ક્રમથી કથન કરવું તે પશ્ચાનુપૂર્વી છે.

પ્ર. અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. अणाणुपुव्वी-एयाए चेव एगादियाए एगुत्तरियाए असंखेज्ज गच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दुरूवूणो।

से तं अणाणुपुव्वी।

**अहवा**-ओवणिहिया कालाणुपुव्वी तिविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वाणुपुव्वी, २. पच्छाणुपुव्वी, ३. अणाणुपुव्वी।

प. से किं तं पुव्वाणुपुव्वी ?

उ. पुव्वाणुपुव्वी-समए, आवलिया, आणापाणू, थोवे, लवे, मुहुत्ते, दिवसे, अहोरत्ते, पक्खे, मासे, उदू, अयणे, संवच्छरे, जुगे, वाससए, वाससहस्से, वाससयसहस्से, पुव्वंगे पुव्वे, तुडियंगे तुडिए, अडडंगे अडडे, अववंगे अववे, हूहुयंगे हूहुए, उप्पलंगे उप्पले, पउमंगे पउमे, णलिणंगे णलिणे, अत्थनिउरंगे अत्थनिउरे, अउयंगे अउए, नउयंगे नउए, पउयंगे पउए, चूलियंगे चूलिए, सीसपहेलियंगे सीसपहेलिया, पलिओवमे, सागरोवमे, ओसप्पिणी, उस्सप्पिणी, पोग्गलपरियट्टे, तीतद्धा, अणागतद्धा, सव्वद्धा।

से तं पुव्वाणुपुव्वी।

प. से किं तं पच्छाणुपुव्वी ?

उ. पच्छाणुपुव्वी-सव्वद्धा अणागतद्धा **-जाव-** समए।

से तं पच्छाणुपुव्वी।

प. से किं तं अणाणुपुव्वी ?

उ. अणाणुपुव्वी-एयाए चेव एगादियाए एगुत्तरियाए अणंतगच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दुरूवूणो।

से तं अणाणुपुव्वी।

से तं ओवणिहिया कालाणुपुव्वी।

से तं कालाणुपुव्वी।

- अणु. सु. २०१-२०२

ઉ. અનાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારે છે - એકથી આરંભી અસંખ્યાત પર્યન્ત એક-એકની વૃદ્ધિ દ્વારા નિષ્પન્ન શ્રેણીમાં પરસ્પર ગુણાકાર કર્યા પછી પ્રાપ્ત મહારાશિમાંથી આદિ અને અંત બે ભંગોથી ન્યૂન (ઓછી) રાશિ અનાનુપૂર્વી છે. આ અનાનુપૂર્વીનું કથન છે.

**અથવા**-ઔપનિધિકી કાળાનુપૂર્વી ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે -

૧. પૂર્વાનુપૂર્વી, ૨. પશ્ચાનુપૂર્વી, ૩. અનાનુપૂર્વી.

પ્ર. પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉ. પૂર્વાનુપુર્વીનું સ્વરૂપ આ પ્રકારે છે - સમય, આવલિકા, આનપ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, વર્ષશત, વર્ષસહસ્ત્ર, વર્ષશતસહસ્ત્ર પૂર્વાંગ પૂર્વ, ત્રુટિતાંગ ત્રુટિત, અડડાંગ અડડ, અવવાંગ અવવ, હુહુકાંગ હુહુક, ઉત્પલાંગ ઉત્પલ, પદ્માંગ પદ્મ, નલિનાંગ નલિન, અર્થનિપુરાંગ અર્ધનિપુર, અયુતાંગ અયુત, નયુતાંગ નયુત, પ્રયુતાંગ પ્રયુત, ચૂલિકાંગ ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ શીર્ષપ્રહેલિકા પલ્યોમ, સાગરોપમ અવસર્પિણી, ઉત્સર્પિણી, પુદ્‌ગલપરાવર્ત અતીતકાળ, અનાગતકાળ, સર્વકાળ, (આ પ્રકારે ક્રમથી કથન કરવું તે કાળની અપેક્ષા પૂર્વાનુપૂર્વી છે.)

આ પૂર્વાનુપૂર્વી છે.

પ્ર. પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉ. પશ્ચાનુપુર્વીનું સ્વરૂપ આ પ્રકારે છે - સર્વકાળ, અનાગતકાળ **-યાવત્-** સમય પર્યન્ત વ્યુત્ક્રમથી પદોની સ્થાપના કરવું તે પશ્ચાનુપૂર્વી છે.

આ પશ્ચાનુપૂર્વી છે.

પ્ર. અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉ. અનાનુપુર્વીનું સ્વરૂપ આ પ્રકારે છે - એકથી પ્રારંભ કરી એકોત્તર (સુધી) વૃદ્ધિ કરીને સર્વકાળ પર્યન્તની શ્રેણીમાં સ્થાપિત કરી પરસ્પર ગુણાકારથી નિષ્પન્ન રાશિમાંથી આદ્ય અને અંતિમ બે ભંગોને બાદ કર્યા પછી વધેલા ભંગ અનાનુપૂર્વી છે.

આ અનાનુપૂર્વી છે.

આ ઔપનિધિકી કાળાનુપૂર્વી છે.

આ કાળાનુપૂર્વી છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

**कालस्स भेयाणं परूवणं--**

१३०४. तिविहे काले पण्णत्ते, तं जहा-

(१) तीए[१], (२) पडुप्पन्ने[२], (३) अणागए[३]।

तिविहे समए पण्णत्ते, तं जहा-

(१) तीए, (२) पडुप्पन्ने, (३) अणागए।

**एवं आवलिया -जाव- वाससयसहस्से।**

**पुव्वंगे, पुव्वे -जाव- ओसप्पिणी।**

-- ठाणं अ. ३, उ. ४, सु. १९७

**कालस्स भेय चउक्क परूवणं-**

१३०५. प. कइविहे णं भंते ! काले पण्णत्ते ?

उ. सुदंसणा ! चउव्विहे काले पण्णत्ते[४], तं जहा-

(१) पमाणकाले[५], (२) अहाउनिव्वत्तिकाले[६], (३) मरणकाले[७], (४) अद्धकाले।[८]

-- भग. स. ११, उ. ११, सु. ७

**दिवसरत्ति पमाण काल परूवणं-**

१३०६. प. से किं तं पमाण काले ?

उ. पमाण काले दुविहे पण्णत्ते, तं जहा-

**કાળના ભેદોનું પ્રરૂપણ :**

૧૩૦૪. કાળ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) અતીત = ભૂતકાળ, (૨) પ્રત્યુત્પન્ન = વર્તમાનકાળ, (૩) અનાગત = ભવિષ્યતકાળ.

સમય ત્રણ પ્રકારનો કહેવામાં આવ્યો છે, જેમકે -

(૧) અતીત, (૨) પ્રત્યુત્પન્ન, (૩) અનાગત.

**આ પ્રકારે આવલિકા -યાવત્- લાખ વર્ષ.**

**તેમજ પૂર્વાંગ પૂર્વ-યાવત્-અવસર્પિણી પણ ત્રણ-ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે.**

**કાળના ચાર ભેદોનું પ્રરૂપણ :**

૧૩૦૫. પ્ર. ભગવન્ ! કાળ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. સુદર્શન ! કાળ ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) પ્રમાણકાળ, (૨) આયુનિર્વૃત્તિકાળ, (૩) મરણકાળ, (૪) અદ્ધાકાળ.

**દિવસ-રાત્રિ પ્રમાણકાળનું પ્રરૂપણ :**

૧૩૦૬. પ્ર. પ્રમાણકાળ કેટલા પ્રકારના છે ?

ઉ. પ્રમાણકાળ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

---

१. अति - अतिशयेनेतो गतोऽतीतः वर्तमानत्व मतिक्रान्त, इत्यर्थः।
२. साम्प्रतं उत्पन्नः प्रत्युत्पन्नो वर्तमान इत्यर्थः।
३. न आगहोऽनागतो वर्तमानत्वमप्राप्तो भविष्यन्नित्यर्थः।
४. ठाणं अ. ४, उ. १, सु. २६४।
५. "पमाण काले" त्ति - तत्र प्रमीयते-परिच्छिद्यते येन वर्षशत-पल्योपमादि तत्प्रमाणं तदेव कालः प्रमाणकालः स च अद्धाकालविशेष एव दिवसादिलक्षणो मनुष्यक्षेत्रान्तर्वर्तीति उक्तं च गाहा-
दुविहो पमाणकालो, दिवसपमाणं च होई राई य। चउपोरिसिओ दिवसो, राई चउपोरिसी चेव ॥
६. "अहाउयनिव्वत्तिकाले" त्ति - यथा- यत्प्रकारं नारकादि भेदेनायुः कर्मविशेषो, यथा-छुस्तस्य रौद्रादिध्यानादिना निर्वृत्ति- बन्धनं तस्याः सकाशाद्यः कालो नारकादित्वेन स्थितिर्जीवानां स यथायुर्निर्वृत्तिकालः।
अथवा - यथाऽऽयुषो निर्वृतिस्तथा यः कालो - नारकादि भवेऽवस्थानं स तथेति।
अयमप्यद्धाकाल एवायुष्क कर्मानुभवविशिष्टः सर्वसंसारिजीवानां वर्तनादिरूप इति।
उक्तं च गाहा - आउयमेत्तविसिट्ठो, स एव जीवाणं वत्तणादिमओ। भन्नइ अहाउकालो, वत्तइ जो जच्चिरं जेण॥
७. "मरणकाले" त्ति - मरणस्स-मृत्योः कालः समयो मरणकालः।
अयमप्यद्धा समय विशेष एव, मरणविशिष्टो मरणमेव वा कालो, मरणपर्यायत्वादिति।
उक्तं च गाहा - कालोत्ति मयं मरणं, जहेह मरणं गओति कालगाओ। तम्हा स कालकाओ, जो जस्स मओ मरणकालो॥
८. "अद्धाकाले" त्ति - तथा अद्धैव कालः अद्धाकालः, काल शब्दो हि वर्णप्रमाणकालादिष्वपि वर्तते।
ततो अद्धाशब्देन विशिष्यत इति। अयं च सूर्यक्रिया विशिष्टो मनुष्यक्षेत्रान्तर्वर्ती समयादिरूपोऽवसेयः।
उक्तं च गाहाओ - सूरकिरिया विसिट्ठो, गोदोहाइकिरिया सु निरवेक्खो। अद्धाकालो भन्नइ, समयखेत्तंमि समयाइ॥
समयावलिमुहुत्ता, दिवसमहोरत्त-पक्ख-मासा य। संवच्छर-जुग-पलिया, सागर-ओसप्पि-परियट्टा॥
द्रव्यपर्याय भूतस्य कालस्य चतुस्थानकमुक्तम्।
- स्थानांग टीका

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(१) दिवसप्पमाण काले य, (२) रत्तिप्पमाण काले य।

चउपोरिसिए दिवसे भवइ, चउपोरिसिया राई भवइ।

जहन्निया तिमुहुत्ता दिवस्स वा, राईए वा पोरिसी भवइ।

उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा, राईए वा पोरिसी भवइ।

-- भग. स. ११, उ. ११, सु. ८

(૧) દિવસપ્રમાણકાળ, (૨) રાત્રિપ્રમાણકાળ.

ચાર પોરસીનો દિવસ થાય છે અને ચાર પોરસીની રાત્રિ થાય છે.

દિવસ અથવા રાત્રિની જઘન્ય પોરસી ત્રણ-ત્રણ મુહૂર્તની થાય છે.

દિવસ અથવા રાત્રિની ઉત્કૃષ્ટ પોરસી સાડા ચાર-ચાર મુહૂર્તની થાય છે.

**मासाइ पमाणकाल परूवणं -**

१३०७. **गाहाओ--**

आसाढे मासे दुपया, पोसे मासे चउप्पया।
चित्तासोएसु मासेसु, तिपया हवइ पोरिसी ॥१३॥

अंगुलं सत्तरत्तेणं, पक्खेणं तु दुयंगुलं।
वड्ढए हायए वा वि, मासेणं चउरंगुलं ॥१४॥

--- उत्तरा. अ. २६, गा. १३-१४

फग्गुण-पुण्णमासिणीए णं सूरिए चत्तालीसंगुलियं पोरिसिछायं निव्वट्टइत्ता णं चारं चरइ।

**एवं कत्तियाए वि पुण्णिमाए।**

-- सम. ४०, सु. ६, ७

**માસાદિ પ્રમાણકાળનું પ્રરૂપણ :**

૧૩૦૭. **ગાથાર્થ-**

આષાઢ માસમાં બે પાદ પ્રમાણ, પોષમાસમાં ચાર પાદ પ્રમાણ, ચૈત્ર અને અશ્વિન માસમાં ત્રણ પાદ પ્રમાણ પોરસી હોય છે.

સાત દિવસ-રાત્રિમાં એક-એક આંગળ, પક્ષમાં બે-બે આંગળ, માસમાં ચાર-ચાર આંગળ (પાદ-છાયા) ની હાનિ અને વૃદ્ધિ થાય છે.

(શ્રાવણ માસથી પોષમાસ સુધી (પાદ-છાયાની) વૃદ્ધિ અને માઘ માસથી અષાઢ માસ સુધી (પાદ-છાયાની) હાનિ થાય છે.

ફાલ્ગુની પૂર્ણિમાના દિવસે સૂર્ય ચાલીસ આંગળ પ્રમાણ પોરસી છાયા કરીને ગતિ કરે છે.

**એ જે પ્રમાણે કાર્તિક પૂર્ણિમાના દિવસે પણ ગતિ કરે છે.**

**जहन्नुक्कोसिया पोरिसी-**

१३०८. प. जया णं भंते! उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी। तया णं कइभागमुहुत्तभागे णं परिहायमाणी परिहायमाणी जहन्निया तिमुहुत्ता दिवस्स वा राईए वा पोरिसी भवइ?

जया णं जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ। तया णं कइभागमुहुत्तभागे णं परिवड्ढमाणी परिवड्ढमाणी उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ?

**જઘન્ય અને ઉત્કૃષ્ટ પોરસી :**

૧૩૦૮. પ્ર. ભગવન્! જ્યારે દિવસ અને રાત્રિની સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પોરસી થાય છે ત્યારે એક મુહૂર્તના કેટલા ભાગ ઘટતા-ઘટતા દિવસ અને રાત્રિની ત્રણ મુહૂર્તની જઘન્ય પોરસી થાય છે?

અને જ્યારે દિવસ અને રાત્રિની ત્રણ મુહૂર્તની જઘન્ય પોરસી થાય છે ત્યારે એક મુહૂર્તના કેટલા ભાગ વધતા-વધતા દિવસ અને રાત્રિની સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પોરસી થાય છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. सुदंसणा ! जया णं उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ, तया णं बावीससयभाग मुहुत्तभागेणं परिहायमाणी परिहायमाणी जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ।

जया वा जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ तया णं बावीससयभाग मुहुत्त भागेणं परिवड्ढमाणी परिवड्ढमाणी उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ।

प. कया णं भंते ! उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ ?

कया वा जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ ?

उ. सुदंसणा ! जया णं उक्कोसए अट्ठारस मुहुत्ते दिवसे भवइ जहन्निया दुवालसमुहुत्ता राई भवइ तया णं उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स पोरिसी भवइ जहन्निया तिमुहुत्ता राईए पोरिसी भवइ।

जया वा उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहन्नए दुवालसमुहुत्ते दिवसे भवइ तया णं उक्कोसिया अद्धपंचममुहुत्ता राईए पोरिसी भवइ जहन्निया तिमुहुत्ता दिवसस्स पोरिसी भवइ।

प. कया णं भंते ! उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ जहन्निया दुवालसमुहुत्ता राई भवइ ?

कया वा उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ जहन्नए दुवालस मुहुत्ते दिवसे भवइ ?

उ. सुदंसणा ! आसाढ पुण्णिमाए[१] उक्कोसए अट्ठारस मुहुत्ते दिवसे भवइ जहन्निया दुवालसमुहुत्ता राई भवइ।

पोस पुण्णिमाए णं उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ[२] जहन्नए दुवालसमुहुत्ते दिवसे भवइ।[३]

-- भग. स. ११, उ. ११, सु. ९-११

સુદર્શન ! જ્યારે દિવસ અને રાત્રિની સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પોરસી હોય છે ત્યારે એક મુહૂર્તના એક સો બાવીસમાં ભાગ જેટલી ઘટતી-ઘટતી દિવસ અને રાત્રિની ત્રણ મુહૂર્તની જઘન્ય પોરસી થાય છે.

અને જ્યારે દિવસ અને રાત્રિની ત્રણ મુહૂર્તની જઘન્ય પોરસી થાય છે ત્યારે એક મુહૂર્તના એકસો બાવીસમાં ભાગ જેટલી વધતી-વધતી દિવસ અને રાત્રિની સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પોરસી થાય છે.

પ્ર. ભગવન્ ! દિવસ અને રાત્રિની સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પોરસી ક્યારે થાય છે ?

તથા દિવસ અને રાત્રિની ત્રણ મુહૂર્તની જઘન્ય પોરસી ક્યારે થાય છે ?

ઉ. સુદર્શન ! જ્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ થાય છે ત્યારે ઉત્કૃષ્ટ સાડા ચાર મુહૂર્તની દિવસની પોરસી થાય છે અને જઘન્ય ત્રણ મુહૂર્તની રાત્રિની પોરસી થાય છે.

તથા જ્યારે ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ હોય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ હોય છે. ત્યારે ઉત્કૃષ્ટ સાડા ચાર મુહૂર્તની રાત્રિની પોરસી હોય છે અને જઘન્ય ત્રણ મુહૂર્તની દિવસની પોરસી હોય છે.

પ્ર. ભગવન્ ! ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ ક્યારે થાય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ ક્યારે થાય છે ?

તથા ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ ક્યારે થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ ક્યારે થાય છે ?

ઉ. સુદર્શન ! આષાઢ પૂર્ણિમાએ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

પોષ પૂર્ણિમાએ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

---

१. इह आषाढ पौर्णमास्यामिति यदुक्तम् तत् पञ्च सांवत्सरिक युगस्य अन्तिम वर्षापेक्षया अवसेयम्। यतस्तत्रैव आषाढ-पौर्णमास्यामष्टादश मुहूर्तो दिवसो भवति। अर्द्ध पंचमुहूर्ता च तत्पौरूषी भवति।

२. सम. सम. १८, सु. ८

३. सम. सम. १३, सु. ८-९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**दिवसस्स वा राईए वा समा पोरिसी--**

१३०९. प. अत्थि णं भंते ! दिवसा य राईओ य समा चेव भवंति ?

उ. हंता, सुदंसणा ! अत्थि।

प. कया णं भन्ते ! दिवसा य राईओ य समा चेव भवंति ?

उ. सुदंसणा ! चेत्ताऽऽसोयपुण्णिमासु णं एत्थ णं दिवसा य राईओ य समा चेव भवंति।

पण्णरस मुहुत्ते दिवस भवइ, पण्णरसमुहुत्ता राई भवइ।[१]

चउभागमुहुत्तभागूणा चउमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ।

**से त्तं पमाण काले।**

-- भग. स. ११, उ. ११, सु. १२-१३

**દિવસ અને રાત્રિ એ સમાન પોરસી :**

૧૩૦૯. પ્ર. ભગવન્ ! દિવસ અને રાત્રિની શું પોરસી સમાન થાય છે ?

ઉ. હા સુદર્શન ! થાય છે.

પ્ર. ભગવન્ ! દિવસ અને રાત્રિ સમાન ક્યારે હોય છે ?

ઉ. સુદર્શન ! ચૈત્રી પૂર્ણિમા અને આસોજી પૂર્ણિમાનો દિવસ અને રાત્રિ સમાન હોય છે.

પંદર મુહૂર્તનો દિવસ હોય છે અને પંદર મુહૂર્તની રાત્રિ હોય છે.

એક મુહૂર્તના ચાર ભાગ ઓછા ચાર મુહૂર્તનો દિવસ અને રાત્રિની પોરસી થાય છે.

**આ પ્રમાણ કાળ છે.**

**चेत्तासोएसु मासेसु पोरिसीच्छायप्पमाणं-**

१३१०. चेत्तासोएसु णं मासेसु सह छत्तीसंगुलियं सूरिए पोरिसीछायं निव्वत्तइ। -सम. सम. ३६, सु. ४

**ચૈત્ર અને આસો માસમાં પોરસી છાયાનું પ્રમાણ :**

૧૩૧૦. ચૈત્ર અને અશ્વિન માસમાં સૂર્ય એકવાર છત્રીસ આંગળ પ્રમાણ પોરસી છાયા કરે છે.

**कत्तियबहुल सत्तमीए पोरिसीच्छायप्पमाणं-**

१३११. कत्तियबहुलसत्तमीए णं सूरिए सत्ततीसंगुलियं पोरिसिच्छायं निव्वत्तइत्ता णं चारं चरइ।

-सम. सम. ३७, सु. ५

**કાર્તિક વદી સાતમે પોરસી છાયાનું પ્રમાણ :**

૧૩૧૧. કાર્તિક વદ સાતમના દિવસે સૂર્ય સાડત્રીસ આંગળની પોરસી છાયા કરતો એવો ગતિ કરે છે.

**अहाउनिव्वत्तिकाल परूवणं--**

१३१२. प. से किं तं अहाउनिव्वत्तिकाले ?

उ. अहाउनिव्वत्ति काले जेणं जेणं नेरइएण वा तिरिक्खजोणिएण वा, मणुस्सेण वा, देवेण वा अहाउयं निव्वत्तियं।

**से त्तं अहाउनिव्वत्ति काले।**

- भग. स. ११, उ.११, सु. १४

**યથાયુનિવૃત્તિકાળનું પ્રરૂપણ :**

૧૩૧૨. પ્ર. યથાયુનિવૃત્તિકાળ કેવા પ્રકારનો છે ?

ઉ. જે કોઈ નૈરયિકે, તિર્યક્યોનિકે મનુષ્યે કે દેવને જે પ્રકારનું આયુષ્ય બાંધેલું હોય તો એ પ્રમાણે ભોગવે

**તે યથાયુનિવૃત્તિકાળ છે.**

**मरणकाल परूवणं-**

१३१३. प. से किं तं मरणकाले ?

उ. मरणकाले, जीवो वा सरीराओ सरीरं वा जीवाओ।

**से त्तं मरणकाले।**

- भग. स. ११, उ. ११, सु. १५

**મરણકાળ પ્રરૂપણ :**

૧૩૧૩. પ્ર. મરણકાળ શું છે ?

ઉ. શરીરથી જીવનો કે જીવથી શરીરનો વિયોગ થાય.

**તે મરણકાળ છે.**

१. (क) सम. सम. १५, सु. ५

(ख) इह च चेत्तोसोयपुण्णिमासु णं इत्यादि यदुच्यते तद् व्यवहारनया पक्षम् निश्चयस्तु कर्क-मकर अड्क्रान्तिदिनाद् आभ्य-यद् द्विनवतित्तमम् अहोरात्रम् तस्यार्धे समा दिवस-रात्रि प्रमाणता।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अद्धाकाल परूवणा--**

१३१४. प. से कि तं अद्धा काले ?

उ. अद्धा काले अणेगविहे पण्णत्ते, तं जहा-

से णं समयट्ठयाए, आवलियट्ठयाए **-जाव-** उस्सप्पिणियट्ठयाए।

एस णं सुदंसणा! अद्धा दोहारच्छेदेणं छिज्जमाणी जाहे विभागं नो हव्वमागच्छति। **सेत्तं समए समयट्ठयाए।**

असंखेज्जाणं समयाणं समुदयसमिति समागमेणं सा एगा आवलियत्ति पवुच्चइ।

संखेज्जाओ आवलियाओ **-जाव-**[1] तं सागरोवमस्स उ एगस्स भवे परिमाणं।

-- भग. स. ११, उ. ११, सु. १६

**काल प्रमाणस्स भेया-**

१३१५. प. से किं तं कालप्पमाणे ?

उ. कालप्पमाणे दुविहे पण्णत्ते, तं जहा--

१. पदेसनिप्पण्णे य, २. विभागनिप्पण्णे य।

प. से किं तं पदेसनिप्पण्णे ?

उ. पदेसनिप्फण्णे एगसमयट्ठिईए, दुसमयट्ठिईए, तिसमयट्ठिईए **-जाव-** दससमयट्ठिईए, असंखेज्जसमयट्ठिईए।

**से तं पदेसनिप्पण्णे।**

प. से किं तं विभागनिप्पण्णे ?

उ. विभागनिप्पण्णे-

**गाहा-**

समयाऽऽवलिय-मुहुत्ता,
दिवस-अहोरत्त- पक्खमासा य।
संवच्छर-जुग-पलिया,
सागर-ओसप्पि- परियट्टा॥

**से तं विभाग निप्पण्णे।**

-- अणु. सु. ३६३-३६५

**અદ્ધાકાળનું પ્રરૂપણ :**

૧૩૧૪. પ્ર. અદ્ધાકાળ કેટલા પ્રકારના છે ?

ઉ. અદ્ધાકાળ અનેક પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે- સમય રૂપ, આવલિકા રૂપ **-યાવત્-** ઉત્સર્પિણીરૂપ.

સુદર્શન ! જે કાળના બે ભાગ કરવા છતાં બે ભાગ નથી થતા. **તે સમય-સમય રૂપ છે.**

અસંખ્ય સમયોનો સમુદાય સમ્મિલિત થવાથી જે કાળ થાય છે, તે એક 'આવલિકા' કહેવાય છે.

સંખ્યેય આવલિકાઓનો એક શ્વાસોચ્છ્વાસ થાય છે **-યાવત્-** તે એક સાગરોપમનું પ્રમાણ હોય છે.

**કાળપ્રમાણના ભેદ :**

૧૩૧૫. પ્ર. કાળ પ્રમાણના કેટલા ભેદ છે ?

ઉ. કાળ પ્રમાણ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -
(૧) પ્રદેશનિષ્પન્ન, (૨) વિભાગનિષ્પન્ન.

પ્ર. પ્રદેશ નિષ્પન્નનું સ્વરૂપ કેવું છે ?

ઉ. એક કાળ પ્રદેશથી નિષ્પન્ન = એક સમયની સ્થિતિવાળું, બે સમયની સ્થિતિવાળા ત્રણ સમયની સ્થિતિવાળા **- યાવત્-** દસ સમયની સ્થિતિવાળા તથા અસંખ્ય સમયોની સ્થિતિવાળા (પરમાણુ કે સ્કન્ધ) પ્રદેશ નિષ્પન્ન કહેવામાં આવે છે.

**આ પ્રદેશ નિષ્પન્ન કાળનું વર્ણન થયું.**

પ્ર. વિભાગ નિષ્પન્નનું સ્વરૂપ કેવું છે ?

ઉ. વિભાગ નિષ્પન્નનું સ્વરૂપ આ પ્રકારે છે -

**ગાથાર્થ -**

સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, સંવત્સર, યુગ, પલ્ય, સાગર, અવસર્પિણી અને પરાવર્તન.

**આ વિભાગ નિષ્પન્નનું વર્ણન થયું.**

१. भग. स. ६, उ. ७, सु. ४-७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सोदाहरणं समयसरूव-परूवणं-**

१३१६. प. से किं तं समए ?

उ. समयस्स परूवणं करिस्सामि-

**से जहा णामए-** तुण्णागदारए सिया तरूणे, बलवं जुगवं जुवाणे, अप्पायंके, थिरग्गत्थे, दढपाणि- पाय-पास-पिट्ठंतरोरूपरिणए, तलजमलजुयल- परिघणिभबाहू, चम्मेट्ठग-दुहण-मुट्ठियसमाहय निचियगत्तकाये, लंघणपवण-जइणवायामसमत्थे, उरस्सबलसमण्णागए, छेए, दक्खे, पत्तट्ठे कुसले मेहावी निउणे निउणसिप्पोवगए एगं महतिं पडसाडियं वा, पट्टसाडियं वा गहाय सयराहं हत्थेमेत्तं ओसोरेज्जा। तत्थ चोयए पण्णवयं एवं वयासी -

प. जे णं कालेणं ते णं तुण्णागदारएणं तीसे पडसाडियाए वा, पट्टसाडियाए वा सयराहं हत्थमेत्ते ओसारिए से समए भवइ ?

उ. नो इणट्ठे समट्ठे।

प. कम्हा ?

उ. जम्हा संखेज्जाणं तंतूणं समुदयसमितिसमागमेणं पडसाडिया निप्पज्जइ। उवरिल्लम्मि तंतुम्मि अच्छिण्णे हेट्ठिल्ले तंतूणं छिज्जइ। अण्णंमि काले उवरिल्ले तंतू छिज्जइ, अण्णम्मि काले हेट्ठिल्ले तंतू छिज्जइ तम्हा से समए न भवइ। एवं वयंतं पण्णवगं चोयए एवं वयासी-

प. जेणं कालेणं तेणं तुण्णागदारए णं तीसे पडसाडियाए वा, पट्टसाडियाए वा उवरिल्ले तंतू छिण्णे से समए ?

उ. ण भवइ।

प. कम्हा ?

**ઉદાહરણ સહિત સમયના સ્વરૂપનું પ્રરૂપણ :**

૧૩૧૬. પ્ર. સમયનું સ્વરૂપ કેવું છે ?

ઉ. સમયનું પ્રરૂપણ હું કરીશ -

**જે પ્રમાણે** - કોઈ એક નામવાળો ચોથા આરામાં ઉત્પન્ન દરજીનો પુત્ર છે. જે તરૂણ યુવા બળવાન અને નિરોગી છે. જેનું શરીર સંહનન તેમજ વક્ષસ્થળ વજ્રમય છે. જેના હાથ, પગ, પુંઠનો ભાગ તથા જાંઘ સુદઢ છે. જેણે મુદ્ગર (ઘણ) ઘુમાવીને તથા અનેક પ્રકારના વ્યાયામ કરીને શરીરને સશક્ત તેમજ સામર્થ્ય સમ્પન્ન બનાવી લીધું છે. જેના બન્ને બાહુ તાલ જેવા લાંબા નગરના આગળા જેવા સીધા તેમજ પુષ્ટ છે. જેની હથેલીઓ અને આંગળીઓ અકંપિત છે. જે ચતુર નિપુણ શિલ્પી છે. જે લક્ષ્ય સિદ્ધિમાં સફળ તથા કાર્યકુશળ મેધાવી કારીગર છે. જો મજબૂત બનેલી (એવી) એક વિશાળ પટશાટિકા કે પટ્ટી (દરી) ને પકડીને એક ઝાટકાની સાથે ફાડી નાંખે એ સમય શિષ્ય ગુરૂને આ પ્રમાણે કહેવે -

પ્ર. જે સમય (માં) એ દરજીના પુત્રને એ પટશાટિકા કે પટ્ટીને પકડીને એક ઝાટકા સાથે હાથ (જેટલો) "ફાડયો" તે (શું) એક સમય થયો ?

ઉ. ગુરૂ બોલ્યા - એ અર્થ સમર્થ નથી.

પ્ર. શિષ્યે પૂછયું - કેમ ?

ઉ. સંખ્યેય તન્તુઓના સમ્મિલિત સમુદાયનું પરસ્પર ભેગા થવાને (કારણે) પટશાટિકાનું નિર્માણ થાય છે. ઉપરના તન્તુ છિન્ન થયા વગેરે નીચેના તંતુ છિન્ન થતા નથી. ઉપરવાળા તન્તુ અન્યકાળમાં છિન્ન થાય છે અને નીચેવાળા તન્તુ અન્યકાળમાં છિન્ન થાય છે- એટલે તે સમય થતો નથી- આ પ્રમાણે કહેતા એવા ગુરૂને શિષ્ય આ પ્રમાણે કહ્યું -

પ્ર. આ દરજી પુત્રે આ પટશાટિકાના ઉપરવાળું તન્તુને જે કાળમાં છિન્ન કર્યા શું તે કાળ સમય કહી શકાય ?

ઉ. નથી.

પ્ર. કેવી રીતે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. जम्हा संखेज्जाणं पम्हाणं समुदयसमितिसमागमेणं एगे तंतू-निप्फज्जइ । उवरिल्ले पम्हम्मि अच्छिण्णे हेट्ठिल्ले पम्हे न छिज्जइ। अण्णम्मि काले उवरिल्ले पम्हे छिज्जइ, अण्णम्मि काले हेट्ठिल्ले पम्हे छिज्जइ-तम्हा से समए ण भवइ। एवं वयंतं पण्णवगं चोयए एवं वयासी-

प. जेणं कालेणं तेणं तुण्णागदारएणं तस्स तंतुस्स उवरिल्ले पम्हे छिण्णे से समए ?

उ. ण भवइ।

प. कम्हा ?

उ. जम्हा अणंताणं संघाताणं समुदयसमितिसमागमेणं एगे णिप्फज्जइ । उवरिल्लेसंघाते अविसंघातिए हेट्ठिल्ले संघाते णं विसंघाडिज्जइ । अण्णंम्मि काले उवरिल्ले संघाए विसंघाइज्जइ, अण्णम्मि काले हेट्ठिल्ले संघाए विसंघाइज्जइ तम्हा से समए ण भवइ.

(१) एत्तो वि णं सुहुमतराएसमए पण्णत्ते समणाउसो ! -- अणु. सु. ३६६

ઉ. સંખ્યેય પક્ષ્મો (સૂક્ષ્મ તન્તુઓ) ના સમ્મિલિત સમુદાયના પરસ્પર મિલન (ભેગા થવા) પર એક તન્તુ નિષ્પન્ન થાય છે. ઉપરવાળા પક્ષ્મ (સૂક્ષ્મ) તંતુ છૂટા પડયા સિવાય નીચેવાળા સૂક્ષ્મ તંતુ છૂટા પડતા નથી. ઉપરવાળા સૂક્ષ્મ તંતુ અન્ય કાળમાં છૂટા પડે છે અને નીચેવાળા સૂક્ષ્મ તંતુ અન્ય કાળમાં છૂટા પડે છે. એટલે તે સમય થતો નથી. આ પ્રમાણે કહેતા એવા ગુરૂને શિષ્ય આ પ્રમાણે બોલ્યો-

પ્ર. આ દરજી પુત્રે એ તંતુની ઉપરવાળા સૂક્ષ્મ તંતુને જે કાળમાં છૂટા કર્યા શું તે સમય છે ?

ઉ. નથી.

પ્ર. કેવી રીતે ?

ઉ. અનંત સૂક્ષ્મકણોનો સમ્મિલિત સમુદાયના પરસ્પર ભેગા થવાથી એક સૂક્ષ્મ તંતુ ઉત્પન્ન થાય છે. ઉપરવાળા સૂક્ષ્મકણો છૂટા થવા વગર નીચેવાળા સૂક્ષ્મકણો છૂટા થતા નથી. ઉપરવાળા સૂક્ષ્મકણો અન્યકાળમાં ભિન્ન થાય છે અને નીચેવાળા સૂક્ષ્મકણો અન્યકાળમાં ભિન્ન થાય છે એટલે તે સમય થતો નથી.

(૧) હે આયુષ્માન્ શ્રમણ ! એમાં પણ સૂક્ષ્મતરને 'સમય' કહેવામાં આવ્યો છે.

**आवलियाईणं पमाणं--**

१३१७. (२) असंखेज्जाणं समयाणं समुदयसमितिसमागमेणं सा एगा आवलियत्ति पवुच्चइ।

(३) संखेज्जाओ आवलियाओ ऊसासो,

(४) संखेज्जाओ आवलियाओ नीसासो।

**गाहाओ--**

५. हट्ठस्स अणवगल्लस्स, निरूवकिट्ठस्स जंतुणो।
एगे ऊसास-नीसासे, एस ''पाणु'' त्ति वुच्चइ।

६. सत्तपाणुणि से ''थोवे'',

७. सत्तथोबाणि से ''लवे''।

८. लवाणं सत्तहत्तरिए, एस ''मुहुत्ते'' वियाहिए।

**આવલિકા આદિનું પ્રમાણ :**

૧૩૧૭. (૨) અસંખ્યસમયોના સંમિલિત સમુદાયના પરસ્પર સમાગમને એક 'આવલિકા' કહેવામાં આવે છે.

(૩) સંખ્યેય આવલિકા જેટલો એક ઉચ્છ્વાસ થાય છે.

(૪) સંખ્યેય આવલિકા જેટલો જ એક નિશ્વાસ હોય છે.

**ગાથાર્થ -**

(૫) (જરા) ઘડપણ અને વ્યાધિ (રોગ) રહિત એવો સંતુષ્ટ મનુષ્યનો એક ઉચ્છ્વાસ - નિશ્વાસને 'પ્રાણ' કહેવામાં આવે છે.

(૬) સાત પ્રાણ જેટલો (કાળ) એક 'સ્તોક' થાય છે.

(૭) સાત સ્તોક જેટલો (કાળ) એક 'લવ' થાય છે.

(૮) સિત્યોતેર લવ જેટલો (કાળ) એક 'મુહૂર્ત' થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९. तिण्णि सहस्सा सत्तय, सयाणि तेहत्तरिं च उस्सासा । एस "मुहुत्तो" भणिओ, सव्वेहिं अणंतनाणीहिं एएणं मुहुत्तपमाणेणं ।

(१०) तीसंमुहुत्ता "अहोरत्ते",

(११) पण्णरस अहोरत्ता "पक्खो",

(१२) दो पक्खा "मासो",

(१३) दो मासा "उऊ",

(१४) तिण्णि उऊ "अयणं",

(१५) दो अयणाइं "संवच्छरे",

(१६) पंच संवच्छरिए "जुगे",

(१७) वीसं जुगाइं "वाससयं",

(१८) दसवाससयाइं "वाससहस्सं",

(१९) सयं वाससहस्साणं "वाससयसहस्सं",

(२०) चउरासीइं वाससयसहस्साइं से एगे "पुव्वंगे",

(२१) चउरासीइं पुव्वंगसयसहस्साइं से एगे "पुव्वे",

(२२) चउरासीइं पुव्वसयसहस्साइं से एगे "तुडियंगे",

(२३) चउरासीइं तुडियंगसयसहस्साइं से एगे "तुडिए"

(२४) चउरासीइं तुडियसयसहस्साइं से एगे "अडडंगे",

(२५) चउरासीइं अडडंगसयसहस्साइं से एगे "अडडे",

(२६) चउरासीइं अडडसयसहस्साइं से एगे "अववंगे",

(२७) चउरासीइं अववंगसयसहस्साइं से एगे "अववे",

(२८) चउरासीइं अववसयसहस्साइं से एगे "हूहुयंगे",

(२९) चउरासीइं हूहुयंगसयसहस्साइं से एगे "हुहुए",

**(३०) एवं उप्पलंगे, (३१) उप्पले, (३२) पउमंगे, (३३) पउमे, (३४) नलिनंगे, (३५) नलिने, (३६) अत्तनिउरंगे, (३७) अत्तनिउरे, (३८) अउयंगे, (३९) अउए, (४०) णउअंगे, (४१) णउए, (४२) पउअंगे, (४३) पउए, (४४) चुलियंगे, (४५) चूलिया ।**

(४६) चउरासीइं चूलियासयसहस्साइं से एगे "सीस पहेलियंगे",

(૯) ત્રણ હજાર સાતસો તોત્તેર ઉચ્છ્‌વાસ જેટલા (કાળને) બધા જ્ઞાનીઓએ એક મુહૂર્ત કહ્યો છે.

આ મુહૂર્ત પ્રમાણથી -

(૧૦) ત્રીસ મુહૂર્તનો એક અહોરાત્ર,

(૧૧) પંદર અહોરાત્રનો એક પક્ષ,

(૧૨) બે પક્ષોનો એક માસ,

(૧૩) બે માસની એક ઋતુ,

(૧૪) ત્રણ ઋતુનો એક અયન,

(૧૫) બે અયનનો એક સંવત્સર,

(૧૬) પાંચ સંવત્સરનો એક યુગ,

(૧૭) વીસ યુગોના સો વર્ષ,

(૧૮) દસ સો વર્ષના એક હજાર વર્ષ,

(૧૯) સો હજાર વર્ષોના એક લાખવર્ષ,

(૨૦) ચોર્યાસી લાખ વર્ષોનો એક પૂર્વાંગ,

(૨૧) ચોર્યાસી લાખ પૂર્વાંગનો એક પૂર્વ,

(૨૨) ચોર્યાસી લાખ પૂર્વોનો એક ત્રુટિતાંગ,

(૨૩) ચોર્યાસી લાખ ત્રુટિતાંગનો એક ત્રુટિત,

(૨૪) ચોર્યાસી લાખ ત્રુટિતનો એક અડડાંગ,

(૨૫) ચોર્યાસી લાખ અડડાંગનો એક અડડ,

(૨૬) ચોર્યાસી લાખ અડડનો એક અવવાંગ,

(૨૭) ચોર્યાસી લાખ અવવાંગનો એક અવવ,

(૨૮) ચોર્યાસી લાખ અવવનો એક હૂહૂકાંગ,

(૨૯) ચોર્યાસી લાખ હૂહૂકાંગનો એક હૂહૂક,

**(૩૦) એવી જ રીતે - ઉત્પલાંગ, (૩૧) ઉત્પલ,**

| | |
|---|---|
| **(૩૨) પદ્માંગ,** | **(૩૩) પદ્મ,** |
| **(૩૪) નલિનાંગ,** | **(૩૫) નલિન,** |
| **(૩૬) અર્થનિકુરાંગ,** | **(૩૭) અર્થનિકુર,** |
| **(૩૮) અયુતાંગ,** | **(૩૯) અયુત,** |
| **(૪૦) નયુતાંગ,** | **(૪૧) નયુત,** |
| **(૪૨) પ્રયુતાંગ,** | **(૪૩) પ્રયુત,** |
| **(૪૪) ચૂલિકાંગ,** | **(૪૫) ચૂલિકા.** |

(૪૬) ચોર્યાસી લાખ ચૂલિકાનો એક શીર્ષ પ્રહેલિકાંગ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(४७) चउरासीइं सीसपहेलियंगसयसहस्साइं सा एगा "सीसपहेलिया",

एताव तावगणिए, एयावए चेव गणियस्स विसए, अतो परं ओवमिए।[1]

-- अणु. सु. २६७

(૪૭) ચોર્યાસી લાખ શીર્ષપ્રહેલિકાંગની એક શીર્ષ પ્રહેલિકા થાય છે.

અહીં સુધી ગણિત છે. આટલો જ ગણિતનો વિષય છે. એનાથી આગળ ઔપમિક કાળ છે.

**ओसप्पिणी- उस्सप्पिणी भेय परूवणं--**

१३१८. तिविहा ओसप्पिणी पण्णत्ता, तं जहा--

(१) उक्कसा, (२) मज्झिमा, (३) जहन्ना।

**एवं छप्पि समाओ भाणियव्वाओ--**

सुसमसुसमा-**जाव**-दूसमदूसमा।[2]

तिविहा उस्सप्पिणी पण्णत्ता, तं जहा--

(१) उक्कसा, (२) मज्झिमा, (३) जहन्ना,

**एवं छप्पि समाओ भाणियव्वाओ--**

दूसमदूसमा-**जाव**-सुसमसुसमा।[3]

-- ठाणं. अ. ३, उ.१, सु. १४५

**અવસર્પિણી અને ઉત્સર્પિણીના ભેદોનું પ્રરૂપણ :**

૧૩૧૮. ત્રણ પ્રકારની અવસર્પિણી કહેવામાં આવી છે, જેમકે-

(૧) ઉત્કૃષ્ટા, (૨) મધ્યમા, (૩) જઘન્યા

**આ પ્રમાણે છયે આરાના ભેદ કહેવા જોઈએ.**

સુસમસુસમા **-યાવત્** - દુષમદુષમા.

ત્રણ પ્રકારની ઉત્સર્પિણી કહેવામાં આવી છે, જેમકે -

(૧) ઉત્કૃષ્ટા, (૨) મધ્યમા, (૩) જઘન્યા.

**આ પ્રમાણે છયે આરાના ભેદ કહેવા જોઈએ.**

દુષમદુષમા **-યાવત્-** સુસમસુસમા.

**कम्माकम्मभूमिसु ओसप्पिणी-उस्सप्पिणी कालस्स भावाभाव परूवणं -**

१३१९. प. एएसु णं भंते ! तीसासु अकम्मभूमीसु अत्थि ओसप्पिणी इ वा, उस्सप्पिणी इ वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

**કર્મ-અકર્મ ભૂમિઓમાં અવસર્પિણી-ઉત્સર્પિણી કાળના ભાવ-અભાવનું પ્રરૂપણ :**

૧૩૧૯. પ્ર. ભગવન્ ! એ (ઉપર્યુક્ત) ત્રીસ અકર્મભૂમિઓમાં શું અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ છે ?

ઉ. ગૌતમ, આ અર્થ સમર્થ નથી.

---

१. चतुरशीतिलक्षवर्षैः पूर्वांगम्, पूर्वांगं पूर्वांगेन गुणितं पूर्वम्, पूर्वं चतुरशीतिगुणं पर्वांगम्, पर्वांगं चतुरशीतिलक्षगुणम्पर्व, पर्वचतुरशीतिगुणं नियुतांग नियुतांग चतुरशीतिलक्षगुणं नियुतं, नियुत चतुरशीतिगुणं कुमुदांगम् कुमुदांगम्चतुरशीतिलक्षगुणं कुमुदम्, कुमुदं चतुरशीतिगुणं पद्मांगम्, पद्मांगम् चतुरशीति लक्षगुणं पद्मम्, पद्मं चतुरशीतिगुणं नलिनांगम्, नलिनांगम् चतुरशीतिलक्षगुणं नलिनम्, नलिनम् चतुरशीतिगुणं कमलांगम् कमलांगं चतुरशीतिलक्षगुणं कमलम्, कमलं चतुरशीतिगुणंतुट्टितांगम् तुट्टितांगं चतुरशीतिलक्षगुणं तुटितम्, तुटितं चतुरशीतिगुणं अट्टांगम्, अट्टागं चतुरशीतिलक्षगुणं अष्ठम् अट्टं चतुरशीतिगुणं अममांगम्, अममांगं चतुरशीतिलक्षगुणं अममम्, अममं चतुरशीतिगुणं हाहाहूहूअंगम्, हाहाहूहूअंग चतुरशीतिलक्षगुणं हाहाहूहू, हाहाहूहू चतुरशीतिगुणं मृदुलतांगम्, मृदुलतांग चतुरशीतिलक्षगुणं मृदुलता, मृदुलता चतुरशीतिगुणा लतांगम् लतांगं चतुरशीतिलक्षगुणा लता, लता चतुरशीतिगुणा, महालतांगम्, महालतांगं चतुरशीतिलक्षगुणं महालता, महालता चतुरशीतिगुणा शीर्षप्रकम्पितम्, शीर्षप्रकम्पितं चतुरशीतिलक्षगुणं हस्तप्रहेलिका, हस्तप्रहेलिका चतुरशीतिगुणा अचलात्मकम्। ततः परमसंख्यम्।

- म. वि. अणुओगदारं, सु. ३६७, पृ. १४९ टीका

२. अवसर्पिणी प्रथमे डरके, उत्कृष्टा चतुर्षु मध्यमा, पश्चिमे जघन्या, एवं सुषम सुषमादिषु प्रत्येकं त्रयं त्रयं कल्पनीयम्।

३. (क) तया उत्सर्पिण्णयाः दुषमदुषमादि तद् भेदानां, चोक्त विपर्ययेणोत्कृष्टत्वं प्राग्वदायोज्यामिति।

(ख) ठाणं अ. ६, सु. ४९२ (ग) जंबू. वक्ख. २, सु. २४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. एएसु णं पंचसु भरहेसु, पंचसु एरवएसु अत्थि ओसप्पिणी इ वा, उस्सप्पिणी इ वा ?

उ. हंता, गोयमा ! अत्थि ।

एएसु णं पंचसु महाविदेहेसु णेवत्थि ओसप्पिणी नेवत्थि उस्सप्पिणी ।

अवट्ठिए णं तत्थ काले पण्णत्ते समणाउसो !

- विया. स. २०, उ. ८, सु. ३-५

પ્ર. ભગવન્ ! એ પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોમાં શું અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ છે ?

ઉ. હા, ગૌતમ ! છે.

એ (ઉપર્યુક્ત) પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ત્યાં ન તો અવસર્પિણી કાળ છે અને ન ઉત્સર્પિણીકાળ છે.

હે આયુષ્યમાન્ શ્રમણ ! ત્યાં (એક માત્ર) અવસ્થિત કાળ (હોવાનું) કહેવામાં આવ્યું છે.

**ओसप्पिणी-उस्सप्पिणीए सुसम-सुसमा कालस्समान परूवणं-**

१३२०. जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु तीताए उस्सप्पिणीए सुसमसुसमाए समाए चत्तारि सागरोवमकोडाकोडीओ कालो हुत्था ।

जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु इमीसे ओसप्पिणीए सुसमसुसमाए समाए चत्तारि सागरोवमकोडाकोडीओ कालो पण्णत्तो ।

जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु आगमेस्साए उस्सप्पिणीए सुसमसुमाए समाए चत्तारि सागरोवमकोडाकोडीओ कालो भविस्सइ ।

**एवं धायइसंडदीव पुरत्थिमद्धे पच्चत्थिमद्धे वि ।**
**एवं पुक्खरवरदीवड्ढे पुरत्थिमद्धे पच्चत्थिमद्धे वि ।**

- ठाणं अ. ४, उ. २, सु. ३०१

**અવસર્પિણી-ઉત્સર્પિણીના સુષમ-સુષમા કાળમાનનું પ્રરૂપણ :**

૧૩૨૦. જંબૂદ્વીપ દ્વીપના ભરત, ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીના "સુષમસુષમા" નામના આરાનું કાળમાન ચાર કોડાકોડી સાગરોપમનું હતું.

જંબૂદ્વીપ દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં એ અવસર્પિણીના "સુષમસુષમા" નામના આરાનું કાળમાન ચાર કોડાકોડી સાગરોપમ કહેવામાં આવ્યું છે.

જંબૂદ્વીપ દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીના "સુષમસુષમા" નામના આરાનું કાળમાન ચાર કોડાકોડી સાગરોપમ કહેવામાં આવ્યું છે.

**આ પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં તેમજ અર્ધપુષ્કરવરદ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં કાળ જાણવો જોઈએ.**

**भरहेवासे ओसप्पिणीकालस्स छण्हंआरकाणं आयारभाव पडोयार परूवणं-**

१३२१. प. १. जंबुद्दीवे णं भंते ! दीवे भरहे वासे इमीसे ओसप्पिणीए 'सुसम-सुसमाए' समाए उत्तमकट्ठपत्ताए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे होत्था ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे होत्था, से जहाणामए आलिंगपुक्खरेइ वा **-जाव-** णाणा-मणिपंचवण्णेहिं तणेहिं य मणीहिं य उवसोभिए, तं जहा-किण्हेहिं **-जाव-** सुक्किल्लेहिं ।

**एवं वण्णो, गंधो, रसो, फासो, सद्दो अ तणाण य मणीण य भाणिअव्वो -जाव-** तत्थ णं बहवे मणुस्सा मणुस्सीओ आसयंति, सयंति, चिट्ठंति, णिसीअंति, तुअट्टंति, हसंति, रमंति, ललंति ।

**ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળના છ આરાઓના આકાર ભાવ સ્વરૂપનું પ્રરૂપણ :**

૧૩૨૧. પ્ર. ૧. ભગવન્ ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં એ અવસર્પિણી કાળના 'સુષમ સુષમા' નામના પ્રથમ આરામાં જ્યારે તે પોતાના ઉત્કર્ષની પરાકાષ્ઠામાં હતો, ત્યારે ભરતક્ષેત્રનું આકાર સ્વરૂપ ક્યા પ્રકારનું હતું ?

ઉ. ગૌતમ ! એનો ભૂમિભાગ ખૂબ સમતલ તેમજ રમણીય હતો અને મૃદંગના ઉપરના ભાગની જેમ સમતલ **-યાવત્-** અનેક પ્રકારના પાંચ રંગોની મણિઓ તેમજ તૃણો વડે સુશોભિત હતો, જેમકે- કાળી-**યાવત્-** સફેદ.

**આ પ્રમાણે તૃણો તેમજ મણિઓના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા શબ્દનું વર્ણન કરવું જોઈએ.** **-યાવત્-** ત્યાં ઘણા બધા મનુષ્ય-મનુષ્યનિઓ આશ્રય લેતા, શયન કરતા, ઊભા થતા, બેસતા દેહને ડાબી-જમણી (બાજુ) ઘુમાવતા, મરોડતા, હસતા, રમણ કરતા અને મનોરંજન કરતા હોય છે.

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

तीसे णं समाए भरहे वासे बहवे - १. उद्दाला, २. कुद्दाला, ३. मुद्दाला, ४. कयमाला, ५. णट्टमाला, ६. दंतमाला, ७. नागमाला, ८. सिंगमाला, ९. संखमाला, १०. सेअमाला।

णामं दुमगणा पण्णत्ता, कुसविकुसविसुद्धरूक्खमूला, मूलमंतो, कंदमंतो **-जाव-** बीअमंतो।

पत्तेहिं य पुप्फेहिं य फलेहिं य उच्छण्णपडिच्छण्णा, सिरीए अईव-अईव उवसोभेमाणा चिट्ठंति।

तीसे णं समाए भरहे वासे तत्थ-तत्थ बहवे भेरूतालवणाइं, हेरूतालवणाइं, मेरूतालवणाइं, पभयालवणाइं, सालवणाइं, सरलवणाइं, सत्तिवण्णवणाइं, पूयफलिवणाइं, खज्जूरीवणाइं, णालिएरीवणाइं, कुसवि कुसविसुद्धरूक्खमूलाइं **-जाव-** चिट्ठंति।

तीसे णं समाए भरहे वासे तत्थ-तत्थ बहवे सेरिआगुम्मा, णीमालिआगुम्मा, कोरंटयगुम्मा, बंधुजीवगगुम्मा, मणोज्जगुम्मा, बीअगुम्मा, बाणगुम्मा, कणइरगुम्मा, कुज्जयगुम्मा, सिंदुवारगुम्मा, मोग्गरगुम्मा, जूहिआगुम्मा, मल्लिआगुम्मा, वासंतिआगुम्मा, वत्थुलगुम्मा, कत्थुलगुम्मा, सेवालगुम्मा, अगत्थिगुम्मा, मगदंतिआगुम्मा, चंपकगुम्मा, जाइगुम्मा, णवणीइआगुम्मा, कुंदगुम्मा, महाजाइगुम्मा रम्मा महामेहणिकुरंबभूआ दसद्धवण्णं कुसुमं कुसुमेंति।

जे णं भरहे वासे बहुसमरमणिज्जं भूमिभागं वायविधुअग्गसाला मुक्कपुप्फपुंजोवयारकलिअं करेंति।

तीसे णं समाए भरहे वासे तत्थ-तत्थ तहिं तहिं बहुईओ पउमलयाओ **-जाव-** सामलयाओ णिच्चं कुसुमिआओ **-जाव-** लयावण्णओ।

तीसे णं समाए भरहे वासे तत्थ-तत्थ तहिं तहिं बहुईओ वणराईओ पण्णत्ताओ। किण्हाओ, किण्हओभासाओ **-जाव-** मणोहराओ, रयमत्तगछप्पयकोरंग-भिंगारग-कोंडलग जीवंजीवग-नंदीमुह-कविल-पिंगलक्खग-

તે સમયે ભરતક્ષેત્રમાં અનેક - ૧. ઉદાલ, ૨. કુદાલ ૩. મુદાલ, ૪. કૃતમાલ, ૫. નૃત્તમાલ, ૬. દન્તમાલ, ૭. નાગમાલ, ૮. શ્રૃંગમાલ, ૯. શંખમાલ અને ૧૦. શ્વેતમાલ નામના દસ વૃક્ષ (આવેલા) કહેવામાં આવ્યાં છે.

એનું મૂળ ડાભ અને બીજા પ્રકારના તૃણોથી વિશુદ્ધ હતું, તે મૂળવાળા જડવાળા **-યાવત્-** બીજવાળા હતા. તે પાંદડાઓ, ફૂલો અને ફળોથી પરસ્પર આચ્છાદિત હોવાને કારણે પોતાની શોભા વડે અત્યંત સુશોભિત થાય છે.

તે સમયે ભરતક્ષેત્રમાં જ્યાં-ત્યાં ઘણા બધા ભેરૂતાલ વૃક્ષોના વન, હેરૂતાલ વૃક્ષોના વન, મેરૂતાલ વૃક્ષોના વન, પ્રભતાલ વૃક્ષોના વન, સાલ વૃક્ષોના વન, સરલ વૃક્ષોના વન, સપ્તપર્ણ વૃક્ષોના વન, સોપારીના વૃક્ષના વન, ખજૂરના વૃક્ષના વન, નારિયળના વૃક્ષના વન હતા. એના મૂળડાભ અને બીજા પ્રકારના તૃણોથી વિશુદ્ધ **-યાવત્-** રહિત છે.

તે સમયે ભરતક્ષેત્રમાં જ્યાં-ત્યાં અનેક સેરિકાના ઝુંડ, નવમાલિકાના ઝુંડ, કોરંટકના ઝુંડ, બંધુજીવકના ઝુંડ, મનોજ્ઞના ઝુંડ, બીજના ઝુંડ, બાણના ઝુંડ, કનેરના ઝુંડ, કુબ્જકના ઝુંડ, સિંદુવારના ઝુંડ, મુદ્ગરના ઝુંડ, યૂથિકાના ઝુંડ, મલ્લિકાના ઝુંડ, વાસંતિકાના ઝુંડ, વસ્તુકના ઝુંડ, કસ્તુલના ઝુંડ, શૈવાલના ઝુંડ, અગસ્તિના ઝુંડ, મગદંતિકાના ઝુંડ, ચંપકના ઝુંડ, જાતીના ઝુંડ, નવનીતિકાના ઝુંડ, કુન્દના ઝુંડ, મહાજાતીના ઝુંડ (આવેલા) હતા. તે ઝુંડો રમણીય વાદળોના સમૂહ જેવા ગાઢા પંચરંગી ફૂલોવાળા હતા.

તે વાયુથી પ્રકંપિત પોતાની શાખાઓના અગ્રભાગથી પડી ગયેલા ફૂલો વડે ભરતક્ષેત્રની અતિ સમતલ રમણીય ભૂમિભાગને સુરભિત બનાવે છે.

તે સમયે ભરતક્ષેત્રમાં જ્યાં-ત્યાં અનેક પદ્મ લતાઓ **-યાવત્-** શયામલતાઓ હોય છે. તે લતાઓ બધી ઋતુઓમાં ફાલતી હતી. **-યાવત્-** કલંગીઓ ધારણ કરેલી હતી.

આ સમયે ભરતક્ષેત્રમાં જ્યાં-ત્યાં ઘણીબધી વનરાજીઓ (વનસ્પતિઓ) આવેલી હતી. તે કૃષ્ણ, કૃષ્ણાવભાસયુક્ત **-યાવત્-** મનોહર હતી. પુષ્પ પરાગના સૌરભથી મત્ત, ભ્રમર, કોરક, ભૃંગારક, કુંડલ, ચકોર, નંદીમુખ, કપિલ, પિંગલાક્ષક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कारंडव-चक्कवायग-कलहंस-हंस-सारस-अणेगसउणगण मिहुणविअरिआओ सघुणइय-महुरसरणाइआओ, संपिंडिअ-दरिय-भमर-महुयरि-पहकर परिलिंत-मत्त-छप्पय-कुसुमासवलोलमहुर-गुमगुमंत-गुंजंतदेस-भागाओ, अब्भिंतरपुप्फ फलाओ बाहिरपत्तोच्छण्णओ, पत्तेहि य पुप्फेहि य ओच्छन्न वलिच्छत्ताओ, साउफलाओ, निरोययाओ, अकंटयाओ, णाणाविह-गुच्छ-गुम्ममंडवग-सोहियाओ, विचित्तसुहकेउ-भूयाओ, वावी-पुक्खरिणी दीहियासु-निवेसिय-रम्मजाल-हरयाओ पिंडिम-णीहारिम-सुगंधि-सुह-सुरभि-मणहरं च महयागंधद्धाणिं मुयंताओ, सव्वोउयपुप्फफलसमिद्धाओ सुरम्माओ पासाईयाओ दरिसणिज्जाओ अभिरूवाओ पडिरूवाओ। तीसे णं समाए भरहे वासे तत्थ-तत्थ तहिं तहिं मत्तंगा णामं दुमगणा पण्णत्ता।

કરંડક, ચક્રવાક, બતક, હંસ, સારસ વગેરે અનેક પક્ષીઓના જોડલા એમાં વિચરણ (ફરતા) હતા. તે વનરાજીઓ પક્ષીઓના મધુરસ્વરથી સદા પ્રતિધ્વનિત (અવાજવાળી) રહેલી હતી. એ વનરાજીઓના પ્રદેશો કુસુમોનો આસવ (સત્વ) ને પીવાને ઉત્સુક (એવા) મધુર ગુંજન કરતી એવી ભમરીઓના સમૂહથી પરિવૃત (ઘેરાયેલા) મત્તભમરોના મધુર ધ્વનિથી મુખરિત હતા. તે વનરાજીઓ અંદરપુષ્પો અને ફલોથી તથા બહાર પાંદડા વડે આચ્છન્ન (ઢંકાયેલ) હતી. પત્ર અને પુષ્પો રૂપી છત્રોથી તે આચ્છાદિત હતી. ત્યાંના ફળ સ્વાદિષ્ટ હતા. ત્યાંનું વાતાવરણ નિરોગી (નિર્દોષ) હતું, કાંટા વગરની હતી. તે જુદા-જુદા ફૂલોના ગુચ્છો, લતાઓના ઝુંડો તથા મંડપોથી શોભિત હતી. તે અનેક પ્રકારની સુંદર ધ્વજાઓ વડે સુશોભિત લાગતી હતી. જ્યાં સુઘડતાથી નિર્મિત જાળી ઝરોખાથી યુક્ત વાપિકાઓ, પુષ્કરીણીઓ અને દીર્ઘકાઓ હતી. વનરાજીઓ એવી તૃપ્તિપ્રદ સુગંધ છોડતી હતી કે બહાર નીકળીને પૂંજીભૂત (એકઠી) થઈને ઘણે દૂર સુધી ફેલાયજતી હતી અને ખૂબ મનોહર હતી. તે વનરાજીઓ બધી ઋતુઓમાં પુષ્પો અને ફળોથી સમૃદ્ધ (રહેતી) હતી. તે સુરમ્ય, પ્રાસાદિક, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હતી. તે સમયે ભરતક્ષેત્રમાં જ્યાં-ત્યાં મત્તાંગ નામના કલ્પવૃક્ષના સમૂહ (આવેલા) હતા.

**एवं जाव अणिगणा णामं दुमगणा पण्णत्ता।**

**આ પ્રકારે અનગ્ન પર્યંત દસ પ્રકારના કલ્પવૃક્ષના સમૂહ કહેવામાં આવ્યા છે.**

प. तीसे णं भंते ! समाए भरहे वासे मणुआणं केरिसए आयारभाव पडोयारे पण्णत्ते ?

પ્ર. ભગવન્ ! તે સમયે ભરત વર્ષના મનુષ્યોના આકારભાવ સ્વરૂપ કેવા કહેવામાં આવે છે ?

उ. गोयमा ! ते णं मणुआ सुपइट्ठियकुम्म चारू-चलणा **-जाव-** पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा।

ઉ. ગૌતમ ! એ મનુષ્યોના ચરણ (પગ) સુંદર આકૃતિવાળા કાચબાની પીઠની જેમ ઉપસેલા એવા મનોજ્ઞ **-યાવત્-** પ્રાસાદિક દર્શનીય અભિરૂપ પ્રતિરૂપ હોય છે.

प. तेसि णं भंते ! मणुआणं केवइकालस्स आहारट्ठे समुप्पज्जइ ?

પ્ર. ભગવન્ ! એ મનુષ્યોને કેટલા સમય પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! अट्ठमभत्तस्स आहारट्ठे समुप्पज्जइ पुढवीपुप्फफलाहारा णं ते मणुआ पण्णत्ता, समणाउसो !

ઉ. હે આયુષ્યમન્ ! શ્રમણ ગૌતમ ! એમને ત્રણ દિવસ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. તે મનુષ્ય પૃથ્વી (આહાર વિશેષ) પુષ્પ અને ફળનો આહાર કરનારા કહેવામાં આવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. तीसे णं भंते ! समाए भरहे वासे मणुआणं केवइअं कालं ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेण देसूणाइं तिण्णि पलिओवमाइं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।

प. तीसे णं भंते ! समाए भरहे वासे मणुआणं सरीरा केवइअं उच्चत्तेणं पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं देसूणाइं तिण्णि गाउआइं, उक्कोसेणं तिण्णि गाउआइं ।

प. ते णं भंते ! मणुआ किं संघयणी पण्णत्ता ?

उ. गोयमा ! वइरोसभणारायसंघयणी पण्णत्ता ।

प. तेसि णं भंते ! मणुआणं सरीरा किं संठिया पण्णत्ता ?

उ. गोयमा ! समचउरंससंठाणसंठिआ पण्णत्ता, तेसि णं मणुआणं बेछप्पण्णा पिट्ठकरंडयसया पण्णत्ता, समणाउसो !

प. ते णं भंते ! मणुआ कालमासे कालं किच्चा कहिं गच्छन्ति ? कहिं उववज्जंति ?

उ. गोयमा ! छम्मासावसेसाउ जुअलगं पसवंति, एगूणपण्णं राइंदिआइं सारक्खंति, संगोवेंति, संगोवेत्ता, कासित्ता, छीइत्ता, जंभाइत्ता, अक्किट्ठा अव्वहिआ-अपरिआविआ कालमासे कालं किच्चा देवलोएसु उववज्जंति, देवलोअपरिग्गहा णं ते मणुआ पण्णत्ता ।

प. तीसे णं भंते ! समाए भरहे वासे कइविहा मणुस्सा अणुसज्जित्था ?

उ. गोयमा ! छव्विहा पण्णत्ता, तं जहा- १. पम्हगंधा, २. मिअगंधा, ३. अममा, ४. तेअतली, ५. सहा, ६. सणिचारी[१] ।

- जंबू. वक्ख. २, सु. २६-३२

પ્ર. ભગવન્ ! એ સમયે ભરતક્ષેત્રમાં મનુષ્યોનો આયુષ્ય કાળ કેટલો કહેવામાં આવ્યો છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય ત્રણ પલ્યોપમ કરતા કંઈક ઓછો અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનો હોય છે.

પ્ર. ભગવન્ ! આ સમયે ભરતક્ષેત્રમાં મનુષ્યોના શરીર કેટલા ઊંચા કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! એમના શરીર જઘન્યતઃ ત્રણ કોશથી કંઈક ઓછો તથા ઉત્કૃષ્ટતઃ ત્રણ કોશ ઊંચા હોય છે.

પ્ર. ભગવન્ ! એ મનુષ્યોનું સંહનન કેવું કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! તે મનુષ્યો વજ્ર-ઋષભ-નારાચ સંહનનવાળા હોય છે.

પ્ર. ભગવન્ ! એ મનુષ્યોના શરીરનો આકાર કેવો કહેવામાં આવ્યો છે ?

ઉ. હે આયુષ્માન્ ! શ્રમણ ગૌતમ ! એમનો આકાર સમચોરસ કહેવામાં આવ્યો છે. એમની પાંસળીઓ બસો છપ્પન હાડકાંની (બનેલી) હોય છે.

પ્ર. ભગવન્ ! તે મનુષ્યો કાળમાસમાં કાળકરીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! જ્યારે એમનું આયુષ્ય છ માસ બાકી રહે છે ત્યારે તેઓ એક યુગલ (એક બાળક અને બાળકી) ને ઉત્પન્ન કરેછે, એની પચાસ દિવસ-રાત સાર-સંભાળ, પાલન પોષણ કરીને (પછી) તેઓ ખાંસી ખાઈને, છીંક ખાઈને, બગાસુ ખાઈને, શારિરીક કષ્ટ, વ્યથા તથા પરિતાપનો અનુભવ કરતા નથી. એવા કાળમાસમાં કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તે મનુષ્યનો જન્મ દેવલોકમાં (થવાનું) કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! એ સમયે ભરતક્ષેત્રમાં કેટલા પ્રકારના મનુષ્યો હોય છે ?

ઉ. ગૌતમ ! છ પ્રકારના મનુષ્ય કહેવામાં આવ્યા છે, જેમકે- ૧. **પદ્મગન્ધ** - કમળ જેવી સુગંધ-વાળા, ૨. **મૃગંધ** - કસ્તુરી જેવી ગંધવાળા, ૩. **અમમ** - મમત્વ વગેરે, ૪. **તેજસ્વી** - પરાક્રમી, ૫. **સહ**-સહનશીલ, ૬. **શનૈશ્ચારી**- ઉત્સુકતા ન હોવાને કારણે ધીરે ધીરે ચાલનારા.

૧. મનુષ્ય - મનુષ્યનિઓના ક્ષેત્ર વગેરે અંગે વિસ્તૃત વર્ણન એકરૂપ દ્વીપના વર્ણનમાં જુઓ અહીંયા વિશેષ (જીવા. પડિ. ૩, સુ. ૧૧૧) અંતર પાઠ જ આપ્યા છે, બાકી વર્ણન તે પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. तीसे णं समाए चउहिं सागरोवमकोडाकोडीहिं काले वीइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं, अणंतेहिं गंधपज्जवेहिं, अणंतेहिं रसपज्जवेहिं, अणंतेहिं फासपज्जवेहिं, अणंतेहिं संघयणपज्जवेहिं, अणंतेहिं संठाणपज्जवेहिं, अणंतेहिं उच्चत्तपज्जवेहिं, अणंतेहिं आउपज्जवेहिं, अणंतेहिं गुरूलहुपज्जवेहिं, अणंतेहिं अगुरू-लहुपज्जवेहिं, अणंतेहिं उट्ठाण-कम्म-बल-वीरिअ-पुरिसक्कार-परक्कमपज्जवेहिं, अणंतगुण परिहाणीए परिहायमाणे-परिहायमाणे एत्थ णं **'सुसमा'** णामं समाकाले पडिवज्जिसु समणाउसो' !

प. जंबुद्दीवे णं भंते ! दीवे इमीसे ओसप्पिणीए सुसमाए समाए उत्तम कट्ठपत्ताए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे होत्था ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे होत्था, से जहाणामए आलिंगपुक्खरेइ वा । **तं चेव जं सुसमसुसमाए पुव्ववण्णिअं ।**

**णवरं**-णाणत्तं चउधणुसहस्समूसिआ एगे अट्ठावीसे पिट्ठकरंडकसए, छट्ठभत्तस्स आहारट्ठे चउसट्ठिं राइंदिआइं सारक्खंति, दो पलिओवमाइं आऊ ।

**सेसं तं चेव ।**

तीसे णं समाए चउव्विहा मणुस्सा अणुसज्जित्था, तं जहा- १. एका, २. पउरजंघा, ३. कुसुमा, ४. सुसमणा ।

३. तीसे णं समाए तिहिं सागरोवमकोडाकोडीहिं काले वीइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं **-जाव-** अणंतेहिं उट्ठाण-कम्म-बलवीरिय-पुरिसक्कार-परक्कमपज्जवेहिं अणंतगुण परिहाणीए परिहायमाणे-परिहायमाणे एत्थ णं **"सुसमदुस्समा"** णामं समा पडिवज्जिसु समणाउसो !

૨. હે આયુષ્માન્ શ્રમણ ! ચાર કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળા સુષમ-સુષમા નામનો પ્રથમ આરો પૂર્ણ થયા પછી અનન્ત વર્ણ પર્યાયો, અનન્ત ગંધ પર્યાયો, અનન્ત રસ પર્યાયો, અનંત સ્પર્શ પર્યાયો, અનંત સંહનન પર્યાયો, અનન્ત સંસ્થાન પર્યાયો, અનંત ઉચ્ચત્વ પર્યાયો, અનંત આયુ પર્યાયો, અનંત ગુરુ-લઘુ પર્યાયો, અનંત અગુરુ-લઘુ પર્યાયો, અનંત ઉત્થાન-કર્મ-બલ-વીર્ય-પુરુષાકાર- પરાક્રમ પર્યાયોના અનંત ગુણ પરિહાણીના ક્રમથી હ્રાસ (નષ્ટ) થતા-થતા અવસર્પિણી કાળનો **'સુષમા'** નામનો બીજા આરાનો આરંભ થાય છે.

પ્ર. ભગવન્ ! આ અવસર્પિણીની ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત સુષમા નામના આરામાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રના કેવા આકાર સ્વરૂપ કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! એની ભૂમિકા ખૂબ સમતલ અને રમણીય હોય છે. **મૃદંગના ઉપરના ભાગ જેવા જેવું વર્ણન સુષમ-સુષમા આરામાં કરવામાં આવ્યું છે. તેવું જ અહિંયા જાણવું જોઈએ.**

**વિશેષમાં** : એ કાળના મનુષ્ય ચારહજાર ધનુષ્યની અવગાહનાવાળા હોય છે. એમની પાંસળીઓના હાડકા એકસો અઠ્ઠાવીસ હોય છે. બે દિવસ વીત્યાપછી એને ભોજનની ઈચ્છા થાય છે. તેઓ પોતાના યુગલિક બાળકોની ચોસઠ દિવસ-રાત્રિ સુધી સાર-સંભાળ કરે છે એમનું આયુષ્ય બે પલ્યોપમનો હોય છે.

**બાકી (વર્ણન) પૂર્વવત્ છે.**

એ સમયે ચાર પ્રકારના મનુષ્ય હોય છે, જેમકે- ૧. **એક** - પ્રવર શ્રેષ્ઠ, ૨. **પ્રચૂરજંઘ**- પૃષ્ટ સાથળવાળા ૩. **કુસુમ** - પુષ્પ જેવા સુકુમાર, ૪. **સુશમન** - અત્યંત શાંત.

૩. હેઆયુષ્માન્ ! શ્રમણ ! ત્રણ કોટકોટી સાગરોપમ પ્રમાણવાળો સુષમા નામનો બીજો આરો પૂર્ણ થઈ ગયા પછી અનંત વર્ણ પર્યાયો **-યાવત્-** અનંત ઉત્થાન કર્મ-બલ-વીર્ય પુરુષાકાર પરાક્રમ પર્યાયોના અનંત ગુણ પરિહાણીના ક્રમથી હ્રાસ (નષ્ટ) થતા-થતા અવસર્પિણી કાળના **'સુષમ-દુષમા'** નામનો ત્રીજો આરો પ્રારંભ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सा णं समा तिहा विभज्जइ, तं जहा-१. पढमे तिभाए, २. मज्झिमे तिभाए, ३. पच्छिमे तिभाए।

प. जंबुद्दीवे णं भंते ! दीवे इमीसे ओसप्पिणीए सुसमदुस्समाए समाए पढममज्झिमेसु तिभाएसु भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे होत्था ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे होत्था, **सो चेव गमो णेअव्वो णाणत्तं**-दो धणुसहस्साइं उड्ढं उच्चत्तेणं, तेसिं च मणुआणं चउसट्ठिपिट्ठकरंडगा, चउत्थभत्तस्स आहारत्थे समुप्पज्जइ, ठिई पलिओवमं, एगूणासीइं राइंदियाइं सारक्खंति, संगोवेंति **-जाव-** देवलोएसु उववज्जंति, देवलोगपरिग्गहिआ णं ते मणुआ पण्णत्ता समणाउसो !

प. तीसे णं भंते ! समाए पच्छिमे तिभाए भरहस्स-वासस्स केरिसए आयारभावपडोयारे होत्था ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे होत्था, से जहाणामए आलिंगपुक्खरेइ वा **-जाव-** मणीहिं उवसोभिए, तं जहा-कित्तिमेहिं चेव, अकित्तिमेहिं चेव।

प. तीसे णं भंते ! समाए पच्छिमे तिभागे भरहे वासे मणुआणं केरिसए आयारभावपडोयारे होत्था ?

उ. गोयमा ! तेसिं मणुयाणं छव्विहे संघयणे, छव्विहे संठाणे, बहूणि धणुसयाणि उड्ढं उच्चत्तेणं जहण्णेणं, संखिज्जाणि वासाणि, उक्कोसेणं असंखिज्जाणि वासाणि आउअंपालेंति, पालित्ता अप्पेगइया णिरयगामी, अप्पेगइया तिरिअगामी, अप्पेगइया मणुस्सगामी, अप्पेगइया देवगामी, अप्पेगइया सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति।

- जम्बू. वक्ख. २, सु. ३३-३४

એ આરો ત્રણ ભાગમાં વિભક્ત છે, જેમકે - ૧. પ્રથમ ત્રિભાગ, ૨. મધ્યમ ત્રિભાગ, ૩. પશ્ચિમ (અંતિમ) ત્રિભાગ.

પ્ર. ભગવન્ ! એ અવસર્પિણીના સુષમ-દુષમા આરાના પ્રથમ તથા મધ્યમ ત્રિભાગમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રનો આકાર ભાવ અને સ્વરૂપ કેવા હોય છે ?

ઉ. હે આયુષ્યમાન્ ! શ્રમણ ગૌતમ ! એનો ભૂમિભાગ ખૂબ સમતલ અને રમણીય હોય છે. **એનું પૂર્વવત્ વર્ણન જાણવું જોઈએ,** અંતર એ છે કે- આ સમયના મનુષ્યોની ઊંચાઈ બે હજાર ધનુષ્ય હોય છે. એમની પાંસળીઓના હાડકા ચોસઠ હોય છે. એક દિવસ બાદ એમને આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. એમનું આયુષ્ય એક પલ્યોપમ હોય છે. પોતાના યૌગલિક શિશુઓનો તેઓ ૭૯ દિવસ-રાત પાલન-પોષણ કરે છે. સુરક્ષા કરે છે **-યાવત્-** આ મનુષ્યોનો જન્મ દેવલોકમાં થાય છે. તે મનુષ્ય દેવલોકવાસી કહેવામાં આવ્યા છે.

પ્ર. ભગવન્ ! આ આરાના અંતિમ ભાગમાં ભરતક્ષેત્રના આકાર સ્વરૂપ કેવા કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! એ સમયે મૃદંગના ઉપરના ભાગ જેવો એનો ભૂમિભાગ ખૂબ સમતલ થતા રમણીય હોય છે **-યાવત્-** કૃત્રિમ તેમજ અકૃત્રિમ મણિઓ વડે સુશોભિત થાય છે.

પ્ર. ભગવન્ ! એ આરાના અંતિમ ત્રીજા ભાગમાં ભરત ક્ષેત્રમાં મનુષ્યોના આકાર સ્વરૂપ કેવા હોય છે ?

ઉ. ગૌતમ ! એ મનુષ્યોના છ પ્રકારના શરીર હોય છે. છ પ્રકારના આકાર હોય છે. એમના શરીરની ઊંચાઈ સેંકડો ધનુષ પરિમાણ હોય છે. એમનું આયુષ્ય જઘન્ય સંખ્યાત વર્ષોનું તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત વર્ષોનું હોય છે. પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને એમાંથી કોઈ નરક ગતિમાં, કોઈ તિર્યંચ ગતિમાં, કોઈ મનુષ્ય ગતિમાં અને કોઈ દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે તથા કોઈ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત અને સમગ્ર દુઃખોનો અંત કરનારા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. तीसे णं समाए दोहिं सागरोवमकोडाकोडीहिं काले वीइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं **-जाव-** अणंतगुण परिहाणिए परिहायमाणे-परिहायमाणे एत्थ णं **'दूसमसुसमा'** णामं समाकाले पडिवज्जिंसु समणाउसो !

प. तीसे णं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे पण्णत्ते ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे पण्णत्ते, से जहाणामए आलिंगपुक्खरेइ वा **-जाव-** मणीहिं उवसोभिए, तं जहा- कित्तिमेहिं चेव, अकित्तिमेहिं चेव ।

प. तीसे णं भंते ! समाए भरहे मणुआणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते ?

उ. गोयमा ! तेसिं मणुआणं छव्विहे संघयणे, छव्विहे संठाणे, बहूइ धणूइं उड्ढं उच्चत्तेणं, जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी आउअं पालेंति, पालित्ता, अप्पेगइआ णिरयगामी, अप्पेगइआ तिरियगामी, अप्पेगइआ मणुयगामी, अप्पेगइआ देवगामी, अप्पेगइआ सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति, सव्वदुक्खाणमंतं करेंति ।

तीसे णं समाए तओ वंसा समुप्पज्जित्था, तं जहा-१. अरहंतवंसे, २. चक्कवट्टिवंसे, दसारवंसे, तीसे णं समाए तेवीसं तित्थयरा, इक्कारस चक्कवट्टी, णव बलदेवा, णव वासुदेवा समुप्पज्जित्था ।

५. तीसे णं समाए एक्काए सागरोवमकोडाकोडीए बायालीसाए वाससहस्सेहिं ऊणिआए काले वीइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं **-जाव-** अणंतगुण परिहाणीए परिहायमाणे-परिहायमाणे एत्थ णं **दूसमा**णामं समा काले पडिवज्जिस्सइ समणाउसो !

प. तीसे णं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे भविस्सइ, से जहाणामए आलिंगपुक्खरेइ वा, मुइंगपुक्खरेइ वा **-जाव-** णाणामणिपंचवण्णेहिं कित्तिमेहिं चेव, अकित्तिमेहिं चेव ।

૪. હે આયુષ્યમાન્ શ્રમણ ! બે કોટાકોટિ સાગરોપમના પ્રમાણવાળો **સુષમા-દુષમા** નામનો ત્રીજા આરો પૂરો થયા પછી અનંત વર્ણ પર્યાય **-યાવત્-** અનંત ગુણ પરિહાણીના ક્રમથી ઓછા થતા-થતા અવસર્પિણી કાળનો **'દુષમા-સુષમા'** 'નામનો ચોથો આરો પ્રારંભ થાય છે.

પ્ર. ભગવન્ ! આ સમયે ભરતક્ષેત્રનો આકાર ભાવ સ્વરૂપ કેવો કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! એ સમયે ભરતક્ષેત્રનો ભૂમિભાગ ખૂબ સમતલ અને રમણીય હોય છે. મૃદંગના ઉપરના ભાગ જેવા સમતલ હોય છે **-યાવત્-** કૃત્રિમ તથા અકૃત્રિમ મણિઓ વડે સુશોભિત હોય છે.

પ્ર. ભગવન્ ! આ સમયે ભરતક્ષેત્રના મનુષ્યોનો આકાર ભાવ સ્વરૂપ કેવો કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! આ મનુષ્યોના છ પ્રકારના શરીર હોય છે. છ પ્રકારના આકાર હોય છે, એમની ઊંચાઈ અનેક ધનુષ્ય પ્રમાણ હોય છે. તેઓ જઘન્ય અન્તર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ પૂર્વકોટિનું આયુષ્ય ભોગવીને એમાંથી કોઈ નરક ગતિમાં, કોઈ તિર્યંચ ગતિમાં, કોઈ મનુષ્ય ગતિમાં તથા કોઈ દેવગતિમાં જાય છે અને કોઈ સિદ્ધ, બુદ્ધ, મુક્ત તેમજ મોક્ષ પામે છે તથા સમસ્ત દુ:ખોનો અંત આણે છે.

એ વખતે ત્રણ વંશ ૧. અર્હત્ વંશ, ૨. ચક્રવર્તી વંશ તથા ૩. દશાર વંશ ઉત્પન્ન (સ્થાપિત) થાય છે. તથા એ કાળમાં ત્રેવીસ તીર્થંકર, અગિયાર ચક્રવર્તી, નવ બળદેવ અને નવ વાસુદેવ ઉત્પન્ન થાય છે.

૫. હે આયુષ્યમાન્ શ્રમણ ! બેંતાલીસ હજાર વર્ષ ઓછા એક કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળો દુષમ સુષમા નામનો ચોથો આરો પૂરો થયા પછી અનંત વર્ણ પર્યાયો **-યાવત્-** અનંતગુણ પરિહાણીના ક્રમથી હ્રાસ થતા-થતા અવસર્પિણી કાળનો **'દુષમા'** નામનો પાંચમો આરો પ્રારંભ થશે.

પ્ર. ભગવન્ ! આ કાળમાં ભરતક્ષેત્રનો આકાર સ્વરૂપ કેવો કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! આ સમયે ભરતક્ષેત્રનો ભૂમિભાગ ખૂબ સમતલ અને રમણીય છે. તે મૃદંગના ઉપરના ભાગ જેવો સમતલ **-યાવત્-** વિવિધ પ્રકારના પાંચ વર્ણો તથા કૃત્રિમ અને અકૃત્રિમ મણિઓ દ્વારા સુશોભિત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. तीसे णं भंते ! समाए भरहस्स वासस्स मणुआणं केरिसए आयारभावपडोयारे पण्णत्ते ?

उ. गोयमा ! तेसिं मणुयाणं छव्विहे संघयणे, छव्विहे संठाणे, बहुइओ रयणीओ उद्धं उच्चत्तेणं जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं साइरेगं वाससयं आउयं पालेंति पालेत्ता अप्पेगइया णिरयगामी -जाव- सव्वदुक्खाणमंतं करेंति।

तीसे णं समाए पच्छिमे तिभागे गणधम्मे, पासंडधम्मे, रायधम्मे, जायतेए धम्मचरणे वोच्छिज्जिस्सइ।

६. तीसे णं समाए एक्कवीसाए वाससहस्सेहिं काले विइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं -जाव- अणंतगुण परिहाणीए परिहायमाणे-परिहायमाणे एत्थ णं **'दूसमदूसमा'** णामं समा काले पडिवज्जिस्सइ समणाउसो !

प. तीसे णं भंते ! समाए उत्तमकट्ठपत्ताए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! काले भविस्सइ हाहाभूए, भंभाभूए, कोलाहलभूए, समाणुभावेण य खरफरुसधूलिमइला, दुव्विसहा वाउला, भयंकरा य वाया संवट्टगा य वाइंति।

इह अभिक्खणं-अभिक्खणं धूमाहिंतिअ दिसा समंता रउस्सला रेणुकलुसतमपडलणिरालोआ समयलुक्खयाए णं अहिअं चंदा सीअं मोच्छिहिंति, अहिअं सूरिआ तविस्संति।

अदुत्तरं च णं गोयमा ! अभिक्खणं अरसमेहा, विरसमेहा, खारमेहा, खत्तमेहा, अग्गिमेहा, विज्जुमेहा, विसमेहा, अजवणिज्जोदगा, वाहिरोगवेदणो दारणपरिणामसलिला, अमणुण्णपाणिअगा चंडानिलपहयतिक्खधाराणिवायपउरं वासं वासिहिंति।

પ્ર. ભગવન્ ! એ કાળમાં ભરતક્ષેત્રમાં મનુષ્યોના આકાર સ્વરૂપ કેવા હોવાનું કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! આ સમયેના મનુષ્યોના છ પ્રકારના શરીર અને છ પ્રકારના આકારના હોય છે. એની ઊંચાઈ અનેક હાથ (સાત હાથની) હોય છે. તેઓ જઘન્ય અન્તર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ કંઈક વધુ સો વર્ષનું આયુષ્ય ભોગવે છે અને ભોગવીને એમાંથી કોઈ નરક ગતિમાં જાય છે **-યાવત્-** કોઈ બધા દુઃખોનો અંત આણે છે. આ કાળના અંતિમ ત્રીજા ભાગમાં ગણધર્મ, પાખંડધર્મ, રાજધર્મ, અગ્નિ ધર્મ તથા ધર્માચરણ વિચ્છિન્ન થઈ જશે.

૬. હે આયુષ્મન્ શ્રમણ ! એકવીસ હજાર વર્ષ પ્રમાણવાળા દુષમા નામનો પાંચમો આરો પૂર્ણ થયા પછી અનંત વર્ણપર્યાયો **-યાવત્-** અનંતગુણ પરીહાનીના ક્રમથી હાસ થતા-થતા અવસર્પિણી કાળના **'દુષમા-દુષમા'** નામના છઠ્ઠા આરાનો પ્રારંભ થાય છે.

પ્ર. ભગવન્ ! જ્યારે તે આરો ઉત્કૃષ્ટની પરાકાષ્ટા પર પહોંચશે ત્યારે ભરતક્ષેત્રનો આકાર સ્વરૂપ કેવો હશે ?

ઉ. ગૌતમ ! આ સમયે દુઃખાર્તતાવશ લોકોમાં હાહાકાર મચી જશે, ગાય વગેરે પશુઓમાં દુઃખોદ્વિગ્નતાથી ચિત્કાર ફેલાઈ જશે. કોલાહલ મચી જશે. ત્યારે અત્યંત કઠોર, ધૂળથી મલિન દુઃસહ વ્યાકુલ આકુલતાપૂર્ણ ભયંકર વાયુ ફુંકાશે, સંવર્તક તૃણકાષ્ટ વગેરેને ઉડાવીને ક્યાંના ક્યાં પહોંચાડી દેવાવાળું વાયુ વિશેષ ફુંકાશે.

એ કાળમાં દિશાઓ પ્રતિક્ષણ ધૂમાડો ફેંકતી રહેશે, તે સર્વથા ધૂળથી ભરેલી હશે. ધૂળથી મેલી થયેલી હશે અને ઘોર અંધકારના કારણે પ્રકાશ શૂન્ય થઈ જશે. કાળની રૂક્ષતાના કારણે ચંદ્ર વધુ અહિત અપથ્ય શીતલ હિમ છોડશે, સૂર્ય અસહ્યરૂપ તપશે.

ગૌતમ ! આ કારણે **અરસમેઘ**-મનોજ્ઞ રસવર્જિત જલયુક્ત મેઘ, **વિરસમેઘ**-વિપરીત રસમય જલયુક્ત મેઘ, **ક્ષારમેઘ**-ખાર જેવા જલયુક્ત મેઘ, **ખાત્રમેઘ**-કરીષ સદૃશ રસમય જલયુક્ત મેઘ (અમ્લ કે ખાટાં જલયુક્ત મેઘ), **અગ્નિમેઘ**-અગ્નિ સદૃશ દઝાડતો જલયુક્ત મેઘ, **વિદ્યુતમેઘ**-વિજળી પાડનારો મેઘ, **વિષમેઘ**-વિષમય જલવર્ષક મેઘ, **અયાપનીયોદક**-અપ્રયોજનીય મેઘ, **વ્યાધિ**-કુષ્ટ (કોઢ) વગેરે અને તાત્કાલિક પ્રાણ લેનારી બીમારી ઉત્પાદક જલયુક્ત મેઘ, **અપ્રિયમેઘ**-તોફાન જનિત તીવ્ર પ્રચુર જલધારા છોડનારો મેઘ નિરંતર વર્ષા કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणं भरहे वासे गामागर-णगर-खेडकब्बड-मडंब-दोणमुह-पट्टणासमगयं जणवयं, चउप्पयगवेलए, खहयरे पक्खिसंघे गामारण्ण-प्पयारणिरए तसे अ पाणे, बहुप्पयारे रूक्ख-गुच्छ-गुम्म-लय-वल्लि-पवालंकुरमादीए तणवणस्सइकाए ओसहीओ अ विद्धंसेहिंति, पव्वयगिरिडोंगरूत्थलभट्टिमादीए अ वेअड्ढ-गिरिवज्जे विरावेहिंति, सलिल-बिल-विसम-गत्तणिण्णुण्णयाणि अ गंगासिंधुवज्जाइं समीकरेहिंति ।

જેનાથી ભરતક્ષેત્રના ગામ, આકર (ખાણ), ખેટ (ગામડું) કર્બટ (નગર) મડમ્બ, દ્રોણ મુખ, પટ્ટન આશ્રમ નિવાસી મનુષ્યો, ગાય વગેરે ચોપગા પ્રાણીઓ, ખેચર (આકાશગામી) પક્ષીઓ, ગામ અને વનમાં રહેનારા દ્વીન્દ્રિયાદિ ત્રસો અને પ્રાણીઓ તથા અનેક પ્રકારના વૃક્ષો, નવમાલિકા વગેરે ગુલ્મો, અશોકલતા વગેરે લતાઓ, વાલુક્ય આદિ ગુચ્છો, બેલાઓ, પાંદડાઓ, અંકુર ઈત્યાદિ બાદર વનસ્પતિકાયિક ઔષધિઓનો તે નાશકરી નાંખશે. વૈતાઢ્ય વગેરે શાશ્વત પર્વતો સિવાયના અન્ય પર્વતો, વૈભાર વગેરે ક્રીડા-પર્વતો, ચિત્રકૂટ વગેરે ડુંગરો, પથ્થરાલ ટીબાઓ, ધૂળવર્જિત ભૂમિ પઠારોને ખેદાન મેદાન કરી નાખશે. ગંગા અને સિંધુ મહાનદી સિવાયબાકીના જલ, સ્રોતો, ઝરણા, વિષમગર્ત-ખાડા ટેકરાવાળા ગડ્ઢો (ખાડ) નિમ્ન, ઉન્નત નીચા ઊંચા જલ સ્થાનોને સમાન કરી દેશે અર્થાત્ એનું નામ નિશાન મટાવી દેશે.

प. तीसे णं भंते ! समाए भरहस्स वासस्स भूमीए केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! भूमी भविस्सइ इंगालभूआ, मुम्मुरभूआ, छारिअभूआ, तत्तकवेल्लुअभूआ, तत्तसमजोइभूआ, धूलिबहुला, रेणुबहुला, पंकबहुला, पणयबहुला, चलणिबहुला, बहूणं धरणिगोअराणं सत्ताणं दुन्निक्कमा या वि भविस्सइ ।

પ્ર. ભગવન્ ! એ કાળમાં ભરતક્ષેત્રની ભૂમિના આકારભાવ સ્વરૂપ કેવા હશે ?

ઉ. ગૌતમ ! એ સમયે ભૂમિ અંગારા જેવી, અગ્નિ કણો જેવી, ગરમ રાખ જેવી, તપેલા કવેલુ (નળિયા) જેવી, સર્વત્ર એક સરખી તપેલી જ્વાળા જેવી હશે. એમાં ધૂળ, રજ, રેતી, કાદવ-કીચડ, પાતળો કીચડ કે જેમાં પગ ખૂંચી જાય એવો પ્રચૂર કીચડ ખૂબ પ્રમાણમાં થશે. (પૃથ્વી પર ચાલનારા ફરનારા પ્રાણીઓને એના પર ચાલવાનું ખૂબ કઠિન થશે.)

प. तीसे णं भंते ! समाए भरहे वासे मणुआणं केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! मणुआ भविस्संति दुरूवा, दुव्वण्णा, दुगंधा, दुरसा, दुफासा अणिट्ठा अकंता, अप्पिआ, असुभा, अमणुन्ना, अमणामा ।

हीणस्सरा, दीणस्सरा, अणिट्ठस्सरा, अकंतस्सरा, अप्पिअस्सरा, अमणामस्सरा, अमणुण्णस्सरा । अणादेज्जवयणपच्चायाता, णिल्लज्जा, कूड-कवड-कलह-बंध-वेर-निरया मज्जायातिक्कमप्पहाणा, अकज्जणिच्चुज्जुया,

પ્ર. ભગવન્ ! એ કાળમાં ભરતક્ષેત્રના મનુષ્યોનો આકાર સ્વરૂપ કેવું હશે ?

ઉ. ગૌતમ ! એ સમયે મનુષ્યોના રૂપ, વર્ણ, ગંધ રસ, સ્પર્શ, અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ તથા અમનોહર થશે.

એમનો સ્વર હીન, દીન, અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોગમ્ય અને અમનોજ્ઞ થશે. એનું વચન અનાદેય અશોભિત થશે. તેઓ નિર્લજ્જ થશે. કૂટ, કપટ, કલહ, બંધ અને વૈર ભાવમાં નિરત (રહેનારા) થશે, મર્યાદાને ઓળંગવાને તત્પર રહેશે, અકાર્ય કરવામાં સદા તત્પર રહેશે.

गुरूणिओगविणयरहिआ य विकलरूवा, परूढ-णहकेस-मंसु-रोमा काला, खरफरूससमावण्णा, फुट्टसिरा, कविलपलिअकेसा, बहुण्हारू-णिसंपिणद्धदुद्दंसणिज्जरूवा, संकुडिअ-वलीतरंग परिवेढिअंगमंगा, जरापरिण-यव्वथेरगणरा, पविरलपरिसडिअदंतसेढी, उब्भडघडमुहा, विसमणयण, वंकणासा, वंकवलीविगयभेसणुमुहा, दुद्द विकिटिभ-सिब्भफुडिअ, फरूसच्छवी, चित्तलंगमंगा, कच्छू खसराभिभूआ, खरतिक्खणक्खकंडूइ-अविकयतणू, टोलगतिविसमसंधिबंधणा, उक्कडूअट्ठि-अविभत्तदुब्बल-कुसंघयणकुप्पमा-णकुसंठिआ, कुरूवा कुट्ठाणा-सणकुसेज्जकु-भोइणो, असुइणो अणेगवाहिपीलि-अंगमंगा-खलंतविब्भलगई णिरूच्छाहा, सत्तपरि-वज्जियाविगयचेट्ठा नट्ठतेआ, अभिक्खणं-सीउण्हखरफरूसवाय विज्झडि-अमलिणपंसुर-ओगुंडिअंगमंगा, बहुकोह-माण-माया-लोभा, बहुमोहा, असुभदुक्खभागी, ओसण्णंधम्मसण्ण-सम्मत्तपरिब्भट्ठा।

ગુરૂજનોની આજ્ઞાનું પાલન ( ન કરનાર) અને વિનય રહિત થશે. એમનું રૂપ વિકરાલ થશે. વધેલા નખ, વાળ તથા દાઢી-મુંછવાળા કાળા કઠોર સ્પર્શવાળા, ઉંડી રેખાઓ કે સલ વટોના કારણે ફાટેલા મસ્તકવાળા, ધૂમાડાના રંગવાળા તથા સફેદ વાળવાળા, ઘણી વધારે નાડીઓ વડે બંધાયેલા હોવાથી દુદર્શનીય રૂપવાળા, દેહમાં ઠેરઠેર પડેલી કરચલીઓના તરંગોથી પરિવ્યાપ્ત અંગવાળા, જરાજર્જરિત ગરડાની સદૃશહિત પ્રવિરલ દૂરે-દૂરે પ્રરૂઢ અને પરિશટિત પરિપતિતદાંતની શ્રેણીવાળા, ઘડાના વિકૃત મુખ જેવા મુળવાળા, અસમાન નેત્રવાળા, વક્રવાંકા નાકવાળા, કરચલીઓથી વિકૃત, બીભત્સભીષણ મુખવાળા, દરાજી ખજવાળ કરોળિયા વગેરેથી વિકૃત કઠોર ચામડીવાળા, ચિત્ર-વિચિત્ર અવયવ દેહવાળા, તેમજ ઓરી નામના ચર્મરોગથી પીડિત, કઠોર તીક્ષ્ણ નખો વડે ખંજવાળાના કારણે વિકૃત ઘા ઉઝરડા થયેલા એવા દેહવાળા, ઊંટ વગેરેની ચાલની સમાન અશુભ ચાલવાળા, વિષમ સંધિ બંધનવાળા, અવ્યવસ્થિત હાડકાવાળા પૌષ્ટિક ભોજનરહિત, શક્તિહીન, કુત્સિત સંહનનવાળા, કુત્સિત પરિમાણ, કુત્સિત સંસ્થાન (આકાર) તેમજ કુત્સિત રૂપયુક્ત, કુત્સિત આશ્રય, કુત્સિત આસન, કુત્સિત શૈય્યા તથા કુત્સિત ભોજનસેવી, અશુચિ અપવિત્ર અથવા અશ્રુતિ શ્રુત-શાસ્ત્રજ્ઞાન વર્જિત, અનેક વ્યાધિઓથી પીડિત, સ્ખલિત વિહ્વલ ગતિવાળા, લથડતી ચાલે ચાલનાર, ઉત્સાહરહિત, સત્વહીન નિશ્ચેષ્ટ, તેજોવિહીન, નિરંતર શીતલ ઉષ્ણ તીક્ષ્ણ કઠોર વાયુથી વ્યાપ્ત શરીરવાળા, મલિન ધૂળથી ખરડાયેલ દેહવાળા, બહુ ક્રોધી અહંકારી માયાવી લોભી તથા મોહમય અશુભ કાર્યોના પરિમાણસ્વરૂપ અત્યાધિક દુ:ખી થાય, ધર્મસંજ્ઞા ધાર્મિક શ્રદ્ધા તથા સમ્યકૃત્વથી પરિભ્રષ્ટ થશે.

उक्कोसेणं रयणिप्पमाणमेत्ता, सोलसवीसइवास-परमाउसो, बहुपुत्तणतुपरियालपणयबहुला, गंगासिंधुओ महाणईओ वेअड्ढं च पव्वये नीसाए बावत्तरिं णिगोअबीअं बीअमेत्ता विलवासिणो मणुआ भविस्संति[1]।

ઉત્કૃષ્ટ એના શરીરની ઊંચાઈ એક હાથની હશે. એનું અધિકતમ આયુષ્ય સ્ત્રીઓનું સોળ વર્ષ તથા પુરૂષોનું વીસ વર્ષ હશે. પોતાના ઘણા બધા પુત્ર પૌત્રમય પરિવારમાં એનો ખૂબ પ્રેમ મોહ થશે. તેઓ ગંગા મહાનદી અને સિંધુ મહાનદીના તટ તથા વૈતાઢ્ય પર્વત નજીક આવેલા બિલોમાં (વિવર-ગુફા) રહેશે. તે બિલવાશી મનુષ્ય સંખ્યામાં બોત્તેર હશે, જે ભવિષ્યમાં માનવ જાતિના વિસ્તાર માટે બીજરૂપ થશે.

१. भग. स. ७, सु. ६, सु. ३१-३३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. तेणं भंते मणुआ किमाहारिस्संति ?

उ. गोयमा ! तेणं कालेणं ते णं समएणं गंगासिंधुओ महाणईओ रहपहमित्तवित्थराओ अक्खसोअप्पमाणमेत्तं जलं वोज्झिहिंति । सेवि अ णं जले बहुमच्छकच्छभाइण्णे णो चेव णं आउबहुले भविस्सइ ।

तए णं ते मणुआ सूरुग्गमणुमुहुत्तंसि अ सूरत्थमणूमुहुत्तंसि अ विलेहिंतो णिद्धाइस्संति, विलेहिंतो णिद्धाइत्ता मच्छकच्छभे थलाइं गाहेहिंति, मच्छकच्छभे थलाइं गाहेत्ता सीआतवतत्तेहिं मच्छकच्छभेहिं इक्कवीसं वाससहस्साइं वित्तिं कप्पेमाणा विहरिस्संतिए ।[१]

प्र. ભગવન્ ! તે મનુષ્ય શું આહાર કરશે ?

ઉ. ગૌતમ ! એ કાળ અને તે સમયમાં ગંગા અને સિંધુ મહાનદી એ બે નદીઓ રહેશે. જેમનો રથ ચાલવા માટે અપેક્ષિત પથ જેટલો માત્ર એનો વિસ્તાર થશે. એમના રથના ચક્રના છેદની ઊંડાઈ જેટલું ઊંડુ જળ રહેશે. એમાં અનેક મત્સ્ય (માછલી) તથા કાચબા રહેશે. એ જલમાં સજાતીય અપ્કાયના જીવ નહી હોય.

તે મનુષ્ય સૂર્યોદયના સમયે તથા સૂર્યાસ્તના સમયે પોતાના બિલમાંથી ઝડપી દોડીને નીકળશે. બિલમાંથી નીકળીને માછલીઓ અને કાચબાઓને પકડશે અને એને કિનારા પર લઈ જશે. કિનારા પર લાવીને રાત્રે ઠંડી દ્વારા અને દિવસમાં આતપ દ્વારા એને પકવશે. સુકવશે. આ પ્રકારે તે અતિસરસ ખાદ્યને પચાવવાને અસમર્થ પોતાના જઠરાગ્નિને અનુરૂપ એને આહાર યોગ્ય બનાવી લેશે. એ આહાર વૃત્તિ દ્વારા તેઓ એકવીસ હજાર વર્ષ પર્યન્ત પોતાનો નિર્વાહ કરશે.

प. ते णं भंते ! मणुआ णिस्सीला णिव्वया, णिग्गुणा, णिम्मेरा, णिप्पच्चक्खाणपोसहोववासा, ओसण्णं मंसाहारा, मच्छाहारा, खुड्डाहारा, कुणिमाहारा कालमासे कालं किच्चा कहिं गच्छिहिंति, कहिं उववज्जिहिंति ?

પ્ર. ભગવન્ ! તે મનુષ્યો જેઓ **નિઃશીળ**-શીળરહિત, આચારરહિત, **નિવૃતિ**-મહાવ્રત, અણુવ્રત રહિત, **નિર્ગુણ**-ઉત્તરગુણરહિત, **નિર્મર્યાદ**-કુલ વગેરેની મર્યાદાથી રહિત, **પ્રત્યાખ્યાન**-ત્યાગ, પૌષધ અને ઉપવાસથી રહિત હશે. તેઓ પ્રાય : માંસભોજી મત્સ્યભોજી, અહીં-તહીં ઉચ્છિષ્ટ ક્ષુદ તુચ્છ ધાન્યાદિકભોજી, કુણિપ (શબ) ભોજી, વસા (મેદ) કે ચરબી વગેરે દુર્ગન્ધિત પદાર્થ ભોજી થશે. તે મનુષ્ય આયુષ્ય સમાપ્ત થતા મરીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે.

उ. गोयमा ! ओसण्णं णरगतिरिक्खजोणिएसु उववज्जिहिंति ।

ઉ. ગૌતમ ! તેઓ પ્રાયઃ નરકગતિ અને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થશે.

प. तीसे णं भंते ! समाए सीहा, वग्घा, विगा दीविआ, अच्छा, तरस्सा, परस्परा, सरभ, सियाल बिराल सुणगा, कोलसुणगा, ससगा चित्तगा, चिल्ललगा, ओसण्णं मंसाहारा, मच्छाहारा, खोद्दाहारा, कुणिमाहारा कालमासे कालं किच्चा कहिं गच्छिहिंति, कहिं, उववज्जिहिंति ?

પ્ર. ભગવન્ ! તત્કાલવર્તી સિંહ, વાઘ, વરૂ, રીંછ, તરક્ષ, ચિતા, ગેંડા ,શરભ-અષ્ટાપદ, શિયાળ, બિલાડા, કૂતરા, જંગલી કૂતરા કે સુઅર, સસલા, ચીતલ તથા ચિલ્લક જે પ્રાયઃ માંસાહારી મત્સ્યાહારી, ક્ષુદ્રાહારી તથા કુણિમાહારી (શળાહારી) થશે. તેઓ આયુષ્ય સમાપ્ત થવાથી મરીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

उ. गोयमा ! ओसण्णं णरगतिरिक्खजोणिएसु उववज्जिहिंति ।

ઉ. ગૌતમ ! તેઓ પ્રાયઃ નરકગતિ અને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થશે.

१. भग. स. ७, उ. ६, सु. ३४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. ते णं भंते ! ढंका, कंका, पीलगा, मग्गुगा, सिही ओसण्णं मंसाहारा, मच्छाहारा, खोद्दाहारा, कुणिमाहारा कालमासे कालं किच्चा कहिं गच्छिहिंति, कहिं उववज्जिहिंति ?

उ. गोयमा ! ओसण्णं णरगतिरिक्खजोणिएसु गच्छिहिंति उववज्जिहिंति[1] ।

- जंबू. वक्ख. २, सु. ४४-४६

प्र. ભગવન્ ! ઢંક (કાગડાની વિશેષ પ્રકાર) કંક કઠફોડા (લક્કડ ફોડા) પીલક, મદ્ગુક-જલ કાકશિખી મયુર જેપ્રાયઃમાંસાહારી, મત્સ્યાહારી, ક્ષુદ્રાહારી તથા કુણિમાહારી (શબાહારી) થશે, તેઓ આયુષ્ય પૂર્ણ થતા મરીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

ઉ. ગૌતમ ! તેઓ પ્રાયઃ નરકગતિ અને તિર્યંચ ગતિમાં જશે.

**भरहे वासे उस्सप्पिणी कालस्स छण्हंआरकाणं आयारभावपडोयार परूवणं-**

१३२२. १. तीसे णं समाए इक्कवीसाइ वाससहस्सेहिं काले वीइक्कंते आगमिस्साइ उस्सप्पिणीए सावणबहुलपडिवए बालवकरणंसि अभीइणक्खत्ते चोद्दसपढमसमये अणंतेहिं वण्णपज्जवेहिं **-जाव-** अणंतगुण परिविढीए परिवड्ढेमाणे-परिवड्ढेमाणे एत्थ णं **'दूसमदूसमा'** णामं समा काले पडिवज्जिस्सइ, समणाउसो !

प. तीसे णं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! **काले भविस्सइ, हाहाभूए, भंभाभूए एवं सो चेव दूसमदूसमावेढओ णेअव्वो ।**

२. तीसे णं समाए एक्कवीसाए वाससहस्सेहिं काले विइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं **-जाव-** अणंतगुणपरिवुड्ढीए परिवड्ढेमाणे-परिवड्ढेमाणे एत्थ णं **'दूसमा'** णामं समा काले पडिवज्जिस्सइ, समणाउसो !

तेणं कालेणं तेणं समएणं पुक्खलसंवट्टए णामं महामेहे पाउब्भविस्सइ भरहप्पमाणमित्ते आयामेणं तदणुरूवं च णं विक्खंभबाहल्लेणं । तए णं से पुक्खलसंवट्टए महामेहखिप्पामेव पतण तणाइस्सइ, खिप्पामेव पतणतणाइत्ता खिप्पामेव पविज्जुआइस्सइ खिप्पामेव पविज्जुआइत्ता खिप्पामेव जुग-मुसल-

**ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી કાળના છ આરાઓના આકાર ભાવ સ્વરૂપનું પ્રરૂપણ**

૧૩૨૨. ૧. હે આયુષ્યમાન્ શ્રમણ ! આ અવસર્પિણી કાળના છ આરાઓના એકવીસ હજાર વર્ષ પૂર્ણ થવા પર શ્રાવણમાસ કૃષ્ણપક્ષની એકમના દિવસે બાલવ નામના કરણમાં ચંદ્રમાંની સાથે અભિજિત્ નક્ષત્રનો યોગ થવા પર ચૌદસના કાળના પ્રથમ સમયમાં આગામી ઉત્સર્પિણી કાળનો **'દુષમ-દુષમા'** નામનો પ્રથમ આરાઓનો પ્રારંભ થશે એમાં અનન્ત વર્ણ પર્યાય **-યાવત્-** અનન્ત ગુણ પરિવૃદ્ધિના ક્રમથી પરિવર્દ્ધિત થતા જશે.

પ્ર. ભગવન્ ! એ કાળમાં ભરતક્ષેત્રનું આકાર ભાવસ્વરૂપ કેવું થશે ?

ઉ. ગૌતમ ! **તે સમયની સ્થિતિ અવસર્પિણી કાળના દુષમદુષમા નામના છઠ્ઠે આરેની સમાન હાહાકારમય ચીત્કારમય થશે.**

૨. હે આયુષ્મન શ્રમણ ! આ કાળના ઉત્સર્પિણીના પ્રથમ આરા દુઃષમદુષમાના એકવીસ હજાર વર્ષ વ્યતીત થઈ ગયા બાદ એના **'દુષમા'** નામના બીજા આરાનો પ્રારંભ થશે. એમાં અનન્ત વર્ણ-પર્યાય**-યાવત્-** અનન્તગુણ પરિવૃદ્ધિના ક્રમથી પરિવર્દ્ધિત થતા જશે.

તે કાળ અને તે સમયે (ઉત્સર્પિણી કાળના દુઃષમા નામના બીજા આરાના પ્રારંભમાં) ભરતક્ષેત્ર પ્રમાણ આયામ વિષ્કમ્ભ બાહલ્યવાળા પુષ્કર સંવર્તક નામના મહામેઘ પ્રાદુર્ભૂત થશે. તે પુષ્કર સંવર્તક મહામેઘ શીઘ્ર ગર્જના કરશે. ગર્જના કરીને જલ્દીથી વિદ્યુત યુક્ત બનશે, એમાં વીજળીઓ ચમકવા લાગશે. વિજળી યુક્ત એવા તે જલ્દીથી યુગ મૂસળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुट्ठिप्पमाणमित्ताहिं धाराहिं ओघमेघं सत्तरत्तं वासं वासिस्सइ, तेणं भरहस्स वासस्स भूमिभागं इंगालभूअं मुम्मुरमूअं छारिअमूअं, तत- कवेल्लु गभूअं तत्तसमजोइभूअं णिव्वाविस्सति त्ति।

तथा મુષ્ટિના માપની કોટિધારાઓથી સાત દિવસ-રાત્રિ સુધી સર્વત્ર એક સરખો વરસશે. જેના કારણે એ ભરતક્ષેત્ર અંગારમય, મુર્મુરમય, ક્ષારમય તપ્ત કટાહની જેમ બધી બાજુથી પરિતૃપ્ત થશે તથા તપેલા ભૂમિભાગને શીતળ કરશે.

तंसि च णं पुक्खलसंवट्टगंसि महामेहंसि सत्तरत्तं णिवतितंसि समाणंसि एत्थ णं खीरमेहे णामं महामेहे पाउब्भविस्सइ, भरहप्पमाणमेत्ते आयामेणं, तदणुरूवं च णं विक्खंभबाहल्लेणं। तए णं से खीरमेहे णामं महामेहे खिप्पामेव पतणतणाइस्सइ-**जाव** खिप्पामेव जुग-मुसल-मुट्ठिप्पमाण-मित्ताहिं धाराहिं ओघमेघं सत्तरत्तं वासं वासिस्सइ। जेणं भरहवासस्स भूमीए वण्णं गंधं रसं फासं च जणइस्सइ।

એ સાત દિવસ-રાત્રિ સુધી પુષ્કર સંવર્તક-મહામેઘ વર્ષ્યા પછી ક્ષીરમેઘ નામનો મહામેઘ પ્રગટ થશે. તે લંબાઈ પહોળાઈ તથા વિસ્તારમાં ભરતક્ષેત્ર જેટલો હશે. તે ક્ષીરમેઘ નામનો મહામેઘ જલદીથી ગર્જના કરશે **-યાવત્-** જલદીથી યુગ-મૂસળ તથા મુષ્ટિ માપની ધારાઓથી સર્વત્ર એક સરખો સાત દિવસ-રાત્રિ સુધી વરસશે. જેનાથી ભરતક્ષેત્રની ભૂમિમાં શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ તથા શુભ સ્પર્શ ઉત્પન્ન થઈ જશે.

तंसि च णं खीरमेहंसि सत्तरत्तं णिवतितंसि समाणंसि इत्थ णं घयमेहे णामं महामेहे पाउब्भविस्सइ। भरहप्पमाणमेत्ते आयामेणं, तदणुरूवं च णं विक्खंभबाहल्लेणं, तए णं से घयमेहे महामेहे खिप्पामेव पतणतणाइस्सइ **-जाव-** वासं वासिस्सइ। जेणं भरहस्स वासस्स भूमीए सिणेहभावं जणइस्सइ।

આ ક્ષીરમેઘમાં સાત દિવસ-રાત્રિ વર્ષ્યા પછી ઘૃતમેઘ નામનો મહામેઘ પ્રગટ થશે. તે લંબાઈ પહોળાઈ અને વિસ્તારમાં ભરતક્ષેત્ર જેટલો હશે. તે ઘૃતમેઘ નામના વિશાળ વાદળો જલ્દીથી ગર્જના કરશે **-યાવત્-** વર્ષા કરશે. આ પ્રકારે તે ભરતક્ષેત્રની ભૂમિમાં સ્નેહભાવ સ્નિગ્ધતા ઉત્પન્ન કરશે.

तंसि च णं घयमेहंसि सत्तरत्तं णिवतितंसि समाणंसि एत्थ णं अमयमेहे णामं महामेहे पाउब्भविस्सइ। भरहप्पमाणमित्तं आयामेणं तदणुरूवं च णं विक्खंभबाहल्लेणं, तए णं से अमयमेहे णामं महामेहे खिप्पामेव पतणतणाइस्सइ **-जाव-** वासं वासिस्सइ। जेणं भरहे वासे रूक्ख-गुच्छ-गुम्म-लय-वल्लि-तण-पव्वग-हरिय-ओसहिं पवालंकुरमाईए तणवणस्सइकाइए जणइस्सइ।

તે ઘૃતમેઘમાં સાત દિવસ રાત્રિ સુધી વર્ષ્યા પછી અમૃતમેઘ નામનો મહામેઘ પ્રગટ થશે. તે લંબાઈ, પહોળાઈ અને વિસ્તારમાં ભરતક્ષેત્ર જેટલો હશે. તે અમૃતમેઘ નામના વિશાળ વાદળ શીઘ્ર ગર્જના કરશે **-યાવત્-** વર્ષા કરશે. આ પ્રકારે તે ભરતક્ષેત્રમા વૃક્ષ, ગુચ્છા, જુન્ડ, લતા, વેલ, તૃણ, ઘાસ, પર્વગ-સેરડી વગેરે હરિત-હરિયાલી ઘાસ વગેરે, ઔષધી- જડીબુટ્ટી, પાંદડા અને કૂપળો વગેરે તૃણ વનસ્પતિયોને ઉત્પન્ન કરશે.

तंसि च णं अमयमेहंसि सत्तरत्तं णिवतितंसि समाणंसि एत्थ णं रसमेहे णामं महामेहे पाउब्भविस्सइ भरहप्पमाणमेत्ते आयामेणं तदणुरूवं च विक्खंभबाहल्लेणं। तए णं से रसमेहे णामं महामेहे खिप्पामेव पतणतणाइस्सइ **-जाव-** वासं वासिस्सइ। जे णं तेसिं बहूणं रूक्ख-गुच्छ-गुम्म-लय-वल्लि-तण-पव्वग-हरित-ओसहिं-पवालंकुरमादीणं १. तित्त,

આ અમૃતમેઘમાં સાત દિવસ-રાત્રિ સુધી વર્ષ્યા પછી રસમેઘ નામનો મહામેઘ પ્રગટ થશે. તે લંબાઈ-પહોળાઈ અને વિસ્તારમાં ભરતક્ષેત્ર જેટલો હશે. તે રસમેઘ નામના વિશાળ વાદળ શીઘ્ર ગર્જના કરશે **-યાવત્-** વર્ષા કરશે. જેનાથી તે ભરતક્ષેત્રમાં વૃક્ષ, ગુચ્છ, ઝુન્ડ, લતા, વેલ, તૃણ (ઘાસ), પર્વગ, હરિયાલી, ઔષધ, પાંદડા અને કૂપળો વગેરે ૧. તીખો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. कडुअ, ३. कसाय, ४. अंबिल, ५. महुरे पंचविहे रसविसेसे जणइस्सइ।

तए णं भरहे वासे भविस्सइ परूढरूक्ख-गुच्छ-गुम्म-लय-वल्लि-तण-पव्वग-हरिअ-ओसहिए उवचियतय पत्त पवालंकुर-पुप्फ-फलसमुइए सुहोवभोगे यावि भविस्सइ।

तए णं से मणुआ भरहे वासे परूढरूक्ख-गुच्छ-गुम्म-लय-वल्लि-तण-पव्वय हरिअ-ओसहिअं-उवचितय-पत्त-पवाल-पल्लवंकुर-पुप्फ-फल-समुइअं सुहोवभोगं जायं जायं चावि पासहिंति पासित्ता बिलेहिंतो णिद्धाइस्संति, णिद्धाइत्ता हट्ठतुट्ठा अण्णमण्णं सद्दाविस्संति, सद्दावित्ता एवं वदिस्संति-

जाए णं देवाणुप्पिआ ! भरहे वासे परूढरूक्ख-गुच्छ-गुम्म-लय-वल्लि-तण-पव्वय-हरिय-ओसहिए-उवचिय-तय-पत्त-पवाल-पल्लवंकुर-पुप्फ-फल-समुइए सुहोवभोगे तं जे णं देवाणुप्पिआ ! अम्हे केइ अज्जप्पभिइ असुभं कुणिमं आहारं आहारिस्सइ से णं अणेगाहिं छायाहिं वज्जणिज्जेत्ति कट्टु संठिइं ठवेस्संति, ठवेत्ता भरहे वासे सुहंसुहेणं अभिरममाणा अभिरममाणा विहरिस्संति।

प. तीसे णं भंते ! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे भविस्सइ से जहाणामए आलिंगपुक्खरेइ वा, मुइंगपुक्खरेइ वा -जाव- णाणामणिपंचवण्णेहिं कित्तिमेहिं चेव, अकित्तिमेहिं चेव।

प. तीसे णं भंते ! समाए मणुआणं केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! समाए मणुआणं छव्विहं संघयणं, छव्विहेसंठाणे, बहूईओ रयणीओ उड्ढंउच्चत्तेणं जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं साइरेगं वाससयं

૨. કડવો, ૩. તૂરો, ૪. ખાટો, અને ૫. મધુર એ પાંચ પ્રકારના રસોને ઉત્પન્ન કરશે.

ત્યારે ભરતક્ષેત્રમાં વૃક્ષ, ગુચ્છ, ઝુંડ, લતા, વેલ, તૃણ, પર્વગ, હરિયાલી, ઔષધિ, પાંદડા તથા કૂપળ આદિ ઊગશે. એની ત્વચા, છાલ, પત્ર, પ્રબળ, પલ્લવ, અંકુર, પુષ્પ, ફલ એ બધા પરિપુષ્ટ થશે અને સુખપૂર્વક ખાવાલાયક બનશે.

ત્યારે તેઓ બિલવાસી મનુષ્ય જુવે છે કે-ભરતક્ષેત્રમાં વૃક્ષ, ગુચ્છ, ઝુંડ, લતા, વેલ, તૃણ, પર્વગ, હરિયાલી ઔષધિ એ બધા ઉત્પન્ન થઈ ગયા છે. તેમજ છાલ, પત્ર, પ્રબળ, પલ્લવ, અંકુર, પુષ્પ તથા ફલ પરિપુષ્ટ તેમજ સુખોપભોગ્ય થઈ ગયા છે. એવું જોઈને તેઓ બિલોમાંથી બહાર નીકળશે અને નિકળીને હર્ષિત તેમજ પ્રસન્ન થતા એવા એક બીજાને પોકારશે-બોલાવશે તેમજ પુકારીને કહેશે -

"હે દેવાનુંપ્રિયો ! ભરતક્ષેત્રમાં વૃક્ષ, ગુચ્છ, ઝુંડ, લતા, વેલ, તૃણ, પર્વગ, હરિયાલી, ઔષધિ એ બધા ઉત્પન્ન થઈ ગયા છે તથા છાલ, પત્ર, પ્રબળ, પલ્લવ, અંકુર, પુષ્પ તથા ફલ. એ બધા પરિપુષ્ટ તેમજ સુખોપભોગ્ય થઈ ગયા છે. એટલે હે દેવાનું પ્રિયો ! આજથી જે કોઈ અશુભ માંસાદિમૂલક આહાર કરશે એનો પડછાયો લેવા પણ (વર્જનીય) અયોગ્ય બનશે," આ પ્રમાણે વિચાર કરીને મર્યાદાની વ્યવસ્થા કરશે અને વ્યવસ્થા કરીને ભરતક્ષેત્રમાં સુખશાંતિનો અનુભવ કરતા એવા રહેશે.

પ્ર. ભગવન્ ! આ સમયે (ઉત્સર્પિણી કાળના દુષમા નામના બીજા આરામાં) ભરતક્ષેત્રના આકાર ભાવ સ્વરૂપ કેવા હશે ?

ઉ. ગૌતમ ! મુરજ તથા મૃદંગના ઉપરના ભાગ જેવો ભૂમિભાગ ખૂબ સમતલ તથા રમણીય થશે **-યાવત્-** અનેક પ્રકારના કૃત્રિમ તેમજ અકૃત્રિમ પાંચ વર્ણ (રંગ) ના મણીઓ વડે સુશોભિત થશે.

પ્ર. ભગવન્ ! એ સમયે ભરતક્ષેત્રના મનુષ્યના આકાર ભાવ સ્વરૂપ કેવા હશે ?

ઉ. ગૌતમ ! એ મનુષ્યોના છ પ્રકારના શરીર તેમજ છ પ્રકારના આકાર હશે, એમની ઊંચાઈ અનેક પ્રકારના હાથોની હશે, એનું જઘન્ય અન્તર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ સો વર્ષથી કંઈક અધિક વર્ષનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आउअं पालेहिंति, पालेत्ता अप्पेगइआ णिरयगामी, अप्पेगइआ तिरियगामी, अप्पेगइआ मणुयगामी, अप्पेगइआ देवगामी ण सिज्झंति।

३. तीसे णं समाए एक्कवीसाए वाससहस्सेहिं काले वीइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं **-जाव-** अणंतगुण परिवुड्ढिए परिवड्ढेमाणे-परिवड्ढेमाणे एत्थ णं **'दुस्समसुसमा'** णामं समा काले पडिवज्जिस्सइ समणाउसो!

प. तीसे णं भंते! समाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ?

उ. गोयमा! बहुसमरमणिज्जे भूमिभागे भविस्सइ, से जहाणामए आलिंगपुक्खरेइ वा, मुइंगपुक्खरेइ वा **-जाव-** णाणामणिपंचवण्णेहिं कित्तिमेहिं चेव, अकित्तिमेहिं चेव।

प. तेसि णं भंते! मणुआणं केरिसए आयारभाव पडोयारे भविस्सइ?

उ. गोयमा! तेसि णं मणुआणं छव्विहे संघयणे, छव्विहे संठाणे बहूइ धणूइं उड्ढं उच्चत्तेणं जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडीआउअं पालिहिंति, पालेत्ता, अप्पेगइआ णिरयगामी, अप्पेगइआ तिरियगामी, अप्पेगइआ मणुयगामी, अप्पेगइआ देवगामी, अप्पेगइआ सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति।

तीसे णं समाए तओ वंसा समुप्पज्जिस्संति, तं जहा-१. तित्थगरवंसे, २. चक्कवट्टिवंसे, ३. दसारवंसे। तीसे णं समाए तेवीसं तित्थगरा, एक्कारस चक्कवट्टि, णव बलदेवा, णव वासुदेवा समुप्पज्जिस्संति।

४. तीसे णं समाए सागरोवमकोडाकोडीए बायालीसाए वाससहस्सेहिं ऊणिआए काले वीइक्कंते अणंतेहिं वण्णपज्जवेहिं **-जाव-** अणंतगुणपरिवुड्ढी परिवड्ढेमाणे- परिवड्ढेमाणे एत्थ णं **'सुसमदूसमा'** णामं समा काले पडिवज्जिस्सइ समणाउसो!

આયુષ્ય હશે અને આયુષ્ય ભોગવીને એમાંથી કોઈ નરકગતિમાં, કોઈ તિર્યંચ ગતિમાં, કોઈ મનુષ્ય ગતિમાં અને કોઈ દેવગતિમાં ઉત્પન્ન થશે. પરંતુ સિદ્ધ નહીં થશે.

૩. હે આયુષ્યમાન્ શ્રમણ! એ આરાના એકવીસ હજાર વર્ષ પ્રમાણ કાળ વીત્યા પછી ઉત્સર્પિણી કાળના **'દુષમ-સુષમા'** નામના ત્રીજો આરાનો પ્રારંભ થશે. એમાં અનન્ત વર્ણ પર્યાય **-યાવત્-** અનંતગુણ પરિવૃદ્ધિના ક્રમથી પરિવર્દ્ધિત થતા જશે.

પ્ર. ભગવન્! એ કાળે ભરતક્ષેત્રના આકાર ભાવ સ્વરૂપ કેવા હશે?

ઉ. ગૌતમ! તે મુરજ કે મૃંદગના ઉપરના ભાગ જેવો એનો ભૂમિભાગ ખૂબ સમતલ તેમજ રમણીય હશે **-યાવત્-** અનેક પ્રકારના કૃત્રિમ અને અકૃત્રિમ પંચ રંગી મણિઓથી સુશોભિત થશે.

પ્ર. ભગવન્! એ મનુષ્યોના આકારભાવ સ્વરૂપ કેવા હશે?

ઉ. ગૌતમ! એ મનુષ્યોના છ પ્રકારના શરીર તથા છ પ્રકારના આકાર હશે. એમના શરીરની ઊંચાઈ અનેક ધનુષ્ય પરિમાણ હશે. એમનું આયુષ્ય જઘન્ય અન્તર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ પૂર્વ કોટિ સુધી હશે. આયુષ્ય ભોગવીને એમાંથી કોઈ નરક ગતિમાં, કોઈ તિર્યંચ ગતિમાં, કોઈ મનુષ્ય ગતિમાં અને કોઈ દેવગતિમાં જશે. કોઈ સિદ્ધ, બુદ્ધ, મુક્ત તેમજ પરિનિર્વૃત્ત (મોક્ષ) થશે અને સમસ્ત દુઃખોનો અંત કરશે.

એ કાળમાં ત્રણ વંશ ઉત્પન્ન થશે. જેમકે - ૧. તીર્થંકર વંશ, ૨. ચક્રવર્તી વંશ, ૩. દશાર વંશ, આ કાળમાં ત્રેવીસ તીર્થંકર, અગિયાર ચક્રવર્તી, નવ બલદેવ તથા નવ વાસુદેવ ઉત્પન્ન થશે.

૪. હે આયુષ્યમાન્ શ્રમણ! આ આરાના બેંતાલીસ હજાર ઓછા એક સાગરોપમ કોડાકોડી કાળ વીત્યા પછી ઉત્સર્પિણી કાળના **'સુષમ દુષમા'** નામના ચોથા આરાનો પ્રારંભ થશે. એમાં અનન્ત વર્ણ પર્યાય **-યાવત્-** અનન્તગુણ પરિવૃદ્ધિના ક્રમથી પરિવર્દ્ધિત થતા જશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सा णं समा तिहा विभजिस्सइ, तं जहा-
१. पढमे तिभागे, २. मज्झिमे तिभागे,
३. पच्छिमे तिभागे।

प. तीसे णं भंते ! समाए पढमे तिभाए भरहस्स वासस्स केरिसए आयारभावपडोयारे भविस्सइ ?

उ. गोयमा ! बहुसमरमणिज्जे भूमिभागे भविस्सइ।

**मणुआणं -जाव- ओसप्पिणीए पच्छिमे तिभागे वत्तव्वया सा भाणिअव्वा कुलगरवज्जा उसभसामिवज्जा।**

अण्णे पढंति, तं जहा-तीसे णं समाए पढमे तिभाए इमे पण्णरस कुलगरा समुप्पज्जिस्संति, तं जहा-

| | |
|---|---|
| १. सुमई, | २. पडिस्सुई, |
| ३. सीमंकरे, | ४. सीमंधरे, |
| ५. खेमंकरे, | ६. खेमंधरे, |
| ७. विमलवाहणे, | ८. चक्खुमं, |
| ९. जसमं, | १०. अभिचंदे, |
| ११. चंदाभे, | १२. सेणई, |
| १३. मरूदेवे, | १४. णाभी, |
| १५. उसभे। | |

**सेसं तं चेव, दंडणीईओ पडिलोमाओ णेअव्वाओ।**

तीसे णं समाए पढमे तिभाए रायधम्मे, गणधम्मे, पाखंडधम्मे, अग्गिधम्मे, धम्मेचरणे अ वोच्छिज्जिस्सइ।

**तीसे णं समाए मज्झिमपच्छिमेसु तिभागेसु पढममज्झिमेसु वत्तव्वया ओसप्पिणीए सा भाणिअव्वा।**

५-६. 'सुसमा' तहेव 'सुसमसुसमा' वि तहेव।

**छव्विहा मणुस्सा अणुसज्जिस्संति-जाव-सणिचारी॥**

- जंबू. वक्ख. २, सु. ४७-५०

આ કાળ ત્રણ વિભાગોમાં વિભક્ત થશે, જેમકે-
૧. પ્રથમ ત્રિભાગ, ૨. મધ્યમ ત્રિભાગ તથા
૩. અંતિમ ત્રિભાગ.

પ્ર. ભગવન્ ! આ કાળના પ્રથમ ત્રિભાગમાં ભરતક્ષેત્રના આકાર ભાવ સ્વરૂપ કેવા હશે ?

ઉ. ગૌતમ ! એનો ભૂમિભાગ ખૂબ સમતલ અને રમણીય હશે -યાવત્- **અવસર્પિણી કાળના સુષમ- દુષમા આરાના અંતિમ તૃતીયાંશમાં જેવા મનુષ્યોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેવું જ અહીં પણ કરવું જોઈએ. પરંતુ એમાં કુલકર અને ભગવાન્ ઋષભનું વર્ણન કરવા નહીં.**

આ સંદર્ભમાં અન્ય આચાર્યોનું કથન આ પ્રકારે છે- એ કાળના પ્રથમ ત્રિભાગમાં પંદર કુલકરો હશે, જેમકે-

| | |
|---|---|
| ૧. સુમતિ, | ૨. પ્રતિશ્રુતિ, |
| ૩. સીમંકર, | ૪. સીમંધર, |
| ૫. ક્ષેમંકર, | ૬. ક્ષેમંધર, |
| ૭. વિમલવાહન, | ૮. ચક્ષુષ્માન, |
| ૯. યશસ્વાન્, | ૧૦. અભિચન્દ્ર, |
| ૧૧. ચન્દ્રાભ, | ૧૨. પ્રસેનજિત, |
| ૧૩. મરૂદેવ, | ૧૪. નાભિ, |
| ૧૫. ઋષભ. | |

**બાકીનું કથન એવા જ પ્રકારનું છે. દંડનીતિઓ વિપરીત ક્રમથી સમજવી જોઈએ.**

એ કાળના પ્રથમ ત્રિભાગમાં રાજધર્મ, ગણધર્મ પાખંડ ધર્મ, અગ્નિધર્મ તથા ધર્માચરણ જુદા થઈ જશે.

**આ સમયના મધ્યમ તથા અંતિમ ત્રિભાગનું કથન અવસર્પિણીના પ્રથમ અને મધ્યમ ત્રિભાગ જેવું સમજવું જોઈએ.**

૫-૬. 'સુષમા' અને 'સુષમ-સુષમા' નામના પાંચમાં, **છઠ્ઠા આરાઓનું વર્ણન પણ અવસર્પિણી કાળના સુષમ અને સુષમ-સુષમા આરેના (વર્ણન) જેવું જ જાણવું જોઈએ. શનિશ્ચર પર્યંત છ પ્રકારના મનુષ્યોનું વર્ણન પણ એવા પ્રકારનું જ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पलिओवम- सागरोवमाणं पओयणं-**

१३२३. प. एएहिं णं भंते ! पलिओवम-सागरोवमेहिं किं पओयणं ?

उ. सुदंसणा ! एएहिं णं पलिओवम- सागरोवमेहिं नेरइय-तिरिक्ख जोणिय-मणुस्स- देवाणं आउयाइं मविज्जंति ।[1]

-- भग. स. ११, उ. ११, सु. १७

**પલ્યોપમ સાગરોપમનું પ્રયોજન :**

૧૩૨૩. પ્ર. ભગવન્ ! પલ્યોપમ અને સાગરોપમનું શું પ્રયોજન છે ?

ઉ. સુદર્શન ! આ પલ્યોપમ અને સાગરોપમો વડે નૈરયિક, તિર્યંચ યોનિક, મનુષ્ય અને દેવોનું આયુષ્ય માપવામાં આવે છે.

**गणियकालस्स परूवणं-**

१३२४. प. एगमेगस्स णं भंते ! मुहुत्तस्स केवइया उसासद्धा वियाहिया ?

उ. गोयमा ! असंखेज्जाणं समयाणं समुदयसमिति-समागमेणं सा एगा "आवलिया" त्ति पवुच्चइ ।

संखेज्जा आवलिया ऊसाओ, संखेज्जा आवलिया निस्सासो ।

**गाहाओ-**

हट्ठस्स अणवगल्लस्स, निरूवकिट्ठस्स जंतुणो ।

एगे ऊसास-नीसासो, एस "पाणु" त्ति वुच्चइ ॥

सत्तपाणूणि से "थोवे", सत्तथोवाइं से "लवे" ।[2]

लवाणं सत्तहत्तरिए, एस "मुहुत्ते" वियाहिए ॥[3]

तिण्णि सहस्सा सत्त य सयाइं तेवत्तरिं च ऊसासा ।

एस "मुहुत्तो" दिट्ठो, सव्वेहिं अणंतणाणीहिं ॥

एएणं मुहुत्तपमाणेणं, तीस मुहुत्तो "अहोरत्तो" ।

पण्णरस अहोरत्ता "पक्खो" ।

दो पक्खा "मासो" ।[4]

दो मासा "उऊ" ।

तिण्णि उऊ "अयणे" ।

**ગણિતકાળનું પ્રરૂપણ :**

૧૩૨૪. પ્ર. ભગવન્ ! પ્રત્યેક મુહૂર્તના કેટલા ઉચ્છ્વાસ કહેવામાં આવ્યા છે?

ઉ. ગૌતમ ! અસંખ્ય સમયોનો જે સમુદાય છે તે એક આવલિકા કહેવામાં આવી છે.

સંખ્યેય આવલિકાઓનો એક ઉચ્છ્વાસ થાય છે અને સંખ્યેય આવલિકાઓનો એક નિશ્વાસ પણ થાય છે.

**ગાથાર્થ -**

નિરોગ પુષ્ટ યુવા જન્તુ (મનુષ્ય) નો એક ઉચ્છ્વાસ, નિશ્વાસ, 'પ્રાણ' કહેવાય છે.

સાત પ્રાણનો એક 'સ્તોક' અને સાત સ્તોકનો એક 'લવ' તેમજ સત્તર 'લવ'નું એક 'મુહૂર્ત' કહેવામાં આવે છે.

તથા ત્રણ હજાર સાતસો તોંતેર શ્વાસોચ્છવાસનું એક 'મુહૂર્ત' બધા અનન્ત જ્ઞાનીઓએ કહ્યું છે -

એવા ત્રીસ મુહૂર્તનો એક "અહોરાત્ર",

પંદર 'અહોરાત્ર'નો એક 'પક્ષ',

બે પક્ષનો એક 'માસ',

બે માસની એક 'ઋતુ',

ત્રણ ઋતુનો એક 'અયન'

---

૧. કથાભાગ ધર્મકથાનુયોગમાં જુઓ / ભાગ-૧ બીજો સ્કંધ, પા.નં. ૮, સુ. ૧૫.

૨. स्थानांग अ. ३, सु. ४, सूत्र १०६ માં - થોવ-સ્તોતના પછી, ખણ-ક્ષણ છે અને ક્ષણના પછી લવ છે.

३. सम. सम. ७७, सु. ४

४. प्र. एगमेगस्स णं भंते ! मासस्स कति पक्खा पण्णत्ता ?

उ. गोयमा ! दो पक्खा पण्णत्ता, तं जहा- (१) बहुलपक्खे य, (२) सुक्कपक्खे य । - जंबु. सु. १८५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| दो अयणा "संवच्छरे"। | બે અયનનો એક 'સંવત્સર', |
| पंच संवच्छरे "जुगे"। | પાંચ સંવત્સરનો એક 'યુગ', |
| वीस जुगाइं "वाससयं"। | વીસ યુગના 'સો વર્ષ', |
| दस वाससयाइं "वाससहस्सं"। | દસ સો વર્ષોના 'એક હજાર વર્ષ', |
| सयं वाससहस्साइं "वाससयसहस्सं"[1] | સો હજાર વર્ષોના 'એક લાખ વર્ષ', |
| चउरासीइं वाससयसहस्साइं से एगे "पुव्वंगे" | ચોરાશી લાખ વર્ષોનો 'એક પૂર્વાંગ', |
| चउरासीइं पुव्वंगसयसहस्साइं से एगे "पुव्वे"। | ચોરાશી લાખ પૂર્વાંગનો 'એક પૂર્વ', |
| **एवं** - तुडिअंगे, तुडिए, अडडंगे, अडडे, | **આ પ્રમાણે**-ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ, |
| अववंगे, अववे, हूहूअंगे, हूहूए, | અવવાંગ, અવવ, હૂહૂઆંગ, હૂહૂઅ, |
| उप्पलंगे, उप्पले, पउमंगे, पउमे, | ઉત્પલાંગ, ઉત્પલ, પદ્મ્માંગ, પદ્મ, |
| नलिनंगे, नलिने, | નલિનાંગ, નલિન, |
| अत्थनिउरंगे, अत्थनिउरे, | અર્થનિઉરાંગ, અર્થનિઉર, |
| अतुअंगे, अतुए, पउअंगे, पउए, | અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, |
| नउअंगे, नउए[2], चूलिअंगे, चूलियाए, | નયુતાંગ, નયુત, ચૂલિકાંગ, ચૂલિકા, |
| सीसपहेलिअंगे, सीसपहेलियाए,[3] | શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકા. |
| एताव ताव गणिए, एताव ताव गणियस्स विसए। तेण परं उवमिए।[4] -- भग. स. ६, उ. ७, सु० ४-५ | અહીં સુધી ગણિત છે અહીં સુધી જ ગણિતનો વિષય છે. એના પછી ગણિતથી નહીં પરન્તુ કેવલ ઉપમાથી જાણી શકાય એવો ઔપમિક કાળ છે. |

**ओवमिय कालस्स परूवणं-**

१३२५. प. से किं तं ओवमिए ?

उ. ओवमिए दुविहे पण्णत्ते, तं जहा--

(१) पलिओवमे य, (२) सागरोवमे य।[5]

**ઔપમિક કાળનું પ્રરૂપણ :**

૧૩૨૫. પ્ર. ઔપમિક કાળ કેટલા પ્રકારનો છે?

ઉ. ઔપમિક કાળ બે પ્રકારનો કહેવામાં આવ્યો છે, જેમકે,

(૧) પલ્યોપમ, (૨) સાગરોપમ.

---

१. वाससयसहस्स = લાખ વર્ષના પછી પણ વાસ કોડી = ક્રોડવર્ષ વધારે છે.

२. अतुअंगे, अतुए ના પછી नउअंगे, नउए વધુ છે અને એના પછી पउअंगे, पउए છે. આ ક્રમભેદ છે.

३. સ્થાનાંગ અ. ૩, ઉ. ૪, સૂત્ર ૧૯૭માં સમયથી લઈને ઉત્સર્પિણી સુધીનો ક્રમ સંક્ષિપ્તમાં જણાવ્યો છે.

४. જંબૂ. વક્ષસ્કાર ૨, સૂત્ર ૨૪માં સમયથી લઈને 'तेण परं उवमिए" પર્યન્ત જણાવ્યું છે. એમાં પણ થોવ પછી 'खण' નથી 'लव' છે. 'पउअंगेથી पउए પર્યન્તનો ક્રમ સ્થાનાંગની સમાન છે. આ પ્રમાણે 'સ્થાનાંગ' ભગવતી અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં સામાન્ય પાઠાન્તર છે.

५. दुविहे अद्धोवमिए पण्णत्ते, तं जहा- (१) पलिओवमे चेव,(२) सागरोवमे चेव।

- ठाणं अ. २, उ. ४, सु. ११० તેમજ अणु. सु. ३४३

अट्ठविहे अद्धोवमिए पण्णत्ते, तं जहा- (१) पलिओवमे य, (२) सागरोवमे य, (३) उस्सप्पिणी, (४) ओसप्पिणी, (५) पोग्गलपरियट्टे, (६) तीतद्धा, (७) अणागतद्धा, (५) सव्वद्धा। - ठाणं अ. ८, सु. ६२०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं पलिओवमे ?

उ. **गाहा -**

सत्थण सुतिक्खेण वि, छेत्तुं भेत्तुं च जिं किर न सक्का।
तं परमाणुं सिद्धा, वदंति आदिं पमाणाणं ॥[1]

(१) उस्सण्हसण्हियाइ वा, (२) सण्हसण्हियाइ वा,
(३) उड्ढरेणु इ वा, (४) तसरेणू इ वा,
(५) रहरेणु इ वा, (६) वालग्गे इ वा,
(७) लिक्खा इ वा, (८) जूया इ वा,
(९) जवमज्झे इ वा, (१०) अंगुले इ वा।

अणंताणं परमाणुपोग्गलाणं समुदय-समितिसमा-गमेणं सा एगा उस्सण्हसण्हिया।

अट्ठ उस्सण्हसण्हियाओ सा एगा सण्हसण्हिया,

अट्ठ सण्हसण्हियाओ सा एगा उड्ढरेणु,

अट्ठ उड्ढरेणूओ सा एगा तसरेणु,

अट्ठ तसरेणुओ सा एगा रहरेणू,

अट्ठ रहरेणूओ से एगे देवकुरू-उत्तरकुरूगाणं मणूसाणं वालग्गे।

**एवं हरिवास-रम्मग-हेमवत-एरण्णवताणं पुव्वविदेहाणं मणूसाणं अट्ठ वालग्गा सा एगा लिक्खा।**

अट्ठ लिक्खाओ सा एगा जूया,

अट्ठ जूयाओ से एगे जवमज्झे,

પ્ર. પલ્યોપમનું સ્વરૂપ કેવું છે?

ઉ. **ગાથાર્થ :**

અત્યન્ત તીક્ષ્ણ શસ્ત્ર વડે પણ જેનું છેદન-ભેદન શક્ય નથી એવા પરમાણુને બધા પ્રમાણોનું આદિ પ્રમાણ કેવલજ્ઞાની કહે છે.

(૧) ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, (૨) શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા,
(૩) ઊર્ધ્વરેણુ, (૪) ત્રસરેણુ,
(૫) રથરેણુ, (૬) વાલાગ્ર,
(૭) લિક્ષા, (૮) યૂકા,
(૯) યવમધ્ય, (૧૦) અંગુલ.

અનંત પરમાણુ પુદ્ગલોનો જે સમુદાય (હોય) છે તે એક 'ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા' (કહેવાય) છે.

આઠ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા બરાબર એક 'શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે.

આઠ શ્લક્ષ્ણલક્ષ્ણિકા બરાબર એક 'ઊર્ધ્વરેણુ' થાય છે.

આઠ ઊર્ધ્વરેણુ બરાબર એક 'ત્રસરેણુ' થાય છે.

આઠ ત્રસરેણુ બરાબર એક 'રથરેણુ' થાય છે.

આઠ રથરેણુ બરાબર દેવકુરુ ઉત્તરકુરુના મનુષ્યોનો એક 'બાલાગ્ર' થાય છે.

**આ પ્રમાણે દેવકુરૂ ઉત્તરકુરૂ મનુષ્યોના આઠ બાલાગ્ર બરાબર હરિવર્ષ, રમ્યક્વર્ષ, હેમવત-હૈરણ્યવત તથા મહાવિદેહના મનુષ્યોના એક બાલાગ્ર થાય છે.**

આઠ લિક્ષા જેટલી એક 'યૂકા' હોય છે.

આઠ યૂકા જેટલો એક 'યવમધ્ય' હોય છે.

---

१. पलिओवमस्स परूवणं करिस्सामि, परमाणु दुविहे पण्णत्ते, तं जहा- (१) सुहुमे य, (२) वावहारिए य।
अणंताणं सुहुम परमाणु पुग्गलाणं समुदय समिति समागमेणं वावहारिए परमाणु णिप्फज्जइ, तत्थ नो सत्थं कमइ।

- जंबु. वक्ख. २, सु. २५

प. से किं तं पलिओवमे ? उ. पलिओवमे - गाहाओ -

जं जोयणविच्छिण्णं, पल्लं एगाहियप्परूढाणं। होज्ज निरंतर णिचितं, भरितं वालग्गकोडीणं ॥-॥

वाससए वाससए, एक्केक्के अवहडंमि जो कालो। सो कालो बोधव्वो, उवमा एगस्स पल्लस्स ॥-॥

- ठाणं अ. २, उ. ४, सु. ११०

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

अट्ठ जवमज्झे से एगे 'अंगुले'।

**एएणं अंगुलपमाणेणं--**

छ अंगुलाणि 'पादो',

बारस अंगुलाइं 'विहत्थी',

चउव्वीसं अंगुलाणि 'रयणी',

अडयालीसं अंगुलाइं 'कुच्छी'।

**छण्णउइं अंगुलाणि से एगे दण्डे इ वा, धणू इ वा, जूए इ वा, नालिया इ वा, अक्खे इ वा, मूसले इ वा।**[1]

**एएणं धणुप्पमाणे णं --** दो धणु सहस्साइं 'गाउयं', चत्तारि गाउयाइं 'जोयणं'[2]

**एएणं जोयणप्पमाणे णं-** जे पल्ले जोयणं आयाम- विक्खंभेणं, जोयणं उड्ढं उच्चत्तेणं, तं तिगुणं सविसेसं परिरएणं से णं एगाहिय-बेयाहिय-तेयाहिय, उक्कोसं सत्तरत्तप्परूढाणं संसट्ठे सन्निचित्ते भरिते वालग्गकोडीणं।

ते णं वालग्गे नो अग्गी दहेज्जा, नो वातोहरेज्जा, नो कुत्थेज्जा, नो परिविद्धंसेज्जा, नो पूतित्ताए हव्वमागच्छेज्जा।

ततो णं वाससए वाससए गए एगमेगं बालग्गं अवहाय जावइएणं कालेणं से पल्ले खीणे नीरए, निम्मले, निट्ठिए, निल्लेवे अवहडे विसुद्धे भवइ।[3]

**से तं पलिओवमे।**

प. से किं तं सागरोवमे ?

उ. **गाहा-** एएसिं पल्लाणं, कोडाकोडी हवेज्ज दस गुणिया।

तं सागरोवमस्स तु, एक्कस्स भवे परिमाणं॥[4]

આઠ યવમધ્ય જેટલી એક 'આંગળી' હોય છે

**આ અંગુલના પ્રમાણથી-**

છ આંગળી જેટલો એક 'પાદ' હોય છે.

બાર આંગળી જેટલી એક 'વેંત' હોય છે.

ચોવીસ આંગળી જેટલો એક 'હાથ' હોય છે.

અડતાલીસ આંગળી જેટલી એક 'કુક્ષી' હોય છે.

**છન્નુ આંગળી જેટલો એક 'દંડ' થાય છે. આ પ્રમાણે ધનુષ, યૂપ, નાલિકા, અક્ષ અને મૂસલ પણ છન્નુ આંગળીની હોય છે.**

**આ ધનુષ પ્રમાણથી -** બે હજાર ધનુષ જેટલો એક 'ગાઉ' હોય છે અને ચાર ગાઉનો એક 'યોજન' હોય છે.

**આ યોજન પ્રમાણથી -** એક યોજન લાંબો-પહોળો, એક યોજન ઊંચો, કંઈક વધુ ત્રણગણી પરિધિવાળા પલ્ય (ખાડો) એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ ઉત્કૃષ્ટ સાત દિવસના ઉગેલા કરોડો બાલાગ્રો (અગ્રઅણી)થી ઠાસોઠાસ ભરવામાં આવે.

જેનાથી તે બાલાગ્ર અગ્નિથી ન બળે, પવનથી ન ઉડે, પાણીથી ન ભીંજાય, ન નષ્ટ થાય અને ન સડે.

એવા પલ્યથી, સો-સો વર્ષ વીત્યા પછી એક બાલાગ્ર કાઢવામાં આવે, એ નીકળતા-નીકળતા જેટલો કાળ (સમય) માં તે પલ્ય ખાલી (થઈ) જાય, નિરજ (ધૂળવગર) થઈ જાય નિર્મલ (સર્વથા ખાલી) થઈ જાય, નિર્લેપ થઈ જાય, અપહૃત થઈ જાય, વિશુદ્ધ થઈ જાય.

**એટલા કાળ પલ્યોપમ કહેવામાં આવે છે.**

પ્ર. સાગરોપમનું સ્વરૂપ કેવું છે?

ઉ. **ગાથાર્થ-** ઉક્ત પ્રમાણવાળું દસ કરોડાકરોડ પલ્યોપમ જેટલું એક સાગરોપમનું પ્રમાણ હોય છે.

---

१. वावहारिएणं छण्णउइ अंगुलाइं अंगुलप्पमाणेणं धणू, एवं नालिया-जुगे-अक्खे-मूसले वि। - सम. ९६, सु. ३

२. (क) अणु. सु. ३४४, ३४५

(ख) सम. ४, सु. ६ (ફક્ત યોજન પ્રમાણ સૂચક સૂત્ર)

(ग) ठाणं अ. ८, सु. ६३४ मागहस्स णं जोयणस्स अट्ठ धणुसहस्साइं निधत्ते पण्णत्ते।

३. जंबू. वक्ख. २, सु. २५

४. ठाणं अ. २, उ. ४, सु. ११०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. एएणं सागरोवमपमाणेणं ओसप्पिणीए[1] चत्तारि सागरोवम कोडाकोडीओ कालो 'सुसम-सुसमा'।

२. तिण्णि सागरोवम कोडाकोडीओ कालो 'सुसमा'[2]

३. दो सागरोवम कोडाकोडीओ कालो 'सुसम-दूसमा'[3]

४. एगा सागरोवमकोडाकोडीओ बायालीसाए वास सहस्सेहिं ऊणिया कालो 'दुसम-सुसमा।'

५. एक्कवीसं वाससहस्साइं कालो दूसमा।

६. एक्कवीसं वाससहस्साइं कालो दूसम-दूसमा।[4]

१. पुणरवि उस्सप्पिणीए।[5] एक्कवीसंवाससहस्साइं कालो 'दूसमदूसमा।'

२. एक्कवीसं वाससहस्साइं कालो 'दूसमा।'[6]

३. एगा सागरोवमकोडाकोडी बायालीसाए वाससहस्सेहिं ऊणिया कालो 'दूसम-सुसमा'।

४. दो सागरोवमकोडाकोडीओ कालो 'सुसम-दूसमा',

૧. એ સાગરોપમ પરિમાણની અનુસાર ચાર ક્રોડાક્રોડી સાગરોપમજેટલું અવસર્પિણી કાળના પ્રથમ 'સુસમ-સુસમા' આરાનું પ્રમાણ છે.

૨. ત્રણ કરોડાકરોડી સાગરોપમ જેટલું અવસર્પિણી કાળના દ્વિતીય 'સુસમા' આરાનું પ્રમાણ છે.

૩. બે ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું અવસર્પિણી કાળના તૃતીય 'સુસમ-દુસમા' આરાનુંપ્રમાણછે.

૪. બેંતાલીસ હજાર વર્ષ ઓછો એક ક્રોડાક્રોડી સાગરોપમ જેટલો અવસર્પિણી કાળના ચતુર્થ 'દુસમ-સુસમા', આરાનું પ્રમાણ છે.

૫. એકવીસ હજાર વર્ષ જેટલું અવસર્પિણી કાળના પંચમ 'દુસમ' આરાનું પ્રમાણ છે.

૬. એકવીસ હજાર વર્ષ જેટલું અવસર્પિણી કાળના છઠ્ઠા 'દુસમ દુસમા' આરાનું પ્રમાણ છે.

૧. **પુનઃ** એકવીસ હજાર વર્ષ જેટલું ઉત્સર્પિણી કાળના પ્રથમ 'દુસમ-દુસમા' આરાનું પ્રમાણ છે.

૨. એકવીસ હજાર વર્ષ જેટલું ઉત્સર્પિણી કાળના દ્વિતીય 'દુસમ' આરાનું પ્રમાણ છે.

૩. બેંતાલીસ હજાર વર્ષ ઓછા એક ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું ઉત્સર્પિણી કાળના તૃતીય 'દુસમ-સુસમા' આરાનું પ્રમાણ છે.

૪. બે ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું ઉત્સર્પિણી કાળના ચતુર્થ 'સુસમ-દુસમા' આરાનુંપ્રમાણછે.

---

१. "ओसप्पिणी" त्ति अवसर्पयति हीयमानारकतया, अवसर्पयति वाऽयुष्क शरीरादिभावान् हापयतीत्यवसर्पिणी सागरोवम कोटा-कोटी दशकप्रमाणः कालविशेषः।

२. जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु तीताए उस्सप्पिणीए सुसमाए समाए तिण्णि सागरोवमकोडाकोडीओ कालो होज्जा।
एवं इमीसे ओसप्पिणीए। नवरं-काले पण्णत्ते। आगमेस्साए उस्सप्पिणीए भविस्सइ।
**एवं** धायइसंडे पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि, **एवं पुक्खरवरदीवड्ढे** पुरत्थिमद्धे पच्चत्थिमद्धे वि कालो भाणियव्वो।
- ठाणं अ. ३, उ. १, सु. १५१

३. जंबूद्दीवे दीवे भरहेरवएसु वासेसु तीताए उस्सप्पिणीए सुसम-दूसमाए दो सागरोवमकोडाकोडीओ कालो होत्था।
एवमिमीसे ओसप्पिणीए, **नवरं** - काले पण्णत्ते।
एवं आगमेस्साए उस्सप्पिणीए **-जाव-** भविस्सइ। - ठाणं अ. २, उ. ३, सु. ९२

४. एगमेगाए णं ओसप्पिणीए पंचम छट्ठीओ समाओ एगवीसं - एगवीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ, तं जहा-
(१) दूसमा, (२) दूसमदूसमा य। - सम. २१, सु. १३
एगमेगाए णं ओसप्पिणीए पंचम-छट्ठीओ समाओ बायालीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ। - सम. ४२, सु. ९

५. उत्सर्पति = वर्द्धतेऽरकापेक्षया, उत्सर्पयति वा भावानायुष्कादीन् वर्द्धयतीति उत्सर्पिणी = अवसर्पिणी प्रमाणा।

६. (क) एगमेगाए णं उस्सप्पिणीए पढम-बिइयाओ समाओ एगवीसं-एगवीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ, तं जहा-
(१) दूसमदूसमा, (२) दूसमा य। - सम. २१, सु. २
(ख) एगमेगाए णं उस्सप्पिणीए पढम-बिइयाओ समाओ बायालीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ। -सम. ४२, सु. १०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. तिण्णि सागरोवम कोडाकोडीओ कालो 'सुसमा',

६. चत्तारि सागरोवमकोडाकोडीओ कालो 'सुसम-सुसमा'।[१]

दस सागरोवमकोडाकोडीओ कालो 'ओसप्पिणी'।

दस सागरोवमकोडाकोडीओ कालो 'उस्सप्पिणी।'[२]

वीसं सागरोवमकोडाकोडीओ कालो ओसप्पिणी य, उस्सप्पिणी य।[३]

-- भग. स. ६, उ. ७, सु. ७-८

૫. ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું ઉત્સર્પિણી કાળના પંચમ 'સુસમા' આરાનું પ્રમાણ છે.

૬. ચાર ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું ઉત્સર્પિણી કાળના છઠ્ઠા 'સુસમ-સુસમા' આરાનું પ્રમાણ છે.

દસ ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું એક 'અવસર્પિણી' કાળનું પ્રમાણ છે.

દસ ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું એક 'ઉત્સર્પિણી' કાળનું પ્રમાણ છે.

વીસ ક્રોડાક્રોડી સાગરોપમ જેટલું અવસર્પિણી ઉત્સર્પિણી કાળનું પ્રમાણ છે.

**ओवमियकालस्स भेयप्पभेया-**

१३२६. प. से किं तं ओवमिए ?

उ. ओवमिए दुविहे पण्णत्ते, तं जहा--

(१) पलिओवमे य, (२) सागरोवमे य।

प. से किं तं पलिओवमे ?

उ. पलिओवमे तिविहे पण्णत्ते, तं जहा-

(१) उद्धार पलिओवमे य, (२) अद्धा पलिओवमे य, (३) खेत्तपलिओवमे य।

-- अणु. सु. ३६८-३६९

**ઔપમિક કાળના ભેદ-પ્રભેદ :**

૧૩૨૬. પ્ર. ઔપમિક કાળ કેટલા પ્રકારનો છે?

ઉ. ઔપમિક કાળ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) પલ્યોપમ, (૨) સાગરોપમ.

પ્ર. પલ્યોપમ કેટલા પ્રકારના છે ?

ઉ. પલ્યોપમ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) ઉદ્ધાર પલ્યોપમ, (૨) અદ્ધા પલ્યોપમ, (૩) ક્ષેત્ર પલ્યોપમ.

**उद्धार पलिओवमस्स भेया--**

१३२७. प. से किं तं उद्धार पलिओवमे ?

उ. उद्धार पलिओवमे दुविहे पण्णत्ते, तं जहा--

(१) सुहुमे य, (२) वावहारिए य।

तत्थ णं जे से सुहुमे से ठप्पे।

-- अणु. सु. ३७०-३७१

**ઉદ્ધાર પલ્યોપમના ભેદ :**

૧૩૨૭. પ્ર. ઉદ્ધાર પલ્યોપમ કેટલા પ્રકારનો છે ?

ઉ. ઉદ્ધાર પલ્યોપમ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે- (૧) સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ, (૨) વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમ

એમાં જે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ છે- એનું વર્ણન અહીં સ્થગિત કરવામાં આવ્યું છે.

---

१. (क) एगा ओसप्पिणी - (१) एगा सुसम-सुसमा, (२) एगा सुसमा, (३) एगा सुसम-दूसमा, (४) एगा दुसम-सुसमा, (५) एगा दूसमा, (६) एगा दूसम-दूसमा।
एगा उस्सप्पिणी - (१) एगा दूसम-दूसमा, (२) एगा दूसमा, (३) एगा दूसम-सुसमा, (४) एगा सुसम-दूसमा, (५) एगा सुसमा, (६) एगा सुसम-सुसमा। - ठाणं. अ. १, सु. ४०
(ख) दो समाओ पण्णत्ताओ, तं जहा- (१) ओसप्पिणी समा चेव, (२) उस्सप्पिणी समा चेव। - ठाणं अ. २, उ. १, सु. ५६
दुविहे काले पण्णत्ते, तं जहा- (१) ओसप्पिणी काले चेव, (२) उस्सप्पिणी काले चेव। - ठाणं अ. २, उ. १, सु. ६४
२. ठाणं अ. १०, सु. ७५६ (ग) - जंबु. वक्ख. २, सु. २४
३. (क) उस्सप्पिणी-ओसप्पिणी मंडले वीसं सागरोवम कोडाकोडीओ कालो पण्णत्तो। - सम. २०, सु. ७
(ख) जंबु. वक्ख. २, सु. २५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सोदाहरणं वावहारिय उद्धारपलिओवमसरूव परूवणं--**

१३२८. तत्थ णं जे से वावहारिए, से जहानामए पल्लेसिया जोयणं आयाम-विक्खंभेणं, जोयणं उड्ढं उच्चत्तेणं, तं तिगुणं सविसेसं परिरएणं।

से णं एगाहिय-बेहिय-तेहिय-**जाव**-उक्कोसेणं सत्तरत्तपरूढाणं सम्मट्ठे सन्निचिए भरिए बालग्ग-कोडीणं।

ते णं बालग्गा नो अग्गीडहेज्जा, नो वाउहरेज्जा, नो कुच्छेज्जा, नो पलिविद्धंसिज्जा, नो पूइत्ताए हव्वमागच्छेज्जा। तओ णं समए-समए एगमेगं वालग्गं अवहाय जावतिएणं कालेणं से पल्ले खीणे नीरए निल्लेवे, णिट्ठिए भवइ।

**से तं वावहारिए उद्धारपलिओवमे।**

**गाहा--**

एएसिं पल्लाणं, कोडाकोडी हवेज्ज दसगुणिया। तं वावहारियस्स उद्धारसागरोवमस्स एगस्स भवे परिमाणं॥

प. एएहिं वावहारियउद्धारपलिओवम-सागरोवमेहिं किं पओयणं?

उ. एएहिं वावहारिय उद्धारपलिओवम-सागरोवमहिं णत्थि किंचि पओयणं, केवलं तु पण्णवणापण्णविज्जइ।

**से त्तं वावहारिए उद्धारपलिओवमे।**

--- अणु. सु. ३७२-३७३

**સોદાહરણ વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમના સ્વરૂપનું પ્રરૂપણ :**

૧૩૨૮. એમાંથી જે વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમ છે તે આ પ્રકારે છે- જે પ્રમાણે એક યોજન લાંબો-પહોળો, એક યોજન ઊંચો અને કંઈક વધુ ત્રણ ગણી પરિધિવાળો એક પલ્ય (પાત્ર કે ખાડો) છે.

એ પલ્યમાં એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ **-યાવત્-** ઉત્કૃષ્ટ સાત રાત્રિ(માં) વધેલા બાલાગ્ર પરિપૂર્ણ ઠાસોઠાસ ભરે.

તે બાલાગ્ર ન અગ્નિથી બળે, ન પવનથી ઊડે, ન સડે, ન નષ્ટ થાય, અને ન દુર્ગંધ ઉત્પન્ન થાય. એમાંથી એક-એક સમયમાં એક-એક બાલાગ્રને કાઢતા રહેવામાં આવે (તે રીતે) જેટલા સમયમાં તે પલ્ય (ખાડો) ખાલી (થઈ) જાય, નીરજ (ધૂળ વગરનો) થઈ જાય, નિર્લેપ (થઈ) જાય. સર્વથા રિક્ત (ખાલી) થઈ જાય.

**તે વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમ (કહેવાય) છે.**

**ગાથાર્થ :**

એવા દસ ગણા ક્રોડાક્રોડી પલ્યો (ખાડાઓ) (જેટલું) એક વ્યાવહારિક ઉદ્ધાર સાગરોપમનું પ્રમાણ છે.

પ્ર. આ વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમ અને સાગરોપમનું શું પ્રયોજન છે?

ઉ. આ વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમ તથા સાગરોપમનું પ્રયોજન નથી પણ કેવળ જાણવા માટે કહેવામાં આવ્યું છે.

**આ વ્યાવહારિક ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ થયું.**

**सोदाहरणं सुहुम उद्धारपलिओवमसरूव-परूवणं--**

१३२९. प. से किं तं सुहुम उद्धारपलिओवमे?

उ. सुहुमे उद्धारपलिओवमे- से जहानामए पल्लेसियाजोयणं आयाम-विक्खंभेणं, जोयणं उड्ढं उच्चत्तेणं, तं तिगुणं सविसेसं परिक्खेवेणं।

से णं पल्ले एगाहिय-बेहिय-तेहिय-**जाव**-उक्कोसेणं सत्तरत्तपरूढाणं संसट्ठे सन्निचिए भरिए वालग्ग-कोडीणं।

**સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું ઉદાહરણ સહિત સ્વરૂપ પ્રરૂપણ :**

૧૩૨૯. પ્ર. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ કેવું છે?

ઉ. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું સ્વરૂપ આ પ્રમાણે છે- જે પ્રમાણે એક યોજન લાંબો-પહોળો, એક યોજન ઊંચો અને કંઈક અધિક ત્રણગણી પરિધિવાળો (એક પલ્ય) હોય.

આ પલ્યમાં એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ-**યાવત્**-ઉત્કૃષ્ટ સાત રાત્રિમાં વધેલા બાલાગ્રોને પરિપૂર્ણ રૂપથી ઠાસોઠાસ ભરવામાં આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ णं एगमेगे वालग्गे असंखेज्जाइं खंडाइं कज्जइ। ते णं वालग्गा दिट्ठी- ओगाहणाओ असंखेज्जइभाग- मेत्ता-सुहुमस्स पणगजीवस्स सरीरोगाहणाओ असंखेज्जागुणा।

ते णं वालग्गा नो अग्गी डहेज्जा, नो वाउ हरेज्जा, नो कुच्छेज्जा, नो पलिविद्धंसेज्जा, नो पूइत्ताए हव्वमागच्छेज्जा। तओ णं समए-समए एगमेग वालग्गं अवहाय जावइएणं कालेणं से पल्ले खीणे नीरए निल्लेवे निट्ठिए भवइ। ते णं सुहुमे उद्धारपलिओवमे।

गाहा--

एएसिं पल्लाणं कोडाकोडी हवेज्ज दसगुणिया। तं सुहुमस्स उद्धारसागरोवमस्स उ एगस्स भवे परीमाणं।

प. एएहिं सुहुमेहिं उद्धारपलिओवम-सागरोवमेहिं किं पओयणं ?

उ. एएहिं सुहुमेहिं उद्धारपलिओवम-सागरोवमेहिं दीवसमुद्दाणं उद्धारे घेप्पइ।

प. केवइया णं भंते! दीव-समुद्दाणं उद्धारेणं पण्णत्ता ?

उ. गोयमा ! जावइयाणं अड्ढाइज्जाणं उद्धारसागरोवमाणं उद्धारसमया, एवइया णं दीव- समुद्दाणं उद्धारेणं पण्णत्ता।

से त्तं सुहुमे उद्धारपलिओवमे।

से त्तं उद्धारपलिओवमे।

-- अणु. सु. ३७४-३७६

આવા દેખાતા બાલાગ્રોમાંથી પ્રત્યેક બાલાગ્રના અસંખ્ય નાના-નાના ખંડ કરીને સૂક્ષ્મ પનક જીવના શરીરની અવગાહનાથી પણ અસંખ્ય-ગણા નાના (બનાવવામાં આવે).

તે બાલાગ્ર ન અગ્નિથી બળે, ન પવનથી ઉડે, ન સડે, ન નષ્ટ થાય અને ન દુર્ગંધ ઉત્પન્ન થાય એમાંથી પ્રત્યેક સમયમાં એક-એક બાલાગ્ર કાઢવા પર જેટલા કાળમાં તે પલ્ય (ખાડો) ખાલી થઈ જાય, નીરજ થઈ જાય, નિર્લેપ થઈ જાય. સર્વથા રિક્ત થઈ જાય તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ છે.

ગાથાર્થ-

એવા દસ ગણા ક્રોડાક્રોડ પલ્ય એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનું પ્રમાણ છે.

પ્ર. આ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ-સાગરોપમનું શું પ્રયોજન છે ?

ઉ. આ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ-સાગરોપમથી દ્વીપ-સમુદ્રોના પરિમાણનું જ્ઞાન થાય છે.

પ્ર. ભગવન્! ઉદ્ધાર પલ્યોપમ સાગરોપમ અનુસાર દ્વીપ-સમુદ્ર કેટલા કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! અઢી ઉદ્ધાર સાગરોપમમાં જેટલો ઉદ્ધાર સમય થાય છે એટલા જ દ્વીપ સમુદ્ર ઉદ્ધાર સાગરોપમના અનુસાર કહેવામાં આવ્યા છે.

આ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થયું.

આ ઉદ્ધાર પલ્યોપમ છે.

**अद्धा पलिओवमस्स भेया--**

१३३०. प. से किं तं अद्धापलिओवमे ?

उ. अद्धापलिओवमे दुविहे पण्णत्ते, तं जहा--

(१) सुहुमे य, (२) वावहारिए य।

तत्थ णं जे से सुहुमे से ठप्पे ।

-- अणु. सु. ३७७-३७८

**અદ્ધા પલ્યોપમના ભેદ :**

૧૩૩૦. પ્ર. અદ્ધા પલ્યોપમ કેટલા પ્રકારના છે?

ઉ. અદ્ધા પલ્યોપમ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે- (૧) સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ, (૨) વ્યાવહારિક અદ્ધાપલ્યોપમ.

એમાંથી સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું વર્ણન અહીં સ્થગિત કરવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सोदाहरणं वावहारिय अद्धापलिओवमस्स सरूव-परूवणं-**

१३३१. तत्थ णं जे से वावहारिए- से जहा नामए पल्ले सिया जोयणं आयाम- विक्खंभेणं, जोयणं उड्ढं उच्चत्तेणं, तं तिगुणं सविसेसं परिक्खेवेणं।

से णं पल्ले एगाहिय- बेहिय- तेहिय -**जाव**-उक्कोसेणं सत्तरत्तपरूढाणं सम्मट्ठे सन्निचिए भरिए वालग्गकोडीणं।

ते णं बालग्गा नो अग्गी डहेज्जा, नो वाउ हरेज्जा, नो कुच्छेज्जा, नो पलिविद्धंसेज्जा, नो पूइत्ताए हव्वमागच्छेज्जा।

तओ णं वाससए वाससए गए एगमेगं वालग्गं अवहाय जाव इएणं कालेणं से पल्ले खीणे नीरए निल्लेवे निट्ठिए भवइ।

से णं वावहारिए अद्धापलिओवमे।

**गाहा--**

एएसिं पल्लाणं कोडाकोडी हवेज्ज दसगुणिया।
तं वावहारिस्स अद्धासागरोवमस्स एगस्स भवे परिमाणं॥

प. एएहिं वावहारिएहिं अद्धापलिओवम-सागरोवमहिं किं पओयणं ?

उ. एएहिं वावहारिएहिं अद्धापलिओवम-सागरोवमेहिं नत्थि किंचि पओयणं, केवलं तु पण्णवणा पण्णविज्जति।

से त्तं वावहारिए अद्धापलिओवमे।

--- अणु. सु. ३७९-३८०

**વ્યાવહારિક અદ્ધા પલ્યોપમનું સોદાહરણ સ્વરૂપ પ્રરૂપણ :**

૧૩૩૧. એમાંથી વ્યાવહારિક અદ્ધા પલ્યોપમ આ પ્રકારનું છે- જેપ્રકારે એક યોજન લાંબો-પહોળો, એક યોજન ઊંચો, કંઈક અધિક ત્રણ ગણી પરિધિવાળો એક પલ્ય છે.

એ પલ્યમાં એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ-**યાવત્**- ઉત્કૃષ્ટ સાત અહોરાત્રમાં વધેલા બાલાગ્ર પૂર્ણરૂપથી ઠસાઠસ ભરવામાં આવે.

તે બાલાગ્ર ન અગ્નિથી બળે, ન પવનથી ઉડે, ન સડે, ન નષ્ટ થાય અને ન દુર્ગંધ ઉત્પન્ન થાય.

આ પલ્યથી સો-સો વર્ષ વીતે એટલે એક-એક બાલાગ્ર કાઢતા-કાઢતા જેટલો કાળમાં તે પલ્ય ખાલી (થઈ) જાય, નીરજ (થઈ) જાય. નિર્મળ થઈ જાય, સર્વથા રિક્ત થઈ જાય.

આ વ્યાવહારિક અદ્ધા પલ્યોપમ છે.

**ગાથાર્થ-**

વ્યાવહારિક એક ક્રોડાક્રોડી પલ્યોને દસ ગુણા કરવાથી એક વ્યાવહારિક અદ્ધા સાગરોપમનું પ્રમાણ હોય છે.

પ્ર. આ વ્યાવહારિક અદ્ધા પલ્યોપમ-સાગરોપમનું શું પ્રયોજન છે?

ઉ. આ વ્યાવહારિક અદ્ધા પલ્યોપમ-સાગરોપમનો કોઈ પ્રયોજન નથી. કેવળ પ્રરૂપણા માટે છે.

આ વ્યાવહારિક અદ્ધા પલ્યોપમ થયું.

**सोदाहरणं सुहुम अद्धापलिओवमस्स सरूव-परूवणं--**

१३३२. प. से किं सुहुमे अद्धापलिओवमे ?

उ. सुहुमे अद्धापलिओवमे से जहानामए पल्ले सिया जोयणं आयाम-विक्खंभेणं, जोयण उड्ढं उच्चत्तेणं, तं तिगुणं सविसेसं परिक्खेवेणं।

से णं पल्ले एगाहिय-बेहिय-तेहिय-**जाव**- उक्कोसेणं सत्तरत्तपरूढाणं सम्मट्ठे सन्निचिए भरिए बालग्ग- कोडीणं।

तत्थ णं एगमेगे बालग्गे असंखेज्जाइं खंडाइं कज्जइ।

**સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું સોદાહરણ સ્વરૂપ પ્રરૂપણ :**

૧૩૩૨. પ્ર. સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું સ્વરૂપ કેવું છે?

ઉ. સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું સ્વરૂપ આ પ્રમાણે છે- જે પ્રમાણે એક યોજન લાંબો-પહોળો, એક યોજન ઊંચો અને કંઈક અધિક ત્રણગણી પરિધિવાળો એક પલ્ય હોય.

એ પલ્ય એક દિન, બે દિન અને ત્રણ દિન-**યાવત્**- ઉત્કૃષ્ટ સાત રાત્રિના વધેલા બાલાગ્ર પૂર્ણરૂપથી ઠસાઠસ ભરવામાં આવે છે.

એમાંથી પ્રત્યેક બાલાગ્રના અસંખ્ય ખંડ કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेणं वालग्गा दिट्ठीओगाहणाओ असंखेज्जइभागमेत्ता सुहुमस्स पणगजीवस्स सरीरोगाहणाओ असंखेज्जगुणा ।

तेणं वालग्गा नो अग्गी डहेज्जा, नो वाउ हरेज्जा, नो कुच्छेज्जा, नो पलिविद्धंसेज्जा, नो पुइत्ताए हव्वमागच्छेज्जा ।

तओ णं वाससए-वाससए गए एगमेगं वालग्गं अवहाय जावइएणं कालेणं से पल्ले खीणे नीरए निल्लेवे निट्ठिए भवइ ।

से णं सुहुमे अद्धापलिओवमे ।

**गाहा--**

एएसिं पल्लाणं कोडाकोडीहवेज्ज दसगुणिया।
तं सुहुमस्स अद्धासागरोवस्स एगस्सभवे परिमाणं ॥

प. एएहिं सुहुमेहिं अद्धापलिओवम-सागरोवमेहिं किं पओयणं ?

उ. एएहिं सुहुमेहिं अद्धापलिओवम-सागरोवमेहिं णेरइय-तिरियजोणिय-मणूस-देवाणं आउयाइं मविज्जंति ।

से त्तं सुहुम अद्धापलिओवमे ।

--अणु. सु. ३८१-३८२

આવા દેખાતા બાલાગ્રોમાંથી પ્રત્યેક બાલાગ્રના એટલા નાના અસંખ્ય ખંડ કરવામાં આવે કે- સૂક્ષ્મ પનક જીવના શરીરની અવગાહનાથી પણ અસંખ્ય ગુણા નાના હોય.

તે બાલાગ્ર ન તો અગ્નિથી બળી જાય, ન પવનથી ઉડે, ન સડી જાય, ન નષ્ટ (થઈ) જાય અને ન દુર્ગંધ ઉત્પન્ન થાય.

એ પલ્ય (ખાડા) માંથી સો-સો વર્ષ વીત્યા પછી એક-એક બાલાગ્ર કાઢતા-કાઢતા જેટલા સમયમાં તે પલ્ય ખાલી થઈ જાય, નીરજ થઈ જાય, નિર્મલ થઈ જાય, સર્વથા રિક્ત થઈ જાય.

એ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ છે.

**ગાથાર્થ -**

એવા દસ ગુણા કોડાકોડી પલ્ય જેટલો સમય એક સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું પ્રમાણ છે.

પ્ર. એવા સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ તથા સાગરોપમનું શું પ્રયોજન છે?

ઉ. આ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમથી વડે નૈરયિક, તિર્યંચયોનિક મનુષ્ય અને દેવોનું આયુષ્ય માપવામાં આવે છે.

આ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ થયું.

**खेत्तपलिओवमस्स भेया-**

१३३३. प. से किं तं खेत्तपलिओवमे ?

उ. खेत्तपलिओवमे-दुविहे पण्णत्ते, तं जहा-

१. सुहुमे य, २. वावहारिए य ।

तत्थ णं जे से सुहुमे से ठप्पे ।

- अणु. सु. ३९२

**ક્ષેત્રપલ્યોપમનું સ્વરૂપ :**

૧૩૩૩. પ્ર. ક્ષેત્રપલ્યોપમનું કેવું સ્વરૂપ છે ?

ઉ. ક્ષેત્રપલ્યોપમ બે પ્રકારના કહેવામાં આવ્યા છે.

જેમકે- ૧. સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ, ૨. વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમ. એમાંથી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ સ્થાપનીય છે.

**सोदाहरणं वावहारिय खेत्त पलिओवमस्स सरूव परूवणं-**

१३३४. प. से किं तं वावहारिए खेत्तपलिओवमे ?

उ. वावहारिए खेत्तपलिओवमे-

से जहानामए पल्ले सिया जोयणं आयाम-विक्खंभेणं, जोयण उड्ढं उच्चत्तेणं, तं तिगुणं सविसेसं परिक्खेवेणं,

से णं पल्ले एगाहिय बेहिय तेहिय **-जाव-** भरिए वालग्गकोडीणं ।

तेणं वालग्गा णो अग्गी डहेज्जा, णो वाओ हरेज्जा **-जाव-** णो पूइत्ताए हव्वमागच्छेज्जा ।

**ઉદાહરણ સહિત વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમના સ્વરૂપનું પ્રરૂપણ :**

૧૩૩૪. પ્ર. વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમનું સ્વરૂપ કેવું છે ?

ઉ. વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમનું સ્વરૂપ આ પ્રમાણે છે-

જે કોઈ એક યોજન આયામ-વિષ્કમ્ભ અને એક યોજન ઊંચા અને કંઈક વધુ ત્રણગણી પરિધિવાળા (ધાન્ય માપથી પલ્ય જેમ) પલ્ય હોય.

એ પલ્યના બે, ત્રણ **-યાવત્-** સાત દિવસના ઉગેલા બાલાગ્રોવડે એવી રીતે ભરવામાં આવે કે (જેથી)

એ બાલાગ્રોને અગ્નિ બાળી ન શકે, વાયુ ઉડાડી ન શકે **-યાવત્-** એનાં દુર્ગંધ પણ ઉત્પન્ન ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे णं तस्स पल्लस्स आगासपदेसा तेहिं वालग्गेहिं अप्फुण्णा तओ णं समए-समए एगमेगं आगासपएसं अवहाय जावइएणं कालेणं से पल्ले खीणे **-जाव-** निट्ठिए भवइ।

से तं वातहारिए खेत्तपलिओवमे।

एएसिं पल्लाणं, कोडाकोडी हवेज्ज दसगुणिया तं वावहारियस्स खेत्तसागरोवमस्स एगस्स भवे परिमाणं।

प. एएहिं वावहारिएहिं खेत्तपलिओवम-सागरोवमेहिं किं पयोयणं?

उ. एएहिं वावहारिएहिं खेत्तपलिओवम-सागरोवमेहिं नत्थि किंचिप्पओयणं केवलं तु पण्णवणा पण्णविज्जइ।

से तं वावहारिए खेत्तपलिओवमे।

- अणु. सु. ३९३- ३९५

તે પછી તે પલ્ય કે જે આકાશ પ્રદેશ બાલાગ્રોથી વ્યાપ્ત છે. એ પ્રદેશોમાં વખતો-વખત એક-એક આકાશ પ્રદેશનું અપહરણ કરવામાં આવે તો જેટલા સમયમાં તે પલ્ય ખાલી થઈ જાય **-યાવત્-** વિશુદ્ધ થઈ જાય એટલો કાળ વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમ છે.

આ પલ્યોપમના દસગણા કોટાકોટિનું એક વ્યાવહારિક ક્ષેત્રસાગરોપમનું પરિણામ થાય છે.

પ્ર. આ વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમ અને સાગરોપમથી કયું પ્રયોજન સિદ્ધ થાય છે?

ઉ. આ વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમ અને સાગરોપમથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી, માત્ર એના સ્વરૂપની પ્રરૂપણા કરવામાં આવી છે. એ વ્યાવહારિક ક્ષેત્રપલ્યોપમ (તેમજ સાગરોપમ) નું સ્વરૂપ છે.

**सोदाहरणं सुहुम खेत्तपलिओवमस्स सरूव परूवणं-**

१३३५. प. से किं तं सुहुमे खेत्तपलिओवमे?

उ. सुहुमे खेत्तपलिओवमे-

से जहाणामए पल्लेसिया-जोयणं आयाम-विक्खंभेण, जोयणं उड्ढं उच्चतेणं, तिगुणं सविसेसं परिक्खेवेणं,

से णं पल्ले एगाहिय-बेहिय-तेहिय **-जाव-** उक्कोसेणं सत्तरत्तपरूढाणं सम्मट्ठे सन्निचित्ते भरिए वालग्गकोडीणं तत्थ णं एगमेगे वालग्गे असंखेज्जाइं खंडाई कज्जइ, ते णं वालग्गा दिट्ठी ओगाहणाओ असंखेज्जइ-भागमेत्ता सुहुमस्स पणगजीवस्स सरीरोगाहणाओ असंखेज्जगुणा।

ते णं वालग्गा णो अग्गी डहेज्जा, नो वाओ हरेज्जा, णो कुच्छेज्जा, णो पलिविद्धंसेज्जा, णो पूइत्ताए हव्वमागच्छेज्जा।

जे णं तस्स पल्लस्स आगासपएसा तेहिं वालग्गेहिं अप्फुण्णा वा, अणप्फुण्णा वा, तेओ णं समए-समए एगमेगं आगासपएसं अवहाय जावइएणं कालेणं से पल्ले खीणे नीरए निल्लेवे णिट्ठिए भवइ। से तं सुहुमे खेत्तपलिओवमे।

तत्थ णं चोयए पण्णवगं एवं वयासी-

**ઉદાહરણ સહિત સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના સ્વરૂપનું પ્રરૂપણ :**

૧૩૩૫. પ્ર. સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમનું કેવું સ્વરૂપ છે?

ઉ. સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમનું સ્વરૂપ આ પ્રમાણે છે-

જેવી રીતે ધાન્યના પલ્યની જેમ એક યોજન લાંબો-પહોળા, એક યોજન ઊંચા અને ત્રણગણી પરિધિથી કંઈક અધિક એવો એક પલ્ય હોય.

પછી એ પલ્યને એક દિવસ બે દિવસ, ત્રણ દિવસ-**યાવત્**-સાત દિવસના ઊગ્યા હોય એવા બાલાગ્ર વડે નીચેથી ઉપર સુધી પૂરે-પૂરા ભરવામાં આવે અને આ બાલાગ્રોના અસંખ્યાત એવા ટૂંકડા કરવામાં આવે, જે દૃષ્ટિના વિષયભૂત પદાર્થની અપેક્ષાએ અસંખ્યાતમાં ભાગ-પ્રમાણ હોય તેમજ સૂક્ષ્મપનક જીવની શરીરાવગાહનાથી અસંખ્યાત ગુણે હોય.

એ બાલાગ્રખંડોને ન અગ્નિ બાળી શકે, ન વાયુ ઉડાડી શકે, ન સડે કે ગળે ન જળ વડે ભીંજાઈ શકે અને ન દુર્ગન્ધ પણ ઉત્પન્ન થઈ શકે છે.

તે પલ્યના બાલાગ્રો જેનો આકાશ પ્રદેશ સ્પષ્ટ થયો હોય અને સ્પષ્ટ ન થયો હોય, એમાંથી પ્રતિ સમય એક-એક આકાશ પ્રદેશનું અપહરણ કરવામાં આવે અર્થાત્ ગણવામાં આવે તો જેટલા કાળમાં તે પલ્ય ક્ષીણ (ખાલી) નીરજ, નિર્લેપ તેમજ સર્વાત્મના વિશુદ્ધ થઈ જાય, એટલો કાળ ક્ષેત્રપલ્યોપમ છે.

આ પ્રમાણે પ્રરૂપણા કર્યા પછી જિજ્ઞાસુંએ પૂછ્યું-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. अत्थि णं तस्स पल्लस्स आगासपएसा जे णं तेहिं वालग्गेहिं अणप्फुण्णा ?

उ. हंता, अत्थि।

प. जहा को दिट्ठंतो ?

उ. से जहाणामए कोट्ठए सिया कोहंडाणं भरिए,

तत्थ णं माउलुंगा पक्खित्ता ते वि माया,

तत्थ णं बिल्ला पक्खित्ता ते वि माया,

तत्थ णं आमलया पक्खित्ता ते वि माया,

तत्थ णं बयरा पक्खित्ता ते वि माया,

तत्थ णं चणणा पक्खित्ता ते वि माया,

तत्थ णं मुग्गा पक्खित्ता ते वि माया,

तत्थ णं सरिसवा पक्खित्ता ते वि माया,

तत्थ णं गंगावालुया पक्खित्ता सा वि माया,

एवामेव एएणं दिट्ठंतेणं अत्थि णं तस्स पल्लस्स आगासपएसा जे णं तेहिं वालग्गेहिं अणप्फुण्णा।

एएसिं पल्लाणं कोडाकोडी हवेज्ज दसगुणिया तं सुहुमस्स खेत्तसागरोवमस्स एगस्स भवे परीमाणं।

प. एएहिं सुहुमेहिं खेत्तपलिओवम-सागरोवमेहिं किं पओयणं ?

उ. एएहिं सुहुमेहिं पलिओवम-सागरोवमेहिं दिट्ठियाए दव्वाइं मविज्जंति। -अणु. सु. ३१६-३१८

प्र. શું આ પલ્યના એવાપણ આકાશ પ્રદેશ છે જે બાલાગ્રખંડોથી અસ્પષ્ટ હોય ?

ઉ. હા, છે.

પ્ર. આ વિષે કોઈ દૃષ્ટાંત છે ?

ઉ. હા, છે. જેમકે- કોઈ એક કોઠાર કુષ્માંડ (કોલા)ના ફળોથી ભરેલો હોય.

પછી એમાં બીજારાના ફળ નાંખવામાં આવે તો તે બધા એમા સમાઈ જાય છે.

પછીથી એમાં બિલ્બફળ નાંખવામાં આવેતો તે પણ એમાં સમાઈ જાય છે.

પછીથી એમાં આમળાં નાંખવામાં આવે તો તે પણ એમાં સમાઈ જાય છે.

પછીથી એમાં બોર નાંખવામાં આવેતો તે પણ એમાં સમાઈ જાય છે.

વળી એમાં ચણા નાંખવામાં આવે તો તે પણ સમાઈ જાય છે.

વળી એમાં મગના દાણા નાંખવામાં આવે તો પણ તેમાં સમાઈ જાય છે.

વળી એમાં સરસવના દાણા નાંખવામાં આવે છે તો તે એમાં પણ સમાઈ જાય છે.

એ પછી એમાં ગંગા મહાનદીની રેતી નાંખવામાં આવે તો તે પણ એમાં સમાઈ જાય છે.

આ પ્રમાણે આ દૃષ્ટાંતથી એ પલ્યમાં એવા આકાશ પ્રદેશ હોય છે. જે એ બાલાગ્રખંડોથી અસ્પૃષ્ટ રહી જાય છે.

આ પલ્યોને દસ કોટાકોટિ વડે ગુણીએ તો એક સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમનું પરિમાણ થાય છે.

પ્ર. આ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ અને સાગરોપમનું શું પ્રયોજન છે ?

ઉ. આ સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ અને સાગરોપમ દ્વારા દૃષ્ટિવાદમાંવર્ણિત દ્રવ્યોની ગણના કરી શકાયછે.

**आवलियाइसु कालभेएसु समयसंखापरूवणं--**

**एगत्त विवक्खा--**

१३३६. प. आवलिया णं भंते ! किं संखेज्जा समया, असंखेज्जा समया, अणंता समया ?

उ. गोयमा ! नो संखेज्जा समया, असंखेज्जा समया, नो अणंता समया।

प. आणापाणू णं भंते ! किं संखेज्जा समया-**जाव**-अणंता समया ?

उ. गोयमा ! **एवं चेव**।

प. थोवे णं भंते ! किं संखेज्जा समया-**जाव**-अणंता समया ?

उ. गोयमा ! **एवं चेव**।

**આવલિકાઆદિ કાળ ભેદોના સમયોની સંખ્યાનું પ્રરૂપણ :**

**એકત્વ વિવક્ષા -**

૧૩૩૬. પ્ર. ભગવન્ ! એક આવલિકાનો સમય શું સંખ્યાત છે અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ગૌતમ ! સંખ્યાત સમય નથી. અસંખ્યાત સમય છે. અનંત સમય નથી.

પ્ર. ભગવન્ ! એક શ્વાસોચ્છ્વાસનો સમય શું સંખ્યાત સમય **-યાવત્-** અનંત સમય છે?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ છે.**

પ્ર. ભગવન્ ! એક સ્તોકનો સમય શું સંખ્યાત સમય **-યાવત્-**અનંત સમય છે?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્** છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एवं लवे वि मुहुत्ते वि।**

**एवं अहोरत्ते।**

**एवं** पक्खे, मासे, उडू, अयणे, संवच्छरे, जुगे, वाससए, वाससहस्से, वाससयसहस्से, पुव्वंगे-पुव्वे, तुडियंगे-तुडिए, अडडंगे-अडडे, अववंगे-अववे, हूहुयंगे-हुहूए, उप्पलंगे-उप्पले, पउमंगे-पउमे, नलिणंगे-नलिणे, अत्थनिउरंगे-अत्थनिउरे, अउयंगे-अउये, नउयंगे-नउए, पउयंगे-पउए, चूलियंगे-चूलिए, सीसपहेलियंगे- सीसपहेलिया।[1]

पलिओवमे, सागरोवमे, ओसप्पिणी एवं उस्सप्पिणी वि।[2]

प. पोग्गलपरियट्टे णं भंते ! किं सखेज्जा समया, असंखेज्जा समया, अणंता समया।

उ. गोयमा ! नो संखेज्जा समया, नो असंखेज्जा समया, अणंता समया।

**एवं तीतद्ध-अणागयद्ध-सव्वद्धा।**[3]

**આ પ્રકારે લવ અને મુહૂર્તનો સમય પણ છે.**

**આ પ્રકારે એક અહોરાત્રનો સમય છે.**

**આ પ્રમાણે** પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વાંગ-પૂર્વ, ત્રુટિતાંગ-ત્રુટિત, અડડાંગ-અડડ, અવવાંગ-અવવ, હુહૂકાંગ-હુહૂક, ઉત્પલાંગ-ઉત્પલ, પદ્મમાંગ-પદ્મ, નલિનાંગ-નલિન, અર્થનિકુરાંગ-અર્થનિકુર-અયુતાંગ, અયુત-નયુતાંગ-નયુત, પ્રયુતાંગ-પ્રયુત, ચૂલિકાંગ-ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકાના માટે સમજવું જોઈએ.

પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી અને ઉત્સર્પિણીનો સમય છે.

પ્ર. ભગવન્ ! પુદ્ગલ પરાવર્તનનો સમય શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનન્ત છે.

ઉ. ગૌતમ ! ન સંખ્યાત સમય છે, ન અસંખ્યાત સમય છે પરંતુ અનંત સમય છે.

**આ પ્રમાણે અતીત (ભૂતકાળ), ભવિષ્યકાળ અને સર્વકાળનો પણ અનંત સમય છે.**

**बहुत्त विवक्खा-**

प. आवलियाओ णं भंते ! किं संखेज्जा समया, असंखेज्जा समया, अणंता समया ?

उ. गोयमा ! नो संखेज्जा समया, सिय असंखेज्जा समया, सिय अणंता समया।

प. आणापाणू णं भंते! किं संखेज्जा समया-**जाव**-अणंता समया ?

उ. गोयमा ! **एवं चेव।**

प. थोवा णं भंते ! किं संखेज्जा समया-**जाव**-अणंता समया ?

उ. गोयमा ! **एवं चेव।**

**एवं-जाव-उस्सप्पिणीओ त्ति।**

प. पोग्गलपरियट्टा णं भंते ! किं सखेज्जा समया, असंखेज्जा समया, अणंता समया ?

उ. गोयमा ! नो संखेज्जा समया, असंखेज्जा समया, अणंता समया।[4] -भग. २५, उ. ५, सु. २-१२

બહુત્વ વિવક્ષા :

પ્ર. ભગવન્ ! આવલિકાઓનો સમય શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ગૌતમ ! સંખ્યાત સમય નથી, કોઈ (વખતે) અસંખ્યાત સમય છે અને કોઈ (વખતે) અનંત સમય છે.

પ્ર. ભગવન્ ! શ્વાસોચ્છ્વાસોનો સમય શું સંખ્યાત છે **-યાવત્-** અનંત છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્** છે.

પ્ર. ભગવન્ ! સ્તોકોનો સમય શું સંખ્યાત છે- **યાવત્-** અનંત છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્** છે.

**આ પ્રમાણે -યાવત્- ઉત્સર્પિણીઓનો સમય પણ છે.**

પ્ર. ભગવન્ ! પુદ્ગલ પરિવર્તનનો સમય શું સંખ્યાત છે. અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ગૌતમ ! ન તો સંખ્યાત સમય છે, ન અસંખ્યાત સમય છે પરંતુ અનંત સમય છે.

---

૧. (ક) અહીં સુધી સંખ્યેય કાળ છે.

(ખ) पुव्वाइयाणं सीसपहेलिया पज्जवसाणाणं संठण ठाणंतराणं चोरासीए गुणाकारे पण्णत्ते। - सम. सम. ८४, सु. १४

૨. એ ઔપમિક કાળ છે અર્થાત્ અસંખ્યેય કાળ છે.

૩. એ અનન્તકાળ છે. અહીં સુધી એક વચનના પ્રશ્નોત્તર છે.

૪. આ બહુવચનના પ્રશ્નોત્તર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आणापाणाइसु कालभेएसु आवलिया संखापरूवणं--**

**एगत्त विवक्खा--**

१३३७. प. आणापाणू णं भंते ! किं संखेज्जाओ आवलियाओ, असंखेज्जाओ आवलियाओ, अणंताओ आवलियाओ ?

उ. गोयमा! संखेज्जाओ आवलियाओ, नो असंखेज्जाओ आवलियाओ, नो अणंताओ आवलियाओ।

**एवं थोवे वि एवं-जाव-सीसपहेलियत्ति।**

प. पलिओवमे णं भंते ! किं संखेज्जाओ आवलियाओ, असंखेज्जाओ आवलियाओ, अणंताओ आवलियाओ ?

उ. गोयमा! नो संखेज्जाओ आवलियाओ, असंखेज्जाओ आवलियाओ, नो अणंताओ आवलियाओ।

**एवं सागरोवमे वि, एवं ओसप्पिणीए वि, उस्सप्पिणीए वि।**

प. पोग्गलपरियट्टे णं भंते ! किं संखेज्जाओ आवलियाओ--**जाव**-अणंताओ आवलियाओ ?

उ. गोयमा ! नो संखेज्जाओ आवलियाओ, नो असंखेज्जाओ आवलियाओ, अणंताओ आवलियाओ।

**एवं-जाव-सव्वद्धा।**[1]

**वहुत्त विवक्खा--**

प. आणापाणूओ णं भंते ! किं संखेज्जाओ आवलियाओ-**जाव**-अणंताओ आवलियाओ ?

उ. गोयमा ! सिय संखेज्जाओ आवलियाओ, सिय असंखेज्जाओ आवलियाओ, सिय अणंताओ आवलियाओ।

**एवं-जाव-सीसपहेलियाओ।**

प. पलिओवमा णं भंते ! किं संखेज्जाओ आवलियाओ-**जाव**-अणंताओ आवलियाओ ?

उ. गोयमा ! नो संखेज्जाओ आवलियाओ, सिय असंखेज्जाओ आवलियाओ, सिय अणंताओ आवलियाओ।

**एवं-जाव-उस्सप्पिणीओ।**

**શ્વાસોચ્છ્વાસાદિ કાળ ભેદોની આવલિકા સંખ્યાનું પ્રરૂપણ :**

**એકત્વ વિવક્ષા-**

૧૩૩૭. પ્ર. ભગવન્ ! એક શ્વાસોચ્છ્વાસની આવલિકાઓ શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત આવલિકાઓ છે, ન અસંખ્યાત આવલિકાઓ છે અને ન અનંત આવલિકાઓ છે.

**એ પ્રમાણે એક સ્તોકની - યાવત્- એક શીર્ષપ્રહેલિકાની આવલિકાઓ છે.**

પ્ર. ભગવન્ ! એક પલ્યોપમની આવલિકાઓ શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત આવલિકાઓ નથી. અસંખ્યાત આવલિકાઓ છે. અનંત આવલિકાઓ નથી.

**આ પ્રમાણે એક સાગરોપમ, એક અવસર્પિણી અને એક ઉત્સર્પિણીની આવલિકાઓ છે.**

પ્ર. ભગવન્ ! એક પુદ્ગલ પરાવર્તનની આવલિકાઓ શું સંખ્યાત છે- **યાવત્**- અનંત છે?

ઉ. ગૌતમ ! ન સંખ્યાત આવલિકાઓ છે, ન અસંખ્યાત આવલિકાઓ છે, પરંતુ અનંત છે.

**આ પ્રકારે- યાવત્- સર્વકાળ આવલિકાઓ છે.**

**બહુત્વ વિવક્ષા :**

પ્ર. ભગવન્ ! અનેક શ્વાસોચ્છ્વાસોની આવલિકાઓ શું સંખ્યાત છે- **યાવત્**- અનંત છે?

ઉ. ગૌતમ ! કોઈવાર સંખ્યાત આવલિકાઓ, કોઈવાર અસંખ્યાત આવલિકાઓ અને કોઈવાર અનંત આવલિકાઓ હોય છે.

**આ પ્રમાણે -યાવત્- શીર્ષ પ્રહેલિકાઓની આવલિકાઓ છે.**

પ્ર. ભગવન્ ! પલ્યોપમોની આવલિકાઓ શું સંખ્યાત છે-**યાવત્**- અનંત છે.

ઉ. ગૌતમ ! સંખ્યાત આવલિકાઓ નથી, કોઈવાર અસંખ્યાત આવલિકાઓ હોય છે અને કોઈવાર અનંત આવલિકાઓ હોય છે.

**આ પ્રમાણે -યાવત્- ઉત્સર્પિણિઓ આવલિકાઓ છે.**

---

૧. અહીં સુધી એક વચનના સૂત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. पोग्गलपरियट्टा णं भंते ! किं संखेज्जाओ आवलियाओ-**जाव**-अणंताओ आवलियाओ ?

उ. गोयमा ! नो संखेज्जाओ आवलियाओ, नो असंखेज्जाओ आवलियाओ, अणंताओ आवलियाओ ।[१]

--भग. स. २५, उ. ५, सु. १३-२५

પ્ર. ભગવન્ ! પુદ્ગલ પરાવર્તનોની આવલિકાઓ શું સંખ્યાત છે- **યાવત્**- અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત આવલિકાઓ નથી, અસંખ્યાત આવલિકાઓ નથી. અનંત આવલિકાઓ છે.

**थोवपभिइसु कालभेएसु आणापाणूआईणं संखापरूवणं--**

१३३८. प. थोवे णं भंते ! किं संखेज्जाओ आणापाणूओ. असंखेज्जाओ आणापाणूओ, अणंताओ आणापाणूओ ?

उ. गोयमा ! **जहा आवलियाए वत्तव्वया आणापाणूओ वि निरवसेसा ।**

**एवं एएणं गमएणं-जाव-सीसपहेलिया भाणियव्वा ।**[१]

-- भग. स. २५, उ. ५, सु. २६-२७

**સ્તોકાદિ કાળ ભેદોમાં શ્વાસોચ્છ્વાસોની સંખ્યાનું પ્રરૂપણ -**

૧૩૩૮. પ્ર. ભગવન્ ! સ્તોકના શ્વાસોચ્છ્વાસ શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે ?

ઉ. ગૌતમ ! **જે પ્રમાણે આવલિકાઓનું કથન કર્યું છે એ પ્રમાણે શ્વાસોચ્છ્વાસોનું કથન પણ પૂર્ણ કહેવું જોઈએ.**

**આ ક્રમે- યાવત્- શીર્ષ પ્રહેલિકા પર્યન્ત 'એક વચન, બહુવચનના સૂત્ર કહેવા જોઈએ.**

**सागरोवमाइसु पलिओवमसंखापरूवणं--**

**एगत्त विवक्खा--**

१३३९. प. सागरोवमेणं भंते ! किं संखेज्जा पलिओवमा, असंखेज्जा पलिओवमा, अणंता पलिओवमा ?

उ. गोयमा ! संखेज्जा पलिओवमा, नो असंखेज्जा पलिओवमा, नो अणंता पलिओवमा ।

**एवं ओसप्पिणी वि, उस्सप्पिणी वि ।**

प. पोग्गलपरियट्टे णं भंते ! किं संखेज्जा पलिओवमा -**जाव**-अणंता पलिओवमा ?

उ. गोयमा ! नो संखेज्जा पलिओवमा, नो असंखेज्जा पलिओवमा, अणंता पलिओवमा ।

**एवं-जाव-सव्वद्धा ।**[२]

**સાગરોપમાદિમાં પલ્યોપમોની સંખ્યાનું પ્રરૂપણ :**

**એકત્વ વિવક્ષા :**

૧૩૩૯. પ્ર. ભગવન્ ! સાગરોપમના પલ્યોપમ શું સંખ્યાત છે. અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ગૌતમ ! સંખ્યાત પલ્યોપમ છે. અસંખ્યાત પલ્યોપમ નથી. અનંત પલ્યોપમ પણ નથી.

**આ પ્રમાણે અવસર્પિણી અને ઉત્સર્પિણીના પલ્યોપમ છે.**

પ્ર. ભગવન્ ! પુદ્ગલ પરાવર્તનના પલ્યોપમ શું સંખ્યાત છે - **યાવત્**- અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત પલ્યોપમ નથી. અસંખ્યાત પલ્યોપમ નથી, અનંત પલ્યોપમ છે.

**આ પ્રકારે- યાવત્- સર્વકાળમાં પલ્યોપમ છે.**

**बहुत्त विवक्खा--**

प. सागरोवमा णं भंते ! किं संखेज्जा पलिओवमा-**जाव**-अणंता पलिओवमा ?

उ. गोयमा ! सिय संखेज्जा पलिओवमा, सिय असंखेज्जा पलिओवमा, सिय अणंता पलिओवमा ।

**एवं ओसप्पिणी वि, उस्सप्पिणी वि ।**

બહુત્વ વિવક્ષા -

પ્ર. ભગવન્ ! સાગરોપમોના પલ્યોપમ શું સંખ્યાત છે **-યાવત્**- અનંત છે ?

ઉ. ગૌતમ ! કેટલાક પલ્યોપમ સંખ્યાત પણ છે. કેટલાક અસંખ્યાત પણ છે અને અનંત પણ છે.

**આ પ્રકારે અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓના પલ્યોપમ છે.**

---

૧. એક વચન અને બહુવચનના સૂત્ર. ૨. એક વચનના સૂત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. पोग्गलपरियट्टा णं भंते ! किं संखेज्जा पलिओवमा -जाव-अणंता पलिओवमा ?

उ. गोयमा ! नो संखेज्जा पलिओवमा, नो असंखेज्जा पलिओवमा, अणंता पलिओवमा ।[1]

-- भग. स. २५, उ. ५, सु. २८-३४

પ્ર. ભગવન્ ! પુદ્‌ગલ પરાવર્તનોના પલ્યોપમ શું સંખ્યાત છે -યાવત્- અનંત છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત પલ્યોપમ નથી. અસંખ્યાત પલ્યોપમ નથી. અનંત પલ્યોપમ છે.

**ओसप्पिणिआइसु सागरोवमसंखा-परूवणं--**

१३४०. प. ओसप्पिणी णं भंते ! किं संखेज्जा सागरोवमा, असंखेज्जा सागरोवमा, अणंता सागरोवमा ?

उ. गोयमा ! **जहा पलिओवमस्स वत्तव्वया तहा सागरोवमस्स वि ।**[2]

-- भग. स. २५, उ. ५, सु. ३५

**અવસર્પિણી આદિમાં સાગરોપમોની સંખ્યાનું પ્રરૂપણ :**

૧૩૪૦. પ્ર. ભગવન્ ! અવસર્પિણીના સાગરોપમ શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ગૌતમ ! **જે પ્રકારે પલ્યોપમનું કથન કર્યું એ પ્રમાણે સાગરોપમનું પણ જાણવું જોઈએ.**

**पोग्गलपरियट्टेसु ओसप्पिणि-उस्सप्पिणि संखा परूवणं--**

१३४१. प. पोग्गलपरियट्टे णं भंते ! किं संखेज्जाओ ओसप्पिणी-उस्सप्पिणीओ, असंखेज्जाओ ओसप्पिणि- उस्सप्पिणीओ, अणंताओ ओसप्पिणि-उस्सप्पिणीओ ?

उ. गोयमा ! नो संखेज्जाओ ओसप्पिणि-उस्सप्पिणीओ,

नो असंखेज्जाओ ओसप्पिणि-उस्सप्पिणीओ, अणंताओ ओसप्पिणि-उस्सप्पिणीओ ।

**एवं-जाव-सव्वद्धा ।**[3]

प. पोग्गलपरियट्टा णं भंते ! किं संखेज्जाओ ओसप्पिणि-उस्सप्पिणीओ-**जाव**-अणंताओ ओसप्पिणि- उस्सप्पिणीओ ?

उ. गोयमा ! नो संखेज्जाओ ओसप्पिणि-उस्सप्पिणीओ, नो असंखेज्जाओ ओसप्पिणि-उस्सप्पिणीओ, अणंताओ ओसप्पिणीओ उस्सप्पिणीओ ।

-- भग. स. २५, उ. ५, सु. ३६-३८

**પુદ્‌ગલ પરાવર્તનમાં અવસર્પિણી અને ઉત્સર્પિણીની સંખ્યાનું પ્રરૂપણ :**

૧૩૪૧. પ્ર. ભગવન્ ! પુદ્‌ગલ પરાવર્તનમાં શું અવસર્પિણી અને ઉત્સર્પિણી સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ગૌતમ ! સંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણી નથી.

અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણી નથી. અનંત અવસર્પિણી અને ઉત્સર્પિણી છે.

**આ પ્રમાણે -યાવત્- સર્વકાળની અવસર્પિણી અને ઉત્સર્પિણી છે.**

પ્ર. ભગવન્ ! પુદ્‌ગલ પરાવર્તનોની અવસર્પિણીઓ અને ઉત્સર્પિણીઓ સંખ્યાત છે -**યાવત્**- અનંત છે?

ઉ. ગૌતમ ! સંખ્યાત અવસર્પિણિઓ અને ઉત્સર્પિણીઓ નથી. અસંખ્યાત પણ નથી. અનંત અવસર્પિણીઓ- ઉત્સર્પિણીઓ છે.

**तीतद्धाइसु पोग्गलपरियट्टाणं अणंतत्तं--**

१३४२. प. तीतद्धा णं भंते ! किं संखेज्जा पोग्गलपरियट्टा, असंखेज्जा पोग्गलपरियट्टा, अणंता पोग्गलपरियट्टा ?

उ. गोयमा ! नो संखेज्जा पोग्गलपरियट्टा, नो असंखेज्जा पोग्गलपरियट्टा, अणंता पोग्गलपरियट्टा ।

**एवं अणागतद्धा वि ।**

**एवं सव्वद्धा वि ।**

-- भग. स. २५, उ. ५, सु. ३९-४१

**ભૂતકાળમાં પુદ્‌ગલ પરિવર્તનોનું અનન્તત્વ :**

૧૩૪૨. પ્ર. ભગવન્ ! ભૂતકાળમાં પુદ્‌ગલ પરાવર્તન શું સંખ્યાત હતા. અસંખ્યાત હતા કે અનંત હતા ?

ઉ. ગૌતમ ! પુદ્‌ગલ પરાવર્તન ન સંખ્યાત હતા, ન અસંખ્યાત હતા પણ અનંત હતા.

**આ પ્રકારે અનાગત કાળના પુદ્‌ગલ પરાવર્તન થશે.**

**આ પ્રકારે સર્વકાળના પુદ્‌ગલ પરાવર્તન છે.**

૧. બહુવચનના સૂત્ર. ૨. એક વચન અને બહુવચનના સૂત્ર. ૩. એક વચનના સૂત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अणागयकालस्स अतीतकालओ समयाधिकत्तं--**

१३४३. प. अणागयद्धा णं भंते! किं संखेज्जाओ तीतद्धाओ, असंखेज्जाओ तीतद्धाओ, अणंताओ तीतद्धाओ?

उ. गोयमा! नो संखेज्जाओ तीतद्धाओ, असंखेज्जाओ तीतद्धाओ, नो अणंताओ तीतद्धाओ,

अणागयद्धा णं तीतद्धाओ समयाहिया,

तीतद्धाणं अणागयद्धाओ समयूणा।

-- भग. स. २५, उ. ५, सु. ४२

**सव्वद्धाए अतीतकालओ साइरेगदुगुणत्तं--**

१३४४. प. सव्वद्धा णं भंते! किं संखेज्जाओ तीतद्धाओ **-जाव-** अणंताओ तीतद्धाओ?

उ. गोयमा! नो संखेज्जाओ तीतद्धाओ **-जाव-** नो अणंताओ तीतद्धाओ।

सव्वद्धा णं तीतद्धाओ साइरेगदुगुणा,

तीतद्धाणं सव्वद्धाओ थोवूणए अद्धे।

-- भग. स. २५, उ. ५, सु. ४३

**सव्वद्धाए अणागयकालओ थोवूणदुगुणत्तं--**

१३४५. प. सव्वद्धा णं भंते! किं संखेज्जाओ अणागयद्धाओ, असंखेज्जाओ अणागयद्धाओ, अणंताओ अणागयद्धाओ?

उ. गोयमा! नो संखेज्जाओ अणागयद्धाओ, नो असंखेज्जाओ अणागयद्धाओ, नो अणंताओ अणागयद्धाओ।

सव्वद्धा णं अणागयद्धाओ थोवूणदुगुणा।

अणागयद्धा णं सव्वद्धाओ साइरेगे अद्धे।

-- भग. स. २५, उ. ५, सु. ४४

**पोग्गलपरियट्टस्स भेया--**

१३४६. तिविहे पोग्गलपरियट्टे पण्णत्ते,[1] तं जहा--

(१) तीए,

(२) पडुप्पन्ने,

(३) अणागए।

-- ठाणं अ. ३, उ. ४, सु. १९७

**ભૂતકાળથી અનાગતકાળનું સમયાધિકત્વ :**

૧૩૪૩. પ્ર. ભગવન્ ! ભૂતકાળથી અનાગતકાળ શું સંખ્યાત છે. અસંખ્યાત છે કે અનંત છે?

ઉ. ગૌતમ ! ભૂતકાળથી અનાગતકાળ સંખ્યાત નથી. અસંખ્યાત નથી અને અનંત પણ નથી.

(પરંતુ) ભૂતકાળથી અનાગતકાળ એક સમયાધિક છે.

અનાગતકાળથી ભૂતકાળ એક સમય ઓછો છે.

**ભૂતકાળથી સર્વકાળનું કંઈક વધુ બે ગણાપણું :**

૧૩૪૪. પ્ર. ભગવન્ ! ભૂતકાળથી સર્વકાળ શું સંખ્યાત છે **-યાવત્-** અનંત છે?

ઉ. ગૌતમ ! ભૂતકાળથી સર્વકાળ ન સંખ્યાત છે **-યાવત્-** ન અનંત છે.

ભૂતકાળથી સર્વકાળ બે ગણાથી કંઈક અધિક છે.

સર્વકાળથી ભૂતકાળ કંઈક ઓછો છે.

**અનાગત કાળથી સર્વકાળનું કંઈક ઓછું બેગણાપણું :**

૧૩૪૫. પ્ર. ભગવન્ ! અનાગત કાળથી સર્વકાળ શું સંખ્યાત છે. અસંખ્યાત છે કે અનંત છે ?

ઉ. ગૌતમ ! અનાગત કાળથી સર્વકાળ ન સંખ્યાત છે, ન અસંખ્યાત છે અને ન અનંત છે ?

અનાગત કાળથી સર્વકાળ બેગણાથી કંઈક ઓછો છે.

સર્વકાળથી અનાગત કાળ બેગણાથી કંઈક વધુ છે.

**પુદ્‌ગલ પરાવર્તના ભેદ :**

૧૩૪૬. પુદ્‌ગલ પરાવર્ત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) ભૂતકાળ પુદ્‌ગલ પરાવર્ત,

(૨) વર્તમાન પુદ્‌ગલ પરાવર્ત,

(૩) અનાગત પુદ્‌ગલ પરાવર્ત.

---

१. "पोग्गलपरियट्टे" त्ति पुद्‌गलानां-रूपिद्रव्याणामाहारक वर्जितानां औदारिकादिप्रकारेण ग्रहणतः एक जीवापेक्षया परिवर्तनं सामस्त्येन स्पर्शः पुद्‌गलपरिवर्तः, स च यावता कालेन भवति, स कालोऽपि पुद्‌गल परिवर्तः, स च यावता कालेन भवति, स कालोऽपि पुद्‌गलपरिवर्तः सचानन्तोत्सर्पिणीण्यवसर्पिणीरूप इति।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परमाणु पोग्गलाणं अणंताणंत पोग्गलपरियट्ट परूवणं--**

१३४७. प. एएसि णं भंते ! परमाणुपोग्गलाणं साहणणा[1] भेदाणुवाएणं अणंताणंता पोग्गलपरियट्टा[2] समणुगंतव्वा भवंतीति मक्खाया ?

उ. हंता, गोयमा ! एएसि णं परमाणुपोग्गलाणं साहणणा भेदाणुवाएणं अणंताणंता पोग्गल-परियट्टा समणुगंतव्वा भवंतीत मक्खाया।

- भग. स. १२, उ. ४, सु. १४

**પરમાણુ પુદ્ગલોના અનન્તાનન્ત પુદ્ગલ પરાવર્તોનું પ્રરૂપણ :**

૧૩૪૭. પ્ર. ભગવન્ ! શું એ પરમાણુ પુદ્ગલોના સંયોગ-વિયોગથી અનન્તાનન્ત પુદ્ગલ પરાવર્ત જાણવા એમ કહેવામાં આવે છે ?

ઉ. હા, ગૌતમ ! એ પરમાણુ પુદ્ગલોના સંયોગ વિયોગથી અનન્તાનન્ત પુદ્ગલ પરાવર્ત જાણવું એવું કહેવામાં આવ્યું છે.

**पोग्गलपरियट्टस्स भेयसत्तग परूवणं-**

१३४८. प. कइविहे णं भंते ! पोग्गलपरियट्टे पण्णत्ते ?

उ. गोयमा ! सत्तविहे पोग्गलपरियट्टे पण्णत्ते, तं जहा-

(१) ओरालिय-पोग्गलपरियट्टे,

(२) वेउव्विय-पोग्गलपरियट्टे,

(३) तेया पोग्गलपरियट्टे,

(४) कम्मा पोग्गलपरियट्टे,

(५) मण पोग्गलपरियट्टे,

(६) वइ पोग्गलपरियट्टे,

(७) आणुपाणु पोग्गलपरियट्टे।

-- भग. स. १२, उ. ४, सु. १५

**પુદ્ગલ પરાવર્તના સાત ભેદોનું પ્રરૂપણ :**

૧૩૪૮. પ્ર. ભગવન્ ! પુદ્ગલ પરાવર્ત કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! પુદ્ગલ પરાવર્ત સાત પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) ઔદારિક પુદ્ગલ પરાવર્ત,

(૨) વૈક્રિય પુદ્ગલ પરાવર્ત,

(૩) તેજસ્ પુદ્ગલ પરાવર્ત,

(૪) કાર્મણ પુદ્ગલ પરાવર્ત,

(૫) મન પુદ્ગલ પરાવર્ત,

(૬) વચન પુદ્ગલ પરાવર્ત,

(૭) શ્વાસોશ્વાસ પુદ્ગલ પરાવર્ત.

**संवच्छाराणं संखा लक्खणं च--**

१३४९. प. ता कइ णं संवच्छरे ? आहिए त्ति वएज्जा,

उ. ता पंच संवच्छरा पण्णत्ता, तं जहा--

(१) णक्खत्त संवच्छरे, (१) जुगसंवच्छरे, (३) पमाणसंवच्छरे, (४) लक्खणसंवच्छरे, (५) सणिच्छर-संवच्छरे।[3]

-- सूरिय. पा. १०, पाहु. २०, सु. ५४

**સંવત્સરોની સંખ્યા અને એના લક્ષણ :**

૧૩૪૯. પ્ર. સંવત્સર કેટલા કહેવામાં આવ્યા છે ?

ઉ. સંવત્સર પાંચ કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) નક્ષત્ર સંવત્સર, (૨) યુગ સંવત્સર, (૩) પ્રમાણ સંવત્સર, (૪) લક્ષણ સંવત્સર, (૫) શનૈશ્ચર સંવત્સર.

---

१. "साहणणत्ति" प्राकृतत्वात् संहननम्-संघातः भेदश्च वियोजनम् तयोः अनुपातः योगः संहननभेदानुपातः, तेन सर्वपुद्गलद्रव्यैः सहपरमाणूतां संयोगेन वियोगेन चेत्यर्थः।

२. "अनन्तेनगुणिता अनन्ता अनन्तानन्ताः।
एकोऽपि हि परमाणु द्वर्वणुकादिभिरनन्ताणुकान्तै र्द्रव्योः सह संयुज्यमानः अनन्तान् परिवर्तनं लभते, प्रतिद्रव्यं परिवर्तभावात् अनन्तत्वाच्च परमाणुनाम् प्रतिपरमाणु चानन्तत्वात् परिवर्तानां परमाणु पुद्गले परिक्षनिनामनतत्व द्रष्टव्यम् पुद्गलैः - पुद्गलद्रव्यैः सहपरिवर्ताः परमाणूनां मिललानि पुद्गलपरिवर्ताः।

३. ठाणं. अ. ५, उ. ३, सु. ४६०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पंचण्हं संवच्छराणं लक्खणाणं गाहाओ :**

१. **णक्खत्त संवच्छरं लक्खणं--**

१३५०. समगं णक्खत्ता जोयं जोएंति, समगं उडु परिणमंति।
नच्चुण्हं नाइसीए, बहु उदए होइ नक्खत्ते ॥ १ ॥

२. **चंदसंवच्छर लक्खणं--**

ससि समग पुण्णमासिं, जोइं ता विसमचारि णक्खत्ता।
कडुओ बहु उदगवओ, तमाहु संवच्छरं चंदं ॥ २ ॥

३. **उडु (कम्म) संवच्छर लक्खणं--**

विसमं पवालिणो परिणंमति, अणउसु दिंति पुप्फफलं।
वासं न सम्मवासइ, तमाहु संवच्छरं कम्मं ॥ ३ ॥

४. **आइच्च संवच्छर लक्खणं--**

पुढवि-दगाणं च रसं, पुप्फफलाणं च देइ आइच्चे।
अप्पेण वि वासेणं, सम्मं निप्फज्जए सस्सं ॥ ४ ॥

५. **अभिवुड्ढिय संवच्छर लक्खणं--**

आइच्चतेय तविया, खण-लव-दिवसा उऊ परिणमंति।
पूरेइ रेणु-थलयाइं, तमाहु अभिवड्ढिय जाणं ॥ ५ ॥[1]

-- सूरिय. पा. १०, पाहु. २०, सु. ५८

**પાંચ સંવત્સરોના લક્ષણની ગાથાઓ :**

૧. **નક્ષત્ર સંવત્સરના લક્ષણો :**

૧૩૫૦. જે સંવત્સરમાં બધા નક્ષત્ર યોગ કરે છે અને બધી ઋતુઓ પરિણમિત હોય છે એમાં ન તો વધુ ગરમી થાય અને ન તો વધુ ઠંડી થાય છે પરંતુ વરસાદ વધુ થાય છે, તે નક્ષત્ર સંવત્સર છે.

૨. **ચંદ્ર સંવત્સરના લક્ષણ :**

જે સંવત્સરની બધી પૂર્ણિમાઓમાં ચંદ્ર વિષમચારી નક્ષત્રોની સાથે યોગ કરે, કડવા પાણીની વર્ષા વધુ થાય એને ચંદ્ર સંવત્સર કહેવામાં આવે છે.

૩. **ઋતુ (કર્મ) સંવત્સરના લક્ષણ :**

જે સંવત્સરમાં (જે વનસ્પતિની અંકુરિત પલ્લવિત થવાની ઋતુ હોય એમાં અંકુરિત ન થાય અન્ય ઋતુમાં અંકુરિત થાય, પત્ર-પુષ્પ-ફળ લાગે તથા અલ્પ વર્ષા પર્યાપ્ત અર્થાત્ પૂરાપ્રમાણમાં ન થાય એને ઋતુ (કર્મ) સંવત્સર કહેવામાં આવે છે.

૪. **આદિત્ય સંવત્સરનું લક્ષણ :**

જે સંવત્સરમાં પૃથ્વી, જલ અને પુષ્પો-ફલોને આદિત્ય (સૂર્ય) રસ આપે છે તથા અલ્પ વર્ષાથી ધાન્ય (અનાજ) પર્યાપ્ત (પ્રમાણમાં) પેદા થાય છે એને આદિત્ય સંવત્સર કહેવામાં આવે છે.

૫. **અભિવર્ધિત સંવત્સરનું લક્ષણ :**

જે સંવત્સરમાં સૂર્યના તેજથી અર્થાત્ તાપથી તપ્ત ક્ષણ-લવ-દિવસ થવાને કારણે આખી પૃથ્વી વર્ષાના જલથી તૃપ્ત થઈ જાય છે તથા બધી ઋતુઓ યથાસમય પરિણમિત થાય છે એને અભિવર્ધિત સંવત્સર કહેવામાં આવે છે - એમ જાણો.

**पंचण्हं संवच्छराणं पारंभ-पज्जवसनकालस्स समत्त-परूवणं--**

१३५१. प. ता कया णं आदिच्च-चंदसंवच्छरा समादीया समपज्जवसिया ? आहिए त्ति वएज्जा,

उ. ता सट्ठिं एए आदिच्चमासा बासट्ठिं एए य चंदमासा, एस णं अद्धा छखुत्तकडा दुवालसभयिता तीसं एए आदिच्चसंवच्छरा, एक्कतीसं एए चंदसंवच्छरा,

**પાંચ સંવત્સરોનો પ્રારંભ અને પર્યવસાનકાળ તથા એમના સમત્વનું પ્રરૂપણ -**

૧૩૫૧. પ્ર. આદિત્ય સંવત્સર અને ચંદ્ર સંવત્સરનો સમાન પ્રારંભ તેમજ સમાન પર્યવસાન કાળ ક્યારે થાય છે ? કહો.

ઉ. સાઈઠ આદિત્યમાસ અને બાસઠ ચંદ્રમાસ એને છ વડે ગુણીને બાર વડે ભાગવાથી ત્રીસ આદિત્ય સંવત્સર અને એકત્રીસ ચંદ્ર સંવત્સર બાકી રહે છે.

१. (क) ठाणं. अ. ५, सु. ३, सु. ४६०    (ख) जंबू. वक्ख. ७, सु. १८४

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

तया णं एए आदिच्च-चंदसंवच्छरा समादीया समपज्जवसिया आहिए त्ति वएज्जा,

प. ता कया णं एए आदिच्च-उडु-चंद-णक्खत्ता-संवच्छरा समादीया, समपज्जवसिया ? आहिए त्ति वएज्जा,

उ. ता सट्ठिं एए आदिच्चा मासा, एगट्ठिं एए उडुमासा, बासट्ठिं एए चंदमासा, सत्तट्ठिं एए णक्खत्तमासा,

एस णं अद्धा दुवालस खुत्तकडा दुवालसभयिता सट्ठिं एए आइच्चा संवच्छरा, एगट्ठिं एए उडु संवच्छरा,[1] बासट्ठिं एए चंदा संवच्छरा, सत्तट्ठिं एए णक्खत्ता संवच्छरा,[2]

तया णं एए आइच्च-उडु-चंद-णक्खत्ता संवच्छरा समादीया, समपज्जवसिया, आहिए त्ति वएज्जा,

प. ता कया णं एए अभिवड्ढिअ-आदिच्च-उडु-चंद-णक्खत्ता संवच्छरा समादीया समपज्जवसिया ? आहिए त्ति वएज्जा,

उ. ता सत्तावण्णं मासा, सत्त य अहोरत्ता, एक्कारस य मुहुत्ता, तेवीसं बासट्ठिं भागा मुहूत्तस्स एए अभिवड्ढिया मासा, सट्ठिं एए आइच्चा मासा, एगट्ठिं एए उडुमासा, बासट्ठिं एए चंदमासा, सत्तट्ठिं एए णक्खत्त मासा,

एस णं अद्धा छप्पण्ण-सयखुत्त कडा दुवालस भयिता-

सत्तसया चोयाला, एए णं अभिवड्ढिया संवच्छरा,

सत्तसया असीया, एए णं आइच्चा संवच्छरा,

सत्तसया तेणउया, एए णं उडु संवच्छरा,

अट्ठसया छल्लुत्तरा, एए णं चंदा संवच्छरा,

एक सत्तरी अट्ठसया, एए णं णक्खत्ता संवच्छरा,

तया णं एए अभिवड्ढिअ-आइच्च-उडु-चंद-णक्खत्ता संवच्छरा समादीया समपज्जवसिया, आहिए त्ति वएज्जा,

ता णयट्ठयाए णं चंदे संवच्छरे तिण्णि चउप्पण्णे राइंदियसए, दुवालस य बासट्ठिभागे राइंदियस्स, आहिए त्ति वएज्जा

ત્યારે (એટલા સંવત્સરોની બાદ) આદિત્ય ચંદ્ર સંવત્સરોનો સમાન પ્રારંભ કાળ તેમજ સમાન પર્યવસાન કાળ કહેવામાં આવ્યો છે.

પ્ર. (૧) આદિત્ય સંવત્સર, (૨) ઋતુ સંવત્સર, (૩) ચંદ્ર સંવત્સર, (૪) નક્ષત્ર સંવત્સરોનો સમાન પ્રારંભકાળ તેમજ સમાન પર્યવસાન કાળ ક્યારે થાય છે ? કહો.

ઉ. (૧) સાઈઠ આદિત્ય માસ, (૨) એકસઠ ઋતુમાસ, (૩) બાસઠ ચંદ્રમાસ, (૪) સડસઠ નક્ષત્રમાસ.

(૧) એને બાર વડે ગુણીને બારનો ભાગ આપવાથી સાઈઠ આદિત્ય સંવત્સર (૨) એકસઠ ઋતુ સંવત્સર (૩) બાસઠ ચંદ્ર સંવત્સર અને (૪) સડસઠ નક્ષત્ર સંવત્સર (શેષ) રહે છે.

ત્યારે (આટલા સંવત્સરોની પછી) (૧) આદિત્ય (૨) ઋતુ (૩) ચંદ્ર અને (૪) નક્ષત્ર સંવત્સરોનો સમાન પ્રારંભકાળ તેમજ સમાન પર્યવસાન કાળ થાય છે.

પ્ર. (૧) અભિવર્ધિત (૨) આદિત્ય (૩) ઋતુ (૪) ચંદ્ર અને (૫) નક્ષત્ર સંવત્સરોનો સમાન પ્રારંભકાળ તેમજ સમાન પર્યવસાન કાળ ક્યારે થાય છે ? કહો.

ઉ. સત્તાવન માસ, સાત અહોરાત્ર. અગિયાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી તેવીસ ભાગ એટલા અભિવર્ધિત માસ, સાઈઠ આદિત્ય માસ, એકસઠ ઋતુમાસ, બાસઠ ચંદ્રમાસ અને સડસઠ નક્ષત્ર માસ થાય છે.

એટલા કાળને એકસો છપ્પનથી ગુણી એને બારવડે ભાગ આપવાથી -

(૧) સાતસો ચુમાલીસ અભિવર્ધિત સંવત્સર,

(૨) સાતસો એંસી આદિત્ય સંવત્સર,

(૩) સાતસો ત્રાંણુ ઋતુ સંવત્સર,

(૪) આઠસો છ ચંદ્ર સંવત્સર,

(૫) આઠસો એકોત્તર નક્ષત્ર સંવત્સર બાકી રહે છે.

ત્યારે (આટલા સંવત્સરો પછી) (૧) અભિવર્ધિત (૨) આદિત્ય (૩) ઋતુ (૪) ચંદ્ર અને (૫) નક્ષત્ર સંવત્સરોનો સમાન પ્રારંભ કાળ અને સમાન પર્યવસાન કાળ થાય છે.

એક અન્ય માન્યતાનુસાર ચંદ્ર સંવત્સર ત્રણસો ચોપન અહોરાત્ર અને એક અહોરાત્રના બાસઠ ભાગોમાંથી બાર ભાગ જેટલા હોય છે.

१. सम. सम. ६१, सु. १ २. सम. सम. ६७, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ता अहातच्चे णं चंदे संवच्छरे तिण्णि चउप्पण्णे राइंदियसए, पंच य मुहुत्ते पण्णासं च बासट्ठिं भागे मुहुत्तस्स, आहिए त्ति वएज्जा,

--- सूरिय. पा. १२, सु. ७४

અન્ય એક માન્યતાનો યથાર્થ વિચાર કરતા ચંદ્ર સંવત્સર ત્રણસો ચોપન અહોરાત્ર અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી પાંચમાં ભાગ જેટલા હોય છે.

**पंचण्हं संवच्छराणं पारंभ-पज्जवसाणकालं चंद-सूराण-णक्खत्त संजोगकालं च--**

१३५२. प. ता कहं ते संवच्छराणादी ? आहिए त्ति वएज्जा।

उ. तत्थ खलु इमे पंच संवच्छरे पण्णत्ते, तं जहा--

(१) चंदे, (२) चंदे, (३) अभिवड्ढिए, (४) चंदे, (५) अभिवड्ढिए।

**पढमं चंद-संवच्छरं-**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमस्स चंदस्स संवच्छरस्स के आदी ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं पंचमस्स अभिवड्ढिय संवच्छरस्स पज्जवसाणे, से णं पढमस्स चंदस्स संवच्छरस्स आदी, अणंतरपुरक्खडे समए।

(ख) प. ता से णं किं पज्जवसिए ? आहिए त्ति वएज्जा।

उ. तो जे णं दोच्चस्स चंदसंवच्छरस्स आदी, से णं पढमस्स चंद-संवच्छरस्स पज्जवसाणे, अणंत-पच्छाकडे समए।

(ग) प. तं समयं च णं चंदे केणं णक्खते णं जोएइ ?

उ. ता उत्तराहिं आसाढाहिं,

उत्तराणं आसाढाणं छद्दुवीसं मुहुत्ता, छ दुवीसं च बासट्ठिभागा, मुहुत्तस्स बासट्ठिभागं च सत्तट्ठिधा छित्ता चउप्पण्णं चुणियाभागा सेसा।

(घ) प. तं समयं च णं सूरे केणं णक्खत्ते णं जोएइ ?

उ. ता पुणव्वसुणा,

पुणव्वसुस्स सोलस मुहुत्ता, अट्ठ य बासट्ठिभागा मुहुत्तस्स बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता वीसं चुण्णियाभागा सेसा।

**પાંચ સંવત્સરોનો પ્રારંભકાળ, પર્યવસાનકાળ અને ચંદ્ર-સૂર્યની સાથે નક્ષત્રોના સંયોગકાળ :**

૧૩૫૨. પ્ર. સંવત્સરોનો પ્રારંભકાળ (પર્યવસાનકાળ અને એ સંવત્સરોના પર્યવસાન કાળમાં ચંદ્ર-સૂર્યની સાથે નક્ષત્રોના સંયોગકાળ) કેવો છે ?

ઉ. અહીં એ પાંચ સંવત્સર કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) ચંદ્ર, (૨) ચંદ્ર, (૩) અભિવર્ધિત, (૪) ચંદ્ર, (૫) અભિવર્ધિત.

**પ્રથમ ચંદ્ર સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી પ્રથમ ચંદ્ર સંવત્સરનો પ્રારંભકાળ કેવો છે ? કહો.

ઉ. પાંચમાં અભિવર્ધિત સંવત્સરના પર્યવસાનકાળ બાદ અંતર રહિત પ્રથમ સમય જ પ્રથમ ચંદ્ર સંવત્સરનો પ્રારંભ કાળ છે.

(ખ) પ્ર. એનો પર્યવસાનકાળ ક્યારે થાય છે ? કહો.

ઉ. દ્વિતીય સંવત્સરનો પ્રારંભકાળ તથા પ્રથમ ચંદ્ર સંવત્સરનો અંતર રહિત અંતિમ સમય એનો પર્યવસાન કાળ છે.

(ગ) પ્ર એ સમયે ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગ કરે છે.

ઉત્તરાષાઢાના છવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી છવીસ ભાગ તથા બાસઠમાં ભાગના સડસઠ ભાગોમાંથી ચોપન લઘુતમ ભાગ અવશેષ રહે ત્યારે તે ચંદ્ર સાથે યોગ કરે છે.

(ઘ) પ્ર. એ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ કરે છે.

પુનર્વસુના સોળ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી આઠભાગ તથા બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી વીસ લઘુતમ ભાગ બાકી રહે, ત્યારે તે 'સૂર્ય'ની સાથે યોગ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बितियं चंदसंवच्छरं-**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चस्स चंद संवच्छरस्स के आदी ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं पढमस्स चंदसंवच्छरस्स पज्जवसाणे, से णं दोच्चस्स चंदसंवच्छरस्स आदी, अणंतर पुरक्खडे समए।

(ख) प. ता से णं किं पज्जवसिए ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं तच्चस्स अभिवड्ढिय संवच्छरस्स आदी, से णं दोच्चस्स संवच्छरस्स पज्जवसाणे अणंतरपच्छाकडे समए।

(ग) प. तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ?

उ. ता पुव्वाहिं आसाढाहिं,

पुव्वाणं आसाढाणं सत्तमुहुत्ता, तेवण्णं च बावट्ठिभागा, मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता इगतालीसं चुण्णिया भागा सेसा।

(घ) प. तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ?

उ. ता पुणव्वसुणा,

पुणव्वसुस्स णं बायालीसं मुहुत्ता, पणतीसं च बासट्ठिभागा मुहुत्तस्स, बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता सत्त चुण्णियाभागा सेसा।

**ततियं अभिवड्ढियसंवच्छरं-**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चस्स अभिवड्ढिय संवच्छरस्स के आदी ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं दोच्चस्स चंदसंवच्छरस्स पज्जवसाणे, से णं तच्चस्स अभिवड्ढिय संवच्छरस्स आदी, अणंतरपुरक्खडे समए।

(ख) प. ता से णं किं पज्जवसिए ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं चउत्थस्स चंदसंवच्छरस्स आदी, से णं तच्चस्स अभिवड्ढिय संवच्छरस्स पज्जवसाणे अणंतर पच्छाकडे समए।

**દ્વિતીય ચંદ્ર સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી દ્વિતીય ચંદ્ર સંવત્સરનો પ્રારંભકાળ ક્યારે છે ? કહો.

ઉ. પ્રથમ ચંદ્ર સંવત્સરના પર્યવસાનકાળ પછી અંતર રહિત પ્રથમ સમય જ દ્વિતીય ચંદ્ર સંવત્સરનો પ્રારંભ કાળ છે.

(ખ) પ્ર. એનો પર્યવસન કાળ ક્યારે છે ? કહો.

ઉ. તૃતીય અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ તથા દ્વિતીય ચંદ્ર સંવત્સરનો અંતર રહિત અંતિમ સમય એનો પર્યવસાનકાળ છે.

(ગ) પ્ર. એ સમયે ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. પૂર્વાષાઢા નક્ષત્રની સાથે યોગ કરે છે.

પૂર્વાષાઢાના સાત મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ત્રેપન ભાગ તથા બાસઠમાં ભાગના સડસઠ ભાગોમાંથી એકતાલીસ લઘુતમ ભાગ અવેશષ રહે ત્યારે તે ચંદ્રની સાથે યોગ કરે છે.

(ઘ) પ્ર. આ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ કરે છે.

પુનર્વસુના બેંતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ તથા બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી સાત લઘુતમ ભાગ અવશેષ રહે ત્યારે સૂર્યની સાથે યોગ કરે છે.

**તૃતીય અભિવર્ધિત સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી તૃતીય અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ ક્યારે હોય છે ? કહો.

ઉ. દ્વિતીય ચંદ્ર સંવત્સરના પર્યવસાન કાળ બાદ અંતર રહિત પ્રથમ સમય જ તૃતીય અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ છે.

(ખ) પ્ર. એનો પર્યવસાન કાળ ક્યારે હોય છે ? કહો.

ઉ. ચતુર્થ ચંદ્ર સંવત્સરનો પ્રારંભકાળ તથા તૃતીય અભિવર્ધિત સંવત્સરનો અંતર રહિત અંતિમ સમય એનો પર્યવસાન કાળ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ग) प. तं समयं च णं चंदे के णं णक्खत्तेणं जोएइ ?

उ. ता उत्तराहिं आसाढाहिं,

उत्तराणं आसाढाणं तेरसमुहुत्ता, तेरस य बावट्ठिभागा मुहुत्तस्स, बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता सत्तावीसं चुण्णियाभागा सेसा।

(घ) प. तं समयं च णं सूरे केणं णक्खत्तेणं जोएइ ?

उ. ता पुणव्वसुणा,

पुणव्वसुस्स दो मुहुत्ता, छप्पण्णंच बावट्ठिभागा मुहुत्तस्स, बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता सट्ठी चुण्णिया भागा सेसा।

(ગ) પ્ર. આ સમયે ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગ કરે છે.

ઉત્તરાષાઢાના તેર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી તેર ભાગ તથા બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી સત્તાવીસ લઘુતમ ભાગ અવશેષ રહે ત્યારે તે ચંદ્રની સાથે યોગ કરે છે.

(ઘ) પ્ર. એ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ કરે છે.

પુનર્વસુના બે મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી છપ્પન ભાગ તથા બાસઠમા ભાગના સડસઠમા ભાગોમાંથી સાઈઠ લઘુતમ ભાગ અવશેષ રહે ત્યારે તે સૂર્યની સાથે યોગ કરે છે.

**चउत्थं चंदसंवच्छरं -**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं चउत्थस्स चंदसंवच्छरस्स के आदी ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं तच्चस्स अभिवड्ढियसंवच्छरस्स पज्जवसाणे से णं चउत्थस्स चंदसंवच्छरस्स आदी, अणंतरपुरक्खडे समए।

(ख) प. ता से णं किं पज्जवसिए ? आहिए त्ति वएज्जा

उ. ता जे णं चरिमस्स अभिवड्ढिय संवच्छरस्स आदी, से णं चउत्थस्स चंदसंवच्छरस्स पज्जवसाणे, अणंतरपच्छाकडे समए।

(ग) प. तं समयं च णं चंदे केणं णक्खत्तेणं जोएइ ?

उ. ता उत्तराहिं आसाढाहिं,

उत्तराणं आसाढाणं चत्तालीसं मुहुत्ता, चत्तालीसं च बासट्ठिभागा मुहुत्तस्स, बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता चउसट्ठी चुण्णियाभागा सेसा।

(घ) प. तं समयं च णं सूरे के णं णक्खत्तेणं जोएइ ?

उ. ता पुणव्वसुणा,

**ચતુર્થ ચંદ્ર સંવત્સર :**

(ક) પ્ર. એ પાંચ સંવત્સરોમાંથી ચતુર્થ ચંદ્ર સંવત્સરનો પ્રારંભ કાળ ક્યારે છે ? કહો.

ઉ. તૃતીય અભિવર્ધિત સંવત્સરના પર્યવસાન કાળ બાદ અંતર રહિત પ્રથમ સમય જ ચતુર્થ ચંદ્ર સંવત્સરનો આરંભ કાળ છે.

(ખ) પ્ર. એનો પર્યવસાન કાળ ક્યારે છે ? કહો.

ઉ. અંતિમ (પંચમ) અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભકાળ તથા ચતુર્થ ચંદ્ર સંવત્સરનો અંતર રહિત અંતિમ સમય એનો પર્યવસાન કાળ છે.

(ગ) પ્ર. એ સમયે ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગ કરે છે.

ઉત્તરાષાઢાના ચાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ચાલીસ ભાગ તથા બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી ચોસઠ લઘુતમ ભાગ અવશેષ રહે ત્યારે તે ચંદ્રની સાથે યોગ કરે છે.

(ઘ) પ્ર. એ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. પુનર્વસુ નક્ષત્રની સાથે યોગ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुणव्वसुस्स अउणतीसं मुहुत्ता, एक्कवीसं च बासट्ठिभागा मुहुत्तस्स, बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता सितालीसं चुण्णिया भागा सेसा।

પુનર્વસુના ઓગણત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી એકવીસ ભાગ તથા બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી સુડતાલીસ લઘુતમ ભાગ શેષ રહે ત્યારે સૂર્યની સાથે યોગ કરે છે.

**पंचमं अभिवड्ढिय संवच्छरं-**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं पंचमस्स अभिवड्ढियसंवच्छरस्स के आदी ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं चउत्थस्स चंदसंवच्छरस्स पज्जवसाणे, सेणं पंचमस्स अभिवड्ढिय संवच्छरस्स आदी, अणंतरपुरक्खडे समए।

(ख) प. ता से णं किं पज्जवसिए ? आहिए त्ति वएज्जा।

उ. ता जे णं पढमस्स संवच्छरस्स आदी से णं पंचमस्स अभिवड्ढिय संवच्छरस्स पज्जवसाणे अणंतरपच्छाकडे समए।

(ग) प. तं समयं च णं चंदे के णं णक्खत्तेणं जोएइ ?

उ. ता उत्तराहिं आसाढाहिं, उत्तराणं आसाढाणं चरमसमए।

(घ) प. तं समयं च णं सूरे के णं णक्खत्तेणं जोएइ ?

उ. ता पुस्सेणं,

पुस्सस्स णं एक्कवीसं मुहुत्ता, तेतालीसं च बावट्ठिभागा, मुहुत्तस्स बावट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता तेत्तीसं चुण्णिया भागा सेसा।

- सूरिय. पा. ११, सु.७१

**પંચમ અભિવર્ધિત સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી પાંચમાં અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભ કાળ ક્યારે થાય છે ? કહો.

ઉ. ચતુર્થ ચંદ્ર સંવત્સરના પર્યવસાન કાળ પછી અંતર રહિત પ્રથમ સમય જ પાંચમાં અભિવર્ધિત સંવત્સરનો પ્રારંભ કાળ છે.

(ખ) પ્ર. એનો પર્યવસાન કાળ ક્યારે થાય છે ? કહો.

ઉ. પ્રથમ સંવત્સરનો પ્રારંભકાળ તથા પાંચમાં અભિવર્ધિત સંવત્સરનો અંતર રહિત અંતિમ સમય એનો પર્યવસાન કાળ છે.

(ગ) પ્ર. આ સમયે ચંદ્ર કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. ઉત્તરાષાઢા નક્ષત્રની સાથે યોગ કરે છે. અને ઉત્તરાષાઢાના અંતિમ સમયે યોગ કરે છે.

(ઘ) પ્ર. આ સમયે સૂર્ય કયા નક્ષત્રની સાથે યોગ કરે છે ?

ઉ. પુષ્ય નક્ષત્રની સાથે યોગ કરે છે.

પુષ્યના એકવીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી તેંતાલીસ ભાગ તથા બાસઠમા ભાગના સડસઠ ભાગોમાંથી તેત્રીસ લઘુતમ ભાગ શેષ રહે ત્યારે તે સૂર્યની સાથે યોગ કરે છે.

**सूरस्स आउट्टिकरणकालस्स परूवणं -**

१३५३. चउत्थस्स णं चंदसंवच्छरस्स हेमंताणं एक्कसत्तरीए राइंदिएहिं वीइक्कंतेहिं सव्वबाहिराओ मंडलाओ सूरीए आउट्टि करेइ।

- सम. सम. ७१, सु. १

**સૂર્યના આવૃત્તિકરણ કાળનો પ્રરૂપણ :**

૧૩૫૩. ચતુર્થ ચન્દ્ર સંવત્સરના હેમન્તૠતુના ઈકોત્તર દિવસ-રાત્રિ વીત્યા પછી સૂર્ય સર્વબાહ્ય મંડળથી (આભ્યંતર મંડળની તરફ) આવૃત્તિ કરે છે.

**पंचण्हं संवच्छराणं मासाणं च राइंदिय-मुहुत्तप्पमाणं-**

१३५४. प. ता कति णं संवच्छरा ? आहिए त्ति वएज्जा।

उ. तत्थ खलु इमे पंच संवच्छरा पण्णत्ता, तं जहा -

(१) णक्खत्ते, (२) चंदे, (३) उडु, (४) आइच्चे, (५) अभिवड्ढिए।

**પાંચ સંવત્સરો અને માસોના અહોરાત્ર તેમજ મુહૂર્તોનું પ્રમાણ :**

૧૩૫૪. પ્ર. સંવત્સર કેટલા છે ? કહો.

ઉ. એ પાંચ સંવત્સર કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) નક્ષત્ર સંવત્સર, (૨) ચંદ્ર સંવત્સર, (૩) ૠતુ સંવત્સર, (૪) આદિત્ય સંવત્સર, (૫) અભિવર્ધિત સંવત્સર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पढमं णक्खत्त-संवच्छरं-**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं पढमस्स णक्खत्त संवच्छरस्स णक्खत्तमासे तीसइ मुहुत्ते णं तीसइ मुहुत्ते णं अहोरत्ते णं मिज्जमाणं केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता सत्तावीसं राइंदियाइं एक्कवीसं च सत्तट्ठिभागा राइंदियस्स राइंदियग्गे णं, आहिए त्ति वएज्जा।

(ख) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? अहिए त्ति वएज्जा।

उ. ता अट्ठसए एगूणवीसे मुहुत्ताणं, सत्तावीसं च सत्तट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गे णं, आहिए त्ति वएज्जा।

(ग) प. ता एएसि णं अद्धा दुवालसखुत्तकडा णक्खत्ते संवच्छरे, ता से णं केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा ?

उ. ता तिण्णि सत्तावीसे राइंदियसए एक्कावन्नं च सत्तट्ठिभागे राइंदियस्स राइंदियग्गे णं आहिए त्ति वएज्जा।

(घ) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता णव मुहुत्तसहस्सा अट्ठ य बत्तीसे मुहुत्तसए छप्पन्नं च सत्तट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गे णं, आहिए त्ति वएज्जा।

**बितियं चंदसंवच्छरं -**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं दोच्चस्स चंदसंवच्छरस्स चंदे मासे तीसइ मुहुत्ते णं तीसइमुहुत्ते णं अहोरत्तेणं मिज्जमाणे केवइए राइंदियग्गे णं ? आहिए ति वएज्जा।

उ. ता एगुणतीसं राइंदियाइं बत्तीसं बासट्ठिभागा राइंदियस्स राइंदियग्गे णं आहिए त्ति वएज्जा।[१]

(ख) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता अट्ठपंचासए मुहुत्ते तेत्तीसं बासट्ठिभागा मुहुत्तग्गे णं, आहिए त्ति वएज्जा।

(ग) प. ता एस णं अद्धा दुवालसखुत्तकडा चंदे संवच्छरे, ता से णं केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा।

**પ્રથમ નક્ષત્ર સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી પ્રથમ નક્ષત્ર સંવત્સરના નક્ષત્ર માસ ત્રીસ-ત્રીસ મુહૂર્તના અહોરાત્ર વડે માપવામાં આવે તો કેટલા અહોરાત્ર હોય છે ? કહો.

ઉ. એ 'નક્ષત્ર માસ' ના સત્તાવીસ અહોરાત્ર અને એક અહોરાત્રના સડસઠ ભાગોમાંથી એકવીસ ભાગ (જેટલા) હોય છે.

(ખ) પ્ર. આ 'નક્ષત્ર માસ' ના કેટલા મુહૂર્ત હોય છે ? કહો.

ઉ. આ 'નક્ષત્ર માસ'ના આઠસો ઓગણીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના સડસઠ ભાગોમાંથી સત્તાવીસ ભાગ (જેટલો) હોય છે.

(ગ) પ્ર. બાર નક્ષત્ર માસોનો એક નક્ષત્ર સંવત્સર થાય છે તો એના અહોરાત્ર કેટલા થાય છે ? કહો.

ઉ. એ 'નક્ષત્ર સંવત્સર'ના ત્રણસો સત્તાવીસ અહોરાત્ર અને એક અહોરાત્રના સડસઠ ભાગોમાંથી એક્કાવન ભાગ (જેટલો) હોય છે.

(ઘ) પ્ર. આ 'નક્ષત્ર સંવત્સર'ના પૂર્ણ મુહૂર્ત કેટલા થાય છે ? કહો.

ઉ. એ નવ હજાર આઠસો બત્રીસ મુહૂર્ત અને એક મુહૂર્તના સડસઠ ભાગોમાંથી છપ્પન ભાગ થાય છે.

**દ્વિતીય ચંદ્ર સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી દ્વિતીય ચંદ્ર સંવત્સરના ચંદ્રમાસ ત્રીસ-ત્રીસ મુહૂર્તના અહોરાત્ર વડે માપવાથી કેટલા અહોરાત્ર થાય છે ? કહો.

ઉ. એ ઓગણત્રીસ અહોરાત્ર અને એક અહોરાત્રના બાસઠ ભાગોમાંથી બત્રીસભાગ (જેટલો) થાય છે.

(ખ) પ્ર. એ 'ચંદ્રમાસ'ના કેટલા મુહૂર્ત હોય છે ? કહો.

ઉ. એ આઠસો પચાસ મુહૂર્ત અને એકમુહૂર્તના બાસઠ ભાગોમાંથી તેત્રીસ ભાગ (જેટલા) હોય છે.

(ગ) પ્ર. બાર ચંદ્ર માસોનો એક ચંદ્ર સંવત્સર થાય છે. એના કેટલા અહોરાત્ર થાય છે ? કહો.

---

१. सम. सम. २९, सु. ८

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

उ. ता तिन्नि चउप्पन्ने राइंदियसए दुवालस य बासट्ठिभागा राइंदियग्गे णं, आहिए त्ति वएज्जा।

(घ) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता दसमुहुत्तसहस्साइं छच्च पणवीसे मुहुत्तसए पण्णासं च बासट्ठिभागे मुहुत्ते णं आहिए त्ति वएज्जा।

ઉ. એ 'ચંદ્રસંવત્સર'ના ત્રણસો ચોપન અહોરાત્ર અને એક અહોરાત્રના બાસઠ ભાગોમાંથી બાર ભાગ (જેટલા) થાય છે.

(ઘ) પ્ર. એ 'ચંદ્રસંવત્સર'ના કેટલા મુહૂર્ત થાય છે ? કહો.

ઉ. એ દસ હજાર છસો પચ્ચીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી પચાસ ભાગ જેટલા મુહૂર્ત થાય છે.

**ततिय उडुसंवच्छरं -**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं तच्चस्स उडुसंवच्छरस्स उडुमासे तीसइ मुहुत्ते णं, तीसइ मुहुत्ते णं अहोरत्तेणं मिज्जमाणे केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता तीसं राइंदियाणं राइंदियग्गे णं आहिए त्ति वएज्जा।

(ख) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता णवमुहुत्तसयाइं मुहुत्तग्गे णं आहिए त्ति वएज्जा।

(ग) प. ता एस णं अद्धा दुवालसखुत्तकडा उडू संवच्छरे, ता से णं केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता तिण्णि सट्ठे राइंदियसए राइंदियग्गे णं आहिए त्ति वएज्जा।

(घ) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता दसमुहुत्तसहस्साइं अट्ठ य सयाइं मुहुत्तग्गे णं आहिए त्ति वएज्जा।

**તૃતીય ઋતુ સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી તૃતીય ઋતુ સંવત્સરના ઋતુ માસ ત્રીસ-ત્રીસ મુહૂર્તના અહોરાત્ર વડે માપવાથી કેટલા અહોરાત્ર થાય છે ? કહો.

ઉ. એ 'ઋતુમાસ'ના ત્રીસ અહોરાત્ર થાય છે.

(ખ) પ્ર. આ 'ઋતુમાસ'ના કેટલા મુહૂર્ત હોય છે? કહો

ઉ. નવસો મુહૂર્ત હોય છે.

(ગ) પ્ર. બાર ઋતુમાસોનો એક ઋતુ સંવત્સર થાય છે (તો) એના કેટલા અહોરાત્ર થાય છે? કહો.

ઉ. એ 'ઋતુસવત્સર' ના ત્રણસો સાઈઠ અહોરાત્ર થાય છે.

(ઘ) પ્ર. આ 'ઋતુ સંવત્સર' ના કેટલા મુહૂર્ત થાય છે? કહો.

ઉ. દસ હજાર આઠસો મુહૂર્ત થાય છે.

**चउत्थं आइच्चसंवच्छरं -**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं चउत्थस्स आदिच्चसंवच्छरस्स आइच्चे मासे तीसइमुहुत्ते णं, तीसइमुहुत्ते णं अहोरत्तेणं मिज्जमाणे केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता तीसं राइंदियाइं अवड्ढभागं च राइंदियस्स राइंदियग्गे णं आहिए त्ति वएज्जा।

(ख) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

**ચતુર્થ આદિત્ય સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સવત્સરોમાંથી ચતુર્થ આદિત્ય સંવત્સરના આદિત્યમાસ ત્રીસ-ત્રીસ મુહૂર્તના અહોરાત્ર વડે માપવાથી (તે) કેટલા અહોરાત્ર થાય છે? કહો.

ઉ. આ 'આદિત્યમાસ'ના ત્રીસ અહોરાત્ર અને એક અહોરાત્રના અડધા ભાગ (જેટલો) હોય છે?

(ખ) પ્ર. આ 'આદિત્યમાસ'ના કેટલા મુહૂર્તનો હોય છે? કહો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. ता णव पण्णरस मुहुत्तसए मुहुत्तग्गे णं आहिए त्ति वएज्जा।

(ग) प. ता एस णं अद्धा दुवालसखुत्तकडा आदिच्चे संवच्छरे, ता से णं केवइए राइंदियग्गे णं? आहिए त्ति वएज्जा।

उ. ता तिन्नि छावट्ठे राइंदियसए राइंदियग्गे णं आहिए त्ति वएज्जा।

(घ) प. ता से णं केवइए मुहुत्तग्गे णं आहिए त्ति वएज्जा।

उ. ता दसमुहुत्तस्स सहस्साइं णव असीए मुहुत्तसए मुहुत्तग्गे णं, आहिए त्ति वएज्जा।

ઉ. આ 'આદિત્યમાસ' ના નવસોપંદર મુહૂર્તનો હોય છે.

(ગ) પ્ર. બાર આદિત્ય માસનો એક આદિત્ય સંવત્સર થાય છે (તો) એના કેટલા અહોરાત્ર થાય છે ? કહો.

ઉ. એ 'આદિત્ય સંવત્સર'ના ત્રણસો છાસઠ અહોરાત્ર હોય છે.

(ઘ) પ્ર. આ 'આદિત્ય સંવત્સર'ના કેટલા મુહૂર્તનો હોય છે ? કહો.

ઉ. દસ હજાર નવસો એંસી મુહૂર્તનો હોય છે.

**पंचम अभिवड्ढियसंवच्छरं-**

(क) प. ता एएसि णं पंचण्हं संवच्छराणं पंचमस्स अभिवड्ढियसंवच्छरस्स अभिवड्ढिए मासे तीसइमुहुत्तेणं, तीसइमुहुत्ते णं अहोरत्ते णं मिज्जमाणे केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता एगतीसं राइंदियाइं एगूणतीसं च मुहुत्ता सत्तरस बासट्ठिभागे मुहुत्तस्स राइंदिग्गे णं आहिए त्ति वएज्जा।[1]

(ख) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता णव एगूणसट्ठे मुहुत्तसए सत्तरसबासट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गे णं आहिए त्ति वएज्जा।

(ग) प. ता एस णं अद्धा दुवालसखुत्तकडा अभिवड्ढिय संवच्छरे, ता से णं केवइए राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता तिण्णि तेसीए राइंदियसए एक्कतीसं च मुहुत्ता अट्ठारस बासट्ठिभागे मुहुत्तस्स राइंदियग्गे णं आहिए त्ति वएज्जा।

(घ) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा।

उ. ता एक्कारसमुहुत्तसहस्साइं पंच य एक्कारसमुहुत्तसए अट्ठारस बासट्ठिभागे मुहुत्तस्स मुहुत्तग्गे णं आहिए त्ति वएज्जा।

- सूरिय. पा. १२, सु.७२

**પંચમ અભિવર્ધિત સંવત્સર :**

(ક) પ્ર. આ પાંચ સંવત્સરોમાંથી પાંચમા અભિવર્ધિત સંવત્સરના અભિવર્ધિત માસ ત્રીસ-ત્રીસ મુહૂર્તના અહોરાત્ર વડે માપવાથી એના કેટલા અહોરાત્ર થાય છે? કહો.

ઉ. એ એકત્રીસ અહોરાત્ર અને ઓગણત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તર ભાગ (જેટલો) થાય છે.

(ખ) પ્ર. આ 'અભિવર્ધિત માસ'ના કેટલા મુહૂર્ત હોય છે ? કહો

ઉ. એ નવસો ઓગણસાઈઠ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તર ભાગ (જેટલા) હોય છે.

(ગ) પ્ર. બાર અભિવર્ધિત માસોનો એક અભિવર્ધિત સંવત્સર થાય છે એના કેટલા અહોરાત્ર હોય છે ? કહો ?

ઉ. એ ત્રણસો ત્યાંસી અહોરાત્ર અને એકત્રીસ મુહૂર્ત તથા એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી અઢાર ભાગ હોય છે.

(ઘ) પ્ર. આ 'અભિવર્ધિત' 'સંવત્સર' ના કેટલા મુહૂર્ત થાય છે? કહો.

ઉ. એ અગિયાર હજાર પાંચસો અગિયાર મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી અઢાર ભાગ હોય છે.

१. सम. सम. ३१, सु. ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णक्खत्त संवच्छरस्स भेया तेसिं णामाणि य -**

१३५५. ता णक्खत्तसंवच्छरे णं दुवालसविहे पण्णत्ते, तं जहा-

(१) सावणे, (२) भद्दवए, (३) आसोए, (४) कत्तिए, (५) मग्गसिरे, (६) पोसे, (७) माहे, (८) फग्गुणीए, (९) चित्ते, (१०) वइसाहे, (११) जेट्ठे, (१२) आसाढे। - सूरिय. पा. १०, पाहु. २०, सु.५५

**નક્ષત્ર સંવત્સરના ભેદ અને એના નામ :**

૧૩૫૫. નક્ષત્ર સંવત્સર બાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) શ્રાવણ, (૨) ભાદ્રપદ, (૩) આશ્વિન, (૪) કાર્તિક, (૫) માગસર, (૬) પોષ, (૭) માઘ, (૮) ફાલ્ગુન, (૯) ચૈત્ર, (૧૦) વૈશાખ, (૧૧) જ્યેષ્ઠ, (૧૨) અષાઢ.

**जुगसंवच्छरस्स भेया तेसिं काल पमाणं च -**

१३५६. ता जुगसंवच्छरे णं पंचविहे पण्णत्ते, तं जहा -

(१) चंदे, (२) चंदे, (३) अभिवड्ढिए, (४) चंदे, (५) अभिवड्ढिए।[1]

(१) ता पढमस्स ण चंद संवच्छरस्स चउवीसं पव्वा पण्णत्ता।

(२) दोच्चस्स णं चंद संवच्छरस्स चउवीसं पव्वा पण्णत्ता।

(३) तच्चस्स णं अभिवड्ढिय संवच्छरस्स छव्वीसं पव्वा पण्णत्ता।

(४) चउत्थस्स णं चंद संवच्छरस्स चउवीसं पव्वा पण्णत्ता।

(५) पंचमस्स णं अभिवड्ढिय संवच्छरस्स छव्वीसं पव्वा पण्णता।

एवामेव सपुव्वावरेणं पंचसंवच्छरिए जुगे एगे चउवीसे पव्वसए भवंतीतिमक्खायं।[2]

- सूरिय. पा. १०, पाहु. २०, सु. ५६

**યુગ સંવત્સરના ભેદ અને એનું કાળ પ્રમાણ :**

૧૩૫૬. યુગ સંવત્સર પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) ચંદ્ર, (૨) ચંદ્ર, (૩) અભિવર્ધિત, (૪) ચંદ્ર, (૫) અભિવર્ધિત.

(૧) પ્રથમ ચંદ્ર સંવત્સરના ચોવીસ પર્વ કહેવામાં આવ્યા છે.

(૨) દ્વિતીય ચંદ્ર સંવત્સરના ચોવીસ પર્વ કહેવામાં આવ્યા છે.

(૩) તૃતીય અભિવર્ધિત સંવત્સરના છવીસ પર્વ કહેવામાં આવ્યા છે.

(૪) ચતુર્થ ચંદ્ર સંવત્સરના ચોવીસ પર્વ કહેવામાં આવ્યા છે.

(૫) પાંચમાં અભિવર્ધિત સંવત્સરના છવીસ પર્વ કહેવામાં આવ્યા છે.

આ પ્રકારે બધા મળીને પાંચ સંવત્સરીય યુગના એકસો ચોવીસ પર્વ જાણવા જોઈએ.

**पमाण संवच्छरस्स भेया -**

१३५७. ता पमाण संवच्छरे णं पंचविहे पण्णत्ते, तं जहा- (१) णक्खत्ते, (२) चंदे, (३) उडू, (४) आइच्चे, (५) अभिवड्ढिए।[3]

- सूरिय. पा. १०, पाहु. २०, सु. ५७

**પ્રમાણ સંવત્સરના ભેદ :**

૧૩૫૭. પ્રમાણ સંવત્સર પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે- (૧) નક્ષત્ર સંવત્સર, (૨) ચંદ્ર સંવત્સર, (૩) ઋતુ સંવત્સર, (૪) આદિત્ય સંવત્સર, (૫) અભિવર્ધિત સંવત્સર.

**लक्खण संवच्छरस्स भेया -**

१३५८. ता लक्खण संवच्छरे णं पंचविहे पण्णत्ते, तं जहा- (१) णक्खत्ते, (२) चंदे, (३) उडू, (४) आइच्चे, (५) अभिवड्ढिए।

- सूरिय. पा. १०, पाहु. २०, सु. ५८

**લક્ષણ સંવત્સરના ભેદ :**

૧૩૫૮. લક્ષણ સંવત્સર પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે- (૧) નક્ષત્ર સંવત્સર, (૨) ચંદ્ર સંવત્સર, (૩) ઋતુ સંવત્સર, (૪) આદિત્ય સંવત્સર, (૫) અભિવર્ધિત સંવત્સર.

---

१. ठाणं. ५, उ. ३, सु. ४६०
२. जंबु वक्ख. ७, सु. १८४
३. (क) ठाणं. ५, उ. ३, सु. ४६० (ख) जम्बु. वक्ख. ७, सु. १८४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सणिच्छर संवच्छरस्स भेया-**

१३५९. ता सणिच्छर संवच्छरे णं अट्ठावीसइ विहे पण्णत्ते, तं जहा-

(१) अभियी, (२) सवणे, (३) धणिट्ठा, (४) सतभिसया, (५) पुव्वा पोट्ठवया, (६) उत्तरा-पोट्ठवया, (७) रेवई, (८) अस्सिणी, (९) भरणी, (१०) कत्तिय, (११) रोहिणी, (१२) संठाणा, (१३) अद्दा, (१४) पुणव्वसू, (१५) पुस्से, (१६) अस्सेसा, (१७) महा, (१८) पुव्वाफग्गुणी, (१९) उत्तराफग्गुणी, (२०) हत्थे, (२१) चित्ता, (२२) साई, (२३) विसाहा, (२४) अणुराहा, (२५) जेट्ठा, (२६) मूले, (२७) पुव्वासाढा, (२८) उत्तरासाढा।

- सुरिय. पा. १०, पाहु. २०, सु. ५८

**શનૈશ્ચર સંવત્સરના ભેદ :**

૧૩૫૯. શનૈશ્ચર સંવત્સર અઠ્ઠાવીસ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) અભિજિત્, (૨) શ્રવણ, (૩) ધનિષ્ઠા, (૪) શતભિષક્, (૫) પૂર્વાભાદ્રપદ, (૬) ઉત્તરાભાદ્રપદ, (૭) રેવતી, (૮) અશ્વિની, (૯) ભરણી, (૧૦) કૃત્તિકા, (૧૧) રોહિણી, (૧૨) સંસ્થાન (મગશિરા), (૧૩) આર્દ્રા, (૧૪) પુનર્વસુ, (૧૫) પુષ્ય, (૧૬) આશ્લેષા, (૧૭) મઘા, (૧૮) પૂર્વાફાલ્ગુની, (૧૯) ઉત્તરા-ફાલ્ગુની, (૨૦) હસ્ત, (૨૧) ચિત્રા, (૨૨) સ્વાતિ, (૨૩) વિશાખા, (૨૪) અનુરાધા, (૨૫) જ્યેષ્ઠા, (૨૬) મૂળ, (૨૭) પૂર્વાષાઢા, (૨૮) ઉત્તરાષાઢા.

**एग संवच्छरस्स मासा -**

१३६०. प. ता कहं ते मासा ? आहिए त्ति वएज्जा।

उ. ता एगमेगस्स णं संवच्छरस्स बारस मासा पण्णत्ता। तेसिं च दुविहा णामधेज्जा पण्णत्ता, तं जहा- (१) लोइया, (२) लोउत्तरिया य।

तत्थ लोइया णामा-

(१) सावणे, (२) भद्दवए, (३) आसाए, (४) कत्तिए, (५) मग्गसिरे, (६) पोसे, (७) माहे, (८) फग्गुणे, (९) चेत्ते, (१०) वेसाहे, (११) जेट्ठे (१२) आसाढे।

लोउत्तरिया णामा-

(१) अभिणंदणे, (२) सुपइट्ठ य, (३) विजए, (४) पीइवद्धणे, (५) सेज्जंसे य, (६) सिवेया वि, (७) सिसिरे वि य, (८) हेमवं, (९) नवमे वसंतमासे, (१०) दसमे कुसुमसंभवे (११) एकादसमे णिदाहो, (१२) वणविरोही य बारसे।[१]

- सूरिय. पा. १०, पाहु. १०. सु. ५३

**એક સંવત્સરના માસ :**

૧૩૬૦. પ્ર. એક સંવત્સરના કેટલા માસ હોય છે? કહો.

ઉ. પ્રત્યેક સંવત્સરના બાર માસ કહેવામાં આવ્યા છે અને એના નામ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે - (૧) લૌકિક, (૨) લોકોત્તર

એમાં લૌકિક બાર માસના નામ -

(૧) શ્રાવણ, (૨) ભાદ્રપદ, (૩) આસો, (૪) કાર્તિક, (૫) માગસર, (૬) પોષ, (૭) માઘ, (૮) ફાલ્ગુન, (૯) ચૈત્ર, (૧૦) વૈશાખ, (૧૧) જેષ્ઠ, (૧૨) અષાઢ.

લોકોત્તર બાર માસના નામ-

(૧) અભિનંદન, (૨) સુપ્રતિષ્ઠ, (૩) વિજય, (૪) પ્રીતિવર્ધન, (૫) શ્રેયાંસ, (૬) શિવ, (૭) શિશિર, (૮) હિમવાન, (૯) વસંત, (૧૦) કુસુમસંભવ, (૧૧) નિદાઘ, (૧૨) વનવિરોધી.

**एगूणतीस राइंदिय मासणामाणि-**

१३६१. आसाढे णं मासे एगूणतीसराइंदियाइं राइंदियग्गेणं पण्णत्ते।

भद्दवए णं मासे एगूणतीसराइंदियाइं राइंदियग्गेणं पण्णत्ते।

**ઓગણત્રીસ રાત-દિવસવાળા માસોના નામ :**

૧૩૬૧. અષાઢ માસ દિવસ-રાત્રિની ગણનાથી ઓગણત્રીસ દિવસ-રાત્રિનો (હોવાનું) કહેવામાં આવ્યો છે.

ભાદ્રપદ માસ દિવસ-રાત્રિની ગણત્રીથી ઓગણત્રીસ દિવસ-રાત્રિનો (હોવાનું) કહેવામાં આવ્યું છે.

---

१. जम्बु. वक्ख. ७, सु. १८४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कत्तिए णं मासे एगूणतीसराइंदियाइं राइंदियग्गेणं पण्णत्ते।

पोसे णं मासे एगूणतीसराइंदियाइं राइंदियग्गेणं पण्णत्ते।

फग्गुणे णं मासे एगूणतीसराइंदियाइं राइंदियग्गेणं पण्णत्ते।

वइसाहे णं मासे एगूणतीसराइंदियाइं राइंदियग्गेणं पण्णत्ते। - सम. सम. २९, सु. २-८

કાર્તિક માસ દિવસ-રાત્રિની ગણત્રીથી ઓગણત્રીસ દિવસ-રાત્રિનો (હોવાનું) કહેવામાં આવ્યું છે.

પોષ માસ દિવસ-રાત્રિની ગણત્રીથી ઓગણત્રીસ દિવસ-રાત્રિનો (હોવાનું) કહેવામાં આવ્યું છે.

ફાલ્ગુન માસ દિવસ-રાત્રિની ગણત્રીથી ઓગણત્રીસ દિવસ-રાત્રિનો (હોવાનું) કહેવામાં આવ્યું છે.

વૈશાખ માસ દિવસ-રાત્રિની ગણત્રીથી ઓગણત્રીસ દિવસ-રાત્રિનો (હોવાનું) કહેવામાં આવ્યું છે.

**किमाइया संवच्छराई जुगे, अयणाइ संखा य परूवणं-**

१३६२. प. किमाइआ णं भंते ! संवच्छरा, किमाइआ अयणा, किमाइआ उऊ, किमाइआ मासा, किमाइआ पक्खा, किमाइआ अहोरत्ता, किमाइआ मुहुत्ता, किमाइआ करणा, किमाइआ णक्खत्ता पण्णत्ता ?

उ. गोयमा ! चंदाइआ संवच्छरा, दक्खिणाइया अयणा, पाउसाइआ उऊ, सावणाइआ मासा, वहुलाइआ पक्खा, दिवसाइआ अहोरत्ता, रोद्दाइआ मुहुत्ता, बालवाइआ करणा, अभिजिआइआ णक्खत्ता पण्णत्ता, समणाउसो !

प. पंचसंवच्छरिए णं भंते ! जुगे केवइआ अयणा, केवइआ उऊ, केवइआ मासा, केवइआ पक्खा, केवइआ अहोरत्ता, केवइआ मुहुत्ता पण्णत्ता ?

उ. गोयमा ! पंचसंवच्छरिए णं जुगे दस अयणा, तीसं उऊ, सट्ठी मासा, एगे वीसुत्तरे पक्खसए, अट्ठारसतीसा अहोरत्तसया, चउप्पण्णं मुहुत्तसहस्सा णवसया पण्णत्ता।

- जंबू. वक्ख. ७, सु. १८७

**યુગમાં આદિ સંવત્સર કોણ અને અયન આદિની સંખ્યાનું પ્રરૂપણ :**

૧૩૬૨. પ્ર. ભગવન્ ! સંવત્સરોમાં આદિ (પ્રથમ) સંવત્સર કયો છે ? અયનોમાં પ્રથમ અયન કયું છે ? ઋતુઓમાં પ્રથમ ઋતુ કઈ છે ? મહિનાઓમાં પ્રથમ મહિનો ક્યો છે ? પક્ષોમાં પ્રથમ પક્ષ ક્યો છે ? દિવસ-રાત્રિમાં પ્રથમ કોણ છે ? મુહૂર્તોમાં પ્રથમ મુહૂર્ત કયું છે ? કરણોમાં પ્રથમ કરણ કયું છે? નક્ષત્રોમાં પ્રથમ નક્ષત્ર કયું છે?

ઉ. હે આયુષ્યમાન્ ! શ્રમણ ગૌતમ ! સંવત્સરોમાં ચંદ્ર સંવત્સર પ્રથમ છે, અયનોમાં દક્ષિણાયન પ્રથમ છે, ઋતુઓમાં પાવસ (અષાઢ-શ્રાવણ રૂપ) ઋતુ પ્રથમ છે. મહિનાઓમાં શ્રાવણ માસ પ્રથમ છે. પક્ષોમાં કૃષ્ણપક્ષ પ્રથમ છે. દિવસ-રાત્રિમાં દિવસ પ્રથમ છે. મુહૂર્તોમાં રુદ્ર મુહૂર્ત પ્રથમ છે. કરણોમાં બાલવકરણ પ્રથમ છે અને નક્ષત્રોમાં અભિજીત્ નક્ષત્ર પ્રથમ (હોવાનું) કહેવામાં આવ્યું છે.

પ્ર. ભગવન્ ! પંચ સંવત્સરિક યુગમાં અયન, ઋતુ, માસ, પક્ષ, અહોરાત્ર તથા મુહૂર્ત કેટલા-કેટલા દર્શાવવામાં આવ્યા છે?

ઉ. ગૌતમ ! પંચ સંવત્સરિક યુગમાં અયન દસ, ઋતુઓ ત્રીસ, માસ સાઈઠ, પક્ષ એકસો વીસ, અહોરાત્ર અઢારસો ત્રીસ તથા મુહૂર્ત ચોપન હજાર નવસો કહેવામાં આવ્યા છે.

**एगस्स जुगस्स अहोरत्त - मुहुत्तप्पमाणं-**

१३६३. प. ता केवइयं ते नो जुगे राइंदियग्गे ? आहिए त्ति वएज्जा।

**એક યુગના અહોરાત્ર અને મુહૂર્તનું પ્રમાણ :**

૧૩૬૩. પ્ર. અપૂર્ણ યુગના કેટલા અહોરાત્ર થાય છે ? કહો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. ता सत्तरस एकाणउए राइंदियसए, एगुणवीसं च मुहुत्तं, सत्तावण्णे बासट्ठिभागे मुहुत्तस्स, बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता पणपन्नं चुण्णिया भागे राइंदियग्गेणं आहिए त्ति वएज्जा ।

(ख) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा ।

उ. ता तेवण्णमुहत्तसहस्साइं सत्त य अउणापन्ने मुहुत्तसए, सत्तावण्णं बासट्ठिभागे मुहुत्तस्स, बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता पणपण्णं चुण्णिया भागा मुहुत्ते णं, आहिए त्ति वएज्जा ।

(ग) प. ता केवइए णं ते जुगपत्ते राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा ।

उ. ता अट्ठतीसं राइंदियाइं दस य मुहुत्ता, चत्तारि य बासट्ठिभागे मुहुत्तस्स, बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता दुवालसचुण्णियाभागे राइंदियग्गे णं, आहिए त्ति वएज्जा ।

(घ) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा ।

उ. ता एक्कारस पण्णासे मुहुत्तसए, चत्तारि य बासट्ठिभागे मुहुत्तस्स, बासट्ठिभागं च सत्तट्ठिधा छेत्ता दुवालस चुण्णिया भागे मुहुत्तग्गे णं, आहिए त्ति वएज्जा ।

(ङ) प. ता केवइयं जुगे राइंदियग्गे णं ? आहिए त्ति वएज्जा ।

उ. ता अट्ठारस तीसे राइंदियसए राइंदियग्गे णं आहिए त्ति वएज्जा ।

(च) प. ता से णं केवइए मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा ।

उ. ता चउप्पण्णं मुहुत्तसहस्साइं णव य मुहुत्तसयाइं मुहुत्तग्गे णं, आहिए ति वएज्जा ।

(छ) प. ता से णं केवइए बासट्ठिभाग मुहुत्तग्गे णं ? आहिए त्ति वएज्जा ।

उ. ता चोत्तीसं सयसहस्साइं अट्ठतीसं च बासट्ठिभागमुहुत्तसए बासट्ठिभाग मुहुत्तग्गे णं, आहिए त्ति वएज्जा ।

- सूरिय. पा. १२, सु. ७३

ઉ. સત્તરસો એકાણું અહોરાત્ર, ઓગણીસ મુહૂર્ત, એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તાવન ભાગ અને બાસઠમાં ભાગના સડસઠ ભાગોમાંથી પંચાવન લઘુતમ ભાગ અહોરાત્રના કહેવામાં આવ્યા છે.

(ખ) પ્ર. એ 'અપૂર્ણ યુગ'ના કેટલા મુહૂર્ત થાય છે ? કહો.

ઉ. એ ત્રેપન હજાર સાતસો ઓગણપચાસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી સત્તાવન ભાગ તથા બાસઠમાં ભાગના સડસઠ ભાગોમાંથી પંચાવન લઘુતમ ભાગ જેટલા મુહૂર્ત હોય છે.

(ગ) પ્ર. 'પૂર્ણતા પ્રાપ્ત' યુગના કેટલા અહોરાત્ર થાય છે ? કહો.

ઉ. એ આડત્રીસ અહોરાત્ર, દસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ચારભાગ તથા બાસઠમાં ભાગના સઠસઠ ભાગોમાંથી બાર લઘુતમ ભાગ અહોરાત્રના (પ્રક્ષિપ્ત કરવાથી પૂર્ણયુગના અહોરાત્ર) જાણવા જોઈએ.

(ઘ) પ્ર. 'પૂર્ણતા પ્રાપ્ત' યુગના કેટલા મુહૂર્ત થાય છે? કહો.

ઉ. એ અગિયારસો પચાસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ચારભાગ તથા બાસઠમાં ભાગના સડસઠ ભાગોમાંથી બાર લઘુતમ ભાગ મુહૂર્ત (પ્રક્ષિપ્ત કરવાથી પૂર્ણ યુગના મુહૂર્ત) જાણવા જોઈએ.

(ङ) પ્ર. 'પરિપૂર્ણ' યુગના અહોરાત્ર કેટલા થાય છે ? કહો.

ઉ. અઢારસો ત્રીસ અહોરાત્ર થાય છે.

(ચ) પ્ર. 'પરિપૂર્ણ' યુગના કેટલા મુહૂર્ત થાય છે? કહો.

ઉ. ચોપન હજાર નવસો મુહૂર્ત થાય છે.

(છ) પ્ર. 'પરિપૂર્ણ' યુગના મુહૂર્તોના શું બાસઠમા ભાગ થાય છે? કહો.

ઉ. ચોત્રીસ લાખ આડત્રીસો બાસઠ મુહૂર્તના બાસઠ્યા ભાગ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एग युगे पुण्णिमासिणीओ अमावासो-**

१३६४. तत्थ खलु इमाओ बावट्ठिं पुण्णिमासिणीओ बावट्ठिं अमावासाओ पण्णत्ताओ।[1]

बावट्ठिं एते कसिणा रागा।

बावट्ठिं एते कसिणा विरागा।

एते चउव्वीसे पव्वसए।

एते चउव्वीसे कसिण-राग-विरागसए।

जावइयाणं पंचण्हं संवच्छराणं समया एगे णं चउव्वीसेणंसमय सएगूणगा एवइया परित्ता असंखेज्जा देस- राग- विराग सया भवंतीतिमक्खाया।

ता अमावासाओ णं पुण्णिमासिणी चत्तारि बायाले मुहुत्तसए छत्तालीसं बावट्ठिंभागे मुहुत्तस्स आहिए त्ति वएज्जा।

ता पुण्णिमासिणीओ णं अमावासा चत्तारि बायाले मुहुत्तसए छत्तालीसं बावट्ठिंभागे मुहुत्तस्स आहिए त्ति वएज्जा।

ता अमावासाओ णं अमावासा अट्ठपंचासीए मुहुत्तसए तीसं च बावट्ठिभागे मुहुत्तस्स आहिए त्ति वएज्जा।

ता पुण्णिमासिणीओ णं पुण्णिमासिणी अट्ठ पंचासीए मुहुत्तसए तीसं बावट्ठिभागे मुहुत्तस्स आहिए त्ति वएज्जा।

एस णं एवइए चंदे मासे।

एस णं एवइए सगले जुगे।[2]

- सूरिय. पा. १३, सु. ८०

**એક યુગમાં પૂર્ણિમાઓ અને અમાસો :**

૧૩૬૪. એક યુગમાં બાસઠ પૂર્ણિમાઓ અને બાસઠ અમાસો (હોવાનું) કહેવામાં આવી છે.

બાસઠ અમાસો રાહુથી પૂર્ણ રક્ત છે.

બાસઠ પૂર્ણિમાઓ રાહુથી વિરક્ત છે.

એક યુગમાં એકસો ચોવીસ પર્વ છે.

એ એકસો ચોવીસ પર્વ પૂર્ણ રૂપથી રક્ત અને વિરક્ત છે.

પાંચ સંવત્સરોના જેટલા સમય છે એનાથી એક સમય ઓછો અર્થાત્ એકસો ચોવીસ પર્વોનો એ પરિમિત સમય છે પરંતુ દેશ રાગ-વિરાગના અસંખ્ય શત સમય હોય છે, એમ કહેવામાં આવ્યું છે.

અમાસથી પૂર્ણમાસી પર્યંત ચારસો બેંતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી છેંતાલીસ ભાગ જેટલો સમય કહેવામાં આવ્યો છે.

પૂર્ણમાસીથી અમાસ પર્યંત ચાર સો બેંતાલીસ મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠભાગોમાંથી છેંતાલીસ ભાગ જેટલો સમય કહેવામાં આવ્યો છે.

અમાસથી અમાસ પર્યંત આઠ સો પંચાસી મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ત્રીસ ભાગ જેટલો સમય હોય છે.

પૂર્ણમાસીથી પૂર્ણમાસી પર્યન્ત આઠસો પંચાસી મુહૂર્ત અને એક મુહૂર્તના બાસઠ ભાગોમાંથી ત્રીસ ભાગ જેટલો સમય કહેવામાં આવ્યો છે.

એ એટલા ચંદ્ર માસ છે.

એ એટલા પૂર્ણ યુગ છે.

**णक्खत्तमासाणं अहोरत्ताइं-**

१३६५. एगमेगे णं णक्खत्तमासे सत्तावीसाहिं राइंदियाहिं राइंदियग्गेणं पण्णत्ते। - सम. २७, सु. ३

**નક્ષત્ર માસોના અહોરાત્ર :**

૧૩૬૫. નક્ષત્ર માસ સત્તાવીસ અહોરાત્રિનો કહેવામાં આવ્યો છે.

**याम- परूवणं-**

१३६६. तओ जामा पण्णत्ता, तं जहा-

(१) पढमे जामे, (२) मज्झिमे जामे,

(३) पच्छिमे जामे।[3]

- ठाणं. अ. ३, उ. २, सु. १६३

**યામોનું પ્રરૂપણ :**

૧૩૬૬. યામ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. પ્રથમ યામ, ૨. મધ્યમ યામ, ૩. પશ્ચિમ યામ.

---

१. पंच संवच्छरिए णं जुगे बासट्ठिं पुण्णिमाओ, बासट्ठिं अमावासाओ पण्णत्ताओ। - सम. ६२, सु. १

२. चंद. पा. १३, सु. ८०    ३. "तओ जामे" इत्यादि

બાકી ટિપ્પણ પા.નં. ૩૯૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**"मासंस्स" मुहुत्ताणं वढ्ढोअवढ्ढी-**

१३६७. प. ता कहं ते वढ्ढोअवढ्ढी मुहुत्ताणं ? आहिए त्ति, वएज्जा।

उ. सा अट्ठ एगूणवीसे मुहुत्तसए सत्तावीसं च सट्ठिभागे मुहुत्तस्स आहिए त्ति वदेज्जा।[1]

-- सूरिय. पा. १, पाहु. १, सु. ८

**'માસના' મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ (ઘટાડો-વધારો) :**

૧૩૬૭. પ્ર. 'માસના' મુહૂર્તોની હાનિ-વૃદ્ધિ ક્યા પ્રકારે થાય છે? કહો.

ઉ. 'નક્ષત્ર માસના' આઠસો ઓગણીસ મુહૂર્ત અને એક મુહૂર્તના સાઈઠ ભાગોમાંથી સત્તાવીસ ભાગ જેટલી હાનિવૃદ્ધિ કહેવામાં આવી છે.

**मुहुत्ताणं- णामाइं-**

१३६८. प. ता कहं ते मुहुत्ताणं णामधेज्जा ? आहिए त्ति वएज्जा।

उ. ता एगमेगस्स णं अहोरत्तस्स तीसं मुहुत्ता पण्णत्ता, तं जहा-

**गाहाओ-**

१. रोद्दे, २. सेते, ३. मित्ते,
४. वायु, ५. सुगीए ६. अभिचंदे।
७. महिंद, ८, बलवं, ९. बंभो,
१०. बहुसच्चे, ११. चेव ईसाणे ॥ १ ॥
१२. तट्ठे य, १३. भावियप्पा,
१४. वेसमणे, १५. वरूणे य, १६. आणंदे।
१७. विजए य, १८. वीससेणे,
१९. पायावच्चे चेव, २०. उवसमे य ॥ २ ॥
२१. गंधव्व, २२. अग्गिवेसे, २३. सयरिसहे,
२४. आयवं च, २५. अममे य। २६. अणवं,

**મુહૂર્તોના નામ :**

૧૩૬૮. પ્ર. મુહૂર્તોના નામ શું છે? કહો.

ઉ. પ્રત્યેક અહોરાત્રના ત્રીસ મુહૂર્ત કહેવામાં આવ્યા છે. જેમકે-

**ગાથાર્થ :**

(૧) રુદ્ર, (૨) શ્રેયાન્, (૩) મિત્ર,
(૪) વાયુ, (૫) સુગ્રીત, (૬) અભિચન્દ્ર,
(૭) માહેન્દ્ર, (૮) બળવાન્, (૯) બ્રહ્મા,
(૧૦) બહુસત્ય, (૧૧) ઈશાન.
(૧૨) ત્વષ્ટા, (૧૩) ભાવિતાત્મા,
(૧૪) વૈશ્રમણ, (૧૫) વારુણ, (૧૬) આનંદ,
(૧૭) વિજય, (૧૮) વિશ્વસેન,
(૧૯) પ્રાજાપત્ય, (૨૦) ઉપશમ.
(૨૧)ગન્ધર્વ,(૨૨)અગ્નિવેશ્ય,(૨૩)શતવૃષભ,
(૨૪)આતપવાન્,(૨૫)અમમ, (૨૬)ૠણવાન્,

---

(બાકી ટિપ્પણ ૩૯૩ થી આગળ)

यामो-रात्रेर्दिनस्य च चतुर्थभागो यद्यपि प्रसिद्धस्तथाऽपीह त्रिभाग एव विवक्षितः। पूर्वरात्र-मध्यरात्रऽपररात्रलक्षणो यमाश्रित्य रात्रिस्त्रियामेत्युच्यते एवं दिनस्यापि निशा निशीथिनीरात्रिस्त्रियामा क्षणदाक्षणा। - स्थानांग टीका, अमरकोष. कालवर्ग श्लोक ४

યામ = પ્રહરનો પર્યાયવાચી શબ્દ છે.

સામાન્ય માન્યતા દિવસ અને રાત્રિના ચાર પ્રહર હોવાની છે. પરંતુ અહીં 'યામ'નો અર્થ 'વિભાગ' કરવામાં આવ્યો છે. અને દિવસ અને રાત્રિના ત્રણ-ત્રણ વિભાગ (હોવાનું) કહેવામાં આવ્યું છે.

રાત્રિના ત્રણ વિભાગ - રાત્રિનો પ્રથમ વિભાગ = પૂર્વરાત્ર, રાત્રિનો બીજો વિભાગ = મધ્યરાત્ર, રાત્રિનો ત્રીજો વિભાગ = અપર રાત્ર.

દિવસના ત્રણ વિભાગ - દિવસનો પ્રથમ ભાગ - પૂર્વાન્હ, દિવસનો બીજો ભાગ = મધ્યાન્હ, દિવસનો ત્રીજો ભાગ = અપરાન્હ .

૧. મુહૂર્તોની હાનિ-વૃદ્ધિનું આ સૂત્ર ખંડિત હોય એમ લાગે છે. કેમકે - પ્રસ્તુત સૂત્રના પ્રશ્નસૂત્રમાં મુહૂર્તોની હાનિ-વૃદ્ધિનો પ્રશ્ન છે. પરંતુ ઉત્તરસૂત્રમાં કેવલ નક્ષત્ર માસોના મુહૂર્તો અંગે કથન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२७. च भोम, २८. रिसहे, २९. सव्वट्ठे,
३०. रक्खसे चेव ॥ ३ ॥[1]
-- सूरिय. पा. १०, पाहु. १३, सु. ४७

(૨૭) ભૌમ, (૨૮) વૃષભ, (૨૯) સર્વાર્થ, (૩૦) રાક્ષસ.

**दिवस राईणं णामाइं-**

१३६९. प. ता कहं ते दिवसा ? आहिए त्ति वएज्जा,

उ. ता एगमेगस्स णं पक्खस्स पण्णरस-पण्णरस दिवसा पण्णत्ता, तं जहा- पडिवा दिवसे, बितिया दिवसे, तइया दिवसे, चउत्थी दिवसे, पंचमी दिवसे, छट्ठी दिवसे, सत्तमी दिवसे, अट्ठमी दिवसे, नवमी दिवसे, दसमी दिवसे, एक्कारसी दिवसे, बारसी दिवसे, तेरसी दिवसे, चउद्दसी दिवसे, पण्णरसे दिवसे,

ता एएसि णं पण्णरसण्हं दिवसाणं पण्णरस णामधेज्जा पण्णत्ता, तं जहा--

**દિવસ અને રાત્રિઓના નામ :**

૧૩૬૯. પ્ર. દિવસ કેટલા છે (અને એના નામ ક્યા ક્યા છે?) કહો.

ઉ. પ્રત્યેક પક્ષના પંદર-પંદર દિવસ કહેવામાં આવ્યા છે. જેમકે- પ્રતિપદા દિવસ (એકમ), દ્વિતીયા દિવસ (બીજ), તૃતીયા દિવસ (ત્રીજ), ચતુર્થી દિવસ (ચોથ), પંચમી દિવસ (પાંચમ), ષષ્ઠી દિવસ, (છઠ્ઠ), સપ્તમી દિવસ (સાતમ), અષ્ટમી દિવસ (આઠમ), નવમી દિવસ (નોમ), દશમ દિવસ (દશમ), એકાદશી દિવસ (અગિયારસ) દ્વાદશી દિવસ (બારસ), ત્રયોદશી દિવસ (તેરસ), ચતુર્દશી દિવસ (ચૌદશ) પંદરસ (પૂર્ણિમા કે અમાસ)

આ પંદર દિવસના પંદર નામ કહેવામાં આવ્યા છે, જેમકે -

---

१. (क) एगमेगे णं अहोरत्ते तीसमुहुत्ते मुहुत्तग्गेणं पण्णत्ता। एएसि णं तीसाए मुहुत्ताणं तीसं नामधेज्जा पण्णत्ता, तं जहा- १. रोद्दे, २. सत्ते, ३. मित्ते, ४. वाऊ, ५. सुपीए, ६. अभिचंदे, ७. माहिंदे, ८. पलंबे, ९. बंभे, १०. सच्चे, ११. आणंदे, १२. विजए, १३. विस्ससेणे, १४. पायावच्चे, १५. उवसमे, १६. ईसाणे, १७. तट्ठे, १८. भाविअप्पा, १९. वेसमणे, २०. वरूणे, २१. सतरिसभे, २२. गंधव्वे, २३. अग्गिवेसायणे, २४. आतवे, २५. आवत्ते, २६. तट्ठवे, २७. भूमहे, २८. रिसभे, २९. सव्वट्ठसिद्धे, ३०. रक्खसे। - सम. सम. ३०, सु. ३
(ख) जंबु. वक्ख. ७, सु. १८५

(ગ) તુલનાત્મક તાલિકા

| સૂર્યપ્રજ્ઞપ્તિ | સમવાયાંગ | સૂર્યપ્રજ્ઞપ્તિ | સમવાયાંગ |
|---|---|---|---|
| ૧. રુદ્ર | રૌદ્ર | ૧૬. આનંદ | ઈશાન |
| ૨. શ્રેયાન્ | સક્ત | ૧૭. વિજય | ત્વષ્ટા |
| ૩. મિત્ર | મિત્ર | ૧૮. વિશ્વસેન | ભાવિતાત્મા |
| ૪. વાયુ | વાયુ | ૧૯. પ્રાજાપત્ય | વૈશ્રવણ |
| ૫. સુપ્રીત | સુપ્રીત | ૨૦. ઉપશમ | વરુણ |
| ૬. અભિચંદ્ર | અભિચંદ્ર | ૨૧. ગન્ધર્વ | સતરિસભ |
| ૭. માહેન્દ્ર | માહેન્દ્ર | ૨૨. અગ્નિવેશ્ય | ગન્ધર્વ |
| ૮. બલવાન્ | પ્રલંબ | ૨૩. શતવૃષભ | અગ્નિવૈશ્વાયન |
| ૯. બ્રહ્મા | બ્રહ્મ | ૨૪. આતપવાન્ | આતપ |
| ૧૦. બહુસત્ય | સત્ય | ૨૫. અમમ | આવર્ત |
| ૧૧. ઈશાન | આનંદ | ૨૬. ઋણવાન્ | ત્વષ્ટ્રપ |
| ૧૨. ત્વષ્ટા | વિજય | ૨૭. ભૌમ | ભૂમહ |
| ૧૩. ભાવિતાત્મા | વિશ્વસેન | ૨૮. વૃષભ | ઋષભ |
| ૧૪. વૈશ્રમણ | પ્રાજાપત્ય | ૨૯. સર્વાર્થ | સર્વાર્થસિદ્ધ |
| ૧૫. વારુણ | ઉપશમ | ૩૦. રાક્ષસ | રાક્ષસ |

સૂર્યપ્રજ્ઞપ્તિ અને સમવાયાંગમાં મુહૂર્તોના ત્રીસ નામોમાં ક્રમભેદ તેમજ નામભેદ છે. આ ભિન્નતાનું કારણ બહુશ્રુત જાણે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गाहाओ-**

१. पुव्वंगे, २. सिद्धमणोरमे य तत्तो,
३. मणोहरो चेव ।
४. जसभद्दे य, ५. जसोधर,
६. सव्वकामसमिद्धे ति य ॥१॥
७. इंदे मुद्धाभिसि त्ते य, ८. सोमणस,
९. धणंजए य बोद्धव्वे । १०. अत्थसिद्धे,
११. अभिजाए, १२. अच्चासणे,
१३. सतंजए ॥ २ ॥ १४. अग्गिवेसे,
१५. उवसमे, दिवसाणं णामधेज्जाइं ॥

**ગાથાર્થ-**

(૧) પૂર્વાંગ, (૨) સિદ્ધમનોરથ,
(૩) મનોહર,
(૪) યશભદ્ર, (૫) યશોધર,
(૬) સર્વકામસમૃદ્ધ,
(૭) ઈન્દ્રમૂર્ધાભિષિક્ત, (૮) સોમનસ, (૯) ધનંજય, (૧૦) અર્થસિદ્ધિ, (૧૧) અભિજાત, (૧૨) અત્યાશન, (૧૩) શતંજય, (૧૪) અગ્નિવૈશ્ય, (૧૫) ઉપશમ. આ પંદર દિવસોના નામ છે.

प. ता कहं ते राईओ पण्णत्ताओ ? आहिए त्ति वएज्जा ।

પ્ર. રાત્રિઓ કેટલી છે (અને એના નામ ક્યા-ક્યા છે) કહો.

उ. ता एगमेगस्स णं पक्खस्स पण्णरस-पण्णरस राईओ पण्णत्ताओ, तंजहा-पडिवाराई, बितिया-राई, ततियाराई, चउत्थीराई, पंचमीराई, छट्ठीराई, सत्तमीराई, अट्ठमीराई, नवमीराई, दसमीराई, एक्कारसीराई, बारसीराई, तेरसीराई, चउद्दसीराई, पण्णरसीराई । ता एयासि णं पण्णरसण्हं राईणं णामधेज्जा पण्णत्ता, तं जहा-

ઉ. પ્રત્યેક પક્ષની પંદર-પંદર રાત્રિઓ (હોવાનું) કહેવામાં આવ્યું છે, જેમકે- પ્રતિપદા રાત્રિ, દ્વિતીયા રાત્રિ, તૃતીયા રાત્રિ, ચતુર્થી રાત્રિ, પંચમી રાત્રિ, ષષ્ઠી રાત્રિ, સાતમી રાત્રિ, આઠમી રાત્રિ, નવમી રાત્રિ, દશમી રાત્રિ, એકાદશી રાત્રિ, દ્વાદશી રાત્રિ, ત્રયોદશી રાત્રિ, ચતુર્દશી રાત્રિ, પંદરસવી રાત્રિ. આ પંદર રાત્રિઓના પંદર નામ કહેવામાં આવ્યા છે, જેમકે-

**गाहाओ-**

१. उत्तमा य, २. सुणक्खत्ता,
३. एलावच्चा, ४. जसोधरा ॥
५. सोमणसा चेव तहा,
६. सिरिसंभूता य बोधव्वा ॥ १ ॥
७. विजया य, ८. वेजयंती
९. जयंति, १०. अपराजिया य, ११. गच्छाय।
१२. समाहारा चे व तहा,
१३. तेयाय तहा य, १४. अतितेया ॥ २ ॥
१५. देवाणंदानिरती, रयणीणं णामधेज्जाइं ॥[1]
-- सूरिय. पा. १०, पाहु. १४, सु. ४८

**ગાથાર્થ-**

(૧) ઉત્તમા, (૨) સુનક્ષત્રા,
(૩) એલાપત્યા, (૪) યશોધર,
(૫) સોમનસી,
(૬) શ્રીસમ્ભૂતા,
(૭) વિજયા, (૮) વૈજયન્તી,
(૯) જયન્તી, (૧૦) અપરાજિતા, (૧૧) ગચ્છા,
(૧૨) સમાહારા,
(૧૩) તેજા, (૧૪) અતિતેજા,
(૧૫) દેવાનન્દા આ પંદર રાત્રિના નામ છે.

**अवम-अइरित्तरत्ताणं संखा हेउं च-**

१३७०. तत्थ खलु इमे छ ओमरत्ता पण्णत्ता, तं जहा--

(१) तइए पव्वे,[2] (२) सत्तमे पव्वे, (३) एक्कारसमे पव्वे, (४) पण्णरसमे पव्वे, (५) एगूणवीसइमे पव्वे,

**અવમ અને અતિરિક્ત રાત્રિઓની સંખ્યા અને એના હેતુ :**

૧૩૭૦. એ છ અવમ રાત્રિઓ (ક્ષયતિથીઓ) કહેવામાં આવી છે, જેમકે -

(૧) તૃતીય પર્વમાં, (૨) સપ્તમ પર્વમાં, (૩) અગિયારમાંપર્વમાં, (૪) પંદરમા પર્વમાં, (૫) ઓગણીસમાં પર્વમાં,

---

१. जंबु. वक्ख. ७, सु. १८५

२. (क) पर्वणिपक्षे - આ પર્વ પક્ષનો પર્યાયવાચી છે. (ख) ठाणं. अ. ६, सु. ५२४ (ग) सम. २९, सु. २-८

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

(६) तेवीस- इमे पव्वे ।[१]

तत्थ खलु इमे छ अतिरत्ता पण्णत्ता, तं जहा--

(१) चउत्थे पव्वे, (२) अट्ठमे पव्वे, (३) बारसमे पव्वे, (४) सोलसमे पव्वे, (५) वीसइमे पव्वे, (६) चउवीसइमे पव्वे ।[२]

**गाहा-**

छच्चेव य अइरत्ता, आइच्चाओ हवंति माणाइं ।
छच्चेव ओमरत्ता, चंदाहिं हवंति माणाइं ॥

- सूरिय. पा. १२, सु. ७५

(૬) ત્રેવીસમા પર્વમાં.

એ છ અતિરિક્ત રાત્રિઓ (વૃદ્ધિ તિથિઓ) કહેવામાં આવી છે, જેમકે-

(૧) ચતુર્થ પર્વમાં, (૨) આઠમા પર્વમાં, (૩) બારમા પર્વમાં, (૪) સોળવા પર્વમાં, (૫) વીસમા પર્વમાં, (૬) ચોવીસમા પર્વમાં.

**ગાથાર્થ -**

છ અતિરિક્ત રાત્રિઓ આદિત્ય માસમાં થાય છે.
છ અવમ રાત્રિઓ ચંદ્ર માસમાં થાય છે.

**तिहीणं णामाइं-**

१३७१. प. ता कहं ते तिही ? आहिए त्ति वएज्जा ।

उ. तत्थ खलु इमा दुविहा तिही पण्णत्ता, तं जहा- (१) दिवसतिही, (२) राई तिही य ।

प. ता कहं ते दिवस तिही ? आहिए त्ति वएज्जा ।

उ. ता एगमेगस्स णं पक्खस्स पण्णरस-पण्णरस दिवसतिही पण्णत्ता, तं जहा--

(१) णंदे, (२) भद्दे (३) जए, (४) तुच्छे, (५) पुण्णे ।

पक्खस्स पंचमी ।

पुणरवि- (६) णंदे, (७) भद्दे, (८) जए, (९) तुच्छे, (१०) पुण्णे ।

पक्खस्स दसमी ।

पुणरवि- (११) णंदे, (१२) भद्दे, (१३) जए, (१४) तुच्छे, (१५) पुण्णे ।

पक्खस्स पण्णरस ।

एवं से तिगुणा तिहीओ सव्वेसिं दिवसाणं ।

प. ता कहं ते राई तिही ? आहिए त्ति वएज्जा ।

उ. ता एगमेगस्स णं पक्खस्स पण्णरस राई तिही पण्णत्ता, तं जहा- (१) उग्गवई, (२) भोगवई, (३) जसवई, (४) सव्वसिद्धा, (५) सुहणामा ।

**તિથિઓના નામ :**

૧૩૭૧. પ્ર. તિથિઓ કેટલી છે (અને એના નામ શું-શું છે) ? કહો.

ઉ. તિથિઓ બે પ્રકારની કહેવામાં આવી છે, જેમકે- (૧) દિવસ તિથિ, (૨) રાત્રિતિથિ.

પ્ર. દિવસ તિથિઓ કેટલી છે (અને એના નામ શું-શું છે) ? કહો.

ઉ. પ્રત્યેક પક્ષમાં પંદર-પંદર દિવસ તિથિઓ કહેવામાં આવી છે, જેમકે-

(૧) નંદા (૨) ભદ્રા, (૩) જયા, (૪) તુચ્છા, (૫) પૂર્ણા.

એ પક્ષની પાંચ તિથિઓ છે.

વળી : (૬) નંદા, (૭) ભદ્રા, (૮) જયા, (૯) તુચ્છા, (૧૦) પૂર્ણા.

એ પક્ષની દશ તિથિઓ છે.

વળી : (૧) નંદા, (૧૨) ભદ્રા, (૧૩) જયા (૧૪) તુચ્છા, (૧૫) પૂર્ણા.

એ પક્ષની પંદર તિથિઓ છે.

આ પ્રકારે બધા દિવસોની ત્રિગુણ તિથિઓ છે.

પ્ર. રાત્રિ-તિથિઓ કેટલી છે (એ એમના નામ શું-શું છે) કહો.

ઉ. પ્રત્યેક પક્ષની પંદર-પંદર રાત્રિ-તિથિઓ છે. જેમકે- (૧) ઉગ્રવતી, (૨) ભોગવતી, (૩) યશવતી, (૪) સર્વસિદ્ધા, (૫) શુભનામા.

---

૧. (ક) છ અવમ રાત્રિઓ (ક્ષય રાત્રિઓ) -૧. તૃતીયપર્વ-ભાદ્રપદ શુકલ પક્ષ, ૨. સપ્તમ પર્વ- કાર્તિક શુકલ પક્ષ, ૩. અગ્યારમું પર્વ- પોષશુકલ પક્ષ, ૪. પંદરમુ પર્વ- ફાલ્ગુન શુકલ પક્ષ, ૫. ઓગણીસમું પર્વ- વૈશાખ શુકલ પક્ષ, ૬. તેવીસમું પર્વ અસાઢ શુકલપક્ષ.
(ખ) उत्त. अ. २६, गा. १५

૨. (ક) છ અતિરિક્ત રાત્રિઓ- વૃદ્ધિ તિથિઓ. ૧. ચતુર્થ પર્વ- અશ્વિન કૃષ્ણ પક્ષ, ૨. અષ્ટમપર્વ-માર્ગશીર્ષ કૃષ્ણપક્ષ, ૩. બારમું પર્વ-માઘ કૃષ્ણ પક્ષ, ૪. સોળમું પર્વ- ચૈત્ર કૃષ્ણપક્ષ, ૫. વીસમું પર્વ- જ્યેષ્ઠ કૃષ્ણપક્ષ, ૬. ચોવીસમું પર્વ- શ્રાવણ કૃષ્ણપક્ષ.
(ખ) उत्त. अ. २६, गा. १६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुणरवि- (६) उग्गवई, (७) भोगवई, (८) जसवई, (९) सव्वसिद्धा, (१०) सुहणामा।

पुणरवि- (११) उग्गवई, (१२) भोगवई, (१३) जसवई, (१४) सव्वसिद्धा, (१५) सुहणामा।

एए तिगुणा तिहीओ सव्वेसिं राईणं।[1]

-- सूरिय. पा. १०, पाहु. १५, सु. ४९

વળી-(૬)ઉગ્રવતી,(૭)ભોગવતી,(૮)યશવતી, (૯) સર્વસિદ્ધા, (૧૦) શુભનામા.

વળી -(૧૧) ઉગ્રવતી, (૧૨) ભોગવતી, (૧૩) યશવતી, (૧૪) સર્વસિદ્ધા, (૧૫) શુભનામા.

એ સર્વ રાત્રિઓની ત્રિગુણ તિથિઓ છે.

**रयणिकालस्स अभिवुड्ढि तिहि परूवणं-**

१३७२. सावण-सुद्ध-सत्तमीए णं सूरिए सत्तावीसंगुलियं पोरिसिच्छायं णिव्वत्तइत्ता णं दिवसखेत्तं निवड्ढेमाणे रयणिखेत्तं अभिणिवड्ढेमाणे चारं चरइ।

- सम. सम. २७, सु. ६

**રજનીકાળની અભિવૃદ્ધિ તિથિનું પ્રરૂપણ :**

૧૩૭૨. સૂર્ય શ્રાવણ શુક્લા સાતમના દિવસ સત્તાવીસ અગુંળની પોરસી છાયા કરીને દિવસ ક્ષેત્રની તરફ આવતા એવા અને રજની ક્ષેત્રની તરફ વધતા એવા સંચરણ કરે છે.

**करणभेया तेसिं चर- थिरत्तपरूवणं--**

१३७३. प. कति णं भंते! करणा पण्णत्ता?

उ. गोयमा! एक्कारस करणा पण्णत्ता, तं जहा-

(१) बवं, (२) बालवं, (३) कोलवं, (४) थीविलोयणं, (५) गराइ, (६) वणिज्जं, (७) विट्ठी, (८) सउणी, (९) चउप्पयं, (१०) नागं, (११) किंत्थुग्घं।

प. एएसि णं भंते! एक्कारसण्हं करणाणं कति करणा चरा, कति करणा थिरा पण्णत्ता?

उ. गोयमा! सत्त करणा चरा, चत्तारि करणा थिरा पण्णत्ता, तं जहा--

(१) बवं, (२) बालवं, (३) कोलवं, (४)थिविलोअणं, (५) गरादि, (६) वणिज्जं, (७) विट्ठी।

एएणं सत्तकरणा चरा पण्णत्ता।
चत्तारि करणा थिरा पण्णत्ता, तं जहा--

(१) सउणी, (२) चउप्पयं, (३) णागं, (४) किंत्थुग्घं।

एएणं चत्तारि करणा थिरा पण्णत्ता।

प. एएणं भंते! चरा वा, थिरा वा कया चवंति?

उ. गोयमा! सुक्क पक्खस्स पडिवाए राओ "बवे" करणे भवइ।

**કરણના ભેદ અને એના ચર-સ્થિરની પ્રરૂપણા :**

૧૩૭૩. પ્ર. ભગવન્! કરણ કેટલા કહેવામાં આવ્યા છે?

ઉ. ગૌતમ! કરણ અગિયાર કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) બવ, (૨) બાલવ, (૩) કોલવ, (૪)સ્ત્રીવિલોચન,(૫)ગરાદિ,(૬)વણિજ, (૭) વિષ્ટી, (૮) શકુની, (૯) ચતુષ્પદ, (૧૦) નાગ, (૧૧) કિંસ્તુઘ્ન.

પ્ર. ભગવન્! આ અગિયાર કરણોમાં કેટલા કરણ ચર(ગતિવાળા)છે અને કેટલા કરણ સ્થિર છે?

ઉ. ગૌતમ! સાત કરણ ચર અને ચાર કરણ સ્થિર કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) બવ, (૨) બાલવ, (૩) કોલવ, (૪)સ્ત્રીવિલોચન,(૫)ગરાદિ,(૬)વણિજ, (૭) વિષ્ટી.

આ સાત કરણ ચર કહેવામાં આવ્યા છે. ચાર કરણ સ્થિર કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) શકુની, (૨) ચતુષ્પદ, (૩) નાગ, (૪) કિંસ્તુઘ્ન.

એ ચાર કરણ સ્થિર કહેવામાં આવ્યા છે.

પ્ર. ભગવન્! એ ચર અને સ્થિર ક્યારે હોય છે?

ઉ. ગૌતમ! શુક્લપક્ષની પ્રતિપદાની રાત્રિમાં 'બવ' કરણ હોય છે.

१. जंबु. वक्ख. ७, सु. १८५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| बितियाए दिवा 'बालवे' करणे भवइ, राओ 'कोलवे' करणे भवइ। | દ્વિતીયાએ દિવસે 'બાલવ' કરણ હોય છે. રાત્રિએ 'કોલવ' કરણ હોય છે. |
| ततियाए दिवा "थीविलोअणं" करणं भवइ, राओ "गराई" करणे भवइ। | તૃતીયાએ દિવસે 'સ્ત્રીવિલોચન' કરણ હોય છે, રાત્રિમાં 'ગરાઈ' કરણ હોય છે. |
| चउत्थीए दिवा "वणिज्जं", राओ "विट्ठी"। | ચતુર્થીએ દિવસે 'વણિજ' કરણ, રાત્રિમાં 'વિષ્ટી' કરણ. |
| पंचमीए दिवा "बवं" , राओ "बालवं"। | પંચમીએ દિવસે 'બવ' કરણ, રાત્રિમાં 'બાલવ' કરણ. |
| छट्ठीए दिवा "कोलवं", राओ "थीविलोअणं"। | છઠ્ઠીએ દિવસે 'કોલવ' કરણ, રાત્રિમાં 'સ્ત્રીવિલોચન' કરણ. |
| सत्तमीए दिवा "गराइ", राओ "वणिज्जं"। | સાતમીએ દિવસે 'ગરાઈ' કરણ, રાત્રિમાં 'વણિજ' કરણ. |
| अट्ठमीए दिवा "विट्ठी", राओ "बवं"। | અષ્ટમીએ દિવસે 'વિષ્ટી' કરણ, રાત્રિમાં 'બવ' કરણ. |
| नवमीए दिवा "बालवं", राओ "कोलवं"। | નવમીએ દિવસે 'બાલવ' કરણ, રાત્રિમાં 'કોલવ' કરણ. |
| दसमीए दिवा "थीविलोअणं", राओ "गराइं"। | દશમીએ દિવસે 'સ્ત્રીવિલોચન' કરણ, રાત્રિએ 'ગરાઈ' કરણ. |
| एक्कारसीए दिवा "वणिज्जं", राओ "विट्ठी"। | એકાદશીએ દિવસે 'વણિજ' કરણ, રાત્રિએ 'વિષ્ટી' કરણ. |
| बारसीए दिवा "बवं", राओ "बालवं"। | દ્વાદશીએ દિવસે 'બવ' કરણ, રાત્રિએ 'બાલવ' કરણ. |
| तेरसीए दिवा "कोलवं" राओ "थीविलोअणं"। | ત્રયોદશીએ દિવસે 'કોલવ' કરણ, રાત્રિએ 'સ્ત્રીવિલોચન' કરણ. |
| चउद्दसीए दिवा "गराइं" राओ "वणिज्जं"। | ચતુર્દશીએ દિવસે 'ગરાઈ' કરણ, રાત્રિમાં 'વણિજ' કરણ. |
| पुण्णिमाए दिवा "विट्ठी", राओ "बवं"। | પૂર્ણિમાએ દિવસે 'વિષ્ટી' કરણ, રાત્રિમાં 'બવ' કરણ. |
| **बहुलपक्खस्स -** | **કૃષ્ણપક્ષની -** |
| पडिवाए दिवा 'बालवं', राओ 'कोलवं'। | પ્રતિપદાએ દિવસે 'બાલવ' કરણ, રાત્રિએ 'કોલવ' કરણ. |
| बितियाए दिवा 'थीविलोअणं', राओ 'गराइं'। | દ્વિતીયાએ દિવસે 'સ્ત્રીવિલોચન' કરણ, રાત્રિએ 'ગરાઈ' કરણ. |
| ततिआए दिवा "वणिज्जं" राओ "विट्ठी"। | તૃતીયાએ દિવસે 'વણિજ' કરણ, રાત્રિએ 'વિષ્ટી' કરણ. |
| चउत्थीए दिवा "बवं", राओ "बालवं"। | ચતુર્થીએ દિવસે 'બવ' કરણ, રાત્રિએ 'બાલવ' કરણ. |
| पंचमीए दिवा "कोलवं", राओ "थीविलोअणं"। | પંચમીએ દિવસે 'કોલવ' કરણ, રાત્રિએ 'સ્ત્રીવિલોચન' કરણ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छट्ठीए दिवा "गराइं", राओ "वणिज्जं"। — છઠ્ઠીએ દિવસે 'ગરાઈ' કરણ, રાત્રિએ 'વણિજ' કરણ.

सत्तमीए दिवा "विट्ठी", राओ "बवं"। — સપ્તમીએ દિવસે 'વિષ્ટી' કરણ, રાત્રિએ 'બવ' કરણ.

अट्ठमीए दिवा "बालवं", राओ "कोलवं"। — અષ્ઠમીએ દિવસે 'બાલવ' કરણ, રાત્રિએ 'કોલવ' કરણ.

नवमीए दिवा "थीविलोअणं", राओ "गराइं"। — નવમીએ દિવસે 'સ્ત્રીવિલોચન' કરણ, રાત્રિએ 'ગરાઈ' કરણ.

दसमीए दिवा "वणिज्जं", राओ "विट्ठी"। — દશમીએ દિવસે 'વણિજ' કરણ, રાત્રિએ 'વિષ્ટી' કરણ.

एक्कारसीए दिवा "बवं", राओ "बालवं"। — એકાદશીએ દિવસે 'બવ' કરણ, રાત્રિએ 'બાલવ' કરણ.

बारसीए दिवा "कोलवं", राओ "थीविलोअणं"। — દ્વાદશીએ દિવસે 'કોલવ' કરણ, રાત્રિએ 'સ્ત્રીવિલોચન' કરણ.

तेरसीए दिवा "गराइं", राओ "वणिज्जं"। — ત્રયોદશીએ દિવસે 'ગરાઈ' કરણ, રાત્રિએ 'વણિજ' કરણ

चउद्दसीए दिवा "विट्ठी", राओ "सउणी"। — ચતુર્દશીએ દિવસે 'વિષ્ટી' કરણ, રાત્રિએ 'શકુની' કરણ.

अमावासाए दिवा "चउप्पयं", राओ "णागं"। — અમાસે દિવસે 'ચતુષ્પદ' કરણ, રાત્રિએ 'નાગ' કરણ.

सुक्कपक्खस्स पडिवाए दिवा "कित्थुग्घं" करणं भवइ।[1] -- जंबु. वक्ख. ७, सु. १८६ — શુકલ પક્ષની પ્રતિપદાએ દિવસે કિંસ્તુઘ્ન કરણ હોય છે.

---

१. **કરણ જ્ઞાન ગણિત -**

तिथिं तु द्विगुणी कृत्वा, हीनमेकेन कारयेत्। सप्तभिस्तु हरेद्भागं, शेषं करणमुच्यते॥

**ચર સંજ્ઞક કરણ**

१. बवश्च, २. बालवश्चैव, ३. कौलव, ४. स्तैतिलस्तथा। ५. गरश्च, ६. वणिजो, ७. विष्टि सप्तैते करणानि च॥

**સ્થિર સંજ્ઞક કરણ, કૃષ્ણ-શુકલ પક્ષગતકરણ-**

कृष्णपक्षे चतुर्दश्यां, १. शकुनि पश्चिमे दले। २. चतुष्पदश्च, ३. नागश्च, अमावास्या दलद्वये॥

शुक्लप्रतिपदायां च, ४. किंस्तुघ्न प्रथमे दले। स्थिराण्येतानि चत्वारि, करणानि जगुर्बुधा॥

शुक्लप्रतिपदान्ते च, बवाख्य करणो भवेत्। एकादशश्च विज्ञेया, श्चर-स्थिर विभागतः॥ - शीघ्र बोध प्रकरण २, श्लोक ३४-३८

**કૃષ્ણપક્ષના કરણ.**

| | **દિન** | **રાત્રિ** |
|---|---|---|
| ૧. | બાલવ | કૌલવ |
| ૨. | તૈતિલ | ગરજ |
| ૩. | વણિજ | વિષ્ટી |
| ૪. | બવ | બાલવ |
| ૫. | કૌલવ | તૈતિલ |
| ૬. | ગરજ | વણિજ |
| ૭. | વિષ્ટી | બવ |
| ૮. | બાલવ | કૌલવ |
| ૯. | તૈતિલ | ગરજ |
| ૧૦. | વણિજ | વિષ્ટી |
| ૧૧. | બવ | બાલવ |
| ૧૨. | કૌલવ | તૈતિલ |
| ૧૩. | ગરજ | વણિજ |
| ૧૪. | વિષ્ટી | શકુનિ |
| ૧૫. | ચતુષ્પાદ | નાગ |

**શુકલપક્ષના કરણ.**

| | **દિન** | **રાત્રિ** |
|---|---|---|
| ૧. | કિંસ્તુઘ્ન | બવ |
| ૨ | બાલવ | કૌલવ |
| ૩. | તૈતિલ | ગરજ |
| ૪. | વણિજ | વિષ્ટી |
| ૫. | બવ | બાલવ |
| ૬. | કૌલવ | તૈતિલ |
| ૭. | ગરજ | વણિજ |
| ૮. | વિષ્ટી | બવ |
| ૯. | બાલવ | કૌલવ |
| ૧૦. | તૈતિલ | ગરજ |
| ૧૧. | વણિજ | વિષ્ટી |
| ૧૨. | બવ | બાલવ |
| ૧૩. | કૌલવ | તૈતિલ |
| ૧૪. | ગરજ | વણિજ |
| ૧૫. | વિષ્ટી | બવ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उडूणं णामाइं कालप्पमाणं च -**

१३७४. तत्थ खलु इमे छ उडू पण्णत्ता, तं जहा-

(१) पाउसे, (२) वरिसारत्ते, (३) सरते, (४) हेमंते, (५) वसंते, (६) गिम्हे।[1]

ता सव्वे वि णं एए चंद-उडू दुवे-दुवे मासा तिचउप्पण्ण- सएणं तिचउप्पण्णसएणं आयाणेणं गणिज्जमाणा साइरेगाइं एगूणसट्ठि एगूणसट्ठि राइंदियाइं राइंदियग्गे णं[2] आहिए त्ति वएज्जा।

-- सूरिय. पा. १२, सु. ७५

**ઋતુઓના નામ અને કાળ પ્રમાણ :**

૧૩૭૪. આ છ ઋતુઓ કહેવામાં આવી છે, જેમકે-

(૧) પાવસ ઋતુ, (૨) વર્ષાઋતુ, (૩) શરદઋતુ, (૪) હેમન્તઋતુ, (૫) વસંતઋતુ, (૬) ગ્રીષ્મઋતુ.

આ બધી ચંદ્ર ઋતુઓ બે-બે માસની હોય છે અને (પ્રત્યેક ઋતુ સંવત્સર) ત્રણસો ચોપન-ત્રણ સો ચોપન દિવસના ગણાતા એવા કંઈક વધુ ઓગણસાંઈઠ-ઓગણસાંઈઠ અહોરાત્રની હોય છે.

**जंबुद्दीवस्स चउसु दिसासु वासाईणं परूवणं-**

१३७५. प. जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे वासाणं पढमे समए पडिवज्जइ, तया णं उत्तरड्ढे वि वासाणं पढमे समए पडिवज्जइ ?

जया णं उत्तरड्ढे वासाणं पढमे समए पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम-पच्चत्थिमेणं अणंतर पुरक्खड समयंसि वासाणं पढमे समए पडिवज्जइ ?

उ. हंता, गोयमा ! जया णं जंबुद्दीवे दीवे दाहिणड्ढे वासाणं पढमे समए पडिवज्जइ। **तहेव -जाव- वासाणं पढमे समए पडिवज्जइ।**

प. जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं वासाणं पढमे समए पडिवज्जइ तया णं पच्चत्थिमेण वि वासाणं पढमे समए पडिवज्जइ ?

जया णं पच्चत्थिमेणं वासाणं पढमे समए पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तर-दाहिणेणं अणंतर पच्छाकड समयंसि वासाणं पढमे समए पडिवन्ने भवइ ?

उ. हंता, गोयमा ! जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं वासाणं पढमे समए पडिवज्जइ-**तह चेव उच्चारेयव्वं -जाव- पडिवन्ने भवइ।**

**જંબૂદ્વીપની ચારે દિશાઓમાં વર્ષા આદિનું પ્રરૂપણ :**

૧૩૭૫. પ્ર. ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની દક્ષિણાર્ધમાં વર્ષાના (આગમનનો) પ્રથમ (આરંભ) સમય થાય છે ત્યારે શું ઉત્તરાર્ધમાં પણ વર્ષાના (આગમનનો) પ્રથમ (આરંભ) સમય પ્રતિપન્ન થાય છે?

જ્યારે ઉત્તરાર્ધમાં વર્ષાના (આગમનનો) પ્રથમ સમય થાય છે ત્યારે શું જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતના પૂર્વ-પશ્ચિમમાં અનન્તર દ્વિતીય સમયમાં વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે?

ઉ. હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણાર્ધમાં વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન હોય છે. **એજ પ્રકારે-યાવત્- વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે.**

પ્ર. ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની પૂર્વમાં વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે ત્યારે પશ્ચિમમાં પણ શું વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે?

જ્યારે પશ્ચિમમાં વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે ત્યારે શું જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની ઉત્તર-દક્ષિણમાં અનન્તર દ્વિતીય સમયમાં વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે?

ઉ. હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતની પૂર્વમાં વર્ષાનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે. **તેજ પ્રકારે-યાવત્-પ્રતિપન્ન થાય છે. પૂર્વવત્ કહેવું જોઈએ.**

---

१. ठाणं. ६, सु. ५२३

२. चंदस्स णं संवच्छरस्स एगमेगे उऊ एगूणसट्ठिं राइंदियाइं राइदियग्गे णं पण्णत्ता, - सम. ५९, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एवं जहा (१) समएणं अभिलावो भणिओ वासाणं तहा (२) आवलियाए वि भाणियव्वो। (३) आणापाणूण वि, (४) थोवेण वि, (५) लवेण वि, (६) मुहुत्तेण वि, (७) अहोरत्तेण वि, (८) पक्खेण वि, (९) मासेण वि, (१०) उउणा वि।**

**एएसिं सव्वेसिं जहा समयस्स अभिलावो तहा भाणियव्वो।**

प. जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे हेमंताणं पढमे समए पडिवज्जइ तया णं उत्तरड्ढे वि हेमंताणं पढमे समए पडिवज्जइ ?

उ. **जहेव वासाणं अभिलावो (२०) तहेव हेमंताण वि, (३०) गिम्हाण वि भाणियव्वो- जाव- उउ।**

**एवं एए तिन्नि वि, एएसिं तीसं आलावगा भाणियव्वा।**

प. जया णं भंते ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणड्ढे पढमे अयणे पडिवज्जइ, तया णं उत्तरड्ढे वि पढमे अयणे पडिवज्जइ ?

**जहा समएणं अभिलावो तहेव अयणेव वि भाणियव्वो ?**

उ. हंता, गोयमा ! जया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तर-दाहिणेणं अणंतर पच्छाकड-समयंसि पढमे अयणे पडिवन्ने भवइ।

**जहा अयणेणं अभिलावो तहा संवच्छरेण वि भाणियव्वो।**

**जुएण वि, वाससएण वि, वाससहस्सेण वि, वाससयसहस्सेण वि, पुव्वंगेण वि, पुव्वेण वि, तुडियंगेण वि, तुडिएण वि,**

**एवं पुव्वंगे पुव्वे, तुडियंगे तुडिए, अडडंगे अडडे, अववंगे अववे, हूहूयंगे हूहूए, उप्पलंगे उप्पले, पउमंगे पउमे, नलिनंगे नलिने, अत्थणिउरंगे अत्थणिउरे, अउयंगे अउए, णउयंगे णउए, पउयंगे पउए, चूलियंगे चूलिया, सीसपहेलियंगे सीसपहेलिया, पलिओवमेण वि, सागरोवमेण वि।**

**જે પ્રકારે વર્ષાના (૧) સમયના અભિલાપનું કથન કર્યું - એ પ્રમાણે, (૨) આવલિકા અંગે પણ કહેવું જોઈએ, તે જ પ્રકારે (૩) આનપ્રાણનું પણ, (૪) સ્તોકનું પણ, (૫) લવનું પણ, (૬) મુહૂર્તનું પણ, (૭) અહોરાત્રનું પણ, (૮) પક્ષનું પણ, (૯) માસનું પણ અને (૧૦) ઋતુ અંગે પણ (કહેવું જોઈએ.)**

**જે પ્રકારે સમયનું કથન કર્યું તે પ્રમાણે આ બધા અંગે અભિલાપ કરવું જોઈએ.**

પ્ર. ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં હેમન્તનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે ત્યારે શું ઉત્તરાર્ધમાં પણ હેમન્તનો પ્રથમ સમય પ્રતિપન્ન થાય છે?

ઉ. **જે પ્રકારે વર્ષા અંગે કથન કર્યું એ પ્રમાણે (૨૦) હેમન્ત અને (૩૦) ગ્રીષ્મ અંગે પણ કથન કરવું જોઈએ - યાવત્- ઋતુ**

**આ પ્રકારે એ ત્રણે (અંગે) જાણવું જોઈએ. એના ત્રીસ આલાપક કહેવા જોઈએ.**

પ્ર. ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતના દક્ષિણાર્ધમાં પ્રથમ અયન પ્રતિપન્ન થાય છે ત્યારે શું ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અયન પ્રતિપન્ન થાય છે?

**જે પ્રકારે સમયનું કથન કર્યું એ પ્રકારે શું અયન અંગે પણ કથન કરવું જોઈએ ?**

ઉ. હા, ગૌતમ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપમાં મન્દર પર્વતના ઉત્તર-દક્ષિણમાં અનન્તર દ્વિતીય સમયમાં પ્રથમ અયન પ્રતિપન્ન થાય છે.

**અને જે પ્રકારે અયનનું અભિલાપ કહ્યું છે એ પ્રકારે સંવત્સર અંગે પણ કહેવું જોઈએ.**

**યુગનું પણ, સો વર્ષનું પણ, હજાર વર્ષનું પણ, લાખ વર્ષનું પણ, પૂર્વાંગનું પણ, પૂર્વનું પણ, ત્રુટિતાંગનું પણ, ત્રુટિતનું પણ કથન કરવું જોઈએ.**

**એજ પ્રકારે પૂર્વાંગ-પૂર્વ, ત્રુટિતાંગ-ત્રુટિત, અડડાંગ-અડડ, અવવાંગ-અવવ, હુહુકાંગ-હુહુક, ઉત્પલાંગ- ઉત્પલ, પદ્માંગ-પદ્મ, નલિનાંગ-નલિન, અર્થનિકુરાંગ-અર્થનિકુર, અયુતાંગ-અયુત, નયુતાંગ-નયુત, પ્રયુતાંગ-પ્રયુત, ચુલિકાંગ-ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ-શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ અને સાગરોપમ માટે પણ (કથન કરવું જોઈએ)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जया णं भंते ! जंबुद्दीवे दीवे दाहिणड्ढे पढमा ओसप्पिणी पडिवज्जइ तया णं उत्तरड्ढे वि पढमा ओसप्पिणी पडिवज्जइ ?

प्र. ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપ નામના દ્વીપના દક્ષિણાર્ધમાં પ્રથમ અવસર્પિણી પ્રતિપન્ન થાય છે ત્યારે શું ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અવસર્પિણી પ્રતિપન્ન થાય છે?

जया णं उत्तरड्ढे वि पढमा ओसप्पिणी पडिवज्जइ, तया णं जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिम-पच्चत्थिमेणं णेवत्थि ओसप्पिणी णेवत्थि उस्सप्पिणी ?

જ્યારે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અવસર્પિણી પ્રતિપન્ન થાય છે ત્યારે શું જંબૂદ્વીપ નામના દ્વીપના મન્દર પર્વતની પૂર્વ-પશ્ચિમમાં અવસર્પિણી હોતી નથી અને ઉત્સર્પિણી પણ હોતી નથી ?

अवट्ठिए णं तत्थ काले पण्णत्ते समणाउसो !

હે આયુષ્મન્ શ્રમણ ! ત્યાં અવસ્થિત કાળ કહેવામાં આવ્યો છે ?

उ. हंता, गोयमा ! **तं चेव उच्चारेयव्वं-जाव-समणाउसो !**

ઉ. હા, ગૌતમ ! **પૂર્વવત્ કહેવું જોઈએ - યાવત્- હે આયુષ્યમન્ શ્રમણ !**

**जहा ओसप्पिणीए आलावो भणिओ ।**

**એવं उस्सप्पिणीए वि भाणियव्वो ।**[1]

**જે પ્રકારે અવસર્પિણી અંગે કથન (આલાપક) કહ્યું.**

**એ પ્રકારે ઉત્સર્પિણીનું આલાપક (કથન) કહેવું જોઈએ.**

-- भग. स. ५, उ. १, सु. १४-२१

**अड्ढाइज्जेसु दीवेसु कालाणुभावो--**

**અઢીદ્વીપમાં કાળનો પ્રભાવ :**

१३७६. जंबुद्दीवस्स दोसु कुरासु मणुया सया सुसमसुसमुत्तमिड्ढिं पत्ता पच्चणुब्भवमाणा विहरंति, तं जहा- (१) देवकुराए चेव, (२) उत्तरकुराए चेव ।

૧૩૭૬. જંબૂદ્વીપના બે કુરામાં મનુષ્ય સદા સુષમ-સુષમાકાળની રિદ્ધિને પ્રાપ્ત કરેલા હોય છે અને તેઓ એના અનુભવ કરતા એવા વિચરે છે, જેમકે- (૧) દેવકુરા, (૨) ઉત્તરકુરા.

**एवं धायइसंडे दीवे पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि,**

**આ પ્રકારે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

**एवं पुक्खरवरदीवड्ढपुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि,**

**આ પ્રકારે પુષ્કરવરદ્વીપાર્ધમાં પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

जंबुद्दीवस्स दोसु वासेसु मणुया सया सुसमुत्तमिड्ढिं पत्ता पच्चणुब्भवमाणा विहरंति, तं जहा-- (१) हरिवासे चेव, (२) रम्मगवासे चेव ।

જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્ય સદા સુષમકાળની રિદ્ધિને પ્રાપ્ત કરેલા હોય છે અને તેઓ એના અનુભવ કરતા એવા વિચરે છે, જેમકે - (૧) હરિવર્ષ, (૨) રમ્યકવર્ષ.

**एवं धायइसंडे दीवे पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि,**

**આ પ્રમાણે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાંર્ધમાં પણ છે.**

**एवं पुक्खरवरदीवड्ढ पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि,**

**આ પ્રમાણે પુષ્કરવર દ્વીપાર્ધમાં પૂર્વાર્ધ અને પશ્ચિમાંર્ધમાં પણ છે.**

जंबुद्दीवस्स दोसु वासेसु मणुया सया सुसमदुसमत्तमिड्ढिं पत्ता पच्चणुब्भवमाणा विहरंति, तं जहा-- (१) हेमवए चेव, (२) एरण्णवए चेव ।

જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્ય સદા સુષમ-દુષમ કાળની રિદ્ધિને પ્રાપ્ત કરે છે અને તેઓ એના અનુભવ કરતા એવા વિચરે છે, જેમકે- (૧) હૈમવત, (૨) હૈરણ્યવત.

**एवं धायइसंडे दीवे पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि,**

**આ પ્રમાણે ધાતકીખંડદ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

**एवं पुक्खरवरदीवड्ढ पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि,**

**આ પ્રમાણે પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

१. सूरिय. पा. ८, सु. २९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जंबुद्दीवस्स दोसु खेत्तेसु मणुया सया दुसमसुसमुत्तमिड्ढिं पत्ता पच्चणुब्भवमाणा विहरंति, तं जहा- (१) पुव्वविदेहे चेव, (२) अवरविदेहे चेव।

**एवं धायइसंडे दीवे पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि।**

**एवं पुक्खरवरदीवड्ढ पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि।**

जंबुद्दीवस्स दोसु वासेसु मणुया छव्विहं पि कालं पच्चणुब्भवमाणा विहरंति, तं जहा-- (१) भरहे चेव, (२) एरवए चेव।

-- ठाणं अ. २, उ. ३, सु. ९४

**एवं धायइसंडे दीवे पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि।**

-- ठाणं अ. २, उ. ३, सु. ९९

**एवं पुक्खरवरदीवड्ढ पुरत्थिमद्धे, पच्चत्थिमद्धे वि।**

-- ठाणं अ. २, उ. ३, सु. १०३

જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્ય સદા દુષમ-સુષમ કાળની રિદ્ધિને પ્રાપ્ત કરે છે અને તેઓ એના અનુભવ કરતા એવા વિચરે છે, જેમકે- (૧) પૂર્વવિદેહ, (૨) પશ્ચિમ વિદેહ.

**આ પ્રમાણે ધાતકી ખંડદ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

**આ પ્રમાણે પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્ય છ પ્રકારના કાળનો અનુભવ કરતા એવા વિચરે છે. જેમકે-(૧)ભરત, (૨) ઐરવત.

**આ પ્રકારે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

**આ પ્રકારે પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ છે.**

**लोए राइंदिया--**

१३७७. **तेणं कालेणं तेणं समएणं पासावच्चिज्जा थेरा भगवंतो जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, तेणेव उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते ठिच्चा एवं वयासी--**

प. **से नूणं भंते! असंखेज्जे लोए अणंता रातिंदिया उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उप्पज्जिस्संति वा? विगच्छिंसु वा, विगच्छंति वा, विगच्छिस्संति वा? परित्ता रातिंदिया उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उप्पज्जिस्संति वा, विगिच्छिंसु वा, विगच्छंति वा, विगच्छिस्संति वा?**

उ. **हंता, अज्जो! असंखेज्जे लोए अणंता रातिंदिया उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उप्पज्जिस्संति वा, विगिच्छिंसु वा, विगच्छंति वा, विगच्छिस्संति वा? परिता रातिंदिया उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उप्पज्जिस्संति वा, विगिच्छिंसु वा, विगच्छंति वा, विगच्छिस्संति वा।**

प. **से केणट्ठे णं भंते! एवं वुच्चइ- असंखेज्जे लोए अणंता रातिंदिया उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उप्पज्जिस्संति वा, विगिच्छिंसु वा, विगच्छंति वा, विगच्छिस्संति वा, परित्ता रातिंदिया उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उप्पज्जिस्संति वा, विगिच्छिंसु वा, विगच्छंति वा, विगच्छिस्संति वा?**

**લોકમાં રાત્રિ-દિવસ :**

૧૩૭૭. તે કાળે તે સમયે ભ. પાર્શ્વનાથના સ્થવિર શિષ્ય જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા ત્યાં આવીને તેમની સમીપ સ્થિર થઈ આ પ્રકારે બોલ્યા-

પ્ર. હે ભગવન્ ! આ અસંખ્ય (પ્રદેશી) લોકમાં પણ શું અનન્ત રાત્રિ દિવસ ઉત્પન્ન થયા છે. થાય છે અને થશે ? આ પ્રકારે નષ્ટ થયા છે, થાય છે અને થશે ? અથવા પરિમિત રાત્રિ દિવસ ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે. આ પ્રકારે નષ્ટ થયા છે, થાય છે અને થશે ?

ઉ. હા આર્યો ! આ અસંખ્ય (પ્રદેશી) લોકમાં અનન્ત રાત્રિ દિવસ ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે આ પ્રકારે નષ્ટ થયા છે, થાય છે અને થશે તથા પરિમિત રાત્રિ દિવસ ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે. આ પ્રકારે નષ્ટ થયા છે, થાય છે અને થશે.

પ્ર. હે ભગવન્ ! આ પ્રકારે કહેવાનું શું કારણ છે કે - અસંખ્ય લોકમાં અનંત રાત્રિ દિવસ ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે, આ પ્રકારે નષ્ટ થયા છે, થાય છે અને થશે તથા પરિમિત રાત્રિ દિવસ ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે. આ પ્રકારે નષ્ટ થયા છે, થાય છે અને થશે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. से नूणं भे अज्जो ! पासेणं अरहा पुरूसादाणीएणं- ''सासए लोए वुइए, अणावीए अणवदग्गे, परित्ते परिवुडे, हेट्ठा वित्थिण्णे, मज्झे संखित्ते, उप्पिं विसाले, अहे पलियंकसंठियंसि, मज्झे वरवइरविग्गहियंसि, उप्पिं उद्धमुइंगाकार-संठियंसि अणंता जीवघणा उप्पज्जित्ता निलीयंति । से भूए उप्पन्ने विगए परिणए । अजीवेहिं लोक्कइ पलोक्कइ ।

प. जे लोक्कइ से लोए ?

उ. हंता, भगवं ! से तेणट्ठेणं अज्जो ! एवं वुच्चइ-असंखेज्जे लोए-**जाव**-विगच्छिस्संति वा ।

सप्पभितिं च णं ते पासावच्चेज्जा थेरा भगवंतो समणं भगवं महावीरं पच्चभिजाणंति- 'सव्वण्णुं सव्वदरिसिं' ।

तए णं ते थेरा भगवंतो समणं भगवं महावीरं वंदति नमंसंति, वंदित्ता नमंसित्ता एवं वयासी- ''इच्छामो णं भंते ! तुब्भं अंतिए चाउज्जामाओ धम्माओ पंचमहव्वइयं सपडिक्कमणं धम्मं उवसंपज्जित्ताणं विहरित्तए ।''

"अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।"

तए णं ते पासावच्चिज्जा थेरा भगवंतो -**जाव**- चरिमेहिं उस्सासनिस्सासेहिं सिद्धा-**जाव**- सव्वदुक्खप्पहीणा, अत्थेगइया देवा देवलोगेसु उववन्ना ।

- भग. स. ५, उ. ९, सु. १४-१६

ઉ. હે આર્યો ! આપના પાર્શ્વ અર્હન્ત પુરૂષાદાનીયના "આ લોકને શાશ્વત અનાદિ અનંત પરિમિત અને અલોકથી પરિવૃત્ત કહ્યો છે-" જે નીચેથી વિસ્તીર્ણ છે. મધ્યમાં સંક્ષિપ્ત છે. ઊપર વિશાળ છે, નીચેથી પલ્યંકાકાર છે, મધ્યમાં ઉત્તમ વજ્રકાર છે અને ઉપરથી ઊર્ધ્વ મૃદંગાકાર સ્થિત છે. એમાં અનંત જીવસમૂહ ઉત્પન્ન થઈને વિલીન થાય છે. આ લોક ભૂત છે. ઉત્પન્ન છે. વિગત છે. પરિણત છે. આ અજીવો પરિણમન ધર્મથી નિશ્ચિત થાય છે. વિશેષ રૂપથી નિશ્ચિત થાય છે.

પ્ર. જે પ્રમાણ દ્વારા જાણી શકાય છે તે લોક છે?

ઉ. હા, ભગવન્ ! એટલે હે આર્યો ! આ પ્રમાણે કહેવામાં આવ્યા છે કે - અસંખ્ય લોકમાં અનંત રાત્રિ દિવસ ઉત્પન્ન થયા છે **-યાવત્-** નષ્ટ થશે. ત્યારથી એ પાર્શ્વાપત્ય સ્થવિર શ્રમણ ભગવાન મહાવીરને 'સર્વજ્ઞ સર્વદર્શી' જાણવા લાગ્યા.

તદનન્તર તે સ્થવિર ભગવંત શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરે છે. વંદન, નમસ્કાર કરીને આ પ્રકારે બોલ્યા "હે ભગવન્ ! અમે આપની સમીપ ચાર યામ ધર્મથી (વધીને) સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મને સ્વીકાર કરીને વિચરવા ઈચ્છીએ છીએ."

"હે દેવાનુપ્રિયો ! આપને જે પ્રમાણે સુખ થાય તે પ્રમાણે કરો પરંતુ પ્રતિબંધ (વાર) ન કરો."

તદનન્તર તે આ પાર્શ્વાપત્ય સ્થવિર ભગવંત-**યાવત્**- અન્તિમ શ્વાસોચ્છ્વાસોથી સિદ્ધ થયા-**યાવત્**- બધા દુઃખોથી મુક્ત થયા. કેટલાક દેવલોકોમાં ઉત્પન્ન થયા.

**मणुयलोयस्स मेरा--**

१३७८. जावं च णं माणुसुत्तरे पव्वए, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

जावं च णं वासाइं वा, वासहराइं वा, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

जावं च णं गेहाइ वा, गेहावणाइ वा, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

जावं च णं गामाइ वा -**जाव**-रायहाणीइ वा, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

**મનુષ્યલોકની મર્યાદા :**

૧૩૭૮. જ્યાં સુધી મનુષોત્તર પર્વત છે ત્યાં સુધી આ (મનુષ્ય) લોક છે- એવું કહેવામાં આવ્યું છે.

જ્યાં સુધી વર્ષ છે. વર્ષધર (પર્વત) છે ત્યાં સુધી આ લોક છે- એવું કહેવામાં આવ્યું છે.

જ્યાં સુધી ગૃહ છે, ગૃહ પંક્તિ છે ત્યાં સુધી આલોક છે - એવું કહેવામાં આવ્યું છે.

જ્યાં સુધી ગ્રામ છે **-યાવત્-** રાજધાનીઓ છે, ત્યાં સુધી આ લોક છે - એવું કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जावं च णं अरहंता, चक्कवट्टि, बलदेवा, वासुदेवा, पडिवासुदेवा, चारणा, विज्जाहरा, समणा, समणीओ, सावया, सावियाओ, मणुया, पगइभद्दगा, विणीया, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી અર્હન્ત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ચારણ, વિદ્યાધર, શ્રમણ-શ્રમણીઓ, શ્રાવક-શ્રાવિકાઓ, મનુષ્ય, પ્રકૃતિભદ્ર, (પ્રકૃતિના ભદ્ર) વિનીત છે ત્યાં સુધી આ લોક છે - એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं समयाइ वा, आवलियाइ वा, आणापाणइ वा, थोवाइ वा, लवाइ वा, मुहुत्ताइ वा, दिवसाइ वा, अहोरत्ताइ वा, पक्खाइ वा, मासाइ वा, उडुइ वा, अयणाइ वा, संवच्छराइ वा, जुगाइ वा, वाससयाइ वा, वाससहस्साइ वा, वाससयसहस्साइ वा, पुव्वंगाइ वा, पुव्वाइ वा, तुडियंगाइ वा, तुडियाइ वा, **एवं** अडडे, अववे, हुहुंकए, उप्पले, पउमे, नलिले, अत्थिनिउरे, अउए, णउए, पउए, चूलिया, सीसपहेलिया, पलिओवमेइ वा, सागरोवमेइ वा, ओसप्पिणीइ वा, उस्सप्पिणीइ वा तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી સમય, આવલિકા, આનપ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, વર્ષશત, વર્ષસહસ્ત્ર, વર્ષશત સહસ્ત્ર, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ ત્રુટિત, **એવી રીતે** અડડ, અવવ, હુહુંક, ઉત્પલ, પદ્મ, નલિન, અર્થનિકુર, અયુત, નયુત, પ્રયુત, ચૂલિકા, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણી છે, ત્યાં સુધી આ લોક છે- એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं बादरे विज्जुक्कारे, बायरे थणियसद्दे, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી બાદર વિદ્યુત છે. બાદર સ્તનિત શબ્દ છે, ત્યાં સુધી આ લોક છે- એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं बहवे ओराला बलाहका संसेयंति, सम्मुच्छंति, वासं वासंति, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી અનેક ઔદારિક વારિધર (વાદળ) સ્વેદ ઉત્પન્ન કરે છે. ઉત્પન્ન થાય છે. વરસાદ કરે છે, ત્યાં સુધી લોક છે - એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं बायरे तेउक्काए, तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી બાદર તેજસ્કાય છે, ત્યાં સુધી આલોક છે - એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं आगराइ वा, नईइ वा, णिहीइ वा तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી આકર (ખાણો) છે, નદી છે, નિધિ છે, ત્યાં સુધી લોક છે - એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं अगडाइ वा, वावीइ वा तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી અગડ (કૂવો) છે. વાપિકાઓ છે ત્યાં સુધી લોક છે- એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं चंदोवरागाइ वा, सूरोवरागाइ वा, चंदपरिसाइ वा, सूरपरिसाइ वा, पडिचंदाइ वा, पडिसूराइ वा, इंदधणूइ वा, उदगमच्छेइ वा, कपिहसियाणि वा तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

જ્યાં સુધી ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ છે. ચંદ્ર પરિષદ છે, સૂર્ય પરિષદ છે, પ્રતિચંદ્ર છે, પ્રતિસૂર્ય છે, ઈન્દ્રધનુષ છે, જલમત્સ્ય છે, કપિ હસિત- (કપિના હાસ્ય સમાન મેઘગર્જન) છે, ત્યાં સુધી લોક છે - એવું કહેવામાં આવ્યું છે.

जावं च णं चंदिम-सूरिय-गह-णक्खत्त-ताराख्वाणं अभिगमण- निग्गमण-वुड्ढि-णिवुड्ढि-अणवट्टिय-संठाण- संठिइ आघविज्जइ तावं च णं अस्सिं लोए त्ति पवुच्चइ ।

-- जीवा. पडि. ३, उ. २, सु. १७८ (आ)

જ્યાં સુધી ચન્દ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારાઓના અભિગમન-નિર્ગમન-વૃદ્ધિ-નિવૃદ્ધિ-અપરિવર્તિત-સંસ્થાન-સંસ્થિતિ છે, ત્યાં સુધી આ લોક છે- એવું કહેવામાં આવ્યું છે.

## ॥ लोय पण्णत्ति समत्तं ॥

## ॥ લોક-પ્રજ્ઞપ્તિ સમાપ્ત ॥

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org




---

સંપૂર્ણ લોકની ઉંચાઈ ૧૪ રાજુ છે. અધોલોકની ઉંચાઈ ૭ રાજુ પ્રમાણ, ઊર્ધ્વલોકની ઉંચાઈ ૧ લાખ યોજન ઓછી ૭ રાજુ અને મધ્યલોકની ઉંચાઈ ૧ લાખ પ્રમાણ છે.

અધોલોકના સૌથી નીચે ૭ રાજુ વિસ્તાર, મધ્યલોકની વચ્ચે ૧ રાજુ વિસ્તાર (સમય ક્ષેત્ર ૪૫ લાખ યોજન) ઊર્ધ્વલોકના મધ્યમાં બ્રહ્મકલ્પના સમભાગમાં ૫ રાજુ અને ઉપરી શીર્ષના વિસ્તાર ૧ રાજુ (સિદ્ધશિલા ૪૫ લાખ યોજન) પ્રમાણ જ. આ લોકની બહાર ચારે બાજુ અસીમ અનન્ત અલોકાકાશ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૪

# અલોક પ્રજ્ઞપ્તિ

સૂત્ર : ૧૩૭૯ થી ૧૩૮૯
પાના નં. ૪૦૭ થી ૪૦૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अलोय- पण्णत्ति

**अलोगस्स एगत्तं--**

१३७९. एगे अलोए[1] -- ठाणं. अ. १, सु. ५

**दव्वओ अलोगस्स सरूवं--**

१३८०. दव्वओ णं अलोए-णेवत्थि जीवदव्वा, णेवत्थि अजीवदव्वा, णेवत्थि जीवाजीव-दव्वा।

-- भग. स. ११, उ. १०, सु. २३

१३८१. एगे अजीवदव्वदेसे अगुरूलहुए।

अणंतेहिं अगुरूलहुयगुणेहिं संजुत्ते सव्वागासे अणंतभागूणे।[2]

-- भग. स. २, उ. १०, सु. १२

**कालओ अलोगस्स णिच्चत्तं--**

१३८२. कालओ णं अलोए न कयायि- **जाव**- णिच्चे।[3]

-- भग. स. ११, उ. १०, सु. २४/२

**भावओ अलोगस्स अरूवत्तं--**

१३८३. भावओ णं अलोए णेवत्थि वण्णपज्जवा-**जाव**-णेवत्थि अगुरूयलहुयपज्जवा।

-- भग. स. ११, उ. १०, सु. २५/३

**अलोग-संठाण परूवणं--**

१३८४. प. अलोए णं भंते ! किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! झुसिर गोल संठिए पण्णत्ते।

-- भग. स. ११, उ. १०, सु. ११

**अलोगागास-सरूवं--**

१३८५. प. अलोगागासे णं भंते ! किं जीवा, जीवदेसा, जीवपएसा, अजीवा, अजीवदेसा, अजीवपएसा ?

उ. गोयमा ! नो जीवा, नो जीवदेसा, नो जीव पएसा, नो अजीवा, नो अजीवदेसा, नो अजीवपएसा।

## અલોક-પ્રજ્ઞપ્તિ

**અલોકનું એકત્વ :**

૧૩૭૯. અલોક એક છે.

**દ્રવ્યથી અલોકનું સ્વરૂપ-**

૧૩૮૦. દ્રવ્યથી અલોકમાં ન તો જીવ દ્રવ્ય છે, ન અજીવ દ્રવ્ય છે અને ન જીવાજીવ દ્રવ્ય છે.

૧૩૮૧. અલોક અજીવ દ્રવ્યનો એક દેશ છે. તે અગુરુલઘુ છે. અનન્ત અગુરુલઘુ ગુણોથી યુક્ત છે. અનન્ત ભાગ ઓછો પૂર્ણ આકાશ છે.

**કાળથી અલોકનું નિત્યત્વ :**

૧૩૮૨. કાળથી અલોક કદાપિ ન હતો- **યાવત્**- નિત્ય છે.

**ભાવથી અલોકનું અરૂપત્વ :**

૧૩૮૩. ભાવથી અલોક ન વર્ણપર્યવ છે- **યાવત્**- ન અગુરુલઘુ પર્યવ છે.

**અલોક-સંસ્થાનનું પ્રરૂપણ :**

૧૩૮૪. પ્ર. ભગવન્ ! અલોકનો આકાર કેવો કહેવામાં આવે છે?

ઉ. ગૌતમ ! પોલા ગોળા જેવો આકાર કહેવામાં આવે છે.

**અલોકાકાશનું સ્વરૂપ :**

૧૩૮૫. પ્ર. ભગવન્ ! અલોકાકાશ શું જીવ છે, જીવ દેશ છે, જીવ પ્રદેશ છે, અજીવ છે, અજીવ દેશ છે કે અજીવ પ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! ન (તો) જીવ છે, ન (તો) જીવ દેશ છે, ન (તો) જીવપ્રદેશ છે, ન (તો) અજીવ છે, ન (તો) અજીવ દેશ છે, ન તો અજીવ પ્રદેશ છે.

---

१. सम. स. १, सु. ३

२. (क) भग. स. ११, उ. १०, सु. १६ (ख) भग. स. ११, उ. १०, सु. २१

(ग) भग. स. ११, उ. १०, सु. २३ (ग) भग. स. ११, उ. १०, सु. २५/३

(ङ) पण्ण. प. १५, सु. १००५

३. एवं जाव अलोगे। - भग. स. ११, उ. १०, सु. २४/२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगे अजीवदव्वदेसे अगुरूलहुए, अणंतेहिं अगुरूय-लहुयगुणेहिं संजुत्ते, सव्वागासे अणंतभागूणे।

-- भग. स. २, उ. १०, सु. १२

प. अलोए णं भंते ! किं जीवा- **जाव**- अजीव पएसा ?

उ. गोयमा ! **जहा अलोगागासे।**

-- भग. स. ११, उ. १०, सु. १६

અલોક એક અજીવ દ્રવ્ય દેશ છે. અગુરુલઘુ છે. અનન્ત અગુરુલઘુ ગુણોથી સંયુક્ત છે. અનન્ત ભાગ ઓછો પૂર્ણ આકાશ છે.

પ્ર. ભગવન્ ! અલોક શું જીવ છે **-યાવત્-** અજીવ પ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! **અલોકાકાશ જેવો છે.**

**अलोगस्स एगागासपएसे वि नत्थि जीवाइं--**

१३८६. प. अलोगस्स णं भंते ! एगम्मि आगासपएसे किं जीवा **-जाव-**अजीव पएसा ?

उ. गोयमा ! नो जीवा **-जाव-** नो अजीवपएसा।

-- भग. स. ११, उ. १०, सु. २१

**અલોકના એક આકાશ પ્રદેશમાં જીવાદિ નથી :**

૧૩૮૬. પ્ર. ભગવન્ ! અલોકના એક આકાશ પ્રદેશમાં શું જીવ છે **-યાવત્-** અજીવ પ્રદેશ છે?

ઉ. ગૌતમ ! ન(તો) જીવ છે **-યાવત્-** ન(તો) અજીવ પ્રદેશ છે.

**अलोगस्स महालयत्तं-**

१३८७. प. अलोए णं भंते ! के महालए पण्णत्ते ?

उ. **गोयमा ! अयं णं समयखेत्ते पणयालीसं जोयण सहस्साइं** आयाम- विक्खभेणं, एगा **जोयण कोडी बायालीसं च जोयणसयसहस्साइं, तीसं च जोयणसहस्साइं** दोण्णि य अउणापण्णे **जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं।**

**तेणं कालेणं, तेणं समएणं दस देवा महिड्ढीया- जाव-महेसुक्खा जंबुद्दीवे दीवे मंदरे पव्वए, मंदरं चूलियं सव्वओ समंता संपरिक्खित्ताणं चिट्ठेज्जा।**

**अहे णं अट्ठदिसाकुमारिमहत्तरियाओ अट्ठ बलिपिंडे गहाय माणुसुत्तर पव्वयस्स चउसु वि दिसासु, चउसु वि विदिसासु बहियाभिमुहीओ ठिच्चा अट्ठ बलिपिंडे धरणितलमसंपत्ते खिप्पामेव पडिसाहरित्तए।**

**ते णं गोयमा ! देवा ताए उक्किट्ठाए-जाव-** देवगईए लोगंते ठिच्चा असब्भावपट्ठवणाए।

एगे देवे पुरत्थाभिमुहे पयाए,

**एगे देवे दाहिण पुरत्थाभिमुहे पयाए,**

**एगे देवे उत्तर पुरत्थाभिमुहे पयाए,**

**एगे देवे उड्ढाभिमुहे पयाए,**

**અલોકની મહાનતા :**

૧૩૮૭. પ્ર. ભગવન્ ! અલોકની મહાનતા (મોટાઈ) કેટલી કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! એ સમય ક્ષેત્ર પીસ્તાલીસ લાખ યોજન લાંબો-પહોળો છે. એક કરોડ, બેંતાલીસ લાખ, ત્રીસ હજાર બસો ઓગણપચાસ યોજનથી કંઈક વધુની પરિધિ છે.

એ કાળે, એ સમયે દસ મહર્ધિક**-યાવત્-** મહાસુખી દેવ જંબૂદ્વીપ નામના દ્વીપના મન્દર પર્વતની ચૂલિકાને ચારેબાજુથી ઘેરો ઘાલી રહ્યા છે.

(અને) નીચે આઠ મોટી દિશાકુમારી મહત્તરિકાઓ આઠ બલિપિંડ લઈને માનુષોત્તર પર્વતની ચારેદિશાઓમાં તથા ચાર વિદિશાઓમાં બહારની તરફ મોઢું કરીને ઊભી રહે અને આઠ બલિપિંડ ફેંકે, તેને તે દેવો ભૂમિ પર પડે તે પેલા ગ્રહણ કરીલે.

હે ગૌતમ ! આ ઉત્કૃષ્ટ **-યાવત્-** દેવગતિથી લોકના અંતમાં થોભી અસદ્‌ભાવ કલ્પનાથી, (અલોકનો અંત પામવા માટે)

એક દેવ પૂર્વ દિશામાં જાય,

એક દેવ દક્ષિણ - પૂર્વમાં જાય,

એક દેવ ઉત્તર - પૂર્વમાં જાય,

એક દેવ ઊર્ધ્વ દિશામાં જાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगे देवे अहोभिमुहे पयाए ।

तेणं कालेणं तेणं समएणं वाससयसहस्साउए दारए पयाए ।

तए णं तस्स दारगस्स अम्मापियरो पहीणा भवंति । **तं चेव -जाव-** नो चेव णं देवा अलोयंतं संपाउणंति ।

प. तेसि णं देवाणं किं गए बहुए, अगए बहुए ?

उ. गोयमा ! नो गए बहुए, अगए बहुए,

गयाओ से अगए अणंत गुणे,

अगयाओ से गए अणंतभागे,

अलोए णं गोयमा ! ए महालए पण्णत्ते ।

-- भग. स. ११, उ. १०, सु. २७

એક દેવ અધો દિશામાં જાય,

તે કાળે તે સમયમાં એક લાખ વર્ષની આયુષ્યવાળો બાળક જન્મ્યો.

આ બાળકના માત - પિતાનું અવસાન થઈ ગયું **પૂર્વવત્-યાવત્-** તે અને તેના પૌત્રાદિ સાતમી પેઢી સમાપ્ત થઈ ગઈ, પરંતુ તે દેવો અલોકનો અંત પામી શકયા નહીં.

પ્ર. આ દેવોનો ગત અલોક અધિક છે યા અગત અલોક અધિક છે ?

ઉ. ગૌતમ ! ગત અલોક અધિક નહિં પરંતુ અગત અલોક અધિક છે.

ગત અલોકથી અગત અલોક અનન્તગુણો વધુ છે.

ગત અલોક અગત અલોકનો અનન્તમો ભાગ છે.

ગૌતમ ! અલોક એટલો મોટો કહેવામાં આવ્યો છે.

**अलोगस्स फुसणं--**

१३८८. प. अलोए णं भंते ! किण्णा फुडे ?

कइहिं वा, काएहिं फुडे ?

किं धम्मत्थिकाएणं फुडे **-जाव-**

किं आगासत्थिकाएणं फुडे ?

उ. गोयमा ! नो धम्मत्थिकाएणं फुडे**-जाव-** नो आगासत्थिकाएणं फुडे ।

**आगासत्थिकायस्स देसेणं फुडे ।**

**आगासत्थिकायस्स पदेसेहिं फुडे ।**

नो पुढविक्काइएणं फुडे**-जाव-**नो अद्धासमएणं फुडे । - पण्ण. प.१५, उ. १, सु.१००५

**અલોકનો સ્પર્શ :**

૧૩૮૮. પ્ર. ભગવન્ ! અલોક કેનાથી સ્પર્શાયેલો છે ?

કેટલી કાયોથી સ્પર્શાયેલો છે ?

શું ધર્માસ્તિકાયથી સ્પર્શાયેલ છે **-યાવત્-**

શું આકાશાસ્તિકાયથી સ્પર્શાયેલ છે ?

ઉ. ગૌતમ ! ન (તો) ધર્માસ્તિકાયથી સ્પર્શાયેલ છે **-યાવત્-** ન (તો) આકાશાસ્તિકાયથી સ્પર્શાયેલ છે.

**આકાશાસ્તિકાયના દેશથી સ્પર્શાયેલ છે.**

**આકાશાસ્તિકાયના પ્રદેશોથી સ્પર્શાયેલ છે.**

પૃથ્વીકાયથી સ્પર્શાયેલ નથી **-યાવત્-** અદ્ધાસમય (કાળ દ્રવ્ય) થી પણ સ્પર્શાયેલ નથી.

**ईसिपब्भाराए पुढवीए अलोगस्स अंतरं परूवणं -**

१३८९. प. ईसिपब्भाराए णं भंते ! पुढवीए अलोगस्स य केवइए अबाहाए अंतरे पण्णत्ते ?

उ. गोयमा ! देसूणं जोयणं अबाहाए अंतरे पण्णत्ते ।

- विया. स. १४, उ. ८, सु. १७

**ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી અલોકના અંતરનું પ્રરૂપણ :**

૧૩૮૯. પ્ર. ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી અને અલોક (વચ્ચે) કેટલું બાધારહિત અંતર કહેવામાં આવ્યું છે ?

ઉ. ગૌતમ ! (આ બન્ને વચ્ચેનું) બાધારહિત અંતર દેશોન યોજન (એક યોજનથી કંઈક ઓછું) કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# लोकालोक पण्णत्ति

## जीवाणं पोग्गलाणं लोगस्स बहिया गमणमसक्कं-

१३९०. चउहिं ठाणेहिं जीवा य, पोग्गला य, नो संचाएंति बहिया लोगंता गमणाए, तं जहा--

(१) गइ अभावेणं,

(२) निरव्वग्गहया,

(३) लुक्खत्ताए,

(४) लोगाणुभावेणं।

-- ठाणं. अ. ४, उ. ३, सु. ३३४

## देवस्स अलोगंसि हत्थाइ आउंटणाइ असामत्थ निरूवणं--

१३९१. प. देवे णं भंते ! महिड्ढीए-**जाव**-महेसक्खे, लोगंते ठिच्चा, णो पभू अलोगंसि हत्थं वा-**जाव**- उरुं वा आउंटावेत्तए वा, पसारेत्तए वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-- "देवे णं महिड्ढीए- **जाव**-महेसक्खे लोगंते ठिच्चा णो पभू अलोगंसि हत्थं वा-**जाव**-उरुं वा आउंटावेत्तए वा, पसारेत्तए वा ?

उ. गोयमा ! जीवाणं आहारोवचिया पोग्गला।

बोंदिचिया पोग्गला,

कलेवरचिया पोग्गला,

पोग्गलमेव पप्प जीवाण य, अजीवाण य गइपरियाए आहिज्जइ।

अलोए नेवत्थि जीवा, नेवत्थि पोग्गला,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- "देवेणं महिड्ढीए- **जाव**-महेसक्खे लोगंते ठिच्चा णो पभू अलोगंसि हत्थंवा-**जाव**-उरुंवा आउंटावेत्तए वा, पसारेत्तए वा।

-- भग. स. १६, उ. ८, सु. १५

## आगासत्थिकायस्स भेया--

१३९२. प. कइविहे णं भंते ! आगासे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे आगासे पण्णत्ते, तं जहा- (१) लोगागासे य, (२) अलोगागासे य।[1]

-- भग. स. २, उ. १०, सु. १०

# લોકાલોક–પ્રજ્ઞપ્તિ

## જીવ અને પુદ્ગલોનું લોકની બહાર ગમન કરવું અશક્ય :

૧૩૯૦. જીવ અને પુદ્ગલોનું ચાર કારણોને લીધે લોકની બહાર ગમન કરવું શક્ય નથી, જેમકે-

(૧) ગતિના અભાવને લીધે,

(૨) ગતિ સહાયક ધર્માસ્તિકાયના અભાવને લીધે,

(૩) રૂક્ષતા હોવાને લીધે,

(૪) લોક સ્વભાવ હોવાને લીધે.

## અલોકમાં દેવનું હાથ વગેરે ફેલાવવામાં અસામર્થ્યનું નિરૂપણ :

૧૩૯૧. પ્ર. ભગવન્ ! મહર્ધિક-**યાવત્**-મહાસુખી મહાન્ દેવ લોકાન્તમાં સ્થિત થઈને અલોકમાં હાથ -**યાવત્**- ઉરુને સંકોચવા કે પસારવા શું સમર્થ છે ?

ઉ. ગૌતમ ! એ સમર્થ નથી.

પ્ર. ભગવન્ ! કયા કારણે એવું કહેવામાં આવ્યું છે કે- "મહર્ધિક - **યાવત્** - મહાસુખી મહાન્ દેવલોકાન્તમાં સ્થિત થઈને અલોકમાં હાથ-**યાવત્**-ઉરુને સંકોચવા પસારવામાં સમર્થ નથી ?"

ઉ. ગૌતમ ! જીવનો આહાર પુદ્ગલોથી નિષ્પન્ન થાય છે.

શરીર પુદ્ગલોથી નિષ્પન્ન થાય છે.

કલેવર પુદ્ગલોથી નિષ્પન્ન થાય છે.

પુદ્ગલોના સહયોગથી જીવો તેમજ અજીવોની ગતિ કહેવામાં આવી છે.

અલોકમાં ન (તો) જીવ છે, ન (તો) પુદ્ગલ છે.

હે ગૌતમ ! આ કારણને લીધે આ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે- "મહર્ધિક - **યાવત્** - મહાસુખી મહાન્ દેવ લોકાન્તમાં સ્થિત થઈને અલોકમાં હાથ - **યાવત્** - ઉરુને સંકોચવા કે પસારવામાં સમર્થ નથી.

## આકાશાસ્તિકાયના ભેદ :

૧૩૯૨. પ્ર. ભગવન્ ! આકાશ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! આકાશ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે- (૧) લોકાકાશ, (૨) અલોકાકાશ.

---

१. (क) विया. स. २०, उ. २, सु. १ (ख) ठाणं अ. २, उ. १, सु. ६४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૫

# લોકાલોક પ્રજ્ઞપ્તિ

સૂત્ર : ૧૩૯૦ થી ૧૩૯૯
પાના નં. ૪૧૦ થી ૪૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**लोगागास-सरूवं--**

१३९३. प. लोगागासे णं भंते ! किं जीवा, जीवदेसा, जीवपएसा, अजीवा, अजीवदेसा, अजीवपएसा ?

उ. गोयमा ! जीवा वि, जीवदेसा वि, जीवपएसा वि, अजीवा वि, अजीवदेसा वि, अजीवपएसा वि।[1]

जे जीवा ते नियमा एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचेंदिया, अणिंदिया।

जे जीवदेसा ते नियमा एगिंदियदेसा- **जाव**- अणिंदिय देसा।

जे जीवपएसा ते नियमा एगिंदियपएसा-**जाव**- अणिंदियपएसा।

जे अजीवा ते दुविहा पण्णत्ता, तं जहा--

(१) रूवी य, (२) अरूवी य।

जे रूवी ते चउव्विहा पण्णत्ता, तं जहा--

(१) खंधा, (२) खंधदेसा, (३) खंधपदेसा, (४) परमाणु पोग्गला।

जे अरूवी ते पंचविहा पण्णत्ता, तं जहा--

(१) धम्मत्थिकाए, नो धम्मत्थिकायस्स देसे,
(२) धम्मत्थिकायस्स पएसा।
(३) अधम्मत्थिकाए, नो अधम्मत्थिकायस्स देसे,
(४) अधम्मत्थिकायस्स पएसा,
(५) अद्धासमए।

-- भग. स. २, उ. १०, सु. ११

**લોકાકાશનું સ્વરૂપ :**

૧૩૯૩. પ્ર. ભગવન્ ! લોકાકાશમાં શું જીવ છે જીવદેશ છે અને જીવપ્રદેશ છે ? અજીવ છે, અજીવ દેશ છે અને અજીવ પ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! જીવ પણ છે, જીવ દેશ પણ છે, જીવ પ્રદેશ પણ છે, અજીવ પણ છે, અજીવ દેશ પણ છે, અજીવ પ્રદેશ પણ છે.

જે જીવ છે, તે નિશ્ચિત રૂપથી એકેન્દ્રિય છે, દ્વીન્દ્રિય છે, ત્રીન્દ્રિય છે, ચતુરિન્દ્રિય છે, પંચેન્દ્રિય છે, અનિન્દ્રિય છે.

જે જીવદેશ છે તે નિશ્ચિત રૂપથી એકેન્દ્રિય ના દેશ છે **-યાવત્** - અનિન્દ્રિયના દેશ છે.

જે જીવ પ્રદેશ છે તે નિશ્ચિત રૂપથી એકેન્દ્રિયના પ્રદેશ છે **-યાવત્** - અનિન્દ્રિયના પ્રદેશ છે.

જે અજીવ છે તે બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે - (૧) રૂપી, (૨) અરૂપી.

જે રૂપી છે તે ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) સ્કન્ધ, (૨) સ્કન્ધ દેશ, (૩) સ્કન્ધ પ્રદેશ, (૪) પરમાણુ પુદ્ગલ.

જે અરૂપી છે તે પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) ધર્માસ્તિકાય છે, ધર્માસ્તિકાયના દેશ નથી.
(૨) ધર્માસ્તિકાયના પ્રદેશ છે.
(૩) અધર્માસ્તિકાય છે, અધર્માસ્તિકાયના દેશ નથી.
(૪) અધર્માસ્તિકાયના પ્રદેશ છે.
(૫) અદ્ધા સમયે કાળ દ્રવ્ય છે.

**लोगस्स चरिमाचरिम विभागा--**

१३९४. प. लोए णं भंते ! किं चरिमं, अचरिमं[2] ?

चरिमाइं, अचरिमाइं[3] ?

चरिमंत पएसे, अचरिमंत पएसे ?

**લોકના ચરમાચરમ વિભાગ :**

૧૩૯૪. પ્ર. ભગવન્ ! લોક શું ચરમ છે કે અચરમ છે ?

ચરિમા છે કે અચરિમા છે.

ચરિમાન્ત પ્રદેશ છે કે અચરિમાન્ત પ્રદેશ છે ?

---

૧. विया. स. २०, उ. २, सु. २
૨. 'ચરિમ' = અન્તિમ, 'ચરિમ' સદા બીજાની અપેક્ષાથી થાય છે. એટલે તે સાપેક્ષ શબ્દ છે.
૩. અચરિમ = મધ્યવર્તી 'અચરિમ' - સદા 'ચરિમ'ની અપેક્ષાથી થાય છે એટલે એ પણ સાપેક્ષ શબ્દ છે. ચરિમ અને અચરિમ - એ બન્ને પારિભાષિક શબ્દ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! लोए नो चरिमे, नो अचरिमे,
नो चरिमाइं, नो अचरिमाइं,
नो चरिमंत पएसे, नो अचरिमंत पएसे[1]।
नियमा- अचरिमं, चरिमाणि य,
चरिमंत पएसे य, अचरिमंत पएसे य[2]।
-- पण्ण. प. १०, सु. ७७६

ઉ. ગૌતમ ! લોક ન(તો)ચરિમ છે, ન(તો)અચરિમ છે,
ન (તો) ચરિમા છે કે ન અચરિમા છે.
ન ચરિમાન્ત પ્રદેશ છે, ન અચરિમાન્ત પ્રદેશ છે.
લોક નિશ્ચિત રૂપે અચરિમ છે, અનેક ચરિમ છે.
ચરિમાન્ત પ્રદેશ છે. અચરિમાન્ત પ્રદેશ છે.

**अलोगस्स चरिमा चरम परूवणं -**

१३९५. प. अलोए णं भंते ! किं चरिमे, अचरिमे, चरिमाइं, अचरिमाइं, चरिमंतपएसे, अचरिमंतपएसे ?

उ. गोयमा ! अलोए नो चरिमे, नो अचरिमे,
नो चरिमाइं, नो अचरिमाइं,
नो चरिमंत पएसे, नो अचरिमंत पएसे।
नियमा- अचरिमं, चरिमाणि य, चरिमंतपएसे य, अचरिमंतपएसे य।[3]
- पण्ण. प. १०, सु. ७७६

**અલોકના ચરમાચરમનો પ્રરૂપણ :**

૧૩૯૫. પ્ર. અલોક શું ચરિમ છે, અચરિમ છે. ચરિમા છે, અચરિમા છે ? ચરિમાન્ત પ્રદેશ છે, અચરિમાન્ત પ્રદેશ છે ?

ઉ. ગૌતમ ! અલોક (ન) તો ચરિમ છે, ન (તો) અચરિમા છે.
ન (તો) ચરિમા છે, ન (તો) અચરિમા છે.
ન (તો) ચરિમાન્ત પ્રદેશ છે, ન અચરિમાન્ત પ્રદેશ છે.
અલોક નિશ્ચિત રૂપે - અચરિમ છે, અનેક ચરિમ છે. ચરિમાન્ત પ્રદેશ છે, અચરિમાન્ત પ્રદેશ છે.

**लोगस्स चरिमाचरिमपयाणं अप्प-बहुत्तं--**

१३९६. प. लोगस्स णं भंते ! अचरिमस्स य, चरिमाण य, चरिमंत पएसाण य, अचरिमंत पएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्व- पएसट्ठयाए, कयरे कयरेहिंतो अप्पा वा, बहुया वा, तुल्ला वा, विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे लोगस्स दव्वट्ठयाए एगे अचरिमे,
चरिमाइं असंखेज्जगुणाइं,
अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं।
**पएसट्ठयाए** सव्वत्थोवा चरिमंत पएसा।

**લોકના ચરમાચરમ પદોનું અલ્પ-બહુત્વ :**

૧૩૯૬. પ્ર. ભગવન્ ! લોકના અચરિમ, ચરિમ, ચરિમાન્ત પ્રદેશ, અચરિમાન્ત પ્રદેશ, દ્રવ્યની અપેક્ષાએ પ્રદેશની અપેક્ષાએ, દ્રવ્ય તેમજ પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, અધિક, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ સહુથી અલ્પ લોકનો એક અચરિમ છે.
ચરિમા અસંખ્યાત ગુણ છે.
અચરિમ અને અનેક ચરિમ એ બન્ને વિશેષાધિક છે.
**પ્રદેશની અપેક્ષાથી** - બધાથી અલ્પ ચરિમાન્ત પ્રદેશ છે.

---

૧. લોકની જે અખંડ રૂપથી વિવક્ષા કરવામાં આવે તો પ્રશ્નસૂત્ર ગત છ વિકલ્પોનો સર્વથા નિષેધ છે.
૨. (ક) લોક અસંખ્યાત પ્રદેશાવગાઢ છે એટલે તેમની અવયવ, અવયવી ભાવથી વિવક્ષા કરવામાં આવે તો લોકના છેલ્લા ખંડોના મધ્યમાં લોકના જે એક વિશાળ ખંડ છે તે એક વચનાન્ત "અચરિમ" છે.
(ખ) લોકના અનેક અન્તિમ ખંડ છે તે બહુવચનાન્ત 'ચરિમ' છે.
(ગ) પ્રદેશોની અપેક્ષાથી લોકની વિવક્ષા કરવામાં આવે તો લોકના અન્તમાં રહેલા ખંડોના જે પ્રદેશ છે તે ચરિમાન્ત પ્રદેશ છે. લોકના મધ્યવર્તી ખંડોના જે પ્રદેશ છે તે 'અચરિમાન્ત પ્રદેશ' છે.
(ઘ) ઉપર અંકિત સૂત્રાંકમાં - 'लोगे वि एवं चेव' એ સંક્ષિપ્ત વાચનાનો પાઠ છે - એટલે અહીં સૂત્ર ૭૭૫ના આધારથી મૂળ સૂત્રને વ્યવસ્થિત કરવામાં આવ્યું છે.
૩. (ક) લોકના ટિપ્પણોની સમાન અલોકના પણ ટિપ્પણો છે.
(ખ) ઉપર અંકિત સૂત્રાંકમાં 'एवं अलोगे वि' આ સંક્ષિપ્ત વાચનાનો પાઠ છે - એટલે અહીં સૂત્ર ૭૫૫ની અનુસાર મૂળપાઠ વ્યવસ્થિત કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अचरिमंत पएसा असंखेज्जगुणा।

चरिमंतपएसा य, अचरिमंतपएसा य दो वि विसेसाहिया।

दव्वट्ठपएसट्ठयाए सव्वत्थोवे।

दव्वट्ठयाए एगे अचरिमे,

चरिमाइं असंखेज्जगुणाइं,

अचरिमं च चरिमाणि य दोवि विसेसाहियाइं,

चरिमंतपएसा असंखेज्जगुणा,

अचरिमंतपएसा असंखेज्जगुणा,

चरिमंतपएसा य, अचरिमंतपएसा य दो वि विसेसाहिया।[1]

- पण्ण. प. १०, सु. ७७८

અચરિમાન્ત પ્રદેશ અસંખ્યાત ગુણા છે.

ચરિમાન્ત પ્રદેશ અને અચરિમાન્ત પ્રદેશ એ બન્ને વિશેષાધિક છે.

દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ સહુથી અલ્પ છે.

દ્રવ્યની અપેક્ષાએ એક અચરિમ છે.

ચરિમ અસંખ્ય ગુણા છે.

અચરિમ અને ચરિમ એ બન્ને વિશેષાધિક છે.

ચરિમાન્ત પ્રદેશ અસંખ્યગુણા છે.

અચરિમાન્ત પ્રદેશ અસંખ્યગુણા છે.

ચરિમાન્ત પ્રદેશ અને અચરિમાન્ત પ્રદેશ એ બન્ને વિશેષાધિક છે.

**अलोगस्स चरिमाचरिम पयाणं अप्पबहुत्तं--**

१३९७. प. अलोगस्स णं भंते ! अचरिमस्स य, चरिमाण य, चरिमंतपएसाण य, अचरिमंतपएसाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा, तुल्ला वा विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे अलोगस्स,

**दव्वट्ठयाए** एगे अचरिमे,

चरिमाइं असंखेज्जगुणाइं,

अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियं।

**पएसट्ठयाए-** सव्वत्थोवा अलोगस्स चरिमंत पएसा,

अचरिमंत पएसा अनन्तगुणा,

चरिमंत पएसा य, अचरिमंतपएसा य दो वि विसेसाहिया।

**दव्वट्ठपएसट्ठयाए** - सव्वत्थोवे अलोगस्स एगे अचरिमे।

चरिमाइं असंखेज्जगुणाइं,

अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं।

चरिमंत-पएसा असंखेज्जगुणा,

अचरिमंतपएसा अणंतगुणा,

चरिमंत पएसा य अचरिमंतपएसा य दो वि विसेसाहिया। --पण्ण. प. १०, सु. ७७९

**અલોકના ચરમાચરમ પદોનું અલ્પ - બહુત્વ :**

૧૩૯૭. પ્ર. ભગવન્ ! અલોકના અચરિમ ચરિમ, ચરિમાન્ત પ્રદેશ અને અચરિમાન્ત પ્રદેશ, દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ, દ્રવ્ય તેમજ પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, અધિક છે, તુલ્ય છે કે વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! સર્વથી અલ્પ અલોક છે. **દ્રવ્યની અપેક્ષાથી** - એક અચરિમ છે.

ચરિમ અસંખ્ય ગુણા છે.

અચરિમ અને ચરિમ એ બે વિશેષાધિક છે.

**પ્રદેશની અપેક્ષાએ** - સર્વથી અલ્પઅલોકના ચરિમાન્ત પ્રદેશ છે.

ચરિમાન્ત પ્રદેશ અનન્ત ગુણા છે.

ચરિમાન્ત પ્રદેશ અને અચરિમાન્ત પ્રદેશ એ બન્ને વિશેષાધિક છે.

**દ્રવ્ય તેમજ પ્રદેશની અપેક્ષાએ** - સર્વથી અલ્પ અલોકનો એક અચરિમ છે.

ચરિમ અસંખ્ય ગુણા છે.

અચરિમ અને ચરિમ એ બન્ને વિશેષાધિક છે.

ચરિમાન્ત પ્રદેશ અસંખ્યગુણા છે.

અચરિમાન્ત પ્રદેશ અનન્ત ગુણા છે.

ચરિમાન્ત પ્રદેશ અને અચરિમાન્ત પ્રદેશ એ બન્ને વિશેષાધિક છે.

---

૧. આ સૂત્રાંકમાં 'लोगस्स य एवं चेव' એ સંક્ષિપ્ત વાચનાનો પાઠ છે. તે માટે સૂત્રાંક ૭૭૭ના મૂળ પાઠથી વ્યવસ્થિત કરવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**लोगालोगस्स चरिमाचरिमपयाणं अप्प-बहुत्तं--**

१३९८. प. लोगालोगस्स णं भंते! अचरिमस्स य चरिमाण य, चरिमंत पएसाण य, अचरिमंत पएसाण य, दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठ पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा, बहुया वा, तुल्ला वा, विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवे लोगालोगस्स--

**दव्वट्ठयाए** एगमेगे अचरिमे,

लोगस्स चरिमाइं असंखेज्जगुणाइं,

अलोगस्स चरिमाइं विसेसाहियाइं,

लोगस्स य अलोगस्स य अचरिमं च चरिमाणि य दो वि विसेसाहियाइं।

**पएसट्ठयाए** सव्वत्थोवा लोगस्स चरिमंत पएसा,

अलोगस्स चरिमंत पएसा विसेसाहिया,

लोगस्स अचरिमंत पएसा असंखेज्जगुणा,

अलोगस्स अचरिमंत पएसा अनन्तगुणा,

लोगस्स य, अलोगस्स य, चरिमंत पएसा य, अचरिमंत पएसा य दो वि विसेसाहिया।

**दव्वट्ठ-पएसट्ठयाए** - सव्वत्थोवे लोगालोगस्स,

**दव्वट्ठयाए** एगमेगे अचरिमे,

लोगस्स चरिमाइं असंखेज्जगुणाइं,

अलोगस्स चरिमाइं विसेसाहियाइं,

लोगस्स य, अलोगस्स य, अचरिमं च, चरिमाणि य दो वि विसेसाहियाइं।

लोगस्स चरिमंत पएसा असंखेज्जगुणा,

अलोगस्स चरिमंत पएसा विसेसाहिया,

लोगस्स अचरिमंत पएसा असंखेज्जगुणा,

अलोगस्स अचरिमंत पएसा अणंतगुणा,

लोगस्स य अलोगस्स य, चरिमंत पएसा य, अचरिमंत पएसा य दो वि विसेसाहिया,

सव्व दव्वा विसेसाहिया,

**લોકાલોકના ચરમાચરમ પદોનું અલ્પ - બહુત્વ :**

૧૩૯૮. પ્ર. ભગવન્ ! લોકાલોકના અચરિમ, ચરિમ, ચરમાન્ત પ્રદેશ અને અચરમાન્ત પ્રદેશ, દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ, દ્રવ્ય તેમજ પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, અધિક, તુલ્ય કે વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાથી** - બધાથી અલ્પ લોકાલોકનું એક અચરિમ છે.

લોકનું ચરિમ અસંખ્ય ગુણા છે.

અલોકનું ચરિમ વિશેષાધિક છે.

લોકના અને અલોકના અચરિમ અને ચરિમ એ બન્ને વિશેષાધિક છે.

**પ્રદેશોની અપેક્ષાએ** - બધાથી અલ્પ લોકના ચરિમાન્ત પ્રદેશ છે.

અલોકના ચરિમાન્ત પ્રદેશ વિશેષાધિક છે.

લોકના અચરિમાન્ત પ્રદેશ અસંખ્ય ગુણા છે.

અલોકના અચરિમાન્ત પ્રદેશ અનન્ત ગુણા છે.

લોકના અને અલોકના ચરમાન્ત પ્રદેશ અને અચરમાન્ત પ્રદેશ એ બન્ને વિશેષાધિક છે.

**દ્રવ્ય તેમજ પ્રદેશની અપેક્ષાએ** - બધાથી અલ્પ લોકાલોક છે.

**દ્રવ્યની અપેક્ષાએ** - એક અચરિમ છે.

લોકના ચરિમ અસંખ્યગુણા છે.

અલોકના ચરિમ વિશેષાધિક છે.

લોક, અલોક, અચરમ અને ચરમ એ બન્ને વિશેષાધિક છે.

લોકના ચરમાન્ત પ્રદેશ અસંખ્ય ગુણા છે.

અલોકના ચરમાન્ત પ્રદેશ વિશેષાધિક છે.

લોકના અચરમાન્ત પ્રદેશ અસંખ્ય ગુણા છે.

અલોકના અચરમાન્ત પ્રદેશ અનન્ત ગુણા છે.

લોક અને અલોકના ચરમાન્ત પ્રદેશ અને અચરમાન્ત પ્રદેશ એ બન્ને વિશેષાધિક છે.

સર્વ દ્રવ્ય વિશેષાધિક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्व पएसा अनंतगुणा,

सव्व पज्जवा अनंतगुणा।

-- पण्ण. प. १०, सु. ७८०

सर्व प्रदेश अनन्तगुणा छे.

सर्व पर्यव अनन्त गुणा छे.

**लोय-अलोय-ओवासंतराईणं पुव्वाऽवरविसए (रोह अणगारपण्हाणं समाहाणं)-**

१३९९. तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी रोहे णामं अणगारे पगइभद्दए पगइमउए पगइविणीए पगइउवसंते पगइपतणुकोह-माण- माय- लोभे मिउमद्दवसंपन्ने अल्लीणे भद्दए, विणीए समणस्स भगवओ महावीरस्स अदूर-सामंते उड्ढं जाणू अहोसिरे झाणकोट्ठोवगए संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ।

तए णं से रोहे नामं अणगारे जायसड्ढे **-जाव-** पज्जुवासमाणे एवं वयासी-

प. पुव्विं णं भंते ! लोए ? पच्छा अलोए ? पुव्विं अलोए ? पच्छा लोए ?

उ. रोहा ! लोए य अलोए य पुव्विं पेते, पच्छा पेते, दो वि ते सासया भावा- अणाणुपुव्वी एसा रोहा !

प. पुव्विं भंते ! लोअंते ? पच्छा अलोअंते ? पुव्विं अलोअंते ? पच्छा लोअंते ?

उ. रोहा ! लोयंते य अलोयंते य पुव्विं पेते, पच्छा पेते, दो वि ते सासया भावा-अणाणुपुव्वी एसा रोहा !

प. पुव्विं भंते ! लोअंते ? पच्छा सत्तमे ओवासंतरे ? पुव्विं सत्तमे ओवासंतरे ? पच्छा लोयंते ?

उ. रोहा ! लोअंते य सत्तमे य ओवासंतरे पुव्विं पेते पच्छा पेते, दो वि ते सासया भावा- अणाणुपुव्वी एसा रोहा !

**एवं लोअंते य सत्तमे य तणुवाते।**

**एवं घणवाते, घणोदही सत्तमा पुढवी।**

**एवं लोअंते एक्केक्केणं संजोएयव्वे इमेहिं ठाणेहिं, तं जहा--**

**લોક અલોક અને અવકાશાન્તર આદિમાં પૂર્વાપર કોણ ? (આ અંગે રોહ અણગારના પ્રશ્નોનું સમાધાન) :**

૧૩૯૯. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી રોહ નામના અણગાર જે ભદ્રપ્રકૃતિ, મૃદુ પ્રકૃતિ, વિનીત પ્રકૃતિ, ઉપશાંત પ્રકૃતિ, અલ્પ ક્રોધ-માન - માયા - લોભ પ્રકૃતિ, મૃદુ - માર્દવ સમ્પન્ન, અલિપ્ત, ભદ્ર તેમજ વિનીત હતા. તે શ્રમણ ભગવાન મહાવીરની સમીપ ઊર્ધ્વ જંઘો તથા અધોશિર કરીને ધ્યાનમગ્ન થયા અને સંયમ તેમજ તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા એવા સ્થિર હતા.

તદનન્તર તે રોહ અણગાર શ્રદ્ધાયુક્ત **-યાવત્ -** પર્યુપાસના કરતા એવા એ પ્રમાણે બોલ્યો -

પ્ર. હે ભગવન્ ! લોક પહેલો છે કે અલોક પાછળનો છે, અલોક પહેલો છે કે લોક પાછળનો છે ?

ઉ. હે રોહ ! લોક તથા અલોક પહેલો પણ છે અને પાછળનો પણ છે - એ બન્ને શાશ્વત ભાવ છે. હે રોહ ! આ અનાનુપૂર્વી છે અર્થાત્ એ પહેલો અને પાછળનો- એવો એનો કોઈ ક્રમ નથી.

પ્ર. હે ભગવન્ ! પહેલો લોકાન્ત છે અને પાછળનો અલોકાન્ત છે કે પહેલો અલોકાન્ત છે અને પાછળનો લોકાન્ત છે ?

ઉ. હે રોહ ! લોકાન્ત અને અલોકાન્ત પહેલો પણ છે અને પાછળનો પણ છે - એ બન્ને શાશ્વતભાવ છે. હે રોહ ! એ અનાનુપૂર્વી છે.

પ્ર. હે ભગવન્ ! પહેલો લોકાન્ત છે અને પાછળનો સપ્તમ અવકાશાન્તર છે કે - પહેલો સપ્તમ અવકાશાન્તર છે અને પાછળનો લોકાન્ત છે ?

ઉ. હે રોહ ! લોકાન્ત અને સપ્તમ અવકાશાન્તર પહેલો પણ છે અને પાછળનો પણ છે-એ બન્ને શાશ્વત ભાવ છે. હે રોહ ! એ અનાનુપૂર્વી છે.

**આ પ્રકારે લોકાન્ત અને સપ્તમ તનુવાત છે.**

**આ પ્રકારે ઘનવાત, ઘનોદધિ અને સપ્તમ પૃથ્વી છે.**

**આ પ્રકારે એ (આગળ કહેવામાં આવનાર) સ્થાનોમાંથી પ્રત્યેકની સાથે લોકાન્તને સંયુક્ત કરવો જોઈએ, જેમકે -**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गाहाओ--**

**ओवास वात घण उदहि,**
**पुढवि, दीवा य सागरा वासा।**
**नेरइयादि अत्थि य,**
**समया कम्माइं लेस्साओ ॥**
**दिट्ठी दंसण णाणा, सण्ण सरीरा य जोग उवओगे।**
**दव्व पदेसा पज्जव अद्धा।**

प. किं पुव्विं लोयंते **-जाव-** पच्छा अद्धा ?

उ. पुव्विं पेते, पच्छा पेते दो वि ते सासया भावो अणाणुपुव्वी एसा रोहा !

प. पुव्विं भंते ! लोयंते ? पच्छा सव्वद्धा ?

उ. पुव्विं पेते पच्छा पेते **-जाव-** अणाणुपुव्वी एसा रोहा !

रोहा ! **जहा लोयंतेणं संजोइया सव्वे ठाणा एते, एवं अलोयंतेण वि संजोएयव्वा सव्वे।**

प. पुव्विं भंते ! सत्तमे ओवासंतरे ? पच्छा सत्तमे तणुवाते ?

उ. पुव्विं पेते, पच्छा पेते**-जाव-** अणाणुपुव्वी एसा रोहा !

रोहा ! **एवं सत्तमं ओवासंतरे सव्वेहिं समं संजोएयव्वे- जाव-सव्वद्धाए।**

प. पुव्विं भंते ! सत्तमे तणुवाते ? पच्छा सत्तमे घणवाते ?

उ. पुव्विं पेते, पच्छा पेते**-जाव-**अणाणुपुव्वी एसा रोहा !

**एयं पि तहेव नेयव्वं-जाव-सव्वद्धा।**

एवं उवरिल्लं एक्केक्कं संजोयंतेणं जो जो हेट्ठिल्लो तं तं छड्डंतेणं **नेयव्वं-जाव-अतीत-अणागतद्धा पच्छा सव्वद्धा -जाव- अणाणुपुव्वी एसा रोहा !**

सेवं भंते ! सेवं भंते ! त्ति **-जाव-** विहरति।

- भग.स. १, उ. ६, सु. १२-१३, १७-२४

**ગાથાર્થ-**

**(૧)અવકાશાન્તર, (૨)વાત, (૩)ઘનોદધિ, (૪) પૃથ્વી, (૫) દ્વીપ (૬)સાગર, (૭) વર્ષ (ક્ષેત્ર), (૮) નારકી આદિના ૨૪ દંડક, (૯) અસ્તિકાય (૧૦) સમય, (૧૧) કર્મ (૧૨) લેશ્યા.**
**(૧૩) દૃષ્ટિ, (૧૪) દર્શન, (૧૫) જ્ઞાન, (૧૬) સંજ્ઞા, (૧૭) શરીર, (૧૮) યોગ, (૧૯) ઉપયોગ, (૨૦) દ્રવ્ય, (૨૧) પ્રદેશ, (૨૨) પર્યવ અને (૨૩) કાળ.**

પ્ર. શું એ પહેલા લોક છે **-યાવત્-** અધ્ધા પાછળ છે ?

ઉ. પહેલા પણ છે અને પાછળ પણ છે - એ બન્ને શાશ્વત ભાવ છે. હે રોહ ! બન્ને અનાનુપૂર્વી છે.

પ્ર. હે ભગવન્ ! પહેલા લોકાન્ત અને પાછળ સર્વઅધ્ધા છે ?

ઉ. પહેલા પણ છે અને પાછળ પણ છે **-યાવત્ -** હે રોહ ! એ બન્ને અનાનુપૂર્વી છે.

હે રોહ ! **જે પ્રકારે ઉક્ત બધા સ્થાન લોકાન્તની સાથે સંયુક્ત કરવામાં આવ્યા છે, એ પ્રમાણે આ સર્વસ્થાન અલોકાન્તની સાથે પણ સંયુક્ત કરવા જોઈએ.**

પ્ર. હે ભગવન્ ! પહેલા સપ્તમ અવકાશાન્તર છે અને પાછળ સપ્તમ તનુવાત છે ?

ઉ. હે રોહ ! પહેલા પણ છે અને પાછળ પણ છે **-યાવત્-** એ બન્ને અનાનુપૂર્વી છે.

**એ પ્રમાણે હે રોહ ! સપ્તમ અવકાશાન્તર ને -યાવત્- સર્વ અધ્ધા પર્યંત સર્વની સાથે સંયુક્ત કરવા જોઈએ.**

પ્ર. હે ભગવન્ ! પહેલા સપ્તમ તનુવાત છે અને પાછળ સપ્તમ ઘનવાત છે ?

ઉ. એ પહેલા પણ છે અને પાછળ પણ છે **-યાવત્-** રોહ ! એ અનાનુપૂર્વી છે.

**એને પણ સર્વ અદ્ધા પર્યંત એ પ્રમાણે કહેવું જોઈએ.**

આ પ્રકારે ઉપરના એક-એકને સંયુક્ત કરતા એવા અને એક-એકને છોડીને કહેવું જોઈએ **-યાવત્- અતીત અનાગત અદ્ધા પાછળ સર્વ અદ્ધા -યાવત્ - હે રોહ ! એ અનાનુપૂર્વી છે.**

હે ભગવન્ ! હે ભગવન ! એ આ પ્રકારે **-યાવત્ -** વિચરણ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬

# માપ નિરૂપણ

સૂત્ર : ૧૪૦૦ થી ૧૪૧૦

પાના નં. ૪૧૭ થી ૪૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## माव-निरूवणं

### खेत्तप्पमाण परूवणं--

१४००. प. से किं तं खेत्तप्पमाणे ?

उ. खेत्तप्पमाणे दुविहे पण्णत्ते, तं जहा-

(१) पदेसनिप्फण्णे य, (२) विभागनिप्फण्णे य।

प. से किं तं पदेसनिप्फण्णे ?

उ. पदेसनिप्फण्णे- एग पदेसोगाढे-**जाव**-दस पदेसोगाढे, संखेज्जपदेसोगाढे, असंखेज्जपदेसोगाढे, **से तं पएस निप्फण्णे।**

प. से किं तं विभाग निप्फण्णे ?

उ. **संगहणी गाहा--**

(१) अंगुल, (२) विहत्थी,
(३) रयणी, (४) कुच्छी,
(५) धणु, (६) गाउयं च बोधव्वं।
(७) जोयण, (८) सेढी,
(९) पयरं, (१०) लोगमलोगे वि य तहेव।

१४०१. प. से किं तं अंगुले ?

उ. अंगुले तिविहे पण्णत्ते, तं जहा--

(१) आयंगुले, (२) उस्सेहंगुले, (३) पमाणंगुले।

प. से किं तं आयंगुले ?

उ. आयंगुले -- जे ण जया मणुस्सा भवंति, ते णं तया अप्पणो अंगुलेणं दुवालस अंगुलाइं मुहं; नवमुहाइं पुरिसे पमाणजुत्ते भवइ, दोणिए पुरिसे माणजुत्ते भवइ,

अद्धभारं तुलमाणे पुरिसे उम्माणजुत्ते भवइ।

**एत्थ संगहणी गाहाओ--**

## માપ–નિરૂપણ

### ક્ષેત્ર પ્રમાણ પ્રરૂપણ :

૧૪૦૦. પ્ર. ભગવન્ ! તે ક્ષેત્ર પ્રમાણ શું છે ?

ઉ. ક્ષેત્ર-પ્રમાણ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -
(૧)પ્રદેશનિષ્પન્નઅને(૨)વિભાગનિષ્પન્ન.

પ્ર. પ્રદેશ નિષ્પન્નનું સ્વરૂપ કેવું છે ?

ઉ. પ્રદેશ નિષ્પન્નનું સ્વરૂપ આ પ્રકારે છે - એક પ્રદેશાવગાઢ - **યાવત્** - દસ પ્રદેશાવગાઢ, સંખ્યાત પ્રદેશાવગાઢ તથા અસંખ્યાત પ્રદેશાવગાઢ-આપ્રદેશનિષ્પન્નનુંસ્વરૂપથયો.

પ્ર. વિભાગ નિષ્પન્નનું સ્વરૂપ કેવું છે ?

ઉ. (વિભાગનિષ્પન્નઅનેકપ્રકારનાછે, જેમકે-)
**સંગ્રહણી ગાથા -**

(૧) અંગુલ, (૨) વિતસ્તિ (બૈંત),
(૩) રત્ની, (૪) કુક્ષી,
(૫) ધનુ, (૬) ગાઉ (કોશ),
(૭) યોજન, (૮) શ્રેણી,
(૯) પ્રતર તથા (૧૦) લોક-અલોક.

૧૪૦૧. પ્ર. અંગુલનું સ્વરૂપ કેવું છે ?

ઉ. અંગુલ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-
(૧) આત્માંગુલ, (૨) ઉત્સેધાંગુલ, (૩) પ્રમાણાંગુલ.

પ્ર. આત્માંગુલ કેવું છે ?

ઉ. જે કાળમાં જે મનુષ્ય ઉત્પન્ન થાય છે, તેની પોતાની આંગળી આત્માંગુલ છે. પોતાના બાર અંગુલ પ્રમાણનો એક મુખ થાય છે. નવ મુખ- પ્રમાણ એક પુરૂષ થાય છે. દ્રોણી પ્રમાણ પુરૂષ માણ યુક્ત હોય છે.

આધેભાર પ્રમાણ તોલવામાં આવેલો પુરૂષ (તાંજવામાં બેઠેલા એવા પુરૂષ અધોભાર પ્રમાણ તોળવાથી) ઉન્માન યુક્ત હોય છે.

**સંગ્રહણી ગાથાઓ -**

---

૧. ઉક્ત કથનની અનુસાર ૧૦૮ આત્માંગુલની ઊંચાઈવાળો પુરૂષ પ્રમાણ હોય છે. દ્રોણી પુરૂષનો અર્થ છે - એક દ્રોણી (જલકુંડ-હોજ) પરિપૂર્ણ જલથી ભરેલા હોય ત્યારે કોઈ પુરૂષ એમાં પ્રવેશ કરે તો એક દ્રોણ પ્રમાણ જલ બહાર નીકળી જાય, એ પુરૂષનું પ્રમાણ દ્રોણિક માત્ર અર્થાત્ એ પુરૂષને 'પ્રમાણ પુરૂષ' માનવામાં આવે છે. - અનુયોગ ટીકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

माणुम्माणपमाणजुत्ता लक्खण-
वंजण-गुणेहिं उववेया ॥
उत्तमकुलप्पसूया,
उत्तमपुरिसा मुणेयव्वा ॥

માન-ઉન્માન-પ્રમાણથી યુક્ત, લક્ષણ (શંખ, સ્વસ્તિક વગેરે) વ્યંજન (તલ, અડધ વગેરે) તથા ગુણો (ઔદાર્યગાંભીર્ય વગેરે) થી સમ્પન્ન, ઉત્તમ કુલમાં ઉત્પન્ન પુરૂષ ઉત્તમ માનવામાં આવે છે.

होंति पुण अहिय पुरिसा,
अट्ठसयं अंगुलाण उव्विद्धा ॥
छण्णउइ अहमपुरिसा,
चउरूत्तर मज्झिमिल्ला उ ॥

એ ઉત્તમ પુરૂષ ૧૦૮ અંગુલ પ્રમાણ ઊંચા હોય છે. અધમ પુરૂષ ૯૬ અંગુલ તથા મધ્યમ ૧૦૪ અંગુલ ઊંચા હોય છે.

हीणा वा अहिया वा,
जे खलु-सर-सत्त- सारपरिहीणा ॥
ते उत्तमपुरिसाणं,
अवसा पेसत्तणमुवेंति ॥

એ હીન પુરૂષ તથા અધિક (મધ્યમ) પુરૂષ જે સ્વર-સત્વસાર-શુભ પુદ્ગલોથી હીન હોય છે તે પરાધીન રહીને ઉત્તમ પુરૂષોની પ્રેષ્યત્વ-સેવા- ચાકરી કરે છે.

एएणं अंगुलप्पमाणेणं छ अंगुलाइं पादो,

આ અંગુલ પ્રમાણથી છ અંગુલનો એક પાદ (પાવ),

दो पादा विहत्थी,

બે પાદની એક વિતસ્તિ,

दो विहत्थीओ रयणी,

બે વિતસ્તિની એક રત્નિ,

दो रयणीओ कुच्छी,

બે રત્નિની એક કુક્ષી,

दो कुच्छीओ दंडं, धणू, जुगे, नालिया अक्खमुसले,

બે કુક્ષી નો એક દંડ, એક ધનુષ્ય, એકયુગ, એક નાલિકા, એક અક્ષ તથા એક મૂસળ થાય છે. (બધા સમાનાર્થક)

दो धणुसहस्साइं गाउयं,

બે હજાર ધનુષનો એક ગવ્યૂત થાય છે.

चत्तारि गाउयाइं जोयणं ।

ચાર ગવ્યૂત (ગાઊ) નો એક યોજન થાય છે.

प. एएणं आयंगुलप्पमाणेणं किं पओयणं ?

પ્ર. આ આત્માંગુલ પ્રમાણથી કયા પ્રયોજનની સિદ્ધિ થાય છે ?

उ. एएणं आयंगुलप्पमाणेणं जे णं जया मणुस्सा भवंति, तेसि णं तया अप्पणो अंगुलेणं अगड-दह-नदी- तलाग-वावी-पुक्खरणी-दीहिया-गुंजालियाओ, सरा, सरपंतियाओ, सरसरपंतियाओ, बिलपंतियाओ, आरामुज्जाण-काणण-वण-वणसंड, वणराईओ, देवकुल- सभा-पवा-थूभ-खाइय-परिहाओ, पागारऽट्टालग-चरिय-दार-गोपुर-तोरण-पासाद-घर-सरण-लेण-आवण-सिंघाडग-तिय-चउक्क- चच्चर-चउमुह-महापह-पहा ।

ઉ. આ આત્માંગુલ પ્રમાણથી જે કાળમાં જે મનુષ્ય હોય છે એના પોતાની અંગુળીથી- કૂપ, દ્રહ, નદી, તાળાવ, વાવ, પુષ્કરિણી (કમળયુક્ત જલાશય) દીર્ઘિકા (લાંબી વાવડી) ગુંજાલિકા (વક્રાકાર વાવડી) સર, (પ્રાકૃતિક જલાશય) સરપંક્તિ, સરસરપંક્તિ, બિળ પંક્તિ, આરામ, ઉદ્યાન, કાનન, વન, વનખંડ, વનરાજિ, દેવકુળ, સભા, પ્રપા, સ્તૂપ, ખાઈ, પરિખા, પ્રાકાર, અટ્ટાલિકા, ચરિકા, દ્વાર, ગોપુર, તોરણ, પ્રાસાદ, ગૃહ, શરણ, લયન, હાટ, શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથ.

सगड-रह-जाण-जुग्ग-गिल्लि-थिल्लि-सीय-संदमाणिय- लोही-लोहकडाह-कडुच्छुय-आसण- सतण-खंभ- भंड-मत्तोवगरणमाइणि, अज्जकालिगाइं च जोयणाइं मविज्जंति ।

શકટ (ગાડુ) રથ, યાન, યુગ્મ, ગિલિ, થિલિ, શિબિકા, સ્યન્દમાનિકા, લોહી (લોઢી), લોખંડની કટારી, કટલ્લિકા (કટારી), આસન, સતણ, સ્તમ્ભ, ભાંડ, મત્તો પકરણ, (ગૃહોપયોગી સાધન) વગેરે પોત-પોતાના સમયમાં ઉત્પન્ન થયેલી વસ્તુઓ તથા યોજન આદિનું માપ - આત્માંગુલથી કરવામાં આવે છે.

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

से समासओ तिविहे पण्णत्ते, तं जहा--

(१) सूईअंगुले, (२) पयरंगुले, (३) घणंगुले।

(१) अंगुलायया एग पएसिया सेढी सूईअंगुले।

(२) सूई सूईए गुणिया पयरंगुले,

(३) पयरं सूईएगुणियं घणंगुले।

प. एएसि णंसूईअंगुल-पयरंगुल-घणंगुलाण य कयरे-कयरे हिंतो अप्पे वा-**जाव**-विसेसाहिए वा ?

उ. सव्वत्थोवे सूई अंगुले,

पयरंगुले असंखेज्जगुणे,
घणंगुले असंखेज्जगुणे,

**से तं आयंगुले।**

प. से किं तं उस्सेहंगुले ?

उ. उस्सेहंगुले अणेगविहे पण्णत्ते, तं जहा--

संगहणी गाहा--
(१) परमाणु, (२) तसरेणू,
(३) रहरेणू, (४) अग्गयं च वालस्स,
(५) लिक्खा, (६) जूया य, (७) जवो,
अट्ठगुणविवड्ढिया कमसो ॥

१४०२. प. से किं तं परमाणु ?

उ. परमाणु दुविहे पण्णत्ते, तं जहा--

(१) सुहुमे य, (२) वावहारिए य।

तत्थ णं जे सुहुमे से ठप्पे।

प. से किं तं वावहारिए ?

उ. वावहारिए अणंताणं सुहुम परमाणु पोग्गलाणं समुदय समिति समागमेणं से एगे वावहारिए परमाणु पोग्गले निप्फज्जइ।

प. से णं असिधारं वा खुरधारं वा ओगाहेज्जा ?

આ આત્માંગુલ સંક્ષેપમાં ત્રણ પ્રકારના છે, જેમકે -

(૧) સૂચ્યંગુલ, (૨) પ્રતરાંગુલ (૩) ઘનાંગુલ.

(૧) એક અંગુલ (આંગળ) લાંબી તથા બાહલ્ય (અધિકતા) ની અપેક્ષા એક પ્રદેશ પ્રમાણ (મોટી) પ્રદેશ શ્રેણીનું નામ સૂચ્યંગુલ છે.

(૨) સૂચ્યંગુલને સૂચ્યંગુલ વડે ગુણવાથી પ્રતરાંગુલ થાય છે.

(૩) પ્રતરને સૂચ્યંગુલથી ગુણવાથી ઘનાંગુલ થાય છે.

પ્ર. એ સૂચ્યંગુલ-પ્રતરાંગુલ-ઘનાંગુલમાંથી કોણ કોનાથી અલ્પ છે **-યાવત્-**કોણ કોનાથી વિશેષાધિક છે ?

ઉ. બધાથી ઓછુ સૂચ્યંગુલ છે.

સૂચ્યંગુલથી અસંખ્યાતગુણા પ્રતરાંગુલ છે.
પ્રતરાંગુલથી અસંખ્યાતગુણા ઘનાંગુલ છે.

**આ આત્માંગુલનું વર્ણન થયું.**

પ્ર. ઉત્સેધાંગુલ શું છે ?

ઉ. ઉત્સેધાંગુલ અનેક પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

સંગ્રહણી ગાથા :
(૧) પરમાણુ, (૨) ત્રસરેણુ,
(૩) રથરેણુ, (૪) બાલાગ્ર,
(૫) લિક્ષા, (૬) યૂકા, (૭) યવ.
એ ક્રમશઃ ઉત્તરોત્તર આઠ ગુણા છે.

૧૪૦૨. પ્ર. પરમાણુનું સ્વરૂપ કેવું છે ?

ઉ. પરમાણુના બે પ્રકાર છે, જેમકે -

(૧) સૂક્ષ્મ અને (૨) વ્યાવહારિક પરમાણુ.

જે સૂક્ષ્મ પરમાણુ છે, તે અવ્યાખ્યેય છે. એટલે એનું વર્ણન કરવામાં આવ્યું નથી.

પ્ર. વ્યાવહારિક પરમાણુ શું છે ?

ઉ. તે વ્યાવહારિક પરમાણુ અનન્તાનન્ત સૂક્ષ્મ પરમાણુ પુદ્ગલોના સમુધ્ય સમિતિ સમાગમ - એકી ભવન રૂપ સંયોગાત્મક મળવાથી ઉત્પન્ન થાય છે.

પ્ર. શું તે વ્યાવહારિક પરમાણુ તલવાર કે છરાની ધારનું અવગાહન કરી શકે છે ?

उ. हंता, ओगाहेज्जा।

प. से णं तत्थ छिज्जेज्ज वा, भिज्जेज्ज वा ?

उ. नो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमति।

प. से णं तत्थ अगणिकायस्स मज्झं मज्झेणं वीईवएज्जा ?

उ. हंता, वीईवएज्जा।

प. से णं तत्थ डहेज्जा ?

उ. नो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

प. से णं पुक्खल संवट्टस्स महामेहस्स मज्झं मज्झेणं वीईवएज्जा ?

उ. हंता, वीईवएज्जा।

प. से णं तत्थ उदउल्ले सिया ?

उ. नो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

प. से णं गंगाए महाणईए पडिसोयं हव्वमागच्छेज्जा ?

उ. हंता, हव्वमागच्छेज्जा।

प. से णं तत्थ विणिघायमावज्जेज्जा ?

उ. नो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

प. से णं उदगावत्तं वा, उदगबिंदु वा ओगाहेज्जा ?

उ. हंता, ओगाहेज्जा।

प. से णं तत्थ कुच्छेज्ज वा परियावज्जेज्ज वा ?

उ. नो इणट्ठे समट्ठे, नो खलु तत्थ सत्थं कमइ।

एत्थ संगहणी गाहा--

सत्थेण सुतिक्खेण वि छेत्तुं,
भेत्तुं व जं किर न सक्का।
तं परमाणु, सिद्धावयंति,
आई पमाणाणं ॥

१४०३. अणंताणं वावहारियपरमाणु पोग्गलाणं समुदय-समितिसमा-गमेणं सा एगा उस्सण्हसण्हिया इ वा, सण्हसण्हिया इ वा, उड्ढरेणु इ वा, तसरेणू इ वा, रहरेणू इ वा।

ઉ. હા, કરી શકે છે.

પ્ર. શું તે એનાથી છિન્ન (બે ટુકડા) અથવા ભેદી શકાય છે ?

ઉ. એવું સંભવ નથી. એના પર શસ્ત્રનો પ્રભાવ પડતો નથી.

પ્ર. શું તે (વ્યાવહારિક પરમાણુ) અગ્નિકાયના મધ્યભાગથી નીકળી શકે છે ?

ઉ. હા, નીકળી શકે છે.

પ્ર. શું તે અગ્નિકાય વડે બળી શકે છે ?

ઉ. ના, એવો સંભવ નથી. એના પર શસ્ત્રનો પ્રભાવ પડતો નથી.

પ્ર. શું તે પુષ્કલ સંવર્તક મહામેઘની વચોવચ્ચમાંથી નીકળી શકે છે ?

ઉ. હા, નીકળી શકે છે.

પ્ર. શું તે પાણીથી ભીંજાય છે ?

ઉ. ના, આ અર્થ સમર્થ નથી. એના પર શસ્ત્રનો પ્રભાવ પડતો નથી.

પ્ર. શું તે ગંગા મહાનદીના પ્રવાહની વચ્ચમાંથી (પ્રતિસ્ત્રોતથી) શીઘ્ર પણે જઈ શકે છે ?

ઉ. હા, જઈ શકે છે.

પ્ર. શું તે પ્રતિસ્ત્રોતમાં ચાલવાથી પ્રતિસ્ખલનાને પ્રાપ્ત કરે છે ?

ઉ. ના, આ અર્થ સમર્થ નથી. એના પર શસ્ત્રનો પ્રભાવ પડતો નથી.

પ્ર. શું તે ઉદકાવર્ત (જળવમળ) થી અથવા ઉદકબિંદુમાં અવગાહિત થઈ શકે છે ?

ઉ. હા, થઈ શકે છે.

પ્ર. શું તે ત્યાં સડી જાય છે કે જલરૂપમાં પરિણત (ફેરવાઈ) જાય છે ?

ઉ. ના, આ અર્થ સમર્થ નથી. એના પર શસ્ત્રનો પ્રભાવ પડતો નથી.

અહીં સંગ્રહણી ગાથા છે -

કેવળજ્ઞાનીઓએ કહ્યું છે - પરમાણુ સુતીક્ષ્ણશસ્ત્ર વડે પણ છેદી-ભેદી નથી જઈ શકતો. આ પરમાણુ પ્રમાણોમાં આદિ પ્રમાણ છે. (અર્થાત્ બધા પ્રમાણોની ગણના એના આધાર પર કરવામાં આવે છે.)

૧૪૦૩. અનન્તાનન્ત વ્યાવહારિક પરમાણુ પુદ્‌ગલોના સંયોગથી જે ઉત્પન્ન થાય છે, તે એક ઉત્‌શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણિકા છે. શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, ઊર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ આદિ (અંગે) ક્રમશઃ જાણવું જોઈએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अट्ठ उस्सण्ह सण्हियाओ सा एगा सण्हसण्हिया ।

अट्ठ सण्हसण्हियाओ सा एगा उड्ढरेणू ।

अट्ठ उड्ढरेणूओ सा एगा तसरेणू ।

अट्ठ तसरेणूओ सा एगा रहरेणू ।

अट्ठ रहरेणूओ देवकुरू-उत्तरकुरूयाणं मणुयाणं से एगे बालग्गे ।

अट्ठ देवकुरू-उत्तरकुरूयाणं मणुयाणं बालग्गा हरिवास- रम्मगवासाणं मणुयाणं से एगे बालग्गे ।

अट्ठ हरिवास-रम्मगवासाणं मणुयाणं बालग्गा हेमवय हेरण्ण-वयवासाणं मणुयाणं से एगे बालग्गे ।

अट्ठ हेमवय-हेरण्णवयवासाणं मणुयाणं बालग्गा, पुव्वविदेह अवरविदेहाणं मणुयाणं से एगे बालग्गे ।

अट्ठ पुव्वविदेह-अवरविदेहाणं मणुयाणं बालग्गा भरहेरवयाणं मणुयाणं से एगे बालग्गे ।

अट्ठ भरहेरवयाणं मणुयाणं बालग्गा सा एगा लिक्खा ।

अट्ठ लिक्खाओ सा एगा जूया ।

अट्ठ जूयाओ से एगे जवमज्झे ।

अट्ठ जवमज्झे से एगे उस्सेहंगुले ।

**एएणं** अंगुलपमाणेणं छ अंगुलाइं पादो ।

बारस अंगुलाइं विहत्थी ।

चउवीसं अंगुलाइं रयणी ।

अडयालीसं अंगुलाइं कुच्छी ।

छण्णउई अंगुलाइं से एगे दंडे इ वा, धणू इ वा, जुगे इ वा, नालिया इ वा, अक्खे इ वा, मुसले इ वा ।

एएणं धणुप्पमाणेणं दो धणुसहस्साइं गाउयं । चत्तारि गाउयाइं जोयणं ।

१४०४. प. एएणं उस्सेहंगुलेणं किं पओयणं ?

उ. एएणं उस्सेहंगुलेणं णेरइय-तिरिक्ख जोणिय-मणूस- देवाणं सरीरोगाहणाओ मविज्जंति ।

-- अणु. सु. ३३०-३४६

આઠ ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકામાંથી એક શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા,

આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકામાંથી એક ઊર્ધ્વરેણુ,

આઠ ઊર્ધ્વરેણુંથી એક ત્રસરેણુ,

આઠ ત્રસરેણુથી એક રથરેણુ,

આઠ રથરેણુ પ્રમાણ દેવકુરૂ-ઉત્તરકુરૂના મનુષ્યોનો એક બાલાગ્ર થાય છે.

દેવકુરૂ-ઉત્તરકુરૂના મનુષ્યોના આઠ બાલાગ્ર પ્રમાણ હરિવર્ષ-રમ્યક્વર્ષના મનુષ્યોનો એક બાલાગ્ર થાય છે.

હરિવર્ષ-રમ્યક્વર્ષના મનુષ્યોના આઠ બાલાગ્ર પ્રમાણ હેમવત-હૈરણ્યવત ક્ષેત્રના મનુષ્યોનો એક બાલાગ્ર થાય છે.

હેમવત - હૈરણવતના મનુષ્યોના આઠ બાલાગ્ર પ્રમાણ પૂર્વવિદેહ એક અપર વિદેહના મનુષ્યોનો એક બાલાગ્ર થાય છે.

પૂર્વવિદેહ-અપર વિદેહના મનુષ્યોના આઠ બાલાગ્ર પ્રમાણ ભરત - ઐરવતના મનુષ્યોના એક બાલાગ્ર થાય છે.

ભરત - ઐરવતના મનુષ્યોના આઠ બાલાગ્ર પ્રમાણ (રૂપ) એક લિક્ષા થાય છે.

આઠ લિક્ષા પ્રમાણ (બરાબર) એક યૂકા,

આઠ યૂકા પ્રમાણ (બરાબર) એક યવમધ્ય,

આઠ યવમધ્યનો એક ઉત્સેધાંગુલ,

**આ ક્રમેથી**-છ અંગુલો (આંગળ) નો એક પાદ થાય છે.

બાર અંગુલ (૨ પાદ) ની એક વિતસ્તિ,

ચોવીસ અંગુલની એક રયણી = રત્નિ,

અડતાલીસ અંગુલની એક કુક્ષિ,

છન્નુ અંગુલ (બરાબર) એક દંડ, એ પ્રમાણે એક ધનુષ્ય, એક યુગ, એક નાલિકા, એક અક્ષ તથા એક મૂશલ થાય છે.

આ ધનુષ પ્રમાણથી બે હજાર ધનુષનું એક ગવ્યૂત (ગાઉ) તથા- ચાર ગવ્યૂત (ગાઉ-ક્રોશ બરાબર) એક યોજન થાય છે.

૧૪૦૪. પ્ર. ભગવન્ !આ ઉત્સેધા ગુલનું શું પ્રયોજન છે ?

ઉ. આ ઉત્સેધાંગુલથી નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવોના શરીરની અવગાહના માપવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उस्सेहंगुलस्सपगारा -**

१४०५. से समासओ तिविहे पण्णत्ते, तं जहा--

(१) सूईअंगुले, (२) पयरंगुले, (३) घणंगुले।

(१) अंगुलायया एगपएसिया सेढी सूईअंगुले।

(२) सूई सूईए गुणिया पयरंगुले।

(३) पयरं सूईए गुणियं घणंगुले।

१४०६. प. एएसि णं सूईअंगुल-पयरंगुल-घणंगुलाणं कयरे कयरेहिंतो अप्पे वा-जाव-विसेसाहिए वा ?

उ. सव्वत्थोवे सूईअंगुले,
पयरंगुले असंखेज्जगुणे,
घणंगुले असंखेज्जगुणे,
**से तं उस्सेहंगुले,**

**पमाणंगुले--**

१४०७. प. से किं तं पमाणंगुले ?

उ. पमाणंगुले-एगमेगस्स णं रण्णो चाउरंत-चक्कवट्टिस्स अट्ठ सोवण्णिए कागिणिरयणे दुवालसंसिए अट्ठकण्णिए अहिगरणिसंठाणसंठिए पण्णत्ते।

तस्स णं एगमेगा कोडी उस्सेहंगुल विक्खंभा,

तं समणस्स भगवओ महावीरस्स अद्धंगुलं; तं सहस्सगुणं पमाणंगुलं भवइ;

एएणं अंगुलप्पमाणेणं छ अंगुलाइं पादो, दो पादा, दुवालसअंगुलाइं विहत्थी,

दो विहत्थीओ रयणी,

दो रयणीओ कुच्छी।

दो कुच्छीओ धणू, दो धणुसहस्साइं गाउयं, चत्तारि गाउयाइं जोयणं।

**ઉત્સેધાંગુલના પ્રકાર :**

૧૪૦૫. આ ઉત્સેધાંગુલ સંક્ષેપમાં ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) સૂચ્યંગુલ, (૨) પ્રતરાંગુલ અને (૩) ઘનાંગુલ.

(૧) એક અંગુલ લાંબી તથા એક પ્રદેશ પહોળી જે નભઃ પ્રદેશ શ્રેણી છે, એનું નામ સૂચ્યંગુલ છે.

(૨) સૂચીને સૂચી વડે ગુણવા પર પ્રતરાંગુલ બને છે.

(૩) સૂચી વડે ગુણવામાં આવેલો પ્રતરાંગુલ ઘનાંગુલ છે.

૧૪૦૬. પ્ર. ભગવન્ ! એ સૂચ્યંગુલ પ્રતરાંગુલમાં કોણ કોનાથી અલ્પ **- યાવત્ -** વિશેષાધિક છે ?

ઉ. એમાં બધાથી ઓછો સૂચ્યંગુલ છે.
એનાથી અસંખ્યાતગુણા પ્રતરાંગુલ છે.
એનાથી અસંખ્યાતગુણા ઘનાંગુલ છે.
**આ પ્રકારે એ ઉત્સેધાંગુલનું વર્ણન થયું.**

**પ્રમણાંગુલ -**

૧૪૦૭. પ્ર. પ્રમાણાંગુલનું શું સ્વરૂપ છે ?

ઉ. (પ્રમાણાંગુલ આ પ્રકારે છે.) એક - એક ચાતુરન્ત ચક્રવર્તી રાજાનો અષ્ટ સુવર્ણ પ્રમાણ એક કાકિણી રત્ન થાય છે. એ કાકિણી રત્ન છ તલ (ચારો દિશાઓ તરફ જ તલ તથા ઉપર અને નીચે = એ છ તલ) વાળા એની ૧૨ કોટિ તથા આઠ કર્ણિકાઓ થાય છે સોનીની એરણ જેવો એનો આકાર હોય છે.

આ કાકિણી રત્નની એક કોટિ ઉત્સેધાંગુલની પોહાળાય હોય છે.

એની એક કોટિની જે ઉત્સેધાંગુલ છે તે શ્રમણ ભગવાન મહાવીરના અર્ધાંગુલ પ્રમાણ (બરાબર) છે અને એ અર્ધાંગુલથી હજાર ગણી એક પ્રમાણાંગુલ હોય છે.

આ અંગુલ પ્રમાણથી છ અંગુલનો એક પાદ, બે પાદ અથવા બાર અંગુલની વિતસ્તિ.

બે વિતસ્તિનું એક રત્ન,

બે રત્ન ની એક કુક્ષિ,

બે કુક્ષિનું એક ધનુષ્ય અને બે હજાર ધનુષ્યનો એક ગવ્યૂત (ગાઉ) તેમજ ચાર ગવ્યૂતનું એક યોજન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. एएणं पमाणंगुलेणं किं पओयणं ?

उ. एएणं पमाणंगुलेणं--

पुढवीणं कंडाणं, पायालाणं भवणाणं भवण-पत्थडाणं, निरयाणं निरयावलियाणं निरयपत्थडाणं कप्पाणं विमाणाणं विमाणा-वलियाणं विमाणपत्थडाणं, टंकाणं कूडाणं सेलाणं सिहरीणं पब्भाराणं विजयाणं वक्खाराणं वासाणं वासहराणं वासहरपव्वयाणं।

वेलाणं वेइयाणं दाराणं तोरणाणं दीवाणं समुद्दाणं आयाम-विक्खंभोच्चत्तोव्वेह-परिक्खेवा मविज्जंति।

પ્ર. એ પ્રમાણાંગુલનું શું પ્રયોજન છે ?

ઉ. એ પ્રમાણાંગુલથી-

પૃથ્વીના કાંડો, પાતાલ કલશોનું, ભવનપતિ દેવોના ભવનનું, ભવન પ્રસ્તટોનું, નરકોનું નરકાવાસોની પંક્તિઓનું, નરકોના પ્રસ્તટોનું, સૌધર્મ આદિ કલ્પોનું, એના વિમાનોનું, વિમાન પંક્તિઓનું, વિમાન પ્રસ્તટોનું, છિન્ન ટંકોનું, કૂટોનું, શૈલોનું (મુંડ પર્વતોનું) શિખરવાળા પર્વતોનું, આગળની બાજુમાં નમેલાં એવા પર્વતોનું વિજયોનું, વક્ષસ્કારોનું, વર્ષાનું, વર્ષધરોનું, વર્ષધર પર્વતોનું, સમુદ્ર તટની ભૂમિઓનું, વેદિકાઓના દ્વારોનું, તોરણોનું, દ્વીપોનું, સમુદ્રોના આયામ-વિષ્કંભ-ઉચ્ચત્વ, ઉદ્વેધ(અવગાહન) પરિક્ષેપ = પરિધિનું - એ બધાનું માપ કરી શકાય છે.

**पमाणंगुलस्स तओ पगारा-**

१४०८. से समासओ तिविहे पण्णत्ते, तं जहा--

(१) सेढीअंगुले, (२) पयरंगुले, (३) घणंगुले,

असंखेज्जाओ जोयणकोडाकोडीओ सेढी,

सेढी सेढीए गुणिया पयरं,

पयरं सेढीए गुणियं लोगो,

संखेज्जएणं लोगो गुणिओ लोगा,

असंखेज्जएणं लोगो गुणिओ असंखेज्जालोगा।

प. एएसि णं सेढी अंगुल-पयरंगुल-घणंगुलाणं कयरे कयरे-हिंतो अप्पेया-**जाव**-विसेसाहिया वा ?

उ. सव्वत्थोवे सेढी अंगुले,

पयरंगुले असंखेज्जगुणे,

घणंगुले असंखेज्जगुणे,

से तं पमाणंगुले।

से तं विभागनिप्फण्णे, से तं खेत्तप्पमाणे।

-- अणु. सु. ३५६-३६२

**પ્રમાણાંગુલના ત્રણ પ્રકાર :**

૧૪૦૮. તે પ્રમાણાંગુલ સંક્ષેપમાં ત્રણ પ્રકારના છે, જેમકે-

(૧) શ્રેણી-અંગુલ, (૨) પ્રતરાંગુલ, (૩) ઘનાંગુલ .

અસંખ્ય કોડાકોડી યોજનની એક શ્રેણી બને છે.

શ્રેણીથી ગુણવા આવેલ શ્રેણીને પ્રતર કહે છે.

પ્રતરની શ્રેણીથી ગુણવાથી ઘનરૂપ લોક બને છે.

સંખ્યાત રાશિથી ગણવાથી લોક સંખ્યાત લોક તથા અસંખ્યાત રાશિથી ગુણિત લોક અસંખ્યાત લોક કહેવામાં આવે છે.

પ્ર. આ શ્રેણી અંગુલ, પ્રતર અંગુલ અને ઘનાંગુલામાં કોણ કોનાથી અલ્પ, અધિક **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. બધાથી ઓછો શ્રેણી અંગુલ છે.

પ્રતર અંગુલથી અસંખ્યાતગુણ છે

એનાથી ઘન અંગુલ અસંખ્યાતગુણ છે.

એ પ્રમાણાંગુલનું વર્ણન છે.

આ વિભાગ નિષ્પન્ન ક્ષેત્ર પ્રમાણનું વર્ણન છે.

**गणणाणुपुव्वी परूवणं-**

१४०९. प. से किं तं गणणाणुपुव्वी ?

उ. गणणाणुपुव्वी-तिविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वाणुपुव्वी, २. पच्छाणुपुव्वी,

३. अणाणुपुव्वी।

**ગણનાનુપૂર્વીનું પ્રરૂપણ :**

૧૪૦૯. પ્ર. ગણનાનુપૂર્વી શું છે ?

ઉ. ગણનાનુંપૂર્વી ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેમકે-

૧. પૂર્વાનુપૂર્વી, ૨. પશ્ચાનુપૂર્વી,

૩. અનાનુપૂર્વી.

प. १. से किं तं पुव्वाणुपुव्वी ?

उ. पुव्वाणुपुव्वी-एक्को, दस, सयं, सहस्सं, दससहस्साइं, सयसहस्सं, दससयसहस्साइं, कोडी, दस कोडीओ, कोडीसयं दसकोडिसयाइं।

से तं पुव्वाणुपुव्वी।

प. २. से किं तं पच्छाणुपुव्वी ?

उ. पच्छाणुपुव्वी-दसकोडिसयाइं -जाव- एक्को।

से तं पच्छाणुपुव्वी।

प. ३. से किं तं अणाणुपुव्वी ?

उ. अणाणुपुव्वी-एयाए चेव एगादियाए एगुत्तरियाए दसकोडिसयगच्छगयाए सेढीए अन्नमन्नब्भासो दुरूवूणो।

से तं अणाणुपुव्वी।

से तं गणणाणुपुव्वी। - अणु. सु. २०४

પ્ર. ૧. પૂર્વાનુપૂર્વીનું (સ્વરૂપ) શું છે ?

ઉ. પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આવું છે- એક, દસ, સો, સહસ્ત્ર, દસ સહસ્ત્ર, શત સહસ્ત્ર, દસ શતસહસ્ત્ર, કોટિ, દસ કોટિ, કોટિશત, દસ કોટિશત - આ પ્રમાણે ગણના કરવી.

આ પૂર્વાનુપૂર્વી છે.

પ્ર. ૨. પશ્ચાનુપૂર્વીનું (સ્વરૂપ) કેવું છે ?

ઉ. પશ્ચાનુપૂર્વીનુંસ્વરૂપ આવુંછે- વિપરિત ક્રમથી દસ કરોડથી આરંભી એક પર્યંત ગણત્રી કરવી.

આ પશ્ચાનુપૂર્વી છે.

પ્ર. ૩. અનાનુપૂર્વીનું (સ્વરૂપ) કેવું છે ?

ઉ. અનાનુપૂર્વીનુંસ્વરૂપ આવું છે - એકથી લઈને અબજ દસ અબજ પર્યંતની એક-એક વૃદ્ધિવાળી શ્રેણીમાં સ્થાપિત સંખ્યાઓનો પરસ્પર ગુણાકાર કર્યા પછી જે સંખ્યા આવે, એમાંથી આદિ અને અંતના બે રૂપને ઓછા કરવાથી બાકી જે રકમ રહે તે અનાનુપૂર્વી છે.

આ અનાનુપૂર્વી છે.

એ ગણનાનુપૂર્વી છે.

**वित्थरओ संखेज्जाइ गणणासंखा परूवणं-**

१४१०. प. से किं तं गणणासंखा ?

उ. गणणासंखा-एक्को गणणं न उवेइ, दुप्पभितिसंखा, तं जहा-

१. संखेज्जए, २. असंखेज्जए, ३. अणंतए।

प. से किं तं संखेज्जए ?

उ. संखेज्जए-तिविहे पण्णत्ते, तं जहा-

१. जहण्णए, २. उक्कोसए, ३. अजहण्णमणुक्कोसए।

प. से किं तं असंखेज्जए ?

उ. असंखेज्जए-तिविहे पण्णत्ते, तं जहा-

१. परित्तासंखेज्जए, २. जुत्तासंखेज्जए,
३. असंखेज्जासंखेज्जए।

प. से किं तं परित्तासंखेज्जए ?

उ. परित्तासंखेज्जए-तिविहे पण्णत्ते, तं जहा-

१. जहण्णए, २. उक्कोसए, ३. अजहण्णमणुक्कोसए।

**વિસ્તારથી સંખ્યાતાદિ ગણના સંખ્યાનું પ્રરૂપણ :**

૧૪૧૦. પ્ર. ગણના સંખ્યાનું સ્વરૂપ કેવું છે ?

ઉ. ગણના સંખ્યા- એક ગણત્રીમાં લેવામાં આવતો નથી. એના માટે બે થી ગણત્રીનો આરંભ થાય છે, જેમકે-

૧. સંખ્યાત, ૨. અસંખ્યાત, ૩. અનન્ત.

પ્ર. સંખ્યાત શું છે ?

ઉ. સંખ્યાત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. જઘન્ય, ૨. ઉત્કૃષ્ટ, ૩. અજઘન્ય-અનુત્કૃષ્ટ (મધ્યમ).

પ્ર. અસંખ્યાત શું છે ?

ઉ. અસંખ્યાત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે,

જેમકે- ૧. પરીતાસંખ્યાત, ૨. યુક્તાસંખ્યાત, ૩. અસંખ્યાતાસંખ્યાત.

પ્ર. પરીતા સંખ્યાત શું છે ?

ઉ. પરીતાસંખ્યાતત્રણ પ્રકારના કહેવામાંઆવ્યાછે,

જેમકે- ૧. જઘન્ય, ૨. ઉત્કૃષ્ટ, ૩. અજઘન્ય-અનુત્કૃષ્ટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. से किं तं जुत्तासंखेज्जए ?

उ. जुत्तासंखेज्जए-तिविहे पण्णत्ते, तं जहा-

१. जहण्णए, २. उक्कोसए, ३. अजहण्णमणुक्कोसए।

प. से किं तं असंखेज्जासंखेज्जए ?

उ. असंखेज्जासंखेज्जए-तिविहे पण्णत्ते, तं जहा-

१. जहण्णए, २. उक्कोसए, ३. अजहण्णमणुक्कोसए।

प. से किं तं अणंतए ?

उ. अणंतए-तिविहे पण्णत्ते, तं जहा-

१. परित्ताणंतए, २. जुत्ताणंतए, ३. अणंताणंतए।

प. से किं तं परित्ताणंतए ?

उ. परित्ताणंतए-तिविहे पण्णत्ते, तं जहा-

१. जहण्णए, २. उक्कोसए, ३. अजहण्णमणुक्कोसए।

प. से किं तं जुत्ताणंतए ?

उ. जुत्ताणंतए-तिविहे पण्णत्ते, तं जहा-

१. जहण्णए, २. उक्कोसए, ३. अजहण्णमणुक्कोसए।

प. से किं तं अणंताणंतए ?

उ. अणंताणंतए-दुविहे पण्णत्ते, तं जहा-

१. जहण्णए य, २. अजहण्णमणुक्कोसए य।

प. जहण्णयं संखेज्जयं केत्तियं होइ ?

उ. दोरूवाइं, तेण परं अजहण्णमणुक्कोसयाइं ठाणाइं **-जाव-** उक्कोसयं संखेज्जयं ण पावइ।

प. उक्कोसयं संखेज्जयं केत्तियं होइ ?

उ. उक्कोसयस्स संखेज्जयस्स परूवणं करिस्सामि-से जहानामए पल्ले सिया, एगं जोयणसयसहस्सं आयामविक्खंभणे, तिण्णि जोयणसयसहस्साइं सोलस य सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसए, तिण्णि य कोसे. अट्ठावीसं च धणुसयं तेरस य अंगुलाइं अद्धंगुलं च किंचिविसेसाहियं परिक्खेवेणं पण्णत्ते।

से णं पल्ले सिद्धत्थयाणं भरिए।

तओ णं तेहिं सिद्धत्थएहिं दीव-समुद्दाणं उद्धारे घेप्पइ।

પ્ર. યુક્તાસંખ્યાત શું છે ?

ઉ. યુક્તાસંખ્યાત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. જેમકે-૧. જઘન્ય, ૨. ઉત્કૃષ્ટ, ૩. અજઘન્ય-અનુત્કૃષ્ટ.

પ્ર. અસંખ્યાતાસંખ્યાત શું છે ?

ઉ. અસંખ્યાતાસંખ્યાત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે

૧. જઘન્ય, ૨. ઉત્કૃષ્ટ, ૩. અજઘન્ય-અનુત્કૃષ્ટ.

પ્ર. અનન્ત શું છે ?

ઉ. અનન્ત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. પરીતાનન્ત, ૨. યુક્તાનન્ત, ૩. અનન્તાનન્ત.

પ્ર. પરીતાનન્ત શું છે ?

ઉ. પરીતાનન્ત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. જેમકે-૧. જઘન્ય, ૨. ઉત્કૃષ્ટ, ૩. અજઘન્ય-અનુત્કૃષ્ટ.

પ્ર. યુક્તાનન્ત શું છે ?

ઉ. યુક્તાનન્ત ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે. જેમકે- ૧. જઘન્ય, ૨. ઉત્કૃષ્ટ, ૩. અજઘન્ય-અનુત્કૃષ્ટ.

પ્ર. અનન્તાનન્ત શું છે ?

ઉ. અનન્તાનન્ત બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે- ૧. જઘન્ય, ૨. અજઘન્ય-અનુત્કૃષ્ટ.

પ્ર. જઘન્ય સંખ્યાતનું પ્રમાણ કેટલું હોય છે ?

ઉ. બેની સંખ્યા જઘન્ય સંખ્યાત છે, એ પછી ઉત્કૃષ્ટથી પહેલા અજઘન્યાનુંત્કૃષ્ટ પર્યંત (મધ્યમ) સંખ્યાત જાણવું જોઈએ.

પ્ર. ઉત્કૃષ્ટ સંખ્યાત કેટલા પ્રમાણનું હોય છે ?

ઉ. ઉત્કૃષ્ટ સંખ્યાતની પ્રરૂપણા આ પ્રમાણે કરીશ જેમકે- એક લાખ યોજન લાંબો - પહોળો અને ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીશ યોજન, ત્રણકોસ, એકસો અઠ્ઠાવીસ ધનુષ તેમજ સાડા તેર અંગુલથી કંઈક અધિક પરિધિવાળો કોઈ એક પલ્ય (ખાડો) કહેવામાં આવે છે.

એ પલ્યને સરસવના દાણાથી ભરવામાં આવે.

એ સરસવના દાણાને ગણીને દ્વીપ અને સમુદ્રનું માપ કાઢવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगे दीवे एगे समुद्दे एवं पक्खिप्पमाणेहिं जावइया णं दीव-समुद्दा तेहिं सिद्धत्थएहिं अप्फुण्णा एस णं एवइए खेत्ते पल्ले आइट्ठे।

અર્થાત્ એક સર્ષપ (સરસવ) નો દ્વીપમાં અને એકને સમુદ્રમાં પ્રક્ષેપ કરતા-કરતા એ સરસવના દાણાથી જેટલો દ્વીપ-સમુદ્ર સ્પૃષ્ટ થઈ જાય એટલા ક્ષેત્રનો એક અન્ય અનવસ્થિત પલ્ય કલ્પિત કરવામાં આવે છે.

से णं पल्ले सिद्धत्थयाणं भरिए।

આ પલ્યને સરસોના દાણાથી ભરવામાં આવે.

तओ णं तेहिं सिद्धत्थएहिं दीव-समुद्दाणं उद्धारे घेप्पइ।

તદનન્તર એ સરસોના દાણાથી દ્વીપ-સમુદ્રોની સંખ્યાનું પ્રમાણ કાઢવામાં આવે છે.

एगे दीवे एगे समुद्दे एवं पक्खिप्पमाणेहिं जावइया णं दीव-समुद्दा तेहिं सिद्धात्थएहिं अप्फुण्णा एस णं एवइए खेत्ते पल्ले पढमा सलागा,

અર્થાત્ અનુક્રમથી એક દ્વીપમાં અને એક સમુદ્રમાં આ પ્રમાણે પ્રક્ષેપ કરતા-કરતા જેટલા દ્વીપ-સમુદ્ર એ સરસોના દાણાથી સ્પૃષ્ટ થઈ જાય, એનો સમાપ્ત થવા પર એક દાણા શલાકા પલ્યમાં નાંખવામાં આવે.

एवइयाणं सलागाणं असंलप्पा लोगा भरिया तहा वि उक्कोसयं संखेज्जयं ण पावइ।

આ પ્રકારના શલાકારૂપ પલ્યમાં ભરાયેલા સરસોના દાણા વડે અકથનીય દ્વીપ-સમુદ્ર ભરાય તો પણ ઉત્કૃષ્ટ સંખ્યાનું સ્થાન પ્રાપ્ત થતું નથી.

प. जहा को दिट्ठंतो?

પ્ર. એનું ક્યું દૃષ્ટાન્ત છે?

उ. से जहानामए मंचे सिया आमलगाणं भरिए, तत्थ णं एगे आमलए पक्खित्ते से माए, अण्णे वि पक्खित्ते से वि माए, अन्ने वि पक्खित्ते से वि माए एवं पक्खिप्पमाणे पक्खिप्पमाणे होही से आमलए जम्मि पक्खित्ते से मंचए भरिज्जिहिइ जे वि तत्थ आमलए न माहिइ।

ઉ. જેવા કે કોઈ મંચ હોય અને તે આંમળાથી ભરપૂર હોય, તદનન્તર એક આંમળું નાખવામાં આવે તો તે પણ સમાઈ ગયું. બીજુ નાંખવામાં આવ્યુ તો તે પણ સમાઈ ગયું. ત્રીજુ નાંખવામાં આવ્યું તો તે પણ સમાઈ ગયું આ પ્રમાણે પ્રક્ષેપ કરતા-કરતા અંતે એક આંમળું એવું હોય કે જે નાંખવાથી મંચ પરિપૂર્ણ ભરાઈ જાય છે. એ પછી આંમળું નાંખવામાં આવે તો તે સમાતુ નથી.

एवामेव उक्कोसए संखेज्जए रूवं पक्खित्तं जहण्णयं परित्तासंखेज्जयं भवइ।

આ પ્રકારે ઉત્કૃષ્ટ સંખ્યાત-સંખ્યામાં એકનો પ્રક્ષેપ કરવાથી જઘન્ય પરીતાઅસંખ્યાત થાય છે.

तेण परं अजहण्णमणुक्कोसयाइं ठाणाइं जाव उक्कोसयं परित्तासंखेज्जयं ण पावइ।

તદનન્તર જ્યાં સુધી ઉત્કૃષ્ટ પરીતા અસંખ્યાત સ્થાન પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી અજઘન્ય-અનુત્કૃષ્ટ સ્થાન છે.

प. उक्कोसयं परित्तासंखेज्जयं केत्तियं होइ?

પ્ર. ઉત્કૃષ્ટ પરીતાઅસંખ્યાતનું કેટલું પ્રમાણ છે?

उ. जहण्णयं परित्तासंखेज्जयं जहण्णयपरित्ता संखेज्जयमेत्ताणं रासीणं अण्णमण्णब्भासो रूवूणो उक्कोसयं परित्तासंखेज्जयं होइ।

ઉ. જઘન્ય પરીતાઅસંખ્યાત રાશિને જઘન્ય પરીતા અસંખ્યાત રાશિથી પરસ્પર અભ્યાસ ગુણિત કરીને એમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ પરીતા અસંખ્યાતનું પ્રમાણ (માપ) થાય છે.

**अहवा-** जहन्नयं जुत्तासंखेज्जयं रूवूणं उक्कोसयं परित्तासं खेज्जयं होइ।

**અથવા-** એક ઓછું જઘન્ય યુક્તાઅસંખ્યાત ઉત્કૃષ્ટ પરીતાઅસંખ્યાતનું પ્રમાણ છે.

प. जहण्णयं जुत्तासंखेज्जयं केत्तियं होइ?

પ્ર. જઘન્ય યુક્તાઅસંખ્યાતનું કેટલું પ્રમાણ છે?

उ. जहण्णयं परित्तासंखेज्जयं जहण्णयपरित्ता-संखेज्जयमेत्ताणं रासीणं अण्णमण्णब्भासो पडिपुण्णो जहण्णयं जुत्तासंखेज्जयं हवइ।

ઉ. જઘન્ય પરીતા અસંખ્યાત રાશિનો જઘન્ય પરીતા અસંખ્યાત રાશિથી અન્યોન્ય અભ્યાસ કરવા પર પ્રાપ્ત પૂર્ણ સંખ્યા જઘન્ય યુક્તા-અસંખ્યાતનું પ્રમાણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अहवा-** उक्कोसए परित्तासंखेज्जए रूवं पक्खित्तं जहण्णयं जुत्तासंखेज्जयं होइ।

**आवलिया वि तत्तिया चेव,**

तेण परं अजहण्णमणुक्कोसयाइं ठाणाइं जाव उक्कोसयं जुत्तासंखेज्जयं ण पावइ।

प. उक्कोसयं जुत्तासंखेज्जयं केत्तियं होइ ?

उ. उक्कोसयं जुत्तासंखेज्जयं जहण्णएणं जुत्तासंखेज्जएणं आवलिया गुणिया अण्णमण्णब्भासो रूवूणो उक्कोसयं जुत्तासंखेज्जयं होइ।

**अहवा-** जहण्णयं असंखेज्जासंखेज्जयं रूवेणं उक्कोसयं जुत्तासंखेज्जयं होइ।

प. जहण्णयं असंखेज्जासंखेज्जयं केत्तियं होइ ?

उ. जहण्णएणं जुत्तासंखेज्जएणं आवलिया गुणिया अण्णमण्णब्भासो पडिपुण्णो जहण्णयं असंखेज्जासंखेज्जयं होइ।

**अहवा-** उक्कोसए जुत्तासंखेज्जए रूवं पक्खित्तं जहण्णयं असंखेज्जासंखेज्जयं होइ।

तेण परं अजहण्णमणुक्कोसयाइं ठाणाइं जाव उक्कोसयं असंखेज्जासंखेज्जयं ण पावइ।

प. उक्कोसयं असंखेज्जासंखेज्जयं केत्तियं होइ ?

उ. जहण्णयं असंखेज्जासंखेज्जयं जहण्णयं असंखेज्जासंखेज्जयमेत्ताणं रासीणं अण्णमण्णब्भासो रूवूणो उक्कोसयं असंखेज्जासंखेज्जयं होइ।

**अहवा-** जहण्णयं परित्ताणंतयं रूवेणं उक्कोसयं असंखेज्जासंखेज्जयं होइ।

प. जहण्णयं परित्ताणं तयं केत्तियं होइ ?

उ. जहण्णयं असंखेज्जासंखेज्जयं जहण्णयं असंखेज्जासंखेज्जमेत्ताणं रासीणं अण्णमण्णब्भासो पडिपुण्णो जहण्णयं परित्ताणंतयं होइ।

**अहवा-** उक्कोसए असंखेज्जासंखेज्जए रूवं पक्खित्तं जहण्णयं परित्ताणंतयं होइ।

**અથવા-** ઉત્કૃષ્ટ પરીતા અસંખ્યાતના પ્રમાણમાં એકનો પ્રક્ષેપ કરવાથી જઘન્ય યુક્તા અસંખ્યાત થાય છે.

**અકાવલિકા પણ જઘન્ય યુક્તાઅસંખ્યાત તુલ્ય સમય-પ્રમાણવાળી જાણવી જોઈએ.**

તે પછી જઘન્ય યુક્તાઅસંખ્યાતથી આગળ જ્યાં સુધી ઉત્કૃષ્ટ યુક્તાઅસંખ્યાત પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી મધ્યમ યુક્તાઅસંખ્યાત કહેવું જોઈએ.

પ્ર. ઉત્કૃષ્ટ યુક્તાઅસંખ્યાતનું કેટલું પ્રમાણ છે ?

ઉ. જઘન્ય યુક્તાઅસંખ્યાત રાશિને આવલિકાના સમયોથી પરસ્પર અભ્યાસ રૂપ ગુણવાથી પ્રાપ્ત પ્રમાણમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાત થાય છે.

**અથવા-** જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત રાશી પ્રમાણમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ યુક્તાસંખ્યાત થાય છે.

પ્ર. જઘન્ય અસંખ્યાતા અસંખ્યાતનું કેટલું પ્રમાણ છે ?

ઉ. જઘન્ય યુક્તા અસંખ્યાતની સાથે આવલિકાની રાશિનો પરસ્પર અભ્યાસ કરવાથી પ્રાપ્ત પરિપૂર્ણ સંખ્યા જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત છે.

**અથવા-** ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતમાં એકનો પ્રક્ષેપ કરવાથી જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત થાય છે.

તે પછી મધ્યમ સ્થાન થાય અને તે સ્થાન ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત પ્રાપ્ત થવાથી પહેલા જાણવું જોઈએ.

પ્ર. ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાતનું કેટલું પ્રમાણ છે ?

ઉ. જઘન્ય અસંખ્યાતાઅસંખ્યાત રાશિને એ જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત રાશિથી અન્યોન્ય અભ્યાસગુણ કરવાથી પ્રાપ્ત સંખ્યામાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત પ્રમાણ થાય છે.

**અથવા -** એક ઓછો જઘન્ય પરીતાનન્ત ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાતનું પ્રમાણ છે.

પ્ર. જઘન્ય પરીતાનન્તનું પ્રમાણ કેટલું છે ?

ઉ. જઘન્ય અસંખ્યાતાઅસંખ્યાત રાશિને એજ જઘન્ય અસંખ્યાતાઅસંખ્યાત રાશિથી પરસ્પર અભ્યાસ રૂપ ગુણીને પ્રાપ્ત પરિપૂર્ણ સંખ્યા જઘન્ય પરીતાનન્તનું પ્રમાણ છે.

**અથવા-** ઉત્કૃષ્ટ અસંખ્યાતાઅસંખ્યાતમાં એકનો પ્રક્ષેપ કરવાથી પણ જઘન્ય પરીતાનન્તનું પ્રમાણ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेण परं अजहण्णमणुक्कोसयाइं ठाणाइं जाव उक्कोसयं परित्ताणंतयं ण पावइ ।

प. उक्कोसयं परित्ताणं तयं केत्तियं होइ ?

उ. जहण्णयं परित्ताणंतयं जहण्णयपरित्ताणंतय-मेत्ताणं रासीणं अण्णमण्णब्भासो रूवूणो उक्कोसयं परित्ताणंतयं होइ ।

**अहवा-** जहण्णयं जुत्ताणंतयं रूवणं उक्कोसयं परित्ताणंतयं होइ ।

प. जहण्णयं जुत्ताणंतयं केत्तियं होइ ?

उ. जहण्णयं परित्ताणंतयं जहण्णयपरित्ताणंतय-मेत्ताणं रासीणं अण्णमण्णब्भासो पडिपुण्णो जहण्णयं जुत्ताणंतयं होइ ।

**अहवा-** उक्कोसए परित्ताणंतए रूवं पक्खित्तं जहण्णयं जुत्ताणंतयं होइ ।

**अभवसिद्धिया वि तेत्तिया चेव ।**

तेण परं अजहण्णमणुक्कोसयाइं ठाणाइं जाव उक्कोसयं जुत्ताणंतयं ण पावइ ।

प. उक्कोसय जुत्ताणंतयं केत्तियं होइ ?

उ. जहण्णएणं जुत्ताणंतएणं अभवसिद्धिया गुणिया अण्णमण्णब्भासो रूवूणो उक्कोसयं जुत्ताणंतयं होइ ।

**अहवा-** जहण्णयं अणंताणंतयं रूवूणं उक्कोसयं जुत्ताणंतयं होइ ।

प. जहण्णयं अणंताणंतयं केत्तियं होइ ?

उ. जहण्णएणं जुत्ताणंतएणं अभवसिद्धिया गुणिया अण्णमण्णब्भासो पडिपुण्णो जहण्णयं अणंताणंतयं होइ ।

**अहवा-** उक्कोसए जुत्ताणंतए रूवं पक्खित्तं जहण्णयं अणंताणंतयं होइ ।

तेण परं अजहण्णमणुक्कोसयाइं ठाणाइं ।

**से तं गणणासंखा ।**

-अणु. सु. ४९७-५१९

તે પછી પરીતાનન્તનું સ્થાન પ્રાપ્ત ન થવાથી પૂર્વ સુધી અજઘન્ય-અનુત્કૃષ્ટ પરીતાનન્તનો સ્થાન થાય છે.

પ્ર. ઉત્કૃષ્ટ પરીતાનન્ત કેટલાક પ્રમાણમાં થાય છે ?

ઉ. જઘન્ય પરીતાનન્તની રાશિને એજ જઘન્ય રાશિથી પરસ્પર અભ્યાસરૂપ ગુણીને એમાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ પરીતાનન્તનો પ્રમાણ થાય છે.

**અથવા -** જઘન્ય યુક્તાનન્તની સંખ્યામાંથી એક ઓછો કરવાથી પણ ઉત્કૃષ્ટ પરીતાનન્તની સંખ્યા બને છે.

પ્ર. જઘન્ય યુક્તાનન્ત કેટલા પ્રમાણમાં થાય છે ?

ઉ. જઘન્ય પરીતાનન્તની રાશિને એજ રાશિથી અભ્યાસરૂપ ગુણવાથી પ્રાપ્ત પ્રતિપૂર્ણ સંખ્યા જઘન્ય યુક્તાનન્ત છે.

**અથવા -** ઉત્કૃષ્ટ પરીતાનન્તમાં એક પ્રક્ષિપ્ત કરવાથી જઘન્ય યુક્તાનન્ત થાય છે.

**અભવસિદ્ધિક જીવપણ એટલા જ હોય છે.**

એના પછી ઉત્કૃષ્ટ યુક્તાનન્તના સ્થાનની પૂર્વ સુધી અજઘન્યોત્કૃષ્ટ યુક્તાનન્તનું સ્થાન છે.

પ્ર. ઉત્કૃષ્ટ યુક્તાનન્ત કેટલા પ્રમાણમાં થાય છે ?

ઉ. જઘન્ય યુક્તાનન્ત રાશિની સાથે અભવસિદ્ધિક રાશિનો પરસ્પર અભ્યાસ રૂપ ગુણાકાર કરવાથી પ્રાપ્ત સંખ્યામાંથી એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ યુક્તાનન્તની સંખ્યા થાય છે.

**અથવા-** જઘન્ય અનન્તાનન્તમાં એક ઓછો કરવાથી ઉત્કૃષ્ટ યુક્તાનન્ત થાય છે.

પ્ર. જઘન્ય અનન્તાનન્ત કેટલા પ્રમાણમાં થાય છે ?

ઉ. જઘન્યયુક્તાનન્તનીસાથેઅભવસિદ્ધિકજીવોનો પરસ્પરઅભ્યાસરૂપથી ગુણાકાર કરવાથી પ્રાપ્ત પૂર્ણ સંખ્યા જઘન્ય અનન્તાનન્તનું પ્રમાણ છે.

**અથવા-** ઉત્કૃષ્ટ યુક્તાનન્તમાં એક પ્રક્ષેપ કરવાથી જઘન્ય અનન્તાનન્ત થાય છે.

તત્પશ્ચાત્ બધા સ્થાન અજઘન્યોત્કૃષ્ટ અનન્તાનન્તના થાય છે.

**એ ગણના સંખ્યાનું સ્વરૂપ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૭

# પરિશિષ્ટ

- ❖ લૌકિક ગણિત સંબંધી સ્થળ નિર્દેશ
- ❖ પર્વત કૂટ-દ્રહ વગેરેની તાલિકા
- ❖ સંકલનમાં પ્રયુક્ત સહાયક ગ્રન્થ સૂચિ
- ❖ વિશિષ્ટ શબ્દ સૂચિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

● परिशिष्ट-१

**एगा, कती, सन्ना परूवणं-**

१४११. चत्तारि एक्का पण्णत्ता, तं जहा--

(१) दविए एक्कए, (२) माउए एक्कए,

(३) पज्जवेक्कए, (४) संगहे एक्कए।[१]

चत्तारि कती पण्णत्ता, तं जहा--

(१) दविएकती, (२) माउयकती,

(३) पज्जवकती, (४) संगहकती।[२]

चत्तारि सन्ना पण्णत्ता, तं जहा--

(१) णाम सव्वए, (२) ठवण सव्वए,

(३) आएस सव्वए, (४) णिरवसेस सव्वए।[३]

-- ठाणं. अ. ४, उद्देशक २, सु. २९७

**એકા, કતી, સર્વના પ્રરૂપણ :**

૧૪૧૧. ચાર (પ્રકારના) એક કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) દ્રવ્ય એક, (૨) માતૃકા એક,

(૩) પર્યાય એક, (૪) સંગ્રહ એક.

ચાર (પ્રકારના) કતિ = અનેક કહેવામાં આવ્યા છે, જેમકે-

(૧) દ્રવ્ય કતિ, (૨) માતૃકા કતિ,

(૩) પર્યાય કતિ, (૪) સંગ્રહ કતિ.

ચાર (પ્રકારના) સર્વ કહેવામાં આવ્યા છે, જેમકે -

(૧) નામ સર્વ, (૨) સ્થાપના સર્વ,

(૩) આદેશ સર્વ, (૪) નિરવશેષ સર્વ.

---

● જે વિષયાનુસાર સંકલિત ન થઈ શક્યા એમનો આમાં સમાવેશ કર્યો છે.

૧. **વિવેચન -**

૧. **દ્રવ્ય એક** - લોકમાં અનન્ત જીવ દ્રવ્ય છે અને અનન્ત અજીવ દ્રવ્ય છે - દ્રવ્યત્વની અપેક્ષાએ જીવ દ્રવ્ય એક છે. અજીવ દ્રવ્ય પણ એક છે.

૨. **માતૃકા એક** - उत्पाद-व्यय-ध्रौव्ययुक्त" આ માતૃકાપદ એક છે. એના ત્રણ પદ છે - (૧) ઉત્પાદ (૨) વ્યય (૩) ધ્રૌવ્ય દ્રવ્યમાં એક પર્યાય ઉત્પન્ન થાય છે. દ્રવ્યની એક પર્યાય નષ્ટ થાય છે અને દ્રવ્ય ધ્રુવ રહે છે.

લોકમાં સ્થિત અનન્તાનન્ત જીવાજીવ દ્રવ્યોનો આ માતૃકાપદ એક છે.

૩. **પર્યાય એક** - લોકમાં અનન્ત દ્રવ્ય છે. - પ્રત્યેક દ્રવ્યોની અનન્તાનન્ત પર્યાયો છે પરંતુ પર્યાયત્વની અપેક્ષાએ પર્યાય એક છે.

૪. **સંગ્રહ એક** - સંગ્રહ અનેક પ્રદાર્થોનું હોય છે. તે અનેકોનો સંગ્રહ એક કહેવામાં આવે છે.

જેમ 'વૃક્ષ' શબ્દથી એક વૃક્ષ પણ કહેવાય છે અને અનેક વૃક્ષ પણ કહેવાય છે.

૨. ૧. **દ્રવ્ય કતિ** - પ્રત્યેક દ્રવ્યની અપેક્ષાએ લોકમાં અનેક અર્થાત્ અનન્ત દ્રવ્ય છે.

૨. **માતૃકા કતિ** - વિભિન્ન નયોની અપેક્ષાએ માતૃકાપદ અનેક છે. જેમકે - ગૃહસ્થ આ માતૃકાપદ છે - ગૃહસ્થમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર (આવી) જાય છે. બ્રાહ્મણ - આ પણ માતૃકાપદ છે. બ્રાહ્મણમાં દાધીચ, ગૌડ વગેરે અનેક છે આ પ્રમાણે અનેક માતૃકાપદ છે.

૩. **પર્યાય કતિ** - પ્રત્યેક પર્યાયની અપેક્ષાએ એક દ્રવ્યના અનેક પર્યાય છે અતીતકાળમાં એક દ્રવ્યના અનેક પર્યાય થયા છે અને ભવિષ્યકાળમાં પણ એક દ્રવ્યના અનેક પર્યાય થશે.

૪. **સંગ્રહ કતિ** - અવાન્તર જાતિઓની અપેક્ષાએ અનેક સંગ્રહ છે, જેમકે - એક ઉદ્યાનમાં અનેક વૃક્ષોનો સંગ્રહ હોય છે. પરંતુ કેરી, દાડમ, જાંફળ, આંબલી, ઉમરો વગેરે અવાન્તર જાતિઓની અપેક્ષાએ અનેક સંગ્રહ છે.

૩. ૧. **નામ સર્વ** - કોઈ વ્યક્તિનું નામ 'સર્વ' નામ છે. તે નામ સર્વ છે.

૨. **સ્થાપના સર્વ** - કોઈ એક વ્યક્તિ કે પદાર્થમાં સર્વની સ્થાપના કરવી તે સ્થાપના સર્વ છે.

(૩ નં. ની બાકી ટિપ્પણ પા.નં. ૪૩૦ પર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**लोइय गणियप्पगारा-**

१४१२. दसविहे संखाणे पण्णत्ते, तं जहा--

पडिकम्मं ववहारो, रज्जू रासी[1] कलासवण्णे य ।

जावं ताव इ वग्गो, घणो य तह वग्गवग्गो वि ।

कप्पो य[2] । -- ठाणं अ. १०, सु. ७४७

**લૌકિક ગણિતના પ્રકાર :**

